# સમયસાર રહસ્ય

ભાગ – ૧૦



ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૧૦

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૧૫૭ થી ૧૮૩ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૩ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|
| ૨૫૫૦ | ૨૦૮૦ | ૨૦૨૪ |

**પ્રકાશન**

શ્રી જંબુદ્વીપ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ, તા. ૨૫-૧-૨૦૨૪

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદ્દઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું **'સમયસાર રહસ્ય'** નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે

લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદ્‌ઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના

વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧૦ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગરનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું

દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો દસમો ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્‌ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૨૮૮ | ૧૮–૦૧–૧૯૭૩ | ગાથા–૧૫૭ થી ૧૫૯ | ૦૦૧ |
| ૨૮૯ | ૧૯–૦૧–૧૯૭૩ | ગાથા–૧૫૭ થી ૧૬૦ | ૦૧૬ |
| ૨૯૦ | ૨૦–૦૧–૧૯૭૩ | ગાથા–૧૬૦ થી ૧૬૩ | ૦૩૦ |
| ૨૯૧ | ૨૧–૦૧–૧૯૭૩ | ગાથા–૧૬૧ થી ૧૬૩ | ૦૪૨ |
| ૨૯૨ | ૨૨–૦૧–૧૯૭૩ | ગાથા–૧૬૧ થી ૧૬૩ | ૦૫૩ |
| ૨૯૩ | ૨૩–૦૧–૧૯૭૩ | શ્લોક–૧૧૦ | ૦૬૭ |
| ૨૯૪ | ૨૪–૦૧–૧૯૭૩ | શ્લોક–૧૧૧ | ૦૮૨ |
| ૨૯૫ | ૨૫–૦૧–૧૯૭૩ | શ્લોક–૧૧૧ | ૦૯૫ |
| ૨૯૬ | ૨૬–૦૧–૧૯૭૩ | શ્લોક–૧૧૨ | ૧૦૮ |
| ૨૯૮ | ૨૮–૦૧–૧૯૭૩ | ગાથા–૧૬૪–૧૬૫, શ્લેક–૧૧૩ | ૧૨૨ |
| ૨૯૯ | ૨૯–૦૧–૧૯૭૩ | ગાથા–૧૬૪–૧૬૫ | ૧૩૮ |
| ૩૦૦ | ૩૦–૦૧–૧૯૭૩ | ગાથા–૧૬૬ | ૧૫૪ |
| ૩૦૧ | ૩૧–૦૧–૧૯૭૩ | ગાથા–૧૬૬–૧૬૭ | ૧૬૭ |
| ૩૦૨ | ૦૧–૦૨–૧૯૭૩ | ગાથા–૧૬૭–૧૬૮ | ૧૮૧ |
| ૩૦૩ | ૦૨–૦૨–૧૯૭૩ | ગાથા–૧૬૯, શ્લોક–૧૧૪–૧૧૫ | ૧૯૪ |
| ૩૦૪ | ૦૩–૦૨–૧૯૭૩ | ગાથા–૧૬૯ થી ૧૭૧, શ્લોક–૧૧૫ | ૨૦૮ |
| ૩૦૫ | ૦૪–૦૨–૧૯૭૩ | ગાથા–૧૭–૧૧૭૨ | ૨૨૩ |
| ૩૦૬ | ૦૫–૦૨–૧૯૭૨ | ગાથા–૧૭૨ | ૨૩૭ |
| ૩૦૭ | ૦૬–૦૨–૧૯૭૩ | ગાથા–૧૭૩ થી ૧૭૮, શ્લોક–૧૧૬–૧૧૭ | ૨૫૧ |
| ૩૦૮ | ૦૭–૦૨–૧૯૭૩ | ગાથા–૧૭૩ થી ૧૭૬, શ્લોક–૧૧૮ | ૨૬૯ |
| ૩૦૯ | ૦૮–૦૨–૧૯૭૩ | ગાથા–૧૭૭–૧૭૮, શ્લોક–૧૧૯ | ૨૮૩ |

| | | | |
|---|---|---|---|
| ૩૧૦ | ૦૯–૦૨–૧૯૭૩ | ગાથા–૧૭૭–૧૭૮, શ્લોક–૧૨૦–૧૨૧ | ૨૯૮ |
| ૩૧૧ | ૧૦–૦૨–૧૯૭૩ | ગાથા–૧૭૯–૧૮૦, શ્લોક–૧૨૧ | ૩૧૩ |
| ૩૧૨ | ૧૧–૦૨–૧૯૭૩ | ગાથા–૧૭૯–૧૮૦, શ્લોક–૧૨૨–૧૨૩ | ૩૨૮ |
| ૩૧૩ | ૧૨–૦૨–૧૯૭૩ | શ્લોક–૧૨૩–૧૨૪ | ૩૪૩ |
| ૩૧૪ | ૧૩–૦૨–૧૯૭૩ | શ્લોક–૧૨૪–૧૨૫ | ૩૫૪ |
| ૩૧૫ | ૧૪–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૧ થી ૧૮૩, શ્લોક–૧૨૫ | ૩૬૯ |
| ૩૧૬ | ૧૫–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૩૮૫ |
| ૩૧૭ | ૧૬–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૩૯૬ |
| ૩૧૮ | ૧૭–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૪૦૮ |
| ૩૧૯ | ૧૮–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૪૨૨ |
| ૩૨૦ | ૧૯–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૪૩૫ |
| ૩૨૧ | ૨૦–૦૨–૧૯૭૩ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૪૪૮ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

ૐ

સહજ ચિદાનંદ.

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ભાગ-૧૦)

## ગાથા-૧૫૭ થી ૧૫૯

अथ कर्मणो मोक्षहेतुतिरोधानकरणं साधयति -

वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।
मिच्छत्तमलोच्छण्णं तह सम्मत्तं खु णादव्वं।।१५७।।
वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।
अण्णाणमलोच्छण्णं तह णाणं होदि णादव्वं।।१५८।।
वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।
कसायमलोच्छण्णं तह चारित्तं पि णादव्वं।।१५९।।
वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः।
मिथ्यात्वमलावच्छतं तथा सम्यक्त्वं खलु ज्ञातव्यम्।।१५७।।
वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः।

अज्ञानमलावच्छतं तथा ज्ञानं भवति ज्ञातव्यम्।।१५८।।
वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः।
कषायमलावच्छतं तथा चारित्रमपि ज्ञातव्यम्।।१५९।।

ज्ञानस्य सम्यक्त्वं मोक्षहेतुः स्वभावः परभावेन मिथ्यात्वनाम्ना कर्ममलेनावच्छन्नत्वात्तिरोधीयते, परभावभूतमलावच्छन्नश्वेतवस्त्रस्वभावभूतश्वेतस्वभाववत्। ज्ञानस्य ज्ञानं मोक्षहेतुः स्वभावः परभावेनाज्ञाननाम्ना कर्ममलेनावच्छन्नत्वात्तिरोधीयते, परभावभूतमलावच्छन्नश्वेतवस्त्रस्वभावभूतश्वेतस्वभाववत्। ज्ञानस्य चारित्रं मोक्षहेतुः स्वभावः परभावेन कषायनाम्ना कर्ममलेनावच्छन्नत्वात्तिरोधीयते, परभावभूतमलावच्छन्नश्वेतस्त्रस्वभावभूतश्वेतस्वभाववत्। अतो मोक्षहेतुतिरोधानकरणात् कर्म प्रतिषिद्धम्।

હવે પ્રથમ, કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું છે એમ સિદ્ધ કરે છે :—

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.
મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ્ વસ્ત્રનું,
અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮.
મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.

ગાથાર્થ :-- [यथा] જેમ [वस्त्रस्य] વસ્ત્રનો [श्वेतभावः] શ્વેતભાવ [मलमेलनासक्तः] મેલના મળવાથી ખરડાયો થકો [नश्यति] નાશ પામે છે-તિરોભૂત થાય છે, [तथा] તેવી રીતે [मिथ्यात्वमलावच्छन्नं] મિથ્યાત્વરૂપી મેલથી ખરડાયું-વ્યાપ્ત થયું-થકું [सम्यक्त्वं खलु] સમ્યક્ત્વ ખરેખર તિરોભૂત થાય છે [ज्ञातव्यम्] એમ જાણવું. [यथा] જેમ [वस्त्रस्य] વસ્ત્રનો [श्वेतभावः] શ્વેતભાવ [मलमेलनासक्तः] મેલના મળવાથી ખરડાયો થકો [नश्यति] નાશ પામે છે-તિરોભૂત થાય છે, [तथा] તેવી રીતે [अज्ञानमलावच्छन्नं] અજ્ઞાનરૂપી મેલથી ખરડાયું-વ્યાપ્ત થયું-થકું [ज्ञानं भवति] જ્ઞાન તિરોભૂત થાય છે [ज्ञातव्यम्] એમ જાણવું. [यथा] જેમ [वस्त्रस्य] વસ્ત્રનો [श्वेतभावः] શ્વેતભાવ [मलमेलनासक्तः] મેલના મળવાથી ખરડાયો થકો [नश्यति] નાશ પામે છે-તિરોભૂત થાય છે, [तथा] તેવી રીતે [कषायमलावच्छन्नं] કષાયરૂપી મેલથી ખરડાયું-વ્યાપ્ત થયું-થકું [चारित्रम् अपि] ચારિત્ર પણ તિરોભૂત થાય છે [ज्ञातव्यम्] એમ જાણવું.

ટીકા :— જ્ઞાનનું સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે, પરભાવસ્વરૂપ જે

મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ તેના વડે વ્યાપ્ત થવાથી, તિરોભૂત થાય છે—જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ, જ્ઞાનનું જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે, પરભાવસ્વરૂપ અજ્ઞાન નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે--જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ, જ્ઞાનનું ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે, પરભાવસ્વરૂપ કષાય નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે--જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ. માટે મોક્ષના કારણનું (—સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું—) તિરોધાન કરતું હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

ભાવાર્થ :— સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે. જ્ઞાનનું સમ્યક્ત્વરૂપ પરિણમન મિથ્યાત્વકર્મથી તિરોભૂત થાય છે; જ્ઞાનનું જ્ઞાનરૂપ પરિણમન અજ્ઞાનકર્મથી તિરોભૂત થાય છે; અને જ્ઞાનનું ચારિત્રરૂપ પરિણમન કષાયકર્મથી તિરોભૂત થાય છે. આ રીતે મોક્ષના કારણભાવોને કર્મ તિરોભૂત કરતું હોવાથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

---

## પોષ સુદ-૧૫, ગુરુવાર, તા. ૧૮-૦૧-૧૯૭૩
## ગાથા-૧૫૭ થી ૧૫૯, પ્રવચન-૨૮૮

સમયસાર, પુણ્ય-પાપ અધિકાર. છેને ઉપર લખાણ? '**હવે પ્રથમ, કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું છે એમ સિદ્ધ કરે છે :—**' એટલે શું? કે જેટલી શુભ-અશુભ પરિણામની ક્રિયા છે વ્રતાદિની, એ કર્મ એટલે ક્રિયા, શુભભાવની ક્રિયા જેટલી છે—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ એવી જે શુભભાવરૂપી ક્રિયા એ મોક્ષના કારણને ઢાંકનારું છે. મોક્ષના કારણ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને આચ્છાદન—ઢાંકી દે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પ્રગટ થવા દેતું નથી એટલે ઢાંકે છે એમ કહેવામાં આવે છે. પહેલેથી શરૂ કર્યું છે કર્તા-કર્મમાંથી. ઉદાસીન અવસ્થાને છોડીને. છોડીને એટલે શું ઉદાસીન અવસ્થા હતી? પણ જે આત્માની પરથી ભિન્ન વીતરાગદશા થવી જોઈએ એને ઠેકાણે રાગની ક્રિયાનો ભાવ થાય એ મોક્ષના કારણને ઢાંકે છે, આચ્છાદન કરે છે.

મુમુક્ષુ :- કરવું શું?

ઉત્તર :- કરવું આ અંદરમાં જાવું, શ્રદ્ધા કરવી એ. શું કરવું શું? આ કરવાનું છે. ... ઈ કહે છે, જુઓ! કર્મ નામ ક્રિયાકાંડ. કર્મ એટલે કાર્ય રાગનું. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ. એ શુભભાવ એ કર્મ કહેવાય છે અહીંયા. એ મોક્ષના કારણનું, મોક્ષનું કારણ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને ઢાંકનારું છે, રોકનારું છે એમ સિદ્ધ કરે છે ત્રણ ગાથામાં.

**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**मिच्छत्तमलोच्छण्णं तह सम्मत्तं खु णादव्वं।।१५७।।**
**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**अण्णाणमलोच्छण्णं तह णाणं होदि णादव्वं।।१५८।।**
**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**कसायमलोच्छण्णं तह चारित्तं पि णादव्वं।।१५९।।**
**वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः।**
**मिथ्यात्वमलावच्छतं तथा सम्यक्त्वं खलु ज्ञातव्यम्।।१५७।।**

નીચે હરિગીત.

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.**
**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮.**
**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.**

એની ટીકા. એ આત્મા જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ છે. આત્મા એટલે દેહથી, આ વાણીથી ભિન્ન, કર્મથી ભિન્ન અને પુણ્ય-પાપના રાગના વિકલ્પથી પણ ભિન્ન. એવો આત્મા એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે, ચૈતન્યનો પુંજ છે. એનું જે જ્ઞાનનું સમકિત એટલે કે આત્માનું સમકિત. જ્ઞાન એટલે આત્મા. આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ એનું સમકિત એટલે એની પ્રતીતિ, નિર્મળ સમ્યગ્દર્શન પર્યાય. '**જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' એ સમ્યગ્દર્શન એ આત્માનો સમ્યક્-સાચો સ્વભાવ છે જે મોક્ષનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ? આ આત્મા ચૈતન્યપ્રકાશનું પૂર છે અંદર ચૈતન્ય. આ તો માટી, જડ, ધૂડ છે. આ તો જગતની ચીજ છે. અંદર કર્મ, મળ અજીવ, માટી, જડ ધૂળ છે. એમાં જે કંઈ શુભ અને અશુભભાવ થાય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ. કામ, ક્રોધ, રળવું, ખપવું, વિષયભોગ વાસના એ બધા

પરિણામ વિકારી બેય ભાવ છે. એ વિકારીભાવથી રહિત ચૈતન્યસ્વરૂપ છે. એવો જે જ્ઞાન એટલે આત્મા, જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ, એનું સમકિત એટલે જ્ઞાનનું સમકિત. એ ચૈતન્યપ્રભુ સ્વરૂપ એની અંતર અનુભવની પ્રતીતિ એવું જે સમ્યગ્દર્શન **'કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** આત્માને પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ, એનું આ સમકિત સ્વભાવ કારણ છે. ઈ કારણરૂપ એનો સ્વભાવ છે.

કહો, **'તે, પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ નામનો કર્મ...'** વિપરીત માન્યતાનો ભાવ. શરીરમાં સુખ છે, પૈસામાં સુખ છે, પુણ્યભાવમાં સુખ છે, પાપભાવમાં સુખ છે એવી જે માન્યતા એ વિપરીત મિથ્યાત્વભાવ છે. એ વિપરીત જે પરભાવ, મિથ્યાત્વભાવ એ નામનું જે કાર્ય ક્રિયાનું, મિથ્યાત્વનું એ **'મેલ તેના વડે વ્યાપ્ત થવાથી,...'** વિપરીત માન્યતાના મેલથી મોક્ષનું કારણ જે સમકિત એ આ મેલથી લેપાઈ ગયું છે એટલે સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્માની પૂર્ણ આનંદદશા. સુખ પૂર્ણ હોય તો મોક્ષમાં. એ પૂર્ણ સુખની દશારૂપી મુક્તિ એનું કારણ સ્વરૂપ ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ ભગવાન એની અંતરમાં અનુભવ થઈને પ્રતીતિ થવી એવું જે સમ્યગ્દર્શન, એવો જે સમ્યગ્દર્શન સ્વભાવ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે ઈ અને પુણ્ય-પાપનો ભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો છે એ ભાવ મારા એવી જે દૃષ્ટિ એ મિથ્યાત્વભાવ એ સમકિતને ઢાંકી દે છે એટલે સમકિતને ઉત્પન્ન થવા દેતું નથી. કહો, શેઠ! આ બધા મોઢાઆગળ અગ્રેસર કહેવાય શેઠિયા. પૈસા-બૈસા ખરચે અને મોઢાઆગળ માન મળે. એય..! શેઠ! ... આહા..હા..!

આવો મનુષ્યદેહ ચૈતન્ય સ્વભાવ અંદર મનુષ્યદેહમાં. સચેતન એકલો ચૈતન્ય જાગૃત સ્વભાવનો પિંડ છે એ તો. સમજાય છે કાંઈ? જાગૃત જ્ઞાયક ચૈતન્યસ્વભાવ એનું સ્વરૂપ છે. સર્વજ્ઞસ્વભાવી કહો, જ્ઞાનસ્વભાવી કહો, જ્ઞ સ્વભાવી કહો, ચૈતન્યપુંજ કહો, એ આત્મા છે. એવા જે આત્માનું સમ્યક્, એ આત્માનું સમકિત. એની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને સ્વભાવ શુદ્ધ એવું જે સમકિત મોક્ષનું કારણ સ્વભાવ. એને પરભાવસ્વરૂપ. એ પુણ્યના પરિણામ. પાપના પરિણામની તો વાત શું કરવી? હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ તો પાપ છે એની રુચિ એ તો સમકિતને ઢાંકે છે. પણ આ પુણ્યના પરિણામની રુચિ એ સમકિતને ઢાંકે છે. સમજાય છે કાંઈ? એ પુણ્યના પરિણામ એ દુઃખરૂપ છે. જેમ સંસારમાં રળવું, વિષયવાસના, પૈસા ભેગા કરવા કે પૈસા વાપરવા એ ભાવ છે એ તો પાપ છે. એ પાપના પોટલા બાંધે છે. એમ અંદરમાં શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ એ વિકારીભાવ છે. એ વિકારીભાવની રુચિ જેને છે એને સમ્યગ્દર્શનની રુચિ છે નહિ. સમ્યગ્દર્શનને એ ઢાંકી દે છે. આહા..હા..! કહો, મૂળચંદભાઈ! જ્ઞાનનું સમકિત છે. ઈ કાંઈ રાગનું અને

પરનું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- પ્રભુ! અમારામાં જ્ઞાન તો છે.

ઉત્તર :- જ્ઞાન ક્યાં છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જ્ઞાન નહિ.

મુમુક્ષુ :- આટલું જાણપણું કર્યું

ઉત્તર :- ઈ જ્ઞાન નહિ.

મુમુક્ષુ :- તમારું જ્ઞાન એમ જ...

ઉત્તર :- એ ત્યાં સમજાવે છેને બધે.

મુમુક્ષુ :- જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે છે કે નહિ...?

ઉત્તર :- એ જ્ઞાન આત્મા ચૈતન્યસ્વરૂપ છે એની સન્મુખ થઈને પુણ્ય-પાપના પરિણામની રુચિથી વિમુખ થઈને અંતરમાં દૃષ્ટિનો અનુભવ થાય એને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! એણે ચોર્યાશીના અવતારમાં કાળ ગુમાવ્યા છેને દુઃખી થઈને. દુઃખ... દુઃખ... દુઃખ...

કહે છે, ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ એ તો છે અને એનું સમકિત એટલે જ્ઞાનનું સમકિત. ચૈતન્યની જાતનું એ સમકિત. એની જે શ્રદ્ધા એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. મોક્ષના પરમાનંદના કારણરૂપ એ ભાવ છે. એ ભાવને શુભભાવની રુચિ એ ભાવને ઢાંકી દે છે. શુભભાવની રુચિ એટલે મેલ. એ નિર્મળ સમ્યગ્દર્શનને ઢાંકી દે છે, ઉત્પન્ન થવા દેતું નથી. કહો, ચીમનભાઈ! આવું છે. ભારે પણ આ! જગતમાં રહેવું..

મુમુક્ષુ :- શુભભાવ તો આવેને.

ઉત્તર :- આવે, પણ એની રુચિ એ મિથ્યાત્વભાવ છે એમ કહે છે. આવે એ જુદી વાત છે પણ એની રુચિ, એ રુચિ મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વભાવ હોં, વિભાવસ્વભાવ. કર્મની વાત નહિ અહીંયા.

અહીંયાં પોતાનો ભગવાન આત્મસ્વભાવ, એથી વિરુદ્ધભાવ એમાં પુણ્ય અને પાપમાં ફેર શું? બેય એક જ બંધના કારણ છે. બંધના કારણનો પ્રેમ અને રુચિ એ મોક્ષના કારણરૂપ સ્વભાવ સમ્યક્ એને એ મિથ્યાત્વનો મેલ ઢાંકી દે છે. કહો, સમજાય છે કાંઈ? પોપટભાઈ ભાવનગર ગયા છે, આવ્યા નથી. સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, પણ માણસને દરકાર ક્યાં છે? રખડી મરવામાં હુશિયાર. ચાર ગતિમાં રખડવું. અહીં તો શાસ્ત્રકાર ભગવાન એમ કહે છે કે પુણ્ય-પાપ બેય બંધના કારણ છે. એ બંધના કારણના ભાવનો પ્રેમ, રુચિ એ સમ્યગ્દર્શન જે મોક્ષનું કારણ સ્વભાવ, મેલ ઢાંકી દે છે એને. સમજાણું કાંઈ?

'પરભાવસ્વરૂપ...' જુઓ, પરભાવસ્વરૂપ છેને? મિથ્યાત્વભાવ છે વિપરીત માન્યતા. એ પુણ્યભાવ તે સુખ છે, પુણ્યભાવ ધર્મનું કારણ છે, પુણ્યભાવથી સંયોગ મળે એ પણ સામગ્રી સારી મળે તો સુખી છીએ એવો જે મૂઢભાવ, મહાપાપભાવ, મિથ્યાત્વરૂપી પાપભાવ એ સમ્યગ્દર્શન સ્વભાવરૂપી મોક્ષનું કારણરૂપી સ્વભાવ ઢાંકી દે છે, ઉત્પન્ન થવા દેતું નથી.

મુમુક્ષુ :- પુણ્ય-પાપ..

ઉત્તર :- આ એનું કામ નહિ. આ પુણ્ય ઢાંકી દે છે એ બંધનું કારણ છે. પુણ્યના ભાવનો પ્રેમ સમકિતને ઢાંકે એમ અહીં કારણ છે. કહો, પંડિતજી! શું એમાં કામ આવ્યું? આહા..હા..!

ભાઈ! એ પુણ્યભાવનો પ્રેમ એ મિથ્યાત્વભાવ છે, રાગ છે રાગ. રાગનો પ્રેમ, રુચિ એ સમ્યગ્દર્શનનો પ્રેમ એવું જે સમ્યગ્દર્શન ચૈતન્યનો પ્રેમ, એકાકાર થઈને અનુભવ થવો, એવી સમ્યગ્દર્શન દશા એને ઉત્પન્ન થવા દેતું નથી, ઢાંકે છે. કહો, સમજાણું કાંઈ? કહો, ..જી! આવું છે. આહા..હા..! ભારે પણ આ જગતને મીઠાશ. આહા..હા..! પૈસા કાંઈક પાંચ-પચાસ લાખ થાય, શરીર કાંઈક ઠીક હોય, બાયડી ઠીક હોય, છોકરા ઠીક હોય, થઈ રહ્યું લ્યો! મરી ગયો એમાં. અમે સુખી છીએ. ધૂડેય નથી, સાંભળને. આહા..હા..! હેરાન થવાના, દુઃખી થવાના રસ્તા છે એ બધા. એય..! ચંદુભાઈ! એ ત્યાં આઘા બેઠા. અહીંયા તો લક્ષ્મી તો અજીવતત્ત્વ છે એ અજીવતત્ત્વને જીવતત્ત્વ એમ કહે કે આ મારું તત્ત્વ છે એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? અજીવતત્ત્વ છેને લક્ષ્મી? આ શરીર અજીવતત્ત્વ માટી છે. આ ધૂડ છે પુદ્ગલ. એ અજીવને, અજીવપણે રહેલા તત્ત્વને જીવતત્ત્વ એમ માને કે આ તત્ત્વ મારું છે એ તો સ્થૂળ મિથ્યાત્વ છે. અહીં તો અંદરમાં લઈ જવાની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! નકોરો બાવો થયા વિના એને આ બેસે એવું નથી અંદરમાં. અંદરમાંથી હોં! બહારમાં બાવા થઈને મરી ગયો. આહા..હા..!

કહે છે કે એ શુભ અને અશુભભાવ... અહીં પૈસા-બૈસાની વાત નથી, એ તો ક્યાંય રહી ગયા. શરીરની વાત પણ નહિ. આ તો અજીવતત્ત્વ ભિન્ન, તદ્દન ભિન્ન, પણ એની પર્યાયમાં, અવસ્થામાં ઉત્પન્ન થતો શુભભાવ... આહા..હા..! એ શુભભાવની રુચિનો ભાવ એ સમ્યગ્દર્શન જે મોક્ષના કારણને તે ઢાંકી દે છે. (ઉત્પન્ન) થવા દેતું નથી. કહો, કાંતિભાઈ! આહા..હા..! ભારે ભાઈ! આવો ધર્મ લોકોને સાંભળવો મુશ્કેલ પડે. બહારથી ધર્મ, આનાથી ધર્મ. આહા..હા..! ધર્મ તે ક્યાં હશે એને? આ વ્રત કર્યા ને તપ કર્યા ને ભક્તિ કરી ને પૂજા કરી. બે, પાંચ લાખ, દસ લાખ ખર્ચ્યા અને મંદિર બનાવ્યું. ધૂડેય નથી ધર્મ સાંભળને. હવે એ તો જડની ક્રિયા પરની છે. પરને કોણ કરે? પણ એમાં થયેલો શુભભાવ, એ શુભભાવની રુચિ જે છે એ સમ્યગ્દર્શનરૂપી આત્માની જે રુચિ સ્વભાવની એને ઢાંકી દે છે.

મુમુક્ષુ :- લોભભાવ ઓછો કર્યો...

ઉત્તર :- એ લોભ ઓછો ક્યાં કર્યો છે? લોભ છેને પાછો. અને એ રાગનો પ્રેમ છે એ તો મિથ્યાત્વભાવ તીવ્ર કષાય છે. એઈ..! શેઠ! કષાયની મંદતા, પણ કષાયની તીવ્રતા એવો જે મિથ્યાત્વભાવ એ પુણ્યનો પ્રેમ, રુચિ એ જ મિથ્યાત્વરૂપી કષાય તીવ્ર છે. સમજાણું કાંઈ? આ તો ધર્મનો વીતરાગમાર્ગ છે આ. રાગમાં પ્રેમ તે વીતરાગમાર્ગ નહિ. આહા..હા..! રાગના રાગીલા, રાગના પ્રેમી, એ વીતરાગી સમ્યગ્દર્શનની પર્યાયને ઉત્પન્ન થવા દેતા નથી. એમ કહે છે. આહા..હા..! અહીં તો બાયડી સારી હોય તો અર્ધાંગના મારી છે. અડધું અંગ છે. હું અડધું અને ઈ અડધું. અર્ધાંગના કહે છેને? ધૂળેય નથી હવે સાંભળને. ઈ ક્યાંકથી મરીને આવી હોય અને તું ક્યાંકથી મરીને આવ્યો અને ક્યાંક બીજા મરીને જવાના ક્યાંક.

મુમુક્ષુ :- છે ત્યાં સુધી.

ઉત્તર :- છે ત્યાં સુધી ભલે એના પરિણામ ઈ કરે અને આના પરિણામ આ કરે. છે ત્યાં સુધી શું? રોગે પીડાતો હોય. છ મહિના અને બાર મહિના ક્ષય થાય.. એં..એં.. બાયડીને એમ થઈ જાય કે હવે આ છૂટે. કારણ કે મૂડી થોડી, ખર્ચ ઘણો કરવો પડે છે બાર મહિને. ચાર-પાંચ વર્ષ ચાલ્યું ક્ષયનું આમને આમ. .. જોયું છે. એય..! ક્યાં ગયા? મુંબઈમાં છે કે નહિ તમારા? તારાચંદભાઈનો દીકરો નહિ? સોમચંદનો દીકરો ઓલો મગન. ખબર છેને? એય..! શાંતિભાઈ! તમારા કુટુંબી. તારાચંદભાઈ. સંતોકબા હતાને એને ઘરે. ઈ અમારે ફઈના દીકરાની દીકરી થાય. જૂના ફઈ. નવા ફઈ બા.. એનો દીકરો સોમચંદ અને એનો દીકરો મગન. મુંબઈમાં ક્ષય રોગ લાગ્યો. પછી તારાચંદભાઈ આવીને કહે. છોકરાને દુઃખી જોઉં છું. આહા..હા..! મહા દુઃખી. એમ કે હવે ખાટલો ખાલી થાય તો ઠીક. પરણેલો. પરણેલો હતોને? પછી વહુ વઈ ગઈ હતી. ગોળખા. ખબર છેને. .. ત્યાં વહોરવા ગયા હતા અમે. આ તો ઘણા વર્ષની વાતું છે. એ તારાચંદભાઈ આવીને એમ કહેતા લ્યો. બહુ ચાલ્યું. મહિનો, બે મહિનો બહુ ખાટલો ચાલ્યો. ટી.બી. જરી છે. આ એના દીકરા અને આ એના બાપ. બધાય એવા છે હોં. તમને કે આ મારો બાપ સારો અને...

મુમુક્ષુ :- પણ કોકનો દીકરો તો સારો હોયને.

ઉત્તર :- ધૂળેય સારો નથી. તમારો સુમન પણ અહીંયાં જુઓને. અહીં આ હેરાન થઈ જાય છે અને ઓલો પડ્યો છે ત્યાં. પરણાવ્યો, પૈસા આપ્યા, પાપ બાંધ્યા બધા. અહીં આવે તો દસ દિ', આઠ દિ'. લ્યો! ઈ આ લખે ત્યારે દસ દિ' રજા લઈને આવજે. ... ત્યારે સાત દિ' લઈને આવ્યા છે. એય..! આહા..હા..! એ બધા સમજવા જેવા છે હોં. એ તો એ વાત એકકોર રહી. એ શરીર ને લક્ષ્મી ને ઈ વાતું તો એકકોર રહી. સ્ત્રી એ તો પરવસ્તુ છે અને પર મારા એ માન્યતા તો મોટો ભ્રમ છે અજ્ઞાનનો. મોટું પાપ. એથી

અહીં તો આગળ અંદર જાવું છે. એઇ..! ચીમનભાઈ! અંદરમાં પાપના ભાવ થાય—હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, માન, કપટ, મોહ, રતિ, અરતિ આદિ એ પાપભાવ છે અને અંદરમાં દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા ને ભગવાનનું સ્મરણ આદિ ભાવ થાય એ પુણ્યભાવ છે. ભગવાન એમ ફરમાવે છે કે જેને ઈ પુણ્યભાવની રુચિનો પ્રેમ છે... એય..! મનહરભાઈ! આહા..હા..! ..ભાઈના છોકરા તો સારા છે, કામ કરે છે નહિ? તોપણ હજી આને રખડવું પડે છે માલ લેવા જાવા માટે. એ તો આમ ને આમ રખડપટ્ટી છે જગતની હોં. એઇ..! આહા..હા..!

ભગવાન! તું સચ્ચિદાનંદ પ્રભુ. ભગવાનનો ભગવાન પરમાત્મા અનંત સિદ્ધની પર્યાયો તારામાં પડી છે. આ સામાન્ય ચૈતન્યની વાત નહોતી કરી ભાઈ? અવ્યક્તની. સામાન્ય ચેતનમાં વિશેષ ચેતનની વ્યક્તિઓ અંદર લીન છે માટે પ્રભુ અવ્યક્ત છે. આહા..હા..! ગજબ કરે છેને! સમજાણું કાંઈ? સામાન્ય ચેતન જે સ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ એ એકરૂપ ચૈતન્યસ્વભાવ એમાં વિશેષ ચેતનની વ્યક્તિઓ પ્રગટ પર્યાયો અંતર લીન છે. માટે ભગવાન આત્માને પરમાત્મા અવ્યક્ત કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત છે. આહા..હા..!

કહે છે કે જ્ઞાનનું સમકિત છે. સમ્યગ્દર્શન એ તો આત્માનું સમકિત છે. આત્માનો સ્વભાવ છે એ તો. એ મોક્ષનું કારણ છે. પરમ આનંદના ઉપાયરૂપ છે. એ સમ્યગ્દર્શન તો પરમ આનંદનો ઉપાય છે. કારણ કહો કે ઉપાય કહો. એવો જે સ્વભાવ છે તે વિભાવ વડે. આમ અહીં કહેવું છે. સામે સામે લેવું છેને. પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વભાવનો મેલ, કર્મ એટલે કાર્ય મેલ. આહા..હા..! ઓલાને વાંધો ઉઠ્યો છે, સાતમું અધ્યયન છેને. ભાઈ! આવ્યું હતુંને? જૈન છે, જિનાજ્ઞા માને છે. ... એને પણ સૂક્ષ્મ વિચાર કરવો. જિનાજ્ઞા માને એને મિથ્યાત્વ રહે નહિ. એ વિરુદ્ધ થયો છે. ઓલા મોતીચંદ. ફલટનવાળા નહિ? ઓલાએ તો પાઠમાં છે એ લખેલું મોક્ષમાર્ગ (પ્રકાશકનું). એનો વિરોધ થયો છે. શેઠ! મોક્ષમાર્ગપ્રકાશક વાંચ્યું છે? ઘરમાં રાખ્યું છે? હિન્દી આપ્યા હતા કેટલા ભેટ આપવા. એમાં લખ્યું છે સાતમા અધ્યયનમાં પહેલી જ ચાર લીટીમાં. જે કોઈ જૈની છે, જૈન આજ્ઞા માને છે એને પણ સૂક્ષ્મ મિથ્યાત્વ રહી જાય છે એની વ્યાખ્યા અમે અહીં કરશું. સાતમું. હવે ઈ શબ્દો લખ્યા તો કહે છે. નહિ. એનો વિરોધ કર્યો છે. ....જિનાજ્ઞા માને એને મિથ્યાત્વ ન હોય. પણ સાંભળ જિનાજ્ઞા સમજ્યો છે ક્યાં ઈ શું જિનાજ્ઞા છે. સમજાણું કાંઈ? આનો વિરોધ કર્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી...

ઉત્તર :- દ્રવ્યલિંગી આજ્ઞા માને છે વ્યવહારે. દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે. પરમાર્થે દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ છે ઈ જાણતો નથી. પરમાર્થે આત્માનું સ્વરૂપ જે દેવ-ગુરુનું છે એ જાણે તો સમકિત થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? તેથી લખ્યુંને. નિશ્ચય અને વ્યવહાર નાખ્યોને

ત્રીજી લીટીમાં? નિશ્ચય તે યથાર્થ અને વ્યવહાર તે ઉપચાર. એ બેના કથનને જાણે નહિ મિથ્યાત્વ રહી જાય છે. આહા..હા..!

'**પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ...**' મિથ્યાત્વ નામનું કાર્ય, વિપરીત શ્રદ્ધારૂપી કાર્ય, ક્રિયા એવો જે મેલ તેના વડે સમ્યગ્દર્શન, આનંદના કારણનો ઉપાય, આનંદનો ઉપાય એવા સમ્યગ્દર્શન સ્વભાવને એ મિથ્યાશ્રદ્ધા, એ શુભરાગનો રસ, એ પુણ્યનો રસ અને પુણ્યમાં પ્રેમ અને પુણ્યનો રુચિ ભાવ એવો જે મિથ્યાત્વ મેલ એ સમકિતને ઢાંકી દે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવ. કહો, સમજાણું કાંઈ? આવે છેને ૬૦માં? પુરુષાર્થ. ઈ ભાવ લીધો છેને. ૧૬૦. કર્મરજ, મેલભાવ. રજ એટલે ભાવ છે. ઈ મેલ રજ છે, જડ. આહા..હા..!

મુમુક્ષુ :- નિજ

ઉત્તર :- નિજ પુરુષાર્થ છે એમ લખ્યું છે. '**પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું...**' લ્યો! પુરુષાર્થના અપરાધથી પ્રવર્તે એવો કર્મમેલ. એટલે ક્રિયા... મિથ્યાત્વ. આહા..હા..! એને જડનું .... જડને નિમિત્તે થયું છે એ ભાવ જ અહીં તો મૂળ વાત છે. એ બધો પુદ્‌ગલ જ ભાવ છે. આહા..હા..! એ બધી વાતું.. અહીં તો .. ક્રિયા જ લીધી છે. ત્રણ બોલ લીધા છે જરી કળશમાં. ક્રિયાનો ભાવ છે, કર્મ છે અને અશુદ્ધ પરિણમન છે. ત્રણ બોલ (લીધા છે). પણ મૂળ આ છે. કર્મ-ફર્મ તો પરદ્રવ્ય છે, એની સાથે સંબંધ શું છે?

અહીંયાં તો ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ અનંત-અનંત આનંદ અને જ્ઞાનના સ્વભાવનો સાગર એનું જે સમકિત, એની જે અંતરમાં અનુભૂતિ થઈને પ્રતીત થવી એવું જે સમકિત કે જે મોક્ષના પરમ આનંદના ઉપાયરૂપે સ્વભાવ છે. એ સ્વભાવને વિપરીત માન્યતારૂપી મેલ તે સ્વભાવને ઉત્પન્ન થવા દેતું નથી. એ ઢાંકે છે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે છે માટે અટક્યો છે એમ કહે છે. ત્યાંથી રુચિ ફરે તો તો અહીં દૃષ્ટિ થાય. આહા..હા..! અહીં તો દૃષ્ટિને ફેરવી નાખી છે. દૃષ્ટિ જે અહીં જોઈએ એને ઠેકાણે પુણ્યના પ્રેમમાં દૃષ્ટિ પડી છે. એમ કહે છે મૂળ તો. આહા..હા..! સમજાય છે કાંઈ? જે પુણ્યક્રિયા બંધનું કારણ, પુણ્યક્રિયા દુઃખરૂપ, શુભભાવ આકુળતા એની રુચિ એને અનાકુળ આનંદનો સ્વભાવ ભગવાનની જે પ્રતીતિ સમ્યક્ અનાકુળ સ્વભાવ જે મોક્ષનું કારણ, એ મેલ છે, ઢાંકી દેશે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તિરોભૂત થાય છે...**' છેને? દૃષ્ટાંત. પાઠમાં પહેલો દૃષ્ટાંત આપ્યો છે. ટીકામાં પહેલો

સિદ્ધાંત આપીને દૃષ્ટાંતની સાથે મેળવે છે હવે. સમજાણું કાંઈ? પાઠમાં પહેલો ... આપે છે.

'**જેમ પરભાવસ્વરૂપ મેલથી...**' સફેદ વસ્ત્ર જે છે ધોળું એ એનો સ્વભાવ છે. એ '**શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત...**' જોયું? ધોળું એ વસ્ત્રનો સ્વભાવ જ છે. કપાસ જે ઉગે છે એ ધોળો ઉગે છેને? કે મેલવાળો? એનું કપડું થાય એ ધોળું જ હોય. '**શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ...**' જોયું? '**તિરોભૂત થાય છે...**' એ પરભાવસ્વરૂપ મેલ જે છે એનાથી ધોળા વસ્ત્રની સફેદાઈ ઢંકાઈ જાય છે. બરાબર સમજો છોને? દરકાર જ કરી નથી અત્યાર સુધી હજી. બીડીયુંમાં અને પૈસામાં મજા. ... બીડી લેવા, દેવામાં. શેઠ! છોકરાઓ કામ કરે કેટલાક. પાંચ તો એના અને બે આના, સાત. ભારે! મીઠાશ કેટલી! કહે છે એ મીઠાશ છોડ તો આત્માની મીઠાશ આવશે એમ કહે છે. શેઠ! આહા..હા..!

'**શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ...**' જુઓને ભાષા કેવી! એ '**તિરોભૂત થાય છે...**' ધોળા વસ્ત્રની ધોળી સ્વભાવદશા એ તો એનું સ્વરૂપ છે સ્વભાવ, ધોળાસ્વરૂપ એને મેલ ઢાંકી દે છે. આ તો સમજાય એવી વાત છે. આહા..હા..! એમ સફેદ, ધોળો શુદ્ધ પ્રભુ, શુદ્ધ ચૈતન્યઘન આત્મા એનું સમકિત પણ શુદ્ધ સ્વભાવ છે. એ શુદ્ધ સ્વભાવને પુણ્યના પ્રેમની રુચિ તે મિથ્યાત્વરૂપી મેલ એ સમકિતને ઢાંકે છે, ઉત્પન્ન થવા દેતું નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં? ભાઈ! આ તો જેને જન્મ-મરણથી રહિત થવું હોય એની વાત છે. જેને આ જન્મ-મરણમાં મજા લાગતી હોય એ તો મૂઢ જીવ ચોર્યાશીમાં રખડે છે. આહા..હા..! કહો, આ સમકિતની પહેલી વાત થઈ. જેને આત્મસ્વભાવથી વિપરીત પુણ્યભાવ એ વ્રતનો ને દયાનો ને દાનનો, ભક્તિનો શુભભાવ. ગજબ વાત છે! એ શુભભાવની જેને દૃષ્ટિ અને રુચિ છે એવો જે મિથ્યાત્વભાવ એ સમકિતરૂપી સ્વભાવભાવને ઢાંકી દે છે, ઉત્પન્ન થવા દેતું નથી. આ ઉત્પન્ન થાય ત્યાં આ ક્યાં ઉત્પન્ન થાય? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

દાખલો તે કેવો આપ્યો છે જુઓને. '**પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો...**' પ્રસરેલો, ઢંકાઈ ગયેલું. '**શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ,...**' છે એમાં? બીજો બોલ. '**જ્ઞાનનું જ્ઞાન કે જે મોક્ષના...**' જ્ઞાનનું જ્ઞાન. જુઓ, શાસ્ત્રનું જ્ઞાન એ નહિ.

મુમુક્ષુ :— હવે આવી વાત.

ઉત્તર :— હવે આવી? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા એ જ્ઞાનનું જ્ઞાન, એનું જ્ઞાન, એ સ્વભાવનું સ્વસંવેદનજ્ઞાન. ચૈતન્ય ભગવાન આત્મા અંદર એ જ્ઞાન એટલે આત્મા, એનું જ્ઞાન. એના સ્વભાવરૂપી પરિણમન જ્ઞાન. '**કે જે મોક્ષના કારણરૂપ**

**સ્વભાવ છે...**' એ આત્માનું જ્ઞાન, સ્વભાવનું જ્ઞાન એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. સમજાણું કાંઈ? આ તો મોક્ષના માર્ગની વ્યાખ્યા છે. મોક્ષના માર્ગથી વિરુદ્ધ ભાવ શું છે એની વ્યાખ્યા છે આ. આહા..હા..! સમજાણું કાંઈ? આ સંપ્રદાયમાં તો એક જ વાત આવે કે પૂજા કરો, આગમ મૂર્તિની પૂજા કરો, મંદિર બનાવો, વ્રત લ્યો અને અપવાસ કરો. થઈ ગયો ધર્મ. ધૂડમાંય ધર્મ નથી સાંભળને. એ તો બધી રાગની પાપના ભાવ જેવી પુણ્યના ભાવની ક્રિયા છે. પાપના ભાવ જેવી. ... આહા..હા..!

ભગવાન આત્મા અબંધસ્વરૂપી પ્રભુ એ અબંધસ્વભાવીનું જ્ઞાન એટલે જ્ઞાનનું જ્ઞાન. ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા અંતર સ્વસંવેદનનું જ્ઞાન જે આત્માનું એ જ્ઞાન મોક્ષના કારણરૂપ એ જ્ઞાન પરમ આનંદના ઉપાયરૂપ સ્વભાવ છે. એ જ્ઞાન તો પરમ આનંદરૂપી મુક્તિના ઉપાયરૂપ સ્વભાવ છે. સમજાણું કાંઈ? કહો, જેઠાભાઈ! આ તમારા શું કહેવાય? ઓડિટર ને ફલાણા, ઢીંકણા ચોપડા. તમાકુ આવી જાતની, બીડી આવી જાતની એમાં તો બહુ હુશિયાર. અમારે રામજીભાઈ વકીલાતમાં હુશિયાર હતા લ્યો. કહો, સુજાનમલજી! તમારે શું ધંધો હતો?

મુમુક્ષુ :- અમારે ...

ઉત્તર :- પહેલા તો ધંધો હશેને.

મુમુક્ષુ :- પહેલા કપડાનો ધંધો.

ઉત્તર :- હા, બસ ઈ. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છોકરો રળે છે. એકલા રોટલા ખાય. બાયડી ક્યાંક પડી છે, રોટલા અહીં. આહા..હા..! ઈ સુખી નથી, દુઃખી છે. અહીં તા કહે છે કે સુખી તો આત્માના આનંદનું ભાન થાય એ સુખી છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે કે મોક્ષના કારણરૂપી સ્વભાવ, જે મોક્ષ પરમ આનંદરૂપી સ્વભાવ એના ઉપાયરૂપી જ્ઞાન કે જે મોક્ષનું કારણ એ આત્માનું જ્ઞાન છે. એ જ્ઞાનને '**પરભાવસ્વરૂપ અજ્ઞાન...**' એ અજ્ઞાનભાવ. રાગનું જ્ઞાન, પુણ્યનું જ્ઞાન, પરનું જ્ઞાન એ અજ્ઞાન. એ પરનું જ્ઞાન કરવા જતા અજ્ઞાનભાવ જ્ઞાનને રોકી દે છે. સમજાણું કાંઈ? એ પરનું જ્ઞાન જે ભાવ અજ્ઞાન, એ અજ્ઞાનના પ્રેમને લઈને એ સ્વભાવના જ્ઞાનને ઉત્પન્ન થવા દેતું નથી. આહા..હા..! કાંઈક ક્ષયોપશમ થયો, જ્ઞાનનો ઉઘાડ થાય કાંઈક એટલે એને એમ થાય કે આહા..હા..! આપણે બધે વધી ગયા. એવું અજ્ઞાન. કહો, કાંતિભાઈ! આ એમ.એ. થાય, એલ.એલ.બી.ના પૂંછડા વળગે છેને આ? એલ.એલ.બી. અને એમ.એ. ને, અમેરિકામાં જાય એટલે જાણે મોટો ઓલો દેવ થઈને આવ્યો હોય. ઉપરથી આવે એટલે જાણે આહા..હા..! મોટા ... ભરવાડ જેવું કહેતા. ભરવાડીયા આવતા પહેલા. શોભા-શોભા નહિ? એ ભરવાડ હતા પહેલા, રબારી.

હવે આ ભરવાડ જેવા થયા બધા. અહીં સુધી હતું. વાળ વધી ગયા બે બાજુ. આહા..હા..! અને અમેરિકામાં બે-પાંચ વર્ષ રહ્યો હોય અને દસ હજારનો પગાર હોય મહિને. ઢેઢને દસ હજારનો પગાર હોય ત્યાં. મોટરમાં આવીને બે-ત્રણ પાયખાને આવતો હોય એને દસ હજારનો પગાર હોય. એય..! મલુકચંદભાઈ! પણ અહીં તમારો દીકરો ગયો દસ હજારનો પગાર તો આહા..હા..! હવે સાંભળને, દસ હજાર તો ભંગ્યાને ત્યાં મળે છે.

મુમુક્ષુ :- અહીંના ભંગ્યાને ક્યાં મળે છે?

ઉત્તર :- અહીંનાને નથી, પણ એને મળે એમાં શું મોટું થઈ ગયું? અને એમાં બચે પણ કેટલા પાછા? ખર્ચ પણ કેટલો? આહા..હા..! અરે..! અહીં તો કહે છે પાંચ કરોડ, દસ કરોડ લઈને આવ્યો. એની મમતામાં દુઃખી પ્રાણી અજ્ઞાની બિચારો છે. એ અજ્ઞાન છે એમ કહે છે. એય..! ચીમનભાઈ! તમારે લોઢામાં બહુ હશે. આહા..હા..! એ સંસારના જ્ઞાનની કળા એમાં જેનો પ્રેમ છે એ પ્રેમ મિથ્યાજ્ઞાન છે એ સમ્યગ્જ્ઞાનને રોકી દે છે. એમ કહે છે અહીં. કહો, આ ઝવેરાત-ફવેરાતનું જ્ઞાન તમારું. નાખોને બધાયને.

મુમુક્ષુ :- આપ એમ કહો, પણ રૂપિયા તો લાવે કે નહિ?

ઉત્તર :- ધૂડ લાવતો નથી. ધૂડેય પૈસા આવતા નથી. પૈસા ક્યાં એની પાસે આવે છે? એની પાસે તો મમતા આવે છે. આ મારા એવી મમતા આવેક છે. પૈસા તો દૂર રહે છે. સમજાણું કાંઈ? અરેરે..! ભારે! જગતથી ઊંધુ છે આ બધું.

જ્ઞાનનું જ્ઞાન. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ એનું જ્ઞાન. એનું જ્ઞાન એ તો મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. એ સમ્યગ્જ્ઞાન એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. અહીં સિદ્ધ શું કરવું છે? કે ઈ એનો પોતાનો ભાવ છે. ઓલો પરભાવ છે. આહા..હા..! આ શાસ્ત્રના જ્ઞાનમાં અહંકાર એ પરભાવ મિથ્યા છે. મિથ્યાજ્ઞાન છે ઈ. સુજાનમલજી! આહા..હા..! એ પરસંબંધીનું જે જાણપણું, એની જે રુચિ એ સમ્યગ્જ્ઞાનને રોકી દે છે. એને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થતું નથી, તિરોભૂત કરી નાખે છે, ઢાંકી દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્માત્માને દેખીને વિશેષ જ્ઞાન એને ન હોય અને ઉઘાડ ન હોય અને પોતાને સમજાવતા આવડતું હોય એનું અભિમાન એને થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એક બાઈએ પ્રશ્ન કર્યો હતો આર્જિકાએ, કે બીજાને સમજાવે એ ઊંચું જ્ઞાન કહેવાય કે પોતે સમજીને બેસી જાય એ ઊંચું જ્ઞાન કહેવાય? એ દિવાળીબાઈ હતીને ત્યાં. છેને અત્યારે ત્યાં લીલાવતીની ગોરાણી હતી. બીજાને સમજાવે એ જ્ઞાન કહેવાય. ધૂડ છે સાંભળને હવે. કહે છે કે પર તરફનું જ્ઞાન ચાહે તો ડોક્ટરનું હોય, વકીલાતનું હોય અરે..! શાસ્ત્રનું હોય, તમારા લોઢાનું હોય. લોઢું છે? શું છે ત્યાં? ત્યાં ઈ છે? મુંબઈ. ત્યાં ઈ

છે? સ્ટીલ. એક ફેરી ગયા હતા.. કહે, લઈ જાવ સ્ટીલનું થોડું. મેં કીધું, અમારે શું કરવું હતું? ધૂડ કરવી હતી? કારખાનું મોટું છેને ત્યાં. ... કારખાનું છે. આ તો એમ કે મહારાજ આવ્યા છે તો કાંઈક લઈ જાય. આહા..હા..! કહો, હિંમતભાઈ! આ સંસારના જેટલા જાણપણા, ઉઘાડનો ભાવ અને શાસ્ત્રના ઉઘાડનો ભાવ એની જેને રુચિ છે એ અજ્ઞાનરૂપી મેલ સમ્યગ્જ્ઞાનને તિરોભૂત કરી નાખે છે. આહા..હા..!

મુમુક્ષુ :- આ શાસ્ત્રના જ્ઞાન પણ?

ઉત્તર :- શાસ્ત્રજ્ઞાન ઈ છે. શાસ્ત્ર પર છે. એના જ્ઞાનમાં આત્માનું જ્ઞાન ક્યાં આવ્યું? અહીં તો કીધું. જ્ઞાનનું જ્ઞાન જ કીધું છેને. આત્માનું જ્ઞાન. (શાસ્ત્રનું જ્ઞાન) પરલક્ષી જ્ઞાન છે. આહા..હા..! મોટો ફેર છે, ભાઈ! એ જ્ઞાનના ક્ષયોપશમમાં .. અમે કાંઈક વધ્યા છીએ, અમને આવડે છે, અમે બીજાને સમજાવી શકીએ એવી અમારામાં તાકાત છે. એ બધા અભિમાન અજ્ઞાનના સમ્યગ્જ્ઞાનને તિરોભૂત કરી દે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કહો, અમુલખભાઈ! આ બધું હશે ઈ બરાબર હશે? લાતીમાં હુશિયાર કેવા! ... વઢવાણ. અમલુખભાઈને ત્યાં ... લાતીનો મોટો ધંધો, મોટી પેદાશ. આહા..હા..!

અહીં ભગવાન એમ કહે છે કે આ આત્મા જે ચિદાનંદ મૂર્તિ ભગવાન એનું અંતરમાં સન્મુખ થઈને જે આત્માનું જ્ઞાન (થાય), એ આત્મજ્ઞાનની દશા પરજ્ઞાનના પ્રેમમાં એ ઢંકાઈ જાય છે. એ સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થવા દેતું નથી. આહા..હા..! ગજબ વાત છેને! દિગંબર સંતોએ તો મોક્ષના માર્ગને ખુલ્લા કરી નાખ્યા છે. પણ ભાઈ તમારું જ્ઞાન છે તમે શાસ્ત્ર કહે એનું જ્ઞાન બીજાને સમજાવે ... રાખે. એથી શું? એ તો પરભાવ, પરસત્તાવલંબી છે. એના જ્ઞાનના પ્રેમમાં, એ જ્ઞાનની રુચિમાં ભગવાન આત્માનું જ્ઞાન જે સ્વભાવરૂપ જ્ઞાન લક્ષના કારણરૂપ એને એ મેલ ઉત્પન્ન થવા નથી દેતું. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

'**પરભાવસ્વરૂપ અજ્ઞાન નામના કર્મ...**' એટલે કાર્ય. એ અજ્ઞાનરૂપી ક્રિયા, અજ્ઞાનરૂપી ક્રિયારૂપી મળ વડે. '**વ્યાપ્ત થવાથી...**' પકડવાથી આમ '**તિરોભૂત થાય છે...**' ઢંકાઈ જાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ,...**' આહા..હા..! અહીં તો કહે છે કે એ શાસ્ત્રના જ્ઞાનાદિનું રાગવાળું, વિકલ્પવાળું બધું જ્ઞાન અને એમાં એને અધિક ભાસી જાય કે આમાં કાંઈક વધ્યો હું, અમને આવડે છે, જવાબ દેતા આવડે, પ્રશ્ન પૂછે એનો ખુલાસા કરતા આવડે, આમ સભા ખુશી થઈ જાય, એ અજ્ઞાનભાવનો પ્રેમ એ સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિને રોકે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! પછી આ ડોક્ટર-બોક્ટરનું જ્ઞાન ક્યાં હશે? એ બધું ત્યાં ગયુંને? આહા..હા..! ગજબ વાત! એક-એક શ્લોકે તો આત્માનો નિતાર...! આહા..હા..! દોરી નાખ્યું છે એણે આત્મામાં.

અહીં તો .. ભૂલી જા ભાઈ હવે એમ કહે છે. આમ જા.. આમ જા.. આમ. આહા..હા..! ગમે તેટલા નવ પૂર્વ અને અગિયાર અંગનું જ્ઞાન મિથ્યાદષ્ટિને થયું. નવમી ગ્રૈવેયક ગયો એને આવું થયું, પણ એ તો બધું પરભાવનું જ્ઞાન. આહા..હા..! એમાં ભગવાન આવ્યો નહિ. એ તો દુઃખરૂપ જ્ઞાન છે. અહીં તો .. અભિમાન ટાળવાની વાત છે. એય..! ચેતનજી! મોક્ષમાર્ગમાં કહ્યું નથી? કે અનુભવ કરતા નથી અને એકલા શાસ્ત્ર અભ્યાસમાં પડ્યા હોય એનો અમે નિષેધ કરીએ છીએ, પણ એમ જાણીને શાસ્ત્રનો જરીએ અભ્યાસ નથી, એ અભ્યાસ નહિ કરે તો ... આવે છે? આવે છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. એય..!

અહીં તો વસ્તુ જે શાસ્ત્રજ્ઞાન છે એનું એને અભિમાન છે. એ મેલ છે. એટલી વાત કરી છે. સમજાણું કાંઈ? એ મેલને લઈને જે આત્મા વસ્તુ જેનું જ્ઞાન આનંદદાયક જ્ઞાન, એ આનંદદાયક જ્ઞાન દુઃખદાયક જ્ઞાનના પ્રેમમાં રોકાઈ જાય છે. આહા..હા..! એય..! કાંતિભાઈ! લ્યો એને તો પાછું ઓલાનું જ્ઞાન હતું. શું કહેવાય એને? એરોપ્લેનમાં હતા, ફરતા હતા આમ ટોપી નાખીને. પંદરસોનો પગાર, દોઢ હજારનો પગાર. ટોપી લઈને.. મુંબઈ ગયા હતાને બે-પાંચવાર? પ્લેનમાં જતા હતા. છોડી દીધી. આહા..હા..!

મુમુક્ષુ :- એના કરતા આની કિંમત વધી ગઈ.

ઉત્તર :- એની છે ક્યાં? કિંમત હતી કે દિ'? એઈ..! આહા..હા..!

જે જ્ઞાનમાં આનંદ ન આવે તે જ્ઞાન શેનું? જે જ્ઞાનમાં ઉઘાડમાં દુઃખ થાય, એ ઉઘાડ પરસંબંધી જ્ઞાન તો દુઃખરૂપ છે. જો સુખ નથી તો દુઃખરૂપ છે. આહા..હા..! એ આત્માનું જ્ઞાન જે સમ્યક્ ચૈતન્યમૂર્તિ ભગવાન, એનું જે સ્વસન્મુખમાં જ્ઞાન થવું એ જ્ઞાન તે મોક્ષનો ઉપાય એ જ્ઞાન છે. એ મોક્ષના ઉપાયનું એ જ્ઞાન સ્વભાવિક જ્ઞાન છે. એ સ્વભાવિક જ્ઞાન મોક્ષનો ઉપાય છે. એને પરભાવી જ્ઞાનનો પ્રેમ ઢાંકી દે છે, ઉત્પન્ન થવા દેતું નથી. કહો, પંડિતજી! આ તો સંસ્કૃતના પ્રોફેસરોને બધાને પાણી ઉતરી જાય છે. આહા..હા..!

ઓલા વ્યાકરણમાં આવે છેને, મોક્ષમાર્ગપ્રકાશકમાં? વ્યાકરણ ભણવા જાય તો વ્યાકરણમાં ... એમાંથી .. આવે છે. ... આહા..હા..! થોડું-ઘણું વાંચીને પ્રયોજનભૂત તત્ત્વને સમજ. એમ છે કે ન્યાં ને ન્યાં સલવાણો પાછો. આહા..હા..! સંસ્કૃત બોલતા આવડે, ભાષણ કરતા આવડે. હવે એમાં શું થયું? આહા..હા..! ઢોરને બોલતા પણ આવડતું નથી અને ક્ષાયિક સમકિત હોય. જુગલિયામાં. ક્ષાયિક સમકિત અહીં થયું હોય અને આયુષ્ય પહેલું બંધાઈ ગયું હોય. જુગલિયામાં જાય. આહા..હા..! જુગલિયા સમજો છો? ભોગભૂમિ. આહા..હા..!

આ જુઓને હાથી. ત્રિલોકમંડન હાથી રાવણનો. ચોર્યાશી લાખ હાથીમાં મોટો હાથી. જાતિસ્મરણ થઈ ગયું એને. સમ્યગ્દર્શન થયું એને. ભરતના પૂર્વ ભવમાં સંબંધી હતા. ભરત-ભરત.

મુમુક્ષુ :- રામચંદ્રજીના ભાઈ ભરત.

ઉત્તર :- રામચંદ્રજીના ભાઈ ભરત. કોણ? ભાઈ-ભાઈ. શત્રુઘ્ન. .. જાય છે. હાથીના હોદ્દે બેસીને જાય છે ભગવાનના દર્શન કરવા. કેવળીના. ત્યાં આગળ ભરતને વૈરાગ્ય થયો અને દીક્ષા લીધી. હાથી આમ કરે છે આહા..! શું છે આ? પૂર્વભવે સાથે હતા. એકદમ. પંદર-પંદર દિવસે અપવાસ, ...

મુમુક્ષુ :- આપ તો અપવાસની ના પાડો છો.

ઉત્તર :- આ અપવાસ એટલે અંદર આનંદના લહેરમાં ઈચ્છા ઉત્પન્ન થતી નથી ઈ અપવાસ છે. એટલા અતીન્દ્રિય આનંદમાં મજા કરે છે. આમંત્રે છે આમ. લાડવા ને જલેબી... ઉદાસ-ઉદાસ. હાથી છે. એ તો જડનું કલેવર. ભગવાન ક્યાં જડ છે અંદર? આહા..હા..! જાગતી જ્યોત પ્રભુ બિરાજે છે એના જ્ઞાન તે જ્ઞાન, જેમાં આનંદ આત્માને આવે. આ પરાલંબી જ્ઞાનના પ્રેમ જેમાં દુઃખ થાય એ સુખરૂપી સમ્યગ્જ્ઞાનને ઢાંકી દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે બોલ થયા.

'**શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે...**' ભગવાન આત્માનો સ્વભાવ એ સમ્યગ્જ્ઞાન સ્વભાવરૂપ મોક્ષના આનંદનો ઉપાય એને આ જ્ઞાનના અજ્ઞાનનું અભિમાન એને ઉત્પન્ન થવા દેતું નથી. એ શલ્ય છે ઈ. ત્રીજો બોલ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧, શુક્રવાર, તા. ૧૯-૦૧-૧૯૭૩
## ગાથા-૧૫૭ થી ૧૬૦, પ્રવચન-૨૮૯

૧૫૭ થી ૧૫૯. સમયસાર, પુણ્ય-પાપ અધિકાર. બે બોલ આવ્યા છે. પહેલું એમ કહ્યું કે સમ્યગ્દર્શન એ જ્ઞાનનું સમકિત છે. જ્ઞાન શબ્દે આત્મા શુદ્ધ સ્વભાવ એનું સમકિત એટલે એ આત્માનું સમકિત છે. એ સમકિતગુણને, શુભભાવનો પ્રેમ અને રુચિ એવો જે મિથ્યાત્વભાવ એ સમકિતને ઢાંકે છે. એ શુભભાવનો પ્રેમ એને સમકિત થવા દેતું નથી. સમજાણું કાંઈ? હજી તો અહીં શુભભાવની વધારે વાત છે. એ વિભાવભાવ એની દૃષ્ટિ છે, એની રુચિ છે એ મિથ્યાત્વભાવ એ સમકિતને ઢાંકી દ્યે છે, સમકિતને ઉત્પન્ન થવા દેતું નથી. આમ વાત છે. આહા..!

બીજું. જ્ઞાનનું જ્ઞાન. ભગવાન આત્મા, ૧૬૦માં કહેશે, સર્વજ્ઞસ્વભાવી છે. બંધસ્વરૂપમાં કહેશે, એ ચૈતન્યજ્યોત પ્રકાશની મૂર્તિ એનું જ્ઞાન. એ જ્ઞાનને ક્ષયોપશમજ્ઞાનનું અભિમાન, એની રુચિ એ આ જ્ઞાનને ઢાંકી દે છે. કહો, સમજાય છે કાંઈ? પર તરફનો ક્ષયોપશમ-ઉઘાડ એ ક્યાં વસ્તુ છે. એ પર તરફનો ઉઘાડ વિકાસ એ કાંઈ ચીજ નથી. એ તો એક વિભાવભાવ, વિભાવિક જ્ઞાન પરસત્તાવલંબી છે. એનો જેને પ્રેમ છે અને એ અધિકપણે જ્યાં દૃષ્ટિમાં માન્યું છે એ અજ્ઞાન, જ્ઞાનને ઉત્પન્ન થવા દેતું નથી. કહો, સમજાય છે કાંઈ? એ બે બોલ તો આવી ગયા છે.

ત્રીજો. '**જ્ઞાનનું ચારિત્ર...**' ભગવાન આત્મા એમાં ચારિત્રગુણ તો ત્રિકાળ છે પણ એ ગુણસહિતનો જે ભગવાન આત્મા એમાં રમણતા એ આત્માનું ચારિત્ર છે. સ્વરૂપ શુદ્ધ સ્વભાવ એમાં રમણતા એ ચારિત્ર એ આત્માનું ચારિત્ર છે. '**કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' કે જે પરમ આનંદની પ્રાપ્તિના ઉપાયરૂપ ચારિત્ર તે પરમાનંદના ઉપાયરૂપ સ્વભાવ છે. એ સ્વભાવને પરભાવસ્વરૂપ કષાય, એ રાગનો પ્રેમ અને રુચિ એવો જે મિથ્યાત્વભાવ એ અકષાયભાવની ઉત્પત્તિને રોકે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**પરભાવસ્વરૂપ...**' જુઓ, એટલો સ્વભાવ છેને? મોક્ષના કારણરૂપ એ સ્વભાવ છે એ તો. આહા..હા..! ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ અને શાંતરસનો કંદ એવા તત્ત્વની રમણતા એમાં એ તો એ આત્માનું ચારિત્ર કહેવાય ઈ. અને એ આત્માનું ચારિત્ર મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. એ સ્વભાવને ઉત્પન્ન થવા નથી દેતું. કોણ? એનો ભાવ. એને રાગની મંદતાના પ્રેમ અને રુચિ આડે એ અકષાયભાવ ઉત્પન્ન થતો નથી. કહો, હવે એના બહારની બાયડી, છોકરા અને પૈસા તો ક્યાંય રહી ગયા. આહા..હા..! કાંઈ ન મળે, એની રૂવાંટ પણ ન મળે. સમજાય છે કાંઈ?

અહીંયાં તો ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતરસથી ભરેલો પદાર્થ છે. એનું ચારિત્ર એટલે એમાં રમણતારૂપ અરાગી, વીતરાગી પરિણતિ એને ઉત્પન્ન થવા નથી દેતું. કોણ? એ શુભરાગરૂપી કષાય મળ-મેલ એની એને રુચિ, એની એને અધિકતા એ આડે અંદર ચારિત્રની ઉત્પત્તિ થતી નથી. સમજાણું કાંઈ? માર્ગ બાપા.. આહા..હા..! વીતરાગ માર્ગ છે આ તો. સમજીને સમાઈ જાય એ ચીજ છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનનું ચારિત્ર...**' કહે છે કે જે આત્મદ્રવ્યસ્વભાવ શુદ્ધ ચૈતન્ય એની રમણતા ચરવું, રમવું, ઠરવું એ તો આત્માનું ચારિત્ર છે કે જે ચારિત્ર મોક્ષના ઉપાયરૂપ સ્વભાવ છે. પરમાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષ એનો એ ઉપાયરૂપ સ્વભાવ આ છે.

મુમુક્ષુ :- શુદ્ધ ધ્રુવ સ્વભાવ લેવો?

ઉત્તર :- ધ્રુવ સ્વભાવ નહિ. ધ્રુવ સ્વભાવની રમણતારૂપ પર્યાયની વાત છે આ તો, ચારિત્રની વાત છે. ત્રણેમાં પર્યાયની વાત છે. પછી ત્રણમાં આવશે. અહીં પર્યાય લીધી,

પછી ઓલામાં આવશે. જીવને ઢાંકે છે એમ લેશે. ઓલી ત્રણમાં. પાઠમાં જીવો શબ્દ પડ્યો છેને. અહીં સમકિત પડ્યું છે. '**कसायमलोच्छण्णं**' ત્યાં જીવને ઢાંકે છે એમ લેશે. એટલો ફેર છે.

મુમુક્ષુ :- જયસેનાચાર્યમાં?

ઉત્તર :- પાઠમાં છે, પાઠમાં છે. પાઠમાં છે એટલે અર્થ કરે ને. ... એમ છેને? અને ઓલી ત્રણ ગાથામાં. અહીં તો સમકિતને ઘાતે છે એટલી વાત છે. સમજાણું કાંઈ? ગરીબ માણસને તો બિચારાને બોલવા ન દે. આહા..હા..! એવું જગતની અંદર હોય છે એટલી વાત. આહા..હા..!

અહીં ઈ કહે છે, કષાયનો ભાગ, શુભરાગનો પરિણામનો ભાવ એ મેલ છે. એ વસ્તુ ભગવાન આત્માનો સ્વભાવ જે ત્રિકાળી એમાં જેને રમણતારૂપી ચારિત્ર (છે) એને આ શુભભાવનો પ્રેમ એ અકષાયને ઉત્પન્ન થવા દેતું નથી, ચારિત્રને ઉત્પન્ન થવા દેતું નથી. આહા..હા..! આકરી વાતું ભારે. પંચ મહાવ્રતના પરિણામ એમ કહે છે. પંચ મહાવ્રતના પરિણામનો પ્રેમ, રુચિ એ ચારિત્ર ઉત્પન્ન થવા દેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. અને લોકો એને એમ કહે છે, કુંદકુંદાચાર્યે મહાવ્રત પાળ્યા હતાને, એણે અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા હતાને. ભાઈ! એ પાળ્યા હતા એની વ્યાખ્યા... આહા..હા..! એ તો ચરણાનુયોગમાં એવી ...હોય કે આવો ભાવ હોય એને બતાવે. અને વ્યવહારથી એમ પણ કહે એણે પાળ્યા, રાખ્યા, ... પણ એની વ્યાખ્યા, એનો અર્થ શું? આહા..હા..! હેયબુદ્ધિએ એવો ભાવ આવ્યા વિના રહે નહિ. પણ એને જ્ઞેય, ઉપાદેયબુદ્ધિ જેને એની થાય તો એને ચારિત્ર નહિ ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ? આહા..હા..!

એ રામની રમત... આવે છેને? 'કંચન અને કામિની, ચોકી આડી શ્યામની, રામની રમતને તે જ લૂંટે.' એમ આ શુભરાગની રમતું, પ્રેમ એ ચારિત્રને લૂંટી નાખે, ચારિત્ર ઉત્પન્ન થવા દેતું નથી એમ કહે છે. કહો, એવો માર્ગ છે એ એને સાંભળવા પણ મળે નહિ. સાંભળ્યા વિના એ પરથી ભિન્ન પાડવાનો વિવેક કરે કે દિ'? સમજાય છે કાંઈ? અને પરથી ભિન્ન પાડ્યા વિના સ્વરૂપમાં અભેદપણું કોઈ દિ' ન થાય અને અભેદ થયા વિના મોક્ષનો માર્ગ કોઈ દિ' ન થાય. સમજાણું કાંઈ? લોકોએ તો કાંઈક...

તે પરભાવસ્વરૂપ છે. ઓલો સ્વભાવ છે, ઓલો પરભાવ છે. શુભરાગ એ પરભાવ છે. એવો જે '**કષાય નામના કર્મમળ...**' એટલે ભાવકર્મરૂપી મેલ એમાં એને મળેલ હોવાથી, '**વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે...**' એ ચારિત્રને ઉત્પન્ન થવા દેતું નથી, ચારિત્રને દૂર કરી નાખે છે. આહા..હા..! ઢાંકી દે છે. સમજાણું કાંઈ? ચારિત્રદોષ હોય રાગનો એ હોઈ શકે. મુનિને પણ હોય, શ્રાવક, સમકિતીને હોય, પણ એ દોષને દોષ તરીકે જાણે નહિ અને

દોષના ગુણ તરીકે સ્વીકારે આ દૃષ્ટિ મોટી ખોટી એમ અહીં બતાવવું છે. એમ પંચ મહાવ્રતનો ભાવ દોષરૂપ છે. એને દોષ ન સ્વીકારતા એને એની રુચિમાં એનો આદર કરીને રહે, એને ચારિત્ર આત્માની આનંદદશા ઢાંકી દેશે. કષાયનો મેલ, અકષાયરૂપી ચારિત્ર વર્તમાન પર્યાય ઉત્પન્ન થવી જોઈએ એને ઢાંકી દે છે. સમજાણું કાંઈ?

'**તિરોભૂત થાય છે—જેમ પરભાવસ્વરૂપ...**' મેલ છે એ પરભાવ છે. વસ્ત્રના શ્વેતની અપેક્ષાએ. વસ્ત્રનો શ્વેત સ્વભાવ, ધોળા સ્વભાવની અપેક્ષાએ મેલ એ પરભાવ છે. '**જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ.**' તેમ જેને વિભાવ કષાયનો અંશ જે કણ પણ નાનો એની જેને રુચિ, એના તરફનું એકલું જ્ઞાન વળેલું અને એની જેમાં રમત, એ ત્રણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને તિરોભૂત કરી નાખે છે. વાત આ છે, ભાઈ! માર્ગ તો આ છે.

નિયમસારમાં કહ્યું છે કે તું ભલે પાળી ન શકે, પણ શ્રદ્ધામાં તો બરાબર ધ્યાનમાં રાખજે હોં! કે આત્મદ્રવ્યની દૃષ્ટિ એ સમ્યક્, દ્રવ્યનું જ્ઞાન એ જ્ઞાન અને એમાં લીનતા, રમણતા તે ચારિત્ર. એ સિવાય કોઈ ક્રિયાકાંડ આદિને ચારિત્ર કહે એ નહિ. આહા..હા..! મોળું પાડીશ નહિ ઢીલું. ઢીલો ચારિત્રમાં હોય તોપણ ઢીલો ન પાડીશ શ્રદ્ધામાં, કે આવો પણ માર્ગ છે અને આ રીતે પણ પંચમકાળમાં ચાલી શકે. તારાચંદભાઈ! એમ ન ચાલે. આહા..હા..! અમૃતનો સાગર ભગવાન, અનંત આનંદનો સાગર આત્મા છે અને એમાં નાનો આવડો છે ક્ષેત્ર એટલે એને એની મોટપ ભાસતી નથી. એક સમયનો વિકૃતભાવ પ્રગટ એની મોટપ ભાસતા એને ત્રિકાળી સ્વભાવની મોટપ ભાસતી નથી, મોટપની ભાસનાને એ રોકી દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. આહા..હા..!

'**માટે મોક્ષના કારણનું...**' મોક્ષ નામ પરમાનંદની પ્રાપ્તિરૂપી કાર્ય, એનું કારણ-ઉપાય, '**(—સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું—) તિરોધાન કરતું હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.**' એ શુભરાગરૂપી કાર્ય એને નિષેધવામાં આવ્યું છે. આહા..હા..! હવે એનો .. વ્યવહારચારિત્ર છે એ દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે. ત્રણ બોલ લીધા. ચોખ્ખી વાત થાય તો એમ જ થાયને. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણ જે સાધુના કહેવાય એ વ્યવહારચારિત્ર તે અનિષ્ટ છે. આહા..હા..! વર્જવાયોગ્ય છે, ઘાતક છે, અનિષ્ટ છે અને દુષ્ટ છે. અનિષ્ટ-ઇષ્ટ નહિ, દુષ્ટ-એટલું નહિ પણ એ ઘાતક છે, શાંતિનો ઘાતક છે. આહા..હા..! વીતરાગમાર્ગમાં આ વાત છે. સમજાણું કાંઈ?

મોક્ષ આહા..હા..! પરમ આનંદની પૂર્ણ પ્રાપ્તિ. જ્યારથી પ્રાપ્તિ થઈ તે સાદિઅનંત કાળ (રહે). અહો..! અનંત-અનંત સંસાર સાગરનો જ્યાં અંત આવ્યો અને અનંત-અનંત પર્યાયરૂપી નિર્મળ સાગરની ઉત્પત્તિ થઈ. એના કારણરૂપ ઉપાય તો અલૌકિક હોવા જોઈએને? આહા..હા..!

અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસમાધિ. એનો ઉપાય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એને એ શુભભાવનો, રાગનો કણ એની રુચિ (છે તેને) સમ્યગ્દર્શન થતું નથી. એ વ્યવહારુ જ્ઞાન ક્ષયોપશમનું એ પણ એક શુભભાવમાં ગણવામાં આવે છે. શાસ્ત્રનું જ્ઞાન એકલું એ શુભભાવમાં ગણવામાં આવે છે. વિકલ્પ છેને ત્યાં? અને એનો જેને પ્રેમ અને રુચિ, એ જેને અધિકપણે ભાસ્યું આ એને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન (થતું નથી), તિરોભૂત (કરે) છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અને એ વ્યવહારુ ચારિત્રનો જેને રુચિનો પ્રેમ છે એ પ્રેમને આડે અહીં ચારિત્રની પર્યાયને તે ઢાંકી દે છે.

'**ભાવાર્થ :— સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે.**' એ તો તત્ત્વાર્થસૂત્રનું સૂત્ર છે. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' પણ એને લોકો વ્યવહાર કહે છે કેટલાક, આહા..હા..! એ તો વ્યવહાર મોક્ષમાર્ગ છે. વ્યવહાર મોક્ષમાર્ગ એ માર્ગ જ નથી. એને નથી એને કહેવો એ તો નિશ્ચય હોય એને. આહા..હા..! છપાઈ ગયું છે. કોક પંડિતે છાપ્યું છે કે આ તો વ્યવહાર મોક્ષમાર્ગ છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. છોકરાઓને શીખવવામાં આવે છે. નાની..

ઉત્તર :- ... છેને, ખબર છેને. વાંચી છે, એમાં છે. આહા..હા..! અરે..! ભાઈ! મોક્ષમાર્ગ વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... એટલે ઉપાધિ કેવો પણ... આહા..હા..! હોય ભલે, રાગ હોય ખરો, પણ છે તો એ બંધમાર્ગ. એ બંધમાર્ગના પ્રેમને... સમજાણું કાંઈ?

અંતરાત્મા વસ્તુ જે શુદ્ધ ચૈતન્યઘન એની જે દૃષ્ટિ તે સમ્યગ્દર્શન એને આ કષાયની મંદતાના વ્રત, નિયમ, સંયમ, ક્રિયાના પરિણામ શુભ એ શુભની રુચિ એને સમ્યગ્દર્શન થવા દેતું નથી. સમજાણું કાંઈ? ભગવાનનો પોકાર જગત પાસે છે આ. અરે..! તું ક્યાં પડખે ચડી ગયો? એ પડખું અહીં જોઈએ એને ઠેકાણે અહીં ચડી ગયો એમ કહે છે. ભગવાન ત્રિલોકનાથ ચૈતન્ય પ્રભુ, એને પડખે ચડીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવની પર્યાય પ્રગટ કરવી જોઈએ એ મોક્ષમાર્ગ છે. એને ઠેકાણે તું બીજે રસ્તે ચડી ગયો. ઉગમણે જાવું એ આથમણે ગયો. એ રાગની મંદતા વ્રતની, તપની, ભક્તિની, પૂજાની, દયાની, દાનની એ તો શુભરાગ છે, એ ધર્મ નહિ. આહા..હા..! એ રાગની રુચિએ ગયો એને ત્રણેમાં નુકસાન થયા. સમ્યગ્દર્શન ઉત્પન્ન ન થાય, સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન ન થાય અને સમ્યક્ચારિત્ર ઉત્પન્ન ન થાય. કહો, પોપટભાઈ! આમ વીતરાગનો માર્ગ આવો છે.

રાગના વિકલ્પની દશા જે પંચ મહાવ્રત કે બાર વ્રત કે અપવાસ આદિનો ભાવ એ બધો રાગની મંદતા શુભભાવ છે. એની જેને રુચિ અને પ્રેમ છે એ પડ્યો વ્યભિચારના પ્રેમમાં. આહા..હા..! એ રાગભાવ એ વિકલ્પ છે, વ્યભિચાર છે. એના પ્રેમમાં પડ્યો, વેશ્યાના પ્રેમમાં પડે એમ વ્યભિચારના પ્રેમમાં પડ્યો. આહા..હા..! એને વીતરાગી સમ્યગ્દર્શન ચૈતન્યમૂર્તિ

પ્રભુ એ જ્ઞાનનું સમકિત એટલે આત્માનું સમકિત, વીતરાગસ્વભાવનું સમકિત.. આહા..હા..! એ વીતરાગી સ્વભાવનું જ્ઞાન અને વીતરાગી સ્વભાવમાં રમણતા ત્રણેને એ શુભ કષાયની મંદતારૂપ ભાવ એ ઉઘાડનો ભાવ એ પણ શુભભાવ છે અને પંચ મહાવ્રતના રાગ એની રુચિવાળાને ત્રણેનો અભાવ છે. શેઠ! આવી વાત છે. આહા..હા..! એ.. મૂળચંદભાઈ! આ બધા શેઠિયા થઈને જુઓ, તમે કેટલો વખત ગાળ્યો લ્યો! આહા..હા..! અરે..! આ વાત એણે સાંભળી નહિ. શેઠ! કાને પડી નહિ એને. આહા..હા..! એ તો આ વ્રત કરીએ છીએ અને અપવાસ કરીએ છીએ, આ કરીએ છીએ એ ધર્મ છે. ધૂડેય ધર્મ નથી. કહો, પોપટભાઈ!

અમે દુકાન ઉપર ત્યાં એ કરતા હોં! આઠ દિ' આવીએ, અપવાસ ચાર કરીએ. અને ચોવિહારા અપવાસ કરીએ હોં. પાણી પીવાનું નહિ. આઠ દિ'. પછી નહિ. અને પડિક્કમણા કરીએ સાંજે. ઘડી, બે ઘડી ગાયન ગાય આ. થઈ ગયો ધર્મ લ્યો. બધા ખુશી થાય. એય..! ચીમનભાઈ! તમારે હશેને? .. કરતા હશો કે નહિ કાંઈક? આહા..હા..! પછી ગાઈએ 'જુઓ રે જુઓ રે, જૈનો કેવા વ્રતધારી!' કેવા વ્રતધારી? એ આવે છે. જંબુસ્વામી ને એવું બધું. ભૂલી ગયા. જંબુસ્વામીએ આમ કર્યું, ફલાણાએ વ્રત ધાર્યા લ્યો! વ્રત એટલે શું? અને ધર્મ એટલે શું? આહા..હા..! તમારે કર્યું હશે કે નહિ? વીરચંદભાઈ! નાઈરોબી. નાઈરોબી? ક્યાં છો તમે? બધે એમ જ હોય. આહા..હા..!

મુમુક્ષુ :- અજવાળુ ન હોય ત્યાં અંધારું જ હોય.

ઉત્તર :- એમ જ હોય. શું થાય?જે વસ્તુ જ્યાં અંદર જડી જ નથી.

અહીં તો ભગવાન કહે છે કે જે પંચ મહાવ્રતના અને બાર વ્રતનો ભાવ એ તો રાગ છે. એ ધર્મ નહિ. કેમકે એ તો વૃત્તિનું ઉત્થાન કષાયનો કણ છે. એ વીતરાગમાર્ગમાં કષાયના કણના પ્રેમીને, વીતરાગમાર્ગ જે નિર્મળ દશા ઉત્પન્ન થવી જોઈએ તેને એ રાગનો કણ ઢાંકી દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ગોવિંદચંદજી.. ગોવિંદચજી નહિ. ..ચંદજી! આહા..હા..!

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે. જ્ઞાનનું સમ્યક્ત્વરૂપ પરિણમન...**' આત્મામાં ધર્મની પરિણતિરૂપ સમ્યગ્દર્શન જે ચેતનદ્રવ્યની અનુભવની પ્રતીતિ, જે શુદ્ધ પરિણમન આનંદની પર્યાય સહિત એવું જે સમકિત પરિણમન એ '**મિથ્યાત્વકર્મથી તિરોભૂત થાય છે;...**' એ શુભરાગના પ્રેમથી ઉત્પન્ન થયેલો મિથ્યાત્વભાવ એ મિથ્યાત્વરૂપી કાર્યથી આ કાર્ય રોકાઈ જાય છે. સમજાણું કાંઈ? કહો, કપુરભાઈ! આમાં ત્યાં કલકત્તામાં હતું? એ બધા શેઠિયાઓ કહેવાય.

મુમુક્ષુ :- .. નહોતું તો કલકત્તામાં ક્યાંથી હોય?

ઉત્તર :- એ બધા મોઢાઆગળ પડેલા શેઠિયા કહેવાય. આ જાદવજીભાઈ ક્યાં ગયા? પાછળ બેઠા જુઓ. આહા..હા..!

અરે..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવનો હુકમ અને વાણીમાં, આગમમાં એ આવ્યું. ભાઈ! તારું સમ્યગ્દર્શન એ આત્માનું નિર્મળ સ્વભાવની સન્મુખની સમ્યક્ પ્રતીતિ, સમ્યગ્દર્શનરૂપી મોક્ષના કારણરૂપ સ્વભાવ એને તારા રાગના કણ, વ્રત ને નિયમ ને પૂજા ને ભક્તિનો ભાવ એ રાગના કણના પ્રેમમાં એ સમકિત ઉત્પન્ન થવા દેતું નથી. આહા..હા..! આ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન નથી થતું તો એનું કારણ ક્યાંક એનો પ્રેમ રોકાઈ ગયો છે. સમજાણું કાંઈ? ચેતનજી!

મુમુક્ષુ :- ... ઘટી ગયો છે.

ઉત્તર :- ત્યાં ઘટી ગયો છે. ચીમનભાઈ! તેના અંદર જ્ઞાનના ઉઘાડભાવમાં, કોઈ કષાયની મંદતા બ્રહ્મચર્ય આદિના ભાવમાં... સમજાણું? અંદર રોકાઈ ગયો ક્યાંક. એથી આ આચ્છાદન થઈ જાય છે. આહા..હા..! શું ખુલાસો છેને! કહો, છગનભાઈ!

**'જ્ઞાનનું જ્ઞાનરૂપ પરિણમન...'** ભગવાન આત્મા ચિદાનંદસ્વરૂપ જ્ઞાનાનંદ એનું આત્મરૂપ પરિણમન, આત્મરૂપ જ્ઞાન, આત્મજ્ઞાન, એ આત્માનું આત્મજ્ઞાન. એ **'અજ્ઞાનકર્મથી તિરોભૂત થાય છે;...'** આહા..હા..! એ જ્ઞાનના ક્ષયોપશમભાવના વિકાસની રુચિમાં એ જ્ઞાન સમ્યક્ થવું અટકી જાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

અમારે હીરાજી મહારાજ હતા બિચારા. આહા..હા..! બહુ યાદ આવે. આ બધા સાધારણ કરતા એની લાઈન બહુ જુદી હતી. કષાય મંદ ભાઈ! બ્રહ્મચર્ય ભારે અને કષાય મંદ. વ્યાખ્યાન જોયું હતું? ભાઈ સાંભળ્યું હતું ત્યાં? ૭૧માં આવ્યા હતા ત્યાં રાજકોટ. ઠાકરભાઈ હતાને ત્યારે તો ત્યાં. સેક્રેટરી એને વિનંતી કરી હતી. હીરાજી મહારાજ આવ્યા હતા. ચોમાસુ રહેલા. બહુ મીઠા માણસ હતા. કષાય મંદ ઘણો અને એને અંદર એવું કે અમે સાધુ છીએ હોં. એમ ભાઈ! અમે સાધુ અમારે આ ન હોય, ન ખપે. એમ બોલે. અને વ્યાખ્યાન વાંચે (ત્યારે) હજારો માણસ ડોલે. હીરાજી મહારાજનું વ્યાખ્યાન છે આજ તો. માણસો, શેઠિયાઓ, કરોડપતિઓ ડોલે. વિદ્વાન નહિ, પણ કષાયની મંદતા અને વૈરાગ્ય. દૃષ્ટિની કાંઈ ખબર ન મળે. એ હતું નહિને. એ પુણ્યભાવ અને કષાયની મંદતા એ જ અમારું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આહા..હા..! એ વયા ગયા સ્વર્ગમાં. સમજાણું કાંઈ? કષાય મંદ એટલે વ્યંતર, જ્યોતિષ આદિમાં જાય. એવા એના ભાવ હતા. ઓલો તો શુભભાવ જે નવમી ગ્રૈવેયકમાં જાય એ તો જુદી વાત થઈ ગઈ. આ સાધારણ લૌકિક કરતાં, પણ એ શુભભાવ, મિથ્યાદૃષ્ટિનો શુભભાવ. આહા..હા..! એની શું કિંમત?

અહીં કહે છે, એ આત્મા જે વસ્તુ છે ત્રિકાળી પરમ બ્રહ્મ આનંદ એનું જ્ઞાન, આત્માનું જ્ઞાન. એ જ્ઞાનનું પરિણમન થવું અંદર આનંદના વેદનસહિત એ પરિણમનને અજ્ઞાનરૂપી કાર્ય તિરોભૂત કરી દે છે. સમજાણું કાંઈ? કાંઈક થોકડા આવ્યા, કાંઈક શાસ્ત્ર ભણ્યો હોય, વાતું

કરતા આવડે. મોઢાઆગળ થઈને બેસે. મુળચંદભાઈ! અમે જાણનારા છીએ. આહા..હા..! એ બાહ્યના જાણપણાના અભિમાન, રુચિ એને અંતરનું સમ્યગ્જ્ઞાન થવા નથી દેતું. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો નરમ ઘેશ થઈ જાય. ઘેશ સમજાણું? એ શું કહેવાય ઈ? નરમ ઘેશ કહે છે અમારે. ઘેશ કહે છે તમારે? .. શું કહે? રબડી. રાબડી હોય છેને પાતળી? અમારે ઘેશ કહે છે. એમ નરમ-નરમ અંદર. આહા..હા..!

**'જ્ઞાનનું ચારિત્રરૂપ પરિણમન કષાયકર્મથી તિરોભૂત થાય છે.'** આહા..હા..! ભગવાન આત્માની સ્વરૂપની રમણતા આનંદની દશા, એ રાગના રુચિના પ્રેમમાં અટકેલાને એ આનંદની દશા ઉત્પન્ન થતી નથી. શુભરાગનો પ્રેમ છે તો એ શુભરાગ દુઃખ છે. એ વ્રત, નિયમ, તપના પરિણામ એ બધા દુઃખરૂપ છે. એને લોકો વ્રતને સંવર માને અને તપને નિર્જરા માને. આહા..હા..! સમજાણું કાંઈ? વ્રત એટલે સંવર. સંવર કર્યો લ્યો! આ હિંસા છોડીને અહિંસા કરીએ, પણ અહિંસાનો ભાવ એ રાગ અને આસ્રવ છે. આહા..હા..! એને ભાન કે દિ' છે કાંઈ?

મુમુક્ષુ :- એમ જ થાય છે.

ઉત્તર :- એમ થાય છે એટલે વાત ચાલે છેને. વ્રત લે કાંઈક તો સંવર થઈ ગયો. અપવાસ, તપ કરે તો તપસા નિર્જરા. એ નિર્જરા થઈ ગઈ. ધૂળેય નથી સાંભળને. સંવર ઉત્પન્ન થવો તો અલૌકિક ચીજ છે. અખંડાનંદ પરમાત્મસ્વરૂપ પોતે એનું પ્રતીતપણું સમ્યગ્દર્શન એ સ્વભાવના આદરથી થાય છે. એ રાગના કણના પ્રેમથી એ થાતું નથી. આહા..હા..! આવો વીતરાગમાર્ગ જૈનમાં જન્મ્યા એને સાંભળવા મળે નહિ અને માને કે અમે જૈન છીએ. આ તો દુર્લભ છે એમ વાત ચાલે છેને. આહા..હા..! ...ભાઈ!

**'જ્ઞાનનું ચારિત્રરૂપ પરિણમન કષાયકર્મથી તિરોભૂત થાય છે. આ રીતે મોક્ષના કારણભાવોને...'** મોક્ષના કારણરૂપી પર્યાયને રાગનો પ્રેમ, રાગનું જ્ઞાન અને રાગનો આદર એ ત્રણેને તિરોભૂત કરી નાખે છે. **'તેનો નિષેધ કરવામાં આવ્યો છે.'** માટે ભગવાને રાગની મંદતાની, પરલક્ષીજ્ઞાનની અને રાગના કષાયની મંદતારૂપ મહાવ્રતના પરિણામની નિષેધ કર્યો છે કે છોડ. એની દૃષ્ટિ છોડ અને ભગવાન આત્મા એની દૃષ્ટિ કર અંદર. સમજાણું કાંઈ? લ્યો એ ત્રણ ગાથા થઈ.

## ગાથા-૧૬૦

अथ कर्मणः स्वयं बन्धत्वं साधयति -

सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो।
संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।।१६०।।
स सर्वज्ञानदर्शी कर्मरजसा निजेनावच्छन्नः।
संसारसमापन्नो न विजानाति सर्वतः सर्वम्।।१६०।।

यतः स्वयमेव ज्ञानतया विश्वसामान्यविशेषज्ञानशीलमपि ज्ञानमनादिस्वपुरुषापराध-प्रवर्तमानकर्ममलावच्छन्नत्वादेव बन्धावस्थायां सर्वतः सर्वमप्यात्मानमविजानदज्ञान-भावेनैवेदमेवमवतिष्ठते; ततो नियतं स्वयमेव कर्मैव बन्धः। अतः स्वयं बन्धत्वात् कर्म प्रतिषिद्धम्।

---

હવે, કર્મ પોતે જ બંધસ્વરૂપ છે એમ સિદ્ધ કરે છે :—

તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.

ગાથાર્થ :— [सः] તે આત્મા [सर्वज्ञानदर्शी] (સ્વભાવથી) સર્વને જાણનારો તથા દેખનારો છે તોપણ [निजेन कर्मरजसा] પોતાના કર્મમળથી [अवच्छन्नः] ખરડાયો-વ્યાપ્ત થયો-થકો [संसारसमापन्नः] સંસારને વ્યાપ્ત થયેલો તે [सर्वतः] સર્વ પ્રકારે [सर्वम्] સર્વને [न विजानाति] જાણતો નથી.

ટીકા :— જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (સર્વ પદાર્થોને) સામાન્ય વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મ મળ વડે લેપાયું વ્યાપ્ત થયું હોવાથી જ, બંધ-અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું, આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે (અજ્ઞાનદશામાં) વર્તે છે; તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. માટે, પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

ભાવાર્થ :— અહીં પણ 'જ્ઞાન' શબ્દથી આત્મા સમજવો. જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય

સ્વભાવથી તો સર્વને દેખનારું તથા જાણનારું છે પરંતુ અનાદિથી પોતે અપરાધી હોવાથી કર્મ વડે આચ્છાદિત છે, અને તેથી પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી; એ રીતે અજ્ઞાનદશામાં વર્તે છે. આ પ્રમાણે કેવળજ્ઞાનસ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ આત્મા કર્મ વડે લિપ્ત હોવાથી અજ્ઞાનરૂપ અથવા બદ્ધરૂપ વર્તે છે, માટે એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. તેથી કર્મનો નિષેધ કરવામાં આવ્યો છે.

## ગાથા-૧૬૦ ઉપર પ્રવચન

હવે એ પોતે, પુણ્યના પરિણામ પોતે બંધસ્વરૂપ છે (એમ કહે છે). પરની દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ એ બધો શુભરાગ એ પોતે કર્મ છે, ભાવકર્મ મેલ છે. આહા..હા..! એ '**કર્મ પોતે જ બંધસ્વરૂપ છે...**' એ રાગનો વિકલ્પ ઉઠ્યો વૃત્તિ એ પોતે બંધસ્વરૂપ છે. '**એમ સિદ્ધ કરે છે :—**' ત્રણમાં એમ કહ્યું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો ઉપાય એને રાગના પ્રેમ અને રુચિમાં એ ત્રણે ઉત્પન્ન થવા દેતા નથી. પણ આમાં એમ કહે છે કે એ રાગના પરિણામ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના એ પોતે ભાવ છે પુણ્યનો, બંધસ્વરૂપ જ છે. બંધસ્વરૂપ તે અબંધનું કારણ કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? ૧૬૦. આ સર હુકમીચંદ આવ્યા હતા પહેલા ત્યારે આ ગાથા ચાલતી હતી. ૧૬૦. ૨૦૦૫ની સાલમાં આવ્યાને જ્યારે પહેલા. ભાઈ સાથે હતાને. જીવનધર, નાથુલાલ એ બધા. જીવનધરને આ ખટકતું. આવશે હમણા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ખટકે જ છેને. કર્મને લઈને આમ થાય, કર્મને લઈને આમ થાય. સાંભળને હવે. પુરુષાર્થને લઈને ઊંધા, ઉંધા પુરુષાર્થને લઈને અટકેલો છે. કર્મ શું કરે? 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ.' કર્મ તો જડ છે બિચારા, જડ, માટી. એ તને આવા ઈશ્વર સ્વરૂપને હેરાન કરે? તારી દૃષ્ટિની ઊંધાઈ તને હેરાન કરે છે. સમજાણું કાંઈ? '**सो सव्वणाणदरिसी**' આહા..હા..! ભગવાન આત્મા સર્વજ્ઞાનદર્શીસ્વરૂપ જ છે કહે છે. '**सो सव्वणाणदरिसी**' એટલે? સર્વ જ્ઞેયોને જાણવાનો જેનો સ્વભાવ એવો પોતે સ્વરૂપ છે. આહા..હા..! કોઈ જ્ઞેયને પોતાનું કરવું એ એનો સ્વભાવ નથી. સર્વ જ્ઞેયો જેટલા ત્રણ કાળ, ત્રણ લોકના એનું જાણવું એનું એ પોતાનું સ્વરૂપ એવડું છે. '**सो सव्वणाणदरिसी**' સર્વ શબ્દ પડ્યો છેને?

**सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो।**
**संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।।१६०।।**

સંસારમાં પતીત થયેલો. ભગવાન તો સર્વનો જાણવા-દેખવાનો સ્વભાવ ભગવાન છે. પણ એ પર્યાયના, રાગના સંસારમાં પતિત પડ્યો. '**ण विजाणदि सव्वदो सव्वं।**' એ સર્વથા સર્વને જાણવું એ '**ण विजाणदि**' કેમકે સ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્ય પિંડ સર્વજ્ઞ અને સર્વદર્શીસ્વરૂપ છે. સર્વજ્ઞ અને સર્વદર્શી. એટલે ત્રણ કાળના જ્ઞેયોને જાણવું એટલું એ તો પોતે એવડો છે. સમજાણું કાંઈ?

**તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,**
**સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.**

આહા..હા..! ભારે ગાથા છે. અલૌકિક વાત છે!

'**ટીકા :— જે પોતે જ જ્ઞાન હોવાને લીધે...**' પોતે જ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા હોવાને લીધે. '**વિશ્વને (સર્વ પદાર્થોને)...**' સર્વ જ્ઞેયો. સ્વ અને પર બધા જ્ઞેયો. '**સામાન્ય વિશેષપણે...**' એમાં ખુલાસો હવે કર્યો. પહેલું જ્ઞાન હોવાને લીધે સામાન્ય વાત કરી. જ્ઞાન એટલે આત્મા આખો. પછી એના ભેદ પાડ્યા. '**સામાન્ય વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે...**' દર્શન અને જ્ઞાનને જાણવાના સ્વભાવવાળું છે. આહા..હા..! '**એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય,...**' ભગવાન વસ્તુ સ્વરૂપે તો આત્મા સર્વ ત્રણ કાળ, ત્રણ લોકના જ્ઞેયોને જાણવાના સ્વભાવવાળું એ તો તત્ત્વ છે. જ્ઞાનભાવી, જ્ઞાનસ્વભાવી ભગવાન એને શું જાણવાનું બાકી હોય? કહે છે કે એ તો બધાને જાણવાના સ્વભાવવાળો ચક્ષુ છે. એવો જે ભગવાન આત્મા આવી જેની શક્તિ અને સામર્થ્યરૂપ હોવા છતાં '**અનાદિ કાળથી...**' નિગોદથી માંડીને '**પોતાના પુરુષાર્થના અપરાધથી...**' જુઓ, આમાં વાંધો પડ્યો હતો. જીવનધર હતાને જીવનધર. કર્મને લઈને આમ હોય. કીધું વાંચો તો ખરા અંદર. કાંઈ ખબર ન મળે અને પંડિત થઈને બેસે. પોતાના અપરાધથી છે. નિજ અપરાધ છેને? '**પોતાના પુરુષાર્થના અપરાધથી...**' કર્મને લઈને નહિ.

'**પ્રવર્તતા એવા કર્મ મળ વડે લેપાયું...**' એટલે? કે સર્વજ્ઞ અને સર્વદર્શી જેનો ત્રણ કાળ, ત્રણ લોક જ્ઞેયોને જાણવાનો સ્વભાવ છે. પોતે સ્વજ્ઞેય અને બીજા પરજ્ઞેય. બધાને તો ફક્ત જાણવા-દેખવાના સ્વભાવવાળું એ તત્ત્વ છે. આહા..હા..! સર્વજ્ઞ અને સર્વદર્શી એવું સ્વરૂપ જ એનું છે અને એ ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એમાં પોતે પણ આખો આવ્યો. એટલે એને પોતાનું પૂર્ણ સ્વરૂપ આ બધાને જાણે અને પોતાને જાણે અને પૂર્ણ સ્વરૂપરૂપ આત્મા થાય. એ રીતે ન થતાં પોતાના અપરાધથી. એ રાગની મંદતાના પરિણામને મારા પકડીને એ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રના ઊંધા પુરુષાર્થથી. સમજાણું કાંઈ?

એવા કાર્ય એટલે કે મિથ્યાત્વભાવ, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એવું જે કાર્ય. એનાથી સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવ હોવા છતાં વિકારના કાર્યના મેલથી રોકાઈ ગયો ત્યાં.

એવું આત્મદ્રવ્ય, ભગવાન આત્મદ્રવ્ય ત્રણ કાળ ત્રણ લોકને અને પોતે અનાદિ-અનંત છે એને જાણે ત્યારે બધું આવી ગયુંને? આહા..હા..! પોતે આખો આવો છે. એને ત્રણ કાળ જે આખો પોતે છે એને પણ જાણવાનો સ્વભાવ અને એ જ્ઞાનના અનંત જ્ઞેયો એને જાણવાનો સ્વભાવ છે. કોઈ ચીજને મારી માનવી કે કોઈ ચીજના ભાગ પાડવા કે આ ચીજ ઈષ્ટ છે અને અનિષ્ટ છે એવું વસ્તુમાં નથી, એવું ચીજમાં પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એ પોતાના મેલભાવથી, **'લેપાયું-વ્યાપ્ત થયું...' 'પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મ મળ...'** એમ લીધું છેને? જડ કર્મ એનાથી છે? પોતાના **'પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મ મળ...'** એમ. વિભાવભાવ. આહા..હા..! વિભાવભાવ પુણ્યના પરિણામ, પાપના ભાવ, વિકારી વિભાવ એમાંથી લેપાય ગયો ઈ. 'એ મારા' એમાં રોકાઈને આખો ચૈતન્ય સર્વને જાણવા-દેખવાનો સ્વભાવ હોવા છતાં આવા મેલથી ઢંકાઈ ગયો ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાનાવરણીય, કેવળદર્શનાવર્ણીય કર્મે એને ઢાંક્યો એમ નથી. એ ના પાડે છે અહીં તો.

**'પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મ મળ...'** આહા..હા..! નિગોદના જીવ પણ સર્વજ્ઞ સર્વદર્શીસ્વરૂપી જ છે. જૈનનો સાધુ દિગંબર થયો અનંતવાર. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ (પાળ્યા), પણ એ રાગના પ્રેમની રુચિમાં રોકાઈ ગયો, એ રાગના પ્રેમની ક્રિયાકાંડમાં રોકાયેલો એ આત્માના સર્વદર્શી જ્ઞાનને લેપ છે. આહા..હા..! ઢાંકી દીધો એને. સમજાણું કાંઈ? આ ગાથા ચાલતી હતી તે દિ', વૈશાખમાં આવ્યા હતા. ૨૦૦૧ની સાલ. અઠ્યાવીશ વર્ષ થયા. પંડિત કહે, નહિ. કર્મથી લેપાયો. આ પાઠ **'कम्मरएण'** છે. કર્મનો રજ છે. પણ એ રજનો અર્થ મેલ છે. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી ચક્ષુ જગતના. જાણે-દેખે એવું સ્વરૂપ જ ભગવાન આત્માનું છે. છતાં પોતાના ઉલટા પુરુષાર્થથી એ રાગનો વિભાવ વિકલ્પ જે છે વિકાર એના પ્રેમથી, રુચિથી આખો આવો આત્મા લેપાઈ ગયો છે, આચ્છાદન થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મહારાજ! ... છેને એટલે દ્રવ્યકર્મ લીધું હશે.

ઉત્તર :- હા, એ દ્રવ્યકર્મ લે છે. અહીં તો પુરુષાર્થ છે. પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતું એવું કર્મમળ એમ કહ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, છેને. પછી નહોતા બોલતા. અત્યારે ત્રણે સંપ્રદાયમાં મૂળથી આ વાત.

કર્મને લઈને દોષ થાય, કર્મને લઈને રાગ થાય અને કર્મને લઈને જ્ઞાન ઢંકાય. જે અજ્ઞાનભાવ છે. કર્મને લઈને આત્મામાં દોષ થાય. જ્ઞાન કેમ નથી ઉઘડતું? કે જ્ઞાનાવરણીય કર્મને લઈને.

મુમુક્ષુ :- પંડિત લોકો ..

ઉત્તર :- પંડિત, પણ તમે કેમ હા પાડી? તમારા બાપ પાસે પચાસ લાખ આપ્યા હોય ઓલા ભવે, એમ કહે તો આપો? કેમ શેઠ! કો'ક એવો માણસ આવે કે તમારા પિતાશ્રીને અમે ઓલા ભવમાં પચાસ લાખ આપ્યા છે. તમારી પાસે પૈસા ઘણા છે લાવો. ચાલ.. ચાલ.. મૂર્ખ-પાગલ છો?

મુમુક્ષુ :- જા એની પાસે એ તો એમ કહે.

ઉત્તર :- જા એણે આપ્યા છે તો મરીને તું જા. ત્યાં હા ન પાડે. અહીં ઊંધી હા પાડે છે, એને રુચિ છે માટે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જેટલા રાગની ક્રિયાના પ્રેમી છે એ બધા મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. એ સાધુ હોય કે અજ્ઞાની હો, ગૃહસ્થ હો બધા મિથ્યાદૃષ્ટિ જૈન નથી એ. રાગનો ઈ વિકલ્પ છે એ રાગ છે. મહાવ્રત, તપનો પ્રેમ એ વિકલ્પ છે એ રાગ છે. અને એ રાગના પ્રેમીઓ એ જૈન નહિ. એ અજૈન છે. આહા..હા..! એ અહીં સિદ્ધ કરે છે. તારાચંદભાઈ!

એ ભગવાન સ્વરૂપે પ્રભુ આત્મા પરમાત્મસ્વરૂપી જ છે. ઈ સર્વજ્ઞ, સર્વદર્શી સ્વભાવ જ છે. પૂર્ણ જાણવું-દેખવું એ જ એનો સ્વભાવ. વળી પૂર્ણમાં વળી અપૂર્ણ અને વિપરીત એવું ક્યાં આવે એમાં? એવો એનો સ્વભાવ હોવા છતાં પોતાના અજ્ઞાનના અપરાધને કારણે એ રાગ અને પુણ્યની ક્રિયાના પ્રેમમાં ગયો એ અજ્ઞાનનો અપરાધ મોટો. એ મિથ્યાત્વભાવનો મોટો અપરાધ. એ મિથ્યાત્વભાવથી ભગવાન આત્માનું સર્વજ્ઞ, સર્વદર્શી આચ્છાદન થઈ ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? એ તે દિ' ચાલ્યું હતું બહુ. શેઠ તો બિચારા સાંભળે. શેઠ બહુ ન બોલે. આ બધા પંડિતો ભણેલા હોયને. સાધુ જેવા લૂગડા પહેરીને ફરતા હોય નાગા એ બધા આગ્રહ કરે. નહિ. એ તો કર્મને લઈને થાય, કર્મને લઈને થાય. એ બધા માનનારાઓ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એને નામ જૈન કહેવું એ પણ મુશ્કેલ છે.

અહીં તો બીજી વાત એથી આઘી કે જે અહીં સ્વરૂપ જે સર્વદર્શી સર્વજ્ઞ છે એનો આદર નહિ કરતાં એનાથી વિપરીત જે પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શુભભાવ એ પોતાના અપરાધથી એ ભાવ ઊભો કરેલો મિથ્યાત્વનો એનાથી આત્માનું જ્ઞાન દર્શન આચ્છાદન થઈ ગયું. સમજાણું કાંઈ? આહા..હા..! લેપાયું એમ છેને? '**अवच्छन्नः**' ટીકા એમ છે. '**कर्ममलावच्छन्नत्वादेव**' આહા..હા..! પણ એની એને ખબર પણ નથી કે આ શું છે. એ તો જ્ઞાનાવરણીયનું કર્મ છે તો જ્ઞાન રોકાય ભાઈ! આ શીખ્યા. દર્શનાવરણીય કર્મ છે તો દર્શન રોકાય, ઢંકાય. મોહનીય કર્મનો ઉદય આવે તો સમકિત ન થવા દે, મિથ્યાત્વ

થાય. ચારિત્રમોહનો ઉદય આવે તો વેદ, વાસના, વિકારની થાય. આ શીખ્યા. એ બધી માન્યતા કર્મને લઈને થાય એ માન્યતા મૂઢ જીવની છે. એને જૈન પરમેશ્વરે શું કહ્યું એની ખબર નથી. અજીવતત્ત્વ તે જીવતત્ત્વને હેરાન કરે. કર્મ તો જડ છે માટી, ધૂડ. એ જીવને દોષ કરે અને જીવનું જ્ઞાન ઢાંકે. આ તે કાંઈ.. સમજાણું કાંઈ?

વાઘને ગલુડિયું બોલવા ન દે. વાઘ હોયને વાઘ મોટો. સિંહ જેવો વાઘ. વાઘને આવું ન હોય. કેસરી-કેસર હોય. આદિવાસીઓ હોય છેને, એ વાઘને બીજી રીતે માને. દેવ માને. પૂજા કરે એની. આદિવાસીઓ વાઘ... સિંહને એટલે કોઈ શિકાર તો કરે નહિ પણ એને દેવ માને. એવી માન્યતા હતી પહેલી. હવે તો શિકારમાં હવે તો કેટલા થઈ ગયા. બહુ શક્તિવાળા હોયને એને ઈશ્વર તરીકે એટલે મોટા તરીકે માને, દેવ તરીકે. આહા..હા..! એની પાસે કુતરીનું બચ્ચું ગલુડિયું. શું કહે છે તમારે? કુતરીનું બચ્ચું. પીલ્લા. એ વાઘને મારે. એમ ભગવાન આનંદનો નાથ પૂર્ણ વીર્યનો કંદ છે. એને કર્મ જડ માટી નુકસાન કરે. આહા..હા..! આવી જૈનમાં ઊંધાઈ. એ જૈનની શ્રદ્ધા જ એને નથી. જૈન કોને કહેવાય એની ખબર નથી. કહો, તારાચંદભાઈ! આહા..હા..!

**‘પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા...’** આહા..હા..! વિકારરૂપી મેલ એનાથી ભગવાન ત્રિકાળી સર્વજ્ઞ સર્વદર્શી લેપાણો છે. લેપ આડો આવી ગયો. સમજાણું કાંઈ? એવું **‘વ્યાપ્ત થયું હોવાથી જ,...’** પાછું એમ. **‘બંધ-અવસ્થામાં...’** આ બંધ. રાગના પ્રેમની બંધદશામાં. રાગ બંધસ્વરૂપ છે એ પહેલા આવી ગયું. એ બંધસ્વરૂપ છે એ વર્ણવે છે આ. એની ગાથા છે આ. પહેલા આવી ગયું હતું ઓલા ત્રણમાં. ઢાંકનારું, બંધસ્વરૂપ છે અને ઉત્પન્ન થવા દેતું નથી. વિપરીત છે. રાગ જે વિકલ્પ ઊઠે છે એ અબંધસ્વરૂપી ભગવાનમાં એ બંધસ્વરૂપ છે. આહા..હા..! એ બંધસ્વરૂપી આત્મા એ અબંધપણાને પામે બંધના ભાવથી, બિલકુલ નહિ. એની રુચિ ત્યાં પડી છે અનાદિની. સાધુ થયો, દિગંબર થયો, નગ્ન થયો, હજારો રાણીને છોડી, પંચ મહાવ્રત ધારણ કર્યા, પણ એ રાગનો ભાવ છે તેના પ્રેમનો એ ભાવબંધમાં અટકેલો છે ઈ. છે ઈ ભાવબંધ અને એને માટે માન્યો ધર્મ એને. આહા..હા..!

**‘બંધ-અવસ્થામાં સર્વ પ્રકારે...’** એ રાગમાં અવસ્થા જે રાગની છે એ બંધ અવસ્થા છે. એવી અવસ્થામાં પોતે સર્વને જાણનાર-દેખનાર હોવા છતાં **‘સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને...’** એમ. સર્વ શબ્દ પડ્યો છેને. ત્રણ કાળ, ત્રણ લોકના જ્ઞેયોને એક સમયમાં જાણવાનો જેનો સ્વભાવ છે. એવા પોતાને જાણતો નથી, બંધભાવને જાણે છે. સમજાણું કાંઈ? એથી એને સમ્યગ્દર્શન થતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ-૨, શનિવાર, તા. ૨૦-૦૧-૧૯૭૩**
**ગાથા-૧૬૦ થી ૧૬૩, પ્રવચન-૨૯૦**

૧૬૦ ગાથા, પુણ્ય-પાપ અધિકાર. છતાં એ કર્મ પુણ્ય અને પાપના ભાવ એ કર્મ એની રુચિ અને એના જ્ઞાનમાં અને એમાં એકાગ્રતા થવી, આવો સ્વભાવ લોપાઈ ગયો છે, આચ્છાદન થઈ ગયો છે. સમજાણું કાંઈ? એ ... આવ્યું છે એનો અર્થ... અધ્યાત્મ તો બહુ સારું ચાલ્યું છે. પણ કોઈક પંડિત કોક હશે, આમાંનો હશે, કોણ હશે? અધ્યાત્મની વાત તો આમ જ છે. પણ એને ... હોય છે એને સિદ્ધ સમાન થવાની શક્તિ છે એવો ... નથી. આત્મા સિદ્ધ સમાન છે એ હક તો એને અન્યાય અને ... હોવો જોઈએ. પોપટભાઈ! માંસ ને દારૂ ને મદ ને અભક્ષ્ય ખાતો હોય એને આ વાત રુચે કેમ? સમજાય છે કાંઈ? અને વેપાર-ધંધામાં પણ એકલા અન્યાયથી કામ લેતો હોય. વાત સાચી છે એની. ... અધ્યાત્મ પ્રશંસાયોગ્ય છે. નિગોદમાં ... નથી. ... કરતા હતા એમાં આ વાત પંડિતે કરી. એટલે લોકો ... અધ્યાત્મની વાત .. હતી એમાં કાંઈ કરવાનું નહિ આ બહારનું એ વાત ઠીક પડતી એને. આહા..હા..! અરેરે..! અરે..! ભાઈ! એમ .. નથી. સાધારણ જીવન જૈનનું વાડાનું સાધારણ જૈનને એવું હોય કે જેમાં માંસ, દારૂ, મદ એ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ખરેખર તો રાત્રિભોજન પણ એમાં જીવાત મરે, એ સાધારણ પ્રાણી જૈનને ન હોય. સમજાણું કાંઈ? એમાં ત્રસ પડે છેને. ખીચડી-કઢી હોય અને રાતે ત્રસ પડે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો .. કાંઈ આવું હોય? ...માં હોય. એ તો કહ્યું. તે દિ' દુકાન ઉપર હતા ત્યાં એને કહ્યું. આ ખોટું છે. અથાણું. અથાણું સમજો છો? આચાર. આચારમાં પણ અત્યારે.. ખાવા બેઠેલા. ત્યાં એક અમારે હતા ..બહેન. ... એ આથણું લેવા ગયા. તો બરણી હતી. બરણી સમજો છો? કાચની આવડી મોટી. મોટું ઘર હતું. ૩૦ માણસ ઘરમાં. .. ડબો આખો રાખતા. ૨૦-૩૦ માણસ. એ બરણી લેવા ગયા અને મારું .. ક્યાંથી લાવ્યા આ? એ ડામચ્યો હોયને? ડામચ્યો સમજો છો? ગાદલા રહેને ગાદલા. ગાદલાને શું કહે છે? રજાઈ. ... કરે એની નીચે જગ્યા હોય. એમાં ઓલી બરણી પડી હોય બરણી. આથણું ખાવ. ઢાંકણું હોયને એને ઢાંકી દીધું હોયને મેલું. એના હાથ મેલા હોય અને આથણું .. મેલા જ હોય લૂગડા. એ જોવા હું ગયો તો એમાં તો કંથવા. અરેરે..! કીધું આ તો કંથવા.

આ તો ... કરીને .. કરીને.. પણ એને ક્યાં પડી હોય? .. ત્રસ મરે. કંથવા. કંથવા સમજો છો? જીવાત. કંથવા.. તમારે નામ તો હશે. જીણા, જીણા કંથવા નથી થતા? બહુ હોય. એ આથણાની બરણી ઉપર ઓલું મેલું કપડું હોયને. એમાં ઉતાવળમાં જ્યાં ખાવા બેઠા અને આથણું લેવા જાય તો આમ આમ કરે તો થોડું એમાં પણ પડે. એ મેલમાં જીવાત છે. એ વસ્તુ તો ખરેખર તો સાધારણ જૈનને પણ ન હોય. એય..! મૂલચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુંબઈની વાત છે એટલે શું? એક.. વાત એટલી છે. એય..! ચેતનજી! જેમાં ત્રસના હિંસા આદિ .. એ તો હોય નહિ. સમજાણું કાંઈ? એ તો તે દિ'થી એમ થયું હતું હોં! ભાઈ, આથણું આવું હોય ઈ આપણે ...

મુમુક્ષુ :- .. બધાને લાગુ પડે.

ઉત્તર :- લાગુ પડે એના માટે તો કહીએ છીએ. એય..! નહિતર તો એ વખતે જુવાન અવસ્થા હતી, દુકાન ચાલતી હતી. બધું હતું. પણ ... આવા આથણા અને રાત્રે ખાવું. .. દીક્ષા પહેલા ચાર વર્ષ. ૬૪ વર્ષથી ચોવિહાર છે હોં. રાત્રે આહાર-પાણી બિલકુલ નહિ. ૬૪ વર્ષ થયા. આહાર-પાણી નહિ, આથણું નહિ. ત્રસ છે એમાં કીધું. એય..!

અહીંયાં તત્ત્વદૃષ્ટિ જેને કરવી છે, જેમાં રાગનો કણ નથી એવો નિર્મળાનંદ જેની પ્રતીતમાં જોવે છે એની વ્યવહારની શુદ્ધિ આવી તો હોય જ છે. સમજાણું કાંઈ? એય..! ત્રસ-ત્રસ. ત્રસનો ખોરાક. ... રાત્રીનો ત્યાગ કર્યો છે. આ જીવ આવે, કઢીમાં પડે. .. આવ્યા હોય. ... નહિ. સ્થિતિ એવી ... તમારા દીવા બળે એમાં જીવાત પડે... એવી રીતે જેનો ત્રસનો ખોરાક હોય એવી સ્થિતિ તો, આવું અધ્યાત્મ જેને સાંભળવું હોય... સમજાણું કાંઈ? એ પહેલા મશ્કરી કરી હતી, પણ વાત એની સાચી હતી. પંડિત નામ ધરાવે, તત્ત્વની દૃષ્ટિની વાતું કરે, આત્મા સિદ્ધ સમાન છે, એ ગાથા નિયમસારની છે. આત્મા સિદ્ધ સમાન છે. આત્મા શક્તિએ સિદ્ધ છે. સિદ્ધ છે એ વ્યક્તિએ સિદ્ધ છે, પણ આવી વાતમાં આવા ત્રસના ખોરાકનો પણ જેને અભક્ષ્યનો ત્યાગ ન હોય એને નહિ રુચે એ વાત. ... ન જ જોઈએ. અહીં તો ઈ વાત છે. એય..! ચીમનભાઈ!

અન્યાય. શ્લોક મૂક્યો છે. શું કહ્યું? ... આમ પહેલા વખાણ કર્યા છે હોં બહુ. ચેતન ચિત્ત પરિચય વિના જપ, તપ, સબ નિરર્થક, .. બિન .. ત્યાં સુધી વાત થઈ. નલકા પાણી જો નિત્ય પીએ, કલકા આટા ખાકર જીએ. એ તો પંડિતે લખ્યું હોં એણે ને એણે. જેને ... 'નલકા પાની જો નિત્ય પીએ, કલકા આટા ખાકર જીએ, .. ઔષધિ .. પીએ તો તે ...' કાંઈક બીજું હતું. શ્લોક છે. પછી? એ પંડિતજીએ અધ્યાત્મ.. શૈલીમાં લીધું છે. એ કહેનારે આ કહ્યું છે, કોઈ બીજાએ કહ્યું છે એમ નહિ. બરાબર બધી વાત..... 'અધ્યાત્મ

વાદ કે બઢતે ચરણ દેખકર, જગહ જગહ દેખને કો મિલતા હૈ. જો સમાજ કે નર-નારીઓં કે હિત કે .. અધ્યાત્મિક ચર્ચા સુનને કો દૌડે ચલતે હૈ. ઈસ બાર તો .. દેખકર ઐસા પ્રતીત હોતા હૈ કિ જૈસે ચતુર્થ કાલકા પુનઃપદાર્પણ હો ગયા હો.' એ તો બિચારા .. હતાને. એની વાત સાંભળી... 'અતિ પ્રસન્નતા કી બાત હૈ ઔર અતિ ગૌરવ કી બાત હૈ ઔર ભૂરી ભૂરી પ્રસંશા કિયે બિના રહા જાતા નહીં ઔર હોના ભી યહી ચાહિયે. ક્યોંકિ ઐસી અનુપમ સુંદર કથનીકો સુનકર પ્રશંસાકે વચન નીકલતે હૈં. .. જ્ઞાનાવરણીય કર્મકા ક્ષયોપશમ હોકર સ્વયંકે જ્ઞાન કા વિકાસ હોતા હૈ. .. પ્રશંસા કરો તો જ્ઞાનાવરણીય કર્મકા બંધ હોતા હૈ.

લેકિન મૈને એક જગહ યહ દેખા. એક વિદ્વાન કા અધ્યાત્મિક પ્રવચન હો રહા થા. ઉસ દોરાન કહા સંસાર.. હૈ. અરિહંત, સિદ્ધ પરમાત્મા કે .. કોઈ અંતર નહીં.' એવી વાત કરી છે. .. પછી ચર્ચા કરતાં-કરતાં પંડિતજીએ આ શરૂ કર્યું, એણે ને એણે હોં. 'વાસ્તવિકતા તો અધ્યાત્મિક પ્રવચન કો સુનના હી હૈ. પ્રત્યેક માનવકો દ્રવ્યદૃષ્ટિસે ઐસા હી અનુભવ કરના ચાહિયે. મૈં સિદ્ધ સદૃશ હું. અજર, અમર, અવિનાશી ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવિક ચૈતન્યમાત્ર મૂર્તિ અમૂર્તિક ... નિર્મળ ધ્રુવ અચળ અનુપમ હૈ, અખંડ પ્રદેશી હૈ. ઐસા અનુભવ કરને સે અપની મહાન આત્માકા બહુમાન આતા હૈ. ઔર ઐસા બહુમાન આયે બિના કુછ ભી કિયા કરેગા તો સબ વ્યર્થ હૈ.' પછી આ મૂક્યું છે ચેતનજીએ. 'ઈતની વાર્તા સબ સુનકર ... લેકિન જબ પંડિતજીને ખુદ સબકા ધ્યાન ઈસ બાતકી ઓર આકર્ષિત કિયા કિ યહ બાત આપકે હૃદયમેં કબ પ્રવેશ કરેગી? કૈસે ધર્મકે અંકુર જમેંગે? સાથ સાથ યહ બાત ભી મૈં બતા દેતા હૂં. જરા સબ લોક દિલકો મજબુત કરકે સુનિયેગા. યહ તો મૈંને નિશ્ચય વસ્તુ કા .. કરાયા, લેકિન સાથમેં કડવી ઔષધિયોંકો ઠીક કરને કે લિયે કહતા હૂં. રોગકો ઠીક કરનેકી સામર્થ્યતા ઉસીમેં હૈ. સોનેમેં સુહાગાકા કામ .. સોને બિના સુહાગા ... શુદ્ધ હોનેપર સુહાગી કી કોઈ જરૂરત નહિ. ઈતની બાત સુનકર સુનનેવાલા .. ખડે હો જાયે. ખડે હો જાયે. યહ ક્યા કહને જા રહે હો? પંડિતજીને કહના શુરૂ કિયા.

'નલકા પાની જો નિત્ય પીએ, કલકા આટા ખાકર જીએ.' કાલનો લોટ હોયને જીવાત હોયને, જીવાત પડી જાયને અંદર? એય..! મહેન્દ્રજી! આ તો આમાં '.. ઔષધિ લોક પીએ. કૈસે ધર્મ વસે' ત્યાં પણ પછી ... 'ન્યાય નીતિ સે .. ન કરે. સટ્ટા દટ્ટા .. ભરે ... કૂડકપટ કર પરધન હરે કૈસે .. ધરે?' ... ... આપણે તો એમાંથી... કહો, પોપટભાઈ!

જેને આવો આત્મા... આહા..હા..! જેને રાગનો કણ નહિ, સંયોગી ચીજનો ત્રણે કાળ જેમાં અભાવ. એવી જેણે દૃષ્ટિ કરી. આહા..હા..! ..માં કષાયની મંદતાની સ્થિરતા ત્યાં હોય જ. સર્વજ્ઞ સર્વદર્શી કેમ બેસે આ? જેના હૃદય મલિન, અન્યાય અને અભક્ષ્યના સેવન એને

અંદર આ આત્મા અંદર આ વસ્તુ (કેમ રુચે)? સર્વજ્ઞ સર્વદર્શી સ્વરૂપી જ આત્મા છે. આહા..હા..! વર્તમાન અલ્પજ્ઞતા અને રાગનો સંબંધ નિમિત્તે.. એને આ વાત બેસવી. તારાચંદજી! શુદ્ધ જ્ઞાનઘન જે પર્યાયમાં પ્રગટ નથી. પ્રગટતા તો અલ્પજ્ઞની છે અને રાગના સંબંધવાળી તે અલ્પજ્ઞતા છે. એને અંદરમાં એ અલ્પજ્ઞ અને રાગના સંબંધ વિનાનું સર્વજ્ઞ સર્વદર્શી સ્વરૂપી આત્મા છે. એ ... આમાંથી .. સમજાણું કાંઈ? આહા..હા..! આ કોઈ આલીદુઆલીને બેસી જાય એવી વાત નથી. આહા..હા..! એને અમુક જાતના ભાવ હોય. ... પણ અમુક શૈલીના ભાવ તો એને ન હોય. એટલું તો એનું નીતિ ન્યાયનું જીવન લૌકિક પણ યથાર્થ હોવું જોઈએ.

કહે છે... આહા..હા..! જુઓને! '**જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (સર્વ પદાર્થોને) સામાન્ય વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે...**' આહા..હા..! એ તો ભગવાન આત્મા, જેની પર્યાયમાં આવો આત્મા છે એમ બેસવું એ પર્યાયમાં હજી આવી નથી ચીજ. પર્યાય સમજાય છે? આ વર્તમાન અવસ્થા એમાં એ આવી નથી ચીજ. પર્યાયમાં તો અલ્પજ્ઞપણું છે અને રાગનો સંબંધ છે. એને અંદરમાં આ વાત બેસે છે. આહા..હા..! કે જે ભગવાન આત્મા પોતે જ જ્ઞાન હોવાને લીધે. એને જ્ઞાન પરથી કરવું છે, .. એવું કાંઈ છે નહિ. આહા..હા..! '**પોતે જ જ્ઞાન હોવાને લીધે...**' આ કારણે કહે છે. '**વિશ્વને (સર્વ પદાર્થોને) સામાન્ય વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય,...**' આહા..હા..! સિદ્ધ જેવો પર્યાયે એમ નહિ. આ તો દ્રવ્ય આવું છે. સિદ્ધ જેવી પર્યાયવાળો છે એમ પણ નહિ. આ તો શક્તિમાં એવો એનો સ્વભાવ છે. સર્વને જાણવું-દેખવું. કેમકે જેનું સ્વરૂપ જ્ઞાન છે એ જ્ઞાન તો સામાન્ય-વિશેષપણે પોતે જ સર્વને એક સાથે જાણે એવું જ એનું સ્વરૂપ અને તત્ત્વ છે એ તો. આવા આત્માને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ આવું આત્મદ્રવ્ય અનાદિ કાળથી... આવું તો સ્વરૂપ એનું ત્રિકાળ છે. નિગોદમાં પણ વસ્તુ તો સર્વને જાણવું-દેખવું, જ્ઞાનસ્વરૂપ એવો જ એનો સ્વભાવ છે. આહા..હા..! એવા અનંતા નિગોદને, અનંતા નિગોદને, એવા અનંતા અભવિને પણ એ જ્ઞાનસ્વભાવી વસ્તુ સર્વને જાણવા-દેખવાના સ્વભાવવાળું એ તત્ત્વ છે. બધા આત્મા હોં! પણ જેને પર્યાયમાં અહંપણું વર્તે છે, રાગમાં જેને અહંપણું વર્તે છે એવા ભાવથી... આહા..હા..! એવા '**પોતાના પુરુષાર્થના અપરાધથી...**' હવે આવશે. કોઈ કર્મને લઈને નહિ. ... આવશેને. .. આવ્યું હતું. જુઓ, એમાં કર્મ છે. ... કર્મને લઈને સમકિત રોકાઈ ગયું. એવો પ્રશ્ન છે ... જુઓ, આમ હોવા છતાં.. પ્રવચનસાર... ... હોવા છતાં ... એમાં એ દ્રવ્યમોહથી મિથ્યાત્વ... ત્યાં સમકિત મોહનીય ... અરે..! ભાઈ! હવે સાંભળને.

અહીં તો પોતાનો પર્યાયનો અપરાધ છે એ દ્રવ્યને આચ્છાદન કરે છે. સમજાણું કાંઈ?

કર્મ એ તો પરવસ્તુ છે. એને લઈને શું માંડી છે? ... આવો ભગવાન અંદર જ્ઞાનનો સાગર, જ્ઞાન-દરબાર જેનો, જેમાં સામાન્ય અને વિશેષ એવા બે નહિ, એક સાથે એક સમયમાં જણાય એવા સ્વભાવવાળું એ તત્ત્વ છે. ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞેયો એમાં કોઈ જ્ઞેયને મારું માનવાનો એનો સ્વભાવ છે નહિ. રાગને મારો માનવાનો સ્વભાવ નથી, પણ અલ્પજ્ઞ પર્યાય તે એટલો હું એવો પણ એનો સ્વભાવ નથી. આહા..હા..! એનો સ્વભાવ તો આવો છે. ...

ભગવાન પરમાત્મા પોતે સાક્ષાત્ એવો એને આત્મા કહીએ. એ આત્મા **'અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી...'** ઓહો..! એ જ્ઞાનનો ક્ષયોપશમ હો કે રાગ શુભ હો, એનું અભિમાન અને એમાં રુચિને લઈને એ પોતાનો ઊંધો પુરુષાર્થ છે. આહા..હા..! એ પોતાના પુરુષાર્થથી. કર્મને લઈને નહિ. **'પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મ મળ...'** અલ્પજ્ઞતા અને રાગની પર્યાય એ બધું મળ છે. એની બુદ્ધિએ એને અવરાવી નાખ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવું **'લેપાયું વ્યાપ્ત થયું હોવાથી જ, બંધ-અવસ્થામાં...'** એ વર્તમાન રાગ અને અલ્પજ્ઞની પર્યાયમાં એકત્વબુદ્ધિ તે બંધ અવસ્થા છે. સમજાણું કાંઈ? એનો સ્વભાવ તો મુક્તસ્વરૂપ જ છે. સર્વજ્ઞ, સર્વદર્શી એ સ્વભાવ મુક્તસ્વરૂપ છે. પણ પર્યાયમાં એક સમયની અવસ્થાની રુચિ અને પ્રેમમાં એક સમયની દશા અને રાગની રુચિના પ્રેમમાં... કારણ કે પર્યાયબુદ્ધિ જ્યાં છે એ આમ આઘો જાય તો રાગમાં જ જાય, એ અંદરમાં જાય નહિ. બરાબર? પંડિતજી! કહે છે, એ ભગવાન તો પરમ જ્ઞાન દર્શનનો પિંડ જ છે. એ સૂર્ય ચૈતન્યસૂર્ય જેમાંથી કિરણ નીકળે તો કેવળજ્ઞાનના કિરણ આવે. એવો ભગવાન હોવાથી જ. એવો હોવા છતાં અનાદિ કાળથી પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, વિકારબુદ્ધિ, વિભાવબુદ્ધિ એ પોતાનો અપરાધ છે. સમજાણું કાંઈ? .. એમ આવે છેને? ... આવે છે. ઉપર જાય છેને? ... એવું આવે છે. ... અહીં કહે છે, અરે..! કૃષ્ણ! કર્મ કૃશે સો કૃષ્ણ કહીએ. અપરાધને નાશ કરે તે કૃષ્ણ આત્મા કહીએ. સમજાણું કાંઈ? એવા અપરાધની દશામાં બંધ અવસ્થામાં.. એમ. **'સર્વ પ્રકારે...'** સર્વ પ્રકારે **'સંપૂર્ણ એવા પોતાને...'** બધા દ્રવ્યો, બધા ક્ષેત્ર, બધો કાળ, બધા ભાવ એના **'સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને...'** એમ. કેવો છે એ આત્મા? સર્વ જ્ઞેયોને જાણનારો એવો પોતે આત્મા છે. એ પર્યાયબુદ્ધિ અને રાગની રુચિમાં તેને આ બંધ અવસ્થામાં આ લુપ્ત થઈ ગયો છે. સમજાણું કાંઈ?

**'એવા પોતાને નહિ જાણતું થકું,...'** ખરેખર તો એ પરને જાણે છેને એકલો? એ અજ્ઞાનભાવ છે. રાગનું જ્ઞાન, રાગની રુચિ અને રાગમાં રહેવું. ત્રણ. અથવા પર્યાયની રુચિ,

પર્યાયનું જ્ઞાન અને પર્યાયમાં રહેવું. સમજાણું કાંઈ? એનાથી એને લઈને એ પોતાનો અપરાધ છે. આહા..હા..! 'સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા...' એ એટલો એવડો આત્મા છે. સર્વ જ્ઞેયોને અને સર્વ પ્રકારે. આહા..હા..! આવો ચૈતન્ય ચમકતો સૂર્ય પ્રભુ છે. દેહદેવળમાં અનંતા ચૈતન્યના સૂર્યવાળો આત્મા છે. આ સૂર્ય તો એક છે. એવા અનંતા સૂર્યને પ્રકાશે એવો પ્રકાશનાર છે. એવો 'સર્વ જ્ઞેયોને જાણનારા એવા...' સર્વ જ્ઞેયોને જાણનારો સ્વભાવ એવો એ પોતાનો નથી જાણતો, પરને જાણે છે. અલ્પજ્ઞમાં રાગને અને પરને જાણતા અટક્યો. સર્વ જ્ઞેયોને જાણનારો એવો આત્મા. એવા આત્માને જાણતો નથી. બંધ અવસ્થામાં, પર્યાયબુદ્ધિમાં અટકેલો બંધ અવસ્થામાં. સમજાણું કાંઈ? માર્ગ બહુ આકરા છે, ભાઈ!

.. કહ્યું નહિ ભાઈ! આ .. નહિ? ... ... આમ કરે. થઈ રહ્યું. લેવા ન ગયા મડદાને. ન લેવા જાય. મરી જાય તો ગયા. આહા..હા..! એમ પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ મોટી ... છે. આહા..હા..! એવા અપરાધને લઈને, પોતાના ઊંધા પુરુષાર્થને લઈને સર્વ જ્ઞેયોને જાણવાવાળો એવો પોતે પોતાને જાણતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ ટીકા છે! ટીકા તે ટીકા પણ આવી છે!! અમૃતચંદ્રાચાર્યે તો સૂરજનો પ્રકાશ જેમ હોય અનંતા સૂર્યનો, જેના પ્રકાશમાં અનંતા સૂર્ય એવી અનંતગુણા, અનંતગુણા ત્રણ કાળ, ત્રણ લોક... ત્રણ કાળ, ત્રણ લોકમાં તો આ અસંખ્ય ચંદ્ર અને સૂર્યથી તો અનંતગુણા ત્રણ કાળમાં થઈ ગયા. એવા અનંતા સૂર્ય અને અનંતા ચંદ્ર. છાંસઠ હજાર એકસો પંચોતેર ક્રોડા ક્રોડી તારા. એક એક ચંદ્ર સૂર્યનો પરિવાર. ૬૬ હજાર, ૬૬ કરોડ. ... કોણે કહ્યું? ૬૬ કરોડ, ૭૫ હજાર એક સો ચોર્યાસી તારા. એવા અનંતા સૂર્યો ... ત્રણ કાળ ... જેના પ્રકાશમાં કોઈ બાકી પ્રકાશ્ય વસ્તુ રહે નહિ. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એ બંધ અવસ્થામાં આવા આત્માની પ્રતીત કરી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! બાપુ! આ તો મોક્ષમાર્ગ છે, ભાઈ! આહા..હા..! સર્વજ્ઞો ત્રિકાળ જ્ઞાનીએ જ્યારે ગણધરોની સમક્ષમાં આવા માર્ગની ધારા ચાલતી હશે... આહા..હા..!આહા..હા..! જ્યાં અર્ધલોકના સ્વામી ઇન્દ્રો જેને ૩૨-૩૨ લાખ વિમાન. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ. એવી ઋદ્ધિના ધણી, પણ જેને એ ઋદ્ધિ મારી નહિ, એ રાગ એ નહિ, એક સમયની પર્યાય જેટલો હું નહિ. એવું જ્યારે ભગવાનના મુખથી આવતું હશે અને એ સભા લાખો, કરોડો... આહા..હા..! શાંત... શાંત... શાંત...

અરે..! ભગવાન! તું સર્વ જ્ઞેયોને સર્વ પ્રકારે, સર્વને સર્વ પ્રકારે સર્વને જાણવાનો તારો સ્વભાવ એવડો તું છો. પણ રાગ અને પર્યાયબુદ્ધિમાં પુરુષાર્થથી અટકેલો ... એને જાણતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, શેઠ! આહા..હા..! ચોપડામાં નામા કેટલા કરતા હશે? આહા..હા..! ભગવાન નિર્વિકલ્પ પૂર્ણ સ્વરૂપને જાણનાર, કોઈ જ્ઞેય બાકી ન રહે એના

જાણવામાં. એ પણ જ્ઞેયના સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને (જાણે) એવો જે ભગવાન આત્મા એ પર્યાયબુદ્ધિવાળો જીવ પોતાના પુરુષાર્થથી ઉલટી દૃષ્ટિવાળો આવા આત્માને માની શકતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું,...'** એને જ્ઞેય નહિ બનાવતું થકું બંધ અવસ્થામાં **'આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે (અજ્ઞાનદશામાં) વર્તે છે;...'** આહા..હા..! આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે વર્તે છે. સ્વરૂપના જ્ઞાન-ભાન વિના. સમજાણું કાંઈ? **'તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.'** કારણ કે રાગ અને પર્યાયબુદ્ધિ એ બંધસ્વરૂપ જ છે બધું. એની દૃષ્ટિ હોવાથી એ બંધસ્વરૂપમાં અટક્યો છે. અબંધ એવો ચૈતન્ય સર્વને જાણવા-દેખવાના, સર્વ જ્ઞેયોને જાણવા-દેખવાના સ્વભાવવાળો ભગવાન આ બંધ અવસ્થામાં આને જાણતો નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! કહો, સમજાણું કાંઈ? અહીં તો જરી એલ.એલ.બી. ભણે અને બી.એ. ભણે ત્યાં એને એમ થઈ જાય કે આહા..હા..! આપણે ... એમાં અમેરિકામાં ભણવા ગયો હોય, ત્યાંથી ઉતરીને કાંઈક લાખ, બે લાખ રૂપિયા લાવતો હોય. દેવમાંથી ઉતર્યા જાણે. ચીમનભાઈ! ... આહા..હા..!

ભાઈ! તું ક્યાં રહી ગયો? ક્યાં અટક્યો છો? તારું સ્વરૂપ તો જ્ઞેય જેટલા તેને સર્વ પ્રકારે જાણનારો તું છો. આવા અસ્તિત્વનો સ્વીકાર બંધ અવસ્થાની રુચિમાં એને આવતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રગટ થતું નથી, સર્વજ્ઞ સર્વદર્શી આ. આવો છે એવી બંધ અવસ્થાની રુચિમાં એને જાણવામાં આવતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એમાં પણ વાંધા બધા.. સર્વજ્ઞ આમ જાણે, ફલાણું થાય ને ઢીંકણું. સર્વજ્ઞ .. વર્તમાન જાણે, ભવિષ્ય (ન જાણે). અરે..! પણ ભાઈ! સર્વ પ્રકારે સર્વને જાણે એમાં પ્રશ્ન ક્યાં રહ્યો? આહા..હા..! અને આવું કેવળજ્ઞાન જેને જ્ઞાનમાં બેઠું... આહા..હા..! એ તો બંધ અવસ્થા છેદી અબંધસ્વભાવની પરિણતિ પ્રગટ કરી એણે. સમજાણું કાંઈ? એ વાત એવી છે. વચનાતીત વાત, વિકલ્પાતીત વાત અને સ્વભાવથી સહિત વાત છે. પૂર્ણ સ્વભાવ સહિત પ્રભુ. આબાળ-ગોપાળના શરીરમાં રહેલો ભગવાન પૂર્ણાનંદ પરને પૂરું જાણવાનું ... .. પોતે તો પોતાનું ત્રણ કાળનું જાણે, પણ આ પૂરું બધું જે જાણવાની પર્યાયનો સ્વભાવ એ બધાને પોતે જાણે. એવો આત્મા આવો હોવા છતાં બંધ અવસ્થામાં એ સર્વનો જાણનાર તત્ત્વ તેને જાણતો નથી. માટે કર્મ તે બંધસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.'** રાગનો વિકલ્પ કણિયો નાનો એની રુચિ એ બંધસ્વરૂપ જ છે. એનાથી અબંધસ્વભાવી પ્રગટ થાય એમ હોઈ શકે નહિ. આહા..હા..! **'માટે, પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.'** એ રાગનો કણ અને એક સમયની

પર્યાયબુદ્ધિનો નિષેધ કરવામાં આવ્યો છે. આહા..હા..! છોડ એ બુદ્ધિ અને ગ્રહણ પ્રભુને પકડ. આહા..હા..! ..જી! આ બધા તમારા ઝવેરાતના ધંધા, બુદ્ધા. બુદ્ધા એટલે? બુદ્ધિયું એ બુદ્ધા છે બધા. આહા..હા..! એટલાને જાણે શું? આ તો ત્રણ કાળ, ત્રણ લોકના જ્ઞેયને જાણે. એવો ભગવાન રાગની રુચિમાં અટકેલો એ કર્મ રાગ છે એ બંધસ્વરૂપ જ છે. ત્યારે ભગવાન અબંધસ્વરૂપ છે. આહા..હા..! એમ કહે છે. ... જોઈએ. એટલે કે બહારમાં .. માને.. મોટાની સાથે વાત કરતા પણ એમ લાગે કે આહા..હા..! કરોડપતિ, અબજપતિ સાથે અમે વાત કરીએ. એમ કે અમારામાં મોટપ હશેને? મરી ગયો એમાં. સમજાણું કાંઈ? આ મોટો ત્રણ લોકનો નાથ આત્મા એની સાથે વાતું કરતા આવડે નહિ. ...ભાઈ! ... એની સાથે વાત કરે, ... કાંઈક ગણતરીમાં આવીએ એવું લાગે છે. એમાં ધૂળમાં શું થયું? આહા..હા..! કુતરાને રમાડતો હોય, કોઈ કરોડપતિના ખોળામાં બેઠું હોય અને એ રમાડે એટલે કાંઈ મોટું થઈ ગયું ઈ? શેઠ! ... આવે છેને કુતરા એવા? હા. એ ખવરાવે પોતે. અબજપતિ .. હોયને મોટા. રોટલી ખવરાવે, પેંડો ખવરાવે, શું કહેવાય તમારે એને? બિસ્કિટ. કૂતરાને. કુતરું હોયને કુતરું.

મુમુક્ષુ :- મોટરમાં ફેરવે.

ઉત્તર :- હા, મોટરમાં સાથે (લઈ જાય). ત્યાં જઈએ છીએને ... મોટરમાં કુતરો બેઠો હોય. એટલે મોટો થઈ ગયો? આહા..હા..! મોટો તો આ ભગવાન ત્રણ લોકનો નાથ એની પાસે જા તો મોટો થા. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે માટે કર્મ નિષેધવામાં આવ્યું હોં. એવો જે પર તરફનો ઉત્સાહનો રાગ એ બંધસ્વરૂપ છે. આહા..હા..! પર પ્રત્યેના ઉત્સાહનો રાગ એ બંધસ્વરૂપ અને એ કર્મ તે બંધસ્વરૂપ જ છે. આહા..હા..! માટે એને નિષેધવામાં આવ્યું છે.

'**ભાવાર્થ :— અહીં પણ 'જ્ઞાન' શબ્દથી આત્મા સમજવો. જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય સ્વભાવથી તો સર્વને દેખનારું તથા જાણનારું છે...**' એનો સ્વભાવ, સ્વશક્તિ, સ્વ તત્ત્વ, સત્‌નું સ્વ સત્ત્વ બધાને જાણવા-દેખવાનું છે. '**પરંતુ...**' આમ હોવા છતાં. '**અનાદિથી પોતે અપરાધી હોવાથી...**' એ કર્મસ્વરૂપને પોતાનું માનતો હોવાથી. એ રાગને બંધસ્વરૂપ હોવાથી, એને પોતાનું માનતો હોવાથી. '**કર્મ વડે આચ્છાદિત છે,...**' એ રાગના રસમાં... રાગનો જેને રસ છે અંદર એ આવા સ્વભાવને જાણવામાં ઢંકાઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને એ શુભરાગનો વિકલ્પ છે, એનો જેને રસ છે, એ પોતે કર્મ છે એ તો, એ પોતે બંધસ્વરૂપ છે. એના પ્રેમમાં ભગવાન આત્મા સર્વને જાણનારો ઢંકાઈ ગયો. છતી જ્યોત બિરાજે છે. આહા..હા..! અનુભવપ્રકાશમાં આવી ગયુંને. એનો બાપ છોકરો સાથે ન હોય, ઘરે બેઠો હોય. બાપ બહાર નીકળ્યો. એને પૂછે કે તમારે દીકરો છે? હા.

અહીં તો નથી. ભલે નથી. ઘરે છેને. છતાને અછતો કરે? દીકરો નથી એમ કહે? આહા..હા..! એમ પર્યાયમાં ભલે લક્ષ હો, પણ વસ્તુ છતી છે એને દૃષ્ટિમાં લીધી છે. એને ના કેમ પાડવી? આહા..હા..! ઘરે બિરાજે છે, ઘરે બિરાજે છે. છે તો એક છોકરો પણ ... સાથે તો નથી. શાકભાજી લેવા તમે નીકળ્યા છો. ઘરે નથી? મારે છોકરો છે એવું નથી એમ કહે? એમ અંદર ભગવાન બિરાજે છે પૂર્ણસ્વરૂપ. ભલે હું રાગમાં આવ્યો, અલ્પ પર્યાયમાં આવ્યો, પણ છું તો ઇ. સમજાણું કાંઈ? એ છતીને અછતી કેમ કહેવાય? એય..! ..ચંદજી! આહા..હા..!

એવા **'અપરાધી હોવાથી કર્મ વડે આચ્છાદિત છે, અને તેથી પોતાના સંપૂર્ણ સ્વરૂપને...'** અલ્પજ્ઞ અને રાગને જાણે. એ તો બંધસ્વરૂપ છે કહે છે. આહા..હા..! પર્યાયબુદ્ધિ એ બંધસ્વરૂપ છે એમ કહે છે. ભગવાન અંદર ચૈતન્યની ઝળહળ જ્યોતિ અને જેનો આનંદ તે અપાર આનંદ, આનંદનો સાગર એવો ચૈતન્ય ડોલે છે અંદર એને એ ભૂલી ગયો છે. આહા..હા..! **'એ રીતે અજ્ઞાનદશામાં વર્તે છે.'** વર્તે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભલે ચૌદ પૂર્વ અને અગિયાર અંગનું જ્ઞાન હોય, એ બધું સ્વનો વિપક્ષ છે. આહા..હા..! ગજબ! એ બંધસ્વરૂપ છે માટે નિષેધવામાં આવ્યું છે. આહા..હા..! કહો, ગીરધરભાઈ! આવી વાત છે.

**'આ પ્રમાણે કેવળજ્ઞાનસ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ આત્મા...'** કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન **'અથવા મુક્તસ્વરૂપ આત્મા કર્મ વડે લિપ્ત હોવાથી...'** કર્મ શબ્દે રાગ. રાગના ભાવમાં લેપાઈ ગયેલું હોવાથી. એની બુદ્ધિમાં, દૃષ્ટિમાં તો રાગ છે અને રાગ તો બંધસ્વરૂપ છે. એમાં **'લિપ્ત હોવાથી અજ્ઞાનરૂપ અથવા બદ્ધરૂપ વર્તે છે,...'** રાગ જે કર્મસ્વરૂપ, બંધસ્વરૂપ એમાં એ વર્તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? હવે આવો માર્ગ ... ઓલું તો એમ કે સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા, અપવાસ કરવા. હવે એ તો બધી ક્રિયાઓ રાગ મંદની છે, એ તો બંધસ્વરૂપ છે એમ કહે છે. એ રાગનો ભાગ તો બંધસ્વરૂપ છે. એમાં તેં શું કર્યું? આહા..હા..! આકરું, ભાઈ! **'માટે એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. તેથી કર્મનો નિષેધ કરવામાં આવ્યો છે.'** એ વિકલ્પ જે વ્રતાદિનો વિકલ્પ છે એ બંધસ્વરૂપ છે માટે નિષેધ કરવામાં આવ્યો છે એમ કહે છે. વ્રત, તપ, નિયમ આદિનો જે વિકલ્પ છે રાગ એ પોતે બંધસ્વરૂપ જ છે. માટે નિષેધ કરવામાં આવ્યો છે. એ આત્માની જાત નહિ, એ આત્મામાં નહિ, એ આત્માને જગાડમાં સહાયક નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

ઓલા ચાર જણા બહારમાં ગયા હશે. ... ચાર જણા હતા .. વાણિયાના દીકરા. ... આગળ ... આઠ લાખ .. બાર દિ' ફર્યા. ... ચાર દિ' કાઢ્યા હશે. એ જંગલ અને વાણિયાના

દીકરા. સવારમાં નહાવા, લૂગડા પહેરવા... આહા..હા..! ... ...પણ એના પછી ... દોડાવે એને. ... રાતે ... ચાર જણા ... કીધું.. આપણે જૈનમાં હોં. ... સૂતા હશે ... એમ આ બંધમાં, જેલમાં પડેલો જીવ. આહા..હા..! કેમ .. કાઢે એમાં?

માટે એ વ્રત, તપ, શીલ, સંયમ, બંધ એવો વિકલ્પ જે છે એ પોતે જ બંધસ્વરૂપ છે. માટે તે ભાવનો નિષેધ કરવામાં આવે છે. એ ધર્મ નહિ. અહીં પુણ્ય-પાપની વાત છેને? એ ખરેખર તે પુણ્યનો પરિણામનો ભાવ એ જ બંધસ્વરૂપ છે. આહા..હા..! બંધ કરનાર છે એ પછી કહેશે. એમાંથી બંધ પડે ઈ વાત અહીં નહિ. એ પુણ્યનો વિકલ્પ ઉઠે શુભરાગનો એ પોતે બંધસ્વરૂપ છે. ભગવાન અબંધસ્વરૂપ છે એ રાગમાં અટક્યો એ બંધસ્વરૂપમાં અટકે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! આવી વાત પણ સાંભળવા મળે નહિ જગતને અને જૈનમાં જન્મે. આ તો પરમસત્ય આ છે. આહા..હા..!

પરમસત્ય પ્રભુ ચૈતન્યસૂર્ય એવો હોવા છતાં રાગના પ્રેમમાં બંધના ભાવમાં પડ્યો અબંધસ્વરૂપ એવા ચૈતન્યને જાણતો નથી. એ બંધભાવની રુચિ છોડે, એની દૃષ્ટિ છોડે અને સ્વભાવની દૃષ્ટિ કરે તો આત્મા કેવો છે એને જાણવામાં આવે. ઓહો..! આ તો સર્વજ્ઞ, સર્વદર્શી છે. એના જાણવામાં ત્રણ કાળ, ત્રણ લોક તે અનંતગુણ હોય તોપણ તે વિકલ્પના સહારા વિના જાણવાની શક્તિવાળું તત્ત્વ છે. આવો જે સાક્ષાત્ નારાયણ, નરનો નારાયણ થઈ શકે એવો ઈ આત્મા છે. કહો, સમજાણું કાંઈ? ... ... આત્મા ... પર્યાયમાં પરમાત્મા થાય. છે એમાંથી થાય. પ્રાપ્તની પ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? બે બોલ થયા.

પહેલું લીધું કે કર્મ છે એ સમ્યગ્દર્શનરૂપી પર્યાય-ગુણ એને આચ્છાદે છે. એની ત્રણ ગાથા ગઈ. સમ્યગ્દર્શન .. સમ્યગ્જ્ઞાનને આચ્છાદે, સમ્યક્ ચારિત્રને. અને આ બંધસ્વરૂપ છે માટે નિષેધવામાં આવે છે. હવે ત્રીજું રહ્યું. એ કર્મ છે એ વિકારી પરિણામ ઉત્પન્ન કરે છે. પોતે વિકારી પરિણામ કર્મ છે. એ ગુણથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિપરીત પરિણામવાળો ભાવ છે એ. રાગની રુચિ એવો મિથ્યાત્વભાવ, રાગનું જ્ઞાન તે મિથ્યાજ્ઞાન, રાગમાં રહેવું તે મિથ્યાચારિત્ર. આહા..હા..! એ ત્રણની સ્વભાવગુણની વિપરીત અવસ્થા છે. માટે તેને નિષેધ કરવામાં આવ્યું છે.

## ગાથા-૧૬૧ થી ૧૬૩

अथ कर्मणो मोक्षहेतुतिरोधायिभावत्वं दर्शयति -

सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहि परिकहियं।
तस्सोदयेण जीवो मिच्छादिट्ठि त्ति णादव्वो।।१६१।।
णाणस्स पडिणिबद्धं अण्णाणं जिणवरेहि परिकहियं।
तस्सोदयेण जीवो अण्णाणी होदि णादव्वो।।१६२।।
चारित्तपडिणिबद्धं कसायं जिणवरेहि परिकहियं।
तस्सोदयेण जीवो अचरित्तो होदि णादव्वो।।१६३।।
सम्यक्त्वप्रतिनिबद्धं मिथ्यात्वं जिनवरैः परिकथितम्।
तस्योदयेन जीवो मिथ्यादृष्टिरिति ज्ञातव्यः।।१६१।।
ज्ञानस्य प्रतिनिबद्धं अज्ञानं जिनवरैः परिकथितम्।
तस्योदयेन जीवोऽज्ञानी भवति ज्ञातव्यः।।१६२।।
चारित्रप्रतिनिबद्धः कषायो जिनवरैः परिकथितः।
तस्योदयेन जीवोऽचारित्रो भवति ज्ञातव्यः।।१६३।।

सम्यक्त्वस्य मोक्षहेतोः स्वभावस्य प्रतिबन्धकं किल मिथ्यात्वं, तत्तु स्वयं कर्मैव, तदुदयादेव ज्ञानस्य मिथ्यादृष्टित्वम्। ज्ञानस्य मोक्षहेतोः स्वभावस्य प्रतिबन्धकं किलाज्ञानं, तत्तु स्वयं कर्मैव, तदुदयादेव ज्ञानस्य ज्ञानस्याज्ञानित्वम्। चारित्रस्य मोक्षहेतोः स्वभावस्य प्रतिबन्धकः किल कषायः, स तु स्वयं कर्मैव, तदुदयादेव ज्ञानस्याचारित्रत्वम्। अतः स्वयं मोक्षहेतुतिरोधायिभावत्वात्कर्म प्रतिषिद्धम्।

---

હવે, કર્મ મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ (અર્થાત્ મિથ્યાત્વાદિભાવસ્વરૂપ) છે એમ બતાવે છે :—

સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.
એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.

ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩.

ગાથાર્થ :— [सम्यक्त्वप्रतिनिबद्धं] સમ્યક્ત્વને રોકનારું [मिथ्यात्वं] મિથ્યાત્વ છે એમ [जिनवरैः] જિનવરોએ [परिकथितम्] કહ્યું છે; [तस्य उदयेन] તેના ઉદયથી [जीवः] જીવ [मिथ्यादृष्टि] મિથ્યાદ્રષ્ટિ થાય છે [इति ज्ञातव्यः] એમ જાણવું. [ज्ञानस्य प्रतिनिबद्धं] જ્ઞાનને રોકનારું [अज्ञानं] અજ્ઞાન છે એમ [जिनवरैः] જિનવરોએ [परिकथितम्] કહ્યું છે; [तस्य उदयेन] તેના ઉદયથી [जीवः] જીવ [अज्ञानी] અજ્ઞાની [भवति] થાય છે [ज्ञातव्यः] એમ જાણવું. [चारित्रप्रतिनिबद्धः] ચારિત્રને રોકનાર [कषायः] કષાય છે એમ [जिनवरैः] જિનવરોએ [परिकथितः] કહ્યું છે; [तस्य उदयेन] તેના ઉદયથી [जीवः] જીવ [अचारित्रः] અચારિત્રી [भवति] થાય છે [ज्ञातव्यः] એમ જાણવું.

ટીકા :— સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનારું મિથ્યાત્વ છે; તે (મિથ્યાત્વ) તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને મિથ્યાદ્રષ્ટિપણું થાય છે. જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકાનારું અજ્ઞાન છે; તે તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને અજ્ઞાનીપણું થાય છે. ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેનો રોકનાર કષાય છે; તે તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને અચારિત્રીપણું થાય છે. માટે, (કર્મ) પોતે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

ભાવાર્થ :-- સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના કારણરૂપ ભાવો છે તેમનાથી વિપરીત મિથ્યાત્વાદિ ભાવો છે; કર્મ તે મિથ્યાત્વાદિ ભાવો-સ્વરૂપ છે. આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી વિપરીત ભાવો-સ્વરૂપ છે.

પહેલાં ત્રણ ગાથાઓમાં કહ્યું હતું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું સમ્યક્ત્વાદિનું ઘાતક છે. પછીની એક ગાથામાં એમ કહ્યું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. આ છેલ્લી ત્રણ ગાથાઓમાં કહ્યું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે—મિથ્યાત્વાદિસ્વરૂપ છે. આ પ્રમાણે એમ બતાવ્યું કે કર્મ મોક્ષના કારણનું ઘાતક છે, બંધસ્વરૂપ છે અને બંધના કારણસ્વરૂપ છે, માટે નિષિદ્ધ છે.

અશુભ કર્મ તો મોક્ષનું કારણ છે જ નહિ, બાધક જ છે, તેથી નિષિદ્ધ જ છે; પરંતુ શુભ કર્મ પણ કર્મસામાન્યમાં આવી જતું હોવાથી તે પણ બાધક જ છે તેથી નિષિદ્ધ જ છે એમ જાણવું.

## ગાથા-૧૬૧ થી ૧૬૩ ઉપર પ્રવચન

'હવે, **કર્મ મોક્ષના કારણના...**' મોક્ષનું કારણ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનું '**તિરોધાયિભાવસ્વરૂપ (અર્થાત્ મિથ્યાત્વાદિભાવસ્વરૂપ)...** ' એમ. વિપરીત. વિપરીત સ્વરૂપ છે એનું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિપરીત મિથ્યાત્વના પરિણામ છે. કર્મનું વિપરીત જ સ્વરૂપ છે. આહા..હા..! રાગની શ્રદ્ધા મિથ્યાત્વ, રાગનું જ્ઞાન મિથ્યા, રાગનું વર્તન મિથ્યા. એ ત્રણ ઊંધા થાય છે ઉલટા. માટે તે નિષેધ કરવાલાયક છે. '**सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहि परिकहियं।**' આજે જ આવ્યું છે ઓલામાં. જુઓ, આમાં કર્મને નાખ્યા છે. હવે કર્મને નાખ્યા હોય તો સાંભળને. એ નિમિત્તને લક્ષે થયેલો ભાવ તે વિપરીત તે કર્મ છે, એ કર્મ છે. આહા..હા..! કર્મ જીવમાં ક્યાં છે? આ તો વિપરીતભાવ છે. કર્મ તો જીવમાં છે નહિ. વિપરીત ભાવ એની પર્યાયમાં છે. એને અહીંયાં વર્ણવે છે. કર્મના લાકડા એવા ગરી ગયાને. જૈનમાં કર્મ... કર્મ... કર્મ... ઓલાને ઈશ્વર રખડાવે અને ઈશ્વર તારે. આને કર્મ રખડાવે અને કર્મ જાય તો તરે. અરરર..! આવો વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે એવો જેનો સ્વભાવ ... કહ્યું છે, ભાઈ! તું તો પ્રભુ છેને. એ પ્રભુને પામર ન મનાય. એમ કહે છે. એ પામરતાની બુદ્ધિએ તારી પ્રભુતાને ઢાંકી દીધી છે. સમજાણું કાંઈ? એમ ભગવાનનો પોકાર છે. '**तस्सोदयेण जीवो**' એમ શબ્દ છે ખરોને એટલે.

**सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो मिच्छादिट्ठि त्ति णादव्वो।।१६१।।**
**णाणस्स पडिणिबद्धं अण्णाणं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो अण्णाणी होदि णादव्वो।।१६२।।**

ઈ તો ઉદય થયો, એ રાગ ઉદય થયોને. એ હતો ક્યાં? એ રુચિ છે એની, મિથ્યાત્વભાવ. આહા..હા..!

**चारित्तपडिणिबद्धं कसायं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो अचरित्तो होदि णादव्वो।।१६३।।**
**સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.**
**એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.**

ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩.

એની ટીકા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ-૩, રવિવાર, તા. ૨૧-૦૧-૧૯૭૩**
**ગાથા-૧૬૧ થી ૧૬૩, પ્રવચન-૨૯૧**

૧૬૧, ૬૨, ૬૩. એની ટીકા. પહેલા આવ્યું હતુંને? ... કે જ્ઞાનનું સમ્યક્ત્વ ... એટલે કે દ્રવ્યસ્વભાવ આત્માનો એને સમકિત કહીએ. એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. એ પરભાવથી અને મળથી ભિન્ન પડેલું છે. એટલે સમ્યગ્દર્શન-જ્ઞાનપર્યાય ઉત્પન્ન ન થતાં મિથ્યાત્વરૂપી મેલે ઢાંકી દીધો છે. એમ કહ્યું.

અહીં કહે છે કે '**સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' છેને? એ જ્ઞાનનું સમકિત છે એમ કહ્યું. .. એ શુભરાગનું સમકિત નથી. એ ક્રિયાકાંડના શુભભાવ હોય એનું એ સમકિત નથી. સમકિત તો દ્રવ્યસ્વભાવ છે એનું એ સમકિત છે. એને મિથ્યાત્વ મેલે આચ્છાદન કરી નાખ્યું છે. અહીં બીજી વાત છે કે જે સમકિત છે એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. આત્માની શુદ્ધ ચૈતન્યની પરિણતિ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા એની સન્મુખ થઈને જે શ્રદ્ધામાં, જ્ઞાનમાં આખું સ્વરૂપ જ્ઞેય થઈને પ્રતીત થાય અંદરમાં નિર્વિકલ્પ વેદન એની પ્રતીતિ કે આ આત્મા આખો ... છે. એવું સમકિત મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. મોક્ષના ઉપાયરૂપ એ સ્વભાવ છે. ... નહિ. જેમ જ્ઞાનનું સમકિત કહ્યું અને એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. એ પરભાવથી આચ્છાદન થઈ ગયું છે.

અહીં કહે છે, સમ્યગ્દર્શન એ મોક્ષના કારણ એટલે મોક્ષના ઉપાયરૂપ સ્વભાવ છે. તેને રોકનારું મિથ્યાત્વ... છે? 'તેને રોકનારું...' વિપરીત માન્યતા છે. રાગથી ધર્મ થાય, પુણ્ય-પાપથી કલ્યાણ થાય એવો જે મિથ્યાત્વભાવ એ સમકિતથી વિપરીતભાવ છે. સમજાણું કાંઈ?

**'તે (મિથ્યાત્વ) તો પોતે કર્મ જ છે,...'** એ વિપરીત માન્યતા એ પોતે જ કર્મ છે. વિકારરૂપી એક કાર્ય છે. સમજાય છે કાંઈ? પોતે ભગવાન આત્મા સચ્ચિદાનંદ પૂર્ણ આનંદસ્વરૂપ એનું જે સમકિત, એને જે અંદર જ્ઞાનના ભાન થઈને પ્રતીત થઈ એ તો મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. એ સ્વભાવને રાગથી ધર્મ થાય, પુણ્યમાં સુખ છે, પરમાં સુખ છે એવી જે મિથ્યાત્વ માન્યતા એ સમકિતથી વિરુદ્ધ ભાવ છે. સમજાય છે કાંઈ?

ઓલામાં એમ હતું કે મિથ્યાત્વ મેલથી એને આચ્છાદન થતું. આ તો મિથ્યાત્વભાવ તે સમકિતના, મોક્ષના કારણરૂપ સ્વભાવ એનાથી વિપરીત મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપની છેલ્લી ગાથાઓ છે. એ પુણ્યનો ભાવ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, ગુણ-ગુણીના ભેદનો વિચાર-વિકલ્પ એ બધું કર્મ છે. એટલે રાગ છે. એ કર્મ રાગ એની જેને અંદર રુચિ થઈ એને મિથ્યાત્વભાવ છે. એ સમ્યગ્દર્શનથી વિપરીતભાવ છે. સમજાણું કાંઈ?

**'પોતે કર્મ જ છે,...'** એટલે? સમ્યગ્દર્શનથી વિપરીતભાવ જે રાગનો વિકલ્પ છે એ કર્મ છે અને એની રુચિ તે મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ સમ્યગ્દર્શનથી વિપરીતભાવ છે. સમજાણું કાંઈ? **'તેના ઉદયથી...'** એટલે મિથ્યાશ્રદ્ધાના પ્રગટવાથી સમ્યગ્દર્શનને એ વિપરીત મિથ્યાશ્રદ્ધાનો ઉદય થયો. એ સમકિતથી વિપરીતભાવ છે. સમજાણું કાંઈ? **'તેના ઉદયથી જ જ્ઞાનને મિથ્યાદષ્ટિપણું થાય છે.'** જુઓ! જ્ઞાન એટલે આત્માને રાગરૂપી ભાવ એ મારો, એ મને ધર્મનું કારણ એવું જે સ્વભાવરૂપી કાર્ય એમાં આ શ્રદ્ધા એ મિથ્યાદષ્ટિપણું છે. એ સમ્યગ્દર્શનથી વિપરીતભાવ છે. કહો, સમજાણું કાંઈ? એ મિથ્યાત્વની વાત કરી. જેટલો ક્રિયાકાંડનો ભાવ, વ્યવહાર રાગ એ રાગની રુચિ એ મિથ્યાત્વભાવ, એ સમ્યગ્દર્શનની રુચિ જે આત્માની એનાથી વિપરીતભાવ છે. સમજાય છે કાંઈ? જેટલો વ્યવહારરત્નત્રય આદિનો રાગ, પરદ્રવ્ય પ્રત્યેના વલણવાળી જેટલી રાગની પરિણતિની ક્રિયા, એ મારા છે અને એ મને લાભદાયક છે એવો જે મિથ્યાત્વભાવ એ સમ્યગ્દર્શનથી વિપરીતભાવ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો અધિકાર છેને આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ પાપ જ છે પુણ્ય છે તે. એ રાગનો પ્રેમ, રુચિ થઈ એ મિથ્યાત્વભાવ છે. એ સમ્યગ્દર્શન... આત્માની રુચિ, શુદ્ધ ચૈતન્યની રુચિ શુદ્ધ એ સમ્યગ્દર્શન છે. અને રાગ પુણ્યાદિ ભાવ એની રુચિ તે મિથ્યાત્વભાવ છે. એ સમ્યક્થી વિપરીતભાવ છે. સમજાણું કાંઈ? પહેલા ત્રણમાં તો એમ કહ્યું હતું કે છે સમકિત જ્ઞાનનું એટલે આત્માનું સમકિત છે. એને એ સમકિત મોક્ષના કારણનો સ્વભાવ છે, પણ પરભાવસ્વરૂપ, મિથ્યાત્વ ભાવસ્વરૂપ પ્રગટ થવાથી એને આચ્છાદન કરે એટલે પ્રગટ થવા દેતું નથી. આ તો પ્રગટ થયો છે

મિથ્યાત્વભાવ એ સમકિતથી વિપરીતભાવ છે. સમજાણું કાંઈ? વ્રત, નિયમ, તપ વગેરે શુભભાવ એ શુભભાવનો પ્રેમ અને રુચિ એ જ મિથ્યાત્વભાવ છે, એ સમ્યક્‌થી વિપરીતભાવ છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- લખ્યું છે.

ઉત્તર :- શું લખ્યું છે. લખ્યું છે તો શું? લખ્યું છે, મિથ્યાત્વભાવ છે. મારું માન્યું એ મિથ્યાત્વસહિત છે.

મુમુક્ષુ :- માન્યતા થઈ..

ઉત્તર :- માન્યતા થઈ. જ્ઞાનીને થાય છે, પણ એ થાય છે એને જ્ઞાનનું જ્ઞેય કરે છે. મારું નહિ, મારી ચીજ નહિ. દૃષ્ટિને એમાં હેય કર્યું છે. અજ્ઞાનીને રાગનું ઉપાદેયપણું છે એ જ મિથ્યાત્વભાવ છે. એ સમ્યગ્દર્શનથી વિપરીતભાવ છે. આહા..હા..! આવું ... આવ્યા હતા. .. ... સીમંધર ભગવાન છે એની ખાત્રી શું? આટલી ખબર ન મળે. આહા..હા..! .. સિદ્ધાંતમાં છેને. એ સિદ્ધાંતમાં પણ નથી. ભગવાન હતા અને મોક્ષ ગયા. એ સિદ્ધાંતમાં છે, ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. પણ વાત ઈ કે ઈ તીર્થંકર ... અનાદિથી ... છે ભગવાન છે એ મહાવિદેહમાં બિરાજે છે એની ખાતરી શું? એની ખાતરી ... ક્રિયાકાંડમાં અંદર ઘુંચી ગયા. એય..! વીરચંદભાઈ! શું કહે છે? જુઓને! હમણા કહેતા હતાને અંદર. ... એમ કહેતા હતા. શુભભાવમાં ... છે. પણ એ રાગનો રંગ તે ઝેરનો રંગ છે. અમૃતસાગર ભગવાન ચૈતન્યને છોડીને એમાં અનંતસુખ, અનંતજ્ઞાન, અનંતઆનંદ આદિ જેનો સ્વભાવ છે, સ્વભાવ છે ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય છે એના સ્વભાવની શક્તિનું શું માહાત્મ્ય! એવી ચીજની પ્રીતિ છોડીને આવા રાગની પ્રીતિ, ઈ આગળ કહેશે કે પુણ્ય-પાપમાં .. બેય એક જ વાત છે. પુણ્ય .. પાપ ખોટું એવું છે જ ક્યાં? સમજાણું કાંઈ? ... વ્રત પાળે છે.. શું કહેવાય? ચેતનજી! .. ઠીક કહેવું છે. ... રાગની રુચિમાં મિથ્યાત્વનું શલ્ય છે.

મુમુક્ષુ :- એને ભલો માન્યો છે.

ઉત્તર :- ભલું માન્યું છેને. એ ધર્મ છે. આહા..! .. એક વાર ખાવું. ... કહેતા હતા ઈ. નહિ? ... આહા..હા..! અરે..! એ તો રાગની મંદતા થઈ હોય તો શુભભાવ છે. આહા..હા..! અને એ ધર્મ માને છે તે મિથ્યાત્વભાવ, સમકિતથી વિરુદ્ધ ભાવ છે. એવી વાત છે. ભારે! સમજાણું કાંઈ?

'તેના ઉદયથી...' એટલે મિથ્યા વિપરીત શ્રદ્ધાના પ્રગટ (થવાથી) મિથ્યાત્વભાવ છે. એ સમ્યગ્દર્શનની પર્યાયથી વિપરીત પર્યાય મિથ્યાત્વ છે. આહા..હા..! એને ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એની રુચિ, દૃષ્ટિ, આશ્રય, આદર છોડી દઈને જેણે આવા રાગના કણનો આદર, આશ્રય અને પ્રીતિ, રુચિ, દૃષ્ટિ કરી એ સમ્યગ્દર્શનની પર્યાયથી વિરુદ્ધ ભાવ મિથ્યાત્વ પર્યાય

છે. સમજાણું કાંઈ? આકરું લાગે માણસને. ... આ કરો ને આ કરો એ ધર્મ છે. ... દેરાસર કરો. હોય છે, પણ એ વસ્તુ સમ્યગ્દર્શન નહિ અને એ સમ્યગ્દર્શનનું કારણ પણ નથી. આહા..હા..! એવી આકરી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમકિતની ક્રિયા કઈ પણ? એ તો રાગનો વિકલ્પ છે એમ કહ્યું છે ત્યાં. ..ક્રિયામાં આવે છેને? એ રાગનો વિકલ્પ. આ તો આત્મા અંતર એ કર્મકાંડ, ક્રિયાકાંડનો વિકલ્પમાત્ર જેનામાં નથી અને જેનામાં પૂર્ણ આનંદ અને જ્ઞાન ચૈતન્યસત્તા સ્વભાવ ... છે એનો અંતરમાં સ્વીકાર, ઉપાદેય, આદર અને એનું પરિણમન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એનાથી વિરુદ્ધ જે ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યઘન એવા બાદશાહને છોડી દઈ અને એક રાગની ક્રિયાકાંડમાં કણને લાભદાયક માને એવી દૃષ્ટિ કરવી એ દૃષ્ટિનો ઉદય થયો મિથ્યાત્વનો કહે છે. કેમકે એ વિપરીતભાવ થયો. સમજાણું કાંઈ? આવી વાત છે.

એ સમ્યગ્દર્શન એ આત્માની શુદ્ધ પરિણતિરૂપ ભાવ. સમ્યગ્દર્શન એ શુદ્ધ ચૈતન્ય આત્મા એની પરિણતિ પર્યાયરૂપ ભાવ એનાથી રાગનો પ્રેમ અને રાગની રુચિ, પુણ્યની ક્રિયાકાંડ એ મને ધર્મ થાય છે. એ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાનો ભાવ એ રાગ છે. એ રાગથી મને કલ્યાણ થાય છે, એને મિથ્યાત્વનો ઉદય છે કહે છે. .. મિથ્યાત્વનો ઉદય થયો છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

હવે આ બીજો બોલ. એ પહેલો બોલ કહ્યો. હવે '**જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' જ્ઞાન તો એને કહીએ કે ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એની સ્વસન્મુખ થઈને સ્વસંવેદનમાં આનંદના વેદનસહિત જ્ઞાન થાય એને જ્ઞાન કહીએ. સમજાય છે કાંઈ? આહા..હા..! અનાદિથી રખડીને મર્યો છે ચોર્યાશીના અવતારમાં. એની એને દયા નથી. એની પોતાની હોં! આહા..હા..! આવો ચૈતન્યમૂર્તિ હીરલો એને છોડીને કાંકરાને ... છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના, પૂજાના પરિણામ કાંકરા, એ રાગ. આહા..હા..! એ અચેતનની શ્રદ્ધા એ મિથ્યાશ્રદ્ધા છે કહે છે. એય..! ચંદુભાઈ! ભારે કામ ભાઈ! પૈસા ખર્ચે લાખ, બે લાખ અને એમાં માને કે આપણને કલ્યાણ થઈ જશે ક્રમે ક્રમે. એ જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? જેટલી ક્રિયાકાંડના પરિણામ છે એ બધા. આહા..હા..! એ સમ્મેદશિખરની જાત્રા, ભગવાનના દર્શન વહેલા ઉઠીને જાવું અને બે, પાંચ, દસ લાખ ખર્ચવા. કહે છે કે એ ભગવાનના દર્શનનો ભાવ એ તો શુભભાવ છે. એ શુભભાવ ક્રિયાકાંડનો રાગ છે. એનો જેને પ્રેમ અને દૃષ્ટિ ત્યાં છે એને સમ્યગ્દૃષ્ટિથી વિપરીત મિથ્યાદૃષ્ટિનો ઉદય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ માર્ગ જુદો.

એ જ્ઞાનનો જે મોક્ષ કારણસ્વભાવ. ભગવાન આત્મા અનંતગુણનો ભંડાર પરમાત્મા પોતે તેનું જ્ઞાન, એનું જ્ઞાન. એ વિકલ્પ વિનાનું નિર્વિકલ્પ દ્રવ્યનું જ્ઞાન તે વિકલ્પ વિનાનું. એ જ્ઞાન તે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે જ્ઞાન તો. એ જ્ઞાનને તો મોક્ષનો ઉપાય કહીએ. **'તેને રોકાનારું અજ્ઞાન છે;...'** આહા..હા..! એ રાગને અને પરને જ્ઞેય કરીને માનવું કે આ જ્ઞાન છે એ અજ્ઞાનનો ઉદય છે. સમજાણું કાંઈ? એ વિકલ્પનું જ્ઞાન કરીને, શાસ્ત્રનું જ્ઞાન કરીને, પરનું જ્ઞાન કરીને એમ માનવું કે આ જ્ઞાન છે, એ અજ્ઞાન છે. એ અજ્ઞાનનો ઉદય એ જ્ઞાનની પર્યાયથી વિપરીત ભાવ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આમાં ઓલા ત્રણ કર્મ નાખ્યા છે. ત્યાં તો ભાવની વાત છે ભાઈ! આજે નાખ્યું છે બધું. ઈ આ ભાવસ્વરૂપ છે. મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આજે નાખ્યું નહિ? છેને? ... વિપરીત મિથ્યાત્વ આદિ ભાવ તે કર્મ તે મિથ્યાત્વાદિ ભાવસ્વરૂપ છે. એ કર્મના મોક્ષના કારણરૂપ ભાવથી વિરોધી ભાવસ્વરૂપ છે. મિથ્યાત્વાદિ સ્વરૂપ છે એમ કહ્યું છે. પહેલો પેરેગ્રાફ .. લીધો બેયમાં. છે જ આ.

અહીં તો જેટલો વિકલ્પ રાગ થાય, ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, તપ, જાત્રા ઈ આમ કરું એવી વૃત્તિ ઉઠે છે, રાગ છે એ તો. ઈ રાગનું જેને રાગનું જ્ઞાન છે, જ્ઞાન ત્યાં રોકાયેલું છે એ અજ્ઞાન છે. એ આત્મા જે જ્ઞાનાનંદ સ્વભાવ છે ચિદાનંદસ્વરૂપ એનું જે જ્ઞાન, તેનાથી રાગનું અને પરનું જ્ઞાન એ જ્ઞાન છે એમ માન્યું છે એ અજ્ઞાનને પ્રગટ કર્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** ઈ આત્મજ્ઞાન. શાસ્ત્રજ્ઞાન અને પરનું જ્ઞાન અને રાગનું જ્ઞાન એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જે જ્ઞાનમાં આત્મા પ્રાપ્ત થયો, જે જ્ઞાનમાં અનંત આનંદવાળું તત્ત્વ એ આનંદની પર્યાયસહિત જેને અતીન્દ્રિય પર્યાયસહિત જ્ઞાન થયું એ જ્ઞાન મોક્ષના કારણરૂપ સ્વભાવ. એનાથી વિપરીત જેટલા ક્રિયાકાંડના રાગ શુભભાવ છે એ શુભભાવનું જ્ઞાન અને આનું જ્ઞાન નહિ એ શુભભાવનું જ્ઞાન તે અજ્ઞાન છે એમ કહે છે. એ અજ્ઞાનની ઉત્પત્તિ થઈ. જ્ઞાનનું એને વિરુદ્ધ જ્ઞાન થયું. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત છે, બાપુ! એણે કોઈ દિ' કર્યું નથી. એમને એમ જિંદગી ગુજારી છે. આહા..હા..!

ભગવાન પરમાનંદની મૂર્તિ એનું જે જ્ઞાન, એના સન્મુખ થઈને એનું જ્ઞાન એને મોક્ષના કારણરૂપ સ્વભાવ કહેવામાં આવે છે. એ સ્વભાવથી રાગ અને પરનું જ્ઞાન એવું એકાંતિક જ્ઞાન એ અજ્ઞાનનો ઉદય એ જ્ઞાનથી વિપરીત છે. શેઠ! ભારે! આહા..હા..! સંપ્રદાયની ગાંઠ વાળી હોય એને તો આ ઘા પડે એવું છે. એ આત્માનું દર્શન કરે તો છૂટે, બાકી છૂટે એવું નથી. સમજાણું કાંઈ? આ પુણ્ય-પાપનો અધિકાર છેને. ચાહે તો અશુભભાવ હો કે

ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, જાત્રા એ બધો ભાવ શુભરાગ છે, વિકલ્પ છે, મેલ છે, એની દૃષ્ટિ તે અજ્ઞાન છે, એનું જ્ઞાન તે અજ્ઞાન છે એમ કહે છે. આનું જ્ઞાન નહિ અને એનું જ્ઞાન એમ કહેવું છે. આહા..હા..! એ જ્ઞાતા-દૃષ્ટા વસ્તુ પોતે એનું જ્ઞાન નહિ અને જે જ્ઞેયનું એકલું રાગનું આદિનું જ્ઞાન એ અજ્ઞાનનો ઉદય છે. એઈ..! ધર્મચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .... કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વરે કહ્યો, પૂર્ણાનંદસ્વરૂપ અનંતગુણનો સાગર ચૈતન્ય હીરલો, એવા હીરાનું જે જ્ઞાન ઈ આત્મજ્ઞાન. એ જ્ઞાન મોક્ષના સ્વભાવરૂપ જ્ઞાન. અને એને છોડી દઈને રાગનું, એકલા પુણ્ય અને શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન મને મોક્ષનું કારણ છે એ માન્યતામાં અજ્ઞાનનો ઉદય છે કહે છે. સમજાણું? એ અજ્ઞાનનું પ્રગટપણું છે. જ્ઞાનથી વિપરીતપણાનો ઉદય છે. આહા..હા..! આવી વાતું ભારે!

'**તે તો પોતે કર્મ જ છે,...**' જોયું? એટલે? ભગવાન આત્માનું જે સમ્યક્જ્ઞાન અંતર્મુખ થઈને આનંદની વેદનદશા સહિતનું જ્ઞાન તે જ્ઞાન. અતીન્દ્રિય આનંદના વેદનસહિતનું જ્ઞાન તે મોક્ષના કારણરૂપ સ્વભાવ. એનાથી વિરુદ્ધ રાગ, પુણ્યના પરિણામનો રાગ એનું જે જ્ઞાન, એ દુઃખનું જ્ઞાન, આકુળતાનું જ્ઞાન, પરનું જ્ઞાન એ અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને રાગનું જ્ઞાન થાય, પણ એ તો સ્વપરપ્રકાશકની શક્તિને લઈને તેનું જ્ઞાન સાથે રાગ છે એને જાણે છે. એ જ્ઞાનનો ઉદય છે. સમજાણું કાંઈ? આ તો વિકલ્પ જે રાગની ક્રિયાકાંડનો રાગ જે પુણ્યભાવ વિભાવભાવ એનું એને સ્વજ્ઞેયથી ભિન્ન તત્ત્વ એવા તત્ત્વનું જ્ઞાન એને અજ્ઞાન કહે છે. જેમાં સ્વસ્વભાવ આવ્યો નહિ અને એકલા પરભાવનું જ્ઞાન એ અજ્ઞાનનો ઉદય છે. આહા..હા..! ભારે આકરી વાત! સમજાય છે કાંઈ?

એ આત્મદ્રવ્ય વસ્તુ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યો ઈ હોં! એવો જે આત્મા અનંતગુણનો પિંડ ચૈતન્ય એનું જ્ઞાન, એના દ્રવ્યસ્વરૂપનું સન્મુખનું જ્ઞાન એ જ્ઞાન મોક્ષના કારણરૂપ ભાવ છે અને રાગાદિનું એકલું જ્ઞાન એ અજ્ઞાનનો ઉદય એ બંધભાવવાળું કર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માનું જ્ઞાન છોડી દઈ અને જેણે એકલું અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન કર્યું છે એ જ્ઞાન પણ કર્મ છે, કાર્ય છે, એ વિકારી કાર્ય છે. આહા..હા..! એય..! જો સ્વભાવિક હોય તો શાંતિ અને આનંદનો સ્વાદ હોવો જોઈએ. એકલું દુઃખરૂપ જ્ઞાન છે. આવી વાત છે વીતરાગની.

મુમુક્ષુ :— પરિણમન..

ઉત્તર :— પરિણમન આત્માનું, રાગનું નહિ. ભગવાન ચિદાનંદ આત્મા દ્રવ્યસ્વભાવ ...

એનું આલંબન લઈને દૃષ્ટિ થાય. બહારના આલંબનથી ભિન્ન ત્રણ કાળમાં નહિ થાય. સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજે એને અવલંબે પણ સમકિત ન થાય. આહા..હા..! શ્રીપાલજી! આવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તેને આત્મામાં રાગની અપેક્ષા વિના થાય એવો એ આત્મા છે. આહા..હા..! શાસ્ત્રજ્ઞાન થયું છતાં એની અપેક્ષા છોડી દઈને આત્માનું જ્ઞાન થાય એને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આકરી વાતું બહુ ભાઈ! આહા..હા..! આ તો અનંત કાળે એણે કર્યું નથી અને કર્યું છે એ જાતનું એ કર્યા કરે છે. આહા..હા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની દિવ્યધ્વનિ, વાણીમાં આ આવ્યું કે ભાઈ! તારું જ્ઞાન, આત્મદ્રવ્યનું જ્ઞાન અંતરમાં સન્મુખ થઈને થતું જ્ઞાન એ તો મોક્ષના કારણરૂપ સ્વભાવ છે અને એની સન્મુખતા છોડી દઈને એકલા પર્યાય અને રાગ અને પરનું જ્ઞાન એ તો સ્વભાવજ્ઞાનથી વિપરીત જ્ઞાન-અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંપ્રદાયમાં તો જો આવું કરવા બેસે તો... એય..! ..ભાઈ! ભગવાન! માર્ગ તો આ છે હોં! એણે સમજે છૂટકો અને આ કર્યે છૂટકો, નહિતર મરી જશે ચોર્યાશીના અવતારમાં. ... એ તો જડની પર્યાય છે ભાઈ! એમાં એને પોતામાં થાય તેવી માન્યતા તે આકુળતાનો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા તો અનાકુળ આનંદનો કંદ છે. એનું જ્ઞાન થતાં તો અતીન્દ્રિય આનંદ આવે, એને ભગવાન મોક્ષના કારણરૂપ, ઉપાયરૂપ જ્ઞાન કહે છે. એને છોડી દઈ... એય..! ચેતનજી! આ બધું માંડા વાળે છે. આહા..હા..! શુદ્ધ આનંદકંદ પ્રભુ એનું જ્ઞાન છોડી દઈને, એની સન્મુખતા મૂકી દઈને, એનો આશ્રય-આધાર છોડી દઈને જેણે રાગના ક્રિયાના પરિણામનો આધાર લીધો અને એનું જ્ઞાન કર્યું, એ તો કહે છે કે અજ્ઞાનનો ઉદય છે. આહા..હા..! એ કર્મ પોતે છે, એ બંધનું કારણ છે. અજ્ઞાનરૂપી કાર્ય પોતે જ કર્મ છે એમ કહે છે. એય..! આહા..હા..! જયંતિભાઈ! આવું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મધારા ભિન્ન છે એને જાણે જ્ઞાની. આ તો કર્મધારાને પોતાની માને એનું જ્ઞાન... છે. એ તો આવે છેને નિયમસારમાં. આ રાગનું જ્ઞાન એ જ્ઞાન મારું છે અને સ્વનું જ્ઞાન કર્યું એમાં એ જ્ઞાન મારું છે એમ છે. આ તો એકલું રાગનું જ્ઞાન એ મારું જ્ઞાન છે. આહા..હા..! વીતરાગનો માર્ગ આખી દુનિયાથી જુદી જાત છે અને બીજે તો આ વાત છે જ નહિ. વીતરાગ સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. પરમાત્માના માર્ગમાં આ માર્ગ છે.

પહેલામાં એમ કહ્યું હતું કે જ્ઞાનનું જ્ઞાન. .. ગાથા. જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન. તેને

અજ્ઞાનરૂપી મેલથી ઢંકાઈ ગયું છે, ઉત્પન્ન થવા દેતું નથી. અને આ તો ઉત્પન્ન થયો છે મિથ્યાત્વભાવ. સમ્યગ્જ્ઞાનથી વિપરીત ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એના જ્ઞાનને છોડી દઈ એકલું એકાંતિક જ્ઞાન રાગનું, દયા, દાન, વ્રતના પરિણામનું જ્ઞાન એ જ્ઞાન કર્મરૂપ છે. આહા..હા..! એ અજ્ઞાનરૂપભાવ છે. એ અજ્ઞાનરૂપ ભાવ એ પોતે જ કાર્ય છે અજ્ઞાનનું, એ કર્મ છે. એ બંધનું કારણ છે. આહા..હા..!

એ જ્ઞાન જે મોક્ષના કારણરૂપ સ્વભાવ... આવ્યુંને? '**જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનારું અજ્ઞાન છે;...**' આહા..હા..! પછી ચાહે તો અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો હોય, પણ એ બધું પરલક્ષી જ્ઞાન, સ્વનું નહિ. આહા..હા..! એ જ્ઞાનને અહીં અજ્ઞાન કહે છે. આહા..હા..! જ્યાં ચૈતન્ય ભગવાન જ્ઞાનમાં આવ્યો નથી... આહા..હા..! જેણે જ્ઞાનની પર્યાયમાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુને જ્ઞેય બનાવ્યો નથી એને જ્ઞાન કહેવામાં આવતું નથી. કહો, શશીભાઈ! આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માએ ગણધર અને ઈન્દ્રોની સમક્ષમાં આ કહ્યું હતું. એ વાત અહીંયાં સંતો એ રીતે કહે છે. ભાઈ! તને ખબર નથી. એ અજ્ઞાનના ઉદયને તું જ્ઞાન માનીને બેઠો છે, ભાઈ! તું અટક્યો છો. આહા..હા..! જેમાં જવું જોઈએ, તેનું જ્ઞાન કરવું જોઈએ એવું એ જ્ઞાન મોક્ષના કારણ ઉપાયરૂપ ભાવ, એનાથી બંધના કારણરૂપ ભાવ અજ્ઞાન એ ઉત્પન્ન કર્યું તેં. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એવું છે આ.

'**તે તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને અજ્ઞાનીપણું થાય છે.**' આહા..હા..! એ પરના જ્ઞાનમાં અટકેલું જ્ઞાન તે અજ્ઞાન છે. એના ઉદયથી જીવને અજ્ઞાનપણું થાય છે. જીવને અજ્ઞાનપણું .. જીવ લીધો છેને. પાઠમાં ન લીધું. પણ નીચે .. છેને? ... મૂળ પાઠ છે. જીવને .. અજ્ઞાન છે એમ કહ્યું. આહા..હા..! ઓલામાં જ્ઞાન છોડી જ્ઞાનની પર્યાયને, સમકિતની પર્યાયને વિપરીત માન્યતા અને વિપરીત જ્ઞાન ... હવે અહીં કીધું કે જીવને જીવનું જે જ્ઞાન તે મોક્ષના કારણરૂપ સ્વભાવ, એ જ્ઞાનથી ઉલટું એકલું પોતાનું મૂકીને રાગ અને પરજ્ઞેયનું જ્ઞાન એ અજ્ઞાનનો ઉદય છે. આહા..હા..! ..ભાઈ! .. તમારા આ બધા શું કહેવાય ઈ? .. ભણતર-ફણતર મીંડા વાળ્યા. એય..! શેઠ! ... કહો, શેઠ! ... તમાકુમાં હુશિયાર. શેઠ! કઈ તમાકુ આવી ને કઈ તમાકુ (આવી). ... આહા..હા..! ... ... થઈ ગયા. બે ત્રણ માણસ સાથે હતા. આમ પાછળ જોવે તો પાછળ મોટો સિંહ. સિંહ, સિંહ. .. સાથે હતા. બાવળ પડી ગયા. બાવળ સમજ્યા? બબુલ. બબુલ ઝાડ પડી ગયા. આમ ચડવા ગયો બાવળ ઉપર, ભરાઈ ગયો. ... ત્યાં સિંહ આવી ગયો. થઈ રહ્યું, ખાઈ ગયો. ...ઓલા શું કહેવાય? ... નથી? એ પડ્યું રહ્યું. માથે જોઈ રહ્યા, ત્રણ સાથે આવ્યા હતા ઈ. ... સિંહ ખાતો ખાતો ... થઈ રહ્યું. બાકીના વયા ગયા. કોણ શરણ છે બાહ્યમાં? આહા..હા..!

શરણ એવો ચૈતન્ય ભગવાન આનંદનો નાથ એને શરણે ગયો નહિ અને આ રાગ અને

અજ્ઞાનને શરણે ગયો અને (માન્યું કે) અમે જ્ઞાની છીએ, અમને જ્ઞાન થયું છે. આહા..હા..! આ તો વીતરાગના માર્ગ બાપુ! આ તો વીરના માર્ગ છે. એ કાયરના કાળજા હીજડા જેવાના માર્ગ નથી આ. આહા..હા..! કહે છે. આહા..હા..! એ અજ્ઞાનની ઉત્પત્તિ નપુંસકતાની ઉત્પત્તિ છે એમ કહે છે. અને ચૈતન્ય ભગવાન આનંદના નાથનું જ્ઞાન અંતર થઈને એ વીરોનું જ્ઞાન થયું. એ જ્ઞાન તો મોક્ષના માર્ગને તૈયાર કરીને મોક્ષ આપે છે. આહા..હા..! આ બધા ભણતર ને ફણતર ને, દુનિયાને રીઝવવા, દુનિયા રાજી થાય, સભા લાખો ભેગી થાય. ઓહો..હો..! એ બધા અજ્ઞાનભાવ છે. આહા..હા..!

'**ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' ત્રીજો બોલ. ચારિત્ર એને કહીએ, ઈ આનંદનો નાથ ભગવાન એમાં રમણતા આનંદની રમણતા એને ચારિત્ર કહીએ. દેહની ક્રિયા અને રાગ ને મહાવ્રતના પરિણામ રાગ એ ચારિત્ર નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! '**ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ, એનો અનુભવ કરીને ઠરવું, એમાં ચરવું, આનંદમાં ઠરવું અને અતીન્દ્રિય આનંદની દશાનું વેદન ઉગ્ર (થવું) એનું નામ ચારિત્ર છે. એ ચારિત્ર તો મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. આહા..હા..! '**તેનો રોકનાર કષાય છે;...**' એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ એ કષાય છે, એ રાગ છે. આહા..હા..! એ શુભભાવનો પ્રેમ અને રુચિ એ કષાય ચારિત્રથી વિરુદ્ધ કષાયની ઉત્પત્તિ છે. ઓહો..હો..! આકરું ભારે કામ! આ તો લાખ, બે લાખ, પાંચ લાખ ખર્ચે, એય..! મોટી જાત્રા કાઢે, મોટા મંદિર બનાવે દસ-દસ, વીસ-વીસ લાખના. થઈ ગયો ધર્મ. ધૂડેય નથી સાંભળને. ઈ બને એ તો જડના, એ તો પરના છે. એ ક્યાં આત્માથી બને છે? એમાં કદાચ રાગની મંદતાનો ભાવ હોય તો એ પુણ્ય છે. એ ચારિત્રના સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ? અરે..! અહીં તો મહાવ્રતના પરિણામ એ ચારિત્રથી વિરુદ્ધ પરિણામ છે એમ કહે છે. કારણ કે એ મહાવ્રતના પરિણામમાં વિકલ્પ અને રાગ છે. એવા મહાવ્રતના પરિણામ તો અભવિ પણ કરે છે. એ કાંઈ ધર્મ નથી, એ ચારિત્ર નથી.

ચરવું. જે આનંદમૂર્તિ પ્રભુ આત્મા એમાં ચરવું, રમવું, અતીન્દ્રિય આનંદમાં રમણતા એને ભગવાન ચારિત્ર કહે છે અને એ ચારિત્ર મોક્ષના ઉપાયરૂપ સ્વભાવ છે. એ સ્વભાવથી વિરુદ્ધ જે પુણ્યના પરિણામ આદિ ભાવ એ કષાય છે. એ ચારિત્રથી વિરુદ્ધ ભાવ કષાય છે એ કષાયના ઉદયથી ચારિત્ર ઉત્પન્ન થતું નથી. એનાથી વિરુદ્ધ ભાવ ઉત્પન્ન થયો. આહા..! આવી આકરી વાત છે. આ તો બહારમાં હો..હા.. હો..હા... કરી જિંદગી પૂરી કરે, જાય પછી નિગોદાદિ. એકાદ ભવ કદાચ સ્વર્ગમાં વ્યંતર ભૂતડા-બૂતડા થાય. સમજાણું કાંઈ? પછી હળવે-હળવે નીચે જાય. આહા..હા..!

ભાઈ! ચારિત્રના મોઢા મોટા છે. ચારિત્રવંતને તો ગણધર નમસ્કાર કરે છે. ચાર જ્ઞાન

અને ચૌદ અંગ પૂર્વની જેને રચના ક્ષણમાં કરતા આવડે એ ગણધર કહે, નમો લોએ સવ્વ સાહુણં. આહા..હા..! જેના ચરણમાં ગણધરના નમસ્કાર એ ચારિત્ર કેવું હશે ભાઈ! સમજાય છે કાંઈ? એ ચારિત્ર તો આનંદના નાથનો અંદર પકક્ડ કરીને, અનુભવ કરીને પ્રચુર આનંદની અતીન્દ્રિય દશા પ્રગટ થાય તે ચારિત્ર. એ ચારિત્ર મોક્ષના કારણરૂપ ઉપાય છે, એ મોક્ષનો માર્ગ છે.

'તેનો રોકનાર કષાય છે;...' આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ વિકલ્પ છે અને ચારિત્રને રોકનાર છે. એય..! ચેતનજી! ભારે આકરું કામ છે. નવા સાંભળે એને તો એવું લાગે કે... વ્યવહારનો તો નાશ (થાય છે). એ વ્યવહાર નાશ કરવાલાયક છે. એને રાખવા જેવું માનવું એ જ કષાયનો, મિથ્યાત્વનો ઉદય છે. ... આવા પંચમકાળમાં એ થાતું હશે? સંસારમાં શીરો થાતો હશે એ લોટનો થાતો હશે કે ગારાનો થાતો હશે? આહા..હા..! કહે છે, ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. વીતરાગી પરિણતિ, રાગ વિનાની અંદર વીતરાગી નિર્વિકલ્પ શાંતિ અને આનંદની દશા એને ચારિત્ર કહે છે. એ ચારિત્ર તો મોક્ષનું કારણ છે. એ ચારિત્રને રોકનારો કષાય છે. આહા..હા..! ચાહે તો વ્રતનો વિકલ્પ હો, દયા, દાનનો હો, જાત્રાનો એ રાગ છે એ ચારિત્રને રોકનાર છે. એય..! ભારે ગજબ વાતું છે આ!

એ ચારિત્ર તો મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. એને રોકનારો કષાય છે. કષાય શબ્દે એ રાગ કષાય છે. મહાવ્રતના પરિણામ પણ કષાય છે. ચારિત્ર નહિ, શુભરાગ છે. આહા..હા..! એ શુભરાગમાં રહેતા એને કષાય સંસારનો જ ઉદય છે. એને એ અજ્ઞાની ચારિત્ર માને છે. મિથ્યાદૃષ્ટિ એથી એને ચારિત્રના કષાયનો ઉદય છે એ ચારિત્રથી વિપરીત ભાવ છે. આહા..હા..! એકેય વાતના ઠેકાણા નહિ અને માને કે ધર્મ થયો. હું સાધુ થયો. ધૂડેય નથી. સાધુ કોને કહેવા એની તો ખબર પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ..ભાઈ! ... આવો માર્ગ છે આ.

ભગવાન આત્મા વિકલ્પ વિનાની ચીજ, રાગ વિનાની ચીજ ઈ છે. એ તો વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે. એની અંતરમાં દૃષ્ટિ અનુભવ કરીને સ્થિરતા અંદરમાં રમણતા, પરમેષ્ઠી પદ જેને પ્રગટ્યું ચારિત્ર ઈ, એવું જે આનંદમાં રણતારૂપી ચારિત્ર એ મોક્ષના કારણ ઉપાય, સ્વભાવ છે અને એનાથી વિપરીતભાવ રાગનું પ્રગટપણું એ તો કષાયનો ઉદય ચારિત્રથી વિપરીત છે. કોઈ એમ કહે, પણ એ કરતાં-કરતાં ચારિત્ર થાયને. એ ક્રિયાના પંચ મહાવ્રતના પરિણામ કરતાં-કરતાં (થશે) એ જ મિથ્યાત્વભાવ છે. કષાયના કણથી ચારિત્ર અકષાયભાવ ઉત્પન્ન થાય એ મિથ્યાત્વભાવનો ઉદય એને છે. સમજાણું કાંઈ? સાંભળતા કંપારી ઉઠે. આ કેવો માર્ગ આવો તે? એવો માર્ગ વીતરાગનો છે. સમજાણું કાંઈ?

પંચ મહાવ્રતના પરિણામ તો અનંતવાર થયા. 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! 'મુનિવ્રત ધાર' મુનિના વ્રત ધાર્યા, પણ એ તો રાગ વિકલ્પ છે. આહા..હા..! એ તો કષાયનો ઉદય છે. એની જેને રુચિ છે ત્યાં સમ્યગ્દર્શન કેવું? એનું જેને જ્ઞાન છે તેને સમ્યગ્જ્ઞાન કેવું? એમાં જે રોકાણો એને ચારિત્ર કેવું? ચારિત્ર કેવું એટલે? છે એમ નહિ. એને ... ચારિત્ર કેવું? બરાબર છે? કેવું એટલે કાંઈ નહિ એમ. કેવું એટલે કહેવું એમ નહિ. આહા..હા..! શબ્દ-શબ્દમાં ફેર છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચારિત્ર કૈસા? તમારી ભાષા. એને તે કેવું ચારિત્ર? એને ક્યાં ચારિત્ર? કહો, ...જી! એવી વાત છે. હજી જેને સમજણમાં પણ આવ્યું નથી, જેને વ્યવહારૂપ શ્રદ્ધામાં પણ ખબર નથી કે આ કેવી ચીજ છે? એ તો રખડી મરવાના છે. સમજાણું કાંઈ? પણ ઈ એમ કહે હોં. પણ એ કરતાં-કરતાં થાયને. પાધરું એલ.એલ.બી. થવાતું હશે? એ રાગ શુભ પ્રશસ્ત રાગ કરે ઈ અપ્રશસ્ત છે? પ્રશસ્ત રાગ છે. પ્રશસ્ત એટલે શું? કષાય છે એ તો. એ તો અશુદ્ધની અપેક્ષાએ એને શુભ કહ્યો. આત્માની અપેક્ષાએ તો મેલ અને પાપ છે. કષાયનો કણ એ પાપ છે. આહા..હા..! આ અધિકારમાં છેલ્લું ઈ છે. વ્યવહારરત્નત્રયનો કણ એ પાપ છે. સ્વરૂપ આનંદમૂર્તિમાંથી ખસી જાય છે. નિજધામમાંથી ખસવું એ વિકલ્પ વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્ર એ વિકલ્પ ચિદાનંદના ધામમાંથી આમ ખસી જવું, પતીત થવું પાપ છે. જયચેનાચાર્યની ટીકામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો શાંતિ સમજવાની વાત છે, ભાઈ! એ વાદ-વિવાદે કાંઈ પાર પડે એવું નથી. એણે અનંતકાળ ગાળ્યા.

યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો,
વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દઢ આસમ પદ્મ લગાય દિયો,
સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ કિયો,
વહ સાધન વાર અનંત કીયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે.

જે સાધન નથી એને સાધન માન્યું એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો પોતે કર્મ જ છે. એ શુભરાગ કષાય એ તો કર્મ છે. એ ક્યાં ધર્મ છે? આહા..હા..! ચારિત્ર તો ધર્મ છે. દ્રવ્યસ્વરૂપમાં ભગવાન આત્મામાં આનંદની રમણતા, અતીન્દ્રિય આનંદનો જ્યાં .. એ તો ચારિત્ર છે. ત્યારે રાગનો કણ એ તો કર્મ અને દુઃખરૂપભાવ છે. આ આનંદરૂપ

છે, એ દુઃખરૂપ છે. એ પોતે કર્મ છે. શુભભાવ પોતે રાગનું કાર્ય છે, રાગરૂપી કાર્ય છે. એના ઉદયથી જ્ઞાનને અચારિત્રપણું થાય છે. રાગના પ્રગટપણાને લઈને એ તો અચારિત્ર છે. આહા..હા..!

'**માટે, (કર્મ)...**' નામ રાગરૂપી ભાવ '**પોતે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી...**' એટલે વિપરીતભાવ હોવાથી '**કર્મને નિષેધવામાં આવ્યું છે.**' ભગવાને રાગને ધર્મના માર્ગમાં નિષેધ કર્યો છે. કહો, સમજાણું આમાં? ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૪, સોમવાર, તા. ૨૨-૦૧-૧૯૭૩
## ગાથા-૧૬૧ થી ૧૬૩, કળશ-૧૦૯, પ્રવચન-૨૯૨

... ગુજરાતી ૨૬૦ પાનું છે. ભાવાર્થ છે ભાવાર્થ. '**સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના કારણરૂપ ભાવો છે...**' ટીકામાં કહ્યું હતું કે સ્વભાવ છે. એને અહીં ભાવ કીધા. મોક્ષ એટલે પરમ આનંદનો નાથ. આજે આપણે મોક્ષ લખાવાનું છેને? આત્મલાભ. આત્મલાભસ્વરૂપ મોક્ષ. ૧૫૪માં આવી ગયું છે. આત્મલાભસ્વરૂપ મોક્ષ. આત્માની પૂર્ણ પ્રાપ્તિ લાભની પર્યાયમાં એનું નામ મોક્ષ. .. છે એ આનંદદાયક દશા છે. અને આનંદ હોય તો પૂર્ણ મોક્ષમાં જ હોય. બીજે ક્યાંય આનંદ છે નહિ. એ સમ્યગ્દર્શન એટલે કે એ સ્વરૂપ શુદ્ધ પરમ આત્મા દ્રવ્ય આત્મલાભ. દ્રવ્ય નામ સ્વરૂપની હયાતી એનો સ્વીકાર સમ્યગ્દર્શનમાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફરીને કહીએ ત્યાં આપણે ક્યાં... સમ્યગ્દર્શનમાં દ્રવ્ય એટલે વસ્તુ એનું જે સ્વરૂપ .. એટલે એની હયાતી, લાભ એટલે હયાતી એની પ્રતીતમાં સ્વીકાર, એવા દ્રવ્યનો પ્રતીતમાં સ્વીકાર એ પ્રતીતને સમ્યગ્દર્શન કહીએ. કહો, પોપટભાઈ! ... એ તો દ્રવ્ય આત્મસ્વરૂપ ધ્રુવ કહો, ઈની ઈ વાત છે. પરમપારિણામિકભાવ કહો, શુદ્ધભાવ કહો, ધ્રુવભાવ કહો તે બધું સ્વરૂપ ત્રિકાળ છે. સામાન્ય કહો, સુદૃઢ કહો, એકરૂપ કહો, અભેદ કહો. ઘણા-ઘણા

શબ્દો છે.

મુમુક્ષુ :- બધાનો એક જ અર્થ?

ઉત્તર :- બધાનો એક જ અર્થ છે. શબ્દ ફેરે થોડા-થોડા અર્થ ફરે પણ ભાવ એક જ બતાવે છે. આહા..હા..!

આ આત્મા વસ્તુ છે પદાર્થ. શરીર, વાણી, મન આ તો પર જડ છે એનાથી તો એ જુદી ચીજ છે પણ અંદરમાં કર્મ અને પુણ્ય-પાપના ભાવ વિકલ્પો રાગ એનાથી જુદું તત્ત્વ છે. એ જુદી ચીજ છે. એને અહીંયાં દ્રવ્યના સ્વરૂપની હયાતીપણું પ્રાપ્તિ, એ દ્રવ્યના સ્વરૂપની પ્રાપ્તિ એટલે છે આવું એવા પ્રતીત અને સમ્યગ્દર્શનમાં અંદરમાં અનુભવમાં આવવું એનું નામ મોક્ષના માર્ગનું સમ્યગ્દર્શન છે. કહો, પંડિતજી! આહા..હા..! એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ પૂર્ણ દ્રવ્યસ્વભાવ એની અંતરમાં અનુભવ સહિતની પ્રતીતિ અને એનું જ્ઞાન અને એમાં રમણતા એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. કોઈ દિ' કર્યો નથી, કોઈ દિ' જોયો નથી. દરકાર કરી નથી. ઊંધો રસ્તે અનાદિથી. એક તો હિંસા, જૂઠું, ચોરી, વિષય, વેપાર, ધંધા, પાપના પરિણામમાં રચ્યો. આગળ આવીને આવે તો કદાચ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ (કરે), એ બેય વિકારી ભાવ છે.

મુમુક્ષુ :- બેય એક જ જાતના છે?

ઉત્તર :- બંધની અપેક્ષાએ એક જ જાતના છે. મંદ અને તીવ્રની અપેક્ષાએ એના પરિણામની જાતમાં ફેર, પણ બંધની અપેક્ષાએ એક જ પ્રકાર છે. એમાં આ પુણ્ય શુભભાવ ઠીક અને અશુભ અઠીક એ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

એવું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો પહેલું સૂત્ર છે તત્ત્વાર્થસૂત્રનું. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન પહેલા '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' ઈ મોક્ષના કારણરૂપ સ્વભાવ પર્યાય છે. આ ભાષા બધી એવી છે. અભ્યાસ ન હોય એને એવું લાગે. કાંઈ ખબર ન મળે. અનાદિથી બુદ્ધા જેવો. આહા..! ભલે બહારમાં મોટા પંડિત ગણાતા હોય કે કરોડોપતિ શેઠિયા ગણાતા હોય, પણ આ તત્ત્વ શું છે એનું ભાન નથી એ બધા બુદ્ધા જેવા છે. બુદ્ધા એટલે જડ જેવા. એય..! શેઠ! શું કહે છે? પણ એણે કર્યું નથી માટે કરાવ્યું નહિ એમ કહેવામાં આવે છે. આહા..હા..!

ચૈતન્યરત્ન અનંતગુણના અંશો એટલે ગુણોથી ભરેલો પદાર્થ. જોકે પર્યાયને અંશ કહેવાય છે, પણ આ તો ગુણ એટલે અંશી આખી ચીજ એનો એક-એક જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત રત્ન એવો રત્નાકર આત્મા છે. રત્નાકર એટલે રત્નનો દરિયો છે. આકર-દરિયો. આહા..હા..! એવું જે રત્નાકર તત્ત્વ ભગવાન આત્મા એના સન્મુખ થઈને નિમિત્ત અને રાગ અને પર્યાયથી વિમુખ થઈને, વિ-મુખ, પરાઙ્મુખ થઈને, સ્વભાવ આવો રત્નાકરવાળો સ્વભાવ

ભગવાન તેની સન્મુખ થઈને એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા (થાય) એ મોક્ષના કારણરૂપ ભાવ-સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

**'તેમનાથી વિપરીત મિથ્યાત્વાદિ ભાવો છે;...'** જુઓ, અહીં તો એ લીધું. એનાથી વિપરીત. ઓલું કર્મ-ફર્મ લીધું નથી અહીં. આવો અર્થ કર્યો છે. સમ્યગ્દર્શનથી વિપરીત માન્યતા કે શુભભાવ એ ધર્મ, શુભભાવમાં સુખ, ઇન્દ્રિયોમાં સુખ, આબરૂમાં, પૈસામાં સુખ એવી જે માન્યતા એ સમ્યગ્દર્શનથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! એ બધા પૈસાવાળાને સુખ છે એમ બહુ વાતો કરે છે. આહા..હા..! નાખેલી પરરૂપે જ પડેલી છે. રાખી છે કે દિ' કે નાખે ઈ? રાખી જ નથીને એણે. આહા..હા..!

કહે છે એ મિથ્યાત્વાદિ ભાવો છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષના કારણરૂપ સ્વભાવ પર્યાય. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધ ચૈતન્યઘન આનંદ પ્રભુ એની પ્રત્યક્ષ જ્ઞાન અને રમણતાની એક પર્યાય છે. એ પર્યાયથી મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર વિપરીત પર્યાય છે. આહા..હા..! તેથી ટીકામાં એને સ્વભાવ કીધો અને એની સામે આ બધા વિભાવ છે. આહા..હા..! પુણ્યના ભાવ એ સ્વભાવથી વિપરીતભાવ. એ પુણ્યમાં પ્રેમ એ મિથ્યાત્વભાવ, પુણ્યનું એકલું જ્ઞાન એ મિથ્યાજ્ઞાન અને પુણ્યમાં અટકવું તે મિથ્યાચારિત્ર. સમજાણું કાંઈ? કહો, હિંમતભાઈ! આવું છે. ત્યાં સહેલું નથી. ત્યાં લોઢામાં જેમ મળી જાય ઝટ.

મુમુક્ષુ :- એમાં પણ ક્યાં મળે છે?

ઉત્તર :- એ એને મળે એટલે... છેને હવે છોકરાને બેસાડ્યો છે હવે. આહા..હા..! કોને મળે? ક્યાં મળે? ભાઈ! તું કોણ છો? કે તને તારામાં આવે અંદર ચીજ. અહીં તો રાગનો, દયા, દાનના, વ્રતનો વિકલ્પ પણ જ્યાં પ્રવેશ કરતો નથી એવી ચીજ જે ઘન, આનંદ અને જ્ઞાનની વજ્રરૂપી ઘન એવું આ સ્વતત્ત્વ ચૈતન્ય એમાં એ વિકલ્પના વિભાવનો પ્રવેશ નથી, પણ પર્યાયમાં વિભાવ છે. અવસ્થા. વિપરીત માન્યતા, વિપરીત જ્ઞાન. સ્વનું જ્ઞાન જોઈએ એને ઠેકાણે રાગનું, નિમિત્તનું, પરનું. એકાંતિક જ્ઞાન એ મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! અને એ રાગમાં રમણતા એ મિથ્યાચારિત્ર છે. એ ત્રણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિપરીત ભાવો છે. કહો, આ તો સમજાય એવું છે. આમાં કાંઈ કોઈ પલાખા લાંબા ભણવા જેવા નથી.

**'કર્મ તે મિથ્યાત્વાદિ ભાવો-સ્વરૂપ છે.'** એ મિથ્યાત્વાદિ ભાવ તે. એ મિથ્યાત્વ આદિ ભાવ તે કાર્ય છે અને તે મિથ્યાત્વાદિભાવ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ શુભ-અશુભ પરિણામ એ કર્મ છે, ભાવકર્મ અને એ મિથ્યાત્વાદિરૂપ પણ એ ભાવકર્મ છે. આહા..હા..! એ કર્મ એટલે કાર્ય. એ મિથ્યાત્વાદિ ભાવો તે કાર્ય છે, વિકારી પરિણામરૂપ. સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્ર પણ સ્વભાવિક કાર્ય છે. આ વિભાવિક કાર્ય છે. સમજાણું કાંઈ? '**મિથ્યાત્વાદિ ભાવો-સ્વરૂપ છે. આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી...**' આ ત્રણ ગાથાનો ખુલાસો છે. '**આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી વિપરીત ભાવો-સ્વરૂપ છે.**' હવે ખુલાસો કરે છે. ૧૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩.

'**પહેલાં ત્રણ ગાથાઓમાં કહ્યું હતું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું સમ્યક્ત્વાદિનું ઘાતક છે.**' ૧૫૭, ૧૫૮, ૧૫૯માં એમ કહ્યું હતું કે જે રાગભાવ છે, શુભરાગરૂપી કર્મ એ શુભરાગરૂપી વિકલ્પ એ '**મોક્ષના કારણરૂપ ભાવોનું...**' મોક્ષ નામ પરમાનંદનો લાભ એના કારણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન એના એ રાગ, શુભરાગ, એની રુચિ એ સમ્યગ્દર્શનનો ઘાતક છે. એ રાગનું જ્ઞાન, અજ્ઞાન એ સમ્યગ્જ્ઞાનનું ઘાતક છે. એ રાગની એકતા એ અંતર ચારિત્ર જે મોક્ષનું કારણ એનું ઘાતક છે. અરે..! આવી વાત ક્યાં? ઓલું તો કહે દયા પાળો છ કાયની. જાઓ!

મુમુક્ષુ :- છ કાયમાં પોતે આવ્યો કે રહ્યો?

ઉત્તર :- છ કાયમાં (પોતાને) મૂકીને. વ્રત પાળો, અપવાસ કરો, જાત્રા કાઢો બે-પાંચ લાખ ખર્ચીને. પૈસાનો કોણ ઉપયોગ કરી શકે છે? પૈસા તો જડ છે. શરીરનો ઉપયોગ કરી શકે આત્મા? આ તો જડ માટી છે. ભાવનો ઉપયોગ કરે. રાગ મંદ કરવો કે તીવ્ર કરવો કે રાગનો અભાવ કરવો. આહા..હા..!

મુમુક્ષુ :- રાગ-દ્વેષ...

ઉત્તર :- .. એ માટે તો ચાલે છે આ. વિકલ્પનું કર્તવ્ય જે છે એ કર્તવ્યની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા એ મોક્ષના કારણરૂપ સ્વભાવનું ઘાતક છે. આહા..હા..! વ્રત, તપ, નિયમ, શીલ, સંયમ એવો જે વિકલ્પરૂપી કર્મ આવ્યું હતું ત્યાં. સમજાણું કાંઈ? ૧૫૪માં આવ્યું હતું. છેને કે નહિ? ૧૫૪ નહિ? '**વ્રત, નિયમ, શીલ, તપ...**' ચાર ગુણ છે. બે તો ઓલામાં છે, ..માં છે. ૧૫૪ની ત્રીજી લીટી છેલ્લી પેરેગ્રાફની. '**કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો પણ બંધનાં કારણ હોવા છતાં...**' એ શુભ કર્મ જ કહેવાય છે. શુભ વિકલ્પ છે એ. એ ગુજરાતી ૨૫૨ પાનું. પહેલા પેરેગ્રાફની ત્રીજી લીટી છેલ્લેથી. આહા..હા..! છે? એ વ્રત કરવા શુભરાગ, નિયમ લેવો કે આ ખાવું નહિ, આ પીવું નહિ કે અભિગ્રહ એ શુભરાગ છે. શીલ-બ્રહ્મચર્ય પાળવું શરીરથી એ શુભરાગ. તપ કરવો અપવાસ આદિ એ શુભ વિકલ્પ છે. એ શુભ કર્મો છે, એ શુભ કાર્ય છે, શુભ ક્રિયા છે. કહો, સમજાણું?

એ '**કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું સમ્યક્ત્વાદિનું ઘાતક છે.**' આપણે હવે અહીંયાં ચાલતો વિષય. આહા..હા..! પછીની એક ગાથામાં એમ કહ્યું ૧૬૦માં કે કર્મ એટલે રાગ

પરિણામ પોતે જ બંધસ્વરૂપ છે, રાગ જ બંધસ્વરૂપ છે. જડબંધ જડમાં રહ્યો એની સાથે અહીં શું સંબંધ છે? રાગસ્વરૂપ, વિકલ્પસ્વરૂપ, ચાહે તો શુભનો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ એનો જે રાગ શુભરાગ એ પોતે કર્મ જ છે. એ ધર્મ નહિ અને આત્મા નહિ. સમજાણું કાંઈ? એ **'કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.'** એમ ૧૬૦માં કહ્યું હતું. અને **'આ છેલ્લી ત્રણ ગાથાઓમાં કહ્યું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે—'** શું આવ્યું એમાં? જેઠાભાઈ! શું આવ્યું? એ સાત ગાથામાં ત્રણમાં શું આવ્યું? એકમાં શું આવ્યું? અને બીજા ત્રણમાં શું આવ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના એ નહિ. પહેલી ત્રણ ગાથામાં શું આવ્યું? વચલીમાં શું આવ્યું? અને છેલ્લી ત્રણમાં શું આવ્યું? ધ્યાન રાખો છો કે નહિ એટલો ખ્યાલ આવે. બધું સાંભળેલું હોયને એટલે બહુ ધ્યાન દેવાની કાંઈ જરૂર નથી. આ ત્રણ-ચાર વાર તો કહ્યું પહેલામાં આવી ગયું છે. એઈ..!

પહેલા ત્રણમાં એમ કહ્યું, એ વાત થઈ ગઈ, પહેલા થઈ ગઈ શરૂઆતમાં, કેટલીવાર થઈ ગઈ. કહે છે કે જે ૧૫૭, ૧૫૮, ૧૫૯માં એમ કહ્યું હતું કે આત્માનું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષના કારણરૂપ સ્વભાવ તેને આ રાગની ક્રિયા એની રુચિ, એનું જ્ઞાન અને રમણતા એ ત્રણે ઘાતક છે. કહો, સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા, એ શાસ્ત્ર વાંચન, શ્રવણનો જે શુભરાગ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પછી આવ્યુંને બધું એમાં ઉપદેશ તો. આહા..હા..! એ ઉપદેશનું કેમ ન કહ્યું? કેવળીને ઉપદેશનો રાગ હોતો નથી એટલે ન કહ્યું. સમજાણું કાંઈ?

એ રાગ જે છે વિકલ્પ છે, શુભ છે, વિભાવ છે, વિકાર છે, અધર્મ છે. એ વ્રતના પરિણામ, દયા, દાનના પરિણામ, દાનના પરિણામ, શેઠ! દાન એ લખાવે છે બેય જણા શેઠિયાઓ. ભગવાનદાસ શોભાલાલ. દાની. દાનવીર લ્યો! વળી એક વિશેષણ .. એમ લખે છે હોં દાનવીર. દાની એટલા નહિ. કોના દાન? આહા..હા..! પોતાનો ભગવાન પૂર્ણ સ્વભાવ શુદ્ધથી લવાલવ ભરેલો છે એનો અંદર લાભ થવો એ દાનવીર કહેવાય. પૈસા દે કોણ પૈસા ક્યાં એના હતા? શેઠના, એ તો જડના છે. અને જડના હું આપું છું, મારા કરીને માને એ તો પાછો મિથ્યાત્વભાવ છે. એ અજીવ મારા હતા એ મેં આપ્યા તમને. એ મારા માન્યા એ મિથ્યાત્વ, મેં આપ્યા એ ક્રિયા મેં કરી એ મિથ્યાત્વ. એવું છે. આટલી ખતવણી થાય ત્યારે બધી ખતવણી કરવી જોઈએને. માર્ગ એવો છે આ. આહા..હા..!

મુમુક્ષુ :- કહે તો ખરા

ઉત્તર :- કહે છેને શેઠ કહે છે. .. કહે શેઠ કહે. આહા..હા..! વસ્તુ એવી છે. લેવા-દેવાની ક્રિયાના ભાવ જે હોય ઈ એનામાં થાય. દેવા-લેવાની ક્રિયા એની નહિ. આહા..હા..! એય..! ચંદુભાઈ!

અહીં કહે છે, ભારે વાત કરી છેને. એ વ્રત, નિયમ, શીલ, કષાયની મંદતા.. આમ રૂડો સ્વભાવ લાગે માણસને. આહા..હા..! કોમળ છે, સુંવાળો છે એમ કહે. પણ એ બધા રાગના પરિણામ છે. આહા..હા..! એ રાગ મનના ભાવ એ કર્મ એ મોક્ષના કારણના ભાવોનું ઘાતક છે. શેઠ! બીજામાં કહ્યું કે એ મોક્ષનું કારણ, કારણ સ્વભાવ એ તો શુદ્ધ સ્વભાવ છે. ત્યારે આ કર્મ પોતે બંધસ્વરૂપ છે. વિકલ્પ ઉઠે છે રાગ એ ભગવાન આત્મા અબંધસ્વરૂપી પ્રભુ એમાં વિકલ્પનો રાગ એ બંધસ્વરૂપ છે. આહા..હા..! ભારે આકરું કામ છે. ઓલા કહે કે એ આમ કર્યું, એ આમ કર્યું. આહા..હા..! બંધસ્વરૂપ છે.

અને છેલ્લી ત્રણ ગાથામાં કહ્યું કે કર્મ એટલે રાગનો ભાવ, મોક્ષના કારણરૂપ ભાવોથી એ રાગભાવ વિરોધી ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલામાં તો ફક્ત એટલું કહ્યું હતું કે મોક્ષ જે પરમ આનંદસ્વરૂપ આત્મલાભસ્વરૂપ એનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને ઘાત કરનારો એ મિથ્યાત્વ. રાગની રુચિ, રાગનું જ્ઞાન અને રાગમાં રમણતા. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ઘાતક છે. બીજામાં કહ્યું કે એ તો બંધસ્વરૂપ જ છે. ત્રીજામાં એમ કહ્યું કે એ જ્ઞાન-દર્શન-ચારિત્રથી એ ભાવ વિપરીતભાવ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવી વાત સાંભળતા માણસને (આકરું લાગે). ઓલાએ વળી એમ કીધું હતું આવી વાત સાંભળતા બહુ આમ છે, તેમ છે, તેમ છે. .. વાત કરી એટલે ઉઠી ગયા. એણે એમ કીધું. એને શું હશે? એક કોર એમ કહ્યું કે અત્યારે તો અધ્યાત્મને માને, અધ્યાત્મના ટોળેટોળા સાંભળે છે. પછી હરખ વખાણ છે. પણ... હા એ છેને. અહીં પંડિતો ને એવા છે. .. વાત કરે પછી પાછળથી નાખે. આ ખોટી વાત છે. આ નથી. એકાંત નિશ્ચયાભાસ છે. કારણ કે વ્યવહારને રાગને લાભનું કારણ તો કહેતા નથી. અને વ્યવહાર જે નિમિત્ત છે એનાથી ઉપાદાનમાં કાંઈ લાભ થાય એમ પણ કહેતા નથી. એકાંત નિશ્ચયાભાસ છે. આ નિશ્ચયથી એનાથી વિરુદ્ધ છે, ભાઈ! તને ખબર નથી. જે વ્યવહારનો વિકલ્પ છે, વ્યવહારરત્નત્રય જેને કહે હોં! જે કથનમાત્ર રત્ન, એવું અનંત વાર કર્યું છે. નિયમસારમાં આવ્યું હતું. એવું વ્યવહારરત્નત્રય કહેવામાત્ર એ તો અનંત વાર કર્યા છે. દેવ-ગુરુ-શાસ્ત્ર માટે પ્રાણ આપે અને કરોડો, અબજો રૂપિયા ખર્ચી નાખે એવો જેને ભક્તિભાવ હોય. સમજાણું કાંઈ? પણ એ બધો શુભરાગ છે. આહા..હા..! પણ પોતે દેહસ્વરૂપ ભગવાન પોતે છે. પોતે સ્વદેવ ચૈતન્યદેવ છે, પોતે ગુરુ છે અને પોતે તીર્થ છે. પોતે દેવ, પોતે ગુરુ અને પોતે તીર્થ અને પોતે ધર્મસ્વરૂપ ત્રિકાળ. આહા..હા..! એવા આત્માની પ્રતીત, જ્ઞાન અને રમણતા ન કરે ત્યાં સુધી

એનો મોક્ષ અને ઉદ્ધાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે, ત્રણે બોલ આવી ગયા સાત ગાથાના. કહો, પોપટભાઈ! યાદ રહેવું ઘણું મુશ્કેલ છે. વેપારી માણસને ઓલી બીજી વાત બહુ યાદ રહે છે. ... ભાઈ એને ક્યાં પૂછીએ? એને પૂછ્યું છે તો એને દેવા દ્યો.

મુમુક્ષુ :- એ તો મોટા બીજાની ભૂલ કાઢવામાં હુશિયાર.

ઉત્તર :- એ તો કેટલી વાર કહેવાણું. પહેલા કહેવાણું, ગાથામાં કહેવાણું. હવે અત્યારે પૂછ્યું ત્યારે આમ-આમ ગોતવા માંડ્યા. યાદ રાખતા નથી. એય..! આહા..હા..! ત્રણ બોલ થયા. સાત ગાથામાં ત્રણ. કર્મ જે પુણ્યના પરિણામ-ભાવ... આહા..હા..! ધોકો જ માર્યો છેને. એ વિભાવ છે ભાઈ! એ વિભાવરૂપી કાર્ય, ચાહે તો વ્યવહારરત્નત્રયનો ભાવ હોય પણ વિભાવરૂપી કાર્ય છે. એ **'મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે...'** આહા..હા..!

**'આ પ્રમાણે એમ બતાવ્યું કે કર્મ મોક્ષના કારણનું ઘાતક છે,...'** પહેલી ત્રણ ગાથાનો સરવાળો. બીજું **'બંધસ્વરૂપ છે...'** એ ૧૬૦. આ છેલ્લી ગાથા **'બંધના કારણસ્વરૂપ છે,...'** બંધના કારણસ્વરૂપ છે. આ મોક્ષના કારણથી વિપરીત સ્વરૂપ છે. આહા..હા..! છે? વાંચ્યું પણ નહિ હોય આવું. આ મૂળચંદભાઈ બધા શેઠિયા કહેવાય ત્યાં .. ઓલામાં. ઓલામાં ધ્યાન રાખીને કેટલું લેણું? કેટલું દેણું? એ ધ્યાન રાખે. આહા..હા..! બે ભાઈઓ જુદા પડ્યા, એની પૈસા કેટલા થયા હશે? આપણે કેટલા થયા? કેટલું છે? કેમ છે? એ બધી તપાસ રાખે લ્યો. એય..! શેઠ! તમારે તો બધું ભેગું છે એમાં તો ક્યાં વાંધો છે?

મુમુક્ષુ :- ...કરતા આવ્યા છે.

ઉત્તર :- કરતા આવ્યા નહિ, માનતા આવ્યા છે. પરનું કાંઈ કર્યું નથી. આ હાથ હલાવી શકતો નથી. આ હલે છે એ જડને કારણે. કારણ કે એ જડ રજકણો છે. અને રજકણનું અસ્તિત્વ છે જડનું. અને અસ્તિત્વના દ્રવ્ય, ગુણ અને પર્યાય એના અસ્તિત્વથી છે, પરના અસ્તિત્વથી છે નહિ. આહા..હા..! આમ થવું જોઈએ એ પર્યાયનું અસ્તિત્વ છે, અવસ્થા. એ અસ્તિત્વ જડના, ચૈતન્યના અસ્તિત્વને કારણે એ નથી. એના કારણે છે. ફક્ત એમાં દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ થાય ઈ એની પર્યાયના અસ્તિત્વમાં છે, પણ એ વિભાવ છે. એ વિભાવનો અહીં નિષેધ કરે છે. ઓલા તો એ છે જ નહિ પછી એમાં પ્રશ્ન શું? આહા..હા..!

**'માટે નિષિદ્ધ છે.'** આ કારણે શુભભાવ મોક્ષના કારણનો ઘાતક, શુભભાવ બંધસ્વરૂપ અને શુભભાવ વિપરીત સ્વરૂપ છે માટે તેનો નિષેધ કર્યો છે. આહા..હા..! **'અશુભ કર્મ તો મોક્ષનું કારણ છે જ નહિ,...'** હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, મોહ, માયા, રતિ, અરતિના ભાવ એ તો પાપભાવ છે. એ તો મોક્ષના કારણમાં છે જ

નહિ. '**બાધક જ છે, તેથી નિષિદ્ધ જ છે;...**' એનો તો નિષેધ જ છે અશુભનો. એમ નથી કે શુભનો નિષેધ કરીને અશુભમાં આવવું. શુભનો નિષેધ કરીને નિશ્ચય અંતરમાં આવવું. એને માટે નિષેધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જે દૃષ્ટિનો વિષય છે તે શુભ કારણે પ્રગટ થતો નથી, જણાતો નથી એથી એનો નિષેધ કર્યો છે. શુભરાગ પરોપકારનો, દયાનો, દાનનો, આવા સુધારા કર્યા, આવા આ કર્યા એમાં બહુ લખાણ છે. બહુ સુધારા કર્યા. પચાસ વર્ષથી આ સંભાળે છે ને આમ કર્યું ને તેમ કર્યું. ઓલા ફૂલચંદજીનું પણ એમાં લખાણ છે, ઓલાનું પણ લખાણ છે હુકમચંદજી, જયપુર. એ વખતે તો બધી વાત થઈ. વ્યવહાર ... એ જાતની વાત કરે. એવી વાત કરી છે અંદર. ... આહા..હા..! વાત એ કે લોકોમાં .. હોય એનો કાંઈ ભાવ કર્યો હોય કે આ.. પણ એથી શું? પરની કુરૂઢી અને કુરીત ટળે એ કાંઈ બીજાએ કરી માટે ટળે છે? આહા..હા..! એય..! એ તો એને કારણે ટળે છે. પણ આ કુરૂઢી અને કુરીત તો આ છે. આહા..હા..! રૂઢ-રૂઢ નથી કહ્યું? ૧૦૮ ગાથા પંચાસ્તિકાય. અનાદિરૂઢ. ઓલામાં ૧૩માં આવ્યું એ જુદું. અનાદિરૂઢ. ૧૦૮ને? પંચાસ્તિકાય. રાગમાં ... આ ક્રિયા, આ ક્રિયા, આ ક્રિયા. રાગની ક્રિયા સવારથી સાંજ સુધી કરે. ઓહો..! આમ ખવાય, આમ ન ખવાય, આમ પીવાય, આમ ન લેવાય ને આમ ને તેમ. રાગના વિકલ્પની આડમાં ભગવાન સંતાઈ ગયો.

એથી કહે છે કે અશુભ તો '**નિષિદ્ધ જ છે; પરંતુ શુભ કર્મ પણ કર્મસામાન્યમાં આવી જતું હોવાથી...**' કર્મ સામાન્ય એટલે? કર્મ કહેતા એમાં શુભ અને અશુભ બેય આવી જાય. રાગરૂપી કાર્ય એમ કહેતા શુભ અને અશુભ બેય એમાં આવી જાય. '**તે પણ બાધક જ છે...**' શુભકર્મ પણ કર્મ સામાન્યમાં એટલે કે રાગરૂપી કાર્ય એમ કહેતા શુભ અને અશુભ બેયનો એમાં નિષેધ આવી જાય છે. '**તેથી નિષિદ્ધ જ છે એમ જાણવું.**'

## શ્લોક-૧૦૯

(शार्दूलविक्रीडित)

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०९।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :— **[मोक्षार्थिना इदं समस्तम् अपि तत् कर्म एव संन्यस्तव्यम् ]** મોક્ષાર્થીએ આ સઘળુંય કર્મમાત્ર ત્યાગવા યોગ્ય છે. **[संन्यस्ते सति तत्र पुण्यस्य पापस्य वा किल का कथा]** જ્યાં સમસ્ત કર્મ છોડવામાં આવે છે ત્યાં પછી પુણ્ય કે પાપની શી વાત? (કર્મમાત્ર ત્યાજ્ય છે ત્યાં પુણ્ય સારું અને પાપ ખરાબ—એવી વાતને ક્યાં અવકાશ છે? કર્મસામાન્યમાં બન્ને આવી ગયાં.) **[सम्यक्त्वादिनिजस्वभावभवनात् मोक्षस्य हेतुः भवन् ]** સમસ્ત કર્મનો ત્યાગ થતાં, સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી-પરિણમવાથી મોક્ષના કારણભૂત થતું, **[नैष्कर्म्यप्रतिबद्धम् उद्धतरसं]** નિષ્કર્મ અવસ્થા સાથે જેનો ઉદ્ધત (-ઉત્કટ) રસ પ્રતિબદ્ધ અર્થાત્ સંકળાયેલો છે એવું **[ज्ञानं]** જ્ઞાન **[स्वयं]** આપોઆપ **[धावति]** દોડ્યું આવે છે.

ભાવાર્થ :— કર્મને દૂર કરીને, પોતાના સમ્યક્ત્વાદિસ્વભાવરૂપે પરિણમવાથી મોક્ષના કારણરૂપ થતું જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે, ત્યાં પછી તેને કોણ રોકી શકે ? ૧૦૯.

---

## કળશ-૧૦૯ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—' લ્યો! ૧૦૯. માથે કળશ છે.

(शार्दूलविक्रीडित)

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०९।।

આહા..હા..! 'શ્લોકાર્થ :—' '**मोक्षार्थिना इदं समस्तम् अपि तत् कर्म एव संन्यस्तव्यम**' શું કહે છે? મોક્ષાર્થી (અર્થાત્) જેને પરમાનંદની પ્રાપ્તિની અભિલાષા છે, જેને મોક્ષ થવાની ભાવના છે, સંસારથી દુઃખથી મુક્ત થવાની જેને ભાવના-રુચિ છે એવા '**મોક્ષાર્થીએ આ સઘળુંય કર્મમાત્ર...**' સઘળુંય શુભ, અશુભના ભાવ કાર્ય '**ત્યાગવા યોગ્ય છે.**' દૃષ્ટિમાં એને છોડવા યોગ્ય છે. સમજાણું કાંઈ? સઘળુંય કર્મ. '**આ સઘળુંય કર્મ...**' એમ. વિદ્યમાન છે એમ કહે છે. શુભ-અશુભભાવ છે ખરા. એ સઘળુંય કર્મમાત્ર. રાગની વિકલ્પની દશામાત્ર ત્યાગવા યોગ્ય છે. એને છોડ્યા વિના સમ્યગ્દર્શન થશે નહિ. દૃષ્ટિમાં એનો

આદર છોડ્યા વિના સ્વનો આદર થશે નહિ.

'**संन्यस्ते सति तत्र पुण्यस्य पापस्य वा किल का कथा**' '**જ્યાં સમસ્ત કર્મ છોડવામાં આવે છે...**' એ રાગરૂપી કાર્ય છોડવાનું કહ્યું '**ત્યાં પછી પુણ્ય કે પાપની શી વાત?**' કે વળી પુણ્ય છોડવા જેવું નથી અને પાપ છોડવા જેવું એ વાત ક્યાં આવી? આહા..હા..! '**(કર્મમાત્ર ત્યાજ્ય છે ત્યાં પુણ્ય સારું અને પાપ ખરાબ—એવી વાતને ક્યાં અવકાશ છે?**' ભાઈ! વ્રત, નિયમ, તપનો વિકલ્પ છે એ તો સારો, પ્રશસ્ત રાગ છે. પણ અહીં તો કહે છે, કર્મમાત્ર ત્યાજ્ય કીધું. એમાં વળી આ સારું અને આ નરસું એમ આવ્યું ક્યાં? બેયનો નિષેધ છે અહીં તો. દૃષ્ટિ દ્રવ્ય ઉપર મૂકવા એના ઉપરથી પુણ્ય અને પાપની ઉપરથી દૃષ્ટિ હઠાવીને, સ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકવા માટે નિષેધ છે. સમજાણું કાંઈ?

એ '**કર્મસામાન્યમાં બન્ને આવી ગયાં.**' ભગવાને એમ કહ્યું કે રાગની ક્રિયામાત્ર એ કર્મ છોડવા જેવું છે. રાગની ક્રિયામાત્ર કાર્ય. આહા..હા..! ભગવાનનો એમ હુકમ છે. ત્યાં પછી વળી પુણ્ય ભલું અને પાપ ભલું એમ આવ્યું ક્યાં અહીંયાં? ધીરૂભાઈ! ઝીણી વાત છે આ. તમે જ કહ્યું હતુંને? એણે કહ્યું હતું. ... આહા..હા..! ભગવાન ત્રિલોકના નાથ સર્વજ્ઞદેવે જ્યારે રાગની ક્રિયામાત્રનો નિષેધ કર્યો ત્યાં વળી પુણ્ય અને પાપના તફાવત બેમાં છે એમ ક્યાં આવ્યું? કહે છે. એમ કહે છે. આહા..હા..!

'**सम्यक्त्वादिनिजस्वभावभवनात् मोक्षस्य हेतुः भवन्**' લ્યો! જ્યારે એનો નિષેધ થાય ત્યારે શું થાય? '**સમસ્ત કર્મનો ત્યાગ થતાં,...**' અંતરમાં રાગના વિકલ્પની દૃષ્ટિ છૂટતા, અંતરના પુણ્યના પરિણામ આદિ ક્રિયા રાગની એની રુચિ છૂટતાં '**સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી...**' એને ઠેકાણે રાગની ક્રિયાને છોડતા સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થાય. સમજાણું કાંઈ? '**સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ...**' એ પોતાનો સ્વભાવ છે. રાગ એનો સ્વભાવ નથી, એ તો વિભાવ છે. ચંડાળણીના પુત્ર બે છે એમ આવ્યુંને? ત્યારે શરૂઆતમાં કહ્યું હતું. છેલ્લું આવ્યું. બેય વિભાવ છે. વિભાવરૂપી ચંડાળણીના બે પુત્ર—શુભભાવ અને અશુભ. વળી શુભ કહે કે આ મને ખપે નહિ... આ મને ખપે નહિ... આ મને ખપે નહિ. પણ તું ખપે છેને. અમારે વિષય-કષાય ખપે નહિ, અમારે આ ખપે નહિ એમ. પણ ખપે નહિ એવો જે શુભ વિકલ્પ એ ખપે છેને? મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભારે આકરું કામ આ. આવું તો સાંભળવા મળ્યું ન હોય એટલે એને એમ થઈ જાય કે આવો માર્ગ કેવો હશે આ? આ વીતરાગનો માર્ગ આવો હશે? ભાઈ! અત્યાર સુધી તો બધું સાંભળીએ છીએ, જાત્રા કાઢો લાખ બે લાખ ખર્ચીને, મંદિર બનાવો બબ્બે લાખ ખર્ચીને. જુઓ, કહો આ પાંચ લાખનું બનાવે છેને બેંગ્લોર? આ એને છેને

ઓલી? એની પ્રભાવના હતીને સવારમાં? જુગરાજજીએ અઢી લાખ કાઢ્યા છે અને એક ભભુતમલ છે. પાંચ લાખનું મંદિર બનાવે છે. કહો, અહીં ઈંટુનું કર્યું હતુંને? સાથિયા કર્યા હતા. આહા..હા..! હોય છે, એ તો એને કારણે બને છે. બનાવનારના ભાવમાં રાગની મંદતા હોય તો એ પુણ્ય છે. ધર્મ તો એ નહિ. આહા..હા..! લાખ મંદિર કરે અને લાખ જાત્રા કાઢે સમ્મેદશિખરની. શેઠ! આવી વાત ભારે આકરી! ઓલું તો બે, પાંચ, દસ લાખ ખર્ચીને એક જાત્રા કાઢે. ઓહો..હો..! નહોતી કાઢી એક? કોણ? માણેકલાલ? ઘણા વર્ષ પહેલા. નાગરભાઈ. ખબર છેને. દસ હજાર માણસ.

મુમુક્ષુ :- તે દિ' મોટામાં મોટી.

ઉત્તર :- મોટી જાત્રા. સંઘપતિ. સંઘપતિ કહેવાય. સંઘના પતિને. ધર્મના પતિ નહિને? આહા..હા..! એક જણા વિંછીયા હતા, આવતા પછી. અમે ગયા પછી આવ્યા. દસ હજાર તો સાથે માણસ. નાસ્તા મંગાવે ત્યારે માણસ ભેગું થાય. ખાવા. બધાને ખાવાનું.. તે દિ' તો ઘણા વર્ષ થયા હોં. ઘણા વર્ષ. અમે હતા ત્યાં. પછી બધું આ નીકળવા માંડ્યું. કીધું ઓહો..હો..! માકુભાઈએ જાત્રા કાઢ્યા પછી ... એવું સાંભળ્યું હતું. ખબર છે. પૈસા .. ગયા અંદર. એ તો કુદરતની વાત છે. .. વાતું છે એની સાથે શું સંબંધ? એણે શુભભાવ કર્યો માટે એને પૈસા .. અભિમાન કર્યું એણે પાપ બાંધ્યા એ જુદી વસ્તુ છે. અને પૈસા જાય એ તો જુદી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પછી લોકોને એમ થઈ જાય કે આ પોતે જાતે શેઠિયા હોય, બહુ સમજી શકવાની બુદ્ધિ ન હોય, જાડી બુદ્ધિયું હોય અને પૈસા કાંઈક ઘણા હોય તો દસ-વીસ લાખ ખર્ચે તો કાંઈક સાધુ પણ વખાણે કે આહા..હા..! શેઠિયા ધર્મધુરંધર. એય..! શેઠ! આ ધર્મધુરંધર આ બેયને કહે છે. એવું છાપામાં લખાણ આવે છે. ધર્મના કામી છે, ધર્મવીર છે. બેય-બેય ભાઈનું આવે છે ત્યાં લખાણ. અમે વાંચીએ ખરાને.

આ તો કહે છે કે એ વિકલ્પનો રાગી એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આકરી વાત, બાપુ! આ તો વીતરાગ માર્ગ છે. વીતરાગ માર્ગમાં રાગની રુચિવાળા એ વીતરાગ માર્ગમાં આવી નહિ શકે. રાગના શુભરાગના પ્રેમીલા વીતરાગ માર્ગ, વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એનો પ્રેમ નહિ થઈ શકે. સમજાણું કાંઈ? એ સારું લાગે, કડવું લાગે, મીઠું લાગે, તુરું લાગે પણ માર્ગ તો આ છે. માખણ ચોપડીને બીજા રાજી રાખે અને રાજી રહેશે. આહા..હા..! ઓલો આવે છેને દાખલો એક. તાવ આવ્યો હતો એક. પાંચ ડિગ્રી તાવ. બધા આવ્યા, કહેવા માંડ્યા. કોક કહે કરિયાતું પાવ, કોક કહે કે હતુંને એવું ધાણાજીરૂ પાવાનું. એવું પહેલા હતું. દવાઓ કહેવા માંડ્યા. સાંભળી. એમાં એક વળી આવ્યો કણબી કોક. .. એમને સાકરનો શીરો ખવરાવો. એટલે ઓલો કહે છે રોગી એ ભાવ શું કહે છે? ત્રીજો કહે છે કે ભા

કહે છે મરવાનું તારું. પાંચ ડિગ્રીમાં શીરો ખાઈશ તો મરી જઈશ. ડબલ ન્યુમોનિયા થાશે. ઓલો શું કહે છે? એમ કોઈ પુણ્યને બતાવે. આ માણસ શું કહે છે? એ બતાવે છે મરવાનું તને. સાંભળને હવે. એય..! એ જાત્રા કાઢો, આટલા વ્રત લ્યો અને તપસ્યા-અપવાસ કરો તમારે ધર્મ થશે. એવું ભાએ બતાવવા જેવું છે ઈ. અહીં તો વીતરાગ ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ રાગમાત્રની ક્રિયાને ધર્મ માનતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં પૈસાવાળા માટે બીજી રીત અને નિર્ધન માટે બીજી રીત એમ હશે કાંઈ? પૈસાવાળાને પૈસાથી ધર્મ થાય.

મુમુક્ષુ :- પણ પૈસાવાળો છે જ ક્યાં જીવ?

ઉત્તર :- પણ આ પૈસા મારા માન્યા છેને. ફટ કાઢે લ્યો .. અને શરીરના બળીયા હોય એ અપવાસથી ધર્મ કરે, મનના બળીયા હોય એ જ્ઞાનની વાતું કરે તો ધર્મ થાય. એય..! ચંદુભાઈ! અહીં તો કહે છે, ત્રણે ખોટા છે. મન, વચન અને કાયાની ક્રિયામાં રાગભાગ છે. આહા..હા..! એ રાગનો નિષેધ કરીને ભગવાન આત્માનો આશ્રય કરાવે છે. એ આત્માની દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન થશે નહિ. એ વિના ધર્મની શરૂઆત ત્રણ કાળમાં ક્યાંય થતી નથી. મરી જાય છ-છ મહિનાના અપવાસ કરીને, વર્ષીતપ કરીને. આ વર્ષીતપ નથી કરતા? તો કેટલાય ખર્ચે દસ-દસ, પાંચ-પાંચ હજાર. એક બાઈએ કર્યા હતા તો શેઠિયાએ ત્રણ લાખ ખર્ચ્યા. સ્પેશ્યલ આખી આવી હતી અહીં, વૈશાખમાં. મંગળભાઈની વહુ. મંગળદાસ. ... નવી પરણ્યો હતોને, ધ્રાંગધ્રાની. એણે વર્ષી તપ કર્યું હતું. પોણો લાખ ખર્ચ્યા. પૈસા પ્રમાણે ખરચેને કાંઈક. ધર્મ થઈ ગયો? ધૂળેય ધર્મ નથી, હવે તારી સ્પેશ્યલ આખી જાયને. સુકાઈ જાય ચોવીહાર કરી કરીને. એમાં રાગની મંદતાને ધર્મ માને છે તું તો. સમજાણું કાંઈ? જેને ભગવાને નિષેધ દૃષ્ટિમાં કરાવ્યો એનો તું આદર કરે છો. વીતરાગની આજ્ઞાનો વિરોધક છો. આહા..હા..! બહુ કામ આકરું આમાં હોં!

ઓલા વીસ લાખનું કરાવ્યું હતું તમારે શું? એય..! મહાજન! ક્યાં? મોમ્બાસા? ક્યાં કરાવ્યું? મોમ્બાસા. શ્વેતાંબરને લઈને નહિ. આઠ-દસ લાખ. નાઈરોબીમાં. દસ લાખનું નહિ? દસ લાખ. ક્યાંક વીસ લાખનું કરવું છેને. ... ભાગો-ભાગો એમ કરે. આહા..હા..! હમણા કોક એક આવ્યું હતું. મહારાજ, આવવું પડશે તમારે હોં ત્યાં. એમ કરીને .. ભાગી જઈએ. ત્યાં ઘણા આશા રાખે છે મહારાજની. આહા..હા..! અરે..! તું જાને આત્મામાં. તારે કોઈની જરૂર પડે નહિ. આહા..હા..!

કહે છે, '**તે મોક્ષના કારણભૂત થતું,...**' શું? '**સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી-પરિણમવાથી...**' એ મિથ્યાત્વભાવ રાગનો પ્રેમ અને રુચિ એ તો મિથ્યાત્વભાવ છે. એ નથી આવ્યું ચૌદમી ગાથામાં? ભગવાનને રાગસહિત આત્માને માનવો એ તો મિથ્યાત્વ,

સંસારનું બીજ છે. આહા..હા..! રાગથી અસમાહિત છે. ભગવાન સ્વરૂપે પ્રભુ તું રાગથી સહિત નથી. એ શુભરાગ સહિત પણ આત્મા નથી. શુભરાગ તો આસ્રવ છે. આસ્રવસહિત આત્મા? એ આસ્રવરહિત આત્મા હોવા છતાં અજ્ઞાનીઓને આસ્રવસહિત આત્મા ભાસે છે એ ભવનું રખડવાનું બીજ છે. સાધુ થયો મરીને સુકાય બિચારો બાયડી-છોકરા છોડીને. સમજાણું કાંઈ? દુકાનના ધંધા કરોડોના પેદાશને છોડીને બેઠો હોય, પણ એને એ રાગના ભાવનો પ્રેમ છે એ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. એય..! ભારે આકરું કામ! ઓલા વખાણ કરે કે આવા છે... આવા છે... આવા છે... શું આવા છે? સાંભળને! કાળાકેરના રાગને ધર્મ માનનારા, મનાવનારા એ જૈનના શાસનના વેરીઓ છે. સમજાણું કાંઈ? ધર્માત્મા તો આ કહે છે. એનાથી વિરુદ્ધ જિનશાસનને નામે નાખ તો વિરોધી છો. આહા..હા..!

'જેમ જેમ મોહસુખ...' આવે છેને? 'જેમ જેમ મોહસુખ બહુજન સંમત' ત્રણ બોલ છે. બાકી છ બોલ છે. ઠાણાંગને છઠ્ઠે ઠાણએ. ૭૮માં કહ્યું હતું. ... પણ એ કાંઈ સમજે નહિ. ... હતું એ લઈ લીધું. ... ૭૮ની વાત છે હોં! ૮૦માં દીક્ષા લીધી. ત્યારે કહ્યું હતું હોં વ્યાખ્યાનમાં. ઉઘાડું મૂકાય. મેં કીધું, આમ કહે છે જુઓ આમાં. ઠાણાંગજીને છઠ્ઠે ઠાણે છે. ઘણા માણસો માનનારા હોય, ઘણું જાણપણું હોય ઉઘાડ, બહુજન સંમત અને બહુ શિષ્યે પરવરિયો. હજારો શિષ્યો, લાખો શિષ્યો, આચાર્ય ભગવાન 'તેમ તેમ જૈન શાસનનો વેરી, જો વિનિશ્ચય ધરિયો' ષટ્ દ્રવ્યની શ્રદ્ધા, જ્ઞાન ભાન નથી એ બધા જૈન શાસનના .. ત્યાં એને અણાત્મા કહ્યો. પણ એનો અર્થ ઈ. કષાય છે એ અણાત્મા અને એનાથી લાભ માનનારા એ અણાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સંસ્કૃત ટીકામાં છે. ઠાણાંગને છઠ્ઠે ઠાણે. એમાંથી યશોવિજયે આ કહ્યું છે. એમાં છ બોલ છે. ઠાણાંગને છઠ્ઠે. ઘણું શ્રુત, ઘણા માનનારા એવું કાંઈક છે. ઘણું માનનારા, બહુ શિષ્યો એ ત્રણ બોલ છે બીજા. યાદ નથી. એ વખતે કહેવાયું હતું. તપસ્યા બહુ કરે, પુણ્ય ઘણું હોય. સમજ્યાને? બહારમાં દેખાવ ઠાઠ-માઠ દેખાય. એય..! ઠાણાંગને છઠ્ઠે ઠાણે છે. છ બોલ છે. સંસ્કૃતમાં છે. .. એ શબ્દ પડ્યો છે એમાંથી ભાઈએ કર્યું છે લ્યો. આહા..હા..!

ભગવાન ચૈતન્યના મોક્ષનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો સ્વભાવ વસ્તુ છે. એનાથી વિરુદ્ધ રાગથી જે ધર્મ માને, મનાવે, માનતાને રૂડું જાણે એ ભવના બીજના મિથ્યાત્વને સેવે છે. આહા..હા..! એ કહે છે જુઓને. એ રાગનો નિષેધ થતાં ચૈતન્યના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનું પરિણમવું થાય છે. એ મોક્ષના કારણભૂત હતું. કોણ? જ્ઞાન. એટલે આત્મા.

**'नैष्कर्म्यप्रतिबद्धम् उद्धतरसं' 'નિષ્કર્મ અવસ્થા...'** એ રાગની ક્રિયા વિનાની સમ્યગ્દર્શન દશા એ નિષ્કર્મ દશા છે. આહા..હા..! બબ્બે મહિનાના સંથારા કરે. લોકો કહે આહા..હા..!

ભારે તપસ્યા! ધૂડેય નથી સાંભળને. એમાં રાગની મંદતાનો ભાવ હોય તો પુણ્ય છે. એ પુણ્યનો નિષેધ કર્યા વિના ચૈતન્યનું સમ્યગ્દર્શન થાય નહિ. આહા..હા..! કહે છે કે '**નિષ્કર્મ અવસ્થા...**' નિષ્કર્મ અવસ્થા એટલે? શુભરાગની રુચિ, જ્ઞાન અને રમણતા છોડી સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ નિષ્કર્મ અવસ્થા છે. વ્યવહારના વિકલ્પરૂપી રાગની અવસ્થાનો અભાવ છે એમાં. સમજાણું કાંઈ? આહા..હા..! એક-એક શ્લોક પણ '**નિષ્કર્મ અવસ્થા સાથે જેનો ઉદ્ધત (-ઉત્કટ) રસ પ્રતિબદ્ધ...**' છે. આહા..હા..! નિર્મળ અવસ્થા સાથે જેની પ્રેમ-રુચિ થઈ ગઈ છે. '**સંકળાયેલો છે એવું જ્ઞાન...**' એવો આત્મા. એ રાગના પરિણામનું લક્ષ, દૃષ્ટિ, રુચિ છોડીને.. સમજાણું કાંઈ? આહા..! ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ એના આનંદની રુચિ એ આનંદનું જ્ઞાન અને આનંદમાં રમણતા એ નિષ્કર્મ અવસ્થારૂપ પરિણમન છે. એમાં રાગ અને વ્યવહારની ગંધ છે નહિ. સમજાણું કાંઈ?

'**નિષ્કર્મ અવસ્થા સાથે જેનો ઉદ્ધત (-ઉત્કટ) રસ પ્રતિબદ્ધ અર્થાત્ સંકળાયેલો છે એવું જ્ઞાન...**' એટલે આત્મા. જેની નિર્મળ અવસ્થા સાથે લગની લાગી છે. રાગની લગની છોડીને નિષ્કર્મ અવસ્થાની લગની લાગી. .. આવે છે. એ આત્મા એટલે દ્રવ્ય નિર્મળ થતું-થતું પૂર્ણતાને પામે છે. આહા..હા..! એ પુણ્યના પરિણામનો દૃષ્ટિમાં નિષેધ થતાં, દ્રવ્યની દૃષ્ટિ સમ્યક્ થતાં તે જ્ઞાન ઉગ્ર થતું-થતું નિર્મળ પરિણમતું-પરિણમતું, દોડતું, દોડતું નિર્મળ પરિણતિ દોડીને મોક્ષને પહોંચી જાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**આપોઆપ દોડ્યું આવે છે.**' '**ધાવતિ**'. સહજપણે એ આનંદસ્વરૂપની રુચિ અને અનુભવ થતાં રાગની રુચિ પૃથક્ છૂટી ગઈ, એને આત્મા પ્રત્યેનો પ્રતીત જ્ઞાન આનંદનો રસ આવતા, એ જ્ઞાન એટલે આત્મા શુદ્ધતાની દોડ, એને શુદ્ધતાની દોડ '**ધાવતિ**' શુદ્ધતાની દોડ લાગી છે હવે. આહા..હા..! શુદ્ધ પરિણમન વધે છે. રાગનું પરિણમન તો અશુદ્ધ હતું. છોડતા લાભ થાય છે કહે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? એવું આત્મા આપોઆપ દોડ્યું આવે છે. જ્યાં જ્ઞાન આત્મસ્વભાવની દૃષ્ટિ થઈ, એનું જ્ઞાન થયું અને એમાં રમણતા થઈ એ દ્રવ્ય સ્વભાવ શુદ્ધતા વધતી જાય છે. વધતાં-વધતાં કેવળજ્ઞાનને પામે છે. રાગને કારણે એ પામતો નથી. એનો તો નિષેધ થઈ જાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૫, મંગળવાર, તા. ૨૩-૦૧-૧૯૭૩
## કળશ-૧૦૯, ૧૧૦, પ્રવચન-૨૯૩

'**કર્મને દૂર કરીને,...**' એટલે શું? જેને આત્મા પ્રાપ્ત કરવો છે એટલે કે જેને ધર્મ કરવો છે. અધર્મ તો અનાદિથી કરતો આવ્યો છે. અનાદિથી કરે છે. દિગંબર સાધુ થયો નગ્ન મુનિ, તોપણ એણે અધર્મ જ કર્યો છે. મિથ્યાદૃષ્ટિ સ્વરૂપની ચૈતન્યની જાગૃતિનો જ્યાં અભાવ છે ત્યાં એકલા પુણ્યની ક્રિયાકાંડમાં રોકાયેલો છે એ અધર્મને જ કરે છે. કહો, પંચ મહાવ્રતના પરિણામ કરે કે અઠ્યાવીશ મૂળગુણ સાધુના જે કહેવાય વ્યવહારે એને કરે એ બધો અધર્મ છે. અરે..! ભારે આકરું. એવો અધર્મ પુણ્ય-પાપના ભાવરૂપ ભાવ એને બાહ્ય દૃષ્ટિથી અનંતવાર કર્યા અને એના ફળ તરીકે દુઃખને ચાર ગતિને અનુભવ્યા. એ જેને દુઃખને ટાળવું હોય તો કર્મને દૂર કરજે. એટલે કે પુણ્યભાવ જે થાય એની રુચિ છોડી દેજે.

'**દૂર કરીને,...**' એટલે કે રાગના પરિણામને હઠાવીને. એટલે ઉપદેશમાં તો એમ જ આવેને. આમ વસ્તુ ચૈતન્યમૂર્તિ ભગવાન... એ કહે છે જુઓ, '**પોતાના સમ્યક્ત્વાદિસ્વભાવરૂપે પરિણમવાથી...**' પુણ્યના વિકલ્પ જે છે એના ઉપરથી પણ રુચિ, આશ્રય છોડી દઈને પોતાનો જ્ઞાયકસ્વભાવ ભગવાન એના '**સમ્યક્ત્વાદિસ્વભાવરૂપે પરિણમવાથી...**' એવું ચૈતન્યદ્રવ્ય પરમાત્મસ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ પરિણમન થયું, '**મોક્ષના કારણરૂપ થતું જ્ઞાન...**' એ પરિણમતું જ્ઞાન પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પર્યાયપણે. એ પોતે પોતાના સ્વભાવને ઉપાદેયપણે કરીને પરિણમતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા થતાં આત્મા '**આપોઆપ પ્રગટ થાય છે,...**' જ્ઞાન એટલે આત્મા. શક્તિરૂપ જે સત્તા શક્તિરૂપ હતું, પરમાત્મતત્ત્વ શક્તિરૂપ ભગવાન આત્મા છે, શક્તિ એટલે સ્વભાવના સામર્થ્યરૂપ એની દૃષ્ટિ કરી, તેનું જ્ઞાન અને રમણતારૂપ અવસ્થાને પ્રાપ્ત કરી, મોક્ષના કારણરૂપ થતું એ જ્ઞાનદશા એટલે આત્મ અવસ્થા આપો આપ પ્રગટ થાય છે. એને કોઈ રાગ ને વ્યવહાર ને કોઈ સંઘયણ ને મનુષ્યની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..! એવો માર્ગ વીતરાગનો પોતે ભગવાનસ્વરૂપ ચૈતન્યબિંબ એના સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ આત્મદ્રવ્ય તે અવસ્થારૂપે થતું, મોક્ષના કારણરૂપ આપોઆપ પરિણતિ થાય છે.

કહે છે કે જ્યાં દૃષ્ટિમાં વસ્તુ જે આખી પૂર્ણ છે એમ લીધી એટલે એનું પરિણમન શુદ્ધ પરિણમન એની મેળાએ થયા કરે છે. કરવું પડતું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું

કાંઈ? એ તો દ્રવ્યસ્વભાવ, ચૈતન્યભાવ આદિ અનંતગુણરૂપ ભાવ, અભાવ, અભાવભાવ આદિ છેને? એ બધા ગુણોનો પિંડ જે વસ્તુ એવી જ્યાં પ્રતીત, અનુભવમાં આવી, એના જ્ઞાનમાં એ ભાસન થયું, ત્યાં આગળ એ પરિણતિ અનંતગુણમાંથી સહેજે પરિણમ્યા કરે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એને મૂળની ઘરની વાત મળી નહિને અને બહારમાં આથડ્યા કરે છે આમથી આમ. એક તો પાપના ભાવમાં રખડતો એમ કરતાં કોઈ ધર્મને નામે પુણ્યના ભાવમાં આવ્યો. એ રખડપટ્ટી છે બધી. સમજાણું કાંઈ? કહો, રતિભાઈ! આ બધા સંસારના ડહાપણમાંથી બહાર નીકળે નહિ, એમાં અહીંયાં આવે તો આ શુભ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ત્યાં રોકાઈ ગયો. નિમિત્તને ફેરવ્યું, સ્વભાવને ફેરવ્યો નહિ. આહા..હા..! દુકાનના ધંધા આદિ જે નિમિત્ત હતું ઈ છોડ્યું, બીજું નિમિત્ત બનાવ્યું પુણ્યના પરિણામ... આહા..હા..! ભારે વાત છે. એય..! પોપટભાઈ! આવું છે હોં!

સુખધામ ચૈતન્ય સ્વયં જ્યોતિ સુખધામ એવો ભગવાન આત્મા જેને પરમાત્મા કહ્યો હતોને સવારમાં? એ પરમાત્મતત્ત્વ છે. આહા..હા..! પરમાત્મા એટલે તું પોતે જ પરમાત્મા છો. 'અપ્પા સો પરમ અપ્પા' શેઠ! આવે છે નવ બોલ. એના અભ્યાસમાં પણ ક્યાં ભાન હતું કાંઈ? ના પાડે છે. તારણસ્વામીમાં બહુ આવે છે ઈ. 'અપ્પા સો પરમ અપ્પા' ભાઈ! આવે છેને? આહા..હા..! ઈ આ આત્મા. રાગ વિનાનો, વિકલ્પ વિનાનો, એક સમયની પર્યાય વિનાનો આત્મા છે. એ આત્મા તે પોતે પરમાત્મા જ છે. એની એકાગ્રતા થઈને એન્લાર્જ કરતા પર્યાયમાં પરમાત્મા થાય છે. આહા..હા..! ખબર નહિ એને. દુનિયાના ડહાપણ આડે અને કાં શાસ્ત્રના બહારના વ્યવહારના ડહાપણ આડે. આવ્યું હતુંને વ્યવહારમાં પંડિતો પ્રવર્તે છે. પંડિતો જાણપણું કાઢી શાસ્ત્રમાંથી વ્યવહારની વાતું ઘણી હોય, નિમિત્ત દેખીને ઘણી વાતું વીતરાગે કહી છે, એમાંથી વ્યવહાર કાઢીને વ્યવહારમાં વર્તે. પણ એ તો બંધનું કારણ છે. આહા..હા..! જિનવરે કહેલો વ્યવહાર, ચરણાનુયોગો કહેલો વ્યવહાર એ પુણ્યબંધનું કારણ છે. અર્થાત્ અબદ્ધસ્વરૂપ ભગવાન, મુક્તસ્વરૂપ ભગવાનને એ બંધ પડે છે, જેલમાં જાય છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીંયાં કહે છે કે જ્ઞાન એટલે આત્મા. રાગના વિકલ્પનો પ્રેમ અને રુચિ છોડીને... પણ પહેલું એણે ઓળખાણ તો જોશેને કે રાગ કોને કહેવો? આહા..હા..! અને રાગ વિનાની આ ચીજ શું છે આ તે અંદર? જેના વખાણ સર્વજ્ઞ કરતાં પણ વાણીમાં પૂરા ન આવે એ તે શું તત્ત્વ છે અંદર? એવા તત્ત્વને અંદરમાં જ્ઞાનસ્વભાવને પકડી, રાગના ભાવને દૂર કરી, જ્ઞાન ને આનંદ ને શાંતિરૂપે પરિણમતું આત્માનું જ્ઞાન એટલે આત્મા. આપોઆપ પર્યાય પ્રગટ થાય. સહેજે થયા કરે છે એમ કહે છે. કરું તો નિર્મળ થાય એવું ત્યાં હોતું નથી. સમજાણું કાંઈ?

'ત્યાં પછી તેને કોણ રોકી શકે?' આહા..હા..! જ્યાં નિધાન ખોલ્યા, રાગની રુચિ છોડીને સ્વભાવની દૃષ્ટિ કરી એ તો નિધાન ખુલ્યા, તાળા માર્યા હતા. પુણ્યના, રાગના પ્રેમે પરમાત્માનો પ્રેમ છૂટી ગયો હતો. તાળા માર્યા હતા આત્માના નિધાનને ખોલવાને. એ કુંચી લગાવી દીધી. દૃષ્ટિ અને જ્ઞાનની કુંચી લગાવી કે હું તો પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય છું. એ કુંચીથી તાળા (ખુલીને) રાગથી ભિન્ન પડી ગયો આત્મા. એ ભિન્ન પડેલો પોતે ભિન્ન પરિણતિને હવે સહેજે પ્રગટ કરે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? 'પછી તેને કોણ રોકી શકે?' પહેલા પણ કોણ રોકતું? એ પોતે રોકાતો હતો. એમ કહ્યુંને? કર્મને દૂર કરીને. પહેલા એ રાગના પરિણામમાં રોકાયેલો પોતે એને મિથ્યાત્વ અને રાગનું પરિણમન થતું હતું. બહુ વાત એવી છે. આહા..હા..! ઘરમાં પડી આખી ચીજ અને એનું એને ભાન ન મળે. અને દુનિયાના ડહાપણ આડે પાછો હઠે નહિ. એને લગાવે કુંચી લગાવે. જુઓ, આ વ્યવહારથી આમ કહ્યું. જુઓ, વ્યવહારથી કાર્ય થાય નિશ્ચયનું, વ્યવહારને કારણ કહ્યું છે. કારણ સેવતા કાર્ય થાય. કારણ પહેલું હોય પછી કાર્ય થાય. પંડિતજી! લગાવે એવા ડહાપણ, ડહાપણ લગાવે. ભાઈ! એ ડહાપણ નથી, બાપુ! ત્યાં આગળ દૃષ્ટિ રાગની રુચિને પુષ્ટ કરે. એ જ્ઞાન શેનું? ડહાપણ શેનું? એમાં પંડિતાઈ શેની? એ તો પોતાના હાથમાં હથિયાર પોતાનું ગળું કાપે એવું છે. આહા..હા..!

કહે છે, આવી જ્યાં અંતર દૃષ્ટિ થઈ, જ્યાં ચૈતન્ય મહાપ્રભુને સ્વભાવના પરિણમનથી સ્વીકાર્યો... આહા..હા..! બસ, પરિણમન શુદ્ધ આપોઆપ પ્રગટ થાય છે. હવે એને કોણ રોકે છે? પોતે રોકાતો હતો એટલે પરિણમન નહોતું. રાગના પરિણમનના કાળમાં પોતે ત્યાં રોકાતો એટલે એને થતું નહિ. પ્રતિબદ્ધ આવે છેને? એને પ્રતિબદ્ધ હતો રાગમાં એકત્વ ઈ. એને દૂર કરીને એટલે એના તરફની રુચિને લક્ષને, આશ્રય છોડીને ભગવાન આનંદની મૂર્તિ ચૈતન્ય હીરલો એને પકડીને જ્ઞાન, આનંદરૂપે પરિણમતું જ્ઞાન એટલે આત્મા આપોઆપ પ્રગટ થાય છે. ઉત્પાદ તો નિર્મળ દશાનો જ થાય. કહો, કોણ રોકે?

## શ્લોક-૧૧૦

**હવે આશંકા ઊપજે છે કે—અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરેને જ્યાં સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે? વળી કર્મ અને જ્ઞાન બન્ને (-કર્મના નિમિત્તે થતી શુભાશુભ પરિણતિ અને જ્ઞાનપરિણતિ બન્ને-) સાથે કેમ રહી શકે? તે આશંકાના સમાધાનનું**

કાવ્ય કહે છે :-

(शार्दूलविक्रीडित)

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः।
किन्त्वन्नापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्-
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः।।११०।।

શ્લોકાર્થ :-- [यावत्] જ્યાં સુધી [ज्ञानस्य कर्मविरतिः] જ્ઞાનની કર્મવિરતિ [सा सम्यक् पाकम् न उपैति] બરાબર પરિપૂર્ણતા પામતી નથી [तावत्] ત્યાં સુધી [कर्मज्ञानसमुच्चयः अपि विहितः, न काचित् क्षतिः ] કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે; તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી. [किन्तु] પરંતુ [अत्र अपि] અહીં એટલું વિશેષ જાણવું કે આત્મામાં [अवशतः यत् कर्म समुल्लसति] અવશપણે (-જબરદસ્તીથી) જે કર્મ પ્રગટ થાય છે અર્થાત્ ઉદય થાય છે [तत् बन्धाय] તે તો બંધનું કારણ થાય છે, અને [मोक्षाय] મોક્ષનું કારણ તો, [एकम् एव परमं ज्ञानं स्थितम्] જે એક પરમ જ્ઞાન છે તે એક જ થાય છે — [स्वतः विमुक्तं] કે જે જ્ઞાન સ્વતઃ વિમુક્ત છે (અર્થાત્ ત્રણે કાળે પરદ્રવ્ય-ભાવોથી ભિન્ન છે).

ભાવાર્થ :— જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી ત્યાં સુધી સમ્યગ્દષ્ટિને બે ધારા રહે છે—શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા. તે બન્ને સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી. (જેમ મિથ્યાજ્ઞાનને અને સમ્યગ્જ્ઞાનને પરસ્પર વિરોધ છે તેમ કર્મસામાન્યને અને જ્ઞાનને વિરોધી નથી.) તે સ્થિતિમાં કર્મ પોતાનું કાર્ય કરે છે અને જ્ઞાન પોતાનું કાર્ય કરે છે. જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે તેટલા અંશે કર્મબંધ થાય છે અને જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય-કષાયના વિકલ્પો કે વ્રતનિયમના વિકલ્પો--શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં—કર્મબંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે. ૧૧૦.

## કળશ-૧૧૦ ઉપર પ્રવચન

'હવે આશંકા ઊપજે છે...' આવી વાત કરી. એય..! શેઠ! ચોથા આરા માટે આ હશે? બે હજાર વર્ષ પહેલાનું કહેલું છે. આવી વાત અત્યારે ગૃહસ્થાશ્રમમાં અમારે શી રીતે

થાય? વળી પ્રશ્ન કરે છે. આશંકા છેને? **'અવિરત સમ્યગ્દૃષ્ટિ...'** જે ગૃહસ્થાશ્રમમાં છે, રાજપાટમાં છે, હજી અવિરતી એટલે આસક્તિ છૂટી નથી એવા ચોથાવાળા, પાંચમાવાળા જ્યાં સુધી કર્મનો ઉદય રહે, જ્યાં સુધી એને રાગના પરિણામની ધારા રહે **'ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે?'** શિષ્યનો પ્રશ્ન છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ અવિરતિ છે. ગૃહસ્થાશ્રમમાં છે શ્રેણિક રાજા વગેરે. તીર્થંકરો પણ જ્યાં સુધી ૮૩ લાખ પૂર્વ સુધી રહ્યા ૠષભદેવ. આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન, ત્રણ જ્ઞાન (હતા), તોપણ એને હજી તો આસક્તિ હતી. કુટુંબ, પુત્રો, દીકરો, રાજપાટ એને આસક્તિનો રાગભાગ તો હતો. તો એનો રાગ હોય ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ?

**'વળી કર્મ અને જ્ઞાન બન્ને (-કર્મના નિમિત્તે થતી શુભાશુભ પરિણતિ અને જ્ઞાનપરિણતિ બન્ને-)'** ..ની વ્યાખ્યા કરી. શુભાશુભ પર્યાય અને જ્ઞાન પરિણતિ બંને સાથે કેમ રહી શકે? આહા..હા..! એકકોર ભગવાન આત્મા ચૈતન્ય દ્રવ્યનું શુદ્ધ પરિણમન અને એક બાજુ શુભાશુભ પરિણામ રાગનું પરિણમન. એક ક્ષણે બે કેમ સાથે રહે? એમ કહે છે. તમે તો કહ્યું હતું કે વિરોધીભાવ છે ઈ રાગાદિ. એ વિરોધી ભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન હોવા છતાં રાગભાવ અંદર વિરોધી કેમ રહી શકે સાથે? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ? એ આશંકા. આશંકા છે હોં! શંકા નથી. શંકા અને આશંકામાં ફેર. શંકા એટલે કે તમારી કહેલી વાત અમને બેસતી નથી એટલે સાચી લાગતી નથી. એનું નામ શંકા. આશંકા એટલે તમારી કહેલી વાત અમને સમજાતી નથી. કહો, સમજાણું? એ સમજવા માટે આશંકા કરે છે. ધીરૂભાઈ! બેમાં ફેર છે. એક વાતમાં એવી વાત કે તમે કહો છો એ વાત કાંઈ ગળે ઉતરતી નથી. ગળે નથી ઉતરતી એટલે અમને કાંઈ બેસતી નથી. ખોટી વાત છે. સાચી નથી લાગતી. બીજો કહે છે કે તમે કહો છો એ વાત અમારા ખ્યાલમાં, ધ્યાનમાં આવતી નથી. વાત તમારી બરાબર હશે. પણ .. આશંકા છે. સમજાણું કાંઈ? એનો આ ઉત્તર.

એક કોર ભગવાન આત્મા ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિપણે જેની ધારા વહે, વળી એ જ ક્ષણે રાગ શુભાશુભ પરિણામની પણ ધારા આવે, આ બેનું શું આ તે છે? સમજાણું કાંઈ? વગેરે એટલે પાંચમે હોય છે, છઠ્ઠે પણ હોય છેને હજી રાગ? આહા..હા..! વગેરે કહ્યું. એનું **'સમાધાનનું કાવ્ય કહે છે :-'** લ્યો! ૧૧૦ કળશ માથે છે.

(शार्दूलविक्रीडित)

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः।

किन्त्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्-
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः।।११०।।

'**શ્લોકાર્થ :**— જ્યાં સુધી...' '**यावत्**' એટલે 'જ્યાં સુધી...' '**ज्ञानस्य कर्मविरतिः**' આત્માની રાગથી પૂર્ણ નિવૃત્તિ '**બરાબર પરિપૂર્ણતા પામતી નથી...**' શું કહ્યું ઈ? કે જ્ઞાન એટલે આત્મા એને રાગના વિકલ્પરૂપી કાર્ય—કર્મ—એનાથી '**सा**' એટલે તે. '**सम्यक् पाकम् न उपैति**' '**બરાબર પરિપૂર્ણતા પામતી નથી...**' જ્યાં સુધી ધર્મી જીવને પણ રાગનો ભાવ પરિપૂર્ણતાપણે એનો અભાવ કરતો નથી, રાગના ભાગને પરિપૂર્ણપણે છોડતો નથી, વિરતિ કરતો નથી. છે?

'**सम्यक् पाकम् न उपैति**' એનો પાક એટલે રાગનું પરિપૂર્ણ ટળવું. એવું જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ધર્મીને પણ '**ત્યાં સુધી...**' '**कर्मज्ञानसमुच्चयः अपि विहितः, न काचित् क्षतिः**' જુઓ, ચોખ્ખી વાત છે અહીં. '**કર્મ અને જ્ઞાનનું એકઠાપણું...**' કર્મ એટલે શુભાશુભભાવ. સમજાણું કાંઈ? વ્રત, નિયમ આદિના વિકલ્પો એ કર્મ કહેવાય રાગ અને જ્ઞાન એ આત્મા. કર્મ અને જ્ઞાનનું એટલે આત્માની પવિત્રતાની જે પરિણતિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થતાં સ્વભાવની શુદ્ધતાનું, કારણ કે સ્વભાવ શુદ્ધ છે એની દૃષ્ટિ, જ્ઞાન થતાં શુદ્ધ પરિણમન થાય છે. એ શુદ્ધ પરિણમન અને રાગનું થવું બે '**એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે;...**' '**विहितः**' '**कर्मज्ञानसमुच्चयः अपि विहितः, न काचित् क्षतिः**' એમાં કાંઈ વિરોધ નથી. જેમ સમ્યગ્જ્ઞાન સમકિત સાથે મિથ્યાત્વનો વિરોધ છે. સમ્યગ્દર્શન અને મિથ્યાત્વ બે સાથે ન રહી શકે. એને આ શુદ્ધ પરિણતિ અને અશુદ્ધ પરિણતિ સાથે ન રહી શકે એમ નથી. ચારિત્રના બે ભાગ પડે છે. સમજાણું કાંઈ? બધું સમજવા જેવી ઝીણી વાત છે. આહા..હા..!

જ્યાં સમ્યગ્દર્શન થાય શુદ્ધ ચૈતન્યનો અનુભવ-પ્રતીત તો ત્યાં મિથ્યાત્વની પ્રતીતનો ભાવ સાથે હોય એમ બને નહિ. કારણ કે એ તો વિરોધ છે. પણ સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિનું પરિણમન હોય, એની સાથે રાગનું પરિણમન થોડું હોય એ બેનો વિરોધ નથી. બેનો વિરોધ નથી એટલે? આ સ્વભાવથી તો વિરુદ્ધ છે, પણ બેને એકઠા રહેવામાં વિરોધ નથી. સમજાણું કાંઈ? વિરોધનો અર્થ? વિરુદ્ધ તો કીધું પહેલેથી વિરોધ છે રાગાદિ, પણ એક સાથે રહેવામાં વિરોધ નથી. એમ કહે છે. એય..! ચંદુભાઈ! કોઈ દિ' વાંચે છો ત્યાં? મુંબઈ. વાંચે છે.

કહે છે, કર્મ અને આત્માનું એકઠાપણું. આત્મા એટલે આત્માની શુદ્ધ પરિણતિ. આત્મા પોતાના શુદ્ધ પરિણમનની દૃષ્ટિ, જ્ઞાનમાં આવ્યો. ત્યારે એને હજી રાગનો ભાગ બાકી છે. એનાથી સંપૂર્ણપણે વિરતિ ન થાય, નિવૃત્તિ ન થાય ત્યાં સુધી શુદ્ધ પરિણમનને અને અશુદ્ધ પરિણમનના રાગને બેને એક સાથે રહેવામાં વિરોધ નથી. એક સાથે રહેવામાં વિરોધ નથી.

છે ભાવ તો વિરુદ્ધ આનાથી, પણ એ રહેવામાં, હોવામાં વિરોધ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, અહીં તો કર્મ એટલે ચોખ્ખા શુભાશુભ પરિણામ જ લીધા છે. ત્યાં કર્મ એટલે જડ નથી લીધું. આહા..હા..! અરે..! ઘરના તળીયા જોયા નહિ એણે. ઘરમાં માલ કેટલો છે? ક્યાં છે? આહા..હા..! બાપ મરી જાય બે, પાંચ, પચાસ લાખ, કરોડ રૂપિયા હોય અને કુંચી.. શું કહેવાય એને? છેડે કુંચી રાખતો હોય. એ જ્યાં મરી જાય ત્યારે તરત કુંચી ખેંચી લે ન્યાંથી. તૈયારી હોય ત્યાં. અસાધ્ય થવાની તૈયારી હોય છે. ના આ બનેલું છે. આ તો બધી વાતું સાંભળેલી અને બનેલી છે. આહા..હા..!

જેઠાભાઈ શેઠ હતા, દામનગર. દામોદરભાઈના કાકા. બહુ શરીરના મોટા, એટલું બધું શરીર, પછી મરવાની તૈયારી હતી. વીંટી હતી સોનાની. દળદાર ચારે કોર થઈ ગયેલું અને વીંટી ઓલી થઈ ગઈ. નીકળે નહિ અને શરીર જાડું-મોટું. જોયા છે. ૬૮માં. અહીંયાં વીંટી છે. હવે મરવા ટાણે કોઈ નહિ. એક નોકર રાખેલો ઓલું કરવા. હવે એની દાનત બગડી. તો ઓલી વીંટીને કાઢી કાઢીને .. આમ તો વીંટી નીકળે એવું નહોતું કાંઈ. કારણ કે આ બાજુ લોહી ચડી ગયેલું. આ બાજુ... મોટું શરીર. શેઠીયા માણસ, ઘરે ગરાસ. ખેતર, પાદર ઘરે બધું. દામોદરશેઠને ઓછું, આને વધારે. આમ જ્યાં આવે છે, ત્યાં આંગળી છોલાઈ ગઈ. ઓય મારા કહેવું કોને? આમ ફાંદો મોટો હોય છેને. વળ નાખેલો હોય. એમાં એક માણસ નાતો નાતો એ વીંટી ઓલા વળમાં ગરી ગઈ. આ સમજાણુંને? પેટનો વળ હોયને વળ? ઈ એને ખબર રહી નહિ. બહાર નીકળીને તપાસવા માંડ્યાં. એલા ક્યાં ગઈ? આ ક્યાં ગઈ? એવું થયું હતું. એને ખબર નહિ કે ઓલી વીંટી નહાતા નહાતા ત્યાં ગરી ગઈ છે. હોય છેને શરીરનું? ફાંદા મોટા હોય અને આમ જરી વળ ખાઈ ગયેલા હોય. એ મરતા જ્યારે મરીને બાળવા ગયા ત્યાં વીંટી નીકળી. એય..! અહીં તો ઘણા દાખલા સાંભળ્યા હોય અને ઘણા જોયા હોય. શું કહે છે?

મુમુક્ષુ :- ઠગ..

ઉત્તર :- ઈ તો ગમે તે હો. આ તો બીજો માણસ હશે આ કાઢનારો. એ બીજો ત્યાં અમારે મરી ગયો હતો. ૬૦ની સાલમાં પ્લેગ હતોને પ્લેગ હતો. પાલેજમાં હતો. ઉંદર બહુ મરે. એટલે વયા જતા બધાય. એક ઓલો છે ત્યાં. ઈ અમારે ..ભાઈનો સાળો હતો. એ પણ મરી ગયો. જુવાન માણસ. હવે ઈ બરવાળાવાળા.. ફૂલ પહેરે ફૂલ ચાંદીના અહીં. અહીં પહેરે. હવે ઈ કાઢવું શી રીતે? જુવાન માણસ આમ મરી ગયો હતો. આમ સામું જોવાય નહિ એવો જુવાન. હવે ઈ ફૂલ કાઢવું શી રીતે? ફૂલ સમજો છો? તમારે લટકે છેને. હા એ. અહીં લટકાવે આમ. અમારે પિતાજી કહેતા કે એને કાઢવું પડ્યું તે દિ'. ગુજરી ગયા ત્રણ ગાઉ છેટે. આહા..હા..! શી રીતે આમ દેખાય. આ સ્થિતિ જડની.

અહીં કહે છે કે એ શરીરની નિરોગતા પણ થોડી હોય અને થોડો રોગ પણ હોય. સાથે રહી શકે. બેય ભેગું એક ઠેકાણે હોય. ... એમ આત્મામાં શુદ્ધ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાની પરિણતિ એ નિરોગ અવસ્થા છે, એ શુદ્ધ છે અને જોડે રાગ પણ છે હજી. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એને હજી વ્રતનો, તપનો, દાન, દયાનો વિકલ્પ હોય છે. એ વિકલ્પરૂપી કર્મ અને નિર્મળ પરિણતિરૂપી જ્ઞાન, બેને એક સાથે રહેવામાં વિરોધ નથી. સમજાણું કાંઈ આમાં? ઘડીયા પણ જુદી જાતના, વાતું પણ જુદી જાતની. ક્યાંય તમારા ચોપડામાં આવે નહિ. મુળચંદભાઈ! એના છોકરા રખડે છે બહાર નહિ? અમરેલી. શું કહેવાય? અમરેલી શું અમેરિકા. ધૂડમાંય નથી કાંઈ મફતના (હેરાન થાય છે). આ લેખ લખે. .. હજી ધર્મ શું છે એ સમજ્યો ન હોય ઈ શું લેખ લખે? આહા..હા..!

આ તો હજી જૈનને સમજાવું કઠણ એમાં અન્યને તો ક્યાં? અમેરિકા હોળી સળગતી હોય ચારે કોર. ખર્ચ પણ એટલા. પગાર મોટા દેખાય તો આહા..હા..! અમારા દીકરાને દસ હજારનો પગાર છે. કેટલા બચે છે? ધીરૂભાઈ! દસ હજારનો પગાર છે. બાયડી પણ ડોક્ટર છે. એ પણ પાંચ હજાર પેદા કરે છે. કેટલા બચે છે? પાંચસો-હજાર વધે બાકી ખર્ચમાં જાય બધું. પંદર-પંદર તો મુંડાવામાં જોવે ત્યાં રૂપિયા. નહિ ધીરૂભાઈ? એય..! આહા..હા..! વાસણ ઉટકાવામાં દસ-દસ રૂપિયા જોઈએ ત્યાં. એક અડધો કલાક આવે. મળે ક્યાંથી? આહા..હા..! એ જાતે ઉટકે પાછા. અને અહીં મોટા ડંફાસ કરે કે અમે અમેરિકામાં આવા ને આવા. આહા..હા..! અહીં તો કહે છે કે એ વાતું સંસારની તદ્દન નકામી છે. આહા..હા..! જ્યાં અંતર સ્વદેશમાં ગયો. આહા..હા..! એ સ્વદેશ ચૈતન્યની પરિણતિ પણ હોય છે અને પરદેશની એટલે પરના નિમિત્તને આધીન પરદેશની રાગ પણ હોય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

ઈ '**કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે; તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી.**' ક્ષતિ એટલે વિરોધ નથી. એ રાગ છે ઈ વિશેષ શુદ્ધિને રોકે, પણ વર્તમાન શુદ્ધિ છે એને એ રોકતું નથી. સમજાણું કાંઈ? શુદ્ધિ જે પ્રગટી છે એને દયા, દાનનો વિકલ્પ છે એને કાંઈ રોકતું નથી. સાથે રહે છે બે. સાથે હોય છે. આહા..! જ્યાં સુધી રાગથી પૂર્ણ નિવૃત્તિ, રાગથી પૂર્ણ વિરતિ થઈ નથી ત્યાં સુધી ધર્મી જીવને બેય ધારા હોય છે—એક શુદ્ધ ધારા, ધર્મધારા અને એક રાગ કર્મધારા. રાગ એટલે કર્મધારા. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! '**अपि विहितः**' ભગવાને તો કહ્યું છે કે રાગ અને જ્ઞાનનું સઘળું પરિણમન, શુદ્ધની પરિણમન દશા ધર્મની અને રાગની પરિણમન જરી અધર્મની, રાગ અને કર્મની એ એકઠાપણું કહ્યું છે ભગવાને.

'**તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી.**' '**किन्तु**' '**પરંતુ...**'

'अत्र अपि' **'અહીં એટલું વિશેષ જાણવું કે આત્મામાં...'** 'अवशतः यत् कर्म समुल्लसति' આહા..હા..! રુચિ નથી રાગની છતાં નબળાઈને લઈને, નબળાઈને લઈને રાગભાવ ધર્મી જીવને પણ થાય છે. આહા..હા..! ચારિત્રદોષ છે, સમ્યગ્દર્શનનો દોષ નથી. **'અહીં એટલું વિશેષ જાણવું કે આત્મામાં...'** 'अवशतः' 'अवशतः' એટલે? રાગને, કર્મને, નિમિત્તને વશ થયેલો પોતે, પોતે વશ થાય એવી એની યોગ્યતા છે. ઈશ્વર નામની એક શક્તિ છે કે જે પરને આધીન પોતે થાય. એને પોતાને કારણે હોં! કર્મ એને પરવશ નથી કરતું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અવશપણે...'** એટલે રાગની રુચિ નથી, રાગ થાય તો ઠીક એમ નથી. છતાં **'(-જબરદસ્તીથી) જે કર્મ પ્રગટ થાય છે અર્થાત્...'** રાગ જે ઉદય થાય છે. સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ સ્વભાવનો, આનંદનો હોવા છતાં પૂર્ણ રાગથી નિવૃત્તિને પામ્યો નથી, ત્યાં સુધી રાગભાગ ઉત્પન્ન થાય છે રાગ. એ પોતાને વશ નથી એટલે નબળાઈને લઈને થાય છે. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટાપણું રાખીને રાગ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

તે વખતે એક વખત શ્રીમદ્ દુકાન ઉપર બેઠા હતા. એમાં એક માણસ આવ્યો. એ જાણે કે આ તો મોટા ધર્મી છે, જ્ઞાની છે. બેઠા. તો એક માણસ આવ્યો બહારથી. દુકાન ઉપર કોઈ મજુર આવ્યો પૂછવા. મજૂર આવ્યો, કાંઈક કામ હશે તો. મજૂર સમજો છો? તે આવ્યો તો બોલાવ્યો-શ્રીમદ્દે. કેમ ભાઈ આવ્યા છો? ત્યારે ઓલો બેઠેલો કે લે આ તો જ્ઞાની કહેવાય અને આવા માણસની સાથે વાતું કરે! ઓલાને શંકા પડી. આ તો સમજી ગયા. ઓલાને પૂછ્યું કે આ કામ માટે અમે આવ્યા છીએ. આનું આમ છે એમ કરીને વાત કરી. આને કહ્યું, તમને આમ શંકા પડી? ભાઈ! એ જે માણસ હતો એ બોલી શકે નહિ. કોકનો માણસ હતો. એની મારી પાસે કાંઈક સમાધાન કરવું હતું. ઈ બોલી શકે નહિ એટલે મેં બોલાવીને સમાધાન કર્યું. એ માણસને નહિતર રોકાવું પડે, ખોટી થાવું પડે એના શેઠનો ઠપકો મળે. આવા કારણે અમે (બોલાવ્યો). ભાઈ! કારણ હોય એવા વિકલ્પ આવે છે. આહા..હા..! એથી એણે પરને કારણે એ રાગ કર્યો છે અને આને સમાધાન કરાવવા રાગ કર્યો છે એમ નહિ. એ જાતનો રાગ આવે છે. આહા..હા..! ઓલો કહે આ લે! હવે એક સાધારણ માણસ આવ્યો એને બોલાવ્યો એ હું પૂછતો હતો. એને ખ્યાલ આવ્યો કે ફલાણાનો માણસ છે આ. કામ માટે આવ્યો હશે. હવે એને ખુલાસો નહિ કરું તો એ બિચારો બોલી શકશે નહિ. હું બીજા સાથે વાત કરવા જઈશ તો એ નહિ બોલી શકે. ઝટ પતાવી દીધું. ... આહા..હા..! એ તો રાગનો ભાગ આવે, હોય. જબરદસ્તી પુરુષાર્થની કમી છે અને રુચિમાં રાગનું પોસાણ નથી, રુચિમાં રાગ થાય તેનું પોસાણ નથી, પણ નબળાઈને લઈને રાગ આવ્યા વિના રહેતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

'અવશપણે (જબરદસ્તીથી)...' ઓલા જે કર્મના ઉદયથી જબરદસ્તીથી રાગ થાય. અહીં તો કહે છે કે રાગનો પ્રેમ નથી છતાં જબરદસ્તીથી નબળાઈથી રાગ થાય છે એમ કહેવું છે. આહા..હા..! **'ઉદય થાય છે...'** **'तत् बन्धाय'** **'તે તો બંધનું કારણ થાય છે,...'** જ્ઞાનીને પણ જે કાંઈ વિકલ્પ શુભ-અશુભનો આવે, થાય, રુચિમાં પોસાણ નથી, પોસાતું નથી રાગ થવું એ. છતાં નબળાઈના જોરથી રાગ આદિ આવે. એ રાગ બંધનું કારણ છે. ધર્મીને પણ એ રાગ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઉદય થાય છે તે તો બંધનું કારણ થાય છે, અને મોક્ષનું કારણ તો,...'** **'एकम् एव परमं ज्ञानं स्थितम्'** **'જે એક પરમ જ્ઞાન છે તે એક જ થાય છે...'** એટલે? જ્ઞાન શબ્દે શુદ્ધ પરિણતિ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એ દશા, એ પરિણતિ એટલે અવસ્થા એ રાગ તે કાળે છે તે બંધનું કારણ છે અને તે કાળે શુદ્ધ પરિણતિ છે તે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? **'એક પરમ જ્ઞાન છે...'** જોયું? ઓલું રાગ નહિ. વ્યવહારનો વિકલ્પ છે એ મોક્ષનું કારણ નથી, બંધનું કારણ છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે પણ બંધનું કારણ છે એમ કહે છે. આહા..હા..! અને તેથી એમ કહ્યુંને **'एकम् एव परमं ज्ञानं'** ભગવાન શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એની જે શુદ્ધ પરિણતિની દશા નિર્મળ, એ નિર્મળતા એ એક જ મોક્ષનું કારણ છે. એ વચ્ચે રાગ આવ્યો એ મોક્ષનું કારણ નથી. સમજાણું કાંઈ?

ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકર. પછી તો લગન કરે, ક્ષાયિક સમકિત હોય. પણ લગન-બગન દેહની ક્રિયા નથી કરતા. એને ઓલો રાગ આવે છે. જાણે છે કે આ રાગ થયો. રાગનું પોષાણ અને રુચિ ન હોવા છતાં એ રાગભાવ આવે, એ રાગ બંધનું કારણ થાય અને દ્રવ્યને આશ્રયે જેટલી શુદ્ધ પરિણતિ થાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનું કારણ છે. બે ધારા જુદી. સમજાણું કાંઈ? એક બાજુ એમ પણ કહે કે સમ્યગ્દર્શન થયું એટલે શુદ્ધ પરિણતિ જ છે. અશુદ્ધ છે નહિ. એ તો જ્ઞાતા તરીકેના જ્ઞેય તરીકેની અપેક્ષાએ, પણ અહીં તો કહે છે કે ઓલો રાગ છે. પુણ્ય-પાપને સિદ્ધ કરવું છેને? એને પુણ્યભાવ આવે છેને? કે આવે તો એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ રાગાંશ નહિ? જેટલે અંશે રાગ આવે એ બંધનું કારણ. સમ્યક્જ્ઞાન એ મોક્ષનું કારણ. છ ગાથા છે. છેને? આહા..હા..! ભરત ચક્રવર્તી, બાહુબલજી સમકિતી જ્ઞાની હતા. એ કંઈ રાગ આવ્યો, મચક ખાઈ જાય છે અંદર. એ રુચિ નથી, પોસાતું નથી, ગોઠતું નથી. આહા..હા..! પણ નબળાઈને લઈને એવો રાગ આવે. એ રાગ રાગનું કામ કરે, શુદ્ધ પરિણતિ શુદ્ધ પરિણતિનું કામ કરે એમ કહે છે. સમજાણું કાંઈ?

‘મોક્ષનું કારણ તો,...’ **‘एकम् एव’** એક જ **‘જે એક પરમ જ્ઞાન છે તે એક જ થાય છે...’** ધર્મીને પણ જે દ્રવ્યસ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા થઈ છે જેટલી એટલું એને મોક્ષનું કારણ છે અને જેટલો રાગ આવે વ્રતનો, તપનો વિકલ્પ આદિ કોઈ સંસાર, ધંધાપાણીનો એ રાગ આવે વિકલ્પ. સમજાણું કાંઈ? કરી શકે ધંધોપાણી એ અહીં પ્રશ્ન નથી. એને વિકલ્પ આવે એટલું બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **‘स्वतः विमुक्तं’** **‘કે જે જ્ઞાન સ્વતઃ વિમુક્ત છે (અર્થાત્ ત્રણે કાળે પરદ્રવ્ય-ભાવોથી ભિન્ન છે).’** આત્મા ત્રણે કાળે ભિન્ન છે અને મોક્ષનો માર્ગ જે પરિણતિ પ્રગટી એનાથી પણ રાગ ભિન્ન જ છે. આહા..હા..! બે એક થતા નથી. આહા..હા..! **‘સ્વતઃ વિમુક્ત છે...’** જ્ઞાન પોતાથી વિમુક્ત જ છે. એની પરિણતિ, શુદ્ધ દશા સ્વતઃ વિમુક્ત છે. રાગથી સ્વતઃ મુક્ત જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**‘ભાવાર્થ :— જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર...’** એટલે સ્વરૂપની રમણતા, લીનતા પૂર્ણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિને, ધર્મી જીવને બે ધારા રહે છે—એક શુભાશુભ કર્મધારા. અંદર કહ્યું હતું પહેલું. શુભાશુભ પરિણતિ. કર્મના નિમિત્તે થતી શુભાશુભ પરિણતિ એ પોતે કર્મ. એ શુભાશુભ રાગધારા. અશુભભાવ પણ થાય. સમ્યગ્દૃષ્ટિને આર્તધ્યાન, રૌદ્રધ્યાન પણ થાય. એ દીકરો મરી જાય તો એને લઈને નહિ. કારણ કે દીકરો મારો છે નહિ એ તો પહેલેથી માન્યું છે, પણ અંદર નબળાઈને લઈને જરી રાગ આવે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન મોક્ષ પધાર્યા અષ્ટાપદ પર્વત ઉપર. ઋષભદેવ ભગવાન. ભરત અને ઇન્દ્ર બે ગયા ત્યાં. ભરત ચક્રવર્તી અને ઇન્દ્ર શક્રેન્દ્ર. આમ ભગવાનને જોવે છે દેહ આત્મરહિત જ્યાં. ત્યાં ભરતને આંસુની ધારા ચાલે છે. સમકિતી છે, જ્ઞાની છે, ધર્માત્મા છે, ત્રણ જ્ઞાન છે, જાતિસ્મરણ છે, અવધિજ્ઞાન છે, અવધિદર્શન છે, શ્રુતમાં પણ ઘણા આગળ વધી ગયેલા છે. સમજાણું કાંઈ? ક્ષાયિક સમકિતી છે. ઇન્દ્ર કહે છે કે અરે..! ભરત! પ્રભુ તો મોક્ષ ગયા. તમારે તો આ છેલ્લો દેહ છે. તમારી આ દેહે મુક્તિ છે. ઇન્દ્ર કહે છે, હા બધી ખબર છે અમને. મારી મુક્તિ આ ભવે જ છે. છેલ્લો દેહ છે હવે. પણ ભગવાનનો વિરહ જોઈ આસક્ત થઈ ગયો. ભરતનો સૂર્ય અસ્ત થયો આજ. એવો રાગ આવે છે. જાણે છે કે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? જેના ઇન્દ્રો મિત્ર, જેના હીરાના સિંહાસનોની કિંમતું અબજો રૂપિયાની. એમાં બેઠો હોય અને ઇન્દ્ર સાથે બેઠો હોય. દુનિયાને એમ લાગે કે આ કહે કે અમે જ્ઞાની! આટલા-આટલા મિત્રો, ઇન્દ્રો જેવા મિત્રોની સાથે વાતું કરે ને .. કરે. આહા..! આ ક્યાંથી?

ભરતની વાત આવે છે, નહિ? ભરતેશ વૈભવમાં. પોતે નીકળ્યા. ત્યાં એક જણો બોલતો હતો કોક સોની હતો. આ ભરત કહે છે કે અમે વૈરાગી છીએ અને આ છે. એ તો બધાને

લઈને રાગ કરે છે. એકલાને રાજની તાકાત છે? એ કહે અમે વૈરાગી છીએ. વૈરાગી હોય તો છન્નું હજાર સ્ત્રી અને આ શું? સવારમાં બોલાવ્યો બીજે દિ'. અરે..! મહાજન! આવો-આવો. અયોધ્યા નગરીને આજે શણગારી છે. આ એક તેલનો કટોરો લ્યો હાથમાં. ખુલ્લો. છાલિયું હોં. કળશો હોય તો તો આમ ચાલે. કળશ હોય તો ડોલે નહિ. છાલ્યામાં તેલ ભર્યું. જુઓ હાથમાં લઈને ગામમાં ફરજો. જો આમાંથી તેલનું ટીપું પડશે તો તલવારવાળા ઊભા છે અને ગામને શણગાર્યું છે. નીકળ્યા ભાઈ બધા. કારણ કે ઓલો .. એટલે બધું આખું ગામ ફર્યા. કેમ મહાજનજી! કેવું ગામ જોયું? અરે..! મા-બાપ મહાજન ક્યાં જોવે? મારી નજર તો આ તેલનું ટીપું ન પડે એ ઉપર હતી.

અરે..! ભાઈ! અમારી નજરું તો આત્મા ઉપર છે, ભાઈ! અમે નાળીયેરમાં જેમ છૂટા ગોટા રહે એમ છૂટા પડ્યા છીએ. તમારી નજરુંમાં ફેર છે. સમજાણું કાંઈ? અમારે તો અંદરમાં રાગનો કણ... આહા..હા..! એનાથી બંધથી સંબંધ છોડી દીધો છે. બંધભાવથી સંબંધ છોડ્યા એ કોનાથી નથી છૂટી ગયો? આહા..હા..! તમારી નજરુંમાં આ લાગે કે આ રાગ કરે છે અને આ. બાપુ! એ જુદી ચીજ છે. સમજાણું કાંઈ? રાગની નબળાઈ હોય, પણ છતાં એ ધારા સમ્યગ્દર્શન-જ્ઞાન ક્ષાયિકને અને અવધિજ્ઞાનને નુકસાન કરતી નથી. આહા..હા..!

'**તે બન્ને સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી. (જેમ મિથ્યાજ્ઞાનને અને સમ્યગ્જ્ઞાનને પરસ્પર વિરોધ છે...**' રાગનું પ્રેમવાળું જ્ઞાન અને આત્માના પ્રેમવૃત્તિનું જ્ઞાન એ એક સાથે હોઈ શકે નહિ. મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન એક સાથે હોય? એમાં વિરોધ છે. '**તેમ કર્મસામાન્યને અને જ્ઞાનને વિરોધી નથી.)**' પુણ્ય-પાપના પરિણામ અને આત્મધારા નિર્મળ એને વિરોધ નથી. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાતું આ!

રામચંદ્રજી જેવા પુરુષો લ્યો! મહાપુરુષ જેને એ ભવે મુક્તિ, કેવલ. એ સીતાજીના વિરહે સીતા! સીતા! એ રાગનો વિકલ્પ છે ઈ જાણે છે. સમજાણું કાંઈ? અંદર દૃષ્ટિમાં તો રાગથી મુક્ત છે. આહા..હા..! આવું મોટું રાજ ચક્રવર્તીનું હોય અને મુક્ત અંદરમાં? મુક્ત તો સદાય છે. ક્યાં મુક્ત નથી? સાંભળને! આહા..હા..! જ્યાં આત્માના સ્વભાવનું ભાન થયું ત્યારથી તે મુક્ત જ છે. રાગથી મુક્ત છે અને સારા સંસારથી મુક્ત છે. રાગથી અને સારા સંસારથી એકત્વબુદ્ધિ છૂટી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આ ભાઈ હતાને લ્યોને. નેમિદાસ. એની વહુ હતાને વહુ બિચારા. તે એકલા હતા તે કોક લઈ ગયું માળું એને. ઘરડા.. ત્યાંથી લઈ ગયા.. એક જણ. કોક અજાણ્યા માણસ બેસાડેને ઘોડાગાડીમાં. એને એમ કે એકલા લાગે છે આ. મુસલમાન ઘરે લઈ ગયો. એ કહે મારે આ ગામમાં લઈ જવા છે. એમ કરીને ઘરે લઈ ગયો. હવે? ઈ મુસલમાન. એને બાયડી કરી ઘરે રાખી લ્યો. માંસ લાવ્યો. અમે મહાજન છીએ હોં. આ નેમિદાસ નહિ પોરબંદરવાળા?

અમે મહાજન છીએ. અમે માંસને ઈ ન ખાઈએ. એ અમે મહાજન છીએ, અમે ન ખાઈએ. .. પછી તો પકડ્યો હતો એને. લક્ષ્મીદાસ પિતાંબર. મોટો પોલીસ ચોકીને લઈને તપાસ કરીને પોતે પકડ્યો. પછી આ પરણ્યા હતા. નેમિદાસ. પણ આમ કહે હોં! અમે મહાજન છીએ. એ માંસ અમને ન હોય. આહા..હા..! કેવી સ્થિતિ હશે એ! એમ અમને રાગ ખપે નહિ હોં. આહા..હા..! એય..! ... છે ભાઈ પોરબંદરના ગૃહસ્થ, દસ લાખ રૂપિયા. એની બાઈ. આ બિચારી રજપુત બાઈ હતી હોં. પછી આ પરણ્યા હતા. મોટી ઉંમરે પરણ્યા હતા. મરી ગયા ઈ. પાછળ ઘણું કાઢ્યું હતું. લાખ રૂપિયા મંદિરમાં બાઈને નામે ધ્રુવ ફંડ. મંદિર એણે કરાવ્યું છેને ત્યાં? પોરબંદરમાં. પચાસ હજારનું મંદિર એણે બનાવ્યું છે, પોતે કરાવ્યું છે. એક જ છોકરો. એક લાખ રૂપિયા આપ્યા હતા.

મુમુક્ષુ :- અહીંયાં નથી આવતા એ?

ઉત્તર :- આવે છેને. આવે છે ઘણીવાર. હમણા આવ્યા હતા. એણે એક છોકરો ભત્રીજાનો રાખ્યો હતો, આ મરી ગયા પછી. દસ લાખ રૂપિયા છે. અઢી-અઢી લાખના મકાન બે-ત્રણ. ઈ છોકરો મરી ગયો. આ તે સંસાર આવા છે. આહા..હા..! ધર્મીને એવા પ્રસંગે છોકરો મરતા રાગ આવે પણ એ મરી ગયો માટે આવે છે એમ નહિ. એ નબળાઈને કારણે આવે છે. એ જ્ઞેય આમ દૂર થઈ ગયું માટે આવે એમ નહિ. આહા..હા..! મોટો ફેર. દૃષ્ટિમાં મોટો ફેર. અહીં કહે છે કે જેમ મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાનને એક સાથે રહેવામાં વિરોધ છે. એમ કર્મ સામાન્ય રાગાદિ ભાવ અને વીતરાગી અશુદ્ધ પરિણતિ બેને રહેવામાં વિરોધ નથી. સમજાણું આમાં?

'**તે સ્થિતિમાં કર્મ પોતાનું કાર્ય કરે છે...**' જોયું? આહા..હા..! એ વિકલ્પ રાગનો આવે, રાગ રાગનું કામ કરે. '**અને જ્ઞાન પોતાનું કાર્ય કરે છે.**' એ આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની શ્રદ્ધા, જ્ઞાનની પરિણતિ એને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે. એ જ્ઞાનની પરિણતિ અવસ્થા એ રાગની નહિ. આહા..હા..! '**જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે...**' લ્યો! પુરુષાર્થસિદ્ધિ ઉપાય આવ્યું. ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ. જેટલા અંશે શુભ-અશુભ પરિણામ (થાય છે), શુભ અને અશુભભાવ તે કર્મધારા, રાગાધારા, વિકારધારા, વિભાવધારા '**તેટલા અંશે કર્મબંધ થાય છે...**' ધર્મીને એટલો બંધ તો પડે છે. આહા..હા..! એક બાજુ (કહે) આત્માને બંધ ન થાય સમ્યગ્દર્શન થયું (ત્યારથી). એ તો દૃષ્ટિના જોરની અપેક્ષાએ વાત છે, પણ અહીં તો પુણ્ય-પાપના ચારિત્રની અપેક્ષાએ વાત છેને? એટલો ભાવ તો થાય છે એને. એવો શુભભાવ હોય છે. જેટલા અંશે શુભાશુભ પરિણામની ધારા, કર્મ એટલે રાગ તેટલા અંશે એને કર્મબંધ થાય.

'**જેટલા અંશે જ્ઞાનધારા છે...**' શુદ્ધ ચૈતન્ય વસ્તુની દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા છે, શુદ્ધ પરિણતિ છે, પર્યાય શુદ્ધ થઈ છે, '**તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે.**' લ્યો! '**વિષય-કષાયના વિકલ્પો...**' વૃત્તિ આવે કોઈ વિષય અને રાગની એ વિકલ્પો '**વ્રતનિયમના વિકલ્પો...**' ઓલો અશુભ, આ શુભ. અરે..! '**શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં...**' વિચાર એટલે વિકલ્પ ભેગો. આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ છું એવો એક વિકલ્પ ઉઠે એ પણ બંધનું જ કારણ છે. '**કર્મબંધનું કારણ છે;...**' એ ધારા કર્મધારા કહેવાય છે.

'**શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે.**' ધર્મીને પણ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વભાવને આશ્રયે થયેલી દશા એ એક જ મોક્ષનું કારણ છે. બીજો રાગાદિ આવ્યો માટે ભેગો એ પણ કારણ છે (એમ નથી). પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવે છે બે પ્રકારને કારણે. એ ગાથા છે. વ્યવહારથી વાત છે. બેય મોક્ષના માર્ગ અને બેય મોક્ષના કારણ છે. એ જોડે નિમિત્ત છે એને આરોપ કરીને વાત કરી. એક જ ધારાએ મોક્ષ થાય છે. જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન. લ્યો! જ્ઞાનાનંદ સ્વભાવી આવે છેને આમાં? જ્ઞાનાનંદ સ્વભાવી, હુકમચંદજીનું કરેલું. મૈં જ્ઞાનાનંદ.. ગાય છેને ભાઈ! ગોદીકાજી. બહુ બોલે, ત્યાં પણ બહુ બોલે. 'મૈં જ્ઞાનાનંદ સ્વભાવી હૂં' મારે પરની સાથે કાંઈ સંબંધ નથી. એવું ધર્મીને ભાન હોવા છતાં જેટલે અંશે કર્મ રાગની નબળાઈને લઈને રાગ થાય, દ્વેષનો અંશ પણ થાય, વિષય-કષાયનો ભાવ થાય... આહા..હા..! ઝેર દેખે વિષયને તોપણ થાય, એ બંધનું કારણ છે. '**શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ...**' સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને વીતરાગી પરિણતિ નિર્વિકલ્પ દશા એ એક જ મોક્ષનું કારણ છે, બીજું કોઈ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૧૧

(शार्दूलविक्रीडित)

मग्नाः कर्मनयाबलम्बनपरा ज्ञानं न जानन्ति यन्-
मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।
विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं
ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।।१११।।

હવે કર્મ અને જ્ઞાનનો નયવિભાગ બતાવે છે :

શ્લોકાર્થ :-- [कर्मनयावलम्बनपराः मग्नः] કર્મનયના આલંબનમાં તત્પર (અર્થાત્ કર્મનયના પક્ષપાતી) પુરુષો ડૂબેલા છે [यत्] કારણ કે [ज्ञानं न जानन्ति] તેઓ જ્ઞાનને જાણતા નથી. [ज्ञाननय-एषिणः अपि मग्नाः] જ્ઞાનનયના ઈચ્છક (અર્થાત્ પક્ષપાતી) પુરુષો પણ ડૂબેલા છે [यत्] કારણ કે [अतिस्वच्छन्दमन्द-उद्यमाः] તેઓ સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે (સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી, પ્રમાદી છે અને વિષયકષાયમાં વર્તે છે). [ते विश्वस्य उपरि तरन्ति] તે જીવો વિશ્વના ઉપર તરે છે કે [ये स्वयं सततं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति] જેઓ પોતે નિરંતર જ્ઞાનરૂપ થતા-પરિણમતા થકા કર્મ કરતા નથી [च] અને [जातु प्रमादस्य वशं न यान्ति] ક્યારેય પ્રમાદને વશ પણ થતા નથી (-સ્વરૂપમાં ઉદ્યમી રહે છે).

ભાવાર્થ :— અહીં સર્વથા એકાંત અભિપ્રાયનો નિષેધ કર્યો છે કારણ કે સર્વથા એકાંત અભિપ્રાય જ મિથ્યાત્વ છે.

કેટલાક લોકો પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને તો જાણતા નથી અને વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રરૂપ ક્રિયાકાંડના આડંબરને મોક્ષનું કારણ જાણી તેમાં તત્પર રહે છે—તેનો પક્ષપાત કરે છે. આવા કર્મનયના પક્ષપાતી લોકો—જેઓ જ્ઞાનને તો જાણતા નથી અને કર્મનયમાં જ ખેદખિન્ન છે તેઓ-સંસારમાં ડૂબે છે.

વળી કેટલાક લોકો આત્મસ્વરૂપને યથાર્થ જાણતા નથી અને સર્વથા એકાંતવાદી મિથ્યાદ્દષ્ટિઓના ઉપદેશથી અથવા પોતાની મેળે જ અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ ખોટી રીતે કલ્પી તેમાં પક્ષપાત કરે છે. પોતાની પરિણતિમાં જરાય ફેર પડ્યા વિના તેઓ પોતાને સર્વથા અબંધ માને છે અને વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રના ક્રિયાકાંડને નિરર્થક જાણી છોડી

દે છે. આવા જ્ઞાનનયના પક્ષપાતી લોકો જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતા નથી અને શુભ પરિણામોને છોડી સ્વચ્છંદી થઈ વિષય-કષાયમાં વર્તે છે તેઓ પણ સંસારસમુદ્રમાં ડૂબે છે.

મોક્ષમાર્ગી જીવો જ્ઞાનરૂપે પરિણમતા થકા શુભાશુભ કર્મને હેય જાણે છે અને શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે. તેઓ માત્ર અશુભ કર્મને જ નહિ પરંતુ શુભ કર્મને પણ છોડી, સ્વરૂપમાં સ્થિર થવાને નિરંતર ઉદ્યમવંત છે—સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા થતાં સુધી તેનો પુરુષાર્થ કર્યા જ કરે છે. જ્યાં સુધી, પુરુષાર્થની અધૂરાશને લીધે, શુભાશુભ પરિણામોથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું નથી ત્યાં સુધી જોકે સ્વરૂપસ્થિરતાનું અંતર્-આલંબન (અંતઃસાધન) તો શુદ્ધ પરિણતિ પોતે જ છે તોપણ અંતર્-આલંબન લેનારને જેઓ બાહ્ય આલંબનરૂપ કહેવાય છે એવા (શુદ્ધ સ્વરૂપના વિચાર આદિ) શુભ પરિણામોમાં તે જીવો હેયબુદ્ધિએ પ્રવર્તે છે, પરંતુ શુભ કર્મોને નિરર્થક ગણી છોડી દઈને સ્વચ્છંદપણે અશુભ કર્મોમાં પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી. આવા જીવો--જેઓ એકાંત અભિપ્રાય રહિત છે તેઓ કર્મનો નાશ કરી, સંસારથી નિવૃત્ત થાય છે. ૧૧૧.

---

**પોષ વદ-૬, બુધવાર, તા. ૨૪-૦૧-૧૯૭૩**
**કળશ-૧૧૧, પ્રવચન-૨૯૪**

૧૧૧ કળશ છે. સમયસાર, પુણ્ય-પાપ અધિકાર. ગુજરાતીમાં ૨૬૨ પાનું છે. ૧૧૧ કળશ.

(शार्दूलविक्रीडित)

मग्नाः कर्मनयाबलम्बनपरा ज्ञानं न जानन्ति यन्-
मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।
विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं
ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।।१११।।

'कर्मनयावलम्बनपराः मग्नः' નીચે છેને શ્લોકાર્થ? શું કહે છે? 'કર્મનયના આલંબનમાં તત્પર (અર્થાત્ કર્મનયના પક્ષપાતી) પુરુષો ડૂબેલા છે...' એટલે શું કહ્યું? કે જે કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવા શુભભાવ.

મુમુક્ષુ :- ભક્તિ ખરી કે નહિ એમાં?

ઉત્તર :- ભક્તિ કીધીને. આવી ગયું વચ્ચે. દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ એવો

જે શુભભાવ એ શુભભાવ છે, એ પુણ્યભાવ છે. એના પક્ષપાતી છે કે આ અમને ધર્મ થાય છે આનાથી. એ ડૂબેલા છે, ચાર ગતિમાં રખડનારા છે.

મુમુક્ષુ :- આખી દુનિયા તો એમ જ કહે છેને.

ઉત્તર :- દુનિયા માને છે તો શું છે. દુનિયા ... છે. આહા..હા..! કામદાર! છે અંદર? કોઈ દિ' વાંચ્યું પણ ન હોય અંદર આ શું છે? જય ભગવાન કરે. આહા..હા..!

'**कर्मनयावलम्बनपराः मग्नः**' એટલો શબ્દ છે. એનો અર્થ એવો છે કે જે કોઈ પ્રાણી પોતાના ભગવાન આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે એનું તો જ્ઞાન કરતા નથી, એનું ભાન, અનુભવ કરતા નથી અને એકલી ક્રિયાકાંડ દયા પાળીએ, વ્રત પાળીએ, તપ કરીએ, અપવાસ કરીએ, પૂજા કરીએ, જાત્રા કાઢી અમે. જાત્રામાં આવ્યા છેને?

મુમુક્ષુ :- જાત્રા થવાની છે.

ઉત્તર :- થવાની છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

અનંતકાળથી અજ્ઞાની પોતાની ચૈતન્ય વસ્તુ આનંદસ્વરૂપ આત્મા છે, અતીન્દ્રિય આનંદસ્વરૂપ. ભગવાન કહે છે કે એની દૃષ્ટિ અને એનું જ્ઞાન તો કરતા નથી, પણ ફક્ત વ્રત ને નિયમ ને તપ ને અપવાસ અને એ ક્રિયાકાંડમાં ઘુંચાઈ ગયા છે એ શુભભાવ છે. એ શુભભાવ એ કર્મ છે, વિકારભાવ છે. એ વિકારભાવના અવલંબનારા એ જ અમારે ધર્મ છે એમ માનનારા ચાર ગતિમાં ડૂબેલા છે. આહા..હા..! એય..! શેઠ! શું કરવું પણ ત્યારે?

મુમુક્ષુ :- કરવું-ધરવું કાંઈ નહિ.

ઉત્તર :- એક પંડિત એમ કહેતા હતા ભાઈ હોં! ત્યાં આગ્રામાં. વ્યાખ્યાન ચાલ્યું. માણસ તો બહુ હતુંને ઘણું હજારો. નેમીચંદ પાટણીની જોડે શેરી હતી ત્યાં આગળ બહુ. ત્યાં શું એક બાબુલાલ? શું નામ? બાબુલાલ પંડિત. મહારાજ! બહુત અચ્છી આનંદકી બાત. કરના-ધરના કુછ નહિ. અરેરે..! કરવું શું? આ કાંઈક શુભભાવ કરવો દયાનો, દાનનો, ભક્તિનો, અપવાસનો. એ તો શુભભાવ છે, વિકલ્પ છે, રાગ છે. એય..! એ રાગની ક્રિયાના આલંબનારા એ જ અમારું કર્તવ્ય છે અને એ અમારો ધર્મ છે એમ માનનારા ડૂબ્યા છે સંસારમાં ઉંધેકાંધ.

મુમુક્ષુ :- .. હળવે-હળવે થાશે.

ઉત્તર :- હળવે-હળવે રખડશે ચાર ગતિમાં. જેને રાગની રુચિ છે એ તો વિકાર છે. આહા..હા..! આકરું કામ ભારે! પોપટભાઈ! આહા..હા..! જાત્રાનો ભાવ, ભક્તિનો ભાવ, દયાનો ભાવ, વ્રતનો ભાવ, તપસ્યાનો ભાવ, પૂજાનો ભાવ, શ્રવણનો ભાવ અને કહેવાનો વિકલ્પ એ ભાવ બધા શુભભાવ છે. શુભભાવ તે રાગ છે. રાગ તે વિકારી પરિણામ છે. વિકારી પરિણામ તે કર્મ નામ વિકારનું કાર્ય છે. એ વિકારી કાર્યને અવલંબનારા. છે? અને '**मग्नाः**' ડૂબે છે.

ભગવાન આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ પરમાત્મા તીર્થંકરદેવ એણે જે કહ્યો આત્મા એ તો આનંદ અતીન્દ્રિય આનંદનો નાથ છે. એ આવા રાગની ક્રિયારહિત એ વસ્તુ છે. સમજાણું કાંઈ? પાપના ભાવની તો શું વાત કરવી? એય..! હસમુખભાઈ! પણ આવા પુણ્ય.. અહીં કર્મનયનો અર્થ એકલા શુભભાવની વ્યાખ્યા છે આમ તો. પાપના પરિણામની તો શું (વાત)? એ તો હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, કમાવું, રળવું, પૈસા ભેગા કરવાનો ભાવ, રાખવાનો ભાવ, વ્યાજ ઉપજાવવાનો ભાવ. બધો પાપભાવ.

મુમુક્ષુ :- ગરીબોનો મદદ કરવા માટે...

ઉત્તર :- ધૂડ. ગરીબને મદદ કરવા માટે કરતો હશે ઈ? મમતા માટે રળે છે એ તો. આહા..હા..! કહ્યું હતું એ જણાએ. હવે કેટલું રળવું છે તમારે? પૈસા ઘણા થઈ ગયાને. એના બનેવીએ કહ્યું. ત્યારે શું અમે અમારા માટે રળીએ છીએ? ગરીબોને માટે છે આ. મૂર્ખ છે કીધું. મમતા માટે કરે છે એનું ભાન નથી. એય..! આહા..હા..! જેને પર તરફના ખાવા, પીવાના, હીંસાના, જૂઠાના, ચોરીના, વિષયવાસનાના, ભોગ વાસનાના ભાવ થાય, રળવાના, કમાવાના, કમાઈને પૈસાનું રક્ષણ વ્યવસ્થા કેમ કરવી? વ્યાજ કેમ રીતસર (આવે), અત્યારે તો.. પહેલા તો બે, ત્રણ, ચાર આના, આઠ આના હતા. હવે તો દોઢ-દોઢ ટકો થઈ ગયો છે એમ કહે છે માણસ. આપણે સાંભળેલું નથી. દોઢ ટકો કહે છેને હવે વ્યાજ? એમાં ઊપજાવાની વ્યવસ્થામાં રોકાય છે એ તો બધો પાપ છે.

મુમુક્ષુ :- એ તો ડૂબેલા નથીને?

ઉત્તર :- એ તો ડૂબેલા છે જ. કહો, ધીરૂભાઈ! આહા..હા..! આખો દિ' આ બીડી ને તમાકુ ને આ હો-હા એ તો પાપ છે એમ કહે છે. શું કહે છે?

મુમુક્ષુ :- ખર્ચા તો છેને.

ઉત્તર :- ખર્ચા હવે તમારે પોટલા છે તો ખર્ચા કેટલા જોતા હશે? છ-છ લાખના તો મકાન છે ઘરે આરસપહાણના. હવે એને શું જોતું હશે?

મુમુક્ષુ :- એનું રિપેરનું કેટલું...

ઉત્તર :- એ તો વાત, શેઠ! પાપ છે. પણ અહીંયાં તો ભગવાન એમ કહે છે, પાપની જોડે સાથે રહે એવો એક શુભભાવ છે. આહા..હા..! પરની દયા પાળવાનો ભાવ એ શુભભાવ છે. પાળી શકે છે એમ પ્રશ્ન નથી. એ દયાનો ભાવ, વ્રત પાળવા, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એવો ભાવ પણ એક શુભરાગ છે. પૂજા કરું, ભક્તિ કરું, દાન કરું પૈસાના, એ પૈસા તો જડ છે, પણ એને દાનમાં દઉં સારા ધર્મ ખાતે, એમાં રાગની મંદતાનો ભાવ શુભ પુણ્ય છે. એને અવલંબીને મગ્ન થઈ ગયા, રાગમાં લીન થઈ ગયા છે કહે છે.

મુમુક્ષુ :- માન નહિ?

ઉત્તર :- માન તો કોણ આપતું હતું? પણ એ લીન થઈ ગયો અંદર પોતાની મેળાએ. માન તો વળી આપે ત્યારે ખરા બહારથી. કહો, પોપટભાઈ! તક્તી ચોડાવે. એ તો વળી પાપ માટે હોં. પચાસ હજાર, લાખ, બે લાખ આપીને તક્તી ચોડે છેને? બહુ તસ્દી કરે મહેનત તક્તી ચોડાવામાં. અમારું આરસપહાણનું એક રાખજો. એ તો પાપ છે. આ તો જેની રાગની મંદતા, કષાયની મંદતા, શુભભાવ દયાના, દાનના, ભક્તિના, પૂજાના, વ્રતના, અપવાસ કરવો આ એક, બે, ત્રણ, પાંચ, દસ, પચ્ચીસ, પચાસ ઈ અપવાસમાં રાગની મંદતાનો ભાવ છે. એ ધર્મ નથી. કહો, મુળચંદભાઈ!

એ પુણ્યના ક્રિયામાં મગ્ન જીવો **'કર્મનયના આલંબનમાં...'** એ રાગના વ્યવહારનયની ક્રિયાના આલંબનારા અને ત્યાં જ દૃષ્ટિ જેની પડી છે અને એમાં જ ડૂબી ગયા છે. આહા..હા..! એ ડૂબેલા છે સંસારમાં, રાગમાં ગરકાવ થઈ ગયા છે. રાગ વિકલ્પ છે એ તો સંસાર છે, દુઃખ છે. આહા..હા..! આકરી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ ... વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે કહેલો માર્ગ એ તો રાગરહિત આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ માર્ગ છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે... આહા..હા..! **'પુરુષો ડૂબેલા છે કારણ કે...'** **'ज्ञानं न जानन्ति'** ઈ આત્મા આનંદસ્વરૂપ છે ચિદાનંદ આનંદઘન એનું એને જ્ઞાન નથી. કહો, ચીમનભાઈ! ભારે વાતું, ભાઈ! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચિદાનંદમૂર્તિ પ્રભુ છે. સર્વજ્ઞ પરમેશ્વરે પર્યાયમાં પ્રગટ કર્યો તીર્થંકરદેવે એવો જ આ આત્મા છે. એ આત્મા જ્ઞાન અને આનંદનો પુંજ પ્રભુ છે. એવા જ્ઞાન અને આનંદના પુંજને ન જાણતા, એની સામું ન જોતા, એનો આશ્રય ન લેતા, ફક્ત ક્રિયાકાંડના રાગનો આશ્રય લેનારા છે, એ ડૂબેલા છે કહે છે. કહો, શુકનલાલજી! ભારે આકરું લાગે. પણ આ બધા જાત્રા કરવા નીકળ્યા તમારે. એને કહે કે આ શુભભાવ છે એ ધર્મ નથી. તો હાય! હાય!

મુમુક્ષુ :- તો એની સામે દલીલ કરે કે અમે કોઈ વ્રત કરવા માગતા નથી માટે ઈ હા પાડે છે. સમજીને હા પાડે છે એમ નથી.

ઉત્તર :- એ તો ગમે તે સ્વચ્છંદી માણસ ગમે ઈ કહે. એથી સત્ય કાંઈ બીજું થઈ જાય? વ્રત એટલે શું પણ? વ્રત એટલે શુભભાવ. ભગવાન આત્મા એ શુભભાવના રાગથી ભિન્ન છે. એકલું જ્ઞાન અને આનંદની મૂર્તિ સ્વરૂપ પ્રભુ છે આત્મા. એનું જ્ઞાન અને એનો આશ્રય કરતા નથી અને એકલા ક્રિયાકાંડના શુભભાવને... કહો, મુળચંદભાઈ! ત્યારે શું કર્યું હશે અમારા બેને ઘરે ત્યાં? તમે બધા ઉપરી થઈને રહ્યા હતાને. બધા ક્રિયાકાંડના ઉપરી બીજું શું ત્યાં હતું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આ તો બધે હતાને. વળી ઈ એક આ તો દાખલો આપીએ છીએ. બધાને એમ હતું. આહા..હા..! અમે ત્યાં દુકાન ઉપર પોષા, અપવાસ કરતા, પડિક્કમણા કરતા. એવું માનતા કે આ તો અમે ધર્મ કરીએ છીએ. આખો દિ' દુકાન હોય. આ અપવાસ ચોવિહારો હોં. પાણી-બાણી નહિ. તે દિ' હોં. પાણી પીતા નહિ. આઠ પર્યુષણના દિવસ આવે, ચાર અપવાસ કરીએ ચોવિહારા. અને રાતના ચોવિહાર તો કાયમના જાવજીવના. એ તો ૬૪ વર્ષથી. દીક્ષા પહેલા ચાર વર્ષ પહેલાથી. રાત્રે પાણી-આહાર તો દુકાન ઉપર પણ નહિ. પણ ઈ આપણે આ કરીએ એ ધર્મ છે એમ માનતા. હસમુખભાઈ! અમે સામાયિક કરીએ. આઠ દિ' હોં, પછી આડીઅવળી સામાયિક નહિ. આઠ દિ'ની બસ. પછી નવરા .. દુકાન ઉપર. આહા..હા..!

અહીં તો ભગવાન કહે છે, ભાઈ! એ જ્ઞાનાનંદ ભગવાન આત્મા એ આનંદનો કંદ, જેમ શક્કરકંદ છેને? એ શક્કરકંદમાં તો એકલી મીઠાશ જ ભરી છે. આ શિવરાત્રીમાં ખાય છેને વૈષ્ણવ લોકો? એમ આ ભગવાન આત્મામાં એકલો અતીન્દ્રિય આનંદ જ ભર્યો છે. આહા..હા..! એની એને ખબરું નથી. એ આનંદની રુચિ કરીને અંદરમાં એકાગ્ર થવું એનું નામ વીતરાગમાર્ગમાં ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સાંભળવા પણ મળે નહિ, હવે કે દિ' બિચારા કરે? ક્યાં એમને એમ...? એય..! દરબાર! શું કરે પણ? આવી વાત સાંભળે તો પછી હાય! હાય! આ તો બધો લોપ થઈ જશે એમ કહે. અરે..! ભાઈ! બાપુ! ભગવાન અંદર બિરાજે છે, પૂર્ણ આનંદ છે. એ અતીન્દ્રિય આનંદનો કંદ એની ઉપર નજર કરતાં જે એકાગ્રતા થાય એમાં આનંદની દશાના સ્વાદ ઉપરાંત પ્રતીત સમકિતની થાય એને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**કર્મનયના**...' કર્મ શબ્દે રાગ હોં! ચોખ્ખો અહીં શબ્દ છે. કર્મ એટલે જડ કર્મ નહિ. એ શુભ વિકલ્પ ઉઠ્યો રાગ દયા પાળું, જૂઠું ન બોલું, ચોરી ન કરું, વિષય ન સેવું, શરીરથી બ્રહ્મચર્ય પાળું, આ તપસ્યા કરું અપવાસ આદિ, આ જાત્રા કરું, આ પૈસાના દાન આપું પાંચ, પચાસ હજાર, લાખ, બે લાખ એવો રાગની મંદતાનો ભાવ એ બધાને અહીંયાં રાગને કર્મ કહ્યું છે. એ આત્માનો ધર્મ નહિ અને આત્મા નહિ. કહો, પોપટભાઈ! આહા..હા..! એવું છે. એ ચીતરાય છે એમાં ઈ. ચીતરાય ગયું. આહા..હા..! કહો, શેઠીજી! આહા..હા..! કહો, કપુરભાઈ! આ શું ત્યાં તમે બધા શેઠીયા થઈને શું કરતા હતા ત્યાં? અપવાસ કરે, પોષા કરે, સામાયિક કરે, દયાયું પાળે, થઈ ગયો ધર્મ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જ વાત કહેનારા હતા અને એણે માન્યું હતું અને એ કરતા હતા. ..ભાઈ! આહા..હા..!

ભગવાન સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાનથી જોઈને ક્રિયાકાંડીઓના રાગને ધર્મ નથી કહેતા. એનો પક્ષ કરીને જે પડ્યા છે એ ચાર ગતિમાં ઊંડા ઊંડા ઊંડા ઘુંટલા છે. આહા..હા..! એના ભવના અંત નથી આવવાના. ભવના છેડે ભવમાં જાશે ઊંડો. આહા..હા..! એમ કહે છે. કેમકે એ શુભભાવ છે. શુદ્ધ ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ છે એની અંદર શ્રદ્ધા, જ્ઞાન અને એની રમણતા એ શુદ્ધભાવ છે. એ શુદ્ધભાવ તે ધર્મ અને મુક્તિનું કારણ છે. આહા..હા..! હજી તો પકડવું કઠણ શું કહે છે ઈ? એમને એમ ગાળ્યા છે હોં દરબાર! પૈસા કાંઈક થયા હોય અને શરીર મોટું... થઈ રહ્યું. ઓલા હાથી ઉપર બેઠા નહોતા એક ફેરી? ત્યારથી દરબાર નામ પાડ્યું હતું. નહિ? પંચ કલ્યાણકમાં... આહા..હા..!

કહે છે, ભાઈ! એ દયા, દાન, વ્રત, તપના, શીલના, નિયમના, પૂજા, ભક્તિના ભાવ એ તને ખબર નથી એ તો શુભભાવ છે, પુણ્યભાવ છે, એ કર્મભાવ છે, એ આત્મભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શેત્રુંજય જાત્રા કાઢે દસ લાખ ખર્ચીને અને ત્યાં કાંઈક ઓલા લાડવા આપે છેને? ... એમાં બાંધે બે, પાંચ, દસ લાખ આપીને એ એના ... લાડવા આપે. નથી આપતા સવારમાં ત્યાં? ઉતરીને આપે. એ અમે ખાધા હતા ત્યાં. ... અમારે શીવલાલભાઈ સાથે .. બે-ત્રણવાર ગયા છીએ. ત્યારે શીવલાલભાઈ હતાને. હેમચંદભાઈના બાપ, મોટા. ભુપેન્દ્ર જૈન. હેમચંદ હતાને એનાથી મોટા ભાઈ હતા. એના દાદાના દીકરા થાય. અહીં .. ૨૦૧૦ની સાલ. એક ફેરી ગયા હતા. .. ત્યાં પછી બહુ મોડું થઈ ગયુંને. લાડવા આવડા આવડા મોટા. .. લાડવા બાંધેલા હોય બે, પાંચ, દસ લાખ.. એ જાણે આપણે ધર્મ થઈ ગયો. પૈસાવાળાને ધર્મ થાય તો ગરીબને રોવું પડે. પૈસા ભેગા કરવા પડે. એય..! હસમુખભાઈ! એ પૈસે ધર્મ થાતો નથી. આ પૈસે તો નથી થાતો પણ પૈસામાં રાગની મંદતા કરી હોય દેવામાં એ ધર્મ નથી. એ ભગવાન ઈ અહીં કહે છે.

**'કર્મનયના આલંબનમાં...'** ચૈતન્યનું આલંબન મૂકી દઈ. આહા..હા..! પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ ચીજ નિત્યાનંદ આત્મા એનું આલંબન છોડી દઈ અને રાગની ક્રિયાના આલંબનમાં પડ્યા છે એ મગ્ન છે એમાં. એ રાગમાં ડૂબી ગયા છે. આહા..હા..! **'ज्ञानं न जानन्ति' 'તેઓ જ્ઞાનને જાણતા નથી.'** જ્ઞાન શબ્દે ભગવાન ચિદાનંદ પ્રભુ આત્મજ્ઞાન, આત્મજ્ઞાન એ આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન એને એ જાણતા નથી. એ રાગનું જ્ઞાન અને રાગની શ્રદ્ધા એને એ જાણે છે. આહા..હા..! બહુ કામ આકરું. માંડ નવરા થાતા નથી એક તો જાણે ધંધા આડે. એમાં નવરા થઈને કાંઈક કરે તો કહે એ પુણ્ય છે, ધર્મ નહિ. મારી નાખ્યા. કામદાર! બાપુ! માર્ગ વીતરાગ છે આ તો. તીર્થંકરદેવ ત્રિલોકનાથ જેને સો ઈન્દ્ર પૂજે. જેને એક સમયમાં કના અસંખ્યમાં ભાગમાં, ક બોલતા અસંખ્ય સમય થાય, એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે ભગવાન. મહાવીર ભગવાન આદિ તો સિદ્ધ થઈ ગયા. સીમંધર ભગવાન બિરાજે

છે. મહાવીદેહ ક્ષેત્રમાં સીમંધર તીર્થંકરદેવ કેવળજ્ઞાની ત્રણ કાળ ત્રણ લોકને જાણનારા એની પાસે આ કુંદકુંદાચાર્ય ગયા હતા. સંવત ૪૯. કહો, સમજાણું કાંઈ? ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યા છે. એ શાસ્ત્રની ટીકા અમૃતચંદ્રાચાર્ય કરે છે. આહા..હા..! ... આવ્યું હતુંને આપણે નહિ સવારે? નિયમસાર ... આત્માના જાણનારા એવા સૂત્રકાર કુંદકુંદાચાર્ય એનો અભિપ્રાય આ છે કે... એમ આવ્યું હતુંને. આહા..હા..! એ શુદ્ધનયને બળે શુદ્ધનયને આશ્રયે જોતા એ બધા વિકલ્પ-ફિકલ્પ બધા પર છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનનયના.. એક વાત થઈ. એક વાત થઈ એક પક્ષની. હવે બીજો પક્ષ.

'ज्ञाननय-एषिणः अपि मग्नाः' '**જ્ઞાનનયના ઈચ્છક...**' ફક્ત જાણવાના ઈચ્છા કરનારા, જાણપણું કરીને જ્ઞાનની ઈચ્છા. વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે તેના અનુભવમાં નહિ. સમજાણું કાંઈ? જાણવાનો ભાવ કરી ઉઘાડ એની ઈચ્છા કરનારા કે આપણે ઉઘાડ જ્ઞાનનો કર્યો, આપણને મોક્ષ થાશે હવે. ઉઘાડ તો પરલક્ષી જ્ઞાન છે. એની ઈચ્છા કરનારા. છે? '**જ્ઞાનનયના ઈચ્છક (અર્થાત્ પક્ષપાતી)...**' જ્ઞાનના પક્ષપાતી. એકલું જાણવાનો ક્ષયોપશમ કરી અને એનો પક્ષપાત કરનારા કે અમને આનાથી મોક્ષ થશે એમ માનનારા પણ સંસારમાં ડૂબ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ગાથા સરસ આવી છે હોં! આહા..હા..! એક ને એક બે ફડચા છે. પુણ્ય-પાપ અધિકાર છેને. પુણ્યના ભાવના કરનારા, રાચનારા ડૂબ્યા છે. કારણ કે એ તો રાગ છે પણ આત્માનું જાણપણું કરીને, આત્માનું જ્ઞાન નહિ, એ સંબંધીની વાતું કરી, ક્ષયોપશમ કરીને એના ઈચ્છનારા કે આનાથી હવે મારો મોક્ષ થશે.

એ '**જ્ઞાનનયના ઈચ્છક (અર્થાત્ પક્ષપાતી) પુરુષો પણ ડૂબેલા છે...**' આ ક્રિયાકાંડના અને આ જાણપણાની ક્રિયાના. બેય ક્રિયાના પક્ષપાતીઓ ડૂબેલા છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોટા ભાષણો આપે લાખો માણસમાં. લાખો માણસ આમ રંજન થઈ જાય. એ તો પરલક્ષીજ્ઞાન એને લઈને આત્માને શું છે? કહે છે. જેને આત્મજ્ઞાન સ્વરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન એને લક્ષે જે જ્ઞાન થયું નથી, એને આશ્રયે જ્ઞાન કર્યું નથી, એને આશ્રયે જ્ઞાન પ્રગટ્યું નથી અને એકલો ક્ષયોપશમ જ્ઞાનના કરીને એનાથી અમારું કલ્યાણ થશે એમ માનનારા એ ડૂબેલા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનમાં એકાગ્રતાના '**અતિ મંદ-ઉદ્યમી છે...**' સમજાણું કાંઈ?

એ કહે છે જુઓ, 'કારણ કે...' 'अतिस्वच्छन्दमन्द-उद्यमाः' એના તરફનો પ્રયત્ન કરવાનું જે જોઈએ એમાં તો અતિ મંદ છે. એકલો જ્ઞાનના ઉઘાડ કરવાને માટે પ્રયત્નવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'अतिस्वच्छन्दमन्द-उद्यमाः' '**તેઓ સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે...**' સ્વરૂપ પ્રાપ્તિ તરફનું વલણ પણ કરતા નથી, અંદરમાં જાગૃત થવા માટે જાગૃત થવું કેમ? એ તરફ જેના વલણ પણ નથી, એકલા જ્ઞાનના ક્ષયોપશમથી મુક્તિના

માનનારા એ પણ, જ્ઞાનને ઇચ્છનારા એ પણ પક્ષપાતી ડૂબેલા છે. એને કંઈ સંસારનો અંત આવવાનો નથી. આહા..હા..!

'**अतिस्वच्छन्दमन्द-उद्यमाः**' '(**સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી,...**' ભગવાન ચિદાનંદ પ્રભુ આત્મા તીર્થંકર પરમેશ્વરે કહ્યો એ. એવો જે અંદર આત્મા છે નિર્મળાનંદ પ્રભુ એના તરફના પ્રયત્ન અને પુરુષાર્થની દશામાં અતિ સ્વચ્છંદ મંદ ઉદ્યમી છે. સમજાણું કાંઈ? આહા..હા..! બધાની સંભાળ લીધી છે. પંડિતજી! આહા..હા..! જ્યાં છે ત્યાં જાતો નથી અને એકલી જ્ઞાનની વાતું કરીને સંતોષ માને છે. તેથી એનું કલ્યાણ નથી. એ પણ સ્વરૂપની પ્રાપ્તિ વિનાના ડૂબેલા જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બેમાંથી કોણ આગળ વધે?

ઉત્તર :- એકેય નહિ. બેય સરખા.

મુમુક્ષુ :- કોઈ કહે છે વ્યવહારવાળા આગળ વધે.

ઉત્તર :- ના, ના, ધૂળેય નથી. બેય સરખા છે. બેય મિથ્યાદૃષ્ટિ છે. એક રાગની ક્રિયામાં ધર્મ માનનારા. શ્રીમદ્દે કહ્યુંને 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ' ઈ બે વાત ... છે. રાગની ક્રિયા કરીને ધર્મ માનનારા અને એક શુષ્ક જ્ઞાનીઓ. ચૈતન્યના સ્વરૂપની અંદરની પ્રયત્ન દૃષ્ટિ કરતા નથી, અંતરમાં જાવાનો પુરુષાર્થ કરતા નથી, અંતર એકાગ્રતા કરતા નથી અને એકલા જ્ઞાનની વાતું કરનારા એ બેય મિથ્યાદૃષ્ટિ સરખા છે.

'**अतिस्वच्छन्दमन्द-उद्यमाः**' '**તેઓ સ્વચ્છંદથી...**' પોતાની મેળાએ કલ્પેલા જ્ઞાનથી, શુષ્કજ્ઞાનથી વેદાંત આદિ અને શાસ્ત્ર આદિના જાણપણા કરીને વાતું કરનારા. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એ તરફના વલણ વિનાના. આ કારણે એ '(**સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી, પ્રમાદી છે અને વિષયકષાયમાં વર્તે છે**).' વિષય પરના રાગમાં વર્તે અશુભભાવમાં. ઓલો શુભભાવમાં વર્તતો હતો. આ જ્ઞાનનયના બહાને અશુભભાવમાં વર્તે છે. સમજાણું કાંઈ? અમારે વિષય સેવવામાં રાગ છે ઈ અમારો નથી અમે માન્યું. હવે ઈ ખરી જવાનો છે. સેવે વિષય. બુદ્ધિ ત્યાં, રુચિ ત્યાં, દૃષ્ટિ ત્યાં અને માને કે આ રાગ ખરી જાય છે. ધૂળેય નહિ ખરે સાંભળને. આહા..હા..! વીતરાગ માર્ગ તો બેય પક્ષને છોડી, અનુભવની દૃષ્ટિ કરીને, અનુભવ આત્માનો કરવો એ વીતરાગી દશા એ મોક્ષનું કારણ છે. આહા..હા..! એ 'કેવળી પણ્ણંત્તો ધમ્મો શરણં' મંગળિકમાં આવે છેને. બોલે છે સાંજ-સવાર. ગડિયા હાંકે રાખે. કોને ખબર શું અર્થ છે?

મુમુક્ષુ :- કેવળીએ કીધું એ ખરું જ હોયને.

ઉત્તર :- એ કેવળીએ કીધું પણ એને સમજ્યા વિના ક્યાંથી ખરું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ ત્યારે થઈ રહ્યું. ઓલા હાથીને દેખીને .. ચડાવે એવું થાય. દાખલો નહોતો આપ્યો એક ફેરી? કુહાડવાનો. કુહાડવાને? એની સ્કુલ. એમાં એક મચ્છર કોતરેલો આમ લાંબા ટાંગા કરીને. માસ્તરે ઓલાને સમજાવવા બાળકોને. મચ્છર .. મચ્છર. લાંબા ટાંગા કરી પગ સમજાવ્યું કે આ નીચે આ છે, આ છે. પગ એવડા મોટ ન હોય મચ્છરના પણ ઓલાને સમજાવા કરેલું. તો બાળક સમજ્યો કે મચ્છર આવો. એમાં એક હાથી આવ્યો ગામમાં. લ્યો, સાહેબ! તે દિ' આપણે મચ્છર નહોતું જોયું? આ મચ્છર આવ્યો. કારણ કે ઓલા લાંબા પગ. મચ્છર કોને કહેવું અને હાથી કોને કહેવું એની ખબર ન મળે. એવું બન્યું છે હોં! અમે ૨૦૦૫ની સાલમાં ગયેલા ત્યાં. નિશાળમાં ઉતરેલા. બધા હતા. રામજીભાઈ હતા, નારણભાઈ હતા. ૨૦૦૫ની સાલની વાત છે. વર્ષ થઈ ગયા ૨૪. આહા..હા..!

કહે છે કે એકલી જાણપણાની વાતું કરીને શુષ્કજ્ઞાનીની પેઠે જેને પર તરફથી ખસીને અંતરમાં જવાનો પ્રયત્ન પણ નથી, દૃષ્ટિ નથી, એકાગ્રતા નથી, વિકાસ નથી (એ) તો એકલા જાણપણાના ભાવમાં રોકાઈ ગયો છે. સમજાણું કાંઈ? આત્મજ્ઞાનની વાત નહિ હોં, એકલું જાણપણું. આહા..હા..! એ '**પ્રમાદી છે અને વિષયકષાયમાં વર્તે છે**).' અંતરમાં જવા માટે વખત મળતો નથી.

'**ते विश्वस्य उपरि तरन्ति**' ત્રીજો. હવે ત્રીજો પુરુષ લીધો. પહેલો એ કર્મનયના આલંબનવાળા ડૂબે, બીજા જ્ઞાનની એષણા એકલી ઈચ્છા કરનારા ડૂબે. હવે ત્રીજો. કોણ તરે? '**ते विश्वस्य उपरि तरन्ति**' '**તે જીવો વિશ્વના ઉપર તરે છે...**' આહા..હા..! વિશ્વ શબ્દે વિકલ્પથી માંડીને સારું જગત. એ શુભરાગથી માંડીને સારું જગત. એ '**વિશ્વના ઉપર તરે છે...**' એટલે ત્યાંથી ખસીને સ્વભાવમાં રહેલા હોય છે. આહા..હા..! જ્ઞાનાનંદ સ્વભાવમાં આવ્યા હોય છે. એ વિશ્વથી ઉપર જુદા પડી ગયા છે. એ રાગથી અને પર તરફના લક્ષવાળા જાણપણાથી પણ જુદાં પડી ગયા છે. સમજાણું કાંઈ? '**તે જીવો વિશ્વના ઉપર તરે છે કે...**' '**ये स्वयं सततं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति**' '**જેઓ પોતે નિરંતર જ્ઞાનરૂપ થતા...**' ઓલો રાગ ક્રિયા છે એ રૂપે નહિ અને એકલા જાણપણા રૂપે નહિ. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ રૂપે પરિણમતા. જ્ઞાનપુંજ જે ચૈતન્ય આત્મા એની દશારૂપે થતાં જ્ઞાનની પર્યાયની પરિણતિરૂપે પરિણમતા. આહા..હા..!

જ્ઞાન એટલે ચૈતન્ય દ્રવ્ય આત્મા વસ્તુ એનું જ્ઞાન કરીને જ્ઞાનરૂપે પરિણમતા. '**નિરંતર જ્ઞાનરૂપ થતા...**' જુઓ! વસ્તુની દૃષ્ટિ ચૈતન્ય ભગવાન એની અંતર દૃષ્ટિ થતાં નિરંતર તે દૃષ્ટિ રહે છે. તેથી ધર્મીને ભલે તિર્યંચ હો, પશુ હો, નારકી હો... આહા..હા..! પણ એ રાગ અને પરવસ્તુથી ભિન્ન પડેલું ચૈતન્યતત્ત્વ તેને અવલંબીને જ્ઞાન અને આનંદરૂપે થતાં સકળ વિશ્વથી તરતા ભિન્ન. એ શુભરાગથી માંડીને આખી દુનિયા એનાથી જુદો પડી ગયો

છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્રમ (દ્રવ્ય) થઈ ગયો. સમસ્ત લોક, સમસ્ત લોક જ્ઞેય છે, વ્યક્ત છે, પ્રગટ છે. એનાથી ભગવાન આત્મા ભિન્ન અવ્યક્ત છે. એટલે કે પ્રગટ પર્યાય અને રાગમાં આવતો નથી. આહા..હા..! એ અવ્યક્ત એટલે રાગમાં એ આવતો નથી. એ ચિદાનંદમાં રહે છે. ઓહો..હો..! કહો, સમજાણું કાંઈ?

'**જીવો વિશ્વના ઉપર તરે છે કે જેઓ પોતે...**' જાતે રાગની મદદ વિના, વિકલ્પની સહાય વિના. આહા..હા..! ગુરુ અને વાણી વીતરાગની એની સહાય વિના. '**પોતે નિરંતર જ્ઞાનરૂપ થતા...**' આત્માના જ્ઞાનરૂપ, આત્માનું જ્ઞાન, અંતરનું જ્ઞાન, અભ્યંતર જ્ઞાન, અંતરાત્મા વસ્તુના એક અંગને પ્રગટ આનંદરૂપે કરતો. આહા..હા..! એવા '**જ્ઞાનરૂપ થતા થકા કર્મ કરતા નથી...**' રાગ આવે એની કાર્ય ઉપર દૃષ્ટિ નથી. રાગનું કાર્ય નથી એનું. આહા..હા..! વ્યવહાર શુભભાવ આવે, હોય, કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

વીતરાગ પરમેશ્વરે ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આમ દિવ્યધ્વનિ દ્વારા આમ કહેતા હતા. આહા..હા..! ભગવાન તો એમ કહે છે કે અમારા ઉપર ભક્તિ અને પૂજાનો જે ભાવ એ શુભરાગ છે અને રાગમાં જે લીન છે એ ડૂબ્યા છે. આ ગજબ વાત છે! કારણ કે વીતરાગ સ્વભાવનો માર્ગ તો વીતરાગભાવે હોય છે. એ વીતરાગપણું ચોથે ગુણસ્થાનથી શરૂ થાય છે. કેટલાક કહે છેને, સરાગ સમકિત છે ચોથે, પાંચમે. સાતમે વીતરાગ છે. અરે..! ભાઈ! વસ્તુ પોતે જ વીતરાગસ્વરૂપ ચૈતન્ય છે. 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન ધર્મકા મર્મ.' આહા..હા..! આ તો શ્રીમદ્‌નું વાક્ય છે. 'જિન સોહી હૈ આત્મા' એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ, એનાથી ભગવાન ભિન્ન એની દૃષ્ટિ અને જ્ઞાન તે વીતરાગી જ્ઞાન અને વીતરાગી શ્રદ્ધા અને વીતરાગી ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ-તેમ મળી જાય એવું નથી કહે છે, અનંત પુરુષાર્થ જોઈશે.

મુમુક્ષુ :- મોટો પુરુષાર્થ છે.

ઉત્તર :- મોટો પુરુષાર્થ જોઈએ.

મુમુક્ષુ :- સત્ય પુરુષાર્થ છે.

ઉત્તર :- સત્ય. પ્રભુ સત્ છે. સત્‌સ્વરૂપ ભગવાન એનું સત્ત્વ જે આખું વીતરાગસ્વરૂપ છે. એની પર્યાયમાં વીતરાગતા આવે એ સત્ છે. દ્રવ્ય વીતરાગ, ગુણ વીતરાગ, એને અવલંબે પર્યાયમાં વીતરાગતાની દૃષ્ટિ, જ્ઞાન આદિ સ્થિરતા આવે એ ધર્મ છે. સમજાણું કાંઈ? એ રાગ આવે એને એ કરતા નથી કહે છે. રાગનું સ્વસંબંધીનું જ્ઞાન કરે છે. આહા..હા..!

'**પોતે નિરંતર જ્ઞાનરૂપ થતા-પરિણમતા થકા કર્મ કરતા નથી...**' એટલે કે શુભરાગના કર્તવ્યમાં આવતા નથી. એ તો જ્ઞાનાનંદની પર્યાયમાં રમે છે. આહા..હા..! '**અને...**' '**जातु**

**प्रमादस्य वशं न यान्ति' 'ક્યારેય પ્રમાદને વશ પણ થતા નથી...'** રાગ કરતા નથી અને રાગમાં જાતા નથી એમ કહે છે. એ પ્રમાદ છે રાગ ઈ. રાગને વશ થતા નથી. ધર્મી તો આત્માને વશ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા, જે પુણ્ય અને પાપના રાગ છે એનાથી ભિન્ન, એવા આત્મામાં એ લીન થાય છે, એમાં એ રહે છે. પ્રમાદ કરતા નથી એટલે એ શુભરાગમાં આવતા નથી એમ કહે છે. કરતા નથી એટલે શુભરાગમાં આવતા નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! હજી તો પહેલું કહેવું કે આવો માર્ગ! આ શું કહે છે?

**'(-સ્વરૂપમાં ઉદ્યમી રહે છે).'** પોતાનો ભગવાન પૂર્ણસ્વરૂપ એના તરફના ઉદ્યમમાં રહે છે. પ્રયત્ન તે તરફ જુકી ગયો છે. વસ્તુ ભગવાન દ્રવ્યસ્વભાવ, ચૈતન્યસ્વભાવ એમાં પ્રયત્ન ઉદ્યમ, વીર્ય જુકી ગયું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? લ્યો, આ એક કળશનો આવો અર્થ છે. કળશ છપાતા તો ચાર લીટી છે. છપાઈ જાય ફટ ફટ. હસમુખભાઈ! ઓલા સંચાએ તમારે અંદર ચાર લીટી લખવી હોય તો ફટ... ફટ... ફટ... લખાઈ જાય. અને અહીં પોણો કલાક થયો. છોટાભાઈ ગયા હતાને તમે જોવા? સંચો જોયો કે નહિ? પહેલા જોયો હતો? આહા..હા..! એ તો કહે છે કે અંદરમાં જ્ઞાનાનંદને કોતર તો જ્ઞાન કહેવાય. આહા..હા..!

વીતરાગ પરમાત્મા એનો કહેલો 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' આવે છેને મંગળિકમાં? ઈ આ. એ દયા, દાન, વ્રતના પરિણામ રાગ છે એનાથી ભિન્ન પડીને આત્માના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થવું અને વીતરાગી દશા પ્રગટ કરવી એ કેવળી પણ્ણંતો ધમ્મો છે. એઈ..! આહા..હા..! અરે..! આવા મનુષ્યદેહ ચાલ્યા જાય છે. અનંત કાળે મનુષ્યદેહ માંડ મળ્યો. નિગોદમાંથી નીકળી કીડી, કાગડા, કૂતરાના ભવમાંથી નીકળી માંડ મનુષ્ય થાય. એમાં પણ જો આ સત્ય ન મળ્યું અને અસત્યને રસ્તે દોરાઈ ગયો, ભાઈ! કે દિ' ભવના અંત આવશે? આહા..હા..! અને એમાં ત્રસની સ્થિતિ પૂરી થઈ હશે જેની. એ જીવો તો એકેન્દ્રિયમાં જવાના પછી. જેને એક જ ઈન્દ્રિય છે, સ્પર્શ. જીભ નહિ, નાક નહિ, આંખ નહિ, કાન નહિ. આહા..હા..! આવા ભવો એમાંથી કે દિ' ઊંચો આવીને માણસ થાય પાછો? એવો દુર્લભ છે મનુષ્યદેહ. એ ધર્મને માટે દુર્લભ છે હોં! મનુષ્યપણું મળ્યું માટે બે, પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ ભેગા કર્યા. કર્મી કહેવાણો ઘરમાં. કર્મી કહે છેને લોકો? અમારા ઘરમાં કર્મી પાક્યો છે. કર્મી એટલે પાપનો કરનાર. આ કર્મી છોકરો થયો છે. અત્યારે કર્મનો કરનારો મોટો. એય..! હસમુખભાઈ! આહા..હા..! ઓલા વયા ગયા? બે છોકરા આવ્યા હતા. ઓલા બલુભાઈ નથી? ડોક્ટર ભાઈ ડોક્ટર નહિ? પહેલા આવતા. એનો છોકરો આવ્યો છે. એના બૈરા ગુજરી ગયાને. છોકરો લંડનમાં હતો સાત વર્ષથી. વયા ગયા? આવ્યા હતા બિચારા દર્શન કરવા.

હું બલુભાઈનો દીકરો. કીધું, ઓળખીએ છીએ. બલુભાઈ અમારા બાપને કહે જૈન ધર્મનો પરિચય ... પણ જૈન ... આવ્યા હતા બિચારા બે છોકરાઓ છે. એક લંડન રહે છે સાત વર્ષથી અને એક રહે છે અહીં. શું કહેવાય? બેંગ્લોર. એકાવન રૂપિયા મૂકી ગયા. એકાવન રૂપિયા. દર્શન કર્યા ખરાને. જ્ઞાન ખાતે. એય..! લંડનમાં સાત વર્ષ રહ્યો. દેખાવ એવો પણ ઓહો..હો..! ટોપી પહેરી નહોતી પણ જટિયા બધા આમ ખુલ્લા ને આમ.. આમ. પરદેશમાં હોયને. બિચારા સાંભળતા. નરમ ... એવી ચીજ છે હોં. તારા બાપ પહેલા આવતા કીધું અહીંયાં. હવે અટકી ગયા છે, નથી આવતા, ત્યાં પણ નથી આવતા. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવ્યા હતા. આમ તો બિચારા નરમ છે. પગે લાગ્યા. એકાવન રૂપિયા મૂક્યા. આટલી વાત. બાપુ! ધર્મ તો જૈનધર્મ બહુ ઝીણી વાત છે, બાપા! જૈનધર્મને જાણનારા છે એમ કહેવું... આહા..હા..! જૈનધર્મ એટલે આત્મધર્મ. આત્માને જેણે જાણ્યો એ જૈનશાસનને જાણ્યું. આહા..હા..! 'સબ આગમ ભેદ સુ ઉર વસે.' શું આગમને કહેવું છે એ બધું એના જ્ઞાનમાં આવી જાય છે. આહા..હા..! એવો વીતરાગી ભાવ.

વસ્તુ ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદસ્વરૂપ, એના અવલંબે જે પ્રગટી દશા. પેલું તો કર્મનયનું આલંબન અને એકલા ઉઘાડનું આલંબન. એ નહિ. આ તો વસ્તુનું આલંબન. આહા..હા..! પોતે ભગવાન અખંડાનંદ પ્રભુ જેમાં ઠસોઠસ જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન છે ઈ. એમાંથી પર્યાયમાં એને ઉછાળીને પર્યાય નિર્મળ લાવવી. આહા..હા..! દરિયાના મધ્યમાંથી પાણી આવે-જાય કાંઠે ભરતીમાં. અંદરથી આવે ત્યારે. એ કાંઈ બહારના વરસાદ, પચાસ ઈંચના વરસાદ હોય અને નદી પડે પાણી એ ભરતી લાવે? ઓટ ટાણે એ ભરતી ન લાવી શકે. આહા..હા..! દરિયો પોતે પાઠો હઠ્યો છે કાંઠેથી. એને તે પચાસ ઈંચના વરસાદના પાણી ભરતી લાવી શકે? મધ્યબિંદુથી જ્યારે દરિયો ઉછળે અંદરમાંથી આહા..હા..! પછી ભલે બહારમાં ૧૧૮ ડિગ્રીનો તડકો સૂર્યનો હોય, પણ એની ભરતીને કોઈ ન રોકે. એમ મધ્યબિંદુ દરિયો ભગવાન આત્મા ધ્રુવમાં ધ્યેય કરીને જે જ્ઞાન આવે એને કોઈ રોકવા સમર્થ નથી. સમજાણું કાંઈ?

એ આવ્યું હતુંને ક્યાંક? રોકાતું નથી. આવ્યું હતું કાલે? રોકી શકતું નથી. નહોતું આવ્યું? કહો, સમજાણું કાંઈ? જેને કોઈ રોકી શકતું નથી. આવ્યું હતું આમાં? દોડ્યું આવે છે. આ દોડ્યું-દોડ્યું આવે છે. એને કોણ રોકી શકે? ૧૦૯ કળશ, ૧૦૯ કળશ. ભાવાર્થ. કાલે જ આવ્યું હતું. કર્મને દૂર કરી, પુણ્ય-પાપના વિકલ્પને દૂર કરી **'પોતાના સમ્યક્ત્વાદિસ્વભાવરૂપે પરિણમવાથી...'** પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિરૂપે થવાથી **'મોક્ષના કારણરૂપ થતું જ્ઞાન...'** એટલે આત્મા. **'આપોઆપ પ્રગટ થાય છે, ત્યાં પછી તેને કોણ રોકી શકે?'** આહા..હા..!

ભગવાન જ્યાં ઉછળ્યો એને બહારમાં ઇન્દ્રિયો મોળી પડી જાય, શ્રવણ ઘટી જાય, અરે..! યાદદાસ્ત પણ ઓછી થઈ જાય.

મુમુક્ષુ :- આમાં કાંઈ ભૂલી...

ઉત્તર :- એની સાથે શું? .... સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા એના તરફના વલણની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ્યાં પ્રગટ થઈ, કોણ રોકે? કહે છે. અમથું પણ કર્મ ક્યાં રોકતું હતું? ઊંધી શ્રદ્ધાના રાગભાવના ભાવ એને રોકતા. એ ગયું હવે રોકે કોણ? આહા..હા..! એમ કહે છે. આહા..હા..! આ પેદાશ છે ઈ પેદાશ છે. છોટાભાઈ! પાલેજમાં સવારમાં એક હજાર ગાડા આવતા હોય અત્યારે. હજારો ગાડા. હજારો. ઓણ તો બહુ પાક છે ત્યાં. ૨૮ ઈંચ વરસાદનો ૩૫ આવ્યો પાલેજમાં. ગાંડા થતા હશે માણસ. આહા..હા..! એક-એક હજાર ગાડા કપાસ. તે દિ' હું હતો તે દિ' હજાર ગાડા હતા હોં. હવે તો બહુ મોંઘો હશે. કહ્યું હતુંને તે દિ' નહિ? એક કપાસમાં વેચ્યું બિચારાએ હજાર રૂપિયા મૂક્યા હતા. હું દુકાને બેઠો હતો. એની જોડે દુકાન હતી એક .. એમાં એક માણસ એવો આવ્યો. કોથળી એવડી જ કરી અને ઠીકરા આવડા ગોળ. રૂપિયા જેવા આવડા ઠીકરા. ઠીકરા સમજો છો? ઠીકરી. આટલા ટૂકડા ગોળ. એટલે બરાબર એક કોથળી ભરેલી. કોથળી સમજ્યા? હું તો અહીં દુકાને બેઠેલો. એની જોડે દુકાન હતી. ત્યાં ઓલો લેતો હતો. ત્યાં એવો એક માણસ આવ્યો. ઓલો હજાર રૂપિયા આમ હતા કોથળી ઉપર હાથ. અને આમ હાથ ઉપાડ્યો. ત્યાં ઓલાએ કોથળી નીચે મૂકી દીધી ઓલી ઠીકરાની. આવી ગોળ. હાથ રહી ગયો ત્યાં ને ત્યાં. ઉઠ્યો ત્યાં ઉંચુ કરીને જોયું તો અરે..! આ તો (ઠીકરા). હજાર લઈ ગયો બે મિનિટમાં. એમ આ રાગ ઠીકરા છે એને રૂપિયા માને છે એટલે ચાલ્યું જશે કહે છે. આહા..હા..! રાગથી આત્મા મળશે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? રોકે કોણ આવી ગયુંને? '(**-સ્વરૂપમાં ઉદ્યમી રહે છે**).'

'**અહીં સર્વથા એકાંત અભિપ્રાયનો નિષેધ કર્યો છે...**' છેને ભાવાર્થ? '**સર્વથા એકાંત અભિપ્રાયનો...**' '**કારણ કે સર્વથા એકાંત અભિપ્રાય જ મિથ્યાત્વ છે.**' એટલે શું કહ્યું? એ તો શબ્દ થયો. સર્વથા રાગને ધર્મ માનવો એ સર્વથા એકાંત મિથ્યાત્વ છે. પુણ્યની ક્રિયાને ધર્મ માનવો અથવા એ ધર્મના કારણરૂપે એ દયા, દાન, વ્રત, ભક્તિ, કરતાં... કરતાં... કરતાં... આગળ જવાયને? એમ માનનારા એકાંત રાગના રસીલા મિથ્યાદૃષ્ટિ છે. ભારે આકરી વાત! અને એ અંતર દૃષ્ટિ ન કરતાં, અંતરમાં જવાનો પ્રયત્ન ન કરતાં એકલા જ્ઞાનના ઉઘાડના ભાવમાં વાતું કરનાર રોકાયા. વેદાંત આદિ શું છે બધા? વાતું કરે મોટી-મોટી. ઓહો..હો..! એક આત્મા છે... એક આત્મા છે... બધું ભ્રમ છે. વ્યવહાર એ ભ્રમ છે. ભ્રમ છે પણ છે ક્યાં? કાંઈ જડમાં છે ભ્રમ કે તારામાં છે? સમજાણું કાંઈ? આહા..હા..! મોટી મોટી

વાતું સુધરેલાઓ અત્યારના ઘણા વેદાંતમાં ભળી જાય. ઉઘાડવાળા હોયને એને સારું લાગે. જૈનમાંથી નીકળીને વેદાંતી થઈ જાય છે કેટલાક. ખબર ન મળે. જાદવજીભાઈ હતાને આપણે એને વેદાંતી જેવું થઈ ગયું હતું. જાદવજી વકીલ. જાદવજી મગનલાલ, લીંબડીવાળા. વઢવાણ કાંપ. અત્યારે મદ્રાસ છે. આ ભાઈ છેને નાનો ઉત્તમચંદ. એ ખબર છેને. એને ત્યાં રહે છે. વળી અમારું ચોમાસામાં ૧૯૮૨માં આવતા. એટલે વળી જૈન ઉપર વળેલા. પણ પછી મોટપના વાંધા આવ્યા. સંપ્રદાયમાં મોટપ ન રહે જો અહીં આવશે તો. અટકવાના ઘણા રસ્તા, છૂટવાનો એક રસ્તો. મોટપ જતી હોય. તમે ત્યાં જાશો તો આ સ્થાનકવાસીના અગ્રેસર નહિ ગણીએ. જાવ છોડો. ભાઈ! અમે અહીં રહીએ છીએ. એય..! પોપટભાઈ! આવું છે. એમ જાણપણામાં એકલા માનનારા અંતર વસ્તુ અખંડ આનંદકંદ ચૈતન્ય મૂર્તિ એને નહિ જાણી, નહિ પ્રયત્ન કરીને, નહિ મેળવનારા એ પણ ચાર ગતિમાં રખડનારા છે. સર્વથા એકાંત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ-૭, શુક્રવાર, તા. ૨૫-૦૧-૧૯૭૩**
**કળશ-૧૧૧, પ્રવચન-૨૯૫**

(પુણ્ય-પાપ) અધિકાર છે. 'કેટલાક લોકો...' પુણ્ય-પાપનો અધિકાર છેને? **'પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને તો જાણતા નથી...'** આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ કરીને આત્માને અનુભવતા તો નથી. એ આત્મા શુદ્ધ જ્ઞાનઘન અને આનંદકંદ છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જે પર્યાયમાં પ્રગટ કર્યો એવો એ સ્વભાવમાં એવડો અને એવો જ છે ઈ. અનંત આનંદ અને અનંત જ્ઞાન અને અનંત શાંતિ, સ્વચ્છતા, પરમેશ્વરતા એવી સ્વતંત્ર શક્તિઓનો ભંડાર ભગવાન આત્મા એની દૃષ્ટિ નિર્વિકલ્પ કરતા નથી, એનું જ્ઞાન કરતા નથી. **'અને વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રરૂપ ક્રિયાકાંડના આડંબરને મોક્ષનું કારણ જાણી તેમાં તત્પર રહે છે...'** ફક્ત દેવ-ગુરુ-શાસ્ત્ર એ પરદ્રવ્ય છે. એની શ્રદ્ધાનો રાગ એને એ વ્યવહાર

સમકિત માની એમાં એ રોકાઈ ગયેલા છે. એમ શાસ્ત્રનું જ્ઞાન કરી વિકલ્પવાળા એમાં રોકાયેલા છે. ક્રિયાકાંડ છે બધું ઈ. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વ્રતાદિ ભાવ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એ બધો શુભભાવ છે. એ ક્રિયાકાંડના આડંબરને, એ ક્રિયાકાંડની વૃત્તિને જ **'મોક્ષનું કારણ જાણી તેમાં તત્પર રહે છે...'** તે મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? વ્યવહારસમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા. જ્ઞાન એ શાસ્ત્રનું જ્ઞાન. શાસ્ત્રમાં આમ કહે છે, આમ આમ કહે છે એ બધું જ્ઞાન. એ બધો શુભરાગ છે. અને ચારિત્ર એટલે મહાવ્રત, પંચ મહાવ્રત અથવા બાર વ્રત આદિ વિકલ્પ. એ તો રાગ છે. એ રાગની ક્રિયાકાંડમાં તત્પર રહેતા થકા મોક્ષનું કારણ એને જાણે છે અજ્ઞાની.

**'તેનો પક્ષપાત કરે છે.'** આ જ મોક્ષમાર્ગ છે. વ્રત પાળવા, તપસ્યા, અપવાસ આદિ કરવા, શીલ, પ્રકૃતિનો સ્વભાવ કોમળ રાખવો એ શુભભાવ છે બધો. નિયમ પાળવા. એ બધો તો વિકલ્પ અને રાગ છે. એ રાગની ક્રિયાકાંડમાં જ તત્પર અનાદિના જીવો છે. કહો, બરાબર હશે આ વાત? ...ભાઈ! આ દયા પાળવી, વ્રત પાળવી, ભક્તિ, પૂજા, દાન કરવા, દયા, તપસ્યા એ કષાયની મંદતાનો શુભરાગ છે. એ રાગની ક્રિયાના આડંબર, દેખાવ બહાર બસ આમ દેખાય કે આહા..હા..! ભારે કરે છે આ! એમાં જે તત્પર છે તેનો પક્ષપાત કરે છે. ઈ અમારો ધર્મ છે. અમારે માટે એ કરતા વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય પમાશે. આહા..હા..! સંસારની દુકાનના પાપ કરતા હતા એના કરતો તો કાંઈક કરીએ છીએ કે નહિ અમે? જેઠાભાઈ!

મુમુક્ષુ :- બેય હિંસા છે.

ઉત્તર :- હિંસા ક્યાં? દુકાને ક્યાં બેઠો છે ઈ? .. વેપાર કરીને બેઠો હોય. આહા..હા..! એને ખબર નથી કે સંસાર કોને કહેવો? એ વ્રત ને તપ ને વિકલ્પ જે છેને એનો? એ પોતે રાગ તે સંસાર છે. આહા..હા..! એ સંસાર સંસરણં ઈતિ સંસાર. ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આનંદ એમાંથી ખસી ગયો છે ઈ. એવા રાગને અહીંયાં સંસાર કહે છે. પણ એ રાગની ક્રિયાને જ એ ધર્મ માને છે. અમરચંદભાઈ! ઈ જ સાંભળ્યું હતું નહિ અત્યાર સુધી? એ જ સાચું છે. ચાલે છેને અત્યારે પણ ઈ? આહા..હા..! **'તેનો પક્ષપાત કરે છે.'**

**'આવા કર્મનયના પક્ષપાતી લોકો...'** કર્મ શબ્દે રાગનું કામ-કાર્ય. એ વ્રત છે રાગ છે, તપસ્યા અપવાસ આદિ કરવા એ રાગ છે. નિર્જરા નથી. આત્મા આનંદમૂર્તિ શુદ્ધ ચૈતન્યઘન એની દષ્ટિ કરીને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને આત્માનું જ્ઞાન અને આત્મામાં શાંતિમાં રમણતા આનંદની એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'જેઓ જ્ઞાનને તો જાણતા નથી...'** એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. એમાં ક્રિયાના વિકલ્પ છે એ એમાં છે જ નહિ. એ ક્રિયાકાંડનો જે વિકલ્પ છે એ તો ઉપાધિ. કર્મના નિમિત્તે ઉપાધિનો ભાવ ઉત્પન્ન થયેલો એ આત્માના સ્વભાવને રાગરહિત છે એને જાણતા નથી. એટલે કે જ્ઞાનસ્વરૂપ ભગવાન

આત્માને તો અનુભવતા નથી એમ કહે છે. ફક્ત ક્રિયાકાંડના રાગને અનુભવે છે. અને એનો પક્ષપાત સ્થાપે છે. આ ધર્મ છે, આ જ છે અને આ જ કર્તવ્ય છે.

એ '**કર્મનયમાં જ ખેદખિન્ન છે...**' એ શુભ ક્રિયાકાંડ જે વ્રત, નિયમ, તપ, શુભરાગમાં ખેદખિન્ન છે. દુઃખી છે ઈ. એ દુઃખ છે, આકુળતા છે. '**તેઓ-સંસારમાં ડૂબે છે.**' એ ચાર ગતિમાં રખડનારા છે કહે છે. આરે..! ભારે વાત! દુકાન છોડે, ધંધા છોડે, બ્રહ્મચર્ય પાળે, સ્ત્રી જાવજીવ છોડે. જુઓ, તોપણ એને ધર્મ નહિ? એ તો રાગની મંદતા હોય તો શુભભાવ ખરો. આહા..હા..! પુણ્ય છે એ તો. એ તો અનંતવાર એવું કર્યું છે. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' અનંતવાર એવા વ્રત અને તપની ક્રિયાઓ કરી. એ તો શુભરાગ હતો. આહા..હા..! એ વિકલ્પની પાછળ ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એને સ્પર્શ્યા વિના, એને અડ્યા વિના, અનુભવ્યા વિના જેટલી ક્રિયાકાંડ છે એ બધો સંસાર છે. આહા..હા..! આકરું કામ ભારે! એ સંસારમાં ડૂબે છે. કહો, સમજાણું કાંઈ?

બીજો બોલ. '**વળી કેટલાક લોકો આત્મસ્વરૂપને યથાર્થ જાણતા નથી...**' હવે આત્મા જ્ઞાન અને શાંત આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે એવો અંતરમાં નિર્વિકલ્પપણાનો અનુભવ કરતા નથી. સમજાણું કાંઈ? આત્મસ્વરૂપ જે ભગવાન આત્મા એ તો અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ આત્મા. એકલો અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ લવાલવ ભરેલો આત્મા છે. એવા આનંદમૂર્તિ ભગવાન આત્મા એને તો અનુભવતા નથી. '**સર્વથા એકાંતવાદી મિથ્યાદૃષ્ટિઓના ઉપદેશથી...**' સર્વથા એકાંત માનનારા. આત્મા જગતમાં એક જ આત્મા છે. સમજાણું કાંઈ? અથવા આત્મા રાગ વિનાનો છે એ ત્રિકાળ છે. એવું એક બોલવાની વાતમાં બોલે છે. અંદર જ્ઞાનસ્વરૂપમાં રાગરહિતનો અનુભવ કરતો નથી. આહા..હા..! 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ.' એ અંતર જ્ઞાનાનંદ ભગવાન આત્મા એના તરફનો જે પ્રયત્ન અને પુરુષાર્થ સ્વભાવનો એ કરતા નથી અને અનુભવ વિના એકલા સંસારના કામમાં '**મિથ્યાદૃષ્ટિઓના ઉપદેશથી અથવા પોતાની મેળે જ અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ ખોટી રીતે કલ્પી...**' આ કાંઈક પ્રકાશ થાય છે, દેખાય છે, ધોળા દેખાય છે એ કાંઈક જ્ઞાનસ્વરૂપ છે. એમ અજ્ઞાની માને છે. ચમત્કાર કાંઈક દેખાય. આમ યોગ સાધે અને આમ દેખાય અંદર ધોળાશ, પીળાશ અંદર. એ જ્ઞાન છે એમ માને છે. એ તો જડ છે. આહા..હા..!

'**અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ ખોટી રીતે કલ્પી તેમાં પક્ષપાત કરે છે.**' અમે તો એ જ્ઞાનના જાણપણા ક્ષયોપશમના કર્યા એનાથી અમારી મુક્તિ થશે. એ પણ બિચારા ડૂબેલા છે. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આત્મા આનંદમૂર્તિ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એ તો દૃષ્ટિમાં લીધો નથી, અનુભવતા નથી. ફક્ત જ્ઞાનના જાણપણાના ક્ષયોપશમભાવમાં અહંપણું રાખી અને અમે પણ આ કારણે મોક્ષમાં જાશું એમ ક્ષયોપશમમાં અભિમાન કરે છે. આહા..હા..!

પહેલો ક્રિયાનયવાળો અને આ શુષ્કજ્ઞાની, બેય સરખા છે. સમજાણું કાંઈ? આહા..હા..! જન્મ-મરણના ફેરા ચોર્યાશીના. મોટો સમુદ્ર. એ સંસારનું મૂળ તો મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ એ જ સંસાર છે. સમજાણું કાંઈ? એ વિપરીત માન્યતા ચૈતન્ય સ્વભાવથી વિપરીત, રાગના કણને, રજકણને પોતાનો માની અને એ જ્ઞાનનો ઉઘાડ છે એ પરલક્ષી એ પણ પોતાનું સ્વરૂપ છે એમ માની એ પણ ડૂબ્યા છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતાની પરિણતિમાં જરાય ફેર પડ્યા વિના...**' અંતર સ્વરૂપ ભગવાન આત્મા તરફની વલણવાળી પ્રતી અને પરિણતિ વિના '**તેઓ પોતાને સર્વથા અબંધ માને છે...**' અમે તો અબંધ છીએ, અમારે બંધ-બંધ છે નહિ. પોતાની પરિણતિ એટલે અવસ્થા. એમાં આત્માની રુચિ અને વિચાર અને અંતર તરફના વલણનો પુરુષાર્થ (જોઈએ). (પરંતુ) જરાય ફેરફાર થયો નથી. '**તેઓ પોતાને સર્વથા અબંધ માને છે...**' અમે તો અબંધ છીએ, પણ અશુદ્ધતાને ... કર્યા વિના અબંધપણું ભાસશે શી રીતે તને? આહા..હા..! છે તો અબંધસ્વરૂપ જ ભગવાન આત્મા વસ્તુ. પર્યાયમાં રાગમાં એકત્વબુદ્ધિ એ ભાવબંધ છે. એનાથી છૂટીને અંતર સ્વરૂપ, જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, ધ્રુવભાવ, આનંદભાવ એના તરફના વલણવાળા પુરુષાર્થને અનુભવતો નથી, ફક્ત પોતાની મેળાએ કલ્પીને અબંધ છીએ એમ માને છે.

'**વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રના ક્રિયાકાંડને નિરર્થક જાણી છોડી દે છે.**' અનુભવ કરતા નથી અને વ્યવહારના શુભભાવને છોડી દે છે. તો અશુભમાં જાય છે. આહા..હા..! વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રનો જે શુભભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ અને શાસ્ત્રનું જ્ઞાન એ બધો શુભભાવ છે. એ શુભભાવને છોડી દે. અમારે ભણવું-બણવું કાંઈ નથી, અમારે વાંચવું કાંઈ નથી. અમે તો અબંધ છીએ. અનુભવ વિના? દૃષ્ટિ થયા વિના અબદ્ધ ક્યાંથી આવ્યો તું? સમજાણું કાંઈ? આકરી વાત છે. જગત એક સલવાણું ક્રિયાકાંડમાં અને એક સલવાણું જ્ઞાનના ઉઘાડના અભિમાનમાં.

'**આવા જ્ઞાનનયના પક્ષપાતી લોકો...**' આ જ્ઞાનનય એટલે ૭૨, ૭૩, ૭૪માં આવી ગયું છે એ. તે જ્ઞાનનય એટલે? જ્ઞાનનો અનુભવ નહિ આત્માનો. ફક્ત જ્ઞાનનય, જાણવાના પક્ષપાતમાં રોકાયેલો એ પણ મિથ્યાત્વભાવ છે. રાગની એકતાને તોડતો નથી. ફક્ત જ્ઞાનના જાણપણામાં અમે અબદ્ધ છીએ એમ માનીને સ્વચ્છંદી થાય છે. શુભભાવને છોડીને અશુભમાં જાય છે. એ બીજી વાત છે કહે છે. એ અશુભ ટાળવા માટે સાર્થક છે. કીધુંને નિરર્થક છે નહિ. નિરર્થક જાણી છોડી દે છે. અશુભને ટાળવા માટે એવો શુભભાવ હોય છે સમ્યગ્દૃષ્ટિને પણ. પણ એ તદ્દન નકામા છે એમ માનીને (છોડી દે છે). દર્શન છે નહિ, શ્રદ્ધા નથી અને નિરર્થક જાણીને છોડી દે છે. શુભ તો પુણ્યનું બંધ છે એમ જાણી છોડી દે છે. સમજાણું કાંઈ? એટલે નિશ્ચયથી ભ્રષ્ટ છે, વ્યવહારથી ભ્રષ્ટ છે. આહા..હા..! શુભભાવ બંધનું કારણ

છે એમ બતાવીને એની દૃષ્ટિ સ્વભાવ ઉપર કરાવવા માટે છે. શુભભાવ છોડીને અશુભમાં આવવું એ માટે એ વાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, નિરર્થક જાણી. છે તો નિરર્થક, પણ સ્વભાવના ભાનના અનુભવ આવ્યા વિના વ્યવહારને નિરર્થક જાણીને શુભભાવને પણ છોડી દે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા' અખંડાનંદ પ્રભુ એ ચૈતન્યની અંતર રુચિ, દૃષ્ટિના અનુભવ વિના એકલા ક્રિયાકાંડના ભાવને છોડી દઈ, સ્વચ્છંદી થઈ અને અશુભભાવને સેવે એ પણ ડૂબેલા છે એમ કહે છે.

**'જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતા નથી...'** અંતરમાં જવા માટે પ્રયત્ન કરતા નથી. આનંદમૂર્તિ અંતર્મુખ સ્વરૂપ એમાં જવાને, અંતરમાં વળવાને, ધ્યેયને લક્ષમાં લઈને એનું ધ્યાન કરવાને પ્રયત્નવાન થતા નથી. સમજાણું કાંઈ? **'આવા જ્ઞાનનયના પક્ષપાતી લોકો જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતા નથી...'** અંતરના વલણના પ્રયત્નમાં હોય તોપણ એ સ્વચ્છંદી નથી. સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા, એવા આનંદના વલણવાળો પ્રયત્ન બિલકુલ કરતા નથી એમ કહે છે. **'અને શુભ પરિણામોને છોડી સ્વચ્છંદી થઈ વિષય-કષાયમાં વર્તે છે...'** પાંચ ઈન્દ્રિયના વિષયોના ભોગ અને કષાયમાં વર્તે **'તેઓ પણ સંસારસમુદ્રમાં ડૂબે છે.'** કહો, સમજાણું? **'તેઓ પણ સંસારસમુદ્રમાં ડૂબે છે.'**

હવે સમ્યગ્દૃષ્ટિની વાત કરે છે. ધર્મી જીવ. આહા..હા..! **'મોક્ષમાર્ગી જીવો...'** અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદમૂર્તિ પ્રભુ! એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એમાં અંશે રમણતા (કરે) એ મોક્ષમાર્ગી જીવ. **'જ્ઞાનરૂપે પરિણમતા થકા...'** એટલે દ્રવ્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિ ઈ શુદ્ધપણે પરિણમતા, શુદ્ધની અવસ્થાપણે થતાં. ભાષા પણ કેવી ? અને ઓલું તો સહેલુંસટ હતું વ્રત પાળવા, 'નમો અરિહંતાણં' જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામિ દુક્કડમ લ્યો અને તાવકાયં ઠાણેણં માણેણં અપ્પાણં વોસરે. આવું ... ભાઈ! વસ્તુ છે એ તો વિકલ્પથી રહિત છે. એ બધા વિકલ્પો છે, રાગ છે. એ રાગ વિનાની ચીજ એની અંતર અનુભવની દૃષ્ટિ, જ્ઞાન અને અંશે રમણતા. પૂર્ણ રમણતા થઈ જાય તો કેવળ થઈ જાય. સમજાણું કાંઈ? **'મોક્ષમાર્ગી જીવો જ્ઞાનરૂપે પરિણમતા...'** જ્ઞાન કેમ કહ્યું? કે એનું સ્વરૂપ જ્ઞાન છે તે આત્મા અને વિકલ્પ દયા, દાન, વ્રતનો વિકલ્પ છે એ તો પુણ્ય છે, એ કાંઈ આત્મા નથી. એથી રાગરૂપે ન થતાં ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ સર્વજ્ઞ પરમાત્માએ, વીતરાગે કહ્યો એ. એવી દૃષ્ટિને પરિણમાવતા થકા. **'પરિણમતા થકા શુભાશુભ કર્મને હેય જાણે છે...'** એ શુભાશુભભાવને હેય જાણે છે. શુભાશુભભાવ થાય છે ખરા. આરે..! ભારે આકરું આ!

કહે છે, ભગવાન! ભાઈ! તારી ચીજ તો નિર્મળાનંદ છેને. એ નિર્મળ આનંદની દૃષ્ટિનો

અનુભવ કરતા થકા ધર્મી જીવને આત્માના શુદ્ધ સ્વભાવનું પરિણમન હોવાથી એ પરિણમન મોક્ષનું કારણ છે. એની સાથે શુભાશુભભાવ થાય ખરા, સમ્યગ્દૃષ્ટિ છે પૂર્ણ નથી. સાધક છે ત્યાં કર્મધારા ભેગો જ્ઞાનધારા અને કર્મધારા બે એક સમયે સાથે હોય છે. આહા..હા..! એ આવી ગયું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સાથે હોય છે. મુખ્ય-ગૌણ ન કર્યું આમાં. એ તો દૃષ્ટિના ધ્રુવની અપેક્ષાએ કહે ત્યારે મુખ્યપણું વેદન શાંતિનું છે, અશાંતિનું વેદન ગૌણ છે એટલે? એના ઉપર જોર નથી. બાકી વેદન છે, બરાબર વેદન છે. આહા..હા..! અરાગીપણાનું પણ વેદન છે અને રાગ આવે એનું પણ વેદન તો છે. એ પોતાને એકપણે માનતો નથી. રાગને અને સ્વભાવને. સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! એ શુભાશુભ કર્મ શબ્દે ક્રિયા હોં ઈ રાગની. શુભ-અશુભ પરમ પરિણામ એટલે કર્મ, કર્મ એટલે ક્રિયા. એને હેય જાણે ધર્મી. આ આદરણીય નથી, પણ નબળાઈને લઈને થયા વિના રહેતા નથી શુભાશુભભાવ. આહા..હા..!

**'અને શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે.'** જુઓ, અહીં પર્યાય લીધી. નિશ્ચયથી તો સમ્યગ્દૃષ્ટિ ધ્રુવ ચૈતન્ય શુદ્ધ ભગવાન આત્મા પવિત્ર ત્રિકાળી એને જ ઉપાદેય માને છે. પણ એને ઉપાદેય માનતા જે શુદ્ધ પરિણતિ પ્રગટી એને પણ ઉપાદેય તરીકે ગણે ઓલા શુભાશુભની અપેક્ષાએ. સમજાણું કાંઈ? શુભ અને અશુભભાવ એને હેય તરીકે જાણે છે. એનો સ્વામી નહિ. એક ન્યાયે તો એ શુભાશુભભાવ એટલું વેદન છે. દુઃખનું વેદન છે. આહા..હા..! એ શુભભાવ મહાવ્રતનો એ દુઃખ છે. દુઃખ ન હોય તો પૂર્ણ આનંદદશા પ્રગટ થવી જોઈએ. જેટલે અંશે સ્વભાવનો આશ્રય લઈ અને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો અંશ પ્રગટ થયો છે એ શુદ્ધ પરિણતિ કહેવાય એને. આ બધી ભાષા ગ્રીક-લેટીન જેવી લાગે અજાણ્યાને. આ અભ્યાસ ન મળે જગતને. આહા..હા..!

કહે છે, ભાઈ! એ દુઃખના પંથ છે એ અનાદિના તેં ગ્રહ્યા છે. શુભ અને અશુભભાવ એ મારા, એ તેં દુઃખનો પંથ અંગીકાર કર્યો. આહા..હા..! વર્તમાન પણ દુઃખ શુભાશુભભાવ અને એના ફળ તરીકે ચાર ગતિના દુઃખો છે. સ્વર્ગમાં પણ દુઃખ છે હોં, સુખ નથી. આહા..હા..! એ હજારો ઈન્દ્રાણીની સામે જોતાં જે રાગ થાય એ તો અશુભરાગ છે. આહા..હા..! એમાં આત્માની શાંતિ જળે છે, બળે છે. એવો જ શુભભાવ પણ આત્માની શાંતિને બાળે છે. આહા..હા..! એટલું ખરું કે શુભભાવ વર્તમાનમાં છે અને શુદ્ધતાનું પરિણમન વર્તમાનમાં છે. એ પરિણમન દુઃખને વર્તમાનમાં છેદતો નથી ઓલું છે એને. પણ એનો પ્રયત્ન છેદવાનો છે એટલે પ્રયત્ન છેદશે એને.

એ પ્રશ્ન આવ્યોને રાતે આ. ત્યાં તો એને ઈ કહેવું છે કે દુઃખને છેદનારી પરિણતિ છે એને વળી દુઃખ કેવું? એમ કહેવું છે. અશુદ્ધ પરિણતિ છે. વર્તમાન છે એને ક્યાં છેદે

છે? એ તો છે. સ્થિરતા અંદર કરતા એ છેદાઈ તે ઉત્પન્ન ન થાય ઈ છેદે છે એમ કહેવાય છે. વર્તમાન કાંઈ છેદે છે? તો તો હોય ક્યાંથી? એ છેદવા જેવું છે એમ માને છે. શુભભાવ, અશુભભાવ નાશ કરવા જેવો છે એમ માને છે. એય..! ચેતનજી! વર્તમાનમાં નાશ કરે છે એને? તો તો હોય ક્યાંથી? આ તો માર્ગ એવો છે, ભાઈ! એ સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનની રમણતા શુભાશુભને છેદવા જ પ્રયત્ન છે એનો, પણ જેટલો ઉત્પન્ન થયો એને ક્યાં છેદે છે અત્યારે? સમજાણું કાંઈ? છેદવાની શ્રદ્ધા છે, છેદવાનું જ્ઞાન છે, છેદવાનું ચારિત્ર નથી એનું વર્તમાન. એને છેદવાનો નથી, ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- તો હોય શેનો?

ઉત્તર :- તો હોય શેનો? ઝીણી વાત છે, ભાઈ! આ તો અંતર વસ્તુ માર્ગ છે. એણે કોઈ દિ' ગરજ કરી જ નથી. એ તો આ સંસારના રાતા-પીળા, આ પૈસા, આબરૂ દેખીને મરી ગયો એમાંને એમાં, થઈ રહ્યું. એમાંથી નીકળ્યો અને કદાચ સાધુ થયો, ત્યાગી થયો અને વ્રત અને નિયમ, તપની ક્રિયાકાંડમાં ઘૂંચી ગયો. એ પણ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ શુભ અને અશુભભાવ બેય મારા, મિથ્યાત્વભાવ છે. બેયથી કલ્યાણ થાય એવી માન્યતા પણ મિથ્યાદૃષ્ટિની છે. આહા..હા..!

એ '**શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે.**' ધર્મી જીવ તો જે વસ્તુ શુદ્ધ આનંદઘન પ્રભુ એની જેટલી એકાગ્રતા થઈને નિર્મળદશા, આનંદની દશા, શાંતિની દશા, જ્ઞાનરૂપ પરિણમન થયું, રાગરૂપ નહિ, એ દશાને ધર્મી ઉપાદેય, આદરણીય માને છે. આ તો પરિણતિને ઉપાદેય પર્યાયનું કીધી, ઓલાની અપેક્ષાએ. ઓલાની અપેક્ષાએ છેને? રાગ છે તે હેય છે તો આ ઉપાદેય એટલી વાત. ઓલાની અપેક્ષાએ. પછી પર્યાય અને દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્ય ઉપાદેય છે. આહા..હા..! કહે છે '**શુદ્ધ પરિણતિને જ...**' અરે..! એ તો એકાંત થઈ ગયું. કથંચિત્ શુદ્ધ પરિણામ પણ આદરણીય અને કથંચિત્ શુભ પરિણામ પણ આદરણીય. તો અનેકાંત થાય. એ તો એકાંત થઈ ગયું. અનેકાંત ન થયું. શુદ્ધ પરિણતિ જે છે ધર્મની અંતર નિર્વિકલ્પ આનંદદશા એ જ ઉપાદેય છે અને રાગની પરિણતિ શુભની એ ઉપાદેય નથી એનું નામ અનેકાંત છે. આ તો ભારે! અનેકાંતને ફુદડીવાદ ગણી નાખ્યો મારે. ભગવાનનો માર્ગ બાપા સ્યાદ્વાદ છે. સ્યાદ્વાદ એટલે શું પણ? ફુદડીવાદ છે ઈ? આહા..હા..!

મુમુક્ષુ :- રાગ એ ધર્મ છે.

ઉત્તર :- રાગ એ ધર્મ છે અને આ પણ ધર્મ છે. આ પણ ઉપાદેય છે. વ્યવહાર પણ ઉપાદેય. તો બે પડ્યા છે શેના?

મુમુક્ષુ :- .. કે ન રહ્યું?

ઉત્તર :- એક જ રહ્યું એ તો. આહા..હા..! અરે..! સમ્યગ્દૃષ્ટિ શું મુનિ છઠ્ઠે ગુણસ્થાને

જેની દશા, રમણતા પ્રચુર સ્વસંવેદન હોય એને પણ મહાવ્રતનો જે વિકલ્પ ઉઠે છે એ હેય છે. કષાયનો કણ છે એ. કોને કહેવો કષાય? અને કોને કહેવો રાગ? ખબરું વિના રાગને પોતાનું સ્વરૂપ માની લે. આહા..હા..! એ રાગ છે વર્તમાન. એ તો પ્રમાદભાવ છે છઠ્ઠે ગુણસ્થાને. મુનિની દશા. આત્માનું સમ્યગ્દર્શન અનુભવ ઉપરાંત સ્થિરતા અંદર જામી ગઈ છે. એ મુનિઓને તો બાહ્યમાં નગ્નદશા હોય છે. અભ્યંતરમાં એને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ આવે છે અને એ વિકલ્પને તે હેય માને છે. વચમાં કષાયનો કણ આવ્યો. એમ આવે છેને પ્રવચનસારમાં? પ્રવચનસારમાં આવે છે. વચમાં કષાયનો કણ આવે છે છઠ્ઠે, પણ એને ઓળંગી અને ઉપયોગ શુદ્ધાત્મામાં લગાડી દે છે. આહા..હા..! ભારે આવી વાતું. આમાં સંસાર ભણતરમાં તો આવું .. નહિ આવ્યું હોય. ભણી નાખ્યું હશે એલ.એલ.બી. અને શું એને કહે બીજા પૂંછડાને? પાંચસો-હજારનો પગાર મળે. બે હજાર, પાંચ હજાર લ્યોને. આ સુમનભાઈને વળી વધારે કહે છે. એમાં ધૂડમાં શું છે પણ? આહા..હા..!

આ સમજણ કરવી અંતર ચૈતન્ય ભગવાન આનંદનો નાથ એમાંથી જ્ઞાનનું પરિણમન કાઢવું. આહા..હા..! જેવો છે તેવું એનું પરિણમન થાય એને અહીંયાં મોક્ષનો માર્ગ અને શુદ્ધ પરિણતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેટલે અંશે શુદ્ધ પરિણતિ એટલે અંશે મોક્ષનો માર્ગ. જેટલે અંશે રાગાંશ એ બંધનું કારણ. સમકિતીને પણ બંધનું કારણ. કહો, સમજાણું કાંઈ?

**'તેઓ માત્ર અશુભ કર્મને જ નહિ...'** ધર્મી જીવ કાંઈ અશુભને પરિણામને જ છોડવા માગે છે એમ નહિ, **'પરંતુ શુભ કર્મને પણ છોડી,...'** શુભકર્મ એટલે શુભ ક્રિયા, રાગ. શુભરાગને પણ છોડી. આહા..હા..! **'સ્વરૂપમાં સ્થિર થવાને નિરંતર ઉદ્યમવંત છે...'** આહા..હા..! આનંદનું ધામ, સ્વયં જ્યોતિ સુખધામ એવો ભગવાન એમાં પ્રયત્નવાન ધર્મી છે. એમાં રમવાને, રમત કરવાને પ્રયત્નવાન છે. અશુભરાગ જ છોડવા જેવો છે એટલું એમ નહિ, પણ શુભરાગ પણ છોડવા જેવો છે એમ જાણીને શુદ્ધ ચૈતન્યસ્વભાવ તરફ પ્રયત્નવાન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? **'નિરંતર ઉદ્યમવંત છે...'** ધર્મી જીવની તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર છેને. ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ હું છું. એવું પરિણમન દૃષ્ટિમાં થયું છે. એટલે એ પ્રયત્ન તો તેના તરફની મુખ્યતા કોઈ દિ' ખસતી નથી. સમજાણું કાંઈ?

**'સ્વરૂપમાં સ્થિર થવાને...'** ધર્મી જીવ... આહા..હા..! આદિનાથ ભગવાન. ચોર્યાશી લાખ પૂર્વનું આયુષ્ય. ૮૩ લાખ પૂર્વ સંસારની પરિણતિ હતી થોડી. એમાં હતા શુભ. હતા એમ કહેવું એ પણ વ્યવહારનય છે. એની પરિણતિ એનામાં છે ઈ અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહા..હા..! એ ત્રણ જ્ઞાન લઈને આવેલા. ક્ષાયિક સમકિતી. છતાં ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્ર ન આવ્યું. કેમકે ચારિત્રનો પુરુષાર્થ અપૂર્વ બીજો છે. અંદરમાં જુકીને, સ્થિરતા,

રમણતા કરવી એ ચારિત્ર છે. એ ૮૩ લાખ પૂર્વ ન આવ્યું. એટલો પુરુષાર્થ. ૮૩ લાખ પૂર્વ. એટલે? એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એક પૂર્વના કાળની મુદ્દત એમાં ૭૦ લાખ કરોડ. એક, બે લાખ કરોડ નહિ, ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ. એટલા વર્ષનું તો એક પૂર્વ છે. એવા ૮૩ લાખ પૂર્વ. પછી એક લાખ પૂર્વ એક ૮૩ લાખ પૂર્વ. સમ્યગ્દર્શન, જ્ઞાન અને અમુક અંશે સ્થિરતામાં રહ્યા. કારણ કે એ ચારિત્ર કાંઈ હઠથી આવતું નથી. એ તો સહજ અંદરમાં પુરુષાર્થની ઉગ્રતા કરતા, રમણતા જામે એનું નામ ચારિત્ર છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન મહાવીર લ્યો. એ ૩૦ વર્ષ સુધી તો ગૃહસ્થાશ્રમમાં રહ્યાને? ક્ષાયિક સમકિત લઈને આવ્યા હતા. માતાના ઉદરમાં આવ્યા ત્યારે ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા. માતાના પેટમાં આવ્યા તો ત્રણ જ્ઞાન લઈને. છતાં ૩૦ વર્ષ સુધી ચારિત્ર નહોતું. ચારિત્ર કાંઈ એવું નથી કે આ વ્રત લઈ લે એ ચારિત્ર. એ કાંઈ ચારિત્ર નથી. અંતરના આનંદમાં રમણતા કરવી એવું જે ચારિત્ર એ ૩૦ વર્ષ સુધી તો થયું નહિ. સમજાણું કાંઈ? પછી દીક્ષા થયા. ૧૨ વર્ષ છદ્મસ્થ રહ્યા. પછી ૩૦ વર્ષ કેવળજ્ઞાનમાં રહ્યા. લ્યો છેલ્લા ભગવાન. ૭૨ વર્ષનું આયુષ્ય. ઓહો..હો..! ભગવાનનું ૮૪ લાખનું ઋષભદેવનું. એક લાખ પૂર્વ બાકી રહ્યું ત્યારે દીક્ષા લીધી. દીક્ષા કાંઈ બહારથી નગ્નપણું અને કપડા છોડવા એ દીક્ષા નથી. અંતરમાં આનંદસ્વરૂપમાં રમણતા જામી જવી. પ્રચુર સ્વસંવેદન આત્માના આનંદનું પ્રચુર-ઘણું વેદન આવવું એનું નામ ચારિત્ર છે. આહા..હા..! એટલે કોઈ કહે કે સમ્યગ્દષ્ટિ ક્ષાયિક છે. આવું ત્રણ જ્ઞાન (હતું છતાં) કેમ ચારિત્ર ન લીધું? સમજાણું? બાપુ! ચારિત્ર કોને કહેવું ઈ તું સમજતો નથી. બહારથી આ વ્રત લઈ લે. મિથ્યાદષ્ટિ હોય ને વ્રત લઈ લ્યે. વ્રત આપો. શેના વ્રત? દૃષ્ટિ તો રાગ ઉપર અને ચૈતન્યના સ્વભાવના અનાદર ઉપર છે. એને વ્રત કેવા? એને ચારિત્ર કેવું? કહેવું નહિ કેવું. કહેવું અને કેવુંમાં ફેર છેને મોટો? આહા..હા..!

અહીં તો કહે છે, ધર્મી જીવ પોતાનો આત્મા રાગના વિકલ્પની ક્રિયાકાંડ વિનાની ચીજ છે ઈ. વ્રતનો વિકલ્પ પણ ઝેર છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! એ પુણ્યભાવ છે, નિશ્ચયથી એ પાપ છે. આહા..હા..! સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિમાંથી ખસીને રાગમાં આવે એ તો પાપ છે. આ પુણ્ય-પાપના અધિકારમાં છેલ્લું લીધું છે જયસેનાચાર્યે. અધિકાર તો પુણ્ય-પાપનો વર્ણવવો છે. આ વળી પાપ ક્યાંથી કીધું વ્યવહારરત્નત્રયને? ૧૫૫થી શરૂ કર્યું છે. વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ અને શાસ્ત્રનું જ્ઞાન વિકલ્પવાળું એ બધું પાપ છે. સંસ્કૃત ટીકામાં છે. જયસેનાચાર્ય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ વાત સાચી. એ આવ્યું તેથી. ભક્તિ છે. એમાં ત્રણ રત્નત્રયનું જોર

છે. એ દુઃખને છેદવાની તો દશા છે. તો એવું વેદન મુખ્ય છે કે રાગનું વેદન મુખ્ય છે? ભાઈ! સાંભળને હવે. એમ કરીને ઓલું શુભરાગ અગ્નિની ભઠ્ઠી છે ઈ એને ઉડાડવું છે. આહા..હા..! આ ભારે કામ આકરું. શુભભાવ એ ભઠ્ઠી કષાય છે. 'રાગ આગ દાહ દહે સદા' છ ઢાળામાં આવે છે. ભાઈ! તને ખબર નથી. શુભરાગ પણ કષાયનો કણ છે. એ અગ્નિ છે. આહા..હા..! આત્માનું શાંતસ્વરૂપ જે સમ્યગ્દર્શન જ્ઞાનમાં ભાસ્યું અને એમાં જે શાંતિ આવી એનાથી વિપરીત કષાયમાં અશાંતિ છે. સમજાણું કાંઈ?

મહાવ્રતના પરિણામને કષાય અગ્નિ કહેવી, એને પાપ કહેવું. રાડ નાખી જાય. એ પુણ્ય-પાપમાં આવી ગયું છે હોં. છેને? આમાં છે. સમયસાર. એ આવી ગયું છે. પુણ્ય-પાપના અધિકારમાં છેલ્લે. કેટલામું છે? પુણ્ય-પાપનું કેટલામું? જુઓ, આવ્યું. મહારાજ! **'व्यवहाररत्नत्रयव्याख्यानं कृतं, तिष्ठति कथं पापाधिकार'** મહારાજ! આ તો વ્યવહાર મોક્ષમાર્ગનો અધિકાર છે. શુભભાવની ક્રિયા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રત એનો અધિકાર આપે તો વર્ણવ્યો. એય..! રતિભાઈ! એ વ્યવહારરત્નત્રય વ્યાખ્યાન. વ્યવહારરત્નત્રય એ શુભરાગ. **'तिष्ठति कथं पापाधिकार'**. એને કેમ પાપ તમે કહો છો? શિષ્યનો પ્રશ્ન છે. સંસ્કૃત છે. **'तत्र परिहारः'** તેનો પરિહાર કરીએ છીએ. સંસ્કૃત આવડે છે ખરું? સંસ્કૃતનો અભ્યાસ કર્યો છે? આ સંસ્કૃત છે. અમે સંસ્કૃતનો અભ્યાસ કર્યો નથી હોં. આ વાંચતા-વાંચતા. વાંચ્યા શ્લોક કરોડો સંસ્કૃતન. પણ વાંચતા-વાંચતા... **'यद्यपि व्यवहारमोक्षमार्गो'** વ્યવહાર મોક્ષમાર્ગ એટલે? શુભભાવ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ વ્યવહારસમકિત રાગ, પંચ મહાવ્રતના પરિણામ એ વ્યવહારચારિત્ર રાગ અને શાસ્ત્રનું જ્ઞાન વિકલ્પવાળું એ વ્યવહારજ્ઞાન. એ વ્યવહારમોક્ષમાર્ગ **'निश्चयरत्नत्रयस्योपादेयभूतस्य'** નિશ્ચયરત્નત્રય સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવું રત્ન એનું **'कारणभूतत्वादुपादेय'** તેનું વ્યવહાર કારણ હોવાથી ઉપાદેય વ્યવહારથી કહેવામાં આવે છે. **'परपरया जीवस्य पवित्राकारणात्वात्'**. નિશ્ચયરત્નત્રય પવિત્ર છે એનો આરોપ દઈને એ પરંપરા પવિત્રતાનું કારણ કહેવામાં આવે છે. **'तथापि बहिर्द्रव्यालंबनत्वेन'** પણ ઈ શુભરાગમાં પરદ્રવ્યનું આલંબન આવે. સ્વદ્રવ્યનું આલંબન નથી એમાં. આહા..હા..! **'पराधीनत्वात्पतति नश्यतीत्येकं कारणम्'** એ કારણે અમે એને પાપ કહ્યું છે. સ્વાધીન આનંદમૂર્તિ ભગવાનમાંથી ખસીને શુભરાગમાં પતીત પડખાય છે. માટે તે શુભરાગ વ્યવહારરત્નત્રયને પાપ કહેવામાં આવે છે. આહા..હા..!

**'निर्विकल्पसमाधिरतानां व्यवहारविकल्पावलंबनेन स्वरूपात्पतितं भवतीति द्वितीयं कारणम्।'** નિર્વિકલ્પ શાંતિ આનંદની અંતર રમણતા એમાંથી ભ્રષ્ટ થઈને વિકલ્પ ઉઠે છે કહે છે. વ્યવહારરત્નત્રયનો, મહાવ્રતનો આદિ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો. એ કારણે **'स्वरूपात्पतितं भवतीति द्वितीयं कारणम्। इति निश्चयनयापेक्षया पापम्। '** સંસ્કૃત

ટીકા છે આ છેલ્લી ગાથાની. નિશ્ચય દૃષ્ટિથી શુભભાવ દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ વિકલ્પ શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ એ પાપ છે. એઈ..! બધા ચિહ્ન કર્યા છે. લાલ-લાલ ચિહ્ન છે. સંસ્કૃતના પ્રોફેસર છે. આહા..હા..!

કહે છે એ '**સ્વરૂપમાં સ્થિર થવાને નિરંતર ઉદ્યમવંત છે—સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા થતાં સુધી...**' અંતરના આનંદસ્વરૂપમાં પૂર્ણાનંદમાં જ્યાં સુધી મશગુલ ન થાય તેનો પુરુષાર્થ કર્યા જ કરે છે, પુરુષાર્થ થયા જ કરે છે. થયા કરે એને કર્યા કરે એમ કહેવામાં આવે છે. અંતર આનંદ તરફનો જુકાવ. આનંદની ખાણ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ. બધી વાતું આવી અંદરની વાત. બહારથી સૂઝ પડે નહિ, અંદરમાં સૂઝ પડે નહિ. આહા..હા..! સૂઝ પડે એવી આ ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે '**સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા થતાં સુધી...**' અંતરમાં વળવાનો પુરુષાર્થ કર્યા જ કરે છે, થયા જ કરે છે. '**જ્યાં સુધી, પુરુષાર્થની અધૂરાશને લીધે,...**' અંતર આનંદના સ્વરૂપનો અનુભવ હોવા છતાં અને એ અતીન્દ્રિય આનંદના તરફનો પ્રયત્ન હોવા છતાં સંપૂર્ણ '**પુરુષાર્થની અધૂરાશને લીધે, શુભાશુભ પરિણામોથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું નથી...**' એ શુભ-અશુભભાવથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું નથી. અરે..! ભાષા તે કઈ આ? સમજાણું કાંઈ?

'**સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા થતાં સુધી તેનો પુરુષાર્થ કર્યા જ કરે છે. જ્યાં સુધી, પુરુષાર્થની અધૂરાશને લીધે,...**' કર્મના નિમિત્તને કારણે કે એમ નહિ. એ ચારિત્રમોહનો ઉદય છે એટલે એની નબળાઈને લઈને રાગ થાય છે એમ નહિ. અહીં આ બાજુનો પુરુષાર્થ નબળો છે, અધૂરો છે. સમજાણું કાંઈ? એ શુભ-અશુભભાવથી છૂટી, પુરુષાર્થની કમીને લઈને સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું નથી. '**ત્યાં સુધી જોકે સ્વરૂપસ્થિરતાનું અંતર્-આલંબન (અંતઃસાધન) તો શુદ્ધ પરિણતિ પોતે જ છે...**' અંતર આનંદસ્વરૂપની મોક્ષમાર્ગની પરિણતિમાં અંતર આલંબન તો શુદ્ધ પરિણતિ પોતે છે. શુદ્ધ પરિણતિનું આલંબન દ્રવ્ય છે, પણ શુદ્ધ પરિણતિ જ પોતે આલંબન છે પોતાને. આ તો એક જયચંદ્ર પંડિતે કર્યું છે. ગૃહસ્થ હતા. અને જયપુરના તમારા પંડિત છે આ.

'**પુરુષાર્થની અધૂરાશને લીધે, શુભાશુભ પરિણામોથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું નથી ત્યાં સુધી જોકે સ્વરૂપસ્થિરતાનું અંતર્-આલંબન (અંતઃસાધન) તો શુદ્ધ પરિણતિ પોતે જ છે...**' પોતે જ પરિણતિ છે. '**તોપણ અંતર્-આલંબન લેનારને જેઓ બાહ્ય આલંબનરૂપ કહેવાય છે...**' બાહ્ય નિમિત્તરૂપે કહેવાય છે. આહા..હા..! '**એવા (શુદ્ધ સ્વરૂપના વિચાર આદિ)...**' શુદ્ધ સ્વરૂપનો 'આ શુદ્ધ છે' એવો વિકલ્પ પણ એવા '**શુભ પરિણામોમાં તે જીવો હેયબુદ્ધિએ પ્રવર્તે છે,...**' એમ છે જુઓ, આહા..હા..! શુભ પરિણામમાં તે હેયબુદ્ધિએ વર્તે છે. શું કહ્યું સમજાણું આમાં? વસ્તુ આત્મા પરમાનંદની

મૂર્તિ પ્રભુ આત્મા એના પ્રયત્નથી જે શુદ્ધ પરિણતિ પ્રગટી શુદ્ધ દશા, એમાં પુરુષાર્થની નબળાઈને કારણે શુભાશુભ પરિણામથી છૂટી સ્વરૂપમાં સ્થિરતા રહેવાને અશક્ય છે. ત્યાં સુધી એને શુદ્ધ સ્વભાવની પરિણતિ તો મુખ્ય આલંબન છે, પણ એને નિમિત્તરૂપે દેવ-ગુરુની શ્રદ્ધા આદિ, પંચ મહાવ્રતના પરિણામ આદિ, શાસ્ત્રનું જ્ઞાન આદિ **'બાહ્ય આલંબનરૂપ કહેવાય છે...'** એ વિકલ્પને બાહ્ય આલંબન કહેવાય છે. નિર્વિકલ્પ પરિણતિને અંતર આલંબન કહેવાય છે. આ એનો લખેલો અર્થ પણ સમજવો કઠણ. શેઠ! કોઈ દિ' વાંચ્યું છે? આ વાંચ્યું પણ નહિ હોય. ક્યાં નવરાશ છે ત્યાં? આહા..હા..! આ અર્થ તો લખ્યો છે, ભાવાર્થ તો છે. ભાવાર્થનો ભાવાર્થ? ભાવાર્થ તો લખ્યો છે. આ દરકાર કે દિ' કરી છે? ચોપડાના નામા કેમ ઉકેલે એમને એમ? આહા..હા..!

મુમુક્ષુ :— રીત કોઈ બતાવી નહિ.

ઉત્તર :— એ રીત કોઈએ બતાવી નથી. ઓલી રીત બતાવી હતી રળવાની. આહા..હા..!

અંતર ત્રણ લોકનો નાથ આનંદસ્વરૂપ પ્રભુ છે. જેમાં અનંતી સિદ્ધની પર્યાયો પણ જેમાં પડી છે અંદર. આહા..હા..! એવો ચૈતન્ય ભગવાન એને અવલંબીને જે શ્રદ્ધા જ્ઞાન અને શાંતિ નિશ્ચય સાચા થયા એ નિશ્ચયથી પરિણતિ એ જ આલંબન છે કહે છે. નિશ્ચયથી એ પરિણતિ આલંબન છે વીતરાગી દશા. પણ જ્યાં સુધી પૂર્ણતા નથી અને અધૂરાશ પુરુષાર્થની છે ત્યાં સુધી તેને બાહ્ય વ્રતાદિના પરિણામનું નિમિત્ત બાહ્ય આલંબન હોય છે. આહા..હા..! હેયબુદ્ધિએ પ્રવર્તે છે. કેમકે એ શુભભાવ પણ દોષ છે. એ બંધભાવ છે, મોક્ષનો માર્ગ નથી. એવા **'પરંતુ શુભ કર્મોને નિરર્થક ગણી...'** શુભભાવને નિરર્થક ગણી **'છોડી દઈને સ્વચ્છંદપણે અશુભ કર્મોમાં પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી.'** સમજાણું કાંઈ? અરે..! કેટલું આમાં! હવે આનો પણ અર્થ કરે ત્યારે સમજાય. અર્થનો અર્થ કર્યો ભાવાર્થ.

મુમુક્ષુ :- ... પાંચ વાર

ઉત્તર :- પાંચ વાર છે. પાઠ. એની છાયા પહેલી લ્યોને છાયા, પછી શબ્દાર્થ, પછી ટીકા, એનો કળશ, એનો અર્થ પાછો. આહા..હા..! પરંતુ ધર્મી જીવ શુદ્ધ પરિણતિમાં આવ્યો છે છતાં શુભને છોડી શક્યો નથી, શુભને છોડીને સ્વરૂપની રમણતા કરવી એ કરી શકતો નથી. પણ એથી શુભને છોડીને અશુભમાં આવે એમ નથી. સમજાણું કાંઈ?

**'નિરર્થક ગણી છોડી દઈને સ્વચ્છંદપણે અશુભ કર્મોમાં...'** કર્મ એટલે ક્રિયા. અશુભ પરિણામરૂપી ક્રિયામાં **'પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી. આવા જીવો—જેઓ એકાંત અભિપ્રાય રહિત છે તેઓ કર્મનો નાશ કરી, સંસારથી નિવૃત્ત થાય છે.'** ઓલા બે ડૂબે છે તો આ નિવૃત્ત થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૧૨

(मंदाक्रान्ता)

भेदोन्मादं भ्रमरसभराताटयत्पीतमोहं
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।।११२।।

इति पुण्यपापरूपेण द्विपात्री भूतमेकपात्रीभूय कर्म निष्क्रान्तम्।

इति श्रीमदमृतचंद्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ पुण्यपापप्ररूपकः तृतीयोऽङ्कः।।

હવે પુણ્ય-પાપ અધિકારને પૂર્ણ કરતાં આચાર્યદેવ જ્ઞાનનો મહિમા કરે છે :—

શ્લોકાર્થ :— [पीतमोहं] જેણે મોહરૂપી મદિરા પીધી હોવાથી [भ्रम-रस-भरात् भेदोन्मादं नाटयत्]જે ભ્રમના રસના ભારથી (અતિશયપણાથી) શુભાશુભ કર્મના ભેદરૂપી ઉન્માદને (ગાંડપણાને) નચાવે છે [तत् सकलम् अपि कर्म] એવા સમસ્ત કર્મને [बलेन] પોતાના બળ વડે [मूलोन्मूलं कृत्वा] મૂળથી ઉખેડી નાખીને [ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे] જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત પ્રગટ થઈ. કેવી છે તે જ્ઞાનજ્યોતિ? [कवलिततमः] જે અજ્ઞાનરૂપી અંધકારને કોળિયો કરી ગઈ છે અર્થાત્ જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે, [हेला-उन्मिलत्] જે લીલામાત્રથી (-સહજ પુરુષાર્થથી) ઊઘડતી-વિકસતી જાય છે અને [परमकलया सार्धम् आरब्धकेलि] જેણે પરમ કળા અર્થાત્ કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે એવી તે જ્ઞાનજ્યોતિ છે. (જ્યાં સુધી સમ્યગ્દષ્ટિ છદ્મસ્થ છે ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા કરે છે, કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ થાય છે.)

ભાવાર્થ :— પોતાને (જ્ઞાનજ્યોતિને) પ્રતિબંધક કર્મ કે જે શુભ અને અશુભ—એવા ભેદરૂપ થઈને નાચતું હતું અને જ્ઞાનને ભુલાવી દેતું હતું તેને પોતાની શક્તિથી ઉખેડી નાખી જ્ઞાનજ્યોતિ સંપૂર્ણ સામર્થ્ય સહિત પ્રકાશિત થઈ. આ જ્ઞાનજ્યોતિ અથવા જ્ઞાનકળા કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે અને કેવળજ્ઞાનના સંપૂર્ણ સ્વરૂપને તે જાણે છે તેમ જ તે તરફ પ્રગતિ કરે છે, તેથી એમ કહ્યું છે કે 'જ્ઞાનજ્યોતિએ કેવળજ્ઞાન સાથે ક્રીડા માંડી છે.'

જ્ઞાનકળા સહજપણે વિકાસ પામતી જાય છે અને છેવટે પરમકળા અર્થાત્ કેવળજ્ઞાન થઈ જાય છે. ૧૧૨.

ટીકા :-- પુણ્યપાપરૂપે બે પાત્રરૂપ થયેલું કર્મ એક પાત્રરૂપ થઈને (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયું.

ભાવાર્થ :-- કર્મ સામાન્યપણે એક જ છે તોપણ તેણે પુણ્યપાપરૂપી બે પાત્રોનો સ્વાંગ ધારણ કરીને રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો. તેને જ્ઞાને યથાર્થપણે એક જાણી લીધું ત્યારે તે એક પાત્રરૂપ થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયું, નૃત્ય કરતું અટકી ગયું.

આશ્રય, કારણ, રૂપ, સવાદસું ભેદ વિચારી ગિને દોઊ ન્યારે,
પુણ્ય રુ પાપ શુભાશુભભાવનિ બંધ ભયે સુખદુઃખકરા રે;
જ્ઞાન ભયે દોઊ એક લખૈ બધુ આશ્રય આદિ સમાન વિચારે,
બંધકે કારણ હૈં દોઊ રૂપ, ઈન્હૈં તજિ જિનમુનિ મોક્ષ પધારે.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં પુણ્ય-પાપનો પ્રરૂપક ત્રીજો અંક સમાપ્ત થયો.

---

**પોષ વદ-૮, શુક્રવાર, તા. ૨૬-૦૧-૧૯૭૩**
**કળશ-૧૧૨, પ્રવચન-૨૯૬**

(मंदाक्रान्ता)

भेदोन्मादं भ्रमरसभराताटयत्पीतमोहं
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।।११२।।

કહે છે કે 'જેણે મોહરૂપી મદિરા પીધી હોવાથી...' એટલે કે જેને મિથ્યાત્વભાવનું જોર છે વિપરીત માન્યતામાં એ મદિરા છે ઈ. શું કરે છે ઈ? '**भ्रम-रस-भरात्**' '**ભ્રમના** રસના ભારથી (અતિશયપણાથી)...' ભ્રમણા જેને થઈ છે કે પુણ્યનો ભાવ અને પાપનો ભાવ બે ભિન્ન-ભિન્ન છે. એમ અજ્ઞાનીને ભ્રમ પડ્યો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા

આનંદ અને જ્ઞાનસ્વરૂપે બિરાજમાન આત્મા છે. એમાં એ પુણ્યની ક્રિયા અને પાપની ક્રિયા હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાનો ભાવ અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ-બેય પુણ્ય અને પાપના ભાવ મિથ્યાદષ્ટિને ભ્રમના કારણે ભિન્ન-ભિન્ન ભાસે છે કે પુણ્યભાવ તે ઠીક છે અને પાપભાવ તે ઠીક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો આત્માના સુધારાની વાત છે. દુનિયા રાડેરાડ પાડે. બહારમાં સુધારો કરો... સુધારો કરો... જે સુધારો કર્યે કાયમ ટકે એનું નામ સુધારો કહેવાય. આહા..હા..! બાપુ! આવો મનુષ્યદેહ મળ્યો એમાં જો આ ન કર્યું, એને સમ્યક્ શ્રદ્ધાનો દોરો જ્ઞાન આત્મામાં ન પરોવ્યો, આરો નહિ આવે. સંસાર જન્મ-મરણનો દરિયો મોટો. ઓહો..હો..!

કહે છે કે જેણે મિથ્યાત્વરૂપી દારૂ પીધો છે. એને મિથ્યાત્વના '**ભ્રમના રસના ભારથી...**' મિથ્યાત્વના જોરના રસની વિશેષતા થઈ છે કહે છે. એથી શું કરે છે? '**भेदोन्मादं नाटयत् तत् सकलम् अपि कर्म**' '**શુભાશુભ કર્મના ભેદરૂપી ઉન્માદને** (ગાંડપણાને) **નચાવે છે...**' આહા..હા..! મિથ્યાત્વનું જેને જોર છે એ પુણ્ય અને પાપના ભેદને નચાવે છે એમ કહે છે. પુણ્ય તે ઠીક છે અને પાપ તે અઠીક છે એમ મિથ્યાદષ્ટિનું જોર મિથ્યાત્વના દારૂ પીધેલાને ભ્રમ થઈ ગયો છે આ, કહે છે. ખરેખર તો એ શુભભાવ અને અશુભભાવ બેય બંધનું કારણ અને ઝેર છે. આહા..હા..! ભારે આકરું! સમજાણું કાંઈ? ચાહે તો પાપનો ભાવ હો, આ તો ચારિત્રદોષના પાપના ભાવની વાત છે હોં! અને ચાહે તો પુણ્યનો ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ હો તપાદિ, બેય એક જ જાતના વિકારી અને બંધના કારણ છે. એમાં મિથ્યાત્વના દારૂ પીધેલાને જેમ મા અને બાયડીનો વિવેક રહેતો નથી. એમ આને પુણ્ય અને પાપ મારાથી ભિન્ન છે, એ મારી ચીજ નથી એમ મિથ્યાત્વના દારૂ પીધેલાને ભ્રમ થઈ જાય છે કે આ મારા છે, પુણ્ય એ મારું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપમાં ભેદ કરે છે અજ્ઞાની એમ કહે છે. છે એક જ બંધનું કારણ. છે?

'**भेदोन्मादं नाटयत्**' પુણ્ય-પાપના ભેદરૂપી ગાંડપણને નચાવે છે વ્યવહાર. આહા..હા..! કહો, મુળચંદભાઈ! આવી વાત આકરી ભારે! આહા..હા..! ભગવાન આત્મા તો એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના, તપાદિનો જે વિકલ્પ છે એનાથી એ ચીજ ભિન્ન અંદર છે. કારણ કે વિકલ્પ છે એ તો આસ્રવ છે, રાગ છે, આત્મા તો આસ્રવતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે. સમજાણું કાંઈ? એવા ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદનું ધામ એનાથી વિરુદ્ધ બેય કર્તવ્યો પુણ્ય અને પાપના એ એક જાતના ચંડાળણીના પુત્ર બે એક જ જાતના છે. આહા..હા..! આકરું ભારે!

મુમુક્ષુ :- બેય સંસારનું કારણ?

ઉત્તર :- બેય સંસારનું કારણ છે. ચાહે તો વ્રતનો વિકલ્પ રાગ હો કે અવ્રતનો. બેય

સંસારનું કારણ છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? પણ મિથ્યાત્વરૂપી દારૂ પીધો છે અનાદિનો. એ સાધુ નામ ધરાવીને પણ એ વ્રતના વિકલ્પ, તપનો વિકલ્પ રાગ એ ઠીક છે અને પાપ એ ઠીક નથી. એમ બેમાં ભેદ પાડે છે અજ્ઞાની. કહો, જેઠાભાઈ! આહા..હા..! કેમકે પુણ્યબંધના કારણમાં શુભભાવ છે, પાપબંધનના કારણમાં અશુભભાવ છે. એમ જાણીને બે ભાવ એક જાતના બંધનું કારણ છે એમ ન જાણતો બે ભાવમાં ભિન્નતા કરે છે. આહા..હા..!

'पीतमोहं' 'भेदोन्मादं नाटयत्' પુણ્ય-પાપના પરિણામમાં ભેદપણે નચાવે છે. પરિણમે છે. શુભભાવ તે ઠીક છે, અશુભભાવ તે ઠીક નથી એમ ભેદ કરીને પરિણમન કરે છે. આહા..હા..! એની મેળાએ આમાં સૂઝ પડે એવું નથી હોં ધીરૂભાઈ! એની મેળાએ આમાં સૂઝ પડે એવું નથી. નામું જોવામાં તો અભ્યાસ હોયને અનાદિનો. આહા..હા..! ભગવાન આત્મા... નવ તત્ત્વ છેને? તો એક જીવતત્ત્વ જુદું, એક પુણ્ય અને પાપના બે ભાવરૂપ આસ્રવતત્ત્વ જુદું, બંધતત્ત્વ એટલે આસ્રવ આત્મા આનંદમૂર્તિ એ વિકલ્પમાં રોકાણો એ ભાવબંધ છે. એ ભાવબંધ અને એ આસ્રવ બે જાત તત્ત્વ ભિન્ન છે. ભગવાન આત્મા આસ્રવથી રહિત છે અને ભાવબંધથી પણ અબંધસ્વરૂપ એનું ભિન્ન છે. સમજાણું કાંઈ?

ભાર ભ્રમના રસનો. આહા..હા..! શું કહે છે? ભ્રમણામાં એકાકાર થઈ ગયો છે, રસ ચડી ગયો છે. એ વ્રત, તપનો વિકલ્પ છે એ વિકલ્પ નહિ એ તો ધર્મ છે. સમજાણું કાંઈ? પંચ મહાવ્રત પાળવા એ સંવર છે, અવ્રત એ આસ્રવ છે. એમ અજ્ઞાની મિથ્યાત્વના જોરે, મિથ્યાત્વનો રસ એકાકાર ત્યાં થઈ ગયો છે કહે છે. એથી એને પુણ્ય-પાપની વૃત્તિઓ બે છે એમ ઈ માને છે. બે નથી, એક જ બંધનું કારણ છે બેય. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'भेदोन्मादं नाटयत्' 'तत् सकलम् अपि कर्म' આહા..હા..! એવા શુભાશુભભાવ. શુભાશુભ કર્મનો ભેદરૂપી ઉન્માદ. એટલે શુભાશુભ પરિણામ એ કર્મ એટલે કાર્ય. એનું ભેદરૂપી ગાંડપણ. પુણ્યભાવ ઠીક છે અને પાપ ઠીક નથી. બે જાત એક જ છે બંધના કારણરૂપે. આહા..હા..! વ્રતના પરિણામ આસ્રવ અને બંધનું કારણ! ગળે ઉતરવું કઠણ. વિકલ્પ ઉઠે છેને ઈ તો આમ કરું, અહિંસા કરું, સત્ય બોલું, શરીરથી બ્રહ્મચર્ય પાળું એ વૃત્તિનો રાગ છે એ તો. આત્મા ક્યાં રાગમાં છે? એ તો જ્ઞાનસ્વરૂપે ચિદાનંદ છે. સમજાણું કાંઈ? એ શુભાશુભ પરિણામના ભેદરૂપી ઘેલછાઈને નચાવે છે. અજ્ઞાની પાગલ થઈ ગયો છે. એ શુભ-અશુભભાવમાં ભેદ કરે છે, પણ બે એક જ જાતના છે એમ અજ્ઞાની માનતો નથી. આહા..હા..!

હવે સમ્યગ્જ્ઞાન થતાં... છે? 'એવા સમસ્ત...' રાગભાવ. કર્મ એટલે રાગભાવ. એને 'પોતાના બળ વડે...' જોયું? એ રાગ છે ઈ પરજાત છે, વિભાવ છે. ખરેખર તો વ્રત અને તપનો વિકલ્પ એ બધો અધર્મ છે. આરે..! રાડ નાખી જાયને. એ બેય અધર્મ છે

પુણ્ય અને પાપના ભાવ. વીતરાગ ધર્મ જે આત્માનો ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવી જે વીતરાગભાવની પર્યાય એનાથી વિરુદ્ધ ભાવ છે ઈ. આકરું ભારે સંપ્રદાયના માણસને. હજારો વર્ષથી પરંપરા માની હોય, એને એમ કહે કે આ વ્રત છે તે અધર્મ છે. હાય..! હાય..! ત્યારે શું અમારે વ્રત છોડી દેવા? ઈ ક્યાં પ્રશ્ન છે? એનું સ્વરૂપ શું છે? દૃષ્ટિ આત્માની કરીને શુભને છોડશે તો શુદ્ધમાં સ્થિર થશે. પણ અહીં તો પહેલી દૃષ્ટિનો વિષય વર્ણવે છે. સમ્યગ્દર્શનનો વિષય એ આત્મા એમાં એ પુણ્ય અને પાપના બેય વિકલ્પ અને રાગનો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એવા સમસ્ત કર્મને...'** એટલે સમસ્ત કાર્યને. પુણ્ય અને પાપના શુભરૂપી કર્મ અથવા શુભરૂપી કાર્ય ક્રિયા, પોતાના બળ વડે—હું એક આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું એવા અંતરના જ્ઞાનના જોર-બળ વડે. હું ચૈતન્ય તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ છું એવી દૃષ્ટિ અને એવા જ્ઞાનના બળે. **'मूलोन्मूलं कृत्वा' 'મૂળથી ઉખેડી નાખીને...'** એ શુભ અને અશુભનું મૂળિયું છોડી દીધું, ઉખાડી નાખ્યું. બેય મારી ચીજ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? **'મૂળથી ઉખેડી નાખીને...'** ગધેડા ખડ ખાય એ મૂળથી ખેંચીને ખાય. એમ જ્ઞાની મૂળથી જ્ઞાનના બળ વડે પુણ્ય અને પાપ બેય એક જાત બંધનું કારણ છે એમ દૃષ્ટિના જોરે તેને એકરૂપ જાણીને છોડી દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ પુણ્ય કરે તો કેટલા મળે લ્યો! આ પૈસા મળે. આ બધા જુઓને શેઠિયાઓ કહેવાય છે આ. ઓલો કહેતું નહોતું? કેશુભાઈ નાગપુરમાં. નાગલપર-નાગલપર. નાગલપર ઓલા વિશાશ્રીમાળી. સલોત-સલોત. અરે..! મહારાજ! તમે આ કરો છો પણ એ પુણ્ય કરશે તો સ્વર્ગમાં સુખ તો ભોગવશે થોડું. એ બધા હીરાજી મહારાજના ગામવાળા. હીરાજી મહારાજ બધું કરતા હોં.

અરે..! ભાઈ! પાપના ભાવ જેમ લોઢાની બેડી છે એમ પુણ્યના ભાવ સોનાની બેડી છે. આહા..હા..! એને જ્યાં સુધી બેને એક જાત જાણીને જ્ઞાનના બળે એનો નિષેધ નહિ કરે ત્યાં સુધી એનું કલ્યાણ નહિ થાય. સમજાણું કાંઈ? આ તો ધીરુના—ધીરજના માર્ગ છે, ભાઈ! ઈ તો આખી દુનિયા કહે છે લ્યો આમ કરો... આમ કરો... અપવાસ કરો, તપસ્યા કરો. તપસ્યાથી નિર્જરા થાય. કઈ તપસ્યા પણ તારી? જેને હજી આત્મા પુણ્ય અને પાપના રાગથી રહિત એવી દૃષ્ટિ અને સમ્યગ્દર્શન નથી તેને સમ્યગ્જ્ઞાન નથી. એને એ બધા અપવાસ આદિના ભાવ તો લાંઘણના ભાવ છે. તપ તો એને કહીએ, પરમેશ્વર અને આત્મા આનંદની દશાથી જેમ સોનાને ગેરુ લગાડતા સોનું શોભે, એમ આનંદથી આત્મા અતીન્દ્રિય આનંદથી શોભે એ દશાને તપ કહેવામાં આવે છે. આહા..હા..! આખી દુનિયાથી વિરુદ્ધ છે આ. સમજાણું કાંઈ?

ત્યારે કહે, ભગવાનનો માર્ગ તો અનેકાંત છે. એટલે શું ભાઈ અનેકાંત એટલે? કે આત્માના

સ્વભાવને આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ થાય એ ધર્મ અને મુક્તિનું કારણ. અને આ વચમાં ભાવ આવે શુભ આદિ એ બંધનું કારણ, એ શુદ્ધનું કારણ નહિ. એનું નામ અનેકાંત છે. ભારે ગોટો સ્યાદ્વાદને નામે. કહો, શેઠ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય છે પણ છે પાપ. 'પાપને પાપ તો સૌ કહે, પણ પુણ્યને અનુભવી જન પાપ કહે છે.' ધર્મી સમ્યગ્દૃષ્ટિ... કહ્યું નહોતું કાલે? પુણ્ય-પાપના છેલ્લા અધિકારમાં. શુભભાવ એ વિકલ્પ એની ખબર નથી. એ શુભ એટલે શું? એ રાગ એટલે શું? એ રાગ ક્યાં આવ્યો? વ્રત પાળવામાં રાગ ક્યાં આવ્યો? ખબર જ નથીને. પાળવું એટલે શું? એ વિકલ્પ ઉઠ્યો કે આ દયા પાળું, અહિંસા કરું એ તો રાગ છે. શુભરાગ છે. છે તો ઝેર. આત્માની શાંતિને લૂંટીને ઊભો થાય છે. આકરી વાત છે. સમજાણું કાંઈ?

કહે છે **'मूलोन्मूलं कृत्वा'** એ પુણ્ય-પાપના ભાવ બેય બંધના કારણ છે. એમ જ્ઞાનના બળે અનુભવ કરીને **'ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे'** ભે છેને ડબલ? **'જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત પ્રગટ થઈ.'** આહા..હા..! કહે છે કે એ પુણ્ય અને પાપના વિકલ્પનો રાગ બધો હું નહિ, મારી ચીજ નહિ. એવી દૃષ્ટિ અંતર્મુખ કરીને ચૈતન્ય જ્યોતિ ભગવાન આત્મા પ્રગટ થયો. હું તો જ્ઞાન અને આનંદ છું. એ શુભ અને અશુભ તો અજ્ઞાન એટલે અચેતન દશા છે એ તો. આહા..હા..! જાત્રા કરવા ગયા હોય, હવે એને એમ કહેવું કે આ શુભભાવ છે, એ પુણ્યબંધનું કારણ છે. અરેરે..! આ ઉતરે શી રીતે? ઝઘડો થયો હતોને ઈ? ધીરૂભાઈ છે કે નહિ? નથી. ધીરૂભાઈના બાપ આવ્યા હતાને. ત્યાં જાત્રા કરીને આવેલા અને અહીં તાકડે વાત નીકળી કે ભાઈ ભગવાનની જાત્રાનો ભાવ પણ શુભ છે. તંબોળી-તંબોળી. ધીરૂભાઈ. કેવા? ફૂલચંદભાઈ! આહા..હા..! અરે..! પણ એ તો પરદ્રવ્ય ઉપર લક્ષ છે એ તો રાગ જ છે. આ દયા પાળવાનો ભાવ પર ઉપર લક્ષ છે એ રાગ છે. આહા..હા..! જૂઠું ન બોલું અને સત્ય બોલું એ પણ પરલક્ષી રાગ છે. ચોરી ન કરું એ પણ પરલક્ષી રાગ છે, શરીરથી બ્રહ્મચર્ય પાળું એ પણ વૃત્તિ શુભરાગ છે. આહા..હા..! અને પરિગ્રહ ન રાખું એવો જે ભાવ એ પણ એક શુભવિકલ્પ છે. આહા..હા..! વીતરાગ માર્ગમાં વીતરાગતા શું છે એની એને ખબર નથી.

કહે છે, ધર્મી જીવ **'मूलोन्मूलं कृत्वा'** **'મૂળથી ઉખેડી નાખીને...'** ફેરફાર આખો. હું તો ચૈતન્ય આનંદનો નાથ. આહા..હા..! જ્ઞાનસ્વભાવી વસ્તુ છું એવી અંતર્મુખ દૃષ્ટિ કરીને જ્ઞાનના અંતરબળ વડે **'મૂળથી ઉખેડી નાખીને...'** એ વિકલ્પમાત્ર મારી ચીજ નથી. એમ ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વભાવને આશ્રયે દૃષ્ટિ થતાં એ **'જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત પ્રગટ થઈ.'** બળ સહિત પ્રગટ થઈ. ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ થતાં જે જ્ઞાન ઉત્પન્ન

થયું એ બળસહિત ઉત્પન્ન થયું. પોતાના પુરુષાર્થના બળથી જ્ઞાન પ્રગટ થયું અંદર. એ ભણતરનું જ્ઞાન એ નહિ હોં આ. આહા..હા..! એ જ્ઞાન કેવું? આ શાસ્ત્રનું ભણવું એ જ્ઞાન નહિ. જ્ઞાન તો ચૈતન્ય અંદર જાગૃત જ્યોતથી ભરેલો ભગવાન એમાં દૃષ્ટિ પડતાં સમ્યગ્દર્શન થતાં એ જ્ઞાનમાંથી સમ્યગ્જ્ઞાનનો અંકુર આવે એને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે. આ બધા ભણ્યા હોય થોકડા ને ફલાણું, ઢીંકણુ મોટા એ જ્ઞાન નહિ. આ શાસ્ત્રનું વાંચીને જ્ઞાન થાય એ જ્ઞાન પણ નહિ. કહો, પંડિતજી! આહા..હા..!

મુમુક્ષુ :- કોનું અવલંબન લેવું?

ઉત્તર :- અવલંબન આત્માનું. છે કે નહિ આત્મા અંદર? ચીજ છે કે નહિ? એનું અવલંબન લેવું. આહા..હા..! એ તો નબળાઈ હોય ત્યારે શુભભાવ આવે. ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન નિમિત્તથી કહેવાય, પણ છે પુણ્યબંધનું કારણ એ. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! આવી વાત! હજી બિચારા કાંઈ એકડા શીખ્યા ન હોય, અભ્યાસ કાંઈ નહિ. ધીરૂભાઈ! બાપુ! હવે ક્યારે કરશે ત્યારે? અરે..! આવા ટાણા ચાલ્યા જાય છે. દેહની પૂરી સ્થિતિ થવાને કાળ એની સન્મુખ જાય છે. જે મુદ્દત છે એમાંથી ઘટતું જાય છે. એમાં મુદ્દત એક સમય વધશે નહિ. આહા..હા..! આ દેહ અને આત્મા જુદાં. વસ્તુએ તો જુદા છે પણ ક્ષેત્રથી જુદા પડે આમ જ્યાં... હાય..! હાય..! મરી ગયા કહે છે. કોણ મરે? જીવ મરે? શરીર મરે? મરે કોણ? પર્યાય બદલી ગઈ. ઉપડો. બીજે ભવે નાખો પડાવ, તંબુ. ભાન તો આત્માનું હોય નહિ, પુણ્ય-પાપમાં રોકાઈ ગયેલો હોય, એમાં મિથ્યાત્વના ભ્રમથી કોઈ રાગની મંદતા હોય પુણ્યથી વળી સ્વર્ગમાં સારા બળદ થાય. બળદ-બળદ સારા થાય. અમેરિકાના બળદ જોયા છે? લાખો રૂપિયાની કિંમત. ઘોડા થાય ઓલા રેસકોર્સ નથી? રાજકોટમાં છે. લાખ-લાખ, સવા-સવા લાખ. શું કીધું ઈ?

મુમુક્ષુ :- રેસકોર્સ.

ઉત્તર :- હા, રેસકોર્સ. આવા થાય કોઈ મિથ્યાદૃષ્ટિ છે અને કોઈ રાગની મંદતા થઈ હોય તો એને લઈને કોઈ પુણ્ય બાંધે તો આવા ઢોર અને પશુ, ઘોડા અને સિંહ થાય. ત્યાંથી મરીને પછી જાય નીચે નરકે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલામાં તો કહ્યું છેને પરમાત્મપ્રકાશમાં? કે પુણ્યને લઈને પુણ્યભાવ કરે તો વૈભવ મળે. આ બહારના ધૂળના બંગલા. આહા..હા..! ફર્નિચર, માથે પંખા ફરે, ખુરશી નાખે, દસ-વીસ માણસ ભેગા થઈને બેસે એવું હોયને ટેબલ મોટું. એના ઉપર લૂગડું મૂક્યું (હોય), ચીતરામણ સિંહના પાથરેલું હોય. એમાં કાચના પ્યાલા ઉંચા હોય અને એમાં જુઓ એ કોફી પીરસતા હોય. એની સાથે પતરવેલીયા થોડા મૂક્યા હોય. પતરવેલીયા સમજો છો? પતરવેલીયા શું? એ પત્તા હોય છેને? શું નામ એનું? અળવીના પાન લાંબા હોય છેને? અળવીના પાન

લાંબા હોય છે કે નહિ? પછી એમાં ચણાનો લોટ અને .. કરીને પાથરે. ચણા સમજ્યા? ચણા. બેસન. પછી વાટા કરે લાટા. વાટા કરીને, કટકા કરીને પછી.. એને પતરવેલીયા કહે છે.

મુમુક્ષુ :- કેવી મજા આવે!

ઉત્તર :- બસ, ઈ જ કહે છે કેવી મજા આવે ઝેરની? દારૂ પીધા છે મિથ્યાત્વના કહે છે. આહા..હા..! એય..! દરબાર! જુઓને! આવું શરીર કેવું મોટું! બે જણાને બેસાડે એટલી જગ્યા જોવે એને. ઉપાડવું પડે આમ. આહા..હા..! એમાં માને કે અમે સુખી છીએ. એ મિથ્યાત્વના ભ્રમના જોરે. કોઈ રાગની મંદતા પૂર્વે થઈ હોય તો પુણ્ય થાય. એકેન્દ્રિયમાં પુણ્ય થાય છે. નિગોદના જીવ છેને અત્યાર સુધી કોઈ દિ' ઈયળ થયા નથી. માણસ તો ક્યાંથી થાય? એવા અનંતા જીવ પડ્યા છે અનાદિના નિગોદમાં. એને એ ક્ષણે-ક્ષણે પુણ્ય અને પાપ, પુણ્ય અને પાપ થયા જ કરે છે. શુભ-અશુભ... શુભ-અશુભભાવ સદાય થયા કરે. એમ ભગવાનની વાણીમાં કર્મનો અધિકાર વર્ણવતા એમ આવ્યું છે. ઈ નવી ચીજ શું છે? આહા..હા..! ધર્મી જીવ એ પુણ્ય અને પાપના બે ભાવ માનનારો મિથ્યાદૃષ્ટિ એને આ જ્ઞાનના બળે અંતરના બેનું એકપણું જ બંધનું કારણ છે એમ દૃષ્ટિમાંથી એને ઉખેડી નાખીને, જ્ઞાનના બળ વડે કરીને પુરુષાર્થની જાગૃતિ કરીને એનો જ્ઞાતા થઈ જાય છે. આહા..હા..!

'**ज्ञानज्योतिः भरेण**' જ્ઞાનની જ્યોતિનું અત્યંત જોર થયું અંદર. ચૈતન્યપ્રકાશમાં અંતર દૃષ્ટિ પડતા ચૈતન્યના તેજ જેના પ્રગટ્યા અંદરથી, એના બળ વડે '**સામર્થ્ય સહિત પ્રગટ થઈ.**' પોતાના આનંદ અને જ્ઞાનના બળ વડે પ્રગટ થઈ. એ દુઃખ હતું એ રાગનો ભાગ એ ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધ અચેતન. કારણ કે પુણ્યભાવમાં કાંઈ જ્ઞાનનો અંશ નથી. એ તો વિકાર છે. આહા..હા..! એ પ્રગટ થઈ.

'**કેવી છે તે જ્ઞાનજ્યોતિ?**' '**कवलिततमः**' આહા..હા..! જ્ઞાનસ્વરૂપી પ્રભુ આત્મા ચૈતન્યના તેજથી ભરેલો, જેને તેજ ઉપર દૃષ્ટિ પડતાં '**અજ્ઞાનરૂપી અંધકારને કોળિયો કરી ગઈ છે...**' '**कवलिततमः**' તમ એટલે અજ્ઞાન. એ પુણ્ય-પાપ એ મારા, મને લાભ થાય એવું જે અજ્ઞાન. એને સમ્યગ્જ્ઞાનની દૃષ્ટિ થતાં અજ્ઞાનને કોળિયો કરી ગઈ. '**कवलिततमः**' આહા..હા..! '**કોળિયો કરી ગઈ છે અર્થાત્ જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે,...**' આહા..! હજી એની રીતની ખબર ન મળે, એની વિધિની ખબર ન મળે એ કે દિ' કોળિયો કરે? આહા..હા..!

ચૈતન્યનો નાથ ભગવાન આત્મા એ રાગનો નાથ આત્મા નહિ. આહા..હા..! એવા ચૈતન્યસ્વરૂપી ભગવાન એનો આશ્રય લઈને થતી દૃષ્ટિ, એના આશ્રયથી થતું જ્ઞાન, એ જ્ઞાનના જોરમાં અજ્ઞાનને તો એણે કોળિયો કરી ગયું છે. અજ્ઞાનનો તો એણે નાશ કરી નાખ્યો. કહો, સમજાણું કાંઈ? એ આ ચોથા ગુણસ્થાનની વાત છે. આહા..હા..! સમ્યગ્દર્શન. એ

પૂર્ણ આનંદમૂર્તિ પ્રભુ એની સન્મુખ થઈને એના અનુભવમાં પ્રતીત કરતાં જે જ્ઞાન નિર્મળ થયું એણે અજ્ઞાનને તો નાશ કરી નાખ્યું. સમકિતે મિથ્યાત્વનો નાશ કર્યો, સમ્યગ્જ્ઞાને અજ્ઞાનનો પર ઉપરનું લક્ષવાળું જ્ઞાન માનતો એનો નાશ કરી નાખ્યો. આહા..હા..! 'કોળિયો કરી ગઈ છે...'

**'हेला-उन्मिलत्'** **'જે લીલામાત્રથી (-સહજ પુરુષાર્થથી) ઊઘડતી-વિકસતી જાય છે...'** આહા..હા..! કહે છે કે જેણે અંતર સમ્યગ્દર્શન પ્રગટ કર્યું અંતર સ્વભાવને આશ્રયે અનુભવ કરીને એની જ્ઞાનજ્યોતિ સહજપણે વિકસતી **'લીલામાત્રથી (-સહજ પુરુષાર્થથી) ઊઘડતી-વિકસતી જાય છે...'** એ જ્ઞાનની કળા બીજ ઉગી એ ત્રીજ, ચોથ, પાંચમ, છઠ, સાતમ, આઠમ વધતી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? શ્લોકો પણ **'हेला-उन्मिलत्'** આનંદથી **'લીલામાત્રથી...'** એને શાસ્ત્રના ભણવાથી આ પ્રગટ થાય છે એમ નહિ. આહા..હા..! જ્ઞાનનો દરિયો અપરિમિત સ્વભાવથી ભરેલો. એની અંતરમાં દૃષ્ટિ પડતા જ્ઞાન અને સ્વભાવથી ઉઘડતું જાય છે. પર્યાયમાં એ દરિયામાં જ્ઞાનની ભરતી આવે જાય છે. સમજાણું કાંઈ?

**'हेला-उन्मिलत्'** **'લીલામાત્રથી (-સહજ પુરુષાર્થથી) ઊઘડતી-વિકસતી જાય છે...'** **'परमकलया सार्धम् आरब्धकेलि'** પરમકળા નામ કેવળજ્ઞાન. લ્યો આવ્યું જુઓ. એ કેવળજ્ઞાન સાથે ક્રિડા શરૂ કરી છે. જેને અંતરના જ્ઞાનમાં ભાન થઈને પુણ્ય-પાપના ભાવ બે એક જાતના છેદવાલાયક છે એવી દૃષ્ટિ અને જ્ઞાન થયું એ મતિ અને શ્રુતજ્ઞાન સમ્યક્ ચૈતન્યને પકડતું એ કેવળજ્ઞાન સાથે કેલી કરે છે. એ કેવળજ્ઞાનને અલ્પકાળમાં લાવશે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મતિ અને શ્રુતજ્ઞાન જે પુણ્ય-પાપના બે ભાવ બંધ કારણ છે અને મારો સ્વભાવ અબંધ છે એવી દૃષ્ટિ થઈને જે જ્ઞાન થયું એ જ્ઞાન બીજ ઉગી એ કેવળજ્ઞાન પૂર્ણ પુનમને લાવવા માટે બીજ ઉગી છે. એ બીજ હવે પાછી ફરે એવી નથી. એમ કહે છે જુઓ, આ બહારના જાણપણા એ તો બધા ઈન્દ્રિયજ્ઞાનથી થયેલું જ્ઞાન નાશ પામી જશે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શ્રવણ અને ઈન્દ્રિયથી થતું જ્ઞાન એ જ્ઞાન સમ્યક્ નહિ.

એ ચૈતન્યસ્વભાવ ભગવાન આત્મા એને આશ્રયે થતી દૃષ્ટિ અને એને આશ્રયે થતું જ્ઞાન. એ જ્ઞાનની કળા **'परमकलया सार्धम्'** **'કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે...'** પૂર્ણ કેવળજ્ઞાનને લાવવા પુરુષાર્થ કરી રહી છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને પુણ્ય અને શુભભાવને ભલો માનનારા મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અજ્ઞાનપણે પરિણમી ગયું છે. એને તો નિગોદની દશા લાવવાની તૈયારીવાળા છે ઈ. સમજાણું કાંઈ? અને આ કેવળજ્ઞાનની કળાને લાવવાની તૈયારીવાળા છે એમ કહે છે. બેનો દૃષ્ટિ ફેર છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો? કાંઈક ભક્તિ કરવી, પૂજા કરવી, દાન કરવા, દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા

લ્યો! એક અઠમ કરે અને પછી સવારે પોરસી કરે તો પચ્ચીસ અપવાસનું પુણ્ય.

મુમુક્ષુ :- પુણ્ય થયુંને.

ઉત્તર :- પુણ્યના પણ ક્યાં ઠેકાણા છે? જ્યાં દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..! સમકિતીને જે પુણ્ય બંધાય એવા પુણ્ય એને હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત વ્રતધારી અને ક્રિયાકાંડીઓ છેને એને આકરું લાગે છે. કારણ કે વ્રતધારી બિચારા મુંડાવીને બેઠા, લોચ કરીએ. ઘેટા પણ કરાવે છ મહિને લોચ.

મુમુક્ષુ :- એ તો એના પ્રકારમાં ફેર.

ઉત્તર :- પ્રકારમાં ફેર. ચામડામાંથી કાઢ્યા. દૃષ્ટિ તો ત્યાં પડી છે અજ્ઞાનમાં. આહા..હા..! એથી બિચારા વ્રતધારીઓ રાડ પાડે છે. કાઢો હવે કાઢો આને. પરિષદે તૈયાર થઈ અને કાનજીસ્વામીનું જે ચાલે છે એને તોડી નાખો. કોણ તોડે અને કોણ જોડે? આહા..હા..! એમાં લખ્યું છે કોઈએ સાંભળ્યું નહિ કોઈએ. ધ્યાન જ કોઈએ આપ્યું નહિ. આહા..હા..! જૈનસંદેશમાં છે. જૈનસંદેશ આવ્યું હતુંને. અરે..! ભાઈ! તારા ઉધારના રસ્તા છે ભાઈ! આહા..હા..! પુણ્યભાવને ભલો માની મિથ્યાત્વથી ઘેલો-ગાંડો થઈ ગયો છે. ગાંડાનું શું ઠેકાણું? બાયડીના લૂગડા એની માએ પહેર્યા હોય તો એને પણ બાયડી કહી દે.

મુમુક્ષુ :- ન પહેર્યા હોય તો પણ કહી દે.

ઉત્તર :- ન પહેર્યા હોય તો બાયડી દેખીને કહે.. અમારે બોટાદમાં થયું છે એવું. નહોતું કહ્યું એક ફેરી? મોઢ હતા મોઢ. આ મોઢ વાણિયા. એ જુનીનો દીકરો. એની બાપ નવી પરણેલો નવી બીજી બાઈ. એની વહુ છે એ ન્હાવા ગયેલા. ન્હાવા, લૂગડા ધોવા. અને એની વહુના લૂગડા એની નવી મા એ પહેરીને સૂતા હતા. સમજાય છે ભાષા? વહુના લૂગડા હતા તો ઓલા લૂગડા ધોવા ગયેલાને. એટલે .. નવી સાસુ. એણે લૂગડા પહેરેલા અને સૂતેલા અને આને વાસના થઈ વિષયની. એટલે આ જાણે કે વહુ સૂતા છે. ઠેબુ માર્યું. એટલે ઓલી જાણી ગઈ. ભાઈ! વહુ ધોવા ગયા છે. ઓલી સમજી ગઈ. ભાઈ! વહુ ધોવા ગયા છે. આહા..હા..! એય..! આવું થાય છે લ્યો! સજ્જનને માણસને તો અરેરે..! હાય..! હાય..! મારી મા છેને. નવી મા પણ મા છેને. આહા..હા..! એકદમ વયો ગયો. સમજાણું કાંઈ? એમ પાપ અને પુણ્ય બેય વ્યભિચાર છે. એ પુણ્યના લૂગડા પહેર્યા સારા માનીને, એની સાથે વ્યભિચાર કરવા (કે) મારા (એ) મિથ્યાત્વનું જોર છે. પુણ્યભાવને વ્યભિચાર કહ્યો છે નિર્જરા અધિકારમાં ૨૦૩ ગાથા.

એક ચૈતન્યના નિમિત્તના લક્ષે ઉત્પન્ન થયેલો સંયોગીભાવ એ વ્યભિચાર છે. આત્માને આશ્રયે અવલંબીને દર્શન, જ્ઞાન અને આનંદની દશા થાય એ અવ્યભિચારી પરિણામ છે. એ પરિણામ તે સુખનું કારણ અને મોક્ષનું કારણ છે. આહા..હા..! ભારે આવી વાત કહે

મારા!

કહે છે એ '**परमकलया**' '**સાથે ક્રીડા શરૂ કરી છે...**' આહા..હા..! '**એવી તે જ્ઞાનજ્યોતિ છે.**' એટલે? અંતરના સ્વભાવ સન્મુખ થતા જ્ઞાનની દશા અંતર્મુખ થવાના પ્રયત્નમાં છે ઈ. બહિર્મુખથી હઠીને અંતરમાં પ્રયત્નવાન છે. એ અંતરમાં પ્રયત્નવાન છે એને કેવળજ્ઞાન થયા વિના છૂટકો નથી. આહા..હા..! ધવલમાં તો એમ પણ કહ્યું છે કે જે પુણ્ય અને પાપના વિકલ્પો તે બંધનું કારણ ને દુઃખ ને ઝેર છે. એવો જે આત્મા અંદરમાં આત્માની જાગૃત કળા પ્રગટ કરીને જેણે મતિ અને શ્રુતજ્ઞાન સમ્યક્ ચૈતન્યના અવલંબે પ્રગટ કર્યું એ કેવળજ્ઞાનને બોલાવે છે. એવો પાઠ છે. કેવળજ્ઞાનને બોલાવે છે કે આવો... આવો... લાવો..નજીક આવો... નજીક આવો... આહા..હા..! કહો, મુળચંદભાઈ! આવી વાતું છે આ. આ ભારે! શું કહ્યું? શેઠ!

મુમુક્ષુ :- કેવળજ્ઞાનને બોલાવે છે.

ઉત્તર :- બોલાવે છે. કોણ? ભાષા કરી ઓલી સાંભળી ઈ. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જે આત્માને આશ્રયે થયું એ જ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. બીજ થઈ એ પૂનમ થયા વિના છૂટકો નથી. એમ મતિજ્ઞાન સમ્યક્ ચૈતન્યના અવલંબે થયું, આત્માની શાંતિ અને આનંદ સાથે લેતું મતિજ્ઞાન આવ્યું એ જ્ઞાને કેવળજ્ઞાન સાથે ક્રિડા માંડી છે. રમતું તેની કેવળજ્ઞાન સામે છે. રાગ સાથે જેની રમતું છૂટી ગઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વિકલ્પની સાથે રમત જેની છૂટી ગઈ એમ કહે છે, ભાઈ! હવે રમત માંડી છે કેવળજ્ઞાન પૂરું લેવામાં રમત માંડી છે. આહા..હા..! આચાર્યોની વાણીમાં જોર તો કેટલું! જુઓ તો ખરા.

પાંચમે આરે કેવળજ્ઞાન નથીને? હવે સાંભળને. એ અંદરમાં ભગવાન પડ્યો એમાં અનંતા કેવળજ્ઞાનની પર્યાયું પડી છે અંદરમાં. આહા..હા..! એને જેણે કબજે કર્યું સમ્યગ્દર્શન દ્વારા નિધાનને એમાંથી પર્યાય આવ્યા વિના છૂટકો નથી હવે. સમજાણું કાંઈ? આ ભવે નહિ તો ઓલે ભવે, પણ ઈ આવ્યે છૂટકો છે એને. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે પણ આ છેલ્લો કળશ મૂક્યો છેને. કહે છે કે રાગની રમતું જેને ધર્મીને છૂટી ગઈ છે. જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે એને જાણે. સમજાણું કાંઈ? પણ ધર્મીની રમતું તો ચૈતન્યના સ્વભાવ સન્મુખ થઈ ગઈ છે. આતમરામ એની અંતરની દશામાં રમતે ચડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત તો કો'ક દિ' આવે એટલે આ શું હશે આ તે? પણ આ તો હજી સમ્યગ્દર્શન પહેલાની વાતું છે આ. સમજાણું કાંઈ?

'**એવી તે જ્ઞાનજ્યોતિ છે. (જ્યાં સુધી સમ્યગ્દષ્ટિ છદ્મસ્થ છે...**' છદ્મસ્થ નામ પૂર્ણ જ્ઞાન થયું નથી. '**ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ**

ક્રીડા કરે છે,...' પ્રત્યક્ષ તો થયું નથી, પણ આ કેવળજ્ઞાન એક સમયની પૂરી દશા એવી હોય એવું એને મતિજ્ઞાનમાં ભાનમાં છે અને મતિજ્ઞાનનો અંશ એ કેવળજ્ઞાનનો જ એક અવયવ છે. લ્યો! જયધવલ આવ્યું. સમજાણું કાંઈ? એ સમ્યક્ મતિ શ્રુતજ્ઞાન ચૈતન્યમાં આનંદકંદ પ્રભુ એને અવલંબે થયેલું. એ કેવળજ્ઞાન અવયવી છે આખું, ત્યારે આ એક એનો અવયવ છે. એ અવયવ પૂર્ણ અવયવીને પ્રાપ્ત કરવા જેણે આત્મા સાથે રમતું માંડી છે. આહા..હા..! ધર્મીની રમતું રાગ સાથે છૂટી ગઈ છે. સમજાણું કાંઈ? હોય છે, પણ એમાં એકાગ્રતા છૂટી ગઈ છે દૃષ્ટિની અપેક્ષાએ. અસ્થિરતાની અપેક્ષાએ એમાં એકાગ્રતા છે. એ સ્વભાવની સ્થિરતા કરી એનો નાશ થઈ જશે. આહા..હા..! 'રણે ચડ્યા રજપુત છૂપે નહિ' આવે છેને? 'ચંચળ નારી કો નેણ છૂપે નહિ, રણે ચડ્યા રજપુત છૂપે નહિ, દાતા છૂપે નહિ ઘેર માગણ આયા, ચંદ્ર છૂપે નહિ બાદલ છાયા' ભલે છાયા આવી જાય, પણ આ ચંદ્ર છે એ અજવાળા કાંઈ જાતા હશે અંદર? એમ 'ચંચળ નારીનો નેણ છૂપે નહિ.'

મુમુક્ષુ :- ઘુંઘટ કે પટ કોટ લગાયે.

ઉત્તર :- આ બીજી વાત છે હજી. 'ભાગ્ય છૂપે નહિ ભભુત લગાયા.' ત્યાગી થઈ જાય, મુનિ થઈ જાય, પણ એ પુણ્યવંત છે એ ખસી જાય? સમજાણું કાંઈ? એમ 'રણે ચડ્યો રજપૂત છૂપે નહિ.' એ વાણિયાની જેમ વેવલો ન હોય ઈ. એય..! હા એ બન્યું હતું ત્યાં આપણે નહિ? લીંબડીમાં. ઓલું જંબુ ગામ છે કેવું નહિ જોડે? જામુ-જામુ. એ ગીરધરભાઈ કહેતા. ગીરધર વોરો હતોને? બોટાદના. એ કાંઈક જાન જોડીને ગયા. જામુથી કાંઈક જાવું હશે. એમાં આ બધા વાણિયા ઘણા સાથે. એક રજપુતને લીધો ગામમાંથી સાથે. ખબર કે કદાચિત્ કોઈ ડાકુ આવે અને .. આવે તો આપણે વાણિયા તો બધા વેવલા. એં.. એં.. કરે. રજપુતને એક લીધો. હતો સાધારણ રજપુત. રજપુત સમજ્યા? ગરાસિયા સાધારણ. એમાં આગળ જ્યાં ગયા ત્યાં ડાકુ આવ્યા. ઓલો રજપુત કહે કે હું વાણિયો નથી. એ વાણિયાની જાન છે, હું રજપુત છું. હાથ લગાવશો નહિ એના ઉપર. હું જીવતો હઈશ ત્યાં સુધી હાથ લગાવા નહિ દઉં અહીંયાં. ભાગી ગયા. જાન બચી ગઈ. આહા..હા..! વીશાશ્રીમાળીની જાન હતી. આહા..હા..!

એમ આત્મા આતમરામ રાજવી જ્યાં જાગ્યો અંદરથી... આતમરાજ છેને ઈ? જીવરાજ કહ્યો છેને એને? જીવરાજ. ચૈતન્ય સ્વરૂપનો રાજવી ભગવાન આત્મા એ જાગ્યો, કર્મના હવે .. થાય એ નહિ થાય હવે. અમે આત્માને વશ પડેલા, કર્મને વશ હવે નહિ થઈએ. સમજાણું કાંઈ? થોડો અસ્થિરતાનો અંશ છે એને કેવળજ્ઞાનની ક્રિયા કરતાં ટાળીને કેવળ લેશું. આહા..હા..! આનું નામ ધર્મ છે. એં... એં... ત્યાં વેવલાની કથા કરે આ કરું ને આ કરું. પડિક્કમણા કર્યા, સામાયિક કરું અને પોષા કર્યા. ધૂળેય કર્યા નથી, સાંભળને. સામાયિક

કોને કહેવી એની તો તને ખબર નથી.

આનંદમૂર્તિ ભગવાન આત્મા અંદર જાગીને સમતા, સમ-સમતા, પુણ્ય-પાપના વિકલ્પ વિનાની સમતા પ્રગટ કરે, વીતરાગી ભાવ પ્રગટ કરે એને પરમાત્મા સામાયિક કહે છે. સમજાણું કાંઈ? આ પોષા કર્યા આઠમના અને પુનમના. બહુ કરતા અમારે ત્યાં લાઠીમાં. વીરચંદભાઈ નહોતા આવ્યા લાઠીવાળા? એના બાપ હતા. એ બહુ પોષા કરે ત્યાં. પુનમને આઠમ. મહિનામાં આઠ. ચાર અપવાસ. ૭૧ની વાત છે. ૭૪માં ગુજરી ગયા. પોષા કરે તો એમ જાણે કે આહા..હા..! અરે..! પ્રૌષધ કોને કહેવા એની ખબરું ન મળે. એ પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત ચિદાનંદમૂર્તિનું ભાન થઈ અને એમાં એકાગ્રતાનું પોષણ આત્માનું કરે એને પોષા કહેવામાં આવે છે. આ તો બધા લાંઘણુંમાં જાય છે. ત્રાગા કર્યા છે એણે તો. એય..! જેઠાભાઈ! તમારા ઉપધાન. શ્વેતાંબરમાં ઉપધાન હોય છેને દોઢ-દોઢ મહિનાના. ૪૫ દિ'ના. એય..! વિમલભાઈ! હોઈ છે કે નહિ? એક ટંક ખાય હરખાઈનું પેટ ભરીને અને અપવાસ કર્યા છે. ધૂડેય નથી સાંભળને. આહા..હા..! અપવાસ છે. અપ નામ માઠા વાસ છે. ઉપવાસ નહિ. ઉપવાસ તો આત્મા આનંદમૂર્તિ પુણ્ય અને પાપના રાગરહિત એના દૃષ્ટિમાં રહીને સ્થિરતા કરે એને ઉપવાસ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, શુકલદાસજી! બહુ ફેર પણ. વાતે વાતે ફેર.

મુમુક્ષુ :- ઉગમણો-આથમણો.

ઉત્તર :- ઉગમણો-આથમણો ફેર. 'આનંદ કહે પરમાનંદા વાતે વાતે ફેર. આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબાના તેર' એમ ભગવાન કહે છે કે તારે ને મારે વાતે વાતે ફેર છે. તું જે માનીને બેઠો એનાથી અમારો માર્ગ જુદી જાતનો છે. એય..! ગીરધરભાઈ! આહા..હા..! જુઓને, ક્યાં નાખી છે વાત. આહા..હા..! જેણે શુભ અને અશુભ વિકલ્પો જ્ઞાનબળે, આત્મબળે, સમ્યગ્દર્શન બળે છેદીને જેણે આત્માને ભિન્ન કર્યો એ ભિન્ન કરતાં-કરતાં, ભેદજ્ઞાન પાડતા... પાડતા... પાડતા... કેવળજ્ઞાન લેવાના છે. આહા..હા..! છેલ્લે આ પુણ્ય-પાપના અધિકારની ગાથા. આહા..હા..! છેલ્લો સરવાળો આ આવે. પુણ્ય-પાપને ભિન્ન જાણીને બેય બંધના કારણ જાણીને એક જ જાત બંધની છે એ. એમ જેણે આત્મદૃષ્ટિ અને આત્મદર્શન પ્રગટ કર્યું એનું આત્મજ્ઞાન બળ, રાગ પડ્યો છે એનાથી પણ ભેદ કરતાં-કરતાં ચારિત્ર અને ચારિત્ર કરતાં-કરતાં કેવળજ્ઞાન લેવાના છે. એનું ફળ બતાવ્યું.

**'કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ થાય છે.)'** લ્યો! **'શુદ્ધનયના બળથી...'** સમજાય છે? શુદ્ધનય એ તો પૂર્ણ પ્રાપ્તિ થવી. શુદ્ધનયનો વિષય તો દ્રવ્ય છે, પણ એને આશ્રયે થતી કેવળજ્ઞાનની પૂર્ણ દશાને પણ અહીં શુદ્ધનય કહેવામાં આવે છે. **'કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા કરે છે,...'** આહા..હા..!

'**ભાવાર્થ :— પોતાને (જ્ઞાનજ્યોતિને) પ્રતિબંધક કર્મ કે જે શુભ અને અશુભ--એવા ભેદરૂપ થઈને નાચતું હતું...**' આનંદમૂર્તિ ભગવાન આત્મા જ્ઞાનનો સૂર્ય પ્રભુ એ તો જ્ઞાનના સૂર્યનું તેજ છે ચૈતન્ય. એવા તેજને પ્રતિબંધ કરનારું કર્મ એટલે શુભ-અશુભ પરિણામ. '**એવા ભેદરૂપ થઈને નાચતું હતું...**' બે છે જાત એમ કરીને પરિણમતું હતું મિથ્યાત્વરૂપે. '**અને જ્ઞાનને ભુલાવી દેતું હતું...**' શુભભાવ સારો છે અને અશુભભાવ ખરાબ છે એવી દૃષ્ટિ આત્માને ભુલાવી દેતી હતી. કહો, સમજાણું કાંઈ? '**તેને પોતાની શક્તિથી ઉખેડી નાખી જ્ઞાનજ્યોતિ સંપૂર્ણ સામર્થ્ય સહિત પ્રકાશિત થઈ.**' એ આત્માનું જ્ઞાન, ચૈતન્યની શ્રદ્ધાસહિત સમ્યગ્જ્ઞાન જે થયું એ સંપૂર્ણ સામર્થ્ય સહિત પ્રકાશે છે. પૂર્ણ આત્માનું બળ લઈને પ્રગટ થઈ છે કહે છે. આહા..હા..!

'**આ જ્ઞાનજ્યોતિ અથવા જ્ઞાનકળા કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે...**' લ્યો! એ હજી વાંધા ઉઠાવે છે બહાર. મતિશ્રુતજ્ઞાન એ કેવળજ્ઞાનનો અંશ? એ કેવળજ્ઞાન તો .. અરે..! સાંભળને ભાઈ હવે! હવે એની તકરાર. અહીં તો કહે છે '**આ જ્ઞાનજ્યોતિ અથવા જ્ઞાનકળા કેવળજ્ઞાનરૂપી પરમકળા...**' પરમકળા પુનમની પૂર્ણ કળા. પુનમનો અર્થ પૂર્ણ. અમાસનો અર્થ અધમાસ. પુનમે પૂર્ણ માસ થાય છે. એ તો આ લોકો ગુજરાતમાં ફેર. હિન્દુસ્તાનમાં એમ નથી. સિદ્ધાંતમાં એમ નથી. સિદ્ધાંતમાં પહેલી વદ અને પછી સુદ. વદના પંદર દિ'એ અર્ધમાસ થાય અધમાસ અર્ધમાસ એટલે અમાસ. પૂર્ણ દિ'એ પુનમ થાય એટલે પૂર્ણ મહિનો. એમ આત્મા પુનમ. પૂર્ણ કળાએ પામે એને કેવળજ્ઞાનની કળા કહેવામાં આવે છે. આહા..હા..!

આ વાતને મૂળ પહેલેથી દૃષ્ટિ ન કરે, શ્રદ્ધા ન કરે, તો એ સુધારા શેના કરવા? બહારના સુધારા કરો, બહારના સુધારા કરો. ઈ ટકી શકે નહિ. બહારથી કરે પણ એ લાંબુ નહિ ટકે એ. ક્ષણિક સુધારા આ કુરીતિ છોડો, આ છોડો. આ સુધારો કરને. કુરીતિ તો પુણ્ય અને પાપમાં જાય છે એ કુરીતિ છે એની. કહો, શેઠ! પણ આ શેઠિયાને ક્યાં ભાન વિનાના હોય બધા અંદરથી. મોઢાઆગળ બેસે. બધે એમ છેને.

અમારા રાયચંદ ગાંધી બિચારા ભોળાભઠ શેઠ. કાંઈ વિશેષ ખબર નહિ. ખાનગી એક ફેરી પૂછયું કે મહારાજ! મૂર્તિ છે કે નહિ? સ્થાનકવાસીના અગ્રેસર પૈસાવાળા માણસ. ..ની જેને ઘરે ઓલી હતી. બોટાદ. ૫૦-૫૦ હજારની પેદાશ હોં તે દિ' ૬૦ વર્ષ પહેલાં. ખાનગી પૂછયું હતું, મહારાજ! મૂર્તિ છે? છે કીધું શાસ્ત્રમાં. શુભભાવ આવે છે સમકિતીને ત્યારે એને અવલંબનમાં મૂર્તિ છે. મૂર્તિ નથી એમ માનનારા મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે. એય..! રાયચંદ ગાંધીને જોયા હતા કે નોતા જોયા? ઘણા વર્ષ પહેલાં. મોટા આબરૂવાળા. અગિયાર તાલુકાનું બોટાદ. પણ આમ ડરપોક-ડરપોક. કોઈ જાણી જશે. શ્રીમદ્‌ને માને અને શ્રીમદ્ મૂર્તિને માને.

એટલે એને શ્રદ્ધા તો ખરી કે શ્રીમદ્ કહે છે માટે હશે. ભાઈ! ધર્મીને પણ શુભભાવ હોય છે. એ જાણે છે કે આ બંધ છે, પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા નથી ત્યાં સુધી અશુભથી બચવા તે કાળે તે જાત આવ્યા વિના રહે નહિ. તેને બંધ જાણે. ધર્મી પુણ્યભાવને બંધ જાણે. ધર્મ જાણે નહિ. આહા..હા..! એ કેવળજ્ઞાનનો અંશ છે કહે છે. સમ્યગ્જ્ઞાનનો અંશ પ્રગટ્યો એ અંશ છે. **'અને કેવળજ્ઞાનના સંપૂર્ણ સ્વરૂપને તે જાણે છે તેમ જ તે તરફ પ્રગતિ કરે છે,...'** એમ કહે છે. મતિ શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનના સ્વરૂપને જાણે અને એને પ્રગટ કરવાનો પ્રયત્ન છે. વિશેષ છે થોડું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# આસ્રવ અધિકાર

## શ્લોક-૧૧૩

अथ प्रविशत्यास्रवः।

(द्रुतविलम्बित)

अथ महामदनिर्भरमन्थरं
समररङ्गपरागतमास्रवम्।
अयमुदारगभीरमहोदयो
जयति दुर्जयबोधधनुर्धरः।।११३।।

**દ્રવ્યાસ્રવથી ભિન્ન છે, ભાવાસ્રવ કરી નાશ;**
**થયા સિદ્ધ પરમાતમા, નમું તેહ, સુખ આશ.**

પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે આસ્રવ પ્રવેશ કરે છે :'

**જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર માણસ સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે તેમ અહીં આસ્રવનો સ્વાંગ છે. તે સ્વાંગને યથાર્થ જાણનારું સમ્યગ્જ્ઞાન છે; તેના મહિમારૂપ મંગળ કરે છે :**

શ્લોકાર્થ :-- [अथ] હવે [समररङ्गपरागतम् ] સમરાંગણમાં આવેલા, [महामदनिर्भरमन्थरं] મહા મદથી ભરેલા મદમાતા [आस्रवम्] આસ્રવને [अयम् दुर्जयबोधधनुर्धरः ] આ દુર્જય જ્ઞાન-બાણાવળી [जयति] જીતે છે—[उदारगभीरमहोदयः ] કે જે જ્ઞાનરૂપી બાણાવળીનો મહાન ઉદય ઉદાર છે (અર્થાત્ આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પૂરો પાડે એવો છે) અને ગંભીર છે (અર્થાત્ જેનો પાર છદ્મસ્થ જીવો પામી શકતા નથી એવો છે).

ભાવાર્થ :— અહીં નૃત્યના અખાડામાં આસ્રવે પ્રવેશ કર્યો છે. નૃત્યમાં અનેક રસનું વર્ણન હોય છે તેથી અહીં રસવત્ અલંકાર વડે શાંત રસમાં વીર રસને પ્રધાન કરી વર્ણન કર્યું છે કે 'જ્ઞાનરૂપી બાણાવળી આસ્રવને જીતે છે'. આખા જગતને જીતીને મદોન્મત્ત થયેલો આસ્રવ સંગ્રામની ભૂમિમાં આવીને ખડો થયો; પરંતુ જ્ઞાન તો તેના કરતાં વધારે બળવાન યોદ્ધો છે તેથી તે આસ્રવને જીતી લે છે અર્થાત્ અંતર્મુહૂર્તમાં કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉપજાવે છે. એવું જ્ઞાનનું સામર્થ્ય છે. ૧૧૩.

## પોષ વદ-૧૦, રવિવાર, તા. ૨૮-૦૧-૧૯૭૩
## કળશ-૧૧૩, ગાથા-૧૬૪-૧૬૫, પ્રવચન-૨૯૮

આસ્રવ અધિકાર. આસ્રવ એટલે કે જેમ વહાણમાં છિદ્ર હોય અને પાણી આવે એમ આત્મામાં વિપરીત માન્યતા અને રાગ-દ્વેષભાવ એ છિદ્ર છે. એ નવો આસ્રવ આવે છે અંદરમાં. અંદરથી એટલે? વસ્તુના સ્વભાવમાં નથી પણ નવા પરિણામ મિથ્યાત્વના અને રાગ-દ્વેષના ઉત્પન્ન કરે છે. એનાથી નવા આ રજકણો આવે છે. મૂળ તો ભાવઆસ્રવ તે આસ્રવ છે. અનાદિના મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઈ અહીં કહે છે.

હવે 'समररङ्गपरागतम्' 'સમરાંગણમાં...' લડાઈના સ્થળમાં 'આવેલા,...' કોણ આવેલું? 'महामदनिर्भरमन्थरं' 'મહા મદથી ભરેલા મદમાતા આસ્રવને...' આસ્રવ એટલે? કહ્યુંને, ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાયકસ્વરૂપ હોવા છતાં એણે માન્યું છે કે હું રાગ ને પુણ્યના, પાપના ભાવ તે મારા અને અલ્પજ્ઞપણું તેટલો હું એવો જે મિથ્યાત્વભાવ એની સાથે રહેલા રાગ-દ્વેષભાવ, આખા જગતને એણે જીત્યા છે. આસ્રવે જગતને-સારા જગતને-એકેન્દ્રિયથી માંડીને જૈનસાધુ દિગંબર સાધુ થાય તોપણ એને આસ્રવે જીતી લીધા છે. એ

પુણ્યભાવ ભલો છે, દેહની ક્રિયા ઠીક છે, અલ્પજ્ઞપણું એટલો હું છું એવી માન્યતારૂપી આસ્રવ મદમાં આવી ગયો છે. મોટા માંધાતાને મેં પાડ્યા છે કહે છે. દિગંબર મુનિ હોય. મેં ત્યાગ કર્યો છે... મેં ત્યાગ કર્યો છે... મેં ત્યાગ કર્યો છે... એવો મિથ્યાત્વનો ગર્વ કરાવીને મેં તો એને જીતી લીધા છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, સમરાંગણ—લડાઈનું સ્થળ. જાદવાસ્થળ. કહે છેને જેમ? પાણીપતમાં નથી કહેતા ન્યાં કાંઈક?

મુમુક્ષુ :- ત્યાં જાય પછી બુદ્ધિ બગડી જાય.

ઉત્તર :- ઈ કહે લોકો. ખોટી વાત છે. વાતું કરે. પાણીપતમાં જાય તો દુર્યોધન અને પાંડવોનું યુદ્ધ થયું હતુંને, ત્યાં જાય તો બુદ્ધિ બગડી જાય. ગપેગપ છે. ભગવાન પાસે આવી જાય તો બુદ્ધિ સુધરી જાય એ વાત પણ ખોટી છે. એ બગાડે તો બગડે અને સુધારે તો સુધરે. આહા..હા..!

અહીં કહે છે, છેવટે આસ્રવ કહે છે હું તો મદમાતો છું હોં! કંઈકને પછાડ્યા છે. સાધુ થાય તોપણ એને મેં પછાડ્યા છે. અમે ત્યાગ કર્યો છે, અમે આમ કર્યું છે અને અમે આમ કર્યું છે. એવા રાગના ભાવને પોતાનો માની અને એ પણ મિથ્યાત્વમાં મેં એને દોરી દીધા છે. સમજાણું કાંઈ? **'સમરાંગણમાં આવેલા,...' 'महामदनिर्भरमन्थरं' 'મહા મદથી ભરેલા મદમાતા આસ્રવને...'** મૂછું મરડીને આવ્યો છે માથે. આ નથી કેટલાક મૂછું આમ કરીને કરે છે? આવી જાય, આવે છે. એક તો આપણે જયપુરમાં છે એક નહિ કોક?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ. આમ છે નરમ માણસ. પણ મૂછું બેય બાજુ આમ રાખે. એક આપણે મુંબઈમાં નહિ એક?

મુમુક્ષુ :- લાલચંદ

ઉત્તર :- લાલચંદભાઈ. એ આમ મૂછું આમ કરી કાઢે. આસ્રવ કહે છે મેં બધા મૂછું ઊંચી રાખીને મારી નાખ્યા બધાને. કહો, પોપટભાઈ! ભોગી હોય તો કહે ભોગમાં મને મજા છે. એમ માનીને પણ એને પછાડ્યા છે. જોગી હોય તો, મેં બાહ્ય ત્યાગ કર્યો એમાં હું ઊંચો થયો એમ માનીને એને મેં પછાડ્યા અભિમાનમાં. સમજાણું કાંઈ? ભણનારા હોય એ પંડિતોને પછાડ્યા છે મેં. શાસ્ત્રના અમે ભણનારા છીએ, અમે પંડિત છીએ. એમ ખોટા બહારના લક્ષના જ્ઞાનમાં અભિમાન કરી અને મિથ્યાત્વ કહે છે કે મેં એને પણ જીતી લીધા છે. કહો, સમજાણું કાંઈ?

એ **'સમરાંગણમાં આવેલા, મહા મદથી ભરેલા મદમાતા આસ્રવને...'** હવે એને જીતે છે. હવે નવું અંતરજ્ઞાન થાય છે. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનું જ્યાં અંતરમાં જ્ઞાન સ્વસન્મુખ થઈને થાય છે એ જ્ઞાન જોદ્ધો, એ જ્ઞાનની દશા પ્રગટેલી જોદ્ધો આસ્રવનો

નાશ કરે છે, આસ્રવને પછાડે છે. આસ્રવને '**दुर्जयबोधधनुर्धरः**' દુર્જય-જીતવું મુશ્કેલ એવો જે આસ્રવ અથવા એને જીતવો જ્ઞાન દુર્જય એવો જે જ્ઞાનભાવ, સમ્યગ્જ્ઞાન, ભેદજ્ઞાન. આહા..હા..! રાગનો વિકલ્પમાત્ર મારો નથી, મારી ચીજમાં અપૂર્ણતા નથી એવી પૂર્ણ સ્વરૂપની દૃષ્ટિવંત જ્ઞાની, એનું જે જ્ઞાન. 'બાણાવળી...' અર્જુન બાણાવળી હતાને? બાણ-આવળી. બાણ એક પછી એક પછી એક જાય. એમ આ જ્ઞાન બાણાવળી છે. અંતર સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ. કહો, મનીષભાઈ! મનીષે પ્રશ્ન કર્યો હતો કે આ બંધ અને મોક્ષ અવસ્થામાં આત્મા કેમ છે બંધ? બંધ અવસ્થાની અવસ્થામાં પણ એ તો ધ્રુવ ચૈતન્ય તો ધ્રુવ જ છે, શુદ્ધ જ છે. પર્યાયમાં એ રાગમાં અટક્યો છે એ આસ્રવ છે. ધ્રુવ ચીજ તો બંધ અને મોક્ષની અવસ્થામાં એકાકાર નિર્લેપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે એને. બાહ્ય જ્ઞાનનો પર્યાય અંશે પ્રગટ છે અને એ જ્ઞાનનો અંશ ઇન્દ્રિયોના નિમિત્તથી કામ કરે છે એથી એને અતીન્દ્રિય અંદર વસ્તુ છે એવી દૃષ્ટિ એને બેસતી નથી. સમજાણું કાંઈ?

'**દુર્જય જ્ઞાન-બાણાવળી...**' આવળી. અંતર જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન એનો જ્યાં અનુભવ થઈને પ્રતીત થઈ, અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું એ જ્ઞાન બાણાવળી. એ જ્ઞાનની ધારા એકાગ્ર થતાં એ આસ્રવને જીતે છે. આહા..હા..! કહેશે અંદરમાં કે અહીંયાં શાંતરસમાં વીરરસની વ્યાખ્યા છે. છે તો આ શાંતરસ. આહા..હા..! લડાઈની વાત અહીં મૂકીને વીરરસ લીધો છે. શાંત... શાંત... શાંત... હું તો અનંત આનંદનો નાથ એકલી શાંતિનો સાગર ભંડાર છું. એવી દૃષ્ટિ થતાં, એવું અંતરમાં ભેદજ્ઞાન થતાં એ જ્ઞાન-બાણાવળી, એક પછી એક જ્ઞાનની એકાગ્રતાની ધારાથી એ આસ્રવને જીતી જાય છે. કહો, સમજાણું? આસ્રવ એટલે? મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ, જ્ઞાનાનંદ સ્વભાવનો અનુભવ થતાં એને ઉત્પન્ન થતાં નથી. સમજાણું કાંઈ?

'**આ દુર્જય જ્ઞાન-બાણાવળી...**' અર્જુનને બાણાવળી કહે છેને અર્જુનને? ધનુષ્યનું બાણ જાય એ પાછું ન ફરે. રામનું એમ હતું. રામ મહાપુરુષ હતા. એ ભવે મોક્ષ ગયા છે. એને રામબાણ (કહે છે), એ બાણ હાથમાં લે અને બીજું લીધું અને નાખ્યું એ તો ગયો, મરી ગયો, મારી જ નાખે. એનું બાણ ફરે નહિ. બળદેવ પુરુષ હતા, પુરુષોત્તમ પુરુષ હતા, આત્મજ્ઞાની હતા. છતાં જ્યારે રાગનો વિકલ્પ આવે અને જ્યારે બાણ ફેંકે ત્યાં પછી ખલાસ. સામે ઝીલી શકે નહિ. મારી જ નાખે. એમ આત્મરામ—ભગવાન આત્મા—અનાદિથી પુણ્ય અને પાપના રાગમાં રમતો હતો એ મિથ્યાત્વભાવ અને આસ્રવભાવ હતો. એ ભગવાન આત્મા પોતાના સ્વરૂપ તરફમાં રમતે ચડ્યો... આહા..હા..! સમજાણું કાંઈ? વીરરસ પોતાના પુરુષાર્થની અનંતી જાગૃતિ દ્વારા જેણે આત્મા સાથે રમતું માંડી અંદરમાં, એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ

અને જ્ઞાની કહેવામાં આવે છે. રાગની સાથે રમતું માંડીને એને મિથ્યાદષ્ટિ અને આસ્રવ સેવનારો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહે છે, 'જીતે છે—' કેવો છે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા? ઉદાર છે. '**જ્ઞાનરૂપી બાણાવળીનો મહાન ઉદય ઉદાર છે...** ' એટલે? અંતર ચૈતન્યસ્વભાવના અનુભવની દષ્ટિ થતાં એ જ્ઞાનમાં એટલી તાકાત છે, અનંત પુરુષાર્થ જે વિષય આસ્રવને જીતવા માટે પુરુષાર્થ જોઈએ એથી અનંતગુણો પુરુષાર્થ પડ્યો છે અંદરમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

'**દુર્જય જ્ઞાન-બાણાવળી...**' ઉદાર જ્ઞાનરૂપી મહા ઉદય ઉદાર છે. '**(અર્થાત્ આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પૂરો પાડે એવો છે)...**' આહા..હા..! સમજાણું કાંઈ? બે લાડવા હોય અને લબ્ધિ એવી થઈ હોય ચક્રવર્તીનું રાજ જમાડે. એવી તો બાહ્યલબ્ધિ છે. શું કહ્યું? એવી એ લબ્ધિ થાય છે પુણ્યની ધર્માત્માને, મુનિઓને કે લાડવા બે હોય ફક્ત. લૂગડું ઢાંકે. ચક્રવર્તીની સેના છન્નું કરોડ પાયદળ જમે. એય..! શેઠ! એવી તો બાહ્ય લબ્ધિ. આ અંતર લબ્ધિની શું વાત કરવી કહે છે. એય..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પોતે સત્ શાશ્વત જ્ઞાન અને આનંદના સાગરથી ભરેલો પ્રભુ છે એનો જ્યાં અંતરમાં સન્મુખ થઈને સ્વીકાર થયો તો અનંતા પુરુષાર્થને એણે કબજે કરી લીધું. હવે તો પુરુષાર્થ બાહ્ય છે એ તો અનંતા પુરુષાર્થની અનંતમા ભાગે બહાર પુરુષાર્થ છે. સમજાણું કાંઈ?

અનંત-અનંત પુરુષાર્થની મૂર્તિ પ્રભુ છે. એને અનંતમા ભાગે પુરુષાર્થ જાગૃતિ થાય એ બાણાવળી રાગને જીતીને જય મેળવે છે કહે છે. કહો, સમજાણું આમાં? આ પણ આ સંગ્રામ અને એમાં લડાઈ અને આ વાત શી? એ અંદરની વાતું છે. ઓલા કહે, નમો અરિહંતાણંમાં અરિ ન જોઈએ. કહેતા હતાને ભાઈ? એય..! પંડિતજી! અરિ-દુશ્મન એવું વાક્ય ન હોય જૈનમાં. હવે સાંભળને. એની પાછળ શું છે? એની પાછળ ભાવ શું છે? એમ અહીં જીતે છે. મારે છે ઓલાને. તો કહે, એવી ભાષા જૈનમાં ન હોય. અરિહંતમાં જીતે છે. ઈ જ કહેતો હતો કે નહિ. એ ન જોઈએ. અર્હંતાણં જોઈએ. જેને જાણવામાં કાંઈ બાકી રહ્યું નથી. એને અરિહંતાણં ન જોઈએ. એ મોટી ચર્ચા ચાલી હતી. ઓલા માણેકચંદજી હતાને. ગુજરી ગયા નહિ એ તો? ગુજરી ગયાને? માણેકચંદજી પંડિત. કુંડી. બહુ વાંચેલું, ભણેલું હોં. એકકોર વર્ણીજી અને એકકોર ઈ. એનાથી આ ભણેલો વધારે. એણે એમાંથી કાઢ્યું હતું. અરિહંતાણં ન જોઈએ, અર્હંતાણં જોઈએ. પછી તો ખૂબ ચર્ચા ચાલી હતી. ભાઈ! અરિહંતાણં પણ છે શાસ્ત્રમાં, અર્હંતાણં પણ શાસ્ત્રમાં છે. બેય છે. પણ એથી શું છે? સ્વરૂપ ચિદાનંદ ભગવાન આનંદ અને અતીન્દ્રિય આનંદનો સાગર એનાથી અનિષ્ટપણું જે વિકારભાવ એને અનિષ્ટ કહ્યો છે લ્યો! પ્રવચનસાર. સમજાણું કાંઈ? સ્વરૂપનો વિકારભાવ, સ્વરૂપનો વેરી છે. પોતે વેર ઊભું કર્યું છે. આહા..હા..!

સ્વરૂપના માહાત્મ્ય વિના એણે રાગ અને પુણ્યના પરિણામને માહાત્મ્ય દઈ અને વેરીપણું મિથ્યાત્વનો ભાવ એણે ઊભો કર્યો છે. સમજાણું કાંઈ? પુણ્યના ભાવ, રાગના, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ રાગ છે, પુણ્ય છે, ઝેર છે, પણ એને માહાત્મ્ય દઈને મિથ્યાત્વ સેવ્યું છે એણે. સમજાણું કાંઈ? એ માહાત્મ્ય ગુલાંટ ખાય છે હવે. ચૈતન્યમૂર્તિ અનંત આનંદનો સાગર ભગવાન એનું એને માહાત્મ્ય આવ્યું છે. સમ્યગ્જ્ઞાનીને, સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને છે. સમજાણું કાંઈ? આહા..હા..! અંતર સ્વભાવનો સાગર એની દૃષ્ટિ અને અનુભવ થતાં એ જ્ઞાનની ધારા એવી છે કે આસ્રવને જીતવા માટે જ્ઞાન પૂરું પડે એવી એ ધારા છે. એને ખામી કે ઉણું રહે એવું જ્ઞાન છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ!

'ઉદાર છે...' '**બાણાવળીનો મહાન ઉદય...**' ઉદાર. જ્ઞાન પ્રગટ્યુંનો ઉદાર પ્રગટ્યો છે. એ જ્ઞાનધારા પ્રગટતાં... પ્રગટતાં... પ્રગટતાં... કેવળજ્ઞાન લે એટલી ઉદારતા છે એનામાં. સમજાણું કાંઈ? આરે..! આ દુનિયાની આગળ આ વાતું જાણે શું હશે? બહારમાં.. એય..! ચીમનભાઈ! આ તમારા ચીમનભાઈ નહિ? જે.પી.નું આપે છે પૂછડું વળગાડ્યું છે. જે.પી. જે.પી. શું કહેવાય ઈ? ઉપાધિ. આ તો આત્મા જય મેળવીને પી-કેવળજ્ઞાન પ્રગટ કરે એનું નામ જે.પી. છે. આહા..હા..! જુઓને! શબ્દો કેવા વાપર્યા છે! વાચ્ય કેટલું અંદર! વીરરસ ચડ્યો છે, વીરરસ ચડ્યો છે. આહા..હા..! સંગ્રામે ચડ્યા જોદ્ધાઓ ૨૫-૨૫ વર્ષના રાજકુમારો, હજી બે વર્ષનું પરણેતર હોય અને યુદ્ધે ચડે, શરીરની દરકાર ન હોય. બાણ વાગે અંદર તો બરાબર ઝીલે. મરી જાય. તોપણ એને દુઃખ ન લાગે એનું. કારણ કે રસ ચડ્યો છે કે બીજો, કેમ જીતી જાય? એ રસમાં શરીરને છૂટવાના પણ દુઃખ ન લાગે જેને. આમ બાહ્યમાં હોં. અંદરમાં તો દુઃખ છે. ખુશીથી છોડે શરીર. આહા..હા..!

એ જયપુરમાં બાઈ હતીને એક. એનો ધણી મરી ગયો. વૈષ્ણવ હતા. ધણી મરી ગયો તો મરતા એણે પાણી મૂક્યું. પાણી સમજો છો? મરતા સંકલ્પ કર્યો. શું કર્યું એ બહાર ન પાડ્યું. એણે સંકલ્પ કર્યો કે હું તમારી પાસે આવું છું, તમારી પાછળ આવું છું સતી થઈને. હવે? ઓલો જુવાન માણસ હતો. હમણા બન્યું હતું. ૪૦-૫૦ વર્ષ પહેલા. જયપુરમાં. ઈ જ્યાં પાણી મૂક્યું અને ઓલો મર્યો, બારીમાંથી પડતું મૂકવા ગઈ. અરર..! આ શું કર્યું? લોકોએ પકડી રાખી. છેવટે અગ્નિ છાંટી. એ વખતે તો બચી ગઈ પણ પાછળથી અગ્નિ (મૂકી). એટલે ડોક્ટરો આવ્યા બધા. (ઈ કહે), મને બચાવશો નહિ, હું તો મરવાની જ છું. મને અહીં રહેવું દુઃખ લાગે છે. અહીં રહેવું એ દુઃખ લાગે છે. મારી પતિ ત્યાં ગયા અને હું અહીં? હું એક ક્ષણ વિરહ ઝીલી શકતી નથી. આ મને દુઃખ છે જ નહિ.

મુમુક્ષુ :- મરવું એ દુઃખ નથી.

ઉત્તર :- હા, મરવું એ દુઃખ નથી. ઘાસતેલ છાંટ્યું અને બળતરા. અરે..! બહેન! બહુ

બળતરા છે. કાંઈ નથી મને. મારા પતિનો મને વિરહ છે એ મને દુઃખ છે. આ દુઃખ નથી. ઓલો રસ ત્યાં ચડી ગયેલો છેને. અરેરે..! પંદર-પંદર દિવસ થઈ ગયા. મારા પતિ ક્યાં ગયા? શું છે? એક ક્ષણ પણ હું એનો વિરહ વેઠી ન શકું. ડોક્ટરો આવ્યા. ઉપાય-ઉપાય કરશો નહિ કાંઈ. મારે બચવું નથી. મને દુઃખ નથી. આહા..હા..! જુઓ, આ ઊંધા વીરરસ, ઊંધા વીરરસ. મરી ગઈ પછી બાઈ મરી ગઈ. ત્યાં બેઠો હશે એનો ધણી ત્યાં ક્યાંક હશે. એમ હશે? આવા ને આવા ગાંડા પાગલના ગામ કાંઈ જુદા હોય છે? એ ગામદીઠ પાગલ આવા. આહા..હા..! સતિ થઈને ધણી પાછળ જાવું છે. ડોક્ટર કહે ઉપચાર કરીએ, બહેન! બહુ દુઃખ થાય છે હોં આ. અમે જોઈ શકતા નથી. મને દુઃખ જરીએ નથી. રસ ચડ્યો છેને ઓલો.

એમ ધર્મીને જ્યાં આત્માનો રસ ચડે છે, શરીરમાં પ્રતિકૂળતા હોય, લાખો ઘોદે કોઈ મારે એને દુઃખ લાગતું નથી. સમજાણું કાંઈ? એ આનંદમૂર્તિ ભગવાનને જ્યાં અંદર જાણ્યો અને જ્યાં આનંદમાં જેની દૃષ્ટિ સમ્યગ્જ્ઞાન થયું એને કોઈ પ્રતિકૂળતા લાખ, કરોડ, અનંત હોય બહારની, જ્ઞેય છે. પ્રતિકૂળતા છે જ નહિ. પ્રતિકૂળતા તો વિકાર છે એ જ પ્રતિકૂળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મની ચીજ એવી છે, બાપુ! એ કાંઈ લાલાપેઠા જેવા વાણિયા વેવલા કરે એવું નથી આ. આ તો વિરોના કામ છે. એય..! જેઠાભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, જેણે આત્મા ચિદાનંદમૂર્તિ ભગવાન અંતરનો સ્વીકાર કરીને સમ્યગ્જ્ઞાન થયું એ સમ્યગ્જ્ઞાન આસ્રવને જીતવાને પુરુષાર્થ પૂરો પાડે છે. ખામી આવવા દેતો નથી. આહા..હા..! શાહુકાર પણ પૈસા દીધા હોય જેણે ચાર, છ આના, આઠ આના લેતાને વ્યાજ .. જેવા માગે એવા આપે. પાંચ-પચાસ હજાર તો પડ્યા જ હોય તિજોરીમાં. કોઈ આવે એને કાલે આવજો એમ ન કહેવાય. એય..! એવા શાહુકારો હોય. જે આવે ત્યાં એની તિજોરીમાં પડ્યા જ હોય. હવે અત્યારે બધો ફેરફાર થઈ ગયો હશે રિવાજ આખો. એવું હતું. એટલા તો રાખી જ મૂકે. દસ-દસ લાખ રૂપિયા .. લોકોમાં આઠ આના, દસ આના, બાર આના જ્યારે આવે ત્યારે તૈયાર, કોથળીયું તૈયાર જ રાખે.

એમ અહીંયાં... આહા..હા..! પ્રતિકૂળના ગંજ આવે, સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની આસ્રવને જીતવા માટે તૈયાર થયેલો હોય છે. એની તિજોરીમાં પુરુષાર્થ પડેલો જ હોય છે. એય..! આ તો એવી વાતું છે આ. 'રણે ચડ્યો રજપુત છૂપે નહિ.' એ રજપુત રણે ચડ્યા એ એમ કરતા હશે? એં.. એં.. કરતા હશે વાણિયા જેમ વેવલા. અમારે ન થાય, અમારે ન થાય, અમારે ન થાય. એય..! ધીરૂભાઈ! આહા..હા..! શાંતિ... શાંતિ... શાંતિ... 'જગતને મરણ તણી બીક છે, જ્ઞાનીને આનંદની લહેર જો.' આખા શરીરમાં સોઈ ઘોચે અગ્નિથી, આનંદ છે.

આત્માનો આનંદ છે. આહા..હા..! જ્ઞાન સાથે આનંદની જાગૃતિ આસ્રવને હઠાવવા, નાશ કરવા માટે તૈયાર છે કહે છે. કહો, સમજાણું કાંઈ? આ ધર્મીનું આ કામ છે. આહા..હા..! ... સંપ્રદાયમાં કહેતા. આ ટૂકડો આવે ત્યારે લોકોને આમ થઈ જાય. ... આચારાંગના પહેલા સૂત્રમાં ... વીર કહે છે. હે વીર! તારો માર્ગ દુર્જય છે. .. મહાપુરુષાર્થથી પ્રગટ થાય છે, પણ છે અનિત્યગામી, અફરગામી. જે રસ્તે ગયો ત્યાંથી પાછો ફરે એવો નથી. અફરગામીના માર્ગ કોઈ જુદી જાતના છે. કહો, એય..! દરબાર! ત્યાં એં... એં... ન થાય હમણા ... ખાધા વિના આવ્યા છીએ અને ઠીક નહિ પડે. આહા..હા..!

મુમુક્ષુ :- દરબાર એવા ન હોય.

ઉત્તર :- દરબાર એવા ન હોય, પણ આ તો વાણિયા દરબારનું નામ આપ્યું છેને. આ ક્યાં દરબાર છે? આહા..હા..!

આ કેવી વાત વર્ણવી છેને વીરરસ ચડી જાય અંદર. પુરુષાર્થનો રસ એટલે? પુરુષાર્થમાં એકાકારતા. રસની વ્યાખ્યા આ છે, વ્યાખ્યા ઈ છે. અનંત-અનંત આનંદનો નાથ પ્રભુ જ્યાં સમ્યગ્દર્શનમાં, પ્રતીતમાં અને જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાણો, જેના ઉપર ચારિત્રની રમતું ધર્મીએ માંડી છે એ, કહે છે કે આસ્રવનું જોર આવે અંદરમાં ઉદયનું કે બહારની પ્રતિકૂળતા આવે એને જીતવાને તૈયાર છે. બે-ત્રણ ઠેકાણે આવે છેને? કર્મોદય માત્ર બંધનું કારણ હોય તો સંસારમાં ઉદય તો સદાય છે.

મુમુક્ષુ :- જયસેનાચાર્યની ટીકામાં.

ઉત્તર :- હા, બે-ત્રણ ઠેકાણે આવે છે. પંચાસ્તિકાયમાં આવે છે, પ્રવચનસારમાં આવે છે અને આ સમયસારમાં બે-ત્રણ ઠેકાણે નામ લખ્યા છે અંદર. લખ્યા છે. ઓલામાં લખ્યા છે. કર્મોદયમાત્ર એ તો જડ છે. ઉદય છે એ. એ તો એના જડના પરિણામ છે. અહીં શું છે અમારે? એના ઉપર નજર હતી ત્યાં સુધી અમે એકત્વ માનતા. એની નજરું અમારી ત્યાંથી ઉઠી ગઈ છે. અંતર આનંદમૂર્તિ ભગવાન આત્મા... આહા..હા..! એ વીરે વીરરસે ચડેલો વીર એના પુરુષાર્થની જાગૃતિને કોઈ રોકી શકવા સમર્થ છે નહિ. એમ કહે છે લ્યો!

એ '**જોઈએ તેટલો પૂરો પાડે એવો છે)...**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શાહુકારો એકદમ લેણા લેવા આવે બધા (તો) પૂરું પાડે બધાને. એ કાંઈ પોણી સોળ આના બોલે નહિ કે ભાઈસાહેબ! હમણાં અમારે નથી. એય..! હવે તો દિવાળું કાઢે. આહા..હા..! જેના ચૈતન્યધામ, એની એકતા રાગની તૂટીને સ્વભાવની એકતા થઈ ત્યાં હવે પુરુષાર્થની ક્યાં કચાશ અને ખામી રહી? એ પુરુષાર્થ અંદરમાં કરવાની વાત છે હોં. આહા..હા..! વાતું એવી છેને આ તો અંતરની વાત છે, ભાઈ! કહે છે, '**આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પૂરો પાડે એવો છે)...**' આહા..હા..!

'ગંભીર છે...' એ આનંદને, આનંદ અને જ્ઞાનની અપાર શક્તિને છદ્મસ્થ પામી ન શકે. પ્રતીતમાં લે પણ પાર (ન પાડી શકે). આહા..હા..! કેટલી શક્તિ! શું છે આ તે? જેનો અંતર પુરુષાર્થનો સ્વભાવ ગંભીર ઊંડો... ઊંડો... ઊંડો... પુરુષાર્થ અનંત-અનંત પડ્યો છે. આ વાત! સમજાણું કાંઈ? '(**અર્થાત્ જેનો પાર છદ્મસ્થ જીવો...**' એટલે? એની દૃષ્ટિ અ` જ્ઞાનમાં આવે પણ આ તે શું ચીજ છે? એનું પૂરું તો કેવળજ્ઞાન થાય ત્યારે પાર પડે. આહા..હા..! એવો ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનથી ભરેલો છલોછલ પ્રભુ છે. ખબર ન મળે. આહા..હા..! બહારની ક્રિયાઓ કરે. આ કરી, દયા પાળી, વ્રત પાળ્યા, તપસ્યાઓ કરી. ધૂળેય નથી. એ તો આસ્રવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ગંભીર છે...**' આહા..હા..! શું છે?

જ્ઞાનનો ઉદય ઉદાર અને ગંભીર. અનંત-અનંત શક્તિનું સત્ત્વ જ્ઞાન અને આનંદનું એને પ્રગટ કરવામાં ઘણી ગંભીરતા ભાસે છે. સમજાણું કાંઈ? અનંત-અનંત શાંતિ, અનંત-અનંત વીર્ય, અનંત-અનંત આનંદ, અનંત-અનંત પ્રભુતા જેમાં પડી છે. આ તે શું વસ્તુ! એ આત્મા એવો છે એમ કહે છે. એવા પ્રભુને પામર તરીકે માન્યો, હેરાન કરી નાખ્યો ચાર ગતિમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

એ મડદા ઊભા થાય એવો એ આત્મા છે કહે છે. મરી ગયો છેને રાગને પોતાનો માનીને? એ જ્યાં પોતાને માને છે ત્યાં જાગૃત થઈ જાય છે અંદર. 'જીત નગારા વાગ્યા.' આવે છેને આનંદઘનજીમાં? શું આવે છે? 'વીરપણું...' ઈ પછી. 'વીરજીને ચરણે લાગુ, વીરપણું તે માંગુ રે, જીત નગારું વાગ્યું' પછી એમ છે. 'મિથ્યા મોહ તિમિર ભય ભાંગ્યું, જીત નગારું...' પછી બીજી એક વાત છે. 'વીરપણું તે આતમ ઠાણે' એ વીરપણું આત્માના પ્રદેશમાં ભર્યું છે કહે છે. આવે છેને આમાં? 'વીરપણું તે આતમ ઠાણે જાણ્યો તુમચી વાણે રે' એટલું .. જાણ્યું એટલું. અહીં તો જ્ઞાને જાણ્યું એમ કહે છે. આહા..હા..! 'વીરપણું તે આતમ ઠાણે.' અસંખ્ય પ્રદેશમાં વીરપણું પુરુષાર્થ પડ્યો છે આખો. 'જાણ્યો તુમચી વાણે' એટલી વાત ત્યાં લીધી છે. અહીં તો જાણ્યું પરિણમન કરીને એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

'**અહીં નૃત્યના અખાડામાં આસ્રવે પ્રવેશ કર્યો છે.**' નાટક વર્ણવ્યું છેને અહીં તો? નાટક તરીકે વર્ણન છેને આમાં? અખાડો હોય નાટકનો, થિએટર હોય, આવે માણસ એમાં. '**નૃત્યમાં અનેક રસનું વર્ણન હોય છે...**' એમાં હોય છેને અનેક (રસ). '**તેથી અહીં રસવત્ અલંકાર વડે શાંતરસમાં...**' ખરેખર તો શાંતરસ છે. કષાયને, મિથ્યાત્વને જીતવાનો જે અકષાયસ્વભાવ ભગવાન આત્મા શાંત... શાંત... શાંત... એવો '**શાંત રસમાં વીર રસને પ્રધાન કરી વર્ણન કર્યું છે...**' શાંતરસમાં વીરરસનું. આહા..હા..! સ્ત્રી હોય, પુરુષ હોય, નપુંસક હોય, તિર્યંચ હોય, નારકી હોય, દેવ હોય બધાનો ભગવાન અંદર પૂર્ણ આનંદથી

ભરેલો છે કહે છે. એના ભરોસા એને નથીને તો બહારથી આથડે જ્યાં-ત્યાં. આ કરું... આ કરું... આ કરું... આ કરું.

અહીંયાં તો ભગવાન આત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા અરિહંતે જે જોયો અને જાણીને પ્રગટ કર્યો એ આત્મા, કહે છે એવો છે કે શાંત... શાંત... શાંતરસનો અનુભવ કરવો છે. એમાં વીરરસનું વર્ણન કર્યું. અદ્ભુત રસ. રસ છેને ઘણા? શાંતરસ, અદ્ભુતરસ, બિભત્સરસ, શ્રૃંગારરસ, ઘણા રસ છે. એને શાંત... શાંત... પ્રભુ જેમાં પુણ્યના, પાપના વિકલ્પનો અવકાશ નથી એ ચીજમાં. કારણ કે પુણ્ય અને પાપ આસ્રવ અને કષાય છે, અશાંતભાવ છે. એ ત્રિકાળી શાંતભાવથી વિરુદ્ધ ભાવ છે. ત્રિકાળી અકષાય શાંતરસ પ્રભુ જેની શાંતિનો નમુનો આવતા સમ્યગ્દર્શન-જ્ઞાનમાં, કહે છે કે વીરરસ જાગે છે. વીરતા જાગી અંદર. આહા..હા..!

“**જ્ઞાનરૂપી બાણાવળી આસ્રવને જીતે છે**’.’ ચૈતન્યસ્વરૂપનું સમ્યગ્જ્ઞાન અંતરનું હોં! એ જ્ઞાન. અંતર જ્ઞાનાનંદની મૂર્તિ પ્રભુ એ જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન. એ “**જ્ઞાનરૂપી બાણાવળી આસ્રવને જીતે છે**’.’ મિથ્યાત્વ ને અવ્રત ને પ્રમાદના પરિણામને ઉત્પન્ન થવા દેતો નથી. આહા..હા..! ‘**આખા જગતને જીતીને મદોન્મત્ત થયેલો આસ્રવ...**’ મેં મોટા માંધાતાને જ્ઞાનના ગર્વમાં અને રાગની ક્રિયામાં પાડી નાખ્યા છે. આસ્રવ મદોન્તમત્ત થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં આવ્યું હતુંને? પુણ્ય-પાપમાં નહોતું આવ્યું? ચંડાળણીનો પુત્ર બ્રાહ્મણને ઘરે ગયો (અને કહે છે) અમારે દારૂ ખપે નહિ, અમારે આ ખપે નહિ, આ ખપે નહિ. એમ કરીને અહંકાર સેવે છે. ઓલો ચંડાળ તો ઠીક કે ભાઈ અમે તો આ ચંડાળ છીએ, અમારે તો દારૂ ને બધું હોય. એમ ત્યાગી થઈને આ અમારે ખપે નહિ, આ અમારે ખપે નહિ એવા વિકલ્પમાં જોડાઈને ‘અમે ત્યાગી છીએ’ એમ માને છે. સમજાણું કાંઈ?

‘**જ્ઞાન તો તેના કરતાં વધારે બળવાન યોદ્ધો છે...**’ આસ્રવના બળથી.. એ તો વિકૃતભાવ છે, વિકૃતભાવમાં પુરુષાર્થ કેટલો હોય? અનંતમા ભાગે અને અવિકૃતભાવ છે આ તો. આહા..હા..! ચૈતન્યસ્વભાવ, જ્ઞાનસ્વભાવી વસ્તુ એવી અંતર દૃષ્ટિ સમ્યગ્જ્ઞાન થતાં એ આસ્રવ કરતા તો મહાજોદ્ધો બળવંત છે આ તો. સમજાણું કાંઈ? આહા..હા..! મોટી સભા ભરાણી હતી શ્રીકૃષ્ણના વખતે. ઓલો કોણ સામે? બીજો ત્યાં હજી વાસુદેવ થયા પહેલા.

મુમુક્ષુ :- જરાસંઘ.

ઉત્તર :- જરાસંઘ નહિ એનો જમાઈ. મથુરાનો કંસ-કંસ. કંસ. જરાસંઘનો જમાઈ કંસ હતો. કંસને અભિમાન બહુ હતું. અને પહેલેથી કોકે કહેલું અતિમુક્તકુમારે. અતિમુક્તકુમાર મુનિ હતાને? કહેલું કે આ લગન થાય છે એનો દીકરો આ કંસને મારશે. લાવો બહેનને અહીં

ઘરે લાવો. પ્રસવ અમારે ઘરે થાય. પ્રસવ થાય તો મારી નાખું એને. લઈને ગયા. પ્રસવ થયો. ખાનગી લઈ ગયા. વાસુદેવ પોતે એના પિતાજી અને બળદેવ ખાનગી લઈને બહાર મૂકી આવ્યા અને અહીં...

મુમુક્ષુ :- નંદ...

ઉત્તર :- હા, બહાર નંદા. રાજા નહિ, ભરવાડને ત્યાં મૂકી આવ્યા. અને અહીં કોકની છોકરી હશે એ મૂકી જેમ મડદું હોય. મડદું જોઈને ઓલો ખુશી થઈ ગયો. કોકે કીધું કે છે જાગ્યો છે હોં તારો વેરી. ધ્યાન રાખજે. હવે સભા ભરાણી, બધા બેઠા હતા. આવ્યા પોતે કૃષ્ણ. ભરવાડનું રૂપ માથે. મોરના પીંછા ને એવું બાંધેલું. આમ તો પુણ્યવંત. એના કુટુંબીને કહ્યું કે જાળવજો હોં આ કંસ આવો છે. એકદમ એને વીર આવ્યું એ જાતનું. કંસનો ટાંગો જાલ્યો એ સભામાં. ... જમીન સાથે પછાડ્યો. મરી ગયો. આહા..હા..! એ એનો વેરી હતો એ જાગ્યો. કૃષ્ણ વાસુદેવ લાગે છે આ. જે ભગવાને વાસુદેવ કહ્યા છે એ વાસુદેવ આ લાગે છે. .. સભા મોટી. એના કુટુંબી ભેગા ઓલાના બધા. ટાંગો જાલીને આમ ઉપાડ્યો. જુવાન માણસ. ભીંતની સાથે પછાડ્યો નીચે. માથુ ફોડી નાખ્યું.

અહીં કહે છે કે જ્ઞાન બાણાવળી જાગ્યોને. આસ્રવને પછાડી ભૂક્કો કરી નાખ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? '**આસ્રવને જીતી લે છે...**' બળવાન યોદ્ધો છે. '**અર્થાત્ અંતર્મુહૂર્તમાં...**' અર્થકારને... '**અંતર્મુહૂર્તમાં કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉપજાવે છે.**' એક અંતર બે ઘડીની અંદર. એટલો પુરુષાર્થ પડ્યો છે અંદર. સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું છે અહીં તો એમ કીધું છેને? એને જીતી અને અંતર્મુહૂર્તમાં બે ઘડીમાં કેવળજ્ઞાન. ઝળહળ જ્યોતિ ચૈતન્ય જાગૃત, અંતર્મુહૂર્તે મુક્તિ. જાવ. આહા..હા..! એવો આત્મા અરે..! આ રાગમાં રેલાઈ ગયો. જરીક રાગ છે એ પુણ્યનો થાય તો કહે આહા..હા..! અમે ધર્મ કર્યો. પુણ્યનો જરી દયા, દાનનો ભાવ થયો તો કહે અમને ધર્મ થયો. અરે..! મરી ગયો ક્યાં તું આત્મા? સમજાણું કાંઈ? એય..! ચીમનભાઈ! આહા..હા..!

'**એવું જ્ઞાનનું સામર્થ્ય છે.**' શ્રદ્ધામાં તો લે પહેલું કે આસ્રવના પરિણામને જીતવાને આત્મામાં અનંત જાગૃતિ અને પુરુષાર્થ પડ્યો છે. એની દૃષ્ટિ અને જ્ઞાન થતાં, એની ધારાવાહી જ્ઞાનની એકાગ્રતા થતાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લઈ શકે છે. સમજાણું કાંઈ? એ કળશ થયો.

## ગાથા-૧૬૪-૧૬૫

तत्रास्रवस्वरूपमभिदधाति -

मिच्छत्तं अविरमणं कसायजोगा य सण्णसण्णा दु।
बहुविहभेया जीवे तस्सेव अणण्णपरिणामा।।१६४।।
णाणावरणादीयस्स ते दु कम्मस्स कारणं होंति।
तेसिं पि होदि जीवो य रागदोसादिभावकरो।।१६५।।
मिथ्यात्वमविरमणं कषाययोगौ च संज्ञासंज्ञास्तु।
बहुविधभेदा जीवे तस्यैवानन्यपरिणामाः।।१६४।।
ज्ञानावरणाद्यस्य ते तु कर्मणः कारणं भवन्ति।
तेषामपि भवति जीवश्च रागद्वेषादिभावकरः।।१६५।।

रागद्वेषमोहा आस्रवाः इह हि जीवे स्वपरिणामनिमित्ताः अजडत्वे सति चिदाभासाः। मिथ्यात्वाविरतिकषाययोगाः पुद्गलपरिणामाः, ज्ञानावरणादिपुद्गलकर्मास्रवणनिमित्तत्वात्, किलास्रवाः। तेषां तु तदास्रवणनिमित्तत्वनिमित्तं अज्ञानमया आत्मपरिणामा रागद्वेषमोहाः। तत आस्रवणनिमित्तत्वनिमित्तत्वात् रागद्वेषमोहा एवास्रवाः। ते चाज्ञानिन एव भवन्तीति अर्थादेवापद्यते।

---

હવે આસ્રવનું સ્વરૂપ કહે છે :

મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ [1]સંજ્ઞ [2]અસંજ્ઞ છે,
[1]એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.
વળી ૨તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,
ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.

ગાથાર્થ :-- [मिथ्यात्वम्] મિથ્યાત્વ, [अविरमणं] અવિરમણ, [कषाययोगौ च] કષાય અને યોગ—એ આસ્રવો [संज्ञासंज्ञाः तु] સંજ્ઞ (અર્થાત્ ચેતનના વિકાર) પણ છે અને અસંજ્ઞ (અર્થાત્ પુદ્ગલના વિકાર) પણ છે. [बहुविधभेदाः] વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્રવો-- [जीवे] કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ--[तस्य एव] જીવના જ [अनन्य परिणामाः] અનન્ય પરિણામ છે. [ते तु] વળી અસંજ્ઞ આસ્રવો [ज्ञानावरणाद्यस्य

कर्मणः] જ્ઞાનાવરણ આદિ કર્મનું [कारणं] કારણ (નિમિત્ત) [भवन्ति] થાય છે [च] અને [तेषाम् अपि] તેમને પણ (અર્થાત્ અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં) [रागद्वेषादिभावकरः जीवः] રાગદ્વેષાદિ ભાવ કરનારો જીવ [भवति] કારણ (નિમિત્ત) થાય છે.

ટીકા :— આ જીવમાં રાગ, દ્વેષ અને મોહ—એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે થાય છે માટે તેઓ જડ નહિ હોવાથી ચિદાભાસ છે (જેમાં ચૈતન્યનો આભાસ છે એવા છે, ચિદ્વિકાર છે).

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ--એ પુદ્ગલપરિણામો, જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મના આસ્રવણનાં (-આવવાનાં) નિમિત્ત હોવાથી, ખરેખર આસ્રવો છે; અને તેમને (મિથ્યાત્વાદિ પુદ્ગલપરિણામોને) કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત રાગદ્વેષમોહ છે--કે જેઓ અજ્ઞાનમય આત્મપરિણામો છે. માટે (મિથ્યાત્વાદિ પુદ્ગલપરિણામોને) આસ્રવણના નિમિત્તપણાના નિમિત્તભૂત હોવાથી રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે. અને તે તો (-રાગદ્વેષમોહ તો) અજ્ઞાનીને જ હોય છે એમ અર્થમાંથી જ નીકળે છે. (ગાથામાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું નથી તોપણ ગાથાના જ અર્થમાંથી એ આશય નીકળે છે).

ભાવાર્થ :-- જ્ઞાનાવરણાદિ કર્મોના આસ્રવણનું (-આગમનનું) કારણ તો મિથ્યાત્વાદિકર્મના ઉદયરૂપ પુદ્ગલના પરિણામ છે, માટે તે ખરેખર આસ્રવો છે. વળી તેમને કર્મઆસ્રવણના નિમિત્તભૂત થવાનું નિમિત્ત જીવના રાગદ્વેષમોહરૂપ (અજ્ઞાનમય) પરિણામ છે માટે રાગદ્વેષમોહ જ આસ્રવો છે. તે રાગદ્વેષમોહને ચિદ્વિકાર પણ કહેવામાં આવે છે. તે રાગદ્વેષમોહ જીવને અજ્ઞાન-અવસ્થામાં જ હોય છે. મિથ્યાત્વ સહિત જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે. માટે મિથ્યાદષ્ટિને અર્થાત્ અજ્ઞાનીને જ રાગદ્વેષમોહરૂપી આસ્રવો હોય છે.

---

## ગાથા-૧૬૪-૧૬૫ ઉપર પ્રવચન

'હવે આસ્રવનું સ્વરૂપ કહે છે :-' બે ગાથા છેને?

मिच्छत्तं अविरमणं कसायजोगा य सण्णसण्णा दु।
बहुविहभेया जीवे तस्सेव अणण्णपरिणामा।।१६४।।
णाणावरणादीयस्स ते दु कम्मस्स कारणं होंति।
तेसिं पि होदि जीवो य रागदोसादिभावकरो।।१६५।।

નીચે હરિગીત.

**મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ [1]સંજ્ઞ [2]અસંજ્ઞ છે,**
**[1]એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.**
**વળી ૨તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,**
**ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.**

આહા..હા..! જરી અટપટી વાત છે થોડી. '**આ જીવમાં રાગ, દ્વેષ અને મોહ—એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે થાય છે...**'

મુમુક્ષુ :- ગાથાનો અર્થ લ્યોને.

ઉત્તર :- ગાથાનો અર્થ? ઠીક. એ ગાથાર્થ.

પહેલું '**મિથ્યાત્વ,...**' વિપરીત માન્યતા, બીજો '**અવિરમણ,...**' અત્યાગભાવ '**કષાય અને યોગ—એ આસ્રવો સંજ્ઞ (અર્થાત્ ચેતનના વિકાર)...**' અને અચેતનના વિકાર છે, બેય. એક મિથ્યાત્વભાવ ચેતનનો વિકાર, એક મિથ્યાત્વ દર્શનમોહનો ઉદય. એક અવિરમણભાવ ચૈતન્યનો વિકાર, અચારિત્ર. ચારિત્રમોહનો ઉદય એ જડ. એ બધું જડ છે. આ બાજુ જડ અને આ બાજુ ચૈતન્ય. સંજ્ઞ અને અસંજ્ઞ કીધુંને? સંજ્ઞ એટલે ચેતનના વિકાર એમ. અસંજ્ઞ એટલે પુદ્ગલના વિકાર.

'**વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્રવો—કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ...**' જીવમાં ઉત્પન્ન થાય તે પરિણામ '**જીવના જ અનન્ય પરિણામ છે.**' આહા..હા..! મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય એ જીવના પરિણામ છે. પારિણામિકભાવ ત્રિકાળ પોતે એ આસ્રવપણે પરિણમે છે. સમજાણું કાંઈ? પારિણામિકભાવ જે ત્રિકાળ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય એ પોતે પર્યાયમાં પર્યાયદૃષ્ટિની અપેક્ષાએ, મિથ્યાત્વ ને અવ્રત ને રાગ-દ્વેષના પર્યાયપણે એ પરિણમે છે. એ એના પરિણામ છે. અનન્ય પરિણામ-અનેરા જુદા નહિ. આત્માની સાથે એ પરિણામ અનન્ય-એકમેક છે. આહા..હા..! પર્યાયની વાત છે. સમજાણું કાંઈ? '**અનન્ય પરિણામ છે.**' આહા..! એક બાજુ કહે કે રાગ-દ્વેષના પરિણામ પુદ્ગલના પરિણામ છે. અહીં તો હજી અજ્ઞાનનું બતાવવું છેને એને? કઈ અપેક્ષા છે?

'**વળી અસંજ્ઞ આસ્રવો જ્ઞાનાવરણ આદિ કર્મનું કારણ (નિમિત્ત) થાય છે...**' અસંજ્ઞ આસ્રવો. એટલે શું? કર્મનો ઉદય. જે કર્મનો ઉદય છે એ નવા આવરણનું કારણ થાય છે. શું કીધું ઈ? કર્મનો જે ઉદય છે એ જ આસ્રવ ખરા છે કે જેને કારણે નવા આવરણ આવે છે.

મુમુક્ષુ :- લોકો કહે છે, કર્મના ઉદયથી...

ઉત્તર :- એ ક્યાં કહે છે? ઈ અહીં કહેશે હમણા. એને તો બતાવ્યું કે ઈ છે એને

લઈને આવરણ ક્યારે? આહા..હા..! **'અને તેમને પણ (અર્થાત્ અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં)...'** શું કહે છે જરી? જે કર્મનો ઉદય છેને જડ એ નવા કર્મનું નિમિત્ત, પણ એ નિમિત્ત ક્યારે થાય? એ ઉદયને પણ કર્મબંધનનું નિમિત્ત થવામાં રાગ-દ્વેષાદિ ભાવ કરનારો જીવ કારણ થાય છે. અટપટી વાત કીધીને? ચૈતન્યસ્વરૂપ... કેમ આમ વાત લીધી છે? એ વિકાર પરિણામ જીવના પોતે કરે તો જૂના કર્મની હયાતી છે એનો ઉદય નવામાં કારણ થાય. નવા આવવામાં. પણ ક્યારે? કે જીવ રાગ-દ્વેષ અને અજ્ઞાન કરે તો. સમજાણું કાંઈ? નહિતર કર્મના ઉદયમાત્રે નવા આવરણ આવે એમ નથી. એ સિદ્ધ કરવું છે. આહા..હા..! હમુકુ એનાથી ઊંધું લોકો કહે છે કે કર્મનો ઉદય આવે તો વિકાર કરાવે અને એ નવા આવરણ એને આવે. એ વાત જ ખોટી છે. કર્મનો ઉદય નિમિત્ત થઈને, વિકાર કરાવા માટે નિમિત્ત થઈને આવે. નોકર્મ બહારની ચીજ એ નિમિત્ત પોતે કરે તો નિમિત્ત થાય આરોપથી. એમ નથી. એમ છે. એ પોતે રાગ-દ્વેષ અને મિથ્યાત્વનો ભાવ કરે તો જૂના કર્મને આ નિમિત્ત થાય ત્યારે ઓલું નિમિત્ત નવા કર્મનું કારણ થાય.

મુમુક્ષુ :- દુબારા.

ઉત્તર :- ફરી વાર. ભગવાન આત્મા તો આસ્રવના પરિણામ રહિત વસ્તુ છે. હવે એને વર્તમાન પરિણામ આસ્રવના નવા થાય ત્યારે જૂનું કર્મ જે છે ઉદય, એ ઉદય છે એ નવાનું કારણ થાય. પણ ક્યારે? કે ઉદયને આના રાગ-દ્વેષ-મોહના પરિણામ પોતે જીવ કરે તો આને નિમિત્ત થાય તો એ નિમિત્ત નવા આવરણનું કારણ થાય.

મુમુક્ષુ :- કરે તો થાય, ન કરે તો ન થાય.

ઉત્તર :- નહિતર કાંઈ ન થાય. ઉદય ખરી જાય. આહા..હા..! મોટી તકરાર છે આમાં. ૪૫ ગાથામાં આવે છે પ્રવચનસારમાં, બીજે આવે છે. કર્મનો ઉદય આવે એટલે વિકાર કરવો જ પડે. ના પાડે છે અહીં. વિકાર કરે તો ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ત્યારે આને નિમિત્ત કહેવામાં આવે અને ત્યારે નવા આવરણને નિમિત્ત કહેવામાં આવે.

ફરીને. આત્મા તો પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ ચૈતન્ય (સ્વરૂપ છે) જો એની દૃષ્ટિ થઈને પરિણામ થાય તો તો એ સંવર-નિર્જરાના પરિણામ થાય, પણ જ્યારે પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનો આશ્રય, લક્ષ, દેહ છોડી દઈને કર્મ જૂના છે એનું લક્ષ કરે છે એથી પોતામાં વિકારની ઉત્પત્તિ થાય છે. અને એ વિકારની ઉત્પત્તિ જૂના કર્મના નિમિત્તને નિમિત્ત થાય છે ત્યારે જૂનું કર્મ નવાને નિમિત્ત થાય છે. કાંતિભાઈ! આહા..હા..! લોકોને કર્મ ને કર્મ શું ચીજ છે અને કેમ થાય (એની ખબર નથી). એ કર્મ છે તો આત્માને હેરાન કરે છે લ્યો. ધૂળેય હેરાન કરતું નથી, સાંભળને! શું કીધું?

મુમુક્ષુ :- જૂનું કર્મ...

ઉત્તર :- જૂનું કર્મ રાગ-દ્વેષને કરાવતું નથી એમ કહે છે.

મુમુક્ષુ :- .. તે વિના પૈસા ક્યાંથી આવે?

ઉત્તર :- ધૂળેય નથી. પૈસા બહારના છે. એ તો અઘાતિ કર્મનું નિમિત્ત છે તો પૈસા બહાર આવે. એટલે પણ પૈસા બહાર આવે એ પોતાને કારણે આવે છે. એ શાતાનો ઉદય છે માટે પૈસા આવે છે એમ પણ નથી.

મુમુક્ષુ :- એ ઉદયનું ફળ નથી?

ઉત્તર :- ના.

મુમુક્ષુ :- અમે તો એમ માનતા કે કાંઈક પુણ્યા કર્યા તો આટલા બધા પૈસા મળ્યા.

ઉત્તર :- ધૂળમાંય એમ નથી. પાંચ-પચાસ લાખ દેખાય એ રજકણોની પર્યાય ત્યાં આવવાની એ કાળે હતી જ. ત્યારે એનું જૂનું કર્મ શાતાનું નિમિત્ત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પુણ્યનું કર્મ .. લાવે એમ નહિ?

ઉત્તર :- કોણ ધૂળ લાવે? પુણ્ય પરમાણુ જુદા, ઓલી ચીજ જુદી. એય..! એય..! મુળચંદભાઈ! આહા..હા..!

ફરીને. જે અહીં પાંચ-પચ્ચીસ લાખ દેખાય છે... એય..! આ બધા પાંચ-પચ્ચીસ લાખવાળા છેને કરોડપતિઓ બધા. ઓહો..હો..! કરોડપતિ ગણો. ગણોને હવે ત્યાં ગણવું જ છેને ત્યાં ક્યાં. કહે છે કે એ કરોડો રૂપિયા જે આવ્યા એમ કહેવાય, એ તો તે કાળે, તે રજકણો, તે ક્ષેત્રે, તે રીતે આવવાના પોતાના પુરુષાર્થથી—પર્યાયની શક્તિથી આવતા હતા, એની પોતાની શક્તિથી. ત્યારે એને જૂનું કર્મ આની પાસે જે પડ્યું હોય શાતા આદિ એને નિમિત્ત કહેવાય. એ નિમિત્ત એને ખેંચીને લાવે એમ નથી. એય..! આહા..હા..!

મુમુક્ષુ :- બધું ફેરવી નાખે.

ઉત્તર :- બધું ફરી ગયેલું છે ઊંધુ. એને ફેરવી નાખવું પડશે.

શાતાવેદનીયના પરમાણુ છે એ પર છે, જડ છે અને એ જડ નવા પૈસાને લાવે. શું એક રજકણ બીજા રજકણનો સ્વામી છે? અને ઝીણા-ઝીણાને કોણ લાવે? દ્રવ્યકર્મ ઉદય નવા રજકણને લાવે છે? એ રજકણ તો એને કાળે નવા આવવાના હતા. એને ઉદય નિમિત્ત કહેવાણો અને એ ઉદયને આ રાગ-દ્વેષ નિમિત્ત કહેવાણા. ત્યારે નવા આવવાના રજકણો એને આવે. આહા..હા..! નિમિત્ત કીધું છેને અહીં તો. જૂનું કર્મ પણ નવાને નિમિત્ત કીધું. એનો અર્થ શું? કે એ રજકણો તો એને કારણે ઉપાદાનપણે આવવાના હતા. પણ કોને? કે જેણે અહીં રાગ-દ્વેષ અને મોહ કર્યો એને. જૂના કર્મના ઉદયના કાળમાં જેણે પોતાના પુરુષાર્થ ચુકીને રાગ-દ્વેષ અને મોહ કર્યો એનું પરિણામ એ જૂનાને નિમિત્ત કહેવામાં આવ્યું અને એ જૂના નવાને નિમિત્ત કહેવામાં આવ્યું. સૌ સ્વતંત્ર સૌને કારણે છે. આરે..! આરે..!

કહો, એય..! છે તો એ પણ અનંત રજકણો છે એમ કહેતા... જુઓને સવારમાં આવ્યું નહોતું? દરેક દ્રવ્ય પોતાના ગુણપર્યાયથી યુક્ત છે. અલંકૃત એટલે યુક્ત છે. એ કોઈ દ્રવ્યને કારણે એની દ્રવ્ય પર્યાય ત્યાં થાય? એ રજકણો આવે. અને આમ પણ નથી કહેવાતું? ભાઈ! 'ખાનારનું નામ દાણે દાણે છે.' કહેવાય છે કે નહિ? શું કહે છે?એનો અર્થ શું? કે જે રજકણો જેની પાસે આવવાના છે તે આવવાના. એનું નામ ક્યાં લખ્યું છે? નામનો અર્થ એ, એ કાળે એને એ રજકણોને તે સમયે તે પ્રકારે દાળ, ભાત, રોટલી, મોસંબી એ રજકણો આવવાના હતા એ આવ્યા છે. જીવ લાવ્યો નથી, પૂર્વનું કર્મ લાવ્યો નથી. એય..! મૂળચંદભાઈ! આહા..હા..! સ્વતંત્ર છે. આહા..હા..! ભારે વાત ભાઈ આ. એવી ગોટે ચડી છેને સ્વતંત્રતા મૂકી દઈને.

મુમુક્ષુ :- અટપટું છે.

ઉત્તર :- અટપટું છે કીધુંને પહેલું. અટપટું એણે ઓળખ્યું નથી એટલે અટપટું લાગે છે. બાકી છે તો સીધું. આહા..હા..! સવારમાં તો બહુ આવ્યું હતું. એ કર્મથી જુદો, એના નિમિત્તથી થતી વિકૃતથી જુદો અને ક્ષેત્ર અને કાળ આદિ, આકાશ અને કાળ અને બીજા દ્રવ્યથી પણ ભગવાન તો જુદો છે. દરેક વસ્તુ પોતાની શક્તિ એટલે ગુણ અને પર્યાયથી અલંકૃત છે. અલંકૃત એટલે એનાથી જ છે. સહિત છે. પરની પર્યાયથી, પરની પર્યાય ત્રણ કાળમાં થાતી નથી. આહા..હા..! એક પણ વાતના ઠેકાણા ન મળે શ્રદ્ધાના, ખબર ન મળે અને એય..! ઝઘડા ઉભા કરે પછી. સોનગઢવાળા આમ કહે છે. વળી એમ કહેતા હતા. ઓલું આવ્યું હતું હમણાં રતનચંદજીનું. આ ૪૫ છેને ગાથા? કોકે પૂછ્યું હતું એમ કે સોનગઢવાળા એ દ્રવ્યકર્મને મિથ્યાત્વ કહે છે. મિથ્યાત્વનો ઉદય હોય તો મિથ્યાત્વ થયા વિના રહે જ નહિ એમ કહે. પણ એમાં એક વાત...

મુમુક્ષુ :- એની લાયકાતથી થાય છે.

ઉત્તર :- એ લાયકાતથી થાય, એ મિથ્યાત્વનો જ્યારે અહીં થવાનું હોય ત્યારે ત્યાં ઉદય એને કારણે હોય જ નહિ. સમ્યગ્દર્શન અહીં થાય એ દર્શનમોહનો ઉદયનો કાળ ત્યાં હોય જ નહિ. એવી વાત છે. ભારે વાતું, ફેર બહુ.

અહીં તો કહે છે સંજ્ઞ, અસંજ્ઞ બે પ્રકારના આસ્રવો. સંજ્ઞ એટલે આત્મામાં થતાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય સંજ્ઞ. ત્યાં ચૈતન્યનો આભાસ છે એટલે. એ અનન્ય પરિણામ જીવ સાથે છે. અસંજ્ઞ એટલે જડ કર્મ. એ જડ કર્મનો ઉદય અસંજ્ઞ છે. એમાં ચૈતન્યપણું નથી. બે. હવે જે અસંજ્ઞ એવા કર્મનો ઉદય જે છે એ નવા કર્મનું કારણ એમ પહેલું લીધું છે. પણ જે નવા કર્મનું કારણ એ નિમિત્ત ક્યારે થાય? કે જ્યારે જીવ પોતે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ કરે તો.

મુમુક્ષુ :- પોતે..

ઉત્તર :- પોતે. મિથ્યાત્વ, રાગ-દ્વેષ ન કરે (તો) જૂના કર્મ નવાનું નિમિત્ત ન થતાં ખરી જાય. આહા..હા..! મનસુખભાઈ! આવી વાતું ઝીણીયું. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! આહા..હા..! આવી વાત છે. અરે..! અહીં તો સ્વતંત્રતાના ઢંઢેરા પીટાય છે. રાણીનું નહોતું આવ્યું? કાંઈક આવ્યું હતુંને? ઢોલ પીટાવ્યો હતોને? રાણી વિક્ટોરિયા વખતે. એવું કાંઈક સાંભળ્યું હતું. ઢંઢેરો.

મુમુક્ષુ :- કોઈના ઘરમાં...

ઉત્તર :- દખલ ન કરવી હા એવું. કોઈએ કોઈના ઘરમાં દખલ ન કરવી. એવું વિક્ટોરિયા તરફથ ઢંઢેરો પીટાણો હતો. એવું કાંઈક એનું નામ હતું. કાંઈક નામ ભાષા હતી. વિક્ટોરિયા રાણી હતીને.

આ ભગવાનના ઉપદેશમાં જગતનો ઢંઢેરો પીટ્યો છે કે દરેક દ્રવ્ય અને ગુણ-પર્યાય પોતાને કારણે સ્વતંત્ર છે. કોઈને કારણે કોઈ છે નહિ. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૧, સોમવાર, તા. ૨૯-૦૧-૧૯૭૩
## ગાથા-૧૬૪-૧૬૫, પ્રવચન-૨૯૯

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

'**રાગ, દ્વેષ અને મોહ—એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે થાય છે માટે તેઓ જડ નહિ હોવાથી ચિદાભાસ છે...**' શું કહે છે? કે આ આત્મામાં જે રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ જે થાય છે એ જીવના પોતાના પરિણામથી, પોતાની પર્યાય પરિણમનથી થાય છે. સમજાણું? '**રાગ, દ્વેષ અને મોહ—એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે થાય છે...**' પોતાની પર્યાયમાં પરિણામનું કારણ એ આસ્રવ એ કારણે આસ્રવ થાય છે, પરને કારણે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એના નિમિત્તે થાય છે એમ કીધું.

ઉત્તર :- હા, હા તે કારણે, પરિણામને કારણે. પરિણામ નિમિત્ત. '**स्वपरिणामनिमित्ताः**' નિમિત્ત શબ્દે કારણ. પછી ઉપાદાનમાં વપરાય છે. નિમિત્ત પર્યાય બહારમાં પણ વપરાય છે.

આત્મા વસ્તુ અનાદિ-અનંત નિત્ય ધ્રુવ આનંદ એમાં પર્યાયમાં વર્તમાન પરિણામમાં જે રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન થાય છે, વિકારી પરિણામ પોતાને કારણે થાય છે. કહો, પંડિતજી! પરને કારણે નહિ, ના પાડે છે અહીં જુઓ, '**स्वपरिणामनिमित्ताः**'

મુમુક્ષુ :- પોતાના કારણે એટલે?

ઉત્તર :- પોતાની પર્યાય પોતાને કારણે થાય છે, જડને કારણે નહિ. ખરેખર પુદ્ગલને કારણે નહિ અને ખરેખર તો દ્રવ્ય-ગુણને કારણે નહિ. પરિણામને કારણે થાય એમ કહે છે.

મુમુક્ષુ :- કર્મ પણ કારણ નહિ?

ઉત્તર :- કર્મને કારણે નહિ. એ તો મૂળ વાત છે. જડ કર્મથી શું થાય? એ તો પર છે. આહા..હા..!

ભાષા છેને જુઓને, '**जीवे स्वपरिणामनिमित्ताः**' પોતાની પર્યાયને કારણે એમ સિદ્ધ કર્યું છે. ખરેખર તો દ્રવ્યકર્મને કારણે તો નહિ પણ દ્રવ્ય-ગુણને કારણે નહિ. સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવ પરમાં સુખબુદ્ધિ, પુણ્યમાં ધર્મભાવ, પાપમાં હિતબુદ્ધિ વગેરે મિથ્યાત્વભાવ એ જીવની પર્યાયમાં પોતાના પરિણમનથી પરિણામને કારણે થાય છે. બહુ ચોખ્ખી વાત કરી છે. '**પોતાના પરિણામના નિમિત્તે થાય છે...**' પરિણામને કારણે થાય છે. પરને કારણે તો નહિ, પણ દ્રવ્યને, ગુણને કારણે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- .. કર્મની.

ઉત્તર :- બસ, કહે છે એની સામે આ વિરુદ્ધ છે આચાર્યનું. ..થી કહે છે. એમ તમે માનતા હતા જેમ કહેતા હતા એમ.

મુમુક્ષુ :- એવો ઉપદેશ દેતા હતા.

ઉત્તર :- એવો ઉપદેશ છે. બહુ સરસ વાત છે હોં! આહા..હા..!

'**रागद्वेषमोहा आस्रवाः इह हि जीवे**' છેને? '**પોતાના પરિણામના નિમિત્તે થાય છે માટે તેઓ જડ નહિ હોવાથી...**' આત્માની પર્યાયમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ અને એ પરિણામ મારા. એવો જે મિથ્યાત્વભાવ એ પોતાની પર્યાયમાં પોતાને કારણે થાય છે, પરને કારણે નહિ. પંડિતોને એ બધા કહે છેને બહુ? પરને કારણે, પરને કારણે થાય છે. એ અહીં ના પાડે છે. એ પારિણામિકભાવ ત્રિકાળી ભગવાન એની પર્યાય વર્તમાન અવસ્થા એ અવસ્થાને કારણે, પરિણામને કારણે, બદલવાને કારણે એ રાગ-દ્વેષ-મોહ થાય છે. પર્યાયબુદ્ધિવાળાને પર્યાયબુદ્ધિવાળાને. એ કહેશે આગળ. એ ગાથામાં

**'અજ્ઞાનીને જ હોય છે એમ અર્થમાંથી જ નીકળે છે.'** એમ. ખરેખર ઈ છે. પર્યાયમાં જે મોહ અને રાગ-દ્વેષ થાય છે એ પર્યાયબુદ્ધિવાળાને પોતાના પરિણામથી થાય છે. સમ્યગ્દૃષ્ટિને થતું નથી એમ સિદ્ધ કરવું છે અહીંયા. કેમકે સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ પર્યાય ઉપર નથી. દ્રવ્ય જ્ઞાયકભાવ ચિદાનંદ નિત્યાનંદ પ્રભુ એની દૃષ્ટિને કારણે,... આચાર્ય કહે છે, **'અજ્ઞાનીને જ હોય છે એમ અર્થમાંથી જ નીકળે છે.** (ગાથામાં સ્પષ્ટ શબ્દોમાં **કહ્યું નથી** તોપણ **ગાથાના જ અર્થમાંથી એ આશય નીકળે** છે).' નીચે. એ શબ્દ ધ્વનિ જ એ છે.

જેણે વિકારી પરિણામ પોતાના માન્યા છે એને પોતાથી વિકારી પરિણામ થાય છે. કહો, સમજાણું કાંઈ? જેણે પોતાની પર્યાયમાં રાગ, દ્વેષ અને મોહ મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ-મોહ, ખરેખર તો એ મારા છે એમ માનનારાની બુદ્ધિમાં પોતાના પરિણામથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે. ધ્વનિ એમાં એ છે. સમજાણું કાંઈ? છેને? **'આ જીવમાં રાગ, દ્વેષ અને...'** મિથ્યાત્વભાવ. પુણ્યભાવમાં ધર્મ છે, પાપમાં ઠીક છે, પુણ્યભાવમાં સુખબુદ્ધિ છે અને પુણ્યના ફળમાં પણ સુખબુદ્ધિ છે એવી બુદ્ધિ મિથ્યાત્વબુદ્ધિ અજ્ઞાનીને, પર્યાયબુદ્ધિવાળાને પોતાની પર્યાયમાં એ થાય છે. આહા..હા..!

**'તેઓ જડ નહિ હોવાથી...'** એ જડ નથી. સમજાણું કાંઈ? એ જડ નથી. **'ચિદાભાસ છે...'** શું કહ્યું? શુભ-અશુભભાવ વિકારીભાવ અને એ વિકારીભાવ મારા છે એવો મિથ્યાત્વભાવ, એ મિથ્યાબુદ્ધિવાળાને પોતાની પર્યાયમાં બુદ્ધિ જેની છે, જેની પર્યાયબુદ્ધિ ગઈ નથી અને પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવ... અહીંયાં જે સિદ્ધ કરવું છે એ વાત સિદ્ધ કરવી છેને? આ જીવમાં જે જીવમાં ત્રણ પ્રકાર—એક તો જીવદ્રવ્ય વસ્તુ જે અનંત શક્તિનો પિંડ અને એમાં જે આનંદ અને જ્ઞાનાદિ શક્તિઓ ગુણ એ ત્રિકાળી સ્વભાવ અને એની પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં મિથ્યાત્વ, રાગ-દ્વેષનો ભાવ એ પરિણામમાં પર્યાયને કારણે થાય છે એમ કહે છે. આહા..હા..! ભાઈ! આજે તો હિન્દી લીધું ઓલા આવ્યા, ન આવ્યા.

મુમુક્ષુ :- આપણા હિન્દીભાઈ હતાને કેટલાક.

ઉત્તર :- ઈ શેઠે હવે તો અહીં ગુજરાતી સમજવું પડશેને. કહો, સમજાણું કાંઈ?

આ ચૈતન્ય જે વસ્તુ, આ તો જડ છે શરીર, અંદર કર્મ જે છે એ પણ જડ છે અને અંદરમાં જે પુણ્ય અને પાપના ભાવ જે વિકારી થાય છે અને એ શુભ-અશુભભાવ મારા છે એવો મિથ્યાત્વભાવ અને શુભાશુભભાવ પોતાની પર્યાયમાં, પોતાની અવસ્થામાં, પોતાને કારણે, પોતાના પરિણામથી થાય છે. શેઠ! આ ઉપદેશ ઊંધા (મળ્યો) માટે નથી એમ કહે છે. ઉપદેશ ઊંધો મળ્યો તો અમને એમ થયું એમ ના પાડે છે. જુઓ,

મુમુક્ષુ :- તો શું કહે છે?

ઉત્તર :- પોતાની પર્યાયથી થાય છે. કોઈ પરને કારણે નહિ.

મુમુક્ષુ :- પોતાની ભુલ?

ઉત્તર :- હા, આહા..હા..! ખબર નહિ કે શું ચીજ છે? અહીંયાં તો પર્યાયબુદ્ધિવાળાને થાય છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ક્યાં ગયા તમારા બીજા? ઠીક, આ બધું સમજવા જેવું છે હોં. ત્યાં તો બધા ધૂળધાણી છ, કાંઈ ન મળે. મફતના હેરાન-હેરાન છે. ઓલા રૂપિયા ભાળેને પૈસા પાંચ લાખ ને દસ લાખ ને ધૂળ લાખ ને ભાઈ! માટી ધૂડ છે. ધૂડ મારી છે એવી માન્યતા મિથ્યાદષ્ટિની (છે). પર્યાયબુદ્ધિવાળાને મિથ્યાત્વભાવ થાય છે એમ કહે છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આ પૈસા મારા છે, દેશ મારો છે, સ્ત્રી મારી છે, કુટુંબ મારું છે, મકાન મારું છે, આબરૂ મારી છે એવી માન્યતા મિથ્યાદષ્ટિની પર્યાયબુદ્ધિવાળાને એવો મિથ્યાત્વભાવ થાય છે. એ પરને કારણે નહિ, દ્રવ્ય-ગુણને કારણે નહિ, કર્મને કારણે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- પોતાના પરિણામને (કારણે).

ઉત્તર :- એનો પરિણામનો કાળ જ સ્વકાળ જ એ જાતનો મિથ્યાત્વનો છે અજ્ઞાનીને. આહા..હા..! કહો, પ્રેમચંદભાઈ! આવી વાત છે.

અહીં તો એમ સિદ્ધ કરવું છે કે ભગવાનની ભક્તિનો ભાવ એ રાગ અને દયા, દાનનો ભાવ એ રાગ. આમાં બહુ ચીતર્યું છે આજે કે અમે દયાને, અહિંસાને ધર્મ નથી કહેતા. પણ પરની દયા તો રાગ છે. શાસન. લખ્યું છે. એને બેસે એ લખે. ખૂબ લખ્યું છે. આહા..હા..! અહિંસા તો બે પ્રકારની—એક નિશ્ચય અને વ્યવહાર. પરની દયા અહિંસા એ ભાવ શુભરાગ છે. અને એ રાગ શુભ પણ જેની પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ ઉપર દૃષ્ટિ છે એને થાય છે એમ કહે છે અને અહિંસા નિશ્ચય અહિંસા, જેની દ્રવ્યદૃષ્ટિ વસ્તુ ત્રિકાળી જ્ઞાયક છે એના ઉપર દૃષ્ટિ છે એને એવી અહિંસાની પર્યાય થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ જ અહિંસા છે.

ઉત્તર :- એ જ અહિંસા છે. એય..! રાડ-રાડ નાખે છે અંદર. બાપુ! તને ખબર નથી માર્ગની. વીતરાગ માર્ગ છે, ભાઈ! આ તો વસ્તુની સ્થિતિ છે. પરની દયા તો આત્મા કરી શકતો નથી આત્મા. કેમકે એ પરની દયા તો એનું આયુષ્ય હોય તો જીવે અને નહિતર મરી જાય એને કારણે. પરની પર્યાય તો આત્મા કરી શકતો નથી. પોતાની પર્યાયમાં પરજીવની દયાનો ભાવ જે ઉત્પન્ન થાય છે રાગ, અહીં તો એ સિદ્ધ કરવું છે કે રાગ ઉત્પન્ન થાય છે એ પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ ઉપર દૃષ્ટિ છે એને થાય છે. મિથ્યાદષ્ટિને રાગ ઉત્પન્ન થાય છે એમ કહે છે. આહા..હા..! ગજબ વાત છે.

સમ્યગ્દષ્ટિમાં ત્રિકાળી આનંદકંદ પ્રભુ એ દૃષ્ટિમાં જ્યાં સ્વીકાર છે તો એ દૃષ્ટિના સ્વીકારમાં નિર્મળ વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! ખરેખર તો એ પર્યાય પર્યાયને કારણે

ઉત્પન્ન થાય છે, પણ દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. આહા..હા..! ઝીણી વાત. લોકોને મૂળ તત્ત્વની ખબર ન મળે. સમજાણું કાંઈ? અહીંયાં તો દૃષ્ટિપ્રધાન કરવું છે આસ્રવની વાત ઉપાડીને. પુણ્ય અને પાપ બે એક છે. શુભ અને અશુભ બેય એક જાતનો આસ્રવ છે. આહા..હા..!

ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ પૂર્ણ અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા તો છે. એ અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં જ્યાં દૃષ્ટિ પડી એને, કહે છે કે રાગ અને દ્વેષ મિત્યાત્વ છે નહિ, પણ રાગ-દ્વેષ ઉત્પન્ન નથી થતા. આહા..હા..! એ રાગ-દ્વેષ થાય છે એના જ્ઞાનની ઉત્પત્તિ એમાં થાય છે. આહા..હા..! શાંતિભાઈ! આહા..! આવો માર્ગ છે, લોકોને બાહ્યની તત્ત્વની ખબર ન મળે અને બાહ્યત્યાગ ઉપર મહિમા ગઈ એ જ મિથ્યાબુદ્ધિ, પર્યાયબુદ્ધિવાળાની બાહ્ય ત્યાગ ઉપર બુદ્ધિ છે. આહા..હા..! અંદરનો ત્યાગ જે મિથ્યાત્વનો ત્યાગ એ તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતાં જ આનંદનો નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એવી ચીજ ઉપર દૃષ્ટિ પડતાં મિથ્યાત્વની ઉત્પત્તિ થતી નથી. એ મિથ્યાત્વનો ત્યાગ એને થાય છે. તો પહેલો ત્યાગ તો એ છે. એ ત્યાગ તો છે નહિ અને બહારનો ત્યાગ થઈ ગયો, સાધુ થઈ ગયો.

ટીકા કરી છે એકમાં. આવે છેને આત્મધર્મમાં ઓલો છેને તમારો ગોંડલનો ... લખે છેને. આવે છે. ત્યાં પણ આપવા આવ્યો હતો. એ તો શુભભાવને નપુંસક કહે છે શુભભાવ કરનારને. હીજડો કહે છે. નપુંસક કહો કે હીજડો કહો. એય..! ક્લીબ શાસ્ત્રમાં પાઠ છે. શુભ અને અશુભભાવ બેય વિકારી છે અને વિકારની રચના ઉપર જેની દૃષ્ટિ છે એ મિથ્યાત્વભાવ છે, નપુંસક છે, સ્વરૂપમાં જે વીર્ય છે આત્મવીર્ય, આત્મબળ એનું કાર્ય તો આનંદ સ્વરૂપની રચના કરવી એ એનું કાર્ય છે. રાગની રચના કરવી એ આત્માના સ્વરૂપના વીર્યનું કાર્ય એ નથી. આહા..હા..! એય..! ગોવિંદજીભાઈ! ગોવિંદજી! એવી વાત છે. રાડ નાખે. હીજડા હીજડા કહે છે. પણ ઈ તો નપુંસક કહે, હિજડો કહે, ક્લીબ કહે. સાંભળને હવે.

અંતર આત્મબળ જે આત્મામાં વીર્ય પડ્યું છે, બળ-બળ એ બળને ધરનાર આત્મા એની જેને દૃષ્ટિ થઈ એ તો સ્વરૂપની શુદ્ધતાને રચનારો છે. અશુદ્ધતા થાય છે એ એની રચના નથી. એ તો પરના નિમિત્તથી થાય છે. કાઢી નાખ. આહા..હા..! એ અહીં વાત નથી. અહીં તો પર્યાયબુદ્ધિવાળાને જ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે એટલી વાત કરવી છે. સમજાણું કાંઈ? ભારે કામ! બધી ચર્ચા કરે. ભગવાન! આની વર્ણીની ચર્ચા કરી છે. વર્ણીજી આવ્યા. ... છતાં કોઈ મનુષ્યો આવ્યા નહિ. દ્વેષી છે દિગંબરના તો. ઢુંઢીયા છે એ તો બધા. એમ લખ્યું છે. અરે..! ભગવાન! ત્યાં ચોમાસુ હતુંને. મનોહરલાલજી અમદાવાદમાં. મનોહરલાલજી. ચોમાસુ હતું. આ મુમુક્ષુ ત્યાં વ્યાખ્યાનમાં નહોતા ગયા. ત્યાં અમદાવાદમાં.

મુમુક્ષુ :- જયપુર આવ્યા હતા.

ઉત્તર :- આવ્યા હતા. ચાતુર્માસ ત્યાં થયા. મુમુક્ષુ ન ગયા તો ચર્ચા કરી કે એ તો

ઢુંઢીયા છે. દિગંબરને કેમ માને? દિગંબરનો દ્વેષ કરે છે. પણ હજી ઈ પોતે બિચારો કહે છે કે ઉદ્દેશિકનું અમારે લેવું... એનો તો પ્રશ્ન હતો અને... ભાઈ! આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. ક્ષુલ્લક થઈને રેલમાં બેસે એ વ્યવહારે ક્ષુલ્લક ન હોય. ક્ષુલ્લક તો એને પૈસાના કામ દેવ-દેવળને કરે, પુસ્તક દેવાના, લેવાના કરવાના કામ એના નહિ. એ તો શેઠને લાગ્યું હતું બરાબર. કહો, સમજાય છે કાંઈ? તમે એને કહેતા હતા? વ્યવહાર ક્ષુલ્લકપણું છે એ નહિ. કોઈ વ્યક્તિ પ્રત્યેની વાત નથી. વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? અને એ જ પ્રશ્ન કરતા હતા બિચારા જયપુરમાં. ઉદ્દેશિકનો ખુલાસો થઈ જાય તો બધાને (સમાધાન) થઈ જાય. શું ખુલાસો કરીએ? અમે તો કોઈને દ્રવ્યક્ષુલ્લક પણ માનતા નથી. કેમકે છે જ નહિ. એય..! મુળચંદભાઈ! એને માટે ચોકા કરીને લે, ઉદ્દેશિક લે, રેલમાં બેસે. એ વ્યવહાર ક્ષુલ્લક ક્યાં? નિશ્ચય તો છે નહિ, પણ વ્યવહાર ક્યાં છે? વ્યક્તિ પ્રત્યે અહીં કામ નથી. અહીં તો ભગવાનનો માર્ગ છે. સમજાણું કાંઈ? વિશેષ પ્રતિજ્ઞા કરીને તોડવી એ મહાપાપ છે. પ્રતિજ્ઞા ન લે એ તો જેટલા અવ્રતભાવ એનું પાપ છે. ઘણા પ્રતિજ્ઞા લઈને તોડે છે એ તો મહાપાપ જૈનદર્શનમાં કહ્યું છે. વ્યક્તિ પ્રત્યે પ્રેમ હો, પણ વસ્તુ પ્રત્યે જેવી ચીજ છે એવી ચીજ તો જાણવી જોઈએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ખોલીને. ત્યાં પૈસા આપ્યા છે ભાઈએ કોક. સહજાનંદ શાળા ખોલી.

મુમુક્ષુ :- ... ઉદ્દેશિક ત્યાગ છે..

ઉત્તર :- ... તોપણ લ્યે છે. એને ક્યાં છે પ્રતિમા? હવે કહે છે કે એને તમે માનો. તમે ઢુંઢીયા છો એમ કરીને. એમ કે આમાં આવ્યું છે. ગમે તે કહે બાપા! તને લાગે એમ કહે ભાઈ! એના પ્રત્યે કાંઈ દ્વેષ કરવા જેવો તો છે નહિ. એ તો વ્યક્તિને ... આહા..હા..!

અહીં તો પરમાત્મા એની વાણીમાં દૃષ્ટિપ્રધાન દ્રવ્યવાળાને પર્યાયમાં વિકાર થતો જ નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જેની દૃષ્ટિ પર્યાય ઉપર છે... આહા..હા..! એણે દ્રવ્ય જોયું જ નથી. શક્તિવાન કોણ અને શક્તિ કોણ છે? એની ખબર પમ નથી, તો એક સમયની પર્યાયમાં પરિણામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ઉત્પન્ન પર્યાયબુદ્ધિવાળાને થાય છે. આહા..હા..!

**'એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે થાય છે...'** પરિણામના નિમિત્તે કહો કે ઉપાદાન કહો, નિમિત્ત એટલે કારણ. ઉપાદાન કારણથી થાય છે. અશુદ્ધ ઉપાદાન. આહા..હા..! અરે..! એકે વાત સત્ય ન હોય ત્યાં એને કેમ બેસે ભાઈ? આ તો વીતરાગનો માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવનો જે હુકમ છે એનાથી વિરુદ્ધ માને એની માન્યતા તો તદ્દન મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? 'જડ **નહિ હોવાથી ચિદાભાસ છે (જેમાં ચૈતન્યનો**

**આભાસ છે એવા છે, ચિદ્વિકાર છે).'** રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ અને મિથ્યાત્વ એ ચૈતન્યની પર્યાયમાં એનો વિકાર છે. તો ચિદાભાસ છે. ચિદ્‌ઘન, ચિદ્ જ્ઞાનાનંદ એમાં નથી. જ્ઞાન અને આનંદનો અંશ નથી. પણ છે એની પર્યાયમાં માટે એ ચિદાભાસ છે. આહા..હા..! એકદમ દ્રવ્યદૃષ્ટિ કેવી છે અને પર્યાયદૃષ્ટિ કેવી છે એનો ખુલાસો કર્યો છે. સમજાણું કાંઈ? એટલી વાત ત્યાં આગળ થઈ.

બીજી. **'મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ—એ પુદ્‌ગલપરિણામો,...'** એ શું? એ જડ જડ કર્મ. જૂના જડ કર્મ છેને જડ કર્મ? એનો ઉદય આવ્યો એ જડની પર્યાય છે જડમાં. મિથ્યાત્વનો ઉદય, દર્શનમોહનો ઉદય, અવિરતિ ચારિત્રમોહનો ઉદય એ કષાય અને યોગ. એ પુદ્‌ગલપરિણામ છે, એ જડના ઉદય જડના પરિણામ છે. ચૈતન્યની પર્યાયમાં જે મિથ્યાત્વ, રાગ-દ્વેષ છે એ ચૈતન્યના પરિણામ છે અને એમાં જડ જે કર્મ બીજા છે એમાં મિથ્યાત્વ અવિરત કષાય જે જડની પર્યાય ઉત્પન્ન થાય છે કર્મની એ પુદ્‌ગલપરિણામ છે. સમજાણું કાંઈ? શું કહ્યું? કોને પુદ્‌ગલપરિણામ કહ્યા? આ બધી શેઠિયાઓની પરીક્ષા લીધી હોયને. છોકરાઓની પરીક્ષા લેવાય છે અહીં. બે-ત્રણની લેવાની છે કહે છે. ઓલી આ જયપુરવાળી, વીતરાગ વિજ્ઞાન. એ છોકરાઓ કહેતા હતા. કેમ નથી આવ્યા કીધું રવિવારે? કહે, અમારે બે-ત્રણ દિ'માં પરીક્ષા થવાની છે. વીતરાગ વિજ્ઞાનની જયપુરની લેવાય છે, હુકમચંદજી, એના તરફથી. એમ આ મોટાઓની પરીક્ષાઓ થતી હોયને બે મહિને, મહિને તો ખબર પડે.

મુમુક્ષુ :- રોજ લેવી જોઈએ.

ઉત્તર :- રોજ લેવી જોઈએ પરીક્ષા એમ કહે છે. આ કોક દિ' પૂછીયે ત્યાં એં.. એં.. થઈ જાય તો એ પરીક્ષા આવી ગઈ નહિ? એમાં શું છે? મૂળચંદભાઈ! આહા..હા..!

અહીંયાં તો કહે છે, જ્યારે પરથી ભિન્ન કરીને પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે એ પોતાની પર્યાયમાં છે એમ સિદ્ધ કરવું છે. પણ એ પર્યાયમાં છે એ પર્યાયબુદ્ધિવાળાને છે એમ કહે છે. કહો, છોટાભાઈ! કહો, આવું ઝીણું છે બહુ. હવે માણસે સાંભળ્યું ન હોય, સમજમાં આવ્યું ન હોય અને થઈ ગયો ધર્મ એને. આહા..હા..!

**'જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મના આસ્રવણનાં (-આવવાનાં) નિમિત્ત હોવાથી,... '** કોણ? એ જૂના જડ કર્મ. જૂના જડ કર્મ જે ઉદયમાં આવ્યા એ. એ નવા **'જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મના...'** નવા જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય એમાં નિમિત્ત હોવાથી. નવું આવરણ આવ્યું એના કારણમાં એ જૂના કર્મ નિમિત્ત થાય છે. ઉપાદાન તો નવું પોતાથી આવે છે. નવું આવરણ જે ઉત્પન્ન થાય છે એ તો પોતાને કારણે. એમાં જૂના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. ભારે ગડબડ ભાઈ ગાથા! આ **'ખરેખર આસ્રવો છે;...'** **'ખરેખર આસ્રવો**

છે;...' ખરેખર તો એ આસ્રવ છે. આત્મામાં ક્યાં એ આસ્રવ? આ તો જડ એ આસ્રવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રશ્નોત્તર મૂક્યા છે ઓલા શું કહેવાય? સિદ્ધાંત પ્રવેશિકામાં. આ લીધા છે. બેય લીધા છે. જૂના અને નવા બેય છે.

શું કહ્યું સમજાણું? પહેલા કહ્યું, એ પોતાની પર્યાયમાં વિપરીત માન્યતા અને રાગ-દ્વેષ એ ચિદાભાસ એ જીવના પરિણામ અને સાથે જડ કર્મ છે પૂર્વના એનો ઉદય આવે છે દર્શનમોહ, ચારિત્રમોહ, નામકર્મનો ઉદય આદિ, તો એને ત્યાં જડના પરિણામ કહ્યા. એ પુદ્‌ગલની પર્યાય છે. આ જીવની પર્યાય છે, એ પુદ્‌ગલની પર્યાય છે. અજીવની પર્યાય છે એ. જે પોતાની પર્યાયમાં અજીવની પર્યાયની નાસ્તિ છે અને અજીવની પર્યાયમાં આ રાગ-દ્વેષ-મોહના પર્યાયની નાસ્તિ છે. સમજાણું કાંઈ? એય..! હિંમતભાઈ! આ વાંચો છો ઘરે ત્યાં કોઈ દિ'?

મુમુક્ષુ :- અહીં આપ તો વંચાવો છો.

ઉત્તર :- પણ પાછું ઘરે વાંચવું જોઈએને. કે આમાં શું કહેવા માગે છે? તો સમજાય આમાં કે હા આપણે કહેતા હતા, આ તો કાંઈક બીજું નીકળ્યું.

એ '**ખરેખર આસ્રવો છે;...**' જુઓ, કોને ખરેખર આસ્રવ કહ્યા? જડના ઉદયને. કારણ કે ખરેખર આસ્રવના પરિણામ જીવના તો છે નહિ અંદર દ્રવ્ય-ગુણના, પર્યાયના છે. તો એ કારણે એ ખરેખર આસ્રવ જડ તે નિમિત્ત છે એનાથી નવા કર્મ આવે છે. સમજાણું કાંઈ? '**અને તેમને (મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને)...**' દર્શનમોહનો ઉદય થયો, ચારિત્રમોહનો ઉદય થયો, નામકર્મનો ઉદય થયો. બસ, ત્રણ આવી ગયા. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. એ '**કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું...**' નિમિત્ત. મિથ્યાત્વાદિ પુદ્‌ગલ જડપર્યાય જે છે પર એ '**કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું...**' નવા કર્મમાં આસ્રવનું એ નિમિત્ત. એને નિમિત્ત રાગ-દ્વેષ-મોહ છે. અટપટી વાત છે.

કહે છે કે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે. એની પર્યાયમાં, વર્તમાન દશામાં, હાલતમાં જે ભ્રમણા થાય છે કે પરમાં સુખ છે, આ પૈસામાં સુખ છે, સ્રીમાં સુખ છે, સ્રીને પતિમાં સુખ છે, આ બંગલા મોટા હજીરા ઊભા કરીને સુખ છે. આ વાસ્તુ-બાસ્તુ કરે છેને. શું કહે છે? વાસ્તુ-ઉદ્‌ઘાટન. છ લાખનો બંગલો કર્યો તો ઉદ્‌ઘાટ કર્યું હશે કે નહિ કાંઈક બધાને ભેગા ભેળવીને. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આમ ખુશી-ખુશી થાય. ખુરશીયું ને શું કહેવાય? ટેબલ ને... તમારે પણ આવ્યું છે. કાલે કહેતા કોક હસમુખ. અહીં ટેબલ અને ખુરશી આવી છે. રસોડે. કો'ક કહેતું હતું કાલે. ટેબલ અને ખુરશીયું. નીચે ઓલા પીરસનારને આમ વળવું પડેને એ કરતા ટેબલ અને ખુરશી ઉપર બેઠા હોય તો ઊભા-ઊભા (પીરસાય).

મુમુક્ષુ :- મારા જેવાને જમવા જાવામાં વાંધો ન આવે.

ઉત્તર :- તમારે ત્યાં ક્યાં જાવું છે જમવા? ઘરે ખાવાનું ઠેકાણું નથી. રોટલી ને દાળ-ભાત, શાક ખાય છે. કાંઈ પકવાન-બકવાન પણ ખાતા નથી. ઓલો ઊભા ઊભા વહોરાવું. નીચે આમ વળીને દેવું પડેને. દાળ, રોટલી, શાક તો ખુરશીએ બેઠો હોય અને આમ ટેબલ હોય તો ઉપર ઊભા ઊભા આમ દેવાય. એવી સગવડતા કરી અહીં.

મુમુક્ષુ :- પંખા પણ છે.

ઉત્તર :- પંખા ને એ વળી...

અહીં તો કહે છે કે ઈ આમ સગવડતા આહા..હા..! પાંચ-દસ લાખનું મકાન, છોકરાઓ મોટા સારા રળાઉ-કમાઉ હોય પાપના, આ પૈસા કમાવાના. અને આમ બેઠા હોય આહા..હા..! વેવાઈ-વેવલા બધા ભેગા થાય. છ છોકરા એના છ વેવાઈ હોયને બધા? તો સાસુ-સસરા ભેગા થાય. આહા..હા..! જુઓ, મજા. એ મજા માનવી એ મહા ભ્રમણા અજ્ઞાન છે કહે છે. એય..! ચીમનભાઈ! એ ભ્રમણા નામ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વના ઉત્પાદક પર્યાયબુદ્ધિવાળો પોતાથી મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે. કોઈને કારણે નહિ, કર્મને કારણે નહિ. આહા..હા..!

કર્મ જે ઉદયમાં આવ્યા એ નવા કર્મનું નિમિત્ત છે, નવા કર્મ આવવામાં અને એ કર્મને નિમિત્ત અજ્ઞાનીના રાગ-દ્વેષ-મોહ પરિણામ છે. એકલું નિમિત્ત છે એમ નહિ. એકલો કર્મનો ઉદય છે એ જ બંધનું કારણ છે. તો તો સદાય ઉદય છે. પણ જે કર્મનો ઉદય છે એ બંધનું કારણ કોને? જે જીવ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ કરે એ જૂના કર્મને નિમિત્ત કરે એને આ નિમિત્ત નવા કર્મનું કારણ છે. આહા..હા..! ભારે અટપટું ભાઈ! સમજાણું કાંઈ?

વીતરાગમાર્ગ સમજવો કઠણ છે. એમ અન્યમતિની જેમ અજ્ઞાનીએ કહ્યું જે-તે એમ માની લે કે ઈશ્વર કર્તા છે અને ઈશ્વરે આ બધું કર્યું છે અને એના ભગત થાઓ તો ઈશ્વર મોક્ષ આપે. એવું આ નથી. કોઈએ બનાવ્યું નથી. એ તો જગત સ્વતંત્ર જગતની ચીજ છે. 'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન' અનાદિના બેય ચીજો અનાદિ કોઈ એના કર્તાહર્તા છે નહિ. આહા..હા..!

અહીં તો ભગવાન સંતો વીતરાગના સંદેશ લાવ્યા છે. સમજાણું કાંઈ? કે જે જીવમાં પરિણામ થાય છે, પર્યાયમાં, વિચાર ને રાગ-દ્વેષ ને મિથ્યાત્વ એ જીવના પરિણામ છે, એ ચૈતન્યનો ચિદાભાસ ભાવ છે. એ જડ નથી, એ રૂપી રજકણ નથી. અને કર્મનો ઉદય એ રજકણ છે. આહા..હા..! કર્મનો ઉદય જે છે એ પુદ્‌ગલપરિણામ છે, એ અજીવપરિણામ છે, જડના પરિણામ છે. બે થયા. હવે એ જડના પરિણામ છે એ નવા આવરણનું નિમિત્ત છે. પણ કોને? કે એ જડના પરિણામમાં જે જીવ મોહ અને રાગ-દ્વેષ કરે છે, નિમિત્ત બને છે એના જૂના તે નવાનું કારણ થાય છે. જો રાગ, દ્વેષ અને મોહ ન કરે તો જૂના

કર્મ નવાનું આવરણ થતું નથી. આહા..હા..! આમ છે. કહો હવે એના વાંધા બધા ઘણા, કે નહિ. કર્મનો ઉદય આવે એટલે વિકાર કરવો જ પડે. આહા..હા..!

અહીંયાં તો એ રાગ-દ્વેષ-મોહ છે એ જીવના પરિણામ છે. એ જૂના કર્મને રાગ-દ્વેષ-મોહ પરિણામ નિમિત્ત થાય છે અને જૂના કર્મ નવા આવરણમાં નિમિત્ત થાય છે. બરાબર છે? નવું આવરણ આવે છે તો પોતાના ઉપાદાનથી આવે છે. અને કર્મનું નિમિત્ત છે એ તો જડનું ઉપાદાન છે. હવે એ જડના ઉપાદાનમાં જીવ જે રાગ-દ્વેષ મિથ્યાત્વ કરે છે એ નિમિત્ત જડના ઉપાદાનમાં એ નિમિત્ત થાય છે. ઉપાદાન ઈ અને નિમિત્ત આ. એ નવું આવરણ ઉપાદાન અને જૂના કર્મ નિમિત્ત. જૂના કર્મ નિમિત્ત કોને કહે છે? કે જે મોહ અને રાગ-દ્વેષ કરે છે. એ જૂના કર્મને નિમિત્ત કરે છે એને આવરણ થાય. એનો અર્થ થયો કે જ્ઞાનીને આવરણ થતું નથી. જ્ઞાનીને રાગ-દ્વેષ-મિથ્યાત્વ થતા નથી તો જૂના કર્મ નિમિત્ત થઈને નવું આવરણ આવે એમ બનતું નથી. એમ આચાર્ય કહે છે. એમાં પડ્યું છે. આહા..હા..!

જુઓને એક રીત! જ્યારે જ્ઞાનપ્રધાનના કથનમાં એ વાત આવતી હોય તો પર્યાય પોતાથી પોતામાં થાય છે એ જાણે છે. જ્ઞાનીને પણ. જ્ઞાનીને પણ પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે એ પોતાને કારણે થાય છે. તો એ જાણવાલાયક છે, પણ છે પોતાની પર્યાયમાં. અહીં તો જ્ઞાનીની પર્યાયમાં નથી એવી દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! આવો ધર્મ વીતરાગ સૂક્ષ્મ તત્ત્વ. બહારથી હાંકે રાખે. દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો. થઈ ગયો ધર્મ. આહા..હા..! ભાઈ! જિંદગી ચાલી જાય છે. આહા..હા..! ચોર્યાશીના અવતારનો દરિયો ઊંડો છે જેને. આહા..હા..! અને ચૈતન્ય દરિયો જેને પ્રગટ કરવો છે પર્યાયમાં એના મારગડા જુદા છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ નવા કર્મનું નિમિત્ત જૂના કર્મ અને જૂના કર્મને નિમિત્ત અજ્ઞાનીના રાગ-દ્વેષ-મોહભાવ. '**કે જેઓ અજ્ઞાનમય આત્મપરિણામો છે.**' જુઓ ભાષા. એ રાગ-દ્વેષ અને મિથ્યાત્વ એ અજ્ઞાનમય છે. એમાં જ્ઞાનનો અંશ એકેય નથી. ચૈતન્યબિંબ ભગવાન, ચૈતન્યબિંબ આત્મા, એનું કિરણ જે, સૂર્યનું કિરણ હોય એ પ્રકાશરૂપ હોય, એમ ભગવાન ચૈતન્યમૂર્તિ અંદર એનું કિરણ હોય તો નિર્મળ હોય છે. આ રાગ, દ્વેષ અને મોહ એ અજ્ઞાન છે. સ્વરૂપના જ્ઞાનનો એમાં અંશ નથી. છે અરૂપી, પણ છે અજ્ઞાન. કેમકે એમાં જ્ઞાનાનંદ ચૈતન્યનું કિરણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! આવું અટપટું છે જુઓ આ. આવું છે. આહા..હા..!

જો તું ભૂલ્યો ભગવાનને, ચૈતન્ય ભગવાનને ભૂલ્યો તો તારામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ભૂલ ઉત્પન્ન થાય છે. અને એ રાગ, દ્વેષ અને મોહ ખરેખર... જુઓ અહીં કહ્યું છે, '**માટે (મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને) આસ્રવણના નિમિત્તપણાના નિમિત્તભૂત**

હોવાથી રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે.' અહીં કહ્યું જુઓ, ત્યાં એમ કહ્યું હતું કે ખરેખર એ આસ્રવ કર્મ જૂના કર્મ. અહીં કહ્યું કે જૂના કર્મ નવા આસ્રવણના નિમિત્ત, એના નિમિત્તભૂત જીવના રાગ-દ્વેષ પરિણામ એ જ આસ્રવ છે એમ કહ્યું પાછું. એ ભાવઆસ્રવ. આહા..હા..! એના છે. કહો, છગનભાઈ! કો'ક કહેતું હતું કાલે હોં! છગનભાઈ અહીં છે? હા. કો'ક કહેતું હતું. ઓલા આવ્યા હતા, જાન લઈને આવ્યા હતાને. અહીં શિહોર જાન ગઈ હતીને? આખી જાન ગઈ હતી. આવી હતી સામી. શું કહેવાય? બસ. મોટી બસ આવી હતી, ૬૦ માણસ. અહીં આવ્યા હતા બધા બિચારા. પૂછતું હતું કે છગનભાઈ અહીં છે? કીધું હા અહીં છે. કો'ક હશે તમારા ઓળખીતા. ઘણા બધા હતા, સૌએ કાળા કોટ પહેર્યા હતા. આહા..હા..!

શું કહે છે આ? શું કહે છે? કે એ પુણ્ય અને પાપ અને મિથ્યાત્વભાવ જીવમાં થાય છે એ જૂના કર્મમાં નિમિત્ત છે. ત્યારે જૂના કર્મથી નવા આવે છે. પણ જે જૂના કર્મ ઉદયમાં આવ્યા અને જે દ્રવ્યદૃષ્ટિ થઈ તો મિથ્યાત્વાદિ ઉત્પન્ન થતું નથી. તો જૂનું કર્મ નવાને કારણ થતું નથી. એને બંધન થતું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત! આહા..હા..! આવી ચીજ, મહેનત કરે નહિ અંદર પ્રયત્ન અને બહારમાં રોકાઈને એમને એમ કાળ ચાલ્યો જાય. રાગની મંદતા કરે ક્યાંક પુણ્યભાવ, વ્રત (કરે) એ તો થોથા છે, પાંદડા તોડે છે. મિથ્યાત્વનું મૂળિયું તો સાજું છે. આહા..હા..! એ મિથ્યાત્વના મૂળિયાને ઉખેડ્યા વિના જન્મ-મરણ કદી જાય નહિ. આહા..હા..! જન્મ ને જરા ને મરણ. એક મરણમાં રાડ નાખી જાય.

એક જણા આવ્યા હતા બોલતા હતા કે અમને દેખીને એમ જ કહેને આ અનંતા જન્મ-મરણ કર્યા જીવે. હજી કેટલાય કરશે. લ્યો! પણ એલા કેટલા કરશે આમ બોલનારને કંઈ જવાબદારી જન્મ-મરણ ટાળવાની ખરી કે નહિ? કોણ જાણે વાતું કરે બસ અહીંની. આહા..હા..! પાપના વેપારમાં આખો દિ' મશગુલ. આહા..હા..! ઈ એમ કહેતો હતો બિચારો. મોહનલાલજીના વેવાઈ હતા. ઘીયા છેને? ઘી-ઘીવાળા. રસ્તામાં દુકાન છેને બજારમાં? બજારમાં દુકાન છે. ખબર છેને, બજારમાં છે. ... ખત્રીની આમ શેરી જાય છે એની સામે છે આમ બજારમાં. ખબર છે. જોયા છેને અમે. આવ્યા હતા. બધા આવ્યા હતા હોં. આવે તો ખરા અહીં નીકળે તો.

અરે..! કહે છે ભગવાન! તું તો ચૈતન્ય અને આનંદનો નાથ અને જ્ઞાનનો પુંજ પ્રભુ છોને. શું પુણ્ય અને પાપ અને મિથ્યાત્વ એ તારી ચીજ છે? એ તો પર્યાયની ચીજ અંશ છે. દ્રવ્યની ચીજ એ નહિ. આહા..હા..! અને દ્રવ્ય જે આત્મા છે એ જ ખરેખર આત્મા છે. અહીંયાં કહ્યુંને કે જૂનું કર્મ એ ખરેખર આસ્રવ છે. કારણ કે જૂના કર્મ નવાનું કારણ છે, જૂના કર્મને અજ્ઞાનીનો રાગ-દ્વેષ અને મોહ કારણ છે. તો ખરેખર તો રાગ-દ્વેષ અને

મોહ એ આસ્રવ છે. આહા..હા..! બેય આસ્રવ કહ્યા. જૂના કર્મને આસ્રવ કહ્યું અને આને આસ્રવ કહ્યું. સમજાણું કાંઈ?

'**અજ્ઞાનમય આત્મપરિણામ...**' લ્યો! પાછા અજ્ઞાનમય અને આત્મપરિણામ. કહે છે કે મિથ્યા ભ્રાંતિ, ભ્રમણા, પરમાં સુખ આદિ ભ્રમણા ઈ અજ્ઞાનમય આત્મપરિણામ છે. અને અનુકૂળ-પ્રતિકૂળ ચીજમાં અનુકૂળ-પ્રતિકૂળની કલ્પના કરીને રાગ-દ્વેષ કરવા, રાગ-દ્વેષ થવા એ અજ્ઞાનમય આત્મપરિણામ છે. આહા..હા..! એક કોર કહે કે એ પુદ્‌ગલના પરિણામ છે. એ તો કઈ અપેક્ષા? ત્રિકાળી જ્ઞાયક આનંદમય પ્રભુ જ્યાં દૃષ્ટિ થઈ તો એ વિકારી પરિણામ પુદ્‌ગલપરિણામ નિમિત્તથી ઉત્પન્ન થાય એના છે, મારા નહિ. પણ હજી તો અહીંયાં મિથ્યાત્વમાં પડ્યો છે એને મારા નથી એનો વિવેક ક્યાં છે? નવરંગભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? અટપટી ગાથા છે આ. એય..! હિંમતભાઈ! આ તમારી મેળે ત્યાં વાંચતા હતા? લોઢાનો ઉકેલ કરો. આનો કેમ ઉકેલ થાય એ ખબર છે? આહા..હા..!

કહે છે '**કે જેઓ અજ્ઞાનમય આત્મપરિણામો છે.**' કોણ? મિથ્યાત્વ શ્રદ્ધા, રાગ-દ્વેષભાવ. '**માટે (મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને)...**' એ કારણે જૂના કર્મ જે પુદ્‌ગલના પરિણામ જડ એના '**આસ્રવણના...**' ઈ આસ્રવનું નિમિત્તપણું. નવા આસ્રવનું એ નિમિત્ત અને એ નિમિત્તનું આ રાગ-દ્વેષ-મોહ નિમિત્ત. '**હોવાથી રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે.**' આહા..હા..! ભગવાન આત્મા તો અણાસ્રવી ચીજ છે. પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ જે ઉત્પન્ન થાય છે એ અજ્ઞાનમય પર્યાય છે. આહા..હા..! '**અને તે તો (-રાગદ્વેષમોહ તો) અજ્ઞાનીને જ હોય છે...**' જુઓ, અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. '**અને તે તો (-રાગદ્વેષમોહ તો) અજ્ઞાનીને જ હોય છે...**' જુઓ, ભાષા. જે સિદ્ધ કરવું છે એ વખતે વળી આમ પણ હોય અને આમ પણ હોય એમ ક્યાં? આહા..હા..!

'**અજ્ઞાનીને જ હોય છે એમ અર્થમાંથી જ નીકળે છે.**' ધ્વનિમાંથી નીકળે છે કહે છે. જીવના પરિણામ મોહ-મિથ્યાત્વ રાગ-દ્વેષાદિ પરિણામ એ પર્યાયબુદ્ધિવાળાને હોય છે એમાંથી નીકળે છે માટે અજ્ઞાનીને હોય છે એમ કહે છે. આહા..હા..! '**અજ્ઞાનીને જ હોય છે...**' આહા..હા..! '**એમ અર્થમાંથી જ નીકળે છે.**' વળી એક બાજુ કહેવું કે ધર્મી જીવ પોતાની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવાથી આનંદના વેદનવાળો છે. એને જે રાગ થાય છે એ ભઠ્ઠી જેવો લાગે છે. એની પર્યાયમાં છે એ અપેક્ષાએ આત્માનો આનંદ શાંતિસ્વરૂપ ભગવાન એની દૃષ્ટિ થઈ તો શાંતિના પરિણામ જ્ઞાનીને થાય છે અને એની સાથે જે રાગ થયો એટલી અશાંતિનું પણ થાય છે, ભઠ્ઠી લાગે છે. આહા..હા..! એ તો જ્ઞાનના વિષયની વાત છે. જ્ઞાનમાં સ્વ-પર બેય જાણનાર છેને? દૃષ્ટિમાં તો એકલો દ્રવ્યનો સ્વભાવ દૃષ્ટિમાં છે અને કાં દૃષ્ટિમાં પર્યાયબુદ્ધિ છે, બસ બે. આહા..હા..!

**'અજ્ઞાનીને જ હોય છે એમ અર્થમાંથી જ નીકળે છે.'** છેને સંસ્કૃતમાં હોં! જુઓ, **'ते चाज्ञानिन एव भवन्तीति अर्थादेवापद्यते।'** અર્થથી એમ જાણી લેવું. આહા..હા..! ભારે ગાથા ભાઈ! કહો, શેઠ! આ રાત્રે પૂછશે તો કેમ? રાતે આવતા નથી. પૂછે કોને? શોભાલાલજી આવે છે એના વેવાઈ. એમ કે પૂછશે તો આવડશે કે નહિ? એમ કહ્યું અહીંયાં. એક કોર ભગવાન આત્મા આતમરામ અનંત આનંદ અને જ્ઞાનનું ધામ અને એક બાજુ પર્યાયમાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ અને એક બાજુ કર્મના ઉદયના જડના ભાવ. આ ત્રણ. હવે એ જડના ભાવ છે નવા કર્મના આવરણનું કારણ એમ સિદ્ધ કર્યું. નવા કર્મ આવે છે તો એના ઉપાદાનની યોગ્યતાથી, પણ કોને? કે જેને જડ કર્મ નિમિત્ત છે એને. એ જડ કર્મ નિમિત્ત કોને? કે જેના જડ કર્મને રાગ-દ્વેષ-મોહના પરિણામ જડને નિમિત્ત છે એને. કહો, સમજાણું કાંઈ? કહો, જાધવજીભાઈ! આ બધું સમજવું પડશે. કાલે કહેતા હતા, ઓલો અજીત આવ્યો છેને. દિલીપ ત્યાં વંચાવે છે પચાસ માણસમાં. મોટા-મોટા પણ બેસે છે કહે છે. અજીત આવ્યો છેને? વજુભાઈનો દીકરો, ખારા-ખારા. ઈ કહેતો હતો કે પચાસ જણા છોકરાઓ આવે છે. કહો, પંદર વર્ષનો છોકરો પચાસ માણસમાં વાંચે. એનો પૌત્ર છેને. મુળચંદભાઈ! આ જાદવજીભાઈનો પૌત્ર. દીકરાનો દીકરો. જાદવજીભાઈ પાછળ બેઠા. છોકરો બહુ હુશિયાર છે. સંસ્કાર લઈને આવ્યો છે કાંઈકથી. આપણામાંથી મરીને આવ્યો હોય કે .. વજુભાઈ એમ કહેતા હતા. હા, પણ ત્રણ વર્ષથી. હજી તો પંદરમું ચાલે છે. ત્રણ વર્ષથી એને અંદરનો રસ છે. અને એવી હા પાડે... આહા..હા..! આવો આત્મા ઊંડે ઊંડે ઉતરીને જણાય એવો છે કહે. ત્યાં પચાસ છોકરાને ભેગા કરીને ભણાવે છે.

મુમુક્ષુ :- છોકરા ક્યાં છે મોટા પણ છે.

ઉત્તર :- ના ના, નાના ભણાવે છે. નાના છોકરા પચાસ અને મોટા બીજા. એ સિવાય ભાઈ કહેતા હતા. મોટા વડીલો બેસે છે કહે છે. સાંભળવા. એનો કાકો અને કાકી બધા છેને? મોટા અહીં આવી ગયા હતાને. ઈ કહે બેસો કાકા, સાંભળો. ૪૦-૪૦ વર્ષના, ૫૦-૫૦ વર્ષના બેસે ત્યાં સાંભળવા. વાત અધ્યાત્મની કરે પાછી હોં. અજીત કહેતો હતો કાલે કે વાત અધ્યાત્મની કરે. આત્મા છેને. આહા..હા..! અને આત્માના ઘરની અવ્યક્તપણે પણ એને બેસેને અંદર? આહા..હા..! અહીં મોટાને વાંચતા ન આવડે. છ ઢાળા અને પ્રશ્નોત્તર માળા બે વંચાવે છે. પ્રશ્નોત્તરમાળા છેને આ પુસ્તક? પ્રશ્નોત્તર માળા સાંભળ્યું છે કે નહિ? છે ઘરમાં? અને છ ઢાળા. આહા..હા..!

કહે છે **'(ગાથામાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું નથી...'** શું નથી કહ્યું? કે મોહ અને રાગ-દ્વેષભાવ અજ્ઞાનીને છે, અજ્ઞાનીને થાય છે એવું સ્પષ્ટ નથી કર્યું. **'તોપણ ગાથાના જ અર્થમાંથી...'** ગાથાનો ભાવ જે છે એમાંથી **'એ આશય નીકળે છે).'** આહા..હા..! સમજાણું

કાંઈ? ભગવાન આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો અમૃતનો કુંડ સરોવર ભગવાન છે. જેમાં પર્યાયરૂપી ચાંચને નાખે જેને આનંદ અનુભવાય. એવો એ આત્મા છે. એ પર્યાયને અંતરમાં ન વાળતા પર્યાયને રાગ-દ્વેષ તરફ વાળે તે પર્યાયબુદ્ધિવાળાને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને રાગ-દ્વેષભાવ થાય એમ કહેવું એ વ્યવહારે. જ્ઞાનીનું એ જ્ઞેય છે. જેમ પુદ્ગલ ઘર પર જાણે છે એમ રાગને પર તરીકે અંદરમાં જણાય છે. આહા..હા..! અજ્ઞાનીને તો એની પર્યાયમાં જ બુદ્ધિ છે તો એના તરીકે જણાય છે. આ મારા જ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભારે અટપટી વાત કરી બે-ત્રણ વાર. એય..! પ્રેમચંદભાઈ! આ ગાથાનો એવો અર્થ છે.

અને જ્યારે જ્ઞાનની વાત આવતી હોય ત્યારે કહે ગણધર જેવા સંત જેને ત્રણ કષાયનો અભાવ અને આનંદનો ઉભરો પર્યાયમાં ઉભરો, આ દૂધનો ઉભરો તો પોલો હોય, આ દૂધને હોય છેને હેઠે અગ્નિનો ઉફાન આવે એ તો પોલેપોલું હોય, અંદરમાં કાંઈ નહિ અને આ તો આનંદનો કસવાળો ઉભરો પર્યાયમાં આવે. ઉભરો સમજો છો? ... આહા..હા..! અજ્ઞાનીને રાગ-દ્વેષ અને મોહનો ઉભરો આવે એમ કહે છે. કારણ કે ચીજ જે દ્રવ્ય છે વસ્તુ એને તો જોઈ નથી. આહા..હા..! ચાહે તો જૈનનો દિગંબર સાધુ હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, પંચ મહાવ્રત પાળતો હોય, નગ્નપણે વનમાં રહેતો હોય, પણ એ રાગના પરિણામ મારા એવી બુદ્ધિ છે એને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિ છ ખંડનો રાજા, છન્નું હજાર સ્ત્રી જેને ઘરે એને, કહે છે કે સમ્યગ્દર્શન અને શાંતિની જ પર્યાય ઉત્પન્ન થાય છે. એને રાગ-ફાગ થાતો નથી. જા. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :-- જ્ઞાનાવરણાદિ કર્મોના આસ્રવણનું (-આગમનનું) કારણ તો મિથ્યાત્વાદિકર્મના ઉદયરૂપ પુદ્ગલના પરિણામ છે,...**' જૂના કર્મ છેને. એ નવાનું આવરણ છે. ઉદય જૂનાનો ઉદય. '**માટે તે ખરેખર આસ્રવો છે.**' ખરેખર એ દ્રવ્યઆસ્રવ છે. દ્રવ્ય આસ્રવ બે પ્રકારના—જૂના ઉદયને દ્રવ્યઆસ્રવ કહેવાય અને નવા આવરણને પણ દ્રવ્યઆસ્રવ કહેવાય. નવા જે આવેને એને દ્રવ્યઆસ્રવ કહેવાય. '**માટે તે ખરેખર આસ્રવો છે. વળી તેમને કર્મઆસ્રવણના નિમિત્તભૂત...**' થવાનું નિમિત્ત. પણ એ જડના નિમિત્તપણામાં નવા આવનારને '**નિમિત્ત જીવના રાગદ્વેષમોહરૂપ (અજ્ઞાનમય) પરિણામ છે...**' આહા..હા..! ચોખ્ખું કર્યું છે જયચંદ્ર પંડિતે. '**માટે રાગદ્વેષમોહ જ આસ્રવો છે.**' આહા..હા..! કેમકે ચૈતન્ય વસ્તુ ભગવાન આત્મા એમાં તો રાગ-દ્વેષ-મોહ મિથ્યાત્વભાવ સ્વરૂપમાં તો છે નહિ. આહા..હા..! પર્યાયમાં પ્રગટ કરે છે અને ઉત્પન્ન થાય છે પર્યાયબુદ્ધિવાળાને. આહા..હા..! એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ જૂના કર્મને નિમિત્ત અને એ નિમિત્ત નવા

કર્મને નિમિત્ત. સમજાય છે કાંઈ? આમાં તકરાર ઘણા કરે છે. બધાને વાંધા જ ઉઠાવવા છે. ત્યાગ કરો... ત્યાગ કરો... મુનિને માનો. મુનિને નથી માનતા એ બધા... અરે..! ભગવાન! મુનિને કોણ ન માને? મુનિ હોય એને માનેને. આહા..હા..!

મુનિદશા! ઓહો..હો..! જે અતીન્દ્રિય આનંદમાં ઝૂલતો હોય, જેને હજારો વાર છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની દશા એક દિવસમાં આવતી હોય. આહા..હા..! એ કોને વંદનીક ન હોય? સમજાણું કાંઈ? પણ જેને હજી રાગ-દ્વેષ શું અને આત્મા શું અને પર શું? ભાન નથી અને રાગનો કર્તા થઈને મહાવ્રત ધારણ કરે એ તો મિથ્યાદષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? સાધુ નથી એ તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! રાગનો કર્તા થાય છે એ તો મિથ્યાદષ્ટિ છે. ઈ કહે છે જુઓ.

**'તે રાગદ્વેષમોહને ચિદ્વિકાર પણ કહેવામાં આવે છે. તે રાગદ્વેષમોહ જીવને અજ્ઞાન-અવસ્થામાં જ હોય છે.'** જુઓ, **'મિથ્યાત્વ સહિત જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે. માટે મિથ્યાદષ્ટિને અર્થાત્ અજ્ઞાનીને જ રાગદ્વેષમોહરૂપી આસ્રવો હોય છે.'** ખુલાસો બહુ સરસ કર્યો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! સીતાજી જેવા બ્રહ્મચારિણી સમકિતી. પેટમાં બે રાજપુત્ર. કોણ? લવ અને કુશ. જેના છેલ્લા શરીર. એને છેલ્લું શરીર ત્યાં છે બસ. બે બાળકો એ જ ભવમાં મોક્ષ જવાના છે. પેટમાં હતા છતાં ધર્મી જીવ છેને. આહા..હા..! એ તો મારા નહિ, શરીર મારું નહિ, પણ અંદર એના પ્રત્યેની જરી આસક્તિની વૃત્તિ એ પણ મારી નહિ. એવી દૃષ્ટિ હતી. સમજાણું કાંઈ? આહા..હા..! પણ સારા ન હોય તો છોડી દેને. પણ છોડવાની વ્યાખ્યા શું? સ્વભાવની એકતાબુદ્ધિમાં છોડ્યું છે એ તો. એક ક્ષેત્રે રહ્યા એટલે શું? છૂટા જ પડ્યા છે. એને અને આત્માને કાંઈ સંબંધ છે નહિ અને અજ્ઞાનીને રાગની એકતામાં બધા એના જ છે આખી દુનિયા. એમ અજ્ઞાની માનીને બેઠો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૬૬

अथ ज्ञानिनस्तदभावं दर्शयति--

णत्थि दु आसवबंधो सम्मादिट्ठिस्स आसवणिरोहो।
संते पुव्वणिबद्धे जाणदि सो ते अबंधंतो।।१६६।।
नास्ति त्वास्रवबन्धः सम्यग्दृष्टेरास्रवनिरोधः।
सन्ति पूर्वनिबद्धानि जानाति स तान्यबन्धन्।।१६६।।

यतो हि ज्ञानिनो ज्ञानमयैर्भावैरज्ञानमया भावाः परस्परविरोधिनाऽवश्यमेव निरुध्यन्ते; ततोऽज्ञानमयानां भावानां रागद्वेषमोहानां आस्रवभूतानां निरोधात् ज्ञानिनो भवत्येव आस्रवनिरोधः। अतो ज्ञानी नास्रवनिमित्तानि पुद्गलकर्माणि बन्धाति, नित्यमेवाकर्तृत्वात् तानि नवानि न बन्धन् सदवस्थानि पूर्वबद्धानि, ज्ञानस्वभावत्वात्, केवलमेव जानाति।

---

હવે જ્ઞાનીને આસ્રવોનો (ભાવાસ્રવોનો) અભાવ છે એમ બતાવે છે :—

સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;
નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.

ગાથાર્થ :— [सम्यग्दृष्टेः तु] સમ્યગ્દષ્ટિને [आस्रवबन्धः] આસ્રવ જેનું નિમિત્ત છે એવો બંધ [नास्ति] નથી, [आस्रवनिरोधः] (કારણ કે) આસ્રવનો (ભાવાસ્રવનો) નિરોધ છે; [तानि] નવાં કર્મોને [अबध्नन्] નહિ બાંધતો [सः] તે, [सन्ति] સત્તામાં રહેલાં [पूर्वनिबद्धानि] પૂર્વે બંધાયેલાં કર્મોને [जानाति] જાણે જ છે.

ટીકા :— ખરેખર જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ નિરોધાય છેરોકાય છેઅભાવરૂપ થાય છે કારણ કે પરસ્પર વિરોધી ભાવો સાથે રહી શકે નહિ; તેથી અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ કે જેઓ આસ્રવભૂત (આસ્રવસ્વરૂપ) છે તેમનો નિરોધ હોવાથી, જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે. માટે જ્ઞાની, આસ્રવો જેમનું નિમિત્ત છે એવાં (જ્ઞાનાવરણાદિ) પુદ્‌ગલકર્મોને બાંધતો નથી,સદાય અકર્તાપણું હોવાથી નવાં કર્મો નહિ બાંધતો થકો સત્તામાં રહેલાં પૂર્વબદ્ધ કર્મોને, પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને, કેવળ જાણે જ છે. (જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે, કર્તાપણું સ્વભાવ નથી; કર્તાપણું હોય તો

કર્મ બાંધે, જ્ઞાતાપણું હોવાથી કર્મ બાંધતો નથી).

ભાવાર્થ :— જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી, અજ્ઞાનમય ભાવો નહિ હોવાથી (અજ્ઞાનમય) રાગદ્વેષમોહ અર્થાત્ આસ્રવો હોતા નથી અને આસ્રવો નહિ હોવાથી નવો બંધ થતો નથી. આ રીતે જ્ઞાની સદાય અકર્તા હોવાથી નવાં કર્મ બાંધતો નથી અને પૂર્વે બંધાયેલાં જે કર્મો સત્તામાં રહ્યાં છે તેમનો જ્ઞાતા જ રહે છે.

અવિરતસમ્યગ્દષ્ટિને પણ અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા નથી. મિથ્યાત્વ સહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે, સમ્યક્ત્વ સહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી. સમ્યગ્દષ્ટિને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે. તેને ચારિત્રમોહના ઉદયની બળજોરીથી જે રાગાદિક થાય છે તેનું સ્વામીપણું તેને નથી; તે રાગાદિકને રોગ સમાન જાણીને પ્રવર્તે છે અને પોતાની શક્તિ અનુસાર તેમને કાપતો જાય છે. માટે જ્ઞાનીને જે રાગાદિક હોય છે તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવા છે; તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતા નથી, માત્ર અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ કરે છે. આવા અલ્પ બંધને અહીં ગણવામાં આવ્યો નથી.

આ રીતે જ્ઞાનીને આસ્રવ નહિ હોવાથી બંધ થતો નથી.

---

**પોષ વદ-૧૨, મંગળવાર, તા. ૩૦-૦૧-૧૯૭૩**
**ગાથા-૧૬૬, પ્રવચન-૩૦૦**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

... ઝીણી વાત છે થોડી. ૧૬૬.

णत्थि दु आसवबंधो सम्मादिट्ठिस्स आसवणिरोहो।
संते पुव्वणिबद्धे जाणदि सो ते अबंधंतो।।१६६।।
સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;
નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.

'ટીકા :— ખરેખર જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ

**નિરોધાય છે...'** એને અર્થ કે જેને આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે એવી દૃષ્ટિ સમ્યગ્દર્શન થયું. સમજાણું કાંઈ? આ દેહથી ભિન્ન છે આત્મા. દેહ તો જડ છે અને કર્મથી પણ ભિન્ન છે, કર્મ પણ જડ છે અને અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ થાય એ પુણ્યઆસ્રવ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાની ભાવના એ પાપઆસ્રવ છે. બેય આસ્રવથી રહિત ચૈતન્યસ્વરૂપ છે. આ આત્મા જે અંદર છે જેને સર્વજ્ઞ પરમાત્માએ કેવળજ્ઞાનમાં પૂર્ણ પરમાત્મદશા પ્રગટ કરી અને એણે જાણ્યું કે આ આત્મા જે છે એ તો પુણ્ય અને પાપના શુભાશુભભાવથી રહિત છે. તો જેની દૃષ્ટિ, સમ્યગ્દર્શન થાય છે તો સમ્યગ્દર્શનમાં આત્મા એ શુભ-અશુભ રાગરહિત આનંદમય છે એવો ભાસ થાય છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહે છે.

આ આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ સિદ્ધસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદસ્વરૂપ. એની જેને દૃષ્ટિ થઈ કે હું તો પૂર્ણ આનંદ અને શુદ્ધ છું. મારામાં અશુદ્ધતા જે પુણ્ય-પાપનો ભાવ છે એ મારામાં નથી અને એ પુણ્ય-પાપના ભાવમાં હું નથી. મારામાં પુણ્ય-પાપના ભાવ નથી અને પુણ્ય-પાપના ભાવમાં હું નથી. આહા..હા..! એવી જ્યારે દૃષ્ટિ થાય છે તેને સમ્યગ્દર્શન કહે છે. ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું. પગથિયું હોયને? શું કહે છે? સોપાન. હિન્દીમાં શું કહે છે? સીઢી-સીઢી. આહા..હા..!

ધર્મનું પહેલું સોપાન કોને કહે છે? કે આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો પુંજ આત્મા છે. એમાં એ પુણ્ય-પાપનો વિકલ્પ જે રાગ છે—દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ પુણ્યઆસ્રવ છે. એ ધર્મ નથી. એમ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપઆસ્રવ છે. બેય વિકાર છે, મેલ છે. તો એ ચૈતન્યસ્વરૂપમાં એ નથી. આહા..હા..! જેને પોતાનો આત્મા શુભ-અશુભભાવથી ભિન્ન, અધિક પૂર્ણ સ્વરૂપ છે એવી દૃષ્ટિ અંતરમાં થાય છે તો એને સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની કહેવામાં આવે છે.

તો કહે છે કે **'ખરેખર જ્ઞાનીને...'** આ જ્ઞાનીની વ્યાખ્યા કરી. જ્ઞાની નામ શાસ્ત્રનું જાણવું છે કે ભક્તિ બહુ કરે છે અને જાત્રા બહુ કરે છે, દયા બહુ પાળે છે માટે જ્ઞાની એમ નથી. જ્ઞાની તો આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનનો પુંજ પ્રભુ એ તરફના જુકાવથી જે સમ્યગ્જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થાય છે એને અહીંયાં જ્ઞાની કહે છે. શેઠ!

મુમુક્ષુ :- બીજી જાતની પરિભાષા થાય છે.

ઉત્તર :- આ આવ્યુંને. હિન્દી આવ્યું છે.

મુમુક્ષુ :- અહીં તમે જ્ઞાનીની વ્યાખ્યા કરી એવું નથી સમજતા એમ કહે છે.

ઉત્તર :- જ્ઞાનીનો અર્થ? શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એણે જે આત્મા જોયો એ તો પુણ્ય અને પાપના શુભાશુભ રાગથી ભિન્ન જોયો છે. એવું જો અંતરમાં

જોવે, હું આત્મા એ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ બેય આસ્રવ છે, મલિન છે, બંધનું કારણ છે. હું અબંધ છું. મારામાં એ પુણ્ય-પાપના આસ્રવનો વિકલ્પ રાગ છે નહિ. આહા..હા..! એવી અંતર દૃષ્ટિ થાય છે ત્યારે આત્મામાં પૂર્ણ આનંદસ્વરૂપ હું છું. હું તો જ્ઞાનથી ભરેલો પુંજ જ્ઞાનનો છું. આહા..હા..! આવી દૃષ્ટિવંતને અહીંયાં ધર્માત્મા જ્ઞાની કહેવામાં આવે છે. ભલે ચોથે ગુણસ્થાને હોય. સમજાણું કાંઈ?

'**ખરેખર જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે...**' આહા..હા..! ધર્મી જીવને તો જ્ઞાનમય (થાય છે). પુણ્ય અને પાપના રાગમય ભાવ જ્ઞાનીને થતા જ નથી એમ કહેવું છે. જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્ય સ્વરૂપી ભગવાન આત્મા એનું જેને અંતરમાં જ્ઞાન થયું, ભાન થયું, સમ્યગ્દર્શન થયું તો એને તો જ્ઞાનમય એટલે આત્મમય ભાવ થાય છે. એને રાગમય ભાવ જ્ઞાનીને અહીંયાં નિશ્ચયની દૃષ્ટિની અપેક્ષાએ થતા નથી. આહા..હા..! દૃષ્ટિની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? અસ્થિરતાનો જે ભાવ ઉત્પન્ન થાય છે એ જ્ઞાનીના જ્ઞાનમાં આવતા નથી. એ ભિન્ન રહી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ખરેખર...**' ધર્મી એને કહીએ કે જેને અંતર આત્મા આનંદ અને જ્ઞાનમય પ્રભુ અનુભવમાં એના આત્માનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો હોય અને વિકારના સ્વાદથી ભિન્ન પડી ગયો હોય એવા આત્માને અનુભવે છે, જાણે છે, માને છે એને અહીંયાં ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. ભાઈ! સમજાય છેને? હિન્દી. થોડું-થોડું હિન્દી છે. કર્ણાટક છે તમારી? કન્નડી. અહીં તો હિન્દી ચાલે છે. અહીં તો ગુજરાતી ચાલે છે પણ તમે આવ્યાને એટલે હિન્દી ચાલ્યું. આહા..હા..!

આ દેહ તો જડ છે. દેહ તો જડ થઈને રહ્યો છે અને અંદર કર્મ એ પણ જડ થઈને રહ્યા છે અને પુણ્ય અને પાપના ભાવ એ મલિન અને આસ્રવ થઈને રહ્યા છે. અને આત્મા આસ્રવ અને કર્મથી ભિન્ન અનંત જ્ઞાન અને અનંત આનંદથી રહ્યો છે. આહા..હા..! આવું ભેદજ્ઞાન પુણ્ય અને પાપના રાગથી અને શરીર, કર્મથી ભિન્ન ભગવાન આત્મા અનુભવમાં, સમ્યગ્દર્શનમાં જેને આવ્યો, પછી ચાહે તો આઠ વર્ષની બાળિકા હોય, ચાહે તો સિંહ અને વાઘ હોય, ચાહે તો સાતમી નરકમાં રહેલો નારકી હોય એને જ્યારે સમ્યગ્દર્શન થાય છે તો હું તો શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટાનો ભંડાર (છું), મારી ચીજમાં પુણ્ય અને પાપના વિકલ્પની ગંધની વાસના જ નથી. આહા..હા..! મારામાં તો આનંદની ગંધ આવે છે. એવી ચીજનું ભાન સમ્યગ્જ્ઞાન (થયું) એ જ્ઞાનીને જ્ઞાનમય ભાવ હોવાથી. આહા..હા..! કેમકે ચૈતન્યમય સ્વરૂપ ભગવાન એની દૃષ્ટિ સમ્યક્ થઈ તો એ જ્ઞાનમય આત્મા છે તો જ્ઞાનમય પર્યાય ઉત્પન્ન થાય છે. પર્યાય નામ અવસ્થામાં પણ જાણનભાવ, શ્રદ્ધાભાવ, શાંતિભાવ, આનંદભાવ એ બધા જ્ઞાનમય ભાવ કહેવામાં આવે છે. આહા..હા..! ઝીણું બહુ ઝીણું. એય..! શેઠ!

**'જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ નિરોધાય છે... '** આહા..હા..! અહીં તો મિથ્યાત્વસહિત ભાવ હોય એને આસ્રવના કરનાર કહેવામાં આવે છે. સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનમાં ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એવો અનુભવ કે દૃષ્ટિ થઈ તો એને તો કહે છે અહીંયાં આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય કહે છે કે જ્ઞાનીને તો જ્ઞાનમય ભાવ થાય છે. કેમકે એની દૃષ્ટિમાં જ્ઞાનમય સ્વભાવનો અનુભવ થયો છે. અનુભવમાં રાગ અને પુણ્ય-પાપના ભાવનો અનુભવ થયો નથી. આહા..હા..! એમ કહે છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાનમય ભાવો વડે...'** હું તો શુદ્ધ જાણન-જાણન-દેખન આનંદસ્વરૂપી પ્રભુ હું છું. એવી અંતર દૃષ્ટિ અને સ્વ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ જ્ઞાનસ્વરૂપનું ભાન થયું તો એ જ્ઞાનમય જ ભાવ થાય છે હવે તો. શુદ્ધ નિર્મળાનંદનો પ્રવાહ, શુદ્ધ નિર્મળાનંદ સ્વરૂપ એનો પ્રવાહ, પાણીમાં જેમ તરંગ ઉઠે છે તો પાણીનું તરંગ તો ઠંડુ અને શાંત જ છે. એમ ચૈતન્ય ભગવાન આત્મા પોતાનું સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું તો એમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન અને સમ્યક્ શાંતિનો પ્રવાહ જ્ઞાનમય દશા થાય છે. આહા..હા..! ભારે વાત!

એ જ્ઞાનમય ભાવથી અજ્ઞાનમયભાવ, શુભ-અશુભરાગ છે એ અજ્ઞાનમય છે. અજ્ઞાનનો અર્થ? એમાં જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબની પર્યાય નથી, ચૈતન્યનું કિરણ નથી. ચૈતન્ય પ્રભુ, ચૈતન્યમૂર્તિ જ્ઞાનનું સૂર્યનું કિરણ જેમ સફેદ અને પ્રકાશમય હોય છે એમ ભગવાન આત્માની પર્યાય-કિરણ શુદ્ધ જ્ઞાન અને આનંદની પર્યાય થાય છે. આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ મિથ્યાત્વ છે એમ નથી. પણ એમાં એ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યના પ્રકાશનો અંશ એમાં નથી તો એ શુભ-અશુભભાવ અજ્ઞાનમય છે, જ્ઞાનમય નથી. તો જ્ઞાનમય ભાવથી અજ્ઞાનમય ભાવ રોકાઈ જાય છે. અરે..! ભારે! સમજાણું કાંઈ? છે? એક લીટીમાં આટલું છે. લીટીને શું કહે છે? પંક્તિ.

**'ખરેખર જ્ઞાનીને...'** ધર્મી જીવને, જેને ધર્મ થાય છે એ ધર્મી જીવને **'જ્ઞાનમય ભાવો વડે અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ નિરોધાય છે...'** આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત. અનંતકાળ થયો 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' છ ઢાળામાં છે. છ ઢાળા છેને ભાઈ તમારે ત્યાં? શું કહેવાય ઈ? કન્નડી ભાષામાં. છ ઢાળા છે છ ઢાળા, દોલતરામની. નહિ ખબર હોય. 'મુનિવ્રત ધાર' સાધુના વ્રત લીધા પંચ મહાવ્રત એ તો વિકલ્પ છે, રાગ છે, શુભ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' સ્વર્ગમાં ગ્રવૈયકમાં અનંતવાર ગયો, 'પણ આતમજ્ઞાન...' એ રાગના વિકલ્પથી મારી ચીજ ભિન્ન છે એવો અનુભવ અને સમ્યગ્જ્ઞાન કર્યું નહિ. સમ્યગ્જ્ઞાન થયું નહિ, આત્મજ્ઞાન થયું નહિ તો આનંદના અંશનો અનુભવ થયો નહિ. આહા..હા..! એ પંચ મહાવ્રતના ભાવ

એ આસ્રવ છે, દુઃખ છે, આકુળતા છે, રાગ છે. આહા..હા..! કહો, ..ભાઈ! એ રાગથી ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું નૂર, ચૈતન્યપ્રકાશનું તેજ એવા નૂરનું પૂર, પાણીના પ્રવાહમાં પૂર ચાલે છે એમ પ્રભુ આત્મા અંદર ચૈતન્યનું પૂર છે. તો ચૈતન્યના પૂરનું ભાન થયું તો ચૈતન્યની જાતનો પ્રવાહ ઉત્પન્ન થાય છે. આહા..હા..! ભારે કઠણ જગતને. આ જાણે કોઈ એલ.એલ.બી.ની વાત હશે, એમ.એ.ની કોઈ ઉંચી (હશે). આ તો હજી પહેલા એકડાની વાત છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોને કહે છે? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નથી, એ તો રાગ છે. પંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર નથી, એ તો રાગ છે. આહા..હા..! એ આસ્રવ છે. એ આસ્રવથી ભગવાન ચૈતન્યપ્રભુ પૂર્ણ જ્ઞાન અને આનંદનો નાથ પોતે જ્યાં નજરમાં, દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો એને ભગવાન સમ્યગ્જ્ઞાની અને ધર્મી કહે છે. એકલા ભાન વિના એકલી ક્રિયાકાંડ કરે, વ્રત પાળે, પૂજા કરે, ભક્તિ કરે, દાન કરે, જાત્રા કરે એ બધો શુભરાગ છે, ધર્મ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે...**' ભાવ શબ્દે પર્યાય. આહા..હા..! અવસ્થા. ધર્મીની પર્યાય જ્ઞાનમય છે. કેમકે એ તો આત્મા જ્ઞાનમય અને આનંદમય છે. તો એની જ્યાં દૃષ્ટિ થઈ તો એની પર્યાય નામ વર્તમાન અવસ્થા, પર્યાય નામ વર્તમાન હાલત, પર્યાય નામ વર્તમાન દશા એ જ્ઞાનમય, આનંદમય, શાંતિમય, સ્વચ્છતામય (થાય) એ બધાને જ્ઞાનમય પર્યાય કહે છે. એ જ્ઞાનમય પર્યાયનો ઉત્પાદ, અજ્ઞાનમય રાગાદિની પર્યાયનો વ્યય અને ધ્રુવ ત્રિકાળ. આ '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિને આસ્રવ નથી એમ કહે છે. કેમકે એ આસ્રવ થાય છે એનો સ્વામી નથીને? ધણી નથી. સમકિતી આસ્રવનો સ્વામી નથી. પુણ્ય-પાપનો રાગ થાય છે એનો ધર્મી સ્વામી થાય છે એમ નથી. નબળાઈને લઈને થાય છે એનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહા..હા..! કહો, શેઠ! અત્યાર સુધી તો કાંઈ સાંભળ્યું જ નથી સરખું.

મુમુક્ષુ :- કોણ સંભળાવે?

ઉત્તર :- જવાબ શેઠે પકડ્યો છે બરાબર. આહા..હા..!

અંતર ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદનો નાથ બિરાજે છે. આહા..હા..! જેમાં પુણ્ય અને પાપના આસ્રવ, એ આસ્રવ તત્ત્વ તો ભિન્ન છે. સાત તત્ત્વ છે કે નહિ? તો આસ્રવતત્ત્વ ભિન્ન, અજીવતત્ત્વ ભિન્ન, જ્ઞાયકતત્ત્વ ભિન્ન. આહા..હા..! એવો ભગવાન આત્મા ચૈતન્યમય સ્વરૂપે બિરાજમાન આત્મા એમાં રાગ અને પુણ્યમય આત્મા છે નહિ. એવી દૃષ્ટિ જ્યારે આત્મામાં થઈ તો જ્ઞાનીને તો જ્ઞાનમય, આત્મજાતિમય, જ્ઞાનમય, આનંદમય, શાંતિમય, સ્વચ્છતામય, પ્રભુતામય, એ પર્યાયમાં પ્રભુતામય પ્રવાહ આવે છે. પુણ્ય અને પાપ રાગ અને રંક એ પ્રવાહ જ્ઞાનીને હોતો નથી એમ કહે છે. આવા જ્ઞાનસ્વભાવથી અજ્ઞાનરૂપ રાગ-

દ્વેષનો ભાવ રોકાઈ જાય છે, નિરોધ થાય છે, અભાવ થાય છે. એ જ્ઞાનમય ભાવથી આસ્રવનો અભાવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. અનંતકાળમાં એ વાત સાંભળી નથી અને સાંભળી છે ભગવાન પાસે ગયો તો અંદરમાં દરકાર કરી નથી. બહારની પ્રવૃત્તિ, એમ માન્યું અને થઈ ગયો અમારે ધર્મ. સમજાણું કાંઈ? મિથ્યાત્વમાં એમ માન્યું છે.

અહીં કહે છે કે પ્રભુ આત્મા ચૈતન્ય જ્ઞાનનો પુંજ અને આનંદનો ગંજ આત્મા છે. આહા..હા..! એવો જ્યાં અંતર દૃષ્ટિમાં અનુભવ થયો તો કહે છે કે ધર્મી જીવને એ આત્મજાતની દૃષ્ટિ થઈ તો આત્મજાતની જ પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! એ જ્ઞાનભાવથી અજ્ઞાનમયભાવ એ શુભ અને અશુભભાવ અજ્ઞાન છે. એમાં જ્ઞાનાનંદનો અંશ નથી. '**અવશ્યમેવ નિરોધાય છે-રોકાય છે-અભાવરૂપ થાય છે કારણ કે પરસ્પર વિરોધી ભાવો સાથે રહી શકે નહિ;...**' જુઓ, ઓહો..હો..! શુભ-અશુભભાવ જે છે એ મેલ છે, આસ્રવ છે અને ભગવાન આત્મા નિરાસ્રવી તત્ત્વ છે. તો એવું સમ્યગ્દર્શનમાં, જ્ઞાનમાં ભાન થયું તો જ્ઞાનમય ભાવ જાતની સાથે અજ્ઞાનમય ભાવ સાથે રહે એમ બને નહિ. દૃષ્ટિનો વિષય લેવો છેને અહીંયાં? આહા..હા..! એ તો વિરોધી ભાવ છે. આહા..હા..! અહીં તો એક સાથે વિરોધી ભાવ રહેતા નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ પછી. જ્ઞાન અને કર્મધારા. જ્ઞાનની વ્યાખ્યા ચાલતી હોય ત્યારે બે ધારા છે એનું જ્ઞાન કરે છે. અહીં તો એકલો દૃષ્ટિનો વિષય ચાલે છે. પારિણામિકભાવ. તેથી પહેલા લીધુંને. પારિણામિકભાવ. .. પરિણામ આત્માના. એ રાગ-દ્વેષ આદિ પરિણામ એના પરિણામ છે એમ કહે છે. હવે જ્યારે રાગ-દ્વેષભાવ એના કહ્યા એ તો એની મિથ્યાદૃષ્ટિના ભાવની વાત કરી. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ. અનંતકાળમાં કદી સાંભળ્યું નથી. અને ભગવાનના સમવસરણમાં ગયો અનંતવાર પણ દરકાર કરી નથી. બસ, બહારની વાતમાં ધર્મ થઈ ગયો. આ શેઠિયા હોય તો દાન-બાનમાં ધર્મ માની લે. શરીરના જોરવાળા હોય કાંઈક અપવાસ કરે અને એમાં ધર્મ માની લે અને બુદ્ધિના જાણપણા ક્ષયોપશમવાળા હોય એ જ્ઞાનની વાતું કરીને ધર્મ માની લે. ત્રણે ચીજથી ભિન્ન આત્મા છે. આહા..હા..!

કહે છે કે '**પરસ્પર વિરોધી ભાવો...**' જ્યાં પુણ્ય-પાપ છે ત્યાં નિર્મળ જાત જ્ઞાનની હોય નહિ અને જ્યાં નિર્મળ જ્ઞાનના ધર્મની પર્યાય છે ત્યાં આસ્રવ અધર્મની પર્યાય હોય નહિ એમ કહે છે અહીં તો. પહેલા આપણે આવી ગયું કે જ્ઞાનીને બે ધારા છે. એ જ્ઞાનના કથનથી છે. પોતાના સ્વરૂપનું ભાન થયું એટલા તો સમ્યગ્દર્શન-જ્ઞાન શુદ્ધિ ઉત્પન્ન થાય છે અને જે અશુદ્ધિ બાકી રહી એ પૂર્ણતા ન થાય ત્યાં સુધી અશુદ્ધિ છે. એ જ્ઞાનની પ્રધાનતાથી એ કથન છે. અહીં દૃષ્ટિનું કથન છે. સમજાણું કાંઈ?

આત્મા.. આહા..હા..! અંતર્મુખમાં ચૈતન્યસ્વભાવમાં જ્યાં આવ્યો તો એની સમ્યગ્દર્શન, શાંતિની જ જાત ઉત્પન્ન થાય છે. એ ભાવથી અવશ્ય આસ્રવનો વિરોધ, અભાવ, રોકાઈ જાય છે. કેમ? '**વિરોધી ભાવો સાથે રહી શકે નહિ;...**' આહા..હા..! જ્યાં દુશ્મન રાગાદિ છે ત્યાં પવિત્રતા ન રહી શકે અને જ્યાં પવિત્રતા છે ત્યાં રાગ રહી શકતો નથી. આહા..હા..! શેઠ! આહા..હા..! પાંચ, પચ્ચીસ પંદર મિનિટ .. હવે આપણે હિન્દીમાં જ ચલાવીએ અત્યારે તો. પૂરું કરીએને. કહો, સમજાણું?

'**તેથી અજ્ઞાનમય ભાવોરૂપ...**' જુઓ, ખુલાસો કર્યો. '**રાગ-દ્વેષ-મોહ કે જેઓ આસ્રવભૂત (આસ્રવસ્વરૂપ) છે...**' એ શુભ-અશુભભાવ આસ્રવ છે, અજ્ઞાનમય ભાવ છે એ. આહા..હા..! એ તો ટાઈમ થઈ ગયોને. ટાઈમ થયો એને જાવાનું છે. એ તો પંદર મિનિટ માગી હતી. જવાનું છેને. ગિરનાર જવાનું છે. કહો, સમજાણું કાંઈ? એટલા બેઠાને. પચ્ચીસ મિનિટ બેઠા. આ વાત તો ક્યાં બેસે? શું કહે છે આ? આ જૂના માણસ શેઠિયાઓ છે એને પણ હજી ઠેકાણા ન મળે. કાંઈ ખબર નહિ અને આ કરો. કરો ભક્તિ અને કરો જય ભગવાન! ચૈતન્ય શું કહેવાય? ચાતાલય પુસ્તકો, આરતી લગાવો, ઢોલ વગાડો. એ તો જડની ક્રિયા છે.

મુમુક્ષુ :- કાંઈક તો મળેને.

ઉત્તર :- મળેને. રાગ મળે. રાગ મળે એટલે મેલ મળે. ચૈતાલયમાં નહોતું લગાવ્યું? જય ભગવાન. જિનવાણી છેને? અરે..! જિનવાણી શું? જિન ભગવાન સાક્ષાત્ હોય તો એની ભક્તિ પણ રાગ છે. એય..! મુળચંદભાઈ! આસ્રવ છે. આસ્રવ છે, રાગ છે. નિશ્ચયથી કહે તો અધર્મ છે. ... આહા..હા..!

એ ધર્મી જીવને એક સાથે રાગ અને અરાગ પરિણામ રહેતા નથી એમ કહે છે અહીં. દૃષ્ટિપ્રધાન કથન છે. સમજાણું કાંઈ? જ્યાં સમ્યગ્દર્શન થયું તો વસ્તુ તો શુદ્ધ છે. તો શુદ્ધનો અનુભવ દૃષ્ટિ થઈ તો શુદ્ધનું જ પરિણમન થાય છે. અશુદ્ધનું નહિ અહીં તો કહે છે. અને અશુદ્ધ જેમાં ઉત્પન્ન થાય ત્યાં સમ્યગ્દર્શન નથી એમ કહે છે અહીં તો. પોપટભાઈ! આહા..હા..! ઝીણી વાત, ભાઈ! આ અનંતા જન્મ-મરણનો દરિયો ડોળી નાખ્યો એણે અનંતવાર. એને બંધ કરવો એ અલૌકિક વાત છે. એ કાંઈ બહારથી કોઈ ચીજ પ્રાપ્ત થાય એવી નથી. આહા..હા..!

'**અજ્ઞાનમય ભાવોરૂપ...**' એ રાગ, દ્વેષ અને મોહ ત્રણે અજ્ઞાન. ત્રણેમાં આત્માના ચૈતન્યના જ્ઞાનનો અભાવ. એ '**અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ કે જેઓ આસ્રવભૂત (આસ્રવસ્વરૂપ) છે...**' એ આસ્રવ છે, મલિન છે, નવા બંધનું કારણ છે. '**તેમનો નિરોધ હોવાથી,...**' ધર્મી જીવને તો એ રાગ-દ્વેષ અને મોહ ત્રણેનો નિરોધ થવાથી, અંતરની ચીજનું પરિણમન નિર્મળ હોવાથી '**જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે.**' અજ્ઞાન છે એનો

નિરોધ થવાથી **‘જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે.’** આહા..હા..! કહો, જ્ઞાનીની પહેલી વાત આવી ગઈ એમાં. કર્તાકર્મમાં નહિ? જ્ઞાનીને બે ધારા છે—એક નિર્મળધારા અને એક રાગધારા. રાગધારા બંધનું કારણ છે, જ્ઞાનધારા એ મોક્ષનું કારણ છે. પણ એ તો જ્ઞાનમાં જ્યારે સમ્યગ્દર્શનની દૃષ્ટિ થઈ તો એની દૃષ્ટિમાં તો એકલો શુદ્ધભાવ જ (છે). કેમકે સમ્યગ્દર્શન નિર્વિકલ્પ અને એનો વિષય એકલો શુદ્ધ ધ્રુવ, તો એ દૃષ્ટિમાં તો નિર્મળતા જ ઉત્પન્ન થાય છે. બીજું થતું નથી એમ અહીં કહેવું છે.

પણ એ દૃષ્ટિની સાથે જે જ્ઞાન પ્રગટ્યું એ જ્ઞાન ત્રિકાળને પણ સ્વીકારે છે અને પર્યાયમાં રાગાદિ છે એને પણ માને છે. આહા..હા..! એ તો જ્ઞાનની વાત. આ તો શ્રદ્ધાના જોરથી. એટલું દૃષ્ટિનો જોર, પૂર્ણાનંદનો જ્યાં શ્રદ્ધાએ કબજો લીધો આહા..હા..! એ રાગના કબ્જે આત્મા જ્યાં રોકાઈ ગયો હતો એ આખો આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય શ્રદ્ધાએ કબ્જો પૂર્ણનો લીધો તો એ કપાટમાંથી ખુલે તો આનંદ અને શાંતિ ખીલે. એમાં કોઈ વિકાર નથી કે વિકાર ખીલે. આહા..હા..! સમજાણું કાંઈ?

**‘નિરોધ હોવાથી, જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે. માટે જ્ઞાની, આસ્રવો જેમનું નિમિત્ત છે...’** જ્ઞાનીને આસ્રવ જેનું નિમિત્ત છે. નવા કર્મમાં. નવા કર્મમાં આસ્રવ નિમિત્ત છે. નવા કર્મ આવવામાં. **‘એવાં (જ્ઞાનાવરણાદિ) પુદ્‌ગલકર્મોને બાંધતો નથી,...’** કેમકે એને તો નિર્મળ દશા જ ઉત્પન્ન થાય છે એમ કહે છે. મલિનતાનો નાશ થઈ જાય છે, મલિનતાનો અભાવ થઈ જાય છે. આહા..હા..! છ ખંડના ચક્રવર્તી કે એના રાજકુમાર, અંતરમાં જ્યાં સમ્યક્ અનુભવ થાય છે (ત્યાં) બધા વિકારના પરિણામ મારા નથી, એ રાજ અને રાજનો પુત્ર હું નથી. આહા..હા..! હું તો એકલા જ્ઞાન અને આનંદનો ભંડાર મારી ચીજમાં રાગની એકતા તૂટી અને સ્વભાવની એકતા થઈ તો સ્વભાવની ખાણમાંથી પવિત્રતા જ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો આવો છે ભાઈ! બહુ ઝીણો. અત્યારે તો બાહ્યના ત્યાગની મહિમામાં પોતાના સ્વરૂપની મહિમા ચુકાઈ ગઈ છે. પંડિતજી! આ શેઠિયાને પણ એમ હતું. બીજું શું છે ત્યાં વાત? સવારમાં ઉઠી પાણી ઊના કરે, ચોકા બનાવે, મોસંબી લાવે. એય..! શેઠ!

મુમુક્ષુ :- ગામમાં આવે તો...

ઉત્તર :- ગામમાં ભૂખ્યો માણસ આવે ભિખારીને આપો છો?

મુમુક્ષુ :- એ ક્યાં નગ્ન દિગંબર છે?

ઉત્તર :- હા, એ વાત. વેશનો ભેખ ધારણ કર્યો તો એમ થઈ જાય કે આહા..હા..! થઈ ગયા ધર્મી. આહા..હા..!

અહીં તો કહે છે કે રાગની ક્રિયા મહાવ્રતની એ પોતાની છે અને પોતાને એનાથી લાભ

થશે એ મિથ્યાદૃષ્ટિ, દ્રવ્યલિંગી સંસારતત્ત્વ છે. અ

ને સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીના રાજમાં બેઠો દેખાય કે એનો રાજપુત્ર હોય... સમજાણું કાંઈ? ભાન થયું. આહા..હા..! હું તો ચૈતન્યસ્વરૂપ છું. અતીન્દ્રિય આનંદનો સ્વભાવ એ હું છું. તો એને રાગાદિ ઉત્પન્ન થતા જ નથી એમ કહે છે. આહા..હા..! એક બાજુ એમ કહે અને એક બાજુ બે ધારા કહે. વિરોધ છે? દૃષ્ટિ છે એ તો પૂર્ણાનંદને સ્વીકારે છે. તો પૂર્ણાનંદના સ્વીકારમાં પરિણતિમાં રાગ ક્યાંથી આવ્યો? એ તો પૂર્ણાનંદ જે છે એ તો પરિણતિ જ્ઞાનમય, આનંદમય, શાંતમય, સ્વચ્છતામય, પ્રભુતામય છે. એમાં રાગાદિ પામરમય (ક્યાંથી આવે?). આહા..હા..! ઓલાને વળી વાંધો આવ્યો છે. આ રાગને તો નપુંસક કહે છે. પુણ્યને, રાગને નપુંસક કહે છે. એ નપુંસક તો લાખ વાર, પણ રાગ મારો એ માને તો નપુંસકનો નપુંસક છે. પછી ભાષા જરી ચોખ્ખી કરતા એને કહેવાય કે હીજડા છે, પાવૈયા છે. ઈ એને ગોઠે નહિ. અહીં તો ઈ વાત છે. ભગવાન આચાર્યે ક્લીબ કહ્યા છે, નપુંસક. આહા..હા..! જ્યાં વીર્યનો સાગર પોતે એકલો પિંડ પ્રભુ. એ વીર્ય તો એનો ગુણ છે ત્રિકાળી. એ ગુણનું કાર્ય શું? એ તો ત્રિકાળી શુદ્ધ આનંદની પર્યાયની રચના કરે એ વીર્યનું કાર્ય છે. રાગની રચના એ સ્વવીર્યનું કાર્ય?

મુમુક્ષુ :- એ તો દોષનું કાર્ય.

ઉત્તર :- દોષના કાર્ય નિર્દોષ વીર્યનું કામ કરે? ભારે કામ આકરું માણસને. સમજાણું કાંઈ? હજી ચીજ શું છે અને કેમ છે અને કેમ ઉત્પન્ન થાય એની ખબર નથી અને ધર્મ કરો. ધર્મ કરવો શું છે? કેવી ચીજ છે? એ દૃષ્ટિમાં તો આવ્યું નથી. ધર્મ કરનાર દૃષ્ટિમાં આવ્યો નથી અને ધર્મ કરવો એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? બહુ સંપ્રદાયથી આકરું લાગે હોં માણસને. ક્રિયાકાંડના માનનારને આકરું લાગે. ભક્તિથી મુક્તિ માનનારવાળાને આકરું લાગે. હાય..! હાય..! આ!

ભરતેશમાં અધિકાર આવ્યો છેને? ભરતેશ વૈભવ એમાં આવ્યો છે અધિકાર. એના રાજપુત્રો હતા બધા. ચક્રવર્તીના રાજપુત્ર, તો એને મામા-ફઈના વરેને? મામાની દીકરી હોય અને ફઈનો દીકરો હોય. ફઈનો દીકરો હોય અને મામાની દીકરી હોય. મામા-ફઈના સમજો છો? મામાની દીકરી હોય અને ફઈનો દીકરો હોય. અને મામાની દીકરી હોય અને ફઈનો દીકરો હોય એમ પણ બને. અહીં રબારીમાં પણ એમ હોય. આ રબારી છેને અહીંયાં. ભરત ચક્રવર્તીના સાળા એ છોકરાના મામા થાય, એ મામાની કન્યાનું સગપણ કરવા આવ્યા હતા. એનો મામો. બહેનનો દીકરો અહીંયાં. એનું સગપણ કરવા આવ્યો હતો પોતાની દીકરી સાથે. એમાં ચર્ચા ચાલી ભરત અને એના પુત્ર વચ્ચે. ભરત ચક્રવર્તી તો હજી સગપણ કરે છે. ચર્ચા ચાલી. ભરત કહે છે અરે..! રાજકુમારો! આપણા દાદા ઋષભદેવ ભગવાન, ત્રણ કાળનું જ્ઞાન.

આહા..હા..! કુટુંબ તરીકે પિતા, ધર્મ તરીકે સર્વજ્ઞદેવ ગુરુ. તો છોકરાઓ! એની ભક્તિથી ધર્મ થાય કે નહિ? ઓલા કહે ના. અરે..! ના? આ ભગવાન સર્વજ્ઞ ઇન્દ્રો જેને પૂજે આપણા પિતા, તમારા દાદા તીર્થંકર તરીકે સમવસરણમાં (બિરાજે છે) એની ભક્તિથી ધર્મ નહિ? તમારા મામા સગપણ કરવા આવ્યા છેને, ... કહેતા હતા. અરે..! પિતાજી! શું કહો છો તમે? હજી સુધી તો તમે કહેતા હતા કે પરની ભક્તિ તો રાગ છે. અને આ શું કહ્યું? દાદા હોય કે ભગવાન હોય સાક્ષાત્. પરદ્રવ્યની ભક્તિ રાગ છે. ભેદ છે. ધર્મ નહિ. છોકરાઓને પાક્કુ છે. ભાઈ! ભારે વાત આ તો! છોકરાને એમ કહેવું પડ્યું. અહીં તો બાપને ભાન ન મળે તો છોકરાને ક્યાંથી લાવવું? આહા..હા..!

મુમુક્ષુ :- કાળ બીજો છે, આ પંચમકાળ છે.

ઉત્તર :- કાળ-બાળ અંદરમાં છે જ નહિ. કાળની પર્યાયની ભગવાન આત્મામાં નાસ્તિ છે. ચાહે તો પંચમ આરો હોય, ચોથો આરો હોય કે નારકીનો કાળ હોય એ આત્મામાં છે જ નહિ. આહા..હા..!

કહે છે કે... એ છોકરાઓને એમ થયું કે ઓહો..! એ તો પરીક્ષા કરી હતી ભરતે હોં. સાચી વાત ભાઈ! છોકરાઓ! પિતાજીના પિતા એની ભક્તિ કરવી, કેળવીની ભક્તિ કરવી એમાં ધર્મ નહિ? ભારે તમે મોટા! નાના મોઢે મોટી વાતું. ભરત કહે છે. નાના મોઢે મોટી વાતું કરો છો. અરે..! પિતાજી! શું કહો છો? તમે તો કહો છો કે અભેદરત્નત્રય એ ધર્મ છે. ભેદરત્નત્રય વિકલ્પ એ રાગ છે એમ તમે જ કહેતા હતા. મૂળચંદભાઈ! અહીં તો ૬૦ વર્ષવાળાને પણ ભાન ન મળે. શું હશે ભગવાન જાણે. આહા..હા..! વાહ! છોકરાઓ. પહેલા કહે, તારા મામા કન્યા દેવા આવ્યા માટે લોભાઈ ગયા તારા મામાને કારણે? એમ કહ્યું છે હોં અંદરમાં. પછી ગમે .. હોય અંદર. ના, ના. કન્યા દેવા આવ્યા માટે અમે માનીએ એમ નથી. તમે કહેતા હતાને અને વળી આ શું ફરી ગયા? એય..! પોપટભાઈ! આવા છોકરાઓ એને હા પડાવતા એના બાપ પાસે. માર્ગ તો આ છે, અભેદરત્નત્રય. વસ્તુની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ વસ્તુની અભેદ છે એ જ મુક્તિનો માર્ગ છે. ભેદરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતનો રાગ એ બંધનું કારણ છે. ચાહે તો સમકિતીને હોય કે મિથ્યાદૃષ્ટિને હોય, એ બંધનું જ કારણ છે. એ લીધું છે ઓલામાં કે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિમાં વિશેષતા શું છે? જ્ઞાન અને કર્મધારામાં લીધું છે. જ્ઞાનધાર, કર્મધારા-બે ધારા. સમ્યગ્દૃષ્ટિને વ્રતાદિના પરિણામ એ ધર્મ, મિથ્યાદૃષ્ટિના વ્રતાદિના પરિણામ મિથ્યાત્વ અજ્ઞાન એમ છે? બેયના વ્રતાદિના પરિણામ વિકલ્પ છે, રાગ છે.

અહીં તો દૃષ્ટિના જોરમાં અર્થાત્ દૃષ્ટિનો વિષય તો અભેદ એકરૂપ ચૈતન્ય છે. દૃષ્ટિમાં બે ભાગ પડતા નથી કે દૃષ્ટિ દ્રવ્યને પણ માને અને પર્યાયને પણ માને એમ છે નહિ.

આહા..હા..! તો પહેલી જ ગાથામાં એ ઉપાડ્યું છે. જ્યાં દૃષ્ટિ સમ્યક્ ચૈતન્ય ઉપર થઈ તો એમાં જ્ઞાનમય આત્માની જાતનો શુદ્ધ પર્યાયમય પર્યાય પ્રગટ થાય છે. એનાથી આસ્રવનો નિરોધ થાય છે. તો એ આસ્રવ નવા આવનારને નિમિત્ત. એ **'એવાં (જ્ઞાનાવરણાદિ) પુદ્‌ગલકર્મોને બાંધતો નથી,...'** જ્યારે આસ્રવ જ એને થતો નથી તો નવા કર્મ બંધાતા નથી. સમકિતીને બંધાતા નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! બંધ-બંધની ધારામાં ગયો. અબંધ ભગવાનના પરિણામ અબંધ છે એ જ પોતાની ધારામાં રહ્યા. આહા..હા..! પણ માણસને આ શું ચીજ છેને. આ મહાપ્રભુ ચૈતન્ય જ્યોત અંદર.

જેની બુદ્ધિ પર્યાયમાંથી ખસી જઈને વસ્તુ સ્વભાવ અભેદ ઉપર દૃષ્ટિ થઈ. બધો પત્તો કાઢી લીધો. આહા..હા..! પાતાળના પાણી કાઢ્યા એણે તો. પાતાળ કૂવામાંથી પાણી કાઢે છેને? એમ ધ્રુવના પાણી લઈ લીધા પ્રતીતમાં. આહા..હા..! ચેતનજી! દૃષ્ટિ છે નિર્વિકલ્પ, અભેદ છે, એનો વિષય અભેદ છે. આહા..હા..! જ્ઞાન સ્વ અને પર, દ્રવ્ય અને પર્યાય બેને જાણે. જ્ઞાનની અપેક્ષાએ રાગ એનામાં છે એમ જાણે છે. ચારિત્રની અપેક્ષાએ રાગ ઝેર છે એમ જાણે છે. આહા..હા..! દૃષ્ટિની અપેક્ષાએ રાગ જ્ઞેય છે એમ પણ નહિ અહીં તો. આહા..હા..! ત્રિકાળી ભગવાન આત્માની દૃષ્ટિની અપેક્ષાએ એની પર્યાયમાં રાગ થાય એને વ્યવહારે જાણે છે એમ નહિ. જ્ઞાનની અપેક્ષાએ સ્વને જાણતા સ્વપરપ્રકાશક જ્ઞાનની તાકાત છે એ કારણે રાગ છે એને જાણનાર છે. એમ કહેવામાં આવે છે. ચારિત્રની અપેક્ષાએ એ રાગ થાય છે સમકિતીને આસ્રવ (એ) ઝેર છે. ભગવાન અમૃતનો સાગર પ્રભુ એનાથી વિરુદ્ધ ભાવ ઝેર છે. અહીં કહે છે કે સમકિતીને એક સાથે વિરુદ્ધ ભાવ હોતો નથી. કહો, ગીરધરભાઈ! આહા..હા..! આ તો વીતરાગ કેવળી તીર્થંકરદેવ એના હૃદયો છે. એનો આત્મા આમ છે, એ આત્માનો પોકાર છે આવો. સમજાણું કાંઈ? આહા..હા..!

**'માટે જ્ઞાની, આસ્રવો જેમનું નિમિત્ત છે...'** એટલે એ પુણ્ય અને પાપના ભાવ જેમનું નિમિત્ત છે. કોનું? **'એવાં (જ્ઞાનાવરણાદિ) પુદ્‌ગલકર્મોને બાંધતો નથી,...'** આસ્રવો એને નથી તો પછી નવા કર્મ જેમનું નિમિત્ત એ ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ? **'સદાય અકર્તાપણું હોવાથી...'** આ સિદ્ધ કરે છે. કેમ નથી હોતા? કે પુણ્યનો કર્તા, શુભભાવનો કર્તા જ્ઞાની છે જ નહિ. કર્તા તો નિર્મળ પર્યાયનો જ ધર્મી છે. સમજાણું કાંઈ? **'સદાય અકર્તાપણું હોવાથી...'** કેમ? કે દૃષ્ટિ દ્રવ્યની થઈ, વસ્તુની થઈ, અનુભવ થયો તો એમાં તો અકર્તૃત્વ ગુણ પડ્યો છે. રાગના અભાવસ્વભાવરૂપ અકર્તૃત્વગુણ છે. રાગને કરવો એવો કોઈ ગુણ આત્મામાં નથી. સમજાણું કાંઈ? આહા..!

**'સદાય અકર્તાપણું હોવાથી નવાં કર્મો નહિ બાંધતો થકો...'** સદા રાગનો કર્તા નથી. એકનો જ કર્તા અધ્યાત્મ દૃષ્ટિની અપેક્ષાએ અહીંયાં એક જ આત્મા સ્વભાવનો જ

કર્તા છે. વિકારનો કર્તા ધર્મી નથી. સમજાણું કાંઈ?

છન્નું હજાર સ્ત્રી હોય, જેને એક-એક રાણીને, મુખ્ય રાણી છે એની હજાર દેવ સેવા કરે. આહા..હા..! એવી રાણી સાથેના વિષયની વાસના વખતે પણ, કહે છે કે એ વાસના એને થઈ જ નથી. આહા..હા..! એને તો એ સંબંધીનું શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ છે એ ઉત્પન્ન થઈ છે. સમજાણું કાંઈ? એ આનંદના સ્વાદને ચુકીને વિષય-વાસનાનો સ્વાદ ધર્મી લેતો નથી. આહા..હા..! જુઓ, આ વીતરાગમાર્ગ. આનંદનો સ્વાદ જે છે અંતરમાં એને ચૂકીને વિષયનો સ્વાદ લેતો નથી. એ તો આનંદનો સ્વાદ લેનારો જ ધર્મી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલામાં પ્રશ્ન આવ્યો છેને? ત્રણ રત્નત્રયના જોરે ભગવાનની ભક્તિના રાગનું વેદન એને નથી. પણ એ તો કઈ અપેક્ષાએ? દૃષ્ટિના જોરની અપેક્ષાએ. તો તો એને દોષ પણ જોવાનો નથી. એય..! દોષ પોતાને છે એને જોવાનું જ ક્યાં છે? આહા..હા..! બેય અથડાય છે સામે-સામી વાત. જો દોષ જોવાની ના પાડે તો આમાં રાગનું વેદન છે એનું શું? અને દોષ જોવાનું કહે તો રાગનું વેદન છે એ શું? આહા..હા..! જો નથી આત્મામાં રાગનું વેદન દૃષ્ટિની અપેક્ષાએ તો જ્ઞાનીને આસ્રવ અને દોષ છે જ નહિ. સમજાણું કાંઈ? એમાં વિચારણીય છે એમ મૂક્યું છે. એમ કે આ વિચારવા જેવું છે એમ કરીને લખે છે. સુમેરુચંદ. એમાં એ શબ્દ હતો. ઠીક કીધું, ઠીક કીધું. એમ કે કાંઈક..

મુમુક્ષુ :- વિચારવાની વાત બરાબર છે.

ઉત્તર :- એ વિચારવાનો અર્થ બીજો એને કહેવાનો અર્થ કે તમે કાંઈક આમ કહો છો, પણ આમાં વિચારવા જેવું છે આમાં. રાગની ભઠ્ઠી છે એ એમ નથી. એમ. શુભરાગ ભગવાનની ભક્તિમાં રાગ કષાય અગ્નિ? પણ કોની અપેક્ષાએ વાત? સાંભળને! જ્યાં દૃષ્ટિના જોરમાં તો એ કષાયનો ભાવ એને છે જ નહિ પછી પ્રશ્ન ક્યાં? ત્યારે પછી દોષ જોવો કે દોષ ટાળવો એ છે જ નહિ દૃષ્ટિમાં. અને જો જોવાનું કહે કે દોષ જો. તો તો વેદનમાં પણ રાગનું વેદન છે એમ એને નક્કી થશે. આકરી વાત છે મૂળચંદભાઈ! આ આઘા ગયા પછી પણ ત્યાં ફેરફાર કેવો થાય છે! આકરો ફેર થયો. આહા..હા..! અહીં તો ભાઈ ન્યાયનો એક અંશ ફરે તો વસ્તુ નહિ રહે. વસ્તુની સ્થિતિ એવી છે. એય..! શાંતિભાઈ! તમારે તો ચાલે છે બહુ ત્યાં. એક કોર શાંતિભાઈ વાંચે. એક કોર ઓલા વાંચે. શું કહેવાય? જયકુમાર અને એક કોર પ્રેમચંદજી. ત્રણ-ત્રણ .. બિચારા હોં. બિચારા પોકાર કરતા હોં! શ્રીપાલજી. અરેરે..! અમારા ગામમાં ત્રણ-ત્રણ .. થઈ ગયા. દિલ્હી. આહા..હા..! માણસને માંડ સત્યને ..આવ્યા ત્યાં તો પાછા એ ગોટા ઉઠ્યા પાછા અંદરથી. આહા..હા..!

અહીંયાં તો કહે છે, સમ્યગ્દૃષ્ટિને દોષ થતો જ નથી, આસ્રવ થતો જ નથી પછી દોષ

થાય એ પ્રશ્ન જ ક્યાં છે? અને દોષ નથી તે નવા આવરણનું કારણ દોષ છે, તો દોષ નથી તો આવરણ પણ છે નહિ. બંધન જ નથી. આહા..હા..! અબંધ સ્વભાવી દૃષ્ટિવંતને અબંધ પરિણામમાં બંધ પરિણામ સાથે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? અને જ્યારે એને જ્ઞાનથી જોઈએ ત્યારે બંધ પરિણામમાં એ રાગદોષ છે. છે તો એને વેદન પણ એ જાતનું છે. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! વહુ વાતું આકરી એવી.

મુમુક્ષુ :- અપેક્ષાથી સમજવું.

ઉત્તર :- અપેક્ષા ન સમજે તો ગોટો ઉઠે. ત્યાં શેઠિયાના ઘરેથી જ ઉઠ્યું છે બધું. શેઠિયાને ઘરે વ્યાખ્યાન ચાલતું હતુંને ત્યાં? તમે નહિ હો, તે દિ' હતા? નહિ. ભાઈ શેઠિયા આવ્યા હતાને? રાતે વ્યાખ્યાનમાં લાલુભાઈ બેઠા હતા. એટલે બહુ જ્યારે કહ્યું હશે. કેમ લાલભાઈ? તો જવાબ ન આપ્યો. પછી બહુ જુઓ, જુઓ, દોષ જુઓ, દોષ જુઓ બહુ કીધું પછી શેઠિયા! તમારે ગુણ જુઓ.. ઈ વાત કરોને. એ ઉઠ્યા ત્યાંથી વાંધા. અરેરે..! મારી નાખ્યા જગતને. દોષ જુઓ... દોષ જુઓ... દોષ જુઓ... કહો છો, તો આ ગુણ જુઓ અહીં જુઓ એમ કહેને. આહા..હા..! અને દોષ જોવા જો હશે તો ત્યાં ભગવાનની ભક્તિનો રાગનો અગ્નિનો દાહ અને વેદન પણ છે. સમજાણું કાંઈ? એય..! આહા..હા..! એવો માર્ગ છે, બાપુ! આ કાંઈ કોઈની ઘરની ચીજ છે? વસ્તુના ઘરમાં એવું છે. એ તો ઘણા કાળથી કહેતા કે દૃષ્ટિની અપેક્ષાએ દોષની નિર્જરા છે. જ્ઞાનની અપેક્ષાએ રાગ છે એવું જ્ઞેય છે. ચારિત્રની અપેક્ષાએ રાગ છે તે ઝેર છે. એ ક્યાંક ઓલામાં કહ્યું હતું. કો'ક ઠેકાણે ઉદયપુર કે ક્યાંક. નીચે ચાકળો હતો. ઉદયપુર? ક્યાંક હતું ખરું. આવા શબ્દો હતા હોં. પહેલા જે કહ્યા હતાને. પાટ ઉપર અને નીચે ચાકળો હતો એક. ઘણા વર્ષની વાત છે. કહો, સમજાણું આમાં?

જ્યાં દૃષ્ટિએ તો પૂર્ણ ભગવાનનો સ્વીકાર્યો એ તો શુદ્ધ છે. તો પછી દૃષ્ટિના વિષય, દૃષ્ટિ નિર્મળ, એનો વિષય નિર્મળ તો એની પરિણતિ નિર્મળ જ છે. મલિન આસ્રવ રોકાઈ જાય છે. આહા..હા..! અને મલિન આસ્રવ નવા આવવાને નિમિત્ત છે એથી નવા જ્યાં આસ્રવ જ નથી તો નિમિત્ત જે આવવાનું નિમિત્ત એ આ બંધ પણ એને નથી, અબંધ છે સમકિતી લે કહે. આ અપેક્ષાએ હોં! આહા..હા..!

**'સદાય અકર્તાપણું હોવાથી...'** જોર આ દેવું છેને. રાગનું પરિણમન હોય એ જ્ઞાનની દૃષ્ટિએ, પણ સમ્યગ્દર્શનની દૃષ્ટિએ તો રાગનું પરિણમન જ એને નથી. ચીમનભાઈ! આવી વાત છે. આહા..હા..! એમાં ખેંચાતાણ થઈ જાયને માણસને. ઓલા વોરાની વાત નહિ એક? .. પણ .. કોકનું ખેતર. કાકો-ભત્રીજો બે નીકળ્યા. ખેતરમાં પાક હશે કાંઈક. ખેતર સમજ્યાને? ફસલ. શું કહેવાય? તો એક કહે કે આમાં પાંચ કળશી અનાજ પાકશે બાજરો.

બીજો કહે કે નહિ ચાડા ચાર કળશી પાકશે. ઓલો ચડી બેઠો નહિ પાંચ કહે. .. પણ કોના ઘરની? કોના ઘરની વાત? હવે કોકનું ખેતર. આ એવી વાત છે. એવી વાત આવે છેને? સાંભળી હતી ઘણા વખત પહેલા. ઓલા બે .. પણ ઓલા કહે કે શું કરવા? આ કહે છે, પાંચ કળશી અનાજ પાકશે. આ કહે સાડા ચાર. પણ કોને પાકે? તારે ઘરે ક્યાં? ખેતર કોકનું, તું શું કરવા .. છો? એય..! બાપુજી! આહા..હા..!

એમ ભગવાન આત્માનું ખેતર તો આનંદના પાકનું ઈ તો ખેતર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દુ:ખના પરિણામ છે એને તો તદ્દન ભિન્ન ગણ્યા છે. એનું ખેતર ભિન્ન ગણ્યું છે, લ્યો. આહા..હા..! જેને લક્ષે થયા ઈ એના છે. તારા ક્યાં હતા? તારા હોય તો તારામાંથી ઉત્પન્ન થયા જ કરે. એથી આસ્રવનું નિમિત્ત, નવા આવરણરૂપી આસ્રવ એનું નિમિત્ત આસ્રવ આ ભાવ એનો અભાવ છે માટે એને આસ્રવ તો નથી અને બંધ પણ નથી.

**'નવાં કર્મો નહિ બાંધતો થકો સત્તામાં રહેલાં પૂર્વબદ્ધ કર્મોને, પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને, કેવળ જાણે જ છે.'** લ્યો! માત્ર જાણે છે. પોતામાં નહિ પણ પર છે એમ જાણે છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે ઈ બીજી વાત, આ જાણે છે એ બીજી વાત. એય..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન એ તો પોતાની પર્યાયમાં છે એમ જાણતો થકો. જ્ઞાનની વાત છે. આ તો ફક્ત જાણે છે પરવસ્તુ છે એમ. **'જ્ઞાનસ્વભાવવાળો હોઈને, કેવળ જાણે જ છે. (જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે, કર્તાપણું સ્વભાવ નથી; કર્તાપણું હોય તો કર્મ બાંધે, જ્ઞાતાપણું હોવાથી કર્મ બાંધતો નથી).'**

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૩, બુધવાર, તા. ૩૧-૦૧-૧૯૭૩
## ગાથા-૧૬૬-૧૬૭, પ્રવચન-૩૦૧

**'ભાવાર્થ :— જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી,...'** એટલે શું કહ્યું? કે જે આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન (છે) એવી જ્યાં અંતરમાં દૃષ્ટિ અને એનું જ્ઞાન થયું આત્મજ્ઞાન, આત્મજ્ઞાનને અહીં જ્ઞાની કહેવામાં આવે છે. આત્મા ચૈતન્ય જ્ઞાનપુંજ પ્રભુ એની જેને દૃષ્ટિ

થઈ એથી તેનું જ્ઞાન થયું સાથમાં. એ જ્ઞાન આત્મજ્ઞાન થયું તેને અહીંયા જ્ઞાની કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? એને **'અજ્ઞાનમય ભાવો હોતા નથી,...'** કેમકે જ્ઞાનસ્વરૂપે ભગવાન આત્મા એનું જ્ઞાન ને પ્રતીત ને અનુભવ થતાં ધર્મીને તો શુદ્ધ જ્ઞાનમય જ પરિણતિ-પર્યાય થાય છે. એને અજ્ઞાન એટલે રાગ, દ્વેષ અને મોહ જે આસ્રવ છે એમાં અજ્ઞાનપણું (છે અર્થાત્) એમાં જ્ઞાનના સ્વભાવનું અભાવપણું છે. આહા..હા..! એ **'અજ્ઞાનમય ભાવો હોતા નથી,...'**

મુમુક્ષુ :- આત્મા તો બધાને ખબર છે.

ઉત્તર :- શું ખબર છે? ધૂળેય નથી. બીડીનું માલુમ છે તમાકુનું. કેવી બીડી થાય? બાળબીડી ને ફલાણું ને ઢીંકણું.

મુમુક્ષુ :- ... એ પણ ખબર નથી.

ઉત્તર :- એની ખબર ક્યાં છે? આ તો રાગની ખબર છે. રાગનું જ્ઞાન છે. રાગનું જ્ઞાન છે એ તો બરાબર કહે છે. છેને બીજી ગાથામાં નહિ? **'जीवो चरित्तदंसणणाण'** અજ્ઞાનીને એનું જ્ઞાન છે રાગનું. કારણ કે જ્ઞાનમાં ભલે એને ભાન ન હો, પણ એને રાગ સંબંધીનું જ્ઞાન છે, આત્મા સંબંધીનું જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગ છે પુણ્ય-પાપનો ભાવ એ વિભાવ ખરેખર પરદ્રવ્ય છે એટલે એ પુદ્ગલના જ પરિણામ છે. ચૈતન્યની દૃષ્ટિમાં જ્ઞાનાનંદ સ્વભાવનું ભાન થતાં જ્ઞાનમય શ્રદ્ધા, ચારિત્ર, શાંતિ, આનંદ એ બધી જ્ઞાનમય જ દશાઓ છે. જ્ઞાનની ચૈતન્યની જાતની એ ભાત છે. રાગ અને મોહ અને દ્વેષ શુભાશુભભાવ એ અજ્ઞાનમય છે. એ અજ્ઞાન જાતિના, એ આત્મજાતિના નથી. સમજાણું કાંઈ? એથી **'જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી,...'** કેમકે જ્ઞાન તો આત્માનું થયું છે અને આત્મામાં એ રાગ-દ્વેષ-મોહ નથી. સમજાણું કાંઈ?

**'અજ્ઞાનમય ભાવો નહિ હોવાથી (અજ્ઞાનમય) રાગદ્વેષમોહ અર્થાત્ આસ્રવો હોતા નથી...'** અહીં તો એ નિષેધ કર્યો છે. કેટલાક આમાં વીતરાગી સમકિત એટલે સાતમે અને આઠમે એની વાત લે છે. એની વાત છે જ નહિ. અહીંયાં તો આત્મા ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ પૂર્ણ એવું જે સ્વસન્મુખનું, પરથી વિમુખનું આત્મજ્ઞાન થયું એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ અને એને જ્ઞાની કહેવામાં આવે છે. જેને રાગની એકતા અને રાગ તે હું એવી બુદ્ધિ છે એને અજ્ઞાની કહેવામાં આવે છે. કારણ કે રાગમાં જ્ઞાનનો સ્વભાવ નથી, છતાં એ રાગ મારો એમ માન્યું એનું નામ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહા..હા..! રાગ મારો માને ત્યાં (મિથ્યાદૃષ્ટિપણું કહે છે) એમાં છોકરા અને પૈસા? ઘણું દૂર લઈ ગયા. એઈ..! પણ હુંફ તો આવે કે નહિ? છોકરાની પાસે કરોડ રૂપિયા હોય તો હુંફ ન આવે અંદરથી? એક જણા કહેતા હતા કે અમારે સાળાની વહુ પણ જો હુશિયાર થઈ હોય તો સાળાનો સાળો હોય,

સાળી હોય તોપણ અમને હુંફ રહે. લ્યો! એ નથી સાંભળ્યું તમે?

મુમુક્ષુ :- એ તો મારી હાજરીમાં જ...

ઉત્તર :- ઈ તો વાત થઈ હતી. કીધુંને. એમની હાજરીમાં કહ્યું છે. આહા..હા..! અરેરે..! સમજાણું? સાળો હોય અને સાળાની સાળી હોય અને ઈ પણ જો મોટી પદવી હોય તો હુંફ તો રહેને કાંઈક? ન રહે? આહા..હા..! મૂર્ખતા. આહા..હા..! કેટલી વાત પણ? અહીં તો કેવો પોતે સ્વરૂપ ચિદાનંદ આત્મા સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા. એના સિવાયનો વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ રાગ પણ મારો છે ઈ અજ્ઞાનમય સ્વરૂપને મારો માને છે એને જ્ઞાનમયનું જ્ઞાન નથી. અજ્ઞાન છે એને. આહા..હા..! એવી વાત છે. કહો, પ્રેમચંદભાઈ! આહા..હા..! આવી વાત છે. એવી ચીજ જ પોતે છે. હો, રાગ-દ્વેષ હો, પણ એ જેમ પરદ્રવ્ય છે એમ એ પર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! ભગવાન! જાગ્યો. ભગવાન જાગ્યો એને વળી અજ્ઞાન કેવા? એમ કહે છે. સમજાય છે કાંઈ? એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ, જેને બાર અંગમાં કહેવું હતું આત્મજ્ઞાન એ થયું. આહા..હા..! બાર અંગરમાં કહેવું છે ઈ. સવારમાં આવ્યું હતુંને ઈ? પરમાગમનો અતુલ અર્થ સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે. આહા..હા..! સાર ભગવાન આત્મા સમયસાર શુદ્ધ ચૈતન્ય. રાગાદિ તો અસાર, અચેતન, અજ્ઞાન, પુદ્ગલપરિણામ. સ્વભાવની જાત ક્યાં છે એમાં?

તેથી કહે છે '**અજ્ઞાનમય ભાવો નહિ હોવાથી...**' એ અજ્ઞાનમય તો રાગ-દ્વેષ-મોહ છે. એ આસ્રવો જ્ઞાનીને છે નહિ. આહા..હા..! સમજાણું? અર્થ કરશે હોં! થોડો ખુલાસો કરશે. સમકિતી અવિરતિને તો રાગ-દ્વેષ હોય છે. એ ચારિત્રનું કાર્ય એ આત્માનું નહિ. એ ભિન્ન જાત રહી. એનું સ્વામીપણું જ્ઞાનીને હોતું નથી. સ્વામીપણું હોય તો સ્વમાં આવે. સ્વામીપણું નથી એ પરમાં રહે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! એવો માર્ગ છે. ભગવાનની ભક્તિ, તીર્થંકરોનું સ્મરણ, શાસ્ત્રનું વાંચન એનો જે રાગ... આહા..હા..! કહે છે કે એ રાગ એ જ્ઞાનના સ્વભાવની જાતથી બીજી જાત છે. તે રાગભાવ, દ્વેષભાવ, મોહ તો નથી, પણ રાગ અને દ્વેષનો વિકલ્પ જે છે એ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા એને આશ્રયે થયેલું જ્ઞાન એવા જ્ઞાનીને રાગ-દ્વેષ-મોહભાવ હોતા જ નથી અને આસ્રવો તો એ છે. સમજાણું કાંઈ? શાંતિભાઈ! આહા..હા..!

'**અને આસ્રવો નહિ હોવાથી નવો બંધ થતો નથી.**' ધર્મીને અબંધસ્વરૂપી ભગવાન આત્મા એનું જ્ઞાન અને દૃષ્ટિ થતાં અબંધ પરિણામ જ એને વર્તે છે. એને બંધપરિણામરૂપી આસ્રવ એને હોતા નથી, તો પછી બંધ એને થતો નથી. આહા..હા..! કહો, ગોવિંદલાલજી! આવું છે. આહા..હા..! ઓલા એ .. છેને. શું કીધું કાંઈક છેને? આચાર્ય કોક થયો છેને

હમણા જ્ઞાન. ઓલો ભૂરીમલ હતો બ્રહ્મચારી ઈ.

મુમુક્ષુ :- પંડિત હતો.

ઉત્તર :- ઈ. ભૂરીમલ બ્રહ્મચારી. જ્ઞાનસાગર. આચાર્યે લખ્યું છેને એમાં આ બધું કર્યું છે કે આ જે રાગ આસ્રવ નથી એ તો વીતરાગી સંતને. વીતરાગી સમકિત સાતમે, આઠમે, નવમે એને હોય. અરે..! ભાઈ! અહીં તો કઈ વાત ચાલે છે ભાઈ કઈ અપેક્ષાએ? જ્યાં દૃષ્ટિમાં અને જ્ઞાનની એક સમયની પર્યાયમાં પર્યાયવાન જ્યાં અનુભવમાં આવ્યો... આહા..હા..! ભગવાન પોતે જાગ્યો, ભગવાનની પર્યાયમાં તો નિર્મળતા જ એની પર્યાય હોય. મલિન પર્યાય એના અસ્તિત્વમાં નથી, દ્રવ્યમાં નથી, ગુણમાં નથી તો પર્યાયમાં નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્યમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ નથી, ગુણમાં નથી તો દૃષ્ટિ તો દ્રવ્ય અને ગુણની થઈ છે. આહા..હા..! દૃષ્ટિ તો એ ગુણી એવા અનંતગુણનો પિંડ પ્રભુ આત્મા એની દૃષ્ટિમાં જે દ્રવ્ય અને ગુણ એ તો શુદ્ધ આવ્યા છે એટલે એનું પરિણમન તો પર્યાયમાં તો શુદ્ધ થાય છે. એ અહીં દૃષ્ટિપ્રધાન કથનનું જોર છે. જ્યારે જ્ઞાનની પ્રધાનતાથી કથન ચાલે ત્યારે એની રાગદશા પર્યાયમાં છે એમ એ જાણે.

અહીં તો પર્યાયમાં નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! દૃષ્ટિના જોરે તો પર્યાયમાં પણ આસ્રવ નથી અને દૃષ્ટિ સાથે થયેલું જ્ઞાન જાણે છે. જેટલી નબળાઈ છે એવું રાગ-દ્વેષ અસ્થિરતા જાણવાલાયક છે, આદરવાલાયક નથી. અને ચારિત્રની અપેક્ષાએ તો એ રાગ ઝેર છે. અમૃતને લૂંટીને ઉત્પન્ન થયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ દરબારના ગઢમાં જાવા તો એ દરબારની શૈલી જ અંદર પર્યાયમાં આવે કહે છે. પામર રાગ-દ્વેષના પરિણામ પામર છે. એ પ્રભુની પર્યાયમાં ન હોય એમ કહે છે. કહો, ગીરધરભાઈ! આવું સાંભળ્યું નહોતું કોઈ દિ', નહિ? આહા..હા..! હિન્દુના મકાનથી હરિજનના મકાન અને હરિજનના સ્થાન જ જુદા હોય. હવે તો બધું એક થઈ ગયું છે સરખું. આ તો વાત છે. એમ આત્મા આનંદનો નાથ પ્રભુ એવા દરબારને જેણે અનુભવ્યો અને જાણ્યો એની પર્યાયમાં આ પુણ્ય અને પાપ મેલ, ઝેર ઈ અમૃતના સાગરને જોયો એમાં આ કેમ હોય કહે છે. એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? એ થાય તો એ પુદ્ગલના પરિણામ તરીકે ભિન્ન છે. આહા..હા..!

**'આ રીતે જ્ઞાની સદાય અકર્તા હોવાથી...'** માથે આવ્યું હતું. સમજાણું કાંઈ? કર્તાપણું હોય તો કર્મ બાંધેને. આવ્યું હતું. સદાય અકર્તાપણું હોવાથી. ટીકામાં. સદાય અકર્તાપણું હોવાથી નવા કર્મ નહિ બાંધતો થકો. એ ટીકાનું જ અંદર સ્પષ્ટ કર્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અકર્તા. ધર્મી જીવ રાગનો કર્તા નથી. રાગને રચે કે એ તે શુદ્ધને રચે? આહા..હા..! સમજાણું કાંઈ? આવી ચીજ છે પ્રત્યક્ષ મોજૂદ છે. એને જેણે જાણી અને

એના જેને ભેટા એકત્વના થયા અંદરમાં, કહે છે કે એ જ્ઞાનીને કર્તાપણું રાગનું છે જ નહિ. એ તો શુદ્ધ સ્વભાવનો કર્તા છે. દૃષ્ટિની અપેક્ષાએ વાત છેને અહીંયા. દૃષ્ટિની અપેક્ષાએ તો રાગાદિ થાય છે એની નિર્જરા થઈ જાય છે એમ કહે છે. જ્ઞાનીનો ભોગ પણ નિર્જરાનો હેતુ છે. એનો અર્થ કે રાગના સ્વામી નથી અને રાગની રુચિ નથી. રુચિ અને સ્વામીપણું તો સ્વભાવમાં વર્તે છે. એથી રાગાદિ હોય એ જ્ઞાનીને દૃષ્ટિની અપેક્ષાએ તો નિર્જરા થઈ જાય છે. જ્ઞાનની અપેક્ષાએ જ્ઞેયપણે જણાય છે. ચારિત્રની અપેક્ષાએ ઝેરપણે વેદનમાં આવે છે. આવી વાત છે. આમાં કેટલું યાદ રાખવું? આ શેઠિયા ઘુંચાઈ ગયા બહારમાં, ગરીબ ઘુંચાઈ ગયા બિચારા રળવામાં. રોટલા કેમ મળે બિચારા ક્યાંથી..? આમ ઘરના દસ માણસ હોય. આ મોંઘવારી. ઘરમાં એકલો માણસ રળનારો હોય. ચાર-પાંચ છોકરા નાના હોય, છોડીયું નાની હોય. બાયડી તો. આહા..હા..! એમાં વળી સાળાના ઘરેથી છોકરા એકાદ-બે આવે. એ પણ સાધારણ ઘર હોય. આવો ઘરે ત્યાં આવો. ફઈબાને ઘરે રહો. હવે એને પોષવા. આહા..હા..! ગરીબ માણસને ભારે આકરું. એય..! શેઠ! તમારે તો પોટલા હોયને. એને બિચારાને ત્યાં રોકાવું હોય. આને તરખડ પૈસા ભેગા કરે ત્યાં રોકાવું પડે. આહા..હા..! બેય. આહા..હા..!

જેને ભેગું કરવું છે આત્માનું તત્ત્વ... આઠ વર્ષની બાળીકા સમ્યગ્દર્શન પામે, આઠ વર્ષની બાળીકા. બાળીકા તો જડની અવસ્થા, અંદર ક્યાં ભગવાન બાળ છે? અંદર ભગવાન બાળ ક્યાં છે? એ તો પંડિતનો પંડિત મહાપ્રભુ છે. આહા..હા..! કન્યા હોય ઈ સમકિત પામે અને પછી લગન કરે. તો કહે છે, જેને અંતરમાં આત્મા આનંદનો નાથ જેને અનુભવમાં આવ્યો છે એને એ રાગનો ભાવ એનો સ્વામી નહિ અને એ એનું કર્તવ્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને રાગની એકતામાં અજ્ઞાનમાં દયા, દાન અને વ્રત કરે એ બધો અજ્ઞાનભાવ છે. એથી અજ્ઞાનીને અજ્ઞાનભાવ હોતાં નવા બંધ એને થાય છે. જ્ઞાનીને જ્ઞાનભાવ હોતાં આસ્રવ નથી માટે બંધ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'અને પૂર્વે બંધાયેલાં જે કર્મો સત્તામાં રહ્યાં છે તેમનો જ્ઞાતા જ રહે છે.'** જાણનાર જ છે. શાસ્ત્રમાં આવે કે આને આટલા બાકી છે. તો બાકી છે એમ જાણ્યું. જાણ્યું બીજું કાંઈ નહિ. આહા..હા..! હવે વિસ્તાર કરે છે.

**'અવિરતસમ્યગ્દૃષ્ટિને** પણ...' ચોથે ગુણસ્થાને આસક્તિનો ભાવ છૂટ્યો નથી એવા જીવને પણ **'અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા નથી.'** એને પણ અજ્ઞાનમય મિથ્યાત્વની સાથે ઉત્પન્ન થતાં રાગ-દ્વેષ, ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ એ એને હોતા નથી. **'મિથ્યાત્વ સહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં** ગણાય છે,...' જુઓ, જયચંદ્ર પંડિતે તો આવો ખુલાસો કર્યો છે. ઓલા કહે કે નહિ. કારણ કે વાંધા ઉઠ્યા છે એને કે આ છઠ્ઠું ગુણસ્થાન નથી.

મુમુક્ષુ :- મુખ્યતાથી કહે તોપણ...

ઉત્તર :- છેને, પણ મુખ્યતા અને ગૌણપણે બધું છે અંદર. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ ગૌણપણે નહિ. આહા..હા..! શું છે ભાઈ?

કહે છે '**મિથ્યાત્વ સહિત...**' જેને પુણ્યનો કણ અને રજકણ એ મારા છે એવી જે બુદ્ધિ મિથ્યાત્વની છે એના રાગાદિ હોય તે અજ્ઞાનના પક્ષમાં ગણાય છે. સમજાણું કાંઈ? '**સમ્યક્ત્વ સહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી.**' સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું ભાન એ ભૂમિકામાં અજ્ઞાનના પક્ષના રાગ-દ્વેષ હોતા નથી. '**સમ્યગ્દષ્ટિને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે.**' આહા..હા..! શુદ્ધ દૃષ્ટિ, શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ અને શુદ્ધ પર્યાયદૃષ્ટિ, શુદ્ધ પર્યાય દૃષ્ટિમાં નિર્મળતા થઈ છે. એને તો શુદ્ધ પરિણમન જ હોય છે. આહા..હા..! કોઈ સ્વચ્છંદી થઈને કહે રાગની એકતાબુદ્ધિમાં રહીને કે અમારે પણ પર છે. એમ ન ચાલે અહીંયાં. આ તો રાગથી ભિન્ન થયું છે એવા ચૈતન્યતત્ત્વની સંભાળ અને સાર્થકતામાં અજ્ઞાનમય રાગ-દ્વેષભાવ જ્ઞાનીને હોતા નથી.

'**સમ્યક્ત્વ સહિત રાગાદિક...**' રાગ-દ્વેષ આદિ '**અજ્ઞાનના પક્ષમાં નથી.**' એ તો અજ્ઞાનના પક્ષમાં (નથી). '**સમ્યગ્દષ્ટિને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે. તેને ચારિત્રમોહના ઉદયની બળજોરીથી જે રાગાદિક થાય છે તેનું સ્વામીપણું તેને નથી;...**' કહો, સમજાણું કાંઈ? સિંહ હોય સિંહ. આહા..હા..! કેસરી સિંહ (એને) સમ્યગ્દર્શન થાય. તો કહે છે કે એને માંસ ખાવાના ભાવ તો હોતા નથી, પણ અમથા બીજા રાગાદિ હોય એનો એ સ્વામી નથી. આહા..હા..! એઈ..!

તીર્થંકર ભગવાન મહાવીર ભગવાનનો જીવ દસમે ભવે સિંહ-સિંહ, કેસરી સિંહ આમ થાપ મારે છે હરણને. હરણને દાબીને ખાય છે. એમાં મુનિ ઉતરે છે ઉપરથી. જુઓ! દૃષ્ટિ ફેરે ફરી જાય છે. એને ત્યાં માંસ ખાવાની વૃત્તિ. મુનિ ઉપરથી ઉતરે છે. અરે..! સિંહ! તું તો દસમે ભવે તીર્થંકર મહાવીર થવાનો છો. આહા..હા..! ભાષા પણ કેમ સમજી ગયા સિંહ? મુનિની ભાષા પણ કેવી આવી હશે? આહા..હા..! મેળ તો જુઓ! આને એમ થયું કે ઓહો..! મારી નજીકમાં હોય એ દૂર જાય, આ ઉપરથી ઉતરીને મારી નજીક આવ્યા. છે કોણ આ? આહા..હા..! નગ્ન મુનિ શાંત મુદ્રા, શાંતરસના ઢાળા શરીરમાં દેખાય આમ. શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... આહા..હા..! ઠરીને ઢીમ થઈ ગયા છે. આમ જોવે છે ત્યાં... આહા..હા..! આ વનમાં જ્યાં હું સંચરું ત્યાં બીજા નજીકમાં કોણ આવે? આ મુનિ ઉપરથી કોણ આવે મારી પાસે? જોઈ રહ્યા અને થંભી ગયા. અને મુનિએ કહ્યું, અરે..! સિંહ! ભગવાનનો આત્મા તું તો છો, ભાઈ! ચોવીસમાં ત્રણ લોકનો નાથ તીર્થંકર તારો

આત્મા તીર્થંકરનો છે. આહા..હા..! આમ પડ્યો હતો પગ હરણ ઉપર. આંખમાંથી આંસુની ધારા. છે કે નહિ આપણે ક્યાંક? પ્રવચન મંડપમાં છે. આહા..હા..! ..ત્યાં છે ચિત્ર કરતા બીજું ચિત્ર છે આમ ઊભા. ઓલું આમ છે. આંસુની ધારા. આહા..હા..! અરે..! આ શું છે આ? એમ કરતાં અંતરમાં દૃષ્ટિ પડી ફટ દઈને. સમજાણું કાંઈ? માંસ ખાઈને પેટમાં માંસ? આહા..હા..! દૃષ્ટિએ ગુલાંટ ખાધી. શરીર, વાણી, રાગના વિકલ્પથી અને પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ. આહા..હા..! દૃષ્ટિ જામી. સમાધિમરણ. ખોરાક-બોરાક રહ્યો નહિ. આહા..હા..! હવે ખોરાક નહિ. ફળ ફૂલનો ખોરાક પણ હવે નહિ. આહા..હા..! શું થયું આ? એ દૃષ્ટિ પલટી ગઈ. અનુભવના આનંદના સ્વાદ આવ્યા. આહા..હા..! હવેનો રાગાદિ છે, કહે છે ઈ રાગ એને નથી. જા. આહા..હા..! એઈ..! આહા..હા..! સમજાણું કાંઈ?

જયપુરમાં થયું હતુંને? જયપુર નહિ? દિવાન. રાજાએ સિંહ પૂર્યો હતો સિંહ. અમરચંદ દિવાન. અમરચંદજીને કહ્યું આ સિંહ છે અંદર. જાઓ ખોરાક દેવા. એવા પણ ગૃહસ્થો પાક્યા હતાને એ વખતે. એવા અમરચંદ હોં. જાઓ ત્યાં ખોરાક દેવા. અન્નદાતા! સિંહનો ખોરાક માંસ અમે ન દઈ શકીએ. અમે જૈન છીએ. દિવાન કહે છે, જયપુરનો દિવાન. અમે ન દઈ શકીએ. જે દેવું હોય તે દે, જા. જા સિંહને દેવા. આહા..હા..! લાડવાની થાળી ભરી. ઉઘાડ્યું સિંહનું શું કહેવાય? પાંજરું. ગયા પેઠા આમ. આ લાડવા છે ખાવા હોય તો ખા નહિતર મને ખા. બીજું અહીં થાય એવું નથી. આહા..હા..! જુઓને દિવાન હોં! ઈ જાતની શ્રદ્ધાનું... આ લાડવા છે થાળી ભરીને મૂક્યા. અને ન ખાવા હોય તો આ મને ખા. બીજું થાય એવું નથી. ઓલો સિંહ પણ એવોને. આ તો હમણાની વાત છે. માર્યા નહિ સિંહે, સિંહે ન માર્યા. આહા..હા..! એવા જોગ બની જાય છેને? અંદરના તેજ શ્રદ્ધાનું જોર આવ્યું ત્યાં. બીજું થાય નહિ અહીં. અમે જૈન છીએ, અમે આર્યવૃત્તિવાળા છીએ. આવા માંસને અડીએ નહિ, માંસ દઈએ નહિ. લાડવા ખાવા હોય તો ખા. છોડી દીધો સિંહે જાઓ. આહા..હા..! એય..! બન્યું છે કે નહિ તમારા ગામમાં? જયપુરમાં બન્યું છે.

કહે છે... આહા..હા..! જ્ઞાનીને આત્મજ્ઞાન થતાં અરે..! કોઈ પુરુષાર્થની કમજોરીને લઈને નિમિત્તાધીન થઈ જતાં રાગ-દ્વેષ થાય, એ રાગાદિ તેનું સ્વામીપણું એને નથી. કેમકે એ સ્વસ્વામીસંબંધ નામનો એક આત્મામાં ગુણ છે. શું કીધું ઈ? આત્મામાં અનાદિઅનંત એક સ્વસ્વામીસંબંધ નામનો એક શક્તિ ગુણ છે. એવા ગુણનો ધરનાર ભગવાન આત્માને જ્યાં દૃષ્ટિમાં, અનુભવમાં લીધો તો ધર્મીનું સ્વપણું દ્રવ્ય અને ગુણ અને નિર્મળ પર્યાયનું છે. એનો એ સ્વામી છે. આહા..હા..! ઉદાસ-ઉદાસ છે. રાગથી ધર્મી ઉદાસ છે. એ છ ખંડના રાજમાં દેખાય. આહા..! ઉદાસ. અમે જ્યાં છીએ ત્યાં રાગ નથી, રાગ જ્યાં છે ત્યાં અમે નથી. આ શું હશે આ? કેટલી અંદર પુરુષાર્થની જાગૃતિ! એય..! ધીરૂભાઈ! આહા..હા..! કહે છે

કે એને સ્વામીપણું નથી. કેમકે સ્વસ્વામીસંબંધ નામની એક શક્તિ આત્મામાં અનાદિઅનંત છે. એવા શક્તિના ધરનારને જ્યાં દૃષ્ટિમાં લીધો, કહે છે કે એ રાગનો સ્વામી નહિ. એ તો નિર્મળ પર્યાય, ગુણ અને દ્રવ્ય ત્રણનો સ્વામી છે. ધણીપતુ તો નિર્મળ પર્યાયમાં છે. રાગભાવમાં ધર્મીનું ધણીપતું નથી. આરે..! આ તે શું વાત છે કાંઈ! સમજાણું કાંઈ?

જેમણે આત્મરામ સાથે રમતું માંડી, રાગની રમતુંથી છૂટી ગયો દૃષ્ટિમાંથી. આહા..હા..! કહે છે કે એને રાગાદિ હોય છેને? હો, સ્વામી નથી, ધણી નથી. આહા..હા..! ચાર શેર ઘીનો મેસુબ પાયેલો અને ખાધો શેર, પોણો શેર અને વિષ્ટા સવારમાં થાય. સંઘરતો હશે? મેસુબ સમજો છો? મેસુબ? એક શેર લોટ. આટાને શું કહે? ચણાનો લોટ-બેસન. ચાર શેર ઘી. એક શેર લોટે ચાર શેર ઘી. જાળીવાળો મેસુબ. જાળી પડેને જાળી સમજ્યા? અમારે ત્યાં ઉમરાળામાં બહુ ઊંચો થાય. અમારે દીક્ષામાં દીક્ષાના દિવસે પચાસ મણ કર્યો હતો. દીક્ષાને દિવસે. ઘરે દીક્ષા થઈ હતીને? પચાસ મણ મેસુબ. કેવું? દસ રૂપિયાનું મણ. ચાર આનાનો ભાઈ શેર. પણ કેવો ઈ? અત્યારે એ દસ રૂપિયે શેર એવો .. ઓલો તો કંદોઈ એવા. ૬૦ વર્ષની વાત છે. માગશર સુદ નોમ ૭૦ની સાલ. ૫૯ થઈ ગયા. ૬૦મું ચાલે છે આ. ખુશાલભાઈએ ઘરે દીક્ષા આપી હતીને? પચાસ મણ, બે હજાર માણસ. એ મેસુબ ખાઈ અને વિષ્ટા થાય એને સંઘરે? ડાબલામાં રાખજો. આહા..હા..!

એમ ધર્મીને રાગભાવ તો વિષ્ટા જેવો, ઝેર જેવો દેખાય છે. આહા..હા..! રાડ પાડે છે. પુણ્યને વિષ્ટા કહે છે. અરે..! પ્રભુ! સાંભળને ભાઈ! વિષ્ટા તો હલકી ચીજ નથી. આ તો ઝેર કહેવાય છે એને તો. આહા..હા..! એ અમૃતના જ્યાં વેણ વાયા ત્યાં રાગના વેણને કોણ પોતાના માને. સમજાણું કાંઈ? જ્યાં મીઠા મધુરા પાણીના વેણ વાયા ત્યાં કાદવને કોણ પોતાના માને? આહા..હા..! બાપુ! એ ચીજ જુદીયું છે. આહા..હા..! આ તો વીતરાગ માર્ગની વાતું છે.

**'રાગાદિક થાય છે તેનું સ્વામીપણું તેને નથી; તે રાગાદિકને રોગ સમાન જાણીને...'** જુઓ! આહા..હા..! **'રોગ સમાન જાણીને પ્રવર્તે છે...'** ઝેર જાણીને પ્રવર્તે છે. આહા..! સ્વરૂપમાં સ્થિરતા નથી, મચક ખાઈ જાય છે, પણ એ ઝેર જાણીને. રોગ-રોગ. રોગ વધજો અને થાજો એમ કોઈની ઈચ્છા હોય? માંડ-માંડ છ મહિને, બાર મહિને તાવ ૧૦૧-૨ રહેતો હોય અને ઉતરી જાય. ભાઈ! આવજો ફરીને. કારણ કે બધા જોવા આવે બધા. ડૉક્ટર આવે, ઈંજેક્શન દેવા આવે, સગા-વ્હાલા જોવા આવે છ મહિના લાંબુ થાય તો. અરે..! રોગને કોણ સારો જાણે? એમ રાગને રોગ સમાન જાણનાર ધર્મી એને મારો કેમ માને? આહા..હા..! આવી વાતું ઝીણી છે, બાપુ! સમજાણું કાંઈ?

આ તો વીતરાગના તળિયા તપાસ્યા. વીતરાગમૂર્તિ ભગવાન આત્મા... આહા..હા..!

જિનસ્વરૂપે પ્રભુ એના તળિયા જોયા. એને આ રાગના કણના રોગ સમાન જાણતો પ્રવર્તે ખરો. રોગ જાણીને. મીઠાશ જાણીને પ્રવર્તતો નથી. અજ્ઞાનીને રાગમાં મીઠાશ જાણીને પ્રવર્તે છે. આટલો ફેર છે. ક્રિયા તો એકની એક હોય બહારની બેયની. અંદરમાં ફેર અંદર ભાવમાં હોય. સમજાણું કાંઈ?

**'અને પોતાની શક્તિ અનુસાર તેમને કાપતો જાય છે.'** પોતાના સ્વભાવ સન્મુખની પ્રયત્ન દશાથી એ રાગ ઘટતો જાય છે. એને કાપતો જાય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનના સમકિતની મહિમા છે કહે છે. આહા..હા..! **'માટે જ્ઞાનીને જે રાગાદિક હોય છે...'** જોયું પાછું? રાગાદિ હોય છે. પહેલી ના પાડી. પણ આ હોય છે. ઓલી પર્યાયમાં જરી હોય છેને એ અપેક્ષાએ પાછું. **'તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવા છે;...'** એમ વાત છે. આહા..હા..! એ રાગાદિ હોવા છતાં એની દશામાં એ છે નહિ. આહા..હા..!

શ્રીમદ્ કહે છેને એકવાર? લોકોએ સાકરનું નાળિયેર બહુ વખાણી માર્યું. અહીં તો આખી નાળિયેરની.. શું કહેવાય? અમૃતની નાળિયેરી છે અહીં. આહા..હા..! સચોડી અમૃતની નાળિયેરી છે અહીં તો. એમાં અમૃતના નાળિયેર પાકે છે. રાગ પાકે એમાં? આહા..હા..! **'તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવા છે;...'** અવિદ્યમાન જેવા છે. નથી જેવા છે એમ કહે છે. **'તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતા નથી,...'** એટલે કે અનંત સંસાર સામાન્ય જે છે એને બંધ કરતા નથી. અલ્પ સ્થિતિનો છે એની ગણતરી નથી. એ પણ છૂટવા માટે આવે છે. આહા..હા..! **'માત્ર અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ...'** હોય છે જ્ઞાનીને. જ્યાં અનંતાનુબંધીનો નાશ થયો, જ્યાં મિથ્યાત્વનો નાશ થયો ત્યાં હવે ત્રણ કષાયની ચોકડીની સ્થિતિ રસ થોડો હોય છે. **'આવા અલ્પ બંધને અહીં ગણવામાં આવ્યો નથી.'** ભારે ખુલાસો! જયચંદ્ર પંડિત ગૃહસ્થાશ્રમમાં રહ્યા લ્યો! જ્ઞાની હોય તો તો એને ધીમે-ધીમે બધો ત્યાગ હોવો જોઈએ, પણ ત્યાગ હોવો જોઈએ કોનો ત્યાગ? રાગનો ક્રમે-ક્રમે ત્યાગ કે પરવસ્તુનો ત્યાગ? અઘાતિને કારણે મળેલી ચીજ તો એવીને એવી હોય. વધારે પણ હોય પુણ્ય પ્રમાણે. આહા..હા..! આની સાથે શું સંબંધ છે? એમાં જ્ઞાનસ્વભાવમાં આવતા, જ્ઞાનમાં એકાગ્ર થતા તેને રાગ ઘટતો જાય છે. છે એટલો તો છે, પણ પછી કપાતો જાય છે એમ કહે છે. આહા..હા..! **'આવા અલ્પ બંધને અહીં ગણવામાં આવ્યો નથી.'**

**'આ રીતે જ્ઞાનીને આસ્રવ નહિ હોવાથી બંધ થતો નથી.'** લ્યો! પાઠ એ છેને? 'आस्रवनिरोधः' 'पूर्वनिबद्धानि जानाति' 'नास्ति त्वास्रवबन्धः' નાસ્તિ આસ્રવ બંધ એ બે. આહા..હા..! આસ્રવ પણ નથી અને બંધ પણ જ્ઞાનીને નથી. આહા..હા..!

## ગાથા-૧૬૭

अथ रागद्वेषमोहानामास्रवत्वं नियमयति -

भावो रागादिजुदो जीवेण कदो दु बंधगो भणिदो।
रागादिविप्पमुक्को अबंधगो जाणगो णवरि।।१६७।।
भावो रागादियुतो जीवेन कृतस्तु बन्धको भणितः।
रागादिविप्रमुक्तोऽबन्धको ज्ञायकः केवलम्।।१६७।।

इह खलु रागद्वेषमोहसम्पर्कजोऽज्ञानमय एव भावः, अयस्कान्तोपलसम्पर्कज इव कालायससूचीं, कर्म कर्तुमात्मानं चोदयतिः, तद्विवेकजस्तु ज्ञानमयः, अयस्कान्तोपलविवेकज इव कालायससूचीं, अकर्मकरणोत्सुकमात्मानं स्वभावेनैव स्थापयति। ततो रागादिसङ्कीर्णोऽज्ञानमय एव कर्तृत्वे चोदकत्वाद्बन्धकः। तदसङ्कीर्णस्तु स्वभावोद्भावसकत्वात्केवलं ज्ञायक एव, न मनागपि बन्धकः।

---

હવે, રાગદ્વેષમોહ જ આસ્રવ છે એવો નિયમ કરે છે :—

રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;
રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.

ગાથાર્થ :— [जीवेन कृतः] જીવે કરેલો [रागादियुतः] રાગાદિયુક્ત [भावः तु] ભાવ [बन्धकः भणितः] બંધક (અર્થાત્ નવાં કર્મનો બંધ કરનાર) કહેવામાં આવ્યો છે. [रागादिविप्रमुक्तः] રાગાદિથી વિમુક્ત ભાવ [अबन्धकः] બંધક નથી, [केवलम् ज्ञायकः] કેવળ જ્ઞાયક જ છે.

ટીકા :-- ખરેખર, જેમ લોહચુંબક-પાષાણ સાથે સંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ કરવાને) પ્રેરે છે તેમ રાગદ્વેષમોહ સાથે ભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ જ આત્માને કર્મ કરવાને પ્રેરે છે, અને જેમ લોહચુંબક-પાષાણ સાથે અસંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ નહિ કરવારૂપ) સ્વભાવમાં જ સ્થાપે છે તેમ રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો જ્ઞાનમય ભાવ, જેને કર્મ કરવાની ઉત્સુકતા નથી (અર્થાત્ કર્મ કરવાનો જેનો સ્વભાવ નથી) એવા આત્માને સ્વભાવમાં જ

સ્થાપે છે; માટે રાગાદિ સાથે મિશ્રિત (મળેલો) અજ્ઞાનમય ભાવ જ કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી બંધક છે અને રાગાદિ સાથે અમિશ્રિત ભાવ સ્વભાવનો પ્રકાશક (-પ્રગટ કરનાર) હોવાથી કેવળ જ્ઞાયક જ છે, જરા પણ બંધક નથી.

ભાવાર્થ : રાગાદિક સાથે મળેલો અજ્ઞાનમય ભાવ જ બંધનો કરનાર છે, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ બંધનો કરનાર નથી—એ નિયમ છે.

---

## ગાથા-૧૬૭ ઉપર પ્રવચન

'હવે, રાગદ્વેષમોહ જ આસ્રવ છે એવો નિયમ કરે છે :—' ૧૬૭.

भावो रागादिजुदो जीवेण कदो दु बंधगो भणिदो।
रागादिविप्पमुक्को अबंधगो जाणगो णवरि।।१६७।।

'રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;' એ આ પ્રગટ કરવું પડશે સમ્યગ્દર્શન જેને જન્મ-મરણનો અંત લાવવો હોય તો. એ વિના જન્મ-મરણના ધોકા ચોર્યાશીના અવતાર. આહા..હા..! એક ગર્ભમાં આવે કાપીને કાઢે. ધર્મમાં વર્ણવ્યું છે. સીધું નીકળે કાપે એને. જાય ત્યાં બીજામાં જાય ત્યાં પણ કાપીને. આહા..હા..! એક બાઈને તો કાપીને જ કાઢે એવું હતું. વીંછીયામાં. જેટલા બાળક આવે એને કાપીને (કાઢે). પ્રસવ જ ન થાય. આડું જ આવે. આહા..હા..! એક તો સવા નવ મહિના ઊંધે માથે (રહેવું), આકુળતાનું દુઃખ એમાં પાછું નીકળતા કાપીને (કાઢવું પડે). અરે..! આવા દુઃખો જેને ટાળવા છે એને તો આવા સ્વભાવની દૃષ્ટિ કરવી પડશે. અને એ સ્વભાવની દૃષ્ટિ થઈ એને રાગ અને આસ્રવનો બંધ છે નહિ એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;
રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.

'ટીકા :— ખરેખર, જેમ લોહચુંબક-પાષાણ સાથે...' દૃષ્ટાંત આપે છે. લોહચુંબક પત્થર થાય છેને? 'સંસર્ગથી...' તેના સંસર્ગથી. '(લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ કરવાને) પ્રેરે છે...' લોખંડની સોયને પ્રેરે છે. એ ઉત્પન્ન થયેલો ભાવ પોતાનો પોતાથી. લોહચુંબક પાષાણ સાથે સંસર્ગ કર્યો એવી સોય. એમાં ઉત્પન્ન થયેલો ભાવ પોતાને કારણે હોં પાછો, આને કારણે નહિ. એય..! વાંધા ઉઠાવે ત્યાં. એમ

કે લોહચુંબકથી ત્યાં થાય. જુઓ, સોય ખેંચાય. બાપુ! લોહચુંબકથી થાતું હોય તો લાકડું મૂકોને જોડે એનાથી થાતું હોય તો. એ તો લોઢામાં એવી પોતાની યોગ્યતાનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નહોતા એ બાબુભાઈને કોણ નહિ? જામનગર. વોરા નહિ લોટિયા વોરા. બાબુભાઈ લોટિયા વોરા હતા. ઈ કહેતા બિચારા અપાસરે આવે, વ્યાખ્યાનમાં આવતા. માણસ બહુ દઢ હતો, શાંત.

એકવાર દરિયામાં ગયા હતા. એમાં વહાણ બેઠું, વહાણ તણાણું, ખેંચાણું. દરિયામાં લોહચુંબકનો ડુંગર હશે મોટો. દરિયાના પાણીમાં ડૂબે. એમાં નજીક વહાણ ગયું તો ખેંચાણું વહાણ. લોહચુંબક સમજ્યા? પત્થર. એ અંદર કોઈ ડુંગર હશે દરિયામાં. વહાણ નીકળ્યું. આ બાબુભાઈ વોરા કહેતા હતા. વ્યાખ્યાનમાં આવતા હતા. ઈ ત્યાં આગળ ખેંચાણું. ઓલા ખીલા મારેલાને વહાણમાં. ખેંચાણું. પણ ખીલા આમ આડા હતા એટલે ખીલા નીકળી ન ગયા. ખીલા બહુ એટલે ખેંચાયું. હવે ત્યાં જંગલ. કોઈ માણસ નહિ, પશુ નહિ. ખેંચાઈ ગયું વહાણ આખું. સમજાણું કાંઈ? બે દિ' રહ્યા. નાળિયેરના પાણી. નાળિયેર હોયને જ્યાં. ગંદકી પાણી નીચે. નાખીએ નીચે. તરત પાણી થાય અને માથે ચડી જાય. એ નાળિયેર લઈ પાણીને,... પાણી પીવાના કૂવા ક્યાં હતા ત્યાં? ત્યાં કાંઈ બીજું હોય નહિ, બગડેલું હોય સડેલું. પછી એ નાળિયેરનું પાણી લઈ અને નાખીએ એના ઓલામાં. ત્યાં માથે ચડી જાય પાણી.

મુમુક્ષુ :- મૂળિયામાં નાખે.

ઉત્તર :- મૂળિયામાં નાખે (એટલે તરત) ઉપર ચડી જાય. બે દિવસ કાઢ્યા. એ નાળિયેર ખાઈએ અને પાણી પીએ. ઓલા લોહચુંબકના ખેંચાણથી. લોહચુંબકને લઈને એ વહાણ ત્યાં ગયું? લાકડું કેમ ગયું નહિ? સમજાણું કાંઈ? અને લોહચુંબકને ત્યાં પાણી છે એ આઘે છે એ એને કેમ ખેંચતું નથી પાણીને? એ તો એની યોગ્યતા લોહમાં છે. એને આ લોહચુંબક નિમિત્ત થઈને નૈમિત્તિક દશા એનામાં એને કારણે થાય છે. સમજાણું કાંઈ?

'**સંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ...**' ભાષા એમ કહે. જુઓ, એનાથી સંસર્ગથી થયો, પણ ખરેખર કર્યો કોણે? લોહની સોય કે લોઢું. ચુંબક પાસે ગયું એટલે એને ઈ જાતની દશા થઈ. એ સોયને ઈ પ્રેરે છે. કોણ? લોખંડની સોયમાં ઉત્પન્ન થતો ભાવ લોહચુંબક તરફ જવાને પ્રેરે છે, સોયનો ભાવ. '**જેમ લોહચુંબક-પાષાણ સાથે સંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ...**' અહીં ગોટા વાળે બધા. જુઓ, નિમિત્તથી ત્યાં એ થયું. એય..! જેઠાભાઈ! આહા..હા..! લોઢાને સોનું કરે પારસમણિ. 'પારસમણિ ઔર સંતમેં બડો આંતરો જાણ, એ લોઢા કંચન કરે વો કરે આપ સમાન.' સાચી વાત હશે? એ તો નિમિત્ત. એની યોગ્યતા એવી હોય એથી એવા સંત મળ્યા. તેનું

ભાન એને પોતાને કારણે થાય. એમ કહે છે. એમ લોઢામાં એવી યોગ્યતા છે કે એને લોહચુંબક પત્થરનું સમીપપણું આવે એમાં પ્રેરાવાની, એમાં સોયમાં પોતાથી ગતિ એવી થાય. સોય ખેંચાઈ જાય. સમજાણું કાંઈ? ભેંસ ખડ ખાય છેને? એ ખડમાં સોય આવી જાય. સુયો શું કહેવાય ઓલો મોટો? સુયો. શું કહેવાય આપણે? સોયને સુયો-સુયો. સુયો હોયને આવડો મોટો? કોથળા સીવવાનો. એ ઘાસમાં ગરી ગયો હોય અંદર. હવે શું કરવું? તો લોહચુંબક પત્થર મૂકે આમ. અહીં લાવે બહાર. બહુ જબ્બર ખેંચ આવે. ત્યાંને ત્યાં બહાર નીકળી જાય. જુઓ! અંદર હાડકા છે એ બહાર નીકળે છે? અંદર લોહી છે એ બહાર આવે છે? એ તો સોયમાં એવો પોતાની યોગ્યતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

અગ્નિમાં લાકડું મૂકો ચાર હાથનું લાંબુ. અગ્નિમાં. એક છેડે બળતું હોય. વચમાં અને છેડે કાંઈ ન હોય. અને લોઢાનો સરિયો મૂકો ચાર હાથનો અગ્નિમાં. ચાર તસુ ઊનું અહીં થાય ત્યાં બધે ઊનું થઈ જાય. એનો પોતાનો સ્વભાવ છે. અગ્નિથી નહિ. આ બીડી પીવે છે જુઓને. એક કોર સળગતી હોય અને એકકોર ટાઢી હોય. ત્યારે પી શકેને. નહિતર તો ઊની થઈ જાય તો પીવે શી રીતે ઈ? કારણ કે એ લાકડાનો સ્વભાવ નથી. એ ત્યાં ઊનું હોય તો અહીં ઊનું થાય એવો સ્વભાવ નથી. અને લોઢાનો સરિયો આઠ હાથનો હોય લાંબો એને ચાર તસુ અગ્નિમાં સળગ્યો, રહ્યો એ ગરમ છે તો પકડાય નહિ. એ એનો સ્વભાવ છે. અગ્નિને કારણે નહિ. આહા..હા..! એમ સોયમાં લોહચુંબક પ્રત્યે જવાની ગતિની યોગ્યતા પોતાની થઈ છે. પોતામાં પોતાને કારણે થઈ છે. તેથી લોહચુંબક પાસે આમ જાય છે. અરે..! આ મોટા વાંધા છેને? એય..! ચેતનજી! ક્યાં ગયા? આવ્યો છે તમારો વિકાસચંદજીનો કાગળ. વાંચજો તો ખરા. એની બુદ્ધિ પ્રમાણે લખે તો એમાં શું છે? એમાં શું છે? નિમિત્ત તે કર્તા નથી, નિમિત્ત કર્તા નથી ક્યાં સુધી હાંકવું છે તમારે? તમારે બૂડવું છે અને બધાને બૂડાડવા છે? એમ બિચારા લખે છે. એને બેઠું હોય એમ કહેને. એનું મગજ કેટલું?

મુમુક્ષુ :- એને એ જાતનો ઉદય વર્તતો હોય. પુદ્‌ગલનું પરિણમન એ તરફ થવાનું હોય, ટપાલના કાગળ ઉપર લખાવાનું હોય...

ઉત્તર :- અવિનય-સવિનયનું સ્પષ્ટ છે આમાં. તમે કહ્યુંને સવિનય છે. આમાં ચોખ્ખો અવિનય છે. વાંચજો તો ખરા પછી. કાલે જોયું હતું. તમે મોડા આવ્યા હતા. આહા..હા..! એમાં કાંઈ.. જેની ઈચ્છા હોય એ પ્રમાણે ભાષા થાય. એ પદ્મનંદીમાં તો એમ પણ લખ્યું છે કે મુનિ એવો વિચાર કરે, અમારાથી બધા રાજી થજો હોં. ભલે અમારી નિંદા કરીને પણ રાજી થાઓ. અમારાથી કોઈ દુઃખી ન થશો. આહા..હા..! છે પદ્મનંદીમાં. આહા..હા..! અમે આત્મા છીએ. અમારાથી કોઈ દુઃખી ન થાઓ. તમને નિંદા કરવાનું લાગતું હોય તો એનાથી પણ રાજી રહો. આહા..હા..! એય..! પોપટભાઈ! વાંધો શું છે તારે? અહીં કહે

છે. **'લોહચુંબક-પાષાણ સાથે સંસર્ગ...'** એમ કીધુંને? સંસર્ગ કર્યો કોણે? સોયે. **'ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ કરવાને) પ્રેરે છે...'**

મુમુક્ષુ :- એ લોહચુંબક નથી પ્રેરતું.

ઉત્તર :- ના, ના, ના એ સોય પોતે પ્રેરાય છે પોતાની યોગ્યતાથી.

**'તેમ રાગદ્વેષમોહ સાથે ભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ...'** જુઓ, રાગ-દ્વેષ અને મોહની સાથે. ઓલામાં સંસર્ગ કર્યો હતો. આણે વિકાર સાથે સંસર્ગ કર્યો. ભગવાન આત્મા નિર્વિકારી ચૈતન્યબિંબ પ્રભુ એણે વિકારનો સંસર્ગ કર્યો. તેથી **'ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ જ...'** આહા..હા..! આત્મામાં એ જાતનો ઉત્પન્ન થયેલો ભાવ જ **'આત્માને કર્મ કરવાને પ્રેરે છે,...'** એ વિકાર કરવાને પ્રેરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં ગોટા વાળે જેને વાળવા હોય એટલા. જુઓ, લોહચુંબકથી આમાં આમ થયું. અને રાગ-દ્વેષ-મોહથી આત્મામાં બંધ અજ્ઞાનમય ભાવ ઉત્પન્ન થયો. રાગ-દ્વેષભાવનો સંસર્ગ કર્યો કોણે? સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે, પ્રભુ આનંદસ્વરૂપ એનો જેણે સંસર્ગ-સંબંધ ન કર્યો અને એ રાગ-દ્વેષ અને મોહના પરિણામનો પરિચય સંસર્ગ કર્યો. એથી અજ્ઞાનમયભાવ એને કર્મ નામ એ વિકાર કરવાને પ્રેરે છે. એ વિકાર કરવાને એ પ્રેરે. વિકારી ભાવનો પરિચય કર્યો એ વિકાર કરવાના ભાવને પ્રેરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભાવ બંધનું કારણ થાય છે. એક બોલ થયો. સવળો કહ્યો સવળો. ઊંધો જે અનાદિનો છેને? આહા..હા..!

**'જેમ લોહચુંબક-પાષાણ સાથે અસંસર્ગથી...'** લ્યો! **'(લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ...'** લોહચુંબકના પત્થર સાથે અસસંર્ગ. નહિ સંસર્ગ અને નહિ સમીપપણું હોવાથી **'ઉત્પન્ન થયેલો ભાવ...'** આહા..હા..! **'લોખંડની સોયને (ગતિ નહિ કરવારૂપ) સ્વભાવમાં જ સ્થાપે છે...'** સોય પોતાના સ્વભાવમાં જ રહે છે. આહા..હા..! દાખલો આપીને સ્પષ્ટ કર્યું છે અમૃતચંદ્રાચાર્યે. પાઠમાં તો એટલું જ છે બસ. **'रागादिजुदो जीवेण कदो दु बंधगो भणिदो।'** એ રાગ કરવાને પ્રેરે છે એનાથી બંધન થાય છે. આહા..હા..! **'લોહચુંબક-પાષાણ સાથે અસંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ...'** અને પોતાના સ્વભાવથી સંસર્ગ થયેલો ભાવ. એ **'સ્વભાવમાં જ સ્થાપે છે...'** સોય ત્યાં જ રહે છે પોતે.

**'તેમ રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી...'** ભગવાન આનંદનો નાથ પ્રભુ એને વિકાર સાથે એકતાબુદ્ધિનો જ્યાં અભાવ છે, રાગની સાથે જ્યાં એકતાબુદ્ધિ નથી, ભેળસેળપણું નથી એ અનાજમાં કાંકરા ભેળવતો નથી. એમ આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં એ પુણ્ય અને પાપને ભેળસેળ કરતો નથી. અભેળસેળ રાખે છે એટલે જુદા રાખે છે. આહા..હા..!

હજી તો વાત કઠણ પડે. સમજણ નહિ, જ્ઞાન નહિ. **'સ્વભાવમાં જ સ્થાપે છે તેમ રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી...'** આહા..હા..! જ્ઞાનાનંદ સ્વભાવની જ્યાં દૃષ્ટિ અને ભાન થયું એ જ્ઞાની રાગ સાથે ભેળસેળ થતો નથી. આ તો સાદી કાઠિયાવાડી ભાષા છે. ભેળસેળ અને અભેળસેળ. તમારી હિન્દી શું ભાષા છે? એકમેક. ધર્મી જીવ રાગ-દ્વેષ-મોહ સાથે ભેળસેળ કરતો નથી, એકત્વ કરતો નથી અને એકત્વ નહિ કરતો એવો જે ઉત્પન્ન થયેલો ભાવ—સ્વભાવભાવ, જ્ઞાનમયભાવ. આહા..હા..!

**'જેને કર્મ કરવાની ઉત્સુકતા નથી...'** વિકારના કાર્યને કરવાની જેને ઉત્સુકતા નથી. **'એવા આત્માને સ્વભાવમાં જ સ્થાપે છે;...'** આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એવી જ્યાં નજર થઈ એ નજરુંમાં નિધાન જ્યાં પરખાણા એ પોતે સ્વભાવમાં રહે છે, કહે છે. એ રાગ-દ્વેષ સાથે ભેળસેળ કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વાતું અંદરની. એ રાગ સાથે ભેળસેળ કરતો નથી. તો બાયડી, છોકરા, પૈસા અને હજીરા... હજીરા એટલે? મકાન. આહા..હા..! ૫૦-૫૦ માળના મકાન હોય. શું કહેવાય તમારે? ચડવાની લિફ્ટ.

મુમુક્ષુ :- લિફ્ટ જે દિ' બંધ થઈ જાય ત્યારે શું થાય?

ઉત્તર :- થઈ રહ્યું. ત્યાં ને ત્યાં લટકે. આહા..હા..! ઘોડે ચડ્યા માણસ હોયને ઘોડે ચડ્યા તો ... આહા..હા..! એય..! એમાં રેકડી હોય છેને. માણસ બેઠા હોયને રેકડીમાં અને બધા માણસ જોતા હોય ચાલે તો આમ થઈ જાય. શું છે પણ? રેકડી. આ ઓલામાં ખેંચે છે શું કહેવાય? રીક્ષા. રીક્ષામાં બેઠા હોય તો આમ ખેંચે. માણસને દેખે તો આહા..હા..! શું છે? ક્યાં ઉંચે ચડ્યા છે જાણે અમે! મારી નાખ્યા માને. એ માનમાં પ્રેરે છે એને માન થાય છે એમ કહે છે. જે માનમાં પ્રેરાતો નથી એને માન થાતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૪, ગુરુવાર, તા. ૦૧-૦૨-૧૯૭૩
## ગાથા-૧૬૭-૧૬૮, પ્રવચન-૩૦૨

૧૬૭ (ગાથા). આસ્રવ અધિકાર. દૃષ્ટાંત આપ્યોને પહેલો? લોહચુંબક પત્થરના સંસર્ગથી.

સોયમાં પ્રેરક થવાની શક્તિ પોતાને કારણે થઈ. એને લઈને લોહચુંબક તરફ સોય જાય છે.

મુમુક્ષુ :- લોહચુંબક ખેંચે છે એમ નહિ?

ઉત્તર :- એમ નથી. લોહચુંબકના સંસર્ગથી. આ બાજુથી લેવું છે. સોયમાં લોહચુંબકના સંસર્ગથી પ્રેરક થવાની યોગ્યતા પોતામાં થઈ છે. એ રાગ-દ્વેષના કર્તા થઈ અને બંધને કરે છે. પણ સોયનો સંસર્ગ જેને લોહચુંબકનો નથી એને પોતાના સ્વભાવમાં એ સોયને સ્થાપે છે. એમાં લોહચુંબક તરફ પ્રેરણા એને હોતી નથી. કેમકે એનો સંસર્ગ નથી.

મુમુક્ષુ :- સંસર્ગ ઉપર વજન આવ્યું.

ઉત્તર :- સંસર્ગનું વજન છેને. ઓલી વસ્તુનું ક્યાં વજન છે? સંગ કરે છે.

'**તેમ રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી...**' ભગવાન આત્મા... શુભ અને અશુભરાગ એની સાથે ભેળસેળપણું નહિ. ભિન્નપણું જેને છે. એવા '**(આત્મામાં) ઉત્પન્ન થયેલો જ્ઞાનમય ભાવ,...**' એ તો જ્ઞાતા-દૃષ્ટાના પરિણામનો ભાવ '**જેને કર્મ કરવાની ઉત્સુકતા નથી...**' જેને વિકાર કરવાની ઉત્સુક્તા નથી. '**એવા આત્માને સ્વભાવમાં જ સ્થાપે છે;...**' આહા..હા..! અહીં તો સમ્યગ્દર્શનના જોરની અપેક્ષાએ વાત છે. અસ્થિરતાનો ભાવ એનું કર્તૃત્વ નથી એટલે એનામાં છે જ નહિ એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જ્ઞાનની અપેક્ષાએ કહો તો તો તેને રાગનો ભાગ છે. મુનિ થાય ત્યાં સુધી એને, છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ એનો જે પંચ મહાવ્રતના વિકલ્પનો ભાવ એ પ્રમાદ અને એ પ્રમાદ સંસારનું કારણ છે. સમજાણું કાંઈ? અહીં દૃષ્ટિની અપેક્ષાએ વાત છે. ત્યાં જ્ઞાન અને ચારિત્રની અપેક્ષાએ વાત છે. કહ્યું નહોતું? કાલે કહ્યું હતુંને. (સમયસાર) નાટકમાં છે મોક્ષ અધિકારમાં. કે પ્રમાદી સંસાર તરફ જુકે છે. આહા..હા..! ભાષા તો જુઓ!

મુમુક્ષુ :- ગુણસ્થાન..

ઉત્તર :- હા, ગુણસ્થાન. મોક્ષમાં પ્રતિક્રમણ છેને ઓલું પ્રતિક્રમણ? એમાં. ઓલા ગુણસ્થાનમાં નહિ. મોક્ષ અધિકારમાં. પ્રતિક્રમણને વિષ કહ્યું છેને અહીંયાં? એના પછીના શ્લોક છે એમ આવ્યું છે. સમજાણું? અહીંયા દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે કે એને રાગ કરવાનું કર્તવ્ય જ નથી એની પાસે ધર્મીને. એથી એને આસ્રવ નથી અને એથી એને બંધન નથી. સમજાણું કાંઈ? અને મોક્ષ અધિકાર છેને? ...

છઠ્ઠે ગુણસ્થાને હોવા છતાં રત્નત્રય ત્રણની પરિણતિ શુદ્ધ હોવા છતાં જેટલો છઠ્ઠે ગુણસ્થાને પ્રમાદનો, પંચ મહાવ્રતનો, ભગવાનની ભક્તિનો ભાવ (આવે છે) એ બધો '**તા કારન પ્રમાદ ઉતપાતી.**' છઠ્ઠા ગુણસ્થાનનો પ્રમાદ. ભગવાનની ભક્તિનો પ્રમાદ. '**તા કારન પ્રમાદ ઉતપાતી પ્રગટ મોખ મારગકૌ ઘાતિ.**' ૩૭. '**જે પ્રમાદ સંજુગત ગુસાંઈ**' ગુસાંઈ-સાધુ. '**ઉઠહિં ગિરહિં ગિંદુકકી નાંઈ.**' છઠ્ઠે ગુણસ્થાને પ્રમાદનો વિકલ્પ આવ્યો પંચ મહાવ્રતનો. આહા..હા..!

ઘોડો જેમ ઉછળે, એમ કહે છે કે એની ગતિ એવી હોય. રાગ છેને એ તો? આહા..હા..! **'જે પ્રમાદ તજિ ઉદ્ધત હૌંહીં, તિનકૌં મોખ નિકટ દ્રિગ સૌંહી.'** ૩૮. **'ઘટમૈં હે પ્રમાદ જબ તાંઈ'** મારે તો ઓલો શ્લોક કાલનો કહેવો છે. **'પરાધીન પ્રાની તબ તાંઈ. જબ પ્રમાદકી પ્રભુતા નાસૈ, તબ પ્રધાન અનુભૌ પરગાસૈ.'** ૩૯. **'તા કારણ જગપંથ ઈત'** મુનિનો રાગ પ્રમાદભાવ છે એ જગતપંથ સંસાર તરફ જુકે છે. આહા..હા..!

મુમુક્ષુ :- જગતપંથ.

ઉત્તર :- જગતપંથ છે, સંસાર પંથ છે. પ્રમાદ સંસારનું કારણ છે.

**'ઉત સિવ મારગ જોર.'** આ બાજુ ઢળવું એ શિવમાર્ગ છે. અપ્રમાદ. **'પરમાદી જગકૌં ધુકૈ'** પ્રમાદિ પ્રાણી સંસાર તરફ દેખે છે. આહા..હા..! **'અપરમાદિ સિવ ઓર.'** ૪૦. અપ્રમાદી દશા એ મોક્ષ તરફ જુકે છે.

**જે પરમાદી આલસી, જિન્હકૈં વિકલપ ભૂરિ.**
**હોઈ સિથલ અનુભૌવિષૈ, તિન્હકૌં સિવપથ દૂરિ. ૪૧.**

જુઓ, આ છઠ્ઠા ગુણસ્થાનની વાત.

**જે પરમાદી આલસી, તે અભિમાની જીવ.**
**જે અવિકલપી અનુભવી, તે સમરસી સદીવ. ૪૨.**

અંશ પણ જે છે દોષનો, પ્રમાદનો, પંચ મહાવ્રતનો, ભગવાનની ભક્તિનો એ સંસાર તરફ જુકે છે. આહા..હા..! અહીંયાં દૃષ્ટિ પ્રધાનમાં એને રાગ થાતો જ નથી એમ કહેવું છે. બેય સાચું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં આખો પૂર્ણ સ્વભાવ ચૈતન્યની પૂર્ણ શક્તિનું સ્વરૂપ એને જેણે કબજે કરી દૃષ્ટિએ, એને કહે છે કે વિકલ્પનું કર્તાપણું હોતું નથી. એથી એને આસ્રવ હોતો નથી અને બંધ પણ હોતો નથી. સમજાણું કાંઈ? કહો, ચેતનજી! એક કોર આવી વાત અને એક કોર આવી વાત.

એક કોર કહે કે છઠ્ઠે ગુણસ્થાને ગણધર પણ જે રાગનો પ્રમાદભાવ આવે છે એને જાણે છે કે આ પરિણમન મારામાં છે અને એટલું રાગનું ભોક્તાપણું એ પણ મારામાં મારે લઈને છે એમ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દૃષ્ટિની અપેક્ષાએ તો દોષ જોવાનો પણ રહેતો નથી. દોષ છે જ નહિ. જ્ઞાનની અપેક્ષાએ દોષ જોવાનો રહે છે અને દોષ છે. ચારિત્રની અપેક્ષાએ દોષ જોનાર જ્ઞાન જોવે છે અને ચારિત્રની અપેક્ષાએ એ રાગ છે એ ઝેર છે. આ તો ઘણા વર્ષથી આ વાત તો ચાલે છે. ત્રણ બોલ. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એ **'રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી...'** રાગની સાથે એકત્વબુદ્ધિ જ્યાં નથી અને એકલા આનંદસ્વભાવનું જ્યાં વેદન છે એને રાગથી ઉત્પન્ન થયેલો ભાવ એને હોતો નથી. એને તો જ્ઞાનમયભાવ હોય છે. આહા..હા..! આત્મમય. **'જેને કર્મ કરવાની**

**ઉત્સુકતા નથી...'** પુણ્ય-પાપના ભાવને કરવાનું વીર્ય જ નથી કહે છે. પુણ્ય-પાપનું થવું એ તો નપુંસકતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એવા આત્માને સ્વભાવમાં જ સ્થાપે છે;...'** પોતે જ્ઞાન અને આનંદમાં રહે છે. જેને રાગનો સંસર્ગ નથી. પૃથક્તા થઈ ગઈ છે એને સંસર્ગ નથી એથી રાગની કરવાની પ્રેરણા નથી અને તેથી બંધન એને છે નહિ. ભારે ઝીણું ભાઈ! એક કોર કહે કે ગણધર પણ રાગને ભોગવે છે એમ ગણધર જાણે. છઠ્ઠે ગુણસ્થાને. એય..! આવો માર્ગ છે. ખેંચાતાણ કરે એ ચાલે એવું નથી આ માર્ગને એવો માર્ગ છે. આહા..હા..! અહીં કહે છે કે આસ્રવ નથી તેથી સંસારનું બંધન એને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એને સ્વભાવમાં સ્થાપે છે. જ્ઞાનાનંદ સ્વભાવ એમાં રહે છે. એ ધર્મી રાગમાં રહેતો નથી. સમજાણું કાંઈ?

**'માટે રાગાદિ સાથે મિશ્રિત (મળેલો) અજ્ઞાનમય ભાવ જ...'** એ વિકલ્પનો જે ભાવ છે એની સાથે મિશ્રપણું એકત્વ છે એ અજ્ઞાનમય ભાવ છે. રાગ પોતે અજ્ઞાન છે. એમાં જ્ઞાનનો અંશ છે નહિ. આહા..હા..! એ **'અજ્ઞાનમય ભાવ જ કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી બંધક છે...'** અજ્ઞાનમય ભાવ જ રાગનો કર્તા થતાં, એ વ્યવહારરત્નત્રયના રાગનો પણ એ કર્તા થતાં એને બંધક છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં નથી. એ તો બંધક છે. રાગના કર્તાવાળો બંધક છે અને રાગના અકર્તાવાળો અબંધક છે. બે આવ્યુંને જુઓને. **'અજ્ઞાનમય ભાવ જ કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી બંધક છે અને રાગાદિ સાથે અમિશ્રિત ભાવ...'** આહા..હા..! ફાવાભાઈ કહેતા. એક સવારે કાંઈક વાત સાંભળીએ ત્યાં પાછું બીજી આવે સાંજે શું આમાં સમજવું? બુદ્ધિ ઓછી હોય. કહેતા અહીં હોં. સવારે પકડીએ કે આત્માં રાગ નથી. વળી સાંજે આવે કે રાગ છે એની પર્યાયમાં. આમાં શું અમારે સમજવું? .. ઝેર છે એ રાગ. ભગવાનની ભક્તિનો રાગ પણ ઝેર અને એ દુર્ગતિ. દુર્ગતિ ગતિ છે એ. **'परदव्वादो दुगइ'** પરદ્રવ્ય ઉપર જુકાવ જાય છે તે પરિણામ દુર્ગતિના છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.' એને સમજવું જે પ્રમાણે (હોય તે પ્રમાણે), ખેંચાતાણ રહે નહિ. આહા..હા..!

કહે છે, એ અજ્ઞાનીને **'અજ્ઞાનમય ભાવ જ કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી બંધક છે અને રાગાદિ સાથે અમિશ્રિત ભાવ સ્વભાવનો પ્રકાશક...'** એકલો જાણનાર-દેખનાર રાગથી પૃથક્ એવા સ્વભાવમાં રહેતો **'કેવળ જ્ઞાયક જ છે,...'** કેવળ જ્ઞાયક છે. **'જરા પણ બંધક નથી.'** ત્યારે ઓલા એમ કહે છે કે વીતરાગી સમકિત હોય સાતમે-આઠમે એની વાત છે આ. છેને. .. પણ અહીં તો મુખ્ય-ગૌણ છે જ નહિ અહીં તો. જયચંદ્ર પંડિત તો કહે છે, એ તો વસ્તુ જ આવી છે. અસ્થિરતાનો પ્રશ્ન જ્યારે આવે ત્યારે એને એમ

કહે કે એનામાં છે ઈ. ચારિત્રનો વિરુદ્ધ ભાવ પરસમયપણું એટલું છે. પંચાસ્તિકાયમાં નથી આવતું? પરસમયપણું એટલું છે. વસ્તુમાં એ નથી, ખસી ગયો છે. આહા..હા..! સૂક્ષ્મ પડે. ... સમય તો પોતાને લાભનું કારણ માને તો. રાગને લાભનું કારણ માને તો સ્થૂળ પરસમય મિથ્યાદૃષ્ટિ છે, પણ રાગ પર તરફના વલણવાળો રાગ છે પરસમય અસ્થિરતાની અપેક્ષાએ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- રાગાદિક સાથે મળેલો અજ્ઞાનમય ભાવ જ બંધનો કરનાર છે,...**' કહે છે. ભગવાન આત્મા તો આનંદનો કંદ શુદ્ધ ચૈતન્યઘન એવી જ્યાં દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન (થયું), સમ્યગ્દર્શનમાં આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય (છે) એવી જ્યાં દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો, કહે છે કે એને રાગ સાથે સંસર્ગ નથી. '**રાગાદિક સાથે મળેલો...**' અનાદિથી પુણ્યનો ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ તો રાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગનો ભાવ એ પાપ છે, પાપરાગ છે. જેને રાગની એકતાપણાની બુદ્ધિ છે, એ રાગની એકતાપણાના સંસર્ગની બુદ્ધિ છે એ અજ્ઞાનમય ભાવ છે. આહા..હા..! એ બંધનો કરનાર છે. નવા આવરણને ઉત્પન્ન કરે છે. ઝીણું બહુ.

'**રાગાદિક સાથે નહિ મળેલો...**' ચૈતન્યપ્રભુ સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં જે અનુભવમાં ચૈતન્ય શુદ્ધ આવ્યો એને સમ્યગ્દર્શન કહીએ. એ સમ્યગ્દર્શનનો ભાવ '**રાગાદિક સાથે નહિ મળેલો...**' એ વ્રત, તપનો વિકલ્પ જે ઉઠે એની સાથે સમ્યગ્દૃષ્ટિનો ભાવ મળેલો, જોડાયેલો, એકત્વ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એને '**જ્ઞાનમય ભાવ બંધનો કરનાર નથી...**' ચૈતન્યમય પ્રભુ આત્મા જ્ઞાતા-દૃષ્ટા જ્યાં મહાવ્રતના પરિણામ પણ પ્રમાદ ને વિકલ્પ ને રાગ... આહા..હા..! એ રાગ સાથે જેની એકતાબુદ્ધિ નથી એવા સમકિતી જીવને બંધન કરવાની પ્રેરણા વિકારના કર્તાપણાની હોતી નથી. તેથી તેને બંધ હોતો નથી. આવી વસ્તુ છે.

## ગાથા-૧૬૮

अथ रागाद्यसङ्कीर्णभावसम्भवं दर्शयति -

पक्के फलम्हि पडिए जह ण फलं बज्झए पुणो विंटे।
जीवस्स कम्मभावे पडिए ण पुणोदयमुवेदि।।१६८।।

पक्के फले पतिते यथा न फलं बध्यते पुनर्वृन्तैः।
जीवस्य कर्मभावे पतिते न पुनरुदयमुपैति।।१६८।।

यथा खलु पक्वं फलं वृन्तात्सकृद्विश्लिष्टं सत् न पुनर्वृन्तसम्बन्धमुपैति, तथा कर्मोदयजो भावो जीवभावात्सकृद्विश्लिष्टः सन् न पुनर्जीवभावमुपैति। एवं ज्ञानमयो रागद्यसङ्कीर्णो भावः सम्भवति।

હવે રાગાદિ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે :

**ફળ પક્વ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,**
**ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.**

ગાથાર્થ :— **[यथा]** જેમ **[पक्के फले]** પાકું ફળ **[पतिते]** ખરી પડતાં **[पुनः]** ફરીને **[फलं]** ફળ **[वृन्तैः]** ડીંટા સાથે **[न बध्यते]** જોડાતું નથી, તેમ **[जीवस्य]** જીવને **[कर्मभवो]** કર્મભાવ **[पतिते]** ખરી જતાં (અર્થાત્ છૂટો થતાં) **[पुनः]** ફરીને **[उदयम् न उपैति]** ઉત્પન્ન થતો નથી (અર્થાત્ જીવ સાથે જોડાતો નથી).

ટીકા :— જેમ પાકું ફળ ડીંટાથી એકવાર છૂટું પડ્યું થકું ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી, તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો થકો ફરીને જીવભાવને પામતો નથી. આ રીતે જ્ઞાનમય એવો, રાગાદિક સાથે નહિ મળેલો ભાવ ઉત્પન્ન થાય છે.

ભાવાર્થ :— જો જ્ઞાન એકવાર (અપ્રતિપાતી ભાવે) રાગાદિકથી જુદું પરિણમે તો ફરીને તે કદી રાગાદિક સાથે ભેળસેળ થઈ જતું નથી. આ રીતે ઉત્પન્ન થયેલો, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ સદાકાળ રહે છે. પછી જીવ અસ્થિરતારૂપે રાગાદિકમાં જોડાય તે નિશ્ચયદૃષ્ટિમાં જોડાણ છે જ નહિ અને તેને જે અલ્પ બંધ થાય તે પણ નિશ્ચયદૃષ્ટિમાં બંધ છે જ નહિ, કારણ કે અબદ્ધસ્પૃષ્ટરૂપે પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે. વળી તેને મિથ્યાત્વની સાથે રહેનારી પ્રકૃતિઓનો બંધ થતો નથી અને અન્ય પ્રકૃતિઓ સામાન્ય સંસારનું કારણ નથી; મૂળથી કપાયેલા વૃક્ષનાં લીલાં પાંદડાં જેવી તે પ્રકૃતિઓ શીઘ્ર સુકાવાયોગ્ય છે.

## ગાથા-૧૬૮ ઉપર પ્રવચન

'હવે રાગાદિ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે :—' ૧૬૮.

**पक्के फलम्हि पडिए जह ण फलं बज्झए पुणो विंटे।**
**जीवस्स कम्मभावे पडिए ण पुणोदयमुवेदि।।१६८।।**
**ફળ પક્વ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,**
**ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.**

'ટીકા :— **જેમ પાકું ફળ ડીંટાથી એકવાર છૂટું પડ્યું...**' ગળીને, ડીંટડું ગળી અને '**એકવાર છૂટું પડ્યું થકું ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી,...**' એ ફરીને એ ફળ પક્વ થઈને છૂટ્યું એ ફરીને ડીંટા સાથે ચોંટતું નથી. ઝીણી વાત છે. '**તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ...**' તેમ જીવમાં કર્મના નિમિત્તથી ઉત્પન્ન થતો પુણ્ય-પાપનો ભાવ, શુભ-અશુભભાવ, પ્રશસ્ત અને અપ્રશસ્ત રાગ એ કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલો વિકારભાવ છે. એ ભગવાન આત્મા જ્ઞાતા-દ્દષ્ટાના સ્વભાવમાં એ નથી. '**તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો...**' નિશ્ચયની અપ્રતિહતની વાત લીધી છે. રાગનો વિકલ્પ જે ઉઠ્યો એ સ્વભાવની એકતા દ્વારા રાગ છૂટી ગયો એ ફરીને રાગ થતો નથી.

સમ્યગ્દર્શનના જોરમાં, હું પૂર્ણ આનંદનું ધામ ચૈતન્ય સુખધામ છું. મારામાં વિકાર તો નથી, પણ મારામાં અપૂર્ણતા પણ નથી, એવી સમ્યગ્દર્શનની દૃષ્ટિનું ધ્યેય ચોથા ગુણસ્થાનમાં (હોય છે). આહા..હા..! પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જેવો જોયો એવો આત્મા સમકિતી પોતાની દૃષ્ટિમાં એવા આત્માને લેતા એની પર્યાયમાં કર્મના નિમિત્તે જરી જે રાગાદિ થાય એ સ્વભાવની એકતાના જોરે એ ખરી જાય છે. ઝીણી વાત છે. ... સૂક્ષ્મ છે, એ વીતરાગમાં હોય છે. વીતરાગ સિવાય આ વાત ક્યાંય નથી. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ તીર્થંકર પ્રભુ એના માર્ગની અંદર જેણે આત્માને ભગવાને કહ્યો એવો જાણ્યો અંદરમાં, એ સમ્યગ્દૃષ્ટિ જીવમાં, કહે છે કે એની દૃષ્ટિનો વિષય તો ત્રિકાળી ધ્રુવ છે, એ તરફની એકતાને કારણે ધર્મી જીવને જે રાગનો ભાગ આવે એ ગળી જાય છે. ડીંટડું જેમ ગળીને છૂટી જાય છે એમ ખરી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ડીંટડું સમજો છો? ડંઠલ. ડંઠલ કહે છેને? હિન્દી. આહા..હા..! ડંઠલ.

અંદર ભગવાન આત્મા શરીર અને કર્મથી તો ભિન્ન તત્ત્વ છે, પણ દયા, દાન, વ્રતનો વિકલ્પ જે રાગ એનાથી ભિન્ન તત્ત્વ છે આત્મા. એવા તત્ત્વની જ્યાં દૃષ્ટિ સમ્યક્ થઈ... સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! તારી મહિમાનો પાર ન મળે. એવી ચીજને જેણે જોઈ. ચોથે ગુણસ્થાને હોં! સમ્યગ્દર્શનમાં પૂર્ણ આનંદસ્વરૂપ ચૈતન્ય જ્યોત સર્વજ્ઞ તીર્થંકર પરમેશ્વરે કહ્યો એ. 'પ્રભુ તુમ જાણગ રીતિ. પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા.' હે નાથ! તમે સર્વજ્ઞ અને સર્વદર્શી. તમારી જાણવાની રીતમાં

ત્રણ કાળ, ત્રણ લોક જણાય. એમાં ભગવાન આત્માને આપે કેવો જોયો? 'નિજ સત્તાએ શુદ્ધ' એ પવિત્ર અને આનંદનો નાથ નિજ પવિત્ર સ્વરૂપ એમ આત્મા તમે જોયો. એમ જે સમ્યગ્દષ્ટિ એ આત્માને એ રીતે અનુભવે અને જોવે... આહા..હા..! ત્યારે એને સમ્યગ્દષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે. અને એ સમ્યગ્દર્શનના અનુભવ વિના જ્ઞાન પણ સાચું હોય નહિ અને ચારિત્ર-ફારિત્ર હોતા નથી. આહા..હા..!

કહે છે, પાકું ફળ જેમ તૂટી ગયું, એમ આ કર્મના ઉદયનું આ ફળ રાગ... કેમકે સમ્યગ્દષ્ટિએ તો ચૈતન્ય સ્વરૂપ આનંદ, અતીન્દ્રિય આનંદનો જેણે સ્વાદ લીધો છે... આહા..હા..! એ અતીન્દ્રિય સ્વાદના અનુભવમાં ધર્મીને રાગની આકુળતા ખરી જાય છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં દષ્ટિના જોરની અપેક્ષાએ કથન છેને આ? પછી .. આપ્યો છે. એમાં નાખશે. જ્યાં સુધી જઘન્ય પરિણમન છે ત્યાં સુધી જ્ઞાનીને પણ રાગ તો એને હોય છે. એ રાગ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

'**કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ...**' ભાવ નામ પર્યાય. ભગવાન ચૈતન્યસ્વરૂપ. ભગવાન કોણ? આ હોં. બીજા ભગવાન તો ભગવાન થઈ ગયા. પોતે ભગ નામ આનંદ અને જ્ઞાનની લક્ષ્મીવાન એવો ભગવાન, જેની લક્ષ્મી તો અંદરમાં જ્ઞાન અને આનંદ જ છે. એવા ભગવાનને જેણે જોયો. જેણે સમ્યગ્દર્શનમાં ધ્યેય બનાવીને અનુભવ્યો, એવા સમ્યગ્દષ્ટિને કર્મના નિમિત્તથી થતી ઉપાધિનો ભાવ આકુળતા છે. એ શુભ અને અશુભભાવ બેય આકુળતા છે. આહા..હા..! ભગવાનની ભક્તિ, ભગવાનનું નામ સ્મરણ, વાંચનનો વિકલ્પ ઉઠવો, કહેવાનો વિકલ્પ ઉઠવો એ બધો શુભરાગ છે. એ આકુળતા છે, એ દુઃખ છે. ધર્મી જીવને એ દુઃખની પર્યાય ઉત્પન્ન થઈને ખરી જાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો થકો ફરીને જીવભાવને પામતો નથી.**' એ રાગ ગયો એ ગયો, હવે જીવસ્વભાવમાં તેનું એકપણું થતું નથી. ભારે માર્ગ આવો ભાઈ ઝીણો! આહા..હા..! અનંતકાળથી રખડે છે. ચોર્યાશીના અવતાર કરીને દુઃખી છે. ચોર્યાશીના અવતાર નરકના, નિગોદના, આ શેઠાઈના અને રાજાના બધા દુઃખી છે બિચારા. કહો, શેઠ! તમે બધા કરોડપતિ કહેવાઓ, દુઃખી છો એમ કહે છે. .. તો જડ ધૂળ છે લક્ષ્મી. એ અજીવ થઈને રહી છે કે જીવની પર્યાય થઈને રહી છે? આ તો સીધી વાત છે. આ શરીર જે છે લ્યોને આ શરીર. આ શરીર અજીવ થઈને રહ્યું છે? કે જીવની અવસ્થા થઈને રહ્યું છે? જીવની પર્યાય થઈને રહ્યું છે? આ તો પુદ્ગલની પર્યાય થઈને રહ્યું છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે. એના જયપુરમાં એ થયું હતું. પંડિત હાજર હતાને. સામેના પંડિતે પ્રશ્ન કર્યો હતો. જીવત શરીરથી ધર્મ થાય નહિ. અરરર..! શરીર જીવત કેવું બાપા? આ તો માટી છે. પુદ્‌ગલ-પુદ્‌ગલ અજીવ. એ અજીવનો જીવમાં નાસ્તિભાવ છે. એક તત્ત્વમાં બીજા તત્ત્વની નાસ્તિ. સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ. આહા..હા..! આવો સપ્તભંગી તત્ત્વ વીતરાગનો માર્ગ. અનંત સપ્તભંગીમાં પહેલી-પહેલી સપ્તભંગી. ભગવાન આત્મા સ્વચતુષ્ટયથી છે. ચતુષ્ટય એટલે? દ્રવ્ય ત્રિકાળી, ગુણ ભાવ, પર્યાય કાળ અને ક્ષેત્ર એની પહોળાઈ. એવો ભગવાન આત્મા સ્વચતુષ્ટયમાં છે અને પરચતુષ્ટયથી તે નથી. આ રજકણના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ રજકણમાં રહ્યા. આત્મામાં નથી. આહા..હા..! અરે..! કોઈ દિ' એણે સાંભળ્યું નથી. એણે વિચાર્યું પણ નથી. અહીં કહે છે, જ્યારે શરીર પોતે અજીવ થઈને રહ્યું નજીકનું તો લક્ષ્મી તો દૂર રહી ગઈ. પોપટભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ ધૂડેય વધતી નથી.

મુમુક્ષુ :- જતું કરે તો લક્ષ્મી વધી જાય.

ઉત્તર :- એ તો અજ્ઞાનીને એવો ભાવ હોય તો શું કરે? આહા..હા..! લક્ષ્મીના મોહી પ્રાણી. શરીર જતુ કરે, ... પણ પૈસા જતા ન કરે. પણ બેય ચીજ પર છે. અહીં તો સમ્યગ્દૃષ્ટિને તો રાગ પણ પર છે. આહા..હા..! આ શરીર ને લક્ષ્મી તો માટી છે. અજીવ થઈને અજીવના દ્રવ્ય, ગુણ અને પર્યાય થઈને આ રહેલા છે. અજીવનું દ્રવ્ય, અજીવ ગુણ અને અજીવ પર્યાય. એ રજકણ છે એ દ્રવ્ય, એના વર્ણ, ગંધ એ ગુણ અને આ એની દેખાય એ પર્યાય. એના દ્રવ્ય-ગુણ-પર્યાય એમાં રહેલા છે. આહા..હા..! અહીંયાં તો રાગનો ભાવ, અત્યારે તો સમ્યગ્દર્શનની દૃષ્ટિનો વિષય બતાવો છેને, રાગનો કણ ઉઠે દયા, દાન, વ્રત, ભક્તિનો એ શુભરાગ એ આત્મામાં નથી. સમજાણું કાંઈ? ત્રિકાળ દ્રવ્ય વસ્તુ જ્યાં દૃષ્ટિ થઈ એથી એમાં ધર્મી જીવને રાગનો કણ અને રજકણ મારા છે એમ ભાસતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- સાધન તો છેને?

ઉત્તર :- શેના સાધન ધૂડના? શરીરાદ્યં ખલું ધર્મ સાધનં. મૂર્ખાએ... આહા..હા..! માટી સાધન હોય? રાગનો ભાવ સાધન જ્યાં ધર્મમાં નથી. આહા..હા..! અંદરના સ્વભાવમાં એક કરણ નામનો ગુણ પડ્યો છે આત્મામાં. સાધન નામનો ગુણ પડ્યો છે એ સાધન. અને એની વર્તમાન નિર્મળ પર્યાય એ સાધન. સમજાણું કાંઈ? ભારે કામ ઝીણું ભાઈ! આહા..હા..! નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપાજોયો'. 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો ફેર પીછો પટક્યો.' એ સજ્ઝાયમાળામાં આવે છે. સજ્ઝાયમાળામાં આવે છે.

સજ્ઝાયમાળા આવે છેને? ચાર સજ્ઝાયમાળા. સજ્ઝાયમાળા નથી? છેને? ત્યારે વાંચેલી દુકાન ઉપર. (સંવત) ૧૯૬૪-૬૫-૬૬ પાલેજ-પાલેજ. ... ત્યાં વંચાયું. એમાં આ આવ્યું હતું. આ શું કહે છે? ...ભાઈ! વેપારમાં હતા પણ વેપારમાં ધૂંચી નહોતા ગયા ત્યાં. દુકાને વાંચન કરતા હોં, ત્યાં નાની ૧૮ વર્ષની ઉંમરે. ૧૮ વર્ષની ઉંમરે. એય..! પોપટભાઈ! અત્યારે તો ૮૩ ચાલે છે. ૮૦ ને ૩. ૬૫ વર્ષ પહેલાની વાત છે. એમાં આ આવ્યું હતું. 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો.' અરેરે..! આત્માના સમ્યગ્દર્શન વિના ચૈતન્યની દૃષ્ટિના અનુભવ વિના એણે મહાવ્રત ધારણ કર્યા, દ્રવ્યસંયમ લીધો. સમ્યગ્દર્શન વિના ભાવસંયમ હોઈ શકે નહિ. આહા..હા..! એવા શુભભાવ એટલે શુક્લલેશ્યા. શુક્લલેશ્યા, શુક્લધ્યાન નહિ હોં! શુક્લધ્યાન તો સમકિતીને હોય. શુક્લલેશ્યા તો અભવિ અને ભવિ ભધાને હોય. શુભલેશ્યા. જે લેશ્યા વડે કરીને નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો પણ આત્મા સમ્યગ્દર્શન શું ચીજ છે? અને એ કેમ પ્રાપ્ત થાય? એના ભાન વિના ઉપરથી પટક્યો પાછો હેઠે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે. જેણે જીવનો, આત્માનો વાસ્તવિક ત્રિકાળી શુદ્ધ આનંદ સ્વભાવ અંતર દૃષ્ટિમાં લીધો તે થયો અંતરઆત્મા. રાગના વિકલ્પને જેણે પોતામાં માન્યો એ રહ્યો બહિરઆત્મા. આહા..હા..! એ શુભભાવ પણ મારો છે એમ માન્યું એ થયો બહિરઆત્મા. અને શુભભાવથી રહિત મારી ચીજ ભિન્ન છે એવો અનુભવ થયો એ અંતરાત્મા અને એ અંતરાત્માની દશા પૂર્ણ થાય એ પરમાત્મા. સમજાણું કાંઈ? આહા..હા..! એ ઉદયથી થતો ખરી જાય છે કહે છે. આહા..હા..!

'**આ રીતે જ્ઞાનમય એવો, રાગાદિક સાથે નહિ મળેલો ભાવ ઉત્પન્ન થાય છે.**' ધર્મીને તો એ રાગ આવે એનું પણ જ્ઞાન પોતામાં થતું, જ્ઞાન અને શ્રદ્ધાની પર્યાય થતી તે જ્ઞાનમય ભાવમાં હોય છે. આહા..હા..! એને રાગાદિ સાથે મળેલો ભાવ હોતો નથી. ઝીણું બહુ પણ ભાઈ! માર્ગ તો એવો વીતરાગનો. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ અરિહંત જેણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા. એની દિવ્યધ્વનિ આવી વાણી એમાં આ આવ્યું. ભગવાન! ભગવાન તરીકે બોલાવે છે. આહા..હા..! કર્તા-કર્મમાં આવી ગયું, ૭૨ ગાથા. ભગવાન આત્મા એ પુણ્ય અને પાપના ભાવ તો અશુચિ છે, મેલ છે, એ જડ છે, એ દુઃખ છે. આહા..હા..! ભગવાન આત્મા પવિત્રતાનો પિંડ છે, ચૈતન્ય છે અને આનંદનો કંદ છે. આહા..હા..! એવા આત્માની જ્યાં દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું, એની સાથે સમ્યગ્જ્ઞાન થયું, એની સાથે સ્વરૂપની સ્થિરતા પણ થઈ. એને જ્ઞાનમય એવો, એને તો આત્મમય એવો ભાવ જ હોય છે. એને રાગમય ભાવ હોતો નથી. '**રાગાદિક સાથે નહિ મળેલો ભાવ ઉત્પન્ન થાય છે.**' આહા..હા..!

'**ભાવાર્થ :— જો જ્ઞાન એકવાર (અપ્રતિપાતી ભાવે) રાગાદિકથી જુદું પરિણમે...**'

ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ મૂર્તિ, સિદ્ધપણું સ્વરૂપમાં પડ્યું છે. એ સિદ્ધ પડ્યું છે એમાંથી સિદ્ધની પર્યાય પ્રગટ થાય છે. એવો જે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદઘન એનું જ્ઞાન થતાં '**એકવાર (અપ્રતિપાતી ભાવે)...**' એ થયું જ્ઞાન થયું, ફરીને પડે નહિ. અને તે રાગાદિ પુણ્યનો-પાપનો ભાવ. ચાહે તો વ્રત, તપનો વિકલ્પ હો કે અવ્રત ને રાગ વિષય-વાસનાનો રાગ હોય, બેય વિકાર છે. એનાથી જુદો પરિણમે આત્મા સમ્યગ્દર્શનમાં '**ફરીને તે કદી રાગાદિક સાથે ભેળસેળ થઈ જતું નથી.**' ... ભીંડવાળા નહિ? નંદલાલજી. .. કે એકવાર સમ્યગ્દર્શન થયું પછી એનું જ્ઞાન પડે નહિ. ભાઈ! એમ નથી. અહીં તો અપ્રતિહતભાવની અપેક્ષાએ વાત કરી છે. એ સમ્યગ્દર્શન પામીને અગિયારમા ગુણસ્થાને આવીને ઘણા પડી ગયા. નિગોદમાં પડ્યા છે એવા અનંતા. આહા..હા..! સમ્યગ્દર્શન ક્ષાયિક ન હોય ત્યાં સુધી પડે. ક્ષાયિકવાળો ન પડે.

શ્રેણિક રાજા, ભગવાનના વખતમાં ક્ષાયિક સમકિતી. તીર્થંકરગોત્ર બાંધ્યું. ત્યારે નરકનું આયુષ્ય બંધાયેલું એટલે ત્યાં અત્યારે ગયા. હજી આત્મામાં છે ત્યાં. આહા..હા..! આવતી ચોવિસીમાં એ તીર્થંકર થવાના છે. પહેલા તીર્થંકર. રાણીની કૂખે પહેલી નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિમાં છે. અઢી હજાર વર્ષ ગયા. સાડી એકાશી હજાર વર્ષ બાકી. એ સમ્યગ્દર્શનનો પ્રતાપ અને એમાં ક્ષાયિક. ભગવાનની સમીપે આત્માનું ભાન ક્ષાયિક થઈ ગયું. જે થયું એ થયું, સિદ્ધમાં પણ એ રહેશે. એને પડવાનું ન હોય. .. ક્ષયોપશમભાવે ભલે સમકિત છે, પણ અપ્રતિહતવાળું છે અંદર. ઝીણી વાત બહુ. ઝીણી વાત છે હોં. એ વાત પોતે એમ કહે છે. ભલે ક્ષયોપશમ સમકિત છે. ક્ષાયિક તો અત્યારે હોઈ શકે નહિ. પણ કહે છે કે એવું કે ક્ષાયિક, ક્ષાયિકને જોડાણ કરી દે, એવું જે જ્ઞાન ક્ષયોપશમ સમકિત થયું એ ક્ષાયિક લીધે છૂટકો. પડવાની વાત ત્યાં નથી. એ વાત અહીં લીધી છે. આહા..હા..! ઝઘડા... ઝઘડા...

એકવાર પણ આત્માના આનંદનો સ્વાદ આવીને સમ્યગ્દર્શન એવું જોરવાળું પ્રગટ થાય કે રાગાદિથી જુદું પરિણમે એ રાગાદિ સાથે ભેળસેળ થઈ જતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માખણને દહીમાંથી, છાશમાંથી જુદું પાડ્યું એ માખણ હવે છાશમાં નાખો તો છાશ ભેગું નહિ થાય. આમ તારવીને માખણ કાઢ્યું છેને અંદરથી? એ માખણ હવે લોટો નાખો છાશમાં ભેગું નહિ થાય. સમજાણું કાંઈ? ઝીણી પોતાની વાત છે. એકવાર પણ જ્યારે આવું સમકિત થાય તો એ ફરીને રાગ સાથે એકમેક થતું નથી.

'**આ રીતે ઉત્પન્ન થયેલો, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ સદાકાળ રહે છે.**' સમ્યગ્દષ્ટિને તો જ્ઞાતા-દષ્ટાપણું... આહા..હા..! ભલે લડાઈમાં દેખાય, એ સ્ત્રીઓના સંસર્ગમાં ચક્રવર્તી, સમકિતી. સોળમા શાંતિનાથ, સત્તરમા કુંથુનાથ, અઢારમા અરનાથ. જેને

છન્નું હજાર તો સ્ત્રી હતી. છ ખંડનું રાજ હતું, પણ એ અખંડને સાધતા હતા. અંતર અખંડ આનંદની મૂર્તિને સાધતા હતા. એ ખંડના સ્વામી નહિ અને રાગના પણ સ્વામી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, છોટાભાઈ! ચૂના-બુનામાં કાંઈ મળે એવું નથી. છોટાભાઈ તમારા કુવા. કહો, સમજાણું આમાં? આહા..હા..!

ભગવાન કુંદકુંદાચાર્યદેવ એમ ફરમાવે છે કે એકવાર પણ વિકલ્પથી ભિન્ન પડીને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થયું, નિશ્ચય સમ્યગ્દર્શન ચોથે. એઈ..! ચેતનજી! તમારો વાંધો આવે છે. તમારા મિત્રને. નહિ? આ તો જાણવાની વાત છે. આહા..હા..! ચોથે ગુણસ્થાને સરાગ સમકિત જ હોય. રાગવાળું સમકિત કેવું? આહા..હા..! છૂટું પડે, રાગથી ભિન્ન પડે ત્યારે સમ્યગ્દર્શન થાય. આહા..હા..! કારણ કે રાગ છે એ તો આસ્રવ છે. આસ્રવ અધિકાર છેને? અને ભગવાન આત્મા તો આસ્રવના ભાવથી ભિન્ન છે અંદર. નવ તત્ત્વ ક્યારે સિદ્ધ થશે? નવ તત્ત્વ ક્યારે સાબિત થાય? અજીવ અજીવપણે, આસ્રવ આસ્રવપણે, આત્મા આત્માપણે. આત્મા આસ્રવપણે થાય તો તો આત્મા અને આસ્રવ બે એક થઈ ગયા. એ તો અનાદિનું માન્યું છે. આહા..હા..! મૂળચંદભાઈ! ઝીણી વાતું. આ બધા શેઠિયા આમ ને આમ વખત ગાળ્યા હોં બધાએ. આમ પૈસા ગણે. બે-પાંચ હજાર ખર્ચે ત્યાં થઈ ગયો ધર્મ. ધૂડેય ધર્મ નથી. લાખ તારા કરોડ ખરચને. એ.. શેઠ! આ બધા દાની કહેવાય. બુંદેલખંડના દાની. કેવા? દાનવીર. આહા..હા..! અરે..! કોના દાન ભગવાન? લક્ષ્મી જડ. એ જડનું દાન કરું એમ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ જડનો સ્વામી થાય છે, જડનો સ્વામી થાય છે એ. મારા જડ. મારા છે એને હું આપું છું. એ તો અજીવ મારા થયા તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એવી વાત છે. એમ આસ્રવ એ ચૈતન્યનો સ્વભાવ નથી. એ આસ્રવના રાગ ભાગમાં ચૈતન્યના પ્રકાશના નૂરનો અભાવ છે. એથી રાગનો ભાવ પણ અચેતન છે. આહા..હા..! ગજબ વાત છે. એ અચેતનથી ચૈતન્યભાવ જ્યાં જુદો પડ્યો, એમ કહે છે, ફરીને એ ચૈતન્યપણામાં અચેતન એક થાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એ વિસામાનું વાક્ય છે. વિસામાનું વાક્ય હોયને. ગજબ વાત છે.

અહો..! વીતરાગમાર્ગ ઓહો..! સર્વજ્ઞ પ્રભુનો પંથ એ કોઈ પક્ષ નથી, વસ્તુનું સ્વરૂપ છે. આત્મા સચ્ચિદાનંદ સત્ નામ શાશ્વત, ચિદાનંદ-ચિદ અને આનંદનો કંદ પ્રભુ છે એ આસ્રવતત્ત્વથી ભિન્ન છે. જો બે એક હોય તો નવ તત્ત્વ થતાં નથી. તો આઠ થઈ જાય છે. સમજાણું કાંઈ? પણ એની પણ ખબર ન મળે. નવ શું અને નવમાં કેમ હશે? શેઠ! આહા..હા..! મિથ્યાત્વના ત્યાગમાં આ છે. પહેલા મિથ્યાત્વના ત્યાગ વિના ત્યાગ કેવો? મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ પાંચ બંધના કારણ. એમાં પહેલું મિથ્યાત્વ છે. હજી મિથ્યાત્વનો ત્યાગ થયો નથી ત્યાં અવ્રતનો ત્યાગ ક્યાંથી થઈ ગયો એને? સમજાણું

કાંઈ? આહા..હા..! જેને રાગના આસ્રવથી ભિન્ન પડેલો આત્મા જણાણો નથી એને સમ્યગ્દર્શન વિના વ્રતાદિ, ચારિત્ર આદિ હોતા નથી. આહા..હા..! બાપુ! માર્ગ આવો છે. અરે..! સત્ય વાતું સાંભળવા મળે નહિ એને સમજવામાં ક્યારે આવે? અને ક્યારે એ પકડે આત્માને અંદરથી? દુર્લભ.

કહે છે, **'આ રીતે ઉત્પન્ન થયેલો, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ સદાકાળ રહે છે.'** ધર્મીને તો રાગથી, વિકલ્પથી જુદું પડ્યું તત્ત્વ એ જુદું તે જુદાપણે રહે છે. આહા..હા..! નરકમાં ગયા શ્રેણિક તોપણ નરકની ગતિ અને એમાં રાગ છે એનાથી જુદા જ ત્યાં પડ્યા છે. આહા..હા..! થોડું-થોડું સમજો છોને ભાઈ ગુજરાતી? તમારા ડ્રાઈવર પ્રેમથી સાંભળે છે. આ તો ભગવાન અંદરની વાત છે આ તો. આહા..હા..! કહે છે **'પછી જીવ અસ્થિરતારૂપે રાગાદિકમાં જોડાય તે નિશ્ચયદૃષ્ટિમાં જોડાણ છે જ નહિ...'** જોયું? સમ્યગ્દર્શન અનુભવ આત્માના આનંદનો સ્વાદ આવ્યો, પછી રાગનો સ્વાદ તો આકુળતા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચાહે તો એ વ્રતનો રાગ હોય, ભગવાનના સ્મરણનો હોય, ભગવાનની ભક્તિનો હોય એ શુભરાગ આકુળતા છે. ધર્મી નિજસ્વાદની આગળ આકુળતાની એકતા એ કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જીવ અસ્થિરતારૂપે પરિણમે સમકિતદર્શન આત્માનો અનુભવ થઈને, એ રાગાદિમાં જોડાય તે નિશ્ચયદૃષ્ટિમાં જોડાણ છે જ નહિ. આહા..હા..!

**'અને તેને જે અલ્પ બંધ થાય તે પણ નિશ્ચયદૃષ્ટિમાં બંધ છે જ નહિ,...'** આહા..હા..! **'કારણ કે અબદ્ધસ્પૃષ્ટરૂપે પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે.'** આહા..હા..! આત્મા રાગથી અને કર્મથી અબદ્ધ છે, બદ્ધ નથી. કેમકે કર્મ અજીવપણે રહ્યું છે, રાગ આસ્રવપણે રહ્યો છે. એનાથી ભિન્ન જ્યાં આત્માનું ભાન થયું ત્યાં અબદ્ધસ્પૃષ્ટપણે પરિણમન (થયું). જેવો ભગવાન અને રાગ અને પરથી બંધ નથી અને અબંધસ્વરૂપ છે એવું અનુભવ સમ્યગ્દર્શન થયું ત્યારે અબદ્ધસ્પૃષ્ટપણે પરિણમન (થાય છે). એના નિર્મળ પરિણામ જે સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિના એ અબદ્ધ પરિણમનરૂપે એની દશા હોય છે. બદ્ધ પરિણામરૂપ દશા એની હોતી નથી. કહો, સમજાણું કાંઈ? દૃષ્ટિની અપેક્ષાથી વાત ચાલે છેને. જ્ઞાનની અપેક્ષા લેશે, તરત જ લેશે. ૧૭૦. આહા..હા..! એકાંત કોઈ માની લે કે સમ્યગ્દર્શન થયું એટલે એને આસ્રવ કાંઈ જરીએ નથી (એમ નથી). મિથ્યાત્વ એ સંસારનું કારણ છે. સંસાર રખડવાનું મૂળિયું મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ જેને ટળીને સમ્યગ્દર્શન થયું. એ આંબલીના ઝાડના મૂળિયા છેદ્યા એ આંબલીના પાંદડા પંદર દિ'એ સુકાવાના. અને જેણે આંબલીના પાંદડા તોડ્યા પણ મૂળ તોડ્યું નથી એ પંદર દિ'એ પાંગરી જવાના છે. આહા..હા..! એમ જેણે રાગની મંદતાના પાંદડા તોડ્યા, પણ રાગથી ભિન્ન આત્મા છે એનું ભાન કર્યું નહિ, પાછા એના એ સાજા

તીવ્ર રાગી થઈ જશે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અબદ્ધસ્પૃષ્ટરૂપે પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે. વળી તેને મિથ્યાત્વની સાથે રહેનારી...'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ છે. એ ..ની વાત છે. ૧૪મી ગાથામાં કહ્યુંને.

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।

'**जो पस्सदि अप्पाणं**' આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે, સામાન્ય દેખે, રાગની આકુળતા વિના દેખે. '**पस्सदि जिणसासणं सव्वं**' એણે સારા જૈનશાસનને જોયું. એ ૧૫મી ગાથા. જૈનશાસનની ૧૫મી. ઓલી ૧૪મી. શુદ્ધનય એ ૧૪મી. જેણે આ ભગવાન આત્માને કર્મ અને રાગના સંબંધ વિનાનો અબદ્ધ સંબંધ દીઠો. આહા..હા..! જેના ઉપયોગમાં, શુદ્ધોપયોગમાં આત્મા જણાણો એને શુભ અને અશુભ ઉપયોગથી રહિત એ શુદ્ધ ઉપયોગ થયો એ જૈનશાસન છે. આહા..હા..! એ અબદ્ધસ્પૃષ્ટ દીઠો ઈ. સમજાણું કાંઈ?

**'વળી તેને મિથ્યાત્વની સાથે રહેનારી પ્રકૃતિઓનો બંધ થતો નથી...'** મિથ્યાત્વ સાથે જે ૪૧ પ્રકૃતિ છે એનો બંધ થતો નથી. **'અને અન્ય પ્રકૃતિઓ સામાન્ય સંસારનું કારણ નથી;...'** થોડો બંધ પડે એ કાંઈ મિથ્યાત્વ નથી એટલે અનંત સંસાર વધતો નથી. **'મૂળથી કપાયેલા વૃક્ષનાં લીલાં પાંદડાં જેવી તે પ્રકૃતિઓ શીઘ્ર સુકાવાયોગ્ય છે.'** લ્યો! જેના મૂળિયા તોડ્યા એના પાંદડા કેટલો કાળ રહેશે? એમ જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, સંસારનું મિથ્યાત્વ મૂળિયું છેદ્યું અંતર અનુભવમાં આત્માના સ્વાદથી, એને હવે થોડા રાગ-દ્વેષાદિ છે એ પાંદડા થોડા વખતમાં ખરી જવાના. આહા..હા..! અને અલ્પકાળમાં એ પરમાત્મપદને પામશે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૧૪

(शालिनी)
भावो रागद्वेषमोहेर्विना यो
जीवस्य स्याद् आननिर्वृत्त एव।
रुन्धन् सर्वान् द्रव्यकर्मास्रबौधान्
एषोऽभावः सर्वभावास्रवाणाम्।।११४।।

હવે, 'જે જ્ઞાનમયભાવ છે તે જ ભાવાસ્રવનો અભાવ છે' એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :— [जीवस्य] જીવને [यः] જે [रागद्वेषमोहैः बिना] રાગદ્વેષમોહ વગરનો, [ज्ञाननिर्वृत्तः एव भावः] જ્ઞાનથી જ રચાયેલો ભાવ [स्यात्] છે અને [सर्वान् द्रव्यकर्मास्रव-ओधान् रुन्धन्] જે સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોકને (અર્થાત્ જથ્થાબંધ દ્રવ્યકર્મના પ્રવાહને) રોકનારો છે, [एषः सर्व-भावास्रवाणाम् अभावः] તે (જ્ઞાનમય) ભાવ સર્વ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે.

ભાવાર્થ :-- મિથ્યાત્વ રહિત ભાવ જ્ઞાનમય છે. તે જ્ઞાનમય ભાવ રાગદ્વેષમોહ વગરનો છે અને દ્રવ્યકર્મના પ્રવાહને રોધનારો છે; તેથી તે ભાવ જ ભાવ-આસ્રવના અભાવસ્વરૂપ છે.

સંસારનું કારણ મિથ્યાત્વ જ છે; તેથી મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ થતાં, સર્વ ભાવાસ્રવનો અભાવ થયો એમ અહીં કહ્યું. ૧૧૪.

**પોષ વદ-૧૪, શુક્રવાર, તા. ૦૨-૦૨-૧૯૭૩**
**ગાથા-૧૬૯, શ્લોક-૧૧૪-૧૧૫, પ્રવચન-૩૦૩**

... એટલે? કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવી જે જ્ઞાનચેતના થઈ જ્ઞાનચેતના, એ જ્ઞાનનું પરિણમન શુદ્ધ. 'તે જ ભાવાસ્રવનો અભાવ છે...' તે જ રાગ-દ્વેષના પરિણામનો

અભાવ છે. 'એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—'

(शालिनी)

भावो रागद्वेषमोहैर्विना यो
जीवस्य स्याद् आननिर्वृत्त एव।
रुन्धन् सर्वान् द्रव्यकर्मास्रवौघान्
एषोऽभावः सर्वभावास्रवाणाम्।।११४।।

આ આસ્રવ અધિકાર છેને, એ આસ્રવ કેમ ટળે એ વાત ભેગી લીધી. આસ્રવો તો બતાવ્યા કે રાગ, દ્વેષ અને મોહ એ આસ્રવ. અહીં મિથ્યાત્વના સંબંધીના રાગ-દ્વેષ અને મિથ્યાત્વને જ અહીં લીધું છે આમાં. વિપરીત માન્યતા છે, વસ્તુની દ્રવ્યદૃષ્ટિનો અભાવ અહીંયા છે. વસ્તુ જે ત્રિકાળ એકરૂપ ચૈતન્ય એના સ્વભાવના આશ્રયનો જ્યાં અભાવ છે, એને રાગનો આશ્રય છે એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ સહિતના જે રાગ-દ્વેષ છે એને અહીંયાં ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

જે '**જીવને જે રાગદ્વેષમોહ વગરનો,...**' '**ज्ञाननिर्वृत्तः एव भावः**' '**જ્ઞાનથી જ રચાયેલો ભાવ...**' શુદ્ધ ચૈતન્યસ્વભાવ એમાં દૃષ્ટિ હોવાથી તેના બધી પર્યાયોના ભાવ સ્વભાવથી રચાયેલા છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જીવને જે...**' પુણ્ય અને પાપના ભાવ અને ભ્રમ ભાવ—રાગાદિથી મને લાભ થાય, પુણ્યથી લાભ થાય, પુણ્યના ભાવમાં સુખ છે એવી જે મિથ્યાત્વબુદ્ધિ, એવો જે રાગદ્વેષમોહવાળો ભાવ એ '**વગરનો, જ્ઞાનથી જ રચાયેલો ભાવ...**' દૃષ્ટિ જ્ઞાયક ચૈતન્ય ઉપર, અભેદ સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી ધર્મીને જ્ઞાન અને આનંદના પર્યાયની જ રચના થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**જ્ઞાનથી જ રચાયેલો...**' જ્ઞાનથીનો અર્થ વિભાવભાવ રહિત જે ચૈતન્યસ્વરૂપ એનાથી રચાયેલો એ ભાવ. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાનની ચેતના. સ્વરૂપ જે જ્ઞાનમય એટલે આત્મસ્વભાવમય એની જે ચેતના. એ ચેતનાના જ્ઞાનના પરિણામ એમાં રાગ-દ્વેષ-મોહનો અભાવ છે. આહા..હા..!

ખરેખર તો જ્ઞાનભાવની ચેતના જે છે એમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ પાંચેય બંધના ભાવનો એમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અબંધસ્વભાવની દૃષ્ટિ હોવાથી, અબંધસ્વભાવી પરિણમન હોવાથી એને બંધભાવનો તે પરિણામમાં અભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ આમાં? સંવર કેમ થાય છે એની વાત છે. આ સંવર બહાર લઈને બેસે છેને આમ .. સેવાના પચ્ચખાણ કરાવો. એ સંવર એમ નથી. એ તો મિથ્યાત્વસહિતના રાગ-દ્વેષના ભાવ છે. માર્ગ એવો છે. જેમાં જન્મ, જરા અને મરણ એના ભાવના જે છે કારણો એવા ભાવનો જેમાં અભાવ છે. એવા જ્ઞાનની ચેતના.

'ज्ञाननिर्वृत्तः एव भावः' જ્ઞાન એટલે? આત્માનો પવિત્ર .. સ્વભાવ. એ પવિત્ર પરિણામ,

પવિત્ર સ્વરૂપ એનાથી રચાયેલા પવિત્ર પરિણામ, એ પરિણામમાં રાગ-દ્વેષ-મોહનો અભાવ છે. સમજાણું કાંઈ? અને... એ એક વાત કરી.

બીજી વાત. '**सर्वान् द्रव्यकर्मास्रव-ओघान् रुन्धन्**' ભાઈ! એ તો રાગ-દ્વેષ-મોહના જે પરિણામ છે વિભાવ વિકાર એ જ્ઞાનચેતનાના ભાવમાં અભાવ, પણ બંધન તો થાયને તેને? કે ધર્મીને આસ્રવનો અભાવ છે અને બંધનનો પણ અભાવ છે એમ બે સિદ્ધ કર્યા. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ કોઈ અચિંત્ય, અલૌકિક છે. એના વિના જન્મ-મરણના અંત આવે એવા નથી. જેમાં જન્મ-મરણ ન આવે એ ચીજ શું? આહા..હા..! અહીં તો શુભરાગને પણ દુરગ-પાપનું પોટલું કહ્યું છે. આહા..હા..! એય..! પંડિતજી! દુરગ. આહા..હા..! એવા જે પાપના ભાવ એટલે પુણ્ય-પાપ બેય પાપ. એવો જે રાગ-દ્વેષભાવ. એને ધર્મી જીવને જ્ઞાનસ્વરૂપની રચના હોવાથી, જ્ઞાનથી વિજાતના પરિણામનો એમાં અભાવ હોય છે. સમજાણું કાંઈ? અરે..! આવી વાત ક્યાં પણ અમારે નક્કી કરવી? બહારથી માંડી બધી એય..! મૂળચંદભાઈ!

જીવને '**જ્ઞાનથી જ રચાયેલો ભાવ...**' એ રાગ-દ્વેષ-મોહ એટલે ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે એમ કહે છે. '**અને...**' તે '**सर्वान् द्रव्यकर्मास्रव-ओघान् रुन्धन्**' '**જે સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોક...**' જડ કર્મના આવવાનો થોક એને રોકનારો છે. રોકનારો એટલે? એને હોતો નથી. રોકનારો એટલે આમ આવતા હતાને અટકાવે છે એમ નહિ. પણ પહેલા રાગ-દ્વેષના પરિણામમાં મિથ્યાત્વભાવમાં જે કર્મના થોક આવતા હતા એને અહીંયાં રાગ-દ્વેષ-મોહનો અભાવ સ્વભાવની દૃષ્ટિએ રચાયેલી જ્ઞાનભાવના એમાં એ ભાવાસ્રવનો અભાવ (થયો). એથી કર્મ જે આવતા હતા એ એને આવવાના છે નહિ. આવવાના છે નહિ એને રોક્યા એમ કહેવામાં આવે છે. ભારે ભાષા! સમજાણું કાંઈ?

પાઠ આમ છે જુઓ, છે? '**रुन्धन्**' આવ્યા એને રોક્યા એમ? સમજાણું કાંઈ? એ ભાવાસ્રવનો જ્યાં અભાવ ધર્મીના ચૈતન્યથી રચાયેલા ભાવ એને કર્મ આવવાના આસ્રવકાળે જે હતા એ અત્યારે આવવાના છે નહિ, એને '**रुन्धन्**' છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! પાઠના અર્થ પણ બીજા પાછા થાય. એકલા પાઠને પકડે કે આ રુંધન કર્યું... રુંધન કર્યું. સમજાણું કાંઈ? સંવર કહેવો છેને? અટક્યા એમ. એને દ્રવ્યકર્મનો ધારાવાહી પ્રવાહ આસ્રવના નિમિત્તથી, ઉપાદાન અને એની પર્યાય જડની આવવાની એને આવતા નથી. એને રોક્યા એમ કહેવામાં આવે છે.

'**સર્વ દ્રવ્યકર્મના આસ્રવ...**' હોં. આહા..હા..! .. કર્મ પણ આવતા નથી એમ કહે છે. આઠેય કર્મનો આસ્રવ રજકણો ... એકલો ભગવાન આત્મા પૂર્ણાનંદના સ્વભાવના આશ્રયે જે રચના સ્વભાવની શુદ્ધતાની ઉપયોગની શુદ્ધ થઈ એને ભાવાસ્રવ એમાં નથી તેમ દ્રવ્યકર્મ

પણ એમાં આવતું નથી. ભાવાસ્રવને રુંધ્યું અને દ્રવ્યકર્મને રુંધ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! 'एषः' 'एषः' એટલે જ્ઞાનની ચેતના, શુદ્ધ દૃષ્ટિની ચેતના. જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા એની એકાગ્રતા. 'एषः' એવો જે ભાવ. પરિણતિની વાત છે આ. પરિણતિ એટલે પર્યાય. જે પર્યાય સ્વભાવ ચૈતન્યની દૃષ્ટિને લઈને, સ્વભાવની રચના થઈ તે ભાવ. એ પ્રત્યક્ષ અનુભવ પરિણમન જે થયું તે ભાવ. આહા..હા..! સમજાણું કાંઈ?

'एषः **सर्व-भावास्रवाणाम्** अभावः' '**તે (જ્ઞાનમય) ભાવ સર્વ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે.**' સમ્યગ્દર્શનમાં, સમ્યગ્દૃષ્ટિમાં ધ્રુવના ધ્યેયે જે સમ્યગ્દર્શન થયું તે સમ્યગ્દર્શનની રચનામાં તો બધો નિર્મળભાવ જ હોય છે. એને તો શુદ્ધ પરિણમન જ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અસ્થિરતાના જે પરિણામ છે એને અહીં ગણવામાં આવ્યા નથી. અહીં તો મિથ્યાત્વસંબંધી રાગ-દ્વેષને ગણવામાં આવ્યા છે. આહા..હા..! 'एषः **सर्व-भावास्रवाणाम् अभावः**' જે જ્ઞાનથી રચાયેલો ભાવ. પહેલા તો કહ્યું હતું કે રાગ-દ્વેષ-મોહ વગરનો એ ભાવ છે. સમજાણું? હવે અહીં કહ્યું કે 'एषः **सर्व-भावास्रवाणाम् अभावः**' એમાં ભાવાસ્રવનો અભાવ છે. એક કડી સમજવી.. આ તો અધ્યાત્મસ્વરૂપ છે. આહા..હા..!

જેણે ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ આનંદ એવું જે ધ્રુવ... સવારમાં કહ્યું હતુંને? ધ્રુવસ્વરૂપ... ધ્રુવસ્વરૂપ. એમાં તો પર્યાયનો પણ અભાવ છે. .. તેના સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ એટલે પરિણમન થયું શુદ્ધનું, એ શુદ્ધ પરિણમનમાં રાગ-દ્વેષ-મોહ વગરનો છે. અહીં કહ્યું કે એ સર્વ 'एषः' ભાવનો આના અભાવસ્વરૂપ છે. એના અભાવસ્વરૂપ જ છે. આહા..હા..! ધર્મ આવો છે. લાલા-પેઠા કરે એવા એના ધર્મમાં એને કાંઈ સમજાય એવું નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આનંદનું સ્વરૂપ ભગવાન આત્મા એવી જ્યાં દૃષ્ટિ થઈ એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિને આનંદસહિતની પરિણતિ દશા જ ઉત્પન્ન થાય છે. એ પરિણતિમાં રાગ-દ્વેષ-મોહનો અભાવ કીધો પહેલો, અહીંયાં પછી ભાવાસ્રવનો અભાવ કીધો. એ રાગ-દ્વેષ-મોહ ભાવાસ્રવ છે. એમ ત્યાં ખુલાસો કર્યો કે રાગ-દ્વેષ, મોહ એ આસ્રવ છે.

'एषः **सर्व-भावास्रवाणाम् अभावः**' એને તો શુભાશુભ પરિણામનો અભાવ છે એમ કહે છે અહીં. આહા..હા..! શુદ્ધ દ્રવ્ય છે પરમાત્મા એકલો આત્મા આનંદધામ, એ આનંદધામનો જ્યાં અનુભવ થયો એટલે એકલી આનંદ અને શુદ્ધતાની જ પરિણતિ વહે છે. એ પરિણતિમાં રાગ-દ્વેષ-મોહનો અભાવ, એ રાગ-દ્વેષ-મોહથી ભાવાસ્રવ એનો અભાવ. એમ. સમજાણું? આહા..હા..!

ભાવાર્થ છે જુઓ, અભાવસ્વરૂપ જ છે એ તો. '**મિથ્યાત્વ રહિત ભાવ જ્ઞાનમય છે.**' અહીં તો અભિપ્રાયમાં રાગ અને રજકણની એકતાબુદ્ધિ હતી ત્યાં સુધી મિથ્યાત્વભાવ હતો એ રાગ અને રજકણથી ભિન્ન સ્વરૂપની રસીકતા પ્રગટી એ મિથ્યાત્વરહિતભાવ જ્ઞાનમય

જ છે એ તો. મિથ્યાત્વ ગયા પછી ભાવ બધા જ્ઞાનમય, આનંદમય, શાંતમય, સ્વચ્છતામય, પ્રભુતામય છે. આહા..હા..! સમ્યગ્દર્શનના જોરની વાત કરવી છે. સમજાણું કાંઈ? **'મિથ્યાત્વ રહિત ભાવ જ્ઞાનમય છે.'** એટલે કે આત્મમય છે. મિથ્યાત્વસહિત ભાવ આસ્રવમય, વિભાવમય, અશુદ્ધપણું એકલું. અહીં એકલું શુદ્ધપણું એમ લેવું છે. મિથ્યાત્વરહિત ભાવ એને દોષરહિત જ એનો ભાવ હોય છે. સમજાણું કાંઈ?

**'તે જ્ઞાનમય...'** છે. એટલે તે આત્માનો ત્રિકાળી ધ્રુવસ્વભાવ એના પરિણમનમય છે. **'તે જ્ઞાનમય ભાવ રાગદ્વેષમોહ વગરનો છે...'** એ ભાવાસ્રવની વ્યાખ્યા કરી. ભાવ કેવો છે? રાગ-દ્વેષ-મોહ તે ભાવાસ્રવ અને જ્ઞાનથી રચાયેલા ભાવમાં એનો અભાવ છે. **'અને દ્રવ્યકર્મના પ્રવાહને રોધનારો છે;...'** આહા..હા..! જડ કર્મના આવાગમનને તે જ્ઞાનથી રચાયેલો, આનંદથી રચાયેલો, સ્વભાવથી રચાયેલો ભાવ જડ કર્મનો પ્રવાહ ત્યાં આવતો નથી. **'તેથી તે ભાવ જ ભાવ-આસ્રવના અભાવસ્વરૂપ છે.'** તેથી તે સમ્યગ્દૃષ્ટિનો ભાવ શુદ્ધપણે પરિણમ્યો એ જ રાગ, દ્વેષ અને મોહના અભાવસ્વભાવરૂપ છે. આહા..હા..! એક જણો કહે, સમયસાર પંદર દિ'માં વાંચી ગયો. ઠીક બાપા! શું એમાં વાત છે? નવ તત્ત્વની વાત છે. બહુ સારી વાત છે. નવ નહિ, એક જ તત્ત્વની વાત છે આમાં. નવના ભેદ સમજાવીને એ રહિત દ્રવ્ય છે એમ બતાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલી કોર. **'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** આહા..હા..! છે? ઓલા મિથ્યાત્વ પછી અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એને ગણ્યા નહિ, એ તો પાંદડા છે. આહા..હા..! **'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** એમ શબ્દ છે. પાઠમાં એ ધ્વનિ છે એટલે નાખ્યું. આહા..હા..! વિપરીત માન્યતાનો ભાવ એ જ સંસાર છે. સમજાણું કાંઈ? **'તેથી મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ થતાં,...'** મિથ્યાત્વસંબંધી રાગ-દ્વેષાદિનો અભાવ થતાં. એમ. **'સર્વ ભાવાસ્રવનો અભાવ થયો એમ અહીં કહ્યું.'** સમકિતીને બધા આસ્રવનો અભાવ છે એમ કહે છે. આહા..હા..! આ ઘરે વાંચતા હશો ત્યાં? તમે શું સમજ્યા વિના વાંચો? ..નું સમજાય આમાં? સમજાય? નહિ? આહા..હા..! આ તો અંતરના અધ્યાત્મના મંત્રો છે. આ કાંઈ એકલા ચોપડા ... એ નથી.

કહે છે, મિથ્યાત્વસંબંધી રાગાદિ-દ્વેષાદિ. મિથ્યાત્વની ભૂમિકામાં જે રાગ-દ્વેષ અને વિષય-વાસના એને અહીંયાં વિકાર કહ્યો છે. ઓહો..હો..! છન્નું હજારી સ્ત્રી વૃંદમાં પડ્યો દેખાય રાગવાળો, એ રાગવાળો છે જ નહિ. આહા..હા..! કારણ કે એ તો પરમ પરિણતિ શુદ્ધ પરિણતિવાળો એ જીવ છે. એથી એની પરિણતિમાં ભાવાસ્રવનો અભાવ જ છે. મિથ્યાત્વ એ સંસાર અને મિથ્યાત્વનો નાશ થતાં જે સમ્યગ્દર્શન પૂર્ણ અભેદ જ્ઞાનસ્વભાવને આશ્રયે થયું ત્યાં હવે ભેદ રાગાદિનો રહેતો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ અસ્થિરતાનું

કહ્યુંને? પહેલા કહ્યું હતું એ થોડો બંધ, થોડો છે એની કાંઈ ગણતરી અહીંયાં ગણી નથી. મિથ્યાત્વ એ જ સંસારનું મૂળિયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિ એ જ મિથ્યાત્વ છે. વર્તમાન અંશને સ્વીકારવો કે એટલો હું. રાગને સ્વીકારવો કે એ હું, એ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ ગયું. પૂર્ણ સ્વભાવ તે હું, રાગનો અભાવ તે હું (એમ સમ્યક્ત્વ થયું). આહા..હા..! સમજાણું કાંઈ? એવા ધર્મીને મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષનો અભાવ છે માટે ભાવાસ્રવનો અભાવ છે. આહા..હા..! એક બાજુ કહે કે મુનિ છે છઠ્ઠા ગુણસ્થાનવાળા. ત્રણ કષાયનો અભાવ (થયો છે) એને પણ જે શુભરાગ છે એ સઆસ્રવી સાધુ છે. આવે છેને? ભાઈ! આહા..હા..! સઆસ્રવી સાધુ છે એ અને રાગરહિત થઈને નિર્વિકલ્પમાં પડ્યો ત્યારે નિરાસ્રવી સાધુ છે. આહા..હા..! મુનિને આસ્રવવાળો કહ્યો. અહીં સમકિતદષ્ટિને આસ્રવ વિનાનો ગણ્યો. મૂળચંદભાઈ!

મુમુક્ષુ :- બેયની પદ્ધતિ જુદી.

ઉત્તર :- પદ્ધતિની અપેક્ષા જાણવી જોઈએને. અહીંયાં સમ્યગ્દર્શનના જોરથી જ્યાં દ્રવ્યને પકડ્યું, અનુભવમાં લીધું (ત્યાં) આખા અનંતા... અનંતા... અનંતા... ગુણને કબ્જે કર્યા. આહા..હા..! હવે કહે છે કે રાગને કબ્જે એ થતો જ નથી. મિથ્યાત્વ સંબંધીનો રાગ-દ્વેષ એને થતો નથી. એને જ અહીં ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આવી જ્યાં ખબર નથી અને પછી સાધુ થઈને બેસેસ પંડિત થઈને બેસે. ગોટા વાળે પછી. આહા..હા..! કહો, સાસ્રવી સાધુ. છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ થયો સ્વરૂપના આનંદમાં. રાગ બાકી છેને. સ્થિરતામાં જેટલી કમી છે એટલો એને આસ્રવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- આને હોવા છતાં એને ગણ્યો નથી.

ઉત્તર :- ગણ્યો નથી. ગણવામાં દષ્ટિના વિષયનું જોર છેને, એને ગણ્યો નથી. સાધારણ ભાવ છે એને સાધારણ સ્થિતિ, સાધારણ અલ્પ સંસાર છે. એ બધું ટળવા માટે બંધાય છે. મરવા માટે આવ્યા છે એ. સમજાણું કાંઈ? એટલે ત્યાં તો કમી જેટલી છે, સ્વરૂપની દષ્ટિ અને આનંદની શાંતિની વૃદ્ધિ, પર્યાયમાં બાઢ આનંદનો આવ્યો છે. આહા..હા..! પ્રચુર સ્વસંવેદન, ઘણું જ સ્વસંવેદન. એટલું સ્વસંવેદન કે જ્યાં અતિ આનંદની દશામાં એટલી રમણતા છે કે એને મંદ રાગનો જે વિકલ્પ છે એ પણ ડખલરૂપ છે. સમજાણું કાંઈ? સાસ્રવી સાધુ. સાધુ સાસ્રવી? પાઠ એવો છે. સાધુના બે ભેદ—સ્વ સાસ્રવી અને નિરાસ્રવી.

મુમુક્ષુ :- નિરાસ્રવી નહિ. આસ્રવ તો છે.

ઉત્તર :- તોપણ બુદ્ધિપૂર્વક ગયો એને નિરાસ્રવી કીધો. એ અપેક્ષા છે. એક જ વાત પકડે તે એને વસ્તુની સ્થિતિ મર્યાદામાં ખ્યાલ ન આવે. સમજાણું કાંઈ? અને એ શુભરાગ પણ જે સાસ્રવી મુનિને કહ્યો એ રાગ પણ ઘોર સંસારનું મૂળ છે એમ કહ્યું. આહા..હા..! અહીં કહે છે કે મિથ્યાત્વ એ સંસારનું મૂળ છે. એય..! એ આવ્યુંને જુઓને.

**'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** જુઓ, આહા..હા..! ત્યાં આગળ સ્વામી છે નહિ એ અપેક્ષાએ ગણીને એનો આદર નથી દૃષ્ટિમાં એથી ગણીને એને નથી એમ કહેવામાં આવે છે, પણ જ્યાં પૂર્ણતા થઈ નથી એને રાગનો ભાગ (આવે છે). આહા..હા..! જ્ઞાન જાણે એને કે આ રાગ છે, દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈન્દ્રો ભગવાનનો જન્મ થાય અને નાચવા આવે. કુટુંબ ભેગું થયું હોયને. ઘુઘરા બાંધીને નાચે. એ અંદરનો રાગ છે એને દુઃખ લાગે છે. બહારમાં ખુશીપણું બતાવતો હોય. અંદરમાં એ રાગ એને દુઃખરૂપ લાગે છે.

મુમુક્ષુ :- ખુશીપણું પોતે કર્યુંને.

ઉત્તર :- આ તો ખુશી એટલે બહારમાં બતાવેને. ઓહો..! ભક્તિ કરતો હોયને આમ ઘુઘરા બાંધીને. કુટુંબ ભેગું થયું. ઓહો..! ભગવાનના અવતાર આપણે ઘરે. જગતના ઉદ્ધાર તરણતારણ. કહે છે કે એ ભલે હો, પણ છે તો એ દુઃખરૂપ આસ્રવ. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ છે પણ. જન્મ-મરણની ગાંઠ ગળ્યા વિના એને આત્માનો પત્તો નહિ ખાય. સમજાણું કાંઈ?

તેથી કહે છે, **'ભાવાસ્રવનો અભાવ થયો એમ અહીં કહ્યું.'** લ્યો, મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષના આસ્રવનો અભાવ, એને અહીંયાં સંવરમાં એને નથી એમ કહેવામાં આવે છે. એક બાજુ જ પકડે અને બીજી બાજુ છોડે તો જ્ઞાન ખોટું થાય તો શ્રદ્ધા પણ ખોટી થઈ ગઈ. સમજાણું કાંઈ? જ્ઞાન બરાબર જાણે. છે એમ જાણે. દુઃખ છે આ. આકુળતા છે, અશાંતિ છે. આહા..હા..! શાંતિનું જેણે જોયું હોય એને એ રાગની અશાંતિ ભાળે. શુભરાગની અશાંતિ જાણે. એને પણ ત્યાં આસ્રવવાળો ગણ્યો. પર્યાય પર્યાયનો વિચાર જ્યાં ચાલે છે આ. આ દ્રવ્યના જે આશ્રયમાં વાત કરી ત્યાં કહે ના. મિથ્યાત્વસંબંધી રાગ-દ્વેષ હોય એ આસ્રવ કહેવામાં આવે છે. એ આસ્રવ નથી. આહા..હા..!

## ગાથા-૧૬૯

अथ ज्ञानिनो द्रव्यास्रवाभावं दर्शयति -

पुढवीपिंडसमाणा पुव्वणिबद्धा दु पच्चया तस्स।
कम्मसरीरेण दु ते बद्धा सव्वे वि णाणिस्स।।१६९।।

पृथ्वीपिण्डसमानाः पूर्वनिबद्धास्तु प्रत्ययास्तस्य।
कर्मशरीरेण तु ते बद्धाः सर्वेऽपि ज्ञानिनः।।१६९।।

ये खलु पूर्वमज्ञानेन बद्धा मिथ्यात्वाविरतिकषाययोगा द्रव्यास्रवभूताः प्रत्ययाः, ते ज्ञानिनो द्रव्यान्तरभूता अचेतनपुद्गलपरिणामत्वात् पृथ्वीपिण्डसमानाः। ते तु सर्वेऽपि स्वभावत एव कार्माणशरीरेणैव सम्बद्धाः, न तु जीवेन। अतः स्वभावसिद्ध एव द्रव्यास्रवाभावो ज्ञानिनः।

---

હવે, જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ છે એમ બતાવે છે :

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,
છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.

ગાથાર્થ :— [तस्य ज्ञानिनः] તે જ્ઞાનીને [पूर्वनिबद्धाः तु] પૂર્વે બંધાયેલા [सर्वे अपि] સમસ્ત [प्रत्ययाः] પ્રત્યયો [पृथ्वीपिण्डसमानाः] માટીનાં ઢેફાં સમાન છે [तु] અને [ते] તે [कर्मशरीरेण] (માત્ર) કાર્મણ શરીર સાથે [बद्धाः] બંધાયેલ છે.

ટીકા :— જે પૂર્વે અજ્ઞાન વડે બંધાયેલા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો છે, તે અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો અચેતન પુદ્ગલપરિણામવાળા હોવાથી જ્ઞાનીને માટીનાં ઢેફાં સમાન છે (—જેવા માટી વગેરે પુદ્ગલસ્કંધો છે તેવા જ એ પ્રત્યયો છે); તે તો બધાય, સ્વભાવથી જ માત્ર કાર્મણ શરીર સાથે બંધાયેલા છે સંબંધવાળા છે, જીવ સાથે નહિ; માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.

ભાવાર્થ :— જ્ઞાનીને જે પૂર્વે અજ્ઞાનદશામાં બંધાયેલા મિથ્યાત્વાદિ દ્રવ્યાસ્રવસમૂહ પ્રત્યયો છે તે તો માટીનાં ઢેફાંની માફક પુદ્ગલમય છે તેથી તેઓ સ્વભાવથી જ અમૂર્તિક ચૈતન્યસ્વરૂપ જીવથી ભિન્ન છે. તેમનો બંધ અથવા સંબંધ પુદ્ગલમય કાર્મણ શરીર સાથે જ છે, ચિન્મય જીવ સાથે નથી. માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ તો સ્વભાવથી જ છે. (વળી જ્ઞાનીને ભાવાસ્રવનો અભાવ હોવાથી, દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવણનું કારણ થતા નથી તેથી તે દ્રષ્ટિએ પણ જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ છે).

## ગાથા-૧૬૯ ઉપર પ્રવચન

'હવે, જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ છે એમ બતાવે છે :—' ૧૬૯.

**पुढवीपिंडसमाणा पुव्वणिबद्धा दु पच्चया तस्स।**
**कम्मसरीरेण दु ते बद्धा सव्वे वि णाणिस्स।।१६९।।**

**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,**
**છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.**

કાર્મણ શરીરમાં બંધ છે, આત્માને નહિ.

'**ટીકા :— જે પૂર્વે અજ્ઞાન વડે બંધાયેલા...**' આત્માના અનુભવની દૃષ્ટિ વિના '**અજ્ઞાન વડે બંધાયેલા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો...**' પડ્યા છે ઈ. અજ્ઞાનથી બંધાયેલા જે રજકણો પડ્યા છે કર્મ એ દ્રવ્યાસ્રવભૂત છે, એ જડ છે એમ. '**તે અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો...**' અજ્ઞાનને કારણે બંધાયેલા રજકણો જે આઠ કર્મના દળ, જડ અજીવ '**તે અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો...**' પ્રત્યય એટલે આસ્રવ. અન્યદ્રવ્યસ્વરૂપ એ આસ્રવ છે, એ '**અચેતન...**' છે. '**પુદ્‌ગલપરિણામવાળા હોવાથી જ્ઞાનીને માટીનાં ઢેફાં સમાન છે...**' આહા..હા..! સમજાણું કાંઈ? આ બાયું ગાર નથી કરતી ગાર? ધોળી ધૂળ લઈને. પછી કહે વધારે બાયું હોયને એ પિંડલા કરે. ગાર તો કરે એની ઉપર પિંડલા કરી રાખે. ગોઠવે. કોઈ દિ' જરૂર હોય તો લેવા ન જવા. ગાર કરે છેને બહારની ઓલી? દિવાળીની. અહીં ધોળી બહુ માટી છે. લઈ આવે પછી પિંડલા કરી રાખે. એ ગારમાં નથી અત્યારે પિંડલા પડ્યા છે. એમ ધર્મીને જડના પરમાણુ આઠ કર્મ પિંડલાપણે, જડપણે પડ્યા છે હજી. આત્મામાં એની નાસ્તિ છે. એ અચેતન પુદ્‌ગલ પરિણામ ભગવાન આત્મામાં એનો અભાવ છે. આહા..હા..! એ માટીના ઢેફાં જેવા છે કહે છે.

'**(—જેવા માટી વગેરે પુદ્‌ગલસ્કંધો છે તેવા જ એ પ્રત્યયો છે);...**' એમાં ફેર શું? કહે છે. એ આઠ કર્મ જ્ઞાનીને જ્ઞાન વડે બંધાયેલા એ ઢેફાં સમાન '**માટી વગેરે પુદ્‌ગલસ્કંધો છે તેવા જ એ પ્રત્યયો છે); તે તો બધાય, સ્વભાવથી જ માત્ર કાર્મણ શરીર સાથે બંધાયેલા છે...**' આહા..હા..! એ કાર્મણ શરીરના કોઠામાં એ રહેલા છે કહે છે. આત્મામાં કાંઈ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**માટી વગેરે પુદ્‌ગલસ્કંધો છે તેવા જ એ પ્રત્યયો...**' નામ આસ્રવો છે. પણ સત્તામાં પડ્યા છે એટલું અહીં હીણાપણું કાંઈ છે કે નહિ? ઈ અહીં ગણ્યું નથી. હીણાપણું તો પર્યાયમાં પોતાના ભાવથી છે. સમજાણું? પણ એ પડ્યા છે એ તો અચેતન ઢેફાં જેવા છે કહે છે. આહા..હા..!

સ્વતઃ કાર્મણ શરીર સાથે બંધાયેલા છે. આત્મા સાથે નહિ. આહા..હા..! જ્ઞાનીને આસ્રવ નથી એ સિદ્ધ કરે છે. કેમ નથી? કે દ્રવ્યાસ્રવ તો જડ અચેતન છે. એ બધા કાર્મણ શરીર સાથે સંબંધ રાખે છે, જીવ સાથે નહિ. ઠીક! જીવમાં તો એની નાસ્તિ છે. આઠ કર્મ જે છે એ અચેતન છે. અચેતનના એ પરિણામ છે. જીવદ્રવ્યમાં એની નાસ્તિ છે. જીવ સાથે નહિ. આહા..હા..! **'માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.'** સમજાણું કાંઈ? એને અભાવ છે એમ બતાવવું છેને? તે તો સ્વભાવથી જ અભાવ છે એમાં શું છે?

**'ભાવાર્થ :— જ્ઞાનીને જે પૂર્વે અજ્ઞાનદશામાં** બંધાયેલા...' જ્ઞાની-ધર્મી જીવને આત્મદ્રવ્ય દૃષ્ટિનું ભાન થયું એવા ધર્મીને. જ્ઞાની એટલે ધર્મી હોં! પાછા કોઈ કહે જ્ઞાની ભલે બીજો હોય, પણ અમારે ધર્મી અમારે શું? ધર્મી અને જ્ઞાની એક જ છે. આહા..હા..! **'ભાવાર્થ :— જ્ઞાનીને જે પૂર્વે અજ્ઞાનદશામાં** બંધાયેલા **મિથ્યાત્વાદિ દ્રવ્યાસ્રવસમૂહ પ્રત્યયો છે...'** પ્રત્યય એટલે આસ્રવ. જુઓ! એને પણ દ્રવ્યાસ્રવ કહ્યા. જડ છે એને દ્રવ્યાસ્રવ કહ્યા, ઉદય આવે એને દ્રવ્યાસ્રવ કહ્યા, નવા આવે એને દ્રવ્યાસ્રવ કહ્યા. ત્રણને ભાઈ! પડ્યા છે એને દ્રવ્યાસ્રવ કહ્યા. ઉદયમાં આવે એ જડ છે જે ઉદય આવ્યો ઈ. આ તો સત્તામાં પડ્યા છે એ દ્રવ્યાસ્રવ કહ્યા. પાક થઈને ઉદય આવે એ દ્રવ્યાસ્રવ અને નવા આવે એને પણ દ્રવ્યાસ્રવ કહ્યા. એવા ત્રણ પ્રકારના દ્રવ્યાસ્રવ (કહ્યા).

**'અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો અચેતન પુદ્‌ગલપરિણામવાળા...'** લખ્યુંને. પાઠ જ છે, ટીકા છે. પાઠ જ છે. **'पुढवीपिंडसमाणा पुव्वणिबद्धा दु पच्चया'** મૂળ શ્લોક છે. આહા..હા..! અચેતન રજકણના સ્કંધ આઠ કર્મના એ પ્રત્યય કહેવામાં આવ્યા, પણ એ અચેતન પ્રત્યય છે, આત્માથી ભિન્ન છે. કેમકે પાક થતાં જે વિકાર ઉદયમાં આવે કર્મમાં હોં, એનું એ સત્તા કારણ છે. એમાંથી પાક થતાં જડની ઉદય પર્યાય એનું કાર્ય છે. એ ઉદય નામ મિથ્યાત્વાદિના પરિણામ જીવના એ ભાવાસ્રવ. આ દ્રવ્યાસ્રવ ઉદય. પડેલા સત્તામાં દ્રવ્યાસ્રવ. એ આપણે આવી ગયું છે. દ્રવ્યાસ્રવનો ઉદય એ નવા કર્મનું કારણ છે. પણ કોને? કે જેને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ હોય એને. જે દ્રવ્યાસ્રવના ઉદયને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ નિમિત્ત થાય એને જૂના કર્મ, નવા કર્મનું કારણ થાય છે. આહા..હા..! બહુ સ્પષ્ટ વાત છે.

મિથ્યાત્વાદિ દ્રવ્યાસ્રવભૂત જડ પ્રત્યયો છે **'તે તો માટીનાં ઢેફાંની માફક પુદ્‌ગલમય છે...'** માટીનું ઢેફું છે ઈ ક્યાં અહીં સત્તામાં છે? પણ એ ઢેફાં જેવા જ છે એમ કીધુંને. અમથી માટીનું ઢેફું છે બહારનું એના કરતા આમાં ફેર છે. કારણ કે અજ્ઞાનપણાનું નિમિત્ત હતું ત્યારે એ આવ્યા છે. આવ્યા છે એને કારણે. સમજાણું કાંઈ? પણ એ આવેલાને આ બહારના પ્રત્યય હોય એવો ઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ આમાં? પૂર્વની સત્તામાં પડ્યા

છે એનું નિમિત્ત તો અજ્ઞાન હતુંને? અજ્ઞાનભાવ નિમિત્ત છે અને એના ઉપાદાન કારણે એ આવ્યા છે, સત્તામાં પડ્યા છે. એને દ્રવ્યાસ્રવ કહ્યા દ્રવ્યપ્રત્યય અને નવા આવે એને દ્રવ્યપ્રત્યય અને એનો પાક થાય સત્તામાં આવેલો એને દ્રવ્યપ્રત્યય (કહ્યું). ભાવપ્રત્યય એક. પરિણામમાં મોહ અને મિથ્યાત્વ રાગ-દ્વેષ પરિણામ. અહીં તો એમ કહેવું છે કે જેમ ઢેફું માટીનો આત્મામાં અભાવ છે એમ એ જડ કર્મ સત્તામાં હોય (તેનો) આત્મામાં તો અભાવ છે. આહા..હા..! વાંધા ઉપાડે આમાં ઉપાડવાના હોય તે.

**'તે તો બધાય, સ્વભાવથી જ માત્ર કાર્મણ શરીર સાથે બંધાયેલા છે...'** એટલે કાર્મણ શરીર સાથે સંબંધવાળા છે. **'सर्वेऽपिस्वभावत एव कार्माणशरीरेणैव सम्बद्धाः'** એમ છેને પાઠ. આહા..હા..! જીવ સાથે નહિ, ભગવાન આત્માની સાથે નહિ. એ કર્મના દળ એ આત્મા સાથે નહિ. આ જુઓ તો ખરા ભાષા. તેથી તેઓ સ્વભાવથી જ અમૂર્તિક ચૈતન્યસ્વરૂપ જીવથી ભિન્ન છે. અમૂર્તિક એવો ચૈતન્ય ભગવાન આત્મા એનાથી, સ્વભાવથી જ એ તો જુદાં છે. એકબીજામાં અસ્તિ-નાસ્તિ (છે). પોતાથી અસ્તિ, પરથી નાસ્તિ. પરની એનાથી અસ્તિ અને આનાથી નાસ્તિ. બે જુદે-જુદાં જ છે. આહા..હા..!

**'તેમનો બંધ અથવા સંબંધ...'** આઠ કર્મના દળ પડ્યા છે જડ જ્ઞાનીને એનો સંબંધ **'પુદ્‌ગલમય કાર્મણ શરીર સાથે જ છે,...'** એકાંત. કથંચિત્ આત્મા સાથે, કથંચિત્ જડની સાથે એમ કહો. **'ચિન્મય જીવ સાથે નથી.'** ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપે, જ્ઞાનપ્રકાશ સૂર્ય, જ્ઞાનનો પ્રકાશ સૂર્ય એવા જ્ઞાનની સાથે સંબંધ નથી. **'માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ તો સ્વભાવથી જ છે.'** એ ધર્મી થયો એને આઠ કર્મનો અભાવ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'દ્રવ્યાસ્રવનો અભાવ તો સ્વભાવથી જ છે. (વળી જ્ઞાનીને ભાવાસ્રવનો અભાવ હોવાથી,...'** કેમકે ધર્મીને મિથ્યાત્વસંબંધી રાગ-દ્વેષના ભાવનો અભાવ હોવાથી **'દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવણનું કારણ થતા નથી...'** જુઓ, ઠીક! **'જ્ઞાનીને ભાવાસ્રવનો અભાવ હોવાથી,...'** ધર્મીને મિથ્યાત્વ અને મિથ્યાત્વસંબંધી રાગ-દ્વેષ એનો તો જ્ઞાનીને, સમ્યગ્દષ્ટિને, સ્વભાવના આશ્રયે પડ્યો એને તો એનો અભાવ છે.

**'દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવણનું કારણ થતા નથી...'** બે કારણ મૂક્યા. **'તેથી તે દૃષ્ટિએ પણ જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ છે).'** બે કારણ મૂક્યા. એક તો પુદ્‌ગલ જડ છે અચેતન પરિણામ માટે આમાં નથી અને બીજું એ દ્રવ્ય.. ઉદય ભાવાસ્રવ જ જ્ઞાનીને કરતો નથી. તેથી એ ઉદય .. થતું નથી. માટે પણ દ્રવ્યાસ્રવ એને કહેવામાં આવે છે. અભાવ છે એમ કહેવામાં આવે છે. કર્મનો ઉદય આવે એ સ્વભાવમાં છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! **'તે દૃષ્ટિએ પણ જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ છે).'** એમ બે પ્રકાર લીધા. ચિન્મય જીવ સાથે સંબંધ નથી માટે અભાવ છે અને આસ્રવનો

**'ભાવાસ્રવનો અભાવ હોવાથી, દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવણનું કારણ થતા નથી...'** નિમિત્ત તો ક્યારે થાય? કે ભાવાસ્રવ કરે તો. તો જૂના કર્મ નવાને નિમિત્ત થાય. પણ એ થતું નથી. આહા..હા..! વાત જયચંદ્ર પંડિતે સ્પષ્ટ કરી લ્યો!

**'દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવણનું કારણ થતા નથી તેથી તે દૃષ્ટિએ પણ...'** એમ. એક બોલ તો ઓલો લીધો. બીજો બોલ આ. પણ લીધાનું પણ? એક દૃષ્ટિએ તો અચેતન પરિણામ હોવાથી કર્મ સાથે સંબંધવાળા, આત્મા સાથે સંબંધ નથી. સંબંધને બંધ નથી એમ કહે છે. બીજું કે એનો ઉદય આવતા નવા કર્મનું નિમિત્ત ઉદય થતું નથી. કેમકે ભાવાસ્રવ જ્ઞાનીને હોતા નથી. ભાવાસ્રવ હોય તો જૂનાને નિમિત્ત કહેવાય. તો જૂનું નવાને નિમિત્ત થાય. ભારે ભાઈ આ તો અટપટી વાતું. 'તે દૃષ્ટિએ પણ...' ધર્મી જીવને આસ્રવનો અભાવ છે.

## શ્લોક-૧૧૫

(उपजाति)

भावास्रवाभावमयं प्रपन्नो
द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।
ज्ञानी सदा ज्ञानमयैकभावो
निरास्रवो ज्ञायक एक एव।।११५।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :-- **[भावास्रव-अभावम् प्रपन्नः]** ભાવાસ્રવોના અભાવને પામેલો અને **[द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः]** દ્રવ્યાસ્રવોથી તો સ્વભાવથી જ ભિન્ન એવો **[अयं ज्ञानी]** આ જ્ઞાની - **[सदा ज्ञानमय-एक-भावः]** કે જે સદા એક જ્ઞાનમય ભાવવાળો છે તે -- **[निरास्रवः]** નિરાસ્રવ જ છે, **[एक ज्ञायकः एव]** માત્ર એક જ્ઞાયક જ છે.

ભાવાર્થ :— રાગદ્વેષમોહરૂપ ભાવાસ્રવનો જ્ઞાનીને અભાવ થયો છે અને દ્રવ્યાસ્રવથી તો તે સદાય સ્વયમેવ ભિન્ન જ છે કારણ કે દ્રવ્યાસ્રવ પુદ્ગલપરિણામસ્વરૂપ છે અને જ્ઞાની ચૈતન્યસ્વરૂપ છે. આ રીતે જ્ઞાનીને ભાવાસ્રવ તેમ જ દ્રવ્યાસ્રવનો અભાવ હોવાથી તે નિરાસ્રવ જ છે. ૧૧૫.

# કળશ-૧૧૫ ઉપર પ્રવચન

શ્લોક-૧૧૫. 'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—'

(उपजाति)

भावास्रवाभावमयं प्रपन्नो
द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।
ज्ञानी सदा ज्ञानमयैकभावो
निरास्रवो ज्ञायक एक एव।।११५।।

શ્લોકાર્થ :— **'भावास्रव-अभावम् प्रपन्नः'** **'ભાવાસ્રવોના અભાવને પામેલો...'** આહા..હા..! જેને આત્મા શુદ્ધ ચૈતન્ય શુદ્ધ પ્રત્યક્ષપણે પ્રગટ થયો દેખાય એવી જે પરિણતિ એને ભાવાસ્રવનો અભાવ છે. નિર્મળ પરિણામને પામેલો, દ્રવ્યને આશ્રયે નિર્મળ પરિણામને પામેલો, ભાવાસ્રવના અભાવને પામેલો. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ આત્મા ચૈતન્ય અને જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ એનો જ્યાં અંતર્મુખ સ્વીકાર થઈને અનુભવ થયો એથી **'ભાવાસ્રવોના અભાવને પામેલો અને...'** અને શુદ્ધ નિર્મળ પરિણામને પામેલો. એમ.

**'द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः'** ભાવાસ્રવનો તો અભાવ પામેલો જ છે કહે છે. એ પોતે દ્રવ્યસ્વરૂપની દૃષ્ટિનો અનુભવ જ્ઞાયકભાવના આશ્રયે અનુભવ (થયો) તેને ભાવાસ્રવ તો થતા નથી, ભાવાસ્રવને પામતો નથી એટલે સંવરને પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જ્યારે **'ભાવાસ્રવોના અભાવને પામેલો...'** અને વસ્તુના સ્વભાવની દૃષ્ટિથી શુદ્ધતાને પામેલો એને **'द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः'** ઓલામાં તો પુરુષાર્થથી ભિન્ન થયો છે. આહા..હા..! ધર્મી સમ્યગ્દર્શન-જ્ઞાનના પુરુષાર્થથી ભાવાસ્રવને પામતો નથી. પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને શુદ્ધતાની પરિણતિને પામેલો ભાવાસ્રવને પામતો નથી. આ રીતે પુરુષાર્થથી આ પરિણતિ છે એમાં ઓલી પરિણતિ આવતી નથી.

અને **'द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः'** એ તો ભિન્ન જ છે. સંવરપણાને પામેલો માટે ભાવાસ્રવનો અભાવ એમ આ નથી. એ તો પરવસ્તુ જડ છે. આહા..હા..! સદાય છે, પુદ્ગલ છે એ તો. આહા..હા..! શું વાત પણ! ચોખ્ખી દીવા જેવી. સૂરજના કિરણ જેવી. માણસને પક્ષ પકડાઈ જાય છેને એટલે એમાંથી છૂટવું એને આકરું પડે છે. પક્ષ પકડાઈ ગયો એ વાત કાઢે પાછી. ફરીને ફરીને ફેરવે ત્યાં. અહીં કહે છે કે ભગવાનનો જેને પક્ષ થયો છે. એક પક્ષનો પક્ષઘાત થઈ ગયો છે. આહા..હા..! ચૈતન્યના શુદ્ધ સ્વભાવનું જ્યાં પરિણમન થયું છે ધર્મીને એથી એને કારણે એને મિથ્યાત્વસંબંધી રાગ-દ્વેષ-મોહનો તો અભાવને

પામેલો એ ભાવ છે. અભાવને પામેલો એ ભાવ છે. સમજાણું કાંઈ? અને '**द्रव्यास्त्रवेभ्यः स्वतः एव भिन्नः**' જડથી તો સ્વભાવથી જ ભિન્ન એવો. આહા..હા..! એ તો જડ છે.

'**આ જ્ઞાની...**' '**सदा ज्ञानमय-एक-भावः**' લ્યો! આહા..હા..! ભાષા જુઓ, સદા એકલો શુદ્ધ જ્ઞાન આનંદમય જ ભાવ ધર્મીનો છે. સમજાણું કાંઈ? સદા ચેતના જ્ઞાનમય જ ભાવ છે. રાગ છે એ કર્મચેતના છે, દુઃખને ભોગવવું કર્મફળ ચેતના છે. અને જ્ઞાનચેતનાને પામેલો એમાં મોહ અને રાગ-દ્વેષના ભાવાસ્રવના અભાવને પામેલો અને દ્રવ્યાસ્રવ તો તદ્દન ભિન્ન છે. આહા..હા..! તેથી '**સદા એક જ્ઞાનમય ભાવવાળો છે...**' પાછું સિદ્ધ કર્યું. ઓલું નાસ્તિથી સિદ્ધ કર્યું. '**સદા એક જ્ઞાનમય ભાવવાળો છે...**' એકલો જાણનાર-દેખનાર ચૈતન્યમૂર્તિ પ્રભુ એવા ભાવવાળો છે. '**તે નિરાસ્રવ જ છે,...**' લ્યો! અહીં તો ચોથે ગુણસ્થાને નિરાસ્રવ છે એમ સિદ્ધ કર્યું છે.

મુમુક્ષુ :- ઓલા ગણતરીમાં જ લીધા નથી.

ઉત્તર :- એને બંધ અલ્પ એની ગણતરી શું? આહા..હા..! .. આમાં આવ્યું છે. ઊંટને એક સિંહે થાપ મારી આમાં આવ્યું છે. મોઢે પકડ્યું ઊંટે. આ કોક મૂકી ગયું છે અહીંયા. ઊંટને આમ મોઢે પકડ્યું સિંહને ઊંટે. પકડી-પકડીને ગામ સુધી લાવ્યો. ... ત્યાં સુધી લાવીને છોડ્યો. છોડ્યા ભેગો ભાગ્યો પછી. સિંહને ઊંટે પકડ્યો. આમાં મૂક્યું છે કોકે. કાપલીઓ છે આમાં. સાંઢીયાએ સાવજને હંફાવ્યો. એવો એક લેખ છે. આમાં હતું ખરું ક્યાંક. ... લૂંટી ગયા એવું હતું. આહા..હા..! એવું છે. ઊંટે સિંહને પકડ્યો. એ મોઢામાં પકડીને. એનું મોઢું મોટું હોય. ઓલાને થાપ મારી અને આમ પકડ્યો. એમને એમ લટકતો મોઢામાં ગામડા સુધી લાવ્યો ગામડામાં. પછી ઊંટે છોડી દીધો મોઢામાંથી. છોડ્યો એવો ભાગ્યો. ભાગ્યો. મારી નાખ્યા.

એમ અહીં જ્યાં સમ્યગ્દર્શન થયું, રાગ, દ્વેષ અને મોહ ભાગ્યા. અને એને કારણે નવા કર્મ પણ આવતા નથી. કેમકે '**માત્ર એક જ્ઞાયક જ છે.**' આહા..હા..! એનું વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ-૧૫, શનિવાર, તા. ૦૩-૦૨-૧૯૭૩**
**ગાથા-૧૬૯ થી ૧૭૧, શ્લોક-૧૧૫, પ્રવચન-૩૦૪**

૧૬૯. એનો '**ભાવાર્થ :— જ્ઞાનીને જે પૂર્વે અજ્ઞાનદશામાં બંધાયેલા મિથ્યાત્વાદિ દ્રવ્યાસ્રવસમૂહ પ્રત્યયો છે તે તો માટીનાં ઢેફાંની માફક પુદ્ગલમય છે...**' કહે છે કે આત્માનું જ્ઞાન શાંત આનંદસ્વરૂપ એનું ભાન થયું એથી એને આસ્રવ પૂર્વના બંધાયેલા જે અજ્ઞાનભાવે હતા એ તો જડની માફક પર છે, પૃથ્વીની માફક પર છે. એને અને આત્માને કાંઈ સંબંધ નથી. '**તેથી તેઓ સ્વભાવથી જ...**' એ જડ, પુદ્ગલ જે અજ્ઞાનભાવે બંધાયેલા પૂર્વમાં એ તો '**સ્વભાવથી જ અમૂર્તિક ચૈતન્યસ્વરૂપ જીવથી ભિન્ન છે.**' જડ તો, અમૂર્તિક ચૈતન્ય ભગવાનનું સમ્યક્ થયું અનુભવ, તો એ તો પરથી સ્વતઃ ભિન્ન છે. '**તેમનો બંધ અથવા સંબંધ પુદ્ગલમય કાર્મણ શરીર સાથે જ છે,...**' લ્યો, એ કર્મના રજકણોનો સંબંધ એ કાર્મણ શરીર સાથે છે. દ્રવ્ય સાથે દ્રવ્યનો સંબંધ, આત્મા સાથે છે નહિ.

'**ચિન્મય જીવ સાથે નથી.**' કેમકે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યબિંબ એવું જે ભાન (થયું) તો એની સાથે એને સંબંધ છે નહિ. કારણ કે એ તો અચેતન છે. જડ રજકણો તો અચેતન છે. આ તો ચિન્મય વસ્તુ, જ્ઞાનમય ચિદ્પુંજ છે. એને અને પરના સંબંધનો અભાવ છે. '**માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ તો સ્વભાવથી જ છે. (વળી જ્ઞાનીને ભાવાસ્રવનો અભાવ હોવાથી,...**' બીજો બોલ કહ્યો. એક તો જડ છે માટે અભાવ છે. બીજો દ્રવ્યાસ્રવનો ભાવાસ્રવમાં અભાવ છે. મિથ્યાત્વ સંબંધી અનંતાનુબંધી સંબંધી જે રાગ-દ્વેષ એવો જે આસ્રવ એનો તો સમકિતીને અભાવ છે.

'**દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવણનું કારણ થતા નથી...**' એક તો આત્મા જ્યાં અંતર ચૈતન્યપુંજ પ્રભુ, આનંદનો નાથ એકલો અતીન્દ્રિયનો જ્યાં સ્વાદ આવ્યો, ત્યારે એને રાગાદિ ભાવ અશાંત છે, ક્લેશ છે, દુઃખ છે એવું ભાસ્યું. એથી એનાથી તો ભિન્ન છે. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ એ તો ક્લેશ છે. ક્લેશ-ક્લિષ્ટ દુઃખ છે. ભગવાન આત્મા તો આનંદસ્વરૂપ છે. જે આનંદનું જ્યાં ભાન થયું એથી એને ક્લેશના પરિણામથી તો દૂર છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી હતો ત્યાં સુધી એની સાથે સંબંધ હતો. સમજાણું કાંઈ? ..માં લેશે હમણા. આ તો અત્યારે તો ફક્ત દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતામાં વસ્તુની પરિણમન દશા તો વસ્તુ છે એવી એની પરિણમન દશા છે એટલું સિદ્ધ કરવું છે. અને એને મિથ્યાત્વસંબંધી

અને અનંતાનુબંધી સંબંધી રાગ-દ્વેષ ભાવાસ્રવનો અભાવ છે. એથી દ્રવ્યાસ્રવનો સ્વભાવથી અભાવ છે અને '**ભાવાસ્રવનો અભાવ હોવાથી, દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવણનું કારણ થતા નથી...**' મિથ્યાત્વ અને અનંતાનુબંધીના પરિણામનો અભાવ છે. એથી અભાવવાળા ભાવ નવા આવવાને કારણ કેમ થાય? સમજાણું કાંઈ? '**તેથી તે દૃષ્ટિએ...**' જોયું? 'તેથી તે દૃષ્ટિએ...' બધી દૃષ્ટિએ નહિ. '**તે દૃષ્ટિએ પણ જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ છે).**' સમજાણું કાંઈ?

---

## કળશ-૧૧૫ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—' ૧૧૫.

(उपजाति)

भावास्रवाभावमयं प्रपन्नो
द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।
ज्ञानी सदा ज्ञानमयैकभावो
निरास्रवो ज्ञायक एक एव।।११५।।

'**શ્લોકાર્થ :— ભાવાસ્રવોના અભાવને પામેલો દ્રવ્યાસ્રવોથી તો સ્વભાવથી જ ભિન્ન એવો...**' ભાવાસ્રવ એટલે મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો આસ્રવ એવા આસ્રવના અભાવને પામેલો. એને અહીંયાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીને જ મુખ્ય આસ્રવ ગણવામાં આવે છે. એ જ સંસાર છે. માથે આવ્યુંને? સંસારનું કારણ મિથ્યાત્વ જ છે. એને પામેલો દ્રવ્યાસ્રવ તત્ત્વ સ્વભાવથી ભિન્ન છે. '**એવો...**' 'अयं ज्ञानी' જેણે મતિ-શ્રુતજ્ઞાન દ્વારા આત્માને પ્રત્યક્ષ કર્યો છે 'अयं' '**એવો આ જ્ઞાની...**' 'सदा ज्ञानमय-एक-भावः' '**સદા એક જ્ઞાનમય ભાવવાળો છે...**' જ્ઞાન શબ્દે આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ, અવિકારી સ્વરૂપ એવા પરિણામવાળો ધર્મી છે. સમજાણું કાંઈ?

'**નિરાસ્રવ જ છે,...**' જુઓ, 'निरास्रवः' એમ છેને? એક જ્ઞાયક એવો. 'निरास्रवः' 'एक ज्ञायकः एव' એમાંથી કાઢ્યું. નિરાસ્રવ જ એક જ્ઞાયક છે. આહા..હા..! લ્યો! અહીં તો ચોથે ગુણસ્થાને કહ્યું. આહા..હા..! આ દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું. સમ્યગ્દર્શન અને અનંતાનુબંધીનો અભાવ. મૂળ સંસાર તો એ છે. પછી બાકી રહ્યો રાગ એની તો સ્વભાવમાં ગણતરી ગણવામાં આવી નથી. એનો બંધ પડે થોડો એ પણ અહીં ગણતરી ગણવામાં

આવી નથી. એ ગણતરી જ્ઞાનમાં ગણશે. દૃષ્ટિ સાથે થયું જ્ઞાન એ કણ-કણને બરાબર જાણશે. રાગનો કણ હોય સૂક્ષ્મ છઠ્ઠે ગુણસ્થાને તોપણ એ આસ્રવ છે, દુઃખ છે, ક્લેશ છે, ઝેર છે. એમ જ્ઞાન એને જાણે છે. આવો બધો ફેર છે. આકરું કામ છે. એ અહીં મિથ્યાત્વ અને અનંતાનુબંધીની આકુળતાની અપેક્ષાએ એને ગણતરીમાં આવ્યું નથી. અસ્થિરતાની અપેક્ષાએ એને ગણતરીમાં લેવામાં આવે છે. જો એ ગણતરીમાં ન લે તો જ્ઞાન ખોટું થાય.

મુમુક્ષુ :- શ્રદ્ધા ભ્રષ્ટ થાયને.

ઉત્તર :- જ્ઞાન ખોટું થાય તો શ્રદ્ધાએ ભ્રષ્ટ થઈ ગયો. એઈ..! એવી વાત છે. છે એવું.. આવે છેને .. જેનું જ્ઞાન ખોટું થયું એની શ્રદ્ધા ખોટી જ હોય. સમ્યગ્જ્ઞાન ન રહ્યું તો મિથ્યાજ્ઞાન થયું, મિથ્યાજ્ઞાન (થતાં) શ્રદ્ધા મિથ્યા થઈ ગઈ. સમજાણું કાંઈ? અહીં તો એની આ દૃષ્ટિમાં વસ્તુ સ્વરૂપ પૂર્ણાનંદ સ્વરૂપ એવો જ્યાં અનુભવમાં આવ્યો, આનંદના વેદનમાં આવ્યો... આહા..હા..! એને જરી જે આસ્રવ અને અસ્થિરતા (રહી) એ આસ્રવને અહીં ગણ્યો નથી. મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો કષાય ગણ્યો છે.

**'માત્ર એક જ્ઞાયક જ છે.'** એ કહેશે આગળ કે કથન ઉપદેશની વિચિત્રતા છે એમ કરીને. હમણા લેશે કે એ બંધમાં છે. જ્ઞાનીને પણ રાગનો બંધ પડે છે ક્લેશ. એ કહેશે. વળી ઘડીકમાં ના પાડે અને ઘડીકમાં હા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જમા પણ જેવા હોય એમાં થાયને. જેમ નાખે એમ .. ન હોય, જેમ છે એમ નાખે તો જમા થાય. એ વિવિક્ષા છે એ કહેશે આગળ. આ વિવિક્ષા છે જગતની. છે. પાનું-૨૭૬ છે. 'આ વિવિક્ષાનું વિચિત્રપણું છે. અપેક્ષાથી સમજતા એ સર્વ કથન યથાર્થ છે.' નીચે છે. ગુજરાતી છેને આ. ૨૭૬ પાને છે. ઈ ત્યાં નીચે. તદ્દન છેલ્લી લીટી. ત્યાં કહેશે કે આસ્રવ છે. આહા..હા..! સાધુ થાય છઠ્ઠા ગુણસ્થાનવાળા એને પણ રાગ જે પંચ મહાવ્રતનો, ભગવાનની ભક્તિનો છે એ ક્લેશ છે. એ આસ્રવનું કારણ આસ્રવ છે. એ બંધનું કારણ છે. ચેતનજી! છે ઓલામાં? બે પાના પછી ૨૭૬ છેને.

એક જ તાણે કે થઈ રહ્યું, એને કાંઈ રાગ છે જ નહિ. અને રાગ છે તે દુઃખ અને ક્લેશ નહિ. એને તો એકલો આનંદ જ છે. એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. આજે લખાણ આવ્યું છે આમાં. ઓલામાં શું કહેવાય? આ સનમતિ, એમાં લખ્યું છે. કોક .. છે કોક. સારું છે. મુનિને પણ એમ કે રાગ જ્યાં સુધી છે ત્યાં આ ... 'રાગ આગ દાહ દહે' એ શબ્દ મૂક્યો છે. આહા..હા..! આ લખાણ છેને આ બાજુ. સનમતિ સંદેશ. કોક છે ખરો. કેસરીચંદ કે કોક છે. .. '...રહના પડતા હૈ' સમકિતી .. 'ઉસ સમય અંતર સે ધ્વનિ પ્રગટ હોતી હૈ કિ રાગ આગ દાહ દહે સદા.' એ કેસરીચંદ, આપણે ઓળખતા

નથી. 'સ્વાત્માકી પ્રબલ રુચિવાલા વિકલ્પમેં રહના ચાહતા હી નહીં. ફિર ભી અપૂર્ણતા કે કારણ ઉસે વિકલ્પમેં રહના પડતા હૈ.' અસ્થિરતા છેને? 'ઉસ સમય અંતર સે ધ્વનિ પ્રગટ હોતી હૈ ધર્મીકો કિ યહ રાગ આગ દાહ દહે સદા.' એ નાખ્યું છે. છ ઢાળા. આ ૩૫ પાને છે. સનમતિ. એમાં લેખ છે. ઠીક આવે છે.

અહીંયાં કહે છે કે ધર્મી જીવને મિથ્યાત્વ અને અનંતાનુબંધીના આસ્રવના અભાવથી નિરાસ્રવ જ છે. અહીં એમ કહે છે. પાછળ કહેશે કે હજી આસ્રવવાળો છે. જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી આસ્રવવાળો છે. જાણવું જોઈએને? એ તો દૃષ્ટિની મુખ્યતાથી વાત કરી, પણ દૃષ્ટિ સાથે જ્ઞાન થયું એ તો પળ પળની કૃત્રિમતા રાગની કલુષતા એને દુઃખ જાણે છે, અગ્નિ જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુની ભક્તિ એને અગ્નિ જાણે છે. રાડ નાખેને. એય..! આહા..હા..! એ વસ્તુ એવી છે.

મુમુક્ષુ :- રાગ તો આકુળતા છે.

ઉત્તર :- આકુળતા જ છેને. રાગ ચાહે તો શુભ હો કે અશુભ હો. એમાં ફેર શું છે? જેણે શાંતિ જાણી છે, શાંતિ જાણી હોય તો એને શાંતિ સાથે મેળવે તો એ રાગ અશાંતિ અને અગ્નિ જ છે. પણ શાંતિનું ભાન જ ન હોય એને રાગ અગ્નિ લાગે નહિ. આહા..હા..! એવું છે.

'**ભાવાર્થ :-- રાગદ્વેષમોહરૂપ ભાવાસ્રવનો જ્ઞાનીને અભાવ થયો છે...**' મિથ્યાત્વસંબંધી '**અને દ્રવ્યાસ્રવથી તો તે સદાય સ્વયમેવ ભિન્ન જ છે...**' એ તો રજકણ છે, અજીવ છે. '**કારણ કે દ્રવ્યાસ્રવ પુદ્‌ગલપરિણામસ્વરૂપ છે અને જ્ઞાની ચૈતન્યસ્વરૂપ છે.**' ઓલામાં કહ્યું હતું એ લીધું છે. '**આ રીતે જ્ઞાનીને ભાવાસ્રવ તેમ જ દ્રવ્યાસ્રવનો અભાવ હોવાથી તે નિરાસ્રવ જ છે.**'

## ગાથા-૧૭૦

कथं ज्ञानी निरास्रव इति चेत् -

चउविह अणेयभेयं बंधंते णाणदंसणगुणेहिं।
समए समए जम्हा तेण अबंधो त्ति णाणी दु।।१७०।।

चतुर्विधा अनेकभेदं बध्नन्ति ज्ञानदर्शनगुणाभ्याम्।
समये समये यस्मात् तेनाबन्ध इति ज्ञानी तु।।१७०।।

ज्ञानी हि तावदास्रवभावभावनाभिप्रायाभावान्निरास्रव एव। यत्तु तस्यापि द्रव्यप्रत्ययाः प्रतिसमयमनेकप्रकारं पुद्गलकर्म बध्नन्ति, तत्र ज्ञानगुणपरिणाम एव हेतुः।

હવે પૂછે છે કે જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે ? તેની ઉત્તરની ગાથા કહે છે :—

ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી
બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.

ગાથાર્થ :-- [यस्मात्] કારણ કે [चतुर्विधाः] ચાર પ્રકારના દ્રવ્યાસ્રવો [ज्ञानदर्शनगुणाभ्याम्] જ્ઞાનદર્શનગુણો વડે [समये समये] સમયે સમયે [अनेकभेदं] અનેક પ્રકારનું કર્મ [बध्नन्ति] બાંધે છે [तेन] તેથી [ज्ञानी तु] જ્ઞાની તો [अबन्धः इति] અબંધ છે.

ટીકા :— પ્રથમ, જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે નિરાસ્રવ જ છે; પરંતુ જે તેને પણ દ્રવ્યપ્રત્યયો સમય સમય પ્રતિ અનેક પ્રકારનું પુદ્ગલકર્મ બાંધે છે, ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.

## ગાથા-૧૭૦ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે?' ૧૭૧ ગાથામાં લીધું છેને ત્યાં ભાઈ, પંચાસ્તિકાયમાં નહિ? કે રાગ અંશ પણ રહે મુનિને એ અગ્નિ છે. એને સ્વર્ગના સુખો બળતરા જેવા લાગશે ત્યાં એ શુભભાવના પરિણામમાં. અંગારાની જેમ શેકાશે. આહા..હા..! ૧૭૧ ગાથા. એ શુભભાવ, ભગવાનની ભક્તિનો શુભભાવ મુનિને છઠ્ઠા ગુણસ્થાને, સાચા સંતની વાત હોં. એને એ શુભભાવથી સ્વર્ગમાં જશે અને અંગારાથી શેકાશે. આ બધા શેઠિયા પણ અંગારાથી શેકાય છે રાગથી. ધૂળમાંય સુખ નથી ત્યાં. એય..! શેઠ! સ્વર્ગના સુખમાં અંગારા જેવા એમ કહ્યું છે લ્યો! આહા..હા..!

મુમુક્ષુ :- શેઠિયાના સુખની ક્યાં વાત કરવી?

ઉત્તર :- શેઠિયા તો હલકા રહ્યા દેવથી. આહા..હા..! શેઠ તો ક્યાંય હલકા રહી ગયા. અને ૭૨માં કહ્યુ નહિ? ભાઈ ઓલું ચંદનવૃક્ષ. ચંદનવૃક્ષમાં અગ્નિદાહ. એ ૭૨માં એમ આવે

છે. એ તો વળી એમ કહે ... અહીં તો શુભભાવ પોતે જ અગ્નિ છે. આહા..હા..! આકુળતા છે, ક્લેશ છે. આ દુઃખનું ફળ છે. બાપુ! ૭૪માં આવ્યુંને? શુભભાવમાં સંયોગ મળે ભગવાનની ભક્તિ, વાણી ભગવાન આદિ. ઝીણી વાતું બહુ. તેના ઉપર લક્ષ જશે તો રાગ જ થશે. એટલે શુભભાવ તો દુઃખ છે અને દુઃખફળ છે. આહા..હા..! આવું સ્વરૂપ વીતરાગનું વસ્તુ જુદી. સમજાણું કાંઈ? ૭૪માં આવ્યું. ચેતનજી! ભવિષ્યમાં દુઃખનું કારણ છે. ભવિષ્યમાં દુઃખનું કારણનો અર્થ? ભગવાનની વાણી મળે તોપણ દુઃખનું કારણ એમ કહે છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છેને? આહા..હા..! માણસને પર્યાયની કર્તા-ભોક્તાની પર્યાય છે જ્ઞાનીને એ પણ દુઃખરૂપને કરે અને દુઃખને વેદે છે. આહા..હા..! પંચાધ્યાયીમાં તો ત્યાં સુધી લીધું છે કે જ્ઞાનીને ધર્માત્મા સમકિતીને પણ સંધીવા હોય અને જેમ દુઃખ લાગે. હાડકે હાડકા... સંધીવા સમજો છો? સાંધ. અહીંયાં... અહીંયાં... અહીંયાં... અહીંયાં... અહીંયાં... અહીંયાં... અહીંયાં... જ્યાં જ્યાં સાંધા હોય એ સાંધા તૂટે. એમ સમ્યગ્દૃષ્ટિને પણ રાગ અને દ્વેષનો ભાવ આવે છે, સાંધા તૂટે છે દુઃખમાં. અહીં કહે કે છે નહિ. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... અપેક્ષાએ નથી અને એનો ધણી કરવાનો કામી નથી. રુચિ નથી, પણ છે ખરો કે નહિ? ચારિત્રદોષ છે એનો. આહા..હા..! '**આ રીતે જ્ઞાનીને ભાવાસ્રવ તેમ જ દ્રવ્યાસ્રવનો અભાવ હોવાથી તે નિરાસ્રવ જ છે.**'

૧૭૦. હવે ફેરવી વાત.

**चउविह अणेयभेयं बंधंते णाणदंसणगुणेहिं।**
**समए समए जम्हा तेण अबंधो त्ति णाणी दु।।१७०।।**
**ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી**
**બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.**

મુમુક્ષુ :- જ્ઞાની બંધક નથી એ તો વાત રાખી.

ઉત્તર :- એ રાખીને. દૃષ્ટિ એ પ્રકારે છે, પણ આસ્રવથી બંધાય છે એટલે દૃષ્ટિની અપેક્ષાએ બંધક છે નહિ. એમ કહે છે.

'**ટીકા :— પ્રથમ, જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને...**' જુઓ, આ વાત છે. જ્ઞાનીને આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયનો અભાવ છે. આસ્રવ હો, આસ્રવ થાઓ એવી ભાવના જ્ઞાનીને હોય? એમ કહે છે. ઈ અપેક્ષાએ વાત કરી. આહા..હા..! દુઃખરૂપભાવ, ક્લિષ્ટભાવ, ક્લેશરૂપભાવ રાગ એની ભાવના હોય ધર્મીને? આહા..હા..! ધર્મીને તો ચોથે ગુણસ્થાનથી... જુઓને અભિપ્રાય લીધો છેને અહીં તો? '**આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને...**' અભિપ્રાયના અભાવને કારણે '**નિરાસ્રવ જ છે;...**' અસ્થિરતાને

કારણે નિરાસ્રવ છે એમ નથી. એની ભાવના નથી રાગની. ચાહે તો મહાવ્રતના પરિણામ પણ કાંઈ રુચિ છે એને કે આ હો? આહા..હા..! પંચાધ્યાયીમાં તો કહ્યું છે એક ઠેકાણે પાંચ મહાવ્રતના પરિણામ પણ. કહ્યું છે. એ ગાથા. ભાવતો નથી એને. એ તો પુદ્‌ગલના પરિણામ છે.

મુમુક્ષુ :- ...ભાવના નથી.

ઉત્તર :- ભાવના નથી. સમ્યગ્દૃષ્ટિને વ્રતની ભાવના નથી. આવે છેને પંચાધ્યાયીમાં? પંચાધ્યાયીમાં બહુ સરસ સ્પષ્ટ કર્યું છે. સમ્યગ્દૃષ્ટિને વ્રત કરવાની ભાવના છે? એ તો રાગ છે. આહા..હા..! પણ આવે છે, થાય છે એને દુઃખરૂપ જાણે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

પણ '**ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે...**' એની એકાગ્રતા કરવા જેવી છે એવો અભિપ્રાય નથી. છતાં નબળાઈને લઈને રાગાદિ થાય છે. જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી જ્ઞાનીને, સંતને, ગણધરને, છદ્મસ્થમાં તીર્થંકરને લ્યોને. આહા..હા..! જ્યારે મુનિ હોય ત્યાં સુધી એને પણ છઠ્ઠે ગુણસ્થાને રાગ હોય છે. અભિપ્રાય કરવાનો નથી, પણ એથી કાંઈ અસ્થિરતાપણાનું કર્તૃત્વ ચાલ્યું જાય છે? સમજાણું કાંઈ? એમ જ ખેંચાતાણ કરે કે નહિ, એ તો જ્ઞાનીને રાગ થાય એ નહિ... રાગ થાય એ નહિ... રાગ થાય એ નહિ. ઓલામાં તો એમ કહ્યું છે સમકિતીને ગજસ્નાનવત. હાથી જેમ પાણીમાં ન્હાય. વળી જ્યાં બહાર આવે ત્યાં ધૂળ ચોપડે. રાખ. શું કહેવાય? ધૂડ-ધૂડ. ગજસ્નાનવત લખ્યું છે. રેતી ધૂડ હોય એ ચોંટે નાહીને બહાર નીકળે ત્યાં લ્યો. એમ ધર્મી જીવને જ્યાં રાગમાં આવે ત્યાં વળી ચીકાશ અને બંધન થાય. અનુભવમાં હોય ત્યાં સુધી એને ન હોય. આહા..હા..! નિર્વિકલ્પ અનુભવ વેદનમાં હોય જ્યારે ત્યારે એને નથી. અબુદ્ધિપૂર્વક રહ્યો એની અહીં ગણતરી નથી. બહાર નીકળ્યો એથી ત્રણ કષાયનો રાગ છે એને. ધૂડ ચોંટે છે ચીકાશને લઈને.

અહીં એ કહે છે. '**અભિપ્રાયના અભાવને લીધે નિરાસ્રવ જ છે; પરંતુ જે તેને પણ દ્રવ્યપ્રત્યયો સમય સમય પ્રતિ અનેક પ્રકારનું પુદ્‌ગલકર્મ બાંધે છે,...**' હવે ત્યાં કારણ જુઓ, '**ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.**' એમાં જઘન્ય પરિણમન છે એ કારણ છે. દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિ એ કારણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આખો આત્મા જે પરિણમનમાં હીણો છે, હીણો એ દૃષ્ટિનો વિષય નથી. સમજાણું કાંઈ? પણ દૃષ્ટિનો વિષય અભેદ છે એથી જ્ઞાની બંધ કરતો નથી. પણ એનું પરિણમન હીણું છે જ્ઞાનનું, આનંદનું, ચારિત્રનું, વીર્યનું, અનંત ગુણનું. આહા..હા..!

'**દ્રવ્યપ્રત્યયો સમય સમય પ્રતિ અનેક પ્રકારનું પુદ્‌ગલકર્મ બાંધે છે,...**' એને પણ પુદ્‌ગલ બંધાય છે. કેમ? કે એને આત્માની પરિણતિની હીનતાને કારણે. છતાં એ

અભિપ્રાયના અભાવને લઈને નિરાસ્રવ છે. બે વાત છે. આહા..હા..! અભિપ્રાયને કારણે નિરાસ્રવ છે, પણ અભિપ્રાય એવો દૃષ્ટિ અને અનુભવ હોવા છતાં, પર્યાયમાં અનંતગુણની પરિણતિ હીણી છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં તો ત્યાં સુધી લીધું છે કે જ્ઞાનીને પર્યાયમાં એટલી નબળાઈ છે કે કેવળજ્ઞાનીની સામે પોતે તુચ્છ માને છે પોતાની પર્યાયને, આમ પ્રભુ માને છે. દૃષ્ટિના વિષયમાં પ્રભુ છે, પર્યાયમાં પામરતા માને છે. ક્યાં કેવળ અને ક્યાં હું. મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયું એવી પરિણતિમાં એને જ્યાં જોવે પરિણતિ ત્યાં હીણી છે. ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં આ! પરિણતિની અપેક્ષાએ સમકિતી, ક્ષાયિક સમકિતી પણ પોતાને હીન તરીકે જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘડીકમાં બંધાય અને ઘડીકમાં ન બંધાય.

ઉત્તર :- પણ કઈ અપેક્ષાથી વાત છે એ તો કહે છે અહીં. એક જ પાઠમાં બે વાત લીધી. જ્ઞાનીને બંધ નથી. ત્યારે બંધ કોને છે? જ્ઞાની એટલે દૃષ્ટિનો વિષય જે અનુભવ છે એ દૃષ્ટિ અને વસ્તુ એને કારણે બંધ નથી, પણ એનું હીણું પરિણમન છે જે દૃષ્ટિનો વિષય નથી (એ અપેક્ષાથી બંધ છે) એમ કહે છે. ભારે ભાઈ! આહા..હા..!

તેથી પ્રવચનસારમાં લીધું છેને ૪૭ નયમાં? ગણધરો પણ ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધરનાર, અંતર્મુખમાં રચનાર કે રંગરેજની પેઠે રાગનું પરિણમન છે એમ નયથી જાણે છે. આહા..! અને એ રાગ કર્તાની અપેક્ષાએ છે. અશુદ્ધનય પણ .. છે. એ તો ઉપાધિ છે રાગને એમ જાણે છે. ત્યાં તો રંગરેજની પેઠે એ રંગરેજ જેમ લૂગડાને રંગે છે એમ પર્યાયમાં રાગ રંગાય છે. આહા..હા..! એથી એ કર્તા છે, એ કર્તા છે. કરવા જેવું છે એ દૃષ્ટિએ નહિ, પરિણમનની અપેક્ષાએ કર્તા છે. કર્તવ્યબુદ્ધિ નહિ. કરવાલાયક એ બુદ્ધિ તો ટળી ગઈ છે. એથી તો કહ્યું '**આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે...**' એક પણ ન્યાયનો જ્યાં ફેર પડે તો આખી વસ્તુ ફરી જશે એની. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આવો માર્ગ છે. ત્રણ લીટીમાં બે (ભાવ કહ્યા).

એક કોર કહે છે પ્રથમ તો. '**तावद**' શબ્દ છેને? '**तावद**' સંસ્કૃત છે. પહેલી તો આ વાત છે કે જ્ઞાનીને, સમકિતીને, ધર્મીને, આત્મદર્શનીને, આત્મજ્ઞાનીને તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયનો અભાવ છે એને. રાગ હજો (એમ છે)? રાગ રોગ છે. રાગ એ રોગ છે. આહા..હા..! રોગની ભાવના હોય? '**જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે...**' લ્યો, અભાવને લીધે '**નિરાસ્રવ જ છે;...**' એક સવા લીટીમાં નિરાસ્રવ કીધું. '**પરંતુ જે તેને પણ દ્રવ્યપ્રત્યયો સમય સમય પ્રતિ...**' એમ પછી ઓલા જૂના કર્મ છે એ સમયે સમયે બંધાય છે નવાને. એમાં એનું વચલું કારણ આ છે. '**જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.**' દ્રવ્યકર્મનો ઉદય નવાને બાંધે છે, પણ

ક્યારે? કે એની જ્ઞાન આનંદની દશા હીણી છે, શાંતિની દશા હીણી પરિણમે છે એથી અશાંતિનો ભાગ છે. એ અશાંતિનો ભાગ જૂના કર્મને નિમિત્ત થાય છે અને જૂના કર્મ નવાને નિમિત્ત થાય છે. આવું અટપટું ખાતું. એકમાં કીધું ૧૭૦માં તો ૧૭૧માં આ કીધું. એકમાં બે વાત કરી. બેય વાત સાચી છે. જે અપેક્ષાએ કહ્યું એ યથાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક જ સમયે...

ઉત્તર :- એક સમયે કથનની પદ્ધતિ. સમય તો એક જ છેને. બે પ્રકારની અપેક્ષાએ કથન છે. આહા..હા..! સ્યાદ્વાદ માર્ગ રાગનો. ઓલો લખે છે ત્યાં બધા સ્યાદ્વાદ સમજાવવું છે. ચિત્રભાનુ. બધાને ભેગા કરીને જૈનદર્શન. એમાં લખ્યું છેને. અનેકાંત. આ જૈનદર્શન તરીકે જે હોય એ વાત. માણસોને એ લોકો તો બિચારા સાંભળવાના કામી બહુ. બહુ હોય. એને આવી વાત ન હોય હવે એ થાક્યા છે બિચારા એ લોકો પણ. બહારના વૈભવ અને ભોગથી. ધૂળમાં પણ કાંઈ નથી. કાંઈક હવે અધ્યાત્મ તરફ વળવું. એટલે કોઈ આવા મળેને સાધન. બહુ ભાવનાથી.. હવે એમાં શું થયું?

મુમુક્ષુ :- એની ફી હશેને પાછી?

ઉત્તર :- કોણ જાણે? માણસ બહુ ભેગા થાય. એ તો ભણાવે છે એક ઠેકાણે. કાંઈક ... એવું લખ્યું છે. ભણાવાના હશે. એમાં છે. ઈ હિંમતભાઈ લાવ્યા હતા. એમના વેવાઈ એમના ભગત હતાને. આહા..હા..! હજી તો તત્ત્વ શું છે એની ખબરું ન મળે અને ખબર હોય તોપણ પછી એની રાગની દશાનું બંધન છે, એને દુઃખ છે. એવી ખબર ન રહે, મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાત્વ જ બાદશાહ છે આખો. વાંધો જ ત્યાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? પામ્યા હોય એ પડી જાય તો આવી સ્થિતિમાં પડી જાય છે. ભાઈ! અમારે કાંઈ નહિ. રાગ તો કાંઈ નહિ. ભગવાનની ભક્તિ એમાં રાગ શું? એમાં દુઃખ શું? એ બધા પડેલાના લક્ષણ છે એ બધા. આહા..હા..! જુદી ચીજ છે, બાપુ! માર્ગ કાંઈ જુદી જાતનો છે. દુનિયા માટે કાંઈ માર્ગ નથી, માર્ગ માર્ગ માટે છે. દુનિયા રાજી રહે એમ મનાવવું એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..!

અહીં તો દોઢ લીટીમાં કહ્યું નિરાસ્રવ. **'પરંતુ જે તેને પણ દ્રવ્યપ્રત્યયો...'** પાછું ઈ ઓલા જડ. જડ કર્મ જે **'સમય સમય પ્રતિ અનેક પ્રકારનું પુદ્ગલકર્મ બાંધે છે,...'** નવું. જડ કર્મનો ઉદય જે નવા કર્મને બાંધે, જડ કર્મનો ઉદય બાંધે એમ લીધું છે, પરિણમન બાંધે એમ નથી લીધું. જડનો જે ઉદય છે એ નવાને બાંધે એનું કારણ? કે આની હીણી દશા તે. મેળ કરવો જોઈએને. આહા..હા..! એ પહેલા આવી ગયું છે બે ગાથાની શરૂઆતમાં.

શરૂઆતમાં બે ગાથામાં ઈ જ આવ્યું હતું. આ કારણે ઉદય હોવા છતાં દ્રવ્યકર્મ નવાને બાંધે ખરું. પણ ક્યારે? દ્રવ્યકર્મનો ઉદય નવાને નિમિત્ત થાય ક્યારે? કે દ્રવ્યકર્મની નિમિત્ત અહીંની વિકારી દશા રાગ-દ્વેષ-મોહ થાય તો. ત્યાં અજ્ઞાનીની વાત હતી. ફેર છે. ઈ કથનની શૈલી અને અહીં ફેર છે. પહેલા કથનમાં એમ લીધું હતું ત્રણ ગાથામાં. પંડિતજી! ભાઈ! અહીં તો જે હોય એ રહેશે. આહા..હા..! ત્યાં આગળ તો દૃષ્ટિના વિષયની અપેક્ષાએ રાગ-દ્વેષ-મોહના પરિણામ અજ્ઞાનીને છે એ જૂના કર્મને નિમિત્ત થાય છે અને જૂનું કર્મ નવાને નિમિત્ત થાય છે. જો એને રાગ, દ્વેષ અને મોહના નિમિત્ત ન હોય તો જૂનું કર્મ આવીને ખરી જાય છે, જૂનું કર્મ નવાને બાંધતું નથી. એમ કહે છે. આહા..હા..! અહીં બીજી રીત છે એનાથી. અહીં તો જ્ઞાનીની વાત છે. ત્યાં અજ્ઞાનીની હતી. આહા..હા..!

અહીંયાં કહે છે કે '**ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.**' પાછું જુઓ ઈ. ત્યાં પણ એમ કહ્યું હતુંને ત્યાં કે ભાવાસ્રવ જ એ આસ્રવ છે. પહેલું દ્રવ્યાસ્રવ એ આસ્રવ કહ્યું હતું, પણ ઈ પછી ભાવાસ્રવ એ જ આસ્રવ છે. એમ આ ધર્મી જીવની હીણી દશા જ્ઞાનની હીણી દશા, શાંતિની હીણી દશા, આનંદની હીણી દશા, વીર્યની નબળાઈની હીણી દશા એ જૂના કર્મને નિમિત્ત થઈ જૂનું કર્મ નવાને બાંધે છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! કહો, સમજાણું કાંઈ?

પહેલી ત્રણ ગાથામાં બીજી વાત હતી. અજ્ઞાનીની વાત હતી. એ લખ્યું છે અમૃતચંદ્રાચાર્યે કે ભાઈ, આમાં જ્ઞાનીની વાત નથી, પણ જ્ઞાનીની જ વાત છે આમાં. જ્ઞાનીને બંધ નથી એમ કહ્યું છે અહીં તો. એય..! આમ વસ્તુ ચૈતન્યસ્વભાવ આનંદસ્વરૂપ પ્રભુ એની દૃષ્ટિની ખબર નથી. ફક્ત એ રાગને, પુણ્યને પોતાનો માની અને એમાં લાભ માની. રાગથી લાભ છે મને. નુકસાન નથી, પણ લાભ છે. આહા..હા..! એમ માનીને મિથ્યાત્વસહિતના જે રાગ-દ્વેષભાવ છે એ જૂના કર્મને નિમિત્ત થાય છે. જૂનાના ઉદયને હોં. અને એ ઉદય નવાને નિમિત્ત થાય છે. એ અજ્ઞાનીની વાત છે. અહીંયાં જ્ઞાનીની વાત છે. સમકિતી, ક્ષાયિક સમકિતી જીવ હોય, ગણધર હો કે તીર્થંકર હો છદ્મસ્થ. પણ એની દશામાં જૂના કર્મ જે છે એનાથી તો એ ભિન્ન છે. ઢેફાં જેવા છે એમ કીધુંને? છતાં એનો ઉદય નવાનું કારણ છે. ઉદય હોં. સત્તા પડી છે એ નહિ. નવા બંધનું કારણ છે. નવા બંધનું કારણ છે. એમાં પણ જ્ઞાની-ધર્મીની હીણી દશા પરિણમન જ કારણ છે. આહા..હા..! કહો, ચંદ્રકાંતજી! આવો માર્ગ છે.

પળેપળનો વિચાર કર્યો છે. સમય-સમયનો. કહ્યુંને સમય-સમય લીધું જુઓને '**દ્રવ્યપ્રત્યયો સમય સમય પ્રતિ...**' જૂના કર્મ.... ત્યારે કોઈ કહે કે ધર્મીને જૂના કર્મબંધનું કારણ છે. એમ નહિ. જૂના કર્મને હીણી દશા કારણ છે, માટે જૂનું કર્મ નવાને બાંધે છે. આહા..હા..! દેવીલાલજી! એવી વાત છે. કહો, હવે ત્રણ લીટીમાં બે ભાગ. વિરોધ લાગે અજ્ઞાનીને કે

ઘડીકમાં આ કહેતા હતા, ઘડીકમાં આ કહ્યું? વળી એનું પરિણમન બંધનું કારણ છે એમ પહેલું ન લીધું. કેમકે જ્ઞાનીને કર્મનો સંબંધ નથી, જડનો અભાવ છે. એથી એને હીણી દશા બંધનું કારણ સીધું છે એમ ન લીધું, પણ એ જડ સત્તામાં છે એ જ્યારે ઉદય આવે છે એની પર્યાય એ નવા બંધનું કારણ થાય છે. કોને? ધર્મીની હીણી દશા કારણ છે એને. આહા..હા..!

ગણધરદેવને, છઠ્ઠે ગુણસ્થાને મુનિ ગણધર છે એને જૂના કર્મ પડ્યા છે જે ઢેફાં જેવા છે. એથી એનો તો અભાવ જ છે અહીં, પણ જ્ઞાનીને ભાવાસ્રવનો અભાવ મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ, એ અપેક્ષાએ નિરાસ્રવ કહ્યો. પણ બીજી અપેક્ષા જ્યાં લીધી કે ઈ તો અપેક્ષા હો, પણ અહીં રાગ-દ્વેષ થાય છેને? એની પર્યાયમાં છે, જડમાં નથી. એના ચારિત્રગુણની વિપરીત પર્યાય છે ઈ. અને દુઃખ થાય છે એ આનંદગુણનો વિપરીત ભાવ છે. એ હીણી દશા જૂના કર્મને નિમિત્ત થાય તો જૂનું કર્મ નવાને બાંધે. આહા..હા..! સીધી સ્પષ્ટ વાત છે. આડોઅવળો ગોટો ઉઠાવે તો આમાં ઉઠે એવું નથી કાંઈ. સમજાણું કાંઈ?

'**द्रव्यप्रत्ययो समय समय प्रति...**' ક્ષણે-ક્ષણે જે ઉદય આવે છે. સમય કોને કહેવો? આહા..હા..! એક સેકન્ડનો અસંખ્યમો ભાગ. એવા ઉદય આવે છે એને કે એ ઉદય જ નવા બંધનું કારણ છે. કોને? સમયે સમયે જેની હીણી દશા છે એને. સમય-સમયની એની હીણી દશા એને બંધનું કારણ થાય છે. આહા..હા..! શેઠ! અટપટી વાત બહુ. એય..! શેઠ! શું આમાં પૂછે તો સમજાય એવું છે રાતે? રાતે તેથી તો આવતા નથી. એને ઠીક ન હોય શરીરને. પણ આ બધું સમજવું પડશે. શેઠ! આ એમને એમ નહિ ચાલે આ. નહિતર ગોટા અત્યારે ઘણા ચાલે છે. ઈ ગોટામાં ક્યાંક સલવાણોને તો એની એ દશા છે. જે અનાદિની છે મિથ્યાત્વમાં છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૭૧ ગાથા થઈ. '**હવે વળી પૂછે છે...**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાત્વ એ ગયું, પણ હજી અવ્રત, પ્રમાદ, કષાય છેને? એટલું છેને? .. બધાનો અભાવ જ કહ્યો હતો.

મુમુક્ષુ :- ચાર પ્રકાર...

ઉત્તર :- ચાર છેને? ના હવે આવશે. હવે આવશે એ તો. ઓલા '**चउविह**' છેને? આહા..હા..! '**जम्हा दु जहण्णादो**' અહીં શું ૧૭૧ આવીને? ત્યાં ચાર નથી શબ્દ. ઈ ૧૭૦માં ગયો. આમાં તો સમુચ્ચય વાત લેવી છે. ૭૦માં ઈ ગયું. '**चउविह अणेयभेयं.**'

મુમુક્ષુ :- ૭૦ ચાલે છેને.

ઉત્તર :- ૭૦ ચાલે છે આ? ૭૦ ચાલે છે. પણ એ નથી લીધું એણે. એમાંથી સમુચ્ચય

કાઢ્યું છે. 'चउविह अणेयभेयं बंधंते णाणदंसणगुणेहिं।' મિથ્યાત્વનો ત્યાં ઉદય હોય, ભલે દર્શનમોહનો, પણ એનું બંધનું કારણ નથી. અંદર પડી પ્રકૃતિ હોય તો ખરી જાય છે સમકિતીને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરણલબ્ધિ તો એ સમકિતમાં છે. એ સમકિતમાં છે. કરણલબ્ધિ તો આઠમે થાય છે. ચારિત્રની આઠમે હોય છે.

મુમુક્ષુ :- એ તો સમ્યગ્દૃષ્ટિને...

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિ.. એ તો પહેલા જાય છે. એ તો સમકિતીનું લીધું છે અહીં. સમ્યગ્દૃષ્ટિ થયા પછી એને ચાર પ્રકારના બંધનું કારણ જેવું છે એ નથી. અહીં પાછું કહે છે કે છે.

## ગાથા-૧૭૧

कथं ज्ञानगुणपरिणामो बन्धहेतुरिति चेत--

जम्हा दु जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि।
अण्णत्तं णाणगुणो तेण दु सो बंधगो भणिदो।।१७१।।

यस्मातु जघन्यात् ज्ञानगुणात् पुनरपि परिणमते।
अन्यत्वं ज्ञानगुणः तेन तु स बन्धको भणितः।।१७१।।

ज्ञानगुणस्य हि यावज्जघन्यो भावः तावत् तस्यान्तर्मुहूर्तविपरिणामित्वात् पुनः पुनरन्यतयास्ति परिणामः। स तु, यथाख्यातचारित्रावस्थाया अघस्तादवश्यम्भाविरागसद्भावात्, बन्धहेतुरेव स्यात्।

હવે વળી પૂછે છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે ? તેના ઉત્તરની ગાથા કહે છે :

જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,
ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.

ગાથાર્થ :-- [यस्मात् तु] કારણકે [ज्ञानगुणः] જ્ઞાનગુણ, [जघन्यात् ज्ञानगुणात्]

જઘન્ય જ્ઞાનગુણને લીધે [पुनरपि] ફરીને પણ [अन्यत्वं] અન્યપણે [परिणमते] પરિણમે છે, [तेन तु] તેથી [सः] તે (જ્ઞાનગુણ) [बन्धकः] કર્મનો બંધક [भणितः] કહેવામાં આવ્યો છે.

ટીકા :— જ્ઞાનગુણનો જ્યાં સુધી જઘન્ય ભાવ છે (—ક્ષાયોપશમિક ભાવ છે) ત્યાં સુધી તે (જ્ઞાનગુણ) અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી ફરી ફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે. તે (જ્ઞાનગુણનું જઘન્ય ભાવે પરિણમન), યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે અવશ્યંભાવી રાગનો સદ્ભાવ હોવાથી, બંધનું કારણ જ છે.

ભાવાર્થ :— ક્ષાયોપશમિક જ્ઞાન એક જ્ઞેય પર અંતર્મુહૂર્ત જ થંભે છે, પછી અવશ્ય અન્ય જ્ઞેયને અવલંબે છે; સ્વરૂપમાં પણ તે અંતર્મુહૂર્ત જ ટકી શકે છે. પછી વિપરિણામ પામે છે. માટે એમ અનુમાન પણ થઈ શકે છે કે સમ્યગ્દૃષ્ટિ આત્મા સવિકલ્પ દશામાં હો કે નિર્વિકલ્પ અનુભવદશામાં હો--યથાખ્યાતચારિત્ર-અવસ્થા થયા પહેલાં તેને અવશ્ય રાગભાવનો સદ્ભાવ હોય છે; અને રાગ હોવાથી બંધ પણ થાય છે. માટે જ્ઞાનગુણના જઘન્ય ભાવને બંધનો હેતુ કહેવામાં આવ્યો છે.

---

## ગાથા-૧૭૧ ઉપર પ્રવચન

'હવે વળી પૂછે છે...' ૧૭૦ છેને ઈ? 'જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે?' સંસ્કૃત છે હોં અમૃતચંદ્રાચાર્યનું. 'कथं ज्ञानगुणपरिणामो बन्धहेतुरिति' અમૃતચંદ્રાચાર્ય કહે છે. આહા..હા..! સમયસારને સમજવું મહાપુરુષાર્થ છે. એમ એકદમ વાંચી જાય અને બે-ચાર-દસ વાર વાંચ્યું અને પછી કહે સમજી ગયા અમે. આહા..હા..! ૧૭૧. 'जम्हा दु जहण्णादो' લ્યો, હવે ખુલાસો કર્યો. હવે ખુલાસો કર્યો.

जम्हा दु जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि।
अण्णत्तं णाणगुणो तेण दु सो बंधगो भणिदो।।१७१।।

ઓલામાં બંધન નથી એમ કહ્યું હતું. ૧૭૦માં.

चउविह अणेयभेयं बंधंते णाणदंसणगुणेहिं।
समए समए जम्हा तेण अबंधो त्ति णाणी दु।।१७०।।

ત્યાં આ કારણે એ અબંધક છે એમ કહ્યું હતું. પણ ઓલી હીણી દશા એને નિમિત્ત થાય છે જૂનાને માટે બંધનું કારણ છે. હીણી દશાનો એ સ્વામી નથી. એમ કહીને જ્ઞાની નિરાસ્રવ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એની અહીંયાં ચોખવટ કરે

છે હવે.

**જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,**
**ફરી ફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.**

ત્યાં અબંધક કહ્યો હતો, બંધકમાં જ્ઞાનનું પરિણમન કારણ કહ્યું હતું. એને એ જ્ઞાનગુણનું પરિણમન જ બંધનું કારણ છે. તેથી બંધક છે એમ સિદ્ધ કર્યું. આહા..હા..!

'ટીકા :— **જ્ઞાનગુણનો જ્યાં સુધી...**' જ્ઞાન શબ્દે આત્મા. એની પર્યાયની હીણી દશા જ્યાં સુધી છે સમ્યગ્દૃષ્ટિની. '**જ્યાં સુધી જઘન્ય ભાવ છે (—ક્ષાયોપશમિક ભાવ છે) ત્યાં સુધી તે (જ્ઞાનગુણ) અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી...**' રાગમાં આવી જાય છે. નિર્વિકલ્પ અનુભવ હોય છતાં ફટ વિકલ્પમાં આવી જાય છે. જઘન્યગુનું પરિણમન છે માટે. આહા..હા..! ભારે વાત! જ્ઞાનગુણ. જ્ઞાનગુણ શબ્દે આત્માની અનંતી પર્યાય હોં હીણી. એ ગુણ કાંઈ જઘન્ય નથી, એની પરિણતિ એવી હીણી છે. જ્યાં સુધી જઘન્ય પર્યાયે છે, ક્ષયોપશમભાવે પર્યાય છે '**ત્યાં સુધી તે (જ્ઞાનગુણ) અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી...**' એટલે કે સ્વરૂપમાં નિર્વિકલ્પપણું સમાધિ, શાંતિ, શુદ્ધોપયોગપણું છે ત્યાં બંધ છે નહિ. પણ ત્યાંથી બહાર નીકળ્યો, વિકલ્પમાં આવ્યો... આહા..હા..! સમજાણું કાંઈ? '**તે (જ્ઞાનગુણ) અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો...**' હીણી દશા છે તો ચક્કર ખાઈ જાય છે આમ રાગમાં. સમકિતીને પણ. આહા..હા..!

મુમુક્ષુ :- વિપરિણામ માને?

ઉત્તર :- વિપરિણામ, વિપરીત રાગ-રાગ. સ્વભાવથી વિપરીત રાગ. યથાખ્યાતચારિત્ર થવા પહેલા એમ. છેને?

'**ફરી ફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે.**' સમકિતીને પણ યથાખ્યાત ચારિત્ર થયા પહેલા રાગનું શુભરાગનું ત્યાં છે ભલે. આહા..હા..! સમજાણું કાંઈ? મુનિને તો અશુભરાગ તો છે નહિ. શુભરાગ આવ્યો. આહા..હા..! રાગ દાહ એ અગ્નિરૂપે પ્રગટ્યો. આહા..હા..! અગિયારમી ગાથામાં છે ભાઈ ઓલું. રાતે ભાઈએ નહોતું નેમચંદભાઈએ કહ્યું? ઘી ઘી. અગિયારમી ગાથા. ઈ અગિયારમી ગાથાનું છે. ઊનું ઘી અને શુભભાવ ઊનું ઘી બાળે છે. આહા..હા..! અગિયારમી ગાથામાં છે. ભાઈ લાવ્યા હતા સવારે, ચંદુભાઈ. સમજાણું કાંઈ? ઈ અહીં વાત કરે છે. આહા..હા..! અને અહીં જ્ઞાનની પ્રધાનતામાં મુખ્ય વેદન શુદ્ધનું છે અને ગૌણ વેદન અશુદ્ધનું છે એમ અહીં નહિ. અહીં તો એકસાથે બેય વેદન છે. સમજાણું કાંઈ? શુદ્ધતાનું આનંદનું પણ વેદન અને રાગની આકુળતાનું વેદન એકસાથે છે, એક સમયમાં છે. આહા..હા..! ત્યાં મુખ્ય-ગૌણ ન હોય. આહા..હા..!

મુમુક્ષુ :- મિશ્રપણું છે?

ઉત્તર :- સાથે છેને. મિશ્ર છેને. પરાધીન થયેલો છેને એટલો? ઈશ્વરનયે આવે છેને ૪૭ નય? ઈશ્વરનયે રાગની પરાધીનતામાં જાય છે માટે રાગને તે વેદે છે. આહા..હા..! રાગની રુચિ ન હોવા છતાં, રાગનો સ્વામી ન થવા છતાં. ઓલામાં એમ લીધું ભાઈ! ઓલા અનંત ધર્મ લીધા છેને જ્યાં? નયો. ત્યાં અનંત ધર્મનો અધિષ્ઠાતા લીધો છે, ભાઈ! શું કહું છું? ત્યાં અનંતધર્મ જે વિકારી છે એનો અધિષ્ઠાતા આત્મા છે એમ લીધું છે. ૪૭ નય. અનંત ધર્મનો અધિષ્ઠાતા છે. સમજાણું? અધિષ્ઠાતા એટલે સ્વામી છે. લ્યો! એઈ..! ચેતનજી! સમકિતી પણ રાગનો સ્વામી છે. સમજાણું?

આત્મા ખરેખ ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનો અધિષ્ઠાતા. એ રાગ અને દ્વેષ એનો ધર્મ છે. આહા..હા..! ગજબ વાત છેને! એનો સ્વામી છે. એક કોર કહે સમ્યગ્દૃષ્ટિ રાગનો સ્વામી નથી. કઈ અપેક્ષાએ? પણ એની પર્યાયમાં થયેલો છે એટલે અનંત ધર્મોનો અધિષ્ઠાતા એક દ્રવ્ય છે. આહા..હા..! આ તો સ્પષ્ટ વધારે (થાય છે). એનો અધિષ્ઠાતા લીધો અને અર્થ કર્યો છે સ્વામી. અધિષ્ઠાનનો અર્થ ધણી થાય છેને? ત્યાં પુણ્ય પરિણામ થયા એનો સ્વામી જીવ છે. છઠ્ઠે ગુણસ્થાને પણ જે રાગ થયો એનો ધણી જીવ છે, એનો ધણી જડ નથી. આહા..હા..! કર્તાકર્મમાં એમ કહ્યું કે વિકારનો સ્વામી તો કર્મ છે. લ્યો! ૭૩ ગાથા. કઈ અપેક્ષાથી?

મુમુક્ષુ :- ૭૩ શરૂઆતમાં જ કહ્યું છે.

ઉત્તર :- શરૂઆતમાં કહ્યું છે. પુદ્‌ગલ એનો સ્વામી છે. એ તો દૃષ્ટિના જોરની અપેક્ષાએ એને રુચતું નથી એટલે સ્વામી નથી એમ કહ્યું, પણ થયો છે માટે એનો સ્વામી છે એમ અહીં કહેવું છે. સમયસાર. ગાથાની ૪૭ નય. છેલ્લે છેને ૪૭ નય. 'કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો એ અનંત ધર્મો જે છે શુદ્ધ-અશુદ્ધ આદિ પર્યાયમાં અનંત નયો વ્યાપેલી છે. તેમાં વ્યાપનારું એ શ્રુતજ્ઞાન શ્રુત પ્રમાણ છે તો પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે તે જણાય છે.' હળદરને ગાંઠીયે ગાંધી થવાય એવું નથી અહીં. એઈ..! સમજો છો ઈ? શું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા ઈ. કહેવત તો બધે સરખી જ હોયને. સુંઠનો ગાંઠિયો... અમારે ઈ કહેવત છે. આહા..હા..!

**'અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી ફરી ફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે.'** સમકિતીને પણ નિર્વિકલ્પ અનુભવ નથી જ્યારે ત્યારે શુભરાગનું મુનિને અને નીચે ... ચોથે, પાંચમે થાય છે. **'તે (જ્ઞાનગુણનું જઘન્ય ભાવે પરિણમન), યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે અવશ્યંભાવી રાગનો સદ્‌ભાવ હોવાથી, બંધનું કારણ જ છે.'** વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૧, રવિવાર, તા. ૦૪-૦૨-૧૯૭૩**
**ગાથા-૧૭૧-૧૭૨, પ્રવચન-૩૦૫**

અહીંયાં એ પ્રશ્ન છે કે આ આત્મા જે વસ્તુ છે એ તો ત્રિકાળ ધ્રુવ આનંદસ્વરૂપ છે પણ એની પર્યાયમાં જે અવસ્થામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ચારિત્રના પરિણામ થવા છતાં હીણી દશા છે એની. આહા..હા..! જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં હીણપ છે એ બંધનું કારણ છે. રાતે પ્રશ્ન કર્યો હતોને કે જ્ઞાન બંધનું કારણ? એય..! ગીરધરલાલજી! જ્ઞાન બંધનું કારણ એ અહીં નથી કહેવું. અહીંયાં તો આત્મા અંદર પૂર્ણ આનંદસ્વરૂપ એવી દૃષ્ટિ સમ્યગ્દર્શન થવા છતાં જ્યાં સુધી એનું ચારિત્રનું પરિણમન નબળું છે ત્યાં સુધી એને નબળાઈને લઈને ઈ જ્ઞાન એટલે આત્માની પર્યાય આખી. ઝીણી વાત છે. ચૈતન્યનો સ્વભાવ પૂર્ણ શુદ્ધ (છે) એવું અંતર ભાન થયા છતાં પર્યાય નામ અવસ્થામાં પૂર્ણતા પ્રગટ ન થાય ત્યાં સુધી એને દશામાં હીણી, અપૂર્ણ, જઘન્ય દશા છે. એમાં ચારિત્રની નબળાઈ છે એને અહીંયાં જ્ઞાનગુણની નબળાઈ કહેવામાં આવે છે. અહીં તો ત્રણેની નબળાઈ કહે છે. આહા..હા..! ઝીણું છે.

મુમુક્ષુ :- બધા ગુણો આવી જાય.

ઉત્તર :- બધા ગુણો આવી જાયને. ભેગી પર્યાય નબળી છેને. છઠ્ઠે ગુણસ્થાને મુનિને ત્રણ કષાયનો નાશ (થયો છે અને) ત્રણ રત્નો પ્રગટ્યા (છે). પણ જ્યાં સુધી એને પંચ મહાવ્રતના પરિણામ છે, પ્રભુની ભક્તિનો રાગ છે... આહા..હા..! ત્યાં સુધી એની ચારિત્રદશામાં વિપરીતતા (અર્થાત્) વિકારનો ભાવ છે. એ બંધનું કારણ છે. દૃષ્ટિની અપેક્ષાએ એને નિરાસ્રવ કહ્યો. વસ્તુ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એની દૃષ્ટિ થઈ એ અપેક્ષાએ બુદ્ધિપૂર્વક રાગ કરવાની રુચિ રહી નહિ પણ અબુદ્ધિપૂર્વક એટલે રુચિ વિનાનો રાગ થાય. છેને જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન હોય ત્યાં સુધી. એ રાગ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચ પરમેષ્ઠીની ભક્તિનો રાગ, પંચ પરમેષ્ઠીનું સ્મરણ નમો અરિહંતાણં એવું સ્મરણ કરવું એ પણ રાગ, એ બંધનું કારણ. મુનિને પણ બંધનું કારણ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એણે કોઈ દિ' અંતર તત્ત્વ શું છે (એ જાણવાની દરકાર કરી નથી). અને જેણે શાંતિ અને આનંદસ્વરૂપ છે એવું જેણે જાણ્યું હોય એને તો રાગનો ભાગ દુઃખરૂપ અને અગ્નિ જેવો દેખાય. જેણે શાંતિ આનંદની શું છે એને જાણ્યું નથી એને રાગ અગ્નિ જેવો કે દુઃખ છે એ એને જણાતું નથી. સમજાણું કાંઈ? શાંતિભાઈ!

**ભાવાર્થ :—** કહે છે કે જ્ઞાનીને 'ક્ષાયોપશમિક જ્ઞાન એક જ્ઞેય પર અંતર્મુહૂર્ત જ

**થંભે છે.**' હવે આ એક શબ્દ છે, આ પંક્તિ. ધર્મીનું જ્ઞાન ક્ષાયોપશમિક છે એથી અંતર્મુહૂર્ત ધ્યાનમાં એ અંતર્મુહૂર્ત જ રહી શકે છે. એ શું કહ્યું? કે જ્ઞાનની પર્યાય સમ્યક્ પ્રગટ થઈ. સમ્યગ્દર્શન ક્ષાયિક પણ હો, પણ અંતર સ્વરૂપનું જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન ત્રણનો ભેદ તોડીને અનુભવમાં અતીન્દ્રિય આનંદની દશામાં અનુભવમાં હોય એ તો અંતર્મુહૂર્ત જ રહી શકે છે. સમજાણું કાંઈ? વધારે રહી શકે નહિ. એ જ્ઞાન એક જ્ઞેય પર અંતર્મુહૂર્ત જ થંભે. એટલે સ્વજ્ઞેય ઉપર પણ અંતર્મુહૂર્ત જ રહી શકે. ઝીણી વાત છે. અંતર ભગવાન પૂર્ણાનંદ નિર્વિકલ્પ અભેદ. સવારમાં અધિકાર આવ્યો હતો ઈ. કારણસમયસાર એના ઉપર દૃષ્ટિ નિર્વિકલ્પ થઈને પડ્યો હોય ત્યારે એને જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનના ત્રણ ભેદ પણ તૂટી ગયા હોય અને અભેદ ચૈતન્યના આનંદની અનુભવ દશામાં અતીન્દ્રિયના સ્વાદમાં પડ્યો હોય તો એની સ્થિતિ તો અંતર્મુહૂર્ત રહી શકે. સમજાય છે કાંઈ? છે?

'**ક્ષાયોપશમિક જ્ઞાન એક જ્ઞેય...**' એક જ્ઞેય એટલે પોતે. '**અંતર્મુહૂર્ત જ થંભે છે,...**' આહા..હા..! ચિદાનંદના સ્વાદમાં, પ્રત્યક્ષ સ્વાદમાં—અનુભવમાં આવે અને સ્વજ્ઞેયમાં લીન થાય તો એ સમકિતી ચોથાવાળો, પાંચમાવાળો કે સાતમાવાળો થોડો જ કાળ રહી શકે. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે '**જ્ઞાન એક જ્ઞેય પર અંતર્મુહૂર્ત જ થંભે છે, પછી અવશ્ય અન્ય જ્ઞેયને અવલંબે છે;...**' એ હવે સિદ્ધાંત સિદ્ધ કરીને વાત કરે છે. '**સ્વરૂપમાં પણ તે અંતર્મુહૂર્ત જ ટકી શકે છે,...**' પર જ્ઞેયનું લક્ષ રહ્યું હોય તો અંતર્મુહૂર્ત રહી શકે, સ્વનું હોય તો અંતર્મુહૂર્ત (રહે). ફક્ત અંતર્મુહૂર્ત એક જ્ઞેયમાં રહે એટલો સિદ્ધાંત સિદ્ધ કર્યો. સમજાણું?

એમ સ્વરૂપમાં પણ, આનંદમૂર્તિ ભગવાન આત્મા ધર્મી જીવ સમકિતી સાધુ હોય તો એ સાતમા ગુણસ્થાનમાં અંતર્મુહૂર્ત જ રહી શકે. એને છઠ્ઠું ગુણસ્થાન વિકલ્પના પ્રમાદનું આવ્યા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને સાચા સંત પરમેશ્વર સ્વીકારે (એવા) નમો લોએ સવ્વ સાહુણં, એવા સાધુને પણ અંતરના જ્ઞેયમાં ધ્યાનમાં તો અંતર્મુહૂર્ત જ રહી શકે. તે અંતર્મુહૂર્ત પણ છઠ્ઠા ગુણસ્થાનના કાળ કરતા અડધો કાળ હોય. એનાથી છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પમાં ડબલ કાળ હોય. એથી એવી દશામાં પણ અંતર્મુહૂર્તમાં (અન્ય) જ્ઞેય ઉપર લક્ષ ગયા વિના રહે નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

'**સ્વરૂપમાં પણ તે અંતર્મુહૂર્ત જ ટકી શકે છે. પછી વિપરિણામ પામે છે.**' રાગભાવ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાઠમાં છે ખરુંને? '**અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો...**' ટીકા છેને? ઈ ટીકાનો જ અર્થ કર્યો છે. ચાહે તો ચોથા ગુણસ્થાનવાળો ધ્યાનમાં હોય, જેને બુદ્ધિપૂર્વક વિકલ્પ રાગ છૂટી ગયો હોય. ચાહે તો પાંચમા ગુણસ્થાનવાળો સાચો શ્રાવક જેને ભગવાન કહે, એ પણ જ્યારે ધ્યાનમાં હોય તો ઘણો જ અંતર્મુહૂર્ત ઓછો

કાળ રહી શકે. એનાથી સાતમા ગુણસ્થાનના મુનિ સાચા એનું ધ્યાન પણ બહુ જ પોણી સેકન્ડની અંદર રહી શકે. પણ કહેવાય એને અંતર્મુહૂર્ત. **'પછી વિપરિણામ પામે છે.'** પછી રાગનો ભાગ આવ્યા વિના રહે નહિ. આહા..હા..!

**'માટે એમ અનુમાન પણ થઈ શકે છે...'** ન્યાયથી વાત કરે છે. **'માટે એમ અનુમાન પણ થઈ શકે છે કે સમ્યગ્દષ્ટિ આત્મા...'** ધર્મી જેને સમ્યગ્દર્શન થયું છે એવો આત્મા સવિકલ્પદશામાં હોય, એ રાગની ભૂમિકા અંદર ઉત્પન્ન થઈ હોય એમાં હો કે રાગ તૂટીને નિર્વિકલ્પમાં હોય. આહા..હા..! **'સવિકલ્પ દશામાં હો કે નિર્વિકલ્પ અનુભવદશામાં હો--યથાખ્યાતચારિત્ર-અવસ્થા થયા પહેલાં...'** જ્યાં સુધી એને પૂર્ણ ચારિત્રની દશા નિર્મળ ન થાય ત્યાં સુધી **'અવશ્ય રાગભાવનો સદ્ભાવ હોય છે;...'** ગણધર જેવાને પણ અંતર્મુહૂર્ત જ સાતમું રહી શકે છે. અરે..! તીર્થંકર જેવાને જ્યાં સુધી છદ્મસ્થ હોય, કેવળજ્ઞાન પામ્યા ન હોય એને પણ સાતમું ગુણસ્થાન એક પોણી સેકન્ડની અંદર રહી શકે. સમજાણું કાંઈ? પછી વિકલ્પમાં, રાગમાં આવ્યા વિના રહે નહિ. પણ અહીં તો કહે છે કે સવિકલ્પ દશા હોય કે નિર્વિકલ્પ દશા હોય, પણ એમાં અબુદ્ધિપૂર્વક રાગ નિર્વિકલ્પ દશામાં પણ છે. સમજાણું? કાંઈ યથાખ્યાત ચારિત્ર થઈ ગયું નથી. આહા..હા..! ઝીણી વાતું છે. લોકોએ ધર્મ વીતરાગને નામે કાંઈ કલ્પ્યો છે. એ માર્ગ નથી. સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરનો જે માર્ગ એ તો અંતર્મુહૂર્તમાં અંતર... જ્યારે સમ્યગ્દર્શન થાય પહેલું ત્યારે પણ એને શુદ્ધોપયોગમાં જ થાય છે. અબુદ્ધિપૂર્વક રાગ હોય, પણ બુદ્ધિપૂર્વક રાગ હોતો નથી. આહા..હા..! પછી પણ જ્યારે સમ્યગ્દર્શનમાં વિકલ્પ ઉઠે એ તો રાગસહિત પ્રત્યક્ષ બહારથી જ છે. સમજાણું કાંઈ? એ પાછો નિર્વિકલ્પમાં આવી જાય. આહા..હા..! નિર્વિકલ્પ એટલે? રાગની રુચિપૂર્વક બુદ્ધિ તો નથી, પણ અસ્થિરતાની બુદ્ધિ વિકલ્પમાં નથી ત્યારે, નિર્વિકલ્પ છે એ વખતે પણ અંદર રાગ તો છે. એ વખતે પણ એને બંધન તો છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર એ તો અત્યારે તો નથી, એ થયા પહેલા તેને જરૂર **'રાગભાવનો સદ્ભાવ હોય છે;...'** આહા..હા..! પહેલું ના પાડી હતી સમકિતીને રાગ-દ્વેષ છે નહિ. કઈ અપેક્ષાથી? એ તો ત્રિકાળ દ્રવ્યની દૃષ્ટિની પર્યાયની વિશેષતા ગણીને નથી એમ કહ્યું હતું, પણ ચારિત્રની દશા તો એને વિપરીતપણે રાગપણે છે. આહા..હા..! અને પ્રગટ જ્યારે બહારમાં વિકલ્પ આવે ત્યારે પ્રભુનું સ્મરણ, પ્રભુની ભક્તિ, સ્તુતિ એ બધો રાગ ભાગ, કષાય ભાગ એને આવ્યા વિના રહેતો નથી. એથી એને બંધનું કારણ છે એટલું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અવશ્ય રાગભાવનો સદ્ભાવ હોય છે; અને રાગ હોવાથી બંધ પણ થાય છે.'** હવે એક કોર કહ્યું કે સમકિતીને આસ્રવ અને બંધ નથી. એય..! અહીં કહ્યું કે હજી

એ તો છઠ્ઠે ગુણસ્થાને, સાતમે ગુણસ્થાને, સાતમું ગુણસ્થાન આત્મા ધ્યાનમાં, આનંદમાં રહેતો હોય, જેની વનવાસમાં નગ્ન દશા હોય... સમજાણું કાંઈ? એવી દશાવાળાને રાગ છે અને બંધનું કારણ છે કહે છે. શેઠ!

મુમુક્ષુ :- સાતમા ગુણસ્થાનમાં?

ઉત્તર :- હા, સાતમા ગુણસ્થાનમાં નિર્વિકલ્પ દશા પણ રાગ છેને અંદર અબુદ્ધિપૂર્વક? અબુદ્ધિપૂર્વકનો રાગ ન હોય તો પાછો રાગ આવે ક્યાંથી છઠ્ઠે? અહીં તો સમય-સમયની વાતું લીધી છે. સમય-સમયની વાતના પરિણમનનો ખ્યાલ આપ્યો છે. આહા..હા..! એમ કરીને માની લે કે હવે અમને રાગ છે જ નહિ. અમે સમકિતી છીએ માટે અમારે રાગ થાતો જ નથી અને રાગ થાય એનું અમને દુઃખ પણ લાગતું નથી. અજ્ઞાની છે, મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે.

કહે છે, એ બંધ પણ થાય '**માટે જ્ઞાનગુણના...**' એય..! ગીરધરલાલજી! રાતે પ્રશ્ન કરતા હતા. એમ કે જ્ઞાનગુણ બંધનું કારણ કેમ થાય? પ્રશ્ન તો બરાબર હતો. જ્ઞાનગુણ શબ્દે આત્માની પર્યાય આખી. એની જઘન્ય પર્યાયને બંધનો હેતુ કહેવામાં આવ્યો છે. એને હીણી દશાનો ભાવ તે બંધનો હેતુ કહેવામાં આવ્યો છે. આવું હવે? આવો તે ધર્મ કઈ જાતનો છે? ઓલું પાધરું છ કાયની દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, પૂજા કરવી, ભક્તિ કરવી, દાન કરવા લ્યો. આવું ઝટ સમજાય, અજ્ઞાન. એ તો બધું અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ રાગની ક્રિયાને ધર્મ માનવો (એ) મિથ્યાદષ્ટિ (છે), જૈનપણાની શ્રદ્ધાની એને ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે, પાઠમાં હતુંને ત્યાં? '**जहण्णादो**' ૧૭૧માં હતુંને? '**जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि।**' '**पुणो वि परिणमदि**' એમ શબ્દ હતો. એટલે ધ્યાનમાંથી પણ ખસી જાય છે. ..ભાઈ! અલૌકિક વાતું છે ભાઈ આ તો. વીતરાગમાર્ગ બાપા! સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્મા એનો માર્ગ જગતથી જુદી જાતનો છે. ચાલતા સંપ્રદાયની માણસની કરતા વીતરાગમાર્ગ જુદી જાતનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે નામ આવે છે ... જ્ઞાનગુણ કહ્યું હતુંને સમ્મુચય? '**णाणगुणादो पुणो वि परिणमदि**' હવે આનો ખુલાસો વધારે પાઠમાં આવે છે.

## ગાથા-૧૭૨

एवं सति कथं ज्ञानी निरास्रव इति चेत् -

दंसणणाणचरित्तं जं परिणमदे जहण्णभावेण।
णाणी तेण दु बज्झदि पोग्गलकम्मेण विविहेण।।१७२।।
दर्शनज्ञानचारित्रं यत्परिणमते जघन्यभावेन।
ज्ञानी तेन तु बध्यते पुद्गलकर्मणा विविधेन।।१७२।।

यो हि ज्ञानी स बुद्धिपूर्वकरागद्वेषमोहरूपास्रवभावाभावात् निरास्रव एव। किन्तु सोऽपि यावज्ज्ञानं सर्वोत्कृष्टभावेन द्रष्टुं ज्ञातुमनुचरितुं वाऽशक्तः सन् जघन्यभावेनैव ज्ञानं पश्यति जानात्यनुचरति च तावत्तस्यापि, जघन्यभावान्यथानुपपत्त्याऽनुमीयमानाबुद्धिपूर्वक-कलङ्कि-विपाकसद्भावात्, पुद्गलकर्मबन्धः स्यात्। अतस्तावज्ज्ञानं द्रष्टव्यं ज्ञातव्यमनुचरितव्यं च यावज्ज्ञानस्य यावान् पूर्णो भावस्तावान् दृष्टो ज्ञातोऽनुचरितश्च सम्यग्भवति। ततः साक्षात् ज्ञानीभूतः सर्वथा निरास्रव एव स्यात्।

---

હવે વળી ફરી પૂછે છે કે—જો આમ છે (અર્થાત્ જ્ઞાનગુણનો જઘન્ય ભાવ બંધનું કારણ છે) તો પછી જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :—

ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,
તેથી જ જ્ઞાની વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૭૨.

ગાથાર્થ :-- [यत्] કારણ કે [दर्शनज्ञानचारित्रं] દર્શન-જ્ઞાન-ચારિત્ર [जघन्यभावेन] જઘન્ય ભાવે [परिणमते] પરિણમે છે [तेन तु] તેથી [ज्ञानी] જ્ઞાની [विविधेन] અનેક પ્રકારનાં [पुद्गलकर्मणा] પુદ્‌ગલકર્મથી [बध्यते] બંધાય છે.

ટીકા :-- જે ખરેખર જ્ઞાની છે તે, બુદ્ધિપૂર્વક (ઇચ્છાપૂર્વક) રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી, નિરાસ્રવ જ છે. પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે—તે જ્ઞાની જ્યાં સુધી જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને અશક્ત વર્તતો થકો જઘન્ય ભાવે જ જ્ઞાનને દેખે છે, જાણે છે અને આચરે છે ત્યાં સુધી તેને પણ, જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિ વડે (અર્થાત્ જઘન્ય ભાવ અન્ય રીતે નહિ બનતો હોવાને લીધે) જેનું અનુમાન થઈ શકે છે એવા બુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો સદ્‌ભાવ

હોવાથી, પુદ્‌ગલકર્મનો બંધ થાય છે. માટે ત્યાં સુધી જ્ઞાનને દેખવું, જાણવું અને આચરવું કે જ્યાં સુધીમાં જ્ઞાનનો જેવડો પૂર્ણ ભાવ છે તેવડો દેખવામાં, જાણવામાં અને આચરવામાં બરાબર આવી જાય. ત્યારથી સાક્ષાત્‌ જ્ઞાની થયો થકો (આત્મા) સર્વથા નિરાસ્રવ જ હોય છે.

ભાવાર્થ :— જ્ઞાનીને બુદ્ધિપૂર્વક (અજ્ઞાનમય) રાગદ્વેષમોહનો અભાવ હોવાથી જ્ઞાની નિરાસ્રવ જ છે. પરંતુ જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે ત્યાં સુધી તે જ્ઞાની જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવ દેખી, જાણી અને આચરી શકતો નથી જઘન્ય ભાવે દેખી, જાણી અને આચરી શકે છે; તેથી એમ જણાય છે કે તે જ્ઞાનીને હજુ અબુદ્ધિપૂર્વક કર્મકલંકનો વિપાક (અર્થાત્‌ ચારિત્રમોહસંબંધી રાગદ્વેષ) વિદ્યમાન છે અને તેથી તેને બંધ પણ થાય છે. માટે તેને એમ ઉપદેશ છે કે—જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી જ્ઞાનનું જ નિરંતર ધ્યાન કરવું, જ્ઞાનને જ દેખવું, જ્ઞાનને જ જાણવું અને જ્ઞાનને જ આચરવું. આ જ માર્ગે દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન વધતું જાય છે અને એમ કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે. કેવળજ્ઞાન પ્રગટે ત્યારથી આત્મા સાક્ષાત્‌ જ્ઞાની છે અને સર્વ પ્રકારે નિરાસ્રવ છે.

જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે ત્યાં સુધી અબુદ્ધિપૂર્વક (અર્થાત્‌ ચારિત્રમોહનો) રાગ હોવા છતાં, બુદ્ધિપૂર્વક રાગના અભાવની અપેક્ષાએ જ્ઞાનીને નિરાસ્રવપણું કહ્યું અને અબુદ્ધિપૂર્વક રાગનો અભાવ થતાં અને કેવળજ્ઞાન પ્રગટતાં સર્વથા નિરાસ્રવપણું કહ્યું. આ, વિવક્ષાનું વિચિત્રપણું છે. અપેક્ષાથી સમજતાં એ સર્વ કથન યથાર્થ છે.

---

## ગાથા-૧૭૨ ઉપર પ્રવચન

'હવે વળી ફરી પૂછે છે...' શિષ્ય પૂછે છે. 'एवं सति कथं ज्ञानी निरास्रव' સંસ્કૃત છે. ભાન છે 'તો પછી જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે?' વળી તમે કહો છો, ધર્મી જીવ છે, આત્મજ્ઞાન થયું એ તો નિરાસ્રવી છે. વળી તમે (કહો છો કે) જઘન્ય પરિણમન હોય ત્યાં સુધી તો યથાખ્યાત (ચારિત્ર નથી તેથી) ત્યાં સુધી બંધ, આસ્રવ છે.

મુમુક્ષુ :- બે વાત થઈ.

ઉત્તર :- બે વાતને મેળ ખાતો નથી કહે છે.

'તેના ઉત્તરની ગાથા કહે છે :—'

दंसणणाणचरित्तं जं परिणमदे जहण्णभावेण।
णाणी तेण दु बज्झदि पोग्गलकम्मेण विविहेण।।१७२।।

નીચે હરિગીત.

ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,
તેથી જ જ્ઞાની વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૭૨.

ચાર કહ્યા હતાને? ભાઈ! ચાર. મૂળ તો પાઠમાં પાંચ છે. એમાથી ચાર લીધા છે. 'અજ્ઞાન વડે બંધાયેલા મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગરૂપ દ્રવ્યાસ્રવ.' લીધાને. પાંચ લીધા છેને. ૧૬૯માં. એમાંથી એને ખરેખર તો ચાર એ માયલા રહ્યા છે. પણ ક્ષયોપશમ જ્ઞાન છે એટલું પણ ભેગું વર્ણવવું છે જરી. ઓલું ક્ષયોપશમ સમકિત. એથી ક્ષાયિક સમકિતનું પરિણમન જે જોઈએ તે છે નહિ. એટલું. પણ પંચમ આરાના મુનિ છેને? પંચમ આરાના મુનિ છે એટલે તેને ક્ષાયિક સમકિત હોતું નથી. છે ક્ષયોપશમ પણ અપ્રતિહત સમકિત છે. ઈ ક્ષાયિકમાં જઈને ભળવાનો. અજ્ઞાનીને કોઈ વખતે થાય થોડું અને પડી જાય પાછા. એવું આ નહિ. સમ્યગ્દર્શન થઈને પણ વળી વિભ્રમમાં આવી જાય, પરિણામ બદલાઈ જાય, અભિપ્રાય. સમજાણું કાંઈ? ઈ અહીં નથી લીધો. અહીં તો ક્ષયોપશમમાંથી ક્ષાયિક થાય. એ તો એની જાત એવી છેને? એને લીધો છે.

**ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,**
**તેથી જ જ્ઞાની વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૭૨.**

'**ટીકા :— જે ખરેખર જ્ઞાની છે...**' આહા..હા..! આત્મા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવ થયો છે. આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો, વીતરાગ કેવળીએ કહ્યો એવો આત્મા. અજ્ઞાનીઓએ કહેલો આત્મા એ આત્માની એને ખબર નથી. આ તો સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર કેવળી મહારાજ એણે જે આત્મા કોઈ જોયો, પૂર્ણાનંદ સ્વરૂપ અખંડ આનંદગુણનો પિંડ, અનંતભાવવાળું તત્ત્વ અને એ વાળો એ અર્થ—પદાર્થ. આહા..હા..! જેનો ભાવ અનંત છે. ભાવ એટલે ગુણ, ગુણ એટલે શક્તિ અનંત છે. એવા અનંતનું એકરૂપ એવું જે તત્ત્વ એ તો ભગવાને જોયું એવું જ સમ્યગ્દષ્ટિને શ્રદ્ધવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે ખરેખર જ્ઞાની છે તે, બુદ્ધિપૂર્વક (ઈચ્છાપૂર્વક) રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી,...**' અહીં ઈચ્છા એટલે રુચિપૂર્વક. બે અર્થ કરશે હજી આગળ જઈને. રુચિ નથીને ધર્મીને. રાગ થાય ખરો, પણ કરવા જેવો છે એવી રુચિ ધર્મીને હોતી નથી. આહા..હા..! સમજાણું? એક અર્થ ઈ છે. અર્થમાં કહેશે વિશેષ. અહીં તો ઈચ્છાપૂર્વક એટલે રુચિપૂર્વક. રાગ કરવા જેવો છે, શુભભાવ પણ આદરણીય છે અને હિતનું કારણ છે એવી રુચિપૂર્વક રાગ-દ્વેષ-મોહરૂપી આસ્રવભાવનો ધર્મીને અભાવ છે. આહા..હા..! આ બધું ક્યારે

સમજે? એ કરતા વ્રત કરવા માંડે અને અપવાસ કરવા માંડે, થઈ રહ્યું રખડીને મરે પછી ચાર ગતિમાં. મરી ગયો અનંત વાર એવું કરી કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનરૂપી પાડો એના વ્રતના પરિણામને ખાઈ ગયો અનંત વાર. આહા..હા..! સમ્યક્ ચૈતન્યની દૃષ્ટિનો અનુભવ જ નથી એવા જીવને વ્રત અને નિયમના પરિણામ બધા સંસાર ખાતે રખડવાના છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં કાંઈ...

ઉત્તર :- કહે છેને વિશેષ. સમ્યગ્દર્શનમાં જે આત્માનું ભાન થયું એ જીવને રુચિપૂર્વક તો રાગ કરવાનું, શુભરાગ કરવાનો પણ ભાવ હોતો નથી. આહા..હા..! વીતરાગમાર્ગ છેને. વીતરાગમાર્ગમાં રાગની રુચિ ધર્મીને હોતી નથી. આહા..હા..! (રુચિ હોય) તો વીતરાગ માર્ગ રહેતો નથી.

છતાં, 'પરંતુ...' અહીં મૂક્યું હવે. '**ત્યાં એટલું વિશેષ છે...**' જોયું? '**તે જ્ઞાની જ્યાં સુધી જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને અશક્ત વર્તતો થકો...**' ધર્મીને પણ જ્યાં સુધી જ્ઞાનનું જાણવાનું, દેખવાનું અને ઠરવાનું સર્વોત્કૃષ્ટ ભાવે (પરિણમન થતું નથી). આ .... જ્ઞાનને એટલે આત્માની પર્યાયને આત્મામાં એમ કહે છે. એકલું જ્ઞાન એમ નહિ. બધું. જ્યાં સુધી ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનનું પરિણમન, પૂર્ણ શ્રદ્ધાનું, પૂર્ણ શાંતિનું, પૂર્ણ આનંદનું એવું '**સર્વોત્કૃષ્ટ ભાવે...**' સ્યાદ્વાદ માર્ગ વીતરાગનો. બે પડખાં જુદા છેને? પર્યાયમાં, અવસ્થામાં જેટલો ઉત્કૃષ્ટ પરિણમનનો ભાવ નથી ત્યાં સુધી એના પર્યાયમાં જઘન્ય પરિણમન છે. ચાહે તો મુનિ છઠ્ઠે ગુણસ્થાને હોય... આહા..હા..! પણ એની દશાનું પરિણમન તો જઘન્ય છે. સમજાણું? જઘન્ય એટલે? ઓછું, થોડું.

'**એટલું વિશેષ છે...**' અમૃતચંદ્રાચાર્ય (કહે છે), એ જ્ઞાની જ્યાં સુધી આત્માને '**સર્વોત્કૃષ્ટ ભાવે...**' જ્ઞાન એટલે આત્માને. '**સર્વોત્કૃષ્ટ ભાવે...**' પૂર્ણ રીતે આમ દેખવાને, પૂર્ણ રીતે જાણવાને અને પૂર્ણ રીતે આચરવાને '**અશક્ત વર્તતો થકો...**' કર્મને કારણે એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? પણ પોતે પૂર્ણ દેખવાને, જાણવાને, આચરવાને અશક્ત વર્તતો થકો એમ કહ્યું છે. કર્મને લઈને નહિ એમ કહે છે. કમજોરી છે. એ પોતાના આત્માને સર્વ ઉત્કૃષ્ટ ભાવે, સર્વ ઉત્કૃષ્ટ પર્યાયે. ભાવ એટલે પર્યાય. દેખવાને, પૂર્ણ દેખવાને, પૂર્ણ જાણવાને અને પૂર્ણ ઠરવાને '**અશક્ત વર્તતો થકો જઘન્ય ભાવે જ જ્ઞાનને દેખે છે,...**' જોયું? જ-જ છે. જઘન્ય ભાવે એટલે ઘણા જ હલકા, નીચલા ભાવમાં વર્તે છે. એ '**જઘન્ય ભાવે જ જ્ઞાનને દેખે છે,...**' આ જ્ઞાન એટલે આત્મા. આત્માને જઘન્યભાવે '**જાણે છે...**' જઘન્યભાવે સ્થિરતામાં '**આચરે છે ત્યાં સુધી તેને પણ,...**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ હજી છઠ્ઠે જઘન્ય ભાવે દેખે છે અને .. જઘન્ય છે. ઉત્કૃષ્ટ દેખવું બારમે. બધા જઘન્ય ભાવ જ છે હજી. હીણી દશા છેને. આહા..હા..! ક્યાં ચારિત્ર યથાખ્યાત અનંત! એને તો અનંતમે ભાગે છે. પોતે કહે છે કે જઘન્ય ભાવે પરિણમન છે આ દર્શન-જ્ઞાન-ચારિત્રનું મને. પોતાની વાત કરે છે આ. એય..! સાધુ છેને પોતે? આચાર્ય છે. પોતાની વાત કરે છે. આ બધીમાં પોતાની વાત કરે છે ભેગી કે જ્યાં સુધી મારા પરિણમનમાં જઘન્ય પરિણમન છે... આહા..હા..! ત્યાં સુધી મને રાગ છે અને તેથી મને બંધ છે. ઉત્કૃષ્ટ સાધ્ય છે પૂર્ણ કરવાનું. પૂર્ણ ભાવ નથી તેથી એને જઘન્ય જ છે એ ... સમજાણું કાંઈ? બારમામાં જે લીધું ભાઈ! બારમામાં ત્યાં મધ્યમ લીધું છે. ચોથામાં પહેલા સમય સિવાય મધ્યમ. આહા..હા..! અસંખ્ય સમય તો અનુભવમાં ગયા ચોથામાં. પછી બહાર આવ્યો વિકલ્પ છતાં એની દશા પછી મધ્યમ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? અહીં તો ત્રણને જઘન્યપણે છે એમ કીધું છે. ત્રણેય જઘન્ય કીધું છે. એ બીજી અપેક્ષા છે ત્યાં.

મુમુક્ષુ :- એ તો

ઉત્તર :- હા, ઈ કહું છું. ત્યાં મધ્યમ વર્તે છે એમ કહ્યું ત્યાં. ચોથા પછી તરત જ તે. અંતર્મુહૂર્ત અનુભવ થઈ ગયો પછી મધ્યમ દશા છે. ઉત્કૃષ્ટ ત્યાં. અહીં તો ઉત્કૃષ્ટભાવે નથી એમ કીધું છેને? એટલે મધ્યમ લેતા જઘન્ય પોતે જ લીધું છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

**'જ્યાં સુધી જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને અશક્ત વર્તતો થકો જઘન્ય ભાવે જ જ્ઞાનને...'** એટલે આત્માને. આત્માને દર્શનથી થોડા ભાવે દેખે છે, થોડા ભાવે જાણે છે અને થોડા (ભાવે) આચરે છે. **'ત્યાં સુધી તેને પણ,...'** યથાખ્યાત ચારિત્ર પહેલા લીધું છેને? એથી એ કહી ગયા છે, ભાઈ! યથાખ્યાત ચારિત્ર નથી ત્યાં સુધી એનો જઘન્યભાવ છે એમ કીધું. આહા..હા..! આવી વાતું! માંડ-માંડ બે કલાક મળતા હોય, ૨૩ કલાક પાપમાં જતા હોય દુકાન, ધંધા અને ભોગ અને આબરૂ. હવે કલાક સાંભળવાનું મળે. એમાં આવું મળે તો આમાં સમજે શું?

મુમુક્ષુ :- તો કરવું શું?

ઉત્તર :- માટે દરકાર કરવી એમ કહે છે. કરવું શું? જેવી સંસારની દરકાર છે એવી આ દરકાર કરવી. આહા..હા..! ૨૩ કલાક જોદ્ધા મોટા, એક કલાકમાં નબળાઈમાં કેટલું એ જીતી શકે એને? પુરુષાર્થ જોઈએ એને કહે છે. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને પણ વ્યવહારરત્નત્રયના વિકલ્પમાં આવ્યો રાગમાં, પતીત થયો એમ કીધું, પાપમાં આવ્યો એમ કીધું. એઈ..! પુણ્ય-પાપ અધિકારમાં પાપ કીધું. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, ગજબ છે! મહાવ્રતના પરિણામનો રાગ વ્યવહારરત્નત્રય, કહે છે કે પાપ છે. આ નિર્વિકલ્પ આનંદમાંથી

ખસી ગયો અને (રાગમાં) આવ્યો, પતીત થયો છો. છે લખાણ પુણ્ય-પાપ અધિકારમાં છેલ્લે. આહા..હા..!

શિષ્યે પૂછયું, પ્રભુ! આ વ્યવહારરત્નત્રયની વ્યાખ્યા ચાલે એમાં તમે પાપને ક્યાં નાખ્યું? સાંભળ! એ પાપ છે કહે છે. નિશ્ચયથી તો પાપ જ છે. બાપુ! શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એમાંથી ખસ્યો છે, રાગમાં આવ્યો છે એ અશાંતિ છે. શાંતિમાંથી ખસી ગયો છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આવો માર્ગ છે આ. અને જેણે શાંતિને જોઈ છેને સમ્યગ્દર્શનમાં એને તો રાગ અગ્નિ જેવો દેખાય. અજ્ઞાનીને અગ્નિ ન લાગે. કારણ કે કોની સાથે મેળવે એ અશાંતિને? આહા..હા..! અહીં કહે છે કે એ પતીત થયો છે. આહા..હા..!

એ જઘન્ય ભાવે **'આચરે છે ત્યાં સુધી તેને પણ, જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિ...'** ભાષા જુઓ, શું કહે છે? જો એને રાગાદિ ન હોય તો જઘન્ય ભાવની અનુપપત્તિ, જઘન્યભાવની ઉત્પત્તિ જ રહે નહિ. ઉત્કૃષ્ટભાવની ઉત્પત્તિ થઈ જાયે. આહા..હા..! લોજિકથી-ન્યાયથી વાત કરી છે. શું કીધું? કે આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર થયું. નિર્વિકલ્પ હોં વીતરાગી પર્યાય, પણ એ વીતરાગી પર્યાય જઘન્યપણે જો ન હોય તો અન્યથા એ જઘન્યપણું રહી શકે જ નહિ એમ કહે છે. રાગ અંદર છે માટે જઘન્યપણું છે, નહિતર જઘન્યપણું રહી શકે નહિ. ઉત્કૃષ્ટ થઈ જાય એ ભાવ. આહા..હા..! કહો, જયંતિભાઈ! આવું છે સ્વરૂપ. હજી સમજવું કઠણ પડે. ભેજા કાચા, ભેજા મોળા એમાં આ ...

એક ફેરી કહ્યું હતું ભાઈ ઓલા રામજીભાઈએ. ૮૬માં રામજી હંસરાજ. મહારાજ! આ ઝીણી વાતું બહુ. કીધું આ ખોરાક કોરો ખાતો હોય તો મેસુબ ખાવા માટે જઠર તૈયાર નથી કરતો? તૈયાર કરો. ૮૬ની વાત છે. રામજી હંસરાજ. તે દિ' તો એની પાસે દસ લાખ રૂપિયા હતા. અત્યારે તો ત્રણ, ચાર, પાંચ કરોડ થઈ ગયા. રામજી હંસરાજ કામાણી. તે દિ' દસ લાખ ૮૬માં. આવ્યા હતા ત્રણે ભાઈઓ. બે ભાઈઓ હતા. આ વાત આવી પચાવવી મુશ્કેલ પડશે. આ રોટલા ખાતા હોય એને મેસુબ ખાવાનું મન નથી થતું? એ વખતે એમ કહે કે મેસુબ હવે પચાવી નહિ શકાય? શેઠ! સાલમપાક નથી થતો સાલમપાક? સાલમ-સાલમ થાય છેને? .. બહુ ઊંચો શિયાળામાં કરે. એ ખાવા માટે પચાવે છે કે નહિ? વીતરાગ માર્ગ છે આ. પહેલી સમ્યગ્દર્શનમાં આ વાત પચાવવી જોશે. એ વિના આગળ ચાલશે નહિ. વ્રત પાળ્યા છે અને અપવાસ કર્યા છે. એ તો અજ્ઞાનપણે ખાઈ ગયો. પાડો અજ્ઞાન ખાઈ ગયો બધાને. સમજાણું કાંઈ?

પરમાત્મા ત્રિલોકનાથનો દિવ્યધ્વનિમાં મોટે અવાજે પોકાર છે. પ્રવચનસારમાં આવે છેને ભાઈ છેલ્લે? જોરદારથી અવાજ છે. આહા..હા..! કળશમાં છે. આહા..હા..! બે વાર આજે આજે એમ કહ્યું છે. અહીં કહે છે, જો એને રાગ ભાગ ન હોય અને રાગનું બંધન ન

હોય તો જઘન્યભાવ રહી શકે જ નહિ. સમજાણું કાંઈ?

**'ત્યાં સુધી તેને પણ,...'** આવા મુનિને પણ. આહા..હા..! ત્રણ ભેગા લીધા છેને? દર્શન-જ્ઞાન-ચારિત્ર. **'જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિ વડે...'** આહા..હા..! સમજાણું કાંઈ? થોડા ભાવની અન્યથા અનુપપત્તિ. થોડો ભાવ અન્યથા આવે જ નહિ. થોડો ભાવ છે માટે રાગ આવે છે એમ કહે છે. અને રાગ આવે છે માટે એને બંધ છે. આહા..હા..! એવો માર્ગ વીતરાગનો સૂક્ષ્મ માર્ગ બહુ. શ્રીમદ્દે કહ્યું છેને 'મહાવીરના બોધનો પાત્ર સૂક્ષ્મનો અભિલાષી. સૂક્ષ્મ બોધનો અભિલાષી.' ભગવાન આત્મા અરૂપી સૂક્ષ્મ, એની પર્યાય સૂક્ષ્મ. પુણ્ય-પાપના ભાવ તો અતિ સ્થૂળ. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભરાગ એ તો અત્યંત સ્થૂળ. એનાથી પર્યાય સૂક્ષ્મ અને એનાથી દ્રવ્ય તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ. આહા..હા..! એવો માર્ગ છે, બાપુ! જન્મ-મરણથી રહિત થવાને માટે (આ માર્ગ છે). ચોર્યાશીના અવતાર મરી ગયો કરી કરીને. પણ કોઈ દિ' એને એની પોતાની દયા (આવી નહિ). અરે..! હું ક્યાં છું? આ શું કરું છું? મારું શું થશે? ત્યાં કોઈ સાલ નાખે એવું નથી આ બહારની આબરૂ. પોપટભાઈ! પૈસા-બૈસા સાલ નાખે એવું છે ત્યાં? કે આ કરોડપતિ છે, આ અબજપતિ છે.

મુમુક્ષુ :- એકલું અહીં દુઃખતું હોય તો સાલ નાખે.

ઉત્તર :- સાલ નાખે અહીં પેટમાં.. અમારે ભાઈ શાંતિભાઈ હમણા કહેતા હતા બૈરાને હમણા દુઃખતું હતું કાંઈ જોવાતું નહોતું. શાંતિભાઈ! શું કરી શકે છે કોઈ? જોવે કે આ પીડાય છે. આહા..હા..! એવી આપણામાં કહેવાત છે કે બહુ દુઃખ હોયને પછી જોતું હોય તો કહે ભાઈ! આહા..હા..! પાપ આણે કર્યા હશે, બકરીનો કાન જાલ્યો હશે. બકરીનો કાન જાલ્યો હશે અને આણે કાપ્યો હશે એટલે આ દુઃખ આપણને જોવા મળ્યું. એમ કહે છે હોં. ગીરધરભાઈ! આહા..હા..! ભાઈ! તારા મારગડા પ્રભુ એ સાધારણ માણસનું કામ નહિ એવી ચીજ છે. આહા..હા..!

કહે છે, મુનિને પણ શાંતિ પ્રગટી છે અમુક ભાગની, પણ પૂર્ણ અનંતી શાંતિનું પરિણમન નથી તેથી એને જઘન્યભાવે પરિણમન છે એમ સાબિત થાય છે એમ કહે છે. નહિતર એ રાગનો વિકલ્પ ઉઠે, ઉત્કૃષ્ટભાવમાં એ ભાવ ક્યાંથી હોય? જો ઉત્કૃષ્ટ ચારિત્રની રમણતા થઈ ગઈ તો એ રાગ ક્યાંથી હોય? એટલે ચારિત્રની રમણતા સંતને પણ જઘન્ય છે. આહા..હા..! અરે..! સાતમે પણ હજી સર્વોત્કૃષ્ટ ભાવ નથી. ફટ પલટીને વિકલ્પ આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કો'કને માટે ક્યાં છે? આ તો વસ્તુની સ્થિતિને માટે છે. આમાં પક્ષાપક્ષ પણ ક્યાં છે અને આમાં કોઈ ચીજ પણ ક્યાં છે? આહા..હા..! એના હિતની વાતું છે, બાપુ!

મુમુક્ષુ :- જઘન્ય છે..

ઉત્તર :- હા, જઘન્ય ભાવ ત્યાં સુધી. ઉત્કૃષ્ટભાવ તો ક્ષાયિક થઈ જાય ત્યારે. આહા..હા..!

કહે છે, જઘન્ય એટલે હીણાપણે જ્ઞાનને દેખે છે એનું કારણ '**જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિ...**' છે. એમાં હીણાપણું છે એવું ન હોય તો જઘન્યપણું એને રહે જ નહિ. ઉત્કૃષ્ટ ભાવમાં જઘન્યપણું આવે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ રાગનો કર્તા અને ભોક્તા પણ જીવ છે. સમકિતી જીવ છે. પરિણમનમાં રાગ છે, પૂર્ણ વીતરાગતા નથી. એનો કર્તા અને ભોક્તા જીવની પર્યાય જીવ કરે છે એમ માને છે સમકિતી. સમજાણું કાંઈ? જાણે છે. આહા..હા..! ઘણી વાતું કરી એકદમ પહેલી ગાથાઓમાં. દ્રવ્યકર્મનો ઉદય નવા કર્મનું બંધનું નિમિત્ત થાય, પણ કોને? કે જે અજ્ઞાની રાગ-દ્વેષ-મોહ કરે એને. પાછું ફેરવ્યું જ્ઞાનીમાં કે જ્ઞાનીને પણ આત્મજ્ઞાન ને દર્શન ને ચારિત્ર થયું છતાં એને પૂર્વના કર્મનો ઉદય નવાને બંધ થાય ક્યારે? કે એની હીણી દશામાં રાગ-દ્વેષ કરે ત્યારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાગ એને નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય વાત આવી ગઈ. પહેલી ગાથામાં અજ્ઞાની આવ્યો. જેને અંતરદૃષ્ટિ ખીલી નથી અને એકલી પર્યાય અને રાગબુદ્ધિ પડી છે... આહા..હા..! એ જીવના રાગ, દ્વેષ અને મિથ્યાત્વભાવ જૂના કર્મને એ પરિણામ નિમિત્ત થાય તો એ જૂનું કર્મ નવાને નિમિત્ત થાય. જો રાગ-દ્વેષ-મોહ ન કરે તો એ જૂનું કર્મ નિમિત્ત ન થાય અને નવા કર્મ એને આવે નહિ. પછી જ્ઞાનીનું લીધું. એને લીધો હવે. અસ્થિરતાનો રાગ હવે આવ્યો.

ધર્મી જીવને પણ જૂના કર્મ તો પુદ્‌ગલ પૃથ્વી પિંડ જેમ પડ્યા છે, પણ એનો ઉદય આવતા એ નવા કર્મનું બંધનનું કારણ થાય. કોને? કે જેને એ રાગ હજી બાકી રહ્યો એ કરે છે એને. રાગ કરનારો સમકિતી. રાગ કરે છે, પરિણમે છે એ રાગ જૂનાને નિમિત્ત થાય છે, જૂનું નવાને નિમિત્ત થાય છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? વાતું કરવી ઝીણી અને સમજાય છે એમ કહેવું પાછું. સમજાય છે? એય..! બાપુ! માર્ગ એવા છે, ભાઈ! એણે માન્યા છેને બીજી રીતે એટલે એને ખ્યાલમાં આવતો નથી. વીતરાગ આ તો ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ કેવળી પરમાત્મા એનું આ કહેલું તત્ત્વ છે, ભાઈ! આ કોઈ અજ્ઞાનીએ કે અલ્પજ્ઞાનીનું કહેલું નથી. આહા..હા..! ભાઈ! તારી જઘન્ય પરિણતિ છે. એમ સૂચવે છે કે ત્યાં રાગ છે એમ કહે છે. જો રાગ ન હોય તો જઘન્ય દશા હોઈ શકે નહિ. આહા..હા..! શેઠ!

'**જેનું અનુમાન થઈ શકે છે એવા અબુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો સદ્‌ભાવ**

**હોવાથી,...**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને, મુનિને પણ હોં ચારિત્રમાં. આહા..હા..! એ રાગનો ભાગ '**અનુમાન થઈ શકે છે એવા અબુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો સદ્ભાવ...**' છે. આહા..હા..! રાગ ભાગ એ કર્મકલંકનો પાક છે. આહા..હા..! એ શુભરાગ આવે એ પણ કર્મકલંક છે. સમજાણું કાંઈ? એથી '**અનુમાન થઈ શકે છે એવા અબુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો સદ્ભાવ હોવાથી,...**' એટલે કે એની પર્યાયમાં કર્મના પાકનો રાગ આદર થઈ ગયો છે એટલે રાગ થાય છે. આહા..હા..! એ '**પુદ્ગલકર્મનો બંધ થાય છે.**' એવા ધર્મી જીવને પણ રાગના ભાગની હયાતી જઘન્ય ભાવ વિના ન હોય, માટે તે રાગભાવ કર્મકલંક છે એનાથી ધર્મીને બંધન થાય છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? હિંમતભાઈ! ઓલા લોઢામાં તો કાંઈ બુદ્ધિ પોગાડવી પડે નહિ. ક્યાં ગયા પ્રવિણભાઈ? આહા..હા..! આ પ્રવિણભાઈ આ બેઠા. એ તો બરાબર .. નાખે છે. આહા..હા..! હુશિયાર છે. શું .. પૂછ્યું હતું રસ્તામાં. કાંઈક પૂછ્યું હતું. શું પૂછ્યું હતું ભાઈ રસ્તામાં?

મુમુક્ષુ :- કાર્યપરમાત્મા...

ઉત્તર :- હા, હા. આ કાર્યપરમાત્મા એ પર્યાય કેમ? એ પૂછ્યું હતું. પછી એમ કીધું હા, એ તો અરિહંતની દશા છેને. દશા છેને. દશા છે માટે કાર્ય એમ. ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય નથી. અરિહંતની દશા છે એમ કહ્યું હતું હોં એણે પાછું. હા, અરિહંતની દશા છેને. દશા એટલે પર્યાય છે. કેવળજ્ઞાનની પણ દશા છે, પર્યાય છે. એ ક્યાં ત્રિકાળી ગુણ અને દ્રવ્ય છે? એટલે પર્યાયને કાર્યપરમાત્મા કહ્યો છે અને દ્રવ્યને કારણપરમાત્મા કહ્યો છે. સમજાણું કાંઈ? લખે છે, થોડું-થોડું લખે છે. આત્મા છે એમાં ક્યાં? ઉંમરનું ક્યાં કામ છે એને? અને એમાં કોઈ બહુ ભણતરનું પણ કામ નથી. એની દૃષ્ટિનું કામ છે. આહા..હા..!

કહે છે કે એનું અનુમાન જઘન્ય ભાવ, થોડો ભાવ નિર્મળ છે, નિર્મળ થોડો ભાવ પરિણમ્યો છે એનું અનુમાન (થાય છે) કે એને રાગ છે. કેવો? કર્મ કલંકરૂપી રાગ છે તેથી જઘન્ય ભાવે જ છે એમ અનુમાન થઈ શકે છે અને તેથી.. આહા..હા..! સમય-સમયની વાત પકડી છે. કાંડા ઝાલ્યા છે આ તો. ઊભો રહે. રોગ છે તને રાગનો. આત્માનુભવપૂર્વક સમ્યક્ચારિત્ર અંદર આનંદનો નાથ થઈ ગયો તોપણ કહે છે કે હજી રાગ ભાગ છે એથી તારા પરિણમનમાં કમી છે. કમી છે એ અનુમાન થાય છે કે તને રાગ કર્મકલંક છે. ચેતનજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ વળી સંસ્કૃતના જાણનાર.

મુમુક્ષુ :- ..તો રાગ છે.

ઉત્તર :- છે. એ પહેલામાં આવ્યું હતું. પહેલા ભાગમાં એમ કે આમાં આ અજ્ઞાનીની વાત છે. પહેલું.. ભલે પાઠમાં કહ્યું નથી પણ એ અજ્ઞાનીની વાત છે એમ કહ્યું. નીકળે

છે. આહા..હા..!

એને **'પુદ્‌ગલકર્મનો બંધ થાય છે.'** આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને પણ સાત કર્મનો બંધ તો નિરંતર થાય છે. આહા..હા..! મુનિ આત્મધ્યાની જ્ઞાની શાંતિ પ્રગટી છે અંદર. એને પણ રાગના ભાગે સાત કર્મ બંધાય છે, કોઈ વખતે આઠ બંધાય છે. સમજાણું કાંઈ? છઠ્ઠા ગુણસ્થાને મુનિ ધ્યાની આનંદમાં રહેનારા. ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું. અને સાતમે પણ અબુદ્ધિપૂર્વકનો રાગ છે તો સાત કર્મ બંધાય છે. આયુષ્ય વખતે આયુષ્ય બંધાય. આ સાત તો નિરંતર. રાગ છેને? આહા..હા..! ભગવાન! તું તો અબંધસ્વરૂપી છોને. તો તારા પરિણામ અબંધના પૂરા હોવા જોઈએ. તો તને બંધ ન થાય એમ કહે છે. સમજાણું કાંઈ?

**'માટે ત્યાં સુધી જ્ઞાનને દેખવું,...'** જ્ઞાન એટલે? આત્મા. ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો ગાંઠડો પ્રભુ છે. એ આત્મા એટલે અતીન્દ્રિય આનંદ એની ગાંઠડી છે. ખોલ એ પ્રમાણે નીકળશે એમાંથી. આહા..હા..! મિથ્યાદૃષ્ટિએ તાળા માર્યા છે નિધાનના. રાગની ક્રિયા મારી છે એમ માનીને એને તાળા માર્યા સ્વભાવ સાથે. એથી એનું નિધાન તાળા મારેલું બંધ છે મિથ્યાદૃષ્ટિને. એ પુણ્યના પ્રેમમાં પુણ્ય પણ આદરણીય છે અને એ મને સુખનું કારણ છે અથવા એ કાંઈ નથી એમ માનનારા મિથ્યાદૃષ્ટિને તો મિથ્યાત્વના તાળા પડ્યા છે અંદર નિધાન ખોલવાના. આહા..! જ્ઞાનીને તાળા ખુલી ગયા છે અંદરથી. રાગની એકતા તૂટી ખુલ્યા છે, પણ છતાં હજી પૂર્ણ ભાવે એને જોયું (નથી), જોવાની જાગૃતિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'માટે ત્યાં સુધી જ્ઞાનને...'** એટલે આત્માને **'દેખવું, જાણવું અને આચરવું...'** ત્યાં સુધી આચરવો કે જ્યાં સુધીમાં એમ. જ્ઞાનનો જેવડો પૂર્ણ ભાવ એટલે આત્માનો **'જેવડો પૂર્ણ ભાવ છે તેવડો દેખવામાં, જાણવામાં અને આચરવામાં બરાબર આવી જાય.'** આહા..હા..! **'માટે ત્યાં સુધી...'** ભગવાન આત્મા ધ્રુવને ત્યાં સુધી જોયા કરવું, જાણવું, ઠરવું કે જ્ઞાનનો જેવડો એટલે આત્માનો જેવડી પર્યાયનો પૂર્ણ ભાવ છે એવડો દેખવામાં, જાણવામાં ન આવે ત્યાં સુધી. આહા..હા..! ત્યાં સુધી અંદર સ્વરૂપમાં, આચરણમાં, સ્વરૂપમાં આચરણમાં, સ્વરૂપમાં ઠર્યા કરવું એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, છગનભાઈ! આવો માર્ગ, ભાઈ! ભડકે બિચારા હોં. સંપ્રદાયવાળાને, નવા આવે એને એમ થાય કે હવે આ તે વીતરાગનો માર્ગ હશે આ? આ તે તીર્થંકરનો માર્ગ હશે? આવું તો આપણે સાંભળતા જ નથી. બાપુ! માર્ગ તો ભગવાનનો આ છે, ભાઈ! તને સાંભળવા ન મળ્યો એટલે કાંઈ માર્ગ બીજો થઈ જાય? અનંતા કેવળીઓ થયા. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સીમંધર ભગવાન તો મોજૂદ બિરાજે છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. એની પાસેથી આવેલી આ વાત છે. આહા..હા..!

'ત્યારથી સાક્ષાત્ જ્ઞાની થયો થકો...' લ્યો! ત્યારે સાક્ષાત્ જ્ઞાની (થયો). ઓલો જ્ઞાની તો હતો ચોથે, પાંચમે, છઠ્ઠે, પણ પૂર્ણ થાય ત્યારે સાક્ષાત્ જ્ઞાની થયો. એનો કાંઈક શબ્દ આવશે હવે. નીકળતા નીકળે ત્યારે ખબર...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૨, સોમવાર, તા. ૦૫-૦૨-૧૯૭૩
## ગાથા-૧૭૨, પ્રવચન-૩૦૬

આસ્રવ અધિકાર. ૧૭૨ ગાથાનો ભાવાર્થ. પૂરો થઈ ગયો છે પહેલો પેરેગ્રાફ. થોડું ઉતાવળથી લેવાણું હતું એક-બે લીટી નહિ? વચમાંથી લ્યો ચાર લીટી છેને પાંચમી લીટી? **'માટે તેને એમ ઉપદેશ છે...'** કોને? કે જેને અંતરદૃષ્ટિ સમ્યગ્દર્શન થયું છે એને હજી અબુદ્ધિપૂર્વક, રુચિપૂર્વક નહિ, પણ અબુદ્ધિપૂર્વક એને રાગ-દ્વેષના ભાવ રહ્યા છે. એને ટાળવા માટે એવો ઉપદેશ છે **'કે—જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે...'** પૂર્ણ કેવળદશા જ્યાં સુધી ન ઉપજે, **'ત્યાં સુધી જ્ઞાનનું જ નિરંતર ધ્યાન કરવું,...'** જ્ઞાન શબ્દે આત્મા. શુદ્ધ આત્મા જ્ઞાયક ચૈતન્ય એવો સમ્યગ્દર્શન ભાવ પ્રગટ થયા હોવા (છતાં) પણ રાગ-દ્વેષના ભાવો તો છે. અસ્થિરતાના બુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ છે. અબુદ્ધિપૂર્વક છઠ્ઠા ગુણસ્થાન સુધી. ચોથેથી તે છઠ્ઠા સુધી અસ્થિરતાના, ચારિત્રની અપેક્ષાએ બુદ્ધિપૂર્વક છે, દૃષ્ટિની અપેક્ષાએ અબુદ્ધિપૂર્વક છે. એમ છે. સમજાય છે કાંઈ?

ફરીને. આત્મા ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ (છે) એવું જેને અંતરમાં ભાન થયું છતાં એને, રુચિપૂર્વકના કરવા જેવા છે એવા રાગ-દ્વેષ ભાવ હોય નહિ એને, પણ અસ્થિરતાપૂર્વકના રાગ-દ્વેષ તો એને હોય છે. સમજાણું કાંઈ? એને ઉપદેશ છે કે.. એને ઉપદેશ છે સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાનીને છઠ્ઠા ગુણસ્થાન સુધી **'કે—જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે...'** પૂર્ણ દશા ન થાય **'ત્યાં સુધી જ્ઞાન...'** એટલે આત્માનું **'નિરંતર ધ્યાન કરવું,...'** સદા દૃષ્ટિનો વિષય ધ્રુવ ચૈતન્યનું જ ધ્યાન કરવું. સમજાણું કાંઈ? પૂર્ણ આનંદ જે એક સમયની પર્યાય વિનાનું તત્ત્વ એનું સદા નિરંતર તે તરફનું ધ્યાન કરવું.

**'જ્ઞાનને જ દેખવું,...'** એટલે ઉત્કૃષ્ટ વસ્તુ જે સ્વભાવ ચૈતન્ય આનંદ પૂર્ણ એને દેખવું. એને જ જાણવું અને એને જ આચરવું. વસ્તુ પૂર્ણ આનંદનું ધામ એનો અનુભવ હોવા

છતાં સમ્યગ્દૃષ્ટિને ત્યાં સુધી ઉપદેશ છે કે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી તારે આત્માનું ધ્યાન કરવું. એ ધ્યાનના પ્રકાર પાડ્યા. દેખવું, જાણવું અને ઠરવું. આહા..હા..! ભારે ઝીણું! હવે આ કરવું શું? વ્રત કરવા, તપ કરવા એનાથી આ કેવળજ્ઞાન થાય? એ આત્મા દ્રવ્ય ચૈતન્યસ્વરૂપમાં જે નબળાઈને લઈને રાગ-દ્વેષના ભાવ છે એ દુઃખ છે, આકુળતા છે, ક્લેશ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલા સુધી ન ગયું આઘું. બાકી ઘોર સંસારનું મૂળિયું છે શુભભાવ. જ્ઞાનીને પણ. આહા..હા..! અજ્ઞાનીની તો વાત શી કરવી? એની વાત નથી. એને તો આખો મિથ્યાત્વભાવ છે એ તો ઘોર સંસાર પડ્યો જ છે એને તો. એ તો પડ્યો જ છે, એ તો એકત્વ છે એમાં એને વળી દુઃખનું કારણ છે. અહીં આનંદનું કારણ ઉઘડ્યું હોય એને દુઃખનું કારણ જણાય. જેણે અંતરની શાંતિ જોઈ હોય એને રાગભાવ દુઃખરૂપ લાગે. એને રાગમાં અશાંતિ દેખાય, એને રાગમાં ભઠ્ઠી દેખાય. અરે..! ગજબ વાત છેને! અજ્ઞાનીને રાગની ભઠ્ઠી દેખાય નહિ. કેમકે એણે શાંતિ તો જોઈ નથી. કહો, શાંતિભાઈ! આહા..હા..!

અને તે રાગને ત્યાં સુધી ટાળવાનો પ્રયત્ન કરવો કે કેવળજ્ઞાન થાય ત્યાં સુધી. ટાળવાનો પ્રયત્ન કરવો એમ ન કહ્યું, પણ અસ્તિથી વાત લીધી. આત્મા ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદમાં ધ્યાન એટલે વારંવાર એમાં એકાગ્રતા. ઉત્કૃષ્ટ ભાવ જ્યાં સુધી ન પ્રગટે ત્યાં સુધી દ્રવ્યને જ જોવું, એ દ્રવ્યને જ જાણવું અને દ્રવ્યમાં જ આચરણ કરવું.

'**આ જ માર્ગે...**' જોયું? વચ્ચે રાગાદિ આવે વ્યવહાર વ્રતાદિનો તો એ માર્ગે મુક્તિ નથી, એ તો દુઃખરૂપ ભાવ છે. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને મુનિ તેને પંચ મહાવ્રતના વિકલ્પો, ભગવાનની ભક્તિ તો આવે, પણ છે દુઃખરૂપ. આહા..હા..! એને ટાળવા માટે એમ ન કહેતા સ્વરૂપને દૃષ્ટિમાં, ધ્યાનમાં વારંવાર લઈ અને એને દેખવું, જાણવું અને આચરવું. એ જ માર્ગે, '**આ જ માર્ગે દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન વધતું જાય છે...**' લ્યો! ગીરધરભાઈ! આ આત્મા આ. આહા..હા..! જ્ઞાનનો અર્થ જ આ. જ્ઞાયક ચિદાનંદ પ્રભુ જે દૃષ્ટિમાં આવ્યા છતાં કમજોરીને કારણે રાગ-દ્વેષ છે એને ઉપદેશ છે, એને ઉપદેશ છે એમ કહે છે. વારંવાર દ્રવ્યસ્વરૂપ ભગવાન આનંદસ્વરૂપ એને જોવું, દેખવું અને ઠરવું. '**આ જ માર્ગે દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન વધતું જાય છે...**' લ્યો! આ રસ્તે અંદર દર્શન દેખવું વિશેષ, જાણવું અને ઠરવું એમ વધતું જાય છે.

'**અને એમ કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે.**' આમ કરતાં-કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે. વ્રતાદિના અને બહારના વિકલ્પ કરતાં-કરતાં (પ્રગટે છે એમ નથી). એ તો બંધ છે. ઝીણી વાત છે. એને પહેલી સમજમાં લેવી એ જ મહાદુર્લભ છે. વ્યવહારરૂપ સમજહોં હજી. પરલક્ષી સમજ. સમજાણું કાંઈ? અને એમાં પછી અંતર ઉતરવું, એ ઉતર્યા પછી પણ

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે હીનતા છે તે માટે આમ વધ્યા કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો ઠેઠથી ઠેઠ વાત છેને. ચોથાથી તે કેવળ લેવાની વાત છે. વસ્તુનો માર્ગ જ આ છે.

**'આ જ માર્ગે દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન વધતું જાય છે અને એમ કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે. કેવળજ્ઞાન પ્રગટે ત્યારથી આત્મા સાક્ષાત્ જ્ઞાની છે...'** આ ઉતાવળથી લેવાણું હતું કાલે. સાક્ષાત્ જ્ઞાનીનો અર્થ આ. જ્ઞાની તો છે ચોથેથી, પણ સાક્ષાત્ જ્ઞાની એટલે હવે વધવાનું રહ્યું નહિ. પૂર્ણ જ્ઞાની એનું નામ સાક્ષાત્ જ્ઞાની. આહા..હા..! સાક્ષાત્ જ્ઞાની એને તેરમે ગુણસ્થાનમાં કહેવામાં આવે છે. આહા..હા..! ત્યાં સુધી, બારમા ગુણસ્થાન સુધી પણ હજી અજ્ઞાન છે. જ્ઞાનની પૂર્ણ દશાનો એમાં અભાવ છે. બારમે ગુણસ્થાને. આહા..હા..! અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન એમ નહિ. અધૂરું, હીન. આમાં ઓલા જઘન્યમાં ભાઈ હીણ લખ્યું છે. ટીકામાં હીણું અથવા સકષાયવાળો. એટલે ત્યાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટની અહીં વાત નથી. અહીં તો હીણું અને પૂરું બસ. સકષાયવાળું અને અકષાયવાળું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શેમાં લખ્યું છે?

ઉત્તર :- આ ટીકા જયસેનાચાર્યની. જયસેનાચાર્યની. જયસેનાચાર્યની ટીકા. આજે જોયું હતું. જરી ઓલો પાછો જઘન્યનો પ્રશ્ન ઉઠ્યો હતોને. એટલે હમણા જોયું હતું હોં હમણા જ તે પાછું દોઢ વાગે. કેટલામું? કેટલામી છે આ ગાથા? ૧૭૨. બીજા બે અર્થ કર્યા છેને. એક મિથ્યાદષ્ટિનો. રુચિ છે રાગની અને બુદ્ધિ છે પર્યાય ઉપર. એને જઘન્ય મિથ્યાદષ્ટિ ગુણાત. એણે ઈ કર્યું છે અને જઘન્યનું હીન. એ ૧૭૧માં. **'जहण्णादो णाणगुणादो'** છેને? જયસેનાચાર્યે બે અર્થ કર્યા છે. **'जहण्णादो अण्णत्तं णाणगुणो'** જઘન્ય અજ્ઞાની છે એવો અર્થ કર્યો. ટીકામાં એમ છે. પાઠમાં ફેર છેને. **'णाणदंसणगुणेहिं'** પાઠમાં છેને **'णाणदंसणगुणेहिं'**, એને ઠેકાણે અજ્ઞાન દર્શનગુણે એ મિથ્યાદષ્ટિ લીધળજ્ઞ. આહા..હા..! અને સમ્યગ્દર્શનમાં જઘન્યાત એટલે હીન, બીજો શબ્દ **'सकषायो ज्ञानगुणो भवति'**. ભાઈ! એટલે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ અહીં નથી લેવું. અહીં તો સકષાયવાળું જ્ઞાન છે. સમકિતીને પણ રાગવાળું છે અને હીણું છે. એને અંતરમાં વારંવાર ધ્યાન કરીને એને પૂરું કરવું. શેઠ! આવી વાતું છે. આહા..હા..! એમાં કોઈ પરની મદદ નથી, એમાં વિકલ્પની મદદ નથી. આહા..હા..! આ તે કંઈ વાત છે! સમજાણું કાંઈ? એક સાથે લીધું છે હોં. **'यथाख्यातचारित्रात्पूर्वं जघन्यो हीनः'** એમ. જોયું? ટીકા છે. **'यथाख्यातचारित्रात्पूर्वं जघन्यो हीनः सकषायो ज्ञानगुणो भवति।'**. આહા..હા..! પાછળથી લીધું જરી. ૧૭૨માં લીધું છે. **'तज्जघन्यभावेन सकषायभावेन'** એમ. **'तज्जघन्यभावेन सकषायभावेन'**. એ તો હમણાં દોઢ વાગે જોયું. હીણાનો પ્રશ્ન થયો હતોને

જઘન્ય છે...

સાક્ષાત્ જ્ઞાની થાય છે. કેવળજ્ઞાન થાય ત્યારે સાક્ષાત્ જ્ઞાની (થાય છે એમ કહે છે). અધૂરે માની લે નહિ પૂરું કે ઓહો..હો..! આપણને તો થઈ ગયું. સમજાણું કાંઈ? પર્યાયમાં પામરતા છે કેવળજ્ઞાનની અપેક્ષાએ. એ (ઉત્કૃષ્ટ ભાવ) વસ્તુના સ્વભાવને ઉત્કૃષ્ટપણે દેખતા, જાણતા, ઠરતા એ પ્રગટ થાય છે (અને) હીણપણા કષાયના ભાવનો અભાવ થાય છે. અધિકપણું .. જ્ઞાન .. થાય છે. આહા..હા..! **'અને સર્વ પ્રકારે નિરાસ્રવ છે.'** આ શબ્દ પડ્યો છે બાકી. સર્વ પ્રકારે નિરાસ્રવ. એમ કેમ કહ્યું? કે પહેલા તો મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષના (ભાવ) ગયા હતા એ અપેક્ષાએ એને નિરાસ્રવ કહ્યો હતો, પણ હજી એને અસ્થિરતાના રાગ-દ્વેષનો આસ્રવ હતો. આહા..હા..! એ અહીં સર્વ પ્રકારે નિરાસ્રવ થયો. દૃષ્ટિની અપેક્ષાએ થયો અને અસ્થિરતાની અપેક્ષાએ પણ થયો. આહા..હા..! ભારે આવી વાતું ભાઈ એને. આહા..હા..! આ ધર્મને કરવા માટે આવું બધું જાણવું પડતું હશે? આહા..હા..!

**'જ્યાં સુધી...'** હવે બીજો પેરેગ્રાફ. **'જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે...'** લ્યો! ક્ષાયોપશમિક એટલે બારમા ગુણસ્થાન સુધી. આહા..હા..! **'ત્યાં સુધી અબુદ્ધિપૂર્વક (અર્થાત્ ચારિત્રમોહનો) રાગ હોવા છતાં, બુદ્ધિપૂર્વક રાગના અભાવની અપેક્ષાએ જ્ઞાનીને નિરાસ્રવપણું કહ્યું...'** જુઓ, આ બે વિવક્ષા કેમ કહી? એમ કહે છે. ઘડીકમાં એમ કહે કે સમ્યગ્દર્શન થયું એટલે આસ્રવરહિત, બંધરહિત (થઈ ગયો). વળી કહે કે જ્યાં સુધી વીતરાગતા અને કેવળજ્ઞાન પૂર્ણ ન પ્રગટે ત્યાં સુધી આસ્રવવાળો અને બંધવાળો (છે). સમજાણું કાંઈ? કહે છે કે **'જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે...'** વિકાસ થોડો છે અને ઉદય પણ ભેગો છે. **'ત્યાં સુધી અબુદ્ધિપૂર્વક (અર્થાત્ ચારિત્રમોહનો) રાગ હોવા છતાં, બુદ્ધિપૂર્વક રાગના અભાવની અપેક્ષાએ...'** રાગનો પ્રેમ નથી, રાગની રુચિ નથી, રાગ ઠીક છે એમ (માનતો નથી), રાગને રોગ જાણે છે, ઠીક માનતો નથી. આહા..હા..! બુદ્ધિપૂર્વક નામ રુચિપૂર્વક નામ પ્રેમપૂર્વકના રાગના અભાવની અપેક્ષાએ ધર્મીને નિરાસ્રવપણું કહ્યું.

**'અને અબુદ્ધિપૂર્વક રાગનો અભાવ થતાં...'** હવે અસ્થિરતાનો રાગ જે છે એનો અભાવ થતાં **'અને કેવળજ્ઞાન પ્રગટતાં સર્વથા નિરાસ્રવપણું કહ્યું.'** સર્વ પ્રકારે હતું એને અહીં સર્વથા (કહ્યું). આહા..હા..! જયચંદ્ર પંડિતે પણ બહુ ભર્યું છે. **'આ, વિવક્ષાનું વિચિત્રપણું છે.'** કહેવા માગેલા ભાવને, કહેવા માગેલી ધારણાને કઈ અપેક્ષાએ કહેવું છે એ વિવક્ષાનું વિચિત્રપણું છે. એક જ પ્રકાર પકડીને બેસે એમ છે નહિ. આહા..હા..! વિવક્ષા એટલે કહેવા માગેલો ભાવ. શું કહેવા માગે છે તે વિવક્ષાનું વિચિત્રપણું છે. દૃષ્ટિની અપેક્ષાએ નિરાસ્રવ કહ્યો, અસ્થિરતાની અપેક્ષાએ સાસ્રવ કહ્યો. અસ્થિરતા ટળે ત્યારે સર્વથા નિરાસ્રવ કહ્યો. શાંતિભાઈ! આહા..હા..! બાળપોથી છેને આપણી? એનો વિરોધ આવ્યો છે બહુ જૈન

ગેજેટમાં. મેં કીધું આ તો છે એવી વાત. બાળપોથી છે એમ કે વિષેલું. શું કીધું? વિષેલું સાહિત્ય છે, ઝેરીલું સાહિત્ય છે. .. એ આત્મા થઈ ગયો એને. ઈ જ આત્મા થઈ ગયો હવે એને ના પાડવી? .. આત્મા નહિ.. આહા..હા..! સમજાણું કાંઈ? આ રીતે કહેવામાં આવે છે.

**'અપેક્ષાથી સમજતાં એ સર્વ કથન યથાર્થ છે.'** પાછી અપેક્ષાથી સમજતા. એક જ તાણે કે જ્ઞાનીને રાગ નથી. સમજાય છે? આહા..હા..! શું થાય? પ્રશ્ન આવ્યો છેને ભાઈ! એમાં એ લખ્યું છેને એમ કે ધર્મીને છઠ્ઠા ગુણસ્થાને... સુમેરુમલનો પ્રશ્ન. ત્યાં ચર્ચાતો હશેને એ લોકોમાં. સુમેરુમલ છેને. કાગળ આવ્યો હતોને એનો? એ એમ જાણે કે આ વિશેષ ... એમ કે મુનિને ત્રણ રત્નત્રય છે છઠ્ઠે એને રાગનું વેદન મુખ્ય નથી. મુખ્ય આ વેદન છે અને ત્રણ રત્નત્રયની પર્યાય એ તો ઓલાને છેદે છે. પણ છેદે છે ક્યારે? જ્યારે છે ત્યારે ક્યાં છેદે છે? આખો મોટો ગોટો ઉઠ્યો છે. સમજાણું? કાગળ છે આમાં રાખ્યો છે.

રાગ છે એને રત્નત્રય તો છેદે છે. તે દુઃખ છે એમ જ્યારે તમે કહો તો ભઠ્ઠી કહો, તો ભઠ્ઠીને તો છેદે છે ત્યાં વળી ભઠ્ઠી ક્યાં રહી? એ વાંધો મોટો ઉઠ્યો છે. એય..! છેદે ક્યારે? છે ત્યારે છેદે છે? એ તો આગળ વધીને એકાગ્ર થાય ત્યારે છેદે છે. આખી વાતનો મોટો ફેર પડી ગયો છે ઉગમણો-આથમણો. દૃષ્ટિમાં મોટો ફેર પડી ગયો છે. લોકોને સાધારણને જણાય એવું નથી. સમજાણું કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને તો ત્રણ રત્નત્રય છે અને ત્રણ રત્નત્રયને દુઃખ છે એમ કહેવું તો એને રત્નત્રય તો એનો છેદનાર છે. માટે મુખ્યપણે તો આ છે રત્નત્રય. પણ મુખ્યપણે છે, પણ ગૌણપણે તો દૃષ્ટિની અપેક્ષાએ છે. જ્ઞાનની અપેક્ષાએ તો વિચિત્ર.. કહ્યુંને. જ્ઞાનની અપેક્ષાએ તો વેદન બેય એક સાથે છે. આહા..હા..! એની ખબરં નથી.

૪૭ નયમાં લીધું નહિ? સમ્યગ્દૃષ્ટિ શું? ગણધરને વેદન શાંતિનું પણ છે અને થોડું અશાંતિનું ભોક્તા છે, એ જ સમયે. નહિતર નય કેવી? એ જ સમયે. ૪૭ નયમાં આવે છે. પણ હવે ઓલા પકડાય ગયા છેને એટલે કોઈ રીતે ફેરફાર કરીને પણ ક્યાંય સરખું (થઈ જાય તો). ઈ કાંઈ થાય એવું નથી. આહા..હા..! અગ્નિ કહેવી, એને ભઠ્ઠી કેમ કહી? એના વાંધા ઉઠ્યા મોટા. ભઠ્ઠી છે તો એને છેદનાર છે. પણ છેદનાર છે તો ક્યારે? છે એ વખતે છેદે છે? એ વખતે ભોક્તા છે. પછી અંતર એકાગ્ર થતો જાય છે તો એ ઘટતું જાય છે. આખી વાતનો મોટો ફેર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઈ અહીં કહે છે જુઓ! વિચિત્રતા કહેવાની વાત કહે છે કે રાગ છે. મુનિને ત્રણ રત્નત્રય હોવા છતાં ચારિત્રમોહનો રાગ છે. છે ત્યારે વર્તમાન દુઃખ છે. છે ત્યારે દુઃખ છે, ભઠ્ઠી છે. એ વખતે છેદનાર નથી. છેદનાર હોય તો રહે નહિ. પછીના ક્ષણે-ક્ષણે જેમ એકાગ્ર

થતો જાય તેમ છેદાતો જાય છે. છેદાતોનો અર્થ? એકલું તીવ્ર થતું નથી. વ્યાખ્યા આપી છે. મોટો ફેર છે. દૃષ્ટિમાં ઘણો ફેર છે. અહીંયાં ઈ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અપેક્ષાથી સમજતાં એ અસ્થિરતાના ભાગને પણ એનો છે અને દુઃખ છે. એને કર્મચેતના અને કર્મફળચેતના છે. એકલી જ્ઞાનચેતના હોય તો કેવળજ્ઞાન થઈ જાય. સમજાણું કાંઈ? વર્તમાનમાં છે. આહા..હા..! દૃષ્ટિનો ફેર. જ્ઞાનના ફેરે દૃષ્ટિ ફરી ગઈ આખી. કહો, સમજાણું કાંઈ? ઈ અહીં બેય અનેકાંતતા મૂકી છે. એકવાર બુદ્ધિપૂર્વકની અપેક્ષાએ એને નિરાસ્રવ કહ્યો અને અબુદ્ધિપૂર્વકની અપેક્ષાએ રાગ હતો એને સાસ્રવ કહ્યો અને ઈ અબુદ્ધિપૂર્વક ટળે ત્યારે સાક્ષાત્ નિરાસ્રવ થાય. સમજાણું? છે કે નહિ પહેલો એને? અસ્તિ છે કે નહિ? ગણધર પણ ચાર જ્ઞાનના ધણી, ભોક્તા હું રાગનો છું એમ જાણે છે. આહા..હા..! આનંદનો પણ ભોક્તા છું. રાગનો નહિ ભોક્તા પણ છું અને ભોક્તા પણ છું. એક સમયે બે નય છે. ૪૭ નયમાં આવી ગયું છે. આહા..હા..! અજબ વાતું છે, બાપા! એ વસ્તુ એવી છે. એ કાંઈ ભણતર અને બહુ વાંચ્યા હોય માટે સમજાય જાય એવી આ ચીજ નથી. આ તો અંતરની ખપી થઈને જોવે તો એને ખબર પડે એવી વાત છે. સમજાણું કાંઈ?

**'એ સર્વ કથન યથાર્થ છે.'** પહેલું કહ્યું કે ચોથે ગુણસ્થાને કર્મફળ અને કર્મચેતના ન હોય. એનો અર્થ થયોને આસ્રવનો અર્થ ભાઈ! કર્તા અને ભોક્તા. છઠ્ઠા સુધી કર્તા-ભોક્તા રાગનો છે. લ્યો હવે ઈ કહ્યું. ઘડીકમાં આ કહે છે. બેય વાત યથાર્થ છે. એકને ખોટી પાડતા આખી દૃષ્ટિ જૂઠી થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

## શ્લોક-૧૧૬

(शार्दूलविक्रीडित)

संन्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं
वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।
उच्छिन्दन्परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भव-
न्नात्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।।११६।।

હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :— [आत्मा यदा ज्ञानी स्यात् तदा] આત્મા જ્યારે જ્ઞાની થાય ત્યારે,

[स्वयं] પોતે [निजबुद्धिपूर्वम् समग्रं रागं] પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને [अनिशं] નિરંતર [संन्यस्यन्] છોડતો થકો અર્થાત્ નહિ કરતો થકો, [अबुद्धिपूर्वम्] વળી જે અબુદ્ધિપૂર્વક રાગ છે [तं अपि] તેને પણ [जेतुं] જીતવાને [वारंवारम्] વારંવાર [स्वशक्तिं स्पृशन्] (જ્ઞાનાનુભવનરૂપ) સ્વશક્તિને સ્પર્શતો થકો અને (એ રીતે) [सकलां परवृत्तिम् एव उच्छिन्दन्] સમસ્ત પરવૃત્તિને-પરપરિણતિને-ઉખેડતો [ज्ञानस्य पूर्णः भवन्] જ્ઞાનના પૂર્ણભાવરૂપ થતો થકો, [हि] ખરેખર [नित्यनिरास्रवः भवति] સદા નિરાસ્રવ છે.

ભાવાર્થ :— જ્ઞાનીએ સમસ્ત રાગને હેય જાણ્યો છે. તે રાગને મટાડવાને ઉદ્યમ કર્યા કરે છે; તેને આસ્રવભાવની ભાવનાનો અભિપ્રાય નથી; તેથી તે સદા નિરાસ્રવ જ કહેવાય છે.

પરવૃત્તિ (પરપરિણતિ) બે પ્રકારની છે--અશ્રદ્ધારૂપ અને અસ્થિરતારૂપ. જ્ઞાનીએ અશ્રદ્ધારૂપ પરવૃત્તિ છોડી છે અને અસ્થિરતારૂપ પરવૃત્તિ જીતવા માટે તે નિજ શક્તિને વારંવાર સ્પર્શે છે અર્થાત્ પરિણતિને સ્વરૂપ પ્રતિ વારંવાર વાળ્યા કરે છે. એ રીતે સકળ પરવૃત્તિને ઉખેડીને કેવળજ્ઞાન પ્રગટાવે છે.

'બુદ્ધપૂર્વક' અને 'અબુદ્ધિપૂર્વક'નો અર્થ આ પ્રમાણે છે :-- જે રાગાદિપરિણામ ઇચ્છા સહિત થાય તે બુદ્ધિપૂર્વક છે અને જે રાગાદિપરિણામ ઇચ્છા વિના પરનિમિત્તની બળજોરીથી થાય તે અબુદ્ધિપૂર્વક છે. જ્ઞાનીને જે રાગાદિપરિણામ થાય છે તે બધાય અબુદ્ધિપૂર્વક જ છે; સવિકલ્પ દશામાં થતા રાગાદિપરિણામો જ્ઞાનીની જાણમાં છે તોપણ અબુદ્ધિપૂર્વક છે કારણ કે ઇચ્છા વિના થાય છે.

(રાજમલ્લજીએ આ કળશની ટીકા કરતાં 'બુદ્ધિપૂર્વક' અને 'અબુદ્ધિપૂર્વક'નો આ પ્રમાણે અર્થ લીધો છે : જે રાગાદિપરિણામ મન દ્વારા, બાહ્ય વિષયોને અવલંબીને, પ્રવર્તે છે અને જેઓ પ્રવર્તતા થકા જીવને પોતાને જણાય છે તેમ જ બીજાને પણ અનુમાનથી જણાય છે તે પરિણામો બુદ્ધિપૂર્વક છે; અને જે રાગાદિપરિણામ ઇંદ્રિયમનના વ્યાપાર સિવાય કેવળ મોહના ઉદયના નિમિત્તે થાય છે અને જીવને જણાતા નથી તે અબુદ્ધિપૂર્વક છે. આ અબુદ્ધિપૂર્વક પરિણામને પ્રત્યક્ષ જ્ઞાની જાણે છે અને તેમના અવિનાભાવી ચિહ્ન વડે તેઓ અનુમાનથી પણ જણાય છે). ૧૧૬.

## કળશ-૧૧૬ ઉપર પ્રવચન

હવે એનો કળશ કહે છે. ૧૧૬. ખુલાસો કેટલો કર્યો જુઓને! જયચંદ્ર પંડિતે ગૃહસ્થાશ્રમમાં રહ્યા અંદર ભાવ છે એની સ્પષ્ટતા કરી છે. આવું સ્વરૂપ છે, ભાઈ! તારી કલ્પનાએ તું એને ગોઠવ એવી એ ચીજ નથી.

(शार्दूलविक्रीडित)

संन्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं
वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।
उच्छिन्दन्परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भव-
न्नात्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।।११६।।

આહા..હા..! આ એક કળશમાં નાખ્યો પાછો સાર. સમજાણું? 'आत्मा यदा ज्ञानी स्यात्' **'આત્મા જ્યારે જ્ઞાની થાય ત્યારે, પોતે...'** 'निजबुद्धिपूर्वम् समग्रं रागं' **'પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને...'** છેને? 'निजबुद्धिपूर्वम् समग्रं रागं' **'આત્મા જ્યારે જ્ઞાની થાય ત્યારે, પોતે...'** 'निजबुद्धिपूर्वम् समग्रं रागं' હવે એને રાગ છે એમ સિદ્ધ કર્યુંને? આહા..હા..! સમસ્ત બુદ્ધિપૂર્વક રાગ. એટલે ઘણો રાગ છે બુદ્ધિપૂર્વકમાં. **'રાગને નિરંતર છોડતો થકો...'** પહેલો તે રાગને છોડતો થકો એમ કહેવું છે, ભાઈ! **'પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને નિરંતર છોડતો થકો અર્થાત્ નહિ કરતો થકો,...'** 'अबुद्धिपूर्वम्' **'વળી જે અબુદ્ધિપૂર્વક રાગ છે તેને પણ જીતવાને...'** અત્યારે હજી છે ત્યાં સુધી જીત્યો નથી, બાકી છે. સમજાણું કાંઈ? **'અબુદ્ધિપૂર્વક રાગ છે તેને પણ જીતવાને વારંવાર...'** આહા..હા..! **'(જ્ઞાનાનુભવનરૂપ) સ્વશક્તિને સ્પર્શતો થકો... '** જ્ઞાનના અનુભવનરૂપ સ્વશક્તિને સ્પર્શતો થકો. ઝીણું પડે ઝીણું માણસને. સ્વસ્વરૂપને સ્પર્શતો થકો અંદર. સ્વશક્તિનો વિકાસ દૃષ્ટિની અપેક્ષાએ, જ્ઞાનની અપેક્ષાએ થોડો થયો છે, સ્થિરતા પણ છે. પણ **'અબુદ્ધિપૂર્વક રાગ છે તેને પણ જીતવાને...'** છે તેને જીતવાને એમ થયુંને? છે તેને જીતવાને તો હજી છે ઈ તો છે. હવે એને જીતવાને.

મુમુક્ષુ :- ઈ પછીને કાળે જીતવાને.

ઉત્તર :- પછીને કાળે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેને પણ જીતવાને વારંવાર...'** આહા..હા..! ભારે ખુલાસો કર્યો છે જુઓને. કળશમાં ટીકા કરે છે. પહેલું એમ લીધું કે 'निजबुद्धिपूर्वम् समग्रं रागं' એટલે ખ્યાલમાં જેટલો

આવે છે એટલો તો સ્વભાવને આશ્રયે છોડે છે એમ કહે છે. સમગ્ર શબ્દ પડ્યો છેને. અને **'નિરંતર છોડતો થકો...'** એટલે નહિ કરતો થકો. **'અબુદ્ધિપૂર્વક રાગ છે...'** જ્ઞાનીને છે, છઠ્ઠે ગુણસ્થાને છે બુદ્ધિપૂર્વક હોં. બુદ્ધિપૂર્વકનો અર્થ ચારિત્રની અપેક્ષાએ બુદ્ધિપૂર્વક. લેશે હવે પછી. કળશની ટીકામાં નીચે નાખશે.

બુદ્ધિપૂર્વકના બે પ્રકાર—એક રુચિપૂર્વક અને એક અસ્થિરતાપૂર્વકનું જાણપણું રહે અને રાગ થાય ઈ. એક રુચિપૂર્વક રાગના પ્રેમથી કરે અને રાગમાં અરુચિપૂર્વક એટલે રુચિ નથી પણ જાણવામાં છે કે આ થાય છે... થાય છે... થાય છે... એને પણ બુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે. એક રુચિપૂર્વકની અપેક્ષાએ રાગ થાય છે તે અબુદ્ધિપૂર્વક છે, જણાય છે છતાં એ અબુદ્ધિપૂર્વક છે. ઝીણું છે.

મુમુક્ષુ :- શ્રદ્ધાની અપેક્ષાએ અબુદ્ધિપૂર્વક.

ઉત્તર :- શ્રદ્ધાની અપેક્ષાએ અબુદ્ધિપૂર્વક છે. ચારિત્રની અપેક્ષાએ ખ્યાલમાં આવે છે કે આ રાગ છે. એની અપેક્ષાએ બુદ્ધિપૂર્વક છે. આહા..હા..! સમજાણું? લેશે રાજમલ ટીકામાં. આ રીતે કહેવું છે. વસ્તુસ્થિતિ દૃષ્ટિમાં આવવા છતાં ધર્મી જીવને રાગ ભાગ જે જાણવામાં રહે, જાણવામાં આવે છે એને તો સ્વભાવને આશ્રયે છોડતો જાય છે. પણ હવે નથી જાણવામાં આવતો એવો રાગ છેને અંદર? એનું શું કરવું? ધ્યાનમાં હોય, તોપણ રાગ તો છે અંદર. અબુદ્ધિપૂર્વક રાગ છે.

**'તેને પણ જીતવાને...'** હવે જીતવાને એટલે? વર્તમાન તો છે. બીજે સમયે હવે એને જીતવાને **'વારંવાર...'** શું કરે? **'(જ્ઞાનાનુભવનરૂપ) સ્વશક્તિને સ્પર્શતો થકો...'** આનંદસ્વરૂપ ભગવાન આત્મા. જુઓ અહીંયાં જ્ઞાન અનુભવ લીધો, ભાઈ! ગીરધરભાઈ! જ્ઞાન અનુભવ એટલે આત્માનો અનુભવ. એકલું જ્ઞાન એમ નહિ. **'અબુદ્ધિપૂર્વક રાગ છે તેને પણ...'** છેને? **'તેને પણ જીતવાને...'** એટલે એ વખતે તો જીતતો નથી. એ વખતે તો છે. પછીના સમયે એ વારંવાર **'સ્વશક્તિને સ્પર્શતો થકો...'** આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે ખ્યાલમાં આવતો નથી એવો રાગ છે. ખ્યાલમાં નથી આવતો એટલે? કે આમ ચારિત્રની અપેક્ષાએ પણ ખ્યાલમાં નથી આવતો એવો રાગ તો છે. એને શું કરવું? કહે છે. જે ધ્યાનમાં આવતો નથી, આમ ખ્યાલમાં આવ્યો છે રાગ આ છે એને તો અંતર તરફના વલણથી ઉત્પન્ન થવા દેતો નથી. એનું નામ નાશ કરે છે. એનું નામ નાશ. નાશ ક્યાં કરવા જાય? પણ હવે નથી જણાતો, જ્ઞાનમાં પણ જણાતો નથી અને છે રાગ એને...?

મુમુક્ષુ :- એનો એ જ ઉપાય.

ઉત્તર :- ઉપાય તો એનો એ છે કહે છે. ..ભાઈ! આ ઝીણી બહુ વાત. આહા..હા..! ઝીણી વાત ભાઈ! આહા..હા..! પર્યાય પર્યાયની સંભાળ લીધી છે અહીં તો. સમજાણું

કાંઈ? બહુ સ્વરૂપ...

કહે છે કે અબુદ્ધિપૂર્વક રાગ તો. અબુદ્ધિપૂર્વકની વ્યાખ્યા? અસ્થિરતામાં ખ્યાલમાં નથી આવતો એવો રાગ છે એમ કહે છે. અબુદ્ધિપૂર્વક એટલે. **'તેને પણ જીતવાને વારંવાર...'** શું કરે? આત્માનો અનુભવ કરે. આહા..હા..! જીતવાનો અર્થ ત્યાં અંદર આ રાગ છે એમ જણાતો તો નથી. પણ સ્વશક્તિને સ્પર્શે છે જેટલો પછી એટલો એ રાગ ઉત્પન્ન થતો નથી. એને એ રાગને જીતે છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આવો ધર્મ કેવો પણ? આ તો માંડમાંડ હજી... એય..! મૂળચંદભાઈ! માર્ગ એવો છે. પર્યાય પર્યાયમાં થતો રાગ છે ત્યાં સુધી જીતતો નથી. પછી અંતર સ્વરૂપને સ્પર્શતો... સ્પર્શતો... સ્પર્શતો... એને પણ જીતે છે.

**'અને એ રીતે...' 'सकलां परवृत्तिम् एव उच्छिन्दन्'** જુઓ, બે પ્રકાર થયાને? હવે **'સમસ્ત પરવૃત્તિને-પરપરિણતિને-ઉખેડતો...'** ઉખેડતોનો અર્થ? ઉત્પન્ન થતો નથી. ઉખેડવું શું છે? આ રાગ છે એને ઉખેડું એમ છે? સમજાણું કાંઈ? પણ અપૂર્ણતા છે, કેવળજ્ઞાન નથી. પહેલાં આવ્યું હતું કે ભાઈ, તે વિના જઘન્યપણું અનુમાનથી પણ હોઈ શકે નહિ. અનુમાનમાં છે કે આ જઘન્યપણું છે માટે ત્યાં રાગ છે. ..દશા છે તો રાગ છે. ભલે અનુભવમાં ન આવે આમ સીધો. આમ તો અનુભવમાં છે. જ્ઞાનમાં ન આવે એને. એને જીતવાને માટે સ્વશક્તિને સ્પર્શે. આહા..હા..! આનંદસ્વરૂપ ભગવાન એનો અનુભવ વિશેષ વધારતો જાય.

**'અને (એ રીતે) સમસ્ત પરવૃત્તિને-...'** એટલે? જાણવામાં આવે એને પણ ટાળતો જાય અને ન જાણવામાં આવે એને પણ ટાળતો જાય. કહો, સમજાણું કાંઈ? મોટો ફેર આમાં છે. આહા..હા..! **'સમસ્ત પરવૃત્તિને-પરપરિણતિને...'** પરવૃત્તિ છેને શબ્દ? **'सकलां परवृत्तिम् एव उच्छिन्दन्' 'પરપરિણતિને-ઉખેડતો...'** એટલે કે પરપરિણતિને ઉત્પન્ન થવા દેતો નહિ. એમ. ઉખેડતો ક્યાં ઉખેડવા જાય ત્યાં? આહા..હા..! પહેલી સમજમાં તો યથાર્થ વાત શું છે એ તો લે. પછી એનો પ્રયોગ કરે અંદરમાં ત્યારે અનુભવ થાય એવો છે. સમજણ જ જ્યાં ખોટી છે એને અનુભવ થઈ શકે નહિ બિલકુલ. સમજાણું કાંઈ?

**'જ્ઞાનના પૂર્ણભાવરૂપ થતો થકો,...'** એમ. ઓલાને ઉખેડતો એટલે ઉદય થવા ન દેતો અને **'જ્ઞાનના પૂર્ણભાવરૂપ થતો...'** જ્ઞાન એટલે આત્મા. અહીં જ્ઞાન એટલે આત્મા જ ગણ્યો છે. એકલું જ્ઞાન-જ્ઞાન એમ નહિ. **'જ્ઞાનના પૂર્ણભાવરૂપ થતો થકો, ખરેખર...'** **'हि'** છેને **'हि'**? **'नित्यनिरास्रवः भवति' 'સદા નિરાસ્રવ છે.'** એને પછી આસ્રવ જરીએ નથી. આહા..હા..! આસ્રવનો ભાવ તો પુણ્ય હોય તોપણ દુઃખરૂપ છે, કષાય છે. આહા..હા..! પુણ્યને વળી પાપ કહ્યું છે એ તો વળી. કહો, ભગવાનની ભક્તિનો ભાવ એ પાપ. રાડ

નાખે. પાપ છેને આખો? આહા..હા..! વ્યવહાર મોક્ષમાર્ગ રાગ છે.

મુમુક્ષુ :- પુણ્ય અને પાપ બેય નિશ્ચયે પાપ?

ઉત્તર :- એક જ વાત છે. બેય એક જ પાત્ર છે. આહા..હા..! બેય ભઠ્ઠી છે. આહા..હા..! બે એટલે? બહારથી એમ કહેવાયને મંદ અને તીવ્ર? એ તો બેની અપેક્ષાએ એમ લીધું. વસ્તુની અપેક્ષાએ તો એકલી અગ્નિ જ છે. ભઠ્ઠી છે. એય..! મલૂકચંદભાઈ! આ બધા સુખી કહે છેને? આ પૈસાવાળાને, આ સામગ્રી હોય જેને બહારની.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એને પણ કહે ભાઈ હૂંફ રહેને થોડી. કોક કહેતું હતું. કીધું, આ સંચામાં થોડો ભાગ છે કીધું હોં. ન્યાલભાઈને એમ કહ્યું થોડું. .. થોડું-થોડું .. હતી ખરી એવું સાંભળ્યું હતું. આવતો નથી. રૂપિયા. એય..! બલુભાઈ!

મુમુક્ષુ :- એના કાકાનું માને.

ઉત્તર :- એનું પણ માનતો નથી. પૈસા ખર્ચાવા કહે તો એ માને? ચાર કરોડ છે. એક લાખ, બે લાખ આપ્યા. તમે સમજો નહિ એ વાતને ઝટ. અમારે કેટલે ઠેકાણે દેવા પડતા હોય અને શું હોય છે. કાંઈક સમજાવે એને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહે? કોને કહે ભાઈ? આહા..હા..!

'**ભાવાર્થ :— જ્ઞાનીએ સમસ્ત રાગને હેય જાણ્યો છે.**' ધર્મીએ સમસ્ત નામ શુભ કે અશુભ બેય. આહા..હા..! એણે બિચારાએ ખૂબ લખ્યું છે આમાં. શું કહેવાય? બાળપોથી. બાળપોથીમાં તો આમ લખ્યું છે. વ્યવહારભક્તિ છોડવા જેવી છે, ફલાણું .. છે. અત્યારથી આ વિષ બાય છે છોકરાઓને. અરે..! ભાઈ! તને ખબર નથી, બાપુ! સત્ય તે સત્યથી જ... પહેલેથી અસત્ય ગળથૂથીમાં આપવું? એ તો છે, એ તો અનાદિ માને છે એમાં શું છે? એય..! હરિભાઈ! તમારી બાળપોથીને? હમણા આવ્યું. ખૂબ લખાણ છે હોં. આપણે વાંચવામાં શું વાંધો છે ત્યાં? એમાં શું કોઈ કાંઈ .. કરે છે બિચારા કોઈ? ઈ તો આમ કહે છે એમ જાણવું. એને વિરોધ ભાવે જોવું એ કાંઈ છે નહિ. એ તો આત્મા છે. એને જે બેઠું હોય એમ કહે. 'જામાં જેની બુદ્ધિ હોય ઈતના દિયે બતાય. વાંકો બુરો ન માનીએ ઓર કહાં સે લાયે?' લાવે ક્યાંથી બીજું? સમજાણું કાંઈ? ખૂબ પાનું ભર્યું છે લાંબુ-લાંબુ. ઝેર પાય છે. બે બોલ કાંઈક લખ્યા છે.

જયપુરમાં પ્રચાર ઘણો છે. હુકમચંદજી પંડિતનો પ્રચાર ઘણો છે. બુદ્ધિવાળો એટલો અને નરમ એટલો. બહુ ક્ષયોપશમ એનો. એય..! હિંમતભાઈ! ક્ષયોપશમ વધી ગયો છે તમારાથી. અત્યાર સુધી તો એમ કહેતા હતા કે મંડળમાં હિંમતભાઈની બુદ્ધિ. હવે તો એ વધી ગયા.

બહુ ક્ષયોપશમ. ફતેહપુરમાં કહ્યુંને એનું વ્યાખ્યાન, એના પુસ્તક. આઠ કલાક... હુકમચંદજી આપણે આવ્યા હતાને અહીંયાં? રહી ગયા નહિ? ૧૨-૧૩ દિ' રહી ગયા અહીંયાં વ્યાખ્યાન સાંભળવા. બાબુભાઈ. ફતેહપુરવાળા બાબુભાઈ. એ બે અને એક ઓલા ... હા એ. પણ ક્યાં ગામના? તારંગા. ... આ વસ્તુ છે ભાઈ! આ તો તારા હિતની વાતું છે. આહા..હા..! અરેરે..! અનાદિ કાળથી એણે ગોટા જ વાળ્યા છે એકલા. મળ્યું સાંભળવાને મળ્યું. સાંભળ્યું, તોપણ ગોટા વાળ્યા. આહા..હા..!

'**જ્ઞાનીએ સમસ્ત રાગને હેય જાણ્યો છે. તે રાગને મટાડવાને ઉદ્યમ કર્યા કરે છે;...**' એટલે? સ્વભાવ તરફ વળ્યા કરે છે એમ કહે છે. ઉદ્યમ કરે એટલે શું? રાગને ટાળવો છે ત્યાં? '**તેને આસ્રવભાવની ભાવનાનો અભિપ્રાય નથી;...**' આવી ગયો પહેલો બોલ. આસ્રવભાવની ભાવનાનું આવે છે. અભિપ્રાયમાં આવ્યું હતુંને પહેલું, નહિ? ૧૭૦માં આવ્યું હતું. '**જ્ઞાનીને તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે...**' ૧૭૦ની પહેલી લીટી. જ્ઞાનીને આસ્રવભાવની ભાવનાનો અભિપ્રાય નથી. રાગની ભાવના-રોગની ભાવના હોય? એ રાગની ભાવનાનો અભિપ્રાય નથી. '**તેથી તે સદા નિરાસ્રવ જ કહેવાય છે.**' આ અપેક્ષાએ એને નિરાસ્રવ કહ્યો છે.

બીજી રીતે '**પરવૃત્તિ (પરપરિણતિ) બે પ્રકારની છે...**' જોયું? એ પરિણતિ જે વિકારની છે એને બે પ્રકાર છે. '**અશ્રદ્ધારૂપ અને અસ્થિરતારૂપ. જ્ઞાનીએ અશ્રદ્ધારૂપ પરવૃત્તિ છોડી છે...**' મિથ્યાત્વભાવ, રાગનો ભાવ કરવા જેવો એ દૃષ્ટિ છૂટી ગઈ છે. આનંદસ્વભાવમાં રહેવું-ઠરવું એ ભાવ એનો હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**રાગને મટાડવાને ઉદ્યમ કર્યા કરે છે; તેને આસ્રવભાવની ભાવનાનો અભિપ્રાય નથી; તેથી તે સદા નિરાસ્રવ જ કહેવાય છે.**' હવે આ બે પ્રકારની વૃત્તિમાં '**જ્ઞાનીએ અશ્રદ્ધારૂપ પરવૃત્તિ છોડી છે અને અસ્થિરતારૂપ પરવૃત્તિ જીતવા માટે...**' લ્યો! અસ્થિરતા છે એ તો છે જ જ્યારે, પણ હવે એને જીતવા માટે '**તે નિજ શક્તિને વારંવાર સ્પર્શે છે...**' આહા..હા..! અંતરના અનુભવમાં વધારે વસ્તુના સ્વભાવને સ્પર્શે છે. '**અર્થાત્ પરિણતિને સ્વરૂપ પ્રતિ વારંવાર વાળ્યા કરે છે.**' લ્યો! કોણ કોઈ કહેતું હતું? શું આ પર્યાયને કરવી છે? કોક કહેતું હતું કાલ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ઈ.. હતા તમે સાચી વાત. મનસુખભાઈ. મનસુખભાઈ કહેતા. એ સાચી વાત છે. ઘણા માણસો આવે છેને. મનસુખભાઈ નથી આવતા ભાઈ ઓલા? દીકરો મરી ગયો ઈ. મનસુખભાઈ છે. ... માણસ છે. દીકરો મરી ગયો પણ આંખમાં આંસુનું ટીપું નહિ. એકનો એક દીકરો, એકનો એક દીકરો. થોડી વારમાં. .. પોતાની. છોકરો નાનો એક

મનસુખ આવે છે. રવિવારે આવે છે. કોઠારી. એક જ છોકરો. છોડીયું ચાર-પાંચ. એક છોકરો અઢાર વર્ષનો .. નાકમાં કાંઈક સહેજ હશે. .. કરાવી દઉ છોકરો કહે. ડોક્ટર પાસે ગયા. સામાન્ય ઓપરેશન. ત્યાં ઓફ થઈ ગયો. ડોક્ટરને કહે... ડોક્ટર! તમારું કાંઈ કારણ નથી. એ તો એ અવસ્થા એની થવાની જ હતી.

મુમુક્ષુ :- આયુષ્ય પૂરું થઈ ગયું.

ઉત્તર :- ખલાસ થઈ ગયું. ખલાસ થઈ ગયું. જરીક અહીંયાં હતું. જ્યાં કરવા ગયા તો ખલાસ થઈ ગયો તરત જ તે. ડોક્ટર ઓલો થઈ ગયો. મૂંઝાઈ ગયો. ડોક્ટરને કહે, તમારું .. એ અવસ્થા એ વખતે થવાની જ હતી. આ થયું એની વાત છે. આંખમાંથી આંસુનું ટીપું નહિ, લાલ આંખ નહિ. એ તો એ અવસ્થા તે કાળે થાય તેમાં કરે શું પણ? ડોક્ટર ચમકી ગયો, આ તે કોણ છે? ભાઈ! સોનગઢના જનારા છે. હો, એ શું છે? એકનો એક હોં ભાઈ શેઠ! એકનો એક દીકરો. વર્ષ કેટલા? ૧૮. ૧૮-૧૯. એકનો એક દીકરો. ૫૨ વર્ષની ઉંમર છે. હવે કાંઈ નહિ. છોડીયું ચાર-પાંચ. ડોક્ટર મૂંઝાઈ ગયો. એક .. કરવા ગયા ત્યાં આમ હમણા મટી જશે. ત્યાં ઉડી ગયો. હાય..! હાય..! એ મનસુખભાઈ કાલે કહેતા હતા. માણસ કેમ ... કરે .. ચેતનજી કહે છેને. સાથે હતા એ. ભાઈ! કેમ વાળવું એનો અર્થ શું? એ પર્યાય પર ઉપર જાય છે એને અંતરમાં કરવી. હવે કરવી કેમ એ તો તમારે પોતાને જાણવાનું. કોઈ કરાવી દે એવું છે? આહા..હા..! અને કરવાનું હોય તો એ જ છે કીધું અહીં. બીજું કરવાનું શું હતું? ભણી ભણીને ગમે તે ભાણ્યો હોય અને ગમે તે કર્યું હોય. આહા..હા..! ચાલતી પર્યાયને અંતરમાં વાળવી, એ પાછી વાળવી એ પણ ભાષા કથન છે. કારણ કે ચાલતી પર્યાય તો છે એને કેમ વાળવી? એ તો પર તરફ છે. પણ ઉપદેશ શું થાય? ચાલતી પર્યાયને અંતરમાં વાળવી એનો અર્થ શું? ચાલતી પર્યાય તો પર તરફના લક્ષવાળી છે. એ અંતરમાં વળે?

અહીં કહે છેને .. ઉદ્યમ કર્યા કરે છે અથવા '**અને અસ્થિરતારૂપ પરવૃત્તિ જીતવા માટે તે નિજ શક્તિને વારંવાર સ્પર્શે છે અર્થાત્ પરિણતિને સ્વરૂપ પ્રતિ વારંવાર વાળ્યા કરે છે.**' એનો અર્થ આ. અંતર્મુખમાં પર્યાયને વારંવાર, જ્યાં ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે ત્યાં એને સ્પર્શમાં લઈ જાય પર્યાય. હવે કઈ રીતે લઈ જવું એ શું કહેવું? કરનારને કરવાનું કર્તવ્ય તો એને છે. એય..! શાંતિભાઈ! એ કાલે કહેતા હતા બિચારા હોં! માણસ મધ્યસ્થ છે. મગજવાળો માણસ છે. બેંકમાં નોકરી છે, બેંકમાં નોકરી છે.

મુમુક્ષુ :- બેરિસ્ટર દસ્તાવેજ.

ઉત્તર :- એકનો એક દીકરો, ૫૨ વર્ષની ઉંમર. ૫ા કલાકમાં ઊડી ગયો. એય..! મૂળચંદભાઈ! આંખમાં ટીપું તો નહિ પણ લાલ નહિ, શોક નહિ. આહા..હા..! એ અવસ્થા એમ બનવાની

એને કોઈ ફેરવવા સમર્થ છે? ડોક્ટરે કરી છે? તમને નથી આવડ્યું માટે એમ થયું? ઓલો બિચારો મૂંઝાઈ ગયો ડોક્ટર. અઢાર વર્ષનો જુવાન. એ અવસ્થા એ રીતે જ થવાની હતી. ડોક્ટરે કર્યું છે એમ છે નહિ. એય..! મલૂકચંદભાઈ! ઈ ટાણે કામ આવવું મુશ્કેલ પડે. વાતું કરે ત્યારે ભલે વાતું કરે. એઈ..! આહા..હા..! કહે છે, એણે આ પ્રશ્ન કર્યો હતો, મારે એમ કહેવું છે. કાલે બપોરના. રવિવાર હતોને.

**'પરિણતિને સ્વરૂપ પ્રતિ વારંવાર વાળ્યા કરે છે.'** સ્વરૂપ પ્રત્યેની દૃષ્ટિ તો વળેલી છે, પણ હવે વારંવાર એના તરફ વાળ્યા કરે. આહા..હા..! **'એ રીતે સકળ પરવૃત્તિને ઉખેડીને કેવળજ્ઞાન પ્રગટાવે છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? છે ત્યારે ઉખેડતો નથી. છે તો ઉખેડતો થયો ક્યાંથી? સમજાણું કાંઈ? કેમકે એને તો ત્રણ રત્નત્રયના પરિણામ છે. દુઃખને છેદવાનો એનો પુરુષાર્થ છે, પણ પુરુષાર્થ છે એ વર્તમાન થયો એનો પુરુષાર્થ ક્યાં છે છેદવાનો? એ તો જેટલો એકાગ્ર છે એટલો છે. આહા..હા..! મૂળ રાગ છે એને ભઠ્ઠી જાણવી નથી અને વાંધો ઉઠે ઈ. એટલે કોઈ રીતે કાંઈ આમાં વળે કાંઈ? એ કાંઈ થાય એવું નથી. આહા..હા..!

કહે છે... આહા..હા..! એ **'ઉખેડીને...'** ઉખેડીને એટલે? .. ઉખેડી નાખું એમ છે? ભાષા તો શું આવે? અંતર સ્વરૂપમાં, દૃષ્ટિમાં જે વસ્તુ લીધી હતી, ત્યાંને ત્યાં પર્યાયને વાળતા રાગ ઉત્પન્ન થતો નથી. એને ઉખેડી નાખ્યો એમ કહેવામાં આવે છે. ત્યારે પૂર્ણ નિરાસ્રવ થઈ જાય છે.

હવે **''બુદ્ધપૂર્વક' અને 'અબુદ્ધિપૂર્વક'નો અર્થ આ પ્રમાણે છે :—'** હવે વિશેષ સ્પષ્ટ કરે છે. **''બુદ્ધપૂર્વક' અને 'અબુદ્ધિપૂર્વક'નો અર્થ આ પ્રમાણે છે :—'** એક જ અર્થ નથી એમ કહે છે. **'જે રાગાદિપરિણામ ઈચ્છા સહિત થાય તે બુદ્ધિપૂર્વક છે...'** રુચિપૂર્વક એમ. રાગાદિ ભાવ રુચિપૂર્વક થાય, ઈચ્છાસહિત થાય, કરવા જેવો છે એમ થાય એને બુદ્ધિપૂર્વક કહીએ અને જે રાગાદિ પરિણામ ઈચ્છા વિના કરવાનો ભાવ નથી એની ભાવના નથી. કરું એવો ભાવ હોં! કરે છે તો ઈ. પણ કરું એવો ભાવ નથી. નહિતર રાગ કરે છે તો ઈ. જ્ઞાનીને રાગ ક્યાંથી આવ્યો? કાંઈ મફતમાં આવે છે? **'રાગાદિપરિણામ ઈચ્છા વિના પર નિમિત્તની બળજોરીથી થાય...'** એટલે? એને રુચિમાં રાગ કરવા જેવો એમ નથી, પણ અસ્થિરતામાં રાગ થયા વિના રહેતો નથી. આહા..હા..!

**'પરનિમિત્તની બળજોરીથી થાય...'** લ્યો! એય..! કાંઈ નથી, બાપા! આહા..હા..! એને પુરુષાર્થમાં રાગ કરવો એવું નથી. સમજાણું કાંઈ? એ બળમાં તો રાગને કરવું એમ છે નહિ, ત્યારે એને નિર્બળતામાં પરના નિમિત્તને વશ થતો રાગાદિ થાય છે. સમજાણું કાંઈ? અરેરે..! ભારે વાતું, ભાઈ! **'પરનિમિત્તની બળજોરીથી થાય તે અબુદ્ધિપૂર્વક છે.'** જ્ઞાનીને

જે રાગાદિ પરિણામ થાય છે તે બધાય અબુદ્ધિપૂર્વક જ છે દૃષ્ટિની અપેક્ષાએ, શ્રદ્ધા અપેક્ષાએ. એની વાત કરી છેને પહેલી? **'સવિકલ્પ દશામાં થતા રાગાદિપરિણામો જ્ઞાનીની જાણમાં છે...'** રાગ થાય છે એમ જ્ઞાનમાં છે. સવિકલ્પ એટલે. નિર્વિકલ્પમાં અંતર અનુભવમાં હોય ત્યારે એને ખ્યાલમાં ન હોય, પણ સવિકલ્પદશા ખાસ આમ વળું છું, આ રાગ થાય છે એમ છે. સમજાણું કાંઈ? **'રાગાદિપરિણામો જ્ઞાનીની જાણમાં છે તોપણ અબુદ્ધિપૂર્વક છે...'** દૃષ્ટિની અપેક્ષાએ. **'કારણ કે ઈચ્છા વિના થાય છે.'** હવે એનો બીજો અર્થ કરશે રાજમલજીની ટીકા લઈને. બુદ્ધિપૂર્વકનો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૩, મંગળવાર, તા. ૦૬-૦૨-૧૯૭૩
## ગાથા-૧૭૩ થી ૧૭૬, કળશ-૧૧૬-૧૧૭, પ્રવચન-૩૦૭

આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપનું ભાન થતાં ધર્મીને એ પુણ્ય અને પાપના બેય ભાવ દુઃખદાયક જાણતા છોડવાલાયક છે. કહો, સમજાય છે કાંઈ? એના બે અર્થ કર્યા પહેલાં- કે એક તો બુદ્ધિપૂર્વક જ્ઞાનીને થાય એ અસ્થિરતાના ભાવ જાણવામાં આવે એને પણ બુદ્ધિપૂર્વક કહેવામાં આવે. અને એક રુચિપૂર્વક થાય, રાગની રુચિ રાગને હિતકર માનીને થાય એ મિથ્યાદૃષ્ટિને થાય. અજ્ઞાનીને ચાર ગતિમાં રખડનાર, રઝળનાર એને અહીંયાં રાગની રુચિના પરિણામ થાય. રાગનો જેને પ્રેમ છે. દયા, દાન, વ્રતાદિ કોઈપણ પરિણામ તેનો જેને પ્રેમ છે, રુચિ છે, એ આશ્રય કરવાલાયક છે, એ ઉપાદેય છે, એમાં મારું સ્વરૂપ છે એમ જે માને છે એ તો મિથ્યાદૃષ્ટિના રુચિપૂર્વકના વિકાર છે.

જ્ઞાનીને જે રાગાદિ થાય એના બે પ્રકાર—એક રુચિપૂર્વક થતાં નથી. કેમકે એની રુચિ રાગ ઉપર નથી. ધર્મીની રુચિ સંસારના દુઃખથી મુક્ત થવા અને સુખને પંથે જવા ધર્મીની દૃષ્ટિ આનંદસ્વરૂપ આત્મા એના ઉપર છે. એની એને દૃષ્ટિ ને આશ્રય ને અનુભવ છે. તેથી એને જે રાગાદિ થાય એ રુચિપૂર્વક થતા નથી. પણ એના બે પ્રકાર—રુચિપૂર્વક ન હોય છતાં જાણવામાં આવે કે આ રાગાદિ, દુઃખાદિ છે એને બુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે અને એ વખતે જાણવામાં ન આવે એવા સૂક્ષ્મ રાગાદિ ભાવ એને અબુદ્ધિપૂર્વક કહેવામાં આવે

છે. કેટલું આમાં યાદ રાખવું? શેઠ! ભાઈ! આવું છે સ્વરૂપ. જેને વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વરની આજ્ઞામાં, એમની વાણીમાં એમ આવ્યું, ભાઈ! જેને રાગ અને પુણ્ય પાપના ભાવ એની જેને રુચિ છે એ મહામિથ્યાદષ્ટિ મૂઢ જીવ છે, એ ચાર ગતિમાં રખડવાનો એ કામી છે. સ્વરૂપચંદભાઈ! આહા..હા..! પણ જેને એ રાગની રુચિ છૂટી અને આત્મા આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી છે એવા આત્માની જેને અંતર દૃષ્ટિ હોં, રુચિ અંદર થઈ એવા સમ્યગ્દૃષ્ટિને રાગ થવામાં રુચિ નથી. પણ અસ્થિરતાને કારણે, પુરુષાર્થની કમજોરીને કારણે એને રાગ-દ્વેષ થાય છે. એ રાગ-દ્વેષના બે પ્રકાર—એક જાણવામાં આવે છે કે આ રાગ થાય છે અને એક જાણવામાં ન આવે કે આ રાગ છે કે નહિ એમ અબુદ્ધિપૂર્વક. એવી વ્યાખ્યા પહેલી થઈ.

હવે બીજી વ્યાખ્યા કરે છે જરી. '**(રાજમલ્લજીએ આ કળશની ટીકા કરતાં 'બુદ્ધિપૂર્વક' અને 'અબુદ્ધિપૂર્વક'નો આ પ્રમાણે અર્થ લીધો છે :...**' નીચે છેને? છેલ્લી ચાર લીટી, છેલ્લી ચાર લીટી. ૨૭૭ પાનું છે. '**જે રાગાદિપરિણામ મન દ્વારા, બાહ્ય વિષયોને અવલંબીને, પ્રવર્તે છે અને જેઓ પ્રવર્તતા થકા જીવને પોતાને જણાય છે...**' કે આ રાગ થયો આ ભક્તિનો, આ હિંસાનો વગેરે. એવું '**મન દ્વારા, બાહ્ય વિષયોને અવલંબીને, પ્રવર્તે છે અને જેઓ પ્રવર્તતા થકા જીવને પોતાને જણાય છે તેમ જ બીજાને પણ અનુમાનથી જણાય છે...**' બીજાને એમ જણાય કે આ ભક્તિ આ કરે છે, આ દયા પાળવાનો ભાવ છે માટે રાગી છે. સમજાણું કાંઈ? '**બીજાને પણ અનુમાનથી જણાય છે તે પરિણામો બુદ્ધિપૂર્વક છે;...**' આહા..હા..! આવું જાણવું અને આ બધું શું કરવું? ઓલા સુખલાલભાઈ કહેતા. સુખલાલ નહિ? ડીસા. મોટો ઓલો હતો. ૮૬ની સાલમાં ડીસામાં મોટા શું હતા? ડેપ્યુટી. પોલિટીક તમારી ભાષા... આમ હુશિયાર હતો પણ આ કામના. પુસ્તકો દિગંબરના બનાવે. છે સ્થાનકવાસી છે. ૪૦૦નો પગાર તે દિ' હોં! ૮૫-૮૨-૮૦ની સાલમાં ૪૦૦નો પગાર. ડીસામાં. પછી પુસ્તકો બનાવે પદ્મનંદીમાંથી. પછી ૮૬માં આવ્યા ઉમરાળા. નારણભાઈના ભાઈ વૃદ્ધ હતાને નારણભાઈ.. એક ફેરી કહે. આવા મોટા. આવું બધુ બનાવ્યું કોણે કે અમારે હવે એને ટાળવું? એમ કે આ બધું બનાવ્યું કોણે? કે હવે અમારે એને ટાળવું. સમજાણું? કોણે આ બધું બનાવ્યું. આ રાગ-દ્વેષ અને આ મિથ્યાત્વ અને આ બનાવ્યું કોણે? મોટો ઓલો હતો. ડેપ્યુટેશન શું કહેવાય એ? પોલિટિકલ હતો. જે હોય ઈ કહેવાય. પણ હમણા દર્શન કરવા આવ્યો હતો ૮૬માં. નારણભાઈ સાથે હતાને. શું પૂછો છો? કીધું આ સુખલાલ. તમે આટલા આટલા પુસ્તકો બનાવ્યા કેવી રીતે? અને આ કાંઈ ભાન ન મળે.

મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કોણે બનાવ્યા? તેં બનાવ્યા. કોણ બનાવે કોણ? અનાદિથી

આત્મા આનંદસ્વરૂપ ભગવાન એને ભૂલીને બાહ્યમાં સુખબુદ્ધિ, પુણ્ય-પાપમાં સુખબુદ્ધિ એ તેં કરી છે. તેં કરી તો તારે ટાળવાની છે. પોપટભાઈ! ઓળખો છો કે નહિ? એને ઓળખતા હતા સુખલાલને? નાગર રૂપાના ભાઈ. હમણા આવ્યો હતોને એનો દીકરો આવ્યો હતો. નાગરભાઈ મરી ગયાને ઓલી વાવમાં પડીને. વાવમાં. આહા..હા..! કીધું, આ તમે ગાયન બનાવ્યા. સ્થાનકવાસી હતા અને દિગંબરના બનાવ્યા બહુ સારા હોં. કવિ તરીકે. આવું ને આવું કાંઈ ઠેકાણું ન મળે. બનાવ્યું કોણે કહે આ ઉપાધિ? શેઠ! પણ બનાવી તેં. કોણ બનાવતું હતું? સમજતો નથી.

અંદર આનંદસ્વરૂપ પ્રભુ આત્મા એને આનંદસ્વરૂપે ન જાણતા એને પુણ્ય અને પાપના રાગવાળો જાણવો, માનવો એ તેં કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળી દ્રવ્યને હોં! પર્યાયમાં રાગ છે એ જુદી વાત છે. પણ વસ્તુ જે ત્રિકાળી આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન કેવળીએ જોયો અને પ્રગટ કર્યો પર્યાયમાં એવા આત્માને આ પુણ્ય અને પાપના ભાવ થાય, આ રળવાના, ભોગના, વિષયના, વાસનાના, આબરૂના એ પાપ. દયા ને દાનના, વ્રત ને ભક્તિ ને પૂજાના એ પુણ્ય. બેય વિકાર રાગ છે. આહા..હા..! એ બેયને મારા માનવા એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? એ પોતે ઊભું કર્યું છે કર્તાપણું.

એ જીવ અહીં કહે છે, એને ખ્યાલમાં આવે કે આ રાગ છે આ. પરની દયા પાળવાનો ભાવ આવે ત્યારે રાગ વિના પરનો ભાવ આવે ક્યાંથી? એમ ભક્તિ ભગવાનની કરવાનો આવે, જાત્રા કરવાનો આવે. એ ખ્યાલમાં આવ્યો કે આ તો રાગ છે. એ રાગ જાણવામાં આવે છે. અને જે અબુદ્ધિપૂર્વક છે **'અને જે રાગાદિપરિણામ...'** હજી સ્થૂળથી વાત કરી થોડી હોં, એમાં જરી ઝીણી વાત છે. **'ઇંદ્રિયમનના વ્યાપાર સિવાય કેવળ મોહના ઉદયના નિમિત્તે થાય છે...'** ઈ પણ એક મન તો છે અંદર. સ્થૂળ મનનો વેપાર નથી. સ્થૂળ આમ જોડાણ દેખાતું નથી એને. જોડાણ તો છે મન સાથે પણ સ્થૂળપણે મનનો વેપાર નથી.

**'ઇંદ્રિયમનના વ્યાપાર સિવાય...'** ઈ અર્થમાં જરી ફેર છે પાછો. સમજાણું કાંઈ? અંદરમાં મોહકર્મનું નિમિત્ત અને પુણ્ય-પાપના ભાવ એને ઇન્દ્રિય અને મનના વેપાર સિવાય એટલે કે સ્થૂળમાં ખ્યાલમાં ન આવે એવો પુણ્ય અને પાપના ભાવ **'અને જીવને જણાતા નથી...'** ઉપયોગ બહુ સ્થૂળ છે એટલે સૂક્ષ્મ રાગનો ભાવ થાય અબુદ્ધિપૂર્વક એ જણાતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! **'અબુદ્ધિપૂર્વક છે.'** એને અબુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે. બેય ટાળવા જેવા છે. સમજાણું કાંઈ? જેને ખ્યાલમાં જ નથી આવતો કે આ રાગ છે, એ તો અજ્ઞાની છે કહે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું! પર તરફની વૃત્તિ ઉઠી ચાહે તો દયાની, દાનની, ભક્તિની, પૂજાની. એ વૃત્તિ ઉઠી એ જાણવામાં છે કે આ

રાગ છે, દુઃખ છે, આ કષાય છે. છતાં એને બુદ્ધિપૂર્વક કહેવામાં જાણવામાં છે એટલે કહેવામાં આવે છે. અને અબુદ્ધિપૂર્વક એના જાણવામાં આવતો નથી આમ ખ્યાલમાં, પણ અંદર ઇન્દ્રિય અને મનનો વેપાર નથી, સ્થૂળ મનનો વેપાર નથી. સૂક્ષ્મ મન તો છે. રાગ થાય ત્યાં સૂક્ષ્મ મનનો વેપાર તો છે. સમજાણું કાંઈ? ના પાડી છે અપેક્ષાએ, સ્થૂળ નથી. એ વેપાર તો ઓલો પણ વેપાર છે. ઓલો વેપાર તો ખ્યાલ વિનાનો છે અને આ ખ્યાલમાં આવે એ પ્રકારની વાત છે. મનનો અંદર ખ્યાલમાં આવતો નથી ઓલો સૂક્ષ્મ છે માટે. છે તો એ પણ મનનો વેપાર. આહા..હા..! રાગ જે થાય એ મનના સંબંધ વિના થાય નહિ. પણ અહીંયાં સ્થૂળપણે રાગનો વેપાર ગણ્યો છે. આહા..!

'**ઇંદ્રિયમનના વ્યાપાર સિવાય કેવળ મોહના** ઉદય...'થી. અંદરમાં મોહનો ઉદય તો નિમિત્ત, નૈમિત્તિક તો પોતાની પર્યાય વિકારી દશા. આહા..હા..! '**અને જીવને જણાતા નથી...**' સૂક્ષ્મ ઉપયોગ નથી. સ્થૂળ ઉપયોગ ખ્યાલમાં અહીં આવે નહિ. '**તે અબુદ્ધિપૂર્વક છે. આ અબુદ્ધિપૂર્વક પરિણામને પ્રત્યક્ષ જ્ઞાની જાણે છે...**' આમ ભક્તિ થઈ, આ થયું એ તો રાગ પોતાને જણાય અને અનુમાનથી બીજાને પણ જણાય, પણ આવા સૂક્ષ્મ રાગને પ્રત્યક્ષ જ્ઞાની જાણે. '**અને તેમના અવિનાભાવી ચિહ્ન વડે તેઓ અનુમાનથી પણ જણાય છે).**' પોતાને પણ અનુમાન થઈ જાય એમ કહે છે, ભાઈ! કેમકે જ્યારે રાગ.. અવિનાભાવનો અર્થ? કે જો રાગ સૂક્ષ્મ ન હોય તો વીતરાગતા અને કેવળજ્ઞાન હોવું જોઈએ. આહા..હા..! અંદર ખ્યાલમાં ભલે ન આવે, પણ જો રાગ ન જ હોય તો તો કેવળજ્ઞાન વીતરાગતા હોવી જોઈએ. એટલે અનુમાનથી અંદર બુદ્ધિપૂર્વકમાં ખ્યાલમાં ન આવતો છતાં અનુમાનથી તેને અબુદ્ધિપૂર્વકનો ખ્યાલ આવે છે કે રાગ અંદર છે. આવી વાતું ભાઈ હવે ઝીણી વાતું. હવે આને ધર્મ સમજવો. કહો, પોપટભાઈ! આ સમજવું પડશે હોં! ક્યાં ગયા મૂળચંદભાઈ ગયા? ઠીક. એ કહેતા હતાને, સમજવું પડશે આ. સમજ્યે છૂટકો છે. આ વિના ચાર ગતિના દુઃખ ધોકા ઉભા છે, બાપા! એને ખબર નથી. આહા..હા..! આંખ મીંચાઈને ક્યાંય ચાલ્યો જશે ઢેઢગરોળીમાં. ઢેઢગરોળી સમજાય છે ઓલી નાની શું કહેવાય? છીપકલી. જો તત્ત્વજ્ઞાન અને આત્માનું ભાન ન કર્યું તો એ બધા ત્યાં અવતરવાના છે. અહીં મોટો બાદશાહ કહેવાતો હોય કરોડોપતિ ... પણ ઝીણા જીવડા ખાય ત્યાં લાઈટમાં. લાઈટમાં થાયને ઝીણા-ઝીણા? ભીંત ઉપર. આહા..હા..! એ અવતાર બાપા આવા અનંત કર્યા.

એ પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે અને એના ફળ એ સંયોગી જડ છે. બધું હેય છે એમ જ્યાં સુધી ન માને ઓળખીને હોં! અને પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એ આશ્રય કરવાલાયક અને એ જ ઉપાદેય છે. એવી બુદ્ધિ અંતરદૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન

કહેવાય છે. એને પણ કહે છે, બે પ્રકારના પરિણામ હોય છે. જાણવામાં આવનારા અને જાણવામાં ન આવનારા. અનુમાનથી તો જણાય વિકાર કે એવું નથી. માટે ભલે બુદ્ધિપૂર્વકનો ભક્તિ આદિનો ભાવ ન હોય પણ અંદરમાં ધ્યાનમાં નિર્વિકલ્પમાં પડ્યો હોય, પણ અંદર રાગ છે એ પછી અનુમાનથી જણાય કે વીતરાગતા જો હોત તો તો આ રાગ પાછો આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? ચેતનજી! આહા..હા..! જણાય છે લ્યો.

## શ્લોક-૧૧૭

(अनुष्टुभ्)
सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।
कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः।।११७।।

હવે શિષ્યની આશંકાનો શ્લોક કહે છે :—

શ્લોકાર્થ :— [सर्वस्याम् एव द्रव्यप्रत्ययसंततौ जीवन्त्यां] જ્ઞાનીને સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ વિદ્યમાન હોવા છતાં [ज्ञानी] જ્ઞાની [नित्यम् एव] સદાય [निरास्रव] નિરાસ્રવ છે [कुतः] એમ શા કારણે કહ્યું ?' — [इति चेत् मतिः] એમ જો તારી બુદ્ધિ છે (અર્થાત્ જો તને એવી આશંકા થાય છે) તો હવે તેનો ઉત્તર કહેવામાં આવે છે. ૧૧૭.

## કળશ-૧૧૭ ઉપર પ્રવચન

'હવે શિષ્યની આશંકાનો શ્લોક કહે છે :—' શિષ્યનો. ઉપર શ્લોક ૧૧૭.

(अनुष्टुभ्)
सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।
कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः।।११७।।

કહે છે કે 'सर्वस्याम् एव द्रव्यप्रत्ययसंततौ जीवन्त्यां' 'જ્ઞાનીને સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ વિદ્યમાન...' છે. એ જીવંતસ્વામી. નહોતું કહ્યું ત્યાં ઓલા બિયાનામાં. જીવંતસ્વામી-જીવતા સ્વામી ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. એમ આ કર્મના અંદર ભાવ જ્ઞાનીને જીવતા

છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'જ્ઞાનીને સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ...'** જડ-જડ રજકણો. રજકણ છેને જે આઠ કર્મ? એની સંતતિ એટલે પ્રવાહ પડ્યો જ છે અંદર. 'जीवन्त्यां'નો અર્થ **'વિદ્યમાન હોવા છતાં...'** ભગવાનને વિદ્યમાન ભગવાન કહે છેને? સીમંધર ભગવાન એ વિદ્યમાન તીર્થંકર છે મહાવિદેહમાં. એમ જ્ઞાનીને જડ કર્મ વિદ્યમાન છે. આહા..હા..! હવે પણ આ સાંભળ્યું પણ ન હોય જડ ને આસ્રવ ને આ.

ઈ જીવતા **'જ્ઞાની સદાય નિરાસ્રવ છે એમ શા કારણે કહ્યું?''** શિષ્યનો પ્રશ્ન છે. પ્રભુ! ધર્મનું ભાન થયું. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એનું વેદન, અનુભવ થયો, પણ એને હજી કર્મ તો આઠ બાકી જડ પડ્યા છે. આઠેય પડ્યા છે. એવાને જીવતા આઠ કર્મ પડ્યા છે હજી વિદ્યમાન છતાં સદાય નિરાસ્રવ કહો! છતાં એને આસ્રવ છે જ નહિ ધર્મીને. આનું શું કારણ? આહા..હા..! આશંકા છે. આશંકા છેને? શંકા તો તમારું ખોટું છે એનું નામ શંકા. આશંકા એટલે મને પકડાતું નથી એનું નામ આશંકા. આહા..હા..! **'એમ જો તારી બુદ્ધિ હોય...'** આચાર્ય પોતે જ કહે છે કે **'એમ જો તારી બુદ્ધિ છે તો હવે તેનો ઉત્તર કહેવામાં આવે છે.'**

## ગાથા-૧૭૩ થી ૧૭૬

सव्वे पुव्वणिबद्धा दु पच्चया अत्थि सम्मदिट्ठिस्स।
उवओगप्पाओगं बंधंते कम्मभावेण।।१७३।।
होदूण णिरुवभोज्जा तह बंधदि जह हवंति उवभोज्जा।
सत्तट्ठविहा भूदा णाणावरणादिभावेहिं।।१७४।।
संता दु णिरुवभोज्जा बाला इत्थी जहेह पुरिसस्स।
बंधदि ते उवभोज्जे तरुणी इत्थी जह णरस्स।।१७५।।
एदेण कारणेण दु सम्मादिट्ठी अबंधगो भणिदो।
आसवभावाभावे ण पच्चया बंधगा भणिदा।।१७६।।
सर्वे पूर्वनिबद्धास्तु प्रत्ययाः सन्ति सम्यग्दृष्टेः।
उपयोगप्रायोग्यं बन्धाति कर्मभावेन।।१७३।।

भूत्वा निरुपभोग्यानि तथा बन्धाति यथा भवन्त्युपभोग्यानि।
सप्ताष्टविधानि भूतानि ज्ञानावरणादिभावैः।।१७४।।
सन्ति तु निरुपभोग्यानि बाला स्त्री यथेह पुरुषस्य।
बन्धाति तानि उपभोग्यानि तरुणी स्त्री यथा नरस्य।।१७५।।
एतेन कारणेन तु सम्यग्दृष्टिरबन्धको भणितः।
आस्रवभावाभावे न प्रत्यया बन्धका भणिताः।।१७६।।

यतः सदवस्थायां तदात्वपरिणीतबालस्त्रीवत् पूर्वमनुपभोग्यत्वेऽपि विपाकावस्थायां प्राप्तयौवनपूर्वपरिणीतस्त्रीवत् उपभोग्यत्वात् उपयोगप्रायोग्यं पुद्गलकर्मद्रव्यप्रत्ययाः सन्तोऽपि कर्मोदयकार्यजीवभावसद्भावादेव बन्धन्ति। ततो ज्ञानिनो यदि द्रव्यप्रत्ययाः पूर्वबद्धाः सन्ति, सन्तुः तथापि स तु निरास्रव एव, कर्मोदयकार्यस्य रागद्वेषमोहरूपस्यास्रवभावस्याभावे द्रव्यप्रत्ययानामबन्धहेतुत्वात्।

---

હવે, પૂર્વોક્ત આશંકાના ઉત્તરની ગાથા કહે છે :

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદૃષ્ટિને,
ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.
અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,
જ્ઞાનાવરણ ઈત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.
સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;
ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.
આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,
આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.

ગાથાર્થ :— [सम्यग्दृष्टेः] સમ્યગ્દૃષ્ટિને [सर्वे] બધા [पूर्वनिबद्धाः तु] પૂર્વે બંધાયેલા [प्रत्ययाः] પ્રત્યયો (દ્રવ્ય આસ્રવો) [सन्ति] સત્તારૂપે મોજૂદ છે તેઓ [उपयोगप्रायोग्यं] ઉપયોગના પ્રયોગ અનુસાર, [कर्मभावेन] કર્મભાવ વડે (-રાગાદિક વડે) [बध्नन्ति] નવો બંધ કરે છે. તે પ્રત્યયો, [निरुपभोग्यानि] નિરુપભોગ્ય [भूत्वा] રહીને પછી [यथा] જે રીતે [उपभोग्यानि] ઉપભોગ્ય [भवन्ति] થાય છે [तथा] તે રીતે, [ज्ञानावरणादिभावैः] જ્ઞાનાવરણાદિ ભાવે [सप्ताष्टविधानि भूतानि] સાત-આઠ પ્રકારનાં થયેલાં એવા કર્મોને [बध्नाति] બાંધે છે. [सन्ति तु] સત્તા-અવસ્થામાં તેઓ [निरुपभोग्यानि] નિરુપભોગ્ય છે અર્થાત્ ભોગવવાયોગ્ય નથી -- [यथा] જેમ [इह] જગતમાં [बाला स्त्री] બાળ સ્ત્રી

[पुरुषस्य] પુરુષને નિરુપભોગ્ય છે તેમ; [तानि] તેઓ [उपभोग्यानि] ઉપભોગ્ય અર્થાત્ ભોગવવાયોગ્ય થતાં [बध्नाति] બંધન કરે છે — [यथा] જેમ [तरुणी स्त्री] તરુણ સ્ત્રી [नरस्य] પુરુષને બાંધે છે તેમ. [एतेन तु कारणेन] આ કારણથી [सम्यग्दृष्टिः] સમ્યગ્દષ્ટિને [अबन्धकः] અબંધક [भणितः] કહ્યો છે, કારણ કે [आस्रवभावाभावे] આસ્રવભાવના અભાવમાં [प्रत्ययाः] પ્રત્યયોને [बन्धकाः] (કર્મના) બંધક [न भणिताः] કહ્યા નથી.

ટીકા :— જેમ પ્રથમ તો તત્કાળની પરણેલી બાળ સ્ત્રી અનુપભોગ્ય છે પરંતુ યૌવનને પામેલી એવી તે પહેલાંની પરણેલી સ્ત્રી યૌવન-અવસ્થામાં ઉપભોગ્ય થાય છે અને જે રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે, પુરુષના રાગભાવને લીધે જ, પુરુષને બંધન કરે છે—વશ કરે છે, તેવી રીતે જેઓ પ્રથમ તો સત્તા-અવસ્થામાં અનુપભોગ્ય છે પરંતુ વિપાક-અવસ્થામાં ઉપભોગયોગ્ય થાય છે એવા પુદ્ગલકર્મરૂપ દ્રવ્યપ્રત્યયો હોવા છતાં તેઓ જે રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે અર્થાત્ ઉપયોગના પ્રયોગ અનુસારે કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સદ્ભાવને લીધે જ, બંધન કરે છે. માટે જ્ઞાનીને જો પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો વિદ્યમાન છે, તો ભલે હો; તથાપિ તે (જ્ઞાની) તો નિરાસ્રવ જ છે, કારણ કે કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધનાં કારણ નથી. (જેમ પુરુષને રાગભાવ હોય તો જ જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે છે તેમ જીવને આસ્રવભાવ હોય તો જ ઉદયપ્રાપ્ત દ્રવ્યપ્રત્યયો નવો બંધ કરી શકે છે).

ભાવાર્થ :— દ્રવ્યાસ્રવો ઉદયને અને જીવના રાગદ્વેષમોહભાવોને નિમિત્ત-નૈમિત્તિકભાવ છે. દ્રવ્યાસ્રવોના ઉદય વિના જીવને આસ્રવભાવ થઈ શકે નહિ અને તેથી બંધ પણ થઈ શકે નહિ. દ્રવ્યાસ્રવોનો ઉદય થતાં જીવ જે પ્રકારે તેમાં જોડાય અર્થાત્ જે પ્રકારે તેને ભાવાસ્રવ થાય તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન બંધનાં કારણ થાય છે. જીવ ભાવાસ્રવ ન કરે તો તેને નવો બંધ થતો નથી.

સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી તેને તે પ્રકારના ભાવાસ્રવો તો થતા જ નથી અને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાય સંબંધી બંધ પણ થતો નથી. (ક્ષાયિક સમ્યગ્દષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો તથા તે સંબંધી અવિરતિ અને યોગભાવનો પણ ક્ષય થઈ ગયો હોય છે તેથી તેને તે પ્રકારનો બંધ થતો નથી; ઔપશમિક સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાયો માત્ર ઉપશમમાંસત્તામાંજ હોવાથી સત્તામાં રહેલું દ્રવ્ય ઉદયમાં આવ્યા વિના તે પ્રકારના બંધનું કારણ થતું નથી; અને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને પણ સમ્યક્ત્વમોહનીય સિવાયની છ પ્રકૃતિઓ વિપાક-ઉદયમાં આવતી નથી તેથી તે પ્રકારનો

બંધ થતો નથી).

અવિરત સમ્યગ્દ્રષ્ટિ વગેરેને જે ચારિત્રમોહનો ઉદય વર્તે છે તેમાં જે પ્રકારે જીવ જોડાય છે તે પ્રકારે તેને નવો બંધ થાય છે; તેથી ગુણસ્થાનના વર્ણનમાં અવિરતસમ્યગ્દ્રષ્ટિ આદિ ગુણસ્થાનોએ અમુક અમુક પ્રકૃતિનો બંધ કહ્યો છે. પરંતુ આ બંધ અલ્પ હોવાથી તેને સામાન્ય સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી. સમ્યગ્દ્રષ્ટિ ચારિત્રમોહના ઉદયમાં સ્વામિત્વભાવે તો જોડાતો જ નથી. માત્ર અસ્થિરતારૂપે જોડાય છે; અને અસ્થિરતારૂપ જોડાણ તે નિશ્ચયદ્રષ્ટિમાં જોડાણ જ નથી. માટે સમ્યગ્દ્રષ્ટિને રાગદ્વેષમોહનો અભાવ કહેવામાં આવ્યો છે. જ્યાં સુધી કર્મનું સ્વામીપણું રાખીને કર્મના ઉદયમાં જીવ પરિણમે છે ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે; ઉદયનો જ્ઞાતાદ્રષ્ટા થઈને પરના નિમિત્તથી માત્ર અસ્થિરતારૂપે પરિણમે ત્યારે કર્તા નથી, જ્ઞાતા જ છે. આ અપેક્ષાએ, સમ્યગ્દ્રષ્ટિ થયા પછી ચારિત્રમોહના ઉદયરૂપ પરિણમવા છતાં તેને જ્ઞાની અને અબંધક કહેવામાં આવ્યો છે. જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય છે અને તેમાં જોડાઈને જીવ રાગદ્વેષમોહભાવે પરિણમે છે ત્યાં સુધી જ તેને અજ્ઞાની અને બંધક કહેવામાં આવે છે. જ્ઞાની-અજ્ઞાનીનો અને બંધ-અબંધનો આ વિશેષ જાણવો. વળી શુદ્ધ સ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા કેવળજ્ઞાન પ્રગટવાથી જ્યારે જીવ સાક્ષાત્ સંપૂર્ણજ્ઞાની થાય છે ત્યારે તો તે સર્વથા નિરાસ્રવ થઈ જાય છે એમ પહેલાં કહેવાઈ ગયું છે.

## ગાથા-૧૭૩ થી ૧૭૬ ઉપર પ્રવચન

ગાથા ૧૭૩, ૭૪, ૭૫, ૭૬.

सव्वे पुव्वणिबद्धा दु पच्चया अत्थि सम्मदिट्ठिस्स।
उवओगप्पाओगं बंधंते कम्मभावेण।।१७३।।
होदूण णिरुवभोज्जा तह बंधदि जह हवंति उवभोज्जा।
सत्तट्ठविहा भूदा णाणावरणादिभावेहिं।।१७४।।
संता दु णिरुवभोज्जा बाला इत्थी जहेह पुरिसस्स।
बंधदि ते उवभोज्जे तरुणी इत्थी जह णरस्स।।१७५।।
एदेण कारणेण दु सम्मादिट्ठी अबंधगो भणिदो।
आसवभावाभावे ण पच्चया बंधगा भणिदा।।१७६।।

વચ્ચે સ્થાપ્યું ભાઈ! પાછી પહેલી લીધી. આમ છે. વચ્ચે સ્થાપી દીધું કે આસ્રવ છે એને, પણ હવે આને નિરાસ્રવ પાછો કહ્યો કેમ? નીચે હરિગીત.

**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદૃષ્ટિને,**
**ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.**
**અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,**
**જ્ઞાનાવરણ ઈત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.**
**સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;**
**ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.**
**આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,**
**આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.**

એની ટીકા. આ શેના પ્રશ્નનો ઉત્તર અપાય છે? કે ધર્મનું ભાન થયું, સમ્યગ્દર્શનનો આત્મા અનુભવ થયો. પૂર્ણાનંદનો નાથ તે હું, રાગાદિ હું નહિ. છે છતાં હું નહિ. મારા સ્વભાવમાં નહિ. એવો અંતર દૃષ્ટિનો અનુભવ થતાં ધર્મી જીવ સુખને પંથે પડ્યો. એને આઠ કર્મની મોજૂદગી તો છે. અજ્ઞાનથી બંધાયેલા કર્મ તો એને છે, છતાં તેને આસ્રવ વિનાનો કહો છો? એનું શું કારણ? એમ શિષ્યનો પ્રશ્ન છે. એનો આ ઉત્તર છે. સમજાણું કાંઈ? ધર્મી જીવને આત્માનું ભાન (થયું છે કે) વસ્તુ આનંદ અને આનંદનો પુંજ છે. એવી દૃષ્ટિ અને અનુભવ વર્તતાં હોવા છતાં એને પૂર્વ સત્તામાં અજ્ઞાનથી બંધાયેલા સાત-આઠ કર્મ જડ પડ્યા છે. તો જડ પડ્યા છે છતાં એને અણાસ્રવી કહ્યો, આસ્રવ વિનાનો કહ્યો, બંધના કારણ વિનાનો કહ્યો એનું શું કારણ? સમજાણું કાંઈ?

‘**જેમ પ્રથમ તો તત્કાળની પરણેલી બાળ સ્ત્રી**...’ નાની ઉંમરની સ્ત્રી હોય. દસ-બાર વર્ષની કન્યા હોય એને પરણ્યો, પણ એ વખતે ‘**અનુપભોગ્ય છે**...’ નાની ઉંમરમાં એ ભોગને લાયક હોઈ શકે નહિ. ‘**પરંતુ યૌવનને પામેલી એવી તે પહેલાંની પરણેલી સ્ત્રી**...’ ..પરણી પણ યૌવન અવસ્થા ૧૬-૧૭-૧૯ થયા. તો ‘**યૌવન-અવસ્થામાં ઉપભોગ્ય થાય છે**...’ દૃષ્ટાંત કહ્યો સિદ્ધાંતને સરળપણે સમજાય માટે. સત્ સમજાવવા દાખલો આપ્યો. ... કાંઈ ભોગ્ય ન ગણાય. મોટી યુવાન થાય તો ભોગ્ય ગણાય. ‘**અને જે રીતે ઉપભોગ્ય થાય**...’ ભાષા આ પાછી. ‘**જે રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે, પુરુષના રાગભાવને લીધે જ, પુરુષને બંધન કરે છે**...’ પુરુષના પ્રેમને લઈને એ બંધન કરે છે. આહા..હા..! ‘**વશ કરે છે,**...’ સ્ત્રી પુરુષને વશ કરે છે.

‘**તેવી રીતે**...’ એ તો દૃષ્ટાંત કહ્યો. ‘**જેઓ પ્રથમ તો સત્તા-અવસ્થામાં અનુપભોગ્ય**...’ આઠેય કર્મ પડ્યા છે એ તો સત્તામાં પડ્યા છે. ત્યાં સુધી અણભોગ્ય છે. ઉદયમાં આવ્યા

વિના એ ભોગ્ય હોઈ શકે નહિ. આહા..હા..! '**જેઓ પ્રથમ તો સત્તા...**' નામ કર્મની સત્તા આઠ કર્મ સાતની પડી છે અંદર. એ ત્યાં સુધી તો અનુપભોગ્ય છે. એ કર્મ ત્યાં સુધી તો ભોગવવામાં આવતા નથી. '**પરંતુ વિપાક-અવસ્થામાં ઉપભોગયોગ્ય થાય છે...**' એ કર્મનો પાક આવે જ્યારે અંદર ઉદય ત્યારે એ ભોગવવાને યોગ્ય થાય છે. સમજાણું કાંઈ? '**એવા પુદ્‌ગલકર્મરૂપ દ્રવ્યપ્રત્યયો હોવા છતાં...**' એવા જડ કર્મનો ઉદય હોવા છતાં '**તેઓ જે રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે...**' ભાષા આમ છે જરી. પોતે ઉદયમાં જોડાય તો કર્મબંધન થાય. ઉદયમાં ન જોડાય તો કર્મબંધન થાય નહિ. મિથ્યાત્વની અપેક્ષાએ વાત લે છે. આહા..હા..!

'**એવા પુદ્‌ગલકર્મરૂપ દ્રવ્યપ્રત્યયો હોવા છતાં તેઓ જે રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે અર્થાત્ ઉપયોગના પ્રયોગ અનુસારે...**' વર્તમાનના ઉપયોગના પ્રયોગ અનુસારે. આહા..હા..! '**કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સદ્‌ભાવને લીધે જ,...**' કર્મોદયનું કાર્ય જીવમાં રાગાદિ થાય તો '**બંધન કરે છે.**' કર્મનો ઉદય આવે અને જીવ જો રાગ-દ્વેષ કરે તો બંધન થાય છે. સમજાણું કાંઈ? અહીં તો જ્ઞાનીને રાગ-દ્વેષ થતો જ નથી એમ સિદ્ધ કરવું છે. કર્મનો ઉદય આવે છતાં દૃષ્ટિ અંતર આનંદસ્વરૂપ (ઉપર) હોવાથી એને રાગ-દ્વેષ-મોહના પરિણામ થતા નથી. એમ સિદ્ધ કરવું છે અત્યારે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું બહુ. સવારે ઝીણું, સાંજે ઝીણું. વાત તો એવી જ હોય.

જેને કહે છે કે ધર્મનો પંથ સૂઝ્યો અંદર. ભગવાન આત્મા સર્વજ્ઞ તીર્થંકરદેવે જે કહ્યો એવો જોયો અને જાણ્યો. અસંખ્યપ્રદેશી અનંતગુણનું ધામ એવી રુચિમાં, દૃષ્ટિમાં, પરિણમનમાં જણાણો. હવે એને જૂના કર્મ જે પડ્યા છે એ તો ભોગ્ય નથી. એ તો સત્તામાં છે. બાળ સ્ત્રીની જેમ. પાક આવ્યો, કર્મનો ઉદય આવ્યો તો જેટલા પ્રમાણમાં એને ઉપયોગ અનુસાર થાય એટલું બંધન. ધર્મીને ઉપયોગ અનુસાર એને છે નહિ. એને અનુસાર સ્વભાવ સન્મુખ છે. અબુદ્ધિપૂર્વકના રાગને ગણ્યા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે જ્ઞાનીને જો પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો વિદ્યમાન છે, તો ભલે હો; તથાપિ તે (જ્ઞાની) તો નિરાસ્રવ જ છે,...**' આહા..હા..! '**કારણ કે કર્મોદયનું કાર્ય...**' દેખો, જડનો ઉદય આવે એનું કાર્ય તો રાગ, દ્વેષ અને મોહ. જે બહારનો આસ્રવભાવ તેના અભાવમાં ધર્મીને રાગ-દ્વેષ થતા જ નથી એમ કહે છે અહીં. દૃષ્ટિની અપેક્ષાની વાત છેને? સમજાણું કાંઈ? દૃષ્ટિનો વિષય તો ત્રિકાળ શુદ્ધ આનંદકંદ પ્રભુ એનું જેને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું એને કર્મના ઉદય વખતે તેના તરફનું જોડાણ છે જ નહિ. આત્માનો પ્રયોગ આત્મા તરફ એનું વલણ છે. અહીં જોડાણ ફક્ત એકત્વબુદ્ધિનું લેવું છે. એકત્વબુદ્ધિનો જે રાગ-દ્વેષ-મોહ એ તો જ્ઞાનીને થતો નથી. આહા..હા..! ઝીણું બહુ પડે છે પણ આમાં માણસને. નવાને તો

લાગે આ શું છે?

‘**તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધનાં કારણ નથી.**’ એટલે? જૂના કર્મનો ઉદય આવે પણ એને તો સ્વામી થઈને તો પરિણમતો નથી. ધણીપતે રાગ-દ્વેષ મારા એમ તો થતું નથી. માટે એને ઈ જાતના રાગ-દ્વેષ-મોહ છે નહિ. આહા..હા..! ‘**રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ તેના અભાવમાં...**’ કારણ કે કર્મોદયનું કાર્ય તો રાગ-દ્વેષ-મોહ છે. જ્ઞાનીને એ છે નહિ. મિથ્યાત્વસંબંધી રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ એ છે નહિ. એમ કહે છે. અસ્થિરતાના રાગાદિ છે એને અહીં ગણતરીમાં ગણ્યા નથી. દૃષ્ટિપ્રધાન વાત છેને. આહા..હા..! એ તો પહેલી વાત કહેવાઈ ગઈ ૧૭૦-૭૧-૭૨માં. ધર્મીને પણ જ્યાં સુધી જઘન્ય પરિણમન છે હીણું ત્યાં સુધી એને રાગ-દ્વેષ છે અને ત્યાં સુધી એને બંધન છે. પણ અહીં હીણાની દશા તો વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનો વિષય તો અખંડ આનંદકંદ પ્રભુ છે. એની દૃષ્ટિવંતને ઉદયમાં એકત્વબુદ્ધિએ જોડાણ નથી માટે તેને તે પ્રકારના રાગ-દ્વેષ-મોહ થતા નથી. કહો, સમજાણું આમાં?

ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ આત્મા છે. એવી જ્યાં અંતરદૃષ્ટિ અને સમ્યગ્દર્શન થયું, સાચું દર્શન એટલે જેવો છે એવું દર્શન, એ ચોથે ગુણસ્થાનથી અહીં દર્શનની વાત લીધી છે. એને પૂર્વના અજ્ઞાનભાવે બંધાયેલા કર્મ હો પણ એ તો સત્તામાં છે એ ભોગ્ય નથી. હવે ઉદય આવે ત્યારે ભોગ્ય થાય, પણ તેને અનુસારે એકત્વબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? ઘડીકમાં કહે, છઠ્ઠે ગુણસ્થાન સુધી રાગ (હોય છે). એ બીજી અપેક્ષા છે. એ જ્ઞાનમાં એને જાણવામાં આવે છે. આ વસ્તુ બીજી છે. આ તો જાણવામાં આવે રાગ છતાં રુચિપૂર્વક નથી માટે તેને રાગ-દ્વેષ-મોહ કહેતા નથી. આહા..હા..! ... એની વાત છેને અત્યારે? સમજાણું કાંઈ? સ્વરૂપચંદભાઈ! સમજાય છે કે નહિ આ? એ તો ઘણા પરિચયવાળા છે. આહા..હા..!

‘**(જેમ પુરુષને રાગભાવ હોય તો જ જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે છે તેમ જીવને આસ્રવભાવ હોય તો જ ઉદયપ્રાપ્ત દ્રવ્યપ્રત્યયો નવો બંધ કરી શકે છે).**’ પણ આસ્રવભાવ છે જ નહિ. જ્ઞાનીને રાગ, દ્વેષ અને મોહ મિથ્યાત્વ તો છે નહિ. એ જ સંસાર છે ખરો તો. મિથ્યાત્વ એ સંસાર અને સંસાર એ દુઃખદાયક ભાવ. આહા..હા..! એ ધર્મીને તો એ હોતું નથી. ધર્મીને તો આત્માનું ભાન હોય છે. અમે તો જ્ઞાનસ્વરૂપ છીએ, આનંદમૂર્તિ છીએ. એવી જ્યાં દૃષ્ટિનો ભાગ પ્રગટ્યો એને દ્રવ્ય, ગુણ અને પર્યાય બધા નિર્મળ જ છે કહે છે. એને મલિનતા થતી નથી. સમજાણું કાંઈ? ‘**આસ્રવભાવ હોય તો જ ઉદયપ્રાપ્ત દ્રવ્યપ્રત્યયો નવો બંધ કરી શકે છે).**’ શું કહે છે ઈ? કે જૂના કર્મ જે ઉદયમાં આવે એ જો નવામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ભાવ હોય તો જૂના કર્મ બંધનું કારણ થાય. એ તો છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભાવાર્થ :— દ્રવ્યાસ્રવો ઉદયને...**' દ્રવ્યઆસ્રવ એટલે ઓલો જડ એનો જે ઉદય. કર્મનો ઉદય આવે એ પાક. '**અને જીવના રાગદ્વેષમોહભાવોને નિમિત્ત-નૈમિત્તિકભાવ છે.**' જીવના રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવોને '**નિમિત્ત-નૈમિત્તિકભાવ છે.**' ઓલું નિમિત્ત અને મિથ્યાત્વનો રાગ-દ્વેષભાવ નૈમિત્તિક. પર્યાયમાં થતાં રાગ-દ્વેષ-મોહ એ નૈમિત્તિક, કર્મનો ઉદય નિમિત્ત. '**દ્રવ્યાસ્રવોના ઉદય વિના જીવને આસ્રવભાવ થઈ શકે નહિ...**' જૂના કર્મના ઉદય વિના આસ્રવભાવ થઈ શકે નહિ. જુઓ, અહીં સિદ્ધ કર્યું પાછું. જૂના કર્મનો ઉદય હોય તો આસ્રવ થાય. અહીં તો અજ્ઞાનીની વાત છેને. એની વાત કરે છે. જૂના કર્મો વિકાર કરાવે એમ ક્યાં છે અહીં? આહા..હા..! ઉદય વિના વિકાર ન હોય એમ કહ્યું નહિ? એય..! ચેતનજી! ત્યારે ઉદય કહેવાયને? ખરેખર તો અહીંયા રાગ-દ્વેષ અને અજ્ઞાન કરે તો કર્મના ઉદયને ઉદય કહેવાય. ઉદય તો એની મેળે ખરી જાય છે. એની સાથે શું સંબંધ છે? આહા..હા..! ઝીણું ભારે ભાઈ!

એક કોર યથાખ્યાત ચારિત્ર ન હોય ત્યાં સુધી બંધન. એક કોર કહે મિથ્યાત્વ ગયું એટલે બંધન નહિ. જે અપેક્ષાએ કહે એ અપેક્ષાએ સમજવું જોઈએને. પહેલા આવી ગયું કે વિવિક્ષા પ્રમાણે બેય યથાર્થ છે. દૃષ્ટિની અપેક્ષાએ આ છે અને જ્ઞાનની અપેક્ષાએ આ છે. આ ધર્મ કરનાર કેવો છે એને જાણવો નથી અને એને ધર્મ કરવો છે. ધર્મ કરો રે ધર્મ કરો, પણ કોણ કરનાર? સ્વાત્મા. તે આત્મા કેવો છે? કે એ આપણને શું ખબર પડે કેવો છે? તો ધર્મ ક્યાંથી થશે તને? ધર્મ તો વર્તમાન વીતરાગી નિર્દોષ દશા છે. એનો કરનાર ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મા છે. તો એનું જ્ઞાન અને શ્રદ્ધા થયા વિના ધર્મની પર્યાય પ્રગટ થાય નહિ. સમજાણું કાંઈ?

'**દ્રવ્યાસ્રવોના ઉદય વિના જીવને આસ્રવભાવ થઈ શકે નહિ...**' એ તો પછી કહેતા હતા નહિ? વિવેકચંદ કે જુઓ! સિદ્ધને કર્મનો ઉદય નથી તો વિકાર ન થાય અને અહીં ઉદય હોય તો વિકાર થાય. અહીં વિકાર કરે તો ઉદય કહેવાય, નહિતર ઉદય કહેવાય કોને? એ તો પહેલેથી શરૂ થઈને આવ્યું છે. શું થાય? માણસને જ્યાં પકડાઈ જાય છેને, એમાંથી ખસવું ગોઠતું નથી એને. '**દ્રવ્યાસ્રવોના ઉદય વિના જીવને આસ્રવભાવ થઈ શકે નહિ અને તેથી બંધ પણ થઈ શકે નહિ. દ્રવ્યાસ્રવોનો ઉદય થતાં...**' કર્મનો જડનો પાક થતાં '**જીવ જે પ્રકારે તેમાં જોડાય...**' ભાષા જુઓ ચોખ્ખી કરી. આહા..હા..! '**જીવ જે પ્રકારે તેમાં જોડાય અર્થાત્ જે પ્રકારે તેને ભાવાસ્રવ થાય તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન બંધનાં કારણ થાય છે.**' એ તો પહેલી વાત આવી હતી એ જ છે. શરૂઆતમાં પહેલી ગાથાઓ.

વાસ્તવિક તત્ત્વ તો ચૈતન્યસ્વરૂપ જેને અંતરમાં આત્મજ્ઞાન થાય, ધર્મ થાય, સમકિત

થાય એને તો આત્મા પવિત્ર આનંદનો નાથ કંદ છે એવું એને ભાન થાય. એ ભાનવાળાને કર્મ પૂર્વે પડ્યા હોય, પણ એ ઉદય આવે અને જોડાય તેટલો તો એ પ્રમાણે આસ્રવ થાય. ધર્મી તો ખરેખર કર્મના ઉદયમાં જોડાતો નથી. એકત્વબુદ્ધિની વાત છેને અત્યારે? ઈ જોડાણ છે, અસ્થિરતાનું જોડાણ ગણ્યું નથી. આહા..હા..! શેઠ! બહુ ઝીણું બહુ! માર્ગ એવો છે. વીતરાગનો માર્ગ છે આ તો. સર્વજ્ઞ પરમેશ્વરનો કહેલો. ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પરમાત્માની વાણીમાં આ આવતું. ભાઈ! તું પ્રભુ છોને. ચૈતન્ય અને આનંદના સ્વભાવવાળો તું પ્રભુ છો. તું પામર નહિ, તું રાગવાળો નહિ, કર્મવાળો નહિ, શરીરવાળો નહિ, બાયડી, છોકરા, દેશ, કુટુંબવાળો નહિ. આહા..હા..! દૂર રહ્યું. આ દેશસેવા કરનાર... આહા..હા..! અહીંયા કાર્યવાહક કહેવાય બધા. શેઠિયાઓ અને વળી કાર્યવાહક. બધાનું કરી દે. અહંકાર કે બીજું કાંઈ? અભિમાન છે. આહા..હા..!

અહીં તો કહે છે કે ધર્મીને કર્મનું બંધન નથી થતું એનું કારણ શું? અને એને આસ્રવ નામ રાગ-દ્વેષનું (બંધન) થતું નથી એનું કારણ શું? કે એને જૂના કર્મ પડ્યા પણ ઉદય આવે અને જોડાય તો રાગ-દ્વેષ થાયને? ધર્મીનું એનું જોડાણ એમાં છે નહિ. જોડાણ આ બાજુ છે. ભારે આવું ભાઈ! ડોક્ટરના ઈંજેક્શન કરતા તો મોંઘા પડે એવું છે આ તો. આહા..હા..!

અરે..! એણે દરકાર કરી છે કે દિ'? અરે..! મારું શું થશે? હું ક્યાં જઈશ? આત્મા તો શાશ્વત છે. દેહ છૂટે તો રહેવાનો છે કે નહિ ક્યાંક? કે મરી જવાનો છે આત્મા? આ દેહ છૂટ્યો તો ક્યાંક રહેવાનો છેને? ક્યાં રહેશે? આહા..હા..! એનો વિચાર નથી એને. જેણે રાગ અને દ્વેષના પરિણામ મારા માન્યા અને જેની બુદ્ધિ પુણ્ય અને પાપમાં સુખબુદ્ધિ પડી છે એવા જીવો મરીને ઢોરાદિ એકેન્દ્રિયમાં જવાના છે. સ્વરૂપચંદભાઈ! અહીં ભલે મોટા માખણ જેવા શરીર દેખાતા હોય અને કરોડોપતિ દેખાય. એય..! શેઠ! ૪૦-૪૦ મોટરું ફૂ-ફૂ કરતી હોય ત્યાં. ભાઈ! ભગવાનલાલ શોભાલાલ. એવી બીડી જ્યાં મોકલે ત્યાં કાંઈ કોથળા ઉપાડીને જવાતું હશે? મોટરમાં નાખીને લઈ જાય. આહા..હા..!

કહે છે, કર્મના દ્રવ્યઆસ્રવનો ઉદય જે જડનો. '**જે પ્રકારે તેમાં જોડાય અર્થાત્ જે પ્રકારે તેને ભાવાસ્રવ થાય તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન બંધનાં કારણ થાય છે. જીવ ભાવાસ્રવ ન કરે તો તેને નવો બંધ થતો નથી.**' આહા..હા..! આમ રાગમાં જોડાણવાળો મિથ્યાદૃષ્ટિ કર્મના ઉદયમાં જોડાય છે માટે આસ્રવ થાય અને બંધ થાય છે. ધર્મી જીવને રાગના ઉદયનો જે ઉદય આવે એના તરફનું એનું વલણ પર્યાયબુદ્ધિનું ખસી ગયું છે. એની અંતર ચૈતન્યદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ થવાથી એને ઉદયમાં જોડાણ એને ગણવામાં આવ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**દ્રવ્યાસ્રવો નવીન બંધનાં કારણ થાય છે. જીવ ભાવાસ્રવ ન કરે તો તેને નવો બંધ થતો નથી.**' એ રાગ-દ્વેષમાં પોતાપણું ન માને

અને સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એવું પોતાને માને તો એને ભાવાસ્રવ થતો નથી. આહા..હા..!

'**સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો...**' જુઓ આવ્યો ખુલાસો. ધર્મી જીવને '**મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી...**' લ્યો! એની શ્રદ્ધા એવી નથી કે આ રાગમાં સુખ છે અને પુણ્યમાં સુખ છે. રાગને રોગ જાણે છે. ધર્મી રાગને રોગ જાણે છે. અજ્ઞાની રાગની વહાલપ કરીને રાગ મારો માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી સાધુ થઈને બેઠો હોય બહારથી, પણ જે કાંઈ અંદર પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના થાય એ મારા છે એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અને છ ખંડના ચક્રવર્તીના રાજમાં દેખાય સમ્યગ્દૃષ્ટિ, શ્રેણિક રાજા ક્ષાયિક સમકિત. જુઓ, મોટા હજારો રાજાઓ ચામર ઢાળે, હજારો રાણીઓ ઘરે. ભરત ચક્રવર્તી લ્યો છન્નું હજાર સ્ત્રી. અરે..! ઋષભદેવ ભગવાન સંસારમાં ૮૩ લાખ પૂર્વ. સમ્યગ્દર્શન અને ત્રણ જ્ઞાન હતા. એને આ અપેક્ષાએ તેને આસ્રવ ગણવામાં આવ્યો નથી. મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો તો ભાવ નથી. સમ્યગ્દર્શન અને સ્વરૂપની સ્થિરતાનો ભાવ ત્યાં છે. આ બધા ... શીખવા... એ કરતા તો દયા પાળવી, વ્રત પાળવી, અપવાસ કરવા, ભક્તિ કરવી, જાત્રા કરવી. જાઓ ધર્મ થઈ જાય. સમજવાનું કાંઈ નહિ.

મુમુક્ષુ :- મફતમાં ધર્મ થાય.

ઉત્તર :- મફતમાં ધર્મ થાય. આ થોડું ઘણું જાવુંને એમ કે જાત્રા કરવા. મહેનત કરે. આહા..હા..! બાપુ! એ તો વિકલ્પ છે, રાગ છે.

મુમુક્ષુ :- શ્રદ્ધા વિના કોણ આવે?

ઉત્તર :- કોણ આવે? એમ જ કહે છે. કહે છેને એ તો. એક જણા મોટા હતા. એણે એક જણાએ અપવાસ કર્યા હતા મહિનાના. તોપણ કીધું કે આ અપવાસ કરે છે કાંઈ શ્રદ્ધા વિના કરે? એક વળી ઈશ્વરચંદજી હતા દરિયાપરીના. ઈશ્વરલાલજી. એણે ત્યાં કહ્યું જામનગરમાં. પહેલા નામ ન આપ્યું. બીજા હતા એ ગુજરી ગયા બિચારા. ઈશ્વરચંદજી દરિયાપરીના. આ બધા આવે છે આ અપાસરે સામાયિક પોષા કરવા એ કાંઈ સમકિત શ્રદ્ધા વિના કરતા હશે? કોને કહેવી શ્રદ્ધા? આહા..હા..! શ્રદ્ધા મિથ્યાશ્રદ્ધા કે સમ્યક્ શ્રદ્ધા? રાગ કરવા જેવો છે અને રાગથી લાભ થાય એ શ્રદ્ધા છે પણ એ મિથ્યાશ્રદ્ધા છે. આહા..હા..! શ્રદ્ધા તો હોય જ ને. રાગની શ્રદ્ધા છે. આહા..હા..! ઈશ્વરલાલજી હતા દરિયાપરીના. અહીંથી વાત આવી ખરીને બધી? એટલે ત્યાં વાત કરી હતી જામનગરમાં. આ બીજાઓ એમ કહે છે આ સમકિત નહિ. તો આ સમકિત વિના આવ્યા હશે આ બધા અહીં બેઠા હશે? ભગવાન ઉપર શ્રદ્ધા નથી એને? હવે લાખ તારા ભગવાન ઉપર શ્રદ્ધા હોય, પણ આ આત્મા ભગવાન છે એની (તો શ્રદ્ધા છે નહિ).

મુમુક્ષુ :- મંદિરમાં ભગવાન...

ઉત્તર :- ઈ નહિ. આ ભગવાન. મંદિરમાં ભગવાન ક્યાં છે? ત્યાં તો સ્થાપના છે. ભગવાન તો અહીં બેઠો છે અંદર. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો પછી કહ્યુંને.

ઉત્તર :- છેને એમ. મંદિરમાં જઈને કહે, આ ભગવાન મને તારી દેશે. ત્યાં તો પત્થર છે, સ્થાપના છે. એ તો આરોપ કરીને ભગવાન કહેવામાં આવે છે. અનારોપી ભગવાન તો અહીં બિરાજે છે અંદર. આહા..હા..! 'નહિ મંદિરમેં જિન જીવ' આવે છેને? જિન ભગવાન ત્યાં ક્યાં છે? જિન ભગવાન તો અહીં બેઠો છે અંદર. આહા..હા..! પોતાના ભગવાનને ભાળે નહિ અને બીજાના ભગવાન ઉપર ભગવાન ભગવાન કરે, મરી જવાના બધા ઈ. રખડી મરવાના એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? એમ કરીને ઓલા સ્થાનકવાસીને ઠીક લાગે કે આ મૂર્તિ... એમ નહિ. મૂર્તિ આવે, પણ એ શુભભાવ છે. દર્શનાદિ શુભભાવ છે એટલી વાત છે. વચ્ચે અંદર રહી શકે નહિ ત્યારે એવો શુભભાવ હોય, પણ એ શુભભાવ બંધનું કારણ છે. જાત્રા અને દર્શન ભગવાનના બંધનું કારણ. એ ધર્મ નહિ અને ધર્મનું કારણ નહિ. ભારે!

કબીર કહે છેને એટલે આ લોકોનું આવ્યું. કબીર કહે 'મૂર્તિ પૂજે જીવ મળે તો મૈં પૂજું મોટા પહાડ.' સમજાણું? એનાથી તો ચક્કી ભલી, પીસ ખાય સંસાર. ચક્કીમાં પીસેને આ લોટ? આ તો દુકાન ઉપર હતા ત્યારે આ કબીરનું બધું આવેલું ચોપડી ઓલામાં જૈન સમાચારમાં મગાવતાને. વાડીલાલ મોતીલાલ. ૬૪-૬૫-૬૬ની વાત છે. સંવત્ ૧૯૬૪-૬૫-૬૬. તે દિ' તો ચોપડી ભેટમાં આવેલી. પત્ર મગાવતા હતા દુકાન ઉપર. એમાં આ આવ્યું હતું. મેં કીધું આ તો એકાંત છે. તમારે નહોતા ગાતા ત્યાં? શેઠ પણ અર્થ કરે વળી. મલારગઢ નહિ? શેઠ! તમે નહોતા ... શેઠને બધી ખબર છે. ઈ વાત સાચી નિશ્ચયની અપેક્ષાએ, પણ વ્યવહાર વચમાં આવે એ નથી વ્યવહાર એમ નહિ. વ્યવહાર એ આવે એને બંધનું જ કારણ છે. એ વ્યવહાર હોય ખરો. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે સમ્યગ્દૃષ્ટિને આત્માનું ચૈતન્યસ્વરૂપ પૂર્ણ જ્ઞાન અને આનંદ (છે). એ રાગ તો નહિ, પણ અલ્પજ્ઞપણું પણ નહિ. એવો ભગવાન આત્મા એની જેને અંતરદૃષ્ટિ થાય, એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. એને જૈન થયો એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એને મિથ્યાત્વનો.. એટલે? પુણ્યમાં સુખબુદ્ધિ છે, પાપમાં ઠીક છે એવી બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. અજ્ઞાનીને ક્ષણે ને પળે પુણ્ય અને પાપમાં ઠીક છે. બહાર અનુકૂળ સંયોગ દેખીને અમે સુખી છીએ એમ મૂઢ મિથ્યાદૃષ્ટિ માને છે. એ જૈન નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જૈન તો એને કહે છે. જૈન કોઈ સંપ્રદાય નથી, કોઈ વાડો નથી. એ તો આત્માનું જિનસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ છે એની દૃષ્ટિમાં અને એના જ્ઞાનમાં જે આખો

આત્મા તરવરે છે એને મિથ્યાત્વ અને અનંતાનુબંધી હોતા નથી. મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા. અનંતાનુબંધી અનંત કષાય મિથ્યાત્વની સાથે રહેલો.

એવા '**કષાયનો ઉદય નહિ હોવાથી તેને તે પ્રકારના...**' ભાષા જુઓ, બીજા રાગ-દ્વેષ હોય છે, પણ તે પ્રકારના. '**મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી તેને તે પ્રકારના ભાવાસ્રવો તો થતા જ નથી...**' આહા..હા..! બહુ સમજવાની વાત છે ભાઈ આ તો. જ્ઞાનની મૂર્તિ પ્રભુ ચૈતન્ય છે એવું જ્યાં ભાન થયું એને વિપરીત માન્યતા અને અનંતાનુબંધી કષાયના આસ્રવભાવ થતાં નથી. '**મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાય સંબંધી બંધ પણ થતો નથી.**' ઠીક! બેય આસ્રવ થતા નથી એવા પરિણામ માટે બંધ પણ થતો નથી. સમજાણું કાંઈ?

'(**ક્ષાયિક સમ્યગ્દષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો તથા તે સંબંધી અવિરતિ...**' જોયું? તે સંબંધી અવિરતિ '**અને યોગભાવનો પણ ક્ષય થઈ ગયો હોય છે...**' આહા..હા..! વિપરિત માન્યતાની સાથેનો જે રાગ અવિરતિભાવ. આહા..હા..! અને યોગભાવ એનો તો ક્ષય થઈ જાય છે. કેમકે આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ એની જ્યાં દૃષ્ટિ અને વેદનમાં આવ્યું, એને તો અવિરતિ તે સંબંધીની અવિરતિ-અસ્થિરતા અને તે સંબંધીનો યોગ. મિથ્યાદૃષ્ટિને હોય તે સમ્યગ્દષ્ટિને હોતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આ બધું કાંઈ વાંચન હોયને એને આ બધું બેસે એવું છે. ઉપર-ઉપરવાળાને તો એકદમ (એમ થાય) કે આ શું કહે છે આ?

'**સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ...**' વળી એ શું? '**અનંતાનુબંધી કષાયનો તથા તે સંબંધી અવિરતિ...**' તે સંબંધી અવિરતિ '**અને યોગભાવનો પણ ક્ષય થઈ ગયો હોય છે તેથી તેને તે પ્રકારનો બંધ થતો નથી; ઔપશમિક સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાયો માત્ર ઉપશમમાં સત્તામાં જ હોવાથી સત્તામાં રહેલું દ્રવ્ય ઉદયમાં આવ્યા વિના તે પ્રકારના બંધનું કારણ થતું નથી;...**' ત્યારે કોઈ એમ કહે કે ઉપશમ સમકિત છે એને તો સત્તામાં બધાય કર્મ પડ્યા, મિથ્યાત્વનું પણ પડ્યું છે. આહા..હા..! '**ઔપશમિક સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાયો માત્ર ઉપશમમાં સત્તામાં જ...**' છે એને. એ ઠર્યું છે. મેલ પાણી છેને પાણી? એમાં મેલ હોયને એ નીચે બેઠો છે. ઉપર નીતરી ગયું છે. એમ ઉપશમ સમ્યગ્દષ્ટિને સત્તામાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી બધા પડ્યા છે. આહા..હા..! પણ એનું દ્રવ્ય ઉદયમાં આવ્યા વિના તે પ્રકારનું બંધનું કારણ થતું નથી. બહુ આ તો સમજવાના ઘણા પ્રકાર પડે આ તો. આહા..હા..! હવે શું કહેવાય તમારે મેટ્રીક. મેટ્રીક ભણવામાં પણ કેટલા વર્ષ ગાળે છે. હવે આ ડોક્ટર ભણવામાં તો વળી કેટલી રખડપટ્ટી કરી હશે એણે. એય..! નવરંગભાઈ! એ પણ ડોક્ટર

છે. આહા..હા..! તો આ આત્માના જ્ઞાનને માટે કેટલો વખત તો જોશે કે નહિ? આહા..હા..! એને સમજવા માટે વખત જોશે, ભાઈ! નહિતર જન્મ-મરણના આંટા નહિ ટળે. આહા..હા..!

ઘાણીનો બળદ (એની) આંખે પાટા બાંધ્યા હોય. ફરી ફરીને આખો દિ' ફરે. સાંજે ઉઘાડે તો એ ઘાંચી અને એ ઘાણો હોય. એનો ઈ. એ ઘાંચી અને .. પડ્યો હોય. ચાલ્યો હતો બહુ પણ આ શું? એમ જ્યાં સુધી રાગને, પુણ્યને એના ફળને પોતાના માને એણે મિથ્યાત્વના પાટા બાંધ્યા છે. આહા..હા..! એ પાટાએ રખડે-રખડે જ્યાં પૂરું થાય ત્યાં આ તો પાછો ભવ આવ્યો. ઢોરનો અને નરકનો ભવ આવે. અહીં રાજા મોટો હોય. સવારે ચા, બપોરે દાળ, ભાત, રોટલા, બપોરે બે વાગે પાછી ચા. સાંજે ખીચડી કઢી.

મુમુક્ષુ :- હવે ખીચડી કઢી નથી.

ઉત્તર :- ખીચડી કઢી ન હોય ત્યારે શું ભજીયા-બજીયા જે હોય ઈ. ફરસાણ હોય સાચી વાત છે. હવે ફરસાણ કરે છે. વાત સાચી. ફરસાણ કરે છે. ભજીયા કે પુરણપોળી કરતા હશે. એ અહીં મરીને જાય નરકમાં તો એક રોટલો પણ નહિ મળે એને. આહા..હા..! પાણીનો બિંદુ નહિ, ભાઈ! તને ખબર નથી. તારું રહેવું તો ત્રિકાળ છે. તું કાંઈ નાશ થઈ જાય એવો નથી. આહા..હા..! જેને આત્માનું ભાન થયું, કહે છે કે ભલે એને ઉપશમ સમકિત હોય પણ ત્યાં સુધી એને મિથ્યાત્વ અને કષાયનો ઉદય આવતો નથી. અને ઉદય આવ્યા વિના એને બંધનું કારણ થયા નહિ. એ વિશેષ શું સમજાવ્યું? ક્ષાયિકવાળાને તો ઠીક, પણ ઉપશમમાં તો સત્તા પડી છેને મિથ્યાત્વની? એમ. ભલે પડી હોય, ઉદયમાં નથી. આહા..હા..!

'**તે પ્રકારના બંધનું કારણ થતું નથી; અને ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને...**' ત્રણેની વાત લીધી ભાઈ! આહા..હા..! '**ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને પણ સમ્યક્ત્વમોહનીય સિવાયની છ પ્રકૃતિઓ વિપાક-ઉદયમાં આવતી નથી તેથી તે પ્રકારનો બંધ થતો નથી).**' ત્રણેને ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ. ત્રણેને બંધ નથી કહે છે. કારણ કે સ્વભાવનો અનુભવ છે તેથી રાગનો સ્વામી થઈને પરિણમતો નથી. તેથી એને બંધ નથી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૪, બુધવાર, તા. ૦૭-૦૨-૧૯૭૩**
**ગાથા-૧૭૩ થી ૧૭૬, કળશ-૧૧૮, પ્રવચન-૩૦૮**

આસ્રવ એટલે? અહીંયાં તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ મિથ્યાત્વ સાથે હોય એને આસ્રવ—નવા બંધનું કારણ કહે છે. મુખ્યતા એની વાત છે અત્યારે. સમ્યગ્દૃષ્ટિને ધર્મની અંદર વસ્તુ સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન એનું જ્યાં અંતરમાં જ્ઞાન ને પ્રતીત ને અનુભવ થયો તો એને મિથ્યાત્વ અને મિથ્યાત્વ સાથેના રાગ-દ્વેષભાવ હોતા નથી. સમજાય છે કાંઈ? એથી એને મિથ્યાત્વ સંબંધી, વિપરીત અભિપ્રાય સંબંધી કે પુણ્યમાં ધર્મ છે, પાપમાં ઠીક છે એવી જ્યાં બુદ્ધિ મિથ્યાત્વની નાશ થઈ છે અને આત્મામાં આનંદ છે, આત્મામાં શાંતિ છે, આત્મા પોતે પરમેશ્વર પ્રભુતાથી ભરેલું તત્ત્વ છે એવું જ્યાં ભાન થયું અંદર એને મિથ્યાત્વ અને એની સાથેના રાગ-દ્વેષ અનંતાનુબંધીના હોતા નથી. એ અપેક્ષાએ ધર્મીને આસ્રવ હોતા નથી એમ કહ્યું છે. સ્વરૂપચંદભાઈ!

ત્યારે કહે, '**અવિરત સમ્યગ્દૃષ્ટિ** વગેરેને...' અહીંથી આવ્યું હવે. છેને? '**અવિરત સમ્યગ્દૃષ્ટિ...**' સમ્યગ્દર્શન આત્માનો સાક્ષાત્કાર એટલે કે આત્માનું ભાન થયું અને હજી રાગ-દ્વેષના પરિણામ આસક્તિના ટળ્યા નથી. સમજાણું કાંઈ? એ વગેરે. પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક હોય એને પણ આત્માની દૃષ્ટિ થઈ છે અને કેટલીક શાંતિ પણ અંતરમાં વધી છે. છઠ્ઠે ગુણસ્થાને. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત અંદર શાંતિ એટલે સ્વરૂપની ચારિત્રદશા પણ છે એને. વગેરેનો અર્થ એને. ત્રણેને. '**જે ચારિત્રમોહનો ઉદય વર્તે છે...**' એને પણ જે કાંઈ ચારિત્રમોહનો નિમિત્તથી એને તાબે થયેલો રાગ-દ્વેષનો ભાવ હજી એને વર્તે છે. '**તેમાં જે પ્રકારે જીવ જોડાય છે તે પ્રકારે તેને નવો બંધ થાય છે;...**' ચારિત્રમોહનો ઉદય હોવા છતાં જે પ્રકારે જે સ્થિતિએ એમાં જોડાય તે પ્રકારનો એને રાગ-દ્વેષ થાય છે અને તેથી તેને બંધન થાય છે.

'**તેથી ગુણસ્થાનના વર્ણનમાં અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનોએ અમુક અમુક પ્રકૃતિનો બંધ કહ્યો છે.**' ચોથા ગુણસ્થાનમાં પણ હજી અમુક આસ્રવ છે અને પ્રકૃતિનો બંધ કહ્યો છે. '**પરંતુ આ બંધ અલ્પ હોવાથી તેને સામાન્ય સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી.**' ઝીણું બહુ પણ. આહા..હા..! જ્યાં સુધી શુભ અને અશુભ પુણ્ય-પાપના ભાવ એમાં જેને રુચિ અને પ્રેમ છે ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ જીવ છે. જૂઠી દૃષ્ટિવાળો છે એટલે જૂઠા સંસારના ફળમાં રખડવાનો છે. આ સંસાર ચોર્યાશીના અવતાર.

આહા..હા..!

મુમુક્ષુ :- ભલેને પણ એમાં વકીલાત હોય, .. હોય, બાદશાહપણું હોય.... કેવી મજા આવે!

ઉત્તર :- ધૂડેય નથી. બાદશાહપણું નથી. બધા ભિખારા છે. આ પોતે તો રામજીભાઈ હતા વકીલ મોટા લ્યો! એ વકીલાતનું સુખ હતું? મફતના અભિમાન હતા જ્યાં-ત્યાં. એય..! ડોક્ટર! આ ડોક્ટરોને જ્યાં હોય ત્યાં બેઠા હોય ત્યાં ઓલા આવે ઈંજેક્શન લેવા.. ધૂડમાં એ તો રાગ છે, આકુળતા છે અને વળી...

મુમુક્ષુ :- પૈસા મળતાને.

ઉત્તર :- પૈસા ધૂડેય મળતા નહોતા. એ તો પૂર્વનું પુણ્ય હતું તો આવતા હતા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ તો ઘણીવાર નથી કહેવાણું? કે બુદ્ધિના બારદાન પણ લાખો રૂપિયા પેદા કરે દિવસના, એક દિવસના! એમાં શું? બુદ્ધિના બારદાન સમજાણું? બારદાન એટલે કોથળા. શૂન્ય. ખાલી કોથળા હોય બુદ્ધિના સમજવા જેવા હોય. અને છતાં પૂર્વના કોઈ પુણ્ય હોય લાખો પેદા, કરોડો પેદા, અબજો પેદા કરે એમાં શું? અને બુદ્ધિના ખાં હોય બહારના. મહિને હજાર, બે હજાર પેદા કરવા હોય તો પરસેવા ઉતરતા હોય. એની સાથે શું સંબંધ છે? એ કાંઈ ડહાપણ છે માટે મળે છે એમ હશે?

મુમુક્ષુ :- થોડું-ઘણું તો ડહાપણ જોઈએ.

ઉત્તર :- ધૂડેય ડહાપણ જોઈને નહિ. ગાંડપણ છે ઈ બધું. એય..! શેઠ! આ બધા પૈસા-બૈસા આ બે શેઠિયાએ ભેગા કર્યા હશે એને ડહાપણ હશે. શેઠ! કાનપુર બહુ પૈસા દેવા જાય છે ત્યાં.

મુમુક્ષુ :- આપ કહો છો કે પૈસા ભાગ થઈ શકતા નથી.

ઉત્તર :- આ તો એની પાસે જરીક આમ નજીક આવેને ત્યારે એમ માને કે મને આવ્યા છે એમ. ત્યાં ક્યાં આવે છે? અંદર આવે છે ત્યાં? આહા..હા..!

આત્મામાં જે કાંઈ પુણ્ય અને પાપના ભાવ થાય અને એના ફળ જે બહાર આવે એ મને છે, એ મારા છે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની પાખંડ અજ્ઞાનને સેવનાર છે. કહો, પોપટભાઈ! આહા..હા..! પણ જ્યારે એને દૃષ્ટિ ધર્મની થાય છે. અરે..! હું તો અનંત આનંદનો ધણી છું. મારી પાસે અનંત આનંદ પડ્યો છે. અતીન્દ્રિય અનંત આનંદ. એવા અતીન્દ્રિય આનંદની જ્યાં દૃષ્ટિ થાય છે ત્યારે એને મિથ્યાત્વ અને મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ રહેતા નથી. પણ તેને જરી ચારિત્રમોહનો ઉદય હોય છે અસ્થિરતાના નિમિત્તમાં, પણ એ તો નિમિત્તમાં તો જેટલું જોડાય તેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ થાય. સમજાણું? એમ કહ્યુંને જુઓને.

**'અમુક પ્રકૃતિનો બંધ કહ્યો છે. પરંતુ આ બંધ અલ્પ હોવાથી તેને સામાન્ય**

**સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી.**' સામાન્ય સંસાર એટલે? અનંત સંસાર વધે એ સામાન્ય સંસાર કહેવાય. એક-બે ભવ થાય એ વિશેષ સંસાર સામાન્યથી વિશેષ કહેવાય. એક-બે ભવ હોય સમકિતીને. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે એવા રાગ હોય તો અસ્થિરતારૂપે જોડાય છે જરી. વસ્તુની રુચિ નથી હવે રાગની. પુણ્યભાવમાં પણ રુચિ નથી. આહા..હા..! બહુ આકરું કામ. ભગવાનની ભક્તિનો ભાવ એ પણ દુઃખ. એને રુચિ નથી. મૂળચંદભાઈ! આવી વાત છે. કોણ બનાવે? એ તો એને કારણે બને છે. આ બધું થાય છે એ કોનાથી થાય છે? કોણ કરે એને?

મુમુક્ષુ :- .. પુણ્ય પ્રતાપથી.

ઉત્તર :- એ પુણ્ય અહીં રહી ગયા અંદર. આહા..હા..! એ તો એને કારણે ત્યાં એ સંયોગ બનવાનો છે તો બને છે એને કારણે. કરવાના નિમિત્તવાળો જીવ હોય તો એને શુભભાવ હોય, શુભ, પણ એ પણ બંધનું કારણ છે.

મુમુક્ષુ :- એને તો છોડી દેવું જોઈએ.

ઉત્તર :- પણ ક્યાંથી છૂટે? નીચલી દશામાં છૂટે જ નહિ. જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી એવો ભાવ આવ્યા વિના રહે જ નહિ. સ્વરૂપચંદભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- બે બાજુની તલવાર છે.

ઉત્તર :- બે બાજુની તલવાર. આવે તો ખરોને ભાવ એવો. સમ્યગ્દર્શનમાં રાગભાવ આવે. અશુભરાગ પણ હોય, રૌદ્રધ્યાન પણ હોય, સમકિતી શ્રાવકને સાચાને, પણ એને એ દુઃખ લાગે છે... દુઃખ લાગે છે. સમજાય છે? અજ્ઞાનમાં એને સુખ માનતો. એ ભાનમાં એને હવે દુઃખ માને છે. આમ દૃષ્ટિ ફરી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, એને જરી રાગનું જોડાણ થઈ જાય છે ખરું સમકિતીને. અસ્થિરતાનો ભાગ, આત્માનું જ્ઞાન અને દર્શન ભાન થયા છતાં, અસ્થિરતાનો જરી રાગ-દ્વેષભાવ થઈ જાય છે એટલું '**અને અસ્થિરતારૂપ જોડાણ તે નિશ્ચયદૃષ્ટિમાં જોડાણ જ નથી.**' અસ્થિરતાના જોડાણને અહીં નિશ્ચય સમ્યગ્દર્શનના ધ્યેયમાં એને જોડાણ એનું ગણવામાં આવતું નથી. ભારે વાતું ભાઈ! ખુલાસો તો જયચંદ્ર પંડિતે કર્યો છે ગૃહસ્થાશ્રમમાં રહીને. આહા..હા..! આમ આત્માને જ્યાં જાણ્યો.. ઓહો..! અતીન્દ્રિય આનંદનો કંદ છે આ તો. જેમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે. આહા..હા..! એવી દૃષ્ટિવંતને ઇન્દ્રના સુખ પણ દુઃખ લાગે છે. આહા..હા..! કાળા નાગને જેમ દેખે અને દુઃખ થાય એમ ધર્મીને એ રાગ આવે, પણ દુઃખ થાય છે. સમજાણું કાંઈ? અજ્ઞાની એ રાગમાં સુખ માને છે અને પોતાનો સ્વભાવ છે એમ માને છે. આ મોટો ફેર છે. દૃષ્ટિમાં ફેર છે. આહા..હા..!

છન્નું હજાર સ્ત્રી અને છ ખંડનું રાજ ચક્રવર્તી. ભરત અને શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ

ચક્રવર્તીને. છતાં અંદરમાં રાગ હોય તો છે. એ રાગ દુઃખ લાગે છે, આકુળતા લાગે છે, અગ્નિ જેવું ભાસે છે. આ તે કાંઈ વાત! અગ્નિ.

મુમુક્ષુ :- અગ્નિ જેવું કહ્યું.

ઉત્તર :- એટલે અગ્નિ જેવું એટલે અગ્નિ ઈ પોતે ત્યાં અગ્નિ નથી એટલે અગ્નિ જેવું. એય..! 'રાગ આગ દાહ દહે સદા'. 'રાગ આગ દાહ દહે સદા' એ છ ઢાળામાં .. છે. આહા..હા..! ધર્મીને શુભરાગ આવે, પૂજાનો આવે, સ્મરણનો આવે પણ એને એ દુઃખ લાગે છે. ત્યારે કહે એવું કરે શું કરવા? પણ એ આવ્યા વિના રહે નહિ પૂર્ણ ન થાય ત્યાં સુધી. શેઠ! નમો અરિહંતાણં એવો જે વિકલ્પ ઉઠે છે એ રાગ છે. એ શુભરાગ છે. પંચપરમેષ્ઠીનું સ્મરણ રાગ છે. આહા..હા..! આવે છે, પણ એ અસ્થિરતા છે. એમાં સુખબુદ્ધિ નથી. એથી અસ્થિરતાના કારણે થોડો બંધ પડે એ નિશ્ચયદૃષ્ટિના સ્વભાવની અપેક્ષાએ એને બંધન ગણવામાં આવ્યો નથી. શું કહે છે આ? કહો, સમજાણું?

**'માટે સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહનો અભાવ કહેવામાં આવ્યો છે.'** આ અપેક્ષાએ કહ્યું છે. આહા..હા..! દૃષ્ટિનું જોર તો સમ્યક્ સ્વભાવ ઉપર છે. એટલે દૃષ્ટિ અને રુચિ રાગને કરવા માગતી નથી. છતાં નબળાઈને લઈને થાય છે ઈ નિશ્ચય દૃષ્ટિના જોરની અપેક્ષાએ એ રાગને અહીંયાં ગણવામાં આવતો નથી. **'જ્યાં સુધી કર્મનું સ્વામીપણું રાખીને કર્મના ઉદયમાં જીવ પરિણમે છે...'** ઝીણી વાતું બહુ, ભાઈ! જ્યાં સુધી કર્મના નિમિત્તમાં રાગ થઈને સ્વામીપણે થાય, એ પુણ્ય-પાપના ભાવનો ધણી થઈને થાય ત્યાં સુધી એને બંધ અને મિથ્યાત્વભાવ છે. આહા..હા..! આટલું બધું પાટીયું ભરવું પડ્યું લ્યો એમને. **'જ્યાં સુધી કર્મનું સ્વામીપણું રાખીને...'** રાગ થાય તેનું ધણીપતું રાખીને અથવા પૂર્વના કર્મ છે એ મારા છે, મને છે એમ માનીને જ્યાં સુધી રાગ-દ્વેષ થાય **'ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે;...'** ત્યાં સુધી રાગ ને દ્વેષના પરિણામનો રચનારો છે. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે! આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવનું કહેલું તત્ત્વ ગંભીર અને સૂક્ષ્મ છે. એ વાત ભગવાન સિવાય ક્યાંય બીજે નથી. જેના વાડામાં જન્મ્યો એને સમજવું કઠણ પડે એવું છે.

ભગવાન આત્મા એકલો જ્ઞાન, જ્ઞાતા અને આનંદ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે. પ્રજ્ઞા એટલે જ્ઞાન અને બ્રહ્મ એટલે આનંદ. એવા સ્વભાવનો સ્વામી જ્યાં સુધી છે ત્યાં સુધી અસ્થિરતાના રાગ-દ્વેષને સ્વામીપણે નથી એટલે ગણવામાં આવતો નથી. પણ જ્યારે જ્યાં સુધી એને રાગ-દ્વેષનું સ્વામીપણું છે અને સ્વભાવનું સ્વામીપણું નથી... આહા..હા..! ત્યાં સુધી કર્તા રાગનો છે. રાગનો કર્તા થઈને થાય છે. એને મિથ્યાત્વ છે અને એને બંધન થાય છે. સમજાણું કાંઈ?

પછી **'ઉદયનો જ્ઞાતાદૃષ્ટા થઈને પરના નિમિત્તથી માત્ર અસ્થિરતારૂપે પરિણમે...'** શું કહે છે? કર્મના નિમિત્તને આધીન થઈને રાગ-દ્વેષરૂપે પરિણમે, પણ જ્ઞાતા-દૃષ્ટા થઈને પરના નિમિત્તથી અસ્થિરતારૂપે પરિણમે **'ત્યારે કર્તા નથી,...'** આરે..! જાણનાર-દેખનાર હું છું એવા ભાનમાં રાગનો કર્તા જ્ઞાની નથી. અને તેથી તેને રાગનું ખરેખર સ્વામીપણું નથી અને પરિણમન પણ ખરેખર નથી. આહા..હા..! બહુ આકરી વાત! લોકોએ બહારમાં ચડાવી દીધું છેને એટલે આ રસ્તે ચડવું એને કઠણ પડે છે.

સાક્ષાત્ પરમસ્વભાવસ્વરૂપ ભગવાન પરમાત્મા પોતે વસ્તુ છે. એની દૃષ્ટિમાં એનું ભાન થવાના કાળમાં એને રાગાદિ અસ્થિરતા થાય ખરી, પણ એનો સ્વામી થઈને કર્તા ન થાય. આહા..હા..! એ કરવા જેવો છે, લાભદાયક છે એવી બુદ્ધિ જ્ઞાનીને રહેતી નથી. થાય તો છેને. ન થાય તો વીતરાગ થઈ જાય. કહો શેઠ! શું કરવું? મંદિર કરવું કે ન કરવું?

મુમુક્ષુ :- કોઈ સહેલો રસ્તો કાઢો.

ઉત્તર :- રસ્તો આ છે, રસ્તો તો આ છે. ત્રણ કાળમાં અનાદિ-અનંત એક જ પંથ વીતરાગનો છે. આહા..હા..! 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' સ્વરૂપચંદભાઈ! આવે છે? શેમાં? આત્મસિદ્ધિ. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ. પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સમંત.' છે ખરો વ્યવહાર. એ જાણવાલાયક ચીજ આવે ખરી, પણ એ આદરવાલાયક છે અને એનો સ્વામી થઈને પરિણમે એ સમકિતી નહિ. આહા..હા..! અને સમકિતીને રાગનું દુઃખ લાગ્યા વિના રહે નહિ. દુઃખ ન લાગે તો એ સમકિતી નથી. દુઃખ જ છેને. આકુળતા છે. આહા..હા..! રાગમાં ઉત્સાહ થઈ જાય, રાગના દુઃખને જાણે જ નહિ તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાણું કાંઈ?

આત્માના આનંદના સ્વાદમાં ધર્મીને દુઃખનો સ્વાદ તો ઝેર જેવો દેખાય છે. આહા..હા..! મોક્ષ અધિકારમાં કહ્યું છેને કે શુભભાવ વિષકુંભ છે. શુભભાવને ત્યાં એકલો લીધો છે. અશુભનું અહીં શું કામ છે? કહો, સમજાણું કાંઈ? જેને અમૃતનો સાગર નજરમાં પડ્યો, શ્રીમદ્ કહે છે અમૃતની સચોડી નાળિયેરી છે અમારી પાસે. આહા..હા..! એટલે? ભગવાન આત્મા એકલો અતીન્દ્રિય અમૃતનું સ્વરૂપ જ છે. ન્યાં તો અમૃતના જ નાળિયેર પાકે. ત્યાં રાગના નાળિયેર પાકે એવી એ ચીજ નથી. ઝીણું બહુ. બહારમાં આથડે એને આ સમજવા માટે બહુ પુરુષાર્થ જોઈએ.

અરે..! એને જન્મ-જરા-મરણના કંટાળા આવ્યા નહિ. ચોર્યાશી ચાર ગતિ દુઃખથી ડરે. આવે છેને? યોગસારમાં આવે છે. 'ચાર ગતિ દુઃખથી ડરી' ચારેય ગતિના દુઃખ. સ્વર્ગના ઈન્દ્રો પણ દુઃખી છે. આહા..હા..! એ ઈન્દ્રના વિષયો પુણ્યના ફળરૂપે મળે, અંગારા શેકાય છે. પંચાસ્તિકાયમાં ૧૭૧ ગાથા. પંચાસ્તિકાય. છપાઈ ગયું આમાં. એય..! પાટિયામાં. ઈ

પોપટભાઈ .... કરે છેને બધું ત્યાં. .. કહેતા હતા હોં ઈ. આહા..હા..! પંચાસ્તિકાયની ૧૭૧ ગાથામાં. ગાથા બધી થઈને ૧૭૩ છે, પણ ૧૭૧માં કહ્યું છે. દેવના જીવો અંગારાથી શેકાય છે. આહા..હા..! તો આ બધા પૈસાવાળા પણ અંગારાથી શેકાય છે એમ કહે છે.

મુમુક્ષુ :- મોટા પુરુષ...

ઉત્તર :- મોટા નહિ વસ્તુનું સ્વરૂપ એવું છે.

મુમુક્ષુ :- આપણે શીતળ છાયામાં રહીએ.

ઉત્તર :- શીતળ છાયા આત્મામાં છે. શીતળ છાયા બહારમાં છે? બહારની છાયા લેવા જશે ત્યાં રાગ થશે. ત્રણ લોકના નાથ ઈ એમ કહે. અજ્ઞાની તો કહે કે અમે તમને ભજો, અમારું ભજન કરો તમારું કલ્યાણ થઈ જશે. અહીં તો કહે છે, અમારું ભજન કરશો તો તમને રાગ થશે.

મુમુક્ષુ :- સંસાર થાશે.

ઉત્તર :- ઘોર સંસાર. આહા..હા..! વીતરાગને તો જે સત્ય હોય એ કહેવું છેને? સ્વરૂપચંદભાઈ! વીતરાગ એમ કહે. બીજા તો એમ કહે મોઢા સામો કોળિયો કોને ન ગોઠે? અમારા સાધુને આહાર-પાણી આપો તો તમારું કલ્યાણ થશે. જાવ ત્યાં લાડવા મળશે વૈકુંઠમાં. ધૂડેય નહિ (મળે), ત્યાં વૈકુંઠમાં ક્યાં લાડવા હતા? આહા..હા..! વૈકુંઠ એના ઓલા વ્યંતર-બ્યંતર જેવા દેવ બને ને એને વ્યંતર ગણે. વ્યંતર શું કીધું? વૈકુંઠ. વ્યંતરને વૈકુંઠ ગણે. મોટા એના મોટા-મોટા ઓલા હોય છેને. મહેલ મોટા હોય છે. વ્યંતરને મોટા ઓરડા. રત્નથી જડેલા મોટા-મોટા. એ જાણે કે આ વૈકુંઠ છે. ધૂડેય નથી સાંભળને. આહા..હા..!

કહે છે કે ભગવાન આત્મામાં જેમ કંઠમાંથી પણ એક અમૃત ઝરે છે થુંકનું. અમી નથી કહેતા અમી? કોરું ગળું હોય ત્યારે એમાંથી અમી ઝરે. બહુ કોરું હોયને ગળું તો આંબલી આમ દેખાડેને આંબલી. આંબલીનો હાર આમ. આંબલી સમજો છો? એક રાજાને અમી આવતી જ નહોતી. બહુ ગળું સુકાય પછી કાતરા કહેવાય એ નહિ? આમ હાર બાંધ્યો ચારે બાજુ. વચમાં બેસાડ્યો એને. જ્યાં વચમાં બેસાડ્યો ત્યાં અમી આવી અંદરથી. ઓલું ખાટું બહુને. ડોક્ટર! લ્યો! અમી આવી અંદરથી એકદમ. ચારે કોર ઓલા આંબલીના કાતરા હતા. અહીં તો એને કારણે તે આવ્યું, એનાથી નહિ. આહા..હા..! એવું છે.

અહીં જ્યાં આત્મામાં નજર કરે ત્યાં અંદરથી અમી ઝરે એમ કહે છે. આહા..હા..! એ લૂખા ગળામાં આંબલીનો દેખાવ કરીને એને અમી લાવે છે. એમ જ્યાં લૂખું હૃદય છે રાગવાળું, એને અંદરમાં દૃષ્ટિ કરતાં એને અમી ઝરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એને સમ્યગ્દર્શન કહે છે. નવરંગભાઈ! જેની દૃષ્ટિમાં એકલો અમૃતસ્વરૂપ ભગવાન ત્યાં દૃષ્ટિમાં આખો અમીનો સ્વીકાર કર્યો એ અંશે આનંદનું અમૃત ત્યાં ઝરે છે. ઓલાને ટીંગાડ્યા હતા કાતરીયા.

ક્યાંકની વાત છે ધાંગ્રધ્રાની કે ક્યાંકની. સમજાણું? સાંભળ્યું તો ઘણું હોયને સાંભળેલું અહીં તો. એમ અહીં ભગવાન આત્મા અમૃતનો સાગર અંદર છે. એમાં દૃષ્ટિ પડતાં એ પર્યાયમાં અમૃતની ભરતી આવે છે. એ અમી ઝરે છે. આહા..હા..! પણ જેને એની દૃષ્ટિ નથી એને રાગ અને દ્વેષના પુણ્ય-પાપની દૃષ્ટિ છે એને પર્યાયમાં ઝેર ઝરે છે. અંદર ભર્યું નથી. સમજાણું કાંઈ? આકરી વાતું છે, બાપા! આહા..હા..! જૈનધર્મને એવો કરી નાખ્યો લોકોએ. ભગવાનની પૂજા કરો, ભક્તિ કરો, જાત્રા કરો, વ્રત પાળો ધર્મ થઈ જશે. ધૂળમાંય ધર્મ નથી સાંભળને. એ તો રાગ છે.

મુમુક્ષુ :- નિમિત્ત તો બંધાવાનું છેને?

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? અહીં થાય તો પછી નિમિત્ત કહેવાય. તે વિના નિમિત્ત કોનું કહેવાય? આહા..હા..! સમજાણું કાંઈ? અંદરમાં આનંદની દશા પ્રગટે સ્વને આશ્રયે તો પછી રાગની મંદતા અને નિમિત્ત ગુરુ આદિનું નિમિત્ત કહેવાય, પણ એકલા કોથળાને શું કહેવું? બારદાનને શું કહેવું? માલ ભર્યો હોય તો કહેવાય કે આ ચોખાનો કોથળો, આ ઘઉંનો કોથળો બારદાન. પણ માલ વિનાના કોથળાને શું કહેવું? કોથળો છે. ચોખાનો અને ઘઉંનો ન કહેવાય એને. કહેવાય? એમ આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ દૃષ્ટિમાં માલ આવ્યો ત્યારે પછી રાગની મંદતા અને ગુરુ, દેવ આદિને નિમિત્ત કહેવામાં આવે એ બારદાન છે. આ તો સમયની પર્યાયને બારદાન કહ્યું છે વળી અહીં તો. એની એક સમયની પર્યાય એ બારદાન છે. કારણ કે આખા તત્ત્વને તોળે છે પર્યાય. સમજાણું કાંઈ? એક સમયની જે પર્યાય અવસ્થા, પ્રમાણજ્ઞાન એ માપનું જ્ઞાન છે. માપનું છે. કોને માપે છે? કે ત્રિકાળને. આહા..હા..! સમજાણું કાંઈ? વર્તમાન જ્ઞાનની દશા એને અંતરમાં વાળતા એને આખો માલ પર્યાયમાં પ્રમાણમાં જણાઈ જાય છે. નવરંગભાઈ! તો એને પ્રમાણ કહેવાય. આહા..હા..! કહે છે, એવું જ્યાં ભાન થયું એને જરી અસ્થિરતાના રાગ-દ્વેષ હોય છે દુઃખ, પણ એનો એ કર્તા નથી. જ્ઞાતા જ છે, જાણનાર જ છે.

‘**આ અપેક્ષાએ, સમ્યગ્દૃષ્ટિ થયા પછી ચારિત્રમોહના ઉદયરૂપ પરિણમવા છતાં તેને જ્ઞાની અને અબંધક કહેવામાં આવ્યો છે.**’ સમજાણું કાંઈ? ‘પક્કડ પક્કડમેં ફેર હૈ.’ મીંદડી હોય છેને મીંદડી. શું કહેવાય? બિલ્લી. એ બિલ્લી પકડે ઉંદરને અને બિલ્લી પકડે એના બચ્ચાને. પક્કડ પક્કડમેં ફેર હૈ. સાત દિ’ ફેરવે છેને? કારણ કે ફેરવવાનો હેતુ ઈ છે ઓલા છોકરા જોયા કરેને તો એને નુકસાન કરે. એટલે મીંદડી બચ્ચાને ફેરવે. બીજે દિ’ ક્યાંક લઈ જાય, ક્યાંક લઈ જાય. પણ એ બચ્ચાના મોઢામાં પોલું લે. એને દાંત ન વાગવા દે અને ઉંદરને પકડે તો (લોહી કાઢી નાખે). આહા..હા..! અમારે ત્યાં દામનગરમાં બહુ આવતું ભાઈ! અપાસરા સામે દુકાન અનાજની અને વિઠલ શેઠ અને ગોરાભાઈ! ગોરાભાઈ નથી

ત્યાં મુંબઈ? દામનગરવાળા નહિ? આપણે આવતા વ્યાખ્યાનમાં આવે છે. ...

મુમુક્ષુ :- વિઠલ...

ઉત્તર :- હા, વિઠલ.. એના દીકરા મોરાર અને ગોકુળભાઈ. ઈ સામી દુકાન અને અહીં બેઠા હોય ત્યાં એમાંથી આવડો ઉંદર મોટો. મીંદડી મોઢામાં પકડી અને અપાસરામાં ગરે સામે-સામે. મોટું લટકતું મોઢું આમ પકડીને. પછી પાછળ જઈ શું કહેવાય ઈ સમજ્યાને? નવ .. હોય પાછું. એમાં જઈને ખાય પછી. .. એવું તો ઘણીવાર જોયેલું છે. સામે દુકાન અને એમાંથી લાવીને આવે ફરતા પકડીને. એને પકડે અને બચ્ચાને પકડે એમાં ફેર.

એમ જ્ઞાનીને રાગ થાય પણ એની પક્કડ બુદ્ધિ નથી. સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને રાગ થાય તે રાગમાં પક્કડ બુદ્ધિ છે એને. આ દાખલો સમજો છો? આહા..હા..! અમારે ત્યાં બહુ .. આવતા. એવા મોટા-મોટા ઉંદરને પકડે. આહા..હા..! એ બરાબર પાટે બેઠા હોય અને બારણામાંથી આમ નીકળે મીંદડી. ...ની પાછળ છે જગ્યા એક. .. પાછળ એક નાનું .. છે. પાણી નીકળવાનું હોયને ઓલું ત્યાં પાણી નીકળવાનું આટલું એમાંથી. એમાં ગરે એમાં જઈને અંદર જઈને ખાય. આહા..હા..! બે બાજુના નેવા પડતા હોય અને અંદર ખાય. દામનગર બહુ જોયેલું. આહા..હા..!

કહે છે.. એ ગાતી અમારે એક છોડી હતીને. 'પક્કડ પક્કડમેં ફેર હૈ.' એમ ગાતી કાંઈક પણ ભૂલી ગયા ઘણા વર્ષ થયા. ૮૦ની સાલમાં. પોપટભાઈના દીકરાની દીકરી હતી. બરવાળા. નહિ? એ છોડી હતી બિચારી. 'સમજ સમજ મેં ફેર હૈ' એમ કાંઈક. 'સમજાવ્યું સમજે નહિ, કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું નાખ્યું ભડકામાંય.' એ છોડી કહેતી. એના બાપના બાપ શીખવતા પોપટભાઈ. એ .. હતા. ઈ શીખવતા એને. સમજાવ્યા સમજે નહિ, કરે કાંઈનું કાંઈ. ફાનસ સળગાવો કહ્યું, ફાનસ સળગાવો. નાખ્યું ભડકામાં. તમે કીધું હતુંને સળગાવો. પણ શું સળગાવું કહ્યું? ભડકામાં નાખવાનું કહ્યું હતું કે દિવાસળી કરવાનું કહ્યું હતું? તમે તો આમ કહ્યું હતું. એય..! શેઠ! વકીલાત પાસે કરાવો અર્થ કહે લ્યો! સળગાવો કહ્યું હતું કે તમે .. બાપા! એમ સળગાવો એનો અર્થ શું? અર્થ તો સમજવો જોઈએને. દિવાસળીથી ફાનસને સળગાવ એમ. સળગાવ એટલે પ્રકાશ કર. સળગાવ એટલે ભડકામાં નાખી દે? આહા..હા..!

અહીં કહે છે ધર્મીને તો આત્માના જ્ઞાન અને આનંદનું ભાન વર્તે છે. એથી એને રાગ આવતા રાગનો સ્વામી થઈને એનો કર્તા નથી. પક્કડ કરતો નથી એની. જ્ઞાતા થઈને તેને જવા દે છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! આવી ધર્મની જેની વાતું. આહા..હા..!

**'સમ્યગ્દૃષ્ટિ થયા પછી ચારિત્રમોહના ઉદયરૂપ પરિણમવા છતાં તેને જ્ઞાની અને અબંધક કહેવામાં આવ્યો છે.'** આ અપેક્ષાએ. રાગ થાય છતાં કરવાલાયક છે એમ ન

લાગતા એને દુઃખ લાગે છે. એથી એને રાગ નથી એમ કહીને એને રાગનું બંધન પણ નથી એમ કહ્યું છે. '**જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય છે...**' જ્યાં સુધી રાગ અને પુણ્યના પરિણામ મારા અને હિતકર છે એવો મિથ્યાત્વનો ભાવ ઊંધી શ્રદ્ધાનો છે. '**અને તેમાં જોડાઈને...**' રાગ-દ્વેષમાં જોડાઈ જાય છે એકાકાર થઈને. જ્ઞાની રાગ-દ્વેષથી વિરક્ત રહે છે. ધર્મી રાગ-દ્વેષથી વિરક્ત રહે છે, અજ્ઞાની રાગ-દ્વેષમાં રક્ત થઈ જાય છે. આટલો ફેર છે. આહા..! ધર્મીને આત્માના આનંદના સ્વાદ આગળ રાગનો સ્વાદ કલુષિત દેખાતા વિરક્ત છે. અજ્ઞાનીને આનંદના સ્વાદની ખબર નથી એથી રાગના સ્વાદમાં એકાકાર થઈને રક્ત થાય છે. આહા..હા..! જુઓને! આટલો ખુલાસો કરવો પડ્યો એમને. ધર્મ સમજવો બાપુ ઝીણી વાત છે. અને ધર્મ પ્રગટ્યા પછી પણ રાગ થાય છે ખરો. પણ એ રાગની પક્કડ નથી. દુઃખ લાગે છે... દુઃખ લાગે છે... છોડી દે છે.

'**જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય છે...**' મિથ્યાત્વનો ઉદય એટલે? શુભ અને અશુભ રાગ મારા છે એમ ધારીને કર્તા થઈને પરિણમે છે. આહા..હા..! '**તેમાં જોડાઈને જીવ રાગદ્વેષમોહભાવે પરિણમે છે...**' તેમાં એકાકાર થઈને અનંતાનુબંધીના રાગ-દ્વેષ અને મિથ્યાત્વને પરિણમે એ અનંતાનુબંધીના અહીં લેવા છે. આ મોહ સાથે છેને. '**ત્યાં સુધી જ તેને અજ્ઞાની અને બંધક કહેવામાં આવે છે.**' આહા..હા..! એ રાગભાવને દુઃખરૂપ ન જાણતા રાગને સુખરૂપ માને છે. એ અજ્ઞાનીના લખ્ખણ છે. લખ્ખણ સમજાણું? લક્ષણ. આહા..હા..! એ વિકલ્પમાત્ર દુઃખરૂપ છે એવું જ્યાં એને ભાન નથી એને એ સુખરૂપ માને છે. એ મિથ્યાદષ્ટિને રાગ-દ્વેષ-મોહનો ભાવ થાય છે ત્યાં સુધી એને અજ્ઞાની અને બંધક કહેવામાં આવે છે.

'**જ્ઞાની-અજ્ઞાનીનો અને બંધ-અબંધનો આ વિશેષ જાણવો.**' જ્ઞાની-અજ્ઞાનીનો બંધ-અબંધનો આ વિશેષ જાણવો. બે તફાવત જાણવો. જ્ઞાનીને રાગ-દ્વેષ હોવા છતાં સ્વામી નથી, કર્તા નથી, દુઃખરૂપ ભાસે (છે) માટે તેને આસ્રવ નથી અને બંધક છે જ નહિ એમ કહ્યું છે. અજ્ઞાનીને રાગના પરિણામ દુઃખરૂપ ભાસતા નથી. શેની સાથે મેળવે ઈ? આ રાગ દુઃખરૂપ છે એ મેળવે કોની સાથે? શાંતિ તો જોઈ નથી. સમજાણું કાંઈ? કહો, સમજાણું? આ દુકાનના ધંધામાં બે લાખ, અઢી લાખ પેદા થાયને ત્યાં રાગ થાય છે એને. એય..! નટુ! ત્યાં એ સુખી માને છે કે આપણે કાંઈક સુખમાં આવ્યા. મિથ્યાત્વમાં આવ્યો છે.

મુમુક્ષુ :- મોટા ..

ઉત્તર :- મોટા એટલે? જેવું સ્વરૂપ છે તેમ કહે છે. સર્વજ્ઞો, સંતો અને સમકિતી ત્રણે એક જ પ્રકારની વાત કરે છે. વસ્તુમાં ફેર નથી. સ્થિરતામાં ફેર છે સમકિતીને અને કેવળીને. વસ્તુમાં ફેર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાની-અજ્ઞાનીનો અને બંધ-અબંધનો આ વિશેષ જાણવો. વળી શુદ્ધ સ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા...'** ધર્મી તો પોતાનો આત્મા આનંદ અને ચૈતન્ય શુદ્ધ છે એવું ભાન હોવાથી તેનો જ અભ્યાસ છે એને. આહા..હા..! ભલે બીજે વિકલ્પ આદિ (આવે) પણ છતાં એની દૃષ્ટિનું જોર તો ત્યાં એકાગ્ર છે. આહા..હા..! **'શુદ્ધ સ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા કેવળજ્ઞાન પ્રગટવાથી...'** લ્યો! એને કેવળજ્ઞાન ઉત્પન્ન (થાય છે). **'જ્યારે જીવ સાક્ષાત્ સંપૂર્ણજ્ઞાની થાય છે...'** લ્યો! આહા..હા..! **'ત્યારે તો તે સર્વથા નિરાસ્રવ થઈ જાય છે એમ પહેલાં કહેવાઈ ગયું છે.'** આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? વાર્તા-કથા આમાં નથી કાંઈ. ભગવાનની વાર્તા છે આમાં તો. આહા..હા..!

---

## શ્લોક-૧૧૮

(मालिनी)

विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः
समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।
तदपि सकलरागद्वेषमोहव्युदासा-
दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।।११८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :— **[यद्यपि]** જોકે **[समयम् अनुसरन्तः]** પોતપોતાના સમયને અનુસરતા (અર્થાત્ પોતપોતાના સમયે ઉદયમાં આવતા) એવા **[पूर्वबद्धाः]** પૂર્વબદ્ધ (પૂર્વે અજ્ઞાનઅવસ્થામાં બંધાયેલા) **[द्रव्यरूपाः प्रत्ययाः]** દ્રવ્યરૂપ પ્રત્યયો **[सत्तां]** પોતાની સત્તા **[न हि विजहति]** છોડતા નથી (અર્થાત્ સત્તામાં છે--હયાત છે), **[तदपि]** તોપણ **[सकलरागद्वेषमोहव्युदासात्]** સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી **[ज्ञानीनः]** જ્ઞાનીને **[कर्मबन्धः]** કર્મબંધ **[जातु]** કદાપિ **[अवतरति न]** અવતાર ધરતો નથી—થતો નથી.

ભાવાર્થ :— જ્ઞાનીને પણ પૂર્વે અજ્ઞાન-અવસ્થામાં બંધાયેલા દ્રવ્યાસ્રવો સત્તા-અવસ્થામાં હયાત છે અને તેમના ઉદયકાળે ઉદયમાં આવતા જાય છે. પરંતુ તે દ્રવ્યાસ્રવો જ્ઞાનીને કર્મબંધનું કારણ થતા નથી. કેમ કે જ્ઞાનીને સકળ રાગદ્વેષમોહભાવોનો અભાવ છે. અહીં

સકળ રાગદ્વેષમોહનો અભાવ બુદ્ધિપૂર્વક રાગદ્વેષમોહની અપેક્ષાએ સમજવો. ૧૧૮.

## કળશ-૧૧૮ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—' ૧૧૮. ઉપર છેને.

(मालिनी)

विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः
समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।
तदपि सकलरागद्वेषमोहव्युदासा-
दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।।११८।।

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉત્પન્ન થતો જ નથી. આહા..હા..!

'**શ્લોકાર્થ :— જોકે...**' અર્થ. નીચે અર્થ છેને? '**જોકે...**' '**समयम् अनुसरन्तः**' '**પોતપોતાના સમયને અનુસરતા (અર્થાત્ પોતપોતાના સમયે ઉદયમાં આવતા)...**' શું કહે છે ઈ? ધર્મીને પણ કર્મનો ઉદય તો સમયે સમયે આવે છે. '**એવા પૂર્વબદ્ધ (પૂર્વે અજ્ઞાનઅવસ્થામાં બંધાયેલા)...**' '**द्रव्यरूपाः प्रत्ययाः**' દ્રવ્યરૂપ જે જડ. એ '**દ્રવ્યરૂપ પ્રત્યયો પોતાની સત્તા છોડતા નથી...**' એ સમયે-સમયે પણ એને ઉદયમાં આવે છે. '**(અર્થાત્ સત્તામાં છે—હયાત છે), તોપણ...** ' '**सकलरागद्वेषमोहव्युदासात्** ' '**સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...**' ધર્મીની દૃષ્ટિમાં ભગવાન વર્તતો હોવાથી, સમ્યગ્દૃષ્ટિના, ધર્મીના દૃષ્ટિમાં ત્રિકાળી પરમાત્માનો આશ્રય હોવાથી એને '**સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...**' મિથ્યાત્વ સંબંધી અભિપ્રાય અને રાગ-દ્વેષનો તો એને અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનીને કર્મબંધ કદાપિ અવતાર ધરતો નથી...**' આહા..હા..! ધર્મીને કર્મના કારણે રાગાદિ થાય એ એના સ્વામી તરીકે થતો નથી. માટે એને આસ્રવ ગણવામાં આવતો નથી, તેથી એને બંધ થતો નથી. આહા..હા..! સ્વચ્છંદી એમ માને કે મને રાગ-દ્વેષ થાય છે (કહે કે) મને નથી થતા. એની અહીં વાત નથી. અહીંયાં તો આત્મા વસ્તુ સમ્યગ્દર્શન થતાં, સમ્યક્ પ્રતીત અને અનુભવ થતાં એ ત્રિકાળી આત્મામાં આનંદ છે એનો ધર્મીને સ્વાદ આવતા, એ સમ્યગ્દૃષ્ટિને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતા એને રાગનો સ્વાદ એને દુઃખદાયક લાગે

છે માટે તે રાગનો સ્વામી થતો નથી. તેથી તેને મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ થતા નથી. નાનો રાગનો કણ અને એક રજકણ એને પણ મારા માનીને દુઃખને વેદે છે એ અજ્ઞાની છે. આહા..હા..!

મુમુક્ષુ :- નાનો પણ એને હોય જ નહિને

ઉત્તર :- એક સાધારણ શુભરાગ હોય છેને. એ વખતે શુભરાગ આમ ભક્તિમાં બેઠો હોય, ભગવાનનું સ્મરણ કરતો હોય નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... મંદ રાગ દેખાય પણ એ મંદ નથી, એ અનંતાનુબંધીનો રાગ છે. આહા..હા..! બહુ જૈન માર્ગ ઝીણો. એ વાત સાંભળી ન હોય એને એવું લાગે કે આ શું કહે છે પણ આ? કહો, ચીમનભાઈ! ત્યાં તમારે એડન-ફેડનમાં ક્યાં હતું આ? નહોતું? નહિતર અહીં આવે શું કરવા? આહા..હા..!

ભગવાન! એકવાર સાંભળને પ્રભુ કહે છે. આહા..હા..! બાપુ! તારું પરમસ્વરૂપ, પરમસ્વભાવ નિત્યાનંદ સ્વભાવ... આહા..હા..! અરે..! એની સામું તો જો. અરે..! નિમિત્ત ને રાગ ને અલ્પજ્ઞથી ઉપેક્ષા કર. આહા..હા..! ઓલામાં કહ્યું હતુંને પરથી ખસ, નિજમાં વસ ટૂંકું ટચ. ત્રણ શબ્દ. એક બિચારા હતા ક્ષુલ્લક. અહીં બહુ આવતા આદિસાગર. પ્રેમ બહુ હતો. બુદ્ધિ બહુ થોડી. પણ અહીંનો પ્રેમ બહુ. પછી ટૂંકું આવું કહેતા. ગુજરી ગયા બિચારા. ભીલાડથી આવતાને? કેવું? ભીલોડા. ભીલોડા એક ગામ છેને ત્યાંના હતા. ક્ષુલ્લક હતા આદિસાગર. અહીં આવતા. વચ્ચે આવતા, ત્યાં આપણે ગયા હતાને? ભડખીયા ત્યાં પણ આવ્યા હતા. ઈ એમ કહેતા બિચારા, ટૂંકું એ બોલે. મને લાંબુ નથી આવડતું. 'પરથી ખસ, સ્વમાં વસ એ ટૂંકું ટચ.' શેઠ! ત્રણ શબ્દ રહ્યાને? ખસ, વસ ને ટચ. આહા..હા..! નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાયમાંથી ખસી જા અને સ્વ ત્રિકાળી જ્ઞાયકમાં વસી જા. એ માર્ગ ટૂંકો ટચ માર્ગ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

ધર્મી જીવને... અજ્ઞાનીનું વસવું રાગમાં છે, ધર્મીનું વસવું સ્વભાવમાં છે. આહા..હા..! બસ! બે જ વાત છે. પુણ્ય અને પાપનો ભાવ તે વિભાવ છે. એમાં જેનું ટકવું વસેલું, રહેલું છે એ અજ્ઞાની છે. આહા..હા..! કહો, મકાન-બકાનમાં વસવું તો એક કોર રહી ગયું. શેઠ! આ તમારા બધા છ લાખના મોટા હજીરા. હજીરા છેને. બંગલા. એમાં કોણ વસે કહે છે.

મુમુક્ષુ :- આપ પધારો.

ઉત્તર :- લાગણી છે. ટાણા આવે તો તો કહેને. એના મકાનમાં જ ઉતર્યા હતા તમારા આવ્યા ત્યારે. ઓલી મેડી હતી એમાં નહિ? એમાં જ ઉતર્યા હતા. ઘણા દિવસ થઈ ગયા. હવે શરીર બહુ (કામ કરતું નથી). આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તમારે અહીં રહેવું. તમારે શું કામ છે ત્યાં? આહા..હા..!

કહે છે, અજ્ઞાની અનાદિથી શુભ અને અશુભ રાગ જે ઉત્પન્ન થાય એમાં એની રુચિ અને એમાં વસેલો છે. એ અજ્ઞાનમાં વસ્યો છે એટલે દુઃખમાં વસ્યો છે. એ દુઃખના ઘર બાંધીને તેમાં પેઠો છે. આહા..હા..! ધર્મીએ દૃષ્ટિ ફેરવી નાખી છે. એ રાગમાં વસુ એ હું નહિ. હું તો અખંડાનંદ, ચિદાનંદ સ્વરૂપ છું. સવારમાં આવ્યું હતુંને છેલ્લું નહિ? જયવંત ચેતના વર્તે છે. ચાર-પાંચ નહિ? છેલ્લે સહજ ચેતનામાં સ્વભાવ ત્રિકાળ ચેતના સહજ વસે છે. આહા..હા..! જયવંત વર્તે છે.

વાત ઈ કે અંદરના ધ્રુવ સ્વભાવનું શું સ્વરૂપ છેને, એનું એને માહાત્મ્ય આવતું નથી. માહાત્મ્ય આવ્યા વિના ઈ જણાય નહિ અને જણાયા વિના અનુભવ થાય નહિ. આવી વાત છે. લોકો બિચારા તો કાંઈકનું કાંઈક સમજે છે. આ યુવકનું આજે આવ્યું છે નહિ? ઓલું શું કહેવાય? અહીં એક મોટું આવ્યું છે. યુવક. એમ આવ્યું છે. તમારો છો, .. ફોટા મૂક્યા છે. ભાઈનું છે સોગાનીનું. એવા ઘણા ફોટા મૂક્યા છે સેંકડો ફોટા. એમાં .. અહીંનું મૂક્યું છે ... સાધુ પહેલા ઉતાર્યા છે. સુખસાગરસુરી છેને. સુખસાગર... એના પહેલા. ફોટા તો સેંકડો છે. આજે આવ્યું છે. એમાં આ ખીમચંદભાઈનું આવ્યું છે. ખીમચંદભાઈ ત્યાં દેખાય છે. એનું છે ક્યાંક. એવું હતું અંદર. અહીં આવ્યું જુઓ. ખીમચંદ જેઠાલાલ શેઠ. એમ કરીને ચાર લીટી લખી છે. અહીંનું નામ લખીને એ ચાર ને સાડા ચાર ને સાડા સાત લીટી લખી છે. બધાના નામ ઘણા પંડિતો બહુ. સેવા કરનારાઓના ઘણા નામ આપ્યા. ... બધાને નાખ્યા છે. મખનલાલજી ને ફલાણા ને ... એકે એકના ફોટા. અરે..! બાપા! માર્ગ તે કાંઈ જુદો થાય? એ પંડિતનો પંડિતાઈનો માર્ગ છે આ?

મુમુક્ષુ :- આત્માની પંડિતાઈનો છે.

ઉત્તર :- એ આત્માની પંડિતાઈ તો એને જ પંડિત કહે છે સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં. જે આત્માનું જ્ઞાન અને આત્માની શ્રદ્ધા કરે તે પંડિત. બાકી બધા પંડ્યા. ભાષણ કરે લાખો માણસમાં અને રીઝવે. આહા..હા..! તો શું થઈ ગયું એમાં? એય..! મોટી સભા. ધારાપ્રવાહ વાણી નીકળે અંદરથી. જાણે જ્ઞાની બાપુ! એની સાથે શું સંબંધ છે? વાણી નીકળે, ન પણ નીકળે. વાણી હોય પણ નહિ. આહા..હા..!

અહીં તો કહે છે, જેને આત્માના સ્વભાવનું અંતર બહુમાન થઈને દૃષ્ટિ થઈ એને જડના ઉદયનું કાર્ય આવતું નથી એમ કહે છે. કર્મના ઉદયને લઈને રાગ-દ્વેષ એને થતા જ નથી. મિથ્યાત્વ સંબંધી લેવા છેને અહીં? અસ્થિરતાની ગણતરી નથી. જેનું મૂળિયું તૂટ્યું ઝાડનું એના પાંદડા પંદર દિ'એ સુકાઈ જવાના. પણ જેણે પાંદડા તોડ્યા અને મૂળિયું સાજું, એ પંદર દિ'એ પાંગરી જવાનું. પાંગરી જવાનું શું કહે છે? પલ્લવ થઈ જાય. પલ્લવિત થઈ

જાય. તમારી સંસ્કૃત. આહા..હા..! આંબલીનું ઝાડ. લાખો પાંદડા, ઘણા પાંદડા. એ પાંદડા તોડે અને મૂળિયું સાજું. પંદર દિ'એ પાંગર જશે, પલ્લવી જશે, પણ જેના મૂળિયા તોડ્યા એ ઝાડ એમ ને એમ ભલે હોય. એક ફેરી લીધું પણ હતું ભાઈ બહુ નહિ ઓલા ૭૬માં પવન બહુ આવ્યો હતોને. પાલિતાણા નહિ? પાડો ચડી ગયો હતો ઉપર. પાણી બહુ આવ્યું હતું. પાળ ઉપર ચડી ગયો. ભૈરવનાથ. ભૈરવનાથ ત્યાં મોઢા આગળ. એ ૭૬ની સાલની વાત છે. ૭૬માં. અમારે વિહારમાં હતા તે અહીં ગુંદાળા છે. દામનગરથી ગઢડા જતા હતા. એ આખું ઝાડ પડી ગયું. પણ એક સાજું આટલું એક રહી ગયું આટલું. એમ ને એમ લીલું રહેતું હતું. મૂળિયું એક હતું તો લીલું એમ ને એમ .. આમ ફરીને જાવું પડે.

મુમુક્ષુ :- સડક ઉપરથી તો ઘણા પડી ગયા હતા.

ઉત્તર :- હા, ઘણા પડી ગયા. તે દિ' આપણે રસ્તામાં .. પડી ગયા હતા લ્યો. પણ મૂળિયું સાજું. એ પાંદડા સુકાણા નહિ. એમ જેણે મિથ્યાત્વના ઉપર ઘા માર્યો પહેલો. સંસારનું કારણ રાગ અને પુણ્ય મારા એ મિથ્યાત્વનો ભાવ એ મોટું ઝાડ લીલું છે. આહા..હા..! એના ઉપર જેણે ઘા માર્યો અને જેના મૂળિયા છેદ્યા હવે એને રાગ-દ્વેષના પાંદડા થોડા રહ્યા એ ખરી જવાના.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૧૯

(अनुष्टुभ्)

रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः।
तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्।।११९।।

હવે આ જ અર્થ દૃઢ કરનારી બે ગાથાઓ આવે છે તેની સૂચનિકારૂપ શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :-- **[यत्]** કારણ કે **[ज्ञानिनः रागद्वेषविमोहानां असम्भवः]** જ્ઞાનીને રાગદ્વેષમોહનો અસંભવ છે **[ततः एव]** તેથી **[अस्य बन्धः न]** તેને બંધ નથી; **[हि]** કેમ કે **[ते बन्धस्य कारणम्]** તે (રાગદ્વેષમોહ) જ બંધનું કારણ છે. ૧૧૯.

**મહા સુદ-૫, ગુરુવાર, તા. ૦૮-૦૨-૧૯૭૩**
**કળશ-૧૧૯, ગાથા-૧૭૭-૧૭૮, પ્રવચન-૩૦૯**

કળશ છે. ૨૮૨ પાનું છેને? પહેલો કળશ.

(अनुष्टुभ्)
रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः।
तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्।।११९।।

એનો શ્લોકાર્થ. ઝીણી વાતું છે. અહીંયાં અત્યારે સમ્યગ્દર્શનનું જોર આપે છે. કેમકે અનંતકાળથી સમ્યગ્દર્શન શું અને કેમ એનો વિષય એ એને પકડાણો નથી. મિથ્યાદર્શનમાં રાગની રુચિ, પુણ્ય-પાપના રુચિના ભાવ એ અનાદિના એને સંસ્કાર મિથ્યાત્વના છે અને એ મિથ્યાત્વ એ જ આસ્રવ છે અને મિથ્યાત્વ એ જ બંધનું કારણ છે. એમ અહીં અત્યારે કહેવામાં આવે છે. અસ્થિરતાની વાત અત્યારે ગૌણ કરી છે. સમજાણું કાંઈ?

'કારણ કે **જ્ઞાનીને...**' '**ज्ञानिनः रागद्वेषविमोहानां असम्भवः**' '**જ્ઞાનીને રાગદ્વેષમોહનો અસંભવ છે...**' એટલે? આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાયકસ્વરૂપ નિર્વિકલ્પ, વિકલ્પ નામ રાગ અને વિકલ્પ નામ ભેદ વિનાનો એ આત્મા છે. સમજાણું કાંઈ? એવા આત્માનો અંતરમાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થઈને અનુભવ થવો એને અહીંયાં જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જ્ઞાની બહુ જાણતો હોય શાસ્ત્રને એનું અહીં કામ નથી. આત્મા મહાપ્રભુ ચૈતન્ય પરમસ્વભાવસ્વરૂપ એનું જેને જ્ઞાન નથી, એની જેને અંતરમાં સ્વસન્મુખ થઈને પ્રતીતિ નથી એ જીવને મિથ્યાત્વભાવ ચાર ગતિમાં રખડવાનો ભાવ છે. ચાહે તો એ સાધુ થઈને ત્યાગી થયો હોય બાહ્યમાં. પણ અંતરમાં સ્વભાવ શુદ્ધ ચૈતન્ય પરમસ્વભાવ તેનાથી વિરુદ્ધ રાગભાવ, ચાહે તો દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો હોય કે ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયનો હો, એ બધો રાગ સ્વભાવથી ભિન્ન છે. એમ ભાન ન થતાં રાગ અને સ્વભાવ એક છે, એ જ સંસારમાં રખડવાનું બીજડું છે. સમજાણું કાંઈ?

ચોર્યાશી લાખમાં રઝળતો, રખડતો દુઃખી મિથ્યાત્વને લઈને થાય છે. મિથ્યાત્વ એટલે વિપરીત પ્રતીતિ. વિપરીત પ્રતીતિ એટલે? શુદ્ધ ચૈતન્ય આનંદઘનથી વિરુદ્ધ વિકારભાવ એનો સ્વભાવ મારો છે અને એ હું છું. શરીર, વાણી, મન તો વળી બહાર દૂર બહુ રહી ગયા. બાયડી, છોકરા અને કુટુંબ બહાર રહી ગયું. પોપટભાઈ! ધુતારાની ટોળી બહાર રહી ગઈ.

શું?

મુમુક્ષુ :- છોકરા નારાજ થઈ જશે.

ઉત્તર :- કહ્યું હતુંને એક ફેરી નહિ ભાઈ? ઝોબાળિયાની તમારી વાત નહોતી કરી? નાગનેશની નહિ? તારાચંદભાઈની. તારાચંદભાઈ નહિ? તારાચંદ તમારા સોમચંદ તારાચંદ. એના સગા થાયને કાકા થાય. છોટાભાઈના કાકા થાય. એનો દીકરા સોમચંદ હતોને મોટો? એનો દીકરો મગન હતો. પાણી કાંઈક લાગેલું મુંબઈનું પાણી. પરણેલો હતો, વર્ષ, બે વર્ષનું પરણેતર. પછી બહુ તણાણો. તણાતા-તણાતા આને ઘરે... સંતોકબા હતાને અમારે. સગા હતાને ઉમરાળા. પછી એક વખત તારાચંદ આવ્યા વાત કરતા કે અરે..! છોકરો બહુ દુઃખી થાય છે. એય..! પોપટભાઈ! એટલે શું? હવે છૂટી થઈ જાય તો (સારુ). ખાટલો ખાલી થાય તો ઠીક એટલે શું પાછું રોકાવું. રાતે ક્યારે મરી ગયો એમ પૂછે. સૂઈ ગયા હોય અને ક્યારે મરી ગયો? એટલું તમે ધ્યાન રાખ્યું? આ વીશ વર્ષનો જુવાન, બાવીસ વર્ષનો. માંદો રહે ત્યાં સુધી રાતે જાગવું પડે. આહા..હા..! અને જાગ્યા વિના જો મરી જાય... એટલું તમે ધ્યાન રાખ્યું નથી. આ જુવાનજોધ છોકરો. શેઠ! આ સંસારની.. આહા..હા..! મને આવીને કહ્યું ભાઈ હોં! મને આવીને કહ્યું કે અરેરે..! છોકરો દુઃખી બહુ થાય છે. હું બેઠો હતો. .... શરીર પાતળું. સોમચંદનો દીકરો. પછી એની વહુ તો વઈ ગઈ હતી. .. કોકના ઘરે બેઠી હતી. ત્યાં ગયા હતા. અમે તો આખું બધું જોયેલું. આહા..હા..! કહે છે તારાચંદભાઈ! અરેરે..! છોકરો દુઃખી બહુ થાય છે, બહુ તણાય છે. એય..! ડોક્ટર! એનો અર્થ એમ કે હવે ઝટ છૂટી જાય તો સારું. અર..ર...ર..!

મુમુક્ષુ :- દુઃખી બહુ થાય.

ઉત્તર :- દુઃખી નહિ. એને રાતે જાગવું પડે એનું દુઃખ છે. શેઠ! આ સંસારની આવી રીત છે. એ નિયમસારમાં લખ્યું છે હોં. આ બધા મા, બાપ, બાયડી, છોકરા ધૂતારાની ટોળી તને મળી છે. ઠગવા મળ્યા છે બધા તને. આહા..હા..!

અહીં તો કહે છે કે એ ચીજ તો ક્યાંય રહી ગઈ, પ્રભુ! એ તો ભિન્ન ચીજ છે. પણ અંતરમાં પુણ્ય અને પાપના રાગ-દ્વેષના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના એવા જે વિભાવ મલિનભાવ એને એકપણે માનવા, ત્રિકાળી ભગવાન આનંદનો નાથ એની સાથે રાગ દુઃખ એને એકપણે માનવા એ દુઃખ અને આનંદ એક છે... આહા..હા..! એ પ્રાણી મિથ્યાત્વથી દુઃખી છે. ચાહે તો આ પૈસાવાળા, ધૂડવાળા હોય અબજોપતિ કે કરોડપતિ બધા દુઃખી બિચારા રાંકા હોં. પોપટભાઈ! એટલી આકુળતા. છ-છ છોકરા છતાં? આહા..હા..!

કહે છે, ભાઈ! એ બીજી ચીજ તો દૂર રહી, ક્ષેત્રથી દૂર રહી. આ કર્મ અને શરીર પણ ખરેખર આત્માના ક્ષેત્રમાં એ નથી. એની ખેતરની પર્યાયમાં સામાન્ય ગણીએ તો હોં.

ખરેખર એ પુણ્ય અને પાપ એ ક્ષેત્ર તો જુદુ છે એનું હોં. એય..! શું કીધું ઈ? શુભ અને અશુભભાવ છેને, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ, મલિનભાવ એ ભાવ તો જુદો છે, પણ એને રહેવાનું સ્થાન છે એ આત્માના સ્વભાવથી ભિન્ન ક્ષેત્ર છે. આહા..હા..! આવી વાત છે, સમજાણું કાંઈ? એના પ્રદેશોનો અંશ છેને, અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા એના એક પ્રદેશના અંશમાં, જે અંશમાં એ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ થાય છે એ ભાવ જુદો અને એનું રહેવાનું સ્થાન-ક્ષેત્ર જુદું. આહા..હા..! એવા ભાવને પોતાના માનવા એ અનાદિથી મિથ્યાત્વની ગાંઠ છે. આહા..હા..! એ જ મિથ્યાત્વ આસ્રવ છે અને એ જ મિથ્યાત્વ બંધનું કારણ છે અને એ જ મિથ્યાત્વ નરક અને નિગોદના ભવો કરવાનું બીજડું છે. મૂળચંદભાઈ! આહા..હા..! એ જેણે મિથ્યાત્વને છેદ્યું... અરે..! હું તો આનંદસ્વરૂપ જ્ઞાયક ત્રિકાળ ચૈતન્યમૂર્તિ છું એવી સત્તાનું અંતરમાં સન્મુખ, સ્વભાવસન્મુખ થઈને એવી મહાસત્તા દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવી એથી રાગ અને દ્વેષનો સત્તાનો સ્વીકાર એને છૂટી ગયો. મારામાં એ છે જ નહિ. સમજાય છે કાંઈ? એવો જ્ઞાની... આ જ્ઞાની કીધોને? એવા જ્ઞાનીને. આહા..હા..! જેણે અનંતકાળમાં કાર્ય નહોતું કર્યું એ અપૂર્વ કાર્ય કર્યું. એ અપૂર્વ આ. અંતરમાં સ્વભાવનું ચૈતન્ય રાજ, સામ્રાજ્ય અનંતગુણનો પિંડ પ્રભુ છે. એ રાગનો વિકલ્પ એ પૂજા, ભક્તિ, દાન, દયાનો આવે એ વસ્તુ મારા ભાવથી જુદી, મારા ક્ષેત્રથી જુદી, એનું ફળ જુદું, હું જુદો. સમજાણું કાંઈ? ઝીણી વાતું, બાપુ! ભારે આકરી વાત. આ સમજ્યા વિના એના જન્મ-મરણ મટે એવા નથી.

મુમુક્ષુ :- સમજ્યે છૂટકો છે.

ઉત્તર :- સમજ્યે છૂટકો છે. .. ભાઈ! આહા..હા..!

એવા '**જ્ઞાનીને...**' પહેલો શબ્દ પડ્યો છે. '**રાગદ્વેષમોહનો અસંભવ છે...**' એને વસ્તુ જ્ઞેયથી આ ઠીક અને અઠીક એવી ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિના રાગ-દ્વેષ હોતા નથી. ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ મિથ્યાદૃષ્ટિને હોય છે. આહા..હા..! મારા સિવાય જે જ્ઞેયો અનંત છે એના ભાગલા અજ્ઞાની પાડે છે કે આ ઈષ્ટ છે, આ અનિષ્ટ છે, જ્ઞેય એકરૂપે હોવા છતાં, જાણવાલાયક જ્ઞેય એકરૂપે હોવા છતાં એના બે ભાગલા પાડે છે. ભાગ સમજ્યા? આ ઈષ્ટ છે, આ અનિષ્ટ છે. આહા..હા..!

શેરીમાં પચાસ ઘર હોય. જ્યાં રહેતો હોય ત્યાં. એય..! તમારું છ લાખનું મકાન. ઈ શેરીમાં ગયો તો અહીંથી ઠેઠ સુધી જોવે એમાં તો વસ્તુ પર જ છે. પણ ઈ મકાન આવે તો કહે આ મારું. પણ ક્યાંથી મારું થઈ ગયું? એક સાથે... શેરી-શેરી કહે છેને? મહોલ્લા-ગલી. શેરી કહે છે. પચાસ ઘરની એક ગલી. હવે આમ અંદર ગર્યો તો બધા એકરૂપે ઘર છે ખરેખર તો. ખરું કે નહિ? જ્ઞાનમાં તો એકરૂપે જણાય જ્ઞેય... જ્ઞેય... જ્ઞેય... જ્ઞેય...

જ્ઞેય... જ્ઞેય... પણ વચમાં જે આવ્યું એ આ મારું. આ જ્ઞેયના બે ભાગ પાડ્યા અને આ મારા નહિ, એ અજ્ઞાનીએ ભાગ પાડ્યા છે આવા. બે ભાગ કર્યા. એમ દીકરો. પચાસ છોકરા ઊભા હોય આમ એક સાથે. એક એનો, એક બીજાનો, એક ત્રીજાનો છોકરો છે. પણ જોવામાં તો પચાસેય આમ જ્ઞેય તરીકે છે આમ જાણે છે આ છે... આ છે... આ છે... પણ જ્યાં એને શરીરથી નિમિત્ત થયું એટલે 'આ મારો' એ ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- છે એટલે આવ્યું.

ઉત્તર :- હતું જ નહિ. આ મારો અને આ નહિ. જ્ઞેયનું એકપણું જણાવાલાયક છે એવા જ્ઞેયના બે ભાગ મિથ્યાદષ્ટિ પાડે છે. મૂળચંદભાઈ! આ તો સાદી ભાષાથી વાત છે. સાદી ભાષા છેને. ભલે આકરી હોય. આહા..હા..! આ મારું. એમ સ્ત્રી ઊભી છે પચાસ. જોવામાં તો આ છે... છે... છે... છે... જ્ઞેય તરીકે છેને? એણે જે લગન કર્યા, આ સ્ત્રી મારી. ઈ ક્યાંથી આવ્યું? ઈ ક્યાંથી આવ્યું આ મારી? મિથ્યાદષ્ટિએ જ્ઞેયની એકતા તોડીને જ્ઞેયના બે ભાગ પાડી દીધા. એય..! પોપટભાઈ! આહા..હા..! જ્ઞાનીએ બેના ભાગ ન પાડતા, હું એક જાણનાર અને આ બધી ચીજો મારે જાણવામાં જ આવે છે. એમાં કોઈ ચીજ મારી છે એવું છે નહિ. લોજિકથી ન્યાય છે. આહા..હા..! સ્વરૂપચંદભાઈ!

મુમુક્ષુ :-

ઉત્તર :- એ માટે તો અહીં કહે છે. ઈ ભૂલ ટળી એને આસ્રવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ આકરું છે, ભાઈ! અનંતકાળ એણે કર્યું નથી. ઈ કહે છે કે જ્ઞાનીએ કામ કર્યું. આહા..હા..! હું તો એ જ્ઞાનની મૂર્તિ. જગત જ્ઞેય અને હું જ્ઞાતા. જગત દૃષ્ટ અને હું એક દૃષ્ટા. બે ભાગ નહિ. એથી એને ઈષ્ટ-અનિષ્ટ થઈને જે રાગ-દ્વેષ થતાં એ જ્ઞાનીને થતા નથી. અને એ ઈષ્ટ-અનિષ્ટ છે એવી માન્યતા હતી એ મિથ્યાત્વ પણ થતું નથી. ઈષ્ટ-અનિષ્ટ છે એવી માન્યતા મિથ્યાત્વ છે અને ઈષ્ટ-અનિષ્ટમાં આ ઠીક અને અઠીક એવો રાગ-દ્વેષ એ મિથ્યાત્વની સાથેનો રાગ-દ્વેષ છે. આહા..હા..! ઝીણી વાતું બહુ, ભાઈ!

કહે છે, કારણ કે '**ज्ञानिनः**' ધર્મી જીવને '**રાગદ્વેષમોહનો અસંભવ છે...**' એને પોતાના જ્ઞાનમાં જાણવાલાયક સ્વ અને પર બે, એમાં સ્વને અને પરને જાણવાનું કામ એનું એક છે. એમાં પરમાં આ સારા અને નરસા એવું જ્ઞાનીને હોતું નથી. તેથી સારા-નરસાનો અભિપ્રાય નથી અને સારા નરસાના ઈષ્ટ-અનિષ્ટની રાગ-દ્વેષની બુદ્ધિ પણ નથી. સમજાણું કાંઈ આમાં? આમાં સમજાણું? ઓલા બીડીમાં સમજાણું છે એમ નહિ. શું કહે છે?

મુમુક્ષુ :- કાર્ય કોઈ કરી શકતું નથી તો બીડીનું અમે ક્યાંથી કરી શકીએ?

ઉત્તર :- કરી શકતો જ નથી બીડી-બીડીને કાંઈ. આ વાણીનો હુકમ પણ એ કરી શકતો નથી. એ તો જડ છે. આહા..હા..! ડાલચંદજી! ધ્યાન રાખજો. એ વાણી પણ કરી શકતો

નથી. ધ્યાન રાખજો એટલે શું? આહા..હા..! આવી વાત છે. અંતરમાંથી એ બુદ્ધિ વિપરીત અભિપ્રાયનો નાશ થયો છે કે કોઈ ચીજને હું કરતો નથી અને કોઈ ચીજ મારે ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. ઈષ્ટ હોય તો મારો સ્વભાવ, અનિષ્ટ હોય તો વિકાર. બસ, આટલી વાત. આમ વાત છે. એવી દૃષ્ટિ થતાં એને સાચું જેમ સત્ય છે તેમ તેને જ્ઞાન થયું. જે રીતે પર છે તેને પરરૂપે જાણ્યા, સ્વ છે તેને સ્વરૂપે જાણ્યા. એને સ્વપરની ભેદજ્ઞાન શક્તિ ખીલી છે. આહા..હા..! એને અહીંયાં ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને **'રાગદ્વેષમોહનો અસંભવ છે...'** આ અપેક્ષાથી. એ જાતનો વિપરીત અભિપ્રાય અને વિપરીત ઈષ્ટ-અનિષ્ટની રાગ-દ્વેષની બુદ્ધિ અસંભવ છે. નવરંગભાઈ! આવી વ્યાખ્યા છે.

**'તેથી તેને બંધ નથી;...'** કારણ કે એ જાતનો વિપરીત અભિપ્રાય નથી અને ઈષ્ટ-અનિષ્ટ કારણે રાગ-દ્વેષ થાય એ નથી. **'તેથી તેને બંધ નથી;...'** તેથી એવા ભાવ નથી તેથી એને બંધન થતું નથી. **'કેમ કે તે (રાગદ્વેષમોહ) જ બંધનું કારણ છે.'** અહીં તો એક જ સિદ્ધ કરવું છે. વિપરીત માન્યતા અને ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિનો રાગ-દ્વેષ એ જ સંસાર છે અને એ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ શ્લોક કહે છે.

## ગાથા-૧૭૭-૧૭૮

रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस्स।
तम्हा आसवभावेण विणा हेदू ण पच्चया होंति।।१७७।।
हेदू चदुव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं।
तेसिं पि य रागादी तेसिमभावे ण बज्झंति।।१७८।।
रागो द्वेषो मोहश्च आस्रवा न सन्ति सम्यग्दृष्टेः।
तस्मादास्रवभावेन विना हेतवो न प्रत्यया भवन्ति।।१७७।।
हेतुश्चतुर्विकल्पः अष्टविकल्पस्य कारणं भणितम्।
तेषामपि च रागादयस्तेषामभावे न बध्यन्ते।।१७८।।

रागद्वेषमोहा न सन्ति सम्यग्दृष्टेः, सम्यग्दृष्टित्वान्यथानुपपत्तेः। तदभावे न तस्य द्रव्यप्रत्ययाः पुद्गलकर्महेतुत्वं बिभ्रति, द्रव्यप्रत्ययानां पुद्गलकर्महेतुत्वस्य रागादिहेतुत्वात्। ततो हेतुहेत्वभावे हेतुमदभावस्य प्रसिद्धत्वात् ज्ञानिनो नास्ति बन्धः।

હવે આ અર્થના સમર્થનની બે ગાથાઓ કહે છે :—

નહિ રાગદ્વેષ, ન મોહએ આસ્રવ નથી સુદૃષ્ટિને,
તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.
હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,
તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.

ગાથાર્થ :— [रागः] રાગ, [द्वेषः] દ્વેષ [च मोहः] અને મોહ — [आस्रवाः] એ આસ્રવો [सम्यग्दृष्टेः] સમ્યગ્દષ્ટિને [न सन्ति] નથી [तस्मात्] તેથી [आस्रवभावेन विना] આસ્રવભાવ વિના [प्रत्ययाः] દ્રવ્યપ્રત્યયો [हेतवः] કર્મબંધનાં કારણ [न भवन्ति] થતા નથી.

[चतुर्विकल्प हेतुः] (મિથ્યાત્વાદિ) ચાર પ્રકારના હેતુઓ [अष्टविकल्पस्य] આઠ પ્રકારનાં કર્મોનાં [कारणं] કારણ [भणितम्] કહેવામાં આવ્યા છે, [च] અને [तेषाम् अपि] તેમને પણ [रागादयः] (જીવના) રાગાદિ ભાવો કારણ છે; [तेषाम् अभावे] તેથી રાગાદિ ભાવોના અભાવમાં [न बध्यन्ते] કર્મ બંધાતા નથી. (માટે સમ્યગ્દષ્ટિને બંધ નથી).

ટીકા :— સમ્યગ્દષ્ટિને રાગદ્વેષમોહ નથી કારણ કે સમ્યગ્દષ્ટિપણાની અન્યથા અનુપપત્તિ છે (અર્થાત્ રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું બની શકતું નથી); રાગદ્વેષમોહના અભાવમાં તેને (સમ્યગ્દષ્ટિને) દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મનું (અર્થાત્ પુદ્ગલકર્મના બંધનનું) હેતુપણું ધારતા નથી કારણ કે દ્રવ્યપ્રત્યયોને પુદ્ગલકર્મના હેતુપણાના હેતુઓ રાગાદિક છે; માટે હેતુના હેતુના અભાવમાં હેતુમાનનો (અર્થાત્ કારણનું જે કારણ તેના અભાવમાં કાર્યનો) અભાવ પ્રસિદ્ધ હોવાથી જ્ઞાનીને બંધ નથી.

ભાવાર્થ :— અહીં, રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું હોઈ શકે નહિ એવો અવિનાભાવી નિયમ કહ્યો છતાં મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ સમજવો. મિથ્યાત્વસંબંધી રાગાદિકને જ અહીં રાગાદિક ગણવામાં આવ્યા છે. સમ્યગ્દષ્ટિ થયા પછી કાંઈક ચારિત્રમોહસંબંધી રાગ રહે છે તેને અહીં ગણ્યો નથી; તે ગૌણ છે. આ રીતે સમ્યગ્દષ્ટિને ભાવાસ્રવનો અર્થાત્ રાગદ્વેષમોહનો અભાવ છે. દ્રવ્યાસ્રવોને બંધના હેતુ થવામાં હેતુભૂત એવા રાગદ્વેષમોહનો સમ્યગ્દષ્ટિને અભાવ હોવાથી દ્રવ્યાસ્રવો બંધના હેતુ થતા નથી, અને દ્રવ્યાસ્રવો બંધના હેતુ નહિ થતા હોવાથી સમ્યગ્દષ્ટિને-જ્ઞાનીને-બંધ થતો નથી.

સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે યોગ્ય જ છે. 'જ્ઞાની' શબ્દ મુખ્યપણે ત્રણ અપેક્ષાએ વપરાય છે : (૧) પ્રથમ તો, જેને જ્ઞાન હોય તે જ્ઞાની કહેવાય; આમ સામાન્ય

જ્ઞાનની અપેક્ષાએ તો સર્વ જીવો જ્ઞાની છે. (૨) સમ્યક્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે તો સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્જ્ઞાન હોવાથી તે અપેક્ષાએ તે જ્ઞાની છે અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. (૩) સંપૂર્ણ જ્ઞાન અને અપૂર્ણ જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે તો કેવળી ભગવાન જ્ઞાની છે અને છદ્મસ્થ અજ્ઞાની છે કારણ કે સિદ્ધાંતમાં પાંચ ભાવોનું કથન કરતાં બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે. આ પ્રમાણે અનેકાંતની અપેક્ષા વડે વિધિનિષેધ નિર્બાધપણે સિદ્ધ થાય છે; સર્વથા એકાંતથી કાંઈ પણ સિદ્ધ થતું નથી.

## ગાથા-૧૭૭-૧૭૮ ઉપર પ્રવચન

'હવે આ અર્થના સમર્થનની બે ગાથાઓ કહે છે :—'

रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस्स।
तम्हा आसवभावेण विणा हेदू ण पच्चया होंति।।१७७।।
हेदू चदुव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं।
तेसिं पि य रागादी तेसिमभावे ण बज्झंति।।१७८।।

આહા..હા..! એની શ્રેણી પહેલેથી લીધી.

**નહિ રાગદ્વેષ, ન મોહ એ આસ્રવ નથી સુદૃષ્ટિને,**
**તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.**
**હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,**
**તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.**

એમાં ટીકામાં જ ચાર બોલ નથી લીધા. સમુચ્ચય વાત કરી. ઓલામાં નથી લીધા. હવે આપણે શબ્દાર્થ લઈએ. કેમકે ઓલા ચાર બોલ છેને.

'(મિથ્યાત્વાદિ) ચાર પ્રકારના હેતુઓ...' આ ચાર પ્રકારના હેતુ કોણ? જૂના જડ આસ્રવ છે તે. જૂના કર્મ પડ્યા એ. એ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ અને કષાય આ ચાર ગણ્યા છે. યોગનું તો કાંઈ... મિથ્યાત્વ એટલે કોણ? આ પૂર્વ જડના રજકણો જે છેને કર્મના. ચાર પ્રકારના. એક દર્શનમોહ પડ્યું છે અહીં. આચાર્ય ત્યાં સુધી વાત કરે છે કે અમે ક્ષયોપશમ સમકિતી છીએ. તેથી... આહા..હા..! તેથી હજી દર્શનમોહનીય સત્તામાંથી નાશ નથી થઈ ગયો. સમજાણું? એનો ઉદય અમારે નથી. કારણ કે ઉદયમાં એ વખતે ઉદયનો નાશ જ થાય છે. સ્વરૂપનું ભાન છે માટે. પણ સત્તામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ફરીને લ્યો.

ઉત્તર :- ફરીને. અહીંયાં એમ છે કે મુનિ છે પોતે છઠ્ઠે ગુણસ્થાને છે. મુનિ છે, સમ્યગ્જ્ઞાન છે, સમ્યગ્દર્શન છે, ચારિત્રનો ભાવ પણ છે. પણ સત્તામાં હજી ચાર પ્રકારના જડના રજકણો પડ્યા છે. ચારમાં એ મિથ્યાત્વના રજકણો દર્શનમોહના પણ પડ્યા છે એમ કહે છે. એમાં અમારું જોડાણ નથી, પણ રજકણ પડ્યા છે. સમજાણું કાંઈ? અવ્રતના રજકણો પડ્યા છે ચારે ચાર. પ્રમાદના કષાય એ બધા કષાય છે ચારેય.

એ '**ચાર પ્રકારના હેતુઓ આઠ પ્રકારનાં કર્મોનાં કારણ કહેવામાં આવ્યા છે,...**' એ પહેલું આવ્યું હતું આ. આ તો વધારે સ્પષ્ટ કરે છે. જૂના ચાર પ્રકારના કર્મો જડ પરમાણુઓ કર્મની સત્તામાં ચાર પ્રકારની સત્તા પડી છે. એક મિથ્યાત્વ સત્તા, અવ્રત સત્તા, પ્રમાદ અને કષાય. આહા..હા..! એ ચાર ઉદય થતાં એને આઠ કર્મનું બંધનું કારણ થાય છે. અષ્ટવિધ કર્મોના કારણ કહેવામાં આવ્યા છે. '**અને તેમને પણ...**' કોને? જડ આસ્રવને પણ. જૂના સત્તામાં પડ્યા છે ઈ ઉદય થઈને નવા આઠ કર્મને બાંધે છે. પણ ઈ આઠ કર્મને બાંધે જૂના કર્મનો ઉદય ક્યારે? કે '**તેમને પણ રાગાદિ ભાવો કારણ છે;...**' એને અજ્ઞાનીને રાગ અને દ્વેષના ભાવ થાય છે મિથ્યાત્વસહિતના એને જૂના કર્મને આ ભાવ નિમિત્ત છે અને જૂનું કર્મ તેથી નવા કર્મને બાંધે છે. આહા..હા..! એ પહેલા આવી ગયું છે. અહીં તો બિલકુલ રાગ-દ્વેષ-મોહ નથી એને સિદ્ધ કરતાં વચ્ચે આ વાત લીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેમને પણ...**' એટલે જૂના કર્મ જડ દર્શનમોહ, ચારિત્રમોહ એમાં પ્રમાદ અને કષાય આવી ગયા, એવા જડ (કર્મ) પડ્યા (હોવા) છતાં અને એનો ઉદય થવા છતાં એ ઉદય જ્યારે આઠ કર્મને બાંધે, પણ ઈ ક્યારે? કે એ કર્મના જૂના ઉદયને વર્તમાનના પરિણામમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ થાય તો જૂના કર્મને આ નિમિત્ત થાય અને જૂનું કર્મ નવાને નિમિત્ત થાય. કહો, સમજાય છે કાંઈ?

આજ તો ઉત્તમ ક્ષમાનો દિવસ છે. દસલક્ષણી પર્વ. આ તો આપણે સમયસાર પૂરું થયુંને આજ? અને પ્રવચનસાર શરૂ થયું તો કોકે સંભારી દીધું. કોણે? આત્મારામ કોકે કહ્યું નહિ? રાતે કોણે કહ્યું હતું? કહ્યુંને તમે કહ્યું નહિ? કે આ દસલક્ષણી પર્વ છે. કહ્યું હતું આત્મારામે. વાત સાચી. ઉત્તમક્ષમાનો દિવસ છે. દસલક્ષણી પર્વમાં પહેલો ઉત્તમક્ષમા દિવસ આવે જ છે. એવું ચૈત્ર સુદ પાંચમે પણ ઉત્તમક્ષમાનો પહેલો દિવસ છે. ચૈત્ર સુદ પાંચમ. બે મહિના ... ભાદરવા સુદ પાંચ. ઓહો.હો..!

ઉત્તમક્ષમા કોને કહેવી? કે જેને પરમાં પુણ્ય-પાપના ભાવમાં અને એના ફળમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. ઈન્દ્રના ઈન્દ્રાસનો ખડા દેખાય અને વર્તમાન સમકિતી ઈન્દ્ર સમકિતી છે. હજારો ઈન્દ્રાણીઓ છે, અસંખ્ય દેવ જેના તાબે છે. કોઈ મારા નથી. એમાં હું નથી, મારામાં

એ નથી. તેમ રાગ અને દ્વેષનો વિકલ્પ જે એ પણ મારામાં નથી અને હું એમાં નથી. એવું ભાન સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્રને પણ (વર્તે છે). અને એની ઇન્દ્રાણી છે ઇન્દ્રની. શક્રેન્દ્ર, સુધર્મ ઇન્દ્ર છે એની રાણી છે એ પણ સમકિતી અને એકાવતારી છે. પતિ-પત્ની બેય ત્યાંથી મનુષ્યભવ કરીને મોક્ષ જનારા છે. આમ પતિ-પત્ની હોવા છતાં પતિ પત્નીને મારી માનતો નથી, પત્ની પતિને મારો માનતો નથી. આ તે શું વાતું છે! આહા..હા..! સમજાણું કાંઈ? અને એને 'પત્નીથી મને સુખ છે' એ બુદ્ધિ જ એની નાશ થઈ ગઈ છે અને પત્નીને પણ 'પતિથી મને ઠીક છે' એ બુદ્ધિનો નાશ થઈ ગયો છે. ઇન્દ્રાણીને. આવી વાતું ભારે ભાઈ! અને અજ્ઞાનીને સંયોગ કાંઈ ન હોય બહારમાં, પણ અંદરના સૂક્ષ્મ રાગ અને રજકણને મારા માને છેને, એ આખી મોટી ભૂલ કરે છે. ભુંહાડ્યો વાળ્યો એણે આખા તત્ત્વનો.

ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવી આત્મા એને એ રીતે ન માનતા એને રાગમાં અને પરમાં સુખ છે એવું માન્યું છે. એ જ મિથ્યાત્વભાવ, સંયોગનો અઘાતિ કર્મને કારણે સંયોગ ઓછા હોય, છતાં એ અંદરમાં મિથ્યાત્વનો બધો સંયોગ એનો માન્યો છે. અને જ્ઞાનીને આવા સંયોગના ગંજ પડ્યા હોય. આહા..હા..! એક રાગના અંશને, રજકણને પણ એણે પોતાનો માન્યો નથી અને જેને (એટલે કે નિજ સ્વભાવને) પોતાનો માન્યો છે તેમાં રાગ અને રજકણ નથી. આહા..હા..! આવી વાત છે. આહા..હા..!

એ ચાર પ્રકારના જૂના કર્મો એમાં દર્શનમોહનીયનો ઉદય તો એને થાય જ નહિ. સમજાય છે? ચારિત્રમોહનીયનો ઉદય હોય છે સમકિતીને, પણ એ ઉદયમાં જ્યારે અહીંયા રાગ-દ્વેષ અને મિથ્યાત્વના પરિણામ હોય તો નવાનું કારણ થાય, પણ સમકિતીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છે નહિ. એની સાથમાં મિથ્યાત્વની (સાથમાં).

એ '**તેમને પણ...**' જૂનાં કર્મને આઠ કર્મનું કારણ, ચાર જૂના આઠનું કારણ એને પણ જીવના મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવો કારણ છે. '**તેથી રાગાદિ ભાવોના અભાવમાં...**' તેથી તે જૂના કર્મને ધર્મીના ભાવમાં રાગાદિ ભાવનો અભાવ હોવાથી તે '**કર્મ બંધાતા નથી. (માટે સમ્યગ્દૃષ્ટિને બંધ નથી).**' સમજાણું કાંઈ? આહા..હા..! વેશ્યાનો પ્રેમ હોય એવો સમકિતીને બીજી ચીજ ઉપર પ્રેમ હોય છે. ક્યાંય ઊડી ગયો છે. ઓલો પૈસા આપે ત્યાં સુધી પતિ તરીકે એને સ્વીકારે વેશ્યા. આને કાંઈ નથી. બધું (પર છે). આહા..હા..! મારો આત્મા આનંદમૂર્તિ છે, મારો આત્મા અતીન્દ્રિય આનંદની ખાણ છે. એવી અંતર દૃષ્ટિને લઈને એને પરમાં કોઈ ચીજમાં સુખબુદ્ધિ થતી નથી અને ઇષ્ટ-અનિષ્ટપણાના રાગ અને દ્વેષ મિથ્યાત્વ સંબંધીના થતા નથી. સમજાય છે કે નહિ આમાં કાંઈ? ધંધામાં આખો દિ' પડ્યા હોય એમાં આ માંડ-માંડ.. એઈ..! આ તો પહેલો રહી ગયો છે થોડો નહિ? નાનો. બેય તમે રહી ગયા છો? ઠીક. આહા..હા..! આવી વાતું કેવી?

ધર્મ કરે એ તો આમ દેખાય કે આ પૂજા કરે, ભક્તિ કરે, વ્રત પાળે એ ધર્મ. આહા..હા..! બાપુ! એ તો રાગ ભાગ છે. ભગવાન તો જ્ઞાનસ્વરૂપી આંખ છે. જગતની એ તો આંખ છે. આહા..હા..! આંખ છે ઈ. આંખવાળો શું કરે? જાણે. આંખથી કૂવા ખોદાતા હશે? આમ આમ કરે તો રેતી નીકળતી હશે? ખાડામાં રેતી નાખતા હશે? આહા..હા..! એમ જ્યાં આત્મા જ્ઞાનસ્વરૂપે ચૈતન્યબ્રહ્મ આત્મા, બ્રહ્મ એટલે આનંદ, એવી જ્યાં અંતરમાં સ્વભાવની સન્મુખની સ્વાશ્રયની દૃષ્ટિ થઈ એને મિથ્યાત્વ સંબંધીનો અભિપ્રાય અને રાગ-દ્વેષ નથી માટે તે જ્ઞાનીને જૂના કર્મ બંધનું કારણ થાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ટીકા. ઓલા ચાર બોલ હતાને એટલે એ લીધું. ઓલામાં પણ ચાર નાખ્યા નથી, સમુચ્ચય નાખ્યા છે ટીકામાં.

'ટીકા :— **સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહ નથી** કારણ કે **સમ્યગ્દૃષ્ટિપણાની અન્યથા અનુપપત્તિ** છે (**અર્થાત્ રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દૃષ્ટિપણું બની શકતું નથી**);...' આખી દુનિયા જેને જ્ઞેય છે. ત્રણ લોકના નાથને, કેવળીને દેખે. તો આ કેવળી છે માટે મારે ઈષ્ટ છે અને ... થાય છે એવું સમકિતીને નથી. અને માથાનો વેરી, કાપનાર દુશ્મન સામે દેખાય, દુશ્મન નથી એ. એ તો જ્ઞેય છે. જાણવામાં આવેલી ચીજ છે. જો એને ના પાડું તો મારો વર્તમાન જ્ઞાનપર્યાય એને જાણે છે એ પર્યાયનો નકાર થઈ જાય છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિની આ શરત છે?

ઉત્તર :- ઈ શરત નહિ, આવી સ્થિતિ જ છે એની. ઈ કાંઈ સમ્યગ્દૃષ્ટિ આમ ભગવાન સાચા, દેવ-ગુરુ સાચા એ નથી સમ્યક્ દૃષ્ટિ. સમ્યક્ નામ પ્રશસ્ત દૃષ્ટિ, સમ્યક્ નામ રૂડી દૃષ્ટિ, સમ્યક્ નામ સાચી દૃષ્ટિ. સત્ય આનંદકંદ પ્રભુ દેખાય દૃષ્ટિમાં ત્યારે એને સાચી દૃષ્ટિ થાય. આહા..હા..!

'**સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહ નથી**...' આ સંબંધી હોં! મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ નથી, મિથ્યાત્વ નથી. મોહ એટલે મિથ્યાત્વ. એ સંબંધીના રાગ-દ્વેષ ત્રણ સાથે છે. 'કારણ કે **સમ્યગ્દૃષ્ટિપણાની અન્યથા અનુપપત્તિ** છે...' ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિથી રાગ-દ્વેષ થાય તો ત્યાં સમ્યગ્દૃષ્ટિ હોતો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે રાગ-દ્વેષ-મોહના અભાવમાં સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ બંધન હોતું નથી અને આસ્રવ હોતા નથી. '(**અર્થાત્ રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દૃષ્ટિપણું બની શકતું નથી**);...' ચોથા ગુણસ્થાનને યોગ્ય રાગ-દ્વેષ-મોહ, પાંચમાને યોગ્ય રાગ-દ્વેષ આદિ અસ્થિરતા એટલી હોતી નથી. '**રાગદ્વેષમોહના અભાવમાં તેને (સમ્યગ્દૃષ્ટિને) દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મનું (અર્થાત્ પુદ્ગલકર્મના બંધનનું) હેતુપણું ધારતા નથી**...' આહા..હા..! ... સમ્યક્ સ્વરૂપ ભગવાન આત્મા એવી દૃષ્ટિ થઈ એને તો વિવેક કેટલો ઉઘડ્યો હોય છે! સમજાય છે કાંઈ? સાચા જ્ઞાની હોય એને જ્ઞાની

તરીકે એના જ્ઞાનમાં આવે છે. સમજાણું કાંઈ? ખોટા મિથ્યાદષ્ટિ હોય એ પણ એના જ્ઞાનમાં એ રીતે આવે છે. સાચાને ખોટા ઠરાવે અને ખોટાને સાચા ઠરાવે એવો ભાવ સમકિતીને હોતો નથી. આહા..હા..! એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? રાગ-દ્વેષ ત્યાગી સમામૃત સેવીએ નથી આવતું? સમામૃત સેવીએ. ચિર કાળ ભયા.. સમામૃત સેવીએ. સમામૃતનો અર્થ આ. કોઈ ચીજ અનુકૂળ-પ્રતિકૂળ છે જ નહિ. કોઈ ચીજમાં મારું સુખ છે જ નહિ. એવો સમતાભાવ સમ્યગ્દષ્ટિને હોય એ સેવવું કહે છે. આહા..હા..! એણે ભવના બંધન તોડી નાખ્યા, ભવના બીજડા સળગાવી દીધા. આહા..હા..!

'**દ્રવ્યપ્રત્યયો...**' એટલે જડ કર્મ. '**(સમ્યગ્દષ્ટિને) દ્રવ્યપ્રત્યયો...**' એટલે દ્રવ્યઆસ્રવ, દ્રવ્યઆસ્રવ એટલે પૂર્વ કર્મ પડ્યા ઈ. '**પુદ્‌ગલકર્મનું (અર્થાત્ પુદ્‌ગલકર્મના બંધનનું) હેતુપણું ધારતા નથી...**' કેમકે જ્ઞાનીને મોહ અને રાગ-દ્વેષ પરિણામ નથી. માટે તેને જૂના કર્મ નવા બંધનનો હેતુ ધારતા નથી. ઠરતા નથી, ધારણ કરતા નથી એટલે હોતા નથી. આહા..હા..! જૂના કર્મ ખરી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવું ઝીણું માણસને, ઓલો અંદર વિચાર નહિ, મનન નહિ અને બેસવું ભારે કઠણ. ઘોળાય આખો દિ'. આખો દિ' ઘોળાય. અને એક કલાક આમ સાંભળવા આવે એમાં .. કોની સાથે જોવે. ૨૩ કલાક મોટા માંધાતા જેવા પાપના. આહા..હા..! પણ જો મંદ થઈને પરિણામમાં કાંઈક રાગની મંદતા થઈ, એને ખ્યાલ આવે કે આ શું કહે છે? તો તેને ખ્યાલ આવી જાય. આહા..હા..!

અરે..! ચોર્યાશીના અવતારમાં રખડતો દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી... કાલે કહ્યું નહોતું? બાપલા! તારા દુઃખ દેખીને દેખનારને રૂદન આવે એટલા દુઃખ વેઘા છે, ભાઈ! તું ભૂલી ગયો ભાઈ! દેખનારને રૂદન આવે. આહા..હા..! એક પોરબંદરમાં બાઈ જોઈ હતી. ૮૭નું ચોમાસુ. ૮૭. સાડા ત્રણ વર્ષથી આમ ઊંધી સૂઈ રહે. આમ સુવાઈ જ નહિ એટલી પીડા... એટલી પીડા શરીરમાં. મરે નહિ. સાડા ત્રણ વર્ષ થઈ ગયા. સાડા ત્રણ વર્ષ. અહીં નરકની તો ક્યાંય રહી હવે? આહા..હા..! એ બાઈને ગયા દર્શન દેવા બિચારાનું સાંભળીને. સાડા ત્રણ વર્ષથી ઊંધી આમ સૂવ છું. તે પીડાનો પાર નથી. આહા..હા..! દેહ છૂટતો નથી અને વેદ્યું જાતું નથી. એવી જ અંદરથી કોઈ વ્યાધિ હશે પેટની. આ કેન્સર થાય છેને જુઓને. એને શું હતું ખબર નથી. પણ કેન્સર થાય પેટનું અંદર અને સડે તે પીડા... પીડા... પીડા... આહા..હા..! શરીરના અવયવોમાં કેન્સર થાય, એની ઈન્દ્રિયમાં કેન્સર થાય. આહા..હા..! એક બાઈને ઈન્દ્રિયમાં કેન્સર થયું અને રોવે. છોકરાઓ, પૈસા, ધણી બેઠો અને રોવે... રોવે... રોવે... દવા થાય નહિ, હથિયાર પહોંચે નહિ અને યોનિમાં કેન્સર. મહારાજ! મંગળિક સંભળાવો. પણ પીડા સહી જાય નહિ. આહા..હા..! અરેરે..! આ શું છે? એ એકત્વબુદ્ધિનું દુઃખ છે હોં! અને સારું શરીર હોય ત્યારે એય..! કૂદકા મારે અને આમ થાય. આહા..હા..! મારે

આમ બહુ છે, છે અને આમ છે. આવી જાવ. શું છે? લડાઈ કરવી છે કાંઈ? આ શાસ્ત્રના એ ભણતરમાં વાદ-વિવાદ. આહા..હા..! ભગવાન! તારી ચીજ તો નિરાળી છેને નાથ! આહા..હા..! એ ચીજનું જ્યાં અંતર નિરાળાપણે નિરાળાનું ભાન થયું તો એકત્વબુદ્ધિથી જે મિથ્યાત્વ હતું અને જે રાગ-દ્વેષ હતા એ ગયા. એને લઈને જૂના કર્મ નવા આઠ કર્મનું કારણ થતું નથી.

'**પુદ્ગલકર્મના હેતુપણાના હેતુઓ**...' દેખો, જૂના કર્મ હેતુ ક્યારે થાય નવાને? કે એને હેતુ અહીંનો મિથ્યાત્વનો અને રાગ-દ્વેષનો મળે તો. એ હેતુનો હેતુ. સમજાણું કાંઈ? '**દ્રવ્યપ્રત્યયોને પુદ્ગલકર્મના હેતુપણાના**...' એટલે? જૂના કર્મનો ઉદય નવા બંધનું કારણ ત્યારે થાય કે એ હેતુપણાના હેતુઓ રાગાદિ મિથ્યાત્વના થાય તો. '**માટે હેતુના હેતુના અભાવમાં**...' હેતુને હેતુના અભાવમાં. કર્મનો ઉદય હેતુ અહીં રાગ-દ્વેષ-મોહનો હેતુ એનો, એના અભાવમાં. '**હેતુમાનનો (અર્થાત્ કારણનું જે કારણ તેના અભાવમાં કાર્યનો) અભાવ પ્રસિદ્ધ હોવાથી જ્ઞાનીને બંધ નથી.**' આહા..હા..! સમજાણું કાંઈ?

અનંત દ્રવ્યના મધ્યમાં રહેલો જ્ઞાની બંધન વિનાનો છે. અનંત સંયોગમાં રહેલો અજ્ઞાની, સમવસરણના મધ્યમાં રહેલો અજ્ઞાની... આહા..હા..! મિથ્યાત્વથી બંધાય છે. સમજાય છે કાંઈ? ભગવાનનું સમવસરણ. આહા..હા..! એમાં બેઠો બંધાય છે અને સાતમી નરકનો નારકી, સંયોગની પ્રતિકૂળતાનો પાર ન મળે. આહા..હા..! ત્રીજી નરક સુધી તો પરમાધામી એટલા દુઃખ (આપે), અહીં મારી નાખીને પોટલા માણસના બાંધીને કૂવામાં નથી નાખવા જતા? કારણ કે ખાનગી કરવું તો શું કરવું પછી? બાંધીને પોટકું (કૂવામાં નાખે). એને પરમાધામી જીવતા પગ અને માથા આમ કરી અને ખીલા મારે એને, પગ ખસે નહિ. ખીલા મારીને લોઢાના સરીયા ધગધગતા કરી ગાંસડો બાંધે એમ બાંધે. ગાંસડો સમજ્યા? ગાંસડી. અને ઉપરથી ઘણ મારે. પણ સમ્યગ્દર્શન એમાં થાય. કેમકે જ્યાં દૃષ્ટિ ઉડી ગઈ શરીર ઉપરથી... આહા..હા..! સગવડતા અને અગવડતા બે ચીજ જ કોણ છે? એવામાં સમ્યક્ પામે અને સમવસરણમાં મધ્યમાં અજ્ઞાની મિથ્યાત્વી રહે. આહા..હા..! સમજાણું કાંઈ? નટુભાઈ! આવું છે. આહા..હા..!

ત્યાં વેપારમાં તો મજા પડે આખો દિ'. નટુભાઈ! નટુભાઈ! કહે ઓલા આવે બધા નોકરો. નોકરો શું ઓલા ઘરાક. મૂળજીભાઈને કહેતા અમારે રામજીભાઈ. એક ફેરી પૂછ્યું હતું કે ભાઈ કુંવરજીભાઈ તમને શેઠિયા કેટલી વાર કહે? હજાર વાર કહે? ના હજાર વાર તો નહિ પણ પાંચસો વાર કહેતા હશે. ભોળા માણસ બિચારા. આ શું કરવા પૂછે છે? આ એવા નથી હોં! આ ત્રણ તો છે પહોંચેલા. રામજીભાઈએ એમ પૂછ્યું હતું એક ફેરી એમના બાપને કુંવરજીભાઈને. પેદાશ મોટી બે લાખની. તે દિ' બે લાખની હતી હોં. હવે તો વધી

ગઈ હશે. આંકડા વધ્યા છે ત્યાં ધૂડમાં શું. અહીં કહે છે કે શેઠ! તમને કુંવરજી શેઠ કેટલી વાર કહે? હજાર વાર કહે? ના ના પાંચસોવાર તો કહેતા હશે. લ્યો હવે શું છે પણ? પાંચસો વાર કહે કે હજાર વાર કહે તો શેઠ થઈ જતો હશે? આહા..હા..! પણ બે હજારને ધીરે એટલે શેઠ જ કહેને પછી શું કહે? બેબે હજારનું ધીરે, ત્રણ-ત્રણ હજાર, પાંચ-પાંચ હજારનું ધીરે લ્યો. છોકરા ના પાડે તોપણ ઈ કહે કે નહિ આપણા ગ્રાહક છે તો એને દેવું પડશે. એય..! નટુભાઈ! કહેતા હતા કે નહિ? ઈ બધી ખબર છેને. તોય એ દુકાનની થોડી થોડી બધી ખબર હોય. ઘણા પ્રકાર હોયને. આહા..હા..! કોના બાપા શેઠ અને કોના સ્વામી? આહા..હા..! એ રાગનો સ્વામી થાય તે વિષ્ટાનો સ્વામી મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? આને તો હજી ધણીપતું રાખવું છે બધે.

કહે છે કે જેને રાગ અને પરનું ધણીપતું છૂટી ગયું છે અને જેને ભગવાન આનંદસ્વરૂપનું સ્વસ્વામીપણું પ્રગટ્યું છે એને હવે મિથ્યાત્વના અને રાગ-દ્વેષના ભાવ અનંતાનુબંધીના હોતા નથી. તેથી એને જૂના કર્મને બંધનું કારણ આ મોહ-મિથ્યાત્વ એ થતું નથી એટલે એને બંધન છે નહિ. અસ્થિરતાનું થોડું બંધન ગણ્યું (નથી), અહીં જોર દેવું છે એટલે એમાં અલગ ગણવામાં આવ્યું નથી. એ છતાં એ વાત કહી ગયા છે વચમાં. ૧૭૧, ૧૭૨માં. જઘન્ય પરિણમન જ્ઞાનીને પણ બંધનું કારણ છે. એ રાખીને આ વાત ચાલે છે. જઘન્ય શું વળી પાછું? આહા..હા..!

એક ફેરી ત્યાં હું બહાર નીકળીને દિશાએ જતો હતો. પાલેજ. નટુની અને નુરુની દુકાન છેને. હવે તો વેચાઈ ગઈ. ત્યાં બધા બેસેને. શું કહેવાય ઓલો? વાણિયા બેસે છેને? .. માથે. ઓલા પૈસાવાળા નહિ દેરાવાસી? મૂળચંદ. મૂળચંદ લક્ષ્મીચંદને? હા એ. સામે બેસે છેને. એને જોયા ... એમાં એકવાર હું દિશાએ નીકળ્યો. તો એ નરુદ્દીનનો નોકર હતો. અનાજનો વેપાર મોટો એટલે ઓલા ઉંદરને પકડવાના ઉંદરિયા, ઉંદરિયા પકડીને રાખેલા. હું નીકળ્યો ત્યારે ધગધગતું પાણી માથે રેડતો હતો. એલા! આ શું તું કરે છે? પણ નાસ્તિક માણસો. આ તો ઘણા વર્ષની વાત છે. ૬૪-૬૫ની. દુકાનમાંથી દિશાએ બહાર જવાનું આમ. .. પાણી ધગધગતું હોં! અરેરે..! આને કાંઈ ખબર નથી. ઓલા બિચારા જાય ક્યાં? ભાગે ક્યાં? પકડાઈ ગયેલા ઉંદરિયામાં. પાણી નાખતા હતા. આહા..હા..! આમ નજરે જોયું તે દિ' તો. શું કરે છે આ લોકો? ક્યાં જાશે આ? એવા દુઃખો બાપુ! અનંત વાર થયા છે. મિથ્યાત્વના ફળ તરીકે એ છે અને સમકિતના ફળ તરીકે અતીન્દ્રિય આનંદના નાળિયેર પાકે છે ત્યાં. આહા..હા..!

'**ભાવાર્થ :— અહીં, રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું હોઈ શકે નહિ એવો અવિનાભાવી નિયમ કહ્યો...**' અવિનાભાવી એટલે સમજાણું? કે જ્યાં રાગ-દ્વેષ-

મોહભાવ છે ત્યાં મિથ્યાત્વપણું છે એટલે રાગ-દ્વેષ-મોહનો જ્યાં અભાવ છે ત્યાં સમ્યગ્દષ્ટિપણું છે. એની સાથે સંબંધ કીધો અવિનાભાવ. '**છતાં મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ સમજવો.**' ખુલાસો કર્યો. બીજા રાગ-દ્વેષ એને નથી અસ્થિરતાના એમ નહિ. આહા..હા..! મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા, વિપરીત અભિપ્રાય. સત્યને અસત્ય અને અસત્યને સત્ય એવો સ્વીકાર, એવો મિથ્યા અભિપ્રાય એવા સંબંધી રાગાદિનો અભાવ સમજવો.

'**મિથ્યાત્વસંબંધી રાગાદિકને જ અહીં રાગાદિક ગણવામાં આવ્યા છે.**' પાછા કોક એમ માને કે ઠીક ત્યારે સમકિતીને રાગ-દ્વેષ જરીએ છે જ નહિ. એમ એકાંત નથી. દૃષ્ટિની અપેક્ષાના રાગ-દ્વેષ ગણ્યા નથી. '**રાગાદિક ગણવામાં આવ્યા છે. સમ્યગ્દષ્ટિ થયા પછી કાંઈક ચારિત્રમોહસંબંધી રાગ રહે છે...**' અસ્થિરતાનો રાગ તો હોય છે. ચારિત્રમોહ સંબંધી, અસ્થિરતા સંબંધી રાગ-દ્વેષ હોય છે. આહા..હા..! '**તેને અહીં ગણ્યો નથી; તે ગૌણ છે.**' અભાવ છે એમ ન કહ્યું, ભાઈ! ગૌણ છે. રાગ-દ્વેષ થાય છે. એક રજકણનો, રાગનો એક અંશ હોય છે ત્યાં સુધી યથાખ્યાત ચારિત્ર નથી. એ તો આવી ગયું. આહા..હા..! ત્યાં સુધી રાગ છે અને એનું બંધન પણ સમકિતીને છે. પણ એ ચારિત્રમોહના દોષની અપેક્ષા. મિથ્યાત્વ દોષની અપેક્ષાનો અહીં રાગ-દ્વેષ નથી, માટે ઈ અપેક્ષાએ ગણીને બંધન નથી એમ કહ્યું છે. '**તેને અહીં ગણ્યો નથી; તે ગૌણ છે.**' જુઓ, ગૌણ છે. સમ્યગ્દષ્ટિને રાગ-દ્વેષ થાય છે અસ્થિરતાના, આસક્તિના, સ્વામીપણા વિનાના એ રાગ-દ્વેષને અહીં ગૌણપણે કહ્યા. મુખ્યપણે મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષ ગણ્યા છે.

'**આ રીતે સમ્યગ્દષ્ટિને ભાવાસ્રવનો અર્થાત્ રાગદ્વેષમોહનો અભાવ છે.**' આ પ્રકારે મિથ્યાત્વ અને મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષ-ભાવનો અભાવ છે. '**દ્રવ્યાસ્રવોને બંધના હેતુ થવામાં હેતુભૂત...**' જૂના જડ કર્મના આસ્રવને નવા બંધના હેતુ થવામાં '**હેતુભૂત એવા રાગદ્વેષમોહનો સમ્યગ્દષ્ટિને અભાવ હોવાથી...**' સમજાણું કાંઈ? એવા જૂના કર્મને હેતુ થાય મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ પરિણામ તો એને છે નહિ. '**દ્રવ્યાસ્રવો બંધના હેતુ થતા નથી,...**' તેથી જૂના કર્મ એને બંધનું કારણ થાતું નથી '**અને દ્રવ્યાસ્રવો બંધના હેતુ નહિ થતા હોવાથી સમ્યગ્દષ્ટિને-જ્ઞાનીને-બંધ થતો નથી.**' સમજાણું કાંઈ? આહા..!

હવે કહે છે કે જ્ઞાની કહેવામાં આવે છે. જુઓ, કેટલું સ્પષ્ટ કર્યું છે! અત્યારે માણસ ઘણા ગોટો વાળે છે. એમ કે આવા જ્ઞાનીને, વીતરાગ જ્ઞાનીને જ્ઞાની કહેવામાં આવ્યા છે. અહીં તો ખુલાસો કરે છે, ભાઈ! અહીં તો મિથ્યાત્વસંબંધીના રાગ-દ્વેષ ગયા એને જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા.! '**સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે યોગ્ય જ છે. 'જ્ઞાની' શબ્દ મુખ્યપણે ત્રણ અપેક્ષાએ વપરાય છે :...**' સમજાણું કાંઈ? '**(૧) પ્રથમ તો, જેને જ્ઞાન હોય તે જ્ઞાની કહેવાય; આમ સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ**

**તો સર્વ જીવો જ્ઞાની છે.'** કારણ કે જ્ઞાનવાળા છેને, જાણપણાવાળા છેને, કાંઈ જડ નથી. બધા આત્મા જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. ભવિ હો કે અભવિ હોય. અહીં અંગુલના અસંખ્યભાગમાં પણ અનંતા જીવ અહીં પડ્યા છે. બધા જ્ઞાનસ્વરૂપ જ છે. આટલું અંગુલનું અસંખ્યભાગ આ ક્ષેત્ર છેને. ત્યાં અનંત જીવો નિગોદના છે એ બધા જ્ઞાનસ્વરૂપી છે, જ્ઞાનની સત્તાવાળા છે. એ કાંઈ અજીવ જડ નથી. એ અપેક્ષાએ બધાને જ્ઞાની કહેવામાં આવે છે.

'(૨) **સમ્યક્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે તો સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્જ્ઞાન હોવાથી તે અપેક્ષાએ તે જ્ઞાની છે...'** લ્યો ઠીક! પહેલો શબ્દ બધાને જ્ઞાની કહ્યા સામાન્ય રીતે. કેમકે જાણનારા છે, કાંઈ જડ નથી એ અપેક્ષાએ. પણ જ્યારે સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન કહેવામાં આવે ત્યારે તો **'સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્જ્ઞાન હોવાથી તે અપેક્ષાએ તે જ્ઞાની છે...'** આહા..હા..! ધર્મીને આત્માનું જ્ઞાન, આત્મજ્ઞાન હોવાથી. આત્મજ્ઞાન કહો કે આત્માનું જ્ઞાન કહો કે સ્વરૂપનું ભાન કહો. **'સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્જ્ઞાન હોવાથી તે અપેક્ષાએ તે જ્ઞાની છે અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.'** આહા..હા..! સર્વને જ્ઞાની કહ્યા, સામાન્ય અપેક્ષાએ. મિથ્યા સમ્યક્‌ની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ જેની છે, રાગની રુચિનો પ્રેમ છે, રાગમાં સુખબુદ્ધિ છે એવા જીવને અજ્ઞાની કહ્યા. ભલે અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યા હોય. અને સમ્યગ્દૃષ્ટિ અગિયાર અંગ નહિ પણ એ થોડું આત્મા ઉપાદેય છે અને રાગ હેય છે. આહા..હા..! એટલું અંદરમાં ભેદજ્ઞાન થયું તોપણ એ જ્ઞાની છે. કહો, સમજાણું કાંઈ?

શિવભૂતિ મુનિ શિવભૂતિ લ્યો. મા તુષ-રૂષ એટલું યાદ ન રહ્યું. ગુરુએ કહ્યું માતુષ-મહારૂષ. કોઈ પ્રત્યે રાગી થઈશ નહિ, કોઈ પ્રત્યે દ્વેષ કરીશ નહિ. માતુષ. રાગી થઈશ નહિ. મારૂષ-દ્વેષી થઈશ નહિ. શબ્દ યાદ ન રહ્યા, પણ ભાન અંદર હતું. એક બાઈ ઓલી અડદની દાળ, અડદ-અડદ, અડદની દાળ ફોતરાવાળી હતીને, તો પાણીમાં પલાણીને ફોતરા જુદા કરતી હતી. પલળેલી હોયને આમ કરીને. એક બાઈ એને પૂછતી હતી. શું કરો છો બા? બહેન! બહેન બા કહેવાનો અમારે રિવાજ છે ઉમરાળામાં હોં. એકલા બહેન ન બોલે બહેન બા કહે. એય..! ભાઈલાલભાઈના તમારે બરવાળાના છેને એને ઈ બધા ત્યાં બહેન બા કહે. નાની ઉંમરથી હોં. બહેન બા! એમ કહે. મોટે નામે બોલાવે. નાની હોય તો બહેન બા. વાણિયા હોં. ગરાસિયા તો કહે, પણ આ વાણિયામાં રિવાજ છે. મને બધી ખબર છેને. બહેન બા કહે.

અહીં કહે છે કે મિથ્યાદૃષ્ટિને અજ્ઞાની કહે છે. જેની દૃષ્ટિ જૂઠી અને કાંઈ જ્ઞાન બીજું નથી. બીજું જ્ઞાન અગિયાર અંગનું છે તોપણ અજ્ઞાની છે. શિવભૂતિને એ નહોતું બહારનું જ્ઞાન કાંઈ. અંદર ભાન હતું. ઓલી બાઈ અડદની દાળ આમ ફોતરા તારતી હતી. એક બાઈએ પૂછ્યું. એને એમ થયું કે ઓહો..! આ વિકલ્પમાત્ર છે એ ફોતરા છે અને અંતર છડીદાળ

જેવો ચોખો નિર્મળાનંદ આત્મા છે. એ બેનું ધ્યાન કર્યું ત્યાં કેવળજ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? કારણ કે અંતરમાં રાગથી ભિન્ન પડેલો ભગવાનની જ્યાં દૃષ્ટિ થઈ તો બે જુદાં પડી ગયા. એને જ્ઞાની કહેવામાં આવે. અગિયાર અંગને ભણેલો હોય પણ જો રાગના પ્રેમમાં, રાગની રુચિમાં હોય તો એને અજ્ઞાની કહેવામાં આવે છે. ત્રીજી વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૬, શુક્રવાર, તા. ૦૯-૦૨-૧૯૭૩
## ગાથા-૧૭૭-૧૭૮, કળશ-૧૨૦-૧૨૧, પ્રવચન-૩૧૦

૧૭૭-૧૭૮ ગાથા. એના ભાવાર્થમાં નીચેથી ચાલે છે. બે બોલ આવ્યા હતા. ફરીને જુઓ, '**સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે...**' બે બોલ આવી ગયા છે પણ ફરીને લઈને. એટલે શું? કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવું અંતરમાં સ્વભાવની સન્મુખ થઈને જે જ્ઞાન અને દર્શન સમ્યગ્દર્શનાદિ થાય તે જીવને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન એવો ચૈતન્ય અંતર્મુખ સ્વભાવ એ અંતર્મુખ દૃષ્ટિ કરીને જેને સમ્યગ્દર્શન પ્રગટ થયું એને જ્ઞાની અને એને ધર્મી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ '**કહેવામાં આવે છે તે યોગ્ય જ છે.**' એમ કહ્યું છેને? ભલે બીજું જ્ઞાન ઓછું-વત્તું હો, પણ અંતર સ્વભાવનું અંતર ભાન થયું એ પછી બાળક સ્ત્રી હોય આઠ વર્ષની કે ગધેડો હોય શરીરમાં, પણ અંતરમાં જેને ચૈતન્યપુંજ પ્રભુ એને ઊંડે જઈને એને પકડ્યો અને અનુભવ કર્યો છે એ જીવને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

''**જ્ઞાની' શબ્દ મુખ્યપણે ત્રણ અપેક્ષાએ વપરાય છે :...**' હવે એનો ખુલાસો કરે છે. '**(૧) પ્રથમ તો, જેને જ્ઞાન હોય તે જ્ઞાની...**' બધા આત્માઓ જ્ઞાનસ્વરૂપ છે એ અપેક્ષાએ બધાને જ્ઞાની કહેવાય. ધર્મી-અધર્મીનો પ્રશ્ન ત્યાં નહિ. બધા આત્માઓ જ્ઞાનમૂર્તિ છે. 'સર્વ જીવ છે સિદ્ધસમ' અથવા 'સર્વ જીવ છે જ્ઞાનમય' યોગસારમાં આવે છે. બધા જીવો જ્ઞાનમય છે. પર્યાયમાં રાગ-દ્વેષાદિ અલ્પજ્ઞ હોય એની દૃષ્ટિ છોડીને એનું સ્વરૂપ તો એકલું ચૈતન્યબિંબ જ્ઞાન, દર્શનનો પિંડ છે. ચાહે તો નિગોદનો જીવ હોય, એ પણ જ્ઞાનમય

જ આત્મા છે. જ્ઞાનવાળો નહિ પણ જ્ઞાનમય. એ રાગમય આત્મા નથી એનો. એ અપેક્ષાએ સર્વ જીવોને જ્ઞાની કહેવાય, પણ એમાં હિત-અહિતપણું ન આવ્યું.

'(૨) **સમ્યક્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે...**' સાચું જ્ઞાન અને મિથ્યાજ્ઞાન લેવામાં આવે '**તો સમ્યગ્દષ્ટિને સમ્યગ્જ્ઞાન હોવાથી તે અપેક્ષાએ તે જ્ઞાની છે...**' પછી ભલે સાતમી નરકનો નારકી હો. સમજાણું કાંઈ? પંચેન્દ્રિય એક શિયાળ હોય, પંચેન્દ્રિય નોળ-કોળ હોય, પણ અંતરમાં આત્મજ્ઞાન થયું તો એને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**અને મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે.**' ચાહે તો અગિયાર અંગ અને નવ પૂર્વનો ભણેલો હોય અને જેને શુક્લલેશ્યા વર્તતી હોય, પણ જેને આત્મા અખંડ આનંદનો નાથ છે એની સન્મુખ થયો નથી અને અનાદિનો રાગની સન્મુખ અને સ્વભાવથી વિમુખ રહ્યો છે, તે અગિયાર અંગ અને નવ પૂર્વનો ભણનાર જૈન સાધુ દિગંબર હો તોપણ તે મિથ્યાદષ્ટિ છે, અજ્ઞાની છે. કહો, પોપટભાઈ! મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. આહા..હા..!

જેનું સ્વરૂપ જ્ઞાનમય છે એવો જે અંશ જ્ઞાનમાં એને આવે તો એ જ્ઞાની છે. જેનું સ્વરૂપ જ્ઞાનમય છે અને પર્યાયમાં રાગ તે હું છું એમ માને, એ ચાહે તો મોટો પંડિત હોય કે નવમી ગ્રૈવેયક જનારો દિગંબર જૈન સાધુ હોય, એ મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે.

મુમુક્ષુ :- ક્યાં કહ્યું?

ઉત્તર :- આ કહ્યુંને. રાગની એકતા માને છે. રાગ વિકલ્પ એની બુદ્ધિ એક બુદ્ધિ છે. સ્વભાવ અને વિભાવની એકત્વબુદ્ધિ છે. તેથી તે અજ્ઞાની છે. આ બે બોલ તો કાલે આવ્યા હતા.

'(૩) **સંપૂર્ણ જ્ઞાન અને અપૂર્ણ જ્ઞાનની અપેક્ષા...**' જુઓ, ભાષા કેવી? '(૩) **સંપૂર્ણ જ્ઞાન અને અપૂર્ણ જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે તો કેવળી ભગવાન જ્ઞાની છે...**' તો કેવળજ્ઞાની ભગવાનને અજ્ઞાનનો એક અંશ રહ્યો નથી. પૂર્ણ જ્ઞાની પરમાત્મા. '**અને છદ્મસ્થ અજ્ઞાની છે...**' જ્યાં સુધી કેવળજ્ઞાન નથી ત્યાં સુધી એને બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ (છે). અજ્ઞાન એટલે? ઓછું જ્ઞાન. વિપરીત જ્ઞાન એમ નહિ અહીંયાં. ઓછું જ્ઞાન છે. બારમા ગુણસ્થાને વીતરાગભાવમાં હો પણ હજી એને કેવળજ્ઞાન નથી એટલો એને જ્ઞાનનો અભાવ છે. એથી એને ઓછા જ્ઞાનની અપેક્ષાએ અજ્ઞાન કહેવામાં આવે છે. વિપરીત નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**કારણ કે સિદ્ધાંતમાં પાંચ ભાવોનું કથન કરતાં...**' શાસ્ત્રમાં પાંચ ભાવોનું સ્વરૂપ છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પારિણામિક. જે તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાયમાં પહેલું સૂત્ર છે. પંડિતજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ. પંડિતજી છેને. ત્યાં ઉપશમથી લીધું છે. ઉપશમભાવ છે સમ્યગ્દર્શન-જ્ઞાનનો, ક્ષયોપશમભાવ છે, કાંઈક મલિનતાનો અંશ છે અને કાંઈક નિર્મળતા છે, ક્ષાયિક છે એ નિર્મળ છે, ઉદય છે તે મલિન છે, પારિણામિકભાવ છે તે તો ત્રિકાળ નિર્મળતા છે. એ પારિણામિક પાંચની અપેક્ષાએ જો લઈએ. સમજાણું? તો એને અજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું? '**બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે.**' શું કહ્યું? શેઠ! ત્રણ બોલ કહ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા જ્ઞાની. જ્ઞાન છે કે નહિ? બધાને જ્ઞાની (કહેવાય). સમ્યક્ મિથ્યાની ત્યાં વાત નહિ અને સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનની અપેક્ષાએ લઈએ તો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. અને સામાન્ય સંપૂર્ણ જ્ઞાન અને અપૂર્ણની અપેક્ષાએ લઈએ તો સંપૂર્ણ જ્ઞાન કેવળી તે જ્ઞાની છે. જ્યાં સુધી અપૂર્ણ બારમા ગુણસ્થાન સુધી ત્યાં સુધી ઓછું જ્ઞાન છે એ અપેક્ષાએ અજ્ઞાની છે. વિપરીત નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનમાં વિપરીતતા નથી, ઓછું જ્ઞાન છે.

'**આ પ્રમાણે અનેકાંતની અપેક્ષા વડે...**' અનેકાંતની અપેક્ષા વડે '**વિધિનિષેધ નિર્બાધપણે સિદ્ધ થાય છે;...**' આ જ્ઞાન છે, આ અજ્ઞાન છે, આ સંપૂર્ણ છે, આ અપૂર્ણ છે, બધા જ્ઞાની છે એમ અપેક્ષાએ સિદ્ધ થાય છે. '**સર્વથા એકાંતથી કાંઈ પણ સિદ્ધ થતું નથી.**' કહો, આ તો સમજાય એવું છે જરી. આ નવાને આકરું લાગે. પથરામાંથી માંડ-માંડ નવરા થઈને આવે એમાં આવું આવે પાછું ઝીણું. રમેશભાઈ! આ વળી કહે ત્રણ પ્રકારના જ્ઞાન. શું આમાં યાદ શું રાખવું? એમ કહ્યું કે અહીંયાં સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની ગણીને એને આસ્રવબંધ નથી એમ કહ્યું છેને? ક્યા સંબંધી? કે મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષ અને અભિપ્રાય એ નથી એને. બીજો રાગ-દ્વેષ ચારિત્રમોહના ઉદયમાં જોડાણથી તે છે. પણ એને ગૌણ ગણીને મિથ્યાત્વ, વિપરીત માન્યતા અને સાથેના રાગ-દ્વેષને મુખ્ય ગણીને એને આસ્રવ નથી અને બંધ નથી એમ કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિને. એમાં આ ખુલાસો કરવો પડ્યો કે જ્ઞાનીને બંધ અને આસ્રવ નથી તો ક્યા જ્ઞાનીને?

ભાઈ! જ્ઞાનના પ્રકાર ત્રણ. સર્વ જીવો જ્ઞાની એ અપેક્ષા અહીં નહિ. મિથ્યાજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દૃષ્ટિને એ અપેક્ષાએ અહીંયા વાત છે. બીજા પ્રકારની. સમજાણું કાંઈ? અને ત્રીજો પ્રકાર સંપૂર્ણ જ્ઞાન થાય ત્યારે એને જ્ઞાની કહેવાય, પૂર્ણ નિરાસ્રવી કહેવાય, એને આસ્રવ બિલકુલ હોતો નથી અને એને ઓછું જ્ઞાન હોય. બારમા ગુણસ્થાન (સુધી) તેરમાની આ બાજુ વીતરાગ હોય તોપણ એને સંપૂર્ણ જ્ઞાન નથી એ અપેક્ષાએ અજ્ઞાન અને એટલું ઓછું જ્ઞાન કહેવામાં આવે છે. એની અહીં વાત નથી. વચલાની વાત છે. સમજાણું કાંઈ?

## શ્લોક-૧૨૦

(वसन्ततिलका)

अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-
मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।
रागादिमुक्तमनसः सततं भवन्तः
पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।।१२०।।

હવે, જ્ઞાનીને બંધ થતો નથી એ શુદ્ધનયનું માહાત્મ્ય છે માટે શુદ્ધનયના મહિમાનું કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :— [उद्धतबोधचिह्नम् शुद्धनयम् अध्यास्य] ઉદ્ધત જ્ઞાન (-કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન) જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને [ये] જેઓ [सदा एव] સદાય [ऐकाग्र्यम् एव] એકાગ્રપણાનો જ [कलयन्ति] અભ્યાસ કરે છે [ते] તેઓ, [सततं] નિરંતર [रागादिमुक्तमनसः भवन्तः] રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા, [बन्धविधुरं समयस्य सारम्] બંધરહિત એવા સમયના સારને (અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને) [पश्यन्ति] દેખે છે—અનુભવે છે.

ભાવાર્થ :— અહીં શુદ્ધનય વડે એકાગ્રતાનો અભ્યાસ કરવાનું કહ્યું છે. 'હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ છું'—એવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય. આવા પરિણમનને લીધે વૃત્તિ જ્ઞાનમાં વળ્યા કરે અને સ્થિરતા વધતી જાય તે એકાગ્રતાનો અભ્યાસ.

શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે તેથી તે અપેક્ષાએ શુદ્ધનય દ્વારા થતો શુદ્ધ સ્વરૂપનો અનુભવ પણ પરોક્ષ છે. વળી તે અનુભવ એકદેશ શુદ્ધ છે તે અપેક્ષાએ તેને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે. ૧૨૦.

## કળશ-૧૨૦ ઉપર પ્રવચન

**'હવે, જ્ઞાનીને બંધ થતો નથી એ શુદ્ધનયનું માહાત્મ્ય છે...'** એટલે કે આત્માના અનુભવનું એ માહાત્મ્ય છે. આહા..હા..! શુદ્ધનય એટલે આત્મા આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદનો કંદ. એ ભલે બાળક હોય જીવ, નારકી હોય જીવ, પશુ હોય જીવ કે દેવ હોય, પણ એ જીવને અંતરમાં રાગથી, પરથી ભિન્ન ચૈતન્યદળનો અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું તો એનું માહાત્મ્ય એટલું છે કે એને આસ્રવ અને બંધ હોતા નથી. આહા..હા..! એ શ્લોક કહે છે.

(वसन्ततिलका)

अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-<br>मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।<br>रागादिमुक्तमनसः सततं भवन्तः<br>पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।।१२०।।

**'कलयन्ति'**નો અર્થ અનુભવ કરે છે, અભ્યાસ કરે છે.

**'उद्धतबोधचिह्नम् शुद्धनयम् अध्यास्य'** છે? પોપટભાઈ! એનો શબ્દાર્થ. ઉદ્ધત જ્ઞાન. આહા..હા..! આત્માનું અંતર જ્ઞાન થયું એ શુદ્ધનયનું જ્ઞાન કહો કે આત્માનું જ્ઞાન કહો. એ ઉદ્ધત જ્ઞાન છે. કોઈને ગણતું નથી. સમજાણું કાંઈ? દરિયો મધ્યમાંથી ઊછળીને જે પાણી આવે ભરતી એ કોઈને ગણતું નથી. ૧૧૮ ડિગ્રીનો તડકો (હોય) પણ એને ગણતું નથી. એ ભરતી આવે છૂટકો. ભરતી સમજો છો? પંડિતજી! બાઢ. બહાર ૧૧૮ ડિગ્રી તડકો હોય અને મધ્યમાંથી સમુદ્ર ઊછળે. મધ્યમાંથી ઊછળે છે. ત્યાં અપાર પાણીની અગાધતા છે. એને ૧૧૮ ડિગ્રીનો તડકો નડતો પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ચૈતન્યના મધ્યબિંદુ નામ ધ્રુવના લક્ષથી પર્યાયના અંશમાંથી ખસીને અંતરના મધ્યબિંદુ ધ્રુવમાં ગયો એને જે જ્ઞાન થયું એ ઉદ્ધત જ્ઞાન છે. આહા..હા..! રાગને ગણતું નથી, સંયોગને ગણતું નથી, પોતાની અલ્પજ્ઞાનની પર્યાય પણ એટલો હું એ ગણતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ઉદ્ધત જ્ઞાન (-કોઈનું દબાવ્યું દબાય નહિ...'** પોતે નિમિત્તને આધીન થતો. એ કાંઈ કર્મ એને દબાવતું નહોતું. પોતે દબાતો નિમિત્તને આધીન એ સ્વભાવને આધીન થયો. આહા..હા..! એ જ્ઞાન કોઈથી દાબ્યું દબાતું નથી, રોક્યું રોકાતું નથી, વિકાસ થાય તેને કોઈ રોકી શકતું નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? **'જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને...'** એટલે કે ત્રિકાળી આનંદમૂર્તિ ભગવાન એનું

અવલંબન લઈને અંદર પડ્યો છે. આહા..હા..! ભલે ઉપયોગમાં હજી રાગાદિ હોય, પણ અંતર દૃષ્ટિમાં ચૈતન્યના અંતરમાં લબ્ધ જ્ઞાનમાં ભલે હો, પણ અંતરદૃષ્ટિ જ્યાં ધ્રુવમાં પડી છે એ **'સદાય એકાગ્રપણાનો જ અભ્યાસ કરે છે...'** એ આનંદના અનુભવનો જ અભ્યાસ કરે છે. લ્યો! અભ્યાસ તો આવ્યો. અંતરસ્વરૂપ આનંદ છે. જેના મધ્યમાં અને જેના અસંખ્ય પ્રદેશમાં અતીન્દ્રિય... અતીન્દ્રિય... અતીન્દ્રિય આનંદથી પરિપૂર્ણ છલોછલ ભર્યો છે. એવો જેને અંતરમાં અભ્યાસ છે. કહો, આ રાગનો અભ્યાસ તો અનાદિનો છે કહે છે મૂઢને.

મુમુક્ષુ :- મૂઢ હોય એનેને? અહીં તો બધા ડાહ્યા છે.

ઉત્તર :- કોને કહેવા ડાહ્યા? એય..! બુંદેલશહેરના આ બાદશાહ કહેવાય. બુંદેલ શહેર નહિ. બુંદેલ દેશ. બુંદલશહેર જુદું. બુંદેલખંડ. ઓલું બુંદેલ શહેર છે નહિ? ઓલું નહિ કૈલાસચંદજીનું. બુલંદ શહેર. આ બુંદેલખંડ. ધૂડયમાંય નથી બુંદેલ દેશ અને ખંડ. આહા..હા..! એનો દેશ તો અસંખ્યપ્રદેશ આનંદનો ધામ એ દેશ છે એનો. બાકી બધો પરદેશ છે. આહા..હા..! રાગમાં આવવું એ પરદેશમાં આવવું છે. કહો, પોપટભાઈ! લાદીના ઘરમાં જાવું એ તો ક્યાંય રહી ગયું. આહા..હા..! સોનાની ઈંટુ કેટલી અંદર રચાતી હોય. સોનાની ઈંટું એટલે પેદાશ. સોનાની ઈંટુ ઘડાતી હોય. હજાર, બે હજાર, પાંચ હજાર, દસ હજાર. ઈ જાણે આહા..હા..! ધૂળેય નથી ત્યાં. એ તો માટી છે જગતની.

મુમુક્ષુ :- માટી વિના ચાલતું નથી.

ઉત્તર :- માટી વિના ત્રણે કાળમાં ચલાવ્યું છે એણે. કારણ કે માટીની તેમાં નાસ્તિ છે. નાસ્તિ છે ત્યારે એ ટકી રહ્યો છે. એને લઈને હોય તો તો એમાં ગરી જાય અને જુદો રહે નહિ. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે ઉદ્ધત જ્ઞાનમાં શુદ્ધનયનો જેને અભ્યાસ થયો છે. **'कलयन्ति'** અનુભવ કરે છે એમ કહે છે હોં! **'कलयन्ति'** ઓલી કલઈ ચડાવે છે એ આ નહિ હોં. વાસણમાં કલઈ નથી ચડાવતા? એ ઉપર કલઈ ચડાવે ધોળી કરવા, નહિ? કલઈ સમજો છો? શું કહે છે? સફેદ. વાસણને ચડાવે. કાટ ન લાગે અને પાણી ઓલું ન થાય. એમ આત્મામાં કાટ ન લાગે એવી **'कलयन्ति'** કલા ચડાવી દીધી ... એનો અભ્યાસ છે એમ કહે છે. આહા..હા..! રાગનો અભ્યાસ છૂટી ગયો છે અને ચૈતન્યનો એકલો આનંદસ્વરૂપ છે એનો જેને અભ્યાસ અંદરમાં વર્તે છે. એને અહીં ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આહા..હા..! શાસ્ત્રનો અભ્યાસ કરે છે કે એમ ન લીધું. આહા..હા..!

**'સદાય એકાગ્રપણાનો...'** વસ્તુ સ્વરૂપ છે, પૂર્ણ આનંદનો નાથ આખો એમાં એકાગ્રનો અભ્યાસ જે કરે છે **'તેઓ, નિરંતર...'** **'सततं'** **'रागादिमुक्तमनसः भवन्तः'** **'રાગાદિથી**

**રહિત ચિત્તવાળા વર્તતા થકા,...'** એને વિકલ્પ જે છે એનાથી તો રહિત વર્તે છે અને આનંદની દશાસહિત વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાતમી નરકનો નારકી રવરવ નરક. આહા..હા..! રવરવ નરક અપરીઠાણા, ૩૩ સાગરની સ્થિતિ. છતાં એમાં સમ્યક્ પામે છે. સંયોગ નડતર કરતા નથી, સંયોગ અનુકૂળ હોતા નથી. આહા..હા..! એવા સાતમી નરકનો જીવ, પૂર્વે ગુરુ પાસેથી સાંભળેલું, ભૂલી ગયો. એ ત્યાં વેદના દેખતા કે આહા..હા..! આ શું છે આ? આ તે હળહળતી અગ્નિમાં શેકાઉં છું, શું છે આ? રાગ-દ્વેષની અગ્નિમાં શેકાઉં છું. બહારમાં ઠંડી છે ત્યાં તો. સાતમી નરકે. પણ ઘણી ઠંડી, ઠંડી તે ઠંડી. આહા..હા..! એક જરીક અહીં ઠંડી પડી ત્યાં રાડ નાખી ગયા. પાણી બરફ થઈ ગયું છે, ઢીંકણું આમ થઈ ગયું છે. છાપામાં એવું આવવા માંડ્યું. આ નળમાં પાણી બરફ થઈ ગયું હતું. હવે ઓલાને એંજીનમાં પાણી જોવે. કરવું શું? અગ્નિ ... તો ઓલું જરી પાતળું થયું તો કટકા કટકા બરફના નીકળ્યા અને પાણી આવ્યું ઓલા એન્જિનમાં. એન્જિનમાં લે છેને? આહા..હા..! રેલ બંધ રહી, ત્યાં સુધી આમ થયું અને ઢીંકણું થયું. આ ઠંડી એની. આહા..હા..! એક ઠંડીનો કણ કટકો જો પવનનો ઠંડો અહીં આવે ત્યાંનો (તો) દસ હજાર યોજનમાં માણસ મરી જાય. એમાં ૩૩-૩૩ સાગર રહ્યો છે. અરે..! ભૂલી ગયો. ક્યાં છું અને ક્યાં હતો અને શું કરવું છે? આહા..હા..! સમજાણું કાંઈ? એ દુઃખથી મુક્ત થયેલો જીવ ત્યાં, રાગથી મુક્ત કહે છેને? આહા..હા..! ત્યાં પણ રાગથી મુક્ત એટલે એ દુઃખના સંયોગથી તો મુક્ત છે, પણ સંયોગી ભાવ જે રાગાદિ દુઃખ છે એનાથી મુક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા આવો પોકાર તારી પાસે છે, ભાઈ! તું પ્રભુ છો અને ક્યાં ગયો છો તું? આહા..હા..! અરે..! મારી હોડનો, નાતનો, જાતનો તું છો. આહા..હા..! ક્યાં તું ગયો છો? ભાઈ! તારી મૂડીને તો તેં જોઈ નથી. સાતમી નરકમાં પણ જેણે અંતર્મુખ દૃષ્ટિ કરીને મૂડીને જોઈ. કહે છે કે એ દુઃખ અને દુઃખના નિમિત્તે સંયોગ એ બધાયથી મુક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને રાગને પોતાનો માનનારો એ આનંદથી મુક્ત છે અને દુઃખથી સહિત છે. શેઠ! આહા..હા..! દૃષ્ટિમાં જેને રાગની લીલા દેખાય છે એકલી અને એ રાગ એ દુઃખરૂપ છે. એ દુઃખમાં એકાગ્ર છે એ આનંદથી મુક્ત છે અને દુઃખથી એ સહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી, આત્માના જ્ઞાનવાળો જીવ આનંદથી સહિત છે અને દુઃખથી રહિત છે. આહા..હા..! કહ્યુંને?

**'रागादिमुक्तमनसः भवन्तः' 'રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા,...'** આહા..હા..! ગમે તે કાળે, ગમે તે ક્ષેત્રમાં, ગમે તે સંયોગમાં સમ્યગ્દૃષ્ટિ હોય તો એ તો અંતરમાં આનંદના સ્વભાવસહિત છે અને રાગના અને દુઃખના ભાવથી તે મુક્ત છે. એવું શુદ્ધનયનું માહાત્મ્ય છે. એટલે કે એવું આત્માનું માહાત્મ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા રાગાદિ એટલે દુઃખથી રહિત ચિત્તવાળા થઈને. આહા..હા..! '**बन्धविधुरं समयस्य सारम्**' એ બંધથી રાંડ્યા છે ઈ. વિધુર થઈ ગયા વિધુર. ધણી મરે ત્યારે વિધવા કહેવાય, બાઈ મરે ત્યારે વિધુર કહેવાય. ધણીને એમ કહેવાયને? એમ અહીંયાં ધર્મી બંધથી રાંડ્યા છે હવે. એને બંધ હોતો નથી. આહા..હા..! કહો, પંડિતજી! પુરુષને પત્ની મરે ત્યારે વિધુર કહેવાય છેને? અરે..! વિધુર થઈ ગયા, કોઈ એનું નહિ. નાગા-ભૂખ્યા ઢાંકે, ખવરાવે એવું કોઈ રહ્યું નહિ. એકલા પડી ગયા, ભાઈ! વિધુર થઈ ગયા. બાઈને ધણી મરે ત્યારે કહે વિધવા થઈ ગઈ. એનો કોઈ ધણી નહિ. આહા..હા..! ખાનગી વાતું, ગુપ્ત વાતું કોને કહેશું? દુઃખની વાત કોને કરશું? આહા..હા..! કહે છે કે એ વિધવા અને વિધુર એ તો બહારથી માનેલી વાત છે. સમજાણું કાંઈ? એ આત્માના આનંદસ્વભાવનું ભાન નથી તે આનંદથી વિધુર નામ રાંડેલો છે. એ વિધુર અને વિધવા છે. પણ જે આનંદના ભાનવાળો છે એ બંધથી વિધુર છે, એ દુઃખથી રહિત છે. આહા..હા..! કહો, મૂળચંદભાઈ! આવી વાતું છે આ. આહા..હા..! બંધ જે આસ્રવના પરિણામ અને એનું ફળ બંધ એ બેયથી વિધુર છે. વિધુર એટલે રહિત. આહા..હા..!

વીતરાગ પરમાત્માનું આ કહેણ આવ્યું છે જગતને. આહા..હા..! ભાઈ! તારી પુંજી અંદરમાં આનંદસ્વરૂપ છેને પ્રભુ! એના માહાત્મ્ય કરીને એમાં જોને, જાને. તો તને રાગમાં અને રાગના ફળ બાહ્ય સંબંધને તું નહિ અડીશ. સમજાણું કાંઈ? વસ્તુનો સ્વભાવ આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનમય એનું જેને ભાન થયું, સમકિતી ભલે છ ખંડના રાજમાં રહ્યો દેખાય છતાં એ રાગ અને સંયોગથી તો રહિત જ છે. આહા..હા..! અને અગિયાર અંગ અને નવ પૂર્વનો ભણનાર શુક્લલેશ્યાવાળો નવમી ગ્રૈવેયક જનારો સાધુ નગ્ન દિગંબર બાહ્યથી, પણ અંદરમાં રાગની એકતાવાળો મિથ્યાદૃષ્ટિ એ સ્વભાવથી રાંડેલો છે. સ્વભાવ એનો ધણી નથી. એનો ધણી તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**बन्धविधुरं समयस्य सारम्**' રાગના ભાવથી રહિત '**બંધરહિત એવા સમયના સારને (અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને) દેખે છે—અનુભવે છે.**' આહા..હા..! એ સિદ્ધપદની પ્રાપ્તિ માટે આ અભ્યાસ કરે છે કહે છે. કહો, સમજાણું કાંઈ? કેમ આ એમ.એ. અને એલ.એલ.બી.માં પાસ માટે આ બધા મહેનત કરે છે કે નહિ? એના માટે પાસ થવા માટે. રખડવાની પદવી. આ મુક્ત થવાની પદવી માટે આ અભ્યાસ કરે છે કહે છે. અંતરની એકાગ્રતાનો. આહા..હા..! કહો, આ કર્યા વિના એના જન્મ-મરણ મટે એવું નથી. લાખ વાત કરે એ, કરોડ દાન આપે, ઢીંકણું કરે, ફીકણું કરે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ગુરુ આત્મા છે. એની કૃપા થાય ત્યારે બાહ્ય ગુરુની કૃપાનો આરોપ અપાય.

આહા..હા..! ત્રણ લોકનો નાથ ક્યાં પરાધીન છે? સ્વતંત્ર જેના દ્રવ્ય અને સ્વતંત્ર જેની શક્તિ અને સ્વતંત્ર જેની પર્યાય. આહા..હા..! એવું જેને અંતરમાં ભાન થયું, કહે છે કે એ સમયના સારને અનુભવે છે. કારણ કે એ સમયનો સાર રાગરહિત છે. સમય એટલે આત્મા અને સાર એટલે દ્રવ્ય(કર્મ), ભાવકર્મ અને નોકર્મથી રહિત. એવો સ્વભાવ આત્માનો. ઓહો..હો..! ચાહે તો વેદનામાં દેખાય, ક્ષય રોગ થયો હોય એમ દેખાય સમકિતીને શરીરમાં, પણ અંદરમાં ક્ષય રોગ થયો છે રાગના ક્ષય કરવાનો. આહા..હા..! સમજાણું કાંઈ? દુનિયા સાથે કાંઈ સંબંધ નથી. કોણ કેમ કહે છે શું માને? અને કોણ સુધરે અને કોણ ન સુધરે એ તો એને કારણે છે. આહા..હા..!

મુમુક્ષુ :- અનુકંપા તો થાયને.

ઉત્તર :- અનુકંપા એ બધો વિકલ્પ છે. આવે, પણ એ છે વિકલ્પ. આહા..હા..! એનાથી પણ અહીં તો રહિતની વાત કરવી છે. સમજાણું કાંઈ? ભગવાન તો એ વિકલ્પથી રહિત છે અંદર. એ રહિત છે એવો જ જેણે અંદર જાણ્યો અને અનુભવ્યો એ આસ્રવ અને બંધથી રહિત છે. આહા..હા..! અને જેને રાગનો અભ્યાસ અને રાગથી ઠીક છે એને આસ્રવ અને બંધનો જ એકલો અભ્યાસ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :— અહીં શુદ્ધનય વડે એકાગ્રતાનો અભ્યાસ કરવાનું કહ્યું છે. 'હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું,...**' કેવળ જ્ઞાન એટલે એકલું જ્ઞાન એમ. એક જ્ઞાનસ્વરૂપ છું, જાણવાના સ્વભાવસ્વરૂપ છું, જાણકસ્વભાવસ્વરૂપ જ હું છું, '**શુદ્ધ છું...**' તદ્દન પવિત્ર છું, તદ્દન નિર્મળાનંદ છું. આહા..હા..! '**એવું જે આત્મદ્રવ્યનું પરિણમન...**' જોયું? '**એવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય.**' અહીં એમ કહ્યું. પર્યાયસહિત લેવું છેને, ભાનસહિત. નહિતર તો શુદ્ધનય એટલે આત્મા છે. પણ એ આત્મા શુદ્ધનય છે એની દૃષ્ટિમાં આવ્યા વિના આત્મા શુદ્ધનય કેમ બેસે? એમ કહે છે. પર્યાયમાં ભાન વિના એ બેસે શી રીતે? ... વાત કરવી છેને. શુદ્ધ ચૈતન્ય આનંદઘન, જેની વર્તમાન પર્યાય તેમાં ઢળી, વળી છે અને પરિણમન જેનું નિર્મળ થયું છે એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. તે શુદ્ધનય. આહા..હા..! અહીં તો આસ્રવરહિત કહેવું છેને?

'**આવા પરિણમનને લીધે...**' આવી અવસ્થાને લીધે. શુદ્ધ પરિણમન પુણ્ય અને પાપના રાગરહિત સ્વભાવની શ્રદ્ધા, ભાન, અનુભવમાં એનું શુદ્ધ પરિણમન એટલે વીતરાગી દશા છે. એને લઈને '**આવા પરિણમનને લીધે વૃત્તિ જ્ઞાનમાં વળ્યા કરે...**' છે. વર્તમાન પરિણતિ અવસ્થા શુદ્ધ છે એ અંદર વળ્યા કરે છે. એનું રહેવાનું સ્થાન તો એ ભગવાન ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય. આવા પરિણમનને લીધે વૃત્તિ જ્ઞાન...**' એટલે આત્મામાં વળ્યા કરે છે. જ્ઞાન એટલે

આત્મા. શુદ્ધ ચૈતન્ય આનંદઘન. આહા..હા..! એમાં '**વળ્યા કરે અને સ્થિરતા વધતી જાય...**' છે. અંતરના સ્વભાવને સાધતા સ્થિરતા, શાંતિ, આનંદ આદિ વધતા જાય છે. '**તે એકાગ્રતાનો અભ્યાસ.**' આનું નામ એકાગ્રતાનો અભ્યાસ. અભ્યાસ એટલે શું? એની વ્યાખ્યા કરી કે સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એનું પરિણમન, એ પરિણમન થયું એવા પરિણમનને અંતરમાં વાળ્યા જ કરે છે. એવી સ્થિરતા વધતી જાય છે એને એકાગ્રતાનો અનુભવ કહો કે અભ્યાસ કહો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આહા..હા..! આવું છે.

હવે ખુલાસો કરે છે જરી '**શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે...**' ઈ શું કહ્યું? કે જે આત્માનું જ્ઞાન થાય એમાં શ્રુતજ્ઞાન એટલે ભાવશ્રુતજ્ઞાન એ શ્રુતજ્ઞાન પ્રમાણ અને એ શુદ્ધનય તે પ્રમાણનો એક અંશ છે. પ્રમાણ છે એ દ્રવ્ય-પર્યાય બેયને જાણનાર છે અને શુદ્ધનય છે એ એક એનો એક ભાગ છે. તે એક ત્રિકાળી દ્રવ્યને જોવે છે. પણ એ પરોક્ષ છે. '**તેથી તે અપેક્ષાએ શુદ્ધનય દ્વારા થતો શુદ્ધ સ્વરૂપનો અનુભવ પણ પરોક્ષ છે.**' એટલે શું? પ્રત્યક્ષ આમ અસંખ્યપ્રદેશી છે, અનંતા ગુણ છે એમ પ્રત્યક્ષ થાતું નથી. વેદન પ્રત્યક્ષ છે. એનો આનંદ છે તે પ્રત્યક્ષ છે. આનંદ કોક વેદે છે અને પોતે નથી એમ નહિ. સ્વરૂપચંદભાઈ! આવું ઝીણું બહુ ધર્મ. જૈનમાં જન્મ્યા એટલે કેટલા વર્ષ ગયા તોપણ આ જૈન શું કહે છે એની ખબર ન મળે. આહા..હા..!

કહે છે, એ '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ પણ પરોક્ષ છે.**' પરોક્ષ કઈ અપેક્ષાએ લીધું છે આ? એના અસંખ્યપ્રદેશ અને અનંતગુણ કાંઈ પ્રત્યક્ષ દેખાતા નથી. ઈ અપેક્ષાએ પરોક્ષ છે. '**વળી તે અનુભવ એકદેશ શુદ્ધ છે તે અપેક્ષાએ તેને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે.**' આહા..હા..! પણ જ્ઞાનસ્વરૂપે ભગવાન એનું પર્યાયમાં સ્વસંવેદન, સ્વ નામ પોતાનું, સં નામ પ્રત્યક્ષ, સ્વ નામ પોતાનું, સં નામ પ્રત્યક્ષ વેદનની અપેક્ષાએ એને એકદેશની અપેક્ષાએ, વ્યવહારથી એકદેશનો અનુભવ(છે) તે અપેક્ષાએ એને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. ભારે ભાઈ લખાણ આટલા બધા. આહા..હા..! આ કોઈ દિ' ચોપડો જોવો નથી. જોવે છે ત્યાં? ચોપડો સવારથી સાંજ સુધી પાપ. એય..! આ નટુને કહું છું. શરીર સારું નિરોગી, આખો દિ' આ કર્યા કરે. એમાં વળી એક જુદો થયો તો બેનો ભાર બધો આવ્યો. આ કરો ને આ કરો ને આ કરો. હવે આ આત્મા અને એને વળી પ્રત્યક્ષ થાય આ શું હશે કોણ જાણે? આહા..હા..! ઘરના છોકરા ઘંટી ચાટે પાડોશીને આટો. શું કહે છે તમારે?

મુમુક્ષુ :- ઘરકે પુત .. પાડોશી કા ખીરા.

ઉત્તર :- એવું હોયને બધે ઠેકાણે એક જ જાતના. ચૂલામાં તો રાખ જ હોયને. કાંઈ

કસ્તુરી પડી હોય કાંઈ? કહેવત તો એક જ હોય બધે. આહા..હા..! ઘરની ચીજ શું છે? એની ખબરું ન મળે અને બાકીની બધી પંચાતનો પાર ન મળે. ડાહ્યાનો દીકરો થઈને બેસે જાણે, આનું આમ હોય ને આનું આમ હોય અને આનું આમ હોય.

મુમુક્ષુ :- નિવેડો લાવી દે.

ઉત્તર :- નિવેડો ધૂડનોય કાઢતા નથી. અમારા ગાંડાભાઈ હતા. કીધુંને? જ્યાં ત્યાં વેવિશાળ બહુ કરી દે. વેવિશાળ કરે. વેવિશાળ સમજ્યા? સગાઈ-સગાઈ. એને બહુ શોખ હતો ઈ. અને પુણ્ય એવું લઈને આવેલા કે એ જેમાં પડે એનો સંબંધ થાય જ. અને સગાઈ થાય એટલે પછી લાપસી ઉડાવે. કંઈક કરેલા હોં. મેં ઘણીવાર જોયેલા. એ મળ્યા ત્યારે આહા..હા..! નિરાધાર.. નિરાધાર. આહા..હા..! એ ગાંડાભાઈ લઈ જનારા હોં! તારા બાપને અને બધાને ત્યાં. એ ગાંડાલાલભાઈ હતા. નોકર હતા. .. એમાં નોકર. ગાંડાભાઈમાં નોકર હતા. દોઢસોનો પગાર હતો બાર મહિને. ૫૭ની સાલ, ૫૮ની સાલ. પછી ૫૯માં અમે ત્યાં આવ્યા. ત્યારે એને દોઢસોનો પગાર હતો. બાર મહિને દોઢસો. પણ એને ખાવું-પીવું ત્યાં, છ રૂપિયાનો પગાર, દોઢસો મળે. પછી મર્યા ત્યારે બે લાખની પેદાશ. હેરાન થઈને ચાલ્યા ગયા. આહા..હા..! એય..! શેઠ! આ તો અમારા ઘરની વાત છે. અમારા ફઈના દીકરા થાતા. સાત-આઠ પેઢીએ અમારા કુટુંબની દીકરી હતી એના બા. ..બા. ૫૭માં એણે કરેલા વર્ષીતપ. અમે બધા સગા એટલે જઈએ જોવા. જોયેલું ૫૭ની સાલની વાત છે. વર્ષીતપ કરેલું. શેરડીનું પાણી પાયને. જૂનું મકાન હતુંને, મેડી થઈને તમારે આ? ઉમરાળાની. હેઠે આ બાજુમાં નીચું મકાન હતું. ત્યાં ઉજમ ફઈબા અમે કહેતા હતા. વર્ષીતપ કરેને. વર્ષીતપ સમજો છો? એક અપવાસ અને એક દિવસ ખાવું અને એક દિવસ અપવાસ. એવા શ્વેતાંબરમાં વર્ષીતપ કહેવાય. એ કર્યો હતો. ૫૭માં એનું પારણું હતું. ૫૭ની સાલ. ૧૯૫૭.

મુમુક્ષુ :- એક વર્ષ સુધી?

ઉત્તર :- એક વર્ષ. એક દિ' આહાર અને એક દિ' અપવાસ. પાણી પીવે. ૩૬૦ દિ'. ભગવાનને વર્ષીતપ હતોને? શું કહેવાય? ઋષભદેવ ભગવાનને. બાર મહિને આહાર મળ્યો એટલે આ વર્ષીતપ એટલે એના જેવા ચાળા કર્યા. આહા..હા..! શું દુનિયા, એ વખતે જોતાં નાની ઉંમર. ત્યારે ૧૧ વર્ષની ઉંમર. ૫૭ની સાલ. જોયું હતું બધું નજરે હોં બરાબર. એ વખતે કીધું આ શું? આ શું કરે છે? પાણી પીવે થોડું .. લઈ. બીજા સગાવ્હાલા ભેગા થાય, એને આપે.

મુમુક્ષુ :- ૧૦૮

ઉત્તર :- હા, ઘણું કરે બધા. ૧૦૮ ટબુડી લે આવડી-આવડી. આહા..હા..! અરેરે..! આત્મા શું વસ્તુ છે કંઈ સાંભળી ન હોય. અને આવું કરે અને એમ માને કે આપણે તપસ્યા

કરી. આહા..હા..! ઈ બાપુ! તપસ્યા નથી. ઈ લાંઘણું છે. આહા..હા..! આત્મા અંતર આનંદમૂર્તિ ભગવાન એના સમીપમાં જઈને ઇચ્છાનો નિરોધ થઈને અમૃતનો સ્વાદ આવે એને ભગવાન તપસ્યા કહે છે. સમજાણું કાંઈ? એ સ્થિરતા અહીંયાં કહે જુઓ!

**'અનુભવ એકદેશ શુદ્ધ છે તે અપેક્ષાએ તેને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે.'** એને અનુભવ થાય. આનંદનો એક અંશ પણ વેદનમાં આવે એથી એને પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. **'સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.'** લ્યો! આવ્યું અહીંયા. પહેલો બોલ અહીં લીધો લ્યો. આમ તો શુદ્ધનય એક પૂર્ણ વસ્તુને કહીએ, એક શુદ્ધનય શુદ્ધ પરિણમનને કહીએ અને એક શુદ્ધનય પૂર્ણ કેવળજ્ઞાન થાય એને કહીએ એમ ત્રણ પ્રકાર છે.

ફરીને. અગિયારમી ગાથામાં **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ભગવાને એમ કહ્યું કે જે ત્રિકાળ વસ્તુ આનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ એને અમે શુદ્ધનય કહીએ છીએ. અગિયારમીમાં. ચૌદમામાં કહ્યું કે એ શુદ્ધનય કહો, આત્મા કહો કે અનુભવ કહો. ત્યાં આગળ શુદ્ધ પરિણતિને પણ શુદ્ધનય કહેવામાં આવે છે. અહીં કીધી ઈ. શુદ્ધનય પરિણતિ સમ્યગ્દર્શન થતાં શુદ્ધની પર્યાય થાય એને પણ શુદ્ધનય કહે છે. હવે કહે છે, સાક્ષાત્ પૂર્ણ શુદ્ધનય ક્યાં પ્રગટે? કેવળજ્ઞાન. સમજાણું? આરે..! કેટલા ભંગ આમાં? એટલે કે શુદ્ધનયનો વિષય તો ત્રિકાળ ચીજ છે અથવા એને કહીએ, પણ પછી એને પૂર્ણ કેવળજ્ઞાન થાય ત્યારે એને આમ વળવું રહ્યું નહિને? આમ વળવું ન રહ્યું આ બાજુ એથી એને શુદ્ધનયની પૂર્ણતા ત્યાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શું આમાં...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમ વળે એ શું હશે?

જેની દૃષ્ટિ બાહ્ય રાગ અને સંયોગ ઉપર છે એને અહીંયાં મિથ્યાદૃષ્ટિ ગણવામાં આવ્યો છે. જેની દૃષ્ટિ અંતર ચૈતન્ય દ્રવ્યસ્વભાવ ઉપર છે એને શુદ્ધ ઉપર દૃષ્ટિ છે અથવા એ શુદ્ધનયમાં છે અથવા એ આત્મામાં છે એમ કહેવામાં આવે છે. અને બીજી રીતે એ શુદ્ધનયનું પરિણમન થયું ત્યારે શુદ્ધનય જ્ઞાનમાં આવી છે, માટે પરિણમનને પણ શુદ્ધનય કહેવામાં આવે છે. ચેતનજી! આરે..! આરે..! અને ત્રીજી રીતે એ શુદ્ધનયના પર્યાયની પૂર્ણતા થઈ એ કેવળજ્ઞાન થયે પછી આમ વળવું અંતરમાં ઢળવું રહેતું નથી એટલે એને પૂર્ણ શુદ્ધનય કહેવામાં આવે છે. એ જ કેવળજ્ઞાનને વ્યવહારનયનો વિષય કહીએ. આરેરે..! એ કઈ અપેક્ષાએ? કે ત્રિકાળ વસ્તુની અપેક્ષાએ કેવળજ્ઞાન પણ એક અંશ છે. નવરંગભાઈ! એને વ્યવહારનયનો વિષય કહીએ. પણ અહીંયાં તો બીજી અપેક્ષા છે.

અહીં તો આત્મા આનંદસ્વરૂપ ભગવાન એનું ભાન થયું તો કહે છે કે એ વસ્તુ પોતે

શુદ્ધનય છે. અધ્યાત્મમાં નય અને નયનો વિષય પરમ અધ્યાત્મમાં એને ભેદ પાડતા નથી, પણ જ્યારે ઈ ભાનમાં આવ્યું કે આ ધ્રુવ ત્રિકાળ શુદ્ધ છે એવું ભાન થયું ત્યારે આ શુદ્ધ થઈ છે, ત્યારે શુદ્ધ ભાનમાં આવ્યું માટે પર્યાયને પણ શુદ્ધનય કહેવામાં આવે છે.

આ બધું સમજવું પડશે. આહા..હા..! આ શેઠિયાઓએ પણ આમ ને આમ બધા વખત ગાળ્યા છે. આહા..હા..! બાઈ રાંડે ત્યારે નથી રોતી? રોવે છેને રાંડે ત્યારે. અરે..! કૂવામાં ઉતારીને દોરડા કાપ્યા. અમે એવું સાંભળેલું. રોતા હોયને ભાઈ! .. શું કહેવાય એ સમજ્યા ને? કૂવો હોયને કૂવો? પછી અંદર ઉતારીને અને પછી અહીં દોરડું કાપે ઉપરથી, દોરી કાપે. હાય..! હાય..! એય..! મૂળચંદભાઈ! આપણે અહીં બાયું રોવે છે. આ તો ૫૭માં સાંભળેલું. બાકી તો ક્યાં અમે જોવા ગયા હતા. અમારે ઘરે જ મોટા ભાઈ ગુજરી ગયા. બૈરા રોતા હતા. ૫૭ની સાલની વાત છે. ૧૧ વર્ષની ઉંમર. અરેરે..! આમ થયું, તેમ થયું. ઊંડા કૂવે ઉતારી રાશુ અમારી કાપી, આમ કર્યું, તેમ કર્યું. એવું રોવે છે બાયું. પણ આ ઊંડે કૂવે ઊતર્યો અને ચોર્યાસીમાં રખડે છો એની તો માંડ. આહા..હા..! ઊંડે ઊંડે કૂવે જઈ અરેરે..! મિથ્યાત્વમાં ગયો. ઊંડે આમ જાવું જોઈએ. ત્રિકાળી દ્રવ્યને પકડવા ઊંડે અંતરમાં જાવું જોઈએ. એને ઠેકાણે મિથ્યાત્વના ભાવમાં ઊંડે ઊંડે આઘે જઈને રસમાં રાગમાં રેલાઈ ગયો. આહા..હા..! બાપુ! એ ઊંડે કૂવે તારા દોરડા કપાણા. હવે ત્યાંથી નીકળવું ભારે કઠણ. સમજાણું કાંઈ?

એટલે અહીં કહે છે કે જ્યારે આત્મા પોતાના ઘરની વાતને જ્યારે પહોંચી વળે છે તો એ પૂર્ણ પહોંચે ત્યારે એને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. અને એને પણ શુદ્ધનય (કહેવામાં આવે છે). જે કેવળજ્ઞાન સીધો વિષય વ્યવહારનયનો છે, પણ તોય આમ વળવાનું રહ્યું નથી, પૂર્ણ થઈ ગયું એ અપેક્ષાએ અપૂર્ણ શુદ્ધનય હતી પર્યાયમાં, એનો વિષય પૂર્ણ શુદ્ધ હતો, એનો પૂર્ણ વિષય પર્યાયમાં આવી ગયો ત્યારે એને વળવું આમ રહ્યું નહિ એથી એને કેવળજ્ઞાનનો વિષય શુદ્ધનય કીધો. આહા..હા..! બાબુભાઈ! આવા પ્રકાર છે. એય..! છોટુંભાઈ! ત્યાં પૂના-બૂનામાં કાંઈ મળે એવું નથી હોં કાંઈ, મફતમાં (હેરાન થાય છે) આહા..હા..! અરે..! એવી વાતું ક્યાં છે? વીતરાગ સ્વભાવની વાત છે. સમજાણું કાંઈ? આ એની મેળાએ સમજ્યા વિના વાંચે તો કાઢે કાંઈ નહિ.

મુમુક્ષુ :- તમે સમજાવોને.

ઉત્તર :- પણ કોક દિ' અહીં આવવું છેને? ક્યાં અહીં સદાય પાછું? થોડું થાશે તો ભાગશે પાછા. આહા..હા..! આવી વાત છે.

શું કહ્યું? એક ફેરી જ્ઞાનના ત્રણ પ્રકાર પાડ્યા હતા. આ શુદ્ધનયના ત્રણ પ્રકાર. પહેલા જ્ઞાનના ત્રણ પ્રકાર એવી રીતે પાડ્યા કે બધા જીવો જ્ઞાનમય છે એ અપેક્ષાએ જ્ઞાની. એમાં સમ્યક્ મિથ્યાની અપેક્ષા નહિ. બીજામાં સમ્યક્ અને મિથ્યાની અપેક્ષાએ પર્યાય થઈ સમ્યક્નું

ભાન, અંતર અનુભવજ્ઞાન થયું ત્યારે તેને જ્ઞાની કહીએ અને મિથ્યાદૃષ્ટિના જ્ઞાનને એ જીવને અજ્ઞાની કહીએ અને પૂર્ણ જ્ઞાનની અપેક્ષાએ કેવળજ્ઞાનને જ્ઞાની કહીએ અને અપૂર્ણ જ્ઞાનને અજ્ઞાની કહીએ. ઓછું જ્ઞાન એ અપેક્ષાએ. વિપરીત જ્ઞાનની અપેક્ષાએ નહિ. એ જ્ઞાનના ત્રણ પ્રકાર.

એમ નયના ત્રણ પ્રકાર. શુદ્ધનયના. એક તો ત્રિકાળી વસ્તુ પોતે નિત્યાનંદનો નાથ પરમાત્મા એક સમયની પર્યાય વિનાનો એને ધ્રુવ વસ્તુને શુદ્ધનય કહીએ. બીજો શુદ્ધનય, એનું પરિણમન થયું, એના પરિણમનમાં એ ધ્રુવનું ભાન હતું માટે શુદ્ધના પરિણમન વીતરાગી દશા એને શુદ્ધનય કહીએ, પણ અપૂર્ણ છે ઈ. હજી આ બાજુ અભ્યાસ કરે છે. એ અભ્યાસ પૂરો થઈ ગયો સ્વભાવ તરફનો. કેવળજ્ઞાન પૂર્ણ થઈ ગયું તો એને પણ શુદ્ધનય કહેવામાં આવે છે. આ અપેક્ષાએ. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! આવા પ્રકાર.

**'સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.'** લે. અગિયારમાં કહ્યું કે ભૂતાર્થ છે એ શુદ્ધનય છે. એ તો એનો વિષય છે એને નય અને વિષયને એક ગણીને કહ્યું, પણ અહીં જુદું પાડ્યું છે જ્યારે, શુદ્ધતાનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું, અરે..! મુનિપણું થયું અંતરમાં. પણ હજી પૂર્ણ દશા જ્ઞાનની એટલે આત્માની પૂર્ણ દશા નથી તેથી એને શુદ્ધનય કીધો, પણ હજી પૂર્ણ નથી એટલે પૂર્ણ કેવળજ્ઞાન થાય એને શુદ્ધનય પૂર્ણ થયો કહેવાય. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! આવી વાત છે.

## શ્લોક-૧૨૧

(वसंततिलका)

प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु
रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।
ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-
द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।।१२१।।

હવે કહે છે કે જેઓ શુદ્ધનયથી ચ્યુત થાય તેઓ કર્મ બાંધે છે :—

શ્લોકાર્થ :— **[इह]** જગતમાં **[ये]** જેઓ **[शुद्धनयतः प्रच्युत्य]** શુદ્ધનયથી ચ્યુત થઈને **[पुनः एव तु]** ફરીને **[रागादियोगम्]** રાગાદિના સંબંધને **[उपयान्ति]** પામે છે **[ते]** એવા જીવો, **[विमुक्तबोधाः]** જેમણે જ્ઞાનને છોડ્યું છે એવા થયા થકા, **[पूर्वबद्धद्रव्यास्रवैः]**

પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો વડે **[कर्मबन्धम्]** કર્મબંધને **[विभ्रति]** ધારણ કરે છે (-કર્મોને બાંધે છે) -- **[कृत-विचित्र-विकल्प-जालम्]** કે જે કર્મબંધ વિચિત્ર ભેદોના સમૂહવાળો હોય છે (અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો હોય છે).

ભાવાર્થ :-- શુદ્ધનયથી ચ્યુત થવું એટલે 'હું શુદ્ધ છું' એવા પરિણમનથી છૂટીને અશુદ્ધરૂપે પરિણમવું તે અર્થાત્ મિથ્યાદૃષ્ટિ બની જવું તે. એમ થતાં, જીવને મિથ્યાત્વ સંબંધી રાગાદિક ઉત્પન્ન થાય છે, તેથી દ્રવ્યાસ્રવો કર્મબંધના કારણ થાય છે અને તેથી અનેક પ્રકારનાં કર્મ બંધાય છે. આ રીતે અહીં શુદ્ધનયથી ચ્યુત થવાનો અર્થ શુદ્ધતાના ભાનથી (સમ્યક્ત્વથી) ચ્યુત થવું એમ કરવો. ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે, અર્થાત્ શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધ ઉપયોગથી ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી; કારણ કે શુદ્ધોપયોગરૂપ રહેવાનો કાળ અલ્પ હોવાથી માત્ર અલ્પ કાળ શુદ્ધોપયોગરૂપ રહીને પછી તેનાથી છૂટી જ્ઞાન અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય તોપણ મિથ્યાત્વ વિના જે રાગનો અંશ છે તે અભિપ્રાયપૂર્વક નહિ હોવાથી જ્ઞાનીને માત્ર અલ્પ બંધ થાય છે અને અલ્પ બંધ સંસારનું કારણ નથી. માટે અહીં ઉપયોગની અપેક્ષા મુખ્ય નથી.

હવે જો ઉપયોગની અપેક્ષા લઈએ તો આ પ્રમાણે અર્થ ઘટે : જીવ શુદ્ધસ્વરૂપના નિર્વિકલ્પ અનુભવથી છૂટે પરંતુ સમ્યક્ત્વથી ન છૂટે તો તેને ચારિત્રમોહના રાગથી કાંઈક બંધ થાય છે. તે બંધ જોકે અજ્ઞાનના પક્ષમાં નથી તોપણ તે બંધમાં તો છે જ. માટે તેને મટાડવાને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને શુદ્ધનયથી ન છૂટવાનો અર્થાત્ શુદ્ધોપયોગમાં લીન રહેવાનો ઉપદેશ છે. કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે. ૧૨૧.

## કળશ-૧૨૧ ઉપર પ્રવચન

'હવે કહે છે કે જેઓ શુદ્ધનયથી ચ્યુત થાય તેઓ કર્મ બાંધે છે :—' આહા..હા..! અહીં તો ના પાડીને. સમ્યગ્દૃષ્ટિને આસ્રવ અને બંધ નથી એમ કહ્યું. ત્યારે હવે કહે કે શુદ્ધનયથી ચ્યુત એટલે આત્મા આનંદસ્વરૂપ છે, મુખ્ય તો આ છે, પછી બીજી વાત લેશે અંદર ઉપયોગની. ચૈતન્યના સ્વભાવનું ભાન એમાંથી ચ્યુત થાય તો તો મિથ્યાદૃષ્ટિ થાય. એ કર્મને બાંધે. એને મિથ્યાત્વ અને આસ્રવ રાગ-દ્વેષના હોય એ આસ્રવ છે એનાથી કર્મ બંધાય છે. એક અપેક્ષા અહીં લેવી. બીજી અપેક્ષા લેશે ઓલામાં અર્થમાં-ભાવાર્થમાં.

प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु
रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।
ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-
द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।।१२१।।

આહા..હા..! સમયસાર તો દરિયો છે. દરિયામાં રતન ભર્યા હોય એમ આમાં રત્ન ભર્યા છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં રેતી નથી નીચે. આ સમુદ્રમાં રેતી છે નીચે. સ્વયંભૂરમણ સમુદ્ર જે છેલ્લો છે અસંખ્ય યોજનનો, જે આખી પૃથ્વીનું માપ કરતા પણ એ સ્વયંભૂરમણ સમુદ્રનું માપ વધી જાય છે. આખી પૃથ્વી એટલે અસંખ્ય દ્વીપ અને સમુદ્ર, અસંખ્ય દ્વીપ અને સમુદ્ર એના માપ કરતાં પણ એનું ત્રણ યોજન વધી જાય છે. એટલો સ્વયંભૂરમણ સમુદ્ર પહોળો છે લાંબો. એમાં હેઠે એકલા રત્ન ભર્યા છે.

મુમુક્ષુ :- શી રીતે એ લેવા જવાય?

ઉત્તર :- શેઠે ઠીક નાખ્યું. આહા..હા..! એ રત્ન તો કામ આવે એવા નથી, પણ આ ચૈતન્યરત્ન અનંત ગુણથી ભરેલો એ કામ આવે એવો છે. સ્વયંભૂ. ૧૬મી ગાથામાં આવે છેને. પ્રવચનસારમાં આવે છે. સ્વયંભૂ. પોતાની મેળાએ અંતરને કારણે પ્રગટ થયો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૮, શનિવાર, તા. ૧૦-૦૨-૧૯૭૩**
**કળશ-૧૨૧, ગાથા-૧૭૯-૧૮૦, પ્રવચન-૩૧૧**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

૧૨૧ કળશ ચાલે છે. 'હવે કહે છે કે જેઓ શુદ્ધનયથી ચ્યુત થાય તેઓ કર્મ બાંધે છે :—' એની વ્યાખ્યા છે.

(वसंततिलका)

प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु
रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।

ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-
द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।।१२१।।

શું કહે છે? **'જગતમાં જેઓ શુદ્ધનયથી ચ્યુત થઈને ફરીને રાગાદિના સંબંધને પામે છે એવા જીવો, જેમણે જ્ઞાનને છોડ્યું છે એવા થયા થકા, પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો વડે કર્મબંધને ધારણ કરે છે...'** આ વ્યાખ્યા સૂક્ષ્મ છે. આ આત્મા જે છે એ શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે. એવી અંતરમાં દૃષ્ટિ થાય. હું રાગ નથી, દ્વેષ નથી, પુણ્ય નથી, પાપ નથી અને હું અલ્પજ્ઞ પણ નથી. મારો સ્વભાવ અતીન્દ્રિય આનંદ અને સર્વજ્ઞસ્વભાવ છે. એવી અંતરમાં સ્વસન્મુખ થઈને દૃષ્ટિ—સમ્યગ્દર્શન—થાય છે એને અહીંયાં શુદ્ધનય કહે છે. શુદ્ધનય. શુદ્ધ ચૈતન્ય આનંદકંદ એ પૂર્ણાનંદ સ્વરૂપ એની દૃષ્ટિ કરીને સ્વભાવનો પૂર્ણ સ્વીકાર થયો તો એમાં રાગાદિ, પુણ્યાદિનો વિકલ્પ નથી. એવા દૃષ્ટિવંતને સમ્યગ્દૃષ્ટિ કહે છે અને એને ધર્મી અને જ્ઞાની કહે છે. એકલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ કરે એ તો પુણ્યભાવ છે. એ કોઈ ધર્મ નથી. એ અનાદિના જે રાગ અને દ્વેષ કરે છે એનાથી ભિન્ન જૈનસ્વરૂપ, જિનસ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા છે એવું અંતરમાં રાગથી, વિકલ્પથી, પરથી પૃથક્ થઈને પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા આનંદ એનો અનુભવ કરે છે એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. એ સમ્યગ્દૃષ્ટિને શુદ્ધનયવાળા કહે છે. આહા..હા..!

**'જગતમાં જેઓ શુદ્ધનયથી ચ્યુત થઈને...'** જે કોઈ પ્રાણી પોતાનું આનંદ અને જ્ઞાયકસ્વરૂપ છે એનાથી ચ્યુત—ભ્રષ્ટ થઈને **'રાગાદિના સંબંધને પામે છે...'** પુણ્ય અને પાપનો જે વિકલ્પ નામ રાગ છે એ સંબંધને પામે છે. (પોતે) સંબંધ રહિત છે. વસ્તુની દૃષ્ટિ રાગાદિના વિકલ્પથી રહિત છે. એવી રહિત દૃષ્ટિ થાય એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. એ ત્યાંથી ચ્યુત થઈને રાગના સંબંધને પામે છે. મોહનભાઈ! આહા..હા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ છે. પણ રાગના સંબંધને પામે છે એ ધર્મથી ભ્રષ્ટ થયો. ભારે કામ! **'રાગાદિના સંબંધને પામે છે...'** અર્થાત્ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ હું છું એવી દૃષ્ટિ જેને છૂટી જાય છે અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં પોતાના રાગનો સંબંધ કરે છે કે એ રાગ મારી ચીજ છે અને એ રાગ હું છું, એવી દૃષ્ટિમાં ચૈતન્યસ્વભાવથી ભ્રષ્ટ થાય છે. જબલપુર! સમજાય છેને? આ તો હિન્દી ચાલે છે. ... કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની પ્રભુએ આમ ફરમાવ્યું. એવો સંતોએ, કુંદકુંદાચાર્યાદિ અનુભવ કરીને ચારિત્ર પ્રાપ્ત કર્યું. એ પોતાના અનુભવથી અને કેવળીની વાણીમાં આવ્યું ઈ કહે છે. આસ્રવનો અધિકાર છેને. જેને અંદરમાં રાગ શુભ હોય કે અશુભ હોય, એનાથી વિભાવથી પૃથક્ ચૈતન્ય છે. કેમકે વિભાવ એ આસ્રવ છે. શુભભાવ છે એ આસ્રવ છે. એનાથી પૃથક્ સ્વભાવ છે. જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ (છું) એવી દૃષ્ટિ વિભાવથી પૃથક્

થઈને સ્વભાવમાં એકતા કરે છે એનું નામ સમ્યગ્દષ્ટિ ધર્મની શરૂઆત કરનારો છે. આહા..હા..! શેઠ! આહા..હા..! પંચમ આરા માટે બીજું કરવું છે? કે આ તો ચોથા આરાની વાત છે. વાત તો એવી છે. આહા..હા..!

આત્મા... નિયમસારમાં સ્વાધ્યાયમાં તો કંઈક અંદરમાંથી જુઓને કેટલી સ્વાધ્યાય હતી! ઓહો..હો..! ગજબ છે!! પૂર્ણાનંદનો નાથ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ એ જ આત્મા, એ જ પરમાત્મા, એ જ સમ્યગ્દર્શનનો વિષય, એ જ નિશ્ચયનયનું ધ્યેય અને વિષય, આનંદમાં રમવાની વસ્તુ છે તો એ વસ્તુમાં રમવાનું છે. આહા..હા..! કહો, સ્વરૂપચંદભાઈ! આવો માર્ગ ભારે વીતરાગનો. લોકો કાંઈકનું કાંઈક ચડાવી દેને. વ્રત કરવા, તપ કરવા, જાત્રા કરવી એ ધર્મ. અરે..! ભગવાન! એવું તો અનંત વાર કર્યું છે. એ તો શુભભાવ છે, પુણ્યભાવ છે. પાપથી બચવા એ પુણ્યભાવ છે, ધર્મ નહિ. ધર્મ તો જેમાં રાગનો અંશ પણ ભળે નહિ, એવી પોતાની ચીજ જે નિર્મળાનંદ ધ્રુવસ્વરૂપ એમાં આરૂઢ થઈને એકાગ્રતા કરીને જે નિર્વિકલ્પ શાંતિ અને આનંદના અંશની પ્રાપ્તિ દર્શનમાં થાય છે એનું નામ સમ્યગ્દષ્ટિ અને ધર્મની શરૂઆત કહે છે. સમજાણું કાંઈ? એ ધર્મથી ભ્રષ્ટ થાય તો શું થાય છે? એમ કહે છે. જ્યાં સુધી એવી દૃષ્ટિ છે ત્યાં સુધી તો આસ્રવમાં એકતાબુદ્ધિ નથી તો એને આસ્રવ થતો નથી. સમજાણું કાંઈ? પંડિતજી! આહા..હા..!

જ્યારે શુદ્ધનયથી ચ્યુત થાય છે તો તો ફરીને રાગાદિ (સાથે સંબંધ કરે છે). ફરીને એટલે શું કહ્યું? કે પહેલા સમ્યગ્દર્શન થયું હતું. હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા છું એવું ભાન થયું હોય, પણ પછી રાગના વિકલ્પ સાથે સંબંધ કરે છે. રાગાદિ સંબંધ છેને? 'रागादियोगमुपयान्ति' એમ પાઠ છે. વિકલ્પના સંબંધને પ્રાપ્ત થાય છે એમ કહે છે. ધર્મની દૃષ્ટિમાં નિર્વિકલ્પ સ્વભાવને પ્રાપ્ત છે. સમજાય છે કાંઈ? ઝીણી વાતું બહુ, ભાઈ! વીતરાગ માર્ગ બીજા સાથે ક્યાંય મેળ ખાય નહિ. સમજાણું કાંઈ? એક જ શબ્દમાં એમ લીધું. 'જગતમાં...' જે કોઈ પ્રાણી પોતાનું શુદ્ધ ચૈતન્ય વિકલ્પથી, રાગથી ભિન્ન એવી અંતરમાં અનુભવ કરીને દૃષ્ટિ કરી તો એ તો શુદ્ધનયમાં છે, એ શુદ્ધનયમાં રમે છે તો એને આસ્રવ નથી. અસ્થિરતાનો આસ્રવ અહીં ગણવામાં આવતો નથી. આહા..હા..! કેમકે આસ્રવની ખાણ તો આત્મા છે નહિ. આત્મા તો આનંદ અને અણાસ્રવી શુદ્ધ પર્યાય પ્રગટ થાય એવી ખાણ છે. તો જ્યારે આત્મા પોતાના સ્વરૂપમાં શુદ્ધ ચૈતન્યનું અવલંબન કરીને જ્યાં સુધી રહે છે ત્યાં સુધી વિભાવ, પુણ્ય-પાપનો વિભાવ અને સ્વભાવ બે એક નથી. જુદા કરી દીધા છે તો એને પરચીજનો આસ્રવ થતો નથી. એમ કહે છે. આહા..હા..! અસ્થિરતાનો ભાગ છે એને અહીં ગણવામાં આવતો નથી. મુખ્ય મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંસારનું બીજ છે. આહા..હા..! જુઓને, આ લખ્યું નથી? ... સારું લખ્યું છે. આમ તો આપણે સમ્યગ્દષ્ટિ

કહેતા .. સમ્યગ્દૃષ્ટિ ... પણ આ તો સંસારચક્રનો પાર પામ્યો છે. જેમાં રાગની એકતા તૂટી ગઈ. હવે સંસાર છે જ નહિ એને. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ સૂક્ષ્મ બહુ છે. લોકો બહારથી કલ્પે છે એવો માર્ગ વીતરાગનો નથી. આહા..હા..! શુદ્ધ ચૈતન્ય આનંદઘન પ્રભુ આત્મારામનો બગીચો અંદરમાં એકાગ્ર થઈને જ્યારે ખીલે છે ત્યારે એની દૃષ્ટિમાં અને દૃષ્ટિના વિષયમાં બેયમાં રાગ નથી. રાગ નથી તો આસ્રવ નથી અને આસ્રવ નથી તો બંધ નથી. આહા..હા..!

પણ '**જેઓ શુદ્ધનયથી ચ્યુત થઈને...**' '**पुनः**' શબ્દ વાપર્યો છે. સમ્યગ્દર્શન થયું હોય કોઈવાર, છતાં એમાંથી પાછો ભ્રષ્ટ થઈ જાય. એ વિકલ્પને જાણે નહિ, રાગને જાણે નહિ, રાગ એ શું ચીજ છે? અને રાગ મારી ચીજ છે. રાગ દુઃખરૂપ છે એમ જાણે નહિ, દુઃખરૂપ જાણે નહિ. જે પહેલા દુઃખરૂપ જાણ્યું હતું અને ભિન્ન થયો હતો પછી રાગને દુઃખરૂપ નહિ જાણીને સંબંધ કરે છે. આહા..હા..! આવ્યું હતુંને આપણે ત્યાં, નહિ? નિયમસાર.

મુમુક્ષુ :- એટલું ભૂલી જાય કે રાગને...

ઉત્તર :- હા. રાગ સાથે એકત્વ કરીને પાછો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. ઈ તો કહે છે. '**पुनः**' શબ્દ વાપર્યો છેને? હજી ગાથામાં પણ આવશે. આહા..હા..! કહે છે... ગાથામાં પણ આવશે. આ એનો તો ઉપોદઘાત છે ગાથાનો. '**बज्झंते कम्मं ते णयपरिहीणा**' ૧૮૦ ગાથામાં છે. '**णयपरिहीणा**' એમાં ગાથામાં છે પાઠ. આ તો એનો ઉપોદ્‌ઘાત છે.

જે કોઈ પ્રાણી. '**જગતમાં...**' એટલે જગતના જીવમાં શુદ્ધનય નામ આત્મા આનંદકંદ, જ્ઞાતા-દૃષ્ટા અને શુદ્ધ છે એવી દૃષ્ટિ થઈ હતી. ફરીને શુદ્ધનયથી ભ્રષ્ટ થયો. રાગ વિકલ્પ છે, શુભરાગનો અંશ છે એના સંબંધને પામે છે. પહેલા સંબંધરહિત માન્યું હતું. અનુભવમાં સંબંધરહિત માન્યું હતું એ ફરીને રાગનો સંબંધ પ્રાપ્ત કરે છે. જોડાણ થઈ ગયું.

મુમુક્ષુ :- ચારિત્રથી ભ્રષ્ટ થયો કે શ્રદ્ધાથી ભ્રષ્ટ થયો?

ઉત્તર :- શ્રદ્ધાથી ભ્રષ્ટ થયો. મિથ્યાત્વ થયું અહીં તો એ કહે છે. ચારિત્ર ભ્રષ્ટને તો અહીં ગણવામાં આવતા જ નથી. એને તો આસ્રવ છે જ નહિ. એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- '**दंसणभट्ठा**' છે.

ઉત્તર :- '**दंसणभट्ठा...**' ઈ. '**चरित्तभट्ठा सिज्झंति**' ચારિત્રથી ભ્રષ્ટ હોય અને ભાન રહે છે એ તો ભ્રષ્ટ નથી. એ તો '**सिज्झंति**' એ તો સ્વરૂપમાં રમણતા નથી એવી ખબર છે એને, પણ '**दंसणभट्ठा दंसणभट्ठा**' દર્શનથી ભ્રષ્ટ, જ્ઞાનથી ભ્રષ્ટ, ચારિત્રથી ત્રણેથી ભ્રષ્ટ. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ '**ફરીને રાગાદિના સંબંધને પામે છે...**' જુઓને કેટલી વાત કરી! અબંધ સ્વરૂપની

દૃષ્ટિ થયા પછી પણ રાગના સંબંધ નામ ભાવબંધથી એકત્વ થાય છે. આત્મામાં બંધ નથી અને એ ભાવબંધ સહિત છું, રાગ દુઃખરૂપ છે, શુભરાગ હોય કે અશુભરાગ હોય એ દુઃખરૂપ છે, આકુળતા છે એની સાથે એકત્વને પામે છે તો દુઃખ એને ભાસતું નથી. સમજાણું કાંઈ? **'એવા જીવો, જેમણે જ્ઞાનને છોડ્યું છે...'** શું કહે છે? જેણે આત્મા આનંદસ્વરૂપમાં જ્ઞાનસ્વરૂપ છે એ દૃષ્ટિ છૂટી ગઈ. આહા..હા..! **'જ્ઞાનને છોડ્યું...'** એ સમજાણું? જ્ઞાન એટલે આત્મા. શુદ્ધ ચૈતન્યઘન વિકલ્પથી રહિત, પુણ્ય અને પાપનો રાગ દુઃખરૂપથી રહિત એવી જે દૃષ્ટિ કરી હતી, ફરી જેણે જ્ઞાનને છોડ્યું છે. શુદ્ધસ્વરૂપ જ્ઞાનાનંદ છું એવી દૃષ્ટિ છૂટીને પુણ્યના વિકલ્પની સાથે સંબંધ કર્યો એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

**'એવા થયા થકા,...'** રાગના વિકલ્પથી એકત્વ થઈને **'એવા થયા થકા,...'** એટલે શું કહ્યું? પોતાના ઉલટા પુરુષાર્થથી થયું છે. કોઈ કર્મનો ઉદય આવ્યો અને એમ થયું એમ નથી. **'એવા થયા થકા, પૂર્વ દ્રવ્યાસ્રવો વડે કર્મબંધને ધારણ કરે છે...'** લ્યો! જ્યારે એ પુણ્યના પરિણામ રાગના દુઃખરૂપ નથી ભાસતા અને એમાં આકુળતા એ નથી ભાસતા તો એની સાથે સંબંધ કરે છે. એનાથી મને લાભ થાય છે, એ મારા સુખનું કારણ છે એવી દૃષ્ટિ થઈ. **'પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો...'** તો જૂના કર્મ જે હતા એ **'વડે કર્મબંધને ધારણ કરે છે...'** જૂના કર્મ નવાને નિમિત્ત થાય છે પણ આ ભ્રષ્ટ થયા એને નિમિત્ત થાય છે. આહા..હા..! એ આપણે વાત આવી ગઈ છે. બે-ત્રણ વાર આવી ગઈ.

**'પૂર્વ દ્રવ્યાસ્રવો વડે કર્મબંધને ધારણ કરે છે કે જે કર્મબંધ વિચિત્ર ભેદોના સમૂહવાળો હોય છે...'** આહા..હા..! છેને? **'कृत-विचित्र-विकल्प-जालम्'** છેલ્લો શબ્દ છે. જેણે શુભ અને અશુભની રાગની જાળને પોતાની કરીને માની છે એવા અનેક પ્રકારના વિકલ્પજાળને કરે છે. જે જ્ઞાતા-દૃષ્ટાના આનંદની જે રમતું કરતો હતો એ હવે વિકલ્પજાળને કરે છે. સમજાણું કાંઈ? **'અનેક પ્રકારનો...'** પાછા વિકલ્પ તો અનેક પ્રકારના છે. ઓલું તો એક પ્રકારનું હતું. સ્વરૂપ તરફની દૃષ્ટિ તો અંતર જ્ઞાતા-દૃષ્ટા વિકલ્પથી, રાગથી, શુભથી ભિન્ન તો એકરૂપતા થઈ ત્યાં. આ ત્યાંથી છૂટ્યો એટલે એને વિકલ્પની અનેક પ્રકારની જાળ ગુંથાય. આમ થાય અને આમ થાય ને આમ થાય ને આમ થાય. **'(અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો હોય છે).'** એમ. એને અનેક પ્રકારનું કર્મબંધન થાય છે. અનેક પ્રકારના વિકલ્પ કરે તો અનેક પ્રકારનું કર્મબંધન થાય છે. કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :—** જયચંદ્ર પંડિત. **'શુદ્ધનયથી ચ્યુત થવું એટલે 'હું શુદ્ધ છું' એવા પરિણમનથી છૂટીને...'** હું શુદ્ધ છું એવી પરિણતિથી છૂટીને **'અશુદ્ધરૂપે પરિણમવું તે અર્થાત્ મિથ્યાદૃષ્ટિ બની જવું તે.'** છે? આહા..હા..! ઝીણી વાત છે. બહારથી તો મુનિ પંચ મહાવ્રતાદિ પાળતો હોય, એવીને એવી ક્રિયા હોય. સમજાણું કાંઈ? પણ દૃષ્ટિ બદલાઈ

જાય છે ત્યારે, રાગથી મને લાભ થાય અને રાગ હું છું એ રાગથી ભિન્નતાનું ભાન છોડી દે છે, જ્ઞાનને છોડી દે છે. સમજાણું કાંઈ? **'મિથ્યાદષ્ટિ બની જવું તે.'** શુદ્ધનયથી ચ્યુત થવાનો અર્થ મિથ્યાદષ્ટિ થઈ જવું. એય..! બાબુજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એણે કરી. કહ્યુંને. એણે કર્યું. કહ્યું હમણા. પોતાથી થયું. કરે કોણ? દષ્ટિ પલટી ગઈ. આહા..હા..! એ સત્યને સત્ય સમજતો હતો એ અસત્યને સત્ય સમજે છે, બસ, દષ્ટિ બદલાઈ ગઈ.

મુમુક્ષુ :- થોડી ભૂલ થઈ.

ઉત્તર :- થોડી નિગોદમાં જવાની ભૂલ થઈ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ!

આસ્રવ અધિકાર છેને. આસ્રવ પુણ્ય-પાપનો ભાવ વસ્તુમાં છે નહિ. વસ્તુની દષ્ટિ થઈ તો દષ્ટિવંતને પણ થાય નહિ એમ સિદ્ધ કરવું છે અહીં. શુભ-અશુભભાવ જે વિકાર અને વિભાવ એ વસ્તુમાં નથી. વસ્તુમાં નથી, દ્રવ્ય સ્વભાવમાં નથી તો દ્રવ્યસ્વભાવ દષ્ટિવંતને પણ નથી એમ સિદ્ધ કરવું છે. નવરંગભાઈ! આહા..હા..!

**'એમ થતાં, જીવને મિથ્યાત્વ સંબંધી...'** જુઓ, **'એમ થતાં, જીવને મિથ્યાત્વ સંબંધી રાગાદિક ઉત્પન્ન થાય છે,...'** એને એ જ ઉત્પન્ન થાય છે. અનંતાનુબંધીનો રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? **'આ રીતે અહીં શુદ્ધનયથી ચ્યુત થવાનો અર્થ શુદ્ધતાના ભાનથી...'** જુઓ, શુદ્ધતાની પ્રતીતિથી **'(સમ્યક્ત્વથી) ચ્યુત થવું એમ કરવો.'** કહો, સમજાણું કાંઈ? **'ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે,...'** એ શું કહ્યું? કે આત્મા પુણ્ય અને પાપના વિકલ્પ રાગથી ભિન્ન છે એવી દષ્ટિ અનુભવમાં થઈ તો જ્યાં સુધી નિર્વિકલ્પમાં છે ત્યાં સુધી રાગ તો બુદ્ધિપૂર્વક પણ નથી. અબુદ્ધિપૂર્વક રાગ છે એને તો અહીં ગણવામાં આવ્યો નથી. અને કહે છે કે એ ત્યાંથી ઉપયોગમાં ખસી ગયો. સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની દષ્ટિમાં છે છતાં ઉપયોગ એ તરફ નથી. ઉપયોગ કોઈ પુણ્ય-પાપના વિકલ્પમાં આવી ગયો. એ અપેક્ષા ગૌણ છે. એની અહીંયાં અપેક્ષા ગણવામાં આવતી નથી. શું કહ્યું ઈ?

આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન ત્રણેનો ભેદ છોડીને અભેદ અનુભવમાં હોય ત્યારે તો બેય અપેક્ષાથી અંદરમાં એકાકાર છે. એને તો અસ્થિરતાનો આસ્રવ બુદ્ધિપૂર્વક પણ નથી. પણ બુદ્ધિપૂર્વક રાગમાં આવી ગયો કહે છે. રુચિપૂર્વક નહિ. અંદરમાં સમ્યગ્દર્શનની પ્રતીતિ અને અનુભવ તો એવોને એવો લબ્ધરૂપ છે, પણ ઉપયોગમાં શુભ-અશુભભાવ થયો તો એ ઉપયોગથી ભ્રષ્ટ થયો સમકિતથી એ વાત અહીંયાં નથી, એની અહીં વાત નથી. અંતરની દષ્ટિથી ભ્રષ્ટ થયો એની મુખ્ય વાત છે અહીંયાં. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે, અર્થાત્...**' ઉપયોગ અંદરમાં ન રહે અને ઉપયોગ વિકલ્પમાં આવી જાય તોપણ એ સમ્યગ્દૃષ્ટિ જ છે. એને મિથ્યાદૃષ્ટિથી બંધ થતો નથી એમ કહે છે. બરાબર છે? આહા..હા..! અરુચિપૂર્વક. એની પોતાની રુચિ નથી. આવ્યો, પણ ઉપયોગ ત્યાંથી ખસી ગયો સ્વભાવમાંથી પણ રુચિપૂર્વક નથી એટલે એ રાગ થયો એની વાત અહીંયાં ગૌણ છે. રાગની એકતામાં રાગ થયો એની મુખ્યતા છે અહીંયાં. રાગની ભિન્નતાને કાળે અનુભવમાં રાગ થયો તો એની વાત અહીંયાં નથી. આહા..હા..!

'**શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધ ઉપયોગથી ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી;...**' જુઓ, ઉપયોગથી ખસવું ઈ અર્થ અહીંયાં મુખ્ય નથી. અંતર આનંદનો ધ્યાતા, ધ્યાન અને ધ્યેય ત્રણને ભૂલીને એકલા અખંડ આનંદમાં રહે એ ઉપયોગ અંદરમાં જામ્યો છે. એ ઉપયોગ બહાર નીકળ્યો અને રાગમાં આવ્યો એ વાત મુખ્ય નથી. છે? શુદ્ધ ઉપયોગમાં રમતો હતો ત્યાં સુધી તો ઠીક, પણ ત્યાંથી ચ્યુત થયો '**એવો અર્થ અહીં મુખ્ય નથી;...**' ભારે ઝીણી વાતું. સમજાય છે? ભાઈ! સમજાય છે? સૂક્ષ્મ વાત છે.

અહીંયાં આત્મા છેને આત્મા, ભગવાન સર્વજ્ઞે કહેલો હોં! તીર્થંકરદેવે કહેલો. એ સિવાય કોઈ જગતમાં આત્મા કહેનારા છે નહિ. વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર એના કેવળજ્ઞાનમાં આત્મા જેવો છે એ આત્મા તો આ છે શુદ્ધ સત્તાસ્વરૂપ. એ પુણ્ય-પાપના રાગથી રહિત આત્મા તો છે. ભગવાને પણ એમ જોયું છે. 'પ્રભુ તુમ જાણગ રીતી સૌ જગ દેખતા, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા.' આત્મા નિજ સત્તામાં શુદ્ધ અને આનંદઘન જ છે. એવી જેની દૃષ્ટિ થઈ. અંતરમાં રાગથી પૃથક્ થઈને અને ત્રિકાળી આનંદની એકતા કરીને જે સમ્યગ્દર્શન થયું એ તો સમ્યગ્દર્શન કહે છે કે ઉપયોગમાં અંદર હોય કે ઉપયોગ બહાર નીકળ્યો હોય એ વાત અહીંયાં ગણવામાં નથી આવતી, પણ અંદર શ્રદ્ધામાંથી ભ્રષ્ટ થયો. ફરીથી રાગને દુઃખરૂપ નથી જાણતો. પહેલા દુઃખરૂપ જાણ્યો હતો તો રાગથી પૃથક્ થઈને આનંદમાં આવતો હતો. પછી રાગને દુઃખરૂપ નથી જાણતો તો ભ્રષ્ટ થયો. સમજાય છે કાંઈ? કેમકે દુઃખરૂપમાં એકતા થઈને. ધર્મીની દૃષ્ટિમાં તો આનંદની એકતા છે. ભલે રાગ હોય, એકતાબુદ્ધિ નથી. અને અજ્ઞાનીની એકતાબુદ્ધિ એ આનંદસ્વરૂપ આત્મા અતીન્દ્રિય એની સાથે રાગ દુઃખરૂપ, બેની એકતા કરે છે. સમજાણું કાંઈ?

તો એ વાત '**અર્થાત્ શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધ ઉપયોગથી ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી;...**' એ અર્થની અહીંયાં મુખ્યતા નથી. આહા..હા..! ગુજરાતી છે? પાનું ફેર કેમ? ગુજરાતી છે. આ પાનું આ બાજુ છેને? એટલે કીધું આમ કેમ? ઈ સાચી વાત છે. કહો, સમજાણું કાંઈ? શાંતિથી તો સમજવાની ચીજ છે આ. આ કોઈ ભણતર બહુ કરે અને સમજાય એવી કોઈ ચીજ નથી. આહા..હા..! '**કારણ કે શુદ્ધોપયોગરૂપ**

**રહેવાનો કાળ અલ્પ હોવાથી...'** શું કહે છે? આત્મા અંદર શુદ્ધ ઉપયોગમાં રહે, જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનનો ભેદ છોડીને, ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનો ભેદ છોડીને નિર્વિકલ્પ અનુભવમાં રહે એ તો શુદ્ધોપયોગનો કાળ તો અલ્પ છે. સમજાણું કાંઈ? વિશેષ શુદ્ધોપયોગમાં રહી શકતો નથી.

'**માત્ર અલ્પ કાળ શુદ્ધોપયોગરૂપ રહીને પછી તેનાથી છૂટી જ્ઞાન અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય...**' જ્ઞાનની પર્યાય રાગના લક્ષમાં જાય છે. જ્ઞાનની પર્યાય રાગના લક્ષમાં જાય છે એ કોઈ મિથ્યાત્વ નથી. '**તોપણ મિથ્યાત્વ વિના જે રાગનો અંશ છે તે અભિપ્રાયપૂર્વક નહિ હોવાથી...**' સમજાય છે કાંઈ? આહા..હા..! ઉપયોગ અંદરમાં રમે ત્યાં સુધી તો ઠીક, પણ ઉપયોગ ત્યાંથી ખસી થયો અને રાગના લક્ષમાં આવ્યો તોપણ શ્રદ્ધાથી ભ્રષ્ટ નથી. સમજાણું કાંઈ? અભિપ્રાયપૂર્વક નથી. એ રાગ ઠીક છે એવો અભિપ્રાય જ્ઞાનીનો નથી. ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય એ પણ રાગ છે, દુઃખ છે, અપરાધ છે. પુરુષાર્થસિદ્ધિમાં કહ્યુંને? શુભોપયોગ અપરાધ છે. શુભોપયોગ અપરાધ. ત્યાં તો એમ લીધુંને? કે ભાઈ સમકિતી છે એ તીર્થંકરગોત્ર બાંધે છે, આહારક શરીર બાંધે છે. સમકિતી જ બાંધે. મિથ્યાત્વીને હોય નહિ ઈ. તો એ તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ ક્યો છે? અપરાધ છે. શું કહ્યું?

મુમુક્ષુ :- શુભ ઉપયોગ એ જ અપરાધ છે.

ઉત્તર :- એ અપરાધ છે. પાઠ છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. એ શુભ ઉપયોગ જ અપરાધ છે. પોતાના સ્વરૂપમાંથી નીકળીને રાગમાં આવ્યો એ જ અપરાધ છે. પણ એ અહીંયાં દૃષ્ટિ નથી તો એ અપરાધને જુદો ગણ્યો છે. સમજાણું કાંઈ? એ અપરાધને લાભદાયક માને તો દૃષ્ટિ ફરી ગઈ. સમજાણું કાંઈ? એને તો તીર્થંકરગોત્રનો ભાવ હોતો જ નથી મિથ્યાદૃષ્ટિને તો.

'**જ્ઞાન અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય તોપણ મિથ્યાત્વ વિના જે રાગનો અંશ છે તે અભિપ્રાયપૂર્વક નહિ હોવાથી જ્ઞાનીને માત્ર અલ્પ બંધ થાય છે...**' અલ્પબંધ રાગની અસ્થિરતાનો છે. અનંત સંસારનો અંત કર્યો. આહા..હા..! અંતરમાંથી દૃષ્ટિ થઈ, ભવનો અંત થયો, અનંત ભવનો અંત. આહા..હા..! એને થોડો અસ્થિરતાનો રાગ આવ્યો એ અલ્પ સંસાર છે. એકાદ બે ભવ (થશે) એ સામાન્ય સંસાર, અનંત સંસાર નથી. સામાન્ય સંસાર એટલે અનંત સંસાર. સમજાણું કાંઈ? બાકી તો તીર્થંકરગોત્રનો ભાવ પણ બે ભવ કરે છે લ્યો! અપરાધ થયોને? આહા..હા..! બાંધે એ ભવમાં તો મુક્તિ નથી. બાંધે ત્યારે તો સ્વર્ગમાં જાય ત્યારે પણ નથી. ત્રીજે ભવે મુક્તિ થાય છે. આહા..હા..! શોષડકારણ ભાવના પણ અપરાધ છે. કેમકે રાગ છે. એય..! આહા..હા..!

'**અને અલ્પ બંધ સંસારનું કારણ નથી.**' છે? '**માટે અહીં ઉપયોગની અપેક્ષા**

**મુખ્ય નથી.'** ઉપયોગ અંદર ધ્યાનમાંથી ખસી જાય અને શુભ-અશુભ પરિણામમાં આવી જાય તોપણ એનું ફળ અલ્પ છે, અનંત સંસાર નથી. અને અજ્ઞાનીને શુભરાગની એકતા જ્યાં થઈ તો અનંત સંસાર વધી ગયો. આહા..હા..! મિથ્યાત્વ એ જ સંસાર છે. શાંતિભાઈ! આહા..હા..! લોકોએ બાહ્ય ક્રિયા ત્યાગ અને બાહ્યના ભાવમાં એટલું માહાત્મ્ય લઈ લીધું. હમણા એક લખાણ આવ્યું, ભાઈ! આટલું કરે છે બિચારા એને તમે શું કરવા નિષેધ કરો છો? એવો એક કાગળ-લખાણ આવ્યું છે. સાધુ આટલું સહન કરે છે, નગ્ન, આવા-આવા એટલું પણ રહેવા નથી દેવું તમારે? ભાઈ! ક્યાં હતું બાપા? ભાઈ! એ તો એના હિતની વાતું છે આ. આહા..હા..! એવા પાંચ મહાવ્રત અત્યારે (નથી). નવમી ગ્રૈવેયક ગયો ત્યારે પંચ મહાવ્રતના પરિણામ હતા એવા પરિણામ તો આના છે નહિ અત્યારે. સમજાણું? અઠ્યાવીશ મૂળગુણના પરિણામના પણ ઠેકાણા નથી. મિથ્યાદૃષ્ટિ સહિતના (છે). આહા..હા..!

અહીં તો કહે છે કે **'અહીં ઉપયોગની અપેક્ષા મુખ્ય નથી. હવે જો ઉપયોગની અપેક્ષા લઈએ તો આ પ્રમાણે અર્થ ઘટે : જીવ શુદ્ધસ્વરૂપના નિર્વિકલ્પ અનુભવથી છૂટે પરંતુ સમ્યક્ત્વથી ન છૂટે...'** અંતર આત્માના ધ્યાનની નિર્વિકલ્પ દશાથી છૂટી જાય, **'પરંતુ સમ્યક્ત્વથી ન છૂટે...'** દૃષ્ટિના ધ્યેયમાં તો આત્મા છે એવું જ રહ્યું છે. **'તો તેને ચારિત્રમોહના રાગથી કાંઈક બંધ થાય છે.'** ભારે અધિકાર આવ્યો. આહા..હા..! અહીં તો ઓલી ના પાડી હતીને બંધની? એટલે આ કહે છે કે ઉપયોગ અપેક્ષાએ થોડો રાગનો બંધ હોય અસ્થિરતા છે માટે. **'તે બંધ જોકે અજ્ઞાનના પક્ષમાં નથી...'** ધર્મી જીવને અંતર દૃષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી નિરંતર સ્વભાવની દૃષ્ટિ જ વહે છે. આહા..હા..! એમાંથી સ્વભાવમાંથી ઉપયોગ ખસીને રાગ થયો તો ચારિત્રમોહના ઉદયથી જરી રાગ પોતામાં પોતાને કારણે થયો તો થોડો બંધ છે. પણ એ અજ્ઞાનના પક્ષમાં નથી. એ બંધન અજ્ઞાનના પક્ષમાં નથી. એ જ્ઞાનની સ્વરૂપની અસ્થિરતાના અંશમાં છે. આના અર્થ ઉંધા કરે ન સમજે ઈ. આડાઅવળા કરી નાખે.

**'માટે તેને મટાડવાને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને શુદ્ધનયથી ન છૂટવાનો અર્થાત્ શુદ્ધોપયોગમાં લીન રહેવાનો ઉપદેશ છે.'** લ્યો! અંદરમાં જા, અંદરમાં જા. આહા..હા..! વિકલ્પને બહાર ન ભટકાવ. અંદરમાં જા, સ્વરૂપમાં જા, સ્વરૂપમાં જા. આહા..હા..! **'સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને શુદ્ધનયથી ન છૂટવાનો...'** આ અપેક્ષાએ. **'શુદ્ધોપયોગમાં લીન રહેવાનો ઉપદેશ છે. કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે.'** લ્યો બીજી વાર આવ્યું. કાલે આવ્યું હતું. આવ્યું હતુંને ત્યાં? સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થતાં થાય છે. કાલે આવ્યું હતું. આહા..હા..! **'કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય...'** ઉપયોગરૂપી શુદ્ધિ પૂર્ણ થઈ ગઈ એમ કહે છે. ઉપયોગમાં પણ શુદ્ધ પરિણતિ થઈ ગઈ. એટલે શુદ્ધનય સાક્ષાત્ થઈ ગયો. કાલે

કહ્યું હતું શેઠ! ત્રણ બોલ લીધા હતા. આજે પૂછયું નહિ. વળી ક્યાં પૂછે શેઠને. જ્ઞાનના ત્રણ બોલ અને નયના ત્રણ બોલ કાલે કહ્યા હતા.

જ્ઞાનના ત્રણ બોલની વ્યાખ્યા આ કે સર્વ જીવ જ્ઞાનસ્વરૂપ છે એ અપેક્ષાએ બધા જ્ઞાની. ધર્મ-અધર્મનો પ્રશ્ન ત્યાં નહિ. એકલું-એકલું સાધારણ-સાધારણ. સર્વ જીવ જ્ઞાની છે. જ્ઞાનમય છે માટે જ્ઞાની એટલું. બીજી અપેક્ષા. મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની. બે બોલ થયા? ત્રીજો બોલ ક્યો?

મુમુક્ષુ :- કેવળજ્ઞાન.

ઉત્તર :- કેવળજ્ઞાન. એટલું યાદ રાખ્યું. ત્રીજું કેવળજ્ઞાન. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જ્ઞાનની ખામી છે તો ખામીને પણ અજ્ઞાન કહ્યું. વિપરીત નહિ. ખામીને અજ્ઞાન કહ્યું તો એ અપેક્ષાએ અજ્ઞાન ટળીને કેવળજ્ઞાન થાય ત્યારે સંપૂર્ણ જ્ઞાની છે. સંપૂર્ણ જ્ઞાની અને સંપૂર્ણ નિરાસ્રવી. જ્ઞાનના બોલ આવ્યાને ત્રણ?

હવે નયના ત્રણ બોલ. શ્રુતજ્ઞાનની નય. એક તો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ધ્રુવ એને શુદ્ધનય કહે છે. ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ઈ. ભૂતાર્થ આખી વસ્તુ... વસ્તુ... વસ્તુ... અનંત અનંત. આવે છેને? .. નથી આવતું? બહુ ઊંડે એટલો સ્વભાવ છે કહે છે. અનંત... અનંત... અનંત... અનંત... ક્ષેત્ર ભલે થોડું હોય, સ્વભાવનું અનંત-અનંત સ્વરૂપ. એવી દૃષ્ટિ થઈને પર્યાયમાં શુદ્ધ પરિણમન થાય એને પણ શુદ્ધનય કહે છે. અને પૂર્ણ પર્યાય હોય કેવળજ્ઞાની ત્યારે શુદ્ધનય ત્રીજા પ્રકારનું પૂર્ણ થયું એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીં ત્રણ પ્રકાર લીધા. એક તો સમ્યગ્દૃષ્ટિ થયો, શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને શુદ્ધોપયોગ અંદરમાં છે ત્યારે તો એને આસ્રવ બંધ છે નહિ. એક વાત. બીજું રાગના ઉપયોગમાં આવ્યો, પણ દૃષ્ટિ ત્યાં રહી. અનુભવમાં રાગની એકતા નથી તો એને પણ આસ્રવ બંધ નથી. પણ ચારિત્રમોહની અપેક્ષાએ ઉપયોગ ખસીને ત્યાં ગયો એટલો અલ્પ બંધ છે, અલ્પસ્થિતિ એ કેવળજ્ઞાન થઈને એ પણ નાશ પામશે. આહા..હા..! સમજાણું કાંઈ? દૃષ્ટિની અપેક્ષાએ તો શુદ્ધનય થઈ ગઈ અને પર્યાયની અપેક્ષાએ પણ શુદ્ધનયનું પરિણમન થયું. પણ પૂર્ણ શુદ્ધનય નથી. નહિતર નય તો દ્રવ્યને કહે છે અને પર્યાયને કહે છે, પણ પૂર્ણ નથી તો એને પણ શુદ્ધનય કેવળજ્ઞાનમાં પૂર્ણ થઈ જાય છે. છે તો કેવળજ્ઞાન વ્યવહારનયનો વિષય. પર્યાય છેને? સદ્ભૂત વ્યવહારનો વિષય છે એ. શુદ્ધનયનો વિષય નથી. અહીંયાં એ કહેવું છે કે એને અંદર પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ તો એને આ બાજુ વળવાનું રહ્યું નહિ એ અપેક્ષાએ શુદ્ધનય ત્યાં પૂર્ણ થઈ એમ કહેવામાં આવે છે. ભારે વાતું ભાઈ! હવે આમાં સમજ્યા વિના દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો. સમજ્યા વિના પણ શું ચીજ છે? સમ્યગ્દર્શન શું છે? સમ્યગ્જ્ઞાન

શું છે? ચારિત્ર શું છે? આહા..હા..! અંદર ભગવાન બિરાજે છે. તમારા ડ્રાઈવર કહે છે. અંદર ભગવાન બિરાજે છે. ડ્રાઈવર આવ્યા હતા તો બેઠા હતા ઈ કહે કે અંદર ભગવાન છે.

મુમુક્ષુ :- આત્મા?

ઉત્તર :- આત્મા ભગવાન જ છે. એક સમયની પર્યાય દૃષ્ટિ છોડી દે તો ભગવાન ત્રિલોકનાથ પોતે છે. આહા..હા..! છોડીએ કેટલું લખ્યું છે! તમારી છોડીએ લખ્યું આવો છે આત્મા તમે આમ કહો છો. .. અહીં સાંભળ્યું હતું. .. અમારે ઘરે આવવાનું ઓલું નહિ.. એ ક્યાંક વાંચ્યું હતું ત્યાં. આહા..હા..! એ તો સંસાર એવો છે. ઓલી મુકતાબહેન પણ બિચારી કહેતી હતી હોં ભાઈ! વડોદરા. મુક્તાબહેન કુંડલાવાળી. એ બહેનને ઓલું થઈ ગયું એટલે. અમે ગયા હતાને જ્યારે પાલેજ પોર. ત્યારે બધા દૂધ વહોરાવે તો એ પણ દૂધ વહોરાવે. એમ બોલી હતી કાંઈક નહિ? મારી પાસે નથી, બીજા પાસે કહ્યું હતું કે કાંઈ ગુનો અપરાધ થાય એનો અંત હશે હવે? એમ બિચારી (બોલી). એ તો ગૃહસ્થની દીકરી. એ જગજીવનભાઈની દીકરી નહિ? કુંડલાવાળા. મુકતાબહેન અહીં બ્રહ્મચારી. એની પ્રકૃતિ જરી ચોરી કરવાની એવું થઈ ગયું. હવે ત્યાં બિચારી મળી હતી દૂધ વહોરાવ્યું હતું. અરેરે..! પણ હવે ક્યાંય અંત ખરો? અપરાધમાં ક્યાં સુધી? આહા..હા..! .. એ પ્રકાર થઈ જાય, થઈ રહ્યું મુશ્કેલી પડી. રહેવું મુશ્કેલી પડે. આહા..હા..! '**કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે.**'

---

## ગાથા-૧૭૯-૧૮૦

जह पुरिसेणाहारो गहिदो परिणमदि सो अणेयविहं।
मंसवसारुहिरादी भावे उदरग्गिसंजुत्तो।।१७९।।
तह णाणिस्स दु पुव्वं जे बद्धा पच्चया बहुवियप्पं।
बज्झंते कम्मं ते णयपरिहीणा दु ते जीवा।।१८०।।
यथा पुरुषेणाहारो गृहीतः परिणमति सोऽनेकविधम्।
मांसवसारुधिरादीन् भावान् उदराग्निसंयुक्तः।।१७९।।
तथा ज्ञानिनस्तु पूर्वं ये बद्धाः प्रत्यया बहुविकल्पम्।
बध्नन्ति कर्म ते नयपरिहीनास्तु ते जीवाः।।१८०।।

यदा तु शुद्धनयात् परिहीणो भवति ज्ञानी तदा तस्य रागादिसद्भावात्, पूर्वबद्धाः द्रव्यप्रत्ययाः, स्वस्य हेतुत्वहेतुसद्भावे हेतुमद्भावस्यानिवार्यत्वात्, ज्ञानावरणादिभावैः पुद्गलकर्म बन्धं परिणमयन्ति। न चैतदप्रसिद्धं, पुरुषगृहीताहारस्योदराग्निना रसरुधिरमांसादिभावैः परिणामकरणस्य दर्शनात्।

---

હવે આ જ અર્થને દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે :—

પુરુષે ગ્રહેલ આહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે
બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.
ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે
બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.

ગાથાર્થ :— [यथा] જેમ [पुरुषेण] પુરુષ વડે [गृहीतः] ગ્રહાયેલો [आहारः] જે આહાર [सः] તે [उदराग्निसंयुक्तः] ઉદરાગ્નિથી સંયુક્ત થયો થકો [अनेकविधम्] અનેક પ્રકારે [मांसवसारुधिरादीन्] માંસ, વસા, રુધિર આદિ [भावान्] ભાવોરૂપે [परिणमति] પરિણમે છે, [तथा तु] તેમ [ज्ञानिनः] જ્ઞાનીને [पूर्वं बद्धाः] પૂર્વે બંધાયેલા [ये प्रत्ययाः] જે દ્રવ્યાસ્રવો છે [ते] તે [बहुविकल्पम्] બહુ પ્રકારનાં [कर्म] કર્મ [बध्नन्ति] બાંધે છે;—[ते जीवाः] એવા જીવો [नयपरिहीनाः तु] શુદ્ધનયથી ચ્યુત થયેલા છે. (જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય તો તેને કર્મ બંધાય છે).

ટીકા :— જ્યારે જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય ત્યારે તેને રાગાદિભાવોનો સદ્‌ભાવ થવાથી, પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો, પોતાને (-દ્રવ્યપ્રત્યયોને) કર્મબંધના હેતુપણાના હેતુનો સદ્‌ભાવ થતાં હેતુમાન ભાવનું (-કાર્યભાવનું) અનિવાર્યપણું હોવાથી, જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે, અને આ અપ્રસિદ્ધ પણ નથી (અર્થાત્ આનું દૃષ્ટાંત જગતમાં પ્રસિદ્ધ-જાણીતું છે); કારણ કે ઉદરાગ્નિ, પુરુષે ગ્રહેલા આહારને રસ, રુધિર, માંસ આદિ ભાવે પરિણમાવે છે એમ જોવામાં આવે છે.

ભાવાર્થ :— જ્ઞાની શુદ્ધનયથી છૂટે ત્યારે તેને રાગાદિભાવોનો સદ્‌ભાવ થાય છે, રાગાદિભાવોના નિમિત્તે દ્રવ્યાસ્રવો અવશ્ય કર્મબંધનાં કારણ થાય છે અને તેથી કાર્મણવર્ગણા બંધરૂપે પરિણમે છે. ટીકામાં જે એમ કહ્યું છે કે 'દ્રવ્યપ્રત્યયો પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે', તે નિમિત્તથી કહ્યું છે. ત્યાં એમ સમજવું કે 'દ્રવ્યપ્રત્યયો નિમિત્તભૂત થતાં કાર્મણવર્ગણા સ્વયં બંધરૂપે પરિણમે છે.'

## ગાથા-૧૭૯-૧૮૦ ઉપર પ્રવચન

‘હવે આ જ અર્થને દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે :’ જોયું? એ વાત જ અહીંયાં લીધી છે. જે આગળ કહેવા માગતા હતા શાસ્ત્રમાં કુંદકુંદાચાર્ય પોતે. એ જ વાતનો અહીં ખુલાસો કર્યો.

जह पुरिसेणाहारो गहिदो परिणमदि सो अणेयविहं।
मंसवसारुहिरादी भावे उदरग्गिसंजुत्तो।।१७९।।
तह णाणिस्स दु पुव्वं जे बद्धा पच्चया बहुवियप्पं।
बज्झंते कम्मं ते णयपरिहीणा दु ते जीवा।।१८०।।

આમાં ભાઈ નયથી છૂટ્યો એટલે ખરી નય જ ઈ છે એમ કહે છે. વ્યવહારનય એ (નય જ નથી) એમ જોર આપ્યું છે. એક જ નય સાચી. આહા..હા..! ત્રિકાળી વસ્તુને નય એ આવે છે ઘણે ઠેકાણે. ‘णयपरिहीणा’ પાઠ આટલો જ છે. એનો અર્થ કે શુદ્ધ ભગવાન આત્મા ધ્રુવ છે તેને નય કીધી અને પરિણમન તેને નય. એ જ એક નય છે. બાકી વ્યવહારનય એ નય નહિ. એ ઉપચારનય જાણવાલાયક છે. એમ કરીને અહીં જોર આપ્યું છે. આહા..હા..! નયમાં પણ બે પ્રકાર—એક યથાર્થ નય અને એક ઉપચારિક નય. આહા..હા..! નીચે. શું છે શબ્દ?

પુરુષે ગ્રહેલ આહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે
બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.
ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે
બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.

‘णयपरिहीणा’નો અર્થ જ અહીંયાં ગુજરાતીમાં કરી નાખ્યો. ‘શુદ્ધનયપરિચ્યુત બને.’ વાત તો એમ જ છે. વાત જ એનો અર્થ છે. પાઠમાં ‘णयपरिहीणा’ છે. શુદ્ધનયને જ અહીં નય કીધી છે. આહા..હા..!

ટીકા :— છેને ૧૭૯-૧૮૦? ‘જ્યારે જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય...’ જુઓ, એ સમ્યગ્જ્ઞાની આત્મા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ છે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિ છે, પણ ‘ચ્યુત થાય ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ...’ થાય છે. ત્યારે તો તેને રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પની હયાતી છે. આ હયાતી છૂટી ગઈ પૂર્ણાનંદની સત્તા મહા, પૂર્ણ સત્તાની દૃષ્ટિ છૂટી ગઈ, અજ્ઞાનીને એકલી રાગની સત્તા રહી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્યારે જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય...**' અર્થાત્ શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા એની પવિત્ર દૃષ્ટિ જે થઈ હતી એ પવિત્ર દૃષ્ટિથી ખસી ગયો. '**ચ્યુત થાય ત્યારે તેને રાગાદિભાવોનો સદ્‌ભાવ થવાથી,...**' ઓલામાં એમ કહ્યું હતું કે રાગાદિનો સંબંધ પામે છે. કળશમાં. અહીં રાગાદિ સત્તાપણે આવ્યા એમ કહે છે હવે. આમ જે મહાસત્તા ચૈતન્યની શુદ્ધ ધ્રુવ સત્તાનો જ્યાં સ્વીકાર હતો અને વિકલ્પથી પૃથક્ સ્વીકાર હતો એ ત્યાંથી ચ્યુત થયો મહાસત્તાથી, તો રાગની સત્તા થઈ એની દૃષ્ટિમાં. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું, ભાઈ! સમયસાર તો... નિયમસાર, સમયસાર ગજબ વાતું છે! આહા..હા..! કેવળજ્ઞાનીના પેટ ખોલ્યા છે. વસ્તુ વિરહ નથી અહીંયાં અત્યારે. એવી વાત છે. આહા..હા..!

'**જ્યારે જ્ઞાની...**' ધર્મી પોતાનો ચૈતન્ય જ્ઞાયકભાવની દૃષ્ટિ જ્યાં સુધી છે ત્યાં સુધી તો એ ધર્મી, જ્ઞાની ને સમકિતી અને આસ્રવબંધરહિત છે. પણ '**શુદ્ધનયથી ચ્યુત થાય...**' પામેલ પ્રાણી પણ શુદ્ધનયથી ચ્યુત થાય. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેને રાગાદિભાવોનો સદ્‌ભાવ થવાથી,...**' પહેલા એમ કહ્યું હતું કે ધર્મીને રાગની સત્તા છે જ નહિ, રાગભાવ એને છે જ નહિ. પહેલા કહ્યું હતુંને? ધર્મીને રાગભાવ છે જ નહિ. સત્તા છે જ નહિ. એને તો ત્રિકાળી સત્તા જ છે. શું કહ્યું સમજાણું? સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને કે જ્ઞાનીને પૂર્ણ સત્તા એ જ સત્તા છે એની. તો એ સત્તાથી દૃષ્ટિ ખસી ગઈ તો રાગની સત્તા થઈ. આહા..હા..! એ રાગને જ પોતાનો માની અને પોતાને એમાં એકાગ્રતા કરે છે. આહા..હા..! રાગાદિભાવનો સદ્‌ભાવ થાય છે. વિકારની દશાની હયાતી એને થાય છે. આહા..હા..!

માટે '**પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો, પોતાને (-દ્રવ્યપ્રત્યયોને) કર્મબંધના હેતુપણાના હેતુનો સદ્‌ભાવ થતાં હેતુમાન ભાવનું (-કાર્યભાવનું) અનિવાર્યપણું હોવાથી,...**' શું કહ્યું? કે જ્યારે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિથી છૂટી ગયો તો એને રાગાદિભાવની જ હયાતી રહી. તો એ ભાવ '**પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો, પોતાને (-દ્રવ્યપ્રત્યયોને) કર્મબંધના હેતુપણાના હેતુનો...**' કેમકે પૂર્વબદ્ધ દ્રવ્યકર્મ નવા કર્મનો હેતુ હતો એનો હેતુ આ થયો. હેતુનો હેતુ. શું કહ્યું? પૂર્વબદ્ધ જે જડ કર્મ છે એ નવામાં હેતુ છે, પણ જ્યારે એ હેતુમાં જૂના કર્મના હેતુમાં મિથ્યાત્વભાવ હેતુ થયો. આહા..હા..! હેતુપણાના કર્મબંધન. જૂના કર્મ નવામાં હેતુ એનો હેતુ અજ્ઞાનીનો રાગભાવ. કારણ કે એને રાગની હયાતીનો જ સ્વીકાર છે. ચૈતન્ય આનંદકંદ એનો સ્વીકાર છૂટી ગયો અંદરથી. આહા..હા..! એ તો રાગને જ જોવે છે, દોષને જ એકલાને જોવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ જ ચીજ હું છું એમ માને છે, જાણે છે. આહા..હા..! નિર્દોષ ભગવાન ત્રિકાળી આત્મા એમાંથી ખસ્યો અને સદોષની સત્તાથી એને કબુલાત રહી, હયાતી રહી. આહા..હા..!

'**હેતુપણાના હેતુનો સદ્‌ભાવ થતાં હેતુમાન ભાવનું (-કાર્યભાવનું) અનિવાર્યપણું**

**હોવાથી,...'** એને કર્મબંધન થાય એ અનિવાર્ય છે, એને નિવારી શકાય નહિ. આહા..હા..! '**જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે,...**' ભાષા જુઓ, એ અજ્ઞાની નવા '**જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે,...**' પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે એમ કહે છે અહીં. પરિણમાવે છે એટલે? નિમિત્ત થાય છે એમ. એનો અર્થ જ છેને. ભાઈએ પણ નાખ્યું છે ફૂલચંદજીએ ઓલામાં. ભાઈ! પરિણમિત કરાવે એ બધા શબ્દો આવે છે શાસ્ત્રમાં. પણ એનો હેતુ શું છે એ સમજવો જોઈએ કે નહિ? ખાણિયા ચર્ચા. છે એમાં ખબર છે. આમાં છે આ શબ્દ જુઓ, '**જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે,...**' આ તો પાઠ છે એમાં આ નીકળ્યુંને? પરિણમાવે છે. લ્યો '**પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે,...**' એમ કહે છેને? કર્મને બંધરૂપ કરી શકે અજ્ઞાની? પણ એનો અભિપ્રાય જૂઠો છે. રાગની એકતાનો હેતુ જૂના કર્મને હેતુ થઈને જૂનું કર્મ નવાને બાંધે છે એટલે કર્મને પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. પોતાનું શુદ્ધ પરિણમન છૂટીને આને પરિણમાવે એમ કહેવામાં આવે છે. આરેરે..! ભારે ઝીણું ભાઈ! હિન્દી પણ જે છે ઈ આવેને ભાવ, કાંઈ ભાવ બીજા ક્યાંથી આવે?

મુમુક્ષુ :- શબ્દ મ્લેચ્છ છે.

ઉત્તર :- મ્લેચ્છ છે. આહા..હા..!

'**જ્ઞાનાવરણાદિ ભાવે...**' એટલે? જ્ઞાનાવરણીયની પર્યાય છેને એ ભાવ? '**જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે,...**' લ્યો! જ્ઞાનાવરણાદિ પર્યાયથી પુદ્‌ગલકર્મને બંધરૂપ પરિણમાવે છે. '**અને આ અપ્રસિદ્ધ પણ નથી...**' એ વાત કાંઈ પ્રસિદ્ધ નથી એમ નથી, પ્રસિદ્ધ છે. '**(અર્થાત્ આનું દૃષ્ટાંત જગતમાં પ્રસિદ્ધ-જાણીતું છે);...**' સર્વ પ્રાણીને ખબર છે. શું? '**કારણ કે ઉદરાગ્નિ, પુરુષે ગ્રહેલા આહારને રસ, રુધિર, માંસ આદિ ભાવે પરિણમાવે છે...**' મનુષ્ય વડે આહાર ગ્રહણ થયો એ જઠરાગ્નિ દ્વારા. જઠર-જઠર. રસ, લોહી, માંસ. રસ-ચરબી '**આદિ ભાવે પરિણમાવે છે...**' આહા..હા..! કોણ? જઠરાગ્નિ પરિણમાવે છે. એ તો નિમિત્તથી સમજાવવું છે તો એમ સમજાવે છેને. આહારની જઠરાગ્નિ. અંદરની જઠર અગ્નિ એ આહારને રસરૂપે, રુધિર, માસ આદિ રૂપે પરિણમાવે છે. '**એમ જોવામાં આવે છે.**' એક જાતનો ખોરાક લીધો હોય પણ એને એ રૂપે ભિન્ન ભિન્ન રીતે એને માંસ, લોહી, ચરબી, હાડકા, આંતરડા એ રૂપે પરિણમે છે. નાનુ બાળક હોય લ્યો એને .. દરેકમાંથી કોઈ આંતરડા, આંતરડું મોટા થયા હોય, લોહી રૂપે, ચામડારૂપે એ ભિન્ન ભિન્ન પરિણમે. પરિણમે છે તો પોતાથી ત્યારે જઠરાગ્નિ પરિણમાવે એમ કહેવામાં આવે છે. અરેરે..! સમજાય છે કાંઈ? '**એમ જોવામાં આવે છે.**' આચાર્ય એમ કહે છે કે અમને તો દેખાય છે.

'**ભાવાર્થ :— જ્ઞાની શુદ્ધનયથી છૂટે...**' સ્વભાવની દૃષ્ટિથી ભ્રષ્ટ થાય, આનંદનું વેદન છૂટી ગયું. આહા..હા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એની દૃષ્ટિ હતી ત્યાં સુધી તો આનંદનું વેદન હતું. પણ એનાથી ચ્યુત થયો, રાગનો સંબંધ થયો તો આકુળતામાં આવ્યો. '**છૂટે ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય છે,...**' આકુળતાની હયાતી છે એને. ઓહો..હો..! નિરાકુળ, અનાકુળ આનંદસ્વરૂપ ભગવાન એની જ્યાં સુધી દૃષ્ટિ રહી ત્યાં સુધી તો આકુળતા હતી જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? રાગાદિની આકુળતા મિથ્યાત્વ સંબંધીની, અનંતાનુબંધીની હતી જ નહિ. પણ એ આનંદસ્વરૂપ ભગવાનમાંથી ખસી ગયો અને રાગની સાથે સંબંધ કર્યો તો અબંધસ્વભાવની સાથે રાગનો સંબંધ કર્યો. આહા..હા..!

'**રાગાદિભાવોના નિમિત્તે...**' અને એ રાગાદિભાવોના નિમિત્ત '**દ્રવ્યાસ્રવો અવશ્ય કર્મબંધનાં કારણ થાય છે...**' એ રાગાદિ ભાવનું નિમિત્ત જૂના કર્મ જરૂર બંધનું કારણ થાય એમ કહે છે. જૂનું કર્મ નવા કર્મને જરૂર બંધનું કારણ થાય. કેમકે ઓલા રાગાદિ નિમિત્ત છે માટે. આહા..હા..! '**અને તેથી કાર્મણવર્ગણા બંધરૂપે પરિણમે છે.**' લ્યો! કર્મવર્ગણા પોતે બંધરૂપ પર્યાયરૂપ પરિણમે છે. હવે એનો અર્થ કરશે જરી. લાંબુ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૯, રવિવાર, તા. ૧૧-૦૨-૧૯૭૩**
**ગાથા-૧૭૯-૧૮૦, કળશ-૧૨૨-૧૨૩, પ્રવચન-૩૧૨**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

ભાવાર્થ ચાલે છે ભાવાર્થ. ૧૨૧ કળશનો ભાવાર્થ ચાલે છે. છેને? ૧૨૧ કળશ છેને? ટીકાનો ભાવાર્થ ચાલે છે. ટીકાનો, ૧૭૯-૧૮૦ ટીકા.

'**ભાવાર્થ :— જ્ઞાની શુદ્ધનયથી છૂટે ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય છે,...**' આ કાલે આવ્યું હતું. ફરીથી. જ્ઞાની કોને કહે છે? કે જેને આત્માનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ ખીલી ગયો છે. રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિ... સમજાણું કાંઈ? રાગનો વિકલ્પ અને સ્વભાવ ત્રિકાળ એની એકતાબુદ્ધિનો નાશ થઈ ગયો છે. રાગ ભિન્ન રહી ગયો

છે, ચૈતન્ય ભિન્ન રહ્યો છે. એવી જ્યારે દૃષ્ટિ થાય ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ અથવા જ્ઞાની કહેવામાં આવે છે. જ્ઞાનીને રાગભાવ શુભ હોય કે અશુભ હોય એ દુઃખરૂપ જણાય છે અને આત્માનો સ્વભાવ આનંદ જણાય છે.

મુમુક્ષુ :- બે પ્રતિપક્ષી છે.

ઉત્તર :- પ્રતિપક્ષી છે. એકમાં સુખ અને એકમાં દુઃખ. જે આત્મા છે એમાં અતીન્દ્રિય આનંદ છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદીલો સમ્યગ્દૃષ્ટિને પોતાના આનંદના સ્વાદ આગળ રાગનું દુઃખ અને અસ્વાદિષ્ટ અને આકુળતા લાગે છે. એવું ભેદજ્ઞાન થાય એનું નામ જ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાની...**' શુદ્ધનય નામ આત્માના આનંદની રુચિ અને પરિણમન હતું એ ચ્યુત થયું અને રાગની આકુળતામાં એકતા થઈ. અનાકુળ આનંદસ્વભાવ દૃષ્ટિમાંથી છૂટી ગયો અને આકુળતા જે રાગ છે શુભ કે અશુભ એ આકુળતાની સત્તા એની દૃષ્ટિમાં દેખાય છે. આકુળતા એને લાગતી નથી, પણ આકુળતાની સત્તામાં દૃષ્ટિ છે એની. આહા..હા..! '**ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય છે,...**' સમ્યગ્દૃષ્ટિને તો ત્રિકાળી શુદ્ધ આનંદકંદની સત્તાનો સદ્ભાવ હોય છે દૃષ્ટિમાં. કહો, સમજાણું કાંઈ?

ધર્મી જીવને, ધર્મી કહો કે જ્ઞાની કહો, પણ કોઈ પાછા એમ કહે કે ધર્મી અને જ્ઞાની તો કોઈ બહુ જ્ઞાન હશે એને જ્ઞાની કહેવામાં આવે. એમ નથી. ધર્મી કહો, જ્ઞાની કહો, સમ્યગ્દૃષ્ટિ કહો કે સુખના પંથે પડ્યા પ્રાણી આત્માર્થી કહો. સમજાણું કાંઈ? એ શુદ્ધનયથી જો ચ્યુત થાય, પોતાની આનંદની રુચિથી છૂટી ગયો અને રાગની રુચિમાં આવ્યો '**ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય છે,...**' તો એને રાગ અને પુણ્યાદિનો ભાવ જ છે. પોતાની શ્રદ્ધાનો વિષય એ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ખુલાસો. જયચંદ્ર પંડિતે પણ એ વખતે (કેટલું સ્પષ્ટ કર્યું છે). પાઠમાં હતુંને એ? ટીકામાં હતું. '**હેતુપણાના હેતુનો સદ્ભાવ થતાં...**'

મુમુક્ષુ :- સદ્ભાવ કહ્યો.

ઉત્તર :- હા, સદ્ભાવ ત્યાં લીધો છે. આહા..હા..! શું કહે છે સમજાય છે? કે સમ્યગ્દર્શનમાં પ્રથમ ધર્મની શરૂઆતમાં, આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એની અંતરદૃષ્ટિ આનંદમય છે એમ અનુભવમાં આવે છે. ત્યારે જ્ઞાનીને રાગભાવ એ દુઃખરૂપ, આકુળતા 'રાગ આગ દાહ દહે' રાગરૂપી આગ ત્યાં અગ્નિ છે એ દાહ છે એવું જ્ઞાનીને લાગે છે. એ જ્ઞાનીની દૃષ્ટિ જ્યારે ફરી ગઈ, રાગનો સદ્ભાવ આકુળતાનો સદ્ભાવ, એને આકુળતાની ખબર નથી, પણ આકુળતાની હયાતી એની પાસે છે. આહા..હા..! ચેતનજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠીક લાગે છે. હા મીઠો કહો ઠીક. મીઠો એટલે આમ નહિ, પણ ઠીક લાગે છે એમ કહો. શુભરાગ ઠીક લાગે છે. એમાં કાંઈ અઠીકપણું ભાસતું નથી. સમજાય છે કાંઈ? તેથી આચાર્યે સદ્‌ભાવ છે એમ કહ્યું છે. આહા..હા..! ધર્મીની દૃષ્ટિમાં આનંદકંદ પ્રભુનો સદ્‌ભાવ છે. અને ભ્રષ્ટ થયો તો એની દૃષ્ટિમાં રાગનો જ સદ્‌ભાવ છે, કષાયનો સદ્‌ભાવ છે. રાગ કહો, કષાય કહો. કશ એટલે સંસાર અને આય એટલે લાભ. સંસારના લાભવાળો રાગ એની હયાતી અજ્ઞાનીને છે. શેઠ! આહા..હા..! લક્ષ્મીથી ચ્યુત થયો તો નિર્ધન થઈ ગયો. આ લક્ષ્મી. બીજી કઈ લક્ષ્મી? તમારી લક્ષ્મીને અહીં કોણ ગણે છે? આહા..હા..! કળશ તો ભારે છે.

રાગાદિભાવના નિમિત્તથી જ્યારે રાગની રુચિ થઈ ત્યારે '**રાગાદિભાવોના નિમિત્તે દ્રવ્યાસ્રવો અવશ્ય કર્મબંધનાં કારણ થાય છે...**' શું એ કહ્યું? કે જૂના જડ કર્મ જે દ્રવ્યાસ્રવ પડ્યા છે જૂના કર્મ એ કર્મબંધનું કારણ થાય છે. જ્યારે રાગની રુચિ થઈ, મિથ્યાત્વ થયું ત્યારે જૂના કર્મ નવા બંધનું કારણ થાય છે. જ્યારે મિથ્યાત્વ નહોતું તો જૂના કર્મ બંધનું કારણ થતા નથી. આહા..હા..! આ તો અંતરનો માર્ગ છે ભાઈ! આ કોઈ પંડિતાઈની બહારની ચીજ નથી આ તો. પંડિત તો કહ્યું. સવારમાં આવ્યું હતું? પંડિત.

મુમુક્ષુ :- ... વિચાર કરવાની બુદ્ધિ જેને હોય.

ઉત્તર :- અને પંડિત એને જ કહ્યા, સમ્યગ્દૃષ્ટિને જ પંડિત કહે છે બસ. આહા..હા..! અને રાગની રુચિવાળો અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો હોય તોપણ એ અજ્ઞાની છે. આહા..હા..! પંડિત નથી. નવ પૂર્વ કોને કહે. આહા..હા..! હાથી ઊભો હોય હાથી. એટલી રોશનાઈ સમજ્યા? શાહી. એટલી શાહીથી કલમથી લખતા-લખતા પૂરું લખાય નહિ એટલી-એટલી શાહી એનું નામ નવ પૂર્વની વિદ્યા છે. પણ એ અજ્ઞાન છે. આહા..હા..! રાગની રુચિ થઈ તો બધું જ્ઞાન અજ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? ભણેલું બધું અજ્ઞાન થઈ ગયું. આહા..હા..!

મુમુક્ષુ :- થોડી ભૂલ.

ઉત્તર :- થોડી ભૂલ નહિ, દરબારના ઘરમાં પેઠો હતો. દાખલો નહોતો દીધો ભાવનગર દરબારનો. ભાવનગર દરબાર હતાને ત્યારે તખ્તસિંહજી હતા. આ અત્યારે કૃષ્ણકુમાર એ ગુજરી ગયા. એના પિતા ભાવસિંહ હતા અને એના પિતા તખ્તસિંહ. અમે તો નાની ઉંમરથી... અમારું ગામ તો ઉમરાળા છેને. તો એ ભાવનગરના તાબે હતુંને. તો અમે તો નાની ઉંમરથી એને ઓળખતા. એક વાણિયો હતો. મોટો ગઢ હતો. ગઢ મોટો હોયને દરબારને? અને દરવાજા ઉપર આરબ બેસતા હતા આરબ. આરબોની ચોકી. ઓલા શું કહેવાય? કાવા. ગુંદનો કાવો પીવે અને આખી રાત જાગે. આખી રાગ જાગે. પણ એવો ચોર એક મળ્યો. વાણિયો

હતો મોઢ. ગઢની જેટલી ઊંચી એક નીસરણી લઈ આવ્યો ઘરેથી. નીસરણી સમજ્યા? દરવાજામાં આરબ બેઠા હતા આરબ. એ પીતા હતા. ગુંદનો કાવો. નીસરણી ઉપર ચડી અંદર મૂકી. નીચે ઉતર્યો. તો તખ્તસિંહજી જ્યાં સૂતા હતા તખ્તસિંહજી દરબાર, ત્યાં પેઠો. એની સોનાની ઘડિયાળ. એ તો રાજા, દરબાર. ૨૫ લાખ તો એ વખતે ઉપજ હતી. અત્યારે તો હવે કરોડની. તો સોનાની ઘડિયાળ ઉપાડી. લઈને નીચે ઉતરી ગયો. વળી મન થયું કે લાવને બીજી લઈ આવું. પાછો બીજો લેવા ગયો. એ ઉપર ચડીને ગયો. અંદર જ્યાં ગયો ત્યાં દરબાર જાગી ગયા. બીજી વાર જ્યાં ગયો તો દરબાર જાગી ગયા. એ લોકો દરબાર ખરાને. તો તલવાર તો ઉઘાડી પડી હોય આમ. ભીંત આગળ. ઉપાડી તલવાર. .. મહારાજ! દરબાર સૂતા છીએ અમે ત્યાં ઘરમાં પેઠો? આ નાની ચોરી નથી. પણ એની રાણી હતી રાખેલી. રખાત હતી એક મુસલમાન હતી. આ તો રજપૂત રાજા મુસલમાન રખાત હતી એ સૂતી હતી. એણે હાથ જાલ્યો. આહા..હા..! એ ગરીબ માણસ છે, ગરીબ માણસ છે. જતું કરો. .. રાજાને શું? નાનો ગુનેગાર છે આ? જ્યાં સૂતા છીએ ત્યાં ચોરી કરે અને એકવાર ચોરી ગયો અને બીજીવાર આવ્યો છે આ તો શું છે? આ નાની ચોરી નથી. એમ અનંત આનંદનો દરબાર ભર્યો છે આત્મામાં એની લૂંટ કરે છે કે એ નહિ, હું તો રાગ છું. મોટી ચોરી કરે છે. એ આવ્યું છે? ભાઈ આવ્યું છેને સર્વવિશુદ્ધ અધિકારમાં. મોક્ષ અધિકારમાં. ચોર છે ચોર. સ્વરૂપ આનંદમૂર્તિ, જ્ઞાયકમૂર્તિ ભગવાન એની સત્તાનો સ્વીકાર છોડીને એક રાગ વિકલ્પ છે એની સત્તાનો સ્વીકાર ચોર છે, ગુનેગાર છે. દરબારના ઘરમાં ગુનેગાર પેઠો છે. કાકડીનો ચોર શું કહે છે? એમ નથી. કાકડીના ચોરને કટાર મારીએ એમ નથી. આહા..હા..!

કહે છે કે એ '**કર્મબંધનાં કારણ થાય છે અને તેથી કાર્મણવર્ગણા બંધરૂપે પરિણમે છે.**' શું કહે છે? જ્યારે રાગની પ્રેમ-રુચિ થઈ. પ્રેમનો અર્થ રુચિ છે ભાઈ! પંડિતજી! એણે પૂછયું હતું કે પ્રેમ એટલે શું? આત્માનો પ્રેમ શું? આત્માના પ્રેમનો અર્થ આત્માના સ્વભાવની એકાગ્રતા, એકત્વબુદ્ધિ. એ છૂટી ગઈ અને રાગની રુચિ, રાગ દુઃખરૂપ ન લાગ્યો, ઠીક લાગ્યો. મિથ્યાદૃષ્ટિ થઈ. તો એ મિથ્યાત્વના ભાવમાં જૂના કર્મ નવા બંધમાં કારણ થાય છે. લ્યો આ મિથ્યાત્વ થયું તો. કહો, સમજાણું કાંઈ?

'**ટીકામાં જે એમ કહ્યું છે કે 'દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે',...**' એમ આવ્યુંને? પરિણમાવે છે. દ્રવ્યપ્રત્યયો એટલે જૂના કર્મ '**પુદ્ગલકર્મને બંધરૂપે પરિણાવે છે,...**' જૂના કર્મ નવા કર્મને બાંધે છે, પરિણમાવે છે એમ આવ્યું હતું. તો એનો એવો અર્થ ન કરવો. '**તે નિમિત્તથી કહ્યું છે.**' જૂના કર્મમાં રાગની રુચિવંત મિથ્યાદૃષ્ટિ નિમિત્ત પડ્યો. તો એ કારણે નિમિત્ત કહે છે તો નિમિત્તથી પરિણમાવે છે એમ કહેવામાં આવ્યું. '**ત્યાં એમ સમજવું કે 'દ્રવ્યપ્રત્યયો નિમિત્તભૂત થતાં કાર્મણવર્ગણા સ્વયં બંધરૂપે**

પરિણમે છે.'' નવા કર્મ પણ પોતાથી બંધાય છે. જૂના કર્મને કારણે નવા બંધ થાય છે એમ પણ નથી. આહા..હા..!

## શ્લોક-૧૨૨

(अनुष्टुभ्)

इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्यागाद्बन्ध एव हि।।१२२।।

હવે આ સર્વ કથનના તાત્પર્યરૂપ શ્લોક કહે છે :—

શ્લોકાર્થ :— **[अत्र]** અહીં **[इदम् एव तात्पर्यं]** આ જ તાત્પર્ય છે કે **[शुद्धनयः न हि हेयः]** શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી; **[हि]** કારણ કે **[तत्-अत्यागात् बन्धः नास्ति]** તેના અત્યાગથી (કર્મનો) બંધ થતો નથી અને **[तत्-त्यागात् बन्धः एव]** તેના ત્યાગથી બંધ જ થાય છે. ૧૨૨.

---

## કળશ-૧૨૨ ઉપર પ્રવચન

'**હવે આ સર્વ કથનના તાત્પર્યરૂપ શ્લોક કહે છે :...**' આખા સમયસારનો, બધા ચૌદ પૂર્વ, બાર અંગનો સાર આ છે.

(अनुष्टुभ्)

इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्यागाद्बन्ध एव हि।।१२२।।

આહા..હા..! બહુ ટૂંકું! '**અહીં આ જ તાત્પર્ય છે...**' તાત્પર્ય નામ રહસ્ય. સમજાણું કાંઈ? પુદ્ગલ ચૈતન્યની વચ્ચે કે આસ્રવ-અણાસ્રવ સ્વભાવની વચ્ચે એ તાત્પર્ય છે, રહસ્ય. '**શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી;...**' આહા..હા.! પોતાનો શુદ્ધ સ્વભાવનો આશ્રય, અનુભવ ત્યાગવા યોગ્ય નથી. શુદ્ધનયનો અર્થ ત્રણ. એ શુદ્ધનય, એનો વિષય દ્રવ્ય અથવા દ્રવ્ય એ જ શુદ્ધનય અથવા એ પરમાત્મા પોતે આત્મા શુદ્ધાત્મા એ જ શુદ્ધનય. શુદ્ધનય આત્મા,

પરમાત્મા એ બધું એકાર્થમાં છે. શુદ્ધાત્મા દૃષ્ટિમાંથી છોડવાયોગ્ય નથી. પોતાનો નિજ પરમાત્મા દૃષ્ટિમાંથી ત્યાગવા યોગ્ય નથી અથવા શુદ્ધનયનો વિષય જે ત્રિકાળી દ્રવ્ય એનું ધ્યેય છોડવાલાયક નથી. સમજાણું કાંઈ? બહુ ટૂંકું.

**'શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી;...'** પોતાનો ત્રિકાળી પરમાત્મા એનો જે આશ્રય થયો, એની દૃષ્ટિ થઈ એ છોડવાલાયક નથી. **'કારણ કે તેના અત્યાગથી (કર્મનો) બંધ થતો નથી...'** જેને શુદ્ધ આત્મા પવિત્ર આનંદસ્વરૂપ એની દૃષ્ટિમાં પરમાત્માનો અનુભવ થયો એને બંધ નથી થતો. શુદ્ધ અનુભવના અત્યાગથી અથવા શુદ્ધ અનુભવના આનંદથી નવો કર્મ બંધ થતો નથી. શું કહ્યું સમજાણું? અનાકુળ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એવી અનંત આનંદની મહા પેટી, જેની તિજોરી ખુલી ગઈ. સ્વભાવની એકતા કરીને રાગની એકતા તૂટી ગઈ. એવો ભગવાન આત્માનો આશ્રય કર્યો છે એ આશ્રય છોડવાલાયક નથી. અને આશ્રય છોડીને વ્યવહારનો આશ્રય કરવાલાયક નથી એમ કહે છે. આહા..હા..! ઝઘડા મોટા વ્યવહાર અને નિશ્ચયના.

મુમુક્ષુ :- ભ્રમ છે અનાદિનો.

ઉત્તર :- અનાદિનો ભ્રમ થઈ ગયો. દૃષ્ટિ ખુલી હતી એ પાછો ભ્રમમાં આવી ગયો. એની વાત કીધી છેને. આહા..હા..!

તો કહે છે કે શુદ્ધ ચૈતન્યસ્વભાવ અતીન્દ્રિય આનંદનો વિશાળ સમુદ્ર ભગવાન આત્મા એવા આત્માની દૃષ્ટિનો અનુભવ છોડવા લાયક નથી, ત્યાગવા લાયક નથી. એવો બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર છે. સમજાણું કાંઈ? **'કારણ કે તેના અત્યાગથી (કર્મનો) બંધ થતો નથી...'** શુદ્ધ ચૈતન્ય જ્યાં સુધી દૃષ્ટિમાં રહ્યો અને શુદ્ધનો અનુભવ જ્યાં સુધી રહ્યો ત્યાં સુધી કર્મબંધ થતો નથી. સમયસાર નાટકમાં દાખલો આપ્યો છે નાગનો-સર્પનો. જ્યાં સુધી દર્શનમોહનો ઉદય નથી એટલે સમ્યગ્દર્શન છે ત્યાં સુધી કર્મ, સર્પને જેમ ઠંડુ પાણી નાખીને ઠારે એમ પડ્યો છે. સર્પ-સર્પ. પાણી નાખે. કહ્યું હતુંને અમારે એકવાર.

મુમુક્ષુ :- ... છે.

ઉત્તર :- .. નાખ્યો છે, ઠાર્યો ત્યાં. અમારે ત્યાં પાલેજમાં દુકાનમાં એમ થયું હતું. દુકાનની પાછળ... તે દિ' તો સાધારણ દુકાન હતીને. અત્યારે તો મોટી થઈ ગઈ છે. તે દિ' પાછળ એક હતો ભાગ એમાં. પચાસ પેટી હતી માલની. એમાં સર્પ નાગ મોટો. નીચે નાગ મોટો. પેટી ઉંચી થાય નહિ અને નાગ નીચેથી નીકળે નહિ. એવો માલ પડ્યો પેટીમાં. માલ. પછી ઠંડુ પાણી, ઠંડું પાણી સર્પને નાખ્યું. બહુ ઠંડું. એટલે ઠરી ગયો. હલે નહિ. પછી પકડી લીધો સાણસેથી. નહિતર પેટી હલે તો ફુંકારા મારે એવો મોટો નાગ હતો. હલે નહિ અને હલે જોડે ઉભા ઉભા હલાવાય એ તો કાંઈ .. માલ કાઢવા જાય તો ઓલો ફૂ-ફૂ કરતો. પછી

એ લોકોએ કહ્યું કે પાણી છાંટો. પાણી સમજો છો? ઠંડુ પાણી. ઠરી ગયો. ઠરી ગયો એટલે હલી ન શકે ત્યાં પેટી લઈ લીધી અને માલ લઈ લીધો. પકડ્યો પછી. એમ ઈ દાખલો આપ્યો છે સમયસાર નાટકમાં. જ્યાં સુધી આત્માની દૃષ્ટિ શુદ્ધની છે ત્યાં સુધી ચારિત્રમોહનો ઉદય, નાગની ઉપર જેમ ઠંડુ પાણી નાખીને પડ્યો છે. અને જ્યાં મિથ્યાદૃષ્ટિ થયો, રાગની રુચિ થઈ ચારિત્રમોહ જાગ્યો છે અંદરથી. સમયસાર નાટકમાં છે.

'**જેતે જીવ પંડિત ખયોપસમી ઉપસમી, તિન્હકી અવસ્થા જ્યૌં લુહારકી સંડાસી હૈ.**' **ખિન આગમાંહિ ખિન પાનીમાંહિ...**' એમ લીધું છે અહીં હોં. નહિતર ક્ષયોપશમ સમકિત કાંઈ પડી જાય એવું કાંઈ નહિ. .. પણ એક અપેક્ષાથી વાત કરી. એ ચર્ચા થઈ ગઈ છે. '**ખિન આગમાંહિ ખિન પાનીમાંહિ...**' સાણસી અગ્નિ નાખે, પાણીમાં નાખે, અગ્નિમાં નાકે. '**ખિનમૈં મિથ્યાત ખિન ગ્યાનકલા ભાસી હૈ.**' ખીનમાં રાગની રુચિમાં મિથ્યાત્વ થઈ જાય છે. '**જૌલૌં ગ્યાન રહૈં તૌલૌં સિથિલ ચરન મોહ,...**' જ્યાં સુધી સમ્યગ્જ્ઞાન રહે તો '**સિથિલ ચરન મોહ,...**' પૂર્વનો ચારિત્રમોહ શિથિલ થઈ જાય શિથિલ. '**જૈસૈં કીલે નાગકી સકતિ ગતિ નાસી હૈ.**' લ્યો! છે? શક્તિ ગતિ '**મંત્રથી બાંધેલ સાપની જેમ શિથિલ રહે છે અને જ્યારે મિથ્યાત્વરસ આપે છે ત્યારે મંત્રના બંધનથી મુક્ત સાપની પ્રગટ થયેલી શક્તિ અને ગતિની જેમ અનંત કર્મોના બંધ વધારે છે.**' આહા..હા..! છે? '**જૈસૈં કીલે નાગકી સકતિ ગતિ નાસી હૈ. આવત મિથ્યાત જબ નાનારૂપ બંધ કરૈ, જ્યૌં ઉકીલૈ નાગકી સકતિ પરગાસી હૈ.**' નાગ ઉઠ્યો અને જાગ્યો ફુંફાડા મારે. એમ મિથ્યાત્વ થયું ચારિત્રમોહ ફુંફાડા મારે છે. એને બંધ થાય છે. બનારસીદાસે દૃષ્ટાંત આપ્યું છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે શુદ્ધનય ભગવાન આત્મા આનંદસ્વરૂપ પવિત્ર પૂર્ણ એની દૃષ્ટિ, એની શ્રદ્ધા, એનો આશ્રય, એનું અવલંબન છોડવાલાયક નથી. વ્યવહારનું અવલંબન કરવાલાયક નથી, વ્યવહારનો આશ્રય કરવાલાયક નથી. ત્યાં સુધી તો કર્મનો બંધ નથી થતો. એના ત્યાગથી બંધ થાય છે. ટૂંકું લીધું. શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ ન રહી. અને શુદ્ધ ચૈતન્યનો ત્યાગ દૃષ્ટિમાં થયો તો એના ત્યાગથી બંધ જ થાય છે. બસ, એક જ વાત ટૂંકી. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાત્માનું જ્યાં સુધી શરણ રહ્યું ત્યાં સુધી કર્મનો બંધ થતો નથી. પોતાનો પરમાત્મા હોં. એનું શરણ રહ્યું, આશ્રય રહ્યો (ત્યાં સુધી) ચારિત્રમોહનો ઉદય બંધ નથી કરતો. પણ જ્યારે એનો ત્યાગ થયો. જુઓ, ભાષા એવી લીધી. કર્મના ઉદયથી બંધ પડે છે એમ નથી. એના ત્યાગથી, શુદ્ધનયના આશ્રયનો ત્યાગ થયો અને વ્યવહારના રાગની રુચિ અને આશ્રય થયો તો બંધ જ થાય છે. બસ. કર્મને કારણે એવું તો એમાં લીધું જ નથી. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્યસ્વભાવ, પરમ શુદ્ધ આનંદસ્વરૂપ જેની સત્તામાં પૂર્ણ આનંદ જ પડ્યો

છે. એનો આશ્રય જ્યાં સુધી છે ત્યાં સુધી ચારિત્રમોહનો બંધ થતો જ નથી અને જ્યારે એ દૃષ્ટિ પલટી ગઈ, બસ અંદરમાંથી ગુલાંટ, પડખું ફેરવી નાખ્યું. પોતાના ત્રિકાળ સ્વભાવના પડખે દૃષ્ટિ હતી એ રાગના પડખે થઈ ગયો. પડખે સમજો છો? બાજુમાં. રાગ બાજુ થઈ ગયો. જે સ્વભાવ બાજુ હતો એ રાગને પડખે થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકું. હિન્દીમાં એનો શ્લોક છે આ.

यह निचोर या ग्रंथकौ, यहै परम रसपोख।
तजै सुद्धनय बंध है, गहै सुद्धनय मोख।।१३।।

એનું હિન્દી છે. સમજાણું કાંઈ? આ તો ઘણા વર્ષથી ચાલે છે સમયસાર નાટક. ૭૮માં જોયું. સમયસાર નાટક ૭૮માં (જોયું). આ સમયસાર ૭૮માં, બધા ૭૮માં. ૫૧ વર્ષ થયા. પોપટભાઈ! અહીં તો દુકાન ઉપર પણ એ જ ધંધો હતો. નિવૃત્તિ મળે તો ઈ વાંચતા હતા. પણ એ વખતે આ નહોતું હોં. શ્વેતાંબર શાસ્ત્રો. આચારાંગ, સૂયગડાંગ, દસ વૈકાલિક, ઉત્તરાધ્યન, અધ્યાત્મ કલ્પદ્રુમ, કબીરની વાણી. એ ત્યાં ભેટ આવતું હતુંને પુસ્તક. ભેટમાં આવતું હતું. વાડીલાલ મોતીલાલ તરફથી. અમદાવાદ. જૈન સમચાર. પત્ર મગાવતા હતા દુકાને નાની ઉંમરમાં. આપણે .. આપણે મગાવતા અને વાંચીએ. ભેટમાં આવ્યું હતું. આહા..હા..! આ વાણી બીજી.

સમયસાર જ્યાં હાથમાં આવ્યું. ઓ..હો..! જે ચીજ છે એ બધી આમાં છે. અશરીરી શાસ્ત્ર છે આ. શરીરરહિત થવું હોય તો આ છે. કહો, મૂળચંદભાઈ! અંતરમાં એ સમયસારનો અર્થ આત્મા હોં અહીંયાં. આહા..હા..! શુદ્ધ આત્મા, રાગરહિત વિકલ્પ રહિત, કર્મરહિત, શરીરરહિત, શરીરરહિત-અશરીરી, રાગરહિત-અરાગી એક સમયની પર્યાય પણ જેમાં નથી એવો દ્રવ્યસ્વભાવ. એનો જેને આશ્રય થયો એ સમયસાર મળ્યું. એને સમયસાર મળ્યું. પુસ્તક નહિ હોં, આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં સુધી એનો ત્યાગ નથી ત્યાં સુધી એને બંધ નથી. આહા..હા..! એના ત્યાગથી બંધ થાય છે એમ કહ્યું. કર્મનો ઉદય આવ્યો માટે ત્યાગ કરે છે એમ નથી. દૃષ્ટિમાં સ્વભાવની દૃષ્ટિ ફરી ગઈ. ચૈતન્ય ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એનો અંતર પક્ષ છૂટી ગયો અને રાગનો પક્ષ થઈ ગયો. બસ! ત્યારથી બંધ શરૂ થાય છે. સમજાણું કાંઈ? ચાહે તો અગિયાર અંગ, નવ પૂર્વ (ભણેલો હોય). મિથ્યાદૃષ્ટિને નવ પૂર્વ હોય, ચૌદ પૂર્વ નથી હોતા. દસ પૂર્વ સમકિતીને હોય છે. સમજાણું કાંઈ? બહુ શ્લોક સારો. મધ્યમાં મંગળિક. આદિમાં મંગળિક નમઃ સમયસારાય. ભાઈ! આદિમાં. મધ્યમાં મંગળિક આ. સંવર શરૂ કરવાનો છેને. છેલ્લે મંગળિક. એ અનાદિની ક્રિયામાં રોકાણો, ... મંગળિક. આહા..હા..!

અમૃતચંદ્રાચાર્ય. તીર્થંકર જેવું કામ કુંદકુંદાચાર્યે કર્યું પંચમ આરાની અપેક્ષાએ, આમણે ગણધર

જેવું કામ કર્યું. ઓહો..હો..! જ્યારે નવસો વર્ષ પહેલા બિરાજતા હશે. આહા..હા..! એ હાથમાં કમંડળ અને એક પીંછી... ધન્ય અવતાર! આમ જાતા હશે સડક ઉપર. આહા..હા..! ચાલતા સિદ્ધ. કહે છે કે શાસ્ત્રનું તાત્પર્ય-રહસ્ય તો આ છે. શાસ્ત્રનું મર્મ, રહસ્ય, તાત્પર્ય. આ તો આત્મખ્યાતિ ટીકા છેને. પ્રવચનસારની તાત્પર્યવૃત્તિ, ... આહા..હા..! કહે છે કે રહસ્ય તો એ છે પ્રભુ! તારી પ્રભુતાનો જ્યાં સુધી આશ્રય રહ્યો અને અનુભવમાં આનંદની ધારા આનંદને આશ્રયે રહી ત્યાં સુધી તેને બંધ નથી. કલુષિતતા જ્યાં રહી જ નથી. આહા..હા..! ક્લેશભાવ રહ્યો નથી, આનંદભાવ રહ્યો. અને જ્યારે એની દૃષ્ટિ છૂટી ગઈ તો ક્લેશભાવ રહ્યો.

મુમુક્ષુ :- મોહરાજા

ઉત્તર :- એ પોતાની દૃષ્ટિથી .. મોહરાજા તો .. કહો, સમજાણું કાંઈ? દૃષ્ટિ પર ઉપર ગઈ અને પોતાથી ખસી ગયો તો બંધન (થયું). લ્યો!

**'તેના ત્યાગથી બંધ જ થાય છે.'** આ વાત કરી છે. પછી ક્રિયા ભલે કરતો હોય કહે છે પંચ મહાવ્રતની. પંચ મહાવ્રતની હોય, નગ્નપણું હોય, જંગલમાં હોય, વનવાસમાં હોય. બધો વ્યવહાર. આહા..હા..! પણ જેને રાગનો પ્રેમ અને રાગની રુચિ થઈ એ ગમે તે જંગલમાં વસતો હોય પણ એ પોતે કર્મના બંધનને જ કરે છે. આહા..હા..! અને ગૃહસ્થાશ્રમમાં રહેલો, હજારો રાણીના મધ્યમાં પડ્યો.. ઉદાસ... ઉદાસ... ઉદાસ... વિકલ્પથી ઉદાસ, નિમિત્તથી ઉદાસ, સ્વભાવમાં અસ્તિમાં સત્તામાં પડ્યો છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

સોગાનીએ લખ્યુંને એક ઠેકાણે કે અમે તો અંદરમાં ધ્રુવમાં પલોઠી વાળીને બેસી જઈએ છીએ. આવે છેને. પલોઠી એટલે શું? એમાં દૃષ્ટિ કરીને એકાગ્ર થઈને અમે તો બેસી જઈએ છીએ. આહા..હા..! ઉદાસીનનો અર્થ શું? ઉત્ આસીન. ત્યાંથી આસન છૂટી ગયું. પર્યાય, રાગથી આસન છૂટી ગયું. અને લગાવી દીધું આસન (ધ્રુવમાં). સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો બે લીટી છે. બે લીટીનો અર્થ બે પંક્તિ. બે પંક્તિ છેને? આહા..હા..! સ્વરૂપચંદભાઈ! વધુ આવ્યું. આહા..હા..!

જગત પિતા જ્યાં નજરે પડ્યો એને હવે બંધન શા? અને પર્યાયને રાગને વશ પડ્યો એને હવે ધર્મ શા? સમજાય છે કાંઈ? 'જ્ઞાન કલા જિસકે ઘટ જાગી તે જગ માંહી સહજ વૈરાગી.' કૃત્રિમ વૈરાગ્ય ન હોય, એનો વૈરાગ્ય સહજ હોય.

જ્ઞાન કલા રે જિસકે ઘટ જાગી, તે જગ માંહી સહજ વૈરાગી,
જ્ઞાની મગન વિષય સુખ માંહી, યહ વિપરીત સંભવે નાંહી.

આહા..હા..! છન્નું હજાર સ્ત્રી પદમણી જેવી એના સંગમાં દેખાય પણ ક્યાંય સુખબુદ્ધિ ઊડી ગઈ છે બધી. આહા..હા..! બુદ્ધિના ઠેકાણા રહ્યા છે સુખમાં. બીજેથી બુદ્ધિ ઉઠી ગઈ છે. ઉદાસ... ઉદાસ... છ ખંડના રાજમાં લોકો કહે કે છ ખંડ સાધે છે. સોગાની કહે

કે એ અખંડ સાધે છે. નથી આવ્યું? આવે છેને એમાં? એને ક્યાં ઉપદેશ કરવો છે જગત પાસે? એ વાત આવી નીકળી ગઈ થોડી. સાધારણ માણસને સહન ન થઈ. એને ક્યાં ઉપદેશ કરીને બહારમાં પડવું હતું કાંઈ? કોઈ બેઠા હતા તો વાત નીકળી તો નીકળી જે અંદર હતી ઈ. ઉપદેશકને તો સભામાં વિચાર કરવો પડે થોડો. આહા..હા..! શું કહે છેને કાંઈક? દબી જીભે.. શું કહેવાય છે નહિ તમારે હિન્દીમાં કાંઈક? દબી જુબાન. દબી જુબાનનો શું અર્થ? આ તમારી ભાષા તમને કહીએ છીએ. વિચારીને એમ જરી... દબી જબાન કહે છેને? અહીંયાં તો કહે દબી જબાન કાંઈ નથી. જે છે એ નીકળી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે અહો..! જેની શુદ્ધ ધામમાં દૃષ્ટિ પડી છે અને જે અંતર આનંદનો ઘુંટડો પીવે છે. શેરડીનો દાખલો આપ્યો છેને ભાઈ! શેરડી-શેરડી. સોગાની. અંદર આનંદના અનુભવમાં જઈએ ત્યારે ઘટક-ઘટક જેમ શેરડીનો રસ પીવે એમ થાય છે. બહાર નીકળવું ... એય..! જયંતિભાઈ! વાંચ્યું છે કે નહિ? મનસુખભાઈ સાથે? ઠીક. આ તો બે .. એક જ. સ્વભાવને પડખે છે, સ્વભાવમાં બંધન નથી, અબંધ સ્વરૂપને બંધ કેવો? આહા..હા..! કેમકે ભગવાન આત્મા તો અબંધસ્વરૂપ છે. અને અબંધ સ્વરૂપનો અનુભવ દૃષ્ટિ થઈ એને બંધ કેવો? અને એ દૃષ્ટિ પલટીને રાગની રુચિનો બંધભાવનો, ભાવબંધનો-ભાવબંધનો રસ થયો તો અબંધ સ્વભાવની દૃષ્ટિ ખસી ગઈ. આહા..હા..! કહો, સમજાય છે?

અહીં એ રહસ્ય છે કે અનુભવ ત્યાગવા યોગ્ય નથી. અંતરનો આશ્રય છોડવાલાયક કોઈ કાળે નથી. આહા..હા..! સતત-નિરંતર ભગવાન આનંદસ્વરૂપનો આશ્રય નિરંતર છે. એને કર્મબંધન બિલકુલ નથી. એના અત્યાગથી બંધન નથી થતો. એના ત્યાગથી બંધન થાય છે. બંધન જ. પાછું એમ. સમજાણું? 'त्यागाद्बन्ध एव हि' એમ છેને? 'द्बन्ध एव हि' જ્યાં રાગ અને વ્યવહારનયનો આશ્રય થયો, નિશ્ચયનો સ્વભાવનો આશ્રય છૂટી ગયો, બસ, પર્યાયબુદ્ધિ થઈ, રાગબુદ્ધિ થઈ. રાગની રુચિમાં જ એકલો પડ્યો છે. એને કર્મ જ બંધાય છે. અંશે પણ એને સંવર-નિર્જરા કે મુક્તિ નથી. આહા..હા..!

હવે ઓલા એક ભીંડના હતાને પંડિત, ગુજરી ગયા. શું નામ એનું? નંદલાલજી. અહીં આવ્યા હતા. આઠ દિ' રહ્યા હતા ૯૯ની સાલમાં. તો એને વળી ઈ તકરાર ત્યાં કે સમકિત થયા પછી જ્ઞાન અજ્ઞાન થયા નહિ. પડે તોપણ એમને એમ રહે. એમ કે એકવાર .. જોયો આમ એ ક્યાંથી ખ્યાલમાં જાય? એમ કહેતા. ચર્ચા ખુબ ચાલી હતી. બહારમાં કીધું એ વાત જૂઠી છે. આહા..હા..! હળવે હળવે કહો. હળવે કહો કે એ કહો, વસ્તુ ખોટી છે. અંતર આનંદસ્વરૂપની દૃષ્ટિ ગઈ, નિગોદમાં અગિયારમા ગુણસ્થાનવાળા અનંત પડ્યા છે. ત્યાં જ્ઞાન રહી ગયું છે? હા એટલું ખરું કે એ તો જ્ઞાનીને ખ્યાલમાં છે કે જે અનંત સંસાર

તૂટી ગયો છે એ હવે અનંતસંસાર છે નહિ. બસ એટલી વાત. પણ જ્ઞાન તો અજ્ઞાન જ થઈ ગયું છે. રાગના પ્રેમમાં, રાગની રુચિમાં, પુણ્યની રુચિમાં. સમજાણું કાંઈ? અજ્ઞાન છે. જ્ઞાનથી ભ્રષ્ટ થયો. અને એવો ભ્રષ્ટ થયો એવા અનંત નિગોદમાં પડ્યા છે. નિગોદમાં એવા અનંત જીવ પડ્યા છે. શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યગ્દર્શન છૂટી ગયું. એકલી શ્રદ્ધા એમ નહિ. એવી શ્રદ્ધા છે ભગવાન સાચા છે એ નહિ. સમજાણું કાંઈ? એ તો વ્યવહારશ્રદ્ધા રહી. અંતર શ્રદ્ધા ખસી ગઈ અંદરમાં. અનુભવમાં જે પ્રતીતિ થઈ હતી કે આ આત્મા આનંદ, એ રહી નહિ. આહા..હા..! બાહ્યનો ત્યાગ તો એવોને એવો ચાલે, પાળે. પંચ મહાવ્રત પાળે, ભગવાનની ભક્તિ કરે, ભગવાનના સ્તવન વાંચે. બહારમાં તો એવું ને એવું દેખાય, અંતરમાં પલટો ખાઈ ગયો. સમજાણું કાંઈ?

## શ્લોક-૧૨૩

(शार्दूलविक्रीडित)

धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिं
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वङ्कषः कर्मणाम्।
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः
पूर्णं ज्ञानघनौघमेकमचलं पश्यन्ति शान्तं महः।।१२३।।

ફરી, 'શુદ્ધનય છોડવાયોગ્ય નથી' એવા અર્થને દઢ કરનારું કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :— [धीर-उदार-महिम्नि अनादिनिधने बोधे धृति निबध्नन् शुद्धनयः ] ધીર (ચળાચળતા રહિત) અને ઉદાર (સર્વ પદાર્થોમાં વિસ્તારયુક્ત) જેનો મહિમા છે એવા અનાદિનિધન જ્ઞાનમાં સ્થિરતા બાંધતો (અર્થાત્ જ્ઞાનમાં પરિણતિને સ્થિર રાખતો) શુદ્ધનય — [कर्मणाम् सर्वंकषः] કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે તે — [कृतिभिः] પવિત્ર ધર્મી (સમ્યગ્દષ્ટિ) પુરુષોએ [जातु] કદી પણ [न त्याज्यः] છોડવાયોગ્ય નથી. [तत्रस्थाः] શુદ્ધનયમાં સ્થિત તે પુરુષો, [बहिः निर्यत् स्व-मरीचि-चक्रम् अचिरात् संह्वत्य] બહાર નીકળતા એવા પોતાનાં જ્ઞાનકિરણોના સમૂહને (અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને) અલ્પ કાળમાં સમેટીને, [पूर्णं ज्ञान-घन-ओघम् एकम् अचलं शान्तं महः] પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ, એક, અચળ, શાંત તેજને-તેજ:પુંજને [पश्यन्ति]

દેખે છે અર્થાત્ અનુભવે છે.

ભાવાર્થ :— શુદ્ધનય, જ્ઞાનના સમસ્ત વિશેષોને ગૌણ કરી તથા પરનિમિત્તથી થતા સમસ્ત ભાવોને ગૌણ કરી, આત્માને શુદ્ધ, નિત્ય, અભેદરૂપ, એક ચૈતન્યમાત્ર ગ્રહણ કરે છે અને તેથી પરિણતિ શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં એકાગ્રસ્થિરથતી જાય છે. એ પ્રમાણે શુદ્ધનયનો આશ્રય કરનારા જીવો અલ્પ કાળમાં બહાર નીકળતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને સંકેલીને, શુદ્ધનયમાં (આત્માની શુદ્ધતાના અનુભવમાં) નિર્વિકલ્પપણે ઠરતાં સર્વ કર્મોથી ભિન્ન કેવળ જ્ઞાનસ્વરૂપ, અમૂર્તિક પુરુષાકાર, વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ પોતાના આત્માને દેખે છે અને શુક્લધ્યાનમાં પ્રવૃત્તિ કરીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે. શુદ્ધનયનું આવું માહાત્મ્ય છે. માટે શુદ્ધનયના આલંબન વડે જ્યાં સુધી કેવળજ્ઞાન ઊપજે નહિ ત્યાં સુધી સમ્યગ્દષ્ટિ જીવોએ શુદ્ધનય છોડવાયોગ્ય નથી એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે. ૧૨૩.

---

## કળશ-૧૨૩ ઉપર પ્રવચન

‘ફરી, ‘શુદ્ધનય છોડવાયોગ્ય નથી’ એવા અર્થને દૃઢ કરનારું કાવ્ય કહે છે :-–’ ૧૨૩.

(शार्दूलविक्रीडित)

धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिं
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वङ्कषः कर्मणाम्।
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः
पूर्णं ज्ञानघनौघमेकमचलं पश्यन्ति शान्तं महः।।१२३।।

‘महः’ તેજ-તેજ. ચૈતન્યનું તેજ જેને જ્ઞાનમાં આવ્યું (એને) અજ્ઞાનનો અંધકાર છૂટી ગયો. એ ‘कृतिभिः’ કહ્યુંને? એનો અર્થ એવો કર્યો. (પરમ અધ્યાત્મ તરંગિણી). ‘कृतिभिः’ એય..! પંડિતજી! ‘कृतिभिः संसारदशाचक्रं परिपूर्णं कृतं विद्यते येषां तैः’. બેય અર્થ કર્યા છે. ‘अथवा कृतं-सकृतं विद्यते येषां तैः योगिभिः’. ‘संसारदशाचक्रं परिपूर्णं कृतं’ બંધ થઈ ગયો સંસાર. આહા..હા..! સંસાર શબ્દે ઉદયભાવ રાગ. એ તો પોતામાં રહ્યો નથી. આહા..હા..! પોતામાં રહ્યો તો પરમપારિણામિક ભાવ પ્રગટ થયો ક્ષાયિક ક્ષયોપશમભાવ. ઉદય તો પોતામાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ‘कृतिभिः’

સમકિતદષ્ટિ કહો, પવિત્ર... આમાં પવિત્ર લખ્યું છે એમાં. પવિત્ર ધર્માત્મા સમ્યગ્દષ્ટિ પુરુષોને એમ લખ્યું છે. આમાં. '**कृतिभिः संसारदशाचक्रं परिपूर्ण कृतं विद्यते येषां तैः**' આહા..હા..!. ઉદયભાવનો નાશ કરી નાખ્યો છે. આત્મભાવ પ્રગટ કર્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ થોડો ઉદય રહ્યો એ એના ઘરમાં રહ્યો, પોતામાં નથી. આહા..હા..! કર્યું એણે કાર્ય. કાર્ય કર્યું '**कृतिभिः**' સમ્યગ્દષ્ટિએ. '**संसारदशाचक्रं परिपूर्ण कृतं विद्यते येषां तैः**'. એને સંસારચક્રનું '**परिपूर्ण विद्यते**'. આહા..હા..! જ્યાં પરિપૂર્ણ ભગવાન આત્મા દૃષ્ટિમાં અને અનુભવમાં આવ્યો '**संसारदशाचक्रं परिपूर्ण कृतं विद्यते**'—અભાવ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? એ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની કિંમત નહિ અને બહારની ક્રિયા આ કરે અને આ કષાય મંદ છે, આ વ્રત પાળે, તપસ્યા કરે એની કિંમત જગતમાં. મૂળચંદભાઈ! આહા..હા..! જુઓને કેટલી વાત કરી દિગંબર આચાર્યોએ!

'**ધીર...**' કેવા છે સમ્યગ્દષ્ટિ? '**ધીર (ચળાચળતા રહિત)...**' ઘડીકમાં કાંઈક માને અને ઘડીકમાં કાંઈક માને એમ રહ્યું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને ઉદાર (સર્વ પદાર્થોમાં વિસ્તારયુક્ત) જેનો મહિમા છે...**' આહા..હા..! સર્વને જાણવાનો સ્વભાવ છે. જાણવું-દેખવું, જાણવું-દેખવું એક જ સ્વભાવ રહ્યો છે. રાગને કરું એવું રહ્યું નથી. આહા..હા..! '**એવા અનાદિનિધન જ્ઞાનમાં સ્થિરતા બાંધતો...**' અનાદિનિધન. આદિ નહિ અને અંત નહિ એવો અનાદિનિધન. આદિ નથી અને નિધન. એટલે અનિધન. અનિધન એટલે અંત મૃત્યુ. મૃત્યુરહિત અને આદિરહિત. આહા..! એવું સ્વરૂપ નિત્યાનંદ ભગવાન ધ્રુવસ્વરૂપ એમાં '**સ્થિરતા બાંધતો...**' એમાં સ્થિરતાને બાંધે છે. સ્થિરતાને બાંધતો થકો એમ કહ્યું. સ્થિરતાને કરતો થકો. '**(અર્થાત્ જ્ઞાનમાં પરિણતિને સ્થિર રાખતો)...**' જ્ઞાન એટલે આત્મા. શુદ્ધ ચૈતન્ય ભગવાન એમાં સ્થિર રહેતો થકો. રાગમાં સ્થિર નથી.

'**શુદ્ધનય...**' એ શુદ્ધની વ્યાખ્યા કરી. શુદ્ધનય કહો, પરમાત્મા કહો, શુદ્ધ આત્મા કહો એમાં સ્થિરતાને બાંધતો. '**કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે...**' ધર્મી જીવ તો અંતરમાં શક્તિમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની અનુભવ પ્રતીત થઈ તો એ પૂર્ણ શક્તિનો વિકાસ કરનારો છે અને કર્મનો નાશ કરનારો છે. કાંઈક ચાલી છે ત્યાં ગડબડ. ચાલે દુનિયામાં તો ખળભળાટ... ... એય..! ચાલે કોકનું. ..માં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? શાંતમાં દેખાય. આ કાલે લખ્યું હતુંને ભાઈ! વઢવાણમાં જરી ભુકંપ થયો. પણ શાંત બેઠા હતા એને ખ્યાલ આવ્યો છે. એય..! છાપામાં આવ્યું છેને. વઢવાણમાં હળવો ભુકંપ થયો હતો. ધરતીકંપ. પણ કોને જણાણો? એમ લખ્યું હતું. શાંત બેઠા હતા એને જણાણો. કામકાજમાં હોય એને શી રીતે ખબર પડે?

મુમુક્ષુ :- પોતે ભુકંપમાં હોય.

ઉત્તર :- પોતે આમ હો..હા..હો..હા.. પોણી સેકન્ડ, બે-ચાર સેકન્ડ એમ થઈ ગયું હોય એટલું થોડું બે-ચાર સેકન્ડ. બસ એટલું. એટલો ભુકંપ થઈ ગયો થોડો. એમાં લખ્યું હતું હોં. મેં કીધું ઠીક. શાંતવાળાને. આહા..હા..! એમ શાંતિવાળાને રાગ જણાય કે આ આકુળતા છે. આહા..હા..! એ લાવ્યા હતા. ધર્મચંદભાઈ લાવે ઓલા ફાડીને કાગળિયા લાવે ઈ, કાપલી. એમાં લખ્યું હતું. આહા..હા..!

રાગની આકુળતા જણાય કોને? કે શાંતપણું જેને ભાસ્યું છે એને જણાય. એમાં એ લખ્યું છે કે બેઠા હતાને કોઈ માણસો શાંતિથી એને જરી બે સેકન્ડ કે ચાર સેકન્ડ ભુકંપ થઈ ગયો. ભુકંપ સમજો છો? ધરતીકંપ. બીજાને બહુ ખબર ન પડી. પહેલા તો એવું થાતું. નાની ઉંમરમાં સાંભળેલું ભાઈ! શીકુ હોયને શીકુ? ભાઈ શીકુમાં ઓલા ઠામ ઠારતા અને તે વખતે થાળીયું હતી કાંસાની. કાંસાની અમારે ત્યાં ઘરની વાત છેને. કાંસાની થાળીયું. તો કાંસાની થાળીમાં એક થાળીમાં બીજી થાળી ગરે નહિ અંદર. અધ્ધર-અધ્ધર રહે. એટલે જરી ભુકંપ થાય તો ખખડે. કાંસા-કાંસા સમજો છો? પહેલા કાંસાની થાળી હતી. કાંસાની થાળી. એ ઉપરાઉપરી ગોઠવી હોય ચાર-પાંચ-છ તો જરી હલે તો ખખડાટ થાય. એટલે ખબર પડે. શીકામાં મૂક્યું હોય એટલે શીકું જરી આમ હલે એટલે ખખડે. ખબર છે તે દિ' હોં! લોકો કહે એ આવ્યું. આહા..હા..! કહે છે કે જે અંતર શાંતિ સ્વભાવમાં સ્થિર થયો છે એ કર્મનો નાશ કરનારો છે. આહા.. હા..!

આ '**कृतिभिः**'ની વ્યાખ્યા આવે છે. '**પવિત્ર ધર્મી (સમ્યગ્દ્રષ્ટિ) પુરુષોએ...**' '**कृतिभिः**' એટલે સમ્યગ્દ્રષ્ટિ પુરુષો વડે. પવિત્ર ધર્માત્મા. પવિત્રતા એ જ જેની દ્રષ્ટિમાં છે. એવો પવિત્ર ધર્માત્મા અથવા જેના સંસારચક્રનો અંત આવ્યો છે. આહા..હા..! સમ્યગ્દ્રષ્ટિને તો સંસારચક્રનો અંત છે. આહા..હા..! શ્રીમદ્દે નથી કહ્યું? આહા..હા..! 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે' ખ્યાલમાં આવે છે કે જરી રાગ છે એવો કે ભવ થશે. 'અશેષ કર્મનો ભોગ છે. ભોગવવો અવશેષ રે, તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' કહો, સમજાય છે કાંઈ? આવે છે એમાં. અંદરમાં વિચાર કરતાં જરી રાગની ધારા, આ ભવમાં અટકશે નહિ,... રાગનો થોડો કાળ લાગે છે. આહા..હા..! તેથી એમ થઈને... અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે. તેથી દેહ એક ધારીને. એ મનુષ્યનો દેહ લીધો છે હોં. વર્તમાન સ્વર્ગ-બર્ગનો દેહ નહિ. એ તો એક અમથું રોકાણ થવામાં ધર્મશાળા છે. આહા..હા..! મનુષ્યપણાનો જે સાધનનો ભવ છે એને જ ગણ્યો છે. 'દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ.' કોલકરાર છે હોં. એમાં કાંઈ (ફેર નથી). એ ૭૭માં ઓલા છનાનો. દેવીદાસભાઈને હતાને કહે, આમ કેમ? કેમ થયું? મતિ શ્રુતજ્ઞાનમાં એટલું જોર છે કે બરાબર જો અંદર પકડી લે તો ભવ એકાદ છે કે નથી એ ખ્યાલ આવી જાય એને. ન આવે એમ ન લો. એમ ન

લો. એક અમે ભગવતીનો દાખલો આપ્યો હતો. જુઓ! ભગવતીમાં તો શ્રુતજ્ઞાન સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે એમ લખ્યું છે. સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય એમ લખ્યું છે. એનું શું અર્થ? ૭૭ની વાત છે. બોટાદ. ૨૩ ને ૨૯, ૫૨ વર્ષ થયા. આ શું છે લ્યો! ભગવતી એમ કહે છે કે શ્રુતજ્ઞાન સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે. એનો અર્થ શું? એની શક્તિ એટલી ખીલી ગઈ હોય છે કે ઉપયોગ બરાબર જો લાગુ પડી જાય તો બધું જાણે. સમજાણું કાંઈ?

અહીં કહે છે પવિત્ર ધર્માત્મા. આહા..હા..! એ સંસારદશાના ચક્રના પરિપૂર્ણ અંત આવ્યો છે. કૃતકૃત થઈ ગયો છે એમ કહે છે. '**कृतिभिः**' કાર્ય થઈ ગયું. આહા..હા..! ફરે નહિ અફરગામી. કુંદકુંદાચાર્યની વાણી જુઓ! અફરગામીની છે, અપ્રતિહત સમકિત છે. સમજાય છે કાંઈ? એ સ્વર્ગમાં ગયા છે પણ સમકિત ક્ષાયિક થઈને કેવળ લઈને મોક્ષ જશે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! ચૈતન્યની રમતું જેણે માંડી અંદરમાં એને એનો ખ્યાલ આવી ન જાય? કે આ પૂરા કરવા આટલો કાળ લાગશે થોડો એમ લાગે છે.

પવિત્ર ધર્માત્મા. આહા..હા..! રાગ છેને. એ રાગ દૃષ્ટિનો વિષય નથી અને દૃષ્ટિમાં એની પર્યાયમાં રાગ નથી. જા. એ કર્મધારામાં રાગ રહી ગયો. આ ધારામાં એ રાગ છે નહિ. એવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા સંસારચક્રનો અંત પરિપૂર્ણ જેને પ્રાપ્ત થઈ ગયો છે. અંત આવ્યો છે. એવા '**પુરુષોએ કદી પણ છોડવાયોગ્ય નથી.**' એ અંતરના આનંદનો અનુભવ શુદ્ધનયનો આશ્રય છોડવાલાયક નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ!

એનું જ્ઞાન કેટલી તાકાતવાળું છે એ કહેશે પછી. પછીના શ્લોકમાં છેને ભાઈ? '**स्फारस्फारैः स्वरसविसरैः**' ગજબ કર્યો છે એ શબ્દમાં! આહા..હા..! ૧૨૪માં છે, ભાઈ! ત્રીજી '**स्फारस्फारैः स्वरसविसरैः**' જેની જ્ઞાનશક્તિ, કેવળજ્ઞાનાદિ ફાટ ફાટ પ્રગટ થઈ ગઈ છે. આહા..હા..! સ્વરસ—પોતાના રસથી નિજરસનો વિસ્તાર, નિજ રસના પ્રસારથી એટલું કર્યું છે. '**विसरैः**'નો અર્થ. આહા..હા..! '**स्वरसविसरैः**' આનંદરસમાં વિસ્તાર. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

મીરાંબાઈ કહેતા હતાને? ત્યાં નાટકમાં જોયું ત્યારે હોં. ૬૪ની સાલની વાત છે. 'ઘેલા થયા રે રાણા ઘેલા થયા, સાધુડાની સંગે અમે ઘેલા થયા.' ગાંડા જેવી વાત કરે છો? રાણી તું પરણીને. હાલ હાલ. 'પરણી મારા પીયુજીની સાથ, બીજાના મીંઢોળ નહિ રે બાંધુ.' આ લાકડા બાંધે છેને અહીં. પરણવા ટાણે શું કહે છે એને? માણેક શું કહે છે? કંગન કહે છે. નામ આપતા છેને, મોટા લાકડા છે. રાણીને કહે ચાલ ઘરે. બસ. મારો પ્રભુ ઈશ્વર, એનો માનેલો ઈશ્વર, એને હું અર્પાઈ ગઈ, હવે બીજો ધણી મારે હોય નહિ. એમ જેને આત્માની દૃષ્ટિ અને અનુભવ થઈ ગયો રાગનો ધણી એ નહિ અને રાગ સંસાર એને હોય નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૧૦, સોમવાર, તા. ૧૨-૦૨-૧૯૭૩**
**કળશ-૧૨૩-૧૨૪, પ્રવચન-૩૧૩**

'ફરી, 'શુદ્ધનય છોડવાયોગ્ય નથી' એવા અર્થને દઢ કરનારું કાવ્ય કહે છે :--' એટલે શું કહે છે? કે શુદ્ધ આત્મા ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકભાવ એના આશ્રયે જે દૃષ્ટિ પ્રગટી અને એનો આશ્રય જે થયો એ છોડવાલાયક નથી. વ્યવહારમાં ચાહે તો રાગ હો, ન હો, મંદ હો, નિર્વિકલ્પતા હો, સવિકલ્પતા હો, પણ એણે નિશ્ચયનો આશ્રય લીધો છે એ છોડવાલાયક નથી. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ પૂર્ણાનંદ સ્વરૂપ એનો જે આશ્રય લીધો છે એ શુદ્ધનય. એના અવલંબે પ્રગટેલી સમ્યગ્દર્શન દશા આદિ તેનો આશ્રય છોડવાલાયક નથી.

'**धीर-उदार-महिम्नि अनादिनिधने बोधे धृति निबध्नन् शुद्धनयः**' એમ છે. શુદ્ધનય કેવો છે? અંતર સ્વભાવની એકાગ્રતા કરનાર જે શુદ્ધનય એ '(ચળાચળતા રહિત)...' એવું જે અનાદિ-અનંત જ્ઞાન એમાં એ સ્થિર કરનારો છે એમ કહે છે. વસ્તુ જે છે ચૈતન્ય નિત્યાનંદ ધ્રુવ એ તો ચળાચળ રહિત છે, એકરૂપ ત્રિકાળ છે. કહો, નવરંગભાઈ! હવે આ તો ... પર્યાય આમ વળેલી અનાદિની હવે એને વાળવી આમ. એ જ છે. કરવાનું બીજું છે શું? એમ કહે છે. આહા..હા..! લાખ ભણીને ભણતર કરીને કે ન ભણીને વાસ્તવિક તત્ત્વની રુચિ કરવી એ. અંતરમાં અંતર્મુખ થવાનું કાર્ય એણે કરવાનું છે. દૃષ્ટિમાંથી સંયોગનું તો લક્ષ છોડી દેવું, ભાવકર્મ જે વિકલ્પ ઉઠે એનું પણ લક્ષ છોડી દેવું અને એક સમયની પર્યાય, પર્યાયબુદ્ધિમાં પડેલો જે છે એને પણ છોડી દેવું. એવી જે ચળાચળરહિત વસ્તુ છે એમાં સ્થિર થવું. એનું નામ શુદ્ધનયનું કાર્ય કહેવાય છે. આકરું ... અનાદિ અભ્યાસ નહિ અને કરવાનો અભ્યાસ બીજો.

'ઉદાર...' છે. અનાદિ-અનંત જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ઉદાર છે ઉદાર. ગંભીર-ગંભીર. અનંત-અનંત શાંતિ કાઢો તો પણ ત્યાં ખૂટે નહિ એવું ઉદાર છે. આહા..! સમજાય છે કાંઈ? નિત્યાનંદ પ્રભુ અનાદિ-અનંત જ્ઞાન, અનાદિ-અનંત આનંદ, અનાદિ-અનંત પ્રભુતા એ ચીજ કેવી છે? ઉદાર છે. બધાને જાણવા સમર્થ છે અને પુણ્ય-પાપનો નાશ કરીને સ્વભાવને પ્રગટ કરવા એ સમર્થ છે. સમજાણું કાંઈ? એવો '**જેનો મહિમા છે એવા અનાદિનિધન જ્ઞાનમાં સ્થિરતા બાંધતો...**' એ શુદ્ધનય સ્થિરતા બાંધતો. એમ. અંતરમાં ટકતો. પર્યાયમાં જે અનાદિથી ટકેલો છે એને ત્રિકાળી જ્ઞાયકભાવમાં ટકાવતો, અનાદિ-અનંત, નિધન એટલે

અનાદિ-અનંત. અણ આદિ અને અણ નિધન એમ શબ્દ છે એમાં. આદિ નહિ અને અનિધન. નિધન એટલે અંત. મૃત્યુ જેનું નહિ. એવો જે અનાદિ-અનંત જ્ઞાન એટલે આત્મા. જ્ઞાનસ્વભાવે ભગવાન આત્મા તેમાં સ્થિરતા કરતો. બાંધતો એટલે સ્થિરતા રાખતો. આવો શુદ્ધનય છે.

મુમુક્ષુ :- ચળાચળતાતી રહિત.

ઉત્તર :- એ તો ધ્રુવ નિત્યાનંદ છે એમાં સ્થિર થાય છે એ તો, સ્થિર થાય છે. શુદ્ધનય એવો છે. આહા..હા..!

અનાદિ સંસારનો અભ્યાસ. જેણે વર્તમાન અવસ્થાના લક્ષે રાગ અને ઇન્દ્રિયના લક્ષે કામ કર્યા છે તેને અનાદિ-અનંત ભગવાન આત્મા એ શુદ્ધનય એમાં બાંધે છે, રાખે છે. એમાં રાખે છે. વ્યવહાર એને રાગમાં અને પર્યાયમાં રાખે છે. સમજાણું કાંઈ? એને .. સ્વરૂપે છે. ... જેમાં રાગની ઉત્પત્તિ જ નથી. કહો, સમજાણું કાંઈ? વાત એવી કરે અને અભ્યાસ નહિ. **'कर्मणाम् सर्वंकषः' 'જે કર્મોને મૂળથી નાશ કરનારો છે...' 'कृतिभिः' 'પવિત્ર ધર્મી (સમ્યગ્દષ્ટિ) પુરુષોએ...'** ... પારાવાર સંસારનો ત્યાં અંત આવી ગયો છે. ... એને એનો ત્યાગ કરવા જેવું નથી. આહા..હા..! વ્યવહારનય થઈ ગયો મોટો. જે વસ્તુ જ નથી ખરેખર તો. એટલે? કે નયનો વિષય જે છે એ તો ત્રિકાળી એક વસ્તુ, એ જ છે બસ. ખરેખર આત્મા એને કહીએ. પર્યાય અને રાગ ખરેખર આત્મા નથી. એ વ્યવહાર આત્મા છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ આત્મા છે. પર્યાયનો વિષય અસત્યાર્થ આત્મા છે. .... સમજાય છે કાંઈ?

ભગવાન! તારું સ્વરૂપ શું કહીએ? એની વ્યાખ્યા, એના લખાણ, એનો વિસ્તાર શું કહીએ? એવી અલૌકિક ચીજ અંદર તારી છે. પૂર્ણાનંદનો નાથ ભગવાન પૂર્ણ સ્વરૂપે તું છો. વિકાર તો નથી, પણ અપૂર્ણતા નથી જેમાં. એવો પરમસ્વરૂપ... અન્યમાં એમ તો કહે છે પૂર્ણ મિદં. પણ એની ખબર ન મળે. આત્મા પૂર્ણ મિદં છે, પૂર્ણ છે. કઈ રીતે પૂર્ણ છે? પર્યાયમાં પર્યાય છે એમાં અપૂર્ણતા છે, રાગ છે એ વિનાની ત્રિકાળી ચીજ છે તે પૂર્ણ છે. સમજાણું કાંઈ?

એ **'કદી પણ...' 'न त्याज्यः' 'છોડવાયોગ્ય નથી. શુદ્ધનયમાં સ્થિત તે પુરુષો,...'** કહે છે, અંતર જ્ઞાયક સ્વભાવમાં રહેનારો જીવ એની દૃષ્ટિમાં જેણે ધ્યેયને પૂર્ણ સ્વરૂપને ધ્યેય બનાવ્યું છે. એને **'बहिः निर्यत् स्व-मरीचि-चक्रम् अचिरात् संहृत्य'** એ જ્ઞાનની પર્યાય **'બહાર નીકળતા એવા પોતાનાં જ્ઞાનકિરણોના...'** જ્ઞાનની પર્યાય નીકળીને આમ બહાર રાગ ઉપર કે પર ઉપર જાય એના કિરણોના **'સમૂહને અલ્પ કાળમાં સમેટીને,...'** આહા..હા..! **'(અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને)...'** પ્રગટ અવસ્થા એને સમેટી લે છે. આહા..હા..! કર્મના નિમિત્તથી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓ પ્રગટ થતાં એ

તો અનાદિની છે કહે છે. એને ધર્મી **'જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને) અલ્પ કાળમાં સમેટીને,...'** અંતરમાં સમાવે છે. સમજાણું કાંઈ?

અલિંગગ્રહણમાં છેને એક બોલ? અલિંગગ્રહણ નહિ, અવ્યક્તમાં. અવ્યક્ત છેને છ બોલ? જ્ઞાનસામાન્યમાં જ્ઞાનની વિશેષ વ્યક્તતાઓ અંતરલીન છે. એ કારણે ભગવાન આત્માને સમ્યગ્દર્શનનો વિષય તેને અવ્યક્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બધા વાક્યો ઝીણા. ભાવ ઝીણો છેને. વાક્ય તો સ્થૂળ છે, વિકલ્પ પણ સ્થૂળ છે. કહે છે કે જ્ઞાનસામાન્ય વસ્તુ જે ત્રિકાળી વસ્તુ એ કઈ? અનાદિ-અનંત એવો જે આત્મા એને વિશેષ જ્ઞાનની વ્યક્તતા, પ્રગટતાઓ અંતરલીન છે. રાગાદિ નહિ ત્યાં તો ઓલી પર્યાય જે નિર્મળ પ્રગટ થાય એવી બધી અંતરમાં લીન છે. તેથી તે આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે અને એ અવ્યક્ત તે શુદ્ધનયનો અથવા સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? એનામાં તાકાત છે એમ તો પહેલો નિર્ણય તો કરે કે મારામાં પૂર્ણ તાકાતથી ભરેલો ભગવાન આત્મા છું. જ્ઞાન અને આત્માની જે ગુણની વિશેષ પર્યાયો... અહીં તો કર્મના નિમિત્તથી થતી પ્રગટ અવસ્થાઓ (લીધી છે), પણ અહીં તો અમથી સામાન્યજ્ઞાનમાં વિશેષ જ્ઞાનની પર્યાયો જે અવસ્થાઓ પ્રગટ થાય એ બધી વસ્તુમાં અંતરલીન છે. તેથી તેને સામાન્યમાં નજર કરવા જેવું છે. સમજાણું કાંઈ? અને તેથી તો તે જીવ ઇન્દ્રિયના વિષયનો ભોક્તા જ નથી. સમજાય છે કાંઈ? એ અલિંગગ્રહણમાં આવે છે બારમો બોલ.

અલિંગગ્રહણના ૨૦ બોલ આવે છેને? આત્મા ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. ભોક્તા એટલે આત્મા નથી અને ભોક્તા નથી તે આત્મા. આહા..હા..! શું કહ્યું ઈ? આત્મા એને કહીએ કે જેની નિર્મળ પર્યાયો અંતરમાં લીન છે અને જેની એનામાં દૃષ્ટિ છે એ જીવ ઇન્દ્રિયના વિષયને શુભ અશુભ રાગનો ભોક્તા જ નથી. ભોક્તા તો વિભાવભાવની પર્યાય છે. એ તો એનો અભોક્તા છે, રાગનો અભોક્તા છે. એ જ એનું સ્વરૂપ છે. લે! ત્યાં વળી અભોક્તા કહ્યું! સાથે ૪૭ નય લીધી ત્યાં ભોક્તા (કહ્યું). કઈ અપેક્ષા છે? આહા..હા..! ગજબ વાતું છે! એ ભોક્તા નથી એ દૃષ્ટિની અપેક્ષાએ એનો આત્મા ભોક્તા નથી. એ તો સ્વરૂપના આનંદનો ભોક્તા છે. અને જ્યાં ભોક્તા પણ કહ્યો અને એક ભોક્તા નામનો ગુણ પણ કહ્યો. પણ એ ભોક્તા ગુણ છે એ તો નિર્મળ છે. એની પર્યાય ભોક્તાગુણની નિર્મળ પર્યાયનો ભોક્તા છે. પણ રાગાદિનો વિકલ્પ જરી થાય છે એનું વેદન છે એને. એમ ગણધરો પણ જાણે છે. વેદન છે, દુઃખનું વેદન છે. આહા..હા..! એમ જ્ઞાન એને એ રીતે જાણે, બસ. સમજાણું કાંઈ? કેટલા પડખા પડે માણસને. કઈ અપેક્ષા ક્યાં...?

એક કોર કહ્યું, ઇન્દ્રિયના વિષયનો ભોક્તા જીવ નહિ. બીજી રીતે કહે કે એ જડ નથી. રાગનું વેદન ચૈતન્યની પર્યાયમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! અંશેઅંશ એનો છે એમ

ત્યાં સિદ્ધ કરવું છે. જ્ઞાન એને જાણે છે. રાગનું વેદન છે એમ જ્ઞાન જાણે છે. આદરણીય નથી, જાણવાલાયક છે.

એથી કહ્યું અહીંયાં, જ્ઞાનની વ્યક્ત પ્રગટતાઓ નિમિત્તને આધીન જે થતી એને વાળી લીધી છે અંદરમાં. આહા..હા..! અલ્પ કાળમાં એ જ્ઞાનની વિશેષતાઓ નિમિત્તને આધીન પોતે થઈને થતી (તેને અંતરમાં વાળી લ્યે છે). આહા..હા..! ઈશ્વરનય નામ આવ્યું હતુંને? ઈશ્વરનય નામ આવ્યું. પોતે જ રાગને આધીન થઈને ભોગવે છે. આહા..હા..! ધાયમાતાનો દાખલો આપ્યો છેને. ધાયમાતા છેને? ધાયમાતા નથી સમજતા? ધાયમાતાની દુકાન પણ હોય. બાયું નીકળે અને કોકને દૂધ ઓછું હોય તો એની પાસે ધવડાવે. પા કલાક કે અડધો કલાક. પૈસા આપે આઠ આના. એમ ધાવમાતાની પાસે પરાધીનપણે એ છોકરો ધાવે છેને? દૂધ ધાવે. એમ આત્મા રાગના ભાગને પરને આધીન સ્વતંત્રપણે થતો. આહા..હા..! આમાં તો એટલું બધું લખ્યું છે કે પરાધીન કર્મ કરે છે. અરેરે..! આ શું કરે છે? ભાઈ! કર્મ પરદ્રવ્ય એ તને આધીન કરે. દાખલા શાસ્ત્રમાં તો આવે. નિમિત્તના દાખલા તો આવેને. પંચાસ્તિકાયનું... નામકર્મ નાશ કરીને ... કરે. આવે છે. ભાઈ! બધી ખબર બાપા! આહા..હા..!

મુમુક્ષુ :- એમાં ને એમાં ખુલાસો કર્યો છે.

ઉત્તર :- એમાં ને એમાં ખુલાસો કર્યો છે. એ કાંઈ બીજો કર્તા નથી, એનો કર્તા તો તું છો. આહા..હા..! પંડિતો પણ ક્યાં ગયા અને ક્યાં ભૂલ્યા? બાપુ! આ પંડીતાઈની વાત નથી.

અહીં તો આત્માના સ્વભાવની જેને ગરજ થઈ છે. અરે..! હું ક્યાં છું? પૂરો ક્યાં છું? મારું પરમાત્મસ્વરૂપ પૂરું ક્યાં છે? ત્યાં એની નજરું ગઈ છે એની વાતું છે, ભાઈ! આહા..હા..! એમને એમ અનાદિનો રખડે છે. ચોર્યાશીના અવતારમાં કોઈ ધણીધોરી નથી. આહા..હા..! શરીરમાં રોગ થાય. આહા..હા..! નહોતું થયું ઓલું બાઈને? ગરાસણી બાઈને શીતળા (નીકળેલા). બે વર્ષનું લગન. એના ધણીને બીજી હતી. એમાં શરીરે શીતળા નીકળ્યા. શીતળા સમજ્યા? માતા. દાણે-દાણે ઈયળ-કીડા. આમ પડખું ફરે... ૧૬, ૧૭, ૧૮ વર્ષની હશે. બે વર્ષના લગન. કીડાના આમ ઢગલા. આમ ફરે તો આમ (પડે). એ કહે બિચારી જ્યારે રોતી હતી બા! મેં આવા પાપ આ ભવમાં તો કર્યા નથી. ક્યાંથી થયા? છોડી બિચારી નાની ઉંમર હોં! આહા..હા..! એમ કહે ... તળાઈ નાખી. તળાઈ સમજો છો? ... એમાં સુવાડે. પણ અહીં ઈયળું ક્યાં? દાણે-દાણે ઈયળું થઈ. સડો-સડો થઈ ગયો. એનું વેદન નથી. એની એકતાબુદ્ધિનું વેદન છે. સમજાય છે કાંઈ? ધર્મીને એની એકતાબુદ્ધિનું વેદન નથી, નબળાઈનું વેદન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એવો ચૈતન્ય ભગવાન, અહીં કહે છે કે જ્ઞાનની, આત્માના અનંત ગુણની જે પ્રગટ

અવસ્થાઓ નિમિત્તાધીન થઈને થતી એને સમેટી લે છે. આહા..હા..! કહો, નવરંગભાઈ! આ સમેટી આવ્યું. કહો, ચીમનભાઈ! આમાં એડન-ફેડનમાં આવું કાંઈ હતું? નહિ? તો શું કરવા અહીં આવે? આહા..હા..!

કહે છે, '**અલ્પ કાળમાં સમેટી,...**' શું કહે છે? એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? જે અંતરમાં જ્ઞાયકસ્વભાવ ઉપર ગયો અને અંદરમાં વળ્યો અને અંદરમાં ઢળ્યો અને અંદર આરૂઢ થયો એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાની તૈયારી છે. એ પર્યાયો બહારમાં નહિ જવા દેતા અંતરમાં વાળશે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, અજીતભાઈ! આવી વાતું ભારે! નાઈરોબીમાં તો રળવું અને પૈસા મળવા ... ઓલા પાસે પંદર લાખ, મારી પાસે વીસ લાખ, ઓલા પાસે ત્રીસ લાખ. હોડીયું.. શું કહેવાય ઈ? હોડ-હોડ. હોડ-હરિફાઈ. આહા..હા..! અરેરે..! કોની સાથે હરિફાઈ ભાઈ? પૂર્ણાનંદનો નાથ તું બિરાજે, કોની સાથે તું હરિફાઈ કરે છો? અહીં માંડને હરિફાઈ. પહેલા ઓલા .. આત્મજ્ઞાન થઈને કેવળ પામીને મોક્ષ ગયો. એની સાથે હોડ માંડને. મેં એને સમજાવ્યો હતો ત્યારે એ સમજ્યો અને સમ્યગ્જ્ઞાન પામ્યો હતો. કહે છે કે બે વર્ષમાં કેવળજ્ઞાન પામ્યો. શું છે આ? દેવ આવ્યા છે વ્યંતરો, એનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવવા. આહા..હા..! એની સાથે કરને હરિફાઈ. ઈર્ષાએ નહિ હોં! આહા..હા..!

જુઓને એક આપણે અહીં .. રહેતાને ભાઈ. અહીંયાં શું કહેવાય? જૂનાગઢ, ગિરનાર. ગિરનારમાં છેને ગુફા? પંદર ગુફા છે. ત્યાં એ બેઠા .. ... ૯૫માં. ૯૫માં ચોમાસુ કર્યું. અમે .. અંદર બેઠા હતા. ધરસેન મુનિ ત્યાં રહેતા. ધરસેન મુનિ. ઘણી શક્તિ. આહા..હા..! ... ત્યાં આગળ જ્યારે બીજા મુનિઓને બોલાવીને જ્યારે આપ્યા હતા ષટ્ખંડાગમ. આપ્યા અને જ્યારે પૂર્ણ થયા. વ્યંતરોએ મહોત્સવ કર્યો. આવે છેને એમાં? સાચી વાત. વ્યંતર આસપાસમાં હશેને, દેવો, આ ષટ્ખંડાગમ જ્યારે આપ્યા ધરસેનાચાર્યે, પુષ્પદંત અને ભૂતબલી મુનિને બે હજાર વર્ષ પહેલા અહીંયા ગિરનાર ઉપર. પૂરા થયા તો આસપાસના વ્યંતરદેવોને ખબર હતી કે આ મુનિ શાસ્ત્ર આપે છે શિષ્યોને. પૂરા થયા તો મહોત્સવ કર્યો. એના નામ આપ્યા. નામ બીજા આપ્યા. ઓહો..હો..! ગુરુને ખબર ન પડે કે મેં આને આપ્યું અને જુઓને આ મહોત્સવ કરે છે લ્યો. .. ઓહો..! આ સિદ્ધાંત! કહો, એય..! હવે એ સિદ્ધાંતને માનવામાં વાંધા. આહા..હા..! આ લખાણ અત્યારે .. દેવ પણ કોણ હતો ત્યાં? .. તત્ત્વનો વિરોધ કરીને લખાણ આવે છે. આહા..હા..!

આવો ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ, કહે છે કે બહારનું માહાત્મ્ય અને મહિમા છોડી દીધી છે, અંતરના મહિમામાં વળ્યો છે. એ '**पूर्णं ज्ञान-घन-ओघम् एकम् अचलं शान्तं महः**' આહા..હા..! વિશેષણ તો જુઓ! કેવો છે પ્રભુ અંદર? પૂર્ણ છે. જ્ઞાનઘનનો પુંજરૂપ

છે. નિવડ જ્ઞાનઘનથી ભરેલો પુંજ નિવડ છે, જેમાં વિકલ્પનો પ્રવેશ નથી. આહા..હા..! એક છે. વસ્તુ એક ત્રિકાળી ચૈતન્યઘન જે સમ્યગ્દર્શનનો વિષય, જે શુદ્ધનયનો વિષય અથવા પોતે જ શુદ્ધનય અચળ છે. આહા..હા..! ચૈતન્યબિંબ પડ્યું છે એમને એમ અનાદિથી. વજ્રનું બિંબ જેમ હોય, એ પણ પુદ્ગલનું છે એ તો, આ તો જ્ઞાનઘન, જ્ઞાનઘન, આનંદઘન, શાંતિનો ઘન, વીતરાગનો ઘન એવું જે સત્ત્વ શાંત તેજને તેજઃપુંજને શાંત... શાંત... છે. આહા..હા..! સમ્યગ્દર્શનમાં આત્માને શાંતિ હોય છે કહે છે. ઈ તેજ શાંત છે એમ કહેવું છે અહીં તો અત્યારે. શાંત તેજ છે. આહા..હા..! અજ્ઞાનમાં, જ્ઞાનની પર્યાયમાં કષાય અશાંતિના ભણકારા છે.

શાંત તેજઃપુંજને. જુઓને **‘ओघम्’** છેને **‘ओघम्’**? **‘एकम् अचलं शान्तं महः’** એટલે તેજ. શાંત તેજને દેખે છે. એ અંતરમાં પૂર્ણ આનંદના સ્વરૂપને અનુભવે છે. દેખે છે, જાણે છે અને અનુભવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? શુદ્ધનયને આમ જેણે સ્થાપી છે અંતરમાં એ આવા આત્માને અંતરમાં જાણે છે, દેખે છે અને એ રીતે અનુભવે છે. લ્યો આ શ્લોક, અમૃત વરસાવ્યા છે અમૃતચંદ્રાચાર્યે તો! સભાને ઠીક પડશે કે નહિ એ જોયું નથી. માર્ગ આ છે. સંત દિગંબર મુનિ જંગલમાં વસતા હતા. આહા..હા..! એના વિકલ્પમાં આમ આવ્યું એટલે આ લખાઈ ગયું. લખાણના પણ કર્તા નથી અને વિકલ્પના પણ કર્તા નથી.

કહે છે કે એ તેજઃપુંજને અંદર દેખે છે. જે પર્યાયમાં રાગ ને પુણ્ય ને પર ને શરીરને દેખતો હતો એ પર્યાય આને દેખે છે કહે છે. પૂર્ણ ચૈતન્યના તેજનો ચમત્કાર એવા તેજને અનુભવે છે. એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાની તૈયારી છે. ભાવાર્થ. આહા..હા..! થોડું પણ સત્ય હોવું જોઈએ. મોટુ લાંબું લાંબુ કરીને મોટી વાતું કરે અને હોય નહિ ઠેકાણા અંદર. આહા..હા..! એમ કહે છે.

**‘ભાવાર્થ :— શુદ્ધનય, જ્ઞાનના સમસ્ત વિશેષોને ગૌણ કરી...’** એટલે? અંતરમાં જોનારની દૃષ્ટિએ, એ શુદ્ધનય. અંતરના સ્વભાવને જોનારી દૃષ્ટિ તે શુદ્ધનય. એ શુદ્ધનય **‘સમસ્ત વિશેષોને ગૌણ કરી...’** પર્યાયોના પ્રકારને અભાવ નહિ પણ લક્ષમાં એને ગૌણ કરી **‘તથા પરનિમિત્તથી થતા સમસ્ત ભાવોને ગૌણ કરી,...’** પહેલી પર્યાયોને ગૌણ કરી કીધી, પછી પર નિમિત્તથી થતા વિકલ્પો એને પણ ગૌણ કરી. **‘આત્માને શુદ્ધ, નિત્ય, અભેદરૂપ,...’** ઓહો..હો..! સવારે પણ ઝીણું આવ્યું હતું અને અત્યારે પણ ઝીણું આવ્યું. ઝીણો છેને ઈ? ઇન્દ્રિયાતીત છે, વચનાતીત છે, વિકલ્પાતીત છે, મનાતીત છે. એની સૂક્ષ્મતા અને એની મહત્તાનું શું કહેવું? સૂક્ષ્મ પણ છે અને મોટો પણ છે. ત્રણ કાળ, ત્રણ લોક જેની એક સમયની પર્યાયમાં સમાઈ જાય છે. આહા..હા..! એવો ભગવાન **‘સમસ્ત વિશેષોને**

ગૌણ કરી...' એટલે પર્યાયબુદ્ધિને છોડી. વિભાવને પણ ગૌણ કરી, છે છતાં નથી એમ કરી.

આત્માને શુદ્ધ ત્રિકાળી પવિત્ર '**નિત્ય,...**' શુદ્ધ તો પરમાણુ પણ શુદ્ધ છે. પાછા શુદ્ધ તે પર્યાયે પણ શુદ્ધ છે. આ તો નિત્ય. અને '**અભેદરૂપ...**' ભેદ નહિ જેમાં. એક સમયની પર્યાયનો પણ જેમાં ભેદ નથી. '**એક ચૈતન્યમાત્ર...**' એવી રીતે અભેદ ને નિત્યને શુદ્ધ તો પરમાણુને પણ કહેવાય. ... કહેવાય. આ ન કહેવાય. '**એક ચૈતન્યમાત્ર ગ્રહણ કરે છે...**' આ આવ્યું. ચૈતન્યમાત્ર જે એક સ્વરૂપ ભગવાન આહા..હા..! એને શુદ્ધનય ગ્રહણ કરે છે એટલે કે જાણે છે. કહો, સમજાણું કાંઈ? આ તો આખો સંસાર ફેરવી નાખવો છેને? હેં? સંસારની કરવટમાં પડ્યો છે, ભગવાનને પડખે જાવું છે એને. આખું પડખું બદલી નાખે છે. સમજાણું કાંઈ?

'**એક ચૈતન્યમાત્ર ગ્રહણ...**' એટલે અનુભવે છે. '**અને તેથી પરિણતિ શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં એકાગ્ર-સ્થિર થતી જાય છે.**' પર્યાય નિર્મળ (થાય છે). ત્રિકાળમાં દૃષ્ટિ હોવાથી ત્રિકાળને પકડવાથી એની વર્તમાન પરિણતિ એટલે અવસ્થા '**શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં એકાગ્ર-સ્થિર થતી જાય છે.**' લ્યો, આહા..હા..! '**એ પ્રમાણે શુદ્ધનયનો આશ્રય કરનારા જીવો...**' આ પ્રમાણે અંતર વસ્તુનો આશ્રય લેનારા જીવો, ભગવાન પરમાત્માનો આધાર લેનારા જીવો પોતે પરમાત્મા... '**અલ્પ કાળમાં બહાર નીકળતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને...**' બહારની અવસ્થામાં જતી જે પ્રગટતાઓને '**સંકેલીને, શુદ્ધનયમાં (આત્માની શુદ્ધતાના અનુભવમાં)...**' શુદ્ધનય એટલે નિર્વિકલ્પ દૃષ્ટિ અને શુદ્ધતાનો અનુભવ '**નિર્વિકલ્પપણે ઠરતાં...**' આહા..હા..! રાગ વિનાની અંતરદૃષ્ટિથી '**નિર્વિકલ્પપણે ઠરતાં સર્વ કર્મોથી ભિન્ન...**' આઠેય કર્મોથી જુદો '**કેવળ જ્ઞાનસ્વરૂપ,...**' કેવળ એટલે એકલો જ્ઞાનસ્વરૂપ એમ. '**અમૂર્તિક...**' જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. '**પુરુષાકાર,...**' શરીરના આકાર પ્રમાણે ભિન્ન. પુરુષનો આકાર છેને એનો?

'**વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ...**' કેવો છે ભગવાન આત્મા? આહા..હા..! શાંતરસસ્વરૂપ ભગવાન આત્મા. એ શાંતરસ કહો કે વીતરાગ જ્ઞાનમૂર્તિ કહો. '**વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ પોતાના આત્માને દેખે છે...**' પોતાના આત્માના દેખે છે. એ કહે છે કે અનુભવે છે. '**અને શુક્લધ્યાનમાં પ્રવૃત્તિ કરીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે.**' લ્યો! ત્યારે હવે .. આવી વાતું લખીને. હવે સાંભળને ભાઈ! આહા..હા..! વાંચનારને ભાવના નથી અંદરમાં જવાની? હમણાં કેવળજ્ઞાનને લાવશે, પછી .. લાગે. એમાં શું? ... વસ્તુ છે. આહા..હા..! '**શુક્લધ્યાનમાં પ્રવૃત્તિ કરીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે. શુદ્ધનયનું**

આવું માહાત્મ્ય છે.' સ્વભાવ સન્મુખની દૃષ્ટિ અને નયનું આવું માહાત્મ્ય છે. આહા..હા..!

**'માટે શુદ્ધનયના આલંબન વડે જ્યાં સુધી કેવળજ્ઞાન ઊપજે નહિ ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જીવોએ શુદ્ધનય છોડવાયોગ્ય નથી...'** આહા..હા..! પૂર્ણ દશા થાય પછી થઈ રહ્યું, પછી અંતર વળવું ક્યાં છે ત્યાં? કેવળજ્ઞાન થાય ત્યાં સુધી અંતર વલણ રાખવું એમ કહે છે. બહારની પંચાત છોડી દઈને અંતરમાં જા.

મુમુક્ષુ :- આવો .. ઉપદેશ છે?

ઉત્તર :- ... છે. કરવાનું તો એને છેને.

**'એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.'** કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય મહાસંત. ધર્મના ધુરંધર થાંભલા. કેવળજ્ઞાનના પેટ ખોલીને વાતું કરનારા છે. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતો વનવાસમાં (રહેનારા), વનના સિંહ જેમ પશુના સિંહ, એમ આ ધર્માત્મા જ્ઞાનટોળાના સિંહ. ગણધર છેને? સંતોના ટોળા એના કરનારા. આ એના અધિપતિ.. આહા..હા..! **'એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.'** આવો ઉપદેશ ગુરુઓનો છે. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, સંમતભદ્રાચાર્ય. સપમજાણું કાંઈ? પૂજ્યપાદ સ્વામી આ બધા ગુરુઓનો આ ઉપદેશ છે.

## શ્લોક-૧૨૪

(मन्दाक्रान्ता)

रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्रवाणां<br>
नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः।<br>
स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-<br>
नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत्।।१२४।।

इति आस्रवो निष्क्रान्तः।

इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यामात्मख्यातौ आस्रवप्ररूपकः चतुर्थोऽङ्कः।।

**હવે આસ્રવોનો સર્વથા નાશ કરવાથી જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :–**

શ્લોકાર્થ :- **[नित्य-उद्योतं]** જેનો ઉદ્યોત (પ્રકાશ) નિત્ય છે એવી **[किम् अपि परमं वस्तु]** કોઈ પરમ વસ્તુને **[अन्तः सम्पश्यतः]** અંતરંગમાં દેખનારા પુરુષને, **[रागादीनां**

आस्रवाणां] રાગાદિક આસ્રવોનો [झगिति] શીઘ્ર [सर्वतः अपि ] સર્વ પ્રકારે [विगमात्] નાશ થવાથી, [एतत् ज्ञानम्] આ જ્ઞાન [उन्मग्नम्] પ્રગટ થયું — [स्फारस्फारैः] કે જે જ્ઞાન અત્યંત અત્યંત (-અનંત અનંત) વિસ્તાર પામતા [स्वरसविसरैः] નિજરસના ફેલાવથી [आ-लोक-अन्तात्] લોકના અંત સુધીના [सर्वभावान्] સર્વ ભાવોને [प्लावयत्] તરબોળ કરી દે છે અર્થાત્ સર્વ પદાર્થોને જાણે છે, [अचलम्] જે જ્ઞાન પ્રગટ થયું ત્યારથી સદાકાળ અચળ છે અર્થાત્ પ્રગટ્યા પછી સદા એવું ને એવું જ રહે છે — ચળતું નથી, અને [अतुलं] જે જ્ઞાન અતુલ છે અર્થાત્ જેના તુલ્ય બીજું કાંઈ નથી.

ભાવાર્થ :— જે પુરુષ અંતરંગમાં ચૈતન્યમાત્ર પરમ વસ્તુને દેખે છે અને શુદ્ધનયના આલંબન વડે તેમાં એકાગ્ર થતો જાય છે તે પુરુષને, તત્કાળ સર્વ રાગાદિક આસ્રવભાવોનો સર્વથા અભાવ થઈને, સર્વ અતીત, અનાગત ને વર્તમાન પદાર્થોને જાણનારું નિશ્ચળ, અતુલ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાન સર્વથી મહાન છે, તેના સમાન અન્ય કોઈ નથી. ૧૨૪

ટીકા :- આ રીતે આસ્રવ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

ભાવાર્થ :- આસ્રવનો સ્વાંગ રંગભૂમિમાં આવ્યો હતો તેને જ્ઞાને તેના યથાર્થ સ્વરૂપે જાણી લીધો તેથી તે બહાર નીકળી ગયો.

યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ દ્રવ્યત આગમ ગાયે,<br>
રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ જતાયે;<br>
જે મુનિરાજ કરૈ ઈનિ પાલ સુરિદ્ધિ સમાજ લયે સિવ થાયે,<br>
કાય નવાય નમૂં ચિત લાય કહૂં જય પાય લહૂં મન ભાયે.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં આસ્રવનો પ્રરૂપક ચોથો અંક સમાપ્ત થયો. .

## કળશ-૧૨૪ ઉપર પ્રવચન

'હવે આસ્રવોનો સર્વથા નાશ કરવાથી જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :—' આસ્રવ એટલે વિકલ્પનો અભાવ થઈ અને જે દૃષ્ટિ દ્રવ્યસ્વભાવની,

અનુભવની થઈ હતી એમાં વળતા-વળતા ઢળતા પૂર્ણ આસ્રવનો નાશ થઈને કેવળજ્ઞાન થાય છે. એની મહિમા કહી છે. ૧૨૪.

(मन्दाक्रान्ता)

रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्रवाणां
नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः।
स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-
नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत्।।१२४।।

આ આવ્યું. '**विसरैः**' જ્ઞાન ઉન્મત્ત આમ ફાટી નીકળે છે બહાર, ઊછાળો મારે છે. આહા..હા..! નદી છે, ઉન્ગ્રા, નિમગ્રા નદી. સાંભળ્યું છે? વૈતાલ પર્વતમાં. બે નદી છે વચ્ચે. ચક્રવર્તી સાધવા જાય છેને છ ખંડ? વચ્ચે બે નદી આવે છે. મણિરત્ન છે. એક હજાર દેવ ... સૂર્યના તેજથી પ્રકાશ કરે. લશ્કર છન્નું હજાર ચાલ્યું જાય. એમાં બે નદી આવે છે. એક નદી એવી કે જે કાંઈ માણસ, પંખી, પશુ ઉપરથી પડે એને હેઠે નાખે, તળિયે લઈ જાય. એક નદી એવી કે જે કાંઈ એમાં પડે એને બહાર કાઢી નાખે. બે નદી છે. વૈતાલ પર્વત છેને. એમ આ એક અવળી-સવળી પરિણતિ છે. એક રાગ ને દ્વેષ અને અજ્ઞાનમાં ફેકાંઈ જાય છે આત્મા. એમાં ટકી રહે છે અને એક કોર અંદરમાં જાતા અજ્ઞાન રાગને ફેંકી દે, કાઢી નાખે. કેવળજ્ઞાન પ્રગટ કરાવે છે. કહો, સમજાણું કાંઈ? ઉન્મગ્ન, નિમગ્ન નદી છે. ઉમગ્ન-નિમગ્ન નદી. નદી. આહા..હા..! ઉન્મગ્ન એટલે આમ કાઢી નાખે, નિમગ્ન એટલે આમ લઈ જાય. એમાં શુદ્ધનય છે એ ઊછાળે છે જ્ઞાનને. અંદરમાંથી કેવળજ્ઞાનને પ્રગટ કરે છે. અજ્ઞાન છે તે પાડે છે હેઠે. નિગોદના જીવની અક્ષરમે અનંતમે ભાગે પર્યાયમાં વયો જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**नित्य-उद्योतं**' '**જેનો ઉદ્યોત (પ્રકાશ) નિત્ય છે...**' પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ નિત્ય ધ્રુવ નિત્ય પ્રકાશ છે. આ સૂર્ય તો સવારે ઉગે, બપોરે આમ જાય, સાંજે આથમી જાય. બહારની અપેક્ષાએ આથમે હોં! એ તો સૂર્ય તો સૂર્ય એમને એમ રહે છે. આથમીને કાંઈ નાશ થઈ જતો નથી. એમ અજ્ઞાનમાં રાગમાં કાંઈ આત્માનો નાશ થઈ જતો નથી. આત્મા તો એવોને એવો પ્રકાશે છે. '**જેનો ઉદ્યોત (પ્રકાશ) નિત્ય છે એવી...**' '**किम् अपि परमं वस्तु**' આહા..હા..! '**किम्**' એટલે '**કોઈ પરમ વસ્તુને...**' એમ. પરમ વસ્તુને. કોઈ એટલે આત્મા અંદર આનંદઘન પ્રભુ, એવા અંદરમાં તળિયા જીવના તપાસતા પરમ વસ્તુ નજરે પડે કહે છે. આહા..હા..!

'**किम् अपि परमं वस्तु**' '**કોઈ પરમ વસ્તુને...**' '**अन्तः सम्पश्यतः**' '**અંતરંગમાં દેખનારા પુરુષને,...**' અંતરંગમાં જ્ઞાનાનંદ સ્વભાવને અનુભવનારા પુરુષને. આહા..હા..! જેના

સંસાર સ્વાદ બધા છૂટી ગયા છે અને જેને અંતરના આનંદના હિલોળા અંદરમાંથી પ્રગટ થાય છે. એવા '**અંતરંગમાં દેખનારા પુરુષને,...**' આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી, સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાનીપુરુષને. આહા..હા..! નિત્ય એવી પરમવસ્તુને દેખનારો છે ઈ. એને એ જોનારો છે. આહા..હા..! '**अन्तः सम्पश्यतः**' અંતરમાં નિત્યાનંદ ભગવાનને જોતો, જાણતો, અનુભવતો. '**रागादीनां आस्रवाणां**' '**રાગાદિક આસ્રવોનો શીઘ્ર સર્વ પ્રકારે નાશ થવાથી,...**' એ વિકલ્પો પુણ્ય-પાપના બેયના. શીઘ્ર અલ્પકાળ, એને વાર ન લાગે કહે છે. જે અંતરમાં પડ્યો એને આસ્રવના નાશને માટે અલ્પકાળ-બહુ થોડો કાળ જોઈએ એમ કહે છે. અસંખ્ય સમયમાં એ પૂર્ણ કરી દેશે. આહા..હા..! રખડવામાં જે અનંત-અનંતકાળ ગયો એટલો કાળ પૂર્ણ કેવળજ્ઞાન પામવાને એને ન જોઈએ. ફક્ત અસંખ્ય સમય જોઈએ. ભલે બે-પાંચ ભવ હોય પણ અસંખ્ય સમય જ હોય. આહા..હા..!

'**અંતરંગમાં દેખનારા પુરુષને, રાગાદિક આસ્રવોનો...**' રાગાદિ એટલે? પુણ્ય અને પાપ બેય. હવે પુણ્યઆસ્રવ ઠીક અને પાપઆસ્રવ અઠીક એમ છે? કહ્યું છે, પુણ્યને ઠીક માને, પાપને અઠીક માને એ તો ઘોર મિથ્યાદૃષ્ટિ છે. અપાર સંસારમાં રખડશે. છે? શેમાં? પ્રવચનસાર, ૭૭ ગાથા. આહા..હા..! પુણ્ય-પાપમાં વિશેષ માને છે કે આ કાંઈક .. કાંઈક-કાંઈક તો ઠીક છે કે નહિ?

મુમુક્ષુ :- ભગવાન મળે એના ફળમાં.

ઉત્તર :- ભગવાન મળે, ધૂડમાંય મળે નહિ એના ફળમાં. એના ફળમાં સંયોગ મળે. સંયોગ મળે (એના ઉપર) લક્ષ જાય તો દુઃખ થાય. આહા..હા..! આવી વીતરાગની વાણી. વીતરાગ કહે છે કે મારી વાણી સાંભળતા પણ તને રાગ થાય છે, એ દુઃખ થાય છે તને. એ શુભભાવ બાંધ્યો અને એમાં બંધાણું પુણ્ય, એમાં મળ્યો સંયોગ. તો સંયોગ ઉપર લક્ષ જતાં પરદ્રવ્ય અનુસારી વૃત્તિ તો રાગવાળી હોય. આહા..હા..! આવું કથન વીતરાગ કરે હોં! આહા..હા..! આવે છેને. .. ઉપદેશ કર્યો પણ પછી આ .. થયું કે ન થયું એમ જોયું નહિ. આહા..હા..! સમજાણું? આમાં સમુદાય વધ્યો કે ઘટ્યો? એણે જોયું ઈ તો જાણનાર-દેખનાર છે. આહા..હા..!

'**સર્વ પ્રકારે નાશ થવાથી...**' જોયું? બુદ્ધિપૂર્વકનો તો નાશ, પણ અબુદ્ધિપૂર્વકનો પણ નાશ. એમ. અંતરમાં જ્ઞાયકસ્વભાવમાં એકાગ્ર થતાં થતાં એને બુદ્ધિપૂર્વકના રાગનો તો નાશ, પણ અબુદ્ધિપૂર્વક—નહિ જાણવામાં આવતા એવા જે રાગ એનો પણ સર્વથા નાશ થવાથી '**एतत् ज्ञानम्**' '**उन्मग्नम्**' લ્યો, '**આ જ્ઞાન પ્રગટ થયું...**' ઉન્મગ્ન છે. પંડિતજી! ઉન્મગ્ન-ઉત્ મગ્ન. બહાર પ્રગટ થયું, ઊછાળો માર્યો. '**उन्मग्नम्**' '**પ્રગટ થયું...**' છે. આહા..હા..! આવી વાત! જ્ઞાને એ સ્વરૂપનો પૂર્ણ જ્યાં અનુભવ અને દૃષ્ટિ થઈ એની એકાગ્રતાએ પૂર્ણ

જ્ઞાનને પ્રગટ કર્યું છે. જે શક્તિરૂપે હતું એ પર્યાયરૂપે પ્રગટ થઈ ગયું છે. આહા..હા..! પણ આ ચોથા આરાની..? એય..! આ તો પાંચમા આરાની વાત છે. શેઠ કહેને ચોથા આરાના સાધુએ વાત કરી છે. પાંચમા આરાના જીવને કીધું છે. આહા..હા..! ભગવાન! તું આવડો છોને, કેમ તું ના પાડે છો? તમારું નામ તો ભગવાનદાસ છે. આહા..હા..! ભગવાનદાસ કોણ થાય? જે ત્રિકાળી આત્માનો આદર કરીને શુદ્ધ પરિણતિ પ્રગટ કરે ઈ.

મુમુક્ષુ :- એ સાચા ભગવાનદાસ.

ઉત્તર :- એ ભગવાનદાસ છે. અને ભગવાનદાસ થયો એ ભગવાન થઈ જશે. એ અહીં કહે છે. આ જ્ઞાન ઉન્મગ્ન-ઉન્મગ્ન—પ્રગટ થયું.

**'स्फारस्फारैः' 'કે જે જ્ઞાન અત્યંત અત્યંત (-અનંત અનંત) વિસ્તાર પામતા...'** જોયું? વિસ્તાર. આહા..હા..! અંદરમાં વિસ્તારથી તો ભર્યું હતું. પર્યાયમાં સ્ફાર-સ્ફાર પ્રગટ થતાં, દરિયાના મોજા જેમ અથડાય, એમ અંદર પર્યાયના મોજા ઊછળ્યા અંદરથી કહે છે. આહા..હા..! આવો એણે આત્મા સાંભળ્યો નહિ. રાંકા થઈને બધી વાતું કરી. આવી દશા. જેણે આત્માનું ધ્યાન કર્યું અને જેણે આત્માને શુદ્ધનયે પકડ્યો એવા ધર્મી જીવને અંતરમાં એકાગ્ર થતાં-થતાં **'स्फारस्फारैः'** એવું જ્ઞાન અત્યંત-અત્યંત પ્રગટ થાય છે. જે અંદર પડ્યું હતું એ પ્રગટ થાય છે હોં! **'વિસ્તાર પામતા...' 'स्वरसविसरैः' 'નિજરસના ફેલાવથી...'** જ્ઞાન અને આનંદરસના ફેલાવથી. .. એમ કહે છે. નિજરસનો પટારો આપ્યો. નિજરસ, આનંદરસ, જ્ઞાનરસ, શાંતરસ, સત્‌રસ, પ્રભુરસ... આહા..હા..! એવા રસના ફેલાવથી.

**'आ-लोक-अन्तात्' 'લોકના અંત સુધીના...'** લોકનો અંત એટલે બધો ત્રણ કાળ, ત્રણ લોક એમ. લોકનો અંત એટલે ઈ. આહા..હા..! **'सर्वभावान्' 'સર્વ ભાવોને તરબોળ કરી દે છે...' 'प्लावयत्'** તરબોળ સમજો છો? પુરણપોળી હોય છેને? પુરણપોળી સમજો છો? રોટલી—પુરણપોળી નહિ? તુરની દાળમાં ગોળ નાખીને બનાવે રોટલી. ઊની ઊની કરે અને પછી ચમચેથી લઈ ઘીની તપેલી પડી હોયને ઘીની તપેલી પાંચ શેર-દસ શેર. ઉંચી કરે તો તરબોળ. ... ભાઈ એમ કરતા. ... જુવાન મરી જાય, આ ન ખવરાવે. સુખડી ન ખવાય. સુખડી પકવાન. જુવાન માણસ મરી જાય ૨૦-૨૫ વર્ષનો, ત્યારે બધા આવે... ન ખાય. .. એ કરતા પણ નથી. રોટલી જ કરતા. ... બધા ખાય. સુખડી કરે.. પણ રોટલી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧૧, મંગળવાર, તા. ૧૩-૦૨-૧૯૭૩
## કળશ-૧૨૪-૧૨૫, પ્રવચન-૩૧૪

... તે દિ' તો કાળાકેર. આમ જોતા હતાને. અરરર..! શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... આસ્રવ અધિકાર. ફરીને કળશ.

આ આસ્રવ અધિકાર છે. એટલે? આત્મામાં જે શુભ અને અશુભભાવ થાય એ બધા આસ્રવભાવ, મલિનભાવ બંધનું કારણ છે. ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાનો ભાવ હોય એ પાપરૂપ મલિનભાવ છે. દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રતાદિ, તપના ભાવ હોય એ શુભરાગ પુણ્ય છે. બેય બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? બેય આસ્રવ છે. ચાહે તો પ્રભુની ભક્તિ હોય, ત્રણ લોકના નાથની કે એની પૂજા ... કે એનું નામ સ્મરણ પંચ પરમેષ્ઠીનું કરે તોપણ એ શુભરાગ આસ્રવ છે. શેઠ! એ આસ્રવનો જે ત્યાગ કરે છે દૃષ્ટિમાંથી. મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે એવી અંતર દૃષ્ટિ કરીને પુણ્ય-પાપના ભાવની જેને રુચિ છૂટી ગઈ છે. અસ્થિરતાના ભાવ રહ્યા હોય, પણ એ શુદ્ધભાવ તરફની જે દૃષ્ટિ છે એમાં એકાગ્રતાનો જેને અભ્યાસ છે એને એ અસ્થિરતાનો આસ્રવ છૂટીને પૂર્ણ સંવર અને કેવળજ્ઞાન થાય છે. આ ક્રિયાથી થાય.

મુમુક્ષુ :- ક્રિયા ખરી એમાં?

ઉત્તર :- આ ક્રિયા. શુદ્ધ ચૈતન્ય આનંદઘન પરમસ્વભાવની મૂર્તિ નિત્યાનંદ અનાદિ-અનંત પરમ આત્મસ્વભાવસ્વરૂપ એની દૃષ્ટિ કરીને, એનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન થાય અને એનો આશ્રય કરીને જે રાગથી અભાવની સ્થિરતા, શાંતિ થાય એ મોક્ષનો માર્ગ છે. કહો, શેઠ!

મુમુક્ષુ :- થાય શું?

ઉત્તર :- આ કહેવાય છેને શું? અંતર્મુખ થવું એ થાય. બહિર્મુખથી ખસી જવું. આ બધા બહારના હોળા કર્યા છેને, આ બધા બીડીયું ને...

મુમુક્ષુ :- હળવે-હળવે તો થાયને.

ઉત્તર :- હળવે નહિ. આજે જ. એવો પાઠ છે. સમયસારમાં પાઠ છે. ભગવાન અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતનો પોકાર કરે છે. આજે જ તે. ના ન પાડ. રુચિ હોય તેને

વાયદા ન હોય. મૂળચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઊંધું કર્યું છે એણે. સવળું કરે તો થાય. એના હાથની વાત છે કે કો'કના હાથની વાત છે? ભાઈ! ..ચંદભાઈ! આહા..હા..!

અંદર ત્રણ લોકનો નાથ સચેતન, સચેતન શક્તિનો ભંડાર છે. આહા..હા..! જેમાં અહીંયાં આ તો વિકાર પંચ મહાવ્રતના પરિણામ પણ આસ્રવ, દુઃખ. ભગવાનની ભક્તિ અને પંચ પરમેષ્ઠીનું સ્મરણ એ દુઃખ. આ કોને બેસે? સુમનભાઈ! આહા..હા..! બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! બીજી રીતે માનશે તો જિંદગી ચાલી જાશે હોં! આહા..હા..! આ અવસર માંડ આવ્યો છે. સંજ્ઞી પંચેન્દ્રિય મળવું એમાં પણ જૈન ધર્મ અને એને પણ સાંભળવા સુધી આવ્યો. આ જો દૃષ્ટિનો સુધાર નહિ કરે, સંજ્ઞીપણું હારી જશે, ભાઈ! મનુષ્યપણું હારી જશે, (મનુષ્ય અવતાર) ચાલ્યો જશે. આમાં કોઈની સિફારિશ લાગુ પડે એવી નથી. નવનીતભાઈ! આહા..હા..! અમે બહુ પૈસાવાળા હતા અને અમે લાખો-કરોડો ખર્ચ્યા છે, કાંઈક મદદ થાશે. ધૂડેય નહિ. પૈસા તો જડ છે. જડને મારા માનીને ખર્ચે છે એ તો મિથ્યાત્વને પોષે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રૂપિયા ખર્ચે અને પાછું મિથ્યાત્વ થાય.

ઉત્તર :- ખર્ચે છે કોણ? મારા માન્યા હતા અને મારા માનીને પાછો આપે છે. એય..! ચંદુભાઈ!

મુમુક્ષુ :- દાન...

ઉત્તર :- દાન શું કરે છે? દાન કોને કહેવું? દાન તો સ્વરૂપની અંતર દૃષ્ટિ કરીને શાંતિ કાઢીને પોતાને આપે એનું નામ દાન છે. એય..! સ્વરૂપચંદભાઈ! આવું છે, બાપુ! ઓલું તો રાગની મંદતા હોય તો એ જાતનું દાન હોય. પણ એ રાગની મંદતા એ રાગ છે, આસ્રવ છે, દુઃખ છે, મલિન છે, ઝેર છે. એવી જ્યાં સુધી દૃષ્ટિ નહિ થાય તો સુધારો નહિ થાય એને. મરી જશે તોપણ નહિ થાય. આહા..હા..! એવી વાત છે ભાઈ! આ વીતરાગનું આવું કહેણ છે. વીતરાગ સિવાય આ વાત બીજે હોઈ શકે નહિ. કેવળી પરમાત્મા એક સમયમાં જેને ત્રણ કાળ, ત્રણ લોક જોયા. એની પર્યાય પ્રગટી એમાં એ જણાઈ ગયા છે. એવા પરમાત્માની દિવ્યધ્વનિ જ્ઞાનના તેજ પ્રગટ્યા પછી જ્યારે નીકળી... આહા..હા..! એ જ અહીં કહે છે.

એને કેમ પ્રગટ્યું એ તેજ ચૈતન્ય પૂર્ણ? કે જેને... છે? **'જેનો ઉદ્યોત નિત્ય છે એવી કોઈ પરમ વસ્તુને દેખનાર પુરુષને...'** આહા..હા..! અંતર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ, રસકંદ એવી વસ્તુને (દેખનાર પુરુષને). કોઈ પરમપદાર્થ અંદર (છે). પુણ્ય-

પાપ તો નહિ, પર તો નહિ, એક સમયની પ્રગટ અવસ્થા વ્યક્તરૂપે જે જણાય છે એ નહિ. આહા..હા..! નિત્ય વસ્તુ એક પરમ, પરમ વસ્તુને અંતરંગમાં દેખનારા. અંતર દૃષ્ટિએ, લક્ષે અંતરને દેખનારા પુરુષને '**રાગાદિ અને આસ્રવનો શીઘ્ર સર્વ પ્રકારે નાશ થવાથી...**' પહેલો તો મિથ્યાત્વો નાશ થાય છે. નિત્યાનંદ ભગવાન આત્માનો આશ્રય કરતાં, સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વનો નાશ થાય છે, પછી સ્વરૂપમાં એકાગ્રતા કરતાં-કરતાં અસ્થિરતાનો, સર્વથા રાગનો નાશ થઈ અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અધિકાર પૂરો કરે છેને? આહા..હા..! '**શીઘ્ર સર્વ પ્રકારે નાશ થવાથી...**' પાછું શીઘ્ર. અંતરના આનંદસ્વરૂપમાં ઝૂલતો, આનંદને ઝીલતો, આનંદને વેદતો (નાશ કરે છે). આહા..હા..! કષ્ટ નથી ત્યાં કે અરે..! કષ્ટ સહન કરવું પડે એમાં.

ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણાનંદથી છલોછલ ભરેલો ભગવાન અંદર છે. આહા..હા..! કેમ નજરમાં આવે? સમજાણું કાંઈ? નવરંગભાઈ! આજ નવરંગભાઈ આવ્યા છે. આવું સાંભળવું ભારે! પણ બાપુ! માર્ગ તો આ છે. બીજી રીતે માનશે તો એ છેતરાઈ જશે. જિંદગી ચાલી જશે. અનંતા એવા ભવ નવમી ગ્રૈવેયકે ગયો જૈન સાધુ થઈને. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, એ દેવ-ગુરુ માટે માથા આપે, શરીરનો નાશ થાય તોપણ દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા છોડે નહિ. એવું એણે અનંત વાર કર્યું છે. એ તો રાગ છે. આહા..હા..! એય..! જિંદગી ગઈ એની. એના જીવન—ચૈતન્યના જીવન જે જોઈએ તે જીવન ન રહ્યા. રાગના જીવને જીવ્યો, ભલે ત્યાગી થયો, હજારો રાણી છોડી, મુનિ થયો, જંગલમાં વસ્યો. સમજાય છે કાંઈ?

શ્રીમદ્દે કહ્યુંને,

યમ નિયમ સંયમ આપ કીયો, પુની ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો,
વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.
સબ શાસ્ત્રન કે નય ધારી..' શાસ્ત્ર ભણ્યો.

'સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન બહુત કિયે' ખંડન-મંડન કર્યા. ઈ શું? એ તો વિકલ્પ છે, રાગ છે. 'જપ ભેદ જપે તપ ત્યોં હી તપે' તપ તપે એમાં બધું આવી ગયું. વિનય આદિ ભગવાનની ભક્તિ બધું તપમાં આવી ગયું. બારેય પ્રકારના તપ. આહા..હા..! એવું અનંત વાર કર્યું એણે. 'વહ સાધન વાર અનંત કીયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો' સાધન જ નહોતું. એને સાધન માન્યું હતું મિથ્યાદૃષ્ટિએ. આહા..હા..! આકરી વાતું! લોકોને એવું લાગે કે હાય..! હાય..! આ તો બધો વ્યવહારનો તો નાશ થઈ જાય છે. બાપુ! વ્યવહાર એટલે રાગ. રાગની દૃષ્ટિ નાશ થયા વિના સ્વભાવની દૃષ્ટિ થશે નહિ. આવું છે ભાઈ! આમાં કોઈની સિફારિશ લાગુ પડે એમ છે? કે અમે ઘણા માણસને મનાવ્યા હતા, સમજાવ્યા હતા,

સભા મોટી ભરી હતી, પણ એટલો કાંઈ લાભ થાય કે નહિ એનો? નહિ? કાંઈ નથી કર્યું બાપા તેં. એ તો વિકલ્પ છે. એ તો દુનિયા એને કારણે સમજે અને આવે એમાં આને શું? આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે જેને અંતરંગ વસ્તુને (દેખનારા). કોઈ અલૌકિક ચીજ જ્ઞાન અને આનંદનો ભંડાર ધ્રુવ સદશ્ય ચીજ એને અવલોકનારા, દેખનારા છેને? '**अन्तः सम्पश्यतः**' અંતરમાં દેખનારા એમ કહે છે. આહા..હા..! '**सम्पश्यतः**' એટલે સમ્યક્ પ્રકારે. '**रागादीनां आस्रवाणां**' એને પુણ્ય અને પાપનો મલિન ભાવ '**શીઘ્ર...**' ઝટ '**સર્વ પ્રકારે નાશ થવાથી આ જ્ઞાન પ્રગટ થયું...**' કેવળજ્ઞાન પ્રગટ થયું. આહા..હા..! પહેલું તો રુચિ રાગની છોડી અને ત્રિકાળી ભગવાનની દૃષ્ટિ કરતાં અનુભવ થઈને સમ્યગ્દર્શન થાય, પછી સ્વરૂપમાં રમણ કરતાં આનંદમાં લીન રહેતા-રહેતા જેને આસ્રવનો બધો નાશ થઈ જાય. ઝળહળ જ્યોતિ કેવળજ્ઞાન પ્રગટ થાય. આવા સાધનથી થાય (એટલે કે) અંતરમાં સ્વરૂપના સાધનથી થાય. સમજાણું કાંઈ? ભારે આકરી વાત! આહા..હા..! હજી તો ધર્મસ્થાને આવવું. એક જણો હમણા કહેતો હતો કે પંદર વર્ષથી અપાસરો જોયો નથી, સંવત્સરી જોઈ નથી. એ રામજીભાઈને બોલાવ્યા હતા. વઢવાણવાળા ઓલા ..લાલ છે. સ્થાનકવાસી દરિયાપરી. મોટો કળાબાજ... કહેવાય .. કારીગર. એ જ ધંધો. પંદર વર્ષથી અપાસરે ગયો નથી. એય..! ચંદુભાઈ! ઓળખો છો? સંવત્સરી કેવી હતી એ ખબર નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એમાં પાછો રસ છે.

ઉત્તર :- બહુ રસ છે. રસ તે કેવો? મહારાજ! હું એટલું માનું છું કે આવતા ભવમાં સત્સંગ રહેવાનું... મારે અત્યારે કાંઈ છે નહિ. અને એ તો એના ભાઈનું છે .. મહિનામાં ત્રણ, ચાર, પાંચ વાર જાય, પણ એક હજાર જ આપે છે મહિને. મહિને હજાર આપે છે. અને અહીં કાંઈક .. પૈસા આવે એ ત્યાં આપી આવે હોં! ત્યાં આપે. .. અહીં રામજીભાઈએ બોલાવ્યો હતોને આ સંચા. સંચો આવ્યો હતો. સંચો તો બહુ .. આપણે સંચો આવ્યો છેને? પહેલો વહેલો આવ્યો હિન્દુસ્તાનમાં. અને પહેલો વહેલો અક્ષર ન્યાં 'સહજાનંદ' પડ્યો છે. આ હિન્દુસ્તાનમાં બે હજાર વર્ષ પહેલા ક્યારેય નહિ થયું હોય. પહેલો વહેલો સંચો આવ્યો છે. હિન્દુસ્તાનમાં પહેલો. અને અક્ષર પડ્યો પહેલો પંચાસ્તિકાયનો 'સહજાનંદ'. ડોક્ટર જોયો? સંચો જોયો? મશીન જોયું? એમ! ગયા હતા જોવા? સંચો ભારે! પણ અક્ષર જરી નાના. એ જેમ કીધું અમારે હિંમતભાઈએ કીધું એ બરાબર છે. એમ કર્યું. દુઃખ થાય એમ કહેતા હતા. કહ્યું હતુંને? હિંમતભાઈએ જેટલા અક્ષર કર્યા છે, જે કર્યું છે એ સિવાય બીજું અમારે વધે એવું નથી. એનો મને ખેદ થાય છે, દુઃખ થાય છે. દુઃખ લઈને જાઉં છું એમ કહેતો હતો હોં! કારીગર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કીધુંને, છનાલાલ છે. કારીગર છે. બહુ હુશિયાર કળામાં રખડવામાં. એક હજારનો પગાર તો એને મહિને નડિયાદમાં છે. એના ભાઈબંધ. એનો નોકર છે. એક હજાર આપે. બે-ચાર-પાંચ દિ' જાય. પણ એને બહુ પ્રેમ છે એનો. એક હજાર આપી દે. મહિને હજાર. બાપા! પછી આત્મસિદ્ધિ આપી આપણે શ્રીમદ્‌ની. આત્મસિદ્ધિના પ્રવચન કર્યા છેને આપણે? ૯૫માં. લ્યો આ એક પુસ્તક રાખો તમે. મહારાજ! આ પહેલું પુસ્તક ધર્મનું ઘરમાં આવે છે. એ સિવાય કેટલા ચાર હજાર પુસ્તકો કેટલાય ..માં ભર્યા છે મારે. બધા કળાના, કારીગરના. આવા ને આવા છેને માણસો પણ. આહા..હા..!

મુમુક્ષુ :- બહારની કળા છેને.

ઉત્તર :- શું ધૂળ કળા? રખડવાની. કીધું આ એક રાખજો તો ખરા. આ પહેલું પુસ્તક મારા ઘરમાં આવે છે. ઉંમર પણ મોટી, સાંઈઠ તો થયા હશે. આહા..હા..! અરેરે..! આવા ટાઈમ, મનુષ્યપણાનો એક સમય મળવો અનંત કાળે દુર્લભ છે. એમાં આ શ્રદ્ધા કરવી એ તો મહાદુર્લભમાં દુર્લભ છે. આહા..! અને આ વિના એના જન્મ-મરણનો અંત કોઈ દિ' આવે એવો નથી. આહા..હા..!

**'આ જ્ઞાન પ્રગટ થયું...'** કેવું થયું? જેને અંતર જ્ઞાનાનંદની ઝળકમાં એકાગ્ર થતાં અંતર્મુખ ચૈતન્યના આનંદમાં એકાગ્ર થતાં પહેલું તો સમ્યગ્દર્શન થયું, પછી વિશેષે અંદર રગડતા કેવળજ્ઞાન થયું. આસ્રવનો નાશ, કેવળજ્ઞાનની ઉત્પત્તિ, ધ્રુવપણે ત્રિકાળી ભગવાન બિરાજે છે. આહા..હા..! એ કેવું છે જ્ઞાન? **'કે જે જ્ઞાન અત્યંત અત્યંત...'** **'स्फारस्फारैः'** ઝળહળ જ્યોતિ ચૈતન્યનો પ્રકાશ **'અત્યંત અત્યંત (-અનંત અનંત) વિસ્તાર પામતા.. '** **'स्फारस्फारैः'** **'स्वरसविसरैः'** કાલે અહીં સુધી આવ્યું હતું આપણે. **'स्वरसविसरैः'** અહીં સુધી. તરબોળ સુધી આવ્યું હતું, પણ આ તો શબ્દ કાલે આવી ગયો હતો. **'स्वरसविसरैः'** જેનો આનંદનો રસ વિસરે—વિશાળ. પેટી ખોલીને જેમ પ્રવાહ નીકળે અંદરથી. આહા..હા..! પેટીમાં રત્ન ભર્યા હોય અને એ પેટીને ખોલીને આમ ખાલી કરે તો ઢગલો નીકળે અંદરમાંથી. સમજાણું કાંઈ? આહા..હા..! એવો ચૈતન્યરત્ન ભગવાન અંદર એની જ્યાં એકાગ્રતા થઈ ત્યાં એને આસ્રવનો નાશ થઈને કેવળજ્ઞાન થાય છે. આસ્રવ રાખીને કેવળજ્ઞાન થાય એમ નથી. આસ્રવથી કેવળજ્ઞાન થાય કે આ દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામ કરીએ તો એનાથી આગળ વધીને કલ્યાણ થાય, ત્રણ કાળ, ત્રણ લોકમાં વીતરાગમાર્ગમાં એ નથી. અન્યમાં તો છે નહિ. આહા..હા..! ભારે!

**'વિસ્તાર પામતા નિજરસનો ફેલાવ...'** આનંદની પેટી ખુલી ગઈ અંદરથી નિધાન. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો રસકંદ જે પૂરો હતો એની એકાગ્રતાથી પર્યાયમાં વિસ્તાર,

ફેલાવ (થઈ ગયો). અનંતા-અનંતા લોકાલોક હોય તોપણે તે જાણે એવી શક્તિનો વિકાસ થઈ ગયો. આહા..હા..! હજી પણ અનંતુ હોત તો ... એમ કહ્યું છે એક ઠેકાણે. આટલું તો જાણીએ છીએ પણ હજી અનંતુ બીજું હોય તો એમાં સમાઈ જાય એવું છે. સ્વાહા. વાંચ્યું છે કે નહિ? સોગાનીનું પુસ્તક. બહુ વાંચ્યું નહિ હોય. શેઠિયા! તમે તો વાંચ્યું હશેને? થોડું-થોડું વાંચતા હશે કોક દિ'. કોણ જાણે નહિ બેઠા હોય. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'आ-लोक-अन्तात्' 'લોકના અંત સુધીના...'** લોક એટલે લોકાલોક. લોકાલોકને કોળિયો કરી ગયું કેવળજ્ઞાન. કોળિયો નાનો અને મોઢું મોટું. ભગવાન આત્મા જ્ઞાનના સ્વરૂપમાં રમતા-રમતા કેલી કરતાં એને આસ્રવનો નાશ થઈ અને કેવળજ્ઞાન પ્રગટ્યું, એ લોકાલોકને કોળિયો કરી ગયું. આહા..હા..! એવી કેળજ્ઞાનની સત્તા. એક સમયની શક્તિનું આટલું સામર્થ્ય કે જે ત્રણ કાળ એનાથી અનંતગુણો કાળ... આહા..હા..! અને એનાથી અનંતગુણા દ્રવ્યો જગતમાં, પોતે એક અને એનાથી અનંતગુણા, બધાને એક સમયમાં સ્વભાવની એકાગ્રતાથી પ્રગટેલું જ્ઞાન આસ્રવના નાશમાં આ દશા થાય છે કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'प्लावयत्' 'સર્વ ભાવોને તરબોળ કરી દે છે...'** એ કાલે આવ્યું હતું. શું આવ્યું હતું કાલે? શેઠ! તરબોળનો દોખલો શું આવ્યો હતો? દૃષ્ટાંત આવ્યો હતો ઘીનો. પુરણપોળી. પુરણપોળી હોય છેને? તુવેરની દાળ અને એમાં .. ગોળ નાખીને ... પછી ઘીમાં નાખે. ... આમ કરે. એમ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાનથી તરબોળ થઈ ગયો. શું છે આ તે? આહા..હા..! જેનો જ્ઞાનસ્વભાવ શક્તિરૂપે કેવળ હતું એ પ્રગટ વ્યક્તરૂપે કેવળ .. એક-એક આત્માની આવી શક્તિ છે. આહા..હા..!

**'સર્વ પદાર્થોને જાણે છે,...'** તરબોળ કર્યું એટલે સર્વને બોળીને આમ લઈ લીધા અંદર. જાણી લીધા. અહીં તો પર્યાયને જાણતા જણાય છે એમ કહેવું છે. પર્યાય એવડી મોટી છે. આહા..હા..! જેમ નદીના પાણી સ્વચ્છ અને .. સારા હોય. રાત્રીનો ભાગ હોય. નદીને દેખતા ઉપરના ચંદ્ર-સૂર્ય દેખાય અંદર. ઈ ચંદ્ર-સૂર્ય-તારાને દેખવા માટે બીજી નજર ન કરવી પડે. ઈ તો એને દેખે ત્યાં એ દેખાય જાય. છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડાક્રોડી તારા છે માથે. એ પાણી આમ દેખે તો એમાં દેખાય. એમ કેવળજ્ઞાનની પર્યાય દેખતા લોકાલોક જણાય જાય. એય..! મૂળચંદભાઈ! આવી વાત તો સાંભળી પણ નથી એણે.આ પૈસા આડે, નવરા આડે કાં ક્રિયાકાંડમાં, દયા, દાન, વ્રત, ભક્તિ ને તપ મરી ગયો કરી કરીને. આહા..હા..!

મુમુક્ષુ :- એમાં જ હતો.

ઉત્તર :- એમાં જ હતો કહે છે. આહા..હા..!

સત્સંગ તારો સત્ આવો સ્વભાવ એનો સંગ કર એમ કહે છે. સમજાણું કાંઈ? જેના

સંગે પરિચયે એકાગ્રતા થતા રાગનો નામમાત્રનો નાશ અને વીતરાગની કેવળજ્ઞાનની પર્યાય પૂર્ણ પ્રગટ થાય. કેવો છે કહે છે.

**'જે જ્ઞાન પ્રગટ થયું ત્યારથી સદાકાળ અચળ છે...'** ઝળહળ જ્યોતિ સોળ કળાએ ચંદ્ર જ્યારે પ્રગટે એ તો બીજે સમયે ઓછી થાય કળા. આ તો એવીને એવી કળાએ ખીલેલો રહે આત્મા. સર્વ પદાર્થોને **'જે જ્ઞાન પ્રગટ થયું ત્યારથી સદાકાળ અચળ છે અર્થાત્ પ્રગટ્યા પછી સદા એવું ને એવું જ રહે છે — ચળતું નથી, અને જે જ્ઞાન અતુલ છે...'** એને તુલના કોની? કેવળજ્ઞાન કેવળજ્ઞાન જેવું. એને માપ શેના? એની તુલના શેની? જેના સ્વભાવ એવા હોય. જેનો સ્વભાવ એક સમયમાત્રમાં આટલો વિકાસ એને કોની ઉપમા દેવી? આહા..હા..! ઈ અંતરના સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના કારણે પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? **'જે જ્ઞાન અતુલ છે...'** જેની તુલના નથી. કોની તુલના કરે? ભાઈ! એના જેવો કોણ પદાર્થ છે કે તુલના કરે? સિદ્ધ કેવા? કે સિદ્ધ જેવા. કેવળજ્ઞાન કેવું? કે કેવળજ્ઞાનીના જેવું. **'જેના તુલ્ય બીજું કાંઈ નથી.'**

**'ભાવાર્થ :— જે પુરુષ અંતરંગમાં ચૈતન્યમાત્ર પરમ વસ્તુને દેખે છે...'** આમ ભગવાનને દેખે છે કે પંચ પરમેષ્ઠીને દેખે છે ઈ રાખ્યું નથી અહીં. એ તો પર છે. અને પરને આશ્રયે થતી વૃત્તિ એ તો રાગ ને વિકાર ને દુઃખ છે. આહા..હા..! આવી વાત બેસે કેમ ભાઈ? એય..! નટુભાઈ! વકીલ છે. કહો, સમજાણું કાંઈ? બેસો, ન બેસો માર્ગ તો આ છે. કોઈ વ્યક્તિને કોઈ નવો થાય એવું છે નહિ. કાંઈક હળવો કરો હળવો. આ જ હળવો છે. જે આખી ચીજ છે એની સામું જોવું. ઘરની ચીજ છે એ તો. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એક જ રસ્તો, બીજો કોઈ રસ્તો નથી.

**'જે પુરુષ અંતરંગમાં ચૈતન્યમાત્ર પરમ વસ્તુને દેખે છે...'** ચૈતન્યમાત્ર વસ્તુ પરમ. એ વસ્તુ ધ્રુવ. દેખે છે તે પર્યાય. **'અને શુદ્ધનયના આલંબન વડે તેમાં એકાગ્ર થતો જાય છે...'** અને પછી પણ વારંવાર શુદ્ધ ઉપર દૃષ્ટિ છે તેમાં એકાગ્ર થતો જાય છે. **'તે પુરુષને, તત્કાળ સર્વ રાગાદિક આસ્રવભાવોનો સર્વથા અભાવ થઈને, સર્વ અતીત, અનાગત ને વર્તમાન પદાર્થોને જાણનારું નિશ્ચળ,...'** ચળે નહિ એવું, **'અતુલ...'** ઉપમા વિનાનું **'કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાન સર્વથી મહાન છે, તેના સમાન અન્ય કોઈ નથી.'** એના જેવું કોઈ જ્ઞાન નથી. બીજું શું હોય? ચાર જ્ઞાન પણ જેના અનંતમા ભાગે છે.

**'ટીકા :- આ રીતે આસ્રવ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.'** લ્યો! એ આસ્રવનો નાશ થઈ ગયો અને એકલો આત્મા રહી ગયો. સ્વાંગ કર્યો છેને આમાં નાટકનો?

'ભાવાર્થ :- આસ્રવનો સ્વાંગ રંગભૂમિમાં આવ્યો હતો તેને જ્ઞાને તેના યથાર્થ સ્વરૂપે જાણી લીધો તેથી તે બહાર નીકળી ગયો.' લ્યો! હવે બધાનો સંક્ષેપ કરે છે. કર્યું ભાઈએ જયચંદ્ર પંડિતે.

યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ દ્રવ્યત આગમ ગાયે,
રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ જતાયે;
જે મુનિરાજ કરૈ ઈનિ પાલ સુરિદ્ધિ સમાજ લયે સિવ થાયે,
કાય નવાય નમૂં ચિત લાય કહૂં જય પાય લહૂં મન ભાયે.

આહા..હા..! જયચંદ્ર પંડિત છેને. જય શબ્દ આવ્યો છે. 'યોગ કષાય મિથ્યાત્વ અસંયમ...' એ મન, વચન, કાયાના યોગો અને કષાય. આ જડની વાત છે હોં પુદ્ગલ. જડ-જડ કર્મ છેને? એમાં એ મન, વચન, કાયાનો યોગ જડ. કષાય જડ ચારિત્રમોહનો ઉદય જડ. મિથ્યાત્વ એ દર્શનમોહ, અસંયમ એ ચારિત્રમોહ એ 'આસ્રવ દ્રવ્યત...' એ દ્રવ્યઆસ્રવ કહેવાય. આગમમાં ભગવાને તેને દ્રવ્યઆસ્રવ કહ્યા છે, જડ છે માટે. ભાવઆસ્રવ. 'રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ જતાયે;' રાગ હોય શુભ કે અશુભ. વિરોધ નામ દ્વેષ, વિમોહ નામ મિથ્યાત્વ એ વિભાવ અજ્ઞાનમયી છે. એ શુભરાગનો વિકલ્પ પણ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે? વિપરીત જ્ઞાન એમ નહિ. એમાં જ્ઞાનસ્વરૂપનો અભાવ છે. ચૈતન્યના તેજ એવું જે ભગવાન આત્માનું સ્વરૂપ એ રાગમાં એનો અભાવ છે. ચાહે તો રાગ તીર્થંકરગોત્ર બાંધવાનો હોય, પણ એ ભાવ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે? જ્ઞાનનો અભાવ. આહા..હા..!

'રાગ વિરોધ વિમોહ...' ત્રણ. રાગ, દ્વેષ અને વિમોહ—મિથ્યાત્વ. એ 'વિભાવ...' જે અજ્ઞાનમય છે ત્રણ. 'યહ ભાવ જતાયે;...' એ ભાવઆસ્રવ છે. એ બધું આવી ગયું છે આપણે આમાં. આ તો સાર કહ્યો છે. સમજાણું? કર્મ જે જડ છે એ દ્રવ્યઆસ્રવ કહેવાય. પરમાણુ .. અને આ બાજુના રાગ, દ્વેષ અને મિથ્યાત્વ એ ભાવઆસ્રવ. સમજાણું? 'રાગ વિરોધ વિમોહ...' પછી રાગ ચાહે તો શુભ હોય કે અશુભ હોય, બધું અજ્ઞાન છે. એમાં ચૈતન્યનું કિરણ નથી, અંધારા છે. આહા..હા..! નવા માણસને આકરું લાગે, નવલચંદભાઈ! ભાઈને બધું આકરું લાગે. કોઈ દિ' સાંભળ્યું ન હોયને ત્યાં, કલકત્તામાં ક્યાં ત્યાં? આહા..હા..! અહીં તો કહે છે કે ભગવાન કહે, મારી ભક્તિ છે એ રાગ છે અને અંધકાર છે એમ કહે છે. વીતરાગ એમ કહે.

મુમુક્ષુ :- એ કહેવાની તાકાત છેને.

ઉત્તર :- કોની તાકાત છે બાપા? આહા..હા..! એમ? ઠીક કહ્યું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની વાણી છે. કહે છે કે એ ચાહે તો શુભરાગ હોય કે અશુભ એ અજ્ઞાન છે. એટલે કે ચૈતન્યના... સૂરજનું કિરણ તો ધોળું હોયને? કોલસાની કણી દેખાય એ કાંઈ એનું કિરણ હોય? એમ રાગનો વિકલ્પ કોઈપણ શુભ-અશુભ, એ ચૈતન્યનું કિરણ નહિ. એ અજ્ઞાનભાવ રાગનો અંધકાર છે. આહા..હા..! અજ્ઞાનમય, અજ્ઞાનમય. '**યહ ભાવ જતાયે;...**' એને ભગવાને ભાવઆસ્રવ કહ્યો. આહા..હા..!

'**જે મુનિરાજ કરૈ ઈનિ પાલ...**' જે મુનિરાજ કરૈ ઈનિ પાલ—અટકાવે એમ કહે છે. મિથ્યાત્વ, અવ્રત, કષાયના પરિણામ જે ... એને રોકે. '**સુરિદ્ધિ સમાજ લયે સિવ થાયે,...**' અને સુરિદ્ધિ આનંદ આદિ અનંત જ્ઞાનની લક્ષ્મી પર્યાયમાં પ્રાપ્ત થતાં અનંત ગુણની '**સમાજ લયે સિવ થાયે,...**' એ મોક્ષને પામે. આત્માની લાભ દશા પૂર્ણ તે મોક્ષને પ્રાપ્ત થાય. '**કાય નવાય નમૂં ચિત લાય...**' એવા પરમાત્માને હું કાયાથી નમું છું અને '**ચિત લાય...**' મારું મન લાવીને નમું છું. '**કહૂં જય પાય...**' અને એનો જય થાઓ એમ પામીને '**લહૂં મન ભાયે.**' મારા મનમાં એની ભાવના કરું છું. સમજાણું કાંઈ? એ જયચંદ્ર પંડિતનું લખાણ છે.

'**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં આસ્રવનો પ્રરૂપક ચોથો અંક સમાપ્ત થયો.**' લ્યો!

# સંવર અધિકાર

હવે સંવર. એ સંવરની શરૂઆત કરી હતીને આપણે? પોપટભાઈએ. સમયસાર શરૂ કર્યું સંવરમાં, પછી મોક્ષનું, પૂરું થયું ત્યારે પ્રવચનસારનું પૂરું થયું ..માં. મંગળિક છે. આ સંવર અધિકાર કીધો. કળશટીકા છે હજી. એમાં ૐ નમઃ લીધું છે શરૂઆતમાં. પરમ .. શરૂઆત કરે છે કે ઓહો..! ભેદજ્ઞાનની શરૂઆત થાય છે. અથ નામ નવીન દશાથી. અનાદિની નહિ. ૐ ભગવાનની .... વાણી એને નમસ્કાર અને ૐ એવો જે ભગવાન પોતે—ભાવ ૐ એને નમસ્કાર કરીને સંવર શરૂ કરે છે. આહા..હા..! પાંચમો અધિકાર છે આ. પહેલો જીવ-અજીવ અધિકાર, કર્તા-કર્મ, પુણ્ય-પાપ અને આસ્રવ.

'अथ प्रविशति संवरः।' આ એટલું શરૂ કર્યું હતું તે દિ' સંવર અધિકાર વખતે. આટલી લીટી શરૂ કરી હતી. 'अथ प्रविशति संवरः।' હવે સંવર પ્રવેશ કરે છે. નાટકમાં .. એ તો છેને? હવે સંવરનો ભેખ, આત્માની પર્યાય નિર્મળ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શાંતિ એ સંવર. એ હવે નાટકમાં આવે છે. એને જ્ઞાન પારખી લે છે, ઓળખી લે છે. સમજાણું કાંઈ?

## શ્લોક-૧૨૫

अथ प्रविशति संवरः।

(शार्दूलविक्रीडित)

आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव-
न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।
व्यावृत्तं पररूपतो नियमितं सम्यक्स्वरूपे स्फुर-
ज्ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते।।१२५।।

મોહરાગરુષ દૂર કરી, સમિતિ ગુપ્તિ વ્રત પાળી;
સંવરમય આત્મા કર્યો, નમું તેહ, મન ધારી.

પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે 'હવે સંવર પ્રવેશ કરે છે'. આસ્રવ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા પછી હવે સંવર રંગભૂમિમાં પ્રવેશે છે.

ત્યાં પ્રથમ તો ટીકાકાર આચાર્યદેવ સર્વ સ્વાંગને જાણનારા સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે :—

શ્લોકાર્થ :- [आसंसार-विरोधि-संवर-जय-एकान्त-अवलिप्त-आस्रव-न्यक्कारात्] અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી સંવરને જીતવાથી જે એકાંત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી [प्रतिलब्ध-नित्य-विजयं संवरम्] જેણે સદા વિજય મેળવ્યો છે એવા સંવરને [सम्पादयत्] ઉત્પન્ન કરતી, [पररूपतः व्यावृत्तं] પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા ભાવોથી જુદી), [सम्यक्-स्वरूपे नियमितं स्फुरत्] પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી, [चिन्मयम्] ચિન્મય, [उज्ज्वलं] ઉજ્જ્વળ (-નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન) અને [निज-रस-प्राग्भारम्] નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી અતિશયપણાવાળી [ज्योतिः] જ્યોતિ [उज्जृम्भते] પ્રગટ થાય છે, ફેલાય છે.

ભાવાર્થ :- અનાદિ કાળથી જે આસ્રવનો વિરોધી છે એવા સંવરને જીતીને આસ્રવ મદથી ગર્વિત થયો છે. તે આસ્રવનો તિરસ્કાર કરીને તેના પર જેણે હંમેશને માટે જય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતો, સમસ્ત પરરૂપથી જુદો અને પોતાના સ્વરૂપમાં નિશ્ચળ એવો આ ચૈતન્યપ્રકાશ નિરજરસની અતિશયતાપૂર્વક નિર્મળપણે ઉદય પામે છે. ૧૨૫.

# કળશ-૧૨૫ ઉપર પ્રવચન

(शार्दूलविक्रीडित)

आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव-
न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।
व्यावृत्तं पररूपतो नियमितं सम्यक्स्वरूपे स्फुर-
ज्ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते।।१२५।।

આહા..હા..! આસ્રવનો પડદો બંધ થઈ ગયો હવે. હવે સંવરનો વેશ લઈને ભગવાન આત્મા આવે છે. પુણ્ય અને પાપના ભાવ રહિત મારી ચીજ શુદ્ધ આનંદસ્વરૂપ છે એવો સમ્યગ્દર્શનરૂપી સંવર, સમ્યગ્જ્ઞાનરૂપી સંવર અને રાગના અભાવરૂપી સ્થિરતારૂપી સંવર એ નાટકમાં પ્રવેશ કરે છે. નાટક કહ્યું છેને આને? સમયસાર નાટક કહ્યું છે. **'प्रविशति संवरः'** શુદ્ધ આનંદનો ભેખ લઈને હવે પ્રવેશે છે. આહા..હા..! સંવરમાં આનંદ હોય છે. આસ્રવમાં દુઃખ હોય છે. આ લોકો નથી હાથ જોડીને (કહેતા)? પાંચ આસ્રવના પચ્ચખાણ આપો. એ સંવર-ફંવર નહિ. સંવર કરીને બેઠા છે. આજ સંવર પોષો છે. એમ કહે છેને? તમારે જામનગરમાં બહુ થાય. સંવર પોષા. ગપેગપ છે બધું. હજી વસ્તુ કોણ છે? ચૈતન્ય કેમાં ઠરવું? એ ચીજ નજરમાં, દૃષ્ટિમાં આવ્યા વિના ઠરવું ચારિત્ર આવે ક્યાંથી? લ્યો! મંગળિક જયચંદ્ર પંડિતનું છે.

**મોહરાગરુષ દૂર કરી, સમિતિ ગુપ્તિ વ્રત પાળી;**
**સંવરમય આત્મા કર્યો, નમું તેહ, મન ધારી.**

અર્થકાર મંગળિક કરે છે. મોહ-મિથ્યાત્વભાવ (અર્થાત્) પુણ્યના પરિણામથી કલ્યાણ થાય એવો જે મિથ્યાત્વભાવ. રાગ (અર્થાત્) અનુકૂળ ચીજ દેખીને એને ઈષ્ટપણું લાગે, રાગ. પ્રતિકૂળ દેખીને એને (દ્વેષ થાય). પ્રતિકૂળ છે નહિ. પ્રતિકૂળ લાગીને એને .. દ્વેષ થાય. **'મોહરાગરુષ દૂર કરી,...'** એ નહિ. **'સમિતિ ગુપ્તિ વ્રત પાળી;...'** નિશ્ચયથી સમિતિ સ્વરૂપમાં રમવું, ગુપ્તિ—શુભાશુભ ગુપ્તિને અંદર ઠરવું, વ્રત-સ્વરૂપમાં વીંટાઈ જવું. એવું નિશ્ચયથી પાળીને. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્યસંગ્રહમાં આવે છે. ગાથા આવે છે. નિશ્ચયનું આવે છે. અને એવું સ્વરૂપનું જ્યાં અંદર સમ્યગ્દર્શનસહિત આવી સ્થિરતા જ્યાં હોય ત્યાં એને વિકલ્પ વ્રતાદિનો હોય એ વ્યવહાર છે, પણ ઈ વિકલ્પ છે એ તો આસ્રવ છે. અહીં તો સંવરનો અધિકાર ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચય એટલે આત્મા આનંદસ્વરૂપ ભગવાન એનું સમ્યગ્દર્શન પ્રગટ કરીને પછી સ્વરૂપમાં ઠરવાની જે ક્રિયા એને અહીંયાં વ્રત,

સમિતિ, ગુપ્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'સંવરમય આત્મા કર્યો,...' સંવરમય કરવું છેને? ઓલા વ્રત કરી કરીને આસ્રવ .. કર્યો એમ અહીં નથી લેવું. આહા..હા..! જેણે આત્માના આનંદને પ્રગટ કરી, સ્થિરતા કરીને આનંદમય પ્રગટ કર્યો, આનંદમય કર્યો એ સંવરમય કર્યો કહેવાય. '**નમું તેહ,...**' મનમાં ધારીને તેને નમસ્કાર કરું છું.

'**પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે 'હવે સંવર પ્રવેશ કરે છે'.**' હવે એનો અર્થ કર્યો. '**આસ્રવ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા પછી હવે સંવર રંગભૂમિમાં પ્રવેશે છે.**' થિએટરમાં આવેને જેમ વેશ કરીને? આહા..હા..! પહેલું કહ્યું હતુંને અમારે. મોટું નાટક હતું વડોદરા. વિશ્વામિત્રનું. (સંવત) ૧૯૬૪-૬૫ની વાત હશે. જોવા ગયેલા. મોટું નાટક. અનસુયાનું નાટક આવે છે. નર્મદાની બહેનનું મોટું નાટક હતું. માલ લેવા ગયેલા. જોવા ગયા. એમાં પહેલો નારદ આવે નારદ. ... મોટું થિએટર હતું. ૬૫-૬૬ની વાત હશે. ... હાથમાં તંબુરો, બ્રહ્મચારી. 'બ્રહ્મા સૂત હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.' આવું નાટકમાં આવ્યું. આ સંવર ઈ કહે છે. સંવર સ્વરૂપ હું જ્યાં જાવ ત્યાં શાંતિ પમાડું. એનો ભેખ ઈ છે. એય..! સંવર પોતે શાંતિ જ છે. આહા..હા..! અકષાયસ્વભાવને અવલંબે પ્રગટેલી શાંતિ એને અહીંયાં સંવર અને ધર્મની દશા કહે છે. આ કહે, જ્યાં હું જાઉં ત્યાં શાંતિ આપું. ઓલો નારદ કહે જ્યાં હોય ત્યાં ક્લેશ કરાવું.

મુમુક્ષુ :- એ આસ્રવ આવ્યો.

ઉત્તર :- આસ્રવ. આહા..હા..! એ બધા ખુશી થાય લોકો તો. પગમાં ઓલી ચાખડી પહેરી હોય લાકડાની અને લંગોટી હોય અને મોટી .. ઊંચી આમ હોય. આહા..હા..! નારદની વાત નહોતી કરી પહેલી? .. બેઠા હતા. સમકિતી હતા દ્રૌપદી. આહા..! ધર્મી સમ્યગ્દૃષ્ટિ. દ્રૌપદી સતી. પાંચ પાંડવની નાર નહિ હોં! એક અર્જુન. આ લોકોએ પાંચ પાંડવ ઠરાવ્યા છે. જૂઠી વાત. શ્વેતાંબરમાં પણ પાંચ પાંડવ ઠરાવ્યા છે એ જૂઠી વાત છે.

મુમુક્ષુ :- શ્વેતાંબરમાં પણ?

ઉત્તર :- હા, શ્વેતાંબરમાં પણ છે. ... પાંચ પતિ જૂઠી વાત છે. અરે..! મહા સતી એને બે પતિ હોય કોઈ દિ'? નાના દિયરો તો દીકરા છે, જેઠ તે પિતા છે, ધણી તે પતિ છે. પતિ કોને કહેવાય? અને તે પણ સમ્યગ્દૃષ્ટિ. નારદ આવ્યા હતા. પગે ન લાગી. એને એમ... લાગી ગયું. .. દ્રોપદીનું ચિતરામણ કર્યું. .. બનાવ્યું. .. ઘાતકીખંડમાં. વિદ્યાધર હતાને અને રાણીયું સાતસો હતી ત્યાં દરબારમાં. રાજા કહે રાણી .. નથી હોં. .. કોણ છે? અરે..! રાજા! એનું નાટક ઓલામાં આવે છે, શું કહેવાય? ... નાટકમાં આવે છે. '.. મતિ .. પદમણી રાણી' આ નાટક પણ ઘણા જોયા હતાને તે દિ'. એમાં આવે છે. આ પાટણનો રાજા હતોને ત્યાં કોઈ .. હતો બારોટ. એને .. કહ્યું. ઈ આવે છે. નાટકમાં આવે

છે. 'પાટણના નૃપ નથી તુજ મહેલે પદમણી રાણી.' માટે પદમણી લાવજે. એમ ... કરે છે. ઓલી બાઈ હતીને. બાઈ. ઓલી કુંભાર. .. બહુ રૂપાળી હતી ... પછી એને રાણી તરીકે લાવું. .. એક .. બીજો લાવે છે. લેવા ગયા. એલા કોણ છે બાઈ તું? કહે હું તો .. છું. ધણી કોણ છે તારો? એ ઓલા ટોપલા લે ઈ. ચાલને આ ઠેકાણે, તું રાણી મોટી .. ટોપલા .. ચાલને મારા રાજમાં. અમારે બીજો પતિ હોય નહિ. અમે .. પાળનારા. અમે ઈ ધણી અમારો એક, ટોપલા ઉપાડે ઈ. રાજાએ વેન લીધું. એ તો ઉપડી ગયા બીજે દિ' સવારે. ... માણસને મોકલ્યા પાછળ. ન આવી, મારી નાખી. અમારે સપનામાં બીજા પુરુષ હોય નહિ. રાજાને રાણી, એમ અમારે એ રાજા અમારો ધણી. એય..! શેઠ! એવા તો નીતિવાળા. આ તો અત્યારે નીતીયું ફરી ગઈ, કાળાકેર થઈ ગયા. અરર..! ૫૦-૫૦ વર્ષ પહેલાં જે જીવન જોતા ન્યાય નીતિના, ભાઈ-ભાઈમાં તકરાર, ભાઈ-ભાઈયુંમાં ચોરી, મા-બાપને કરે જુદાં. અરર..! આ તે કાળ કેવા? નૈતિક જીવન હતા, પચાસ વર્ષ પહેલાં બહુ નીતિ. આહા..હા..!

ઓલી ઉડણ કહે, બીજો ધણી નહિ. એ તારા રાજ અને તારી રાણીયું એ અમારે નહિ. અમારો એ રાજા. એ ટોપલા કરે ઈ અમારો રાજા. આહા..હા..! ટોપલા વેચે છે. એટલી તો સજ્જનતા. રાણી ... એમ અહીં પદમણીને લઈ જાય. ક્યાં છે આ? પોતાનો કુળેદવ હતો કુળદેવ. કુળદેવ તો ચાલે છે હોં અંદરથી. એને કહીને બોલાવ્યા, દ્રૌપદીને અહીં લાવ. આવ્યા અહીંયાં. ... આહા..હા..! સતી છે મહાસતી. જેને રૂંવાટ-રૂંવાટે બીજી વાત નથી. આહા..હા..! હે રાજન! મારો ભાઈ શ્રીકૃષ્ણ જ્યાં સુધી અહીં ન આવે ત્યાં સુધી મારું નામ લઈશ નહિ. ભાઈ! અને મારા પતિ અર્જુન બાણાવળી છે. મારી વહારે ન આવે ત્યાં સુધી મારું નામ લઈશ નહિ. નહિતર બળીને ભસ્મ થઈ જઈશ. અમે સતી કહેવાઈએ છીએ. ત્યાં તો .. લઈ ગયા.

અહીં કહે છે.. આહા..હા..! પ્રવેશ કરે છે સ્વાંગ હવે અંદર સંવરનો. આહા..હા..! એને સમકિતી આદરે છે અને સમકિતી અંદર એકાગ્ર થાય છે. એને ઓળખી લે કે સંવર આને કહેવાય. પુણ્ય અને પાપના વિકલ્પને સંવર કહેવાય નહિ. આહા..હા..! અંદર ભગવાન આત્મા ચૈતન્યના રસે રંગાયેલો આત્મા જેને બીજો રાગનો સ્વામી પણ નહિ એવો ચૈતન્યસ્વામી જેની દૃષ્ટિમાં આવ્યો એની પર્યાયનો રંગ નિર્મળ પર્યાય જે પ્રગટ થાય એને સંવર કહે છે. જ્ઞાન કહે છે કે આ સંવર, આ રાગ એ સંવર નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! સમજાય છેને થોડું થોડું? ગુજરાતી છે. સમજે છે ગુજરાતી. આહા..હા..! આ તો સાદી ભાષા છે આમ તો. કાંતિભાઈ આવ્યા છે આજ તો, નહિ? આહા..હા..!

કહે છે કે હવે પડદો આવે છે સંવરનો. અનંત કાળે જેણે સંવર પ્રગટ કર્યો નથી, સમ્યગ્દર્શન પહેલું સંવર. મિથ્યાત્વ તે આસ્રવ અને સમ્યગ્દર્શન તે સંવર. એ સંવર સમ્યક્ અનુભવ થઈ

અને અંદરમાં નિર્મળ પર્યાય પ્રગટ થઈને આવે છે. કહે છે કે જ્ઞાન એને જાણે છે. આ .. રાગાદિ તે સંવર છે નહિ. ધર્મ આ છે. એમ અહીંયાં કળશમાં કહેવામાં આવે છે. '**સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે :—**'

'**आसंसार-विरोधि-संवर-जय-एकान्त-अवलिप्त-आस्रव-न्यक्कारात्**' શું કહે છે? અરેરે..! અનાદિ સંસારથી માંડી નિગોદથી માંડી અનાદિ સંસાર. નિત્ય નિગોદમાં હતો. '**પોતાના વિરોધી સંવરને જીતવાથી...**' એ આસ્રવને ગર્વ થઈ ગયો છે કે મોટા માંધાતા મુનિઓને પણ મેં પાડ્યા છે. એ પણ પંચ મહાવ્રત પાળતા અને મને ધર્મ થાય એમ એ માનતા. આહા..હા..! '**પોતાના વિરોધી સંવરને જીતવાથી જે એકાંત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે...**' આહા..હા..! છેવટે ત્યાગી થયો તો એને, અમે ત્યાગ કર્યો છે. અમને આ ખપતું નથી એમ કરીને પણ મિથ્યાત્વના અહંકારમાં આસ્રવ કહે છે મારી જીત થઈ છે. ગીરધરભાઈ! બાદશાહ છે ઈ. બાદશાહનું નામ હોયને એના પ્રજામાં ખપે. બાદશાહના નામને કોઈ પ્રજા ના ન પાડે. મિથ્યાત્વરૂપી બાદશાહ છે અજ્ઞાન અનાદિનો. જ્યાં હોય ત્યાં કહે મારી જીત થઈ છે. આહા..હા..! ભક્તિવાળા કહે ભક્તિથી ધર્મ થાશે. આસ્રવ કહે મેં એને જીત્યો છે લ્યો! વ્રત પાળનારા કહે કે અમે ધર્મ કરીએ છીએ, આસ્રવ કહે મેં એને જીતી લીધો છે. આ દાન કરનારા કહે, અમે દાન કરીએ છીએ માટે અમને ધર્મ થાય. એને આસ્રવ કહે છે મેં જીતી લીધો છે. આહા..હા..! શરીરથી બ્રહ્મચર્ય પાળનારા, એને આસ્રવ કહે છે કે મેં જીતી લીધો છે. શરીરથી બ્રહ્મચર્ય પાળીને એને શુભરાગ હોય. ઈ માને છે કે અમે બ્રહ્મચારી છીએ માટે સંવર થયો છે. આસ્રવ કહે છે એને મેં પાડ્યો છે હેઠે. સમજાણું કાંઈ? આહા..હા..! મોટા માંધાતાને મેં પાડ્યા છે હેઠે. ગર્વ થઈ ગયો છે. મારા પંજામાંથી કોઈ નીકળ્યો નથી. નીકળ્યો એ થઈ રહ્યું કહે છે.

'**સંવરને જીતવાથી...**' સંવર જીતવાથી. સંવર હતો કે દિ'? મેં એને ઉત્પન્ન થવા દીધો નથી. આહા..હા..! છેવટે અંદર શાસ્ત્ર ભણવું, એનો વિકલ્પ થાય એ પણ સંવર છે. સ્વાધ્યાય સંવર છે કે નહિ? સ્વાધ્યાય સંવર નથી કીધો? વિકલ્પ છે એ તો. શાસ્ત્રનો અભ્યાસ કરવો અને શાસ્ત્ર સાંભળવા એ તો વિકલ્પ રાગ છે. આ કહે ત્યાં પણ મેં એને જીત્યો છે. મને એ ધર્મ માનતા. એય..! નવરંગભાઈ! આહા..હા..! અને બીજાને સમજાવીએ તો આપણને ધર્મનો લાભ થાય, એ રીતે પણ એને આસ્રવ (કહે છે) મેં એને જીત્યા છે. હવે સમજાવે કોણ? એ તો વિકલ્પ છે, આસ્રવ છે. એનાથી તને લાભ થાય? ઓલા ધર્મ પામે એનો લાભ થાય કે નહિ થોડો દેનારને? આ ગરાસિયામાં મળે કહે છે સો ટકાએ દસ ટકા જમીન. એમ કહે છે. ધૂળેય મળે નહિ. આહા..હા..! કહેતા હતાને તે દિ' અહીં થોડું આપણે. કર્યોને? પ્રવચન હોલ. તે દિ' આવ્યા હતા. .. કાંઈ મળે કે નહિ આમાં? અમારી જમીન છે. કોની

જમીન? ધૂળની? જમીન કેવી? આહા..હા..! એક રાગનો કણ પણ જ્યાં ધર્મ નથી, એ ભૂમિકામાં ધર્મ થતો નથી, રાગના કણમાં આવ્યો એને. આહા..હા..! એને આ રજકણ અને રજકણના રાજ મારા માને. આસ્રવ કહે છે, બધાને મેં જીતી લીધા. .. છે. આપણે મંદિર બનાવી દઈએને પાંચ-દસ લાખનું ત્યાં ધર્મ કરે એનો આપણને લાભ થાય થોડો. લ્યો!

મુમુક્ષુ :- બીજા ધર્મ કરે એનો?

ઉત્તર :- હા, એય..! પોપટભાઈ! દસ લાખનું મંદિર બનાવી દઈએ. આપણને બહુ ભાઈ ધર્મ કરવાની શક્તિ નથી. પણ આપણે કરે (એનો લાભ મળે). અજીતભાઈ! તમારે ક્યાં મંદિર થયું છે? નાઈરોબીમાં નહિ, મોમ્બાસામાં. દસ લાખનું. વધારે થયું હશે. .. આપણે તો ન કરી શકીએ, પણ ત્યાં માણસો આવે, દરરોજ પૂજા કરે, ભક્તિ કરે અને હજારો માણસો આવે. આપણને કાંઈક લાભ થાય કે નહિ? આસ્રવ કહે છે, પણ મોટા માંધાતાને મેં પાડ્યા છે હોં! મારા હાથમાંથી નીકળ્યા નથી કોઈ.

**'ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી...'** હવે સંવર આવ્યો છે અંદર. સ્વરૂપનો આશ્રય લઈને જેણે આત્માને આનંદમૂર્તિને જાણ્યો એણે આસ્રવનો તિરસ્કાર કર્યો. શુભ-અશુભ આસ્રવ એ તું નહિ, મારી ચીજ નહિ, મારામાં લાભ નહિ, તારે લઈને મને લાભ થાય એટલું નહિ. નીકળ. આહા..હા..! કહો, પોપટભાઈ! નાટકમાં ઉતાર્યું છે. સમયસાર નાટક છેને? **'એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી...'** છેને જુઓને. **'आस्रव-न्यक्कारात्' 'आस्रव-न्यक्कारात्'** ચાહે તો વિકલ્પ તીર્થંકરગોત્રનો આવે એ પણ આસ્રવ અને રાગ છે, એ અધર્મ છે. આહા..હા..! **'આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી...' 'प्रतिलब्ध-नित्य-विजयं संवरम्'** ભાષા જુઓ, કહે છે કે **'જેણે સદા વિજય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતી,...'** જ્ઞાનજ્યોતિ. આહા..હા..! ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવની જ્યોતિ એની અંતર દૃષ્ટિ, આશ્રય થતાં સંવર ઉત્પન્ન થયો એણે આસ્રવનો નકાર કરીને આસ્રવનો નાશ કર્યો છે. એટલે વિજય હવે સંવરનો છે. એની વિશેષ વ્યાખ્યા લેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૧૨, બુધવાર, તા. ૧૪-૦૨-૧૯૭૩**
**કળશ-૧૨૫, ગાથા-૧૮૧ થી ૧૮૩, પ્રવચન-૩૧૫**

(સંવર અધિકાર) એનો પહેલો શ્લોક છે. શ્લોકાર્થ. 'आसंसार-विरोधि-संवर-जय-एकान्त-अवलिप्त-आस्रव-न्यक्कारात्' એનો અર્થ. અનાદિકાળથી આ સંસાર. અનાદિકાળથી, નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયકે જૈન દિગંબર સાધુ થઈને ગયો મિથ્યાદૃષ્ટિ. કહે છે કે એને આસ્રવે સંવરને જીત્યો છે અનાદિથી. ત્યાગી થયા તો એના ત્યાગનું અભિમાન. મિથ્યાત્વ કહે છે કે મેં મોટા માંધાતાને પાડ્યા છે. એથી ગર્વ થઈ ગયો છે એને. રાગથી, વિકલ્પથી ભિન્ન છું એના ભાન વિના એણે કંઈ પણ રીતે શુભરાગને ધર્મ માન્યો. આસ્રવ કહે છે કે મેં પણ એવા મહાત્માને જીતી લીધા છે, મારે તાબે કર્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! કાં તો અમે દયાઓ બહુ પાળી, વ્રત કર્યા બહુ.

મુમુક્ષુ :- શાસ્ત્ર બહુ વાંચ્યા.

ઉત્તર :- શાસ્ત્ર બહુ વાંચ્યા, તપસ્યાઓ બહુ કરી. એના અભિમાનમાં આસ્રવ કહે છે કે મેં એને સંવર થવા દીધો નથી. સમજાણું કાંઈ? આસ્રવ કહે છે કે મેં એને જીતી લીધા છે.

'आसंसार' એમ શબ્દ પડ્યો છે. અનાદિ... અનાદિ... અનાદિ... નિગોદમાં હોય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય હોય, સાધુ થઈને પણ બેઠો હોય, પણ એને કહે છે કે દ્રવ્યસ્વભાવના ભાન વિના એ રાગના વિકલ્પે મને કંઈક લાભ છે, એવી જે મિથ્યાત્વની માન્યતા, મિથ્યાત્વ કહે છે કે મેં સંવરને જીતીને એટલું જ મારું રાજ ચાલે છે અત્યારે. સમજાણું કાંઈ? શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું જાવજીવનું. તો આસ્રવ કહે છે કે મેં એને જીત્યા. કારણ કે એમાં તો એ શરીરથી ક્રિયા થાય એમાં શુભભાવ હતો. તો એને એમ થઈ ગયું કે હું તો બ્રહ્મચારી થયો. સમજાણું કાંઈ? આસ્રવ કહે છે કે મેં એવા માંધાતાને પાડ્યા છે હેઠે. અપવાસ બહુ કર્યા એટલે ધર્મ થઈ ગયો... મહિના-મહિનાના અપવાસ, બબ્બે મહિનાના અપવાસ. કહે છે કે ભાઈ! એ રાગની મંદતાની ક્રિયા છે. એ કાંઈ ધર્મ નથી. એને મિથ્યાત્વ કહે છે, આસ્રવ કહે છે મેં એવાને જીત્યા છે.

એકાંત સંવરને જીતીને 'अवलिप्त' ગર્વિત થઈ ગયો. આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનું, આસ્રવ કહે છે કે મેં ભાન થવા દીધું નથી. એને મેં 'न्यक्कारात्' એનો તિરસ્કાર જ્ઞાન કરે છે હવે. આહા..હા..! અરે..! હું તો આનંદ છું. એ આસ્રવના વિકલ્પથી મને બિલકુલ લાભ નથી. એવું જે અંતર જ્ઞાન, ચૈતન્યનું જ્ઞાન, રાગના વિકલ્પથી ભેદ પડેલું જ્ઞાન એ જ્ઞાને

આસ્રવનો તિરસ્કાર કર્યો.

મુમુક્ષુ :- જ્ઞાન છે તો એનો તિરસ્કાર કરે?

ઉત્તર :- તિરસ્કારની વ્યાખ્યા? એને ઉત્પન્ન થવા દીધો નહિ એ તિરસ્કાર. આહા..હા..! સમજાણું કાંઈ? પાઠમાં 'न्यक्कारात्' છે કે નહિ? એ તો બધા શબ્દોને શું વાંધો? શબ્દના વાંધા પડે છે. અરિહંતાણં ન જોઈએ. કે અરિ-દુશ્મનને હણવું એવું જૈનમાં ન હોય. હવે શબ્દને શું વાંધા છે? દુશ્મન છે, અનિષ્ટ રાગ ને દ્વેષ અને અજ્ઞાન. એ દુશ્મનને જીતવા એનું નામ અરિહંત કહેવાય છે. એ અરિહંત કોઈ પક્ષ નથી. એ તો વસ્તુની સ્થિતિ છે. એય..! ગટુલાલજી! અહીં આવો. અહીં જગ્યા આપો.

કહે છે કે જેણે અનાદિ કાળથી શુભ આચરણ કર્યા, દયાઓ પાળી. એય..! ગીરધરભાઈ! આ કાર્યકર્તા થયા. શું કહેવાય ઈ? કાર્યકર. અમે બધા આમ કર્યા હતાને. એવા અજ્ઞાનના અભિમાનમાં કહે છે કે સમકિતને મેં તો જીતી લીધો છે, આસ્રવ (કહે છે) આહા..હા..! સંવરનો અધિકાર છે. ચૈતન્ય સ્વરૂપ ભગવાન જ્ઞાનની મૂર્તિ છે એની એમ અંતરદૃષ્ટિ ન કરતાં, રાગની ક્રિયા, દેહની ક્રિયા, મનની ક્રિયા કે શુભભાવની ક્રિયા એ મને ધર્મ થાય એમ માનનાર, કહે છે કે એ આસ્રવે સંવરને જીતી લીધો છે. શેઠ! આવી વાત છે. આહા..હા..! એને હવે જ્ઞાન જીતે છે. હું એક ચૈતન્યસ્વરૂપ આનંદ જ્ઞાનસ્વરૂપ છું. મારી અસ્તિમાં, મારી સત્તામાં, મારા સ્વભાવમાં એ શુભ-અશુભ વિકલ્પમાત્ર નથી. આહા..! એવી દૃષ્ટિથી થતું જ્ઞાન એ વિકારને જીતે છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ આ છે એના જેવું. પહેલી ભૂમિકા એટલે? રાગથી ભિન્ન પડવું એ પહેલી ભૂમિકા છે. નારદજી! એ નારદ છે. એ પ્રશ્ન-નારદ છે. પહેલી ભૂમિકા આ. રાગ અને ચૈતન્ય બે ભિન્ન સ્વભાવ એમ ભાન કરવું એ પહેલી ભૂમિકા છે. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવના પંથમાં તો આ છે. અજ્ઞાનીમાં તો એ માર્ગ છે નહિ. આહા..! પૈસાવાળા થાય તો એને એમ થઈ જાય કે પૈસા થયા એટલે આપણને ધર્મ થયો. દસ, વીસ લાખ ખર્ચે તો અમારે ધર્મ થશે. આસ્રવે જીત્યો છે એને સંવરને. એય..! એ તો જડ ધૂડ જડ છે.

મુમુક્ષુ :- માન મળે.

ઉત્તર :- માન મળે? એ માટે તો કહે છે. મોટા માંધાતાને પાડ્યા છે. અમે આવા કામ કરીએ છીએ, અમે આમ દયા પાળીએ, જગતની સેવા કરીએ, સેવાભાવી આ જીવ છે. મરી ગયો ગર્વમાં. કોની સેવા કરે? કોણ કરે? એનું અભિમાન એને થઈ ગયું છે. એ અભિમાન કહે છે, મિથ્યાત્વ કહે છે, એને મેં સંવર થવા દીધો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! શરીરના બળવાળા અપવાસ ખેંચી નાખે, બુદ્ધિના બળવાળા જરી

જાણપણાના શાસ્ત્રના પાના વધારે ફેરવે. સમજાણું કાંઈ? એને એમ થઈ જાય કે આપણે કાંઈક ધર્મ કરીએ છીએ હોં. પૈસાના બળવાળા દાનથી ધર્મ થાય એમ માને.

મુમુક્ષુ :- થોડો...

ઉત્તર :- ધૂળેય થાય નહિ. થોડા શું એના લાખ કરોડ આપી દ્યે નહિ. આપે તો શેના? ભડના દીકરા કાંઈ આપે નહિ બધું. પણ કદાચિત્ .. હોય એમાં દસમો ભાગ આપે કે જાઓ. શાસ્ત્રમાં એવો ઉલ્લેખ છે કે દસમો ભાગ આપો. જેટલી પેદાશ થાય એનો દસમો ભાગ આપે. સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં લેખ છે. શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું આવે છે? પૈસા લાવો, પૈસા લાવો. એ નારદ છે. એ ક્યાં કાઢે એવા છે? આહા..હા..! અરે..! પૈસા .. સાધુને પૈસા ... શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આપે છે. હા પણ તમે કેટલા મૂર્ખ અંદર કે આપ્યા ન્યાં, એ તો કહો પહેલા. ... એમાં કાંઈક લાભ માને માટે હશે કે નહિ? .. ગણાવે.. આમને આમ ચાલીને મરી ગયો છે અનાદિથી. આહા..હા..!

અહીં તો પરમાત્મા કહે છે, ભાઈ! એ અનાદિથી રાગની વિકલ્પદશાએ એનું અભિમાન આવીને ચૈતન્યને સંવર થવા દીધો નથી. પણ એક ક્ષણમાં જ્યાં ગુલાંટ ખાય છે કે અરે..! હું તો આત્મા છું. મારું સ્વરૂપ તો આનંદ અને શુદ્ધ ચૈતન્યઘન છે. એમ જ્યાં જ્ઞાનની એક કળા જાગે છે ત્યાં એ અજ્ઞાનના રાગને એક ક્ષણમાં જીતી લે છે. છે? આ **'તિરસ્કાર કરવાથી...' 'प्रतिलब्ध-नित्य-विजयं संवरम्'** આહા..હા..! **'જેણે સદા વિજય મેળવ્યો છે...'** ઓલો તો અનાદિનો હતો થોડો કાળ. આ તો જ્યાં રાગની એકતા તૂટીને સ્વરૂપનું ભાન થાય. હું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છું. વિકલ્પ કરવાનું, ઉત્પત્તિનું સ્થાન હું નહિ. આહા..હા..! ચાહે તો દયા, દાન અને વ્રત, પ્રભુની ભક્તિનો રાગ એ રાગની ઉત્પત્તિનું સ્થાન હું નહિ. આહા..હા..! હું તો અસંખ્ય પ્રદેશે આનંદના અંકુરા ફૂટે એનું સ્થાન હું છું. સમજાય છે કાંઈ? મીઠાલાલજી! આ ધર્મ આવો છે. એ તો જરી એમ ... લેવા-દેવાનું કાંઈ ન મળે. એ તે દિ' કહ્યું હતું. એને ઘરે ગયા હતાને ત્યારે. એના ઘરે ગયા હતા. ... રાગ છે. સેવા કોણ પરની કરે? આનંદઘનની સેવા એણે એક સમય પણ કોઈ દિ' કરી નથી. એ સેવા વિના એને સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય નહિ.

કહે છે, **'જેણે સદા વિજય મેળવ્યો છે...'** ભાષા જુઓ, **'સદા વિજય મેળવ્યો છે...'** આહા..હા..! અરે..! હું તો આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છું. એવી જ્યાં સમ્યગ્જ્ઞાનની કળા જાગી, સદા વિજય છે હવે. આહા..હા..! હવે આસ્રવ એને જીતે એમ કોઈ દિ' બને

નહિ. જુઓ, સદા વિજય મેળવ્યો (છે). ભાષા જુઓ. પડી જશે એ પ્રશ્ન જ નથી. પડે કોણ? ચૈતન્યઘન પ્રભુ આનંદનું ધામ એવું જ્યાં અંતરમાં દૃષ્ટિ અને જ્ઞાન થયું, સદા વિજય અમારો છે. જીતનગારા વાગ્યા. એ જીતનગારા વાગ્યા કે અમારો હવે જય છે. આસ્રવનો પરાજય થયો. આહા..હા..! એ અંતર્મુખનું જ્ઞાન થતાં તેનામાં આટલી તાકાત આસ્રવને જીતવાની છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! એ વાતું એવી છે કે એણે અનંતકાળમાં કર્યું નથી. આહા..હા..! નિગોદ.. થઈને સાધુ થયો .. શ્રાવક નામ ધરાવ્યા. ... પણ પોતે પોતાની દયા ન કરી. પોતાને પામર માની અને પ્રભુતાનો એણે અનાદર કર્યો. પોતાને રાગ અને પર્યાય જેટલો માની એણે પ્રભુતાનો અનાદર કર્યો. એટલે કે એ હું નથી એમ હિંસા કરી છે. આહા..હા..! હું તો પ્રભુ પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો આત્મા છું. એવું જ્યાં સ્વસન્મુખનું જ્ઞાન થતાં ભેદજ્ઞાન (થતાં) રાગથી ભિન્ન પડતાં એ આસ્રવને જીત્યું અને સદાય વિજય મેળવ્યો છે.

'**એવા સંવરને ઉત્પન્ન કરતી,...**' જ્ઞાનજ્યોતિ. પરદ્રવ્યના નિમિત્તથી '**પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા ભાવોથી જુદી),...**' જડ, શરીર, કર્મથી તો ભગવાન જુદો, પણ પરના નિમિત્તથી થતાં પુણ્ય અને પાપના ભાવથી ભગવાન જુદો. આહા..હા..! એ એની લક્ષ્મી છે. એના નિમિત્તે '**પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી,...**' રાગ અને પર્યાયની બુદ્ધિ છૂટી જઈને, એક અંશ જેટલો છું એ માન્યતા પણ મિથ્યાત્વ છે. રાગ હું છું એ તો માન્યતા મિથ્યાત્વ છે, પણ એક અંશ જ્ઞાનનો પ્રગટ વ્યક્ત અંશ છે એ ઉપર જ્યાં દૃષ્ટિ છે અને એટલો જ્યાં માને છે એ પણ એક મિથ્યાત્વનું મહાપાપ છે. ત્યાં તો અનંત આનંદનું ધામ ભગવાન, એવી જ્યાં ત્રાડ પડી સિંહની અંદર, કહે છે, રાગની એકતા તૂટીને જ્ઞાનસ્વભાવ પ્રકાશ્યો. સમજાણું કાંઈ?

'**પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી,...**' પોતાના પ્રકાશતી એમ કહે છે. '**ચિન્મય, ઉજ્જ્વળ (-નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન) અને નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી અતિશયપણાવાળી જ્યોતિ પ્રગટ થાય છે,...**' આહા..હા..! ચંદ્રમામાં જેમ બીજ ઉગે છે એમ આ બીજ ઉગી. પોતાના જ્ઞાનમાં જ્ઞાન ઠરતું, જે જ્ઞાન રાગમાં ઠરતો હતો એ તો આત્માના સ્વરૂપનો ઘાત કરતું હતું. એ રાગથી ભિન્ન પડીને જ્ઞાન આત્મા પોતાના સ્વરૂપમાં ઠર્યો. કહે છે ચિન્મય, જ્ઞાનમય જ્યોતિ અને ઉજ્જ્વળ. '**નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી અતિશયપણાવાળી...**' એટલો બોજો વધ્યો જ્ઞાનનો કહે છે કે રાગ તો ક્યાંય ગયો, પણ જ્ઞાનની નિર્મળ જ્યોતિ એટલી પ્રકાશી કે ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવી શક્તિ પ્રકાશી. સમ્યગ્જ્ઞાનમાં, ભાવશ્રુતજ્ઞાનમાં. એમ કહે છે.

'**નિજરસના...**' '**प्राग्भारम्**' ભારવાળી. ભાર એટલે? જે અધિકપણે રાગ માનતો હતો

એનાથી ભિન્ન પડીને જ્ઞાન અને આનંદથી અધિક. વધી ગયો બોજો આત્માની શાંતિનો. આહા..હા..! વિશેષથી **'જ્યોતિ પ્રગટ થાય છે,...'** એનું નામ ભેદજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. આહા..હા..! આ વિના એના જન્મ-મરણના આંટા મટે એવું નથી. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ!

'ભાવાર્થ :- **અનાદિ કાળથી જે આસ્રવનો વિરોધી છે એવા સંવરને જીતીને આસ્રવ મદથી ગર્વિત થયો છે. તે આસ્રવનો તિરસ્કાર કરીને તેના પર જેણે હંમેશને માટે જય મેળવ્યો છે...'** હું તો જ્ઞાનસ્વરૂપ છું, રાગ, પુણ્ય, દયા, દાન, વ્રત, એ મારા ભાવ નહિ. આહા..હા..! એ બધા આસ્રવના ભાવ મારી ચીજમાં નહિ. હું તો ભગવાન. ભગ નામ અનંતજ્ઞાન અને આનંદની લક્ષ્મીવાન-વાળો છું. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે આસ્રવનો તિરસ્કાર કરી જ્ઞાનીએ **'તેના પર જેણે હંમેશને માટે જય મેળવ્યો છે...'** એ એકાકાર જ્ઞાનમાં થયો અને જ્ઞાનકળા ઉગી, એ બીજ ઉગી એ ઉગી હવે પુનમ થયે છૂટકો. એ બીજ પાછી ફરે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું બહુ પણ ભાઈ! સમજાણું?

**'એવા સંવરને ઉત્પન્ન કરતો, સમસ્ત પરરૂપથી જુદો અને પોતાના સ્વરૂપમાં નિશ્ચળ એવો આ ચૈતન્યપ્રકાશ નિરજરસની અતિશયતાપૂર્વક...'** વિશેષતા, નિજશક્તિની વિશેષતાપૂર્વક **'નિર્મળપણે ઉદય પામે છે.'** સ્વપરને જાણવાની શક્તિની વ્યક્તતા રાગથી ભિન્ન પડીને ચૈતન્યમાં એકતા થતા આવી શક્તિની વ્યક્તતા પ્રગટ થાય છે. આહા..હા..! એને ભેદજ્ઞાન કહીએ, એને સંવર કહીએ, એને ધર્મ કહીએ, એને સુખને પંથે પડ્યો સુખી કહીએ. આહા..હા..! કહો, મૂળચંદભાઈ! કહો, સમજાય છેને? પ્રવિણભાઈ! તમારા બધા ધૂળ-બુળમાં ક્યાંય નથી હોં. સલવાઈ જશો ત્યાં ક્યાંક. સલવાઈ ગયા છે. માંડ માંડ વળી આવે છે એના બાપને લઈને. કહેતા હતા, બાપુજી એમ કહે છે ચાલો આપણે જાવું છે. આ તો એની ક્યાં વાત છે? બધાની વાત છેને. આ તો દાખલો. આંધળો કહે, સલવાણા કાંઈક .. કંઈક .. આહા..હા..! અરે..! આ જીવન જેના ભવના અંત લાવવાના ભવ એના ભવના અંત ન લાવ્યો, તો કે દિ' ભવ મટશે? ભાઈ! .. અરે..! પાંગળો થઈને નિગોદમાં પડ્યો છે. એમાંથી વિકાસ કાંઈક થઈને પંચેન્દ્રિયપણું, ક્ષયોપશમપણું કાંઈક પામ્યો. અરે..! એમાં આવા ભવના અંતની વાતું અંતર ન પ્રગટ કરી, એને ક્યાં ભવે કઈ રીતે રહેવું? કાંઈ છેડા નથી ભાઈ! સમજાણું કાંઈ? અહીં મોટો કરોડપતિ, અબજપતિ શેઠિયો ગણાય. મરીને કૂતરીની કૂંખે (અવતરે). આહા..હા..!

મુમુક્ષુ :- કૂતરીની...?

ઉત્તર :- કૂતરીને કૂંખે શું નરકમાં જાય. સમજાણું કાંઈ? આહા..હા..! માયા, કપટ, કૂટીલતાના

ભાવ કર્યા હોય. સત્યને તો કોઈ દિ' સાંભળ્યું નહિ, વિચાર્યું નહિ. અરેરે..! ગરીબમાં ગરીબ રાંક થઈને અવતરશે ક્યાંક. એમાં કોઈની સિફારિશ ત્યાં ચાલે એવું નથી. અને જેણે રાગનો જય મેળવ્યો એ અલ્પકાળમાં પરમાત્મા થયે છૂટકો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેણે રાગથી ભિન્ન પડીને પોતાનું જ્ઞાન કર્યું, એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન મતિ અને શ્રુત હોવા છતાં કહે છે કે એ લોકાલોકને જાણે એવી એની તાકાત છે. અને એ જ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવે છે કે આવો... આવો... આવો. આટલી સ્થિતિ મારી નહિ રહી શકે. ધવલમાં આવે છે. મતિ શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. આહા..હા..! એય..! બટુકભાઈ! અમે આટલી અલ્પજ્ઞ દશામાં રહી શકીએ એ અમારી સ્થિતિ નથી. હવે તો સર્વજ્ઞપણું રહે એમાં રહીએ એ અમારી યોગ્યતા છે. સમજાણું કાંઈ? એવી ચૈતન્યની શક્તિ પણ રાંક થઈને બેઠો. આહા..હા..! જરી અનુકૂળતા દેખે ત્યાં રાજી-રાજી, જરી પ્રતિકૂળતા દેખે તો ક્ષોભના પાર ન મળે. આહા..હા..! હણાઈ ગયો રાગને લઈને. એવો જે જીવ પોતાના બળના પુરુષાર્થથી રાગથી ભિન્ન પડીને ચૈતન્ય જ્યોતિને જેણે જાણી અને અનુભવી, કહે છે કે સદા જય થઈ ગયો. એને મોક્ષલક્ષ્મી અલ્પકાળમાં પ્રાપ્ત થશે. કહો, સમજાણું કાંઈ?

---

## ગાથા-૧૮૧ થી ૧૮૩

तत्रादावेव सकलकर्मसंवरणस्य परमोपायं भेदविज्ञानमभिनन्दति -

उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो।
कोहो कोहे चेव हि उवओगे णत्थि खलु कोहो।।१८१।।
अट्ठवियप्पे कम्मे णोकम्मे चावि णत्थि उवओगो।
उवओगम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि।।१८२।।
एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।
तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।।१८३।।

उपयोगे उपयोगः क्रोधादिषु नास्ति कोऽप्युपयोगः।
क्रोधः क्रोधे चैव हि उपयोगे नास्ति खलु क्रोधः।।१८१।।

अष्टविकल्पे कर्मणि नोकर्मणि चापि नास्त्युपयोगः।
उपयोगे च कर्म नोकर्म चापि नो अस्ति।।१८२।।
एतत्त्वविपरीतं ज्ञानं यदा तु भवति जीवस्य।
तदा न किञ्चित्करोति भावमुपयोगशुद्धात्मा।।१८३।।

न खल्वेकस्य द्वितीयमस्ति, द्वयोर्भितप्रदेशत्वेनैकसत्तानुपपत्तेः। तदसत्त्वे च तेन सहाधाराधेयसम्बन्धोऽपि नास्त्येव। ततः स्वरूपप्रतिष्ठत्वलक्षण एवाधाराधेयसम्बन्धोऽवतिष्ठते। तेन ज्ञानं जानत्तायां स्वरूपे प्रतिष्ठितं, जानत्ताया ज्ञानादपृथग्भूतत्वात्, ज्ञाने एव स्यात्। क्रोधादीनि क्रुध्यत्तादौ स्वरूपे प्रतिष्ठितानि, क्रुध्यत्तादेः क्रोधादिभ्योऽपृथग्भूतत्वात्, क्रोधादिष्वेव स्युः। न पुनः क्रोधादिषु कर्मणि नोकर्मणि वा ज्ञानमस्ति, न च ज्ञाने क्रोधादयः कर्म नोकर्म वा सन्ति, परस्परमत्यन्तं स्वरूपवैपरीत्येन परमार्थाधाराधेयसम्बन्धशून्यत्वात्। न च यथा ज्ञानस्य जानता स्वरूपं तथा क्रुध्यत्तादिरपि, क्रोधादीनां च यथा क्रुध्यत्तादि स्वरूपं तथा जानत्तापि कथञ्चनापि व्यवस्थापयितुं शक्येत, जानत्तायाः क्रुध्यत्तादेश्च स्वभावभेदेनोद्भासमानत्वात् स्वभावभेदाच्च वस्तुभेद एवेति नास्ति ज्ञानाज्ञानयोराधाराधेयत्वम्।

किञ्च यदा किलैकमेवाकाशं स्वबुद्धिमधिरोप्याधाराधेयभावो विभाव्यते तदा शेषद्रव्यान्त-राधिरोपनिरोधादेव बुद्धेर्न भिताधिकरणापेक्षा प्रभवति। तदप्रभवे चैकमाकाशमेवैकस्मिताकाश एव प्रतिष्ठितं विभावयतो न पराधारधेयत्वं प्रतिभाति। एवं यदैकमेव ज्ञानं स्वबुद्धिमधिरोप्याधाराधेय-भावो विभाव्यते तदा शेषद्रव्यान्तराधिरोपनिरोधादेव बुद्धेर्न भिताधिकरणापेक्षा प्रभवति। तदप्रभवे चैकं ज्ञानमेवैकस्मिन् ज्ञान एव प्रतिष्ठितं विभावयतो न पराधाराधेयत्वं प्रतिभाति। ततो ज्ञानमेव ज्ञाने एव, क्रोधादय एव क्रोधादिष्वेवेति साधु सिद्धं भेदविज्ञानम्।

---

ત્યાં (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાન કુંદકુંદાચાર્ય) સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે :

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.
ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,
કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.
આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.

ગાથાર્થ :- [उपयोगः] ઉપયોગ [उपयोगे] ઉપયોગમાં છે, [क्रोधादिषु] ક્રોધાદિકમાં [कोऽपि उपयोगः] કોઈ ઉપયોગ [नास्ति] નથી; [च] વળી [क्रोधः] ક્રોધ [क्रोधे एव हि] ક્રોધમાં જ છે, [उपयोगे] ઉપયોગમાં [खलु] નિશ્ચયથી [क्रोधः] ક્રોધ [नास्ति] નથી. [अष्टविकल्पे कर्मणि] આઠ પ્રકારનાં કર્મ [च अपि] તેમ જ [नोकर्मणि] નોકર્મમાં [उपयोगः] ઉપયોગ [नास्ति] નથી [च] અને [उपयोगे] ઉપયોગમાં [कर्म] કર્મ [च अपि] તેમ જ [नोकर्म] નોકર્મ [नो अस्ति] નથી. — [एतत् तु] આવું [अविपरीतं] અવિપરીત [ज्ञानं] જ્ઞાન [यदा तु] જ્યારે [जीवस्य] જીવને [भवति] થાય છે, [तदा] ત્યારે [उपयोगशुद्धात्मा] તે ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્મા [किञ्चित् भावम्] ઉપયોગ સિવાય અન્ય કોઈ પણ ભાવને [न करोति] કરતો નથી.

ટીકા :- ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી) કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે (અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે); અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ. તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દ્રઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે. માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (રહેલું) છે તે, જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ છે; ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે તે, ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે. (જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે, માટે જ્ઞાન આધેય અને જાણનક્રિયા આધાર છે. જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે, કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી. આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે. એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે). વળી ક્રોધાદિકમાં, કર્મમાં કે નોકર્મમાં જ્ઞાન નથી અને જ્ઞાનમાં ક્રોધાદિક, કર્મ કે નોકર્મ નથી કારણ કે તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી (અર્થાત્ જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી) તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી. વળી જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે એમ, અને ક્રોધાદિકનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે તેમ (ક્રોધાદિકનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી; કારણ કે જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે અને એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી વસ્તુઓ ભિન્ન જ છે. આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.

વળી વિશેષ સમજાવવામાં આવે છે : જ્યારે એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (આકાશનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે આકાશને બાકીનાં અન્ય

દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય જ હોવાથી) બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી (ફાવી શકતી નથી, ઠરી જાય છે, ઉદ્ભવતી નથી); અને તે નહિ પ્રભવતાં, 'એક આકાશ જ એક આકાશમાં પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજી જવાય છે અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી. એવી રીતે જ્યારે એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (જ્ઞાનનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી; અને તે નહિ પ્રભવતાં, 'એક જ્ઞાન જ એક જ્ઞાનમાં પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજી જવાય છે અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી. માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે, ક્રોધાદિક જ ક્રોધાદિકમાં જ છે.

આ પ્રમાણે (જ્ઞાનનું અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું) ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.

ભાવાર્થ : ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિ ભાવકર્મ, જ્ઞાનવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મએ બધાંય પુદ્ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે; તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે. માટે ઉપયોગમાં ક્રોધાદિક, કર્મ તથા નોકર્મ નથી અને ક્રોધાદિકમાં, કર્મમાં તથા નોકર્મમાં ઉપયોગ નથી. આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી; દરેક વસ્તુને પોતપોતાનું આધારાધેયપણું પોતપોતામાં જ છે. માટે ઉપયોગ ઉપયોગમાં જ છે, ક્રોધ ક્રોધમાં જ છે. આ રીતે ભેદવિજ્ઞાન બરાબર સિદ્ધ થયું. (ભાવકર્મ વગેરેનો અને ઉપયોગનો ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે).

## ગાથા-૧૮૧ થી ૧૮૩ ઉપર પ્રવચન

'ત્યાં (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાન કુંદકુંદાચાર્ય) સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે :...' અલૌકિક ગાથાઓ છે આ!

उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो।
कोहो कोहे चेव हि उवओगे णत्थि खलु कोहो।।१८१।।

अट्ठवियप्पे कम्मे णोकम्मे चावि णत्थि उवओगो।
उवओगम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि।।१८२।।
एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।
तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।।१८३।।

નીચે હરિગીત.

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.
ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,
કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.
આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્‌ભવે છે જીવને,
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.

'अट्ठवियप्पे' છેને? વિકલ્પનો ભેદ.

'ટીકા :- ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...' અહીંથી ઉપાડ્યું છે. આહા..હા..! '(અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...' ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી આનંદમૂર્તિ વસ્તુ એ વસ્તુ બીજી કોઈ વસ્તુની નથી. એક વસ્તુની બીજી વસ્તુ નથી. એ આત્માની બીજી ચીજ નથી. શરીર નહિ, વાણી નહિ, મન નહિ, કર્મ નહિ, અરે..! પુણ્ય અને પાપના ભાવ પણ અનેરી ચીજ છે. એ આત્મા નહિ. આહા..! સમજાણું કાંઈ? કેમકે અજીવતત્ત્વ પણ જીવરૂપે થતું નથી અને જીવ અજીવરૂપે થતું નથી. એમ પુણ્ય અને પાપના ભાવ જીવરૂપે થતા નથી અને જીવ એ રૂપે થતો નથી. 'એક વસ્તુની બીજી વસ્તુ નથી...' કહો, સમજાણું કાંઈ? ... કપડું લાવ્યા હોય બે, પાંચ વાર, દસ વાર. સઈની પાસે પડ્યું હોય, સઈ બેઠો હોય આની કોર. પછી કંઈ .. થઈ જતો હશે? એ કાપે, આમ કરે તો થાય. એની મેળાએ થઈ જતું હશે? ભગવાન! તને ખબર નથી.

મુમુક્ષુ :- સ્થૂળ વાત છે.

ઉત્તર :- બહુ સ્થૂળ પણ મોટી ... આહા..હા..! ... હમણા લઈ ગયા હતા. ..

એક વસ્તુની બીજી વસ્તુમાં નાસ્તિ છે. સ્વચતુષ્ટયની પરચતુષ્ટયની નાસ્તિ છે. ખરેખર દરેક વસ્તુનો દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ તો ત્રિકાળી છે, વર્તમાન અવસ્થા એ એનો સ્વકાળ છે. એ સ્વકાળે એની પર્યાય થાય તે પરકાળથી ન થાય. સ્વચતુષ્ટયમાં સ્વકાળથી એની પર્યાય થાય, પરથી થાય નહિ. એનાથી આગળ જઈને અહીં તો (વાત છે). રાગની પર્યાયથી આત્માની પર્યાય ન થાય. કારણ કે રાગ જુદી ચીજ છે. આહા..હા..! વસ્તુ જુદી. એ દયા, દાન,

વ્રત, ભક્તિ, પૂજાના ભાવ. છોટુરામજી! ... વિકલ્પ છે. એનું ક્ષેત્ર જુદું છે. રાગનું ક્ષેત્ર જુદું, એ ભાવ જુદો, એ વસ્તુ જુદી. આહા..હા..! સમજાણું કાંઈ? કામાણી! આવું છે અહીં તો. અંદરનો વિકલ્પ ઉઠેને શુભ-અશુભનો રાગ, કહે છે કે આ એક વસ્તુની એ વસ્તુ નથી. પ્રવિણભાઈ! આ બધું સમજવું પડશે હોં! નહિતર ઘોદા ખાવાના છે. સાચી વાત છે. પૈસા થયા, આબરૂ થઈ, છોકરાઓ.. હો..હા.. ... થાણામાં ચાલે, અમદાવાદમાં ચાલે, મુંબઈમાં ચાલે. એય..! ...ભાઈ! ક્યાં ચાલે? તારામાં ચાલે છે કાંઈ? એ તો એને લઈને ચાલે છે. એવી જગતની ચીજ જગતને કારણે પરિણમીને ત્યાં ઊભી રહી છે. આહા..હા..!

તારો આત્મા... અહીં તો એક વસ્તુની બીજી વસ્તુ ત્રણ કાળમાં નથી. આહા..હા..! એક પરમાણુનો બીજો પરમાણુ નથી, એક આત્માનો બીજો પરમાણુ નથી, એક પરમાણુ આત્માનો નથી. અરે..! એક રાગનો કણ એ જીવનો નથી અને જીવમાં રાગનો કણ છે નહિ. આહા..હા..! શેઠ! વસ્તુ આવી છે. અરે..! આવા અવતારમાં ભવના અંત કરવા જેવું ન આવ્યું? ભાઈ! ક્યાં ઉતારા થાશે? આહા..હા..! .. આબરૂ દુનિયાની ઘણી મેળવી. ઈ ત્યાં ઘરેણે મૂકાય એવું નથી. ઘરેણે સમજો છો? ગીરવો. મોટી આબરૂ છે. બુંદેલખંડના બાદશાહ હતા. અમે પૈસા આવા ભેગા કર્યા હતા, છોકરાઓ આટલું કરતા, અમે દાન-પુણ્ય કર્યા. ઈ ગીરો મૂકાય? આહા..હા..!

ભાઈ! તારી દયા તને આવી નહિ. તારી દયા તો ત્યારે કહેવાય કે જેવું એનું જીવન જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એવું સ્વીકારે તો તેની દયા કરી કહેવાય. એવું જીવન ન સ્વીકારે અને રાગવાળું, પુણ્યવાળું સ્વીકારે, તો એ આત્મા નથી અને ... આહા..હા..! ભગવાનની ભક્તિનો ભાવ, દયાનો ભાવ, વ્રતનો ભાવ, તપસ્યાનો, સંથારાનો ભાવ... એય..! સંથારો કર્યો હતો કે નહિ? શું તમારે એય..! ... રાજગૃહી, રાજગૃહી. ખબર છેને. આહા..હા..! ક્યાં સંથારા બાપા? હજી તો ... ખબર ન મળે. આહા..હા..! એ કાંઈ આત્માને તારે એ ક્રિયા નહિ, બાપુ! એ તો રાગની મંદતા. હોય શુભભાવ, એ આત્માની ચીજ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- આત્માની વિરોધી છે?

ઉત્તર :- વિરોધી, વેરી છે.

મુમુક્ષુ :- સંથારો કરે તો લાભ થાય.

ઉત્તર :- વાત સાચી. લોકો એમ કહે. અરે..! બાપા! આ તો શું કે બબ્બે મહિનાના સંથારા. ઝાડની જેમ ડાળ પડી હોય એમ પડ્યો રહ્યો. પણ રાગના વિકલ્પથી જુદી ચીજનું અંદર ભાન ન કર્યું. એથી એક પણ ભવ ઘટ્યો નહિ. આહા..હા..! આવી વાત છે, ભાઈ! વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા આહા..! આવી વાણીથી વાત કરે છે. જેના જ્ઞાનના .. ત્રણ લોક સમાઈ ગયા. એની વાણી સર્વજ્ઞ અનુસારની વાણી. એમાં આ આવ્યું, ભાઈ!

તું એક આત્મા છો એ તો આનંદ અને જ્ઞાનના સ્વભાવવાળો આત્મા છે. એને આત્મા કહીએ. એ એક વસ્તુની બીજી વસ્તુ નથી. એ દયા, દાનના વિકલ્પની એ ચીજ ન થઈ જાય. આહા..હા..! દયા, દાનના વિકલ્પોનું ક્ષેત્ર જુદું. અહીં તો એ કહે છે જુઓને. આહા..હા..!

'**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' એક આત્મા બીજા આત્માનો નથી, એક આત્મા પરમાણુનો નથી, એક પરમાણુ બીજા પરમાણુનો નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં જાતું નથી, અરે..! એક દ્રવ્ય ચૈતન્ય તે રાગમાં આવતું નથી. એને અહીં એક દ્રવ્ય કહીએ. સમજાણું કાંઈ? '**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...**' આહા..હા..! એને ઠેકાણે એક કાપડનો કોટ, કાપડનો કોટ, એ વેરે અને કાતર થાય તો થાય. આહા..હા..! .. ઓલાને આપ્યું. ઈ એણે લીધું છે. ચેતનજી વાત કરતા હતા. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાજર કોને કહે? એ તો હોય છે એને કાળે ત્યાં. હાજર શું? હાજર ત્યાં થાવું પડે છે? છોકરાનું નામ લે કે ફલાણા, તો કહે હાજર. એમ છે ત્યાં? હોય છે. હોય છે એટલે બીજી ચીજ છે એ તો. બસ, છે, પણ એનાથી ત્યાં થાય છે કાંઈ? કાપડના કાતરથી કટકા થાય એ કાતરે કટકા કર્યા છે?

મુમુક્ષુ :- કાતર શું કરે? એને અડી પણ નથી.

ઉત્તર :- એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. એ રજકણની એક સમયની પર્યાય પોતાને કારણે જુદી પડી તે કાતરથી નહિ. આહા..હા..! બહુ સ્થૂળ વાત ઘણી સ્થૂળ. અરે..! પાછો દ્વેષ થઈ જાય છે માણસને. આ લોકો અમને માને નહિ. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાની હેઠ કૂતરું હોય એ જરી માથે અડે ત્યાં મારાથી ગાડું ચાલે છે. મરી જઈશ ગાડું જો પડ્યું તો તારા ઉપર. આ બધા ધંધા-બંધા જાણે હું હુશિયાર છું અને કરું છું એમ કહે છે. એય..! નરેન્દ્રભાઈ! કેમ હશે આ?

મુમુક્ષુ :- ... હુશિયાર હોય તો થાય.

ઉત્તર :- ધૂળેય હુશિયાર નથી. કોણ હુશિયાર હોય? હુશિયારી હુશિયારીની પર્યાયમાં રહી. બહારમાં ક્યાં ગરી ગઈ હતી? આહા..હા..!

જુઓ, આ સંવરનો અધિકાર શરૂ થાય છે. આહા..હા..! ૐ નમઃ કરીને. આહા..હા..! અરે..! ૐ તે શું ચીજ છે! એક વિકલ્પનો ૐ છે અને એક આત્મસ્વરૂપનો ૐ છે. ૐકાર આવે છેને? બે રૂપે, બે રૂપે ૐકાર છે. સ્તુતિમાં.. આપણે કર્યું હતું. બનારસીદાસ. (સંવત) ૧૯૯૫માં ફાગણ વદ એકમ. એ પત્થર ઈટાલીનો છે. આ ઈટાલીનો સંચો આવ્યો છેને? એ પત્થર ઈટાલીનો છે.

મુમુક્ષુ :- ઈટાલી સાથે સંબંધ લાગે છે.

ઉત્તર :- કુદરતે આવ્યું. આ ઈટાલીનો પત્થર છે. હિન્દુસ્તાનમાં સાધારણ જે આરસપહાણ છે એનાથી ઈટાલીનો પત્થર ચીકણો બહુ ઊંચો. ૧૯૯૫ના ફાગણ વદ એકમે ... પછી અહીંથી ગયા હતા. સમજાણું કાંઈ? રાતે ચૈત્ર સુદ નોમે ગયા હતા. એ ઈટાલીનો સંચો આવ્યો છે. લાવ્યા હતા. .. આખું ઘર એમાં છે. સંસ્થા વતી કામ એણે કર્યું છે? સંવરની વાત નથી. એ સંવરના આપણે અહીંયાં... ગયા હતા શરૂઆતમાં નહિ? સમયસારની શરૂઆત કરી પહેલી કરી પંચાસ્તિકાયની, બીજી કરી સમયસારની, ત્રીજી કરી સંવરની, ચોથી કરી મોક્ષની અને પાંચમી કરી આ પ્રવચનસારની. આ પાંચમી વાર આવ્યું છે આપણે હવે. હવે નિયમસારની બાકી છે. આવે છે. એ પ્રવિણભાઈ કહેતા હતા કે .. માણસ નીચે કામ કરાવેને .. બરાબર. ત્રણ પાટિયા થશે ... ત્રણ કહેતા હતા. .. નથી થયું કાંઈ? છ દિવસમાં ચૌદ જ થયા .. છેને? ઘણા પ્રકાર મગજમાં છે. કહો, સમજાય છે કાંઈ?

**'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** આહા..હા..! તો જેને સંબંધ નથી તો બીજી ચીજ બીજીનું કરે શું? સમજાણું કાંઈ? **'કારણ કે...'** હવે કારણ આપે છે. **'બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** આહા..હા..! ગજબ વાત છે! પ્રદેશ ભિન્ન. અસંખ્ય પ્રદેશા ભગવાન આત્માના, પણ એક પ્રદેશના આખિરના અંશમાં જે વિકાર ઉત્પન્ન થાય એ અંશનો પ્રદેશ જ જુદો અને આમ અસંખ્ય પ્રદેશ નિર્મળાનંદ જેમાં આનંદ અને શાંતિની ઉત્પત્તિ થાય એ ક્ષેત્ર જુદું. સમજાણું કાંઈ? ફરીને કહીએ.

આત્મા અસંખ્યપ્રદેશી છે. એક પ્રદેશ નથી. એક પોંઈટ રજકણ છે, પોંઈટ રજકણ. એટલામાં મૂકે એને પ્રદેશ કહીએ. આત્માના એવા-એવા અસંખ્ય પ્રદેશ છે અને એમાં અનંતગુણ છે. હવે એ અસંખ્ય પ્રદેશમાં જે અંશ એનો, એક પ્રદેશમાં પણ જે અંશ છે, જેમાં અજ્ઞાન-રાગ-દ્વેષ ઉત્પત્તિ થાય એ અંશ નિર્મળ અસંખ્ય પ્રદેશથી એ અંશ જુદો છે ત્યાં. છે તો એ માહ્યલો. સ્વરૂપે, ક્ષેત્રે અને ભાવે બધી રીતે જુદો છે. ધીરૂભાઈ! ઝીણું છે. હજી તો નિર્મળ પર્યાયના પણ પ્રદેશ ભિન્ન છે. અહીં તો હજી વિકારની વાત લીધી છે. સમજાણું કાંઈ?

ભગવાન અસંખ્ય પ્રદેશે બિરાજમાન ચૈતન્ય પ્રભુ એના જે અંશમાં, જે ક્ષેત્રના અંશમાંથી, રાગ-દ્વેષ અને પુણ્ય-પાપની વૃત્તિ ઉત્પન્ન થાય એ મલિન અંશનું મલિન ક્ષેત્ર છે. બીજું આખું નિર્મળનું નિર્મળ ક્ષેત્ર છે. બેય ક્ષેત્ર જુદાં છે. આહા..હા..! એ ... એ તો કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય એય..! મૂળચંદભાઈ! સ્વરૂપચંદભાઈ! શરીર જુદું, બાયડી છોકરા જુદાં, ક્ષેત્ર જુદું, પૈસા જુદાં, રાગ જુદો અને રાગનું ક્ષેત્ર પણ જુદું. રાગ છે. આહા..હા..! ત્યાં ચાલી હતીને ચર્ચા? નિર્મળ પર્યાય જુદી છે? હા. કેટલી જુદી? કે આકાશ ભિન્ન છે એટલી જુદી.

એ મુંબઈમાં આવ્યું હતું. પ્રદેશ શું, અહીં ને અહીં છે. અસંખ્ય પ્રદેશનો પિંડ પ્રભુ. ચૈતન્યઘન. શ્રીમદ્દે ચૈતન્યઘન કીધું છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' ઈ ચૈતન્યઘનમાં અસંખ્ય પ્રદેશ લીધા છે. 'સ્વયં જ્યોતિ સુખધામ' સ્વયં જ્યોતિ અને આનંદનું ધામ, આનંદનું સ્થાન એ છે. એ રાગનું સ્થાન એ ભિન્ન ક્ષેત્ર છે. આહા..હા..!

વીતરાગ તીર્થંકર કેવળીનો માર્ગ છે આ. સમજાણું કાંઈ? જેણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા અને એની વાણીમાં આવ્યું. એ કંઈ સાધારણ વાત નથી. સંપ્રદાયને ભગવાન કોણ છે અને શું એની ખબર નથી. વાતું કરે અરિહંત અરિહંત, પણ અરિહંત કેવા હોય? કોણ હોય? એની સત્તા એક સમયનું જ્ઞાન જે ત્રણ કાળ, ત્રણ લોકને જાણે ભાઈ! એની સત્તા કોણ કબુલે? આહા..હા..! આવું અસ્તિત્વ જગતમાં કેવળજ્ઞાન એક સમયમાં... ખરેખર તો એ પર્યાયનું ક્ષેત્ર પણ જુદું અને ગુણનું જુદું. આહા..હા..! પવિત્રમાં પણ બે જુદાં. કારણ કે જે અંશમાં પર્યાય ઉત્પન્ન થાય છે એ અંશ ... આહા..હા..! અને આ ધ્રુવ છે. ઝીણું છે, ભાઈ! આ ... છેને, ભેદજ્ઞાન. એય..! નારદજી!

મુમુક્ષુ :- .. સ્વીકારવી પડે.

ઉત્તર :- ... વસ્તુ કરે ત્યારેને પણ. વાતું કરે તો થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સવારે .. ભેદજ્ઞાન જ છે સદાય અમારે. કોઈ કાંઈક કહે તો પાધરો જવાબ આપે. આહા..હા..!

વિકલ્પ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ વિકલ્પનું ક્ષેત્ર જુદું અને ભગવાનનું ક્ષેત્ર જુદું. આસ્રવનું ક્ષેત્ર છે. સમજાણું કાંઈ? એ આસ્રવનો ભાવ જુદો, સ્વભાવભાવ જુદો. ..લાલજી! આવું તો સાંભળવા પણ ક્યાં મળે છે ત્યાં? ... મૂકીને આવ્યા ખરા. ... આહા..હા..! ભગવાન! આ વાત તો સાંભળ ભાઈ! આવું મનુષ્યપણું મળ્યું અને સાચી સમજણ, પરલક્ષી સાચી સમજણના ઠેકાણે નહિ એને સ્વલક્ષ કે દિ' થાય? સમજાણું કાંઈ? જેની શુદ્ધતા જ એવી છે એવી સાંભળીને પરલક્ષવાળા જ્ઞાનમાં પણ જેના ગોટા, એના નિશ્ચયના ગોટા હોય જ. આહા..હા..! બહુ માર્ગ! એવી વીતરાગની .. વ્યવહાર જ્ઞાન કહ્યું ભાઈ! નિયમસારમાં ૫૦મી ગાથા. ... હેય-ઉપાદેયનું જ્ઞાન એ હજી વ્યવહાર છે. આહા..હા..! પણ હજી હેય-ઉપાદેયના ખ્યાલમાં પણ જ્ઞાનમાં વિરોધ છે એને તો અંતરમાં સ્વભાવ અને રાગની .... આહા..હા..! હજી બાહ્યમાં ચ્યુત હોય, પણ અંતરમાં અચ્યુત પણ હોય અને ચ્યુત પણ હોય, પણ બહારમાં અઠીક છે એને તો અંતરમાં ઠીક હોઈ શકે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

અને જે જાણપણાનો અંશ એમ જાણે કે આ રાગથી મને લાભ થાય, એક દ્રવ્ય બીજાનું

કરી શકે, પુણ્યના ભાવમાં પણ કાંઈક અંશ શુદ્ધતાનો હોય છે, પાપના ભાવમાં પણ કાંઈક મીઠાશ છે, આવી જે માન્યતા મિથ્યાત્વની એવું જે જ્ઞાનના અંશમાં પરલક્ષમાં ભૂલ એને સ્વલક્ષમાં ભૂલ હોય ... આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ આ. ઓલા તો વ્રત પાળો, દયા પાળો. એય..! ... અપવાસ કરો. ધર્મ થઈ ગયો લ્યો! આહા..હા..! બાપુ! 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' એ કોઈ વાત અલૌકિક છે! સાધારણ લોકોએ કલ્પી છે એ ચીજ નથી. જેને કહે છે કે રાગ અને પુણ્ય-પાપના, દયા-દાનના પરિણામ એનું ક્ષેત્ર જુદું, એ વસ્તુ જુદી. આહા..હા..! સમજાણું કાંઈ?

'કારણ કે **બન્નેના પ્રદેશો ભિન્ન...**' આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણામાં આવ્યા હોં! .. આ તો ... છે આ. આહા..હા..! અરે..! વીતરાગની વાણી પરમ સત્ય ક્યાં હોય ભાઈ! એ પણ કોઈ પુણ્ય અને ભાગ્ય હોય છે. આ ખ્યાલ કરવો હોય તો પુરુષાર્થથી થાય છે. સમજાણું કાંઈ? એમાં એક વાત છે કે જે કાંઈ વાણી સારી મળવી .. એ પુણ્ય છે. પણ એ પુણ્યમાં મળી એમાં જે રાગ થયો સાંભળતા અને એ રાગથી હવે મને કલ્યાણ થશે, ત્યાં પાછું ... આહા..હા..! શું કહ્યું? ફરીને. ગીરધરભાઈ! સાંભળ્યું નથી બાપા, કોઈએ તમારા બાપ-દાદાએ કોઈએ સાંભળ્યું નહોતું. આ તમે સાંભળ્યું પહેલું. ..ભાઈએ. શેઠિયા કહેવાય ... આ વળી કાર્યવાહક છે... આ ક્યાં હતું ન્યાં? આહા..હા..! ડોક્ટર!

અનંત સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માનો વાણીમાં પોકાર છે. અરે..! જીવ! એકવાર સાંભળ તો ખરો તું. બહારની બધી વાતું ઘણી સાંભળી હોં! પણ આ એક વાત સાંભળ, કે રાગ અને આત્મા બે ક્ષેત્ર જુદાં. આહા..હા..! ભાવે જુદા, ક્ષેત્રે જુદા, એના સમયનો કાળ પણ જુદો, આ ત્રિકાળી ધ્રુવ. આહા..હા..! સમજાણું કાંઈ? એનું ફળ જુદું. હવે એ દુઃખ છે અને અહીં તો શાંતિ છે. આ તો ભેદજ્ઞાનની વાત છે, ભાઈ!

'**એક વસ્તુની બીજી વસ્તુ...**' આમાં શું રહ્યું હવે? એ કાતર કપડાને કાપે? અને દરજી એ કોટને કરે? જીવ રાગને કરે તો એ જીવ નહિ. બીજી ચીજને કરે તો એ જીવ ક્યાં રહ્યો ઈ? આહા..હા..! નવરંગભાઈ! આ તો નવા રંગ ચડાવવાની છે વાતું. આહા..હા..! એકનો એક છોકરો હોય, જુવાન હોય, પરણીને મરી ગયો. પછી આપણે વાણિયામાં રિવાજ છે, ભાઈ! બધા રોવા આવે તો બહાર જાય રોવા સામા. બધું જોયું છે, બરાબર જોયું છે. બહાર બેસે. ખડકી બહાર બેસે. અમારા બાપ હતા બહુ સુંવાળા, રૂપાળા... અમારા મોટા ભાઈ ગુજરી ગયા, ૫૭માં. આહા..હા..! એ વખતે હજી અગિયાર વર્ષની ઉંમર. પછી સગાવ્હાલા આવે. ઘીમાં તરબોળ રોટલી ખાય અને .. બહાર જાય, ખડકી બહાર. એય..! દીકરા! ... એમ રોવે. ... રામજી કેવા? લાઠીના હતા. રામજી ભગવાન. ૫૭ની સાલની વાત છે. અમારા મોટા ભાઈ .. ખુશાલ.. બહુ રૂપાળા અને બહુ હુશિયાર. બહુ હુશિયાર.

પાણી લાગ્યું. મુંબઈનું પાણી લાગ્યું અને મરી ગયા. મારી ઉંમર ૧૧ વર્ષની ત્યારે. આ દેહની. દેહનીને? એ પછી બહાર જાય ભાઈ! આમ તરવરે છે... ગૃહસ્થના દીકરા, સુંવાળા શરીર, કાંઈ કરેલા નહિ અને આ છોકરા.. વહુ તો ૨૬ વર્ષની. છોકરો એક-બે વર્ષનો થયો હતો. ૫૭માં. ... આહા..હા..!

અરે..! બાપુ! આ રાગનું એકત્વ માન્યું ... બહારમાં કડ ભાંગી નથી. આહા..હા..! એ રાગનો વિકલ્પ અને પ્રભુ આત્મા નિર્વિકલ્પ સ્વભાવ, બે ચીજું તદ્દન જુદી. અરે..! બેને એક માનતા ચૈતન્યનું મૃત્યુ થાય છે. એવી જાગતી જ્યોત તે દૃષ્ટિમાં તને નથી રહી. સમજાણું કાંઈ? ...ભાઈ! ભાઈ આવ્યા હતાને? કાલે. આહા..હા..! ભાઈ! તારી ચીજ તો અંદર જુદી પડી છે. આહા..હા..! જેને વિકલ્પના રાગ સાથે કાંઈ સંબંધ નથી. એમ કીધુંને? બીજી વસ્તુ નથી એનો અર્થ શું થયો? અહીં સંબંધ જ નથી. એ રાગને વ્યવહાર દયા, દાનના રાગને અને તારે કાંઈ સંબંધ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- અત્યંત અભાવ છે.

ઉત્તર :- અત્યંત અભાવ છે. ભારે કઠણ જગતને. અને બહારમાં ઘૂસી ગયા હોયને બહુ, બહારમાં માન મળ્યા હોય મોટા એને આ વાત બેસાડવી કઠણ પડે. બાપુ! કઠણ કાંઈ નથી હોં. એ ઘરની છે, તું ઘર સામું જોને. સહેલી છે. પણ સ્વસન્મુખ જોયે સહેલી છે, પરસન્મુખ જોયે તે દુર્લભ છે. આહા..હા..!

કહે છે,... એક લીટીએ તો ગજબ કામ કર્યું છે! **'એક વસ્તુની બીજી વસ્તુની...'** કાંઈ સંબંધ નથી. બાયડી, છોકરા ક્યાંય રહી ગયા, પ્રભુ! તું કોણ અને ઈ કોણ? આહા..હા..! અરે..! અહીં તો રાગ થાય એને અને તારે સંબંધ નથી, પ્રભુ! આવો તું છો. અરેરે..! પવિત્ર ભગવાન આત્માને અપવિત્ર રાગનો સંબંધ કેવો? સમજાણું કાંઈ? આવું અંદરમાં ભેદજ્ઞાન થાય એનું નામ અહીંયાં સંવર અને ધર્મ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૧૩, ગુરુવાર, તા. ૧૫-૦૨-૧૯૭૩**
**ગાથા-૧૮૧ થી ૧૮૩, પ્રવચન-૩૧૬**

આ સંવર અધિકાર. પહેલી ગાથાઓ ચાલે છે. ૧૮૧-૮૨-૮૩. આ સંવર એટલે ભેદજ્ઞાન. રાગના વિકલ્પથી પણ ચૈતન્ય જુદો (છે) એવું જે ભેદજ્ઞાન થાય તેને અહીંયાં સંવર એટલે ધર્મની શરૂઆત કહે છે. સમજાણું? ઘણા સિદ્ધાંતો સત્ય આમાંથી સિદ્ધ થાય છે. ઘણા સિદ્ધાંતો સત્યની સિદ્ધિ પણ આમાં છે. એક જ શબ્દમાં.

**'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** આહા..હા..! કોઈપણ એક આત્મા બીજાના કાર્ય કરી શકે એવું નથી. કેમકે એ બીજાની ચીજ નથી. સમજાણું કાંઈ? આત્મા એક બીજી વસ્તુ નથી. **'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** એટલે એનો અર્થ થયો કે આત્મા પરની દયા પાળી શકે કે હિંસા કરી શકે એવું છે નહિ. આ ભારે! સમજાય છે કાંઈ? કેમકે એક વસ્તુ બીજીની નથી. બીજીની નથી તો બીજાનું શું કરે ઈ?

મુમુક્ષુ :- બીજાનું કરે એ હુશિયાર કહેવાય.

ઉત્તર :- હુશિયાર તે ગાંડા માને, પાગલ માને. કહેતો હતો એક જણો. આવ્યો હતોને એય..! ચેતનજી! નહિ ઓલા ખચરગચ્છનો નહિ? ... ઈ કહેતા કે કૂતરા પણ પેટ ભરે છે. પરનું કરે તો ઠીક કહેવાય. આહા..હા..! પ્રભુ! એ ત્યાં આવ્યા હતા. હીરાભાઈના મકાનમાં આવ્યા હતા. આહા..! ભાઈ! એક ચીજમાં બીજી ચીજ નથી એમ થયુંને? પણ બીજી નથી તો બીજામાં બીજું કરે શું ઈ? આહા..હા..! મોટો આખો ઝઘડો છે. આત્મા આ જડનો નથી. તો પછી જડની આ હલવા-ચલવાની ક્રિયા એની નથી તો શી રીતે કરે? સમજાય છે કાંઈ? એનો થાય, એના અસ્તિત્વમાં જાય, બીજાના અસ્તિત્વમાં જાય તો તો એનું કાંઈક કરે, પણ બીજાના અસ્તિત્વમાં સ્વ અસ્તિત્વ તો જાતું નથી. આ મોટા વાંધા.

મુમુક્ષુ :- તદ્દ્ન સ્થૂળ વાત છે.

ઉત્તર :- બહુ સ્થૂળ. આ તો ઘણી સ્થૂળ. સઈ વિના એ કાપડનો કોટ કેમ થાય? એના વિના કેમ થાય? કેચી અને સોયને બેસાડો ... આહા..હા..! કોણ બેસાડે? કોણ દે? ભાઈ! એક વસ્તુ બીજીની નથી એનો અર્થ કર્યો કે એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી. પછી બીજીનું કરે એ ક્યાંથી આવ્યું? આહા..હા..! રોટલીની પર્યાય બાઈ કરે તો એનો અર્થ થયો કે એક વસ્તુ બીજીના સંબંધવાળી છે. આ તો સંબંધ વિનાની છે. પણ નિમિત્ત-

નૈમિત્તિક સંબંધ છેને? પણ નિમિત્ત નૈમિત્તિક સંબંધનો અર્થ જ ઈ પૃથક્ છે. નિમિત્ત પૃથક્ અને નૈમિત્તિક પૃથક. એ તો પૃથક્તાની જાહેરાત કરે છે. એ સંબંધની એટલે એનાથી થાય એવી જાહેરાત કરતા નથી. બીજી ચીજ છે એમ જાહેરાત કરે છે. બસ થઈ રહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** જુઓને ભેદજ્ઞાન! આહા..હા..! અહીં તો હજી રાગને પણ એ વસ્તુ આત્મામાં નથી એમ સિદ્ધ કરવું છે. પરની વાત તો ક્યાંય રહી ગઈ. આહા..હા..! સંપ્રદાયમાં તો આ પરની દયા પાળો અને ધર્મ થાય. મિથ્યાત્વનું સેવન છે એકલું અજ્ઞાનનું.

મુમુક્ષુ :- બધાય સંપ્રદાયમાં એમ જ છેને.

ઉત્તર :- બધાય સંપ્રદાયમાં.

મુમુક્ષુ :- અહિંસા પરમો ધર્મ.

ઉત્તર :- કઈ અહિંસા? રાગની ઉત્પત્તિ ન થવી એ અહિંસા. રાગની ઉત્પત્તિ એ હિંસા. પરની હિંસા કરે કોણ? એક વસ્તુ બીજીની ચીજ નથી ત્યાં? પોપટભાઈ!

મુમુક્ષુ :- વાણિયો તો જીવને બચાવેને?

ઉત્તર :- ધૂડેય બચાવે નહિ. કોણ બચાવે? બચાવાનો ભાવ કરે. પણ પરને બચાવી શકે, ત્રણ કાળમાં નહિ.

મુમુક્ષુ :- બચાવાનો ભાવ કરે અને આ તો રાગ છે એમ કાઢી નાખે.

ઉત્તર :- ભાવ કરે એ તો અપરાધ છે. પર તરફની વૃત્તિ છેને કે આને બચાવું કે આને આમ કરું. એ તો .. અપરાધ છે. આહા..હા..! ઝીણી ચીજ છે, મૂળચંદભાઈ! આહા..હા..! ભેદજ્ઞાન શરૂ કર્યું છેને ત્યારથી આમ ટૂકડા કર્યા છે બીજા. શરીરાદિ પરવસ્તુનો આત્મા નથી. પરવસ્તુનો નથી તો પરમાં કેમ પેસે? અને પરનું શી રીતે કરે?

મુમુક્ષુ :- ઈ શરીરમાં નથી બેઠો?

ઉત્તર :- શરીરમાં બેઠો નથી, શરીર શરીરમાં છે. આહા..હા..! એક ક્ષેત્ર હોવા છતાં ક્ષેત્ર પણ એનું જુદું છે. આહા..હા..! આ તો આ રજકણો પણ આત્માના પ્રદેશમાં જાણે ભેગા હોય. ભેગા છે જ નહિ. રતનલાલજી! તો આ બધા તમે સેવા કરતા હતાને? એય..! ગીરધરલાલજી! માનતા હતા એમ કહો. આહા..હા..! પોપટભાઈ! આ પૈસા રળી દઈએ. કહે છે કે એક ચીજ બીજીની નથી ત્યાં રળી દઈએ એ આવ્યું ક્યાંથી? એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- અડધી લીટીમાં બધું આવી જાય છે.

ઉત્તર :- આમાં આવી જાય છે. આહા..હા..! ભાઈ! તું નવરો, પરથી તદ્દન નવરો છો. પરથી તદ્દન નાસ્તિ છે તારી અને તારાથી તે નાસ્તિ છે. આહા..હા..! તો એ આત્મા..

અહીં તો હજી બીજી વાત કરવી છે આઘેની. હજી અહીં તો પરદ્રવ્યની પર્યાયને આત્મા કરે એ તો ઘણું સ્થૂળ ભ્રમ અજ્ઞાનીનો છે. ભગવાનમાં ભ્રમ એણે ઊભો કર્યો. સમજાણું કાંઈ? અહીં તો રાગ ને દયા, દાન અને ભક્તિના ભાવ, અહિંસા, સત્ય, દત્ત એવા મહાવ્રતના ભાવ કહે છે કે એક વસ્તુ બીજીની છે જ નહિ. આત્મા રાગનો છે જ નહિ. મૂળચંદભાઈ! આવી વાત છે. બધા શેઠિયાઓએ પણ એમને એમ વખત ગાળ્યા સમજ્યા વિના. નહિ?

મુમુક્ષુ :- દેશનાલબ્ધિ ત્યારે શેમાં નાખશો?

ઉત્તર :- દેશનાલબ્ધિ કાંઈ નથી. એ તો પર્યાયમાં એનો ખ્યાલ આવે એટલું જ્ઞાન. એ પરાલંબી જ્ઞાન. એનાથી આત્માને લાભ ન થાય. કહો, શું છે? દેશનાલબ્ધિ શબ્દ છે અને એનો અભિપ્રાય કહેનારનો, એ લક્ષમાં લે એ એક એની પર્યાયમાં પોતાના ... છતાં એ એનાથી થઈ નથી આ પર્યાય. છતાં એ પર્યાયથી સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..! ઝીણી વાતું, ભાઈ! આહા..હા..! એ પ્રશ્ન નારદ છે. જાણો છોને? પ્રશ્ન નારદ. આહા..હા..! કહો, સમજાણું આમાં? ઓહો..હો..! ફલાણાએ તો આમ કરી દીધું, ફલાણાએ આમ કર્યું. મંદિર બાંધ્યા. એણે તો રાજાને વશ કર્યો, રાજા એનાથી રીઝાણો, ઘણા ગૃહસ્થોને ધર્મ પમાડ્યા. અરે..! પ્રભુ! શું છે આ? સમજાણું કાંઈ? ત્યાં છાપામાં આવ્યું હતું તમારું નામ કે ભગવાનદાસનું? શેઠ! શું તમારું કાંઈક વાંચ્યું હતું. ... (અભિનંદન સમારોહ) કરવાનો છે કે કર્યો? આમાં છાપામાં આવ્યું છે, છાપામાં આવ્યું છે ઈ જોયું. કીધું, ભગવાનદાસ આ લાગે છે. અભિનંદન બધા લાકડા બીજાના. પોતાને પણ પાછું કામ નક્કી કરવું હોય એટલે બીજા આપે. એકબીજાને માખણ ચોપડે. એ આમાં હતું, કાલે આવ્યું હતું. આહા..હા..! અરે..! કોણ કોને અભિનંદન દે? શબ્દ કોના? શબ્દ જડના. જડનો આત્મા નહિ, આત્મા જડનો નહિ. આહા..હા..!

અહીંયાં તો લઈ જવું છે રાગ ઉપર હોં! પરનું તો ક્યાંય રહી ગયું. અહીંયાં તો અંદર વિકલ્પ જે ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ, પંચ પરમેષ્ઠીનું સ્મરણ એ રાગ છે, એ વીતરાગતા નથી. એ રાગનો આત્મા નથી. આત્મા આનંદ અને જ્ઞાનનો છે. સમજાણું કાંઈ? ભારે આકરું બહુ!

વીતરાગ ત્રિલોકનાથનો પોકાર છે કે એક ચીજ઼ી બીજી ચીજની નથી. એટલે? એક ચીજ બીજી ચીજને કાંઈ લાળેલાકડે સંબંધ નથી કહે છે. એનું ભિન્ન પરિણમન, તારું ભિન્ન પરિણમન. કેમ સંબંધ તારે એની સાથે? એવું જે પરનું કરવું કે પરથી મારામાં કાંઈક થાય એ બધો ભ્રમ અજ્ઞાનીનો છે. શું છે આ? દેશનાલબ્ધિ વિના સમકિત થાય નહિ, નથી આવતું? એ બધા વ્યવહારના વચન છે. આહા..હા..! ભારે ભાઈ! એવું હોય છે, પણ એવું હોય છે માટે એનાથી સમ્યગ્દર્શન પામે છે, એ પરલક્ષી જ્ઞાનનો આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! દેશના સાંભળી, જ્ઞાનની પર્યાયમાં આવ્યું કે ભગવાન એમ કહે છે કે શુદ્ધાત્મા તું છો. એવું

એના જ્ઞાનની પર્યાયમાં પોતાની યોગ્યતાના ક્ષયોપશમ કાળે આવ્યું. પરને લઈને નહિ. પર તો નિમિત્ત છે. એવો સંબંધ થઈને જે કાંઈ જ્ઞાનની પર્યાય પર તરફના લક્ષવાળી થઈ એને અને આત્માને સંબંધ કાંઈ નથી એમ કહે છે અહીં તો. છે કે નહિ અંદર? શું છે? આહા..હા..!

મુમુક્ષુ :- બીજું પડખું છે.

ઉત્તર :- એ તો છે કે બીજું પડખું છે. બીજું પડખું છે જાણવા જેવું ઈ. એક જ પડખું આદરણીય છે, બીજું પડખું જાણવાલાયક છે. આહા..હા..! આકરી વાત. સંપ્રદાયમાં તો ભારે ઊંધી વાતું જ બધી ચાલે છે. આહા..હા..! આજે આ કલ્યાણનું મોટું આવ્યું છે. સાધુના વખાણ... વખાણ... વખાણ... કલ્યાણજી. કોઈ સાધુ ગુજરી ગયો છે તો આખું એનું છે લખાણ... વખાણ... એણે આમ કર્યું... એણે આમ કર્યું... એણે આમ કર્યું... આત્મા કર્યો કે નહિ એ વાત નહિ. આહા..હા..! જ્યાં છે ત્યાં એ વાત પણ નથી, ભાઈ! આહા..હા..! ભાઈ! તું રાગનો નહિ, તું પરનો નહિ અને પરલક્ષીજ્ઞાનનો પણ તું નહિ હોં! કારણ કે પરલક્ષીજ્ઞાન એ પરસત્તાવલંબી બંધનું કારણ છે. ગજબ વાત છે! વીતરાગમાર્ગ તે કોઈ અલૌકિક માર્ગ છે ભાઈ! લોકોને મળ્યું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- કાંઈક તો આધાર હોયને.

ઉત્તર :- બિલકુલ આધાર નહિ એ આવશે હમણા આવશે. ઈ આવશે અંદર. આહા..હા..!

'**કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...**' અહીં તો રાગ અને દયા, દાન, ને ભક્તિના પરિણામ આહા..હા..! એ વસ્તુ જ ભિન્ન ગણી છે વિભાવ. એને ત્રિકાળી સ્વભાવ સાથે કાંઈ સંબંધ નથી એમ કહે છે. વિભાવ જે પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એને અને ત્રિકાળી સ્વભાવને કાંઈ સંબંધ નથી. વસ્તુ આ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ એ વસ્તુ. એને વિભાવ-સ્વભાવ સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! એટલે કે વ્યવહારરત્નત્રયના વિકલ્પને અને ભગવાન આત્માના જ્ઞાયક ચિદાનંદ શુદ્ધ સ્વભાવને કાંઈ સંબંધ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમ? બન્નેના ક્ષેત્ર જુદાં છે. આહા..હા..! બેયનું ક્ષેત્ર જુદું છે, ભાવ જુદો તો છે. આહા..હા..! ગજબ વાત છે! વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે! આહા..હા..!

પોતે પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા જ એની ચીજ છે. સમજાણું કાંઈ? પરથી જણાય એવો એનો સ્વભાવ નથી એમ કહે છે. એ પર તરફનો ભાવ ભક્તિનો આવ્યો કે એ પર તરફનો ખ્યાલ પોતાનો પોતાને કારણે આવ્યો એનાથી પણ એ આત્મા જણાય એવો એ આત્મા નથી. સમજાણું કાંઈ? કહો, દાસ! હવે આવું સાંભળીને માણસને... આ તો હજી સત્યનો એકડો છે. એના ખબર વિના સાધુ થઈ ગયા અને વ્રતધારી મહાવ્રતધારી. મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! મૂઢ જીવની સેવા કરે છે. મૂઢતાની. આહા..હા..! બાપુ! સમ્યગ્દર્શન શું ચીજ છે?

અહીંયાં એ ભેદજ્ઞાન (કહે છે). રાગનો વિકલ્પ છે, ત્રિલોકનાથ પરમાત્માની ભક્તિનું સ્મરણ, કહે છે કે એ સ્મરણનો જે રાગ એને ત્રિકાળી ભગવાન સ્વભાવ વસ્તુ એ વસ્તુ છે, ખરેખર આત્મા તો એને કહીએ જ્ઞાયક ચિદાનંદ ધ્રુવસ્વરૂપ એ જ આત્મા છે, એને અને રાગને કાંઈ સંબંધ નથી. એ આત્મા રાગનો નથી, રાગ આત્માનો નથી. કહો, પોપટભાઈ! આહા..હા..!આમાં તો ઘણું ચોખ્ખું લખ્યું છે. રતનલાલજી! લખ્યું છે કે નહિ? **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** ગજબ છે! અહીં તો રાગ તે આત્માનો નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! કહો, શેઠ! ચૈતાલયમાં કરેને. કહે છે, એમાં જે વિકલ્પ આવે એ આત્માનો નથી. એય..! શેઠ! આહા..હા..! જો આત્માનો હોય તો આત્મા મલિન થઈ જાય છે. મલિન વસ્તુ ન હોય. નિર્મળાનંદ પ્રભુ એ આનંદનો સાગર જે... આહા..હા..! પૂર્ણાનંદે છલોછલ ભરેલો પ્રભુ, આહા..હા..! એવા સ્વભાવને પહેલે દરજ્જેથી એ રાગનો એ નથી હોં! રાગનો એ નથી તો રાગથી ત્યાં થાય એમાં, બીજા દ્રવ્યથી બીજા દ્રવ્યમાં થાય (એમ કેવી રીતે બને)? તો રાગ પણ પરદ્રવ્ય છે. આહા..હા..! એનાથી સ્વદ્રવ્યનું થાય એવો સંબંધ જ નથી. એક વસ્તુ બીજા થતી નથી, થઈ નથી, છે નહિ. આહા..હા..! જુઓ આ ભેદજ્ઞાનની શરૂઆત. તારાચંદજી! શું કહે છે આ? અહીં તો કહે છે કે ભગવાનની વાણી પરદ્રવ્ય છે. એ ભગવાનની વાણી નહિ અને ભગવાન પણ આ આત્માના નહિ. ગટુલાલજી! આવી વાત. વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે.

મુમુક્ષુ :- એ બધા અવિનય ન થયા?

ઉત્તર :- ઈ જ વિનય છે. ભગવાન એમ કહે છે કે મારાથી તારામાં ન થાય એ માનવું એ જ વિનય આત્માનો છે. નારદ છેને, તો પ્રશ્ન કાઢે છે બરાબર. કહો, સમજાણું કે નહિ? મારાથી થાય તને એમ મેં કહ્યું નથી અને તું એમ માન તો મારો અવિનય છે. આહા..હા..! કહો, શેઠ! આ તો જન્મ-મરણના અંત લાવવાની વાત છે. અરે..! અંદર લાલાપેઠા વાણિયા વેવલાની જેમ કરે ઈ આ કામ નથી. આહા..હા..! 'રણે ચડ્યો રજપૂત છૂપે નહિ.' કહે છે કે રાગથી ભિન્ન પડેલો ભેદજ્ઞાની ઢંકાયો ન રહે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? જેને પળે-પળે રાગથી ભિન્નતા અંદર ભાસે. કેમકે એક ચીજ બીજી ચીજની નથી તો એ બીજી ચીજવાળી છું એ કેમ ભાસે? પ્રવિણભાઈ! ભારે આવું!

કેમકે બન્નેના ક્ષેત્ર જુદાં છે. આહા..હા..! બેયની ઉત્પત્તિનું સ્થાન. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિનો જ્ઞાનભાવ એની ઉત્પત્તિનું ક્ષેત્ર અને નિર્મળાનંદ નાથ પ્રભુ, એનું ઉત્પત્તિ ક્ષેત્ર બે જુદાં છે. સમજાણું કાંઈ? ક્ષેત્ર જુદાં છે. આહા..હા..! ભારે વાત ભાઈ! બાપુ! આ તો અપૂર્વ માર્ગની વાત છે. આ સાધારણ જનતા સાથે મેળ ખાય એવું નથી. પંડિતોની સાથે મેળ ખાય એવું નથી. એય..! પંડિતજી! આ જ સહેલું અને સત્ય આ જ છે. એકને

એક બેને અઢી કરે તો સહેલું થાય? આંકડો વધી જાયને એટલે સહેલું થતું હશે. આહા..હા..! ભાઈ! તારી સત્તા.. જુઓ કહે છે જુઓ!

**‘બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...’** જુઓને કેટલું કહ્યું! **‘તેમને એક સત્તાની અનુપપત્તિ છે...’** આ ત્રીજો બોલ લીધો. આહા..હા..! રાગની અને આત્માની સત્તા બે એક નથી. તેમને એક સત્તાની અનુપપત્તિ (છે), બન્નેની સત્તા જુદી-જુદી છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ એની સત્તા અને ભગવાન ચૈતન્યસત્તા બે જુદી છે. આહા..હા..! અરે..! જૈનના સાધુ નામ ધરાવી.. દિગંબર હોં! આ બીજા તો કુલિંગીઓ છે. જે આ વસ્ત્ર-પાત્ર રાખીને સાધુ માને એ તો કુલિંગી છે. મિથ્યાદૃષ્ટિ કુલિંગ છે. જેનું દ્રવ્યલિંગ નગ્ન અને અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા પાળે, વનવાસમાં રહે, પણ એ રાગનો ભાગ મને લાભ કરશે એવી દૃષ્ટિ ત્યાં ઉભી છે તે મિથ્યાદૃષ્ટિ છે. પૈસા જેવું નથી ત્યાં એકદમ પૈસા નોટો ખર્ચાય અને બહાર દેખાય. આ તો બીજી વાત છે આખી. એ ન્યાલસ્વરૂપ છે. એ વિના ન્યાલ કેમ માને? ... પૈસા ભેગા કર્યા કરોડ રૂપિયા અને કરોડપતિ. ધૂડમાંય નથી ત્યાં. આહા..હા..! અરે..! ભગવાન! તને રાગવાળો કહેવો એ ગાળ છે. પૈસાવાળો કહેવો એ તો ગાળમાં ગાળ મોટી. આહા..હા..! કહો, એ .. ભૂલવું પડે પરાણે. એય..! નારદજી! કહે છે કે ગાળ છે આત્માને. આહા..હા..! કેમકે રાગનો ભોગવટો એ આત્મા નહિ. આહા..હા..!

ભગવાન અલિંગગ્રહણમાં કહે છે કે ઈન્દ્રિયના વિષયનો ભોક્તા એ આત્મા નહિ. ઈન્દ્રિયના વિષયનો ભોક્તા રાગનો હોં, જડનો નહિ. એ આત્મા નહિ. આત્મા ઈન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. આહા..હા..! સંયોગી ચીજમાં હરખ આવે કે પૈસાના ઢગલા, સ્ત્રીનું શરીર, સ્ત્રીને પુરુષનું શરીર એ દેખીને જેને આમ અંદર હરખ આવે, કહે છે કે એ ઠગાઈ ગયો છે. આત્મા એણે રાખ્યો નથી. આહા..હા..! એણે આત્માને આત્માપણે રાખ્યો નહિ. એણે અણાત્મામાં—રાગમાં આત્મા જોડી દીધો એ આત્મા નહિ. આહા..હા..! એવી વાત છે, ભાઈ!

વીતરાગ ત્રણ લોકના નાથ જેને સો ઈન્દ્રો પૂજે એનું જ્ઞાન અને એની વાણી શું હશે? આ વાણી આવી છે. સમજાણું કાંઈ? ઓલુ તો કુંભાર કહે છે અમારે ત્યાં દયા પાળવી, આમ કરવું, ફલાણું કરવું એ કુંભાર કહે છે. ભગવાન કહે અને કુંભાર કહે એક જાત હશે? આ નાની ઉંમરમાં અમરે ઉમરાળામાં ભાઈ બધે હતું. ... ઉમરાળામાં તો બહુ ખબર નાની ઉંમરમાં. એક મહિનો બંધ. શેઠિયા જાય. રૂખડ શેઠ હતા બિચારા બહુ માણસ લૌકિકમાં. ... પછી ઘસાઈ ગયા હતા. ઘાંચી પાસે જાય. સોપારી પાંચ લે, બે .. જાય. શ્રાવણ સુદ એકમ. એ પહેલા જાય ઘાંચી પાસે. ઘાંચી હોયને? કુંભાર. પાંચ સોપારી આપે. ઓલા સમજે કે આજથી ભાદરવા સુદ પાંચમ સુધી ઘાણી ન કરાય. ઘાણી ન કરે. એટલી મહાજનની ઓલી હતી. એઈ..! ..ભાઈ! તમારે હતું ..કે નહિ એવું? નહિ ખબર હોય. અમને તો બધી

ખબર છે. મોટા શહેરમાં નહિ (હોય). આ તો બિચારા એક મહિનો અને પાંચ દિ' સુધી ઘાણી બંધ. કુંભાર શું કહેવાય? નિભાડો બંધ, નિભાડો કરે નહિ. નિભાડો સમજ્યા? એક મહિનો અને પાંચ દિ' નહિ. પછી પણ પહેલો કોણ કરે? એમાં ઓલી થાય હરિફાઈ. એમ કરતાં-કરતાં દસ દિ' બીજા નીકળી જાય. પહેલા શરૂઆત કોણ કરે છે? મહાજનની એકલી હાક હતી. અને એ લોકો પણ એવા બિચારા હોં. મુસલમાન પણ ન કરે. ઘાણી નહિ, એક મહિનો અને પાંચ દિ' ઘાણી નહિ. ઈ ધર્મ છે? આ ભગવાને કીધું છે આવું? પોપટભાઈ!

અહીં તો ત્રણ લોકનો નાથ પોકાર કરે છે જગતને. નિમિત્તથી છેને? ભાઈ! તને નીકળવું છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો એવા રાગને અને તારે કાંઈ સંબંધ નથી. બેની સત્તા જુદી છેને ભાઈ! આહા..હા..! બેના હોવાપણા જુદા છેને આમ. નિર્મળાનંદમાં પ્રભુ છે અને મલિનતામાં વિભાવ છે. સમજાણું કાંઈ? કહો, છગનભાઈ! ભારે વાત ભાઈ! બેની કેટલી ટીકા પણ ગજબ ટીકા છેને! **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** એટલે કે કાંઈ સંબંધ જ નથી. પરની સાથે શું સંબંધ? સ્વતંત્ર પદાર્થ એને કારણે બદલીને ટકી રહ્યો. તું તારે કારણે બદલીને ટકી રહ્યો. કોના તું માન? મારા દીકરા અને મારો બાપ અને મારી બાયડી. મૂઢ જીવ છે. એય..! આહા..હા..! મારા મકાન, મારી સ્ત્રી, અર્ધાંગના—અડધું અંગ ઈ કહેવાય. હું અડધું અને ઈ અડધું. બે થઈને એક અંગ. મૂર્ખ છે મોટો. એય..!

મુમુક્ષુ :- ઘરમાં ફૂટફાટ પડી જાય.

ઉત્તર :- ફૂટફાટ..! આહા..હા..! એ મારા માને ફૂટફાટ પડી ગઈ આત્મામાંથી, મિથ્યાત્વમાં ગયો ઈ. એય..! ઝવેરચંદભાઈ! આમ આવો આમ. અહીં આવો, અહીં આવો મોઢાઆગળ. કહો, સમજાણું કાંઈ? શું કીધું આ? ફૂટફાટ પાડી છે. આહા..હા..! આ સ્ત્રી મારી, હું એનો. મરી ગયો તું. ક્યાં ગયો તું? આહા..હા..! ખોવાઈ ગયો તું પરમાં. આહા..હા..! અહીં ભગવાન કહે છે એક ચીજ બીજી ચીજની ત્રણ કાળમાં નથી પછી આવી ક્યાંથી તારી બાયડી આ? આહા..હા..! આ મારા પૈસા, આ મારા મકાન, આ મારી આબરૂ પરંપરા બાપની. ક્યાંથી આવી આ તને? આ શું થયું તને? આહા..હા..!

કહે છે કે ભગવાન આત્મા પવિત્રધામ અને એમાં અપવિત્રતાનો પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અપવિત્ર છે ઈ. બે ચીજ એક નથી. બેની સત્તા જુદી છે, બેમાં બેને કોઈને કોઈની સાથે સંબંધ છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ કરી નથી એણે. સૌને કારણે સૌ થયું, કોઈને કારણે કાંઈ નહિ. કહો, શું કીધું? કોણ સ્થાપના કોણ કરે કોની? એ તો એની પોતાની દ્રવ્ય તરફની વાળેલી પર્યાય એને રાગથી ભિન્ન કરીને જે પર્યાય પ્રગટ થઈ એણે પોતે પોતાનું તીર્થ સ્થાપ્યું. આહા..હા..!

એ બધા વ્યવહારના વાક્યો છે. એમ છે નહિ. વ્યવહાર બોલે એમ નથી. એમ છે. આહા..હા..! ભાઈ! તું અનંત આનંદનો નાથ, શુદ્ધતાના પિંડથી ભરેલો. તારા આનંદની વસ્તુની શું વાત કરવી? ઓહો..હો..! અનંત-અનંત અતીન્દ્રિય, અણિન્દ્રિય, અણિન્દ્રિય નાથ આનંદથી શોભતો, એ ચીજને રાગ એનો છે એ માનતો મિથ્યાત્વની અશોભા છે. આહા..હા..!

ત્રણ સિદ્ધાંત કહ્યા બે લીટીમાં. એક ચીજ બીજી ચીજની નથી. એટલે કે એક ચીજને બીજી સાથે સંબંધ નથી. આ ચીજમાં લેવું છે અહીં રાગ. પરવસ્તુ તો પરવસ્તુ. એની સાથે કાંઈ સંબંધ નથી. અંદરમાં વિકલ્પ ઉઠે વિભાવ દયા, દાન, વ્રત, ભક્તિના. એવો જે રાગ અને આત્મા બેની એક ચીજ નથી. બે તદ્દન જુદી છે. કેમકે એકબીજાને સંબંધ નથી. કેમકે જેના બેના ક્ષેત્ર જુદાં છે. તેથી તેની સત્તા જુદી છે. સમજાણું કાંઈ? અરે..! આ વાત ક્યાં છે ભાઈ! ગટુલાલજી!

એકબીજાને માખણ ચોપડે. આપણે આમ કરીએ, આપણે વ્રત પાળીએ છીએ, આપણે સંથારા કર્યા છે. મિથ્યાત્વ સેવ્યા છે બધા. આહા..હા..! દુનિયા પાછી રાજી થાય. તને ખબર નથી, બાપુ તારી કોણ ચીજ છે? એ રાગની ક્રિયા કરીને એમ માને કે અમને લાભ થયો. એ બીજી ચીજથી બીજી ચીજને લાભ માન્યો. મૂઢ છે. એ જૈન નહિ. એ જૈન એટલે કે વસ્તુનું સ્વરૂપ એ નહિ. બહારમાં બહુ થોડું-થોડું ... હોં! ગુનામાં આવીએ તો આટલું બધું સ્પષ્ટ ન થાય ત્યાં. ત્યાં મોટી સભા ભરાણી હોય. આહા..હા..!

અહીં પ્રભુ એમ કહે છે કે ચૈતન્યસત્તા આનંદ અને જ્ઞાનના હોવાપણામાં એની સત્તા છે અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ વિભાવસત્તા છે. બેયની સત્તા તદ્દન જુદી છે. આહા..હા..! આ હવે એમ કહે કે વ્યવહારથી નિશ્ચય થાય. એટલે કે પરથી સ્વને લાભ થાય. એ દૃષ્ટિ તદ્દન પાખંડની દૃષ્ટિ મિથ્યાત્વની છે. આહા..હા..! ..જી! આવું છે. અરે..! ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક પોતાની પર્યાયને જાણતા જણાઈ ગયા હોં! આહા..હા..! એ પર્યાયમાં જે આવ્યું એ વાણીમાં (આવ્યું). ... રાગનો નહિ. તું દેશનો નહિ. આ અમારો દેશ, અમારા દેશ .. શું કહેવાય? શહિદ થાય છે. કહે છેને. એની પાછી ઉજવણી કરે. આહા..હા..! ભારે ભાઈ ભ્રમ જગતમાં. આહા..હા..! ભાઈ! તું કોઈનો નથી અને ક્યાંનો થયો તું? કોનું તેં કર્યું? કહો, પોપટભાઈ! આ છોકરાનું કર્યું કે નહિ? છ છોકરા મોટા કર્યા પાળીપોષીને. કહો. આહા..હા..!

'**(અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે);...**' બહુ સિદ્ધાંત ગજબ! આ તો ભેદજ્ઞાન છેને. આહા..હા..! આ એક, બે, ત્રણ ગાથા. ત્રણ લોકના નાથના પેટ ખોલ્યા છે. આહા..હા..! આમ કહે કે અમે તીર્થંકરને માનીએ છીએ, પણ તીર્થંકર શું કહે છે એની ખબરું ન મળે. એ માન્યતા ક્યાંથી આવી એને? આહા..હા..! એય..! ચીમનભાઈ! તમારા બાપે પણ નહોતું

સાંભળ્યું આવું હોં! શ્રીમદ્‌ના ભગત ... ત્યાં ક્યાં આ વાત હતી? આમ પહેલા નરમ હતા. આવ્યા હતાને, ... ડેલામાં અંદર. આહા..હા..! 'સહેજે સમુદ્ર ઉલ્લસિયો, જેમાં રતન તણાણા જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીયે મીઠીયું ભરાય.' આહા..હા..! એવી વાત છે.

વીતરાગમૂર્તિ પ્રભુ એને રાગસ્વરૂપની સાથે શું સંબંધ છે? અત્યારે હોં. વીતરાગ થાય એની વાત નથી. આત્મા વીતરાગસ્વરૂપ અત્યારે છે. એને અહીંયાં આત્મા કહીએ અને રાગ છે તે તો વીતરાગ સ્વભાવથી વિરુદ્ધ ભાવ (છે). એ વિરુદ્ધ ભાવ તે એક ચીજ નહિ. એક ચીજ હોય તો વિરુદ્ધતા હોઈ શકે નહિ. કહો, છગનભાઈ! આ બધા કાર્ય કરતા હતાને તમે બધા નહિ ત્યાં? આહા..હા..! બાપુ! તારું પર્યાયરૂપી કાર્ય ક્યું? કે રાગથી ભિન્ન પડીને સ્વભાવની શક્તિની વ્યક્તતા પ્રગટ કરવી એ તેનું કાર્ય છે. નિર્મળ પર્યાય પ્રગટ કરવી એ એનું કાર્ય છે. '**णियमेण य ज कज्जं**' આહા..હા..! એ જ વસ્તુ છે અને એ વસ્તુની દશા છે. એવી શ્રદ્ધા અને જ્ઞાનમાં પણ હજી ખબર ન મળે, એ બેખબરો ક્યાં જાશે? આહા..હા..!

ચોર્યાશીના અવતારમાં લૂંટાલૂટ છે ત્યાં. અરે..! આવા સાંભળવાના યોગ પણ ક્યાં છે? એવો ક્ષયોપશમ લઈને આવ્યો ક્યાં? મનુષ્યપણામાં એવો ક્ષયોપશમ છે. દેવોને પુણ્યના યોગ ઘણા, એમાં તણાઈ જાય સમ્યગ્દૃષ્ટિ સિવાય. નરકમાં પાપનો યોગ એટલો બધો કે એમાં સ્થિર રહી શકે નહિ, સ્થિરતા થઈ શકે નહિ. સમ્યગ્દર્શન થઈ શકે. ઓહો..! એટલી પ્રતિકૂળતા. સાંભળીને રાડ નાખે એટલી પ્રતિકૂળતા. એમાં એ આત્માનું જ્ઞાન (કરી શકે છે). કેમકે પરની સાથે તો કાંઈ સંબંધ નથી. આહા..હા..! આખા શરીરમાં રૂવાંટે રૂવાંટે સોયું ઊની તપાવીને નાખે, પણ આત્માને અને એને શું સંબંધ છે? સમજાણું કાંઈ? એમાં પણ એ પોતે અસંગી તત્ત્વને પહોંચી વળે અને અનુભવ કરે છે.

બહુ સિદ્ધાંત સિદ્ધ કીધો. ઓહો..હો..! હજી વધારે આધાર આપે છે. બન્નેના પ્રદેશો, અંશો, ક્ષેત્ર, ઉત્પત્તિનું ક્ષેત્ર ભિન્ન હોવાથી તેમનું હોવાપણું એક નથી, એક સત્તાની પ્રાપ્તિ નથી, બે સત્તાની પ્રાપ્તિ છે એમ કહે છે. જુદી-જુદી સત્તા. આહા..હા..! અરે..! આસ્રવ પુણ્ય અને પાપના પરિણામ એનું હોવાપણું અને ભગવાન આત્માનું હોવાપણું બેની સત્તા જુદી છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કેટલો પુરુષાર્થ છે ત્યાં!

'**અને એ રીતે...**' ઓહો..! ટીકા તે ટીકા છેને! હિન્દુસ્તાનમાં આવી ટીકા દિગંબરમાં બીજા શાસ્ત્રમાં નથી. તો બીજે ઠેકાણે તો હોય ક્યાંથી? આહા..! આટલા શિષ્યો કર્યા, આટલા વ્રતધારીઓ બનાવ્યા. અરે..! ભગવાન! શું કહે છે તું? તું વ્રતધારી થયો એ પણ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! કેમકે વ્રતનો વિકલ્પ છે એ તો રાગ છે અને રાગને ધાર્યા અને રાગ મારું કર્તવ્ય છે (એ તો) બે સત્તાની એક સત્તા માની. આહા..હા..! ભાગ્યવાનને બેસે એવું છે આ. ભાગ્યવાન શબ્દે પુરુષાર્થીને હોં. ભાગ્યવાનને કાને પડે, પુરુષાર્થીને અંદર બેસે. આહા..હા..!

આ વિના જન્મ મરણના અંત કોઈ દિ' નહિ આવે.

**'અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી...'** કારણ મૂકે છે કે આ રીતે એક આત્મા ભગવાન આનંદસ્વરૂપ અને રાગ તે દુઃખરૂપ. એ બે એક સત્તાએ નહિ હોવાથી. **'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** આહા..હા..! એ આત્માનો આધાર, એને આધારે રાગ થાય એમ નથી અને રાગને આધારે આત્મામાં આનંદ, જ્ઞાન થાય એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! બાપુ! વીતરાગ માર્ગ છે.

આ તો પરમેશ્વર ... જિનવરેન્દ્ર. જે દેહમાં રહ્યા છતાં સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું એને વાણી હોયને? સવારમાં આવ્યું હતુંને. મોક્ષમાં જનારાઓએ આમ કહ્યું છે. .. અરિહંત કહેનાર છેને ઈ? સિદ્ધ કાંઈ કહે છે? વાણીનું નિમિત્ત પણ અરિહંતને હોય છે. આહા..હા..! મોક્ષમાં જનારાઓ એમ આમ કહે છે આ. સમજાણું કાંઈ? શુદ્ધરત્નત્રય અનુપચારરત્નત્રય એ જ નિર્વાણનું કારણ છે. બીજું કોઈ નથી. એમ મોક્ષ જનારા પ્રભુ અરિહંતોએ કહ્યું છે.

આમ બોલે 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.' સવાર-સાંજ ગડીયો હાંકે. મંગળિકમાં આવે છેને મંગળિક? અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. પણ કેવળી પણ્ણંતે શું કીધું એને? આહા..હા..! કેવળી તો જાણે જ છેને. આહા..હા..! કેવળની વાત કેવળી જાણે, એ તો એને ઘરે રહ્યું. તારે શું છે હવે? કેવળી કેવળીની વાત જાણે એમ તને ક્યાંથી બેઠું? તને ક્યાંથી પણ બેઠું ઈ? કેવળી એક છે જગતમાં અને કેવળી-કેવળીને જાણે એ સત્તાનો સ્વીકાર તેં કર્યો ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..! કેવળી-કેવળીને જાણે એને તો અંદરમાં દૃષ્ટિ થઈ જાય જ્ઞાયકની કે રાગથી ભિન્ન ભગવાન થયા એ હું છું. મારું સ્વરૂપ પણ વિકલ્પની સત્તાથી ભિન્ન છે. મારી સત્તામાં મારા હોવાપણામાં, મારા અસ્તિમાં એ રાગની ગંધ નથી, વ્યવહારરત્નત્રયની ગંધ નથી. એની વસ્તુ ભિન્ન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આમ જાણે એણે ભગવાનનો વિનય કર્યો કહેવાય. પોતાનો વિનય કરે એ પરનો વિનય આ રીતે કરે એમ કહેવાય. પોતાનો વિનય, પરનો વિનય તો વ્યવહાર વિકલ્પ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** આહા..હા..! લ્યો શેઠ! આધારઆધેય આવ્યું. થોડોક આધાર જોવે ને થોડોક આધાર જોવે. દેવ-ગુરુનો આધાર તો નહિ, એ તો પર રહી ગયા, પણ રાગને આત્માનો આધાર નહિ અને રાગ આત્માને આધારે થયો નથી અને આત્માને આધારે થયેલી દશા એ રાગને આધારે થતી નથી. આહા..હા..! જુદાં છે તો જુદા કર્યા. આહા..હા..! અહીં તો હજી મલિનતાની વાત ચાલે છે. અહીં તો નિર્મળનું ક્ષેત્ર જુદું છે. સમજાણું કાંઈ? છે ત્યાંને ત્યાં પણ એમાં એક સમયનો અંશ છે. એક અંશ છે. દ્રવ્યાર્થિકનયનું

દ્રવ્ય છે. પ્રમાણનું દ્રવ્ય તો બે થઈને છે. સમજાણું કાંઈ? એક સમયની અવસ્થા છે એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ માહ્યલો એક અંશ ઈ જાત જુદી છે. જાત એટલે? અંશને ઉત્પન્ન કરનારી જાત. ધ્રુવ આખું રહે છે એ આ ક્ષેત્ર. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** એટલે શું કીધું? કે દયા, દાન, વ્રતના, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના વિકલ્પને આત્માનો આધાર નથી અને આત્માના આધારને માટે રાગનો આધાર નથી. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે આત્માનો આધાર આત્મામાં છે, રાગનો આધાર બિલકુલ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ..નો આધાર નથી?

ઉત્તર :- બિલકુલ નથી. એય..! .. જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! આ ધનબાદમાં ક્યાં હતું? ધનબાદ નહિ શું કહેવાય ઈ? જરિયા. જરિયામાં થોથા આખો દિ' કર્યા કરે અને વીશીના રોટલા ખાવા. અરરર..! આહા..હા..!

કહે છે, એક કોર ભગવાન રામ અને એક કોર આખું ગામ. આહા..હા..! ચૈતન્ય ભગવાન અંતર આનંદનો નાથ પ્રભુ, એને કહે છે કે રાગનો આધાર નથી અને એને રાગને આવા સ્વભાવનો આધાર નથી. બીજાને આધારે ઉત્પન્ન થાય છે રાગ. આહા..હા..! એ વાત અંદરમાં ગોઠવે તો કરે, રુચિ તો કરે, એને જાણે તો ખરો કે માર્ગ આ છે. સમજાણું કાંઈ? એ વિના ચાલી નીકળ્યા. સુજાનમલજી! આ તો વાંધેવાંધા પર્યાયે પર્યાયે વાંધા છે આ જગતની સાથે.

એક બીજી વસ્તુ એકની સત્તા નહિ હોવાથી, બેનું હોવાપણું ભિન્ન-ભિન્ન હોવાથી, બેના હોવાપણામાં એકને બીજાનો આધાર અને બીજાને એનો આધાર એવું છે નહિ. ઓહો..હો..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એનો આધાર આત્મા નહિ, આત્માની પર્યાય નહિ. સમજાય છે કાંઈ? અને પર્યાય નિર્મળ આત્માની થવાને વિકલ્પમાં રાગનો આધાર નહિ. આવી વાત તો છે પણ હવે જ્યાં હોય ત્યાં વ્યવહાર કારણ છે અને સાધ્યસાધન છે. બધી વાતું, બાપા! પંચાસ્તિકાયમાં આવે છે. નિશ્ચય સાધ્યસાધન પોતે, વ્યવહાર સાધ્યસાધન... વિકલ્પ સાધન અને નિશ્ચય સાધ્ય. એટલે શું? કહે છે. એ કાળે આવે તો રાગની મંદતાનો ભાવ હોય, સાધન નથી એને સાધનનો આરોપ કરીને કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

**'એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** આગળ કહેશે કે જાણનક્રિયા જે થાય એ આધાર અને આત્મા એનો આધેય. અંદર જાણનક્રિયા જે ઉપયોગ થાય, શુદ્ધ ઉપયોગ એ શુદ્ધ ઉપયોગ તે આધાર, આત્મા તે આધેય. આહા..હા..! પણ રાગ આધાર અને આત્મા આધેય એમ નથી. આહા..હા..! એ વ્યવહારના રાગને આધારે સમ્યગ્દર્શનની પર્યાય થાય એમ નથી. એય..!

મુમુક્ષુ :- દ્રવ્ય અને પર્યાય બેય આવ્યા.

ઉત્તર :- બેય કીધુંને. પર્યાય છે એ નિર્મળ આનંદ એ આધાર. વસ્તુ આધેય. કેમકે એ વસ્તુ પર્યાયથી જણાય છે. ત્યારે જણાણું કે આ આધેય છે અને આ આધાર છે. દ્રવ્ય આધાર નહિ અહીં અત્યારે. એ તો જુદી વસ્તુ થઈ. અહીં તો જે ભાનમાં આવ્યું કે આ, એને અહીં આધાર ગણ્યો અને એ વસ્તુને આધેય ગણી. સમજાણું કાંઈ? પણ રાગ આધાર અને સમ્યગ્દર્શનની પર્યાય આધેય અથવા રાગ આધેય અને સમ્યગ્દર્શનની પર્યાય આધાર, એને આધારે રાગ ઉત્પન્ન થાય (એમ બિલકુલ નથી). આહા..હા..! ભારે ઝીણું. શાંતિથી, ધીરેથી વાંચતા નથી, વિચારતા નથી (કે) પોતાના હિતને માટે શું છે? એમને એમ ચર્ચા-વાર્તા, ચર્ચા-વાર્તા કરો. ચર્ચા કર્યા કરો. શું ચર્ચા કરે પણ? આહા..હા..! બહાર પડી ગઈ છે બધી વાત. આહા..! નિયમસારમાં તો કહે છે કુંદકુંદાચાર્ય, સ્વસમય અને પરસમય સાથે વાદવિવાદ કર્તવ્ય નથી ભાઈ! આવી વાત કેમ બેસશે બાપુ? શું કરશે? .. દાખલા આપ્યા. નિમિત્તના, સાધકના, કારણના, હેતુના. પણ એ શું કહે છે? હોય ત્યારે આવું હોય છે એમ બતાવવા કહ્યું એને ઠેકાણે સાધનને .. ઠરાવી દીધું છે. વિશેષ આવશે વાત...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧૪, શુક્રવાર, તા. ૧૬-૦૨-૧૯૭૩
## ગાથા-૧૮૧ થી ૧૮૩, પ્રવચન-૩૧૭

(સંવર અધિકારની પહેલી) ત્રણ ગાથાની ટીકા ચાલે છે. ફરીને. ઓલા બે અર્થ આવતાને. **'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** ખરેખર એટલે નિશ્ચયથી સત્યદૃષ્ટિથી જોતા એક પદાર્થ એટલે વસ્તુ લીધી છેને? વસ્તુ એટલે એના અનંતા ગુણો અને એની પર્યાયો એમાં વસેલી છે. વસ્તુમાં ગુણ અને પર્યાય વસ્યા છે. અહીં તો વસ્તુ કહેતા એની પર્યાયમાં એ વસેલી વસ્તુ છે. પહેલી તો સામાન્ય વાત છે. એ રીતે પછી આત્મામાં ઉતારે છેને.

એક વસ્તુ ભગવાન આત્મા એક પદાર્થ વસ્તુ બીજી વસ્તુની સાથે સંબંધ કાંઈ નથી. ખરેખર તો શરીર, વાણી, મન એ તો જગતના ભિન્ન પદાર્થ પોતાની શક્તિઓ કાયમ રાખીને

પરિણમી રહ્યા છે. એટલે એની સાથે તો .. આત્માને કાંઈ સંબંધ નથી. પણ જેની પર્યાયમાં પુદ્‌ગલના નિમિત્તના આશ્રયે વશ થઈને જે પુણ્ય અને પાપ અને ભ્રાંતિ કે રાગ-દ્વેષ થાય એ પણ વસ્તુની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. સમજાય છે કાંઈ? કેમકે એ બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી. ભગવાન આત્માના પ્રદેશો નિર્મળાનંદ જેમાંથી નિર્મળ આનંદની દશા ઉત્પન્ન થાય એ એનું ક્ષેત્ર અને પ્રદેશ છે. અને જેમાંથી રાગના વિકલ્પ અને મલિન પરિણામ શુભ-અશુભ રાગ ઉત્પન્ન થાય એનો પ્રદેશ, અંશ એનો જુદો છે. સમજાય છે કાંઈ? બહુ જ અલૌકિક વાત છે. એણે પોતે શું ચીજ છે એને અંતર્મુખ થવાનો પ્રયત્ન કરીને કદી જાણી નથી. બાકી બધું રાગ અને દ્વેષ સંકલ્પ અને વિકલ્પ કરી અનંતકાળ રખડવામાં દુઃખી થઈને ગાળ્યો. પણ એ દુઃખ પણ પરવસ્તુ છે ખરેખર એમ કહે છે અહીં તો. આહા..હા..!

ભગવાન તો આત્મા આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ એમાં જે આ દુઃખના પરિણામ છે ઈ સ્વભાવની જાતથી તદ્દન ભિન્ન જાત છે. આહા..હા..! જેને હિત કરવું એ કેમ કરવું એ વાત છે અહીં તો. ગટુલાલજી! આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે, અનાદિ-અનંત છે. એવા આત્મસ્વભાવની સાથે એ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ દુઃખરૂપ છે. એ દુઃખરૂપની દશા પણ ભિન્ન છે, તેનું ક્ષેત્ર ભિન્ન છે. આનંદની દશા ભિન્ન છે, આનંદનું ક્ષેત્ર ભિન્ન છે. સમજાણું કાંઈ?

**'તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** પુણ્ય અને પાપના વિકાર, મેલ, દુઃખ એનું હોવાપણું અને ભગવાન આત્માનું હોવાપણું, બેનું હોવાપણું એક સત્તાએ નથી, બેની સત્તા તદ્દન ભિન્ન છે. આહા..હા..! .. ભિન્ન છે તો ક્ષેત્ર ભિન્ન છે. કહે છે **'અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** શુભરાગ એ આધાર અને આત્મા એને આધારે રહે કે આત્મા આધાર અને એને આધારે રાગ રહે એવું વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા એની નિર્મળ નજર કરીને જે વસ્તુ શ્રદ્ધામાં, જ્ઞાનમાં આવે એ ચીજને રાગના વિકલ્પ સાથે, પંચ પરમેષ્ઠીની ભક્તિ કે પંચ પરમેષ્ઠીના સ્મરણનો રાગ એને અને આત્માને બેને કાંઈ આધાર-આધેય સંબંધ જ નથી કે રાગને આધારે નિર્મળ પર્યાય થાય અને નિર્મળ પર્યાયને આધારે રાગ થાય... બહુ ઝીણું, એમ છે નહિ.

**'તેથી...'** અહીં સુધી તો કાલે આવ્યું હતું. ઝીણું છે આ, પ્રવિણભાઈ! આ ઓલા પથરામાં બધા કરી આવે છેને, એવી રીતે આ નથી. ... જે વસ્તુ છે એને પ્રાપ્ત થવાની રીત અને પંથ ભિન્ન છે. જગતે જેમાં માન્યું છે કે આ દયા પાળીએ, વ્રત કરીએ, તપસ્યા કરીએ, સંથારા કરીએ ને... ઝવેરચંદભાઈ! એ ઝવેરચંદભાઈ આવેલા. રાજગૃહીમાં... એ બધી ક્રિયાનો રાગ જે છે એ આત્માથી તદ્દન જુદી ચીજ છે. આહા..હા..! એ વાત એને અંતરમાં

(બેસવી જોઈએ). અરે..! હું ક્યાં છું અને મને કઈ રીતે હું છું એવી પ્રાપ્તિ થાય? એવું એણે અનંતકાળમાં દૃઢ કર્યું નથી. ક્રિયાકાંડ કરીને સુકાઈ ગયો ક્લેશ કરીને. સમજાણું કાંઈ? નિર્જરામાં આવે છેને ક્લેશ કરો તો કરો. આહા..હા..! એ ક્લેશ છે બધો. રાગની, વિકલ્પની બધી ક્રિયાઓ એ ક્લેશ છે. ક્લેશ અને અક્લેશી ભગવાન આત્મા બેને ક્યાંય સંબંધ જ નથી. આહા..હા..! લાળે-લાતરે, હાકરે, શેઢે-સીમાડે કાંઈ સંબંધ નથી એમ કહે છે. એક સીમાડે ઈ છે અને અહીં આ છે એમ નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ...**' અહીંથી આવે છે હવે. આ કારણે, તેથી. '**પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દૃઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.**' ભગવાન આત્માને પોતાની નિર્મળ પર્યાય દ્વારા એ જણાય છે એથી નિર્મળ પર્યાય આધાર છે અને વસ્તુ તે આધેય છે. કેમકે નિર્મળ પર્યાયમાં એ સ્વરૂપમાં પ્રતિષ્ઠાપણું છે. આહા..હા..! કેમકે રાગાદિ વિકલ્પ જે છે એ તો પરવસ્તુ છે અને પરને અને એને કાંઈ સંબંધ નથી. હવે એને સંબંધ છે એની નિર્મળ પર્યાય સાથે. અને નિર્મળ પર્યાયનો સંબંધ છે દ્રવ્ય સાથે. ભેદજ્ઞાનની વાત છેને? એટલે કે '**પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ...**' એટલે પોતાનું સ્વરૂપ એટલે નિર્મળ શાંતિ, શ્રદ્ધા, જ્ઞાનની પરિણતિ. રાગથી ભિન્ન પડેલી પરિણતિ નામ પર્યાય એ પોતાનું સ્વરૂપ છે એને આધારે દૃઢપણે રહેવાનો આધારાધેય સંબંધ છે. આધેય એટલે રહેવાયોગ્ય એ આત્મા અને આધાર એટલે જે વડે જણાયું આનંદ ક્રિયા, શ્રદ્ધા ક્રિયા, શાંતિની ક્રિયા, ધાર્મિક ક્રિયા, મોક્ષમાર્ગની પરિણતિની ક્રિયા એ આધાર છે. સમજાણું કાંઈ? સાંભળવું કઠણ પડે. એવું મૂક્યું છે અત્યારે. લોકોને બિચારાને એને બેસવું જોઈએ.. વસ્તુ ભિન્ન રહી ગઈ છે. જન્મ-મરણના ચોર્યાશીના ફેરા એનું કારણ જે વિકાર અને મિથ્યાત્વ એ ચીજ જ જુદી પડી ગઈ આખી. આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આમ આવ્યું. ભાઈ! તારો આત્મા તો નિર્મળ પરિણતિને આધારે જણાય માટે એને આધાર તો નિર્મળ પરિણતિનો છે. એ રાગ ને વિકલ્પ ને વ્યવહારનો આધાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચીજને, આ ચીજ છે, આત્મા છે, આનંદમૂર્તિ ભગવાન જેવો તીર્થંકર, પરમેશ્વરે, કેવળીએ કહ્યો એ આત્મા, કહે છે કે .. શુદ્ધ આનંદની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની રમણતા એ સ્વરૂપમાં એ વસે છે. એ વસ્તુ રાગમાં નથી, રાગ એની વસ્તુને આધારે થયો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, છગનભાઈ! સાંભળ્યું ન્યાં ક્યાંય કોઈ દિ'? આ વાત એને .... આહા..હા..!

દુઃખી પ્રાણી થાય છે ત્યારે દુઃખમાં ઘેરાઈ જાય છે. એને સુખ નથી. આહા..હા..! પણ એ દુઃખ જ, કહે છે કે તારી ચીજ નથી અહીં તો. આત્મા તે વસ્તુ છે એ દુઃખરૂપ હોય? દુઃખ તો વિકૃત છે, વિકાર છે. સાત્ત્વિક વસ્તુ વકૃત કેમ હોઈ શકે? આહા..હા..!

ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એ તો નિર્વિકારી કંદ, ચૈતન્યકંદ છે અને એ ચૈતન્યના આનંદની શૈલી, આનંદના સ્વાદમાં આ આત્મા જણાય છે. એટલે કહે છે કે એનું સ્વરૂપ તો આનંદના સ્વાદને આધારે રહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું બહુ ઝીણું! અને એ ઝીણું એ જ ભેદજ્ઞાન અને અંદરમાં સ્વભાવની એકતા થતાં રાગથી ભિન્ન પડીને, જે ચીજ જેમાં નથી એનાથી ભિન્ન પડતા નિર્મળ પરિણતિ એ સ્વરૂપમાં એ વસ્તુનું ભાન થાય છે તો એ સ્વરૂપને આધારે આત્મા છે કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત આકરી! વીતરાગનો માર્ગ એટલો ઝીણો. લોકો બિચારા બહારથી માથાકૂટ કરી, આ વ્રત પાળ્યા, આ દયા પાળી, આ તપસ્યાઓ કરી. મરી ગયો કરી કરીને. સમજાણું કાંઈ? ગટુલાલજી! આ બધા કાર્યકર્તાઓએ સેવાઓ કરી એમ કહે. ગામની, ફલાણાની. દાખલા આ તો.

'**તેથી** (દરેક **વસ્તુને**) **પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ** (દૃઢપણે રહેવારૂપ) **જ આધારાધેયસંબંધ છે.**' બીજી ચીજને આધારે એ જણાય કે રહે એવી એ ચીજ નથી. આહા..હા..! '**માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત** (રહેલું) **છે...**' જુઓ, આ સિદ્ધાંત આવ્યો. જ્ઞાન એટલે આત્મા. ત્રિકાળી વસ્તુ ભગવાન નિત્યાનંદનાથ એ '**જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ...**' વર્તમાન જાણવાની, શ્રદ્ધવાની, આનંદની, શાંતિની, રાગ વિનાની ક્રિયા જે જાણનક્રિયા '**જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં...**' એ જાણનક્રિયા વર્તમાન એ પોતાનું સ્વરૂપ એમાં રહેલું છે. આહા..હા..! શું કહ્યું ઈ?

કહે છે, ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ ભાઈ! તું ક્યાં છો? કહે છે કે એ તો આનંદ અને જ્ઞાનની જે ક્રિયા થાય, રાગથી ભિન્ન પડીને સ્વભાવની એકતાની જે પરિણતિ થાય એ પરિણતિને આધારે આત્મા છે. આહા..હા..! આવી તો બધી ભાષા પણ સાંભળી ન હોય. જય નારાયણ. અમે જૈન છીએ, ભગવાનને માનીએ છીએ. પર્યુષણ-પર્યુષણ આવે તો એકટાણુ કરે, અપવાસ કરે.

અમે અપવાસ કરતા ત્યાં દુકાન ઉપર હોં. ચોવિહારો-ચોવિહારો. પાણી નહિ. ૩૬ કલાક. ચાર અપવાસ કરીએ પર્યુષણમાં. પર્યુષણ આવે ત્યારે કરવાનું. વાણિયા આપણે તો જૈન છીએને. પછી નવરા થઈને રાતે આ શું કહેવાય તમારે વગાડવાનું? શું કહ્યું એ? ..ગ્રાફ. એ વગાડે અને બધા બેસે ભેગા થઈને. આ ધર્મ કર્યો આજ લ્યો. અરેરે..! અહીં તો કહે છે કે પ્રભુ! તને ખબર નથી ધર્મ કેમ થાય. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવનું કથન છે કે તું ક્યાં છો? કે ધર્મની પરિણતિમાં તું છો, એ રાગની પરિણતિમાં પણ તું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભોગીભાઈ! આવું છે આ. આહા..હા..! ભારે આકરું કામ. સાંભળ્યું ન હોય એને વીતરાગ શું કહે છે? અરેરે..! આવા જીવન!

કહે છે કે જે '**જ્ઞાન...**' એટલે આત્મા. અનંતગુણનો પિંડ પ્રભુ આત્મા એ જ્ઞાનને જ

આત્મા કહ્યો. એ '**જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ...**' વર્તમાન પરિણતિ જે સમ્યગ્દર્શન-જ્ઞાનની થાય એ જાણનક્રિયા છે એ વર્તમાન પર્યાય એ. ઉપયોગમાં ઉપયોગ છે. આ એનો અર્થ ચાલે છે. ઉપયોગમાં એટલે જાણનક્રિયારૂપ ઉપયોગ એમાં ઉપયોગ છે એટલે આત્મા છે. સ્વરૂપચંદભાઈ! આહા..હા..!

પહેલું સિદ્ધ કર્યું અને હવે ઈ પછી એનું પાઠમાં છે એ સિદ્ધાંત કરે છે. પાઠમાં એ છેને કે ઉપયોગમાં ઉપયોગ છે. એટલે શું? ઉપયોગ એટલે કે રાગથી ભિન્ન પડીને જે જ્ઞાનની પરિણતિમાં જે ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞેયપણે જણાણો, એવી જે જાણનક્રિયા રાગથી ભિન્ન પડેલી એ જાણનક્રિયાને આધારે અથવા જાણનક્રિયામાં આત્મા જણાણો. માટે જાણનક્રિયા એનું સ્વરૂપ છે એમાં એ જ્ઞાન રહેલું છે. સમજાણું કાંઈ? અરે..! આકરી વાત! કહો, સમજાણું ત્યાં? ત્યાં ક્યાં દરિયામાં આ છે સાંભળવાનું? પોતાની મેળે અર્થ કરે અને બેસે જે-તે ગડીયા હાંકે. કહો, સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પ્રજ્ઞાની પર્યાયની વાત ચાલે છે. જાણનક્રિયા એને આધારે આત્મા એમ કહેવું છે. એ વળી ગ્રહવું-ફ્રહવું પછી પ્રશ્ન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ જાણનક્રિયારૂપી પર્યાય એને આધાર કીધો છે. દ્રવ્ય આધેય છે. જાણનક્રિયા પર્યાય આધેય અને આધાર દ્રવ્ય એમ નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એમ કેમ કીધું? કે રાગનો જે વિકલ્પ છે શુભ-અશુભ રાગ, વિકલ્પ રાગ એનું લક્ષ છૂટીને જ્યારે સ્વરૂપનું લક્ષ થયું ત્યારે જ્ઞાનની પરિણતિ શ્રદ્ધા, શાંતિ આદિની દશા થઈ. એ દશાને આધારે એ વસ્તુ છે. કારણ કે એ દશામાં એ વસ્તુ જણાણી છે. એનું અસ્તિત્વ છે, પણ એ અસ્તિત્વ જણાણું શેમાં? સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્જ્ઞાન, ભેદજ્ઞાન, જાણન પરિણમનરૂપી, જાણન જ્ઞાનરૂપી પરિણતિરૂપી ક્રિયા એમાં એ જણાણો (કે) આ આત્મા. છઠ્ઠી ગાથામાં લીધું. સમજાણું કાંઈ? એથી એ જાણવું... જાણવું... જાણવું... જાણવું... એવું ભેદજ્ઞાન એની ક્રિયા આધાર, વસ્તુ આધેય છે. એમાં રહેલી છે. એવું ભાન થયું એમાં જણાણી એટલે એમાં રહેલી છે. રાગમાં રહેલી છે વસ્તુ નહિ. સમજાણું કાંઈ? ભારે! હજી તો આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે. ચોથું ગુણસ્થાન કેમ થાય એમ ચાલે છે. શ્રાવકનું પાંચમું એ તો ક્યાંય રહી ગયું. આ તો બધા વાડાના શ્રાવક. એ શ્રાવક નહિ. સમજાણું કાંઈ? પોપટભાઈ! સાધુપણું તો ક્યાંય રહી ગયું, બાપુ! કોને કહેવાય એ સાંભળ્યા નથી જગતે. સાધુ કોને કહેવાય ઈ. આહા..હા..! જેની જ્ઞાન અને સ્વરૂપની પરિણતિ જેણે અંતરને પકડ્યો, કહે છે કે એવી જાણનક્રિયા શ્રદ્ધા, સમ્યગ્દર્શનની ક્રિયા. જુઓ! એ પરિણતિને અહીં ક્રિયા કીધી

છે. સ્વરૂપની અંશે સ્થિરતાની ક્રિયા, એવી આનંદની અવસ્થાની ક્રિયા એ ક્રિયાના આધારે આધેય જાણવામાં આવ્યો છે. આહા..હા..! આનંદના અંશને આધારે આત્મા જણાણો કે આ આત્મા છે. માટે આનંદનો અંશ તે આધાર અને આખો આત્મા આનંદસ્વરૂપ તે આધેય છે. કહો, સમજાણું કાંઈ? ચીમનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ બીજી વાત છે. એ પર્યાયની બીજી વાત કીધુંને ઈ. વાત સાચી. પર્યાય આધેય અને દ્રવ્ય આધાર. ઈ બીજી રીતે. એ તો વસ્તુને સિદ્ધ કરવા માટે છે. આ તો વસ્તુ સાબિત થઈ જાય છે અનુભવમાં કઈ રીતે? એ વાત છે. સમજાણું કાંઈ? ઠીક એટલું પકડ્યું તો છે. વાત સાચી હોં! કોઈ વખતે તો પર્યાયને આધેય કહે અને દ્રવ્યને આધાર કહે. આહા..હા..! પર્યાય કર્તા અને દ્રવ્ય કર્મ કહે. ઠીક. આહા..હા..! એ તો વસ્તુની સ્થિતિ સિદ્ધ કરવા, સાબિત કરવા. હવે અહીં તો અનુભવથી સાબિત થાય છે એ લેવું છે. સમજાણું કાંઈ?

આમ વસ્તુ છે... વસ્તુ છે... એનો અર્થ શું? કહે છે. એમ તો અગિયાર અંગમાં ભણેલો આવી ગયું હતું એને કે આ વસ્તુ છે અને આ વસ્તુ આવી છે. ઈ નહિ. એની પોતાની શ્રદ્ધા, જ્ઞાનની, શાંતિની રમણતામાં એને આ છે. એથી એ સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિરૂપી ક્રિયા એ આધાર અને વસ્તુ આધેય છે. આહા..હા..! જુઓ, આ વીતરાગમાર્ગ. વીતરાગ ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ. લોકો કાંઈ કાંઈ કલ્પીને પડ્યા-બેઠા છે. આહા..હા..! આવો માર્ગ છે એ હજી સાંભળવા મળે નહિ એ કે દિ' અંદર સમજે અને પ્રયોગ અંદરમાં કરે ક્યારે? આહા..હા..! અને જન્મ-મરણના અંત આવ્યા વિના એને શાંતિ ક્યાંય છે નહિ. આહા..હા..!

**'જ્ઞાન કે જે...'** જ્ઞાન એટલે સ્વરૂપ ભગવાન આત્મા સત્-સત્ ત્રિકાળી ધ્રુવ. વસ્તુ જે ત્રિકાળી છે આદિ-અંત વિનાનું દળ, ચૈતન્યદળ, ધ્રુવ. આહા..હા..! એ ધ્રુવમાં જેણે નજર કરી, સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા એથી એ સમ્યગ્દર્શન અને જ્ઞાન એ વર્તમાન જાણનક્રિયારૂપી વર્તમાન પરિણતિ છે. અને એ વર્તમાન પરિણતિને આધારે દ્રવ્ય જાણવામાં આવે છે. માટે દ્રવ્યને આધેય અને પરિણતિને આધાર કહેવામાં આવે છે. કહો, ચીમનભાઈ! આહા..હા..! ઘરે વાંચતો હોય તો ત્યાં સમજાય એવું નથી આ. સ્ટીલમાં મગજ પોગે. શું હતું ઈ? હજી છે ઈ? ઠીક. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આવો ભગવાન ઉજળો. એ લોઢું તો ઉજળું પણ લોઢુંને? સમજાણું કાંઈ? શુભભાવ પુણ્ય પણ લોઢુંને? એ પરવસ્તુ છે. સોનું તો ભગવાન આત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ, પૂર્ણને દૃષ્ટિમાં લેતા જે જાણનક્રિયા સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને અંશે સ્થિરતારૂપ જે ક્રિયા થઈ, રાગની ક્રિયાથી ભિન્ન પડીને સ્વભાવની

ક્રિયા થઈ એ ક્રિયામાં જણાણો કે આ ચીજ પૂર્ણ છે. એથી એને જાણવાની ક્રિયામાં જણાણો. જાણવાની ક્રિયામાં જણાણો. માટે જાણવાની ક્રિયાને આધાર અને વસ્તુ ત્રિકાળી તે આધેય કહેવામાં આવે છે. ભારે! આ તે કાંઈ ભગવાનનો માર્ગ હશે આવો? ઓલા તો ભાઈ દયા પાળવી છ કાયની, અપવાસ કરવા, તપસ્યા કરવી, ચોવિહાર કરવો, રાતે ન ખાવું, કંદમૂળ ન ખાવા. હવે એવું તો સાંભળીએ. આ વળી ક્યાંથી આવ્યું આવું? જાધવજીભાઈ! અરે..! ભગવાન! એ વીતરાગનો માર્ગ નહિ. એ તો બધી ક્રિયાકાંડની વાતું, રાગની મંદતા હોય તો એવું કહેવામાં આવે. એ ધર્મ નહિ. આહા..હા..! કહો, શેઠ! આહા..હા..!

કહે છે કે '**માટે...**' આ રીતે વસ્તુ છે માટે. એમ. '**જ્ઞાન...**' આટલે આત્મા. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ '**કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં...**' જોયું? પરિણતિ પોતાની છે. રાગ અને વિકલ્પ એ પોતાનું સ્વરૂપ નથી. એ વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામનો રાગ એ આત્મસ્વરૂપ નહિ. આહા..હા..! ભારે કામ આકરું! અહીં તો હજી મહાવ્રતના પણ ઠેકાણા ન હોય અને લૂગડા ફેરવ્યા તો થઈ ગયા ચારિત્ર લ્યો! આહા..હા..! વીતરાગનો માર્ગ દર્શનશુદ્ધિનો કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? માટે આત્મા, જ્ઞાન એટલે ત્રિકાળી આત્મા ધ્રુવ એ પોતાનું સ્વરૂપ એટલે વર્તમાન પરિણતિ એવી જે પ્રતિષ્ઠા.

'**જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (રહેલું) છે...**' આહા..હા..! એ નિર્મળ પરિણતિ કર તો તને જણાશે કે આ આત્મા છે. એને આધારે જણાણો માટે એને આત્મા આધેય કહેવામાં આવે છે. આવી વાત વીતરાગ સિવાય ક્યાંય હશે? સર્વજ્ઞ તીર્થંકર સિવાય કલ્પીત બધાએ કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**(રહેલું) છે તે, જાણનક્રિયાનું...**' એટલે કે રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એ ક્રિયા. એ ક્રિયાનું '**જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...**' એ આત્માથી અભિન્ન છે. શુદ્ધ ચૈતન્યઘન ભગવાન એના લક્ષે અને રાગથી ભિન્ન પડીને જે પરિણતિ થઈ એ જાણનક્રિયાનું અને આત્માનું અભિન્નપણું હોવાથી. આત્મા ત્રિકાળી શુદ્ધ અને જાણનક્રિયા વર્તમાન શુદ્ધ. એ જાણનક્રિયા અને વસ્તુનું સ્વરૂપ એક જ છે, અભિન્ન છે. '**જાણનક્રિયાનું જ્ઞાનથી...**' એકપણું હોવાને લીધે જાણનક્રિયા તે '**જ્ઞાનમાં જ છે;...**' એ વસ્તુ વસ્તુમાં જ છે. આહા..હા..! હજી શબ્દો સાંભળવા કઠણ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ આ. આ. તત્ત્વાર્થ શ્રદ્ધાનનો અર્થ આ. એમ કે સાત તત્ત્વ આવે છેને ત્યાં? આ એક છે. એકને આ રીતે જાણ્યો ત્યારે બીજા એમાં નથી એમ સાતનું જ્ઞાન થઈ જાય. એનું નામ શ્રદ્ધાન છે. આહા..હા..! ભારે વાત! જાણનક્રિયાથી, શ્રદ્ધાક્રિયાથી, સ્વાદની

શાંતિની પરિણતિ દ્વારા જણાણો, એમાં આ નથી એવું એમાં જ્ઞાન આવી ગયું. સાતેય પર્યાયો એમાં છે નહિ. જીવની પર્યાય પણ ત્રિકાળમાં નથી. એ પર્યાયે જાણ્યું પણ એ પર્યાય દ્રવ્યમાં નથી. છતાં અહીં તો કહે છે કે એ પર્યાય જીવનું સ્વરૂપ છે. અભેદ વર્ણવવું છેને? એની પર્યાય છેને? આહા..હા..! આવો માર્ગ બહુ (સૂક્ષ્મ). કહો, મૂળચંદભાઈ! આવી વસ્તુ છે. આહા..હા..! સાંભળવા મળે નહિ એ કે દિ' કરે? આહા..હા..! અરે..! દુઃખના સરેડે ચડ્યો અનાદિથી. દુઃખી છે હોં એ બિચારા બધા. આહા..હા..!

જાણનક્રિયાનું આત્માથી એકપણું હોવાને લીધે. જ્ઞાન તે જ્ઞાનની પર્યાયમાં જ છે. હવે એની સામે વિરુદ્ધ. અહીં સંભાર્યા હતા તમને હોં કીધું ક્યાં ગયા? કહે, ફોન આવ્યો હતો. '**ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...**' આહા..હા..! શું કહે છે? ભગવાન આત્મા તો જ્ઞાન અને આનંદસ્વરૂપ, એનાથી પુણ્ય અને પાપનો વિકલ્પ જે રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ, અપવાસ આદિનો વિકલ્પ રાગ એ સ્વરૂપથી વિરુદ્ધ છે માટે એને ક્રોધ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પુણ્ય ક્રોધ છે..

ઉત્તર :- પુણ્ય પોતે ક્રોધ છે. આહા..હા..! સ્વરૂપ તરફથી ખસીને વિકારમાં ગયો એ ક્રોધ છે. આહા..હા..! સ્વરૂપનો એને અણગમો થયો છે. કહો, સમજાણું કાંઈ? સાંભળ્યું છેને? કહો, સમજાણું? દ્વેષ અરોચકભાવ એમ છે. આનંદઘનજીમાં આવે છે. પ્રભુ! દ્વેષ કોને કહીએ? કે ભગવાન શુદ્ધ આનંદકંદ છે તેની રુચિ નથી, રુચતી નથી તેવા ભાવને ક્રોધ કહેવામાં આવે છે. ગટુલાલજી! આ સેવાના ભાવ, દયાના ભાવ, દાનના ભાવ એ બધા ક્રોધ છે એમ કહે છે. આહા..હા..! કેમકે સ્વરૂપની રુચિથી બીજી (રુચિ) છે ત્યાં. આહા..હા..! રાગની રુચિ તેને ક્રોધ કહીએ, સ્વરૂપની રુચિ તેને સમ્યગ્દર્શન કહીએ. આહા..હા..! જેટલો એ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો ભાવ એ શુભરાગ એની રુચિ છે. તેને અહીંયાં ક્રોધ કહેવામાં આવે છે. ઈ આત્માનો એણે દ્વેષ કર્યો છે. આહા..હા..! ભારે! સમજાણું કાંઈ? વીતરાગ પરમાત્મા એમ કહે છે. ઉત્તમક્ષમા આવે છેને? આ ઉત્તમક્ષમા સ્વભાવ તરફ ઢળ્યો છે એ દશાને ઉત્તમક્ષમા કહીએ. એનાથી વિરુદ્ધ ભાવને ક્રોધ કહીએ. મુનિ છેને તો ત્યાંથી ઉપાડ્યું છે. ક્ષમાથી વિરુદ્ધ ... સમજાણું કાંઈ?

'**ક્રોધાદિક...**' એટલે? શુદ્ધ ચૈતન્ય આત્મા તેની અરુચિરૂપ પરિણામ પુણ્યના. એ ક્રોધ અને એ માન. સ્વરૂપની દઢતા નહિ, પણ રાગનું એને માન. રાગથી અધિક છું. રાગથી હું મોટો છું. એવું એ માન અનંતાનુબંધીનું. અને માયા, કપટ, કુટીલ. વસ્તુસ્થિતિ જે છે એને આડમાં રાખીને જે દોષ ઉત્પન્ન થયો એને અધિક બનાવ્યો એ માયા છે. લોભ-સ્વરૂપની ભાવના ન કરતા રાગની ભાવના તે અનંતાનુબંધીનો લોભ છે. આહા..હા..! શેઠ! ક્રોધ, માન,

માયા અને લોભ એને કહીએ. સ્વરૂપની, શુદ્ધ ચૈતન્યઘન એની અરુચિના પરિણામ. એના રુચિના પરિણામ એ જાણનક્રિયા અને અરુચિના પરિણામ એ ક્રોધક્રિયા. આહા..હા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એને ન રુચ્યો. એને ઓલી દયા, દાન, વ્રત, ભક્તિ અને પૂજાના શુભભાવ એ રુચ્યા. એ જ અનંત સંસારનું કારણ ક્રોધ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હતું કે દિ'? એ હોય તો જાય. આ .. શું? મિથ્યાત્વ થઈ ગયુંને ત્યાં? .. તો એ સાધારણ વાત. કહો, સમજાણું? ક્રોધની વ્યાખ્યા આ છે. આવો પરમ પવિત્ર ભગવાન આત્મા એનો આદર છોડી અને જેણે શુભભાવનો, પુણ્યભાવનો આદર કર્યો એ ક્રોધી જીવ છે. આત્મા પ્રત્યે એણે દ્વેષ કર્યો છે. આહા..હા..! ભારે વ્યાખ્યા! એક-એકની વ્યાખ્યા ફેર. દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવું નથી આમાં. આહા..હા..!

મુમુક્ષુ :- પ્રાથમિક શિષ્ય હોય એની વાત છે?

ઉત્તર :- પ્રાથમિક શિષ્યની આ વાત ચાલે છે. પ્રશ્નનારદ છેને ઈ? મૂકે અંદર થોડું. દેવાનુપ્રિયા! પ્રાથમિક શિષ્યની આ વાત છે કે જેને આત્મા શુદ્ધ ચૈતન્યઘન એની જાણનક્રિયાથી જેણે જાણ્યો એ પ્રાથમિક શિષ્ય. એને આધાર પરિણતિનો એને આધાર છે. એને ધર્મીનો શિષ્ય અને ધર્મ કહીએ. એનાથી જેને રાગની રુચિ પુણ્યના, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એ બધી વૃત્તિઓ છે, વિકલ્પો છે, રાગ છે. એની રુચિ એને આત્માનો દુશ્મન કહીએ. સમજાણું કે નહિ? ત્યાં ઓલા વિશીમાં સારું સારું ખાવાનું મળે રૂપિયો, બે રૂપિયા વધારે આપીને. ન્યાં ઠીક પડે છે. બાયડી મરી ગઈ. અહીં કોઈ કરનાર ન મળે. આ તો દાખલો હોં. ન્યાં સારું છે તો સરખાઈનું મળે તેથી આ શરીર ઠીક રહે અને વળી ધાર્યું મળે. ઈ કહે છે કે આત્માના સ્વભાવની એને રુચિ નથી. ચીમનભાઈ! ઘરનો દાખલો આપીએ તો ઠીક પડેને?

અરે..! નાનામાં નાનો રાગનો કણ હોય પુણ્યનો, એનો જેને પ્રેમ છે તેને ભગવાન પ્રત્યે દ્વેષ છે. આહા..હા..! વીતરાગસ્વરૂપ છે આ તો. વીતરાગ માર્ગ છે અને આત્મા વીતરાગસ્વરૂપ છે. એ વીતરાગસ્વરૂપની પ્રીતિ વિના રાગની જેને પ્રીતિ છે (તેને આત્મા પ્રત્યે દ્વેષ છે). આહા..હા..! રાગ એ પરદ્રવ્ય છે, પરવસ્તુ છે એને અને સ્વભાવને સંબંધ નથી. છતાં સંબંધ કરીને માને છે કે આ તે હું. એ જીવનો સ્વભાવ એનો અનાદર કરે છે. વિરુદ્ધ ભાવનો એ આદર કરે છે. દુશ્મનને આદરે છે, સજ્જનને છોડી દે છે. સમજાણું કાંઈ?

**'ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપ...'** વિકારના પરિણામ છે એને આધારે વિકાર છે. એ વિકારના પરિણામને આધારે વિકાર છે. આહા..હા..! આધારઆધેય ઈનો ઈ. આધાર ઈ અને આધેય ઈ. શું કહ્યું ઈ? ક્રોધ, માન, માયા આદિ. ચાર શબ્દ

છે એમાં? ક્રોધ, માન, માયા, લોભ વિકલ્પ રાગ છે ઈ. ક્રોધ, માન બે થઈને દ્વેષ છે અને માયા અને લોભ બે થઈને રાગ છે. એ ચારેય થઈને કષાય છે. કષ નામ સંસાર અને આય નામ લાભ. એ કષાયના ભાવથી આ સંસારમાં રખડવાનો લાભ મળે. એવા કષાયનો જેને પ્રેમ છે એને અકષાય એવો આત્મા તેના પ્રત્યે દ્વેષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! બિચારા ખાનગી લખે કાગળ ઘણા. મહારાજ! ... અહીં પણ અમે શું કરીએ? ... કોક પૈસા માગે, કોઈ કાંઈ માંગે, કોઈ કાંઈ માગે. ખાનગી કાગળ બહુ આવે છે. આહા..હા..! અહીં ક્યાં પૈસા છે.

મુમુક્ષુ :- જાદુની લાકડીથી.

ઉત્તર :- જાદુની લાકડીથી આવે એમ કહે છે. લાકડી જેના ઉપર ફરે ત્યાં પૈસા થઈ જાય એમ કહે છે. અહીં ધૂળેય નથી હવે મફતનો. આ તો પસીનો થાય અને આ થાય એ માટે હાથ ન અડાડાય એ માટે આ છે. એમાં કાંઈનું કાંઈ લઈ જાય લોકો સમજે શું કરવું?

મુમુક્ષુ :- સુખડની ગઈ.

ઉત્તર :- સુખડની ગઈ અને આ રહી હવે. સુખડની એક લઈ ગયું ...માં. બાબુભાઈના સાસરાનું ગામ. અરેરે..! આ સુખડ અંદર તું. સુકૃત આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સુકૃતને આધારે આત્મા રહેલો છે કહે છે. એ સુકૃત છે. વ્યવહારના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ સુકૃત નહિ. આહા..હા..! આ તે કાંઈ બેસવું જગતને. માથા ફરી જાય એવું છે.

ત્રણ લોકના નાથ વીતરાગ સો ઈન્દ્રના પૂજનિક. ઈન્દ્રોની મધ્યમાં સમવસરણમાં પરમાત્મા આમ ફરમાવતા હતા. સમજાણું કાંઈ? એક કોર એમ કહે કે અમે વીતરાગના ભગત છીએ અને એક કોર રાગને પ્રેમ કરે. ક્યાંથી આવ્યો વીતરાગનો ભગત? સમજાણું કાંઈ? બાયડીનો પ્રેમ, આબરૂનો પ્રેમ, પૈસામાં પ્રેમ, આબરૂનો પ્રેમ, શરીરની સુંદરતાનું અભિમાન, અભિમાન. નમણું શરીર, નિરોગી શરીર. ૬૦ વર્ષ સુધી સુંઠ ચોપડી નથી. શું થયું પણ હવે એમાં? આ તો માટી છે, આ તો જડ છે, માટી ધૂળ છે. એમાં સુંઠ ચોપડી નથી એનું શું થયું તને આ? મિથ્યા અભિમાન અજ્ઞાનનું મરી ગયો એમને એમ કરી કરીને. ટેટા જેવા હોયને ૬૦-૭૦ વર્ષ સુધી કોઈ દિ' સુંઠ ચોપડી નથી. સુંઠ શું સુંઠ? સુંઠ. આ બહુ ઓલું થાય તો માથે ચોપડે છેને આમ? ૭૦ વર્ષ સુધી સુંઠ ચોપડી નથી. શું થઈ ગયું પણ? એ તો માટી જડ છે. એ તો શાતાનો ઉદય હોય તો રોગ આવે નહિ. એમાં તારા આત્માને શું લાભ થયો? આહા..હા..! મારી નાખ્યા જગતને.

કહે છે કે આત્મા નિરોગસ્વરૂપ એમાં ભ્રાંતિ જે થઈ છે, રાગ તે હું અને પુણ્ય તે

હું એ ભ્રાંતિ છે એને, એ ભ્રાંતિના જેને પ્રેમ છે... આહા..હા..! એને ચૈતન્ય ભગવાન શુદ્ધ આનંદસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે. સ્વભાવે એ છે. સ્વભાવ એમ ન હોય તો વીતરાગી પર્યાય આવશે ક્યાંથી? બહારથી આવે એવું છે ક્યાંય? કેવળજ્ઞાન અને કેવળદર્શન અરિહંતને પ્રગટ્યા એ ક્યાંથી આવ્યા? બહારથી આવે છે કાંઈ? અંદરમાં સ્વરૂપમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને વીતરાગતા પડી છે. આહા..હા..! અરે..! એની ખબરું ન મળે અને અમે આત્માને માનીએ છીએ અને ભગવાનને માનીએ છીએ. માન્યા. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દીપથી દીપ જલે.

ઉત્તર :- દીપથી દીપ... નિર્મળ પરિણતિથી આત્મા જણાય એ દીપથી દીપ જલે.

મુમુક્ષુ :- સદ્‌ગુરુ વૈદ સુજાણ નથી કહ્યું?

ઉત્તર :- પણ એ તો નિમિત્તની વાતું છે. સદ્‌ગુરુ પણ તું સદ્‌ગુરુ છો કે નહિ? કે બીજો સદ્‌ગુરુ છે? એ સત્ છે અને તું સત્ નથી? સમજાણું કે નહિ? ભાઈએ લખ્યું છે સોગાનીએ. એક ઠેકાણે સોગાનીએ લખ્યું છે કે ભાઈ! સત્ સમાગમ... સત્ સમાગમ... .. સત્ સમાગમ તો તું સત્ છો કે અસત્ છો? તું સત્ છો કે અસત્ છો? સત્ છે તો સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માનું સિદ્ધસ્વરૂપ છે. જેવું સર્વજ્ઞ પરમેશ્વરે પ્રગટ કર્યું એવો તારી શક્તિનો સ્વભાવ છે. અસત્ છો? તો ઈ સત્‌નો સમાગમ અંદર. સ્વરૂપચંદભાઈ! બહુ વાત.. શરૂઆતમાં આવી ટીકા. એક ઘાએ બે ટૂકડા. ભેદજ્ઞાને રાગ જુદો અને આત્મા જુદો. આહા..હા..!

‘**ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ...**’ ક્રિયા રુચિ થઈને? સ્વભાવની રુચિ ગઈ અને વિકારની રુચિ થઈ રાગની. એવી જે રુચિની ક્રિયા એ પોતાના સ્વરૂપમાં એ ક્રિયાને આધારે ક્રોધ છે. વિકારની પરિણતિને આધારે વિકાર છે. આત્મા અને પર્યાયને આધારે વિકાર છે નહિ. ‘**ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયા...**’ એટલે પરિણતિ. એના ‘**પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...**’ એના સ્વરૂપની પરિણતિમાં રાગની દશામાં એ વિકાર છે. આત્માની દશામાં એ છે નહિ. આહા..હા..! ગાથા સારી આવી, અહીં તમે આવ્યા. ત્યાં આમ વાંચતા હશો? તો ત્યાં શું હશે? ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... આહા..હા..! મીઠો મહેરામણ અંદર ઉછળે છે આત્મા. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા છે. સત્ એટલે છે. ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ. એવો વીતરાગ પરમાત્માએ જોયો ત્રિકાળી. એને અહીંયાં આત્મા સચ્ચિદાનંદ કહે છે. ઓલા અન્યમતિ સચ્ચિદાનંદ કહે ઈ નહિ હોં. એ તો વળી કોઈ ભગવાન છે. આ તો આ પોતે સચ્ચિદાનંદ છે. સત્ એટલે શાશ્વત. આત્મા શાશ્વત વસ્તુ છે અને એની સાથે

એનું જ્ઞાન અને આનંદ પણ શાશ્વત વસ્તુ છે. તે શાશ્વતને પરિણતિને આધારે શાશ્વત જણાય છે. આહા..હા..! અનિત્યને આધારે નિત્ય જણાય છે. અનિત્યને આધારે નિત્ય રહેલો છે. ગજબ વાત છે કે નહિ? એય..!

મુમુક્ષુ :- પલોઠી વાળીને ત્યાં બેસી જવા જેવું છે.

ઉત્તર :- મળ્યું છે ઈ પુસ્તક તમને? ક્યાંથી? દ્રવ્યદષ્ટિ. પલોઠી વાળીને વળી ક્યાંથી કાઢ્યું તમે? એમાં છે ઈ.

મુમુક્ષુ :- ... કાંઈ કરવા જેવું નથી પલોઠી વાળીને બેસી જાય.

ઉત્તર :- પલોઠી તો જડની છે. આ માટીની. આ પલોઠો ક્યાં હતો ત્યાં? આ તો માટીની છે. 'તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે.' શું પણ? આ તો માટી-જડ છે. એણે આ કર્યું એ તો માટીની ક્રિયા છે. એ પલોઠી તો જડની છે. ભાઈએ કહ્યું છે સોગાનીએ.

મુમુક્ષુ :- પલોઠી વાળીને બેસવાનું કીધું?

ઉત્તર :- હા, અંદરમાં હું તો પલોંઠી વાળીને બેસી જાઉં છું. એટલે કે અંદર ધ્રુવમાં મારું આસન પડ્યું છે. એમ છે. અંદર છું હું. સમજાણું કાંઈ? દ્રવ્યદષ્ટિપ્રકાશ વાંચ્યું નહિ હોય. .. મુશ્કેલી પડે એવું છે. એવું છે અંદરમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, અંદર ફેરવી નાખે એવું છે, માથુ ફરી જાય એવું છે. આહા..હા..!

'**ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયા...**' ભાષા તો જુઓ, આખી વસ્તુ જુદી કીધીને એણે? એ વિકારની પરિણતિ વિકારને આધારે થાય છે, આત્માને આધારે બિલકુલ નહિ. સમજાણું કાંઈ? '**ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે,...**' એ ક્રોધ, માન, માયા, લોભ, સ્વરૂપની અરુચિરૂપી ક્રોધ, સ્વરૂપનું અભિમાન નહિ અને રાગનું માન એ માન. સ્વરૂપને ગણવું નહિ અને રાગને ગણવો એ માયા અને સ્વરૂપની ઈચ્છા અને રાગની ઈચ્છા એ લોભ. એ અનંત સંસારના કારણ ક્રોધ, માન, માયા, લોભ. આહા..હા..!

'**અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે.**' વિકાર વિકારમાં જ છે, આત્મામાં એ નથી. આહા..હા..! રાગની રુચિએ પરિણમતો, કહે છે કે તું તો એકલો જડ થઈ ગયો એમ કહે છે. આહા..હા..! શુભરાગના પ્રેમે પરિણમતો જડ થઈ ગયો આત્મા રહ્યો નહિ તું, ભાઈ! એમ કહે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર 'કેવળી પણ્ણંતો ધમ્મો' ઈ શું છે? એ ગડિયા હાંકે જાય સવાર-સાંજ. મંગળિક. ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં... અર્થનું કાંઈ ભાન ન મળે. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં એ શું છે ચીજ? આહા..હા..! આ પરની દયા પાળવી એ કેવળી પણ્ણંતો ધમ્મો. ધૂળ દયા કોણ પાળી શકે? પરની ક્રિયા કરે કોણ? એ

તો વિકલ્પ છે. વિકલ્પ તો વિકાર છે. વિકારથી આત્મા પ્રાપ્ત થાય એ તો જડથી આત્મા પ્રાપ્ત થાય એવું છે. સમજાણું કાંઈ?

**'ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે.'** ખુલાસો કર્યો એણે. **'(જ્ઞાનનું સ્વરૂપ...'** એટલે આત્માનું સ્વરૂપ. **'જાણનક્રિયા છે,...'** એનું સ્વરૂપ તો જાણવું-દેખવું એ એનું સ્વરૂપ છે. એમાં પુણ્ય-પાપના પરિણામ એ એનું સ્વરૂપ છે? એનું સ્વરૂપ હોય તો છૂટું કેમ પડી જાય? સિદ્ધ ભગવાનમાં છે ઈ? પુણ્ય અને પાપ જો આત્માનો સ્વભાવ હોય તો સિદ્ધ ભગવાનમાં હોવો જોઈએ. નમો સિદ્ધાણં એ તો અશરીર આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! પુણ્ય અને પાપના પરિણામ એ જીવનું સ્વરૂપ નથી. આહા..હા..! ભારે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તેરમું ગુણસ્થાન એનું નહિ. સાચી વાત છે. આપણે ગાતા નહિ અહીં? ઓલા જાડા હરખચંદભાઈ! તેરમું ગુણસ્થાન તારું નહિ. ચૌદે ગુણસ્થાન જીવના કેવા? જીવ તો આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! અરે..! દુનિયાની પરીક્ષાઓ કરે. 'પરખ્યા માણેક મોતીયા, પરખ્યા હેમ કપુર, પણ એક ન પરખ્યો આત્મા' એ કોણ છે એ ભગવાન કહે ઈ પરખ્યો નહિ. બાકી ડહાપણના પાર ન મળે બહારના. એય..! શેઠ! દેવનો દીકરો ઉતર્યો જાણે વાતું કરવા બેસે તો તમાકુની, બીડીયુંની, આ હીરાની. મહેન્દ્રભાઈ ગયા? આ પથરાની. દાણા કેવા છાંટવા? શું કહેવાય તમારે? ડિઝાઈન. પત્થરમાં ડિઝાઈન નાખેને. ધૂળમાં છે. કહે છે કે બધાની પરીક્ષા કરી, પણ આત્મા કોણ છે એની તેં નાથ! કોઈ દિ' પરીક્ષા કરી નહિ હોં. ત્યાં રહ્યો દિગમૂઢ. આહા..હા..!

**'જ્ઞાનનું સ્વરૂપ...'** એટલે આત્માનું **'જાણનક્રિયા છે, માટે જ્ઞાન આધેય...'** છે ત્રિકાળી વસ્તુ. **'જાણનક્રિયા આધાર છે.'** આહા..હા..! એની જાતની ક્રિયા તે આધાર, એની જાત તે આધેય. **'જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે,...'** એટલે જ્ઞાન જ્ઞાનનો જ આધાર છે. એમ. **'કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી.'** શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિ અને આત્મા કાંઈ જુદા નથી. જેમ રાગને જુદો કીધો એમ આ જુદું નથી એમ કહે છે. **'આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે.'** વસ્તુ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનમાં જ છે. **'એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે).'** હવે બીજા સાથે જરી મેળવે છે. આ તો બે વચ્ચે વાત કરી. હવે કર્માદિમાં પણ આત્મા નથી અને આત્મામાં કર્માદિ નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧૫, શનિવાર, તા. ૧૭-૦૨-૧૯૭૩
## ગાથા-૧૮૧ થી ૧૮૩, પ્રવચન-૩૧૮

કૌંસમાં આવ્યું છેને? શું કહેવાણું એમાં? જુઓ, કૌંસ સુધીમાં. નીચે કૌંસ છેને? એક લીટી ઉપર. ૨૯૨ પાનું. નીચેની એક લીટી ઉપર. ત્યાં એમ કહ્યું... સૂક્ષ્મ વિષય છે, કે આ આત્મા જે આનંદસ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ છે એનું ભેદજ્ઞાન થતાં રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિ કે કામ, ક્રોધના ભાવ છે એ તો બધા પુદ્‌ગલના પરિણામ વિકાર જડ છે. એને આધારે આત્મા જણાય નહિ. સમજાય છે કાંઈ? આત્મા એને આધારે જણાય નહિ અને એને આધારે ધર્મ થાય નહિ. કોને આધારે આત્મા જણાય? અને કોને આધારે જણાતા એ આધાર ધર્મરૂપ થાય?

આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ એક વસ્તુ છે એની બીજી ચીજ નથી. બીજા સાથે એને કાંઈ સંબંધ નથી. રાગ અને દ્વેષ, દયા, દાન, રાગની મંદતા, વ્રત અને તપનો ભાવ જે શુદ્ધભાવ એની સાથે પણ ચૈતન્ય જ્ઞાયકસ્વભાવને બેને સંબંધ છે નહિ. સંબંધ હોય તો એ જ્ઞાનની પર્યાય કરે રાગથી ભિન્ન પાડીને, જાણનક્રિયા જે આત્માના સ્વરૂપ તરફ સન્મુખ થઈને રાગના વિકલ્પથી ભિન્ન પડીને એ સ્વરૂપ સન્મુખ થઈને જે એકાગ્રતા થાય એ જ્ઞાનની ક્રિયા, શ્રદ્ધાની ક્રિયા, શાંતિની ક્રિયા, આનંદના સ્વાદની એ ક્રિયા, એ ક્રિયાને આધારે આત્મા જણાય. આવી વાત છે. આહા..હા..! એને ધર્મ થાય.

મુમુક્ષુ :- અનેકાંત છે...

ઉત્તર :- અનેકાંત હોય... અનેકાંત જ આ છે. આનાથી થાય અને બીજી રીતે ન થાય. એકાંત આમ છે સમ્યક્. આહા..હા..! એય..! ફુદડીવાદ નથી આ કાંઈ.

દરેકમાં આ ચૈતન્યસ્વભાવ એની સન્મુખતાની જે અંતરની રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના વિકલ્પની ક્રિયા વિનાની ક્રિયા, જેમાં એકલો જાણપણાનો સ્વભાવ અને આનંદ છે એની જ્યાં પરિણતિ અંદરમાં જ્ઞાન અને શાંતિની, શ્રદ્ધાની પ્રગટ થાય, એને આધારે એ આત્મા જણાય તો પરિણતિ એનો આધાર અને આત્મા એનો આધેય. આહા..હા..! ભારે વાત! આખી ચીજ છે એ તો અનંત અનાકુળ આનંદનો રસકંદ આત્મા છે. એ અનાકુળ અનંત આનંદનો રસ સ્વભાવ એ વસ્તુ પોતે. એ જિન કહો, એને પરમાત્મા કહો, એને બ્રહ્મા કહો, એને વિષ્ણુ કહો, એને જે કહો એ ચીજ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે

કહેલો, જોયેલો આ આત્મા. એની સન્મુખતાની જે ક્રિયા થાય, એય..! ઝવેરચંદભાઈ! આ બધા શેઠિયા મોઢાઆગળ પડીને કાંઈ સમજ્યા નહોતા કાંઈ ઠેકાણા વિનાના.

મુમુક્ષુ :- એટલે તો અહીં સમજવા આવ્યા છીએ.

ઉત્તર :- આ તો પહેલાની વાત ચાલે છેને. આ બહારની ક્રિયા કરી અને આ સંથારા કર્યા અને થઈ ગયા ધર્મ. ધૂળેય ધર્મ નથી ત્યાં. આહા..હા..! વ્રત પાળ્યા, આ અપવાસ કર્યા. આઠ અપવાસ કરે, ઓલા વળી દસ કરે. એ તો રાગની મંદતા હોય તો કદાચિત્ એને પુણ્ય બંધાય.

મુમુક્ષુ :- પુણ્ય તો એને ઊંચું બંધાયને?

ઉત્તર :- ધૂળ જેવું બંધાય. પાપાનુબંધી પુણ્ય બંધાય એને તો. આહા..હા..! ગટુલાલજી! વાત તો એવી ચીજ છે, ભાઈ!

આ તો વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એની વાણીમાં એમ આવ્યું. ગણધરોના ટોળા, સંતના ટોળા વચમાં, ઈન્દ્રોના સમુદાયની વચમાં, સિંહ અને વાઘ સેંકડો જેની સભામાં બેઠા હોય. આહા..હા..! એ સર્વજ્ઞ જિનેશ્વર જિનવરની વાણીમાં એમ આવ્યું કે તું પોતે ચૈતન્ય આનંદનો નાથ પૂર્ણસ્વરૂપ છો. એવી વર્તમાન દૃષ્ટિ પૂર્ણને સ્વીકારે, વર્તમાન જ્ઞાનની પર્યાય તેને જ્ઞેય બનાવે એ ક્રિયા જે રાગરહિતની ધર્મની ક્રિયા એ ક્રિયા આધાર છે, આત્મા એમાં જણાય માટે આધેય છે. આહા..હા..! સ્વરૂપચંદભાઈ!

મુમુક્ષુ :- આ તો સ્વરૂપની જ વાત થાય છે.

ઉત્તર :- આ સ્વરૂપની વાત છે.

એ હીરલો ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ છે. આહા..હા..! જેનામાં અતીન્દ્રિય-અતીન્દ્રિય અણીન્દ્રિય અતીન્દ્રિય કહેતા અણીન્દ્રિય. આહા..હા..! ઓલું તો અતીન્દ્રિય એટલે ઈન્દ્રિય રહિત. આ તો અણીન્દ્રિય આનંદસ્વભાવ એનો છે. એવા આનંદસ્વભાવસ્વરૂપ ત્રિકાળી એનું છે. એવા સ્વરૂપની રાગ અને વિકલ્પથી વિમુખ થઈ. ભેદજ્ઞાન છેને? એને પ્રત્યક્ષ મતિ અને શ્રુતજ્ઞાનમાં વીતરાગી પર્યાયમાં પ્રત્યક્ષ એ વસ્તુ થાય. તે ક્રિયાને અહીંયાં આધાર કહેવામાં આવે છે. આહા..હા..! વીતરાગી પરિણતિની પર્યાય તે આધાર કે જેમાં એ જણાણો. સમ્યગ્દર્શનની ક્રિયા એ આધાર એમાં એ આત્મા જણાણો. આત્મા પોતે આધેય અને ધાર્મિક વીતરાગી પરિણતિ અથવા ભેદજ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ અથવા વીતરાગ પરિણતિ. આહા..હા..! એ ધર્મ, એ ધર્મને આધારે ધર્મી જણાય છે. આહા..હા..! બહુ ઝીણું, છોટાભાઈ! તમારામાં તો આ અપવાસ કરો અને આ કરો, મરી ગયા બિચારા કરી કરીને. આ બધા એના શેઠિયાઓ. પોપટભાઈ! આહા..હા..!

અહીં તો કહે છે, ઉપવાસ. પ્રભુ પોતે પૂર્ણાનંદનો નાથ એની ઉપ નામ સમીપ, વાસ

નામ અંતર વાસના, શાંતિની વાસના પ્રગટ કરવી, સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આવવું એ સ્વાદને આધારે આત્મા આવો છે એમ જણાય છે. આહા..હા..! ભારે ઝીણું! સમજાણું કાંઈ? એ 'યમ નિયમ સંયમ આપ કીયો પુણી ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો, વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દઢ આસન' અનંત વાર એ ક્રિયા કરી. એ તો રાગની મંદતાની ક્રિયા પુણ્યની. પુણ્ય અને પાપમાં ફેર માને એને ઘોર સંસાર છે એમ કહ્યું છે. એ ગાથા છપાઈ ગયું. એ પણ છપાઈ ગયું. ૭૭. અમે આવ્યા ત્યારે કહ્યું હતુંને? શુભ અને અશુભ બે ભાવમાં કાંઈ ફેર છે અને એના બંધનમાં, પુણ્ય અને પાપના બંધનમાં ફેર છે અને એના સંયોગો અનુકૂળ-પ્રતિકૂળમાં કાંઈ ફેર છે, એ માનનાર ઘોર સંસારી જીવ છે. આહા..હા..! કહો, શેઠ! આહા..હા..! ભાઈ! તારી ચીજની ચૈતન્યરત્નની કિંમત તેં કરી નથી. એનું મૂલાંક તો અંતરમાં જાય ત્યારે મૂલાંક થાય. આહા..હા..! કહો, કાંતિભાઈ! આહા..હા..! કાંતિભાઈને ઓળખો છો?

મુમુક્ષુ :- ઓળખાવી દ્યો.

ઉત્તર :- એ પંદરસોનો પગાર હતો માસિક. બાળબ્રહ્મચારી. એરોપ્લેનમાં હતા. છોડી દીધી નોકરી. .. નોકરી છોડી દીધી. પંદરસોનો પગાર છોડી દીધો. આ સમજવા માટે હોં!

મુમુક્ષુ :- કિંમત ઘણી.

ઉત્તર :- એની ધૂડમાં શું હતું? ચક્રવર્તીના રાજ એક ક્ષણમાં (છોડી દીધા). બળખો જેમ છૂટા જ પડ્યા છે. દૃષ્ટિ છૂટી ગઈ. આહા..હા..! એ ચક્રવર્તીનું રાજ રાણી છન્નું હજાર એ ત્યાં ગરી ગઈ છે આત્મામાં? મારી હતી એ મહામિથ્યાત્વનું પાખંડ ઘોર હતું. આહા..હા..! જે પરદ્રવ્ય એના હોઈ શકે નહિ અને એને ઠેકાણે આ પરદ્રવ્ય મારા. આહા..હા..! ઝેરનો પ્યાલો ચડી ગયો છે એને. પ્રાણભાઈ! આહા..હા..! ઈ તો આઘા રહ્યા સ્ત્રી, કુટુંબ, પરિવાર, આ દેહ માટી. આ તો અંદરની વાતું છે અહીં તો.

કહે છે કે દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાનો ભાવ થાય એ રાગ છે, એ ઝેર છે, એ દુઃખ છે. આહા..હા..! એ દુઃખથી ભગવાન આત્માનો સ્વભાવ એટલે આત્મા એનાથી ભિન્ન છે. એને દુઃખથી ભિન્ન પાડીને જણાય એવો એ આત્મા છે. દુઃખનું લક્ષ અને દુઃખની સાથે રહીને જણાય આત્મા એવો એ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો આ પૈસાવાળા પાંચ, પચ્ચીસ હજાર, લાખ, બે લાખ, પાંચ લાખ ખર્ચે, તો ધર્મ થાય એમ હરામ છે એમ અહીં કહે છે. એય..! સ્વરૂપચંદભાઈ! પછી તો રાખવા? રાખે કોણ? એ તો જડ પરવસ્તુ છે. એ તો એને કારણે રહે અને કારણે રૂપાંતર ક્ષેત્રાંતર થવું હોય તો થાય. કેમ ક્ષેત્રાંતર કેમ થાય ઈ? એય..! આ કીધું નહિ? તમે કહેતા નહોતા કાલે? ક્રિયાવતીશક્તિ. એ તો એનામાં ગતિ થવાની શક્તિ છે તેને લઈને આમ જાય, આવે. રાખવા એને રાખે

કે દે, ત્રણ કાળમાં એ ચીજ નથી.

મુમુક્ષુ :- તિજોરીમાં રાખવા કે ન રાખવા?

ઉત્તર :- કોણ રાખે? તિજોરી ક્યાં એના બાપની હતી? એ તિજોરી તો જડ છે. પોપટભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- પૈસા તિજોરીમાં રાખવા એ ..

ઉત્તર :- હવે નારદ આવ્યા. એ તિજોરીમાં હું રાખું છું એ મિથ્યાત્વમોહ છે. ચારિત્રમોહ નહિ. એ મારા છે એમ માનીને રાખ્યા એ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- એટલે કહે છે કે અમે રાખીએ એમાં વાંધો નહિને.

ઉત્તર :- હા, પણ ઈ પ્રશ્નનારદ છેને એ? પ્રશ્ન કર્યો એક આ. ચારિત્રદોષ છે એમ કહે છે. ચારિત્રદોષ તો એને કહીએ કે એ મારા નથી ત્રણ કાળ, ત્રણ લોકમાં. છતાં નબળાઈને લઈને જરી આસક્તિ થઈ જાય એને ચારિત્રદોષ કહીએ. કહો, સમજાણું કાંઈ? એક રાગનો રજકણ પણ મારો છે અને હું એનો છું, એ મહામિથ્યાત્વ, પાખંડ અધર્મદશા મહા છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે પૈસા-બૈસા ક્યાંય ધૂડ રહી ગઈ. આહા..હા..! શરીરના રજકણો માટી આ તો ધૂડ. મોઢવું પરમાણુનું ખડકાણું છે આ તો. એમાં એ શરીરના રજકણો એ મારા અને હું એને આધીન નહિ પણ એ મને આધીન કરે છે, મહા અજ્ઞાનનું પાખંડ છે.

અહીં તો એથી આગળ જઈને વાત છે. અંદરમાં શુભરાગ ઉઠે દયા, દાન, વ્રત, તપનો, અપવાસ કરું આદિ, એવો શુભરાગ એ પણ પુદ્ગલ છે, જડ છે, અચેતન છે. ભગવાન આત્મા એનાથી જુદો છે. ચૈતન્યસ્વરૂપ ભગવાન એ અચેતન એવા રાગને પોતાના માને તો મિથ્યાત્વનું અચેતનપણું એને લાગું પડે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

આ ચોર્યાશી લાખના અવતાર, બાપુ! એને ખબર નથી. આહા..હા..! કોઈ કોઈવાર એવા કિસ્સા જોયાને. એ યાદ આવે છે ત્યારે... આહા..હા..! શું આ સ્થિતિ જગતની! એમાંથી એને દુઃખ નથી લાગતું અને લાગે કોઈ દુઃખ તો સંયોગ છે માટે દુઃખ લાગે છે. આહા..હા..! એમાં મને દ્વેષનો અંશ આવે છે એ દુઃખ છે અને આ અનુકૂળતાની સામગ્રીના ઢગલા પડ્યા હોય એમાં મને આ ઠીક છે એવો રાગ, ઝેર છે એ મારો માને છે તો મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**જ્ઞાન જ્ઞાનમાં જ છે. એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે**).' છેલ્લી લીટી છેને? એટલે શું કહ્યું? કે આત્માનો કાયમી અસલી ત્રિકાળ આનંદ અને જ્ઞાનસ્વભાવ એનાથી, સ્વભાવથી વર્તમાન કૃત્રિમ પુણ્ય અને પાપના ભાવ એ આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ એને અહીં ક્રોધ કહે છે. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્ય, પણ એ મારા એવી માન્યતાને અહીં ક્રોધ કહે છે. એને આત્મા પ્રત્યે દુશ્મનાઈ થઈ ગઈ અને

આત્માના વેરી જે વિકાર તેનો એને રસ લાગી ગયો. ભીખાભાઈ! આવું ભારે છે. એ શુભભાવ હોં, પાપના ભાવની તો શું વાત કરવી!

મુમુક્ષુ :- શુભભાવ કાંઈક તો મદદ કરેને?

ઉત્તર :- મદદ કરેને ઝેરની. આહા..હા..! ઝેરના પીણા છે ઈ ભાઈ. આ તો માર્ગ કોઈ જુદી જાતનો. એ લોકોને મળ્યો નથી. બહારની ક્રિયાકાંડ ને વ્રત ને તપને આડે મરી ગયા બિચારા મિથ્યાત્વમાં.

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ કહે છે કે સ્વભાવ જે જ્ઞાતા-દૃષ્ટા, આનંદ એવા ત્રિકાળી ધ્રુવ સ્વભાવથી વિરુદ્ધ રાગનો કણિયો પણ જે પુણ્યનો હોય એનો જેને પ્રેમ છે એને આત્મા પ્રત્યે ક્રોધ અને દ્વેષ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રુચતો ગોઠતો નથી એને. સમજાય છે કાંઈ? આહા..હા..! એમાં શરીર ફાલીફુલીને બધા અંકુરે આવ્યું હોય. અંકુરે એટલે બધા અવયવો સારા. આહા..હા..! અને બહારની સામગ્રી કાંઈક પચ્ચીસ-પચાસ લાખનું એક મકાન હોય, એમાં વળી શું કહેવાય ઘરસામગ્રી? પાંચ લાખનું ફર્નિચર ગોઠવ્યું હોય, એમાં વચમાં ખાટલો નાખ્યો હોય અને જુઓ બધા ભેગા થઈને બેઠા હોય. ચક્રવર્તી જાણે બેઠા. આહા..હા..! શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધા ભયભીત હશે તે ધર્મી થાય એમ કહે છે. એ તો પોતાની વ્યાખ્યા કરી, પણ જેને ચાર ગતિનો ભય લાગે એને આત્માની દૃષ્ટિ થવાનો અવકાશ છે. ચાર ગતિના ભવનો ભય ન લાગે એને મિથ્યાદૃષ્ટિ અને આત્મા તરફ જવાનો અવકાશ નથી. મજા જેમાં માને એકલા .. પૈસા છે અને મકાનના ભાડા ઉપજે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તમારી માંડી છે આ. બાયડી મરી ગઈ, એકલા રહ્યા, ઘરના મકાન, ભાડા ઉપજે એકલદોકલ. હુતોહુતીમાં હુતો રહી ગયો એકલો. ત્યાં એમાં મજા માને છે અંદર. ઊંડે-ઊંડે ગલગલીયા (થાય છે) કે એકલા મજા (છે).

મુમુક્ષુ :- એ તો હવે. પહેલા તો બહુ રોતા.

ઉત્તર :- એ તો થોડી વાર થાય. સગવડતા જાયને એટલે. આહા..હા..! આ તો દાખલો છે હોં. આ તો બધે ઘરે ગામેગામ થાય છેને. આહા..હા..! બાયુંને રોતી જોઈ છે નાની ઉંમરમાં. કણબીવાડમાં ખરુંને. બહુ રોવે, બિચારી ગરીબ બાયું હોયને એવી રોવે. અને એકનો એક દીકરો હોય, રળી ખવરાવતો હોય, ૭૦ વર્ષની ઉંમર હોય. કોઈ સગુ-વ્હાલું હોય નહિ, સાઠીકડાનું મકાન હોય એમાં ટુટલા-ફૂટલા એવા નળિયા ભેગા કરીને માથે રાખ્યા હોય.

આહા..હા..! એવું જ છે. એ અગવડતાના કાળ અને સગવડતા કાળમાં બેય એક ચીજ છે. એમાં અગવડતા તે ઠીક નથી અને સગવડતા તે ઠીક. મિથ્યા ભ્રમ અજ્ઞાનીને છે. કહો, પોપટભાઈ! એવી વાતું છે અહીં તો.

અહીં તો પરમાત્મા એમ કહે છે કે જેને આત્મા આનંદનો નાથ એવો જેને રુચે એને શુભરાગ રુચતો નથી, ખટકે છે. સમજાણું કાંઈ? એને શુભરાગ દયા, દાન, ભક્તિના પરિણામ ખુંચે છે. ડાંભોળીયું જેમ ખુંચેને. સૂતો હોય સુંવાળું શરીર અને ગાદીમાં. એનાથી આ વધારે ખુંચે છે કહે છે. અજ્ઞાનીને તેનો પ્રેમ વર્તે છે. આહા..હા..! કહો, પ્રેમચંદભાઈ! આહા..હા..! ભાઈ! વીતરાગમાર્ગ એવો છે, બાપુ! અને એ પામે એના તો કલ્યાણ થઈ જાય. એના ભવભ્રમણ મટીને મોક્ષ થાય, પણ આ પામવો એ તો મહામુશ્કેલ છે. હજી વાત સાંભળવા મળે નહિ. આહા..હા..!

કહે છે, એ જાણનક્રિયા જે થઈ, ભગવાન આત્મા ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ એની સન્મુખતાની જે ક્રિયા થઈ અને વિમુખતાના રાગાદિની ક્રિયાથી ભિન્ન પડી ગયો. આહા..હા..! ત્યારે જે અંદર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની ક્રિયા થઈ એ ધર્મ અને એ ધર્મને આધારે ધર્મી જણાણો છે. માટે પર્યાયને આધારે દ્રવ્ય છે એમ કહે છે. ચીમનભાઈ! ભાઈએ કાલે કહ્યું હતુંને? પર્યાયનો આધાર તો દ્રવ્ય છે. વળી આ પર્યાયને આધારે દ્રવ્ય ક્યાંથી આવી ગયું? આહા..હા..! સમજાણું કાંઈ? જે પરિણતિએ પ્રભુ દેખાય તે પરિણતિને આધારે પ્રભુ છે એમ કહે છે. રાગ અને દ્વેષની પરિણતિ વિકારની દયા, દાનની એનાથી ભગવાન જણાય નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..!

'વળી...' છે? છેલ્લી લીટી. '**ક્રોધાદિકમાં,...**' ક્રોધ એટલે આ. આહા..હા..! અશુભરાગનો પ્રેમ એ તો જીવનો દુશ્મન છે. પોતે પોતાનો દુશ્મન છે, પણ જેને શુભરાગનો પ્રેમ (છે) એ પણ મોટો દુશ્મન છે. છોટાભાઈ! આવી વાતું છે આ. એને ક્રોધ કીધો છે. ભગવાન આત્મા વીતરાગમૂર્તિ છે અંદર. અકષાયસ્વભાવસ્વરૂપ, જેની પરિણતિ પર્યાય અકષાય થાય એ અકષાય પરિણતિને આધારે આત્મા જણાય પણ ક્રોધાદિ આત્માના સ્વભાવથી વિરુદ્ધ રાગ એનો જેને પ્રેમ છે, એ શુભરાગની જેને મીઠાશ વર્તે છે, એની જેને રુચિ છે એને આત્માના ત્રિકાળી આનંદ પ્રત્યે દુશ્મન—ક્રોધ છે. પ્રવિણભાઈ! આ બધી જુદી જાત. ત્યાં કાંઈ સંભળાય એવું નથી.

મુમુક્ષુ :- પહેલી વાર સાંભળ્યું.

ઉત્તર :- પહેલી વાર સાંભળ્યું લ્યો! નવરા ક્યાં પણ થવા દે છે ત્યાં? દાંત કાઢે છે, લ્યો! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ .. ભાઈ છે. કાંઈ ખાતા જુદા લાગે છે કીધું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

તીર્થંકરદેવ સર્વજ્ઞદેવ પરમાત્મા એની દિવ્યધ્વનિના મુધર અવાજમાં એમ આવ્યું છે. ભાઈ! તું તો આનંદનો અતીન્દ્રિય આનંદનો સાહેબો તારું સત્ છે. એનાથી વિરુદ્ધનો એક વિકલ્પ પણ રાગાદિ, અરે..! ભગવાનની ભક્તિ, ભગવાનનું સ્મરણ અને પરને ન મારવાનો દયા પાળવાનો ભાવ એ ભાવ રાગ છે અને એનો જેને પ્રેમ છે એ આત્માનો દુશ્મન, આત્માનો વેરી, આત્મા પ્રત્યે ક્રોધ છે એને. પ્રાણભાઈ! આહા..હા..! એને અહીં ક્રોધ કીધો છે. એને પ્રેમ ગયોને.

મુમુક્ષુ :- શુભરાગને ક્રોધ કીધો?

ઉત્તર :- શુભરાગને ક્રોધ કીધો કેમ? કે એનો પ્રેમ છે માટે. સ્વભાવ પ્રત્યે પ્રેમ નથી અને આના પ્રત્યે પ્રેમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કીધું હતુંને. ઘણીવાર કહીએ છીએને ઓલી નહિ? કેવી? મીરાંબાઈ. પાલેજથી સાધુ માટે ગયેલા એક ફેરી જોવા. સાધુ આસપાસ આવેને તો અમારું પાલેજનું ઘર પ્રસિદ્ધ એટલે અમારે જાવું પડે લેવા-જવા. ત્રીસ માણસ અમારે ત્યાં એક રસોડે અને બહાર પ્રસિદ્ધ એટલે સાધુ માટે વ્યવસ્થા કરીએ બરવાળાથી સાધુ આવતા હતા. ૬૪ની સાલની વાત છે. ૬૪. સંવત્ ૬૪. સાધુ મળ્યા. જોયા કીધું અહીં છે. સ્ટેશન છેને ભરૂચનું? એની સામે ધર્મશાળા ત્યાં હતા. પછી વખત હતો. ચાલો જોવા. મીરાંબાઈનું નાટક હતું. જોવા ગયા. હું અને ફાવાભાઈ અમારે હતા. ધીરજલાલ-ધીરજલાલ નહિ? ફાવાભાઈ. અહીં નહોતા .. આવ્યા?

મુમુક્ષુ :- કાલે આવવાના છે.

ઉત્તર :- આવવાના છે? ... એ ગયા જોવા. એમાં એ મીરાંબાઈ બોલે છે. આહા..હા..! એ વખતનું તાદશ... સાધુની ટોળી અને અને સંગમાં મીરાંબાઈ રહે છે. પરણે છે રાણાને. પછી એને અંદર ઈશ્વરનો, એણે માનેલી વાત ઈશ્વર કે એમ આત્મા છે અને આ બીજો કોઈ ઈશ્વર નથી. એના પર પ્રેમ થઈ ગયો પ્રેમ, ઈશ્વરનો પ્રેમ. રાણો કહે છે કે એય..! મીરાં! મારી પટરાણી બનાવું ચાલ-ચાલ. આ કહે છે, એ તો બાવન જોગણી હોં એ તો આમ. દેખાવમાં છોકરા હોયને. હોય તો છોકરા ઓલા બધા. પણ ભેખ એવા ધારણ કરે. આહા..હા..! 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહિ રે બાંધુ.' મીંઢોળ સમજ્યા? ઓલા લાકડા બાંધે છેને પરણે ત્યારે? લાકડા ખોસે. આહા..હા..! મીંઢોળ સમજો છો ગટુલાલજી?

મુમુક્ષુ :- કંકણ બાંધે છે.

ઉત્તર :- એને અમારે મીંઢોળ કહે છે. લાકડી કહે છેને. એ કહે છે, 'પરણી મારા પીયુજીની સાથ એ બીજાના મીંઢોળ રાણા! હવે આ ભવમાં ન બાંધુ.' એમ ધર્મીને જેને આત્મા

આનંદસ્વરૂપનો જેને પ્રેમ લાગ્યો છે એ આત્મા સાથે પરણ્યો એ રાગની સાથે હવે પરણતો નથી. ગટુલાલજી! આહા..હા..! અને જેને રાગની રુચિ અને રાગમાં રોકાઈ ગયો... આહા..હા..! એ વ્યભિચારી, આત્મા પ્રત્યેનો દ્વેષ છે એને. એ વ્યભિચારમાં રોકાઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ગજબ વાત!

અપવાસ કરે મહિના-મહિનાના બિચારા અને એમાં રાગની મંદતા કાંઈ હોય કદાચિત્, કદાચિત્ કહેને, નહિતર તો આબરૂ માટે કરીએ, વખાણ કરે, કાંઈક પૈસા ખર્ચાવે પાંચ-પચાસ હજાર ખર્ચાવે. ભાઈ! આપણા પ્રમાણમાં લાંઘણું કરી છે આ. વર્ષીતપ કર્યા, આ કર્યા, ઉજવો તો ખરા. એય..! પ્રાણભાઈ! થયું છે? ઘરમાં કોઈ દિ' થયું છે એવું? ઘરમાં વર્ષીતપ કર્યા છે કોઈ દિ'? ત્યાં તો કરે છે. ઘણા કરે છેને. પછી ખર્ચાવે પૈસા. એ તો માનમાં છે બધું. એને તો પુણ્ય પણ નથી. પણ જેને રાગની મંદતાથી કાંઈ કષાય મંદ હોય અને અપવાસ થયા હોય, પણ એ કષાય મંદનો જેને રુચિ અને પ્રમે છે એને આત્મા પ્રત્યે દ્વેષ છે. આવી વ્યાખ્યા આકરી છે. કહો, સમજાણું કાંઈ? એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. એમ રાગનો પ્રેમ અને આત્માનો પ્રેમ એક સાથે નહિ રહી શકે. જેને આત્મા આનંદની મૂર્તિ પ્રભુ હું છું, એના જેને અંદરના પ્રેમના રંગ લાગ્યા એને રાગ ગમે તેવો હોય શુભ કે અશુભ, એનો રંગ એને આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને જો રાગનો રંગ અને રુચિ થઈ, એ ક્રોધમાં આવી ગયો. એ ક્રોધાદિમાં આત્મા નથી. સમજાણું કાંઈ?

'**ક્રોધાદિકમાં, કર્મમાં...**' આઠ કર્મ છેને? એમ માને કે અમારા કર્મ છે. અમે ઓલે ભવે પુણ્ય કર્યા હતા તો આ પૈસા મળ્યા, આ બધી સગવડતા મળી. એ કર્મમાં આત્મા નથી. એ તો જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નોકર્મ...**' શરીર, વાણી, મન. એમાં જ્ઞાન નથી, આત્મા નથી. વિકારી ભાવ ભાવકર્મ, કર્મ જડકર્મ, નોકર્મ શરીર વાણી આ. બધી ચીજો તો પર છે. એમાં જ્ઞાન નથી, એમાં આત્મા નથી. આહા..હા..! અને જ્ઞાનમાં ક્રોધાદિ, ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એમાં ક્રોધ કે કર્મ કે નોકર્મ એમાં નથી. સમજાણું કાંઈ? ભારે કામ વીતરાગ માર્ગને સમજવો. દુનિયાથી નિરાળો માર્ગ છે ભાઈ આ. અને આ સમજ્યા વિના એના ભવના છેડા આવે એવા નથી. મરી જાય ક્રિયા કરીને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કોણે કીધું? કોણે કીધું? અહીં તો રુચિની વાત કરી. રાગની રુચિ એ મિથ્યાત્વભાવ છે. આત્માની અંદર રુચિ તે સમ્યક્‌ભાવ છે એમ કહ્યું. ક્ષયોપશમ ઓછા-વત્તાનું કોણે કહ્યું? એને વાતું કરતા આવડેને એટલે ઈ એમ કહે છે. ક્ષયોપશમની ક્યાં વાત છે ભાઈ? એને રુચિ છે, પ્રેમ છે. એમ કહો કે એની ખબર ન હોય તો? એમ કહો. ખબર નથી. તો થઈ રહ્યું. મૂર્ખ છે. શું તમારે શું કહેવું છે સમજાણું? કે એની ખબરુંમાં આવી

ન હોય તો? એમ. ક્ષયોપશમ ન હોય એટલે શું કીધું? અંદર ઈ હતું. આવી ખબર ન હોય અને આવો ક્ષયોપશમ ન હોય તો? એમ. એય..! દેવાનુપ્રિયા! એમ છે. એ તો ખબર ન હોય તો તો મૂઢ થઈ જાય. ક્ષયોપશમ ન હોય જુદી વાત છે, પણ ઈ રાગ છે, દોષ છે, ઝેર છે, આત્માનો સ્વભાવ નથી, વિરુદ્ધ ભાવ છે એની ખબર નથી ત્યાં વળી જ્ઞાનનો ક્ષયોપશમ ઓછો-વત્તાનો પ્રશ્ન ક્યાં છે? સમજાણું કે નહિ? એને ઈ કહેવું હતું હોં! એ પ્રશ્નનારદ છે. અંદર ભેગુ હતું. એમ કે એની ખબર ન હોય તો? ક્ષયોપશમ ન હોય તો? એટલે ઈ. એવો ક્ષયોપશમ ન હોય એટલે કે રાગની ખબર ન હોય કે આવો રાગ છે એ ખબર ન હોય તો? એમ. એય..! દેવાનુપ્રિયા! તો થઈ રહ્યું. આહા..હા..! આ મારી મા છે અને આ બાયડી છે એમ ખબર ન હોય તો? પણ એનો ક્ષયોપશમ એવો ન હોય તો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂડેય ..માં ચાલે? ક્યાં જનેતા અને ક્યાં આ? આહા..હા..! એમ જેને આત્મા અને રાગની વચ્ચેનું ભેદજ્ઞાન નથી અને રાગની ખબરું નથી એ તો મૂઢ અજ્ઞાની છે. ક્ષયોપશમની અહીંયાં ક્યાં વાત છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છેને!

પહેલો અધિકાર સંવરનો ભેદજ્ઞાનનો. આહા..હા..! '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' જે કોઈ અત્યાર સુધી મુક્તિને પામ્યા, પામશે અને પામે છે એ પરથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન પ્રત્યક્ષ આત્માના અનુભવથી પામે છે એમ કહે છે. અને જે કોઈ ન પામ્યા ભેદજ્ઞાન અભાવાત. ભેદજ્ઞાનનો અભાવ એટલે રાગના વિકલ્પની એકતા. '**अस्यैवाभावतो बद्धा**' ભેદજ્ઞાનના અભાવે બંધાણા અને ભેદજ્ઞાનના સદ્ભાવે મુક્તિ પામે છે. સીધી વાત બહુ લ્યો. એમાં ક્ષયોપશમની ક્યાં વાત આવી આમાં? એને ઈ કહેવું હતું. .. એમ કે આ રાગ છે, આ હું છું, આ ખરાબ છે એ ખબર નથી કાંઈ. ખબર ન હોય તો મરશે. કહો, સમજાણું કાંઈ?

એ જ્ઞાનમાં એટલે આત્મામાં '**ક્રોધાદિક, કર્મ કે નોકર્મ નથી...**' આહા..હા..! એકમાં બે નહિ અને બીજામાં પહેલો નહિ. આ બે આંગળી છે જુઓ! આ આંગળીમાં આ આંગળી નહિ અને આ આંગળીમાં આ આંગળી નહિ. બરાબર છે? નહિતર આ આંગળી રહી શકે જ નહિ. એમ ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ એમાં રાગ, કર્મ અને શરીર નથી હોતા અને રાગ, કર્મ અને શરીરમાં આત્મા હોતો નથી. આ તો બહુ સાદી વાત છે. ભલે રુચિ હોય, આહા..હા..!

'**કારણ...**' હવે કારણ આપે છે. ભારે વાત! આહા..હા..! '**તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી...**' આહા..હા..! તેમને એટલે કે આત્મા આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનની મૂર્તિ અને એક બાજુ વિકલ્પ, રાગ, કર્મ અને શરીર, બેને પરસ્પર સ્વરૂપ વિપરીતતા

છે. ગટુલાલજી! આ તો સમજાય એવું છે. આહા..હા..! જિનવરદેવ પરમાત્માનો આ હુકમ છે. આહા..હા..! ભાઈ! તારી જાત અને રાગ અને કર્મ ને નોકર્મની જાત બેમાં સ્વરૂપની વિપરીતતા છે. સમજાણું કાંઈ? પરસ્પર કીધુંને? પરસ્પર એટલે? શુભરાગમાં આત્મા નહિ અને આત્મામાં શુભરાગ નહિ. બરાબર છે? વાંચતા નથી શાસ્ત્ર. એમને એમ હાંકે રાખે છે પછી ગાડા ઉપરથી. આહા..હા..! કાંતિભાઈ! જુઓ, વીતરાગનું કહેણ છે આ. ખબરેય ન મળે. ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ અરિહંત પરમેશ્વર સમવસરણમાં આમ દિવ્યધ્વનિ દ્વારા ફરમાવતા હતા એ વાત આ છે. આહા..હા..!

કહે છે, ચાર વાત આવી હતી. આ પાંચમી આવી. શું ચાર આવી હતી? એક વસ્તુની બીજી વસ્તુ નથી, એક આવ્યું. એક વસ્તુની બીજી વસ્તુ નથી. આત્માનો રાગ નથી અને રાગનો આત્મા નથી. એમ એક બોલ આવ્યો હતો. એ બન્નેના પ્રદેશો ભિન્ન છે. કેમકે, કારણ કે એ રાગના, દયા, દાનના પરિણામ એનો પ્રદેશ એટલે ક્ષેત્ર એ જુદું છે. ભગવાન આત્માનું ક્ષેત્ર જુદું છે. ભારે ઝીણું ભાઈ! બે. તેથી **'તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** તેથી તેને બેનું એક હોવું, બેનું એક હોવું એમ બની શકતું નથી. રાગના ભાગની સત્તા અને ચૈતન્ય ભગવાનની સત્તા, બે એક સત્તા થાય એમ હોઈ શકે નહિ. બેની સત્તા તદ્દન જુદી છે. ત્રણ. ચોથું. માંહોમાંહે એકબીજાને આધારાધેય સંબંધ નથી. શું કીધું ઈ? કે રાગ, દયા, દાન, વ્રતના પરિણામને આધારે આત્મા પ્રગટે અને આત્માને આધારે રાગ પ્રગટે એમ નથી. આહા..હા..! ભારે ઝીણું! પંડિતજી! સમયસાર જોયું હતું કે નહિ પહેલા? નરમ માણસ છેને. પણ ભાગ્યશાળી આવી ગયા પાછા સરખે અહીં. એ વાત આખી ફેરફાર થઈ ગઈ. ... ભાઈ કાલે નહોતા કહેતા? ગટુલાલજી કહેતા હતા. જગત .. ગટુલાલજી! ભાઈ કહેતા હતા રાતે. આ વાત જગત ભરમાં નથી. ઊંધી વાતું બધી માંડે સૌ. આહા..હા..!

વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન એવા પરમાત્માનું ફરમાન કે ભગવાન! તું ચિદાનંદ આનંદકંદ પ્રભુ છો. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સ્વભાવ ભરેલો તું છો અને તારાથી વિરુદ્ધ જે કાંઈ શુભ અને અશુભભાવ... આહા..હા..! એ બધો વિરુદ્ધ ભાવ છે, એ તારી જાત નહિ. એ તારી સાથે બેસે એ નહિ. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના, પૂજાના ભાવ એ રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે. આહા..હા..! રાગ અને આત્માનો સ્વભાવ, બેની સત્તા ભિન્ન છે. બે એક નથી. પ્રદેશ ભિન્ન છે અને બે વચ્ચે સ્વરૂપવિપરીતતા છે. સમજાણું કાંઈ? અરેરે..!

**'તેમને...'** એટલે કે શરીરને, કર્મને અને પુણ્ય-પાપના ભાવને, એ ત્રણે એક જાત અને આત્માને **'પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા...'** અત્યંત સ્વરૂપ(વિપરીતતા) પાછી ભાષા આમ છે. સ્વરૂપવિપરીત એમ એકલું નથી. આહા..હા..! અરે..! જેને જન્મ-મરણ ગાળવા

છે બાપા! જન્મ-મરણની ગાંઠ, ગ્રંથિભેદ જેને કહે છે. આહા..હા..! ઈ આ. એ શુભરાગ પણ મારો નહિ. અને રાગ અને મારા સ્વરૂપની વચ્ચે મોટો આંતરો. આવું અંતરમાં ભેદજ્ઞાન કર્યા વિના પોતાનો અનુભવ થાય નહિ અને રાગનો અનુભવ જાય નહિ. આહા..હા..! 'અત્યંત સ્વરૂપવિપરીતતા... ' આહા..હા..!

અરે..! ભગવાન! તમારું સ્મરણ કરીએને. તમને અમે પૂજિયે તો? એ ભાવ રાગ છે ભાઈ! અમે પરદ્રવ્ય છીએ. અમે તારા દ્રવ્યમાં નથી, અમારા દ્રવ્યમાં તું નથી. નોકર્મમાં આવ્યુંને બધું? ભગવાન કેવળી એમ પોકારે. અમારા દ્રવ્યમાં—તત્ત્વમાં તારું તત્ત્વ નથી, તારા તત્ત્વમાં મારું તત્ત્વ નથી. બે ભિન્ન છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! આ તો જેને જન્મ-મરણની ગ્રંથિ ટાળવી હોય, ગ્રંથિભેદ જેને કહે છે, ઈ આ રાગની એકતા તે ગ્રંથિ અને રાગની એકતા તોડવી તેનું નામ ગ્રંથિભેદ. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે હોં! ન સમજાય એવું નથી. આ તો સાદી ભાષા છે. ભાવ ભલે હો ઊંચા, પણ ઊંચા ભાવ તે ભાવ ઊંચા કેમ કહેવાય? એ તો એની જાતના છે એમાં એને સમજાવવું છે એમાં શું છે? આહા..હા..!

ભાઈ! તારી પરિણતિ તો નિર્મળ હોવી જોઈએ. તારી દશામાં નિર્મળતા આવવી જોઈએ. અને આ મલિનતાની પર્યાયની સત્તા અને સ્વરૂપ એ તારી પરિણતિથી તદ્દન ભિન્ન જાત છે. ઓહો..હો..! વ્યવહારરત્નત્રયનો શુભરાગ અને ભગવાન આત્મા, બે વચ્ચે અત્યંત સ્વરૂપવિપરીત છે કહે છે. હવે અહીં રાડ નાખે છે. વ્યવહારરત્નત્રય કારણ છે અને હેતુ છે. છ ઢાળામાં આવે છેને. એ તો વ્યવહારના શબ્દો છે બધા. એ તો એ વખતે એનું જ્ઞાન કરાવવા બાપુ! આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શ્રદ્ધા એ રાગ છે. પરદ્રવ્યની રુચિ છેને એટલી? શાસ્ત્રનો પ્રેમ, આગમનો પ્રેમ એ પણ એક રાગ છે. આહા..હા..! તીર્થંકર કહે છે કે અમને માનવાનો તારો રાગ એ પણ વિભાવ છે. પંચાસ્તિકાયમાં ૧૭૦ ગાથા. તીર્થંકર એમ કહે, વાણીમાં એમ આવે ઈચ્છા વિના. અમારા પ્રત્યેની શ્રદ્ધા એ રાગ છે. એ રાગ અને તારા સ્વરૂપને અત્યંત વિપરીતતા છે. આહા..હા..! વીતરાગ એમ કહે. મોતીલાલજી! આહા..હા..!

બાકી બધાને માખણ ચોપડે કે આહા..હા..! તમે ભારે કરો છો ભાઈ! એય..! સેવા તમે બહુ કરો છો કહે છે ઓહો..હો..! દયો અભિનંદન. પૂંછડું મોટું અભિનંદનનું. સેવા કરો માણસની. થેલી આપો એને પચાસ હજારની, એકાવન હજારની. પછી એકાવનની થેલી આપે તો પોતે પાંચ-દસ હજાર ભેળવે અને આ મંડળમાં તમને આપું છું. એટલે તાળીઓ પડે પછી. શેઠ તો ઘણે ઠેકાણે ગયા હશે. આવા ઠેકાણે બધા બોલાવે. મોટા શેઠ જાતા હશે. ખીલા ખૂબ મારે મોટાને ત્યાં. આહા..હા..! હોળીને એક ખીલો હોય, મોભને ઘણા હોય.

હોળી સમજો છો? ..ઉપર નાની-નાની નાખતા હોયને એ કહે છે. ઓલા મોભ ઉપર બધા. બધાનો એક-એક ખીલો હોય. પચાસ ખીલા પડે એના ઉપર. એય..! પોપટભાઈ!

મુમુક્ષુ :— બધાને આધાર રહે.

ઉત્તર :— અહીં કહે છે, કોઈને આધારે કોઈ નથી એમ કહે છે. એનો જે રજકણ છેને ત્યાં? એ રજકણને નીચલા રજકણનો આધાર નહિ. કેમકે રજકણમાં છ કારકની શક્તિ પડી છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. ઉપર જે રજકણ રહ્યો એને નીચલા રજકણનો આધાર નહિ. આહા..હા..! એમ આત્માના ધર્મની પર્યાયને શુભભાવનો આધાર નહિ. અને શુભભાવને આત્માનો આધાર નહિ. એ બિલકુલ પરને લક્ષે થાય છે. આહા..હા..! એય..! સ્વરૂપચંદભાઈ! આ બધા જૈનમાં જન્મ્યા હોય તોપણ એને ખબર ન મળે. લ્યો! આ તો વૃદ્ધ માણસ કહેવાય જૂના. એ બધું લોપ થઈ ગયું. ઊંધી વાતું બધી ચાલી. આહા..હા..! બહુ વાત અલૌકિક વાત છે!

'**પરસ્પર...**' છેને? એ વિકલ્પ જે ઉઠ્યો વ્યવહાર, દયા, દાન કે તીર્થંકરની રુચિ કે નવ તત્ત્વનો વિકલ્પ, એ વિકલ્પને અને ચૈતન્ય નિર્વિકલ્પ સ્વરૂપને, ભગવાન તો નિર્વિકલ્પ સ્વરૂપ ભગવાન આત્મા છે, એ બેને પરસ્પર (અર્થાત્) આને આ અને આને આ. '**અત્યંત સ્વરૂપવિપરીતતા...**' આહા..હા..! અપાર સ્વરૂપવિપરીતતા, અત્યંત સ્વરૂપવિપરીતતા. આહા..હા..! હવે અહીં.. એ વ્યવહાર દયા, દાન, વ્રતને કરતાં-કરતાં કલ્યાણ થશે. આવા સલવાઈ ગયા છે. શેઠ! પ્રાણભાઈ! તે દિ' ત્યાં પણ બધા પ્રશ્ન કરતા હતા. આહા..હા..!

મુમુક્ષુ :- ઘણા ટાઈમ પછી...

ઉત્તર :- ના, ના, સાચી વાત છે. ઘણા વખતથી સાંભળ્યું હોય ઈ. આહા..હા..!

વીતરાગ માર્ગ એવો પરમાત્મા જેમાં રાગનો અંશ એની જાતમાં નહિ. ઓહો..હો..! નિર્વિકલ્પ રાગ વિનાની ચીજ એ જિનસ્વરૂપી, વીતરાગસ્વરૂપી આત્મા છે. અને રાગસ્વરૂપ તે ઝેરસ્વરૂપ છે. બંનેને અત્યંત '**પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા...**' અત્યંત સ્વરૂપવિપરીતતા. કહો, સમજાણું કાંઈ? હવે એ રાગની ક્રિયા આત્માને ધર્મ કરાવે. ચીમનભાઈ! ત્યાં શું એડનમાં તો એ જ હતું કે શું હતું? આહા..હા..! '**સ્વરૂપવિપરીતતા હોવાથી (અર્થાત્...**' આત્માનું સ્વરૂપ. જ્ઞાનનું એટલે આત્માનું. જ્ઞાનસ્વરૂપ છેને? પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ. ભગવાન આત્મા પ્રજ્ઞાબ્રહ્મ જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે. આહા..હા..! જ્ઞાનનું સ્વરૂપ એટલે આત્માનું સ્વરૂપ અને '**ક્રોધાદિક...**' એટલે વિકાર. '**તેમ જ કર્મ-નોકર્મનું સ્વરૂપ...**' વાણીનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ, શરીરનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ, વિકારનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ. '**સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી)...**' સ્વરૂપવિપરીતતા છેને? વિપરીતનો અર્થ વિરુદ્ધ કર્યો. ઓલું સ્પષ્ટ એને પકડાય. નરેન્દ્રભાઈ! કહો, સમજાય છે આ? આ સમજવું પડશે હોં! બહારમાં

થોથામાં કાંઈ ન મળે. બધા રખડવાની ઘાણીયું છે. પીલાઈને... આહા..હા..!

**'જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક...'** એટલે પુણ્ય-પાપના ભાવનો પ્રેમ અને **'કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી) તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.'** આહા..હા..! આટલો અહીંયાં ખુલાસો કરે છે, ત્યાં બીજે સાધકને કારણ કહે ત્યાં ચોંટી પડે. એ તો નિશ્ચયની વાત છે. પાછો વ્યવહાર (છેને). આહા..હા..! નિશ્ચયને ખોટો પાડીને વ્યવહારનું કથન હોય? નિશ્ચયને નિશ્ચય રાખીને પ્રમાણનું જ્ઞાન ક્યારે? કે નિશ્ચયને નિશ્ચય રાખીને પર્યાયને દોષ આદિ હોય એનું જ્ઞાન ભેળવે એને પ્રમાણજ્ઞાન કહેવાય. પણ આનાથી થાય અને આનાથી થાય એને પ્રમાણજ્ઞાન કહેવાય? આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! મનુષ્યના દેહ ચાલ્યા જાય છે આયુષ્ય મળ્યું ઈ. સમયે-સમયે જેની કિંમતું... શ્રીમદ્ કહે છે. 'કૌસ્તુભમણિની કિંમત કરતા પણ મનુષ્યના એક સમયની કિંમત બહુ મોટી છે.' ક્યાં કીડા-કાગડા. આહા..હા..! ઊંચું માથું થાય એવું નહોતું ત્યાં. પંચેન્દ્રિયપણું નથી, ક્ષયોપશમ નહિ, મનનો સંબંધ નહિ. આહા..હા..! અરે..! એમાંથી માણસ થયો, હવે એમાં જો આ સમજણના ઘર ન આવ્યા, સમ્યગ્જ્ઞાનનો દોરો ન પરોવ્યો, એ સોય હાથ નહિ આવે. વંટોળિયાનું તરણું ક્યાં જઈને પડશે? આહા..હા..! એમ જેને આત્મા અને રાગ વચ્ચેનું ભેદજ્ઞાન જ્ઞાન થયું નથી એ એકતાવાળા જઈને ક્યાં પડશે? સમજાણું કાંઈ? દુનિયાની શરમ-લાજ ત્યાં નહિ આવે. બધા ઘણા અમને માનતા, ઘણા અમને પૂજતા, અમે સંઘના અગ્રેસર હતા.

**'તેમને...'** એટલે કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ જ્ઞાતા-દૃષ્ટાને અને રાગના વિકલ્પને, શરીરને, વાણીને અને મનને **'પરમાર્થભૂત...'** વ્યવહારે તો છે કે નહિ? કોઈ એમ કહે પાછા ભાઈ! એ તો બોલવાની વાત હોય. આહા..હા..! **'પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.'** બોલવામાં આવે કે આ લાકડું આને-ભીંતને આધારે રહ્યું છે. શરીરને આધારે આત્મા રહ્યો એમ કહેવાય. જુઓ, આ શરીર આમ ટક્યું છેને. આત્મા છે તો ટકે. આત્મા નીકળી જાય તો છૂટું થઈ જાય છે દેહ છૂટી જાય તો. અંદર આત્મા છે તો આ આંતરડા.. ઓલો આવ્યો હતો ફોટો હમણા, એક સાધુ મરી ગયા એનો. બાંધે પછી ઓલી સાથે-પાલખી સાથે. નહિતર આમ પડી જાય. .. આમ થઈ જાય. અરેરે..! રમતું તો જુઓ, આહા..હા..! આ તો માટી છે, બાપુ! જડ છે. ટકે છે ઈ એને કારણે. આ તો અંદર છે માટે આમ રહ્યો છે એમ નહિ. આત્માનો એને આધાર છે માટે શરીર આમ રહ્યું છે? ભારે વાત! દેહ છૂટે ત્યારે થાય છેને ભાઈ! સ્વરૂપચંદભાઈ! પછી ખડી જાય છે. આમ ટટ્ટાર છે. ઉપાડો. લ્યો! ઠાઠડીમાં નાખીને ઉપાડો કહે. લગનમાં દેહને ઉપાડો કહે? આપણે તો ભગત કહેવાતા. ૬૪ની સાલમાં લગન હતા અમારા ફાવાભાઈના. એમાં ઈ વર હતા અને હું અણવર થયો

હતો તે દિ'. એની ૧૪ વર્ષની ઉંમર. મારી ૧૮ની. ઓલા દાગીના પહેર્યા હોયને બધા સાથે. ગામમાં લગન અને અમે ગાડામાં બેસીને. આપણને ખબર નહિ કે ઉપાડો એમ નહિ કહેવાતું હોય. મેં કીધું, ઉપાડો. બેસવાનું હોયને ગાડામાં? બધા માણસો સમજે કે ભગત છે. એની ભાષા મંગળિક છે. એની ભાષામાં કાંઈ ન થાય. પહેલેથી છાપ હતીને એવી તો. ૧૮ વર્ષની ઉંમરથી. ફાવાભાઈના બાપ હતા એ બોલ્યા એમ હોં. ભગત છે. ઈ પછી અમારી પાસે લ્યો... એ ૬૪માં લગન. ૯૬માં બાધા લીધી મારી પાસે. કાંઈ થયું નહિ ઉપાડો કીધું તો. માણસને વહેમ છે કે ઉપાડો તો મડદાને કહેવાય. વરને ઉપાડો ન કહેવાય, એને તેડો કહેવાય. હવે ઉપાડો અને તેડોમાં ફેર શું છે? સાંભળને. આવા ને આવા લપિયા બધા. આહા..હા..!

અહીં કહે છે કે એકબીજાને આધારાધેય સંબંધ નથી. માટે ભિન્ન ચીજ છે. એવું ભિન્નનું ભાન અંદર કરવું તેનું નામ સમ્યગ્જ્ઞાન અને દર્શન કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૧, રવિવાર, તા. ૧૮-૦૨-૧૯૭૩
## ગાથા-૧૮૧ થી ૧૮૩, પ્રવચન-૩૧૯

આ સંવર અધિકાર ચાલે છે. અહીં સુધી આવ્યું હતું વચમાં. **'તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી...'** છે? **'તેમને પરમાર્થભૂત આધારાધેય સંબંધ નથી.'** નીકળ્યું? ૨૯૩ પાનું છે. શું કહે છે? જુઓ! આમાં પાંચ બોલ આવ્યા છે. આ પાંચમા બોલની વ્યાખ્યા છે. એક તો એ કે એક વસ્તુની બીજી વસ્તુ નથી. એક વસ્તુની બીજી વસ્તુ નથી. ક્યાં ગયા તમારા પ્રાણભાઈ? ગયા. એક વસ્તુને બીજી વસ્તુની સાથે સંબંધ નથી. એક બોલ ઈ થયો. એમાં આ વસ્તુ તો અહીંયાં પુણ્ય અને પાપના ભાવ એને બીજી વસ્તુ કહેવી છે. કેમકે એ આસ્રવતત્ત્વ છે. શરીર, વાણી, મન એ તો જુદું તત્ત્વ છે, પણ એક અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ થાય એ પણ બીજી વસ્તુ છે. કેમકે એમાં પણ અનંત ધર્મ રહ્યા છે. પોતાપણે છે, પરપણે નથી એવી એનામાં શક્તિ ઘણી છે. એ વસ્તુ ભિન્ન છે. આત્મા આનંદસ્વરૂપ ભગવાન એ ભિન્ન છે.

એક વસ્તુની બીજી વસ્તુ નથી એનો અર્થ કે એક વસ્તુને બીજી વસ્તુ સાથે સંબંધ

નથી. એનું કારણ? કે બેના પ્રદેશ-ક્ષેત્ર ભિન્ન છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપનું ક્ષેત્ર ભિન્ન છે અને પુણ્ય-પાપના ભાવ થાય એના પ્રદેશો, ક્ષેત્રો, અંશ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને તેથી બેનું હોવાપણું એક હોઈ ન શકે. આત્મા જ્ઞાયક આનંદસ્વરૂપ અને પુણ્ય અને પાપના વિકલ્પો એ દુઃખસ્વરૂપ. એ દુઃખરૂપ વસ્તુ અને આનંદરૂપ આત્મવસ્તુ, બેને સંબંધ નથી. કેમકે એના પ્રદેશો ભિન્ન છે. તેથી બેની સત્તા એક હોઈ શકે નહિ. આહા..હા..! શેઠ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આત્મસ્વભાવથી ભિન્ન વસ્તુ છે. એના પ્રદેશો ભિન્ન છે. તેથી બેની સત્તા એક નથી. બેની સત્તા બે રૂપે ભિન્ન છે. જુઓ, આ ભેદજ્ઞાન. આત્માનો અનુભવ પ્રત્યક્ષ થતાં બે વસ્તુ જુદી રહી જાય છે. સમજાય છે કાંઈ? એ જુદી છે એથી જુદી રહી જાય છે. ત્રણ બોલ થયા.

એક ચીજ બીજી ચીજની નથી. આત્મા પુણ્ય-પાપના ભાવવાળી ચીજનો નથી અને પુણ્ય-પાપની ભાવની ચીજ તે આત્માની નથી. અને બેના પ્રદેશ જુદા હોવાથી તેની સત્તા એક નથી તેથી પરસ્પર આધારાધેયસંબંધ નથી. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને આત્માનો આધાર એમ નથી અને આત્માને એ રાગની મંદતા છે એને આધારે એના દ્રવ્ય-ગુણ-પર્યાય છે એમ નથી. સમજાણું કાંઈ? બેયનો આધાર-આધેય જુદી ચીજ છે. પછી કહ્યું આધારમાં કે જાણનક્રિયા આત્મામાં આત્માની સન્મુખ થઈને જે જાણન શ્રદ્ધા, શાંતિની ક્રિયા ધાર્મિક થાય તે ક્રિયાને આધારે આત્મા છે. આહા..હા..! આત્માનો આધાર નિર્મળ પર્યાય જાણવા-દેખવાની-શ્રદ્ધાની એ ક્રિયા એનો આધાર છે. એ ક્રિયા અને આત્મા બે એક ચીજ છે માટે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! અહીં તો ઓલા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને ભાવ કરે એ ધર્મ છે (એમ કહે છે). આહા..હા..! ઘણો ફેર-ઘણો ફેર ભાઈ! તને પહોંચવા માટે ઘણી ચીજથી જુદું પડવું પડશે એને. સમજાણું કાંઈ?

કહે છે, એ દયા, દાન, વ્રત અથવા વ્યવહારરત્નત્રય જેને વ્યવહારમોક્ષમાર્ગ કહીએ એવો જે શુભરાગ એ અને આત્માની વસ્તુને તદ્દન સત્તા જુદી છે. બેયના પ્રદેશો ભિન્ન, સત્તા ભિન્ન, એકલી વસ્તુની સાથે આત્માને કોઈ સંબંધ નથી અને તેથી બેને આધારાધેય નથી. આહા..હા..! ભારે ઝીણું પણ. આ વ્યવહાર કરવો, દયા પાળવા, વ્રત પાળવા, પૂજા કરવી, ભક્તિ. ..ભાઈ! કહે છે કે એ બધા વિકલ્પો જે છે એને આધારે આત્મા નથી અને આત્માને આધારે એ વિકલ્પ થયા નથી. આહા..હા..! ભગવાન તો નિર્મળ પરિણતિને આધારે છે. આત્માને આધારે નિર્મળ પરિણતિ છે એમ નહિ. અહીં તો નિર્મળ પરિણતિથી એ પકડાય છે માટે એને આધારે 'આ આત્મા' જણાયો માટે નિર્મળ પરિણતિ તેનો આધાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે ઝીણો બહુ. આહા..હા..! અનંત કાળે એણે એ વાતની સંભાળ લીધી નથી.

એકલો પ્રભુ ભગવાન આત્મા એને, કહે છે કે આવા વ્યવહારરત્નત્રયનો રાગ એની સાથે મેળ નથી, ભાઈ! બેની વચ્ચે મેળ નથી. ... મેળ નથી એવું આવે છે. ત્રણ, ત્રણ એક બોલમાં ત્રણવાર આવે. બેનો ક્યાંય મેળ નથી. આહા..હા..! એવો ચૈતન્ય ભગવાન એ તો અંતર્મુખની નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ દ્વારા જ એ પકડાય એવો છે. એથી એની હયાતીનો સ્વીકાર—ભગવાન આત્માની હયાતીનો સ્વીકાર—તેના સન્મુખની નિર્મળ પરિણતિ દ્વારા થાય છે માટે નિર્મળ પરિણતિ એ મહાસત્તાને સ્વીકારે છે. તેથી નિર્મળ પરિણતિને આધારે ભગવાન છે. આહા..હા..! કહો, સ્વરૂપચંદભાઈ! આવું સ્વરૂપ છે. આહા..હા..!

કહે છે, એ ચાર બોલ થયા. હવે પાંચમો આ. '**તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા**...' છે. એ પાંચમો બોલ. ઓહો..હો..! ટીકા તે ટીકા કરી છેને! ભગવાન આનંદસ્વરૂપ... આત્મા ભગવાન હોં! આ ભગવાનની વાત ચાલે છે. ભગવાન થઈ ગયા એ ... થઈ ગયા. આ આત્મા ભગ નામ આનંદ અને જ્ઞાનની પૂર્ણ લક્ષ્મીવાળો પ્રભુ એવો જે ખરેખર આત્મા, ઓલામાં કહ્યો છેને એ આત્મા ખરેખર. એ આત્માને અને વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પૂજાના ભાવને ક્યાંય સંબંધ નથી. અને ક્યાંય એકબીજાને આધાર નથી. એકબીજાને આધાર અને આધેય નથી. નિર્મળ પરિણતિ આધાર અને વસ્તુ તે આધેય. આહા..હા..! અને વિકારી પરિણામ એને અહીંયાં ક્રોધ કીધો છે. કેમકે સ્વભાવથી વિરુદ્ધ પરિણામ વિભાવ (છે). ભક્તિ ભગવાનની, ભગવાનનું સ્મરણ અને નામ... આહા..હા..! એને તો કહે છે કે વસ્તુના સ્વભાવથી (વિપરીતતા છે). મુનિ છે (એટલે) ઉત્તમક્ષમાની સામે આ ક્રોધ લીધો છે.

કહે છે કે આત્માની રુચિ છૂટીને જેને એ રાગની રુચિ પુણ્યની દયા, દાન, ભક્તિની થઈ એ રુચિ જીવનો અનાદર કરે છે. તેથી એ રુચિને ક્રોધ કહેવામાં આવે છે. આત્મા પ્રત્યે એને ક્રોધ વર્તે છે. ..ભાઈ! આ ભક્તિવાળાને આકરું ભારે પડે હોં! ભગવાનની ભક્તિથી આમ થાશે, આમ થાશે. ભગવાન એમ કહે છે કે મારા તરફના વલણવાળી ભક્તિનો ભાવ એ તારા સ્વરૂપથી વિપરીત છે. ક્ષેત્રે વિપરીત નહિ. અત્યંત વિપરીત છે, ભાઈ! તું આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદના સ્વાદે જણાય એવો તું, એ આકુળતાના સ્વાદમાં કેમ આવે? એ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, ભગવાનની ભક્તિ આદિ ગુરુની એ રાગ તો આકુળતા છે, દુઃખ છે. એ દુઃખનો આધાર આત્મા નહિ. આત્માના આનંદની પરિણતિને આધારે આત્મા છે. જેને આત્માનો અંતર અતીન્દ્રિય સ્વાદ આવ્યો, સ્વાદમાં જણાણું કે આ આત્મા અતીન્દ્રિયમય છે આખો. મૂળચંદભાઈ! વાતું આવી છે. આહા..હા..!

મુમુક્ષુ :- સાહેબ! મુનિ ભક્તામર શ્લોક મુનિ બોલ્યા એક-એક શ્લોક બોલતા ગયા તાળા તૂટતા ગયા.

ઉત્તર :- તૂટતા ગયા એમાં શું થયું દાળિયા? બહારના તાળા તૂટ્યા એમાં આત્માને શું છે એમાં? નારદજી! પ્રશ્ન આવ્યો એમાં.

મુમુક્ષુ :- આવડું મોટું ભક્તિનું ફળ આવે છે અને આમ કેમ એમ કહો છો?

ઉત્તર :- હા કહે છેને. એમાં આત્માને શું આવ્યું? દેવાનુપ્રિયા! આહા..હા..! અહીં તો એક સિદ્ધાંત એવો છે કે શ્રવણ કરવામાં જે વિકલ્પ આવે છેને? આહા..હા..! ભગવાન! એ વિકલ્પને આધારે ધર્મ થતો નથી એમ કહે છે, સમ્યગ્જ્ઞાન થતું નથી. આહા..હા..! હા, અંદર નિર્વિકલ્પ જ્ઞાનને આધારે આત્મા છે એમ જણાય છે. ધીમે-ધીમે આ તો .. સંવરની અલૌકિક વાત છે. આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ કોઈ કલ્પેલો અને અનુમાન કરીને કર્યું એમ છે નહિ. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ. નાથની અપેક્ષાએ જાણવાવાળા એમ. બધાને જાણવાવાળા. એવા પરમાત્મા તીર્થંકરદેવ એની દિવ્યધ્વનિના તેજમાં આ આવ્યું, ભાઈ! ભગવાન! તું મારી હરોળનો, મારી જાતનો છો હોં! આહા..હા..! તને મારા તરફનો વિકલ્પ આવે છે એ પણ તારા સ્વરૂપથી વિપરીત છે. એ વીતરાગ એમ કહે હોં! બીજા તો એમ કહે કે અમારી ભક્તિ કરો તમારું કલ્યાણ થશે. અમારા સાધુને આહાર-પાણી આપો. જેઠાલાલજી! અહીં કહે છે કે અમારા સાધુને આહાર-પાણી દેવામાં તારો વિકલ્પ શુભરાગ છે. આહા..હા..! એ આત્માથી સ્વરૂપ વિપરીત પ્રભુ. એ વીતરાગ અને વીતરાગના સંતો જ્ઞાની કહે બસ. સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ રાગીલાનો માર્ગ નથી. પ્રેમચંદભાઈ! બહારમાં દયા, દાન અને વ્રતના પરિણામમાં ધર્મ છે એમ ખોસી ઘાલ્યું.

કહે છે, એક બાજુ એમ પણ કહ્યું. કાલે કહ્યું હતુંને? કે સમ્યગ્દૃષ્ટિ જીવને ગુરુ એને ગુણભેદની વ્યાખ્યા બતાવતા શિષ્યને આનંદના તરંગ ઉઠે છે. લ્યો એક કરો આ આવ્યું. કાલે રાતે આવ્યું હતું ચિદ્વિલાસનું. કઈ અપેક્ષા છે? ત્યાં એનું અંદર લક્ષ છે દ્રવ્ય ઉપર. અને એમાં એ સાંભળે છેને. સાંભળવામાં મુખ્ય કરતા નથી, અંતરમાં મુખ્યતા છે. સમજાણું કાંઈ? એક બાજુ એમ ભગવાન કહે કે અમને સાંભળતા તને વિકલ્પ આવે. બીજી રીતે એ જ વીતરાગ એમ કહે.. આહા..હા..! કે સમ્યગ્દૃષ્ટિ જીવને, ધર્મી જીવ જ્યારે એને ગુણભેદની વાતું કરતા સામાન્યમાંથી વિશેષ, વિશેષના પડખાં પાડતાં... પાડતાં... પાડતાં... ઝીણી ચીરીને વાતું કરે છે ત્યારે સાંભળનારને આનંદનો તરંગ ઉઠે છે. એય..! આહા..હા..!

અને આમાં પણ એ આવ્યુંને? ૮૬માં તમારે આવ્યું હમણા. છપાણુંને? ૮૬-૮૬. **'जिणसत्थादो'** જિન શાસ્ત્રથી પ્રત્યક્ષનું જ્ઞાન થાય છે. આહા..હા..! માટે શાસ્ત્ર **'समधिदव्वं'** સમ્યક્ પ્રકારે અધ્યયન કરવા. આહા..હા..! શું કહે છે આ? એક કોર એમ કહે કે અમને સાંભળવામાં તને વિકલ્પ ઉઠે, શાસ્ત્ર વાંચવામાં તને વિકલ્પ ઉઠે. એ બીજી અપેક્ષાએ કહે કે ભાઈ! પણ તારી દૃષ્ટિ જ્યાં દ્રવ્ય ઉપર પડી છે એના જોરને કાળે જે તારું સાંભળવું

થાય ત્યાં અંદર નિર્મળતા, એકલી નિર્મળતા નહિ, આનંદનો તરંગ ઉઠશે વિશેષ. આહા..હા..! આ તે કાંઈ વીતરાગમાર્ગ! એને લઈને તારું જોર ત્યાં અંદરમાં એને લઈને (જાશે). આહા..હા..! ૮૬માં એમ આવ્યું છેને પ્રવચનસાર. જિનશાસ્ત્રોને અધ્યયન કરવા. ભગવાન! તમે એક બાજુ એમ કહો કો શાસ્ત્ર પર, ભગવાન પર અને એ પર ઉપર લક્ષ જાય એ રાગ પર અને પરને અને આત્માને આધારાધેય કાંઈ નહિ અને રાગને અને આત્માના સ્વરૂપને અત્યંત વિપરીતતા. આહા..હા..! વળી પાછું કહે કે... એમાં ભાષા છે બીજી. સમજાણું? છે કે નહિ? ૮૬. આ ૮૬માં જુઓ.

'**પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો...**' ભાષા જુઓ, ટીકા છે. ભાઈ! '**પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના આલંબન વડે...**' વજન અહીં છે, ભાઈ! ઓલું વજન એકલું આમ હતું, અહીં વજન અહીં છે. આહા..હા..! '**ભાવજ્ઞાનના આલંબન વડે દઢ કરેલા પરિણામથી...**' આહા..હા..! જેનું જ્ઞાન જામ્યું છે આત્મા ઉપર. આહા..હા..! ભાવજ્ઞાન જેને સ્વસંવેદન પ્રગટ્યું છે જેને, એના આલંબન વડે. વાણીના આલંબન (વડે) નહિ, આના આલંબન વડે. એક વાત. '**દઢ કરેલા પરિણામથી...**' દઢ કર્યા છે પરિણામ સ્વભાવને આશ્રયે આનંદ થાય છે એવી દઢતા પ્રગટી છે. આહા..હા..! એવા '**પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો તે ઉપાયાન્તર છે.**' દ્રવ્ય-ગુણ-પર્યાય જાણીને સ્વને જાણવું એક ઉપાય, આ એક શાસ્ત્રનો અભ્યાસ કરવો એ પણ એક ઉપાય છે. કહો, રસિકભાઈ! આવું છે, ભાઈ! આહા..હા..!

કહે છે કે જે ચૈતન્યના શરણે ગયો અને ઓથે ગયો, એ ભાવજ્ઞાનના પરિણામના દઢ અભ્યાસથી, દઢ કરેલા પરિણામથી. સમ્યક્ પ્રકારે સાચી રીતે જે અભ્યાસ કરે એને અંદર આનંદ વધતો જાય છે. ત્યાં ભાઈ ચિદ્‌વિલાસમાં કહ્યું હતું એ અહીં કહ્યું. એ.. દિગંબર ગૃહસ્થો, ગૃહસ્થો પણ શાસ્ત્રને આધારે જ વાત કરે. ...લાલજી! દિગંબર મુનિઓની તો શું વાત કરવી પણ એના જે શ્રાવકો ગૃહસ્થ હોય એ શાસ્ત્રની રીત પ્રમાણે એ રીતે જ વાત કરે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં દિપચંદજી સાધર્મીએ ચિદ્‌વિલાસમાં એમ કહ્યું. એ તો જ્યારે વાંચ્યું હતું ત્યારે ખ્યાલ હતો કે સામાન્ય કરતાં વિશેષની જ્યાં વાત ગુણની કરે ત્યારે શિષ્યને નિર્મળ આનંદનો તરંગ ઉઠે. આહા..હા..! કેમકે એને અંતરમાં... મિથ્યાદૃષ્ટિની અહીં વાત નથી. પંડિતજી! અંતરમાં આત્માને આમ પકડ્યો છે દૃષ્ટિમાં એવા ભાવજ્ઞાનના આલંબન વડે દઢ કરેલા ભાવથી આનો અભ્યાસ થતા એને આનંદ વધે છે. આહા..હા..!

મુમુક્ષુ :- દઢ પરિણામથી.

ઉત્તર :- દઢ પરિણામથી કીધું પાછું. આલંબનને દઢ પરિણામ કરેલા. સોગાનીમાં તો એમ વાત આવે છેને. એક કોર સાંભળવું એ રાગ છે, દોષ છે. બીજી કોર (કહે છે), આચાર્યના

વચનોનો અભ્યાસ કરતાં જેમ બુંદ બુંદ ખરે છે રસ આ શેરડીના રસના, એમ આનંદના બુંદ બુંદ ઝરે છે. કઈ અપેક્ષા છે એમ સમજવું જોઈએને. કહો, સમજાણું કાંઈ? જુઓને કેટલી ટીકા! આ એ જ અમૃતચંદ્રાચાર્ય અહીં કહે છે. આહા..હા..!

કહે છે, ભગવાન ચિદાનંદસ્વરૂપ (છે) એવું જેને અંતર રાગના વિકલ્પથી ભેદજ્ઞાન થયું એને પોતાના સ્વરૂપથી રાગની અત્યંત વિપરીતતા ભાસે છે. આ દુનિયા કહે છેને, વ્યવહારરત્નત્રય પહેલો હોય અને એનાથી નિશ્ચય થાય. ભાઈ! એ વાત એમ નથી. સમજાણું કાંઈ? જેને અંદર સ્વાશ્રયની દૃષ્ટિ-જ્ઞાન પ્રગટ્યા છે એ જ્યારે આ વ્યવહારના વિકલ્પમાં આવે છે ત્યારે જોર તો ત્યાં અંદરનું વર્તે છે. એનો વીર્યનો ઉલ્લાસ ત્યાં જાય છે—દ્રવ્ય ઉપર જાય છે. એથી રાગ સ્વરૂપવિપરીત હોવા છતાં તે કાળે શુદ્ધતાના જોરમાં... ભાઈએ ન કહ્યું અમૃતચંદ્રાચાર્યે? આ ટીકા કરતાં અમારી શુદ્ધ થજો. એમ કહે છે. આહા..હા..! (સમયસાર) ત્રીજો કળશ. આહા..હા..! પરપરિણતિ. ત્રીજો કળશ. એનો અર્થ છે કે મારું જોર તો અંતર વસ્તુના સ્વભાવ ઉપર છે. એ આ ટીકાના કાળમાં મારું જોર ત્યાં વધે છે એ વધીને નિર્મળ થઈ જજો. સમજાણું કાંઈ?

**‘તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા...’** ઓહો..હો..! ગુણ ગુણીનો ભેદ પાડીને વિકલ્પ રાગ ઉઠે. આહા..હા..! ભગવાનની ભક્તિનો એ તો એક કોર રાખો, પણ આ ગુણી છે અને આમાં જ્ઞાનાનંદ છે એવો એકમાં અભેદમાં ભેદ ઊભો કરવો એ પણ એક રાગનો વિકલ્પ છે. એ વિકલ્પને અને સ્વભાવને અત્યંત વિપરીતતા છે, અત્યંત વિરોધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે રાગની જાત તે ઝેરની જાત છે. ભગવાનની જાત તે આનંદ અને અમૃતની જાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! પહેલી ત્રણ ગાથાની ટીકા ગજબ કરી નાખી છે! કેવળજ્ઞાન કેવું? કેવળજ્ઞાનમાં શું હોય? એવું ખડું કરી દીધું છે.

ભાઈ! એકવાર શાંત થા. એકલડો-એકલડો થા બાપુ! આહા..હા..! તારે અને રાગને કાંઈ સંબંધ નથી, તો પછી કર્મને અને પરને આ બાયડી, છોકરા મારા, આ દેશ મારા (એ તો) મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આ મારો બાપ અને આ મારો દીકરો ને આ મારા મકાન ને આ મારા પૈસા, આ મારી આબરૂ. ભાઈ! એ પરચીજ તારી ક્યાંથી થઈ? શું તેં કર્યું આ? એ મારા છેને? એ મારા નથી, પ્રભુ! તારા તે તારામાં જુદા છે. રાગ અને રાગના નિમિત્તો બધી ચીજો બધી પર છે. તારે અને એને કાંઈ સંબંધ નથી. અરે..! ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય. આહા..હા..! એને અને રાગને અને પરને કાંઈ સંબંધ નથી. આરે.. ભારે! છતાં વળી આમ લગન કરે, પરણે, ચક્રવર્તીના રાજ કરે એમ દેખાય, દેખાય. પરણે એ દેખાય. આહા..હા..! એ અજર પ્યાલા છે. સમજાણું કાંઈ?

દોરડે પહેલા નટ નાચતા. વાંસડા ઉપર પગ રાખીને નાચતા. વાંસડે ચાલે. અમારા ઉમરાળામાં

આવતા. વાંસડા ઉપર .. ત્યાં બેસી બે વાંસડા રાખે. બે વાંસડા પછી વાંસડા ઉપર પગ રાખે. એ વાંસથી આમ ચાલે. આખી બજારમાં વાંસથી ચાલે આમ. એક પગ વાંસડામાં રાખ્યો હોય અને એક પગ બીજામાં. દરવાજો છે ત્યાં બેસતા ઉપર. ત્યાં વાંસડા રાખી. આ તો નાની ઉંમરની વાતું જોયેલું. એ વાંસડે ગાંઠ ન હોય બાંધેલી. એ ગાંઠ એની જે હોય એ કુદરતની. એમાં અંગુઠો ભરાવે અને આમ ચાલે અને પગે ચાલે. આખી બજારમાં. ઈ નાટક કાંઈ ખેલ એની ક્રિયા .... રાગ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો એનાથી અદ્ભૂત ખેલ છે આ!

કહે છે... આહા..હા..! વાણી હોય, શરીર હોય, કર્મ હોય, રાગ હોય એ સત્તા છે. બેની સત્તા એક ક્યાં છે? ઓહો..હો..! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ ભગવાન કહે છે કે એ બેની સત્તા તારી અને એ બેની સત્તા એક ક્યાં છે આમાં? કે જેથી એનાથી તને લાભ થાય અને એ રાગ તારાથી ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ સમ્યક્. આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે. એય..! દેવાનુપ્રિયા! ઓલા ભાઈ કહેતા હતાને, ક્યાંનું ચાલે છે આ? કેવળજ્ઞાનીનું ચાલે છે કાંઈ? એની ટેવ છે પ્રશ્ન કરવાની હોં! આ તો ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે આ. શું? આહા..હા..!

મુમુક્ષુ :- .. એટલે એક ભ્રમ થઈ જાય છે.

ઉત્તર :- ભ્રમ થઈ જાય છે ઈ આવે માટે ભ્રમ થાય છે? એને ભ્રમ કરે માટે થાય છે. શું કીધું ઈ? આવે છે માટે ભ્રમ થાય એમ નહિ, ભ્રમ કરે છે માટે રાગ આવે એમાં ભ્રમ કરે છે. આહા..હા..! મોટો ફેર.

ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ જેના તળિયા ઈન્દ્રો ચાટે.. આહા..હા..! એનો માર્ગ તે કેવો! ... એના પુણ્ય કેવા? એને ઈન્દ્રો સો પૂજે કેવું? એની વાણી કેવી? એનો આત્મા કેવો? ભગવાનની વાણીનો પોકાર છે એ સંતો પોકાર કરે છે. દિગંબર મુનિ જંગલવાસી આહા..હા..! સિદ્ધની સાથે વાતું કરનારા. પ્રભુ! તમે નીચે નહિ ઉતરો હોં! પણ હું તો હવે ચાલ્યો આવું તારી પાસે. તમે નીચે નહિ ઉતરો પ્રભુ! તમે તો ચડી ગયા હવે. આહા..હા..! તમારું જોર જુઓ. સંસારી સિદ્ધ તમારી પાસે આવે. તમે સિદ્ધો થોડા પણ સંસારી પાસે ન આવો તમે. એ આત્માના આનંદનું જોર છેને ત્યાં, એમાં એકાકાર થતાં ફડાક કેવળજ્ઞાન થઈ જાય છે. આહા..હા..!

સિદ્ધ. અંતર્મૂહુર્તે સિદ્ધ. નિગોદનો નીકળ્યો જીવ હોય, એકાદ ભવ કર્યો હોય વચમાં. આઠ વર્ષની ઉંમરે જ્યાં આત્મામાં ડોકીયું માર્યું અંદરમાં, રાજાના કુંવરો હોય ચક્રવર્તીના, બોલ્યા પણ ન હોય કોઈવાર. એમ આવે છે શાસ્ત્રમાં. ભરત ચક્રવર્તીના કેટલાક રાજકુમારો હતા. બોલ્યા નહિ, બોલે નહિ કોઈ દિ'. મણિરત્નના પૂતળા જેવા. બોલે નહિ. કોઈ પૂછે કે મહારાજ!

આપના રાજકુમાર બોલે નહિ. ભગવાનના દર્શન કરવા ગયા. રાજકુમારોને સાથે લીધા. પ્રભુ આ બોલે નહિ. પ્રભુ કહે છે, હમણા બોલશે. બોલ્યા તો એ બોલ્યા કે પ્રભુ! દીક્ષા આપો. આહા..હા..! રાજકુમારો જેને સુંવાળા કામમાં કાંઈ જોયું નથી, આમ પ્રભુ પાસે અવાજ નહિ, એટલી યુવાન અવસ્થા બોલે નહિ. ઓહો..! આ શું છે આ? પૂછ્યું, પ્રભુ! આવા રાજકુમાર જુઓ તો આમ મણિરત્નના પૂતળા, જેના તેજના પાર ન મળે. આ શું? ભાષા નહિ? હમણા બોલશે. બોલ્યા ઈ કે પ્રભુ! દીક્ષા આપો. .. આહા..હા..! પ્રભુ! અમે મુનિ થવા માંગીએ છીએ. અમે બાહ્ય-અભ્યંતર મુનિ થવા માગીએ છીએ. આહા..હા..! જુઓ, એ વીતરાગની વાણી કેવી હશે?

એને એમ કહ્યું કે મારે અને તારે કાંઈ સંબંધ નથી હોં! સંબંધ જેણે પરથી તોડ્યો એણે અંદરના રાગથી સંબંધ તોડ્યો. એને અને મારે, રાગને અને મારે કાંઈ સંબંધ નથી. હું ચૈતન્ય હીરલો, મારા પાસા હોય તો ચૈતન્યના આનંદના બધા પાસા હોય. આ રાગનું પાસું મારું કેવું? આહા..હા..! કહે છે કે જ્ઞાનનું સ્વરૂપ અને.. જ્ઞાન એટલે આત્મા. કૌંસમાં છેને? આત્માનું સ્વરૂપ અને ક્રોધાદિક. ક્રોધ એટલે રાગ. દયા, દાનનો રાગ, ભક્તિનો રાગ, એ રાગનો પ્રેમ એને અહીંયાં ક્રોધ કહે છે આત્મા પ્રત્યે. એને આત્મા પ્રત્યે દુશ્મનાઈ છે. આહા..હા..! એક રાગ રાંકો વિકારની સાથે તને એકતાબુદ્ધિ અને એનો તને રંગ, ભગવાનનો રંગ છૂટી ગયો છે તને. એના પ્રત્યે તને દ્વેષ છે આત્મા પ્રત્યે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ આત્માનું સ્વરૂપ અને ક્રોધાદિનું સ્વરૂપ '**તેમ જ કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી)...**' અત્યંત વિરુદ્ધ. ઓહો..હો..! હવે અહીં તો કહે છે કે કર્મ રખડાવે. જડ વિપરીત એ તને રખડાવે? આહા..હા..! તારો વિપરીત ભાવ છે એથી તું રખડે છો. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આવે છે? ભક્તિમાં આવે છે. આહા..હા..! '**તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.**' આહા..હા..! તેમને એટલે બેને. એક બાજુ પુણ્ય-પાપનો ભાવ, કર્મ અને જડ શરીર, એક બાજુ ભગવાન રામ આત્મા. એક બાજુ આખું ગામ. એ રામને અને ગામને બેને કાંઈ સંબંધ નથી. આહા..હા..! '**તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.**' આહા..હા..!

'**વળી જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે...**' કહે છે કે ભગવાન આત્મા, જ્ઞાન એટલે આત્મા એનું સ્વરૂપ જાણન, શ્રદ્ધા, શાંતિ આદિની નિર્વિકલ્પ ક્રિયા જે છે '**તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે એમ,...**' નથી. ભગવાન આત્માની જાણનક્રિયા, શ્રદ્ધા એમાં આવે, સમકિત એ પણ જાણન ક્રિયા છે, જ્ઞાન જાણનક્રિયા છે. સ્થિરતા ચારિત્ર એ પણ જાણનક્રિયા છે. એ જાણનક્રિયા અને રાગ, રાગનો પ્રેમ એવો જે ક્રોધ, એ બેને (આધારાધેયસંબંધ નથી). એકમાં બે હોય, જાણનક્રિયા પણ હોય અને સ્વરૂપની વિરુદ્ધતાના

ભાવનો પ્રેમ પણ હોય, એમ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે જેમ ભગવાન આત્મામાં જાણનક્રિયાથી આત્મા જણાય એવી જ રીતે તે કાળે રાગના પ્રેમવાળી ક્રિયા પણ એની હયાતીમાં હોય એમ ન હોય. જાણનક્રિયા કાળમાં રાગની ક્રિયા નહિ અને રાગની ક્રિયાકાળમાં જાણનક્રિયા નહિ. આહા..હા..! આટલી વાત તો કેવળજ્ઞાન થાય ત્યારે થાય એમ કહે. ભાઈ! અહીં કેવળજ્ઞાનનો કટકો સમ્યગ્દર્શન એની વાત છે. આ તો ભેદજ્ઞાનની વાત છે અહીં. સમજાણું કાંઈ?

જેમ આત્માનું સ્વરૂપ જાણનક્રિયા, જાણવું, જ્ઞાતાપણું, દૃષ્ટાપણું, આનંદપણું, શાંતિપણું, સ્વચ્છતાપણું, પ્રભુતાપણું એવી જે પરિણતિ જે છે એવું એનું સ્વરૂપ છે એ જ રીતે રાગના પ્રેમનું ક્રોધનું પણ એમાં સ્વરૂપ છે એમ બે હોઈ શકે નહિ. એક મ્યાનમાં બે ન રહે. આહા..હા..! ભગવાન આત્મા પોતાના સન્મુખની જાણનક્રિયાની શ્રદ્ધામાં છે અને એને જ તે શુભરાગના પ્રેમવાળો એવો ક્રોધ પણ હોય છે, બે હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ એ જાણનક્રિયામાં રહેલો જે આત્માને જાણનારો એને રાગ હોય તે રાગ જાણનક્રિયાનું જ્ઞેય છે. જાણનક્રિયામાં એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ફરીને. આત્મા જ્ઞાનનો પુંજ, પિંડ પ્રભુ છે. એ તો જ્ઞાનનો પુંજ પ્રભુ. એમાંથી વહે, પ્રવહે તો જ્ઞાન, શાંતિ, આનંદ જ વહે. એવો ભગવાન આત્મા કે જેની જે ક્ષણે સ્વરૂપની સન્મુખની જાણનક્રિયા છે તે જ કાળે તેમાં સ્વરૂપથી વિરુદ્ધના રાગના પ્રેમની પણ ક્રિયા છે એમ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે...**' એટલે કે આત્માના સ્વરૂપની પરિણતિમાં જાણવું-દેખવું જ્યાં પ્રગટ્યું છે ત્યાં તે જ કાળમાં જે રાગ છે તેનો પણ પ્રેમ વર્તે એવી ક્રોધની ક્રિયા પણ ત્યાં હોય એમ બનતું નથી. જેને આત્માની જાણનક્રિયા છે એને રાગનો પ્રેમ હોતો નથી એમ કહે છે. રાગ આવો હોય, પણ એની સાથે પ્રેમની ગાંઠ નથી, ભિન્નતાના ભેદનું જ્ઞાન છે. ભારે આકરું કામ છે, ભાઈ! દુનિયાના વાડાવાળાને તો એવું લાગે કે આવો ધર્મ નવો કાઢ્યો હશે? આ અહીંનું લખેલું છે? લોકો સાધારણ. એ સોનગઢવાળાએ નિશ્ચયાભાસવાળો ધર્મ કાઢ્યો. સોનગઢવાળા. આહા..હા..! ભગવાન! સોનગઢ એટલે શું? આહા..હા..! લ્યો, ત્યાં તો વ્યવહારનો લોપ અને વ્યવહાર નથી જ જાણે કાંઈ. વ્યવહાર નથી કોણે કહ્યું? બે સત્તા ભિન્ન છે. વ્યવહારની અને નિશ્ચયની બે સત્તા ભિન્ન છે. ભિન્ન છે. પણ બીજી સત્તાને લઈને બીજી સત્તામાં કાંઈ થાય એમ છે નહિ. આહા..હા..! છે પુસ્તક ત્યાં? પ્રવિણભાઈ! હા રાખ્યું છે. પ્રવિણભાઈ ટાઢા માણસ છે. બહુ સારું વાંચે છે ત્યાં, કહે છે. પ્રવિણભાઈ. અહીં .. જેવા બેસતા પાછળ. આહા..હા..! રાજકોટમાં આવે, વાંચે છે.

મુમુક્ષુ :- ઓલા જેમ પુત્ર બોલ્યાને કે દીક્ષા આપો, એમ...

ઉત્તર :- હા, બોલ્યા તો એ. વાત સાચી. બોલ્યા તો આવું બોલ્યા. વાત સાચી. કાયમ પાછળ બેસે આમ. આગળ .. ત્યાં બેસે. વાંચે છે બહુ સારું. અરે..! આત્મા છેને ભગવાન! આહા..હા..! 'જાગીને જોઉં ત્યાં જગત દીસે નહિ.' કાંઈ ચીજ જ (દીસે નહિ). આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... જ્યાં જ્યાં ભાસે ત્યાં તેનું જ્ઞાન નહિ પણ પોતાનું જ્ઞાન જ ભાસે છે. આહા..હા..!

અહીં તો કહે છે કે ધર્મીને રાગ છે જ નહિ. એમ કહે છે. આહા..હા..! ચોથે ગુણસ્થાનથી રાગ નથી એમ કહે છે. ધર્મીનો રાગ નથી, ધર્મીને રાગ નથી, રાગનો રાગ રાગમાં છે. પણ રાગ છે તેને મિથ્યાત્વ છે અને રાગ નથી તેને સમકિત છે. આહા..હા..! એવી વાતું. જેને અંતરમાં રાગનો પ્રેમ વર્તે છે એ પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના, તેને કહે છે કે આત્મા નથી ત્યાં. અને જ્યાં આત્મા વર્તે છે ત્યાં એ પ્રેમ વર્તતો નથી. એટલે એને રાગ છે જ નહિ. પ્રેમચંદભાઈ! આવું ઓઘડભાઈએ સાંભળ્યું હશે આવું? નહોતું સાંભળ્યું. સાચી વાત. ના બિચારા .. હતા. .. આ વાત નહોતીને તે દિ'. આહા..હા..!

કહે છે, આત્માની જાણનક્રિયા. શું આ વળી ક્રિયા? કોઈ કહે કે પણ ક્રિયા તો નથી. આ શું કીધું? આત્મા અખંડાનંદ પ્રભુ એની સન્મુખની જે પરિણતિ થાય તેને જાણનક્રિયા કહે છે. એ જાણનક્રિયા કહો, મોક્ષમાર્ગ કહો, શાંતિ કહો, આનંદ કહો. સમજાય છે કાંઈ? કે વીતરાગ પરિણતિ કહો. એ ક્રિયા જૈનમાં છે. આહા..હા..! રાગની ક્રિયા અને જડની ક્રિયા જૈનદર્શન એટલે વીતરાગભાવમાં એ હોઈ શકતું નથી. આહા..હા..! ભિન્ન તરીકે એનું જ્ઞેય છે. ઝવેરચંદભાઈ! આવું બહુ ઝીણું પણ. ભારે ઝીણું! હજી માંડ પકડાવું મુશ્કેલ પડે.

જાણનક્રિયા. જેવું જ્ઞાનનું સ્વરૂપ એટલે આત્માનું સ્વરૂપ. જેમ જાણવું-દેખવું એવી નિર્મળ પરિણતિની ક્રિયા છે તેમ એને વિકારી ક્રિયા પણ છે એમ. એમ નથી એમ કહે છે. '**અને ક્રોધાદિકનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે...**' રાગના પ્રેમવાળો ભાવ જે વિકારી ક્રોધ, મિથ્યાત્વનો ભાવ '**તેમ (ક્રોધાદિકનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે...**' ત્યાં વળી જાણવાની ક્રિયા પણ વર્તતી હોય છે એમ હોતું નથી. આહા..હા..! 'જ્ઞાતા તે કર્તા નહિ અને કર્તા તે જ્ઞાતા નહિ.' સમજાણું કાંઈ? જેમ '**ક્રોધાદિકનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે...**' વિકારનું સ્વરૂપ તો વિકારનું પરિણમવું એ છે. રાગાદિ પુણ્ય-પાપના ભાવરૂપે થવું એ ક્રોધાદિ ક્રિયા છે. તે સ્વરૂપથી વિપરીત ભાવ છે. આહા..હા..!

અહીં તો અમારા હીરાજી મહારાજ હતાને. એ બહારમાં બહુ .. આમ કહે, અહિંસા સમંયતે વીતરાગ પ્રભુની આજ્ઞા. કોઈપણ પ્રાણીને ન મારવો એ અહિંસા સિદ્ધાંતનો સાર છે એમ કહે. સાંભળેલું નહિ. હીરાજી મહારાજને જોયા હતા તમે? આવ્યા હતા આવતા.

૭૧માં આવ્યા હતા. છેલ્લા ૭૧. ગુલાબચંદભાઈ હતાને એના બાપ હતા. ગુલાબચંદ વોરા. અહીંયાં બાધા લીધી હતી. છગનભાઈએ બાધા લીધી હતી. ૭૧ની વાત છે, ૭૧ની સાલ. બહુ બિચારા ભદ્રિક હતા. વૈરાગ્ય દેખાય. પણ આ વાત કાને નહિ પડેલી હોં. અરેરે..!

આ રાગ દયાનો રાગ એ દુઃખ છે, એ ક્રિયા જડની, આત્માની નહિ. એને જડ કહેશે હમણા કળશમાં. 'चैद्रूप्यं जडरूपतां'. એ દયાના ભાવ, દાનના ભાવ એ જડ છે. આહા..હા..! ચૈતન્યની જાગૃતિમાંથી ક્યાં આવ્યું છે ઈ? એ પરિણામમાં જાણવાનો અંશ ક્યાં છે? દયાના, દાનના, ભક્તિના ભાવમાં જાણવાનો કિરણનો અંશ ક્યાં છે એમાં? એ તો અંધારું છે. આહા..હા..! ભગવાન આત્માની જાણનક્રિયા એ અંજવાળા છે અને રાગની એકત્વ ક્રિયા મિથ્યાત્વની અહીંયાં ભેગી ગણવી છેને? ત્યાં આ જાણનક્રિયા નથી. એ અંધકારની ક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પંચ મહાવ્રતના પરિણામ એ અંધારા છે કહે છે. આહા..હા..! ગજબ વાતું છેને! આજે કહેતા હતા બિચારા, સાંભળી નહોતા શકતા. પહેલા વહેલા બિચારા આવ્યા હતાને. જાધવજીભાઈ, કોક સાથે નહોતું તમારે? કાલે નહોતું કોક? તમારી સાથે આવ્યા હતા. નહોતું તમે કીધું ફલાણાના માસા છે? એ બિચારા નહોતા સાંભળી શકતા. આવ્યા હતા. કાલે લઈને આવ્યા હતા અહીં. સાચી વાત. એ બિચારા સાંભળી નહોતા શકતા. એવું લાગે આમ. આહા..હા..! અરરર..! દયા, દાન, વ્રતના પરિણામ ઝેર અને રાગ! આહા..હા..! છગનભાઈ! પહેલો તો ધડાકો લાગે.

ભગવાન! શાંત થા, ભાઈ! તારું સ્વરૂપ તો આનંદ અને જ્ઞાન છે. એ જ્ઞાન અને આનંદસ્વરૂપમાં રાગના પરિણાની ગંધ ક્યાં છે ત્યાં? આહા..હા..! એ રાગના પરિણામમાં આત્માના જાણન પરિણામ નથી અને આત્માના જાણન પરિણામમાં રાગ પરિણામ નથી. તદ્દન બે જુદી ચીજ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! તારો માર્ગ તો આ છે. એની એને ખબર નથી. આહા..હા..! ત્રણ લોકનો નાથ તારી એક પર્યાયમાં છ દ્રવ્ય સમાઈ જાય. છ દ્રવ્યમાં તો અનંતા કેવળીઓ આવ્યા. તારી એક સમયની પર્યાય જ્ઞાનની એમાં અનંતા સિદ્ધો, કેવળીઓ આવી ગયા. ઓહો..હો..! એક પર્યાયમાં અનંતા કેવળી જણાય. એવી અનંતી પર્યાયનો એક જ્ઞાનગુણ. આહા..હા..! એની એક પર્યાયને આવી રીતે શ્રદ્ધે કે આ પર્યાય આવડી અનંતા કેવળીને જાણે એવી, એને જે શ્રદ્ધે એવી જે પર્યાયો અનંતી અંદર શ્રદ્ધાગુણમાં પડી છે. આહા..હા..! શું કીધું ઈ સમજાણું?

દ્રવ્યને શ્રદ્ધે, ગુણને શ્રદ્ધે, એક સમયની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને જીવ જાણે એવી એક સમયની પર્યાયની શ્રદ્ધા, દ્રવ્યની શ્રદ્ધાની સાથે તો એવી એવી અનંતી પર્યાયની જે શ્રદ્ધા એક પર્યાયની આવડી કરી એની શ્રદ્ધામાં એવી અનંતી પર્યાયો શ્રદ્ધા ગુણમાં પડી છે. અંતરના શ્રદ્ધાગુણમાં એવી અનંતી શ્રદ્ધા અને અનંતા અનંતાને માને એવી શ્રદ્ધા અંદર

પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો મોટો ભગવાન એને પામર તરીકે માનવો એ કલંક છે કહે છે. એને રાગવાળો માનવો, એને રાગનો કર્તા માનવો, એને રાગની ક્રિયાથી સ્વરૂપને લાભ થાય એમ માનવું મહાકલંક છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, અહીં તો એમ પણ સિદ્ધ કરે છે કે જ્યારે આત્મા પોતાના સ્વરૂપ સન્મુખની ક્રિયામાં છે ત્યારે તો એને આત્મા જ ભાસે છે, જાણનક્રિયા જ એની હોય છે અને જ્યારે તે રાગની ક્રિયામાં પડ્યો છે ત્યારે રાગની ક્રિયા ક્રોધમાં જ પડ્યો છે ઈ. સ્વભાવથી વિરુદ્ધમાં પડ્યો છે ત્યારે એને સ્વભાવ નથી. સમજાણું કાંઈ? પકડાવું આ કઠણ આ તો વેપારીઓને. વેપાર કર્યો હોય સાધારણ. એમાં બહુ મગજ કામ ન કરતું હોય ત્યાં. આહા..હા..! વેપારમાં શું એનું એ. માસ્તર એનું એ શીખવે સાંજ-સવાર. કહે છેને. માસ્તરને પંતુ કહેવાય. પંતુ કહે. ઈનુ ઈ શીખવું. એમાં કાંઈ કોઈ છે? આ વકીલોને તો નવા-નવા કાયદા ગોતવા, ફલાણું ગોતવું એવું આવે. આ નવા વેપારમાં અત્યારે જુઓને કેટલું નવું-નવું કરવું પડે છે.

અહીં તો તર્ક તો કેવો તર્ક! આહા..હા..! પ્રવચનસારમાં આવે છેને તર્ક દ્વારા. સમ્યગ્જ્ઞાનના તર્ક દ્વારા ભગવાને કહેલા દ્રવ્ય-ગુણ-પર્યાય સિદ્ધ થઈ શકે છે. ચરણાનુયોગમાં લીધા. ૨૩૨ ગાથાથી શરૂ થાય છેને, મોક્ષમાર્ગ અધિકાર. આહા..હા..! બરાબર ભગવાને કહેલા ભાવો તર્કથી સાબિત થઈ શકે છે. એમ નહિ કે એમને એમ બેસી જાય એ વાત. અંદર જ્ઞાનમાં ન્યાયથી બેસી જાય એવી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બેસે એવી વાત છે.

ઉત્તર :- બેસે એવી વાત છે તો બેસાડવાની કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ વાત સાંભળી ન હોય તો આમ ભડકે-ભડકે બધા. ઊંટને દેખીને ભેંસ ભડકેને. કોઈ કહેતા હતા. શું આ વ્રત ને તપ ને બધું ફોગટ? તો આ અમે અત્યાર સુધી કર્યા એમાં નિર્જરા-નિર્જરા નહિ? નિર્જરા તારો કાળ ગયો ઈ કરીને. આહા..હા..! લાંઘણ કરી હતી તેં. આત્મા કોણ છે? રાગથી ભિન્ન શું છે? એના ભાન નથી અને તારે તપસ્યા થઈ ગઈ! એય..! ગટુલાલજી! તપ તો એને કહે, જેને આનંદસ્વરૂપની દૃષ્ટિ થઈને, જેમ સોનાને ગેરુ લગાડતા જેમ સોનું ઓપે એમ આનંદની દશા જ્યાં ઓપે, અતીન્દ્રિય આનંદની દશા જ્યાં ઉઘડે એને તપ અને તપંતિ અને એને તપસ્યા કહેવામાં આવે છે. બાકી બધી લાંઘણું છે. ત્રાગા કરીને બેઠા છે ત્રાગા. ત્રાગા સમજાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ઈ ત્રાગા કરે. કરતા. મારી પાસે બાપા વધારે નથી. આવું છે. ઉંબરે જઈને બેસે. બરવાળા હતા તો એક આવ્યો હતો. ત્યાં ઉંબરે આવીને બેઠો હતો. ઘણા સાલની વાત, ૮૩ની જ વાત છે કાંઈક. બરવાળા. ત્યાં ખુલાસો કરવા કે એમ કે ત્રાગા .. કંઈ

ખાઈશ નહિ. અમારો ખુલાસો કરો. એ ત્રાગા. પૈસા માગવા બાવા નથી આવતા? પૈસા ન આપે તો ત્રાગુ કરી દે. લોહી કાઢે અને પછી પૈસો આપે. ફરી એના છાપરા ઉપર નાખી દે. આહા..હા..!

દુકાન ઉપર થયું હતુંને એક ફેરી અમારે. પૈસા ન આપતા... ચડી ગયા આવીને. પૈસા ન આપતા. આઠ આના, રૂપિયો, આઠ આના આપીએ. ... મુસલમાન હતો. ભાઈ! આપી દ્યો. નહિ. ભાઈ એમ ન હોય. એવા મુસલમાન સાથે શું.. પછી તો ત્યાં એના બાયડી, છોકરા રાખતો અને ... આહા..હા..! એક પૈસા માટે ત્રાગા કરે. એમ અપવાસ-બપવાસ આત્માના ભાન વિનાના ત્રાગા છે. છગનભાઈ! આ બાયડી-બાયડીએ વર્ષીતપ કર્યા હોય. એક દિ' ખાવું અને એક દિ' અપવાસ. બિચારા કરી કરીને બાર મહિને. પછી કહેશે હવે આપણે તપ થયું હવે આપણે ... લ્યો. તારા બ્રહ્મચર્ય કેવા અને તારા અપવાસ પણ ક્યા, સાંભળને હવે. અહીંયાં તો ભગવાન એ વિકલ્પ જે ઉઠ્યો છે અપવાસનો એ તો રાગ છે, ભાઈ! તને ખબર નથી. એ અંતરનો આત્મા જાણનક્રિયાથી વિરુદ્ધ એ રાગ છે અને એ રાગથી તને લાભ અને નિર્જરા થાય, કાળ જાશે તારો બધો. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભગવાને એમ કીધું જ નથી.

ઉત્તર :- ભગવાને એમ કીધું જ નથી. ભગવાને કંઈક કીધું અને કાંઈક કરે છે એમ છે. એ કહે છે, ભગવાને તપસ્યા નિર્જરા કીધી છે. માટે તપસ્યા કરીએ. પણ કઈ તપસ્યા? ઈ નારદ પ્રશ્ન છે, પ્રશ્નનારદ. કુતુહૂલતા મૂકે થોડી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે જે ક્ષણે આનંદની લહેરની ક્રિયા છે, ભગવાનના સન્મુખની ધાર્મિક ક્રિયા, તે જ ક્ષણે રાગના પ્રેમની ક્રિયા ક્રોધની પણ હોય એમ બને નહિ. બે સત્તા ભિન્ન છે. આહા..હા..! અમને એમ કે વિકલ્પ જે ઉઠ્યો એનો પ્રેમ પણ છે અને અમને આત્માનો પણ પ્રેમ અને એકાગ્રતા છે. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. આકરી વાતું. ઓહો..હો..! અર્ધલોકના સ્વામી ઈન્દ્રો, શક્રેન્દ્ર અને ઈશાન ઈન્દ્ર. જેની નીચે બત્રીસ લાખ વિમાન અને એક-એક વિમાનમાં અસંખ્યદેવ એના લાડા એ કૂતરીના બચ્ચાની જેમ ભગવાનની સામે સાંભળે આમ. એકાવતારી. એક ભવે મોક્ષ જનારા. શક્રેન્દ્ર અને એની રાણી બેય. બાપુ! મારગડા જુદા છે. એ કેવો માર્ગ હશે?

કહે છે, બહુ જ ગજબ વાત ભેદજ્ઞાનની નાખી છે! કહે છે કે જેને આત્માના આનંદની લહેર ઉઠી છે .. એને રાગનો પણ પ્રેમ વર્તે એમ ન બને એને. સ્વભાવમાં પણ એકાગ્રતા છે અને રાગમાં પણ એકાગ્રતા છે એમ હોઈ શકે નહિ. આહા..હા..! જેને એ વિકલ્પ ઉઠ્યો એમાં એકાગ્રતા છે તેને આત્માની એકાગ્રતા નથી અને જેને આત્માની અંદર એકાગ્રતા છે એને રાગની એકતાબુદ્ધિ નથી. ભેદજ્ઞાન કરવું છેને. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જેમ ક્રોધાદિક્રિયા છે તેમ (ક્રોધાદિકનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી;...'** કોઈ કહે, નિશ્ચય તો ઠીક પણ વ્યવહારથી તો કહો. એય..! દેવાનુપ્રિયા! ભગવાને કીધું માટે કરે છે ઈ.

મુમુક્ષુ :- ઓલું થાતું નથી અને આ યાદ રહી જાય છે.

ઉત્તર :- એ ઊંધું તો અનાદિનું રહ્યું છે એમાં શું છે? પણ શું કીધું ઈ? કે ઓલું કરી શકાતું નથી અને આ તો કરી શકાય એવું સહેલું છે. ઝેર પીવું સહેલું છે. આહા..હા..! એ તો અનાદિનું કરે છે એમાં નવું શું છે? આહા..હા..!

કહે છે કે જાણનક્રિયા પણ છે અને રાગની ક્રિયા પણ પ્રેમની છે એ કોઈ રીતે સિદ્ધ થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પ્રેમચંદભાઈ! ભગવાનની ભક્તિનો રાગ એનો પણ પ્રેમ અને આત્માની એકાગ્રતા, બે કોઈ રીતે સિદ્ધ થતી નથી કહે છે. તદ્દન જુદી ચીજ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૨, સોમવાર, તા. ૧૯-૦૨-૧૯૭૩
## ગાથા-૧૮૧ થી ૧૮૩, પ્રવચન-૩૨૦

આ સમયસાર. સંવર અધિકાર ચાલે છે. સંવર એટલે ભેદજ્ઞાનની દશા. શરીર, વાણી, મનથી તો જુદો, પણ શુભ-અશુભ રાગ એનાથી જુદું અંદર ભેદજ્ઞાન થવું. પરની અપેક્ષાએ ભેદજ્ઞાન થવું અને સ્વની અપેક્ષાએ અભેદ થવું. એનું નામ સંવર, એનું નામ ધર્મની શરૂઆત છે. અહીં સુધી આવ્યું જુઓ! **'જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી;...'** એમ આવ્યું છેને? **'કારણ કે...'** છે? ત્રણ લીટી છે. છે? **'જાણનક્રિયા...'** એટલે? આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવી ચીજ એમાં જે એકાગ્રતા, સ્વરૂપની સન્મુખની એકાગ્રતા એને અહીંયાં જાણનક્રિયા—પરિણતિ કહેવામાં આવે છે. શ્રદ્ધાની ક્રિયા, જ્ઞાનની ક્રિયા, સ્થિરતાની ક્રિયા, આનંદની ક્રિયા એ બધાને અહીં જાણનક્રિયા તરીકે કહેવામાં આવે છે.

**'કારણ કે જાણનક્રિયા...'** વસ્તુ ત્રિકાળ એની સન્મુખ થઈને એને આશ્રયે પડીને જે પર્યાયમાં—અવસ્થામાં જ્ઞાન, જ્ઞાતા-દ્રષ્ટા, આનંદ અને શાંતિની પર્યાય થાય એને અહીંયાં

જાણનક્રિયા કહેવામાં આવે છે. એ '**જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા...**' એટલે? રાગના ભાગનો અંદર પ્રેમ અને એકાગ્રતા એ '**ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે...**' વિકલ્પ જે દયા, દાન, વ્રત, શુભરાગ... ઓલા રતનચંદજી તો એક જ હાંકે છે કે શુભ ઉપયોગ જ હોય ચોથા ગુણસ્થાનમાં. શુદ્ધ હોય જ નહિ. બહુ લખ્યું છે. આહા..હા..! ઓલામાં તો ત્યાં કહ્યું આપણે યોગસારમાં ન આવ્યું? 'ગૃહે કામ કરતા છતાં...' બે ગાથા આવે છે. એક ૧૮ અને ૬૫. જે આત્મામાં લીન રહે. ગૃહસ્થાશ્રમમાં રહે. યોગસાર નથી? આપણે સજ્ઝાય થઈ ગઈને હમણાં? આત્મા... કોણ દેવજીભાઈ આવ્યા છે? ઠીક. પુસ્તક રાખ્યું પુસ્તક? નથી? પુસ્તક ઘો એને. એય..! નથી? અહીંથી લ્યો અહીં છે. પટેલ છે, કાનાતળાવ. ગટુલાલજી! કણબી છે કણબી—કૃષિકાર. મંદિર બનાવ્યું છે ૬૦ હજારનું દિગંબર. આ કુંડલા પાસે ગામ છે. બેઠા છે, પાછળ બેઠા છે. તદ્દન બારણા પાસે. બહુ પ્રેમ છે. પ્રેમ ઘણો છે. જૈનનું અંદર બેઠા હોય એને બેસતું નથી. આહા..હા..!

કહે છે કે ધર્મની ક્રિયા એટલે આત્મા જ્ઞાયક ચૈતન્યબિંબ આનંદસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ છે. એની સન્મુખ થઈને અને રાગના વિકલ્પથી વિમુખ થઈને જે અંદરમાં એકાગ્રતા થાય, સ્વભાવની એકાગ્રતા એવી જે સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ, આનંદની ક્રિયા એના અહીંયાં સંવર કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એને અહીંયાં જાણનક્રિયા એ પર્યાય છે, અવસ્થા છે, દ્રવ્ય-ગુણ નહિ. દ્રવ્ય-ગુણ જે દ્રવ્ય છે, ભગવાન આત્મા વસ્તુ છે એ તો ત્રિકાળ છે ધ્રુવ. એમ એનામાં જ્ઞાન અને આનંદ આદિ જે ગુણો, સ્વભાવ છે એ પણ ત્રિકાળ છે. એ ત્રિકાળીને આશ્રયે વર્તમાનમાં જે જ્ઞાન અને શ્રદ્ધા આદિની ક્રિયા થાય તે પર્યાય છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. સમજાણું કાંઈ? એને અહીંયાં જાણનક્રિયા શબ્દ વાપર્યો છે. આહા..હા..!

'**જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા...**' ક્રોધાદિક્રિયા એટલે? સ્વરૂપની રુચિ વિના એકલા રાગના પ્રેમની એકાગ્રતાની ક્રિયા એ સ્વરૂપથી વિપરીત હોવાથી એને ક્રોધની ક્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી ભલે એ દયા, દાન, ભક્તિના પરિણામ હોય, પણ એ પરિણામને અહીંયાં ક્રોધ કહેવામાં આવ્યો છે. કેમકે સ્વભાવ સન્મુખનો આદર છોડી અને રાગની ક્રિયામાં એકલો આદર અને એકાગ્રતા વર્તે છે એને અહીંયાં ક્રોધાદિની ક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, વિરોધ છે.

બે વાત છે—એક કોર પુણ્ય અને પાપના વિકલ્પ ચાહે તો ભક્તિનો હોય, દયાનો હોય, વ્રતનો હોય, પણ એ રાગમાં જેની એકાગ્રતા છે એને અહીંયાં જાણનક્રિયાથી વિપરીત ક્રિયા, વિભાવક્રિયા, અધર્મની ક્રિયા કહેવામાં આવે છે. પાઠ છે? ઘરે વાંચવું પછી ત્યાં બે ભેગા

થઈને. પરીક્ષામાં ભેગા થઈને કેમ ત્યાં કરે છે. વાંચવું. આ શું કહે છે. આ એક-એક શબ્દ એક-એક આ. આ તો ભગવાને વારસો મૂક્યો છે. આહા..હા..! તારો ભંડાર તું જો તો ખરો કહે છે. આહા..હા..! તારા ભંડારમાં તો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, પ્રભુતા પડી છે. આહા..હા..! એવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો સાહેબો એની તરફ જો અને એકાગ્ર થા. એ ક્રિયા જાણનક્રિયા, શ્રદ્ધાક્રિયા, શાંતિની ક્રિયા, ધાર્મિકક્રિયા, સંવરક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..! અને એ સુખની, શાંતિની, આત્માની ક્રિયા છે. સ્વરૂપચંદભાઈ! ત્યાં આવું કોઈ દિ' હતું ત્યાં? ઊંધા લાકડા ગર્યા નહોતા. આહા..હા..! માર્ગ એવો છે, ભગવાન!

અહીં તો કહે છે કે અંતર સ્વભાવ ચૈતન્યની સન્મુખની ક્રિયા અને રાગની સન્મુખની ક્રિયા, બે તદ્દન જુદી છે. એ '**ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે...**' છે એમાં શબ્દ? આ એક લીટીમાં તો આટલું ભર્યું છે. ચૈતન્યસ્વભાવ અનંત અતીન્દ્રિય અનાકુળ આનંદસ્વરૂપ પ્રભુ છે. એની એકાગ્રતા એ જાણનક્રિયા, ધાર્મિકક્રિયા, શાંતિની ક્રિયા, સંવરની ક્રિયા અને રાગનો વિકલ્પ એની એકાગ્રતા એ અશાંતિની ક્રિયા, ક્રોધની ક્રિયા, માનની ક્રિયા, કપટની ક્રિયા, લોભની ક્રિયા, વિભાવની ક્રિયા, અધર્મની ક્રિયા. ચીમનભાઈ! બહુ વધારે સ્પષ્ટ થાય તો એને ચોખ્ખું થાયને. આ આવી વાત છે. આહા..હા..! ગજબ! સંવર અધિકારની શરૂઆતમાં ૐ નમઃ કરીને ટીકાકાર ટીકા કરે છે લ્યો! અધ્યાત્મતરંગિણીમાં. આહા..હા..!

એ જાણનક્રિયા (અને ક્રોધાદિ ક્રિયા) બે, કોઈ રીતે પણ એક સ્થાપી શકાતું નથી. કેમ? એમ. કારણ છેને? કે અંતર ભગવાન સ્વભાવની સન્મુખનું સમ્યગ્દર્શન, રાગથી ભિન્ન પડેલું અંતરજ્ઞાન અને સ્વભાવ સન્મુખની સ્થિરતાની ક્રિયા, વર્તમાન નિર્મળ નિર્દોષ આનંદની ક્રિયા એને અહીંયાં જાણનક્રિયા અને એના વિરોધનો રાગનો વિકલ્પ ચાહે તો પ્રભુની ભક્તિ હોય. આહા..હા..! આકરું લોકોને પડે. ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય, સાક્ષાત્ કેવળી સૂર્ય એના સન્મુખનો જે વિકલ્પ અને રાગ, એ રાગની જ્યાં અંતર એકાગ્રતા છે એ અને સ્વભાવની એકાગ્રતા છે એ, બે ભિન્ન-ભિન્ન સ્વભાવે પ્રકાશે છે. બેનો સ્વભાવ એક નથી. પ્રવિણચંદભાઈ! આહા..હા..! આવી વાત છે. લોકોને બહારથી એવું લાગે છેને. ફલાણા આમ કહી ગયા છે કે ભગવાનની ભક્તિ કરે તો, ગુરુની ભક્તિ કરે તો મોક્ષ થાય. બાપુ! એ માર્ગ વીતરાગનો નહિ. (ભક્તિ) હોય ખરી, ભાવ આવ્યા વિના રહે નહિ. એને વિનયનો, બહુમાનનો ભાવ તો આવે, પણ એનું સ્વરૂપ છે ઈ (એમ નથી). રાગ છે. ધર્મીને રાગમાં આવે પણ એકાગ્રતા નથી. સમજાણું કાંઈ? એને સ્વભાવની એકાગ્રતા આડે રાગની એકાગ્રતા છૂટી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે આ પોષા અને પડિક્કમણા... આ ભગવાનભાઈ.. પોષા ને પડિક્કમણા

ને સામાયિક. આજ નથી આવ્યા? કાલે આવ્યા હતા. નહિ? વયા ગયા. આ સામાયિક કરું છું, પોષા કરું છું, પડિક્કમણું (કરું છું) એવો જે વિકલ્પ એ રાગ છે. એ રાગની ક્રિયામાં એકાગ્રતા અને સ્વભાવની ક્રિયામાં એકાગ્રતા, બે કોઈ રીતે એક સ્થાપી શકાય નહિ. તદ્દન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે. આહા..હા..! શેઠ! ઘરમાં તો ઘણા વખતથી પુસ્તક હશે. વાંચ્યું કે દિ'? રૂપિયાના આંકડા ગણ્યા છે. ન સમજાય તો વાંચવું. પહેલું વાંચવું તો જોઈએને. ધીરૂભાઈ! અમારે માસ્તર હતાને, નરોતમ માસ્તર હતા. બ્રાહ્મણ. સારા સારા નિશાળિયા હોયને સારા નિશાળિયા એને રાંધે ત્યારે બોલાવે. રાંધતા હોયને. બાયડી નહોતી. એ પોતે રાંધે. શું સવારમાં રોટલી એવું ચોખા અને દાળ કરતા જાય અને અમને બોલાવે. વાંચીને આવજો એ વખતે. પછી નિશાળે આવજો. પહેલા વાંચીને આવજો આ પાઠ. દાળ-ભાત કરતા જાતા અને શિખવે હોં બિચારો. માણસ બહુ નરમ હતો. પણ વાંચીને આવશો ત્યારે તમને ખબર પડશે કે અમારા સમજવાના અર્થમાં અને આના અર્થમાં ફેર છે. સમજ્યા વિના આણે શું વાંચ્યું હતું અને શું કર્યું હતું અને આ શું કહે છે એ તુમડીમાં કાંકરા જેવું લાગે.

અહીં તો માર્ગ વીતરાગનો બાપુ! આહા..હા..! સર્વજ્ઞની પેઢી છે આ તો. સમજાણું કાંઈ? ભાઈ! આ તે કાંઈ સાધારણ વાત નથી. સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું, ભાઈ! તું સર્વજ્ઞસ્વરૂપી છોને નાથ! આહા..હા..! તારું રક્ષણ તો તું કરી શકે હોં. એટલે? તારા સ્વભાવની એકાગ્રતા એ તારું રક્ષણ છે અને રાગની એકાગ્રતામાં પ્રભુ! તારા રક્ષણનો નાશ થઈ જાય છે. આહા..હા..! રાગ હો, પણ એમાં એકાગ્રતા અને એ મારી ક્રિયા છે એને તો અહીંયાં ક્રોધની ક્રિયા, માનની ક્રિયા, કપટની ક્રિયા, લોભની ક્રિયા કહે છે. આહા..હા..! સાધારણ પ્રાણીને તો પાણી ઉતરી જાય એવા છે. અંદર (એમ થાય) શું છે આ? ઈ છે વીતરાગનો માર્ગ. તારાચંદભાઈ! આહા..હા..!

જુઓને, કહે છે કે બે એક કેમ સ્થાપી શકાતું નથી? કે એના બેના સ્વભાવ ભિન્ન-ભિન્ન છે. ઓલાને સ્વભાવ કીધો હોં! જાણનક્રિયાનો સ્વભાવ અને રાગની એકાગ્રતાના પ્રેમની ક્રિયાનો મિથ્યાત્વ સ્વભાવ, ભિન્ન-ભિન્ન સ્વભાવે પ્રકાશે છે. કહો, પ્રેમચંદભાઈ! આ એક લીટીમાં કેટલું છે! આહા..હા..! **'અને એ રીતે...'** બે ભિન્ન-ભિન્ન સ્વભાવે પ્રકાશે છે માટે **'સ્વભાવો ભિન્ન હોવાથી...'** સ્વભાવો ભિન્ન હોવાથી **'વસ્તુઓ ભિન્ન જ છે.'** એ વસ્તુ ભિન્ન કહી દીધી. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં એ ત્રિકાળી જ્ઞાન અને આનંદનો સ્વભાવ અને ક્યાં એ વર્તમાન કૃત્રિમ વિકૃત રાગનો સ્વભાવ. આહા..હા..! બે ભિન્ન-ભિન્ન સ્વભાવે પ્રકાશે છે તેથી **'સ્વભાવો ભિન્ન હોવાથી...'** ઓહો..હો..! કેટલા સિદ્ધાંત સિદ્ધ કર્યા છે! **'વસ્તુઓ ભિન્ન જ છે.'** આહા..હા..! ચાહે તો દયા, દાન, વ્રત, તપનો અને ભક્તિનો વિકલ્પ હોય, પણ એ વિકલ્પની એકાગ્રતાની ક્રિયા એ મિથ્યાત્વની ક્રિયા, સ્વભાવની ક્રિયાથી

ભિન્ન ક્રિયા, એ વિભાવિક ક્રિયા, માટે વિભાવિક સ્વભાવપણે પ્રકાશે છે માટે એ વિભાવસ્વભાવ એ વસ્તુ જ ભિન્ન છે.

**'સ્વભાવો ભિન્ન હોવાથી...'** આહા..હા..! પહેલું તો એમ કહ્યું હતું કે ક્રોધાદિ સ્વરૂપ અને ક્રોધાદિ ક્રિયા અને જાણન ક્રિયા પણ એક છે એ કોઈ રીતે સ્થાપી શકાતું નથી. આહા..હા..! પછી કહ્યું કે બે ક્રિયા ભિન્ન-ભિન્ન સ્વભાવે પ્રકાશે છે, પછી કહ્યું કે સ્વભાવો ભિન્ન હોવાથી વસ્તુઓ ભિન્ન જ છે. આહા..હા..! ચૈતન્યના ભગવાનના અંતરના સન્મુખે ગયો ત્યાં રાગ ભિન્ન પડી જાય છે. માટે ભિન્ન વસ્તુ એ છે અને આ ભિન્ન વસ્તુ એનાથી આ છે. સમજાણું કાંઈ? **'એ રીતે સ્વભાવો...'** ભાવ ભિન્ન હોવાથી એમ કહે છે. સ્વભાવે.. બેયના ભાવ ભિન્ન છેને? આ એક ભાવ છે એ જાણનક્રિયાનો ભાવ અને એક રાગની એકતાનો ભાવ. છે તો પર્યાય બેય હોં! આહા..હા..! ચીમનભાઈ! આવી વસ્તુ છે આ.

મુમુક્ષુ :- બંને એક સાથે છે?

ઉત્તર :- ના, એક સાથે હોય જ નહિ. જાણનક્રિયા વખતે આ રાગક્રિયાની એકતા ન હોય.

મુમુક્ષુ :- એકતા નહિ પણ...

ઉત્તર :- રાગ હોય ઈ નહિ, ઈ નહિ. એકતા જ છે અહીંયા. રાગની એકતાને અહીંયાં વિભાવીકક્રિયા, ક્રોધાદિક્રિયા કીધી. એકલો રાગ થાય એ નહિ. એકલો રાગ એ તો ભિન્ન તરીકે જ્ઞાનના જાણવામાં રહ્યો એટલું. ભિન્ન રાગ રહ્યો એ તો જ્ઞાનના જાણવામાં રહ્યો. એ જ્ઞાન જ એ જાતનું પ્રગટે છે કે એને સ્વને જાણે અને એને (જાણે), પણ ભિન્ન તરીકે જાણે છે. અહીં તો રાગની એકતાની ક્રિયા એટલે મિથ્યાત્વની ક્રિયા અને સ્વભાવની એકતાની ક્રિયા એ સમ્યગ્જ્ઞાનની ક્રિયા. બેના સ્વભાવો ભિન્ન પ્રકાશે છે તેથી સ્વભાવ ભિન્ન હોવાને લીધે વસ્તુ ભિન્ન છે. અહીં તો બેય પર્યાયના સ્વભાવની વસ્તુ કીધી, ભાઈ! ઓલાને વસ્તુ અને અહીં જાણનક્રિયા એ વસ્તુ ભિન્ન છે એમ કીધું. દ્રવ્ય-ગુણ તો ભિન્ન છે. અહીં શું શબ્દ છે જુઓ! **'વસ્તુઓ ભિન્ન જ છે.'** ઈ જાણન વસ્તુ. આહા..હા..! જે સ્વભાવ સન્મુખ ધર્મની ક્રિયા, સમ્યગ્દર્શનની પરિણતિની ક્રિયા અને રાગની એકતાની ક્રિયા, બેના સ્વભાવો ભિન્ન પ્રકાશે છે માટે સ્વભાવો ભિન્ન હોવાથી વસ્તુ ભિન્ન છે. બેયને વસ્તુ કીધી. સમજાણું કાંઈ? આહા..હા..! છેને, સામે પુસ્તક છે કે નહિ સામે? તેથી તો રાખવામાં આવ્યું છે. શેનો અર્થ ચાલે છે આ. આહા..હા..! સમયસાર એટલે અજોડ અજોડ!! આહા..હા..! ઓહો..હો..! આ ચોથો દિ' ચાલે છે શેઠ!

મુમુક્ષુ :- આજે પાંચમો દિવસ.

ઉત્તર :- પાંચમો દિ'. એટલું યાદ તો રાખ્યું છે. આ તો ખૂટે એવું નથી એવું છે

આ. આહા..હા..! ભાઈ! તારી દિશા ક્યાં છે? સમજાણું? જો સ્વસન્મુખની દિશામાં હો તો તારી દિશા જાણન અને શ્રદ્ધા અને શાંતિની છે અને પરસન્મુખની દિશાની ક્રિયા હોય તો રાગની એકતાની ક્રિયા, ક્રોધની ક્રિયા, મિથ્યાત્વની ક્રિયા છે. જ્ઞાની થયા પછી રાગ છે એ રાગની એકતા નથી. એ તો જ્ઞાનમાં પર તરીકે પોતાના સ્વભાવની શક્તિથી પોતાને કારણે આ રાગ ભિન્ન છે એમ એમાં જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે આમાં તો લોકો રાડ નાખે. શ્રીમદ્‌માં આવે કે એ તો અધ્યાત્મ લૂખું લાગે માટે ભગવાનની ભક્તિ કીધી છે. ભક્તિમાં પણ એનો અર્થ શું? ઈ પાઠ છે. પાઠમાંથી આવું કાઢે એ લોકો. આહા..હા..! એ તો અંદર વિકલ્પ એવો આવે છે શ્રવણમાં, આદિમાં એવો ભાવ હોય છે, પણ એ ભાવની એકતા, એ રાગની એકતા, સ્વલક્ષ અને દૃષ્ટિ છોડીને એ પુણ્યના પરિણામની એકતા એ વિભાવધર્મ. એ વિભાવધર્મે સ્વભાવ પ્રકાશે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ અંદર એ આનંદ તરફના જુકાવની જે ક્રિયા એ રાગની ક્રિયાથી ભિન્ન પ્રકાશે છે. એક મ્યાનમાં બે તલવાર હોતી નથી. આહા..હા..! ઈ અહીં વાત છે. ભેદજ્ઞાન છેને.

**'આ રીતે...'** હવે સરવાળો કરે છે. **'જ્ઞાનને અને અજ્ઞાનને...'** જુઓ, ભાષા જુઓ હવે. પહેલી ક્રોધાદિક્રિયા કીધી હતી, સ્વરૂપવિપરીત કીધું હતું, પ્રદેશ જુદાં કીધા હતા, સત્તા જુદી કીધી હતી, આધારાધેય જુદો કીધો હતો. હવે એને શબ્દ વાપરે છે કે રાગની ક્રિયા તે અજ્ઞાન છે કહે છે. સમજાણું કાંઈ? ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ અને વ્રતનો રાગ હો, પણ રાગમાં જ્ઞાનનો અંશ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'આ રીતે જ્ઞાનને...'** એટલે? આત્માના સ્વભાવની એકતાના ભાવને અને રાગના વિકલ્પની એકતા એ તો અજ્ઞાન છે. ચીમનભાઈ! બે જુદા પાડ્યા. રાગની એકતા અંદર દૃષ્ટિ એ અજ્ઞાન છે, રાગ પોતે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ, પણ એ રાગમાં ચૈતન્યના કિરણનો અભાવ છે. ચૈતન્યના પ્રકાશની પર્યાયનો અંશનો એમાં અભાવ છે. એથી રાગ અંધારું છે, એ અજ્ઞાન છે.

**'આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.'** આહા..હા..! એટલે રાગની ક્રિયાને આધારે સ્વભાવની ક્રિયા પ્રગટ થાય એમ નથી અને સ્વભાવની ક્રિયાને આધારે રાગની એકતાની ક્રિયા ઊભી થાય એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'આ રીતે...'** આ પ્રકારે આત્માના **'જ્ઞાનને અને અજ્ઞાનને...'** એ તો જ્ઞાનની ક્રિયા તે આત્મા એમ ગણીને આખો આત્મા ગણ્યો ત્યાં. જાણવાની ક્રિયા જે શ્રદ્ધા, જ્ઞાન, રાગથી ભિન્ન પડીને એ ક્રિયા તે જ્ઞાન જ છે. એમ. જાણવાની પર્યાય તે જ્ઞાન જ છે. એમ ગણીને એ જ્ઞાન તે આત્મા વસ્તુ કીધી અને આ રાગ તે આખી ચીજ ભિન્ન. આહા..હા..! કાયરને તો આ કાળજા કંપી ઊઠે એવું છે. બહારની ધમાલ આ મંદિર કરવા, આ બધું આ કરવું,

આ ગજરથ ચલાવવા. કોણ ચલાવે? કોણ કરે? એ તો પરની ક્રિયા છે. એમાં તારો રાગ થાય, એમાં જો એકાગ્રતા રાગની થાય એ મિથ્યાત્વની ક્રિયા છે. સમજાણું કાંઈ? ત્યારે તમે તો એમ કહો છો કે રાગની .. તો પછી મુનિ અને દેરાસર અને પ્રતિમા પૂજવું શું કરવા? હવે સાંભળ તો ખરો. એ તો શુભરાગ આવે ત્યારે એનું લક્ષ ત્યાં જાય અને વ્યવહારે પૂજનિક કહેવામાં આવે. નિશ્ચયનો પૂજનિક તો ભગવાન આત્મા છે. આહા..હા..! એ વ્યવહારને પૂજનિકને જે ઉડાડે એ પણ મિથ્યાત્વ છે. એવો ભાવ હોય છે ત્યારે સામે નિમિત્ત પણ ભગવાનની પ્રતિમા કે ભગવાન હોય છે. એ ન જ હોય, સાધકમાં એવો ભાવ ન જ હોય (એમ માનવું) એ મિથ્યાત્વ છે અને એ ભાવમાં એકાગ્રતા થાય એ મિથ્યાત્વ છે. આહા..હા..! લોકો પાંચ, પંદર દિ' સાંભળને તો એને ખબર પડે. ઉડાવ્યા કરે છે. એય..! એ તો આમ છે. બધું જેમ છે એમ છે. પણ એકવાર સાંભળ તો ખરો આઠ દિ', પંદર દિ'. ક્યાંથી ભાગ્ય હોય? આહા..હા..!

**'આધારાધેયપણું નથી.'** ભગવાન જ્ઞાનસ્વરૂપી ત્રિકાળીને આધાર તો એની જાણનક્રિયાનો છે એને રાગનો આધાર નથી. અને રાગનો આધાર એને નથી અને રાગનો આધાર પોતે નથી. જાણનક્રિયા એ આધાર દ્રવ્યનો ખરો, પણ જાણનક્રિયા એ રાગનો આધાર એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... એનો અર્થ એવો થયોને કે જ્ઞેયથી જ્ઞાન ન થાય.

ઉત્તર :- જ્ઞેયથી જ્ઞાન કે દિ' થાતું હતું? અર્થ નહિ. છે જ ને એમાં થયો શું? જ્ઞેયથી જ્ઞાન થાતા હશે? રાગથી જ્ઞાન થાય? નિમિત્તથી થાય? વાણીથી થાય?

મુમુક્ષુ :- હું તો જ્ઞેયથી કહું છું.

ઉત્તર :- વાણી અને રાગ જ્ઞેય એ શું હશે? એ જ્ઞેય હશે કે જ્ઞાન હશે ઈ? કહો, સમજાણું કે નહિ? સવારે નહોતું આવ્યું? ઓલું કુતૂહલનું આવ્યું હતુંને? ખબર છેને? એણે કુતૂહલ નાખ્યું હતું ઓલોમાં. કુંદકુંદાચાર્ય કુતૂહલ કહે છે. **'कौतूहली सन्'**. એ તો કહે છે કે અંદરમાં જોવા એકવાર આવ તો ખરો. અરે..! જગતના બહારના જોવા નીકળે છે. છોડીને વળાવે અને શું દહેજ આપેને? કરિયાવર આપણે કાઠિયાવાડી ભાષા. સગાવ્હાલા બધા જોવા આવે. સગા છે, ... ખબર નથી એટલે ચાલો જોવા. ઢોલિયા પાથર્યા હોય ને પછી બધા ઉપર સાડલા ને આ ને તે, દાગીના, પંખા એવું મૂકતા હતા. હવે ફરી ગયું. ઓલી પેટી આપતા પટારો. આહા..હા..! એકવાર આ તો જો હવે તારા કરિયાવર અંદર ભર્યા છે. ગયા ચંદુભાઈ ગયા? કહો, સમજાણું કાંઈ? જેણે ભગવાનનો કરિયાવર અંદરના અંતરને જોયો એને રાગને મારા તરીકે માનવાનું રહેતું નથી અને જેણે રાગને મારો માન્યો એને ભગવાનને જોવાનો અવકાશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે '**વળી વિશેષ સમજાવવામાં આવે છે :**' દાખલો આપે છે. આધારાધેયનો દાખલો આપે છે. વસ્તુ સ્વભાવ છે એમાં એક આધાર નામનો ગુણ છે આત્મામાં. અધિકરણ છેને? એ ગુણની પર્યાયનો આધાર, ગુણ છે અને ગુણનો આધાર એ પર્યાય છે. આહા..! આત્મામાં આધાર નામનો એક ગુણ છે. તો પર્યાય જ્યારે દ્રવ્ય તરફ ઢળે છે ત્યારે એ આધારગુણનું પરિણમન થઈને, આધારગુણને આધારે અથવા દ્રવ્યને આધારે પર્યાય થાય છે, પણ અહીં તો પર્યાયમાં જણાય છે માટે પર્યાય એનો આધાર છે એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વળી વિશેષ સમજાવવામાં આવે છે :**' આધાર આધેય સમજાવે છે. '**જ્યારે એક જ આકાશને...**' આકાશ લે છે મોટું સર્વવ્યાપક આકાશ. '**એક જ આકાશને...**' આકાશ એક જ પદાર્થ છે ભલે લોકાલોક વ્યાપક હોય. એ '**એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...**' જ્ઞાનમાં એ આકાશને લક્ષમાં લઈને '**(આકાશનો) આધારાધેયભાવ વિચારવામાં આવે...**' કે આકાશનો આધાર કોણ? અને આકાશ શેમાં રહ્યું છે? એ આધેય એટલે શેમાં રહ્યું છે? એ આધેય. અને આધાર એટલે જેમાં રહ્યું ઈ. શું હશે? આ આકાશ છેને. એનો આધાર કોણ અને રહેનાર કોણ? એમ જો '**વિચારવામાં આવે ત્યારે આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...**' આકાશ કોઈ ધર્માસ્તિમાં, અધર્માસ્તિમાં રહ્યું નથી. આધારાધેય આકાશનો આકાશમાં છે. સમજાણું કાંઈ?

'**આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં...**' એટલે આકાશ સિવાય. આત્માને આધારે આકાશ નહિ, પુદ્ગલને આધારે આકાશ નહિ, ધર્મ, અધર્માસ્તિ, કાળને આધારે આકાશ નહિ. જ્ઞાનમાં વિચાર કરે કે આકાશને આધાર કોણ? સર્વવ્યાપકને આધાર કોણ? તો અન્ય દ્રવ્યનો તો અવકાશ નથી ત્યાં. આકાશને અન્ય દ્રવ્યનો આરાપવાનો, આરાપવાનો વ્યવહાર કરવાનો એમ કહે છે. '**નિરોધ જ હોવાથી...**' આહા..હા..! '**(અર્થાત્ અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય જ હોવાથી)...**' આકાશ અન્ય દ્રવ્યમાં છે એ માનવું જ અશક્ય છે, એ બનવું જ અશક્ય છે. જ્ઞાનની બુદ્ધિમાં એ આવવું જ અશક્ય છે.

'**બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા...**' જ્ઞાનના વિચારમાં આકાશ નામના પદાર્થને લક્ષમાં લઈને એમ વિચારવામાં આવે કે આકાશનો આધાર કોણ અને આધેય કોણ? આધેય આકાશ અને રહેનારું સ્થાન બીજું કોણ? કે બીજું એમાં કોઈ હોઈ શકતું નથી. '**બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી...**' એ જ્ઞાન જ એમ કબુલે છે કે એ આકાશને બીજાનો આધાર હોઈ શકતો નથી. કહો, સમજાણું કાંઈ? બુદ્ધિમાં જુદા આધારની. જુદા આધારની છેને? આકાશથી જુદો આધાર એમ. '**પ્રભવતી નથી (ફાવી શકતી નથી, ઠરી જાય છે, ઉદ્ભવતી નથી);...**' આકાશને આધાર કોણ? એ .. નથી. એ લોકમાં આકાશ છે, અલોકમાં આકાશ છે. એના જેવું કોઈ દ્રવ્ય નથી કે જેના આધારે આકાશ રહે.

**'બુદ્ધિમાં...'** એટલે જ્ઞાન અને વિચારમાં ભિન્ન આધાર, આકાશને જુદા આધારની અપેક્ષા જ્ઞાનમાં જણાતી નથી. ઠરી જાય છે કે ઓહો..હો..! એનો આધાર ઈ. આધાર પણ એ અને આધેય પણ ઈ. કહો, આ વાત તો બેસે છે કે નહિ? આકાશનો આધાર કોણ? આકાશ લોક પ્રમાણે લોકાલોક પ્રમાણે. થાંભલા હોય તો વચમાં હોય. આ તો બધે અહીં આકાશ છે, અહીં આકાશ છે. સમજાણું કાંઈ? બધે આકાશ છે. લોકથી પણ અલોક અનંતગુણો છે. એ આકાશ છે. એ આકાશને આધાર કોણ? હજી ધર્માસ્તિ, અધર્માસ્તિ એમ કહેવાય વ્યવહારે કે આકાશમાં રહ્યા છે. વ્યવહારે. નિશ્ચયથી તો સૌ પોતપોતામાં છે, પણ આને વ્યવહાર કરવો હોય તો શું કરશો આને? ધર્માસ્તિ, અધર્માસ્તિ, જીવ, પુદ્‌ગલ અને કાળ. એને આકાશનો આધાર વ્યવહારે (કહેવાય), નિમિત્ત વ્યવહારે. નિશ્ચયથી સૌને આધારે સૌ છે. પણ આને તો વ્યવહાર પણ કહી શકાતો નથી કહે છે.

મુમુક્ષુ :- વ્યવહારથી...

ઉત્તર :- ક્યાં વ્યવહાર કોણ કરે? ક્યાં છે? આકાશ જેવડો પદાર્થ ક્યો છે? એ તો આકાશને આધારે આકાશ છે. પોતે પોતાને આધારે પોતે. આહા..હા..! જેમ કાળ. બીજાને પરિણમનમાં નિમિત્ત. એના પરિણમનમાં કોણ નિમિત્ત? જુઓ, બે સામેસામા દ્રવ્ય છે. ઓલું ક્ષેત્ર છે, આ કાળ છે. અહીં તો આધારાધેય કહેવો છેને? એટલે આકાશનો દાખલો આપ્યો સર્વવ્યાપક. મગજમાં લ્યો સર્વવ્યાપક આકાશને. તો એનો બીજો કોઈ આધાર સંભવે છે? બુદ્ધિમાં કામ કરતું નથી, બુદ્ધિ ઠરી જાય છે ત્યાં.

**'અને તે નહિ પ્રભવતાં,...'** આકાશની વિચારણામાં બીજો આકાશનો આધાર નહિ વિચારતાં, નહિ સમજાતા. છેને? **'નહિ પ્રભવતાં, 'એક આકાશ જ એક આકાશમાં પ્રતિષ્ઠિત છે''** આકાશ આકાશને આધારે છે. સમજાણું કાંઈ? **'એક આકાશ જ...'** આકાશ જ. આમાં તો એકાંત થઈ જાય છે. કથંચિત્ આકાશ આકાશને આધારે અને કથંચિત્ બીજાને આધારે. કહો, ચેતનજી! આ તો સર્વથા કીધું. એ તો બધામાં સર્વથા જ છે. વસ્તુ તો વસ્તુ છે. આકાશ કથંચિત્ પોતાને આધારે અને કથંચિત્ પરને આધારે એમ હશે? આહા..હા..! અને આકાશ આકાશમાં જ છે. સર્વવ્યાપક વસ્તુ. લોક તો અનંતમા ભાગમાં છે. આકાશ તો અનંતગુણું એમને એમ, એમને એમ ચાલ્યું જાય દશે દિશામાં. દશે દિશામાં આકાશ અરૂપી પ્રદેશ ચાલ્યા જ જાય છે. ક્યાંય એનો અંત નથી. અંત હોય તો પછી શું? એવો જ કોઈ આકાશનો સ્વભાવ, એમ વસ્તુનો સ્વભાવ એવો છે કોઈ. આહા..હા..! અરૂપી આકાશ એમને એમ. લોકમાં તો અસંખ્ય પ્રદેશી છે, પણ એથી અનંત પ્રદેશ એમને એમ ચાલ્યા જ જાય છે. સળંગ ધારા... ધારા... ધારા... ધારા... ક્યાં જઈને એ આકાશ અટક્યું? આહા..હા..!

વાસ્તવિક વસ્તુનો સ્વભાવ કહે છે. તું થોડો જરી વિચાર તો કર કે આ આકાશનું ક્ષેત્ર...

ઓલાને ભાઈ કહ્યું હતું એક ફેરી. ઓલો મહેરબાનજીનો દીકરો. જામનગર, મહેરબાન. હતા મોટા પારસી હતા મહેરબાનજી. પછી એનો દીકરો ... માગશરમાં હતો ૯૧માં. ત્યાંથી ગયા હતા. શું કહેવાય? ધુમાલ. ... આવ્યો હતો પછી કીધું. તમે જો કાંઈ ન માનતા હોય તો હું એક પ્રશ્ન કરું તમને. આ એક વસ્તુ છે. આમ .. પણ કાંઈક છે તો આમ ને આમ ને આમ ને આમ ક્યાંય સુધી ચાલ્યું જાય? પછી આમને આમ એક દિશાએ આમ અને બીજી દિશાએ આમ (જાય તો) ક્યાંય એને અંત છે? આ શું કહે છે આ? બાપુ! સ્વભાવની જાત એવી કોઈ છે. આ તો ક્ષેત્રનો સ્વભાવ સર્વવ્યાપક. એને બીજો આધાર નહિ.

ઓહો..! ભગવાનનું જ્ઞાન. એ જ્ઞાનના સ્વભાવના સામર્થ્યનું માપ ક્યાં? આ ક્ષેત્રનો આ સ્વભાવ. આ ભગવાન આત્માનો આ જ્ઞાનસ્વભાવ છેને, જાણવાનો સ્વભાવ છેને. એ સ્વભાવની શક્તિનું માપ ક્યાં? આહા..હા..! એમ જ્ઞાન, એમ દર્શન, એમ આનંદ ભાઈ! આ તો વસ્તુની શક્તિનો સ્વભાવ ગંભીર છે. એ ક્ષેત્રથી ગંભીર લાગે એને તર્ક.... બાકી નાસ્તિકને પણ એમ કહેવું પડે આ શું છે આ તે? આહા..હા..! આ બધું પૂરું થઈને આવું તો કાંઈ બધે ન હોય. આવું તો અસંખ્ય યોજનમાં. ભલે બીજાને અસંખ્યમાં ન લાગે, પણ બધે આવું ન હોય, અને બધે હોય તો ક્યાં સુધી એમને એમ? પછી... પછી... પછી... પછી... તો કાંઈક આ વિનાનું હોય જ. અને એના પછી-પછીમાં શું એના વિના હોય? આ વિના હોય, પણ એના વિના કેમ હોય? દશે દિશામાં. સ્વરૂપચંદભાઈ! આ તો લોજીકનો વિષય છે ન્યાયનો. આહા..હા..! આવું ક્ષેત્રનું અસ્તિત્વ. એવા ક્ષેત્રની જ્યાં હદ નથી એવા ક્ષેત્રને આધાર કોણ? એનો આધાર ઈ. કહો, સમજાણું કાંઈ? '**એક આકાશ જ એક આકાશમાં પ્રતિષ્ઠિત છે...**' ભાઈ! કરોને એનો વ્યવહાર. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ જ છે. જે રીતે જે ચીજ કીધી તે રીતે તે એમ જ છે. કથંચિત્ આમ છે અને કથંચિત્ આમ છે એમ કેમ? આહા..હા..!

મુમુક્ષુ :- .. તે તે પ્રકારે છે.

ઉત્તર :- એ છે એ અપેક્ષાએ ત્યાં એ જ છે. જાણવામાં એ જ છે, એમ જ છે.

'**આકાશ જ એક આકાશમાં...**' આ તો હજી આત્માના જ્ઞાનગુણનો આધાર પર્યાય છે, એને રાગનો આધાર નહિ એ સમજાવવા આ વાત લીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્ષેત્ર ભલે અસંખ્યપ્રદેશી હો શરીર પ્રમાણે, પણ એનો સ્વભાવ જે છેને, ભાવ જે છેને, એ ભાવની કોઈ અચિંત્ય શક્તિ છે, એ અચિંત્ય શક્તિ છે!! આ જેમ ક્ષેત્રને ક્યાંય હદ નથી, એના ભાવના માપની કાંઈ હદ નથી. એમ ન જાણવું ક્ષેત્ર આવડું માટે (કાંઈ નથી). ઓહો..હો..! જેના એક સમયમાં આવા અનંતા-અનંતા આકાશ હોય એ જણાઈ જાય.

એવો ચૈતન્યચમત્કાર ભાવથી ભરેલો ભગવાન છે. એનો એક-એક ગુણ એવડો મોટો છે, ભાઈ સમજાણું કાંઈ?

તો હવે અહીંયાં કહે છે કે જ્યારે આકાશને વિચારમાં લેતા બીજો એનો આધાર સંભવતો નથી. આકાશ આકાશને આધારે છે. **'એમ બરાબર સમજી જવાય છે...'** લ્યો ઠીક! **'અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી.'** આકાશનો આધાર પર અને આધેય રહેનાર એવું બુદ્ધિમાં આવતું નથી. આહા..હા..! વિચાર પણ ક્યાં કરવો છે? એમને એમ ચાલે જાય છે ગાડા. આહા..હા..! સંસારની વાતનો વિચાર કરે તો ઓગાળે વાતને. ઓગાળી ઓગળી જાય ઝીણી વાત કરે. અહીં વિચારવું. આહા..હા..! કહો, વળી આ નવું બધું સાંભળ્યુંને? સગપણ કરે ત્યારે ગ્રહ જોવે. ઈ વળી નવું. આપણે તો પહેલા નહોતું. રિવાજ હશે. કહો, સગપણ કરે ત્યારે ગ્રહ જોવે એકબીજાના. ગ્રહ-ગ્રહ. ગ્રહ સમજો છો? જ્યોતિષ. બેનું નામ, બેના મેળ. દિગંબરમાં એમ છે? શેઠી તો અંદર જ્યોતિષી બહુ છે. એ તો બહાર નીકળવું હોય અહીંથી જાવું હોય અને આવવું હોય એ બધું જોવે. એ જુદી વાત છે. આ તો લગન કરેને લગન? ગ્રહ. ગ્રહનો મેળ ખાય છે કે નહિ? નામનો મેળ ખાય છેને? આમ છેને તેમ છેને? ગુણ મળે છે. વશિષ્ઠે બહુ જોયું હતું રામનું. રામચંદ્રજીનું વશિષ્ઠે તો બહુ જોયું હતું. સવારમાં ગાદીએ બેસાડવા છે. બહુ જોયું હતું. એ વખતે વનમાં ગયા. 'ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે?' ક્યાં ગયું જ્યોતિષ? રામચંદ્રજી જેવા મહાપુરુષ મોક્ષ જનારા, છેલ્લો દેહ એના જ્યોતિષી. આહા..હા..!

મુમુક્ષુ :- સવારે ગાદી..

ઉત્તર :- હા, નક્કી કર્યું છે સવારે ગાદી આપવી. સવારે વનવાસ. આટલો બધો ફેર? આહા..હા..! રાજગાદીએ બેસાડવા છે. રાણીએ માગ્યું વચન. મારો દીકરો ગાદીએ બેસે. વચન કહ્યું છે અમારું ન જાય. રઘુપતિ... આવે છેને? 'રઘુકુલ ઐસી રીતિ ચલી આયી, રઘુકુલ ઐલી રીતિ ચલી આયી, પ્રાણ જાયે પણ વચન ન જાયે.' મેં વચન આપ્યું છે રાણીને. રાણી મહા હુશિયાર હતી. કૈકેયી. મોઢાઆગળ રથમાં બેઠી હતી. જીતાડી એણે. રણમાં જીતાડ્યો હતો રાણીએ દશરથને. માગ-માગ. અત્યારે નહિ. રાખો. ટાણું આવ્યું ત્યારે માગ્યું. સવારે રામચંદ્રને ગાદી બેસાડવા એમ વશિષ્ઠથી નક્કી થયું છે. માગુ છું મારું વચન. મારો દીકરો ગાદીએ બેસે. રામને ખબર પડે છે. પિતાજીનું વચન હતું. આહા..હા..! જુઓ તો ખરા સજ્જનો! ભરતને ગાદી. ભરત કહે ભાઈ! હું ગાદીએ ન શોભું નાથ! આમ રામ જેવા મારા પિતા જેવા, તાત જેવા વનમાં ચાલ્યા જાય. ઓલો રોવે હોં! ગાદીએ બેસવાનું કહ્યું તો રોવે. આહા..હા..! ક્યાં ગયો આ જ્યોતિષ તારો? બાપુ! જે સમયે જે થવાનું હોય એને શું કરે? રામચંદ્રજીએ ભરતને પરાણે બેસાડ્યા. ભાઈ! માતાનું વચન છે. તારી મા મારી

મા છે. ઓરમાન મા હતાને ઈ? માનું વચન છે, પિતાજીએ આપ્યું હતું. ભાઈ! તું ગાદીએ હું કહું છું બેસ અમે વનમાં જાશું. અમારે આનંદ છે. આહા..હા..! કહે છે કે જ્યોતિષે શું જોયું ત્યાં? એમ આધારે શું જોયું આકાશનો વિચાર કર્યો ત્યાં? આકાશ આકાશને આધારે. આહા..હા..!

એમ હવે કહે છે, આત્માએ શું જોયું આ? એનો આ જ્ઞાનગુણ અને આનંદ આદિ સ્વભાવ કોને આધારે? તો કહે છે જ્ઞાન જ્ઞાનને આધારે. આહા..હા..! એ આત્મા આત્માને આધારે, આનંદ આનંદને આધારે. આહા..હા..! .. શું કહે છે જુઓ, આહા..હા..! ઈ આત્મા જે અનંતગુણવાળું તત્ત્વ એનો એક-એક ગુણ કોને આધારે?

મુમુક્ષુ :- વસ્તુના આધારે.

ઉત્તર :- એ તો પોતાને. જે જ્ઞાનની પરિણતિ થઈ આ શ્રદ્ધાની એ તો પોતાની ચીજ છે, એટલે પોતાને આધારે છે. એ રાગને આધારે અને વ્યવહારને આધારે એ પરિણતિ હોઈ શકે નહિ. આહા..હા..! કેટલો ગંભીર સ્વભાવ ભાઈ! જેનો એક-એક સ્વભાવ.. આકાશને ક્ષેત્રનું માપ નહિ એમ આ એક-એક ગુણ અને ભાવનું માપ નહિ. એવા ગુણને બધાને લક્ષમાં લેતાં, કહે છે કે એનો આધાર.. લક્ષ કર્યુંને? એ લક્ષ કર્યું એ એનો આધાર. એ તો જ્ઞાનની એની જાત છે એ તો. લક્ષ કર્યું એ તો એની જ્ઞાનની જાત છે. શ્રદ્ધા એ તો આત્માની જાત છે. આનંદને આધારે જણાણો એ તો આત્મા છે. આત્મા આત્માને આધારે છે એમ કહે છે. આત્માને વ્યવહારના રાગનો આધાર નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આકાશનો વિચાર કરતાં બીજો આધાર મગજમાં આવતો નથી. હોઈ શકે કેમ? એમ ભગવાન આત્મા એની જાત જે છે જ્ઞાન અને આનંદની એના સ્વભાવને આધાર કોણ? કે એના સ્વભાવને આધાર એની જાતનો ભાવ તે. એ તો એની એ વસ્તુ થઈ. જ્ઞાનનો આધાર આત્મા. એ પરિણતિ એને આધારે આત્મા. એ તો પરિણતિ તો એની જાતની એ વસ્તુ છે. રાગ તો પરવસ્તુ છે. આહા..હા..! કાંઈક ટેકો જરી? એ પરિણતિ થવામાં રાગનો અંશ-ટેકો કાંઈક ખરો? આહા..હા..! શુભરાગનો કાંઈ ટેકો? બિલકુલ નહિ. આહા..હા..! એવું તત્ત્વ નિરપેક્ષ ભગવાન આત્મા છે. કહો, સમજાણું કાંઈ?

આકાશ સર્વવ્યાપક ક્ષેત્રનો દાખલો આપ્યો. બીજું શું આપે? આ જ્ઞાન એક-એક પર્યાયમાં, એક-એક શક્તિમાં અનંત-અનંત વ્યાપે. અનંતા ગુણો એમાં જણાય, અનંતું ક્ષેત્ર જણાય, ત્રણ કાળ એમાં જણાય તોપણ તેના સ્વભાવની પર્યાયમાં હદ નહિ. એટલો જેનો સ્વભાવભાવ, એનો આધાર એનો સ્વભાવભાવ. એને જાણવા માટે અને પ્રગટ કરવા માટે આધાર કોણ? એમ કહે છે અહીં. કાંઈક વ્યવહારના વિકલ્પનો, રાગનો, કાંઈક અંશ? કાંઈક મદદ? ભાઈ! એની જાતને એની જાતનો આધાર. આહા..હા..!

જુઓ! એ શું કહે છે? કે રાગના લક્ષથી છૂટી અને જ્યાં ચૈતન્યના લક્ષે પરિણતિ થાય છે તો એ પરિણતિ તો એની જાતની છે. એને આધારે આત્મા જણાણો છે. કોઈ રાગને આધારે, વિકલ્પને આધારે, ભક્તિને આધારે, ભગવાનની કૃપા થઈ, ગુરુની કૃપા થઈ એને આધારે (જણાણો છે એમ નથી). આહા..હા..! એની કૃપા થઈ દ્રવ્યની એને આધારે દ્રવ્ય જણાણું છે. આહા..હા..! જુઓ! તો કેવી રીત છે! આહા..હા..! ગજબ કર્યો છેને! આકાશનો આધાર આપી (સિદ્ધાંત કહે છે). પરિણતિને કહે છે એ તો લક્ષ ફર્યું ખલાસ થઈ ગયો. એને કાંઈક-કાંઈક કોઈ કાળનો, કોઈ ક્ષેત્રનો, કોઈ આનો, કાળલબ્ધિનો (આધાર નહિ)? એય..! ક્યાં ગયા? અમારા શેઠ અહીં કહે છે કાળલબ્ધિ.

મુમુક્ષુ :- દેશનાલબ્ધિ...

ઉત્તર :- એ તો કીધું દેશનાલબ્ધિ. કોઈનો દેશનાલબ્ધિ શું? દેશના સાંભળી જે જ્ઞાને એ જ્ઞાનનો પણ આધાર નહિ. કહ્યું હતું કાલે. આહા..હા..!

અહીં તો સ્વલક્ષી જે જ્ઞાન થયું તે તે જ જાતનું અને તે તે જ છે. એને આધારે આત્મા છે, પરને આધારે છે નહિ. આહા..હા..! અરે..! એ ચૈતન્યનાથ પ્રભુ ભગવાન છે કહે છે. ભગવાનને આધાર કોનો? ભગવાનનો. ભગવાન એટલે એની પરિણતિ શુદ્ધ એનો. સ્વરૂપચંદભાઈ! આવી વાતું છે. આવો વીતરાગમાર્ગ કેવળી તીર્થંકરદેવ ત્રિલોકનાથ સમવસરણમાં આમ ફરમાવે છે લ્યો! આહા..હા..! કહો, દેવજીભાઈ!

સમજી જવાય છે કહે છે, બરાબર સમજી જવાય છે. એ આકાશ આકશને જ આધારે છે. એમ ભગવાન આત્મા જાણવાના કાળે, જાણવાની જાતને આધારે છે. એ તો એની એ જાત છે કહે છે. એનાથી વિજાતને આધારે એ છે નહિ. આહા..હા..! કાંઈ પણ રાગની મંદતાનો આશ્રય કાંઈક-કાંઈક હોય તો પરથી જુદું લક્ષ થાય એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો નિરાલંબી ભગવાન આત્મા એકલો આનંદનો કંદ અને જ્ઞાનનો પુંજ પ્રભુ, એની જાતની પરિણતિને આધારે, એ તો એની એ જાત થઈ. કાંઈ બીજી જાતને આધારે એ છે એમ છે નહિ. આહા..હા..! વ્યવહારના તો ભુક્કા ઉડાવ્યા છે.

ઓલો કહે શુભયોગ તે સમકિતને હોય. શુદ્ધ તો હોય જ નહિ. આહા..હા..! બહુ આવ્યું છે આજે. અરે..! ભગવાન! ભાઈ! તું શું કરે છો આ? એય..! ગટુલાલજી! રતનચંદજી. રતનચંદજી છેને મુખત્યાર. તમારે ચર્ચા થઈને? આજે આવ્યું છે ખુબ. એમાં જૈનગેજેટમાં આવ્યું છે કે સમકિતીને શુભયોગ હોય. આહા..હા..! અહીં કહે છે, શુભયોગનો આધાર ત્રણ કાળમાં હોય નહિ સમકિતીને. આહા..હા..! બહુ ફેર. આહા..હા..! બાપા! શું કરે છે તું આ?

અહીં તો એ વર્ણવ્યું એને કે આકાશને આધાર આકાશ જ છે. બીજી બુદ્ધિને, સ્ફુરણાને અવકાશ જ નથી. એમ ભગવાન આત્માને અનુભવવામાં એ અનુભવ જ એનો આધાર ભગવાનને

છે. અનુભવ તો એની પર્યાય પોતાની જાત છે એ તો. એને વ્યવહાર અને રાગની જાતનો કથંચિત્ બુદ્ધિમાં આધાર સંભવતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૩, મંગળવાર, તા. ૨૦-૦૨-૧૯૭૩
## ગાથા-૧૮૧ થી ૧૮૩, પ્રવચન-૩૨૧

સંવર અધિકાર. આકાશનો દાખલો આવ્યો. છેને નીચે? ૨૯૩ પાનું છે. બુદ્ધિમાં આકાશનો વિચાર કરતા, બુદ્ધિમાં આધારાધેયપણું આકાશને બીજું સંભવતું નથી. બરાબર છે? આકાશ આકાશને જ આધારે છે. આકાશને આધારે જ એ પ્રતિષ્ઠિત (છે), એનું પ્રતિષ્ઠિતપણું એમાં છે. પરને આધારે એમાં બુદ્ધિનો વિચાર કરતાં એને બીજાનો આધાર કોઈ રીતે સંભવતો નથી.

'**એવી રીતે જ્યારે એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...**' હવે સિદ્ધાંત સિદ્ધ કરે છે. '**જ્યારે એક જ જ્ઞાનને...**' એક સ્વરૂપ જ્ઞાન આત્મા. જ્ઞાનાનંદ જ્ઞાનસ્વરૂપી આત્મા '**પોતાની બુદ્ધિમાં સ્થાપીને...**' એને જ્ઞાનની પર્યાયમાં 'આ આત્મા છે' એમ સ્થાપીને '**આધારાધેયભાવ વિચારવામાં આવે...**' કે આ આત્મા જે જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એનો બુદ્ધિમાં વિચાર કરીએ, પર્યાયમાં આત્માને સ્થાપીને વિચાર કરીએ એમ કહે છે. સમજાણું કાંઈ? '**પોતાની બુદ્ધિમાં સ્થાપીને...**' એમ કહ્યું છેને? એટલે જ્ઞાનની વર્તમાન પર્યાયમાં આત્માને સ્થાપીને જો વિચાર કરીએ તો '**આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...**' એટલે જ્ઞાનમાં વર્તમાનમાં જ્ઞાનસ્વરૂપને બુદ્ધિમાં લેતા બીજો એનો આધાર છે એવું બુદ્ધિમાં આવતું નથી. સમજાણું કાંઈ?

'**બાકીના અન્ય દ્રવ્યોમાં...**' એટલે જ્ઞાનસ્વરૂપી ભગવાન ચૈતન્ય વ્યાપક. પોતાના સ્વભાવમાં આખો આત્મા. રાગ નહિ, એ કાંઈ આત્મા નથી. જ્ઞાનની પર્યાયમાં આ આત્મા છે એને સ્થાપીને જો વિચાર કરીએ તો એના આધારમાં આત્માનો આધાર, સ્વભાવનો આધાર

તેની પર્યાય છે. એટલે એ તો જ્ઞાન છે. જ્ઞાનનો આધાર જ્ઞાન છે. એનો આધાર રાગાદિ કોઈ હોઈ શકતું નથી. કહો, સમજાય છે કાંઈ? જેમ આકાશનો વિચાર કરતા બુદ્ધિમાં આકાશનો આધાર કોઈ બીજો સંભવતો નથી. આવ્યું હતુંને ઈ? પ્રભવતિ જ નથી. બીજી અપેક્ષા એમાં ઉદ્‌ભવતી જ નથી. એમ જ્ઞાન આ આત્મા છે એને જ્ઞાનની વર્તમાન દશામાં, બુદ્ધિમાં લેતા એનો બીજો કોઈ આધાર છે એવું અહીંયાં સિદ્ધ થતું નથી. અધ્યાત્મભાષા છેને એટલે જરી... સમજાણું કાંઈ? રાગાદિ હોય, પણ એ રાગને આધારે આત્મા છે, કે રાગને અવલંબે એ આત્મા જણાયો છે એમ પ્રભવતું જ નથી કહે છે. ઝીણું ભારે! શેઠ!

એક જ જ્ઞાન લીધું છેને અહીં? એક સ્વરૂપ જ્ઞાન. જેમ આકાશ એક છે સર્વવ્યાપક ક્ષેત્રે. એમ આ ભાવ એક જ જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકભાવ, જ્ઞાનસ્વરૂપી પ્રભુ એને પોતાની બુદ્ધિમાં સ્થાપીને. એને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં લક્ષમાં લઈને એનો **'આધારાધેયભાવ વિચારવામાં આવે...'** કે આ જ્ઞાનસ્વરૂપી ભગવાન એનો આધાર કોણ અને આધેય શું? શેમાં રહેલો છે અને કોણ રહ્યું છે? એમ વિચારવામાં આવે ત્યારે એવા આત્માને એટલે જ્ઞાનસ્વરૂપને, જ્ઞાનની પર્યાયનો આધાર સિવાય **'બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...'** વિકલ્પનો ત્યાં અભાવ છે. એટલે વિકલ્પનો આધાર છે એવું ત્યાં સિદ્ધ થતું નથી. અધ્યાત્મ છેને, લોજિકથી, ન્યાયથી સિદ્ધ કરવું છેને. આહા..હા..!

**'એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં...'** જેમ એક જ આકાશને એમ કહ્યું હતુંને? એક જ આકાશ એમ હતું એમાં પણ. આકાશ તો એક જ છેને. એમ આત્મા પણ જ્ઞાનસ્વરૂપી આત્મા એક જ છે. એ જ્ઞાનસ્વરૂપીને પર્યાયમાં સ્થાપીને વિચાર કરીએ તો તો એ પર્યાય જ એનો આધાર છે, એટલે જ્ઞાન જ એનો આધાર છે. એ જ્ઞાનની જાણનક્રિયા એ જ આધાર. અજ્ઞાન જ્ઞાનને જ આધારે છે. જ્ઞાન કોઈ રાગને આધારે નથી. લ્યો આ ભેદજ્ઞાન. સમજાણું કાંઈ? આત્માને એટલે જ્ઞાનને. જ્ઞાનસ્વરૂપ આત્મા આખો. **'બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...'** અટકી ગયેલું છે એ તો. વિકલ્પનો આશ્રય ત્યાં છે જ નહિ. આશ્રય છે દ્રવ્યનો અને આશ્રય કર્યો છે એ પર્યાયનો દ્રવ્યને આધાર છે. સમજાણું કાંઈ? એટલે આશ્રય કર્યો નથી વિકલ્પનો કે નથી એ વિકલ્પને આધારે પરિણતિ થઈ. સમજાણું કાંઈ?

**'અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી;...'** ઝીણી વાત લીધી છે. અંતરમાં એકરૂપ આત્મા છે એવું જ્યારે જ્ઞાનમાં, વર્તમાનમાં લીધું, સ્થાપ્યું ત્યારે તો થઈ રહ્યું, કહે છે કે બીજાને આધારે આ જણાણો છે એથી બીજાનો આરોપ એમાં આવી શકે એવું છે જ નહિ. સમજાણું કાંઈ? **'બુદ્ધિમાં ભિન્ન આધારની...'** એ જ્ઞાનનો આધાર જ્ઞાન. આત્માનો આધાર આત્મા, ઉપયોગને આધારે ઉપયોગ.

એ ઉપયોગ એટલે વર્તમાન પર્યાયને આધારે આત્મા. એના આધાર માટે બીજા આધારનો ત્યાં નિરોધ છે, અટકી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? કે ભાઈ વિકલ્પ જે હતો માટે એને લઈને અહીં જ્ઞાન તરફ વળીને જ્ઞાનની પર્યાયનો આધાર આત્માને રહ્યો એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ છે એ વસ્તુને દૃષ્ટિમાં લેતા એમ કહે છે મૂળ. એના જ્ઞાનમાં વસ્તુને સ્થાપતા એ તો એ જ જાતનો આત્મા અને એ જ જાતનું જ્ઞાનનું પરિણમન. એને આધારે આત્મા છે એ તો જ્ઞાનને જ્ઞાનની પર્યાય એની જ છે. એને આધારે આત્મા છે, પણ એને હવે ત્યાં રાગનો કંઈપણ આશ્રય છે કે અવલંબન છે એવું ત્યાં સંભવતું નથી. એ તો નિરોધ જ છે. સંવર કહેવું છેને અહીંયાં? આહા..હા..! નિરોધ જ છે. ચાહે તો એ શુભરાગ હો પહેલા. છેલ્લે કહે છેને લોકો? કે શુભરાગ હોય એમાંથી શુદ્ધતા આવે, એને શુદ્ધતા આવે, ભલે અશુદ્ધમાંથી શુદ્ધતા ન હોય. એમ. સમજાણું કાંઈ? શુભરાગ હોય તો એને અંતર જવાનો અવકાશ છે, પણ અશુભ રાગવાળાને નથી. એ વાત અહીં ઉથાપે છે. લે કહો.

મુમુક્ષુ :- ક્ષાયિક સમ્યગ્દર્શન તો કેવળીની સામે થાય છે.

ઉત્તર :- એની સામે થાતું જ નથી. આત્માની સામે (જોઈને) થાય છે. ક્ષાયિક સમકિત પણ આત્માની સામું જોવાથી ક્ષાયિક થાય છે. આમ પરને સામું જોતા થાતું નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! વાંચ્યું છે એટલે કહેને. બે લેવાય નહિ એક જ લેવાય. નારદ છેને પ્રશ્નના? કહો, સમજાણું કાંઈ? એ ક્ષાયિક સમકિત થનાર સામું જોવે છે માટે થાય નહિ. એને એ જ કાળે સ્વનો આશ્રય ઉગ્ર થાય છે તેથી ત્યાં થાય છે. એટલે ક્ષાયિક સમકિતની પર્યાયને આશ્રય દ્રવ્યનો છે અને એ પર્યાયનો આધાર પર્યાયના આધારે દ્રવ્ય જણાય છે. એને આધારે જણાતું નથી. આવી વાત છે ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ખ્યાલમાં આવી જાય છે.

ઉત્તર :- ખ્યાલમાં એ જ આવે એમ કહે છે.

જ્ઞાનની પર્યાયમાં એટલે જ્ઞાન કહો, આત્મા કહો. એ આત્માની પર્યાય આત્મા જ છે, આત્માની પર્યાય જ્ઞાન જ છે, આત્માની પર્યાય આત્માની જાત જ છે. બે એક જ છે એમ કહે છે. જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનને જોતાં એના પર્યાયને આધારે આત્મા છે એટલે પોતાને આધારે પોતે છે. પોતા સિવાયનો રાગ આધારે આ દશા થાય છે એમ નહિ, કેમકે નિરોધ છે, અટકી જાય. સમજાણું કાંઈ? રાગ અન્ય દ્રવ્ય છે. એ અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ છે. એમાં નિરોધ—અટકી ગયું છે કહે છે. વિકલ્પનો આશ્રય અટકી ગયો છે. કહો, સમજાણું કાંઈ?

કેટલાક એમ કહે છેને કે છેલ્લો તો શુભભાવ હોય એટલો તો ત્યાં મદદ કરે છે કે નહિ?

અને શુભભાવના કાળમાં શુદ્ધતામાં જઈ શકે છે. એમ નથી કહે છે. શુભ ભલે છેલ્લું હોય, પણ એને આધારે અંદરમાં ગયો છે અને ઈ છે માટે અંદરમાં જાય છે એમ નથી. આહા..હા..! એવી વાત છે, ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- આ ભૂમિકાને છોડીને અંદર જાય છે.

ઉત્તર :- એ છોડતો જ નથી. અહીં પર્યાયનું પરિણમન દ્રવ્ય ઉપર થયું એટલે ઓલું છોડવાનું જ રહેતું નથી. નિરોધ જ છે. એમ કીધુંને? જુઓને. '**અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...**' અટકી જ ગયેલો છે એ તો. આહા..હા..! ઝીણી વાત છે. બહુ સરસ આ ગાથાઓ. એકલા અકદમ.. કહો, સમજાણું? કહે છે, વજુભાઈ નથી? મોડા આવવાના. આહા..હા..!

કહે છે કે આ આત્મા છે એવી જ્યાં અંતરમાં પરિણતિ થઈ એ પરિણતિને આધારે આત્મા, એને આધારે આત્મા જણાણો એ બરાબર છે, પણ એ પરિણતિમાં અન્ય દ્રવ્યનો આધાર છે એ તો અટકી જ ગયેલું છે કહે છે. એ તો નિરોધ જ છે. વિકલ્પનો તો નિરોધ થઈ ગયો છે. નિર્વિકલ્પ પરિણતિ જ એને દ્રવ્યને પકડે છે અને તેથી નિર્વિકલ્પ પરિણતિ જ તે સંવર છે. સંવરને આધારે જ એ આત્મા છે, આસ્રવને આધારે આત્મા નથી. તારાચંદભાઈ! આવું વ્યાખ્યાન! આહા..હા..! ભારે કહેવાય!

સોગાનીની વાત મગજમાં આવે છે. સોગાની માટે આવું લખે એ ગજબ કહેવાય! કાં તો એને પૂછાવવું જોઈએ પાક્કું. મેં વાંચ્યું ત્યારે મને એમ થયું કે એનામાં અને સોગાનીમાં કાંઈ વિપરીતતાની શંકા નથી. બધા શબ્દાર્થ તો એવો કરે છે. શબ્દાર્થ એવો થાય છે. શેઠિયા એવું લઈને આવ્યા. આહા..હા..! અહીં તો કહે છે કે એવું સાંભળવું ને બધું કહે છેને એમાં એ આકરું પડે એવું છે. આહા..હા..! અહીં તો કહે છે કે સાંભળ્યાનો આધાર પરિણતિ થઈ એમાં નથી. એ વિકલ્પ થયો સાંભળવાનો એનો પણ આધાર નથી. અરે..! તે તરફનું લક્ષ થઈને જે જ્ઞાન હતું સાંભળવામાં એ જ્ઞાનનો પણ આધાર અહીં પરિણતિમાં નથી. આહા..હા..! એય..! સમજાણું કાંઈ? રાગ હો, પણ હોય તો એને આશ્રયે અને આધારે અહીં અંદર જવાય છે? આહા..હા..!

મુમુક્ષુ :- એ તો પ્રતિપક્ષી છે.

ઉત્તર :- એ તો પ્રતિપક્ષ છે, વિરોધ છે, અન્ય દ્રવ્ય છે. અન્ય દ્રવ્યનો તો ત્યાં સહેજે નિરોધ જ છે કહે છે. એમાં આરોપ કરવો કે આને આધારે કાંઈક થયું, રાગની મંદતા હતી અથવા પરલક્ષી એ જાતનું જ્ઞાન હતું (એનો તો નિરોધ જ છે). અહીં તો એ પર સાંભળતા જ જ્ઞાન થાય એ જ વાત લીધી છે. સવારમાં કહ્યું હતુંને ઈ? સમજાણું? એ વાત જ એવી લીધી છે. એવા જીવોની જાતને લીધી છે. આહા..હા..! કુંદકુંદાચાર્યે પણ પાંચમી ગાથામાં

કહ્યુંને, બાપુ! હું અનુભવથી વાત કરું છું આ જાતની હોં! અનુભવ કરીને પ્રમાણ કરજે. હા પાડીને, શ્રદ્ધામાં વિકલ્પથી નહિ. આહા..હા..! અંતરમાં અનુભવ કરીને હા પાડજે. એ વાત કરે છે એ બરાબર વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો અલૌકિક છે, ભાઈ! આહા..હા..! ક્યાંય લૌકિક સાથે મેળ ખાય એવું નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! શું પણ ગંભીરતા! શું તત્ત્વની કથનની પદ્ધતિનું વાચકપણું અને એનો સામે વાચ્ય! આહા..હા..!

કહે છે કે વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જેને જ્ઞાનનું, આત્માનું લક્ષ કર્યું એ પર્યાયને આધારે આત્મા જણાણો એમ કહેવાય. એ પર્યાયને આધારે ઉપયોગને આધારે ઉપયોગ છે એમ કહેવાય, એ ઉપયોગને આધારે ઉપયોગ કહેવાય, પણ એ ઉપયોગ રાગના આધારે છે એમ ત્રણ કાળમાં પ્રભુ નથી બનતું. સંભવતુ નથી, છે જ નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

સવારમાં તો એમ કહ્યું હતું, સુબોધ તો સુશાસ્ત્રથી થાય. થાય જ એવા જીવો લીધા છે, ભાઈ! અરે..! આવી વાણી, આવું તત્ત્વ જ ક્યાં છે? એ જેને કાને પડ્યું એને જે લક્ષ થયું, એ લક્ષમાં એમ કહેવાણું હતું કે તું તારું લક્ષ કર. એટલે એ લક્ષમાં કહેવાણું હતું કે તારું લક્ષ કર, તું શુદ્ધાત્મા છો. એવું એણે લક્ષ કર્યું એથી સુશાસ્ત્રથી જ જ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! સ્વરૂપચંદભાઈ! આવું ઝીણું વીતરાગનું તત્ત્વ. વાડામાં જન્મ્યા પણ એને કાંઈ ખબર જ ન મળે. એય..! મૂળચંદભાઈ! આ શેઠિયાઓ કહેવાય મોઢાઆગળ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જડ છે, અચેતન છે વિકલ્પ. જાગૃતિ-જાગૃતિની પર્યાયને આધારે જ્યાં જણાણો એને અજાગૃતપણાનો નિરોધ જ છે. આનો આધાર છે વ્યવહારે એ પણ નથી અહીં તો કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...'** જુઓ, એક જ પ્રકારનું જ્ઞાન એમ સ્થાપવાનું કીધુંને? ભેદ પણ નહિ. આહા..હા..! ધીમેથી પચાવવા જેવી વાત છે આ તો ભાઈ! ભગવાન આત્મા પોતે પરમાત્મા, પોતે પરમાત્મા પૂર્ણ સ્વરૂપ એવી જ્યાં પર્યાયમાં દૃષ્ટિ થઈ, પર્યાયમાં એવો જે આશ્રય લીધો, એ પર્યાય જ્યારે થઈ ત્યારે એણે આશ્રય લીધો અને એ પર્યાયને આશ્રયે સમજાણું. એ રાગને આશ્રયે સમજાય કે વિકલ્પને આશ્રયે સમજાય કે નિમિત્તને આશ્રયે સમજાય એ વસ્તુ નથી. આ નિમિત્તના જોર કરે છેને બધા? આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો...'** આરોપવાનો એ વ્યવહાર કરવાનો નિરોધ છે ત્યાં. આહા..હા..! સમજાણું? આને નાશ કરે છે એ ક્યાં છે? કહે છે. એ તો

આમ જ્યાં ઢળ્યો છે જ્યાં બસ, એ પરિણતિને આધારે દ્રવ્ય જણાણું. એને બીજો કોઈ આધાર-ફાધાર છે નહિ, કહો, કાળ એ આધાર નથી એમ કહે છે એય..! લ્યો! કાળલબ્ધિ હોય તો (થાય). એય..! શેઠ! ઈ કાળલબ્ધિનો પણ આધાર નથી. અહીં તો એની પર્યાયનું કાર્ય જ્યાં થયું કે આ વસ્તુ પૂર્ણ આત્મા, એની જાતમાંથી જાત જણાણી, એની જાતથી જાત જણાણી, જ્ઞાન જ્ઞાનથી જણાણું, આત્મા આત્માથી જણાણો, આત્મા અણાત્માથી જણાય નહિ. કહો, સમજાણું કાંઈ? ભાઈ! આ પોષા કરીએ અને પડિક્કમણા કરીએ અને બધા કરીએ અને પછી આત્મા હળવે-હળવે હળવો થાય પછી જણાય. કાંઈક રાગની મંદતાની ક્રિયા કરીએ ઈ નાખવું હતુંને આને નારદને? છેલ્લો શુભભાવ છે એની કાંઈક મદદ મળેને?

મુમુક્ષુ :- જ્ઞાનનો ક્ષયોપશમ તો વધે છે.

ઉત્તર :- ક્ષયોપશમ તો શેનો વધ્યો? પરલક્ષી કે પોતાનો? પરલક્ષી એ તો આસ્રવનું કારણ છે એ તો લ્યો! પરસત્તાવલંબી છે, એ તો બંધનું કારણ છે. આહા..હા..!

'**જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...**' અટકી ગયો છે આસ્રવ જુઓને. '**બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી;...**' એને તો પોતાની પરિણતિનો જ આધાર છે, બીજો કોઈ આધાર છે નહિ. આહા..હા..! આવું ક્યાં.. નવરા માણસ હોય, ... કરો કાંઈક વ્રત અને કરો તપ. સ્વરૂપચંદભાઈ! આ બધું વાડામાં (એમ ચાલે). પણ દર્શનશુદ્ધિ વિના તારા એકેય થોથાં, તારા વ્રત ને તપ ને અજ્ઞાનરૂપી પાડો ખાઈ જાય છે, ગળી જાય છે. સાંભળને. આહા..હા..! સમજાણું કાંઈ? '**બુદ્ધિમાં ભિન્ન આધારની...**' એટલે જ્ઞાનની પર્યાયમાં બીજા આધારનો આરોપવાનો નિરોધ હોવાથી '**અપેક્ષા પ્રભવતી નથી;...**' અપેક્ષા હોતી જ નથીને એમ કહે છે.

'**અને તે નહિ પ્રભવતાં, 'એક જ્ઞાન જ એક જ્ઞાનમાં પ્રતિષ્ઠિત છે'...**' આહા..હા..! નિર્વિકલ્પ જ્ઞાન થયું તે જ્ઞાનની જાત આત્મા જ છે. એ આત્માને આધારે આત્મા છે. રાગાદિ એ આત્મા નથી, અણાત્મા છે, પરદ્રવ્ય છે. આહા..હા..! આ કહે છેને ઘણા? કે પહેલા વ્રત કરો, તપ કરો, આ કરો, પછી સમકિત થવાને લાયકાત થશો. વ્રત કરો, આ ચારિત્ર સમકિત વિનાના વ્રત હોં! વ્રત પાળો, ચારિત્ર પાળો એ ચારિત્ર અજ્ઞાનીનું. વ્રત ને નગ્નપણું. એવું ચારિત્ર પાળો તો સમકિત થવાને કાળે સમકિત થાશે. કરવાનું તો આ છે. આહા..હા..!

મુમુક્ષુ :- પુરુષાર્થ આવો છે.

ઉત્તર :- પુરુષાર્થ આમાં છે. અરેરે..! બહુ વિરુદ્ધ, ઘણું વિરુદ્ધ. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપદેશ આપે છે ઈ. ત્યાં આપ્યો હતો, મંસુરમાં. સાંભળેલું. આમ કરો, વ્રત પાળો, તપ કરો, અપવાસ કરો, દયા પાળો, આચરણ મંદ કરો, સમકિત પછી થવાનું હશે ત્યારે થાશે. પણ આ કરતાં-કરતાં થાશે. આમાં પુરુષાર્થથી થાશે અને ઓલામાં એને કાળલબ્ધિથી

થાશે. અરર..! એમ મંસુરમાં ... આવ્યું હતું સાંભળવામાં. ભાઈ તો ત્યાં એના પરિચયમાં રહ્યા છે, એની વ્યવસ્થામાં હતા. મંસુરમાં. અમે મંસુરમાં હતાને? અમે જે દિવસે ઉઠ્યા એના બીજા દિવસે એ આવ્યા, ઈ દિવસે આવ્યા.

મુમુક્ષુ :- છાપામાં આવ્યું હતું.

ઉત્તર :- છાપામાં આવ્યું હતું. ત્યાં મન્સુરમાં કહ્યું હતું. અમે જે દિવસે ઉઠ્યા એ દિવસે આવ્યા ત્યાં. અમે જ્યાં હતા ત્યાંથી બે માઈલ દૂર આવ્યા હતા. આહા..હા..!

આ તો આવ્યુને ઓલું? અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ. આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. ઈ બતાવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા પોતાનો સ્વભાવ જે જાણનસ્વભાવ એનાથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ તો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ અહીં કહ્યું સંવરમાં કે પોતાના સ્વભાવથી જ જણાય છે. રાગ ને વિકલ્પ ને નિમિત્તથી જણાતો નથી. આહા..હા..! નિમિત્તના લક્ષે થયેલું, સાંભળીને થયેલું જ્ઞાન એને આધારે પણ અંદર પરિણતિ થતી નથી એમ કહે છે. એ ખરેખર તે પરદ્રવ્ય છે, પરાલંબી જ્ઞાન બંધનું કારણ છે. જો નિર્જરાનું કારણ હોય તો એવું જ્ઞાન અનંત વાર થયું. તો કાંઈક અંશે નિર્જરા થવી જોઈએ. એ બંધનું કારણ છે. આહા..હા..! એકદમ ગુલાંટ ખાય છે.

ચૈતન્યની પરિણતિ નિર્મળ કોઈના આશ્રય, નિમિત્ત, આધાર વિના નિરાલંબી પરિણતિ જ્યાં અંતર્મુખ જાય છે ત્યારે એને આત્મા જણાય છે એટલે એની પરિણતિનો જ એને આધાર છે. કેમકે આધાર નામનો ગુણ એનામાં છે. આધાર નામનો ગુણ છે. ગુણના પરિણમને આધાર અને આધારનો ધરનાર જણાય છે. આ આધાર છે ગુણ એની પરિણતિએ જ જણાય છેને? આહા..હા..! અનિત્યથી નિત્ય જણાય છે. સમજાણું કાંઈ? નિર્મળ નિર્વિકલ્પ પરિણતિ તે અનિત્ય છે. એનાથી જણાય છે. એને આ વિકલ્પાદિ પરદ્રવ્યથી જણાય એવો એનો સ્વભાવ જ નથી. એવો શૂરવીર ભગવાન આત્મા એ પાંગળો નથી કે પરની આશ્રયે કાંઈક હોય તો આગળ વધે. આહા..હા..! સમજાણું કાંઈ?

‘‘**એક જ્ઞાન જ એક જ્ઞાનમાં પ્રતિષ્ઠિત છે**’...’ એટલે કે જ્ઞાનની પરિણતિ રાગ વિનાની એ જ્ઞાન છે. એને આધારે જ જ્ઞાન છે આત્મા. ‘**એમ બરાબર સમજી જવાય છે**...’ એમ બરાબર સમજી જવાય છે. ‘**અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી.**’ ભાસે ક્યાં પણ? પરિણતિમાં આ જણાણો ત્યાં પર આધાર આવ્યો જ નથી. આહા..હા..! .. સંહનન હોય તો કેવળજ્ઞાન થાય, મનુષ્યપણું હોય તો કેવળજ્ઞાન થાય. કહો, શું?

મુમુક્ષુ :- એ જગપ્રસિદ્ધ છે બધું.

ઉત્તર :- એ જગપ્રસિદ્ધ છે ઉંધું. અહીં તો કહે છે કે એ કેવળજ્ઞાન થવામાં એની પરિણતિને

આધારે આત્મા જાય છે ત્યારે એને કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! એને નિમિત્તની અપેક્ષા બિલકુલ નથી. સંવર થવામાં જ્યાં પરની અપેક્ષા નથી તો વળી કેવળજ્ઞાન થવામાં પરની અપેક્ષા હોય નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- કેવળજ્ઞાનને અસહાય કહેવાય છે.

ઉત્તર :- અસહાય છે. પરાવલંબી કેવું? આહા..હા..! આલંબન કહ્યું પણ શું આલંબન એટલે? પરદ્રવ્ય નિમિત્ત છે ઈ આલંબન એમ. આલંબન છેને કીધું નિમિત્તથી? આલંબનનો અર્થ જ્ઞાનમાં જણાવાયોગ્ય વસ્તુ સામે છે એ નિમિત્ત. બસ એટલું, પણ એ નિમિત્તથી થયું છે અહીં એમ નથી. આલંબન ગણ્યું છેને પ્રવચનસારમાં. એ તો એક બીજાને નિમિત્ત-નૈમિત્તિકનું જ્ઞાન કરાવ્યું. એને નિમિત્ત આ છે અને આને નિમિત્ત આ છે. એ નિમિત્ત એટલે એ પૃથક્ ચીજ છે એમ જણાવ્યું છે. પણ એને લઈને અહીં જ્ઞાન થાય છે, લોકાલોક છે માટે લોકાલોકનું જ્ઞાન થાય છે એમ નથી. આહા..હા..! લોકાલોકનું જ્ઞાન થવાની પરિણતિમાં એને આધારે દ્રવ્ય છે અને એ પરિણતિએ દ્રવ્યમાં એકાગ્ર ખૂબ થયો છે ત્યારે એને કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

**'માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે,...'** લ્યો! માટે આત્મા આત્મામાં (જ છે). જ્ઞાન શબ્દે પહેલી પરિણતિ. એ જ્ઞાન શબ્દે આત્મા ત્રિકાળ. જ્ઞાનમાં છે એટલે પરિણતિ. છેલ્લો શબ્દ ઉપયોગમાં ઉપયોગ છે. એ છેલ્લો શબ્દ લઈ લેવો. **'માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે,...'** એ ત્રિકાળી વસ્તુ પોતાની નિર્મળ પરિણતિમાં જ છે. કહો, સમજાણું કાંઈ? ક્રોધાદિક નહિ. **'ક્રોધાદિક જ ક્રોધાદિકમાં જ છે.'** વિભાવ વિભાવમાં છે, સ્વભાવની પરિણતિમાં આત્મા છે. વિભાવમાં આત્મા નહિ અને આત્મામાં વિભાવ નહિ. ભારે! આવી સમજણ કરવી, ઈ કરતાં કરવા માંડે લ્યો દાન કરો, ભક્તિ કરો, પૂજા કરો લ્યો! આ જ વાત યથાર્થ છે. આહા..હા..! શરૂઆત અહીંથી થાય છે. આહા..હા..! લ્યો! કેટલા દિ' થયા? છ દિ' શેઠે ગણ્યા હતા અમારે.

મુમુક્ષુ :- ૧૪મી તારીખે શરૂ થયું હતું.

ઉત્તર :- ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦ સાતમો દિ' શરૂ થયો. ૧૪મીએ શરૂ કર્યું હતું. કહો, આહા..હા..! સપ્તાહ થયો. કુંદકુંદાચાર્ય મહારાજ ગયા હતાને એક સપ્તાહ. એટલે આઠ દિ'. એક સપ્તાહ એટલે આઠ દિ'. આહા..હા..! સપ્તાહ એટલે .. સપ્તાહનો અર્થ આઠ દિ'.

મુમુક્ષુ :- આપણે તો સાત દિવસ.

ઉત્તર :- આઠ. સપ્તાહમાં લખ્યું છે ભાઈએ સપ્તાહ. સમવસરણની સ્તુતિમાં. ખબર છેને. સમવસરણની સ્તુતિમાં એમ કે કુંદકુંદાચાર્ય સપ્તાહ ગયા હતા ત્યાં. એટલે ટૂંક (કર્યું). આઠ

દિ' ન શબ્દમાં આવે એટલે સપ્તાહ નાખ્યું છે સમવસરણની સ્તુતિમાં. અને સપ્તાહ એટલે આઠ. પછી કર્યો હતો અર્થ. છેને ખબર? સમવસરણની સ્તુતિ આવે છેને? એમાં આવ્યું હતુંને ખબર છે. સપ્તાહ એક.. ત્યાં આવે છે. સમવસરણમાં ભગવાન પાસે ગયા હતા. સપ્તાહનો અર્થ ત્યાં આઠ દિ'.

મુમુક્ષુ :- અઠવાડીયું કહે ઈ આઠ દિ' કહે.

ઉત્તર :- હા, પણ સપ્તાહમાં આઠ ન આવ્યું, સપ્તાહમાં સાત આવ્યું.

મુમુક્ષુ :- .. આઠ દિ' થાય છે.

ઉત્તર :- આઠ નથી થતાં. સાતના આઠ ન થાય. ઈ અઠવાડિયામાં આઠ આવ્યા. આઠ ક્યાંથી આવ્યા? સાત આવ્યા. રવિવારે-રવિવારે આઠ. બે રવિવારનો ક્યાં પ્રશ્ન છે? આઠનું નીકળવું અને સાતનું નીકળવું એમાં પણ વાંધા?

મુમુક્ષુ :- એ તો ગણતરી કરવાની વાત છેને.

ઉત્તર :- એ તો વાત ગણતરીની છે. આ તો એમ કહ્યું હતું કે ભગવાન કુંદકુંદાચાર્ય ત્યાં આઠ દિ' ગયા હતા. એને આપણે હિંમતભાઈએ સમવસરણની સ્તુતિમાં સપ્તાહ લખ્યો છે. કવિત્વ જોડવું હોયને કવિત્વનું. એમ. પણ સપ્તાહનો અર્થ ત્યાં આઠ દિ' છે.

મુમુક્ષુ :- એક લીટી રહી ગઈ.

ઉત્તર :- આવી ગઈને. '**ક્રોધાદિક જ ક્રોધાદિકમાં જ છે.**' હવે આવ્યું ઉપર. હવે આવે છે. હવે છેલ્લી હવે આવે છે. પાના ફેર આવે છે.

'**આ પ્રમાણે (જ્ઞાનનું અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું)...**' એટલે સમુચ્ચય (કહે છે કે) '**આ પ્રમાણે ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.**' લ્યો આ છેલ્લો શબ્દ છે ઈ. '**આ પ્રમાણે...**' આત્માનું (અર્થાત્) ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા અને ક્રોધાદિ વિકારી-વિભાવ, બેનું ભેદજ્ઞાન સિદ્ધ થયું અને કર્મ અને નોકર્મની વચ્ચે જ્ઞાનનો ભેદ પણ સિદ્ધ થયો. કહો, સમજાણું કાંઈ? ભાવાર્થ.

મુમુક્ષુ :- ભાષા, ભલી રીતે સિદ્ધ થયું એટલે ભલી રીત એટલે?

ઉત્તર :- એમ બરાબર સિદ્ધ થયું એમ. ભલી રીત એટલે એમ. આડુંઅવળું ખેંચીને નહિ. આમ તમે કહો એવા સપ્તાહના આઠ ને એમ નહિ. સીધું સીધી રીતે સાબિત થયું એમ કહે છે. કેમ? ..ભાઈ! આહા..હા..! ભલી રીતે (એટલે) યથાર્થ રીતે, જેમ છે તેમ રીતે સિદ્ધ થયું. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે...**' જોયું? આ પહેલું પરિણમન લીધું. ઉપયોગમાં ઉપયોગ છેને? પહેલું એ લીધું. ઉપયોગ તો ચૈતન્યનું સ્વરૂપ. ઉપયોગમાં ઉપયોગ છે એમ શબ્દ હતોને પહેલો? એટલે ઉપયોગમાં એટલે શું? કે

ઉપયોગ એટલે ચૈતન્યનું પરિણમન, જાણવા-દેખવાની પરિણતિ પર્યાય. આહા..હા..! **'હોવાથી જ્ઞાનસ્વરૂપ છે...'** જ્ઞાનની જાતનું પરિણમન એ જ્ઞાનસ્વરૂપ જ છે. એ કાંઈ રાગસ્વરૂપ નથી. **'અને ક્રોધાદિ ભાવકર્મ,...'** વિકલ્પ જે રાગાદિ છે એને અહીંયાં ક્રોધ કીધો. સ્વભાવથી વિરુદ્ધ માટે ક્રોધ. એ ક્રોધ, માન, માયા, લોભ એ ભાવકર્મ છે, મલિન પરિણામ છે. ચાહે તો શુભ હોય કે અશુભ હોય, પણ એ બધા ભાવકર્મ મલિન છે. **'જ્ઞાનવરણાદિ દ્રવ્યકર્મ,...'** જડ છે. **'શરીરાદિ નોકર્મ એ બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી...'** કોણ? એ ક્રોધાદિ ભાવકર્મ, પુણ્ય અને પાપના ભાવ, જડ કર્મ અને શરીર એ બધાય પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ છે. ઉપયોગ ચૈતન્યનું પરિણમન છે એનાથી આ જુદી જાત છે. આહા..હા..! વ્યવહાર અહીં તો ઓલો એક જ સ્થાપે છે. શુભોપયોગ ચોથેથી સાતમા સુધી શુભ ઉપયોગ. પછી સાતમે વળી કોક વખતે શુદ્ધ લે છે. આહા..હા..! એ ઓલા દાખલા આપે છેને. એ તો મુખ્યપણે ઉપયોગની અપેક્ષાનું વર્ણન છે. આહા..હા..!

અહીં તો કહ્યું નહિ અલિંગગ્રહણમાં? કે સૂરજમાં ઉપરાગ મલિનતા નથી એમ ઉપયોગમાં શુભ ઉપયોગની મલિનતા જ નથી. એ તો શુદ્ધ ઉપયોગી જ આત્મસ્વભાવ છે. લ્યો! હવે એનો સ્વભાવ શુદ્ધ ઉપયોગી જ છે. સૂર્યમાં ઉપરાગ નામ મલિનતા નથી એમ ઉપયોગમાં મલિનતા એટલે ઉપરાગ નથી. ઉપરાગ એટલે શુભરાગ એ મલિન છે એ ઉપયોગમાં નથી. આહા..હા..! એવો શુદ્ધોપયોગ તે આત્મા છે. હવે એ કહે કે શુભ ઉપયોગથી થાય. સમજાણું કાંઈ? ઈ યોગસારમાં ન આવ્યું? યોગસારમાં આવ્યું કે નહિ? ક્યાં છે આમાં? યોગસાર છે આમાં? આપણે અહીં નાખ્યું હતું તો ખરું. યોગસાર છેને આપણે. આમાં નહિ હોય, આમાં નહિ હોય. આહા..હા..! સમ્યગ્દર્શન એટલે શું? સાધારણ ચીજ છે બસ. શુભ ઉપયોગમાં ... આહા..હા..! જે આત્મા નથી. શુભ ઉપયોગ તો આત્મા જ નથી. અને એ અણાત્માને આધારે સમકિત થાય. આહા..હા..! શું કરે છે આ? એ તો અહીં કહ્યું નહિ આ? શુભ ઉપયોગ એટલે ક્રોધ છે એ તો. સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા..!

ગૃહકામ કરતા છતાં... આવે છેને ક્યાંક? ૧૮.

ગ્રહકામ કરતાં છતાં હેયાહેયનું જ્ઞાન,<br>
ધ્યાવે સદા જિનેશ્વર શીઘ્ર લહે નિર્વાણ.

૬૫. આ ૧૮મું છે. ૬૫માં તો બહુ ચોખવટ છે. જુઓ, 'મુનિજન કે કોઈ ગ્રહી જે રહે આત્મલીન,' શુભ ઉપયોગી એ આત્મલીન? આહા..હા..! આ રતનચંદજી કહે છે.

મુનિજન કે કોઈ ગ્રહી જે રહે આત્મલીન,<br>
શીઘ્ર સિદ્ધિસુખ તે લહે એમ કહે પ્રભુ જિન.

મુનિરાજ એમ કહે છે. ... કહે છે, સમકિત અને ગૃહસ્થ કાંઈ નહિ. એ તો જ્યારે

ત્યાગી અને બાવો થાય, જોગી બહારનો. અહીં તો 'જે રહે આત્મલીન.' શુભ ઉપયોગ એ આત્મલીન હશે? તો શુભ ઉપયોગી જ કીધો છે ચોથા, પાંચમા, છઠ્ઠામાં લ્યો!

મુમુક્ષુ :- .. વીંખી નાખ્યું.

ઉત્તર :- માલ જ ક્યાં છે? કચરો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે;...**' છેને? કળશમાં પણ કહેશે. '**चैद्रूप्यं जडरूपतां**' આહા..હા..! એ ભક્તિનો વિકલ્પ ઉઠે એ જડ છે એમ કહે છે. મહાવ્રતનો વિકલ્પ ઉઠે એ જડ છે, અચેતન છે. એમાં ચૈતન્યના જ્ઞાનના પ્રકાશના નૂરનો અભાવ છે. આહા..હા..! ભારે આકરો માર્ગ, ભાઈ! માર્ગ તો એનો પોતે સરળ છે, પણ એને એ રીતે માનવામાં આકરું લાગે છે. આહા..! આવો આત્મા! બસ! કાંઈ રાગની ક્રિયા અને કાંઈ શુભની ક્રિયા કરવાનું કાંઈ ફળ જ નહિ? ફળ કોણે નથી કીધું? ફળ છેને રખડવાનું. સંસાર છે, શુભરાગ સંસાર છે. આહા..હા..! શુભ ઉપયોગ ... જાતનો છે. આત્મા જાણ્યો ત્યારે શુભ ઉપયોગમાં જાણ્યો? સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં આત્મા જાણ્યો એ શુભ ઉપયોગમાં જણાણો? શુભ ઉપયોગ તો રાગ છે. આહા..હા..! શુભ ઉપયોગ તો પર તરફની દિશાનો વિકલ્પ છે. અંતર તરફના વલણની પરિણતિ કીધુંને અહીંયાં? એ તો ચૈતન્યનું પરિણમન છે. આહા..હા..! ભારે ભાઈ આકરું કામ! આ પૂછવું પડશે આપણે હોં! આ કાગળનું. ભાઈ! આ શું અર્થ છે તમારો આ? સરખો અર્થ લખ્યો નથી. એય..! શેઠ! ... તો પાછો વયો ગયો ત્યાં કહે છે. કિશનગઢ. શું છે હેતુ તારો લખવામાં? નક્કી કરો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જુદું. ઈ કોણે પ્રશ્ન છે? એની સાથે શું છે? આ શું કહ્યું છે આમાં? એમ. ચોખ્ખું, વિપરીત, પૂર્ણ છે એમાં સંદેહ નથી એમ છે? એમ. પૂર્ણ વિપરીત છે એમ છે? ... પૂછવામાં શું વાંધો? આહા..હા..!

અહીં તો કહે છે કે શુભ ઉપયોગ એ જડ છે. જેમ શરીર જડ, કર્મ જડ એ રજકણોરૂપી જડ. આમાં જ્ઞાનના અભાવરૂપી જડ. આહા..હા..! એ અચેતન ચૈતન્યની સહાય કરે, અચેતનને આધારે ચૈતન્યનું પરિણમન થાય. એમ થાય? એમ કહેતાને, શુભ ઉપયોગ પહેલો હોય તો હળવું થાય, હળવે-હળવે થાય. એમ છે.

મુમુક્ષુ :- કોઈ સાંભળતું જ નથી.

ઉત્તર :- સાંભળે, ન સાંભળેનું શું કામ છે અહીં? અહીં માર્ગ શું છે એની વાત છે. ન પણ સાંભળે એમાં શું છે? એ વાત. ન સાંભળે ભાઈ જગતમાં તો. મથુરાનો પેંડો ન્યારો છે આ તો. એમ કહે છેને કાંઈક? ... આહા..હા..!

'**બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે;...**' વ્યવહારરત્નત્રયનો રાગ વિકલ્પ

એ જડ છે. ત્રિકાળ જ્ઞાનસ્વભાવની જાગૃતિની પરિણતિની અપેક્ષાએ તો જડ છે. અને નિર્મળ પરિણતિને એ વિકલ્પનો બિલકુલ આધાર નથી, બિલકુલ આશ્રય નથી, બિલકુલ એને અપેક્ષા નથી. આહા..હા..! એથી જ્ઞાન જ્ઞાનને આધારે (છે), રાગને આધારે નથી. આહા..હા..! વ્યવહારને આશ્રયે કાંઈ જ્ઞાનની પરિણતિ થાય એમ નથી. આહા..હા..!

'**તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ હોવાથી...**' રાગને, કર્મને અને નોકર્મને અને આત્માને '**પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે.**' અત્યંત સ્વરૂપવિપરીત છે, અત્યંત વિરોધ છે, અત્યંત જુદાઈ છે. આહા..હા..! રાગનો સ્વભાવમાં અત્યંત અભાવ છે અને સ્વભાવનો રાગમાં પણ અત્યંત અભાવ છે. '**માટે ઉપયોગમાં ક્રોધાદિક,...**' માટે જ્ઞાનની પરિણતિમાં વિભાવભાવ '**કર્મ તથા નોકર્મ નથી...**' જ્ઞાનની પરિણતિમાં નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાનની દશામાં રાગ, કર્મ અને નોકર્મ નથી. '**અને ક્રોધાદિકમાં, કર્મમાં તથા નોકર્મમાં ઉપયોગ નથી.**' વિભાવમાં, જડમાં, કર્મ અને નોકર્મમાં ઉપયોગ નથી. આહા..હા..! '**આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી;...**' આહા..હા..! '**આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી; દરેક વસ્તુને પોતપોતાનું આધારાધેયપણું પોતપોતામાં જ છે.**' રજકણમાત્ર.

દરેક દ્રવ્યમાં ષટ્કારકની શક્તિ ગુણરૂપે છે. છએ દ્રવ્યમાં. કર્તા, કાર્ય, સાધન, લેવું કે દેવું, આધાર એનાથી થવું. એ બધા છ કારક શક્તિઓ દરેક દ્રવ્યમાં છે. આહા..હા..! જ્યાં પરમાણુ રહ્યો છે એ પરમાણુને પરમાણુનું આધારાધેય એમાં છે. એ પરમાણુને બીજા પરમાણુનો આધાર નથી. સમજાણું કાંઈ? આટલું બધું ઉગ્રપણું, ભિન્નપણું, સ્કંધમાં, પિંડમાં પડેલો પરમાણુ પણ પરને આધારે નથી. આ આંગળીમાં અંદર રજકણ છે અંદરનો મધ્યનો, એ રજકણને આ સ્કંધનો આધાર નથી. પરમાણુના આધારાધેય પોતે પરમાણુ છે. સમજાણું કાંઈ? સિદ્ધને આધાર ત્યાં ધર્માસ્તિકાયનો નથી એમ કહે છે અદ્ધરમાં. રહે છે ત્યાં અદ્ધરમાં રહે છે, એનો આધાર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અધર્માસ્તિ છેને ત્યાં. અધર્માસ્તિમાં રહ્યા છેને? ના. ધર્માસ્તિમાં તો વળી ગતિમાં છે આણ. સ્થિર થયા છેને સિદ્ધ ભગવાન ત્યાં. આહા..હા..! સમજાણું?

'**દરેક વસ્તુને પોતપોતાનું આધારાધેયપણું પોતપોતામાં જ છે. માટે ઉપયોગ ઉપયોગમાં જ છે,...**' આત્મા આત્માની શુદ્ધ પરિણતિમાં જ છે. આહા..હા..! આટલું-આટલું સ્પષ્ટ કથન છતાં ગોટા વાળે ભારે. '**માટે ઉપયોગ ઉપયોગમાં જ છે,...**' ઉપયોગ એટલે આત્મા આત્માની પરિણતિમાં જ છે. એ રાગની પરિણતિમાં કે શરીરની પરિણતિમાં એ છે નહિ. '**ક્રોધ ક્રોધમાં જ છે.**' વિભાવનો વિકલ્પ ઉઠ્યો તે એને આધારે છે. પરિણતિને આધારે નબળી પરિણતિ છે થોડી માટે રાગને આધાર મળે છે એનો એમ નથી. જઘન્ય

પરિણતિ, થોડી પરિણતિ નિર્મળ છે માટે એ પરિણતિ થોડીનો આધારને લઈને રાગ થાય છે એમ નથી. કહો, સમજાણું કાંઈ? આહા..!

'**ક્રોધ ક્રોધમાં જ છે.**' ઓહો..હો..! દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એ વિકલ્પ વિકલ્પમાં છે, વિકલ્પ આત્મામાં નથી. '**આ રીતે ભેદવિજ્ઞાન બરાબર સિદ્ધ થયું.**' આહા..હા..! '(**ભાવકર્મ વગેરેનો અને ઉપયોગનો ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે**).' વિભાવને, કર્મને, શરીરને ભિન્ન જાણવું, ઉપયોગનો અને બધાનો. વગેરે છેને? ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ એનો અને ઉપયોગનો એટલે આત્માનો '**ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે.**' જુદા જાણવા એ ભેદવિજ્ઞાન છે. નેવાના પાણી મોભે ચડાવવા છે. એ ઊંચે ચડે. બરાબર ચડે ત્યાંથી જાય માથે. આહા..હા..! જેની વીતરાગ પરિણતિને આધારે આત્મા એને રાગની પરિણતિને આધારે રાગ, એને વિતરાગ પરિણતિ આધાર નહિ, વીતરાગ પરિણતિ થોડી છે માટે રાગ થાય છે એમ નહિ અને રાગ થાય છે એથી એટલું એને સાધકમાં સહાય છે (એમ પણ નહિ). વળી વ્યવહાર સાધક કહ્યું છેને પંચાસ્તિકાયમાં? વ્યવહાર સાધક છે, નિશ્ચય સાધ્ય છે. એ બધા વ્યવહારના કથન છે. સમજાણું કાંઈ? '**તે ભેદવિજ્ઞાન છે.**' ભેદવિજ્ઞાન થયું એ પછી એક ન થાય. ડુંગરમાં વીજળી પડતા બે કટકા થાય, બે એક થાય નહિ. એને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

